Read only

श्री महावीर जैन आराधना केन्द्र

જૈન શાસન

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

₹10

સામાયિકનું સ્વરૂપ

(શ્રી આવશ્યક નિર્યુક્તિમાંથી)

सावज्जजोगविरओ
तिगुत्तो छसु संजओ ।
उवउत्तो जयमाणो
आया सामाइयं होइ ॥

સાવદ્ય યોગથી વિરત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, ષટ્કાયમાં અથવા પાંચ ઈન્દ્રિય અને મન છે છ માં સંયત અને ઉપયોગપૂર્વક જયણા સાથે પ્રવૃત્તિ કરતો આત્મા જ સામાયિક થાય છે.

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૧-૨-૩-૪

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

અગીયારમા વર્ષની વિદાય.....

જૈન શાસન અઠવાડિકની યોજના સં. ૨૦૪૪માં થઈ અને જોતજોતામાં ૧૧ વર્ષ પુરા થાય છે. પ. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના આશીર્વાદ અને પ.પૂ. આ.ભ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી આ મંજીલ પાર થઈ છે.

૧૧ વર્ષમાં શાસનના અનેક પ્રશ્નોના સમાધાનો અને સિદ્ધાંતિક વિરોધનો જે પ્રતિકાર કરવા દ્વારા જૈન સિદ્ધાંત રક્ષાના કાર્ય માટે જૈન શાસન અગ્રેસર બની ગયું છે.

આમ છતાં સિદ્ધાંત નિષ્ઠા માટે માનનારા પણ તે માટેની પ્રવૃત્તિમાં ભિન્ન ભિન્ન વિચારોને કારણે જે જાતની સફળતા મળવી જોઈએ તે ન મળે તો પણ જેઓને શ્રદ્ધાનું બળ છે. તેઓ તો જૈન શાસન પ્રત્યેની સંપૂર્ણ નિષ્ઠાને કારણે જૈન શાસન સાપ્તાહિક પ્રત્યેની પણ નિષ્ઠા જીવંત રહી છે. ૧૧ વર્ષમાં વ્યકિતના કોઈ વિચારના પૂર્વગ્રહ વિ.ના સિદ્ધાંત રક્ષા અને અમ સિદ્ધાંત પ્રતિકાર કર્યો છે. તેમાં પણ કોઈને પણ મનદુઃખ થયું હોય તો ક્ષમા યાચીએ છીએ અને આ સિદ્ધાંત રક્ષાના કપરા કાર્યમાં જેઓએ સદ્‌ભાવ અને સહકાર આપ્યો છે તેમના પ્રત્યે કૃતજ્ઞતા દાખવીએ છીએ. ભવિષ્યમાં પણ તેજ રીતે સદ્‌ભાવ અને સહકાર આપતા રહે એવું ઈચ્છીએ છીએ.

સંવત્સરી પ્રશ્ને અમારી ધારણા એવી હતી કે આખરે પણ જેમણે પાન ચાવ્યા છે તે કોલસા નહિ ચાવે કેમ કે સિદ્ધાંતિક પક્ષમાં મતભેદ અને ભેદ થવા છતાં તે દરેકના વડિલોએ ઉદયાત ચોથ જેમણે જીંદગીમાં વિરાધના નથી તેમનો પરિવાર આ સંવત્સરીની ચોથની વિરાધના નહી જ કરે. આથી અમારા ઉપર ઘણા પત્રો અને લખાણ આવવા છતાં અમે તે છાપ્યા નહિ. પરંતુ આજના વડિલોની નિર્બળતા કે સરળતાનો લાભ લઈને તેમના જવાબદારોએ પોતાની આગવી કદાગ્રહની શૈલીથી સૌજન્યતાને બદલે દ્વેષનો માર્ગ લઈ પોતાના વડિલોની ૬૩-વર્ષની સિદ્ધાંતિક પરંપરાના આચરણનો અને સેંકડો શાસ્ત્રપાઠોનો સંવત્સરી પ્રસંગે છેદ ઉડાળ્યો અને તે પૂર્વના વડિલોનો દ્રોહ કર્યો એ મગજમાં ઉતરે તેવું ન હોવા છતાં નક્કર સત્ય બન્યું છે.

જે માર્ગના જેઓ પુરસ્કર્તા હતા અને પ્રતિપાદક હતા તે જ માર્ગમાં રહેલાં સિદ્ધાંતિક પક્ષ માટે દ્વેષ અને તિરસ્કાર પૂર્વકનો વ્યવહાર કરીને પોતાની શ્રદ્ધાના પણ ચૂરેચૂરા કરી નાખ્યાં છે.

હા તેમ છતાં એવા અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો આદિ તે પક્ષમાં રહેલા છે. જેમને અનિચ્છાએ આ વિકૃત માર્ગે રહેવું પડયું છે અને સાહસ ન કરી શકવાથી કે સમુદાયમાં ભાગલા પડે તેની બીકથી અનુદિત દિવસે સંવત્સરી કરી પણ શ્રદ્ધાને સાચવી રાખી છે. તે અનુમોદનીય છે.

શ્રી સિદ્ધાંતપક્ષ દ્વારા સંવત્સરી ભા.સુ.૪ની છે તેની સમજ મોટા નાના ક્ષેત્રોમાં ખૂબ જ ફેલાઈ છે અને સમાધાન સંપ અને એકતાની વાર્તા કરનારાના હૈયાના કદાગ્રહના ભાવો પણ પ્રગટ થઈ ગયા છે. બાકી તો શાસનનું ભાવિ ?

બારમાં વર્ષના પ્રવેશ પ્રસંગે....

જૈન શાસન અઠવાડિક ૧૨માં વર્ષમાં પ્રવેશ કરે છે તે અમારે મન એક આનંદનો વિષય છે. અને સિદ્ધિ પણ છે. પૂ. ગુરૂદેવો, વાંચકો અને આરાધકોની અપેક્ષાઓ અમે પુરી કરી શકતા નથી છતાં સંયોગ અને વાતાવરણને આધીન અમારો પ્રયત્ન ચાલુ છે.

જૈન શાસન એ સિદ્ધાંત રક્ષાનું સાપ્તાહિક છે. તેથી તેની કર્તવ્યતા વધુ છે. છતાં આર્થિક સંયોગો પણ તેમાં નિમિત્ત બને છે અને જેથી ૨-૨ એક સાથે પ્રગટ કરવાના પણ થાય છે. સિદ્ધાંતિક વર્ગમાં પૂ.ગુરૂદેવોની પ્રેરણાથી ૭-૮ પત્રો શરૂ થતાં કંઈક અપેક્ષા ઓછી રહે અગર ઉપેક્ષા પણ આવે છતાં અમે નવા વર્ષમાં જૈન સિદ્ધાંત રક્ષા આદિમાં પુરતી કાળજી રાખીશું એવી ભાવના રહે છે વળી ઓફસેટમાં મુદ્રણ કર્યું છે તેથી પ્રિન્ટીંગ અનુકળતા માટે સાઈઝ બદલાવી મોટી સાઈઝ કરી છે.

એક બાલભોગ્ય નવું નજરાણું.....

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર તરફથી શ્રી મહાવીર શાસન અને જન શાસન પ્રગટ થાય છે તે સાથે અનુભવોએ બતાવ્યું છે કે બાળકોને જૈન ધર્મના રસ અને આકર્ષણ માટે કોઈ સામયિકની જરૂર છે. અને તે માટે ફુલવાડી, ચંદન જેવા માસિકોનો જ પ્રચાર અને રસ લોકમાં પ્રગટ દેખાય છે તો જૈન બાળકોને પણ કંઈક ધાર્મિક આકર્ષણ ઉભું થાય તે માટે જૈન બાલ માસિક માટે પ્રવર્તક પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મા. ની સ્ફુરણા થઈ અને તેની શરૂઆત ૧-૧-૨૦૦૦ થી કરવાની વિચારણા થઈ છે તેના પ્રચાર અને પ્રસાર માટે પત્રિકા વિ. પ્રયત્નો શરૂ થયા છે.

જૈન બાલ જગતનું આ નજરાણું બની રહેશે તેવી અભિલાષા છે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ન્યાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ મેઘજી મુદ્રા (જામનગર)
ભરત મુકુંદભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પ્રાણલાલ પદમશી મુદ્રા (થાનગઢ)

વર્ષ : ૧૨) ૨૦૫૫ ભાદરવા વદ ૧૧ મંગળવાર તા.૫-૧૦-૯૯ (અંક : ૧/૪)

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૫૦૦૦

પ. પૂ. આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ

પ્રવચનકાર : પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા !

(વિ. સં. ૨૦૪૨ના મુંબઈ, શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં, ચાતુર્માસાર્થે બિરાજમાન પરમશાસન પ્રભાવન, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ, શ્રાવણ સુદિ- ૫, વિવાર તા.૧૦-૮-૧૯૮૬ના શુભ દિવસે કવિકુલકિરિટ, વ્યા.વા. પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની વર્ગતિથિને અનુલક્ષીને, શ્રી જૈન શાસનના 'રાજા'ના સ્થાન સમાન આચાર્યપદ ઉપર આરૂઢ આત્માઓની જોખમદારી અને જવાબદારીનું યથાર્થ દિગ્દર્શન કરાવતું, વર્તમાનની વિષમતાઓ ઉપર વેધક પ્રકાશ નાંખતું, આજ્ઞાહીન એકતા એ જ અનેકતા અને વિસંવાદનું બીજ છે તેનું સ્પષ્ટીકરણ કરતું, જે મનનીય પ્રવચન આપેલ તે વાચકોની જાણ માટે અત્રે પ્રગટ કરવામાં આવે છે. ખોટી એકતાનો વ્યામોહ મૂકી સૌ આજ્ઞાના સાચા પ્રેમી અને સન્માર્ગના સાચા આરાધક બની વહેલામાં વહેલા મોક્ષપદને પામો તે જ શુભાભિલાષા સહ શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના.-અ.)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ આખા સંસારના સઘળાય જીવોને મોક્ષમાં જ મોકલવાની ઈચ્છાથી શ્રી અરિહંત પરમાત્મા થાય છે. આવા શ્રી અરિહંત પરમાત્માઓને 'નમો અરિહંતાણં' પદથી આપણે બીજ નમસ્કાર કરીએ છીએ. તે શ્રી અરિહંત પરમાત્મા કોણ થઈ શકે ? કે જેઓને જગતના સઘળાય જીવોને મોક્ષે મોકલવાની ઈચ્છા થાય તે. કારણ કે જગતના જીવો જે સુખને ઈચ્છે છે તે સુખ, આ સંસારમાં નથી. ભિખારીને રોટલાનો ટૂકડો મળે ને રાજી થાય અને નાચવા માંડે તેમ આ સંસારના જીવો થોડું સુખ મળે તો ગાંડા થઈ નાચવા માંડે છે અને તે સુખમાં ખામી-વાંધો આવે તો માથાં પછાડે છે.

જગતના સઘળાય જીવોને એવું સુખ જોઈએ છે કે જેમાં દુઃખનો લેશ ન હોય, પોતાની પાસે હોય તેનાથી અધિક બીજા પાસે ન હોય અને તે સુખ થોડા વખત પછી નાશ પામે તેવું ન હોવું જોઈએ; અર્થાત્ દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ અને સદાકાળ માટે રહે તેવું સુખ જોઈએ છે. આવું સુખ આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. આવું જ્ઞાન શ્રી અરિહંત પરમાત્માના આત્માઓને થાય છે અને

તેથી સુખના અર્થી છતાં દુઃખમાં રિબાતા સઘળાય જીવોને જોઈ-જાણી, તેઓ એમ વિચારે છે કે - ''મારામાં જો તાકાત આવે તો આ સઘળાય જીવોનો હૈયામાંથી સંસારનો રસ કાઢી નાખીને ભગવાનના શાસનનો રસ ભરી દઉં, જેના પ્રતાપે શાસનની સંપૂર્ણ આરાધના કરીને સૌ વહેલામાં વહેલા મોક્ષને પામે.'' આવી ઉત્કૃષ્ટ ભાવદયાના પરિણામે એ પરમતારકો શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે અને શ્રી અરિહંત પરમાત્મા થાય છે.

સંસારના સુખના જ અર્થી જીવો દુઃખમાં રિબાય છે અને કેવી રીતે દુઃખી થાય છે તે સૌના અનુભવમાં છે ! દુનિયામાં નજર કરશો તોય તમને દેખાશે કે - આજનો કોટિપતિ પણ હૈયાથી સુખી નથી. ગમે તેટલી સુખ-સાહ્યબી હોય તો પણ તેના આત્માને શાંતિ નથી. આવા બધા જીવો ઉપર એ પરમતારકોના આત્માને દયા આવે છે.

શાસ્ત્રે, કર્મ બાંધવાની ના પાડી છે પણ શ્રી તીર્થંકર નામકર્મ બાંધવાની આજ્ઞા કરી છે. તેના માટે શ્રી વીશ સ્થાનક તપ બતાવ્યો છે. આ તપની વિધિપૂર્વક જે જીવ આરાધના કરે તે શ્રી તીર્થંકર નામકર્મ બાંધે. આજે આ તપ કરનારા ઘણા ભાગ્યશાલીઓ છે પણ તે શા માટે કરવાનો છે તેની જ મોટાભાગને ખબર નથી. આ તપ કરતાં કરતાં એવો ભાવ પેદા થાય છે કે, બધાને હું શાસનના રસિયા બનાવી દઉં. શાસનના રસિયા શા માટે બનાવવા છે ? **શાસનનો રસ જાગે નહિ તો મોક્ષ મળે નહિ. શાસનના રસિયા બનાવવા કે મોક્ષે મોકલવા તે બે એક જ વાત છે.**

આવા શ્રી અરિહંત પરમાત્માઓ આજ સુધીમાં અનંતા થઈ ગયા. તેઓ દરેકે પોતે આ શાસનની આરાધના કરી, શ્રી અરિહંત પરમાત્મા થઈ, જગતના ભવ્ય જીવોના કલ્યાણને માટે આ મોક્ષમાર્ગ રૂપ શાસન સ્થાપી, પ્રચારી અને મોક્ષે જાય છે. મોક્ષમાર્ગ કહો કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયી કહો, તે બે એક જ છે. તે પરમતારકોના આત્માઓ આવું અનુપમ શાસન સ્થાપી આયુષ્ય હોય ત્યાં સુધી શ્રી તીર્થંકર નામકર્મ ખપે ત્યાં સુધી - રોજ બે પ્રહરની દેશના આપતા હતા અને રોજ આ જ વાત સમજાવતા હતા કે - ''સુખમય એવો પણ આ સંસાર રહેવા જેવો જ નથી. મોક્ષ જ મેળવવા જેવો છે. તેના માટે સંયમ વિના બીજો કોઈ જ ઉપાય નથી.'' આવું તારક શાસન સ્થાપ્યા પછી તેને ચલાવે છે કોણ ? શ્રી ગણધર ભગવંતાદિ માર્ગસ્થ આચાર્ય ભગવંતો.

શ્રી અરિહંત પરમાત્મા શાસનની સ્થાપના કરે છે તે વખતે શ્રી ગણધર ભગવંતોના આત્માઓ ત્યાં હાજર હોય છે. શ્રી ગણધર ભગવંતો ત્યાં જ હોય તો દ્વાદશાંગીને રચે કોણ ? તેઓ પૂર્વભવમાં એવી અનુપમ આરાધના કરીને આવ્યા હોય છે કે, ભગવાનની પહેલી જ દેશનામાં પ્રતિબોધ પામી, ત્રણ પ્રશ્ન પૂછે છે અને ભગવાન પણ તેના ત્રણ જ ઉત્તર આપે છે અને તેમાંથી આખી દ્વાદશાંગી રચવાની શક્તિ તે પુણ્યાત્માઓમાં આવી જાય છે.

પ્ર. શ્રી તીર્થંકર નામકર્મની નિકાચનાની જેમ શ્રી ગણધર નામકર્મની પણ નિકાચના હોય ખરી ?

ઉ. - શ્રી ગણધર નામકર્મની પણ નિકાચના થઈ શકે છે. કોને થાય ? શ્રી અરિહંત પરમાત્માઓના આત્માઓને જેમ જગતના સઘળાય જીવોના ઉધ્ધારની - મોક્ષે મોકલવાની - ઈચ્છા થાય છે. તેમ જેઓને પોતાના આખા કુટુંબને મોક્ષે મોકલવાની તીવ્ર ઈચ્છા થાય, તેઓ શ્રી ગણધર નામકર્મની નિકાચના કરી શકે છે. આવા આત્માને પોતાના કુટુંબનો એક આદમી પણ જો ધર્મહીન હોય તો તે સહન ન થાય.

આજે આ વાતમાં તમારામાં તો મીંડું જ છે ને ? તમારું તો વર્ણન થાય તેવું નથી. તમારા કુટુંબમાં તમે સુખી હો તો તમારા બધા જ કુટુંબીઓ સુખી થાય તેવી પણ માન્યતા તમારી છે ખરી ? તમને તો તમારી જાત પણ ધર્મ ન કરતી હોય તો તેની ય દયા નથી આવતી જ્ઞાનીઓ કહે છે કે, **જેને મોક્ષે જવાનું મન ન થાય, તે માટે ધર્મ કરવાનું મન ન થાય તો તે પોતાની જાતનો 'ઘાતક' છે. પોતાનું ભૂંડું પોતે જ કરે છે.** સંસારમાં ખૂબ ખૂબ મજા કરનારા પોતાનું ભૂંડું કરી રહ્યા છે. જ્ઞાનીની આ વાત પણ તમને ગમે તેવી છે ખરી ? તમે બધા મઝેથી ખાવ-પીવો, હરો-ફરો, મોજ-મઝા કરો તેની જ્ઞાનીને દયા આવે છે કે, આ બધા બિચારા જાતે જ દુઃખી થવાની મહેનત કરી રહ્યા છે અને

મરીને દુર્ગતિમાં જવાના છે. તમારો કોઈ જ સંબંધી તમારી સાથે નહિ આવે. અહીં ગમે તેટલું મળ્યું હશે કે તમે મેળવ્યું હશે પણ એક રાતીપાઈ પણ સાથે લઈ જઈ શકાશે નહિ. પારકી વસ્તુને 'મારું' 'મારી' માની, તેને મેળવવા જે રીતે દોડાદોડ કરી રહ્યા છો તે જોઈ ધર્મ પામેલા કોઈપણ જીવને તેની દયા આવે.

શ્રી અરિહંત પરમાત્માઓની ગેરહાજરીમાં આ મોક્ષમાર્ગ સ્વરૂપ શાસન ચલાવવાનું કામ ધર્માચાર્યોનું છે, તે પણ નામના ધર્માચાર્યોનું નહિ. તે ધર્માચાર્યો તો શાસ્ત્રને જ આધીન જોઈએ, મરજી મુજબ ચાલે તેવા ય નહિ. તેવાઓનું તો આ શાસનમાં કાંઈ જ સ્થાન નથી, ફુટી કોડીનીય કિંમત નથી. મોટામાં મોટો સુપ્રીમ કોર્ટનો ય જજ, નિર્ણય આપે તો તેને ય કાયદાની કલમ ટાંકવી પડે ને ? મરજી આવે તેમ કહી શકે નહિ ને ?

પ્ર.- દેશ-કાળને અનુરૂપ ફેર કરે ને ?

ઉ.- દેશ-કાળને અનુરૂપ તે જ કહેવાય જેમાં કોઈનું ય ભૂંડું થાય નહિ અને બધાનું સારું થાય. **ધર્મને સારી રીતે કરવા દેશકાળ જોવાનો છે પણ દેશકાળના નામે ધર્મ મૂકી દેવાનો નથી.**

મોટામાં મોટો વકીલ કે બેરીસ્ટર ગમે તેટલી લાંબી લાંબી દલીલો કરે તો પણ તેને કાયદામાં રહીને જ કરવી પડે ને ? જરાય આડો-અવળો જવા પ્રયત્ન કરે તો જજ તેની પાસે કાયદાની કલમ માગે ને ? તમે આ ય ભણ્યા નથી ?

પ્ર.- જરૂર પડે નવી કલમ ઉમેરે છે ને ?

ઉ.- જે ખૂટતી હોય તેને વધુ સ્પષ્ટ કરવા ઉમેરે. **સુધારો કુધારો ન હોવો જોઈએ. સુધારો પણ સુધારો જ હોવો જોઈએ.**

માટે સમજો કે, આ જગત ઉપર કોઈનો પણ સાચો ઉપકાર હોય તો તે શ્રી અરિહંત પરમાત્માઓનો જ છે. તે શ્રી અરિહંત પરમાત્મા જગતમાં કદી પણ ન હોય તેમ બનતું જ નથી, તેવી રીતે ભગવાનનો મોક્ષમાર્ગ પણ ચાલુ ન હોય તેમ પણ બનતું જ નથી. કોઈને કોઈ ક્ષેત્રમાં શ્રી અરિહંત પરમાત્મા વિચરતા જ હોય છે, મોક્ષમાર્ગ રૂપ શાસન પણ ચાલુ હોય છે, તેને ચલાવનારા શ્રી આચાર્ય ભગવંતો પણ વિદ્યમાન જ હોય છે. જેમ આ સંસાર અનાદિનો છે, સંસારનો પ્રવાહ અનાદિનો છે, સંસારમાં ભટકનારા જીવો પણ અનાદિના છે તેવી જ રીતે શ્રી અરિહંત પરમાત્માઓ પણ અનાદિના છે, તે પરમતારકોએ સ્થાપેલું મોક્ષમાર્ગ સ્વરૂપ શાસન પણ અનાદિનું છે, આ શાસનની યથાર્થ સંપૂર્ણ આરાધના કરી કરીને મોક્ષે જનારા જીવોનો પ્રવાહ પણ અનાદિથી ચાલુ છે-તે કામ બરાબર ચાલે છે. માત્ર આપણે જ એવા આ દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં જન્મ્યા છીએ જ્યાં વીસ કોડાકોડિ સાગરોપમમાંથી માત્ર બે જ કોડાકોડિ સાગરોપમ પ્રમાણ જ શ્રી તીર્થંકર દેવો હોય છે, બાકીના અઢાર કોડાકોડિ સાગરોપમ કાળમાં તે તારકો હોતા નથી. (આ જ રીતના બાકીના ચાર ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રમાં સમજી લેવું.) જ્યારે મહાવિદેહ ક્ષેત્રમાં તો સદાય માટે કોઈને કોઈ વિજયમાં શ્રી અરિહંત પરમાત્મા હોય છે, બધે ય ભગવાનનું મોક્ષમાર્ગ સ્વરૂપ શાસન પણ હોય છે, તે શાસનને આરાધનારા અને મોક્ષે જનારા જીવો પણ ચાલુ હોય છે. આ જ વાત શ્રી અરિહંત પરમાત્માઓએ જગતને જણાવી છે અને તેમના શાસનના સારને પામેલા શ્રી આચાર્ય ભગવંતો જણાવી રહ્યાં છે.

શ્રી અરિહંત પરમાત્માઓ કેવળજ્ઞાનને પામ્યા પછી જ્યારે શાસનની સ્થાપના કરે છે ત્યારે ત્યાં જ (તે સમવસરણ ભૂમિમાં) હાજર રહેલા અને પ્રતિબોધ પામેલા શ્રી ગણધર ભગવંતના આત્માઓ, ભગવાનને પૂછે છે કે - 'किं तत्त्वम् ' - તત્ત્વ શું છે ?' ભગવાન કહે છે - 'उप्पन्नेइ वा -વસ્તુમાત્રમાં ઉત્પન્ન થવાનો ગુણ છે.' તે સાંભળ્યા પછી ફરી બીજો પ્રશ્ન પૂછે છે કે - 'किं तत्त्वम् ' ? ત્યારે ભગવાન કહે છે કે - 'विगमेइ वा - ઉત્પન્ન થયેલી વસ્તુ વિનાશ પણ પામે છે.' હજી અધુરું લાગતાં ત્રીજો પ્રશ્ન પૂછે છે કે - 'किं तत्त्वम् ?' ત્યારે ભગવાન કહે છે કે - 'धुवेइ वा - મૂળ વસ્તુ કાયમને કાયમ રહે છે.' 'उप्पन्नेई वा विगमेई वा धुवेई वा' - આ ત્રણપદ ભગવાન શ્રી જિનેશ્વરદેવોના શ્રી મુખેથી સાંભળીને, તે શ્રી ગણધરભગવંતના આત્માઓ માત્ર અંતર્મુહૂર્તમાં જ આખી દ્વાદશાંગીની રચના કરે છે. જે દ્વાદશાંગીમાં મોક્ષમાર્ગનું નિરૂપણ છે, સંસારનું ખંડન છે,

સાચાનું મંડન-ખોટાનું ખંડન છે, શું કરવું- શું ન કરવું, તત્ત્વો કેટલા છે, કયા તત્ત્વો અંગીકાર કરવા જેવા છે, કયાં તત્ત્વો છોડવા જેવાં છે, કયાં તત્વો માત્ર જાણવા યોગ્ય છે અર્થાત્ હેય-જ્ઞેય અને ઉપાદેય પદાર્થોનું - ખૂબ જ વિસ્તારથી વર્ણન છે.

જેમ શ્રી અરિહંત પરમાત્માઓ આ ધર્મશાસનને સ્થાપે છે તેમ શ્રી આચાર્ય ભગવંતો તે ધર્મશાસનને જગતમાં વહેતું રાખે છે અને જીવતું રાખે છે. જેમ શ્રી અરિહંત પરમાત્માઓનો મહિમા ગાયો છે તેમ માર્ગસ્થ એવા શ્રી આચાર્ય ભગવંતોનો પણ ઘણો મહિમા શાસ્ત્રે ગાયો છે. આપણે ત્યાં તો ખુદ શ્રી અરિહંત પરમાત્માઓ પણ એમ જ કહે છે કે, '' પૂર્વના જે શ્રી અરિહંત પરમાત્માઓ કહી ગયા છે તે જ હું કહું છું અને ભવિષ્યના પણ શ્રી અરિહંત પરમાત્માઓ આ જ કહેવાના છે. આવું અનુપમ શ્રી જૈનશાસન જેવું બીજું કોઈ શાસન તમને જગતમાં નહિ મળે. જેમાં કેવળજ્ઞાન પામેલા સાધુ પણ જ્ઞાત ન થાય ત્યાં સુધી ત્રીજે પદે રહેલા છદ્મસ્થ આચાર્ય ભગવંતને પણ વંદન કરે છે.

પ્ર. - કેવલી પણ શ્રી આચાર્ય ભગવંતને વંદન કરે ?

ઉ. - કેવલી એમ ન કહે કે, હું કેવલી છું. જ્યાં સુધી આચાર્ય ભગવંતને ખબર ન પડે ત્યાં સુધી વંદન પણ કરે.

શ્રી ચંડરૂદ્રાચાર્યની કથા તમે ઘણીવાર સાંભળી છે, પણ લગભગ યાદ રાખતા નથી. કથામાંથી પણ માત્ર ફાવતી વાતો જ યાદ રાખો છો. તે શ્રી આચાર્ય મહારાજ ઘણા શક્તિસંપન્ન હતા પણ તેમનામાં એક દોષ હતો કે જરાપણ ખોટું જૂએ તો તરત જ ગુસ્સો આવી જતો. પોતાના આ દોષનું પૂરેપૂરું ભાન હતું તેથી તેઓ શિષ્યોથી અલગ જ રહેતા અને પોતાની આરાધના કરતા હતા.

એકવાર એક નગરના ઉદ્યાનમાં શુદ્ધ નિર્જીવ ભૂમિ ઉપર તેઓ સપરિવાર રહેલા છે. ત્યારે તાજો જ પરણેલો એક યુવાન કેટલાક મિત્રો સાથે ત્યાં આવ્યો છે. મુનિઓને જોઈ મિત્રો મશ્કરીમાં કહેવા લાગ્યા કે - આને દીક્ષા લેવી છે માટે લાવો. મુનિઓ સમજી ગયા તેથી કાંઈ બોલ્યા નહિ. મિત્રો ન માન્યા તેથી શિષ્યોએ કહ્યું કે, અમારા ગુરુ ત્યાં છે. તેમની પાસે જાવ, તેઓ દીક્ષા આપશે. મિત્રો ત્યાં જઈને ય મશ્કરી કરવા લાગ્યા. એટલે તે શ્રી આચાર્ય મહારાજને ગુસ્સો આવ્યો અને કહ્યું કે, અહીં આવ તને દીક્ષ આપું. તાજા જ લગ્ન કરેલા તે યુવાનને પકડી તેનો લોચ કરી નાખ્યો. તે જોઈ મિત્રો બધા ભાગી ગયા.

જેનો લોચ કરેલ તે યુવાન જાતવાન હતો, કુલવાન હતો. તે વિચારે કે- હવે મારે સાચે સાચી દીક્ષા લેવી જોઈએ, ઘેર પાછા ન જવાય. એમ વિચારીને તેને સાચા ભાવે દીક્ષા લીધી. પછી શ્રી આચાર્ય મહારાજનાં પગમાં પડી વિનંતી કરે કે - ''ભગવન્ ! આ બધા મિત્રો ઘેર ગયા છે. બધા કુટુંબીને વાત કરશે એટલે તે બધા અહીં આવી આપણને હેરાન કરશે, મને ઉપાડી જશે. માટે મારી રક્ષા કરવા આપણે હમણાંજ અહીંથી વિહાર કરવો જોઈએ.'' આચાર્ય મહારાજ કહે હું વૃદ્ધ છું, રસ્તો કઈ રીતે જોઈ શકીશ ? ત્યારે તે નૂતન દીક્ષિત કહે, હું રસ્તો જોઈ આવું છું અને આપને મારા ખભે બેસાડીને વિહાર કરાવીશ. પછી તેઓ રસ્તો જોઈ આવ્યા અને આચાર્ય મહારાજને પોતાના ખભા ઉપર બેસાડી વિહાર કર્યો. આમ તો શિષ્યે રસ્તો જોયેલો પણ અંધકાર ફેલાવા લાગ્યો તેથી રસ્તામાં પત્થરાદિ આવે તો ઠોકર પણ લાગે, ગુરુને ખભા ઉપર બેસાડેલા એટલે તો ચાલવામાં પગ પણ આડા અવળા પડે. એટલે તે આચાર્યને ગુસ્સો આવે અને તેથી માથામાં ડંડા મારે. તાજો જ લોચ કરેલો એટલે માથામાંથી લોહીની ધારા વહેવા લાગી. છતાં તે નૂતન મુનિ વિચારે કે- ''મેં મારા પૂ. ગુરુ મહારાજને આપત્તિમાં મૂકયા. મારા કારણે જ તેઓને આ તકલીફ ઉભી થઈ. શાંતિથી રહેતા હતા- આરાધના કરતા હતા અને મેં તેમને દુઃખમાં નાખ્યા.'' આમ પોતાનો જ દોષ વિચારે છે. આ રીતે પોતાની જ નિંદા કરતાં કરતાં તે મહાત્મા ભાવનામાં ચઢયા અને ઘાતિ કર્મોના ક્ષયથી તે નૂતન મુનિને કેવળજ્ઞાન પેદા થયું. કેવલજ્ઞાની તો બધું જ જૂએ અને જાણે એટલે હવે તેમના પગ સીધા પડવા લાગ્યા.

પહેલા તો તે આચાર્યશ્રી વિચારે કે, આ ડંડાનો પ્રભાવ લાગે છે. છતાં પણ પૂછે છે કે - હવે પગ કેમ સીધા અને બરાબર પડે છે. ત્યારે તે મહાત્મા કહે છે કે, આપની કૃપા થઈ. આચાર્યશ્રી પૂછે કે શું કૃપા થઈ ? તેઓ કહે કે,

મને જ્ઞાન થયું. ત્યારે આચાર્ય ફરી પૂછે કે, કયું જ્ઞાન થયું ? પ્રતિપાતી કે અપ્રતિપાતી ? ત્યારે તે શિષ્ય કહે કે, આપની કૃપાથી અપ્રતિપાતી જ્ઞાન થયું છે. આચાર્ય મહારાજ એકદમ ચોંકીને ઉતરી જાય છે અને પોતાના આત્માની નિંદા કરે છે કે, મેં કેવલી - કેવલજ્ઞાની -ની આશાતના કરી. તેમને પણ કેવળજ્ઞાન થાય છે. આપણી મૂળ વાત તો એટલી જ છે કે, પાંચમે પદે રહેલો મુનિ કેવળજ્ઞાન પામ્યા પછી પણ ખબર ન હોય ત્યાં સુધી ત્રીજે પદે રહેલા શ્રી આચાર્યનું બહુમાન કરે છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓની અવિદ્યમાનતામાં આ શાસનનની ધુરાને વહન કરનારા શ્રી આચાર્ય ભગવંતો છે. માટે તેમની જોખમદારી પણ ઘણી છે, **શાસનને વફાદાર હોય, શાસ્ત્રને જ પૂરેપૂરા આધીન હોય, લોક હેરીમાં તણાતા ન હોય, માન-પાન-સન્માનાદિને આધીન ન હોય, જાતને ય ભૂલી શાસનને જ પ્રધાન માનનારા હોય તેવા જ શ્રી આચાર્ય ભગવંતો આ જવાબદારી સારી રીતે નિભાવી શકે. અમારે વિચારવાનું, બોલવાનું, વર્ત્તવાનું શાસ્ત્રે કહ્યું હોય તેજ. શાસ્ત્રથી એક તસુ પણ આઘા પાછા થવાનું નથી. સાથે રહેલો પણ ખસી જાય તો ય તેની ચિંતા કરવાની નહિ.** તેમાં જરાપણ ભૂલભાલ થાય તે અમારો પ્રમાદ. ભૂલ કદાચ થઈ જાય તો તેની માફી માંગી, શુદ્ધિ કરે તો હજી બચી શકે. આ પરમ તારક મોક્ષમાર્ગ સ્વરૂપ શાસનના સ્થાપક શ્રી અરિહંત દેવો છે.અને તેમના પછી તેના સંચાલક, તેની આજ્ઞા મુજબ જીવતા માર્ગાનુસારી શ્રી આચાર્ય ભગવંતો છે.

પ્ર. સંઘને પચ્ચીસમો તીર્થંકર કહ્યો છે તો તે નહિ ?

ઉ. શ્રમણ પ્રધાન ચતુર્વિધ શ્રી સંઘ તે પચ્ચીસમો તીર્થંકર છે. કયો સંઘ તે પચ્ચીસમો તીર્થંકર કહેવાય ? ચોવીશેય શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા માથે ચઢાવે તે, પગ તળે કચડે તે નહિ જ ! જે ભગવાન શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા મુજબ જીવે તે શ્રી સંઘ પચ્ચીસમો તીર્થંકર છે, બીજો નહિ.

તમે બધા ઘરમાં રહ્યાં છો તો કેમ રહ્યા છો એમ કોઈ પૂછે તો શું કહો ? 'અમારું નસીબ ફુટયું છે' માટે ઘરમાં રહ્યા છીએ એમ જ કહો ને ? તમારી આટલી ઉંમર થઈ, રોજ ભગવાનની પૂજા કરો, બે ટાઈમ પ્રતિક્રમણ કરો, સામાયિકાદિ ધર્મક્રિયા કરો, વ્યાખ્યાન શ્રવણ કરો, છતાં ય તમે ઘરમાં બેઠા છો તો તમને તમારો પાપોદય લાગે છે કે પુણ્યોદય લાગે છે ? તમારા હૈયામાં જે હોય તે કહો. ઘરમાં રહેલા તમે શ્રી સંઘના પ્રતિનિધિ પણ છો તે કયારે ? શ્રાવક-શ્રાવિકાને ઘરમાં રહેવું પડે, સંસાર માંડવો પડે તેનું દુઃખ હોય, પેઢી કરવી પડે તેનુંય દુઃખ હોય, પૈસા કમાવા પડે તેનુંય દુઃખ હોય અને સંસારનું સુખ ભોગવવું પડે તેનું તો ભારોભાર દુઃખ હોય, કમને ન છૂટકે રોગ દવાની પડીકી લે તેની જેમ ભોગવે. 'કયારે આ બધી જંજાળમાંથી - ઉપાધિમાંથી ઝટ છૂટું, ભગવાનનું સાધુપણું પામું, તેની આજ્ઞા મુજબ આરાધીને ઝટ મોક્ષે જાઉં' - આ જ ભાવનામાં તે રમતા હોય. આવા શ્રાવક-શ્રાવિકા રૂપ જે સંઘ, તે શ્રી સંઘ પચ્ચીસમો તીર્થંકર કહેવાય. તે તો કોઈપણ આદમીને ધર્મ કરવામાં વિઘ્ન આવે તો તે વિઘ્નને દૂર કરે અને તેને ધર્મ કરવાની સઘળી ય અનુકૂળતા કરી આપે, જરૂર પડયે સહાય કરે. ધર્મ કરનારના વિઘ્નો દૂર કરવાને બદલે તેને ઉપરથી વિઘ્ન કરે તે શ્રી સંઘ પચ્ચીસમો તીર્થંકર નથી. તમે બધા એટલા અજ્ઞાની પાક્યા છો કે રોજ ધર્મ કરવા છતાં, સાંભળવા છતાં કશું જ સમજતા નથી. એટલે આજે સંઘના નામે, ખોટી એકતાના નામે, શ્રી સંઘની શાંતિના નામે જેમ તેમ લખનારા, બોલનારા અને પ્રચારનારા બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે અને લોકોને ખોટે માર્ગે દોરી જાય છે.

આજે પ. પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગતિથિ છે. મારે તમને આચાર્યપદનો મહિમા સમજાવવો છે, આચાર્યપદની જોખમદારી સમજાવવી છે. માર્ગસ્થ આચાર્યો શાસનમાં ન હોય તેવું બને નહિ. શાસનના સંચાલક પણ તેજ. તેઓના બળે જ શાસનના સંચાલક પણ તે જ. તેઓના બળે જ શાસન ચાલવાનું છે. તેઓ ભગવાનની આજ્ઞા મુજબ જીવે છે અને પોતાના સાધુઓને પણ ભગવાનની આજ્ઞા મુજબ જીવાડે છે. શાસ્ત્રની આજ્ઞા મુજબ આચાર્યો જીવે અને આચાર્યની આજ્ઞા મુજબ સાધુ-સાધ્વી જીવે. ભગવાનની આજ્ઞા મુજબ જે સાધુઓ જીવે, તેમના શ્રાવકો સેવક હોય. તેથી શ્રાવક પણ પોતાની મરજી મુજબ ધર્મનાં કામ કદી ન કરે માટે તે શ્રાવકો 'શ્રમણોપાસક' કહેવાય છે. જે શ્રમણના સેવક

નહિ, સુસાધુનો ય સેવક નહિ તે શ્રાવક પણ નહિ અને તેનું સ્થાન શ્રી સંઘમાં પણ નહિ.

પ્ર.- આચાર્યો જ જ્યારે વિવાદમાં પડયા હોય ત્યારે શ્રાવકો શું કરે ?

ઉ.- જે આચાર્યો શાસ્ત્ર મુજબ જીવતા હોય, બોલતા હોય તેમની સેવા કરે, તેમને સહાય કરે, તેમને બધી આજ્ઞા મુજબ જીવવાની - અનુકૂળતા કરી આપે.

જે લોકો શાસ્ત્રથી વિપરીત બોલતા હોય તેમની પાસે જઈ, વિનય-વિવેકપૂર્વક પૂછે કે - ''કયા આધારે આમ બોલો છો ? અમે બધા ભણ્યા નથી માટે સમજતા નથી તે સાચું પણ તમે સમજાવો તો સાચું-ખોટું સમજી શકીએ તેવા છીએ. અમને જો 'બેવકૂફ' જ માનતા હો તો અમે અહીં રોજ આવીએ છીએ તો ધર્મ સંભળાવો છો કેમ ? અમે સમજતા નથી પણ સમજવા લાયક છીએ અને સાચું સમજવા પૂછીએ કે, કયા શાસ્ત્રના આધારે બોલો છો તો તે કહેવા તમે બંધાયેલા છો.'' જો તે સાધુઓ કે આચાર્યો એમ કહે કે-'' તું શું સમજે ?'' તો તે શ્રાવક જરાય મગજ ઉપરનો કાબૂ ગુમાવ્યા વિના ઠંડકથી કહે કે- ''તમે પોતે ય સમજતા નથી માટે અમને સમજાવી શકતા નથી. તેથી મને મૂરખો કહીને કાઢી મૂકવા માંગો છો તો તે રીતે મૂરખો થઈને હું જાઉં તેવો નથી.''

જો તમે બધા ડાહ્યા હોત તો સાધુઓ કે આચાર્યો ન બગડત. શ્રાવક જે પૂછે તેનો જવાબ આપવા અમે બંધાયેલા છીએ. હરેક કાળમાં જમાના મુજબ જીવે તો સાધુઓમાંય મતભેદ રહે, આજ્ઞા મુજબ જીવે તેનામાં મતભેદ ન રહે. આચાર્યોમાં પણ નામાચાર્યો અને પાપાચાર્યો પાકે, તો તેવાઓને ય સારા શ્રદ્ધાળુ સુશ્રાવકો ઠેકાણે-માર્ગે લાવ્યા છે. આચાર્યાદિ જેમ શ્રાવકોને સુધારનાર છે તેમ ભાન ભૂલેલા આચાર્ય-સાધુઓને સુધારનાર સુશ્રાવકો પણ છે. આજ એક શ્રી જૈન શાસનની આગવી વિશિષ્ટતા છે.

સિંહ ગુફાવાસી મુનિને કોને સુધાર્યા ? શ્રાવિકા એવી કોશા વેશ્યાએ. શ્રી સ્થૂલભદ્રજી મહારાજાનું, શ્રી સંભૂતિ મહારાજાએ જે રીતના સન્માન અને અભિવાદન કર્યું તે સિંહ ગુફાવાસી મુનિથી ન ખમાયું. તેથી બીજા ચોમાસામાં કોશા વેશ્યાને ઘેર જવાની રજા માગી ત્યારે શ્રી સંભૂતિ આચાર્યે નિષેધ કર્યો. છતાં ય તે મુનિ ન માન્યા અને કોશાને ત્યાં ચોમાસું કરવા ગયા. તે મુનિને આવતા જોઈને કોશા સમજી ગઈ કે, આ શ્રી સ્થૂલભદ્રજીનો વાંક કરવા આવ્યા છે. મુનિએ આવીને કોશાને કહ્યું કે, અહીં મારે ઘેર ચોમાસું કરવું છે તો જગ્યા આપ. ત્યારે ચિત્ર સભા ખોલી આપી. તેમાં એવાં એવાં ચિત્રો હતા કે જોઈને પવૈયાને પણ પાનો ચઢે. થોડા દિવસમાં તો તે મુનિ કોશાને કહે કે, મારે તારો ખપ છે, તો તેણી કહે કે - હું તો વેશ્યા છું. તમારી પાસે પૈસા છે ? મુનિ- સાધુ પાસે પૈસા હોય ? ત્યારે કોશા- સાધુને વેશ્યાનો ખપ હોય ? શ્રાવિકા પણ આવી સમજદાર હોય. શ્રી સ્થૂલભદ્રજીએ પ્રતિબોધ કરેલી કોશા પણ આવી શ્રાવિકા હતી, મુનિને ચૂપ કર્યા.

પછી તેણીએ તે મુનિને કહ્યું, મારે ખપ હોય તો નેપાલ દેશમાં જાવ. ત્યાંનો રાજા સાધુ-સન્યાસીને સવા લાખની રત્નકંબલ આપે છે. તો ભરચોમાસામાં તે મુનિ નેપાલ દેશમાં ગયા અને મહામુસીબતે માંડ માંડ રત્નકંબલ લાવ્યા. અને લાવીને કોશાના હાથમાં મૂકી, તો તેણીએ પગ લૂછીને ખાળમાં નાખી દીધી. તો તે જોઈ મુનિ- આ શું કર્યું ? આટલી કિંમતી ચીજનો માંડ માંડ મુસીબતે લાવ્યો તેનો આ ઉપયોગ ? ત્યારે કોશા- મહારાજ ! આ રત્નકંબલને અગ્નિમાં નાખું તો હમણા ચોકખી થઈ જશે પણ તમે મારી આ ગટર જેવી કાયામાં તમારું ચારિત્ર બોળી નાખવા તૈયાર થયા છો તો તે કઈ રીતે ચોકખું થશે ? તે મુનિ, મુનિ હતા માટે ચેતી ગયા. તેની માફી માગી, ગુરુ મહારાજ પાસે જઈ આલોચના લઈ શુદ્ધ થયા.

માટે સમજો કે, શ્રાવક-શ્રાવિકા પણ માર્ગસ્થ એવા આચાર્યાદિની આજ્ઞા મુજબ જીવનારા હોય. પણ જે આચાર્યાદિ ઊંધા ચાલે તો તેમણે સમજાવીને સીધા માર્ગે લાવનારા હોય, ન જ સમજે તો પોતાનું ન બગડે તે રીતે જીવે. ગુરુભક્તિ એવી નથી કરવાની જે સ્વ-પર ઉભયનું અહિત કરે. તેવી ગુરુભક્તિ તો 'ઘેલી' કહી છે. શ્રાવક 'બેવકૂફ' હોય ? તમે બધા દોડયા દોડયા અહીં આવો છો, અમારાં મોટાં મોટાં સામૈયા કરો છો, હજારો રૂપિયા ખર્ચો

છો, તમારા સગા છોકરાને ન આપો તેવી સારામાં સારી ચીજો અમને વહોરાવો છો તો તમે બધા ગાંડા છો ? શું સમજીને આ બધું કરો છો ? આજનો મોટો વર્ગ અણસમજુ છે. 'આપીએ તો ઘણું મળે' તેમ સમજીને આ બધું કરે છે. તે માટે કરે તેને લાભ મામૂલી અને નુકશાન ઘણું થાય.

તમે બધા ખરેખર જો મોક્ષમાર્ગના જ પ્રેમી હોત તો સાચા-ખોટાને બોલતાની સાથે જ ઓળખી શકત. તમે અહીં આવો ત્યારે જે સાધુ તમને માન આપે તો તમને શંકા પડે કે, આ સાધુમાં કાંઈ ગરબડ છે. તમને જ લાગે કે- ''આચાર્યાદિનું સન્માન મારે કરવાનું કે મારું સન્માન આચાર્યાદિ કરે ? '' **મોક્ષનો જ અર્થી શ્રાવક ! સંસારના સુખોનો ભિખારી કદી શ્રાવક બન્યો નથી કે બનવાનો ય નથી.** ભગવાનના સાધુ-સાધ્વી સુખમાત્રના ત્યાગી હોય અને આવેલાં દુઃખનો મઝેથી વેઠનારા હોય. કદાચ દુઃખ ન આવે તો ઉભા કરી કરીને વેઠનારા હોય. જ્યારે શ્રાવક-શ્રાવિકા દુનિયાનું સુખ ફેંકી ન શકે પણ ફેંકી દેવા જેવું તો માને પણ સારું તો કદી જ ન માને. રાજ્યનેય પાપ માને. ચક્રવર્તીપણાનેય પાપ માને, શેઠ-શાહુકાર- સાહેબપણાનેય પાપ માને. જે ચક્રવર્તિ, ચક્રવર્તિપણાને સારું તો જ ન માને પણ છોડવા જેવું જ માને તો તે ધર્મ પામેલો કહેવાય. તમે ઘરમાં રહેવા છતાં ઘર છોડવા જેવું માનો તો શ્રાવક ! ઘર-બાર, કુટુંબ-પરિવારાદિ સુખ સામગ્રી છોડવા જેવી છે. તાકાત હોય તેને છોડી દેવી જોઈએ તે સમજાવવાનું કામ અમારું છે. ઘર-બારાદિ છોડી બેસેલા સાધુ તે જ સમજાવે. પણ 'આમ-તેમ કરશો તો સંસારનું સુખ મળશે' આવી વાતો સાચો સાધુ કદી ન કરે. સંસારનું સુખ માત્ર ધર્મથી જ મળે તેની ના નથી પણ ધર્મીને તે સુખ કેવું લાગે !

તમે બધા મૂરખા પાકયા છો માટે અહીં જેમ કરો તેમ ચાલે છે. સાચો વેપારી ગ્રાહકથી બહુ સાવધાન હોય ! ગ્રાહકને જેમ તેમ સમજાવી ન શકે. ગ્રાહકને ઓછું તોલ-માપ આપવા પ્રયત્ન કરે તો તરત જ ગ્રાહક કહી દે કે - વસ્તુ તોલવી છે તો ડહાપણથી બરાબર તોલો. તમે ઓછો માલ આપવા માગો તે નહિ ચાલે. બીજે જતો રહીશ. તેમ તમે અહીં અમારી પાસે ગ્રાહક થઈને આવો છો કે અમથા આંટા જ મારો છો ? જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે ફુટી કોડિ નહિ તેની પાસે શું મુંડાવા આવો છો ? તમે અહીં શું સમજવા આવો છો ? **જે લોકો સાધુ પાસે દુનિયાના સુખ માટે જાય તે તો શ્રાવક જ નથી પણ દુર્ગતિ ખરીદવા સાધુ પાસે જાય છે. જે સાધુ પણ આવાને એમ કહે કે, 'તું આવું આવું કર, આ - આ સુખ મળશે' તો તે સાધુ કસાઈ કરતાં ય ભૂંડો છે. પોતે ય દુર્ગતિમાં જવાનો છે અને પેલાને ય દુર્ગતિમાં મોકલનારો છે.**

દુનિયાનું સુખ માત્ર ધર્મથી જ મળે પણ તે સુખ માટે ધર્મ કરાય જ નહિ. તે સુખ માટે ધર્મ કરશો તો સુખ મળશે કે કેમ તેમાં શંકા છે કદાચ સારા ભાવે ધર્મ થઈ જાય અને દુનિયાનું સુખ મળી જાય. જો તેના ઉપર જ રાગ થાય, મોહ થાય, તેમાં જ મજા આવે તો દુર્ગતિમાં જવું જ પડે. આ વાત અમારી સાથે જ કહેવી જોઈએ. 'દુનિયાનું સુખ ધર્મથી જ મળે' માટે 'સુખ માટે ય ધર્મ થાય' એટલું જ કહે અને બીજું ન કહે તો તે મોક્ષમાર્ગનો ઘાતકી છે, શરણે આવેલાનું ખૂન કરનાર છે.

આ તો ભગવાનનું શાસન છે. તેને ચલાવનારા આચાર્ય ભગવંતો છે. તે આચાર્યો શેના લોભી હોય ? ભગવાનના ધર્મના જ. મારા આટલા 'ભગત' અને આટલા 'સેવક' તેમ તેને હોય ? ન જ હોય. ભગવાનને ભગતની જરૂર નથી, સ્વામીને સેવકની જરૂર નથી. પણ ભગતને ભગવાનની જરૂર છે અને સેવકને સ્વામીની જરૂર છે. જે ભગવાન, ભગતની પૂંઠે ફરે તે ભગવાન નહિ. દુનિયાના સુખ માટે ભગવાનની પૂંઠે ફરે તે તો મોટામાં મોટો ઠગ ! તમે બધા ભગવાનની પૂજા શા માટે કરો છો ? સાધુની સેવા ય શા માટે કરો છો ? આ સંસારનું સુખ અમારો નાશ કરનારું છે, તેનાથી ઝટ છૂટાય તે માટે જ કરો છો ને ?

આપણા આ શાસનમાં શાસનને સમર્પિત, શાસનની પ્રાણના ભોગે રક્ષા કરનારા ઘણા માર્ગસ્થ ધર્માચાર્યો થઈ ગયા, તેમ આ મહાપુરુષ પણ તેમાંના એક હતા. ભગવાનના શાસનને સમજેલા ધર્માચાર્યો કેવા હોય ? દુનિયાને 'સુખી' બનાવનારા હોય કે 'ધર્મી' બનાવનારા હોય ? પુણ્યયોગે તમને લાખો રૂપિયા મળે તેની અમને વાંધો નથી. શ્રીમંતો કાંઈ અમને આંખમાં કણાની જેમ

ખૂંચતા નથી. ધર્મી શ્રીમંતો તો શ્રી જૈન શાસનના શણગાર છે. તે ધર્મી શ્રીમંતની માન્યતા શું હોય તે વાત કરવી છે, પુણ્યયોગે મળેલી લક્ષ્મીને પણ જે ભૂંડી જ માને, છોડવા જેવી જ માને અને તે માટે તેનો આજ્ઞા મુજબ શુભ ક્ષેત્રોમાં સદુપયોગ કર્યા જ કરે, તેને કહેવું ન પડે, તે જ શોધતો આવે- તે શ્રીમંત સાચો ધર્મી કહેવાય. તે લક્ષ્મીનો દાસ ન હોય પણ લક્ષ્મીનો પતિ હોય ! લક્ષ્મીનો જ દાસ હોય, લક્ષ્મીનો પ્રેમી હોય, તેને જ સારી માને તે તો અધર્મી જ કહેવાય !! **સાચો ધર્મી તો લક્ષ્મીને 'વળગાડ' માને. તેને વળગવા ન દોડે.** તેના મોટા મોટા બંગલાના કોઈ વખાણ કરે તો તે કહે કે, આ બંગલો નથી પણ મને ફસાવનારી 'જેલ' છે. ધનને 'અનર્થકારી' માને, કુટુંબને 'બંધન' માને. તેને મંદિર 'મારું' બોલતાં આનંદ આવે અને ઘર મારું બોલતાં કંપારી થાય. કદાચ દુનિયામાં ઓળખાવવા બોલવું પડે તો બોલે પણ હૈયાથી ન માને. જેને મૂકીને જ જવું પડે, જેને સાથે લઈ જવા માગીએ તો પણ સાથે ન આવે તે ઘર, પેઢી, કુટુંબ-પરિવાર, પૈસો-ટકો મારો કહેવાય ખરો ? જે તેને મારો માને તે મૂરખ કહેવાય કે ડાહ્યો કહેવાય ? શ્રાવકો ય જો સંસારમાં લહેર કરતા દેખાય તો સમજી લેવું કે તે ખરેખર શ્રાવકો જ નથી. આ આ કરવાથી સ્વર્ગાદિ સુખો મળે તેમ સાંભળી જે રાજી થાય તે ખરેખર ધર્મી જ નથી. તે ધર્મ સમજ્યો નથી અને હજી સમજવાનો પણ નથી. તેની આ અયોગ્યતા-નાલાયકાત-અપલક્ષણ -જશે ત્યારે તે ધર્મ પામશે. **'મોક્ષ જ મેળવવા જેવો છે' આ વાત સાંભળતા જેને આનંદ થાય, રૂવાંડા ખડા થાય તે શ્રાવક !** દુનિયાની ઋદ્ધિ-સિદ્ધિની વાત સાંભળતા ગાંડો ન થાય. તેને તો મહાપરિગ્રહ રૂપ માને, નરકનું કારણ માને.

મોક્ષમાર્ગ સ્વરૂપ શાસન ચલાવનારા ધર્માચાર્યોની જોખમદારી સમજાવું છું. તેમની આજ્ઞા વિના કોઈ સાધુ ભગવાન શ્રી સુધર્મા સ્વામિજી મહારાજાની આ પાટ ઉપર બેસી ન શકે. તેઓ જેને આજ્ઞા કરે તે જ બેસી શકે. તે પણ ભગવાનની આ જ વાત કરવા-બોલવા બંધાયેલો છે, પોતાના ઘરની વાત કહેવાની નથી કે મરજી આવે તેમ બોલવાનું નથી. ભગવાનનો સાચો સાધુ, સંસારના સુખ માત્રને ભૂંડું, ભૂંડું ને ભૂંડું જ કહે.

ચાલતા ચાલતા પગમાં કાંટો વાગે અને પગમાં દુઃખ થાય. તેમ તમને પાપના યોગે હજી સંસારના સુખની જરૂર પડે, તે તમે મેળવો પણ ખરા અને તમારું પુણ્ય હોય તો મળે પણ ખરું. તે સુખ ભોગવો પણ ખરા-છતાં ય તમારાં હૈયામાં તો એમ જ હોય ને કે, 'આ હું પાપ જ કરું છું'. સંસારમાં રહેલો શ્રાવક, સંસારની જેટલી પ્રવૃત્તિ કરવી પડે અને કરે તો કંપતે હૈયે જ કરે પણ રાચી-માચીને ન જ કરે. આ વાત સમજાવવાનું કામ અમારું-ધર્મોપદેશકોનું છે. 'આ સંસાર ભૂંડો જ છે, છોડવા જેવો છે. મોક્ષ જ મેળવવા જેવો છે, તે માટે સાધુ થવા જેવું છે' આ વાત સમજાવવા માટે જ વ્યાખ્યાન છે. પણ તમે સુખી થાવ, લાખોપતિ થાવ, કોટિપતિ થાવ, ખૂબ ખૂબ મોજમજા કરો તે માટે વ્યાખ્યાન નથી. જેને લાખોપતિ કે કોટિપતિ થવું ન હોય પણ પુણ્યયોગે થાય તો તે જીવ ધર્મની ખૂબ ખૂબ પ્રભાવના કરે અને તમને કદાચ લાખો રૂપિયા મલી જાય તો તમારા 'દર્શન' અહીં બંધ થઈ જાય.

આવું સમજાવનાર ધર્માચાર્યોએ શાસનને સાચવ્યું છે, શાસનની સેવા કરી છે, શાસનની રક્ષા કરી છે અને અનેક જીવોને સાચા ધર્મના માર્ગે જોડયા છે. આપણા શાસ્ત્રોમાં તો ત્યાં સુધી લખ્યું છે કે, આ પાંચમાં આરામાં એવા એવા ધર્માચાર્યો પાકશે કે જેમનું નામ દેવાથી પણ પાપ લાગે.

પ્ર.- સાચા ધર્માચાર્યનું લક્ષણ શું ?

ઉ.- તમને શ્રી પંચેન્દ્રિય સૂત્ર આવડે છે ને ? તેમાં ગુરુની સ્થાપના છે કે, અમારા ગુરુ આવા આવા હોય-તેમાં હવે બાકી શું રહ્યું છે ? આનો અર્થ આવડે છે કે નથી આવડતો ?

પ્ર.- સાહેબ ! હું નામાચાર્યના લક્ષણ શું, તેમ પૂછું છું.

ઉ.- આનાથી - શ્રી પંચેન્દ્રિય સૂત્રમાં કહેલ અર્થથી ઉંધા ચાલે તે નામાચાર્ય ! તેમાં પૂછવાનું શું ? જેનો ઈન્દ્રિયો ઉપર કાબૂ નથી, કષાયોથી ભરેલા હોય, આચારમાં ઠેકાણું ન હોય, સમિતિ-ગુપ્તિનું પાલન ન કરે, બેઠા બેઠા ગપ્પા મારે તે બધા આવા હોય. હવે વધારે કાંઈ કહેવું છે ?

જેમ નામાચાર્ય માટે શાસ્ત્રે આવું લખ્યું છે તેમ સાધુઓ માટે પણ લખ્યું છે કે, ''પાંચમા આરામાં ઘણા મુંડો મહામિથ્યાદૃષ્ટિ પાકશે'' માટે તો ગુરુને ઓળખવાના છે. તેના માટે 'ગુરુવંદન ભાષ્ય' 'ગુરુતત્ત્વ વિનિશ્ચય' વગેરે ગ્રન્થો બનાવ્યા છે.

પ્ર.- તેવી રીતે નામના શ્રાવકો પણ હોય ને ?

ઉ.- હોય જ ને ! આજે તો મોટોભાગ તેવો લાગે છે. સંસારના સુખના ૪ ભૂખ્યા, દુઃખના કાયર અને પાપમાં જ પ્રવિણ એવા જીવો આવા હોય. તે દેવ-ગુરુ પાસે સંસારના સુખને મેળવવા, દુઃખથી બચવા અને પાપ કરવા છતાંય ન પકડાવું તે માટે જ જાય. લખપતિ પણ કોટિપતિ થવા મંદિરે જાય, વાંઢો બાયડી માટે જાય, સંતાન વિનાનો સંતાન માટે જાય તે બધા નામના જ શ્રાવક કહેવાય. તેમના નામ દેવામાં ય પાપ લાગે.

દુનિયામાં પણ ઘણા પૈસાવાળા એવા કૃપણના કાકા હોય છે કે, સવારના જો તે સામો મળે તો તમે ય કહો કે, આજે ખાવા નહિ મળે, દિવસ બગડશે. તેને જો સલામ ન ભરો તો ઠેકાણે પાડી દે માટે સલામ પણ ભરોને ?

શ્રી અરિહંત પરમાત્માઓ જે આ શાસન સ્થાપે છે તે જગતના ભલા માટે સ્થાપે છે. અને તેમના પછી તે શાસનને ચલાવનારા શ્રી આચાર્ય ભગવંતો છે માટે તે તેના સંચાલક છે પણ જેમને શાસનને ન ચલાવ્યું અને ગમે તેમ વર્ત્યા તો તે ઘણા નરકે ગયા. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા વૈમાનિક સિવાય બીજી ગતિમાં જાય નહિ આવું લખનાર શાસ્ત્ર જ લખે કે, ઘણા આચાર્યો પણ નરકે ગયા-જશે તો તેમ કયારે લખે ? કોના બળે લખે ? **જેઓ ભગવાનના શાસનને વફાદાર હોય, સિદ્ધાંતની વાતમાં લોચા વાળે, ગોળ-ખોળ બેયને સરખા કહે, અવસર આવે સાચી વાત જાહેર કરવાને બદલે મૌન સેવે, આપણો-પોતાનો સ્વાર્થ ન ઘવાય તેની જ કાળજી રાખે, સુદેવ-સુગુરુ-સુધર્મરૂપ શાસનના ભગત બનાવવાને બદલે પોતાના જ ભગત બનાવવામાં રાજી હોય, મંત્ર-તંત્ર-જ્યોતિષાદિ કરે, હાથ જૂએ, આંખ ફરક કાઢે, કમાવવા આ આ દા'ડે જવું તેમ કહે, દીકરા-દીકરી ન ગોઠવાતા હોય તો ગોઠવી આપે, ગાદી અને મશીન ઉપર પણ વાસક્ષેપ નાખી આપે** તે બધા આચાર્યો દુર્ગતિગામી છે તેમ કહ્યું છે.

આજે મોટોભાગ વ્યાખ્યાન વાંચનારાનો 'તમે ધર્મ કરશો તો આ આ મળશે' 'આ આ સુખાદિ જોઈએ તો આવું આવું કરવું' તેવી વાતો ધર્મોપદેશના નામે કરે છે. તેનાથી શાસનને ઘણું ઘણું નુકશાન થયું છે, થઈ રહ્યું છે. લોભીયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે - તેથી તેમનું કામ ચાલે છે. પણ આવાઓનું સામ્રાજય વધી ગયું છે તેથી સાચાઓને ઘણું સહન કરવું પડે છે. આ મહાપુરુષે આવા ઘણાનો પ્રતિકાર કરેલો છે, સન્માર્ગને જીવતો રાખ્યો છે.

પ્ર.- આવું બોલવાથી છત્રીશ ગુણ નાશ પામે ?

ઉ.- હા, પામે જ

આવું બોલવાથી જો શ્રાવકો પણ રાજી થાય તો સમજી લેવું કે, તે બેય 'સંસારનો માર્ગ' ચલવે છે.

પ્ર.- ધર્મનો મહિમા તો સમજાવે ને ?

ઉ.- ધર્મનો મહિમા સમજાવવાની મેં ના કહી છે ? હું ય કહું છું કે, 'દુનિયાના સુખ માત્ર ધર્મથી જ મળે' પણ તે સુખ મેળવવા ધર્મ થાય જ નહિ-તેમ સાથેને સાથે કહેવું પડે.

દુનિયાના સુખ માત્ર ધર્મથી જ મળે પણ તે સુખ મેળવવા જેવું નથી, મળે તો આનંદ પામવા જેવું નથી, ભોગવવા જેવું નથી, ભોગવવું પડે તો ય આનંદ પામવા જેવું નથી, ચાલે તો છોડી દેવા જેવું છે, ન ચાલે તો તેની સાથે બહુ જ સાવચેતીથી રહેવા જેવું છે. જો તે સુખમાં મજા આવી તો બાર વાગી જવાના છે. તે સુખ માટે ધર્મ તો કરાય જ નહિ. તે સુખ ભૂંડામાં ભૂંડું છે, આત્માને હેવાન બનાવનાર છે, ઈચ્છા હોય કે ન હોય પકડીને દુર્ગતિમાં મોકલનાર છે- આવું જો ઉપદેશક સાથે ન કહે તો તેના જેવો ઉન્માર્ગદિશક બીજો એક નથી. વિશ્વાસુઓની, શરણે આવેલાઓની કતલ કરનારો છે, આત્માના ભાવપ્રાણોનો નાશ કરનાર ખૂની જેવો છે !

સભા : બહુ 'કડક' કહો છો !

ઉ.- શાસ્ત્રમાં તો આના કરતાં ય વધારે 'કડક' શબ્દો

લખ્યા છે. આ તો ઘણા હળવા છે. છતાંય તમને ચાનક ચઢતી નથી. જો આ કડક લાગે તો સુધરવાનું મન થયા વિના રહે નહિ.

તમને ખબર છે કે, મિથ્યાત્વ, મિથ્યાદૃષ્ટિપણું, દુર્લભબોધિપણું, હાડકાંના માળાપણું - એ કાંઈ 'ગાળો' નથી, પણ એ માત્ર વસ્તુ સ્વરૂપની ઓળખાણ છે. દુઃખે કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય એવી અયોગ્યતા આત્મામાં સંપાદન કરવી એનું નામ દુર્લભબોધિપણું છે. અને સુખે કરીને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય એવી યોગ્યતા કેળવવી તેનું નામ સુલભબોધિપણું છે ! **ધર્મરૂપ ચૈતન્યહીન બનવું તે હાડકાના માળાપણું !** જેમ રોગથી ખવાઈ ગયેલા દર્દી પ્રત્યે જોનારને દયા આવે અને દયાથી કહે કે આ બિચારામાં લોહીનું નામનિશાન નથી, નર્યા હાડકાં દેખાય છે, જાણે હાડકાનો માળો !! તેમ શ્રી જિનેશ્વરદેવની આજ્ઞારૂપ ચૈતન્યથી હીનને જોઈ સાચા જ્ઞાનીઓ પણ એમની દયા ચિંતવતાં એમને હાડકાનો માળો કહે છે માટે એ કાંઈ ગાળ નથી. એવા શબ્દોથી ગભરાઓ નહિ. પણ સાંભળી-સાંભળીને સાવધ થાઓ. એ શબ્દો ગાળ આપનારા નથી પણ ચાનકને આપનારા છે. જેનામાં આ સ્થિતિ હોય તે દૂર કરે અને ન હોય તે એવી સ્થિતિ રખે ન આવી પહોંચે એની કાળજી રાખે એ માટે ચેતવનારા આ શબ્દો છે.

જેમ માસ્તર વિદ્યાર્થીને 'મૂર્ખા' કહે એ ગાળ છે ? નહિ જ. પણ વિદ્યાર્થીને ભવિષ્યમાં ડાહ્યો બનાવવાના હેતુએ કહે છે. માસ્તરને લાગણી છે માટે કહે છે. માસ્તરનું તાડન એ તાડન નથી, તર્જન એ તર્જન નથી, ઉપાલંભ એ ઉપાલંભ નથી. **દોષો જોવા છતાં ય ન કહે, ન સૂચવે એ દોષો કાઢવાના પ્રયત્નો ન કરે તો તે સાચા મા-બાપ પણ નથી, સાચા શિક્ષક પણ નથી અને સાચા ધર્મગુરુ પણ નથી !**

માટે સમજો કે, જે જીવ મોક્ષ માટે જ ધર્મ કરે તેને મોક્ષ ન મળે ત્યાં સુધી સંસારમાં રહેવું પડે એટલે સારામાં સારી સદ્ગતિ મળે અને ત્યાં પણ જેની જેની જરૂર પડે તે વગર માગે મળે. અને જે સામગ્રી તેને મળે તે ધર્મમાં સહાયક જ હોય પણ બાધક ન હોય. આવો જીવ તે સામગ્રીને ભૂંડી જ માનતો હોય, ક્યારે છૂટે તે જ ભાવનામાં રમતો હોય. જેને આ બધી ચીજો સારી લાગે તો તેનો ધર્મ ભાગી જાય અને કયારે તે ધર્મથી ચ્યવી, અધર્મી બની જાય તે કહેવાય નહિ !

તમે બધા આજે પૈસા કમાવ છો તે કમાવા પડે માટે કમાવ છો કે કમાવા જેવા છે એમ માનીને કમાવ છો ? ઘરમાં રહેવું પડયું માટે રહ્યાં છો કે રહેવા માટે રહ્યા છો ? લગ્ન કર્યા તે ત્યાગી થયા નહિ માટે અનાચારી ન થવાય તે માટે કરવા પડે માટે કર્યા કે કરવા જેવા માનીને કર્યા ? આના સાચા જવાબ તે આત્માના ધર્મીપણાનું માપકયંત્ર છે ! જો આ બધું કરવા જેવું માનીને મઝેથી કરતા હો તો ગમે તેટલો ધર્મ કરવા છતાં તમે ધર્મી નથી જ. આજના શ્રાવકો પોતાના દીકરા-દીકરીના લગ્નના મહોત્સવ જેવા કરે છે તેવા મહોત્સવ ભગવાનના પણ નથી કરતા, તેવું મન પણ થતું નથી. તમારે રહેવા માટે તમારા મંગલા કેવા છે ? ઘરમાં મંદિર બનાવવું હોય તો જગ્યા નથી, આશાતના થાય તેમ કહેનારા કેવા કહેવાય ?

તમે બધા ઘરમાં રહ્યાં છો તે પાપનો ઉદય માનો છો કે પુણ્યનો ઉદય માનો છો ? ઘર રહેવા જેવું છે કે છોડવા જેવું છે ? તમે તમારાં સંતાનોને દુનિયામાં ભણાવી-ગણાવી ગ્રેજ્યુએટ બનાવી તૈયાર કર્યા પણ ધર્મનું કેમ કાંઈ ન ભણાવ્યું ? ધર્મમાં કેમ તૈયાર ન કર્યા ? સંતાનોને દુનિયાનું જેમ ભણાવો છો તેમ ધર્મનું પણ ભણાવ્યા વિના રહેવું નથી તેવો ય નિર્ણય કરવો છે ? તમારા પેઢી ચલાવનાર છોકરાને સામાયિક-ચૈત્યવંદનાદિ ન આવડે તો બાપ જ તેનો બચાવ કરે કે, 'મારો દીકરો ઘણો કામગરો છે, તેને ટાઈમ જ નથી.' આવા બાપને ધર્મી કહેવાય ? આ પૂ. શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજે આવી રીતે ભગવાનના શાસનને જગતને સમજાવ્યું અને લોકોને સાચા ધર્મી બનાવ્યા, પંજાબમાં પણ ધર્મનો ફેલાવો કર્યો.

આ શાસન ઉપર ઘણા ઘણા ઉપદ્રવો આવ્યાં છે. તેમાં ય જતિઓના કાળમાં શાસનને જે નુકસાન થયું છે તેનું વર્ણન થાય તેવું નથી. ધર્મ નાશ પામ્યો, કુસાધુઓ પાકયા, જૈનો હતા તે વૈષ્ણવો થયા, સુસાધુ જોવા ન મળે તેવો કાળ આવ્યો. તેવા કાળમાં પૂ.આચાર્ય શ્રી સિંહસૂરીજી મહારાજે, પૂ. પંન્યાસ શ્રી સત્યવિજયજી ગણિને કહ્યું કે, ''આજે ઘણું

ઘણું ખોટું ચાલ્યું પડયું છે. જો આમને આમ ચાલશે તો ધર્મ રસાતલ જશે. મારી તો શક્તિ નથી, તમે શક્તિસંપન્ન છો, માટે સંવેગી શાખા સ્થાપો. આ જતિઓથી જુદા પડવા ધોળા વસ્ત્રને બદલે પીળા વસ્ત્ર પહેરતા થાવ અને ભગવાનના સાચા માર્ગને ચલાવો. હું તમારી સાથે જ છું.'' આ પછી પૂ. પંન્યાસ શ્રી સત્યવિજયજી મહારાજે ક્રિયોધ્ધાર કર્યો અને સંવેગી શાખા સ્થાપી. આજનો બધો પરિવાર તેમનો છે. શ્રી પૂજ્યો આપણને આચાર્ય બનાવતા ન હતા. તેઓ પાલખીમાં, ઘોડા ઉપર બેસી ફરતા. રાજાઓને પણ પોતાને વશ કરેલા. તેમની આજ્ઞા વિના રહેવાની જગ્યા ન મળે. સંવેગી સાધુ પણ તેમને પગે લાગે તો રહેવાની જગ્યા મળે. આવી રીતે સાવચેતીથી સાચો માર્ગ ચલાવી આપણા સુધી પહોંચાડયો.

ત્યાર પછી પૂ. શ્રી આત્મારામજી મહારાજા થયા. તેઓ મૂળ સ્થાનકવાસી સાધુ હતા પણ સત્યના સાચા ખપી હતા, સત્યના શોધક હતા. તેના પરિણામે મૂર્તિની શ્રદ્ધા થઈ, સાચો માર્ગ સમજાયો અને મુહપત્તિ તોડી સોળ સાધુઓ સાથે અમદાવાદ આવવા નીકળ્યા. તે વખતે આમની નામના મોટી હતી. આપણા સંવેગી સાધુઓ માત્ર ગણત્રીના હતા. તે બધાને ચિંતા થઈ કે, આમની સાથે વાદ કોણ કરશે ? તે વખતે શ્રી સાગરજી મહારાજના પૂ. ગુરુ શ્રી ઝવેરસાગરજી મહારાજ, આમ થોડા શિથીલાચારી હતા પણ શાસનના જાણ હતા, સન્માર્ગના પ્રરૂપક હતા તેમને બોલાવ્યા. તે બીજી રીતે આવ્યા તેય ચલાવી લેવું. જ્યારે પૂ. શ્રી આત્મારામજી મહારાજ અમદાવાદ આવ્યા ત્યારે કહ્યું કે - હું ચર્ચા કરવા નથી આવ્યો પણ ખોટો પંથ મૂકી, સાચો પંથ સ્વીકારવા આવ્યો છું. મુહપત્તિને છોડીને આવ્યા છીએ માટે અમારે ગુરુ પસંદ કરવાના છે અને તેમણે પૂ. શ્રી બુટેરાયજી મહારાજાના ચરણોમાં શીશ નમાવ્યું.

પૂ. શ્રી આત્મારામજી મહારાજા સમર્થ મહાપુરુષ હતા, તેમણે શાસનનો જયજયકાર કર્યો, સન્માર્ગનો પ્રચાર કર્યો, શાસન વિરોધીઓને પરાસ્ત કર્યા, કુમતોનું ખંડન કરી, તેમને પરાજય આપી શાસનને જયવંતુ કર્યું. તેમની પાટે સદ્ધર્મસંરક્ષક, પ્રૌઢપ્રતાપી પૂજ્યપાદ આચાર્ય શ્રી કમલસૂરીશ્વરજી મહારાજા આવ્યા. તેમણે પણ શાસનની ઘણી પ્રભાવના કરી. તેમની પાટે પહેલા નંબરે અમારા પરમગુરુદેવેશ પૂજ્યપાદ આ. શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા અને બીજા પૂ. આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા આવ્યા. તેઓએ પણ કુમતોનું ખંડન કરીને આ માર્ગને ટકાવ્યો.

તે બધા મહાપુરુષોએ આ સંસારના સુખને ભૂંડું જ સમજાવ્યું છે. પુણ્યથી મળેલું દુનિયાનું સુખ પણ ભૂંડું જ છે, આ વાત નવી નથી. ભગવાનના શાસનના જાણ દરેક મહાપુરુષ આમ જ કહે. તમને કે અમને ધર્મ ન કરવા દેતું હોય, ધર્મમાં અંતરાય કરતું હોય, સમકિત પણ પામવા ન દેતું હોય તો તે આ દુનિયાના સુખનો રાગ રાગ જ છે. જ્યાં સુધી દુનિયાનું સુખ ખરાબ ન લાગે, હૈયાથી છોડવા જેવું ન લાગે ત્યાં સુધી ધર્મ પામે નહિ, સમકિત પણ પામે નહિ.

અહીં દરરોજ આવનારા હૈયાપૂર્વક કબૂલ કરે ખરા કે- '' અમે હજી સુખમાં બેઠા છીએ, સુખનો ખપ પણ છે, તે સુખ મેળવીએ પણ છીએ અને ભોગવીએ પણ છીએ પણ તેને સારું માનતા નથી. કયારે છૂટે તે જ ભાવનામાં છીએ. તેની સાથે રહેવું પડે છે, તેની હજી જરૂર પડે છે તેને અમારો પાપોદય માનીએ છીએ.'' જો હૈયાથી આવું ન કબૂલે તો તે અહીં આવતા હોય, પાટના પાયે બેસતા હોય તો ય 'બનાવટી' ધર્મી છે, સાચા ધર્મી નથી !! **અમારે પણ તમને દુનિયાનું સુખ ભૂંડું જ સમજાવવાનું છે. દુનિયાના સુખનો રાગ પોષવાનો નથી પણ રાગ કાપવાનો છે.** જો તમારે આ સુખ જોઈતું ન હોત, તેની જરૂર જ પડતી ન હોત તો તમારે ઘર બાંધવાનું, પેઢી ખોલવાનું કે પૈસા કમાવવાનું પાપ કરવું પડત ? આજે તો તમે પૈસા કમાવા એવું એવું કરો છો જેનું વર્ણન ન થાય. શાહ કહેવરાવી ચોર જેવા બન્યા છો, શેઠ કહેવરાવી શઠ જેવા કામ કરો છો અને સાહેબ કહેવરાવી શેતાન જેવા બન્યા છો. શાહ એટલે.... શેઠ એટલે..... સાહેબ એટલે.... આ શાહ આદિ પદોની આબરૂ ઘણી ઉંચી છે. શાહ લખાવનારા ચોરી કરે તે બને ? તે ચોરી કરો છો તેનોય ડંખ છે ખરો ? આજનો ધર્મ કરનારોય મોટો ભાગ ટેક્ષની ચોરી કરે છે, તો તેનો ય ડંખ છે કે નહિ ? તમારા જેવા 'ડાહ્યા'ઓએ અમનેય સમજાવી

દીધું કે- ''સાહેબ ! આજે ટેક્ષની ચોરી ન કરીએ તો જીવાય જ નહિ.'' આવું સમજી ઘણા સાધુય બોલતા થયા કે- ''ટેક્ષની ચોરી તે ચોરી નથી.'' પછી સરકારને ખબર પડી તો પકડવા ગયા તો બોલેલું ફેરવવું પડયું. તમારા રવાડે ચઢે તેની આવી દશા થાય. !!

આ ધર્મના સ્થાપક શ્રી અરિહંત પરમાત્માઓ છે અને આ ધર્મના સંચાલક માર્ગસ્થ શ્રી આચાર્ય ભગવંતો છે, તેમના બળે આ શાસન ચાલે છે. તેઓ આખા સંસારને ખોટો કહે છે, સુખને પણ ખોટું જ કહે છે, દુનિયાની રાજ-ઋદ્ધિ પણ ખોટી જ કહે છે, કયારેય દુનિયાની સુખ સામગ્રીને સારી કહે જ છે. ''તમે તો ભાગ્યશાળી છો, લાખોના માલિક છો, મોટા વેપારી છો, મોટા ઉદ્યોગપતિ છો, તમારા વડે ધર્મ છે'' તેમ કહીને જે સાધુ તમને બોલાવે, તે સાધુને પણ સનેપાત થયો છે. તે ભગવાનનો ભગત મટી તમારો 'ભગત' બન્યો છે ! સનેપાત કોને થાય ? જેના વાત, પિત્ત અને કફ વિકૃત થાય તેને. મોટા માણસને 'ભો ભવ્યા !' 'મહાનુભાવ' કહીએ પણ તેની રિદ્ધિ-સિદ્ધિના વખાણ ન કરીએ. અમે તો મોટો શ્રીમંત આવે તો તેની શ્રીમંતાઈ ભૂંડી જ સમજાવીએ. શ્રીમંતાઈમાં સાવચેત નહિ રહે તો ઘણા પાપ કરાવી નરકાદિ દુર્ગતિમાં લઈ જશે તેમ સમજાવીએ. શ્રીમંતાઈમાં મૂંઝાઈશ તો આ જન્મ હારી જઈશ તેમ સમજાવીએ. મોટો રાજા આવે તો તેના રાજ્યના વખાણ ન કરીએ પણ 'રાજેશ્વરી નરકેશ્વરી' સમજાવીએ. રાજ્યમાં સેપાઈશ તો મરી જઈશ-તેમ સમજાવીએ. ભગવાન શ્રી જિનેશ્વર દેવો, સમવસરણમાં ઈન્દ્ર-ચક્રવર્તી આદિ આગળ કહેતા કે- ''આ સંસાર અસાર છે, સુખમય સંસાર પણ અસાર છે, ચારે ગતિ ખરાબ છે. આ સંસારની રિદ્ધિ-સિદ્ધિમાં ફસ્યા તો બાર વાગી જવાના છે'' તો તે ઈન્દ્રાદિ દેવો કે ચક્રવર્તી રાજા આદિ પણ માથું હલાવતા હતા અને આપની વાત સાચી છે તેમ હૈયાથી સ્વીકારતા. કામને આધીન બનેલા ઈન્દ્રોને પણ ઈન્દ્રાણીને મનાવવી પડે. તેમ તમારે ય કોને કોને મનાવવા પડે છે ? કોના કોના મોં રાખવા પડે છે ? તરકડા જેવા રાજના નોકરોને સાચવવા કેટલા પૈસા વેરવા પડે છે !! આજે તમે રાજના નોકરોને ભ્રષ્ટ બનાવવા જેટલા પૈસા ખર્ચ્યા છે તેટલા પૈસા ધર્મ માટે ખર્ચ્યા છે ? આજના વેપારીએ સરકારના નોકરોને ભ્રષ્ટ કર્યા છે અને મોટા મોટા વેપારીઓએ તો પ્રધાનોને પણ ભ્રષ્ટ કર્યા છે. રાજના પ્રધાનો તે રાજના નથી પણ મોટા વેપારીઓના છે. આવા સંસારમાંય તમે મજાથી રહ્યા છો તે તમારો પાપનો ઉદય છે કે બીજું કાંઈ છે ?

તમારો બંગલો તમને જેલ લાગે છે ? તમારું કુટુંબ તમને અધર્મ કરાવનાર લાગે છે ? બંધન રૂપ લાગે છે ? તમારો પૈસો તમને દુર્ગતિમાં લઈ જનાર લાગે છે ? 'તમે ધર્મ કરો' તેમ પણ તમારા કુટુંબમાં તમને કહેનાર કોઈ છે ? તમારા પગ ચાલશે ત્યાં સુધી તમારી પાસે કામ કરાવશે. 'હવે તો જંપીને બેસો' તેમ સગો દીકરો પણ નથી કહેતો. 'આટલી ઉંમર થઈ, દુર્ગતિમાં ન જવું પડે માટે હવે તો સાવચેત થઈ જાઓ' તેમ તમારી પત્ની પણ કહે છે ? આજે તમારા દીકરા-દીકરી, તમારો પરિવાર પણ ખરાબ પાકયો હોય તો તે તમારા જ પાપે. તમે તમારાં સંતાનોનું કે કુટુંબ-પરિવારનું ભલું-આત્માનું હિત-વિચાર્યું નથી. એટલું જ નહિ તમારું પણ ભલું શેમાં છે, ભૂંડું શેમાં છે તેય વિચાર્યું નથી. મારી આટલી ઉંમર થઈ છતાં ય હજી મારો ઘર-પેઢી-પૈસા-ટકા, કુટુંબ-પરિવારાદિ પરનો મોહ ઘટયો નથી તો 'મારા જેવો નાલાયક કોણ' તેમ પણ તમને થાય છે ? સાધુ ન થયો તેનું દુઃખ છે ? સાધુ થવાનું મન પણ થતું નથી માટે હું મહાપાપી છું તેમ પણ થાય છે ? સાધુ થયા વિના તો મરવું જ નથી - તેમ પણ મનમાં છે ?

શ્રાવકને આ સંસાર નથી છૂટતો તેનું દુઃખ પણ ન હોય ? સાધુ થયા વિના મરવું પડે છે - તેની પીડા પણ ન હોય ? તો તે શ્રાવક જ નથી. અમારો ભગત કહેવરાવતો હોય તો ય તે અમારો ભગત નથી !! **જે ભગવાનનો ભગત ન હોય તે અમારો ભગત નથી.** ભગવાનના ભગતને ભગવાન થવાનું મન હોય, તે માટે સાધુ થવાનું ય મન હોય. શ્રમણ ભગવાન શ્રી મહાવીર મહારાજા આમ કહી ગયા છે. **ભગવાને કહેલી આ વાત જેને ન ગમે અને અમે ગમીએ તો તે કયારે અમને ભગાડે તે કહેવાય નહિ.** તેવાથી તો અમારે બહુ સાવચેત રહેવું પડે. અમે ગમીએ અને ભગવાન ન ગમે તે ચાલે ? અમારી પાસે આવવાથી કાંઈક લાભ થઈ ગયો હશે માટે જો અમે ગમતા હોઈએ તો પણ તે

અમારો ભગત - થી. **અમે તો તેવાને અમારો ભગત માનીએ પણ નહિ. તેનાથી તો ખૂબ જ સાવધ રહીએ. તેવાઓ તો ઘણીવાર અમારા નામનો ય દુરૂપયોગ કરે અને શું શું ન કરે તે ય કહેવાય નહિ ધર્મ કરવા છતાંય ધર્મનો ભગત નથી. તે તો માત્ર પૈસા અને દુનિયાના સુખનો ભગત છે ! તે માટે અમારા-દેવ-ગુરુ-ધર્મના નામનો ય 'વટાવ' કરે. તે તો બિચારો દુર્ગતિમાં જ જવા સર્જાયેલો છે. વર્તમાનમાં આવા કહેવાતા ભગતો ઘણા છે. જે પોતાના ભગવાનનું નામ બોલે છે. !!**

ભગવાને કહેલી આ વાત આ બધા મહાપુરુષોએ સમજાવી છે. પ.પૂ.શ્રી આત્મારામજી મહારાજા, પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કમલસૂરીશ્વરજી મહારાજા, તાતપાદ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી દાનસૂરીશ્વરજી મહારાજાદિ- અ બધા અમારા વડીલો છે. તેઓ પણ આ જ વાત કહેતા-સમજાવતા આવ્યાં છે. **આજે અમારામાં જે કાંઈ શક્તિ છે, શાસનની ઘગશ છે તે આ બધા વડીલોની કૃપા અને હુંફને કારણે છે** પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજા કે પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી કમલસૂરીશ્વરજી મહારાજાને તમે ઘણાએ જોયા પણ નહિ હોય અને સાંભળ્યા પણ નહિ હોય. પણ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રી દાનસૂરીશ્વરજી મહારાજા, પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજા, મારા તારક ગુરુદેવેશ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાને તો આમાંના ઘણાએ જોયા ય છે અને સાંભળ્યા પણ છે. પણ તેમની આ વાત યાદ નહિ હોય ! **આપણા ધર્માચાર્યોને જે રીતે ઓળખવા જોઈએ તે રીતે ઓળખવાનો પ્રયત્ન આજના મોટાભાગે કર્યો નથી. જો તે યથાર્થ રીતે ઓળખવાનો પ્રયત્ન કર્યો હોત તો આજનું તમારું આખું જીવન જુદું હોત !** 'હજી સુધી હું સાધુ થઈ શકયો નહિ, મારી સાધુ થવાની ઉંમર જવા માંડી, મારે આ જનમમાં સાધુ થયા વિના મરવું પડશે' આવું પણ જો હૈયાથી તમને થાય તો આ બધા મહાપુરુષોને ઓળખ્યા કહેવાય ! **જેને સંસારમાં જ મજા આવે, ઘરમાં મરવામાં વાંધો ન હોય, મરતી વખતે પણ ઘર છોડવાનું મન ન હોય, ઘર ન છોડી શક્યો તેનું દુઃખ પણ ન હોય - તે કોઈનાય ભગત નથી. માત્ર પૈસા અને પૈસાથી મળતાં સુખના જ ભગત છે. માન-પાન નામના-સન્માનાદિના ભગત છે. તે ભગવાનનાય ભગત નથી, સાધુનાય ભગત નથી, અને ધર્મનાય ભગત નથી.**

ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં આઠ વર્ષે સાધુ થવાની આજ્ઞા છે. જે શ્રાવક આઠ વર્ષે સાધુ ન થઈ શકે, તે માને કે 'હું મોહથી ઠગાઈ રહ્યો છું.' આજે તે સાધુ ન થયા તેનું તમને દુઃખ વધારે કે તમારી પાસે અધિક પૈસા નથી તેનું દુઃખ વધારે છે ? 'સાધુ થયા વિના આ જનમમાં મારે મરવું પડશે તે જ મારું મોટામાં મોટું દુઃખ છે' આવું જેના હૈયામાં હોય તે દેવ-ગુરુ-ધર્મનો સાચો ભગત છે. તે સદ્ગતિમાં જવાનો છે. તેના માટે પ્રાયઃ દુર્ગતિના દ્વાર બંધ છે. કેમકે, સાધુ ન થયો હોવા છતાં, નથી થયો તેનું દુઃખ જ તેને સદ્ગતિમાં લઈ જાય. આવા જીવો અનીતિ કરી પૈસા પાછળ ગાંડા થાય ? 'તમે વાત વાતમાં નીતિ-નીતિ કરશો તો બધા લોક ભૂખે મરશે. પછી આ બધા ધર્મનાં કામ કોણ કરશે' તેવી લાંચ તે આપે ? તમારી આ વાતમાં જો હું હા પાડું તો મારી તો જીભ જ કપાઈ જાય !

આજના આ બધા કહેવાતા શ્રાવકોથી જે સાધુઓ સાવચેત નહિ રહે તે સાધુ, સાધુ નહિ રહે. **શ્રાવકોને સાધુ માનનારા, તેમને પોતાના બનાવી રાખવા તેમને રાજી રાખવા મહેનત કરનારા પોતાના સાધુપણાનું લીલામ કરે છે. તેમની વાતમાં હા એ હા કરનારા સાધુઓ મૂઆ સમજો !** આત્માના ધર્મ સિવાય બીજી વાત કરવા આવે તેની સાથે તો વાત પણ ન કરવી. ધર્મની વાત કરવા આવે તો હજી વાત કરવી. સંસારની વાત કરવા આવે તો સાંભળવી પણ નહિ. ભગવાનની આજ્ઞા છે કે ધર્મના કારણ વિના ગૃહસ્થનો પરિચય પણ કરવો નહિ.'

શ્રી અરિહંત પરમાત્માઓએ જે ધર્મ સ્થાપ્યો છે તે ધર્મને ચલાવનારા છે આવી માર્ગાનુસારી માન્યતાવાળા ધર્માચાર્યો ! **આપણે થોડા રહીએ તેની ચિંતા નથી પણ આજ્ઞા મુજબ જીવીએ એટલે ઘણું છે !** ટોળા તે શ્રી સંઘ નહિ. જે આજ્ઞા મુજબ ચાલે, આજ્ઞા મુજબ ન ચલાય તેનું દુઃખ હોય તે બધા શ્રી સંઘમાં છે. બાકી બધા તો હાડકાનો ઢગલો છે. શાસ્ત્રે તો ત્યાં સુધી લખ્યું છે કે, એક સાધુ, એક

સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા-આજ્ઞા મુજબ ચાલે તો તે શ્રી સંઘ, બાકી બધું ટોળું ! એકને શ્રી સંઘ કેમ કહેવાય ? તો ત્યાં શાસ્ત્રકાર પરમર્ષિઓએ ખૂલાસો કર્યો કે, એવો વખત આવે કે ઘણા ભેગા થાય તેમાં ભગવાનની આજ્ઞા મુજબ સાચી વાત કહેનારો એક હોય તો તે એક તે સંઘ, પણ આજ્ઞા રહિત મોટું ટોળું તે શ્રી સંઘ નહિ. પાંચસો (૫૦૦) આચાર્યો ભેગા થાય અને તેમાં એક જ શાસ્ત્રમુજબ બોલે અને બીજા ચારસો નાણું (૪૯૯) શાસ્ત્રથી વિરુદ્ધ બોલે તો એક તે સંઘ, બીજા બધા નહિ. એકને શ્રી સંઘ કેમ કહ્યો ? તો કહ્યું કે - ભગવાનની આજ્ઞાનો પ્રેમ ઘણા ગુણવાળો હોવાથી ગુણનો સમુદાય તે શ્રી સંઘ, ગુણહીન સમુદાય તે ટોળું - આ વાત બરાબર સમજશો તો આ સ્વર્ગતિથિ ઉજવી તે પ્રમાણ !

તમે બધા શ્રાવક થયા છો તો તમારી જવાબદારી પણ ઘણી મોટી છે. તમારે મંદિર-ઉપાશ્રય સાચવવાના છે. જે કોઈ ધર્માત્મા ધર્મ ન કરી શકે તો તેના વાસ્તવિકના કારણો દૂર કરવા સાધનો મેળવી આપવા તે તમારી ફરજ છે ! જે ધર્માત્માના, ધર્મના અંતરાયને દૂર ન કરે તે મોટામાં મોટો શ્રીમંત પણ ભિખારી છે ! તેના શ્રીમંતપણામાં ધૂળ પડી છે. ખરો શ્રીમંત તો પોતાના નોકરને ય પોતાના જેવો બનાવવા ઈચ્છે. આજે આ વાત લગભગ નાશ પામી છે. જો આ વાત જીવતી હોત તો શ્રી જૈન સંઘમાં એક સાધર્મિક સીદાતો ન હોત તેવું હજી શ્રી જૈનસંઘનું પુણ્ય છે. એટલું નહિ એક જનાવર કતલખાને ન જાત !! શ્રી જૈન સંઘમાં એવા એવા મોટા શ્રીમંતો છે, જેઓ ધારે તો સાધર્મિક ભક્તિ, અનુકંપા અને જીવદયા વડે જગતમાં આજે ય જૈન શાસનને ઝળહળતું રાખે. પણ તે સમજવા જોગું તેમની પાસે હૈયું જ નથી. મોટોભાગ પાપાનુબંધી પુણ્યનો માલિક છે. તેમની પેઢીના ચોપડા લખનારા તેમના સગાબાપ જેવા છે. તે અડધી રાતે પૈસા માગે તેટલા આપવા પડે છે-મજેથી આપે છે. અને સગો બાપ કયારેક કહે કે - ''દીકરા ! અમુક રકમ ધર્મમાં ખરચવી છે તો આપ.'' ત્યારે તે કમાઉ દીકરો કહે છે કે - પૈસા કેમ કમાવાય તે ખબર છે ? તમે તમારા સગા મા-બાપને ય નથી સાચવ્યા તેટલા તમારા તરકડા જેવા નોકરોને સાચવો છો ! **બે ચોપડા રાખનારા મઝેથી અહીં આવે અને જાય તો તેમને ધર્મ જોઈતો નથી પણ ધર્મી કહેવરાવવા આવે છે. ધર્મ સાથે તેમને કાંઈ જ લાગતું-વળગતું નથી. ધર્મના ઓઠા નીચે તેમને ઘણો ઘણો અધર્મ કરવો છે માટે અહીં આવે છે.** મારી આ વાત તમને ભારે લાગવાની છે. પણ હજી ય તમને ચાનક ચઢે અને સુધરી જાવ તો કામ થઈ જાય માટે કહું છું.

આપણે ત્યાં તત્ત્વ કહે તેનું નામ ગુરુ છે ! પણ તમને રાજી રાખવા ગમે તેમ બોલે, તત્ત્વની વાતમાં લોચા વાળે તે ગુરુ નથી. માંદાની દવા કરાવાય તેને મારી ન નંખાય. તેમ જેની ભૂલ થઈ હોય તેને સુધારવા સાથે રખાય. પણ ભૂલને પોષે તે ગુરુ નહિ પણ ગોર છે. તે ય દુર્ગતિમાં જવાનો છે. જે કુશિષ્યોને જ પોષે અને સાચવે તો તેને ય દુર્ગતિમાં જવું પડે. આપણે ત્યાં જો ગુરુ યે ભૂલે તો તેમને ય માર્ગે લાવવાની આજ્ઞા છે. અને સમજાવવા છતાં ય માર્ગે ન આવે તો છોડી જવાની ય આજ્ઞા છે. **આત્મકલ્યાણ કરવા માટે ગુરુ છે, સંસારમાં ડૂબવા માટે ગુરુ નથી.** માટે સમજો કે આપણે ત્યાં ભૂલ કોઈની ય છૂપાવવાની નથી પણ થયેલી ભૂલને સુધારવાની છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માનો આત્મા, મરિચિના ભવમાં ભૂલ્યો તો શાસ્ત્રે તેની ય નોંધ કરી છે. આ તો શ્રી જૈન શાસન છે. આના જેવું નિષ્પક્ષ શાસન જગતમાં એક નથી. આ રીતે શાસનને સમજાવનાર **આ પણ એક મહાપુરુષ હતા. જેઓ સત્યની રક્ષા ખાતર ઝઝૂમ્યા અને સાચા પક્ષે રહ્યા. તેમના વારસદારો ય તે માર્ગને સાચવે તો ય કલ્યાણ થાય.** આ રીતે આ મહાપુરુષને ઓળખી તેમના માર્ગે ચાલવાનો નિર્ણય કરો તો તેમની સ્વર્ગતિથિ ઉજવી તે સાચી. સાચા માર્ગને સમજી, સદ્‌ગુરુઓને ઓળખી. આજ્ઞા મુજબ તેમના કહ્યા મુજબ જીવી સહુ વહેલામાં વહેલા આત્મકલ્યાણ સાધો તે જ શુભાભિલાષા સાથે પૂર્ણ કરું છું.

જૈન શાસન તથા મહાવીર શાસન અંગે સૂચન

બંને અંકો રાજકોટ ઓફસેટમાં છાપવા નક્કી કરેલ છે. જેથી અંકો દર મહિને ૧લી તારીખે પ્રગટ થાય છે. સરકારી વિધિ પૂર્ણ થયેથી નિયમ મુજબ જૈન શાસન મંગળવારે પ્રગટ કરવાની ધારણા છે.

-તંત્રીઓ

મહાભારતનાં પ્રસંગો

શ્રી રાજુભાઇ પંડિત

શ્રીકૃષ્ણનો વાર્તાલાપ

(પ્રકરણ-૫૭)

વિરાટનગરમાં ગુપ્તવેષે ૧૩મું વર્ષ પૂર્ણ થયું. ઈન્દ્રપ્રસ્થની દિવ્ય સભામાં સોગઠા હારી ગયેલા પાંડવોની વનવાસની મર્યાદા અહીં પૂરી થતી હતી.

હવે હસ્તિનાપુરનું સામ્રાજ્ય વગર યુધ્ધે, વગર માંગણી કર્યે ન્યાયની દ્રષ્ટિએ પાંડવોને મલી જવું જોઈતું હતું. દુર્યોધને કમને પણ હસ્તિનાપુરથી હઠી જવું જોઈતું હતુ. તેર-તેર વર્ષ પૂર્વેનો ભવ્ય ભૂતકાળ હસ્તિનાપુરના નગરજનોને તેર વર્ષો બાદ ફરી નજરે નિહાળવા મળવો જોઈતો હતો.

પણ..... જ્યાં સુધી દુર્યોધનને ઘમંડ સાથે સંબંધ છે ત્યાં સુધી આ બધું ન્યાયપૂર્ણ બનવું અશક્ય હતું.

વિરાટનગરેથી વિરાટ રાજા પાસેથી મહામુશીબતે રજા મેળવીને શ્રીકૃષ્ણ વાસુદેવ પાંડવોને પોતાની દ્વારકા નગરીએ ધામધૂમપૂર્વક લઈ ગયા.

થોડા સમય બાદ દશાર્હો-યાદવોએ પાંડવોને કહ્યું. -''અમે પહેલા અર્જુનને સુભદ્રા પરણાવી હતી હવે બાકીના પાંડવોને લક્ષ્મીવતી, વેગવતી, વિજયા અને રતિ પરણાવીએ છીએ.'' આમ કહી તે પુત્રીઓને પાંડવો સાથે પરણાવી.

હવે બાર વર્ષના વનવાસમાં દુર્યોધને કરેલી દુષ્ટતા શ્રીકૃષ્ણને ભીમ તથા દ્રૌપદીએ કહી બતાવી.

આથી ક્રોધાયમાન થઈ ઉઠેલા શ્રીકૃષ્ણજીએ તરત જ એક દૂતને દુર્યોધન પાસે મોકલ્યો.

જઈને દૂતે કહ્યું - રાજન્ ! શ્રી કૃષ્ણ મુરારિ કહેવડાવે છે કે- ''પાંડવોનો વિરાટના વસવાટ સાથે જ તેર વર્ષનો વનવાસ શરત પ્રમાણે પૂરો થાય છે. અત્યારે મારા આગ્રહથી તેઓ દ્વારકામાં રહ્યા છે. હસ્તિનાપુરની તેમની તીવ્ર ઉત્કંઠાને પહેલા તો તેમના ૧૩ વર્ષના વનવાસે અટકાવી હતી. હવે સમય પૂર્ણ થવા છતાં અચાનક આવી જતાં તારા મનને દુઃખ થશે તેમ સમજીને તે નથી આવતા. અને વગર બોલાવ્યા ત્યાં આવવામાં તેમનું સ્વમાન પણ ઘવાય છે. આખરે તો તેઓ પણ ક્ષાત્રવટ્ ધર છે. હવે માનુ છું કે તારે પાંડવોને બોલાવી લેવા જોઈએ. સમય થયા છતાં તેં નથી બોલાવ્યા તે તો અન્યાય છે. પણ હજી પણ ગમે તે કારણે જો તું પાંડવોને હસ્તિનાપુર બોલાવવા ઈચ્છતો ન હોય તો યાદ રાખજે દુર્યોધન ! કે જગતખ્યાત વીર બંધુઓ સાથે તે યુધિષ્ઠિર ન છૂટકે સામે ચાલીને આવશે અને પાંડવોનું તે તરફનું ત્યારનું આગમન તારા હિતમાં નહિ હોય. કદાચ તારા હાથમાં રહેલી ધરતીને તેઓ આંચકી લેતા ખચકાશે નહિ. અને ત્યારે રણાંગણ તારૂ મોત બનશે. અથવા તો પાંડવોની જેમ તારે ઘરબાર વગરના બનીને વનવાસ ભટકતા ભટકતા શેષ જિંદગી પૂરી કરવી પડશે.''

ઘમંડ ઘાયલ કરે તેવા શબ્દોથી ક્રોધાયમાન થયેલા દુર્યોધને કહ્યું ''મારા ભુજાના સ્તંભ ઉપર રહેલી પૃથ્વીને આંચકી લેનારો હજી સુધી કોઈ પાકયો નથી. સૂર્યની સામે ચંદ્ર કે તારા કાંઈ નથી દૂત ! મારી આગળ કૃષ્ણ કે પાંડવો કોણ માત્ર છે ? એ કેશવને તો રણાંગણમાં મારા ધનુષ ઉપર ચડેલા બાણો આખા શરીરે જખમી કરી નાંખશે. સમરાંગણમાં મારા બાણોનો ઉત્કટ (સમૂહ) કૃષ્ણના પ્રાણ ખેંચી કાઢીને આકાશમાં ઉડતા ગીધડાંને કૃષ્ણનો બલિ ધરશે.

વળતાં જવાબમાં દૂતે કહ્યું-જેણે પોતાના તેજના સળગી ઉઠેલા અનલ (અગ્નિ)માં અરિષ્ટ, કેશિ, ચાણૂરની આહુતી ધરી છે અને કંસની પૂર્ણાહુતિ કરી છે તે સમસ્ત શત્રુના સંહારક શ્રીકૃષ્ણ સામે યુદ્ધ કરવાની દુર્યોધન ! તું પહેલાં લાયકાત કેળવ. શત્રુસંહારક શ્રીકૃષ્ણ તો દૂર રહ્યા પાંચ પાંચ પાંડવોની ચંડતાને સંગ્રામમાં સાંખી શકનારો તો

યાં કોણ છે ? યુધિષ્ઠરના શમભાવના વાદળામાંથી ફાટી નીકળેલા ક્રોધના પાવકને શત્રુની સ્ત્રીઓના આંસુનો પ્રવાહ પણ શાંત કરી નહિ શકે રાજન્ !

કિર્મીર-હિડમ્બ-બકાસુર-કીચક અને વૃષકર્પરના હત્યારા ભીમસેને વિરાટ નગરીમાં સીમાડામાં તારા સુશર્માની દુર્દશા કરી નાંખીને તારા પ્રાણ ઉપર જોખમ તોળ્યુ છે તે ભૂલી ના જઈશ.

તારી ચોધાર આંસુએ રડતી પત્ની ભાનુમતીની દયા ખાઈને વડિલબંધુના કહેવાથી લોઢાની બેડીઓમાં ઝકડાયેલા તને તાપમાં તપાવતા તને ચિત્રાંગદથી મુક્ત કરાવનાર અર્જુને વિરાટ નગરીના ગોધનને જ નહિ તારા વસ્ત્રોને અને શસ્ત્રોને પણ હજી ગયા દિવસોમાં જ ઝૂંટવી લીધા હતા તે અર્જુનના બાણો શત્રુની છાતી છેદીને સંહાર કર્યા વિના કર્યા નથી. એની સામેનો સંગ્રામ તારા મૃત્યુને વધુ નજીક લાવી દેશે રાજન !

અને શત્રુ સમૂહના ચૂરેચૂરા કરી નાંખનારા સહદેવ-નકુલને પણ ભૂલીશ નહિ.

હસ્તિનાપુરના સામ્રાજ્યનો લોભ રાજન્ ! તારા જાનનું જોખમ બનશે. મને ચોક્કસ લાગે છે કે તું પાંડવોને તારા માથા સાથે જ પૃથ્વિ અર્પણ કરીશ. (પાંડવોના એક હાથમાં તારૂ માથુ હશે બીજા હાથમાં વિશ્વનું સામ્રાજ્ય).

ક્રોધથી ધમધમી ઉઠેલા દુર્યોધને કહ્યું - દૂત હોવાથી અને બ્રાહ્મણ હોવાથી તું અવધ્ય છે. તેથી મનફાવે તેમ બબડાટ કરે છે. બાકી તો શત્રુ આગળ આવું બોલનારાની જીભ છેદાઈ જ જાય. અગર દૂત ! તારામાં કંઈ વિશેષતા હોય તો જા, તારા કૃષ્ણને અને પાંડવોને કુરૂક્ષેત્રના સમરાંગણમાં મને દેખાડજે.'' આમ કહી ગળચી પકડીને બળાત્કારે દૂતને દુર્યોધને કાઢી મૂક્યો.

દ્વારકામાં આવેલા દૂતે સઘળી હકીકત કહીને છેલ્લે છેલ્લે કહ્યું કે - હે વાસુદેવ ! ત્યાં સુભટો હું વિષ્ણુને હણીશ, હું અર્જુનને, હું યુધિષ્ઠિરને, હું ભીમને, હું યમને આ રીતે હણવાની હોડમાં લાગેલા છે.

હવે શ્રીકૃષ્ણજી એ કહ્યું - દૂતને તો લોકોને બોલવાનો અવસર ના મળે માટે જ મોકલ્યો હતો. બાકી તો આ કામ હવે દંડનીતિ વગર અસાધ્ય છે તેવું હું પહેલેથી નકકી કરી બેઠો છું. બાકી તો તે પૃથ્વિ આપે અને આપણે લઈએ તેમાં આપણી ભુજાબળની આબરૂ શી રહે ? સિંહ પોતે જ હણેલા હાથીઓનો આહાર કરે છે બીજાએ હણેલા હાથીને સિંહ કદી જોતો પણ નથી. પ્રચંડ પરાક્રમીઓ કદિ બીજાએ જીતેલી સમૃદ્ધિને માંગવામાં માનતા નથી.''

હવે ભીમે કહ્યું - '' શત્રુના માથાઓ અર્પણ કરીને તથા શત્રુના રૂધિરના આસવની ભેટ ધરીને જ ધરતીએ વેઠેલા મારા ભારના દુઃખને દૂર કરીશ.''

ક્રોધાયમાન અર્જુન બોલ્યો કે દુશ્મનોએ તો દ્રૌપદીના વસ્ત્રો અને કેશ સહિત પૃથ્વીને ગ્રહણ કરી હતી અને અમે તેમની પાસેથી એકલી પૃથ્વી જ ગ્રહણ કરી લઈએ એમ ? ન ભૂતો ન ભવિષ્યતિ. મારા પ્રચંડ ગાંડીવ ધનુષ પર ચડેલા બાણો શત્રુના પ્રાણો સહિત પૃથ્વિને ગ્રહણ કરશે.

સહદેવ-નકુલે કહ્યું - શત્રુઓનો સંહાર કરી નાખવા તો અમારા બાહુઓ કયારનાય સળવળી રહ્યાં છે.

અને યુધિષ્ઠિરે કહ્યું બંધુના વધ માટે મારૂ મન ન જાણે શા માટે અધીરૂ બન્યું છે ? પરંતુ વિધાતાએ લખેલા આ લેખમાં હું શું કરૂં ? વિધાતાને કદાચ આ જ મંજૂર છે. તેથી સર્વે રાજાઓને કહે સૈન્યને સજજ કરે. આ યુધિષ્ઠર ભ્રાતૃવધના પાપને પણ જોવા હવે તૈયાર છે

અને કૃષ્ણ તથા યુધિષ્ઠિરનો આદેશ થતાં જ રાજાઓએ સમરાંગણમાં જવા માટે સેના સજજ કરવા માંડી.

(યુધિષ્ઠિરે પાર્થને કહ્યું સ્વજનો સામે ગાંડીવ ધનુષ પર બાણોને ચડાવવાનો હવે સમય પાકી ગયો છે. ગાંડીવને હાથમાં ધારણ કરો પાર્થ ! સ્વજનો સામે હેઠા મૂકી દીધેલા આયુધોને માથા સાથે ઉંચકવાનો હવે સમય થઈ ચૂક્યો છે. હવે શસ્ત્રોને હેઠા મૂકયે નહિ ચાલે. પાર્થને ધનુષ્ય પર ચડાવે બાણ હવે તો યુધ્ધ એ જ કલ્યાણ)

આશ્રવ હેય-સંવર ઉપાદેય

- શ્રી વિરાગ

અરિહંત પ્રભુનાં વચનો છે

''આશ્રવઃ સર્વથા હેયઃ ઉપાદેયશ્ચ સંવરઃ'' અર્થાત્ આશ્રવો અત્યંત ત્યાજય છે, અને સંવર (અત્યંત) ઉપાદેય છે. પણ આટલું જાણવા માત્રથી ન ચાલે, કિન્તુ આ હેય અને ઉપાદેય તત્ત્વના જ્ઞાનની સાથે એનાં સાચાં સ્વરૂપને અનુરૂપ ચિત્તનું વલણ જોઈએ.

સ્વરૂપને અનુરૂપ ચિત્તનું વલણ એટલે શું ?

આશ્રવનું સ્વરૂપ મહા અનર્થકારી છે. આત્મ, વિનાશક છે. વાયુ મંડલમાં જેમ અનેક પુદ્ગલ (પરમાણું) હંમેશા રહેતા હોય છે. તેનાથી વાયુમંડળ દુષિત થાય છે. તેની જેમ જીવની આસપાસ કર્મવર્ગણાના પુદ્ગલો ફરતાં રહે છે. તે લોહચુંબકની જેમ જીવ ઉપર આવરણ નાંખે છે. આ આવરણથી જીવના પોતાના ગુણો અર્થાત્ પોતાનું મૂળ સ્વરૂપ ઢંકાય જાય છે. જીવ હંમેશા કર્મ કરતો રહે છે. આશ્રવ તત્ત્વ પણ હંમેશા ચોટતું રહે છે. અને જીવાત્મા આવરણથી ઢંકાય જાય છે માટે અત્યંત ત્યાજય આ આશ્રવ સ્વરૂપ છે. આશ્રવ પ્રત્યેનું આપણું વલણ ઘૃણાનું, અરૂચિનું, ભયનું હોવું જોઈએ. આશ્રવનું નામ પડે ત્યાં ભય લાગવો જોઈએ તેનો અભાવ થવો જોઈએ.

એમ સંવરનું સ્વરૂપ મહા કલ્યાણકારી છે. અને આત્માની ઉન્નતિ કરનારુ છે. સંવરનો અર્થ છે કર્મને રોકવા, કર્મને અટકાવવા, કર્મને આવતાં બંધ કરવા એટલે પ્રમાદ આદિ કષાયોનો ત્યાગ કરવો, મમત્વનો ત્યાગ કરવો, ચોરી ન કરવી, નિંદા ન કરવી, ઈન્દ્રિયોને વશ રાખવી, સાચું બોલવું, બ્રહ્મચર્યનું પાલન કરવું એ બધું સંવર છે. એના આચરણથી જીવ નવા કર્મો બાંધતો નથી અને જુના લાગેલા કર્મો દૂર કરે છે. સંવરના ભેદો પ્રત્યે રૂચિ કેળવવી. આકર્ષણ ઉભું કરવું. સંવરનું નામ પડે ત્યાં જીવને આલ્હાદ ઉત્પન્ન થાય છે.

હેય અને ઉપાદેયનું જ્ઞાન થઈ ગયું. એટલા તત્ત્વજ્ઞાનથી ઉદ્ધાર નહિ થાય, હેય તત્ત્વ છે તો જોતાં-આચરતાં ભય લાગવો જોઈએ. જો શ્રદ્ધાની પરિણતિ પ્રગટે તો જ તે ત્યાજય બને.

પાંચ ઈન્દ્રિયોના વિષયો સુખો છોડો કારણ કે આશ્રવ છે. હેય છે. જો તેનાથી આપનાં ભયકંર દુઃખોના ભયની શ્રદ્ધા હોય તો નફરત છૂટે. ઉપાદેય લાગે.ગૃહસ્થોને પૈસા મીઠા-મીઠાં લાગે એ મહા આશ્રવ છે. તેનો ભય તેને સતાવતો નથી તેથી આશ્રવની ક્રિયા સતત ચાલુ છે. ત્યારે સંન્યાસી સાધુ પુરુષોને પૈસા ઉપાદેય લાગે છે. પૈસા દુઃખી લાગે છે તેનો ભય સતત નજર સમક્ષ રહે છે. તેથી ઉપાદેયની ક્રિયા સતત ચાલુ છે.

એક સંન્યાસી હતા. ઝાડ નીચે બેસી પોતાની આરાધના કર્યા કરે. નદી નાળે આવતા લોકો તેઓને નમસ્કાર કરે. નિસ્પૃહી એવા સંન્યાસીના આશીર્વાદથી કંઈકની ઈષ્ટફળ સિદ્ધિ થવા લાગી. સંન્યાસી પોતાની પ્રસિદ્ધિ કરવા માંગતા ન હતા છતાં પણ લોકોએ તેમની ખ્યાતિ પ્રસિદ્ધિ વધારી દીધી.

આખી બંગાળી સંન્યાસીની પ્રસિદ્ધિ સાંભળી તે નગરનો રાજા સંન્યાસી પાસે આવ્યો.

રિક્તપાણિર્ન પશ્યેત્ હિ રાજાનં દૈવતં ગુરુમ્ ।।

''રાજા, ઈષ્ટદેવ અને ગુરુનાં દર્શન ખાલી હાથે ન કરાય''

અત્યારના ભાવિકોને આ વાત ગળે ઉતરતી નથી. ભગવાન પાસે તથા ગુરુ પાસે ખાલી હાથે ચાલ્યા આવે છે. તે ખોટું છે દેવ અને ગુરુનું બહુમાન જાળવવું જોઈએ.

એટલે રાજા સોનામહોરની થેલી લઈને આવેલો. સોનામહોરોનો ઢગલો સંન્યાસી આગળ કર્યો. સંન્યાસીએ મોઢું મચકોડયું. તે જોઈ રાજા બોલ્યો આમ કેમ !

સંન્યાસી બોલ્યા, આમાં મને દુર્ગંધ આવે છે, તમે પાછી લઈ લો, ઉપાડી જાવ.

રાજા કહે, દુર્ગંધ ! આમાં વળી દુર્ગંધ મને દુર્ગંધ આવતી નથી. મારી ઘાણેન્દ્રિય સતેજ છે. સારી કે નરસી ગંધને હું તરત જ પારખી લઉં છું.

સંન્યાસી શાંતિથી બોલ્યો, હે રાજનૂ ! તમને દુર્ગંધ નહી આવે. મને આવે છે તે હકીકત છે. તમે કાલે આવજો હું તમને બતાવીશ.

બીજે દિવસે રાજા આવ્યો. સંન્યાસી રાજાદિને લઈને ચમારવાસમાં ગયો. ત્યાં એક ચમારના ઘરે રાજાદિને લઈ ગયો. ઘરના આંગણામાં પ્રવેશતાં જ ચામડાને નરમ કરવા એસીડવાળું પાણી ચામડા ઉપર નાંખ્યું હતું. ચામડા તેનાથી નરમ થાય. આ ચામડાની દુર્ગંધ રાજાને આવવા લાગી. રાજાએ તરત જ નાકે ડૂચો ઘાલ્યો.

રાજા સંન્યાસી આદિ લોકોના ટોળાને પોતાના પ્રાંગણમાં આવેલા જોઈ એક છોકરી દોડતી તેઓ પાસે આવી.

સંન્યાસી રાજાને કહે કેમ ડૂચો માર્યો છે ?

રાજા કહે મને દુર્ગંધ આવે છે.

સંન્યાસી બોલ્યો, આ છોકરીને કયાં દુર્ગંધ આવે છે એણે કયાં નાકે ડૂચો માર્યો છે.

રાજાએ તરત જ છોકરીને પૂછયું, અલી એય છોકરી ! તને દુર્ગંધ નથી આવતી.

ના બાપુ ના મને દુર્ગંધ નથી આવતી ચમારની છોકરી બોલી ઉઠી.

સંન્યાસી કહે રાજનૂ ! આ છોકરીને આખો દિવસ આની સાથે જ ગાળવાનો, આમાં જ રમવાનું તેથી જ તેને ગંધ ન આવે તેમ રાજનૂ ! તમને પણ પૈસાની દુર્ગંધ ન આવે. તમે જેમ બહારથી અહીં આવ્યા અને તમને ગંધ આવે છે તેમ અમે બહાર હોવાથી અમને પણ તેની ગંધ આવે છે.

સંન્યાસી આ ઉપરથી આપણને શું કહેવા માંગે છે. મનમાં પૈસાની દુર્ગંધ યાને અરુચી ઉભી કરવાની પરિણતિ.

એમ આપણા દિલમાં આશ્રવ પ્રત્યે અરુચિની પરિણતિ ઉભી થવી જોઈએ. આશ્રવ ઉપર જુગુપ્સા-ઘૃણા ઉભી કરવી જોઈએ તો જ છોડવાનું મન થશે.

ભારતભરના ઔદયિક તિથિ આરાધક સંઘોને વિનમ્ર આવાહન

ચાલુ વર્ષે ભા. સુ. ચોથ સોમવાર તા. ૧૩-૯-૯૯ના ઔદયિક તિથિના સિદ્ધાંતની રક્ષા-પ્રભાવનાપૂર્વક આરાધના મોટા પાયા ઉપર થયાના અહેવાલો મળ્યાં છે.

ભારતભરમાં જે જે સંઘો, આરાધકોએ સામુદાયિક કે વ્યક્તિગત સ્તરે ઉપર મુજબની શાસ્ત્રોકત આરાધના કરી કરાવી હોય તેનો સમગ્ર અહેવાલ તૈયાર કરી અમારા ઉપર તા.૨૦-૧૦-૯૯ સુધીમાં મોકલાવી આપવો. જેના આધારે શાસ્ત્રાનુસારી સાંવત્સરીક આરાધનાનો એક દળદાર વિશેષાંક તૈયાર કરી શકાય.

અહેવાલમાં પૂજ્યોની નિશ્રા, આરાધક સંખ્યા, પ્રતિક્રમણની સંખ્યા, પ્રવચનો, પ્રભાવનાઓ, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યાદિની ઉછામણીઓ (ઉપજ), તપશ્ચર્યાઓ, વરઘોડો, ચૈત્યપરિપાટી, સાધર્મિકવાત્સલ્ય આદિ લાગતી વળગતી તમામ વિગતો આવરીને મુદ્દાસરનું લખાણ ફૂલસ્કેપ કાગળમાં એક બાજુ સારા અક્ષરે લખીને મોકલવું. લખાણની એક નકલ પોતાની પાસે રાખવી.

અહેવાલ મોકલવાનું સરનામું :

પર્યુષણા અહેવાલ

જી. એસ. જવેલર્સ, ૬૨/૬૮, ગીરગાંવ રોડ, ૩/એ, રાજબહાદૂર બંસીલાલ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.

લીમડામાં એક ડાળ મીઠી

પાલીતાણાના મુનિમની ધર્મરક્ષાની એક વાત

- શ્રી નટુભાઈ ઠક્કર (યાત્રિક)

રાજપદની ઓફર.

અંબાશંકર ભટ્ટનો ટૂંકો જવાબ ના... મહારાજા ના... હું આ ગામનો વતની છું. મારા બાપદાદાઓ આ ગામમાં જન્મેલાં. મારાં સંતાનો પણ આ ભૂમિમાં ઉછરે છે. બે રૂપિયાના પગારથી આ પેઢીમાં હું નોકરીએ આવેલો. આજે મારો પંચોતેર રૂપિયા પગાર છે. એ કંઈ ઓછો નથી. એનાથી મને પૂરેપૂરો સંતોષ છે અને આપને તથા પેઢીને ઘણા વખતથી વેરઝેર ચાલે છે ત્યાં હું પેઢીની નોકરી છોડી દઈને આપનું દીવાનપદુ સ્વીકારું એ મારા માટે સારું નહીં. .. નહીં ને નહીં જ.

વાત બહુ સ્પષ્ટ હતી અંબાશંકરની.

મારે રાજ્યનું દીવાનપદુ ના જોઈએ.

હું જ્યાં છું ત્યાં સુખી છું.

બહુ ઓછા જણને આવો 'હું જ્યાં છું ત્યાં સુખી છું.' એવો સંતોષ હોય છે.

અંબાશંકર જયરામ ભટ્ટ.

પાલીતાણાની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુનિમ... પાલીતાણા એ વખતે દેશી રાજ્ય હતું અને એ દેશી રાજ્યનો રાજવી ભણેલો ગણેલો અને સંસ્કારી માણસ.

રાજવી ભણેલો.

પણ આડતીયા અભણ અને જડ.... સ્વભાવે નાલાયક પણ ખરા. રાજાને નવા નવા મુદ્દા પકડાવી અક્કડ બનાવી દે અને પ્રશ્નો ઊભા કરી આપે. રાજવીની સમજદારી છતાં એ ભૂલ કે એ બધા આડખીયા-પડખીયા જે રવાડે ચઢાવે એ રવાડે રાજા ચડી જાય.

રાજા તીર્થધામ પાલીતાણાના દર્શને આવ્યા. એ વખતનો નિયમ કે રાજા જ્યારે દર્શન કરવા આવવાના હોય ત્યારે પેઢીના મુનિમે બીજા એક માણસને લઈને મંદિરે હાજર રહેવું.

રાજા દર્શને આવ્યા.

અંબાશંકર મુનિમે એમને સત્કાર્યા.

ને રાજાના પગ આગળ મખમલી મોજડીઓ મૂકીને બુટ કાઢી નાંખવા વિનંતી કરી. ભગવાનના દરબારમાં બુટ પહેરીને જવાય નહીં. બુટ-ચંપલ કાઢીને જ મંદિરમાં પ્રવેશવાનું હોય.

આ નિયમ મંદિરનો.

પણ આ તો રાજવી.

પડખીયાઓએ રાજવીને ટાઈટ કર્યા. આપને માટે કોઈ નિયમ શેનો હોય. આપ બુટ પહેરીને જ દર્શન કરવા જાવ. આડતીયા ચડાવનારા મળ્યા ને રાજહઠને કારણે વાત પકડાઈ ગઈ. રાજાએ આગળ ડગલું માંડવા જ્યાં પગ ઉપાડ્યો ત્યાં અંબાશંકર આડા ફરી વળ્યા.... રાજા સાહેબ... મહાઅનિષ્ટ થશે. આપ આમ કરીને એક ધર્મને અને એક કોમને અપમાન પહોંચાડો છો.

ભગવાનની આવી અવગણના એનો કોઈ ધર્મી સહી લેશે નહીં અને સમગ્ર જૈન સમાજનો ખોફ આપની ઉપર ઉતરશે. ભગવાન પણ રાજી નહીં રહે. માટે આપ અટકી જાવ અને બુટ કાઢીને આ મખમલી મોજડી હું પેઢી તરફથી લાવ્યો છું એ પહેરીને દર્શન કરવા પધારો.

એ નહીં બને. રાજા તો મુક્ત અને સ્વતંત્ર હોય. એને કોઈ નિયમ લાગુ ના પડે. એમ હજુરિયાઓએ ચડવણી કરી અને રાજાએ રાજ હઠના પ્રેર્યા બુટ પહેરીને જ મંદિરમાં પ્રવેશ કર્યો.

નિયમની અવગણના.

ધર્મનું અપમાન.

ધર્મી કોમનું અપમાન.

ભગવાનનું પણ અપમાન.

આણંદજી કલ્યાણજીની પેઢીના એ મુનિમે પાલીતાણાથી આ બધી બાબતોનો વિગતવાર માહિતી ભરેલો તાર અમદાવાદની પેઢી ઉપર એ વખતના અધ્યક્ષ લાલભાઈ દલપતભાઈ ઉપર કર્યો. રાજાના પગલાંથી જૈન કોમમાં ખળભળાટ વ્યાપી ગયો... ને રાજા ઉપર ધર્મ તરફથી કોર્ટ મારફતે એક નોટિસ પાઠવવામાં આવી. પણ તાર કરીને રોટી ખાઈને આવું અવળચંડુ કામ કરનાર અંબાશંકર ભટ્ટને બંદીવાન બનાવવામાં આવ્યા.

રાજાને નોટિસ મળી- 'અમારા મુનિમને મુક્ત કરો અને અમારા ધર્મના અપમાન બદલ ધર્મની માફી માગો.' એવો આદેશ નોટિસમાં આપવામાં આવ્યો હતો.

રાજાનાં પડખાં અવળચંડા હતાં.

સંસ્કારને કુસંગનો પાસ લાગ્યો હતો. રાજાએ વળી શેનો જવાબ આપવાનો હોય... જૈન વાણિયા કંઈ થોડા રાજાના ધણી છે.... રાજા એમનો ધણી છે.

વાત પકડાઈ ગઈ.

જવાબ પાઠવ્યો નહી. અંબાશંકરને છોડે નહીં. મુંબઈની હાઈકોર્ટમાંથી નોટિસ ફટકારવામાં આવી. રાજા

નોટિસ જોઈને ઘુજી તો ગયો પણ રાજહઠમાં વાત પકડાઈ ગઈ હતી. એનું નીચાજોણું થાય એ વાત રાજાને અને એની આસપાસના પડખીયાઓને મંજૂર નહોતી. છેવટે વિલાયતની પી. વી. કાઉન્સીલમાં પાલીતાણાના રાજાનો કેસ પહોંચ્યો. જૈન સમાજના રોકેલા મોટા મોટા વકીલો જુદી જુદી કોર્ટોમાં ધર્મના અપમાન બદલનો કેસ લડયા. છેવટે પી. વી. કાઉન્સીલમાંથી પણ એવો હુકમ આવ્યો કે રાજા નિયમનો ભંગ કરી શકે નહીં. ધર્મનું આવડું મોટું અપમાન એનાથી થાય નહીં ને ગુના બદલ રાજાએ લેખિત માફી માગવી પડે નહી, તો રાજપાટ છોડી દેવું પડે.

વાત જબરી મમતે ચડી ગઈ.

હુકમો ઉપર હુકમો સામે રાજાને ઝૂકવું પડયું. બંદીવાન બનાવેલા અંબાશંકર ભટ્ટ મુનિમને છોડવા પડયા અને ધર્મની લેખિત માફી માગવી પડી.

રાજાના મુળગત સંસ્કાર જીવ હતા.

આણંદજી-કલ્યાણજીની પેઢીના એક મુનિમે બજાવેલી નોકરીની નિષ્ઠા રાજાને હૈયે વસી ગઈ હતી.

રાજમાં પોતાનું અપમાન બીજાઓના ચડયા ચડવાથી થયું એ વાત રાજા બરાબર સમજી ગયો હતો અને સમસમી પણ ઉઠયો હતો. અડખીયા-પડખીયા આઘાપાછા થઈ ગયા હતા.

રાજાનું જાણપણવાળું શાણપણ.

એ શાણપણે રાજાને અંબાશંકરની નિષ્ઠા તરફ પ્રેર્યા. એમને રાજ દરબારમાં નિમંત્રણ આપીને બોલાવ્યા અને બરાબર પોતાની સામે આસન આપી બેસાડયા. અંબાશંકર પણ અટકાયતમાંથી હમણાં છૂટેલા છતાં રાજ દરબારમાં પહોંચ્યા ને રાજાની બરાબર સામે બિંછાવેલા આસન પર બેઠક લીધી. રાજા શું વાત કરે છે એ જાણવાની ઉત્કંઠા એમની વધી ગઈ હતી.

રાજાનું જાણપણવાળું શાણપણ.

એક રાજાએ ધર્મનિષ્ઠ પ્રજાનું અપમાન કર્યું. એને કારણે અનેકનો ક્રોધ ભભૂકી ઊઠયો હતો.... એ વાત રાજા બરાબર સમજી હતો. એણે અંબાશંકરને કહ્યું- 'જુઓ અંબાશંકર તમે ધર્મે બ્રાહ્મણ હોવા છતાં જૈન ધર્મની સેવા કરી અને હું રાજવી હોવા છતાં મારી ફરજ ભૂલ્યો. રાજાની ફરજ પ્રજાના ધર્મોની રક્ષા કરવાની હોય. ધર્મની રક્ષાની મારી એ ફરજ હું ભૂલ્યો...

પરિણામે એક રાજા થઈને મારે લેખિત માફી માગવી પડી. આ બધું તમારી અડગતાથી થયું. હું સઘળી બાબતો સમજતો'તો હતો, પણ મારી આસપાસ તારા જેવા મક્કમ અને નિષ્ઠાવાળા માણસો નહોતા... તારા જેવા માણસો મારી આસપાસ હોત તો એ લોકો મારી ભૂલમાંથી મને ઉગારી લેત. અને એક રાજા તરીકે મારાથી મારી પ્રજાની જે અવગણના થઈ એ ન થઈ હોત, હું તને વંદન કરું છું અને મારા દરબારમાં મારા દીવાન તરીકે હું તારી નિમણૂક કરું છું. તારે કાલથી રાજના એ કામે જોડી જવાનું છે.

રાજાના જાણપણવાળું શાણપણ અંતે જીત્યું.

રાજમાં સારા માણસને રાજપદની ઓફર.

પણ અંબાશંકર જેમનું નામ... એમને એવા પ્રકારનાં કોઈ પ્રલોભનોમાં કોઈ પ્રકારનો રસ નહીં. તરત અંબાશંકરે એ ઓફરને ઠુકરાવી અને પોતાને માફ કરવા વિનંતી કરી.

અંબાશંકરની સમજદારી એ હતી કે જે પેઢીએ મને બે રૂપિયાના પગારથી નોકરીએ રાખ્યો અને ધીરે ધીરે મારી કદરના એક ભાગરૂપે પંચોતેર પંચોતેર રૂપિયા જેવી મોટા પગારવાળી નોકરી આપી એ પેઢી તરફ મારાથી નિમકહરામીથી તો કેવી રીતે વર્તાય ? જ્યારે રાજાને પેઢીને કાનૂની જંગ કારણે વિવાદ ચાલતો હોય ત્યારે પેઢીની વફાદારી છોડીને રાજપદની વફાદારીને હું વહાલી ગણું એમાં મારી ખાનદાની કેટલી ?

રાજા અંબાશંકરને દીવાનપદા માટે આફર કરતા રહ્યાં.

અંબાશંકર એ રાજપદનો અસ્વીકાર કરતા રહ્યા.

હા.... ને અને 'ના'ને વેર હતું. રાજા સમજાવવામાં મક્કમ હતાં. તો અંબાશંકર રાજાને સમજાવવામાં પણ એટલી જ મક્કમતા દાખવી રહ્યાં હતાં. 'મારાથી એવું થાય જ નહીં.

મને એવા કોઈ રાજપદનો શોખ નથી. હું તો જ્યાં ઉગ્યો ત્યાં જ અડગ ઊભો રહીને મારી જવાબદારીમાં રાચતો રહું એમાં જ મારી શોભા. એમાં જ મારી પેઢીની શોભા. એમાં જ મારા શેઠની શોભા.

રાજપદનો મારે ખપ નથી.

હું જ્યાં છું ત્યાં જ દટાયેલો રહું એમાં જ મારા પદની અને મારી પેઢીની શોભા. અંબાશંકરે રાજાનાં અનેક પ્રલોભનોમાંથી એક પણ પ્રલોભન કે પદને સ્વીકાર્યા વગર પોતે જ્યાં છે એ ફરજો વહાલી કરીને પોતાની આગવી નિષ્ઠા દાખવી.

અંબાશંકર જયરામ ભટ્ટ.

આણંદજી કલ્યાણજીની પેઢી.

રાજવી દ્વારા નિયમ ભંગ અને ધર્મનું અપમાન.

જૈન સમાજનો ભભૂકી ઊઠેલો ક્રોધ અને રાજાએ માંગેલી માફી.

આજે અંબાશંકર નથી. આણંદજી કલ્યાણજીની પેઢી છે. પાલીતાણાના એ તીર્થસ્થાનો છે. ત્યાં રાજવીઓના રાજ નથી, પરંતુ એક રાજવીએ એક મુનિમ તરફ દાખવેલી કદરદાની અને એની રાજપદની ઓફરનો એક મુનિમ દ્વારા થયેલો અસ્વીકાર એ આખી વાત પાલીતાણાની પછીની પેઢીઓને પણ મોઢે છે ને ઈતિહાસનાં પાનાં એની ગવાહી પૂરે છે.

(સંદેશ)

(તાજેતરમાં આચાર્ય નરેન્દ્રસાગર સૂરિજીએ તિથિચર્ચા અંગે સમાજને ગૂમરાહ કરતી બે પુસ્તિકાઓ બહાર પાડી છે. તેની સામે સુબોધભાઈએ આ. નરેન્દ્રસાગરજીને પત્ર પાઠવી તેમણે રજૂ કરેલી ખોટી વાતોના ખુલાસા માંગ્યા છે. જે પત્ર અક્ષરસઃ અહિં છાપેલ છે.)

આચાર્ય નરેન્દ્રસાગરજીને જડબાતોડ જવાબ

૧૫-૯-૯૯
સુબોધ ચંદ્ર એન. શાહ
૧૨, દેવશ્રુતિ,
૨૩, સરસ્વતી સોસાયટી,
પાલડી અમદાવાદ.

આચાર્ય શ્રી નરેન્દ્રસાગર સૂરિમહારાજ,

તમારા તરફથી પ્રકાશિત બે પુસ્તિકાઓ ''નવામતી આ. શ્રી કીર્તિયશસૂરિજી ને જાહેર પ્રશ્નો'' તથા ''સંજય વોરા ને પંચાવન પ્રશ્નો'' વાંચવા મળી. સાદ્યન્ત વાંચી, સ્પષ્ટ સમજાય છે કે તમે સત્યને મારી મચડી અસત્ય રૂપે રજૂ કરવામાં ખૂબ જ કુશલ છો. તમારી જેમ તમારા એકેક પ્રશ્નની સામે ૧૦-૧૦ પ્રશ્નો રજૂ કરાય તેમ છે.

પણ તમારી સાથે આવી માથાફોડ કરવા કરતાં માત્ર થોડાક મુદ્દા જ રજૂ કરીશ.

૧. વિ.સં. ૧૯૫૨ પૂર્વે ભા.સુ.૫.નો ક્ષય આવ્યો જ ન હતો ? અને આવ્યો હતો તો ત્યારે તમારા ગુરુ સાગરજી મ.ની જેમ કોઈએ ભા.સુ.૩ નો ક્ષય કર્યો હતો ખરો ? જો ના, તો તે કોઈ પૂર્વ પુરુષોમાં સાગરજી મ. જેવી પ્રજ્ઞા નહિં જ હતી ?

૨. 'કલ્યાણક તિથિઓ મહાપર્વતિથિ છે' એ આગમવચન છતાંય તે તે પર્વતિથિઓનો ક્ષય તમે કેમ કરો છો ? માગ. વ.૧૩નો ક્ષય આવે ત્યારે (તે દિવસે ચન્દ્રપ્રભસ્વામીનું દીક્ષા કલ્યાણક છે) તમે ૧૨નો ક્ષય કરી તે દિવસે તેરસનું સ્થાપન કરો છો ખરા ? બારસે પણ કલ્યાણક છે, અગ્યારસ પર્વતિથિ છે વદ ૧૦ મે પણ કલ્યાણક છે ત્યારે તમારું કલ્યાણક તિથિઓનું પર્વપણું ક્યાં જતું રહે છે ? સાગરજી મ. ને પી.એલ. વૈદ્યે જ્યારે આ પ્રશ્ન કર્યો ત્યારે તમારા તે ગુરુએ ડીંગ મારી હતી કે કલ્યાણક તિથિઓને હું પર્વતિથિ માનતો નથી. કેમ ! સાગરજી મ. શાસ્ત્રોથી પણ પર છે ? શા માટે બિચારા અબૂધ માણસોને ગમે તેમ ઉઠા ભણાવી તેમનું અને તમારું ભવભ્રમણ વધારો છો !

૩. કીર્તિયશસૂરિજીને તમે ચર્ચા માટે આહવાન કર્યું તેમણે તે ન સ્વીકાર્યું વગેરે. હું પૂછું છું કે તમારી કયી હેસિયત છે કે તમારી સાથે કીર્તિયશસૂરિજી વાત પણ કરે ? કદાચ તમે ચર્ચામાં હારી ગયા હોત તોય તમારો પક્ષ ઓછો સુધરવાનો હતો ? તમે કયાં આખા પક્ષના પ્રતિનિધિ હતા અને તમારા જેવા માટે કીર્તિયશ સૂરિજી એ તો કમલ ઉખાડવા માટે ઐરાવણ લાવવા જેવી વાત હતી.

૪. તમને ખાસ યાદ કરાવું કે વિ. સં. ૧૯૯૨માં વિજયરામચન્દ્રસૂરિજીનું મન તિથિ અંગેના પ્રશ્નમાં પડવાનું ન હતું પણ વિજય પ્રેમસૂરિ મહારાજે ખૂદે જ કહેલ કે ''રામચંદ્ર ! ગુરુજી કહીને ગયા છે કે તિથિ અંગે ચાલતા બધા ગોટાળા વિ. સં. ૧૯૯૨માં દૂર કરવાના છે તે ભૂલી ગયો '' ત્યારે જ પ્રેમસૂ.મ.ના કહેવાથી તેમણે પર્વ તિથિની ક્ષય વૃધ્ધિની વ્યવસ્થાની વાત વહેતી મૂકી. આ મારી નજર સામે બન્યું છે છતાંય તમે તમારા પ્રાક્ કથનમાં તદ્દન અસત્ય વાત રજૂ કરો છો. ત્યારે તો લાગે છે કે તમે બીજા મહાવ્રતને તો ખીંટીએ વળગાડયું છે. એટલું જ નહિ પણ તેરમે અભ્યાખ્યાનને પણ ખોળામાં બેસાડયું છે. અને આમાં નવું ય શું છે ? તમારા ગોત્રની આ જ તો પરંપરા છે ને ?

૫. તમે રજૂ કરેલા દરેક મુદ્દાના જવાબ પિષ્ટ પેષણથી વિશેષ કંઈ જ નથી. સંજય વોરાની ચોપડીએ ભારતની જનતાને સ્પષ્ટ સમજાવી દીધું છે કે - આ તિથિની આગ સળગાવનાર કોણ હતું ? અને આ આગને ભડકાવનાર વિલન પણ કોણ હતા ?

૬. વિ.સં. ૧૯૯૨માં ભા.સુ.૫ના ક્ષયે ભા.સુ.૪ નો ક્ષય નેમિસૂરિ મ. એ કર્યો ત્યારે તેમને પણ ભા.સુ.૩ નો ક્ષય કરવો ઉચિત નહતો જ લાગ્યો ને ? અને છતાયં આ બધી વાતો છુપાવીને દીધે જ રાખો છો કે ભા. સુ. ૫ના ક્ષયે ભા. સુ.૩નો ક્ષય થતો હતો. તમે કોને ઉલ્લુ બનાવો છો ?

૭. દેવસૂર પક્કના નામે અને બીજા બીજા છુટક પાનાં તમે જે રજૂ કરો છો તે પાનાં ભારતના કોઈપણ ગ્રંથભંડારમાં નથી માત્ર તમારી પાસે જ છે ને ? અને જો બીજા બીજા ભંડારોમાં પણ તેવા પાનાં હતા તો તે લવાદી ચર્ચામાં કેમ રજૂ ન કર્યાં ? તમારા આવા ગ્રન્થના નામ બગરના પાનાંથી તમે દેવસૂર પક્કના નામે યાતો તે તે આચાર્યોના નામે પુનમના ક્ષયે તેરસનો ક્ષય સાબિત કરો તેથી ભોળવાય તેવો આજનો સમાજ નથી.

૮. એક વાત બરાબર સમજી લેવા જેવી છે કે આ તિથિની આગ તમારા ગુરુ સાગરજી મ. એ જ વિ. સં. ૧૯૫૨માં પોતાની છોકરમત બુધ્ધિથી જ ઉભી કરી છે અને તેથી 'નવામતી' વિશેષણ તેમને જ લાગુ પડે છે. નહિ કે આચાર્ય શ્રી વિજય રામચન્દ્ર સૂરિ મહારાજને પણ આ અબૂધ બાવકો આ બધું ક્યાંથી જાણે ?

૯. પી. એલ. વૈદ્યનો ચૂકાદો પં. કલ્યાણ વિ.ગણિએ લખ્યો છે એ તમારા ગપગોળાને ક્ષણભર સાચો માનું તો

તે ચૂકાદો સાગરજી મ. બુહારીમાં હતા ત્યારે તેમને મલ્યો હતો અને ત્યારે સાગરજી મ. દુઃખી દિલે પણ તે ચૂકાદો સ્વીકારવા તૈયાર થયા હતા પણ ઝવેરચંદ પનાજી આડા પડયા અને તેમણે કહ્યું કે સાહેબ ! તમારા માથે પાઘડી નથી અમારા માથે પાઘડી છે તમે ચૂકાદો સ્વીકારી લો તો લોકો તમને શું કહેશે ? ત્યારે તેમના આગ્રહથી જ સાગરજી મહારાજે ચૂકાદાનો અસ્વીકાર કર્યો હતો. આ વાત તો ખૂદ ઝવેરચંદ પનાજીએ અમૃતલાલ કાલીદાસ દોશીને મોઢે કહી હતી અને ત્યારે અમૃતલાલભાઈએ ઝવેરચંદભાઈને કહેલ કે ઝવેરચંદભાઈ ! શાસ્ત્રોમાં સાત નરક કહી છે પણ તમારા માટે તો આઠમી નરક જોઈએ કે સાગરજી મ. જેવા ચૂકાદો સ્વીકારવા તૈયાર થયા ત્યારે તમે આડા પડયા અને આ તિથિચર્ચાની આગ કાયમ માટે ભડકતી રાખી. ત્યારે પણ સાગરજી મ. નીતા બોલ્યા કે આ ચૂકાદો પં. કલ્યાણ વિજયજીએ લખ્યો છે. રહી રહીને તમારા કોઠામાંથી આ સૂઝ નીકળી તે બદલ તમને તો હજારો ધન્યવાદ આપવા રહ્યાં.

૧૦. જે ભુવનભાનુ સૂ. મ. ની તમે વાત કરો છો ત્યારે એ વાત કેમ ભૂલી જાવ છો કે તેમણે જ કાશીના પંડિતોનો સંપર્ક સાધીને અર્હંતતિથિ ભાસ્કર તૈયાર કરાવ્યું હતું. તે ૧૦૩ પંડિતોનું લખાણ પણ પં. કલ્યાણ વિજયજીએ જ લખી આપેલું ને ! કેવી સીફતપૂર્વક તમારી વિરુધ્ધ જતી વાતો તમે ભૂલી જાવ છો.

૧૧. તમે જયઘોષસૂરિજીની વાત કરો છો ત્યારે તમને યાદ દેવડાવવું કે આ વખતે પૂનામાં તેમણે ખૂદે કહેલ છે કે ''અમારો તો સોમવાર જ છે પણ બહુમતી મંગળવારવાળાની છે માટે અમે મંગળવાર કરવાના છીએ'' છે. અનો કોઈ જવાબ તમારી પાસે ?

૧૨. તમારા પંચાવન તો શું પાંચસો પંચાવન પ્રશ્નોનાય કોઈ જવાબ દેવાનું નથી. કારણ કે તમે પાયામાંથી જ ખોટા છો અને બોગસ વાતો કરનારા છો.

૧૩. તમને એક વાત યાદ દેવડાવવું. છેલ્લે છેલ્લે આ. શ્રી વિજય રામચંદ્રસૂરિ મહારાજે તમારા પક્ષના મોભીઓને કહેણ મોકલેલ કે ''હજી કંઈ બગડી ગયું નથી આખો શ્રમણ સંઘ પાલીતાણાની તળેટીમાં ભેગો થાય, અઠ્ઠમ કરી શાસનદેવીને બોલાવે અને સીમંધર સ્વામી ભગવંતને શાસનના બધા પ્રશ્નો માટે પૂછાવે અને તે જે જવાબ આપે તે સૌએ સ્વીકારવો. હું મારી સહી અત્યારે જ કરું છું.'' ત્યારે તમારા જ પક્ષના વડીલો પૈકી કેટલાક શું બોલ્યા ! તે તમને ખબર છે ! તેમણે કહ્યું કે ''સીમંધર સ્વામી કહે તોય અમે માનવાના નથી'' બસ વાત પતી ગઈ અને વિજય રામચન્દ્ર સૂરિ મ. મહાવિદેહ ક્ષેત્ર તરફ રવાના થયા. હજીય શું બગડી ગયું છે. આજે ય આ કાર્યકરોને પણ તમારી વિરુધ્ધ સીમંધર સ્વામી કહે તો એમ ન કહેતા કે શાસનદેવી ફૂટી ગઈ. મને તો ખાત્રી જ છે કે તમે આમ જ કહેવાના છો. તમને બોલતાં કોણ રોકે તેમ છે !

૧૪. રામચન્દ્ર સૂ. મ. ના પરિવારની એકેક મુખ્ય વ્યકિત તમારા જૂઠાણાનો જડબાતોડ જવાબ આપી શકે છે તે તમે મુનિશ્રી જયદર્શન વિજયજી સાથેની ચર્ચામાં અનુભવ્યું છે. તોય તમે તો એના એજ છો. હું તો ઈચ્છું છું કે તમને સદ્‌બુદ્ધિ મળો. તારશે તો જૈન શાસન તારશે. પણ તમારા ગુરુ, પ્રગુરુ, કે પ્રપ્રગુરુ નહિં તારે. શા માટે નાહક માનવજન્મને જમાલિની જેમ વેડફો છો. અમને તો તમારી ભવાંતરમાં થનારી ગતિ જોઈને ય કંપારી છૂટે છે.

૧૫. તમે એમ સમજો છો કે આ વખતે મંગળવારી સંવત્સરી કરનારા એક તિથિવાળા પક્ષનો ડંકો વાગી ગયો પણ આ વખતે ભારતમાં ઠેર ઠેર સોમવારની સંવત્સરીની જે રીતે આરાધનાઓ થઈ, નાના ક્ષેત્રોમાં ય લાખોની ઉપજ થઈ. તેનું સાચું ચિત્ર તમને કોઈ બતાવે તો તમારી છાતીનાં પાટિયાં બેસી જાય તેમ છે. કદાચ વિજય રામચન્દ્ર સૂરિ મહારાજ જીવતા હોત તોય આટલી હદ કરતા, સાચી આરાધનાનો ઉમંગ હોત કે કેમ તે સવાલ છે. હવે તમારે એ વિજય રામચન્દ્ર સૂ.મ. સામે નથી લડવાનું પણ તેમના રક્તના બિન્દુઓમાંથી તૈયાર થયેલા સેંકડો રામચન્દ્ર સૂરિ મહારાજ સામે ઝઝૂમવાનું છે. તેમણે જેમને જેમને સત્ય માર્ગ સમજાવ્યો છે તે એટલા જિનમાર્ગમાં મક્કમ છે કે તેમાં એક પણ વ્યકિત તમારા કુમાર્ગમાં નથી આવવાની પણ તમારા કુમાર્ગને સમજનારા પૈકીના કેટલાય આ.વિ.રામચન્દ્ર સૂ.મ.ના બતાવેલા સુમાર્ગમાં આવવાના છે. પછી તમે નવાપંથી વગેરે ગમે તેવા બકવાસ કર્યા કરો. અને યાદ રાખજો કે આજથી ૧૦૦ વર્ષ પછી તમારો ચલાવેલો કુમાર્ગ સદંતર ભૂંસાઈ જશે રહેશે છેવટ વિ.રામચન્દ્ર સૂ.મ.નો દર્શાવેલો સત્ય જિનમાર્ગજ.

૧૬. તમારી નવાંગી ગુરુપૂજન, શત્રુંજ્યની ચોમાસામાં યાત્રા વગેરે વાતો સાંભળીને તો તમારી બાલ્ય બુધ્ધિ પર કેવળ દયા જ આવે છે. આ ચર્ચા અત્યારે છેડવી નથી પણ તમે છેડશો તો તમને જવાબ નહિં, જડબાતોડ જવાબ આપતાં અમને આવડે છે.

૧૭. શાસનદેવ તમને સદ્‌બુધ્ધિ આપે તોય તમે લેવાના નથી એટલે એ આશા પણ તમારા માટે નકામી છે. અત્યારે આટલું બસ છે પણ એટલું યાદ રાખજો કે પ્રભુ મહાવીરનું શાસન બોડી બામણીનું ખેતર નથી કે ગમે તેને ગમે તેમ તેમાં કૂદવા દેવાય. કાળે કાળે એવાઓનો પ્રતિકાર કરનારા પાકવાના જ છે. તમારું કલ્યાણ થાવ એ આશા સાથે.

★★★★

પ્રેરણામૃત સંચય

-પ્રજ્ઞાંગ

સંજ્ઞાઓને ઓળખો

આ શરીર છે માટે ખાવું-પીવું પડે, આરામ પણ કરવો પડે પણ તે વધું કરણીય લાગે ખરું ! આહારાદિ દશે સંજ્ઞાઓ આપણાથી ગભરાય કયારે ? આ શરીર અંગેની અને સંસાર અંગેની બધી પ્રવૃત્તિ અકરણીય કોટિની લાગે તો ! માટે જ ભગવાને નિષેધ પણ ન કર્યો અને વિધાન પણ ન કર્યું. વિધાન હંમેશા કરણીય ચીજનું હોય, અકરણીય ચીજનું ન હોય. **સંસારની જેટલી પ્રવૃત્તિ, શરીરના ધર્મો કરણીય કોટિના નથી આ મનોવૃત્તિ થાય ત્યારે આત્મામાં રહેલી આ બધી સંજ્ઞાઓ ઢીલી પડી જાય.** અનાદિથી આત્મા આ દશે સંજ્ઞાને આધીન થયો છે.

આહાર માટે શું શું કરે તેનું વર્ણન થાય તેમ નથી. બધા પાપનું મૂળ આહાર સંજ્ઞા છે. પહેલા અધ્યયનમાં આની જ વાત સમજાવી. આહારની શુદ્ધિ પહેલા સમજવી. આહારની ઈચ્છા ન જોઈએ, જરૂરી છે માટે કરવો પડે તો કરી લે તે અલગ વાત. આ વસ્તુ કયારે આવે ? આહારમાં આસક્ત ન થાય તો આહારમાં આસક્ત બન્યા તે કયારે કઈ ઈન્દ્રિયમાં આસક્ત બને તે કહેવાય નહિ, કયારે શું કરે તે કહેવાય નહિ, બારે પ્રકારનો તપ તેને પસંદ નથી. ઘણીવાર તપ મેં કર્યો તેમ કહેવરાવવા તપ કરે છે પણ આહાર સંજ્ઞાને જીતવા માટે તપ કરનારા થોડ ! અશન છૂટી જાય તો શરીરની કેટલી બધી હાજતો મટી જાય ! ખોટી કુટેવો છુટી જાય !! ઉણોદરી કરવી, રસત્યાગ કરવો, વૃત્તિ સંક્ષેપ કરવો તે તેને માટે સરલ. અંગોપાંગ અને ઈન્દ્રિયોની સંલીનતા કરવી તે તેને માટે સરલ. કાયાને કષ્ટ આપનારી ક્રિયા સરસ રીતે કરે. કાયાને જેટલું કષ્ટ આપીએ, વધુ પીડા થાય અને મઝેથી સહન કરીએ તો વધુ કર્મ ખરે ! આ છ યે પ્રકારનો બાહ્ય તપ જેને ગમે નહિ તેને પ્રાયશ્ચિત લેવાની જરૂર લાગે ખરી ? તેનો વિનય કેવો ? તેની વૈયાવચ્ચ કેવી ? તેનો સ્વાધ્યાય કેવો ? ધ્યાન તો આવે કયાંથી ? તો પછી આ કાયાનો ત્યાગ કરવાની વૃત્તિ આવે કયાંથી ? બાહ્ય તપ અભ્યંતર તપમાં બહુ સહાયક છે.

સંસારની બધી પ્રવૃત્તિ જેને અકરણીય લાગે, શરીરના આહારાદિ ધર્મો પણ અકરણીય લાગે, તેને આહાર લેવો પડે તો કેવી રીતે કરે ? દોષ ન લાગે તે રીતે. તે વખતે આહાર કરતાં ય નિર્જરા ચાલુ હોય અને બંધ થાય તે ગુણસ્થાનક પ્રત્યધિક રસ-કસ વગરનો થાય. વર્ષોથી વ્યાખ્યાન સાંભળે, તપ-જપ આદિ કરે છતાંય ચારિત્ર મોહનીય જીવતું ને જાગતું રહે ! ! તેનો અભિલાષ સરખો ય ન થાય, તેનું કારણ શું ? આત્મા સાથે રોજ વિચાર કરો. મોહનીય કર્મ જીવતું હોય ત્યાં સુધી આ સંજ્ઞાઓ જીવતી રહેવાની. માટે જ તપસ્વીને પારણાદિની ચિંતા તે અતિચાર કહ્યો. બધા પાપ આહારે સર્જ્યા છે. જે મઝેથી આહાર કરે તેની બધી ઈન્દ્રિયો પુષ્ટ થાય. આહાર અકરણીય ન લાગે તેને સંજ્ઞા પીડે જ ! આહાર સંજ્ઞા કેટલી ભૂંડી છે તે સાધુ અને શ્રાવકને સમજાય નહિ ! પુણ્યયોગે મળેલી સામગ્રી ચાલી ન જાય તેવી જે ચિંતા તે ભય સંજ્ઞા ! 'આ-તે' ભોગવું તે મૈથુન સંજ્ઞા છે. તે માટે પરિગ્રહ વગર તો ચાલે જ નહિ તેવી જે ઈચ્છા તે પરિગ્રહ સંજ્ઞા ! ક્રોધાદિ આવતા તો વાર લાગે નહિ. તેની ઓઘ સંજ્ઞા ધર્મમાં રહે ! ધર્મ બધા કરે તેમ કરવાનો અને વેપાર બધા કરે તે નહિ પણ જેમાં ફાયદો હોય તે કરવાનો તે પણ પોતાને થાય તે. કદાચ ખબર ન પડે તો અનુભવીને પૂછીને ય કરે, ત્યાં ઓઘ સંજ્ઞા ન ચાલે અને અહીં ધર્મમાં બધું ઓઘે ઓઘે ચાલે !!

ભગવાનના દર્શન-પૂજન શા માટે કરવાના તેની ભાંજગડ નહિ કરવાની, વધારે હોંશિયાર હોય તો લોકને

રાજી કરવા ય કરે. જે કામ કરવા છતાં લોક કદર ન કરે તો તે કામ કરવામાં મજા ન આવે. આ દશે સંજ્ઞા કેવી છે ? આ દશે સંજ્ઞાથી રહિત ધર્માનુષ્ઠાન આવે તે શુદ્ધ કોટિનું ધર્માનુષ્ઠાન કહેવાય. પરલોકના સુખની ઈચ્છા પણ તેના હૈયામાં ન હોય.

સમકિત પામવું હશે તો આ સ્થિતિ કેળવવી પડશે. આ સ્થિતિ નહિ કેળવો તો સમકિત મળે શી રીતે ? તમે વેપારાદિ કરો તો તે રીતસર કરો, દુનિયાની સ્કૂલ-કોલેજો તે માટે ચાલે. હોંશે હોંશે ભણે અને ભણાવે. પણ ધર્મ કરવા આપણે જાણવું જોઈએ તેવી ઈચ્છાવાળા કેટલા ? દુનિયાનું શીખવા માટે બાર-બાર વર્ષ, વીશ-વીશ વર્ષ સુધી અભ્યાસ કરે છે પણ આ શીખવા માટે ? આજે એવા સાધુ-સાધ્વી છે કે જેને પોતે જે કરે છે તે જાણવાની બિલકુલ ઈચ્છા નથી.

સંસારની પ્રવૃત્તિ અકરણીય છે તેમ આહારાદિ શરીરના ધર્મો પણ અકરણીય છે. કરણીય ક્રિયા ન કરે તો દોષ લાગે, તેમ આહારાદિ ન કરે તો દોષ લાગે ? આહાર અકરણીય છે ને ? આ વાત મગજમાં બેસી જાય તો ધર્માનુષ્ઠાન કરતાં બરાબર કાળજી-સાવધગિરિ-રહે. જે અકરણીય છે તે અકરણીય ન લાગે તો પછી તેમાં સાવેચતી પૂર્વક પ્રવૃત્તિ શી રીતે થાય ?

આજે લૂંટારા ઘણા છે, રક્ષક ઓછા છે. જગતમાં લુંટારા વધી ગયા તો પેઢી બંધ કરી ? તેમ અહીં પણ લુંટારા ઘણા વધી ગયા છે તો શું કરીએ ? જેને શાસ્ત્ર વિરુદ્ધ બોલવાનો ભય નથી તેને ય તમે સાથ આપો તો શું થાય ? નિંદા કોઈ કરવી નથી પણ મહેલ લેવા જાવ અને ગમે તેવો ખોટો પકડાવી દે તો તે પેઢી છોડી દો ને ? દુનિયામાં પણ સંબંધ કોની સાથે રાખવો અને કોની સાથે ન રાખવો તે આવડે છે ને ? ધર્મમાં તમે ઓઘ સંજ્ઞામાં છો. ધર્મમાં સમજવાની સંજ્ઞા જ ન આવવી જોઈએ તેવો તમારો મત છે.

તમને સંસારની સઘળીય પ્રવૃત્તિ અકરણીય લાગે છે ? અમને આહારાદિ અકરણીય લાગે છે ? બેંતાલીશ દોષથી રહિત આહાર લાવવાનો અને પાંચ દોષથી રહિત વાપરવાનો. સારું મળે તો ય ટેસથી નહિ વાપરવાનું; ખરાબ આવે તો મોઢું બગાડીને નહિ વાપરવાનું. સારું મળે-આવે તો તેના વખાણ કરીને વાપરે તો ય ચારિત્ર સળગી જાય; ખરાબ આવે તો તેની નિંદા કરીને-વખોડીને ખાય તો ય ચારિત્ર કાળું થાય ! સાધુ એટલે તપસ્વી ! તપસ્વી તેનું નામ સાધુ ! તપસ્વી નહિ તે સાધુ નહિ. આહાર અકરણીય ન લાગે ત્યાં સુધી દોષની વાત કરવાની નહિ !

આ સંજ્ઞાઓ ચંડાલણી જેવી છે, તેનો સ્પર્શ થાય તો ય નુકશાન કરે. અમારે સદા આઘી રાખવાની, તમારે ધર્માનુષ્ઠાન વખતે આઘી રાખવાની, બાકીના વખતમાં તેને-સંજ્ઞાઓને - દૂર રાખવાની મહેનત કરે તો ચારિત્ર મોહનીય કર્મ તૂટે ! આજે મોટો ભાગ ધર્મ કરે છે તો ય ચારિત્ર મોહનીય તૂટતું નથી તો સંસાર કરે તો ક્યાંથી તૂટે ? અવિરતિના રાગથી ય ચારિત્ર મોહનીય બંધાય ! દુનિયાના સુખ બહુ ગમે અને પાપ ન ગમે તો ય ચારિત્ર મોહનીય બંધાય. **આ સંજ્ઞાઓ સાથે રોજ ઝઘડો કરો તો ચારિત્ર મોહનીય તૂટે.**

રોજ વ્યાખ્યાન શા માટે ? સંસાર માર્ગ ખોટો છે, મોક્ષમાર્ગ સારો છે તે સમજાવવા માટે. મિથ્યાત્વ કેટલું ભયંકર અને નુકશાનકારક છે તે બતાવવા અને સમકિત કેવું સુંદર છે તે સમજાવવા ! સમકિત ક્યારે આવે ? સાચું ખોટું સમજાય તો. તમને સંસારની પ્રવૃત્તિ કેવી લાગે છે ? અમને શરીરની પ્રવૃત્તિ કેવી લાગે છે તેના પરથી આપણું માપ નીકળે. અમને પણ શરીરના ધર્મો અકરણીય લાગવા જોઈએ, કરણીય નહિ. માત્ર શરીરને જ સાચવનારા અને શક્તિ મુજબ ધર્મ નહિ કરનારને આ શરીર દુર્ગતિમાં લઈ જશે. શરીર જ મોટામાં મોટો સંસાર છે. આહારાદિ કરવા જેવા જ નથી, કરવા પડે તે નિરૂપાયે. સંસાર કરવા જેવી ચીજ જ નથી. નિષેધ મિથ્યાત્વાદિ વિહિત સમ્યક્ત્વાદિ. સંસાર ન વિહિત, ન નિષિદ્ધ, નિષિદ્ધ એટલા માટે નહિ કે તમે પાળી ન શકો, અને વિહિત એટલા માટે નહિ કે અકરણીય છે. આ વાત સમજાય તો જ સંજ્ઞા ઉપર કાબૂ આવે.

▲❄▲❄

સમાચાર સાર

॥ શ્રી વિતરાગાય નમઃ ॥

અહિંસાની હિંસા થતી રોકવા ગુજરાત સરકારને થયેલી [illegible]

સમસ્ત સંઘોએ આ ગંભીર અને ગહન પ્રશ્નમાં ઉંડા ઉતરવાની તાતી જરૂર છે. જૈન દર્શન તેમજ અન્ય આસ્તિક દર્શનોનો પાયો જ અહિંસા છે. ધ તાં પશ્ચિમની જાળમાં ફસાવવામાં આવેલી આપણી કહેવાતી સરકારની અવળચંડાઈને કારણે ધર્મનો આ મૂળ પાયો જ હચમચી ગયો છે. આ અનિવાર્ય મુખ્ય પાયો જો કોઈ હચમચાવનાર હોય તો તે અંગ્રેજ ગોરા મુસ્તદીઓ છે અને તેની વારસદાર ઠગારી લોકશાહીની સરકારો છે. આ છૂપાયેલું રહસ્ય ઘણું જ ઉંડું છે અને તેનો આઘાતજનક અને ચોંકાવનારો ૫૦૦ વર્ષનો ઈતિહાસ જાણવો ખૂબ જરૂરી છે.

સર્વ હિતકર જૈન શાસન અને મહાન અહિંસક આર્ય સંસ્કૃતિ જોખમમાં મૂકાઈ ગઈ છે જે સામાન્ય પ્રજા બિલકુલ સમજી શકી નથી. પરંતુ મહા વિચક્ષણ, તીવ્ર બુધ્ધિ પ્રતિભા ધારક મહા પ્રજ્ઞાવંત પંડિતવર્ય સ્વ. પ્રભુદાસભાઈ બેચરદાસ પારેખને આજથી ૭૦ વર્ષ પહેલા આ છૂપાયેલા રહસ્યનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો અને માત્ર જૈનોને જ નહિ પરંતુ જૈનેતરો ને પણ સાવધાન કરવા ચેતવ્યા. અથાગ મહેનત કરી પરંતુ મહાન કાર્ય પ્રજાના દુર્ભાગ્યે વિદેશીઓના દોરી સંચારથી હિંસામય અર્થ વ્યવસ્થા સ્થપાઈ ગઈ અને ધર્મદ્વેષી મહાપાપોને પોષનારૂં અધમ કક્ષાનું રાજ્યતંત્ર સ્થપાઈ ગયું. સમસ્ત સંઘોએ, જૈન સમુદાયે આ ગૂઢ રહસ્ય જાણવું ખૂબ જ જરૂરી છે. નહિં તો આવતા વર્ષોમાં અકલ્પનીય દુઃખદ ઘટનાઓ બનશે જે અટકાવવી અત્તિ મુશ્કેલ બનશે.

આ છૂપાયેલા ગંભીર રહસ્યમય ઈતિહાસનો સમસ્ત સંઘોએ તાત્કાલિક અભ્યાસ કરવો જરૂરી છે. વિગતવાર જાણકારી માટે સભાઓ બોલાવવી જરૂરી છે.

આ દુઃખદ વિષયની વિગતવાર જાણકારી માટે મને બહારગામ પણ બોલાવી શકશો. મારો સંપર્ક કરો.

સુમનલાલ છોટાલાલભાઈ કામદાર

''નમસ્કાર''

એમ-૪૧, હાઉસીંગ બોર્ડ સોસાયટી,

કાલાવડ રોડ, મહિલા કોલેજ સામે, રાજકોટ.

ફોન : ૪૫૩૩૦૩ / ૪૭૮૬૭૯

નારાયન : (પત્ની નલિનીને) તારો ભાઈ બરબાદીના પંથે જઈ રહ્યો છે.

નારાયની : (પતિ નલિનને) હોય નહિ મારો ભાઈ નિલેશ તો ખૂબ જ સીધો છે.

નારાયન : ક્યારેક તો મારી વાતનો વિશ્વાસ કર લે આ નીલેશના લગ્નની કંકોત્રી ? (જનસત્તા)

સાવરકુંડલા : પૂ. આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ. નં ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ.મ.આદિની નિશ્રામાં વદ ૧૪, ૦)) અને એકમ ત્રણ દિવસ ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, વિવિધ પૂજાઓ, ગુણાનુવાદ, સાધર્મિક વાત્સલ્ય વિ. ભવ્ય મહોત્સવ યોજાયો હતો.

કલકત્તા ભવાનીપુર : અત્રે પૂ.આ.ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ની આઠમી સ્વર્ગતિથિ નિમિત્તે તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિ. મ., પૂ. મુ. શ્રી પ્રશમરતિવિ. મ. ની નિશ્રામાં શ્રાવણ વદ ૧૨ થી ૧૪ સુધી ગુણાનુવાદ, મહાપૂજા સાધર્મિક વાત્સલ્ય તથા સુંદર કાર્યક્રમ યોજાયો હતો.

અમલનેર : પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ની ૮મી સ્વાર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂ. મ., પૂ. પ. શ્રી ધર્મદાસવિજયજી મ. આદિની નિશ્રામાં વદ ૧૨ થી ૧૪ ગુણાનુવાદ જાપ,તપ, ૪૫ આગમ પૂજા વિ. ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

ઘાંઘુકા વાગ્યે ગુરુ ભક્તિ.....

પૂજ્યપાદ, પરમશાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. મુનિપ્રવર, શ્રી તત્વરત્નવિજય મ. તથા મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી જ શ્રી સંઘમાં આરાધનાનો સુંદર માહોલ ઉભો થયો છે. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ની ૮ આઠમી સ્વર્ગવાસ તિથિ આવતા તે દિવસે સવારે ૯ વાગ્યે પૂ. ગુરુ ભગવંતો આદિ ચતુર્વિધ શ્રી સંઘની સાથે વાજતે ગાજતે સુંદર રથમાં પૂજ્યપાદશ્રીની પ્રતિકૃતિ સહ શોભાયાત્રા વિવિધ રાજમાર્ગો પર પસાર થઈ લગભગ ૧ કલાકે શ્રી હેમચંદ્રાચાર્ય પૌષધશાળામાં ઉતરેલ. ત્યાં ગુણાનુવાદની સભાનો પ્રારંભ થયેલ જેમાં શરૂઆતમાં નાની બાલિકાઓએ ભક્તિગીત ગાયેલ અને તે પછી ગુરૂ ગુણ સ્તુતિ અને ગુરૂ વંદના ગીત દીક્ષાર્થી અમીષભાઈએ ગાયેલ તે પછી પૂજ્યોના ગુણાનુવાદ થયેલ ત્યાર પછી છેલ્લે સંઘના ભુતપૂર્વ પ્રમુખ પોપટભાઈ ગાંધીએ પોતાના હૈયાની ભાવના ટુંકમાં રજુ કરેલ ચોકદરે સંઘની અંદર પ્રબળ ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

સામુહિક આંબેલ તપ થયેલ.

બપોરે અંતરાય કર્મ નિવારણ પૂજા સંઘના ભાઈઓએ ખૂબ ઉલ્લાસથી ભણાવેલ.

જેનો લાભ સુશ્રાવક પોપટલાલ પાનાચંદે લીધો હતો તેમજ બંને જિનાલયમાં પ્રભુજીને ભવ્ય અંગ રચના થયેલ.

●●●

શ્રી વાસુપૂજ્ય સ્વામી મહારાજ ટેમ્પલ ટ્રસ્ટ - કેમ્પ, પૂના મધ્યે ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ

જ્યોતિર્વિદ્યાવાચસ્પતિ, સુવિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજયમહોદય સૂરીશ્વરજી મહારાજા** પ્રવચન પ્રભાવક પૂ. આચાર્ય દેવ **શ્રીમદ્ વિજયહેમભૂષણસૂરીશ્વરજી મહારાજા** આદિ પોતાના વિશાળ પરિવાર સાથે અમારા આંગણે ચાતુર્માસાર્થે જેઠ વદ ૧૨ શનિવાર તા.૧૦-૭-૯૯ના પધારતા ભવ્ય સ્વાગત સાથે પ્રવેશ થયો છે.

સવારે ૬-૧૫ કલાકે પૂ. ગચ્છાધિપતિશ્રીજી આદિની શા. વિઠ્ઠલદાસ દલભચંદના ગૃહાંગણે (ડી-૫, પદમજી પેલેસ, પદમજી પોલીસ ચોકીની બાજુમાં, ભવાની પેઠ પાસે, પૂના) પધરામણી થયેલ. ત્યાંથી ૭-૪૫ કલાકે સ્વાગતયાત્રા પ્રારંભાઈ કેમ્પનાં વિવિધ રાજમાર્ગો ઉપર ફરી શ્રી વાસુપૂજયસ્વામી જિનાલયે દર્શન કરી ઉપાશ્રયમાં પ્રવેશ થયેલ. સવારે ૧૦-૦૦ કલાકે મંગલાચરણ અંને માંગલિક પ્રવચન વિગેરે ભક્તિપૂર્વક થયેલ.

પ્રવેશ નિમિત્તે મંગલ કાર્યક્રમ : સવારે ૫-૩૦ કલાકે કુંભસ્થાપનાદિ, સવારે ૯-૪૫ કલાકે નવગ્રહાદિ પાટલા પૂજન, બપોરે ૧૧ થી ૨ સુધી સ્વામિવાત્સલ્ય, કેમ્પ પ્લાજા, એમ. જી. રોડ, બુધાણી બ્રધર્સની બાજુમાં, કેમ્પ, પૂના ૧ ખાતે તથા બપોરે વિજયમુહૂર્તે શ્રી લઘુશાંતિસ્નાત્ર મહોત્સવ, શ્રી વાસુપૂજ્ય સ્વામી દેરાસર, કેમ્પ, પૂના ખાતે યોજાયેલ.

પરમાત્માને ભવ્યાતિભવ્ય અંગરચના તથા આ સમગ્ર લાભ શા. વિઠ્ઠલદાસ દલભચંદ કંથરાવીવાલા પરિવારે લીધો છે. વિધિકાર જામનગરથી શ્રાદ્ધવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ પધાર્યા હતા.

કાંદીવલી-દહાણુકરવાડી

કમલા વિહારમાં પૂ. મુ. શ્રી હિતપ્રજ્ઞ વિજયજી મ., પૂ. મુ. શ્રી મોક્ષ શ્રી તિલક વિ. મ. ની નિશ્રામાં પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની ૮મી સ્વર્ગતિથિ નિમિત્તે અષાડ વદ ૧૧ થી અષાડ વદ ૦)) સુધી પંચહ્નિકા મહોત્સવ, ગુણાનુવાદ વિગેરે સુંદર રીતે થયા હતા.

સીમા : હું ગીત ગાવું છું ત્યારે તું બહાર કેમ ઉભી હોય છે ?

સોનલ : જેથી પડોશીઓને ખબર પડે કે હું ગાતી નથી !

■■■■

પત્ની : કોઈને લાગે કે મારી ઉંમર પાંત્રીસ વર્ષની હશે ?

પતિ : બિલકુલ નહીં, એ તો તું દસ વર્ષ પહેલા લાગતી હતી !

■■■■

પોલીસ : નાલાયક, તે ધનસુખ શેઠના બંગલાનું ધાબુ તોડીને ચોરી કેમ કરી ?

ચોર : કારણ કે દરવાજે સિક્યુરિટીવાળો હતો

(ગુ.સ.)

મુંબઈના હૃદય સમા માટુંગાના આંગણે ચાતુર્માસિક ભવ્ય પ્રવેશ

સંઘસન્માર્ગદર્શક કલિકાલ કલ્પતરુ સુવિશાળ શ્રમણ સામ્રાજ્ય સર્જક પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનું પ્રભાવક ધર્મસામ્રાજ્ય જયવંતુ જ છે, એની વધુ એક નયનાંકિત પ્રત્યક્ષ પ્રતીતિ માટુંગાના આંગણે યોજાયેલ ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશના દિવ્ય મહોત્સવ પ્રસંગે પધારેલ ગામ-પરગામના હજારો આરાધકો તેમજ માટુંગાના રહીશોને થઈ. સુવિશાળ ગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાએ પોતાના લઘુગુરુબંધુ વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ અત્રે નક્કી કરતાં અત્રેના તેમજ સમગ્ર મુંબઈના જિનાજ્ઞાપ્રેમી આરાધકોના મનકેકીઓ કેકારવ કરવા લાગ્યા હતાં. દ્વિ. જેઠ વદ-૫, રવિવારના મંગળમય દિવસ પર પ્રવેશ માટેના મુહૂર્ત તરીકે પસંદગીનો કળશ ઢોળાયો હતો. 'સૂરિરામ'ના સુવિશાળ સમુદાયવર્તી શાસનપ્રભાવક સાત-સાત સૂરિવર્યોની સામૂહિક નિશ્રા મેળવી માટુંગાવાસીઓ ધન્ય બની ગયા. વિદ્વદ્વર્ય પૂ. આ. શ્રી વિ. વિચક્ષણસૂરીશ્વરજી મહારાજ, વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રી વિ. લલિતશેખરસૂરીશ્વરજી મહારાજ, સાહિત્યસર્જક પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ, વાત્સલ્યવારિધિ પૂ. આ. શ્રી વિ. મહાબલસૂરીશ્વરજી મહારાજ, પ્રવચન પ્રદીપ પૂ. આ. શ્રી પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજ, તેમજ ચાતુર્માસ પ્રવેશ કરનાર બંને પૂજ્ય આચાર્ય ભગવંતો તેમજ ૩૫ મુનિરાજો, સંખ્યાબંધ પૂજ્ય સાધ્વીજી ભગવંતો સામૈયામાં શ્વેતકમળોની હારાવલીની જેમ શોભતા હતા.

પ્રાતઃકાળે સાયન જિનાલયે દર્શનાદિ કરી કિંગ સર્કલ બ્રિજ આગળ સોહાગણ નારીઓએ મંગલ શકુનોથી વધાવ્યા બાદ સૂરિવર્યો શ્રી વાસુપૂજ્ય જિનાલયે પધાર્યા હતા. ત્યાં ચૈત્યવંદનાદિ કર્યા બાદ ગિરિવિહાર શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવારના ગૃહ મંદિર-ગુરુમંદિરે દર્શનાદિ કરી અલ્પ સ્થિરતા કરી હતી. ખોના પરિવારે પધારેલ ૩૦૦૦થી ય વધુ પુણ્યાત્માઓની નવકારશી ભક્તિ કરી હતી. સવારે ૮-૩૦ વાગે ભવ્યતમ સામૈયાનો ઈતિહાસ લખાવાનો શરૂ થયો. અનેક બેન્ડ, અનેક શરણાઈવાદકો, અનેક દેશનાં વિવિધ વાદ્યવાદકો, ઢોલીઓ, ઘંટનાદકારકો ઉચ્ચ સ્વરથી મંજુળ સૂરાવલીઓ પ્રસારિત કરતા હતા. જીવદયાની શાંતિનાથ પ્રભુના પૂર્વભવની રચના, અષ્ટમંગલની બે સજાવેલી ગાડીઓ, વિશાળ સંયમ નૌકા, ગજરાજ, ૨૫ ઘોડેસ્વાર, અનેક બાજીગરોની મંડળીઓ, ઈન્દ્રધ્વજા, સૂરિરામ સ્મૃતિમંદિર-રથ, પ્રભુ પ્રવેશ નિમિત્તક રથ, ખેસ-સાફાબંધ વડીલોની હારમાળા, વિવિધ નયનાકર્ષક વેશભૂષામાં સજ્જ થઈ પરમાત્માના રથ સામે નૃત્ય કરતાં બાલુંડાઓ, અનેક મંગલકળશો મસ્તકે લઈ ચાલતી શકુનવંતી બહેનો, વિરાટ્ સુઘોષા ઘંટનાદ કરતી ગાડી, દશે દિશાને સોડમવંતી કરતી ધૂપગાડી વગેરે અનેક વિશેષતાઓથી સભર સામૈયાને જોતાં નયણો થાકતાં ન હતાં, એનું વર્ણન સાંભળતા કર્ણો થાકતા ન હતા, એમાં આગળ વધતા પાદયુગ્મો થાકતાં ન હતાં અને એનું અનુમોદન કરતાં મન અને હૈયાં પણ થાકતાં ન હતાં.

માટુંગાના વિવિધ પથ પરથી મંદ મંદ ગતિએ વહેતી પ્રવેશ-મંદાકિની છેવટે તેલંગ રોડ પર આવેલ 'ધર્મનગરી' નપ્પુ હોલ પાસે આવી. રસ્તાઓ ચિક્કાર થયા, ફુટપાથો નામના જ રહ્યાં. કારણ, ત્યાં ફુટ મુકવાની જ જગ્યા ન રહી, ઘરોની અગાશીઓ, અટારીઓ ને ગવાક્ષો પણ ભરચક થઈ ગયા. કોઈક પુષ્પવૃષ્ટિ કરતું હતું. કોઈક મોતી-ઉજ્વળ અક્ષત કે સોનારૂપાનાં ફૂલડે પૂજ્યોનું વધામણું કરતા હતા. કોઈ નારીઓ ઉતાવળ ઉતાવળમાં આવીને ગહૂંલી કરી જતી તો કોઈ પુણ્યાત્મા ભીડને ભેદી સૂરિ ભગવંતોના ચરણે ભક્તિભર્યા હૈયે મસ્તક નમાવી વંદન કરતા હતા. સૂરિ ભગવંતોના દર્શન સહુને થાય એ માટે પુણ્યાત્માઓએ ભક્તિથી કરેલી કોર્ડન કેટલીયે વાર તૂટી ને કેટલીયે વાર

સંઘાણી. કોઈના હૈયાં હાથમાં ન રહ્યાં હતાં. ભવનિસ્તારક સૂરિ ભગવંતોના પ્રવેશે ચંદ્રને જોઈ મહાસાગર વાંભ વાંભ ઊછળે તેવું દૃશ્ય જનમહાસાગરને ઉભરાતાં જોવા મળ્યું હતું.

શુભ મુહૂર્તે પૂજ્યોએ 'ધર્મનગરી' નપ્પુ હોલ અને વેલબાઈ સભાગૃહના પૂર્વ સન્મુખ દ્વારથી મંગલ પ્રવેશ કર્યો. મોંઘેરી મૂલ્યવાન ગહૂંલીઓથી પૂજ્યોને સત્કારવામાં આવ્યા. બન્ને ઈમારતોને નવવધૂની જેમ શણગારવામાં આવેલ. અંદર પ્રવેશતાં જ જાણે રાજમહેલમાં આવ્યા હોઈએ તેવી ભવ્ય સજાવટ કરવામાં આવેલ. ચારે બાજુ મખમલી પડદાઓ, કલાત્મક સ્તંભો, સુંદર બોર્ડોમાં કલાપૂર્ણ સુવિચાર, લેખન, હાંડીઓ, અલગ અલગ પૂતળાંઓ, સૂરિરામનું મહાકાય સ્મૃતિ મંદિર વગેરે અનેક બાબતો ઊડીને આંખે વળગે તેવી હતી. પ્રવેશદ્વારની એક તરફ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું મજાનું જિનાલય પણ નિર્માણ કરાયું હતું.

પૂજ્યોની વ્યાખ્યાન પીઠની સુંદર સજાવટ કરવામાં આવી હતી.

પૂજ્યપાદ વિદ્વદ્વર્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય વિચક્ષણસૂરીશ્વરજી મહારાજે મંગલાચરણ ફરમાવ્યા બાદ પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરિજી મહારાજે ગંભીર બુલંદ અવાજે મંગળ પ્રવચન કર્યું. ત્યારબાદ પ્રવચન પ્રદીપ પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલસૂરિજી મહારાજે રોચક શૈલીમાં મંગલ હિતશિક્ષા ફરમાવી.

મંગલ પ્રવેશને વધાવવા ગુરુપૂજનની ઉછામણી બોલાતાં, ભારે રસાકસી વચ્ચે ભોરોલ તીર્થ નિવાસી મહેતા નથુબેન હરિલાલ દેવચંદ ઝવેરી પરિવારે લાભ લીધો અને સર્વ સૂરિ પ્રમુખનું સુવર્ણ-રૌપ્ય મુદ્રાઓ મૂકી નવાંગી ગુરુપૂજન કર્યું હતું. જે સમગ્ર ઉછામણી તથા પૂજન દ્રવ્ય શાસ્ત્રમાં બતાવ્યા મુજબ દેવદ્રવ્ય ખાતે જમા કરવામાં આવેલ. મંડપમાં પ્રવેશતાં જ દરેક પુણ્યાત્માઓને વિવિધ પરિવારોએ સંઘપૂજન રૂપે ૧૫ ગ્રામની માટુંગા ચાતુર્માસની વિગતથી અંકિત રૌપ્યમુદ્રા અર્પિત કરી હતી.

ગામ-પરગામથી પધારેલ ૬૦૦૦ થી ૭૦૦૦ ભાઈ-બહેનોની સાધર્મિક ભક્તિ (સંઘજમણ) નપ્પુ હોલ, વેલબાઈ સભાગૃહ, અદરજીની વાડી અને પાયોનિયર સ્કૂલમાં રાખવામાં આવેલ. ખૂબ જ શાંતિ અને વ્યવસ્થાપૂર્વક કાર્યક્રમ સંપન્ન થયેલ. રોજિંદા પ્રવચનોમાં હાલ ત્રિષષ્ટીના આધારે 'સંસાર અને મોક્ષનું સ્વરૂપ' વિષયક વ્યાખ્યાનો ચાલે છે, જેમાં ખૂબ જ સારી સંખ્યામાં ભાવિકો લાભ લે છે. હવે પછી સૂત્ર તરીકે શ્રી આચારાંગજી-ધૂતાધ્યયનના વ્યાખ્યાનો શરૂ થશે. રવિવારીય ચાર-પાંચ કલાકની વ્યાખ્યાન-વાચના શ્રેણી, રાત્રિ પ્રવચન, બાળ સંસ્કરણ સામાયિક શ્રેણીનં પણ ટૂંકમાં પ્રારંભ થશે. વિવિધ સામુહિક તપારાધનાઓ અનુષ્ઠાનોની પણ જાહેરાત થશે. પૂજ્યોની સ્થિરતા 'ધર્મનગરી' નપ્પુ હોલ, વેલબાઈ સભાગૃહના બીજા-ત્રીજા માળે છે. રોજ સેંકડો પુણ્યાત્માઓ દર્શન-વંદન-પ્રવચન શ્રવણાદિનો અપૂર્વ લાભ લઈ રહ્યાં છે.

ચાતુર્માસ આયોજક પરિવારો

- **ગોવિંદજી જેવત ખોના**
- **તલકચંદ જસાજી (રૂમાલવાળા)**
- **નંદલાલ દેવચંદ શેઠ (કલકત્તાવાળા)**
- **સુશીલાબેન પુનમચંદ બાલુ**

શેઠ : તમે કયા કામમાં બહુ હોશિયાર છો ?

નોકર : રસોઈ, ડ્રોઈંગ રૂમ અને તિજોરી સાફ કરવામાં

દરદી : ડોકટર સાહેબ, વાળ સફેદ ન થાય તે માટે શું કરવું ?

ડોકટર : મુંડન કરાવી નાંખો.

શિક્ષક : મનુષ્ય કરતાં પ્રાણીઓની દ્રષ્ટિ સારી કેવી રીતે કહી શકાય ?

ટિકુ : કારણ કે પ્રાણીઓ ચશ્મા પહેરતા નથી.

(યુ.સ.)

જા. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર

સૂરિશ્રેષ્ઠ, વ્યાખ્યાન વાચસ્પતિ, સુવિશાળ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ

શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની

આઠમી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે

તેઓશ્રીજીના શિષ્ય-પ્રશિષ્યરત્નો

વર્તમાન તપોનિધિ **પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજ** તથા

પ્રવચન પ્રભાવક **પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ**ની પુણ્યનિશ્રામાં

ગુણાનુવાદ સભા પ્રસંગે ગુરુ ગુણકિર્તિ કરતું ગીત.

(રાગ- હૈ યે પાવન ભૂમી, યહાઁ બાર-બાર આના)

હો તન મન ધન અર્પણ, સૂરિરામચંદ્ર ચરણે.
કુરબાન થયા જે તો, સદ્ધર્મતણા શરણે. આં૦

ઝગમગતો પ્રગટ્યો'તો, દહેવાણમાંહે એક દીપ,
સમરથના ધામ માને, અજવાળતો એ પ્રદીપ,
આ કોહીનૂરત ન, કર્યા પેલ માડી રતને....૧.

બહુ નાની ઉંમરે તો, બહુ જ્ઞાની કહેવાયા,
સૂરિશ્રેષ્ઠોના વચને, જ્યોતિસમ ચમકાયા,
મુખથી મોતી વરસે, જિનવાણી સદા વદને...૨.

ગંધાર તીર્થ સ્વામી, અમીઝરા પાર્શ્વ પામી,
વૈરાગ્ય તણા કામી, દરીયો ગગનગામી,
ઘનઘોર વિઘ્ન મારી, ધરી પુણ્ય-પ્રવજ્યાને...૩.

ત્રિભુવનમાં એ ઉગ્યો, મુનિ રામવિજય તારો,
ધ્રુવ તારો શાસનનો, કરુણા-સરિતા કચારો,
જેના અમૃત સ્પર્શે, પહોંચ્યા અમે ભવ-મરણે..૪.

મુનિ પર્યાયે તું તો, ગાજ્યો હિંદુસ્તાને,
તુજ એક જ સિંહનાદે, રક્ષણ આપ્યું અજને,
સંવેગ ભરી વાણી, સુણી અમી ઝરે કાને...૫.

દીક્ષા તણી દેવી, આવી'તી બંધનમાં,
દીક્ષાના ગાધરો, બનતા'તા અંધસમા,
દીક્ષાના દાને તેં, કર્યા દૂર તે બંધનને...૬.

વળી દેવદ્રવ્ય સામે, બગડી'તી કેઈ નજરો,
ઓચ્છવ-મહોચ્છવ સઘળા, ફોગટ છે બંધ કરો,
તુજ વિધિ-પ્રરૂપણાએ, ભાગ્યા પશુસમ તે વને..૭.

શ્રી તપાગચ્છમાં યે, તિથિમાં ગરબડ પડી,
ઉદયાત્ વિરાધીને, કલ્પિત કરાતી તિથિ,
તેં શાસ્ત્ર બધાં જોઈ, પ્રગટાવ્યો મારગને..૮.

તુજ પુણ્ય તણો પરચો, થાતો'તો પળે પળે,
તુજ પત્ર તણા દાને, મહારોગે સમાધિ મળે,
તુજ પ્રેમભર્યા વચને, જીત્યા સૌ સમતા ઘને..૯.

સૂરિ-પ્રેમ ગુરુમાને, આપીને તેં શાંતા,
અંતિમ સમયે નિજના, શમ-સરવરમાં નહાતા,
ચરિતાર્થ કરી જાણ્યું, તીરથ સમ જીવતરને..૧૦.

તુમે દર્શને સ્થિત રહી, અંતિમ દર્શન દીધું,
સાબરમતીએ પોઢી, સ્વર્ગે પ્રયાણ કીધું,
નોંધાર બન્યા આજે, ગુરુરાજ ગુમાવીને...૧૧.

છેલ્લી વિનંતિ સુણજો, જો દાસ કરી જાણો,
ગુણકીર્તિયશ કેરા, દાને શીદને તાણો,
મુનિ રત્નયશતણા, સૂરિરામ સદા હો મને...૧૨.

● વિ. સં. ૨૦૫૫, અષાઢ વદ ૧૪, મંગળવાર તા.૧૦-૮-૧૯૯૮ ●

સ્થળ : ધર્મનગરી, લખમશી નપ્પુ હોલ, વેલબાઈ સભાગૃહ, માટુંગા

પરિભાષા

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- આ સંસારથી પાર ઉતારે તેનું નામ મંગલ. તે મંગલ તરીકે જગતમાં કોઈ હોય તો તે સુદેવ-સુગુરૂ અને સુધર્મ.
- ધર્મના કામ એટલે કસ્તૂરીની દલાલી એમ શાસ્ત્રે કહ્યું છે. છતાં પણ જેની જાત ખરાબ હોય તે કસ્તૂરીના ભેગો કોલસો પણ વેચી નાંખે.
- સંસારથી બહાર કાઢવા અને મોક્ષે જવા સહાય કરે તેનું નામ સંઘ. સંઘ તો જગતનું જવાહિર છે. સંઘ જગતને જીવાડનાર છે. સંઘના પુણ્યે જગત જીવે છે. સંઘ એટલે ભગવાને કહેલ જ બોલનાર, ભગવાને કહેલું જ આચરનાર. જેટલું ન અચરાય તેનું જેને દુઃખ હોય તે.
- દેવ-ગુરુ-ધર્મની સઘળી ય સામગ્રી મળવા છતાં તેની કિંમત ન સમજાય, તેને ઓળખવાનું મન ન થાય, જાણવાનું મન ન થાય, સમર્પિત થવાનો ભાવ ન થાય તે તેની મોટામાં મોટી આશાતના છે અને જીવનો ભયંકર પાપોદય છે.
- જે માણસ લક્ષ્મીને લાત મારે તેને પગે લક્ષ્મી પડે. જે લક્ષ્મીની પૂંઠે ફરે તેને લક્ષ્મી લાત મારે.
- જેટલી ચીજો સંસાર તારક છે તે બહુ અયોગ્ય જીવો માટે સંસારમાં ડૂબાડનારી છે. જે ચીજો સંસારમાં ડૂબાડનારી છે તે યોગ્ય જીવોને તારક રૂપે છે.
- જેની પૂંઠ સંસાર તરફ ન હોય, મોઢું મુક્તિ તરફ ન હોય તેને વીતરાગના ધર્મની ગંધ પણ ન આવે.
- જૈન સંઘમાં સાધર્મિક માટે ફંડ કરવા પડે તે જૈન સંઘની કજેતી !
- પાપ ન હોત તો દુઃખ ન હોત, વિષયની પરવશતા અને કષાયની આધીનતા ન હોત તો પાપ ન હોત !
- મરણથી ડરવું તે બેવકૂફી છે. જનમથી ડરવું તે ડહાપણ છે.
- દીક્ષા આત્માની સાચવણી માટે છે. શરીરની સાચવણી માટે નથી.
- દુઃખનો ડર અને સુખનો લોભ તેનું નામ જ સંસાર !

જૈનં શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક
ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

Rec'd 6/12/99

મોહરૂપ ભાવરોગની ચિકિત્સાનો ઉપાય

નિવ્વિગઇ નિબ્બલોમે,
તવઉદ્ધટ્ઠાણમેવ ઉબ્ભામે ।
વેયાવચ્ચાહિંડણ,
મંડલિ કપ્પટ્ટિયાહરણં ॥

નિર્વિકૃતિ-વિગયનો ત્યાગ કરે, વાલ-ચણા વગેરે નિર્બલ આહાર કરે, ઉણોદરી કરે, આયંબિલ વગેરે તપ કરે, કાયોત્સર્ગ કરે, ભિક્ષાચર્યા કરે, વૈયાવૃત્ય કરે, ભિન્ન દેશોને વિષે વિહાર કરે અને સૂત્રાર્થની મંડલીમાં પ્રવેશ કરે - આ પ્રમાણે મોહ રોગની ચિકિત્સા છે.

(શ્રી સ્થાનાંગ સૂત્ર. અધ્ય.-૪, ઉ.-૪ ગા.-૧૯૮)

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

વર્ષ ૧૨

અંક ૫-૬-૭-૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

૩૧૧

જૈન શાસન

અઠવાડિક

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી મહારાષ્ટ્ર દેશોદ્ધારક જૈન પેઢી

રજિ. નં. ઈ-/૨૩૩૩ / પૂણે / ૯૬

રોયલ હેરીટેજ બિલ્ડીંગ, ગંજમાળ સિગ્નલ પાસે, જી.પી.ઓ. રોડ,

નાશિક - ૧. : ફોન ૭૫૮૧૭૫, ફેકસ (૦૨૫૩) ૩૫૬ ૦૭૭

મહારાષ્ટ્ર દેશોદ્ધારક પેઢીના અન્વયે સાસવડ નગરની ધરતી પર નિર્માણાધીન જિનમંદિર માટે ૨ રજુપત્રક

મહારાષ્ટ્ર દેશને ધર્મપ્રાપ્તિના અનન્ય સાધનસમા શ્રી જિન મંદિર અને ઉપાશ્રોથી મંડિત કરવાના એક માત્ર ધ્યેયને વરેલી આ સંસ્થાના અન્વયે સાસવડ નગરે એક દેવવિમાન સદશ ભવ્ય શ્રી જિનમંદિર નિર્માણ કરવાનો અમે નિર્ધાર કર્યો છે. નિર્માણમાં લાભ લેવાની યોજનાઓ નીચે મુજબ છે. તો આપ સ્વયં અથવા આપના ટ્રસ્ટ થી અથવા સંઘના દેવદ્રવ્યનિધિમાંથી લાભ લઈને આ શુભ કાર્યમાં સહભાગી બનશો એવી અમારી હાર્દિક વિનંતી છે.

● શ્રી જિનમંદિર નિર્માણની યોજનાઓ ●

જિનમંદિર ગર્ભગૃહ નિર્માણ	(અનુમોદનારૂપે નામોલ્લેખ થશે)	૧૧,૧ .,૧૧૧ રૂ.
શિખર નિર્માણ	,,	૯,૧ .,૧૧૧ રૂ.
રંગ મંડપ નિર્માણ	,,	૯,૧ .,૧૧૧ રૂ.
ઘુંમટ નિર્માણ	,,	૭,૧ .,૧૧૧ રૂ.
શૃંગાર ચોકી નિર્માણ (જમણી બાજુ)	,,	૫,૧ .,૧૧૧ રૂ.
શૃંગાર ચોકી નિર્માણ (ડાબી બાજુ)	,,	૫,૧ .,૧૧૧ રૂ.
સ્તંભ નિર્માણ (એક સ્તંભના)	,,	૧,૧ .,૧૧૧ રૂ.

૨૫ હજાર કે તેથી વધુ આપનારા સંઘનો નામોલ્લેખ થશે.

પુણ્યાનુબંધી પુણ્યનું નિર્માણ કરીને શાશ્વતપદ સુધી પહોંચાડનારા આ શુભ કાર્યમાં આપ અવશ્ય સહભાગી બનો એવી અમારી આશા અને અપેક્ષા છે.

ડી.ડી., શ્રી મહારાષ્ટ્ર દેશોદ્ધારક જૈન પેઢી - નાસીક નામથી નાસીકના સરનામે મોકલશો જી.

લી.

શ્રી મહારાષ્ટ્ર દેશોદ્ધારક જૈન પેઢી, પુના - નાસિક

■ સંપર્ક ■

શ્રી મનસુખલાલ રીખવચંદ શાહ આઝાદ ચોક, માલેગામ, જિ. નાશિક-૪૨૩ ૨૦૩. ફોન : (૦૨૫૫) ૪૩૨૪૫૩, ૪૩૪૩૨૦	શ્રી મિશ્રીલાલજી લખીચંદજી કોઠારી ન્યુ પ્લોટ, અમળનેર જિ. જલગામ ફોન : (૦૨૫૮૭) દુ. : ૨૨૦૪૫ રે. : ૨૩૨૬૭, ૨૩૩૩૬૭ ૨૩૬૬૭
શ્રી રામલાલ વીરચંદજી સંઘવી ૫૩, એ ટીંબર માર્કેટ, પૂના-૪૨. ફોન : (૦૨૧૨) ૬૫૪૪૪, ૬૫૧૪૮૨	શ્રી રમેશભાઈ મણીલાલ શાહ રોયલ હેરીટેજ, ગંજમાળ સિગ્નલ પાસે, જી.પી.ઓ. રોડ, નાસિક-૧. ફોન : (૦૨૫૩) ૭૫૮૫૨, ૭૬૧૭૫ રે. : ૫૭ ૦૦૦
શ્રી છબીલદાસ અમુલખભાઈ શાહ ૫૨, સુધાકલશ, પાંચમે માળે, સર જમનાદાસ મેહતા રોડ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : (૦૨૨) ૩૬૨૪૫૮૫, ૩૬૨૧૨૫૧	શ્રી લલિતભાઈ રતનચંદ કોઠારી ૫, કેપ્રી-માનવ મંદિર રોડ, કેપ્રી. વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬. ફોન : ૩૬૩૪૨૩૭, ૩૬૧૭૪૮૭

आराद्धा विराद्धा च. शिवाय च भवाय च

हालार देशोद्धारक पू. आ. श्री विजयअमृतसूरीश्वरजी महाराजની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)



વર્ષ : ૧૨ ૨૦૫૫ કારતક વદ-૮ મંગળવાર તા. ૩૦-૧૧-૯૯ (અંક ૫/૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ : વ્યાખ્યાન - પાંત્રીશમું

પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદિ - ૧૫, રવિવાર તા. ૯-૮-૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦૦૦૬.

(શ્રી જિ ાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

नाणंपयाः यं सोहणो - तवो संजमो य गुत्तियरो ।
तिण्हंपि ंमायोगे, मोक्खो जिणसासणे भणिओ ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થ ને પા નેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્ વરજી મહારાજા જે મોક્ષને માટે જ ધર્મ કરવાનો છે તે મોક્ષ કયારે ાળે તેના ઉપાયો સમજાવી રહ્યા છે. જે જીવને આત્મસ્વરૂપનું ાન પેદા કરનાર વસ્તુ તત્ત્વનું પ્રકાશક એવું જ્ઞાન પેદા થાય, આ માની અંદર પડેલાં કર્મોને વીણી વીણીને બહાર કાઢે તેવો તપ ાવે અને આત્મામાં નવા કર્મોનો પ્રવેશ ન થાય તેવું ગુપ્તિને કા નારું સંયમ આવે તો જીવનો મોક્ષ થાય એવું શ્રી જિનશાસનમાં ફરમાવેલું છે. આ વાત ધર્મના આરાધકો સારી રીતે સમજતા ોય છે. પરંતુ આજે મોટેભાગે વર્તમાનમાં ધર્મનો આરાધક વર્ગ ર્મ કેવી રીતે કરવો, શા માટે કરવો તે સમજવાની દરકાર પણ કર ો નથી.

એક સા ાયિક કરનાર જીવ પણ કેવો હોય, સામાયિકમાં કેવી રીતે જી ાય, સામાયિકમાં તેની મનોદશા કેવી હોય તે બતાવવા માટે મુહપત્તિના પચાસ બોલ બતાવ્યા છે. ગુજરાતીમાં બનાવેલ સ્પષ્ અર્થ સમજાય તેવા આ પચાસ બોલ પણ ઘણા જાણતા નથી ાને જે જાણે છે તે બોલતા નથી, સમજવા છતાં ય બોલતા નથી. આ બોલમાં શ્રી જૈનશાસનને પામેલા જીવની ઈચ્છા શી હોય, સંસારમાં રહેવા છતાં ય કેવી રીતે જીવવાની મરજીવાળો હોય, સાધુ ન થઈ શકાય તો શ્રાવકપણ ાંય કેવી રીતે જીવે તેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. ધર્મ કરનારાને આ બધું જ્ઞાન ન હોય તે બને નહિ. પણ આજના ધર્મ કરનારાને આ બધું સમજવાની દરકાર જ નથી, ધર્મ થાય તો ય ઠીક, ન ાય તો ય ઠીક તેવી મોટાભાગની વૃત્તિ છે.

જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના કરવા ઈચ્છનાર અને જ્ઞાનદર્શન-ચારિત્રની વિરાધનાથી બચવા ઈચ્છનાર તેમજ મનગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિને આદરવા ઈચ્છનાર અને મન-વચન-કાયાથી લાગેલા પાપથી બચવા ઈચ્છનાર જીવ કેવો ઉમદા હોય ! હવેનો બોલ છે 'હાસ્ય-રતિ-અરતિ પરિહરું', સામાયિકમાં કોઈની ય હાંસી-મશ્કરી થાય ? પવનની લહેર સારી આવે તો હાશ થાય, સારું થયું,મઝા આવી તેમ થાય તો તે રતિ છે. સામાયિકમાં હવા ન હોય અને ગરમી થાય તો હાથથી કે વસ્ત્રાદિથી પવન નાખ્યા કરે તે અરતિ છે. હાંસી-મશ્કરી, રતિ-અરતિ પાપ બંધાવનાર છે માટે તેનો ત્યાગ કરવાનો છે. એક સામાયિક પણ સારી રીતે કરે તેનું જીવન સુધરી જાય.

પછીનો બોલ છે 'ભય, દુગંછા, શોક પરિહરું' આ બોલનારને ખબર છે કે - મારાં કર્મ વિના મારું ખરાબ થાય જ નહિ. મને દુઃખ આવે, આપત્તિ આવે, તકલીફ ઊભી થાય તે

મારા કર્મથી જ. આવું માનનાર જીવને ભય કોનો હોય ? તે તો શત્રુથી પણ ગભરાતો નથી. શત્રુ પણ મારા પાપનો ઉદય હોય તો જ મારું બૂરું કરી શકે. ગમે તેવો પ્રસંગ બને તો ય તે સમજે કે - બનવાનું હોય તે જ બને. સારો પણ સંબંધી આયુષ્ય પુરું થાય તો પૂછયા વિના મરે, આપત્તિ પણ પૂછયા વિના આવે તો તેનો શોક ન થાય. ઘર સળગ્યું સાંભળે તો પણ સામાયિકમાંથી ઊઠીને ન દોડે. જ્યારે આજે તો ઘર સળગ્યું તેવું સાંભળે તો સામાયિક-પૌષધ-મૂકીને જનારા ઘણા છે ખરાબ ચીજ આંખ સામે આવે તો મોં બગડે તેનું નામ દુગંછા છે. સામાયિક કરનારમાં આ દોષ હોય ખરો ? જ્ઞાનિઓએ આપણા બધાની કેટલી બધી ચિંતા કરી છે ! એક સામાયિક કરવું હોય તો પણ આત્માને કેવો બનાવવો પડે ! આવું એક સામાયિક સાચા ભાવે કરે તેને જીવનભરનાં સામાયિકની ઈચ્છા ન થાય એવું બને ખરું ? આવું જીવન જીવવું હોય તે કયારે બને ? લેશ્યા સુધરે તો.

છ લેશ્યા છે. તેમાંની પ્રથમની ત્રણ ખરાબ છે, અને પછીની ત્રણ લેશ્યા સારી છે. માટે તે કહે છે કે - 'કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા પરિહરું'. લેશ્યાનું સામાન્યથી સ્વરૂપ સમજાવવા માટે શાસ્ત્રકારો એ જે દૃષ્ટાન્ત કહ્યું છે તેની વાત કરવી છે. છ મિત્રો અટવીમાં ગયા છે. ત્યાં ભૂખ લાગી છે તો એક જાંબુનું ઝાડ જૂએ છે. તેમાં એક કહે છે - આ આખું જાંબુનું ઝાડ કાપી નાખીએ તો સુખેથી ખાવા હોય તેટલા જાંબુ ખવાય. કૃષ્ણ લેશ્યાનો પરિણામ આ જીવના વિચાર જેવો હોય છે. બીજો પુરુષ કહે કે - કેટલા વર્ષે આટલું મોટું ઝાડ ઊગ્યું હશે. તો તેને આખું મૂળમાંથી કાપી નાખવું તેના કરતાં તેની મોટી મોટી શાખાઓ જ કાપવી. નીલ લેશ્યાવાળો જીવ આના જેવા પરિણામવાળો હોય. ત્રીજો પુરુષ કહે છે કે -મોટી મોટી શાખાઓ પણ શા માટે કાપવી ? તેના કરતાં નાની નાની ડાળીઓ કાપવી સારી. કાપોત લેશ્યાવાળા જીવના પરિણામ આના જેવા હોય. ચોથો પુરુષ કહે કે - ડાળીઓ પણ શા માટે કાપવી ? માત્ર તેના ઉપરની લૂમો જ તોડવી. તેજો લેશ્યાના પરિણામ આ જીવના વિચાર જેવા હોય. પાંચમો પુરુષ કહે કે - લૂમો પણ શા માટે તોડવી ? તેના ઉપરનાં પાકી ગયેલા જાંબુ જ તોડવા. પદ્મલેશ્યાવાળા જીવનો પરિણામ આવો હોય. છઠ્ઠો પુરુષ કહે કે - આપણે પેટ ભરવા જાંબુ ખાવા છે તો આવું બધું કશું જ કરવાની જરૂર નથી. નીચે પાકી ગયેલા જાંબુ પડયા છે તો તે જ ખાઈ લઈએ એટલે કામ પત્યું. આના જેવા પરિણામ શુકલ લેશ્યાવાળા જીવના હોય. આના ઉપરથી પણ કાંઈ સમજાય છે ? તમે કઈ લેશ્યાવાળા છો ?

વેપારાદિ કરનારા તમારા લોકોની લેશ્યા કઈ છે ? 'ગમે તેમ કરીને પૈસો જ મેળવવો છે અને સંસારની મોજમઝા કરવી છે' તેવા વિચારવાળા જીવોની કઈ લેશ્યા કહેવાય ? સામાનું શું થાય તે જોવાનું નહિ. જે આવે તે જો ભલો-ભોળો હોય તો ઠગ્યા વિના રહેવું નહિ આવું મન કોને હોય ? ખરાબ લેશ્યાવાળા ને જ. જે જીવ લેશ્યાનું સ્વરૂપ સમજે તે કેવો થઈ જાય ? તેનું હૈયું નિર્મળ થઈ જાય. આજે તમે જે રીતે જીવો છો તે પરથી લાગે કે - મોટાભાગમાં લેશ્યા સારી છે જ નહિ. લેશ્યા સારી નથી તેથી ઘર-ઘરમાં કજીયા-કંકાશ ચાલુ છે, પરસ્પર મેળ પણ જામતો નથી. ધર્મી જીવની આવી મનોવૃત્તિ ન હોવી જોઈએ. માટે કહે છે કે - કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા નો ત્યાગ કરવો જોઈએ અને તેજો લેશ્યા, પદ્મલેશ્યા અને શુકલ લેશ્યા જેવી ઉત્તમ કોટિની લેશ્યાઓ હંમેશા બની રહેવી જોઈએ. એક સામાયિકમાં પણ જે આવી લેશ્યા ઈચ્છે તે દિવસ અને રાત્રિમાં પણ કઈ લેશ્યા ઈચ્છે ? આ પચાસ બોલમાં કેવી કેવી મઝેથી વાતો કરી છે તે સમજાય છે ?

જગતના જીવો સારું સારું ખાવા-પીવા, પહેરવા-ઓઢવા ઈચ્છે છે, સારામાં સારી ઋદ્ધિ-સંપત્તિ ઈચ્છે છે, બધા જ લોકો ખૂબ ખૂબ માન-પાનાદિ આપે તેમ ઈચ્છે છે. તે બધા જીવો ક્રમશઃ રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવવાળા કહેવાય. સારું સારું ખાવા-પીવાદિ જોઈએ તે રસગારવ છે, બહુ ઋદ્ધિની ઈચ્છા તે ઋદ્ધિગારવ કહેવાય અને ખૂબ ખૂબ સંસારનું સુખ માનાદિનું મળો તેવી ઈચ્છા તે શાતાગારવ છે, આ ત્રણે ગારવ પાપરૂપ છે અને તેનાથી પાપ જ બંધાય છે માટે ધર્મી જીવમાં તે હોય નહિ. માટે તે ત્રણે ગારવ પરિહરવાના છે. તેથી કહે છે કે 'રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું.' તમારામાં આ ત્રણ ગારવ છે ? તે પરિહરવા જેવા લાગે છે ? જે જીવો આ બોલ સમજયા હોત અને સમજી સમજીને બોલતા હોત તો તેમની સ્થિતિ કેવી હોત !

તે પછીના બોલ છે 'માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વ શલ્ય પરિહરું.' તમને આ ત્રણે શલ્યનો ખૂબ ખૂબ ભય લાગે છે ? કોઈ વાત હૈયામાં જુદી રાખવી અને બહાર જુદી દેખાડવી તેનું

નામ માયા છે. તે મનમાંને મનમાં રાખીને પાપ કરવું તેનું નામ માયાશલ્ય છે. બહારથી પ્રેમ દેખાડવો અને અંદરથી તેનું ખરાબ થાય તેમ ઈચ્છવું તેને શું કહેવાય ? મને આ ધર્મથી આવી આવી સુખસામગ્રી મળો તેવી ભાવના તે નિયાણું કહેવાય છે. આ બે શલ્ય કોનામાં હોય ? જેનું મિથ્યાત્ત્વ જીવતું હોય તેનામાં. મિથ્યાત્ત્વ એવું છે જે ધર્મને અધર્મ, ગુરુને કુગુરુ અને સુદેવને કુદેવ સમજાવે અને અધર્મને ધર્મ, કુગુરુને સુગુરુ અને કુદેવને સુદેવ સમજાવે.

સભા : મિથ્યાત્ત્વ મોહનીય અને મિથ્યાત્ત્વ શલ્યમાં ફેર શો ?

ઉ. શલ્ય કોને કહેવાય તે સમજો છો ? જે અંદર જ પડયું રહે. ઘણાં પાપની આલોચના કરે પણ મહત્ત્વની વાત જ ન કરે તો તે શલ્ય કહેવાય. શાસ્ત્રે કહ્યું છે કે - જે જીવ શલ્ય સહિત મરે તે દુર્ગતિમાં જ જાય.

પ્રાયશ્ચિત પણ હંમેશા શલ્ય રહિત જ કરવું જોઈએ. લક્ષ્મણા સાધ્વીજીની વાત તમે દરેકે દરેકે પર્યુષણા પર્વમાં સાંભળો છો. ચકલા-ચકલીનું મૈથુન જોઈને તે સાધ્વીજી વિચારે છે કે ''સવેદીના વેદની વેદના દુઃખની અવેદી એવા શ્રી તીર્થંકર પરમાત્માઓને શી ખબર પડે ?'' તે સમજી હતી એટલે તરત જ લાગ્યું કે મને ખોટો વિચાર આવ્યો. પ્રાયશ્ચિત કરવા ગઈ તો પૂછે છે કે આવો આવો વિચાર આવે તો શું પ્રાયશ્ચિત આવે ? પ્રાયશ્ચિત લીધું, પચાસ વર્ષ સુધી એવો કઠોર તપ કર્યો છતાં પણ તે પાપ ટળ્યું નહિ; કેમ કે હૈયામાં શલ્ય રહી ગયું હતું. આ શલ્ય બહુ ભયંકર છે

મિથ્યાત્ત્વ મોહનીયની પ્રકૃતિ હજી ખપી જાય છે જ્યારે હૈયામાં રહેલું મિથ્યાત્ત્વશલ્ય તો જ્યાં સુધી તે શલ્ય ન નીકળે ત્યાં સુધી નવું ને નવું, પાપ બંધાવે જ.

ધર્મથી જેને મોક્ષ કે મોક્ષના સાધન વિના બીજું મેળવવાની ઈચ્છા થાય અને તે ઈચ્છાપૂર્વક ધર્મ કરે તો તે કયું શલ્ય કહેવાય તે સમજાય છે ? તેવી ઈચ્છાવાળો જીવ ગમે તેટલો સારામાં સારો ધર્મ કરે તો પણ તે ધર્મ ધર્મ કહેવાય ખરો ? ૧૯૮૫માં આ જ મુંબઈમાં એક માણસને મેં સારામાં સારી સામગ્રીથી ભગવાનની પૂજા-ભક્તિ કરતો હતો તે ભગવાનની મૂર્તિ માટે ય અંગલૂંછણાં જુદા રાખે અને શ્રી સિધ્ધચક્રજીના ગટ્ટાનાય અંગલૂંછણાં જુદા રાખે. તેની સામગ્રી જૂઓ તો ય આનંદ થાય. તેને આવી રીતે દરરોજ ભગવાનની પૂજા-ભક્તિ કરતો જોઈને મને થયું કે - આ જીવ સારો લાગે છે. તેને મળવા માટે એકવાર હું બહાર ઉભો રહ્યો. તે બહાર નીકળ્યો એટલે મેં તેને પૂછયું કે - તમે વ્યાખ્યાનમાં કેમ નથી આવતા ? આટલું સાંભળતાં તો તે મારી ઉપર એકદમ ગરમ થઈ ગયો અને મને કહે કે - ''શું વ્યાખ્યાનમાં આવે ? 'સાધુ જ થવું જોઈએ, સાધુ જ થવું જોઈએ' એ વિના બીજી વાત જ કરતા નથી. મારે સાધુ થવું નથી.'' મેં કહ્યું કે - તો પછી આટલી સારી પૂજા શા માટે કરો છો ? પછી જરા ઠંડો પડીને કહે કે - 'મને મંગળ નડે છે ! ' આવો જીવ ગમે તેટલી સારામાં સારી પૂજા કરે તો પણ તે પૂજાદિથી તેને શું લાભ થાય ?

પોતાના પાપના યોગે આવેલી આપત્તિ મઝેથી ભોગવવી નથી અને આવેલી આ આપત્તિ જાય તે માટે ભગવાનની પૂજા-ભક્તિ કરે અને પોતે બાંધેલ પાપકર્મ નિકાચિત હોય તો ? પછી તો તે પૂજાની ય નિંદા કરે, ભગવાનની ય નિંદા કરે, ધર્મની ય નિંદા કરે અને બિચારો ધર્મ પામે નહિ પણ ઉપરથી પામેલો ધર્મ પણ હારી જાય. આજે તો દુનિયાના સુખની ઈચ્છાથી પૂજા કરનારા ઘણા છે. ભગવાનની પૂજા કરનારાને આ સંસારનું સુખ કેવું લાગવું જોઈએ ? પુણ્યથી મળેલું કે મળતું પણ તે સુખ છોડવા જેવું છે કે ભોગવવા જેવું છે ? તમે તે સુખ ભોગવો છો તે દુઃખી હૈયે ભોગવવું પડે માટે ભોગવો છો કે મઝાથી ભોગવવા જેવું માનીને ભોગવો છો ? તે સુખમાં મઝા કરે તો પાપ બંધાય કે પુણ્ય બંધાય ? સુખમાં જ મઝા કરતો કરતો મરે તો કઈ ગતિમાં જાય ? દુનિયાના સુખમાં લહેર કરતાં અને માન-પાનાદિમાં મોજ કરતાં તમને દુર્ગતિ યાદ આવે છે ? 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે' પણ તે પૂજાની ઈચ્છા જો વિદ્વાનને ય થાય તો તે ય મોટેભાગે દુર્ગતિમાં જાય. સારા માણસને માન મળે તે મોટી વાત નથી પણ જો તે સારો માણસ પણ માન ઈચ્છે તો તેનું ય સારાપણું નાશ પામે. તમે બધાએ જો આ પચાસ બોલનો બરાબર અભ્યાસ કર્યો હોત તો આત્માને આ બધી સમજણ આવ્યા વિના રહેત નહિ ! આ બધું સમજનારો જીવ તેને જ આચરવાની મહેનત કરે, ન આચરાય તેનું દુઃખ હોય. 'શ્રાવક સંસારમાં મઝેથી રહે નહિ' આ વાત ઘણાને વધારે પડતી લાગે છે. શ્રાવકથી સંસાર છોડી શકાતો નથી માટે તે સંસાર નથી છોડતો. હૈયાથી તો સંસાર છોડવો છે પણ કર્મનાં એવાં બંધનમાં પડયો છે કે તેનાથી સંસાર છોડી શકાતો નથી. જે

શ્રાવક હોય તેની આ વાત છે, તમારી નહિ. શ્રાવક સંસારમાં કેમ રહ્યો છે તેને માટેનો અમારો આ બચાવ છે પણ વાણિયાઓ માટે નથી. હું તમારો આવો બચાવ કરું અને તમને કોઈ પૂછે કે - તમે દુઃખથી સંસારમાં રહ્યા છો તો શું જવાબ આપો ?

ધર્મ કેમ થાય, શી રીતે થાય તે બધી સમજણ જે સામાયિક કરનારો આ પચાસ બોલ સમજ્યો હોય તેને થઈ જાય. જ્ઞાન જોઈતું હોય તેને મળે કે જ્ઞાન ન જોઈતું હોય તેને પણ મળે ? ધર્મ ક્રિયા કરનારામાં ધર્મનાં સ્વરૂપનું ધર્મનાં આવશ્યક સૂત્રોનું જ્ઞાન હોવું જોઈએ. આજે ધર્મક્રિયા કરનારા તે બધામાં તે જ્ઞાન છે ? આ જ્ઞાન વગર પૈસે ભણાવનારા મળે છે તે છતાં પણ આજે આ જ્ઞાન મેળવનારા કેટલા છે ? મા-બાપ પૈસા ખરચીને છોકરાઓને સ્કૂલ-કોલેજોમાં મોકલે છે પણ પાઠશાળામાં મોકલે છે ? તમને પોતાને આ જ્ઞાનની જરૂર લાગી છે ? આ જ્ઞાન નહિ હોય તો તમારી આ બધી ધર્મક્રિયા ફોગટ જવાની છે, વખતે નુકશાનકારક થવાની છે. ધર્મ કરનારા મરીને કયાં જાય ? શાસ્ત્રે તો કહ્યું કે - સદ્‌ગતિમાં જ જાય. આજના ધર્મ કરનારા સદ્‌ગતિમાં જાય ખરા ?

સભા : ધર્મ એટલે ક્રિયા કે પરિણામ ?

ઉ. - પરિણામ વગર ક્રિયા સારી થાય ખરી ? અભવ્ય જીવો દુર્ભવ્ય જીવો અને ભારેકર્મી ભવ્ય જીવો સારામાં સારું ચારિત્ર પાળે પણ તેને કદી વિરતિના સાચા પરિણામ આવે જ નહિ, એટલું જ નહિ પણ તે આત્માઓ સમ્યક્‌ત્વ પણ પામે નહિ, તેમજ એ ત્રણે પ્રકારના જીવોને મોક્ષની વાત પણ રૂચે નહિ.

સમ્યગ્‌જ્ઞાન જોઈએ, સમ્યગ્‌જ્ઞાનની શ્રદ્ધા જોઈએ અને શ્રદ્ધા સાથે આચરણ પણ જોઈએ, આચરવાનું મન પણ જોઈએ. જે કરવાની ઈચ્છા જ નહિ તેની શ્રદ્ધા પણ ખોટી. શાસ્ત્રે, શ્રદ્ધા એટલે કરણાભિલાષ એમ કહ્યું છે. ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા હોય તેને ભગવાનનાં દર્શન-પૂજન વગર ચાલે ? જેના રોજ દર્શન-પૂજન કરે તે મારા માટે શું કરવાનું, શું નહિ કરવાનું કહી ગયા છે તે જાણ્યા વગર રહે ? રોજ પૂજા કરવા છતાં હજી ઘરમાં કેમ બેઠા છો તેમ પૂછે તો શું કહો ? એમ જ કહો ને કે - ''મારો ભારે પાપોદય છે, હજી આ ઘરમાં રહેવાનું પાપ તૂટતું નથી, તે તોડવા માટે રોજ પૂજા કરું છું.'' સાધુ થવા માટે જ ભગવાનની પૂજા કરવાની છે તો તે માટે પૂજા કરનારા કેટલા મળે ? અષ્ટ પ્રકારી પૂજાના દૂહા આવડે છે ને ? ગુજરાતી ભાષામાં લખેલા તે દૂહા રોજ બોલનારા છે પણ તેને ખબર નથી કે પૂજા શા માટે કરવાની છે ? આ શું આશ્ચર્ય નથી !

સારામાં સારા ફળ-નૈવેદ્ય રોજ ચઢાવે તે ઘેર જઈને મિષ્ટાન્ન મઝેથી ખાય તે બને ? નૈવેદ્ય પૂજા સારી રીતે કરનારો મઝેથી ખાય-પીએ, તો તે નૈવેદ્ય પૂજાના ભાવને સમજ્યો છે ખરો ? અણાહારી પદ જોઈતું હોય તો ભગવાન શી રીતે આપે ? મઝેથી ખાવા પીવાથી અણાહારી પદ મળે ? તમે બોલો છો શું અને કરો છો શું ? રોજ પૂજા કરનારો ભગવાનની આજ્ઞા મુજબ જીવે કે મોહની આજ્ઞા મુજબ જીવે ? સંસારમાં મોહની આજ્ઞાથી રહેવું પડે. તમે સંસારમાં રહ્યા તે મોહનો પ્રતાપ છે. તે મોહનો ત્યાગ કરવાનો છે માટે તે પછીના બોલ છે 'ક્રોધ માન પરિહરું', 'માયા-લોભ પરિહરું' શાસ્ત્રે આ ક્રોધ-માન-માયા-લોભ રૂપ કષાયના સોળ ભેદ પાડયા છે. અનંતાનુબંધીના કષાય જેના મંદ પડે, તેનો ઉપશમ કે ક્ષયોપશમ થાય તો સમ્યક્‌ત્વ આવે. કષાયો જેને ખોટા લાગે, કયારે છૂટે તેમ થાય તો તેના અનંતાનુબંધીના કષાયો મંદ પડે. તમને કષાયો ખરાબ લાગે છે ? છોડી દેવા જેવા લાગે છે ? તમારો સંસારનો લોભ ન ઘટે તો તેનું દુઃખ થાય છે ? સંસારના સ્વાર્થ માટે માયા રમતા હો તો તેનું પણ દુઃખ થાય ખરું ? માન-સન્માન તો જોઈએ, તે માટે જે કરવું પડે તે કરો તો ય દુઃખ થાય ? બહુ ગુસ્સો આવે, વાત-વાતમાં ગુસ્સો આવે તો દુઃખ થાય ? દુઃખ ન થાય તો તેનો ત્યાગ શી રીતે કરે ?

'ક્રોધ-માન, માયા-લોભ પરિહરું' એમ બોલનારાની વૃત્તિ શી હોય ? છ યે કાયની રક્ષા કરવાની. માટે કહે છે કે - પૃથ્વીકાય-અપ્‌કાય-તેઉકાયની રક્ષા કરું' 'વાઉકાય-વનસ્પતિકાય-ત્રસકાયની જયણા કરું' આખું જગત જીવોથી વ્યાપ્ત છે. કોઈ પણ જીવની હિંસા ન થઈ જાય તે માટેની આ વાત છે. પૃથ્વીકાય, અપ્‌કાય અને તેઉકાયનો સીધો આરંભ થાય છે. જ્યારે વાઉકાય, વનસ્પતિકાયનો સીધો આરંભ નથી થતો. પણ વાયુ અડયા વિના રહે નહિ અને તેથી મઝેનો પવન આવે અને હાશ થાય તો દોષ લાગ્યા વિના રહે નહિ. તેથી જેની દયા નહિ તેનાથી બચાય ખરું ? માટે જ ગૃહસ્થાવાસને નરકાવાસ કહ્યો છે કેમ કે, ગૃહસ્થાવાસને મઝેથી જીવે તે મોટે ભાગે નરકે જાય.

સભા : છ કાયના જીવોની શ્રદ્ધાવાળાને ય સમ્યક્‌ત્વ કહ્યું છે ને ?

ઉ. - તેવી શ્રદ્ધાવાળો જીવ કેવો હોય ? સંસારમાં રહેવું પડે તો પોતાને પાપના ઉદયવાળા માને.

શ્રાવિકાને જોઈને તેના છોકરા જીવવિચાર-નવતત્ત્વ ભણી જાય. જીવો કોને કહેવાય તે બધું સમજાવે. શ્રાવિકાનો છોકરો નવતત્ત્વનો જ્ઞાતા ન હોય તે બને નહિ. શ્રાવકનાં ઘરમાં કેટલાં સ્થાનમાં ચંદરવા જોઈએ ? ચૂલો સળગાવનારી શ્રાવિકા ઘણી નિર્જરા કરે. પૂંજ્યા પ્રમાર્જ્યા વિના ચૂલો ન સળગાવે, અંધારે ન સળગાવે. આજે તો રાત્રિમાં ય મઝેથી રસોઈ કરે છે. આજે તમારામાંથી મોટા ભાગે શ્રાવક ધર્મ તો નાશ પામી ગયો. જયણા તો રહી જ નથી. આજે કોઈ એવું શ્રાવકનું ઘર મળે કે જે ઘરમાં રાત્રિભોજન જ હોય !

સભા : ગૃહસ્થાવાસ તે નરકાવાસ જ !

ઉ. - મઝેથી જીવે તો. બાકી દુઃખપૂર્વક, જયણાપૂર્વક જીવે તો તેની દુર્ગતિ ન થાય.

સભા : 'તે ગૃહસ્થોને ધન્ય છે જે પૌષધ કરીને રહ્યા છે' આમ પણ શાસ્ત્રમાં કહ્યું છે ને ?

ઉ. - તે પ્રશંસા શા માટે કરી છે ? પર્વતિથિમાં પૌષધ કરીને રહે છે તેની વાત છે.

આજે તો પર્વતિથિએ પણ રાત્રે મઝેથી ખાય છે. શ્રી પર્યુષણાપર્વમાં પણ રાત્રે નહિ ખાનારા કેટલા હશે ? રાત્રે ખાવું પડે તો ખાય તે દુઃખથી ખાય કે મઝા થી ખાય ? ઘરનો માલિક પણ રાતે ખાતો હોય તો તેને તેનું દુઃખ છે ? આજે બહુ બગાડો થઈ ગયો છે. આજનો શ્રાવકવર્ગ મોટેભાગે ધર્મ ન જાણે તેવી રીતે જીવે છે. તેવા લોકો અમને, ભગવાનને અને ધર્મને શા માટે માને છે તેની ખબર પડતી નથી. મોટોભાગ આ લોકની સુખ સંપતિ મલી રહે તે માટે ભગવાનનાં દર્શન-પૂજનાદિ કરે છે પણ ઘર-બારાદિથી છૂટવા માટે દર્શન-પૂજનાદિ કરતો નથી. ઘરવાસથી છૂટવા માટે ભગવાનનાં દર્શન-પૂજનાદિ ન કરે તો તેનાં દર્શન-પૂજન દિને જ્ઞાનિઓએ પાપ કહ્યું છે. તે દર્શનાદિ ધર્મક્રિયાથી જે સંસારનું સુખ મળે તેમાં જ તે લીન થયા વિના રહે નહિ અને પછી સંસારમાં ભટકવા ચાલ્યા જાય. સારી પણ ધર્મક્રિયા ખરાબ ઈચ્છાપૂર્વક કરે તો તેનું આ ફળ મળે. ક્રિયા પુણ્યની પણ આશય પાપનો હોવાથી તેને પાપનો જ અનુબંધ પડે અને તેથી દુર્ગતિમાં ભટકવા ચાલ્યા જાય. અભવ્યાદિ જીવો અનંતીવાર ચારિત્ર લે છે છતાં પણ સંસારમાં જ ભટકે છે.

માટે જ શાસ્ત્રકાર પરમર્ષિઓએ એકના એક જ ધર્માનુષ્ઠાનના જીવના આશય ભેદે પાંચ પ્રકાર પાડયા છે. આ લોકનાં સુખની ઈચ્છાથી ધર્માનુષ્ઠાન કરે તો તે વિષાનુષ્ઠાન બને છે. પરલોકનાં સુખની ઈચ્છાથી ધર્માનુષ્ઠાન કરે તો તે ગરલાનુષ્ઠાન બને છે. આ બન્ને અનુષ્ઠાનોને ત્યાજ્ય કહ્યાં છે. સમજ્યા વિના મૂર્ખની જેમ ગતાનુગતિકથી જે ધર્માનુષ્ઠાન કરે તેને અનુષ્ઠાન કહ્યું છે તે પણ ત્યાજય છે. સમજવાની શક્તિ હોવા છતાં પણ સમજવાનું મન પણ ન થાય, સમજવા માટે પ્રયત્ન પણ ન કરે તો તેને ધર્મી કોણ કહે ? પેઢી ઉપર સમજનો ઉપયોગ નહિ કરનારાને બેસાડો ? ત્યાં તો તમે જે સમજુ અને સાવધ હોય તેને બેસાડો છો. તેમ અહીં પણ સાવચેતી-સાવધગિરિ જોઈએ ને ? અહીં તો બધું ય ચાલે એવું તમે માનો છો તેથી ધર્મને પણ કલંકિત કરો છો. જૈનકુળમાં આવી જેમ તેમ જીવી તમે બધા દુર્ગતિમાં જાવ તો ધર્મને કલંક લાગે ને ?

ભૂતકાળમાં તમે ધર્મ જરૂર કરેલો પણ તે ધર્મ ખોટા આશયથી કરેલો. માટે આજે તમને તે ધર્મથી બંધાયેલા પુણ્યના પ્રતાપે સંસારની સુખસામગ્રી જે મલી છે તે જ ગમે છે પણ ધર્મ જરા પણ ગમતો નથી. માટે ધર્મની થાય તેટલી અવહેલના કરીને નરકાદિમાં જશો અને સંસારમાં ભટકશો. જો ભૂતકાળમાં સારી રીતે ભગવાનની આજ્ઞા મુજબ થોડો ય ધર્મ કર્યો હોત તો તેથી જે સુખ સામગ્રી મલત તે સુખ સામગ્રીમાં તમે ફસાત નહિ. તે સુખના કાળમાં પણ ધર્મના સંસ્કાર જીવંત રહેત અને દુર્ગતિમાં પણ જાત નહિ.

આજે તમારી શી હાલત છે ? પુણ્યયોગે તમને સંસારનું જે સુખ મળ્યું છે તે સુખ ઉપર તમને રાગ છે કે વિરાગ છે ? તે સુખ ભોગવવાં જેવું નથી જ પણ કર્મયોગે તમારે તે સુખ ભોગવવું પડે છે તેનું તમને દુઃખ છે તેવી તમારી દશા છે ? તે સુખ છોડવા જેવું જ છે તેમ પણ તમારા હૈયામાં છે ? તમને ઘર-બાર, કુટુંબ પરિવાર, પૈસા-ટકાદી મળ્યા છે તેમાં લહેર છે કે દુઃખ છે ? તે બધું છોડવા જેવું લાગે છે કે ભોગવવા જેવું લાગે છે ? તે ભોગવવું પડે તો દુઃખથી રોતા રોતા ભોગવો છો કે મઝેથી ભોગવો છો ? આના ઉપરથી ખબર પડે કે ભૂતકાળમાં કેવો ધર્મ કરીને આવ્યા છો ?

તમને રોજ આ બધું સાંભળવવા છતાં ય હજી આ સંસારનું સુખ છોડવાનું મન પણ થતું નથી એટલું જ નહિ પણ આ સંસારનું સુખ છોડવા જેવું જ છે એમ પણ લાગતું નથી તેથી લાગે છે કે તમે ભૂતકાળમાં જે ધર્મ કરેલો તે ભૂંડો કરીને આવ્યા છો.

લાભા : સંસારના સુખ માટે ધર્મ કરાય કે ન કરાય ?

ગુ. - ન જ કરાય. જ્ઞાનિઓએ કહ્યું છે કે સંસારના સુખ માટે ધર્મ કરવો એટલે હાથે કરીને દુર્ગતિ ઊભી કરવી.

આજે ઘણા પૂછે છે કે - શ્રી વીતરાગદેવનો ધર્મ સંસારના સુખ માટે ન કરાય તો તે સુખ માટે કુદેવ પાસે જવાય ? પણ તે ગાંડાઓને ભગવાનના વચન ઉપર શ્રદ્ધા જ નથી. ધર્મે તો જગતના જીવોને કોલ આપ્યો છે કે - ''જે જીવ ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરે તે જ્યાં સુધી મોક્ષે ન જાય ત્યાં સુધી હું તેની સાથે ને સાથે રહું. અને તે સંસારમાં રહે ત્યાં સુધી તેની બધી ખબર રાખતર હું પૂરી પાડું, તેને જોઈતી સામગ્રી આપ્યા વિના રહું નહિ.' અને કુદેવાદિની સેવા-ભક્તિ કરશો તો તમને સુખ મલી જ જવાનું છે ? 'મારે તો દુનિયાનું સુખ જોઈએ છે માટે તે સુખ માટે ભગવાનની પૂજા નહિ કરું પણ બીજા કુદેવાદિની પૂજા કરીશ' આવું માને તે જીવ ધર્મ માટે લાયક કહેવાય કે નાલાયક કહેવાય? અજ્ઞાની કહેવાય કે જ્ઞાની કહેવાય ?

લાભા : અમારે તે સુખ જોઈએ છે તો શું કરવું ?

ગુ. - પાપ ન કરવું. જીવવા માટે ઝેર ખવાય ?

દુઃખ પાપથી જ મળે. દુનિયાના સુખ માટે ધર્મ કરો તો તે ધર્મ પણ પાપ જ કહેવાય. અને જેને દુઃખી ન થવું હોય તેને પાપનો ત્યાગ જ કરવો જોઈએ. જેને આ સીધી અને સાદી વાત પણ સમજવી નથી તે લોકો ઘણું ગાંડપણ કરે છે. પોતે તો ઊંધા માર્ગે છે પણ ભલા અને ભદ્રિક જીવોને પણ ઊંધા માર્ગે લઈ જાય છે. તેવું કામ જો સાધુઓ પણ કરતા હોય તો તેઓ ભગવાનના વેષને લજવે છે. દુનિયાના સુખને અને મોજમઝાદિને જે ઈચ્છે તે બધા મોટાભાગે દુર્ગતિમાં જ જનારા છે. તેવા જીવોને આ સદ્‌ગતિ પણ વધારે દુર્ગતિ માટે મલી છે.

આ દુનિયાનું સુખ મઝેથી ભોગવે તે દુર્ગતિમાં જ જાય. અનંતજ્ઞાનિઓને સંસારીઓની દયા આવે છે માટે તેનાથી બચાવવા કહે છે. બાકી તમારે દુર્ગતિમાં જ જવું હોય તો કોઈ બચાવનાર નથી. તમને ભગવાનની કહેલી આ વાત ગમે છે ? આજે તો ઘણા કહે છે કે - 'અમને અમારા પુણ્યે જે સુખ મળ્યું છે તે અમે કેમ ન ભોગવીએ ? તે ભોગવીએ તેમાં તમારા બાપનું શું જાય છે ? ' આવાને તો ભગવાન પણ ન સુધારી શકે !

ધર્મી જીવ દુર્ગતિમાં જાય નહિ પણ સદ્‌ગતિમાં જ જાય. ત્યાં જે સુખ સામગ્રી મળે તે તાકાત હોય તો છોડી દે અને તાકાત ન હોય અને તે સુખ સામગ્રી ન છોડી શકે તો વિરાગથી ભોગવે પણ રાચીમાચીને કદી ભોગવે નહિ. તે માટે શ્રી તીર્થંકરપરમાત્માદિ મહાપુરુષોના જીવનો આપણા માટે દૃષ્ટાન્ત ભૂત છે. શાસ્ત્રે શ્રાવકોને સાકરની માખી જેવા કહ્યાં છે જે અવાજ થતાં ઝટ ઉડી જાય. જ્યારે શ્લેષ્મમાં ફસાયેલી માખી ન ઉડે. તમે કેવા છો ? સાકરની માખી જેવા છો કે શ્લેષ્મની માખી જેવા છો ?

આ મુહપત્તિના પચાસ બોલ બરાબર સમજી ગયા ને ? હવે સમજી સમજીને ઉપયોગ પૂર્વક બોલવાના ને ' તે રીતે બોલતા થાવ તો આ પાટ ઉપરથી તમને કોઈ ગમે તેમ બોલાવી નહિ જાય. વખતે તે જો બગડયો હશે તો તમે તેને સુધારી શકશો.

મોક્ષમાર્ગના ઉપાયોની વાત ચાલે છે. વિશેષ વાત હવે પછી....

સાધુ - સાધ્વીજી તથા જૈન સંઘો સાવધાન

કેતનકુમાર કાંતિલાલ નાગડા (ઉ.વ. ૨૧) નામનો એક ફરેબી જૈન યુવક તેના અનુચિત વ્યવહારના કારણે ઘરથી કાઢી મૂકવામાં આવેલ છે. લગભગ ૧ વર્ષથી તે જુદા જુદા આચાર્ય ભગવંતાદિ જૈન સાધુઓ પાસે દીક્ષાર્થી તરીકે રહે છે. તપસ્વી અને કરોડપતિ હોવાનો દેખાવ કરે છે. લોકોમાં વિશ્વાસ જમાવી, લાગ જોઈને જ્ઞાનખાતાની રકમ તથા શ્રાવકો પાસેથી બનાવટી વાતો કરીને સોનાના દાગીના તથા રોકડ રકમ ઉધાર માંગીને ભાગી જાય છે. કયાંક પ્રતિષ્ઠાદિ મહોત્સવમાં લાખો રૂા.ની બોલી બોલીને ચૂકવ્યા વિના ભાગી જાય છે. તેણે ૧ મહિના પહેલાં માથા ના વાળનો લોચ કરાવેલ છે. તેના જમણા ગાલ ઉપર કાળા રંગના મસો છે. તેની માયા જાળમાં કોઈ સાધુ કે શ્રાવકો ફસાય નહીં તે માટે આ જાહેરાત કરવામાં આવેલ છે.

ગણિ મહોદયસાગર (ઉદેપુર)

મહાભારતનાં પ્રસંગો

પ્રકરણ - ૫૦ - શ્રી રાજુભાઈ પંડીત

સંહાર જ્યારે ખાળી ના શકાયો

અને એક દિવસ... ધૃતરાષ્ટ્રનો સારથિ સંજય દ્વારકા આવ્યો. યુધિષ્ઠિરને નમીને દૂતે ધૃતરાષ્ટ્રનો સંદેશો કહ્યો કે-

"વત્સ તું નય, વિનય, વિવેક અને ધર્મનું મંદિર છે. માટે જ તને કંઈક કહું છું. પત્થરમાં બાણો બુઠ્ઠા બને તેમ છળ-કપટી દુર્યોધનમાં મારી વાણી અસર કરનારી ના બની. ભાઈ સાથે વિરોધ કરવામાં યુધિષ્ઠિર ! તારી અકીર્તિ થશે. હજી વનવાસ વેઠવો સારો, ભીખ માંગીને પેટ ભરવું સારૂ, ભૂખ્યાં દિવસો વીતાવવા સારા કે મરી જવું સારૂ પરંતુ... પરંતુ બંધુના સમૂહના સંહારના પાપથી ખરડાયેલી સમૃદ્ધિ કદિ સારી નથી. વત્સ ! રણની ગતિ ભાગ્યાધીન છે. અહીં મહાશક્તિશાળીઓ પણ દુર્બળોથી જીતાયા છે. કોયલના કલરવની જેમ સમૃદ્ધિ શાશ્વત નથી પણ કાગડાના કાગારવની જેમ અપકીર્તિ તો ચિરસ્થાયી છે. માટે હે વત્સ ! વિવેકને યાદ કરીને બંધુઓ સાથેનો આ સંહારક વિરોધ તજી દેવો તારે માટે ઉચિત છે."

જવાબમાં યુધિષ્ઠિરે કહ્યું - તાત ! આપનું વચન સુંદર અંતને જણાવે છે. પરંતુ બંધુઓ બળાત્કારે ઝૂંટવીને ભાઈઓની નજર સામે જ ભૂમિને ભોગવે તેને શાંતિથી જોતા રહેવું એ શૌન્ડીર્ય = (શૌર્ય) વાનોનો ધર્મ પણ નથી. અગર બંધુ વર્ગના વધનો ઉદ્યમ તો અપકીર્તિ હોય તો અન્યાયથી પૃથ્વિને પચાવી પાડીને ભોગવી તે કયા દા'ડે સુકીર્તિ ગણાઈ છે ? શત્રુથી જ્યાં સુધી પરાભવ નથી. ત્યાં સુધી તો શાંતિ રાખવી હજી યોગ્ય છે. પણ શત્રુ જ્યારે પરાભવ પમાડતો હોય ત્યારે શત્રુચક્રનો પરાજય કરવા શાંતિ રાખીને બેસી ના રહેવાય. તેથી મારૂ મન બંધુઓની હત્યા માટે સ્હેજ પણ ઉત્કંઠા કરતું નથી પણ સાથે સાથે મારા રાજ્યને એમને એમ જતુ કરવા માટે પણ મારૂ મન તૈયાર નથી. કદાચ શાંતિ ધારણ કરીને હું એ રાજ્યને ત્યજી દઈશ. પરંતુ અસ્ખલિત પ્રચંડવીર્યના ધણી આ મારા સહોદરો હવે રાજ્યને જતુ કરવા સ્હેજ પણ તૈયાર નથી."

ભીમે કહ્યું - દુર્યોધન કદાચ અમને પૃથ્વિ આપી દેશે તો પણ તેની સાથે અમારી સંધિ (સમાધાન) શકય નથી. લાંબા કાળથી પ્રતિક્ષા કરી રહેલા અમને આ રણોત્સવ જોવા મળે છે. શત્રુઓના સેંકડો ઘડના તાંડવો અહીં દેખાશે. દુર્યોધનની તે જાંઘને ભાંગી નાખીને, દુઃશાસનની તે ભુજાને જડમૂળમાંથી છેદી નાંખીને હું સમરાંગણના સમુદ્રનો પાર પામવા તડપી રહ્યો છું.

અર્જુને કહ્યું - ગાંડીવ ધનુષ ઉપર શર - સંધાનના આદેશ થયા પછી આ યુદ્ધ હવે નહિ અટકે, શત્રુના સંહાર સુધી આ સંગ્રામ ચાલતો જ રહેશે. ઘણા સમયથી મારા તૂણીર (ભાથા)ના બાણો શત્રુના રૂધિર પીવા તરસ્યા જ રહ્યા છે. આ યુદ્ધમાં તેની તૃષા છીપાશે.

અને સહદેવ-નકુલ બોલ્યા - શત્રુઓની છાતીને ચીરી ચીરને અમારે તો તેમની કપટ કળાની ચતુરાઈના દર્શન કરવા છે."

રણસંગ્રામના હરફો ઉચ્ચારવા પૂર્વક પાંડવોથી વિસર્જન કરાયેલો સંજય ખિન્ન વદને પાછો ફર્યો.

દુર્યોધનાદિને એકાંતમાં બોલાવીને કહ્યું કે - તમે તો રાજ્ય આપ્યા વગર સંધાન ઈચ્છયું છે. પણ તેઓ તો રાજ્ય લઈને પણ સંધિ કરવાના નથી. પાંચાલીના કેશાકર્ષણનો અંદરથી સળગી રહેલો બદલાનો અગ્નિ તમારા પ્રાણો ખેંચી કાઢયા પછી જ શાંત થશે. પાંડવો સતત વનવાસથી નબળા થયેલા તું માનતો હોય તો ભૂલી જજે દુર્યોધન ! હતા તો પૂર્વે કરતાં પણ વધુ તેજસ્વી બન્યા છે તેઓ. તેજસ્વીઓનો તિરસ્કાર કરીને કેટલું જીવી શકાશે. રાજન્ ! વનરાજના પંજાથી હણાયેલા હાથીઓ ઝાઝુ જીવી શકતા નથી રાજન્ ! એ યાદ રાખજે. શૂરવીરો સાથેના સંગ્રામો શત્રુઓને જંગલની ગુફાઓના શરણાગત બનાવે છે. હજી પણ રાજન્ ! આટલું થવા છતાં જો તું તારા કુટુંબનું કલ્યાણ ઈચ્છે છે, તેમની ધરતી તેમને સોંપી દેવામાં જ સાર છે.

ક્રોધથી અશ્રુ વહાવતા દુર્યોધનને કહ્યું - ચોક્કસ સંજય ફૂટી ગયો છે. નહિતર શત્રુના પૌરૂષોત્કર્ષથી અમને ડરાવે

નહિ. સંગ્રામમાં શત્રુનો સંહાર કરવા ઉદ્યત બનેલા મારે માટે તો પાંચે પાંડવો પહેલા કોળીયાના જ ટૂકડા છે. મારા બાહુના વજમાં અડીખમ રહેલી પૃથ્વીને આંચકી લેવાની કોની તાકાત છે.? સિંહથી દાઢમાં રહેલા માંસના ટૂકડાને ખેંચવાની કોની તાકાત છે ? મારી આંખની ભંવાના ઈશારે અઢળક રાજાઓ સેવા માટે સજ્જ થઇ જાય છે, જ્યારે શત્રુઓ તો મત્સ્ય- દ્રુપદ - અને ગોવાળીયાઓથી જ રક્ષાયેલા છે. રણારણ્યમાં સળગી રહેલા મારા પ્રતાપના દાવાનલમાં તો તે પાંડવો પતંગીયાની જેમ સળગીને સાફ થઇ જશે. અને અમારી હાજરીમાં જ અમારી નિંદા કરનારો સંજય બીજો અર્જુન છે. પિતાની શરમ તે દુરાત્માની જીભ છેદતો મને અચકાવી રહી છે.''

કર્ણ દુશાસનાદિએ પણ દુર્યોધનની વાણીનું અનુકરણ કર્યું.

જતાં જતાં દુર્યોધન અવજ્ઞાપૂર્વક સંજયને કહેતો ગયો કે ''કફવાળાને પથ્ય એવા પણ ઉના પાણી ઉપર દ્વેષ કરતા હોય છે.''

આ રીતે જતાં દુર્યોધનને જોતા વિદૂરાદિને હવે કૌરવકુળનો સંહાર નજર સામે દેખાવા માંડયો.

દુર્યોધને હવે સૈન્યોને સજ્જ કરી કરીને કુરૂક્ષેત્ર તરફ મોકલવા માંડયા. તે જોઈને હસ્તિનાપુરના સમસ્ત નગરજનો સમગ્ર કુરૂકુળના સંહારની કલ્પનાથી શોકમગ્ન થઇ ગયા.

હવે એક દિવસ એકાંતમાં વિદૂરને બોલાવીને ધૃતરાષ્ટ્રે પૂછયું - કુળનું કલ્યાણ શી રીતે કરવું ?

સ્પષ્ટ વાત કહેતા વિદૂરે કહ્યું - રાજન્ ! તમે જ આ વૈરવૃક્ષના મૂળ છો. જન્મ્યો કે તરત જ આ દુર્યોધન તજાઈ ગયો હોત. આ અવસર આવ્યો ન હોત. આંગણે વાવેલા ઉછેરીને મોટા કરેલ વિષવૃક્ષને નહિ છેદનારો જ ભવિષ્યમાં થનારા કુળક્ષયની ઉપેક્ષા કરે છે રાજન્ ! પાણીથી ઉઠતા જ નહિ બુઝાવાયેલો અગ્નિ આખા ભવનને સળગાવતા કોણ અટકાવી શકે છે ? જેના પક્ષે ધર્મ છે તે ધર્મ જ ખેંચીને જયલક્ષ્મીને ધર્મીના ગળામાં આરોપણ કરે છે. તેથી રાજન્ ! રાજ્યની તૃષ્ણાને તજીને વિજયી એવા ધર્મનો વિચાર કરીને વિવેકનું અવલંબન કરીને તમારા પુત્રને આ કદાગ્રહથી અટકાવી દો. યમરાજના કોળીયા બનતા દેખાતા આખા કુળની રક્ષા કરી લો.''

તરત જ શુદ્ધબુદ્ધિથી ધૃતરાષ્ટ્રે કહ્યું - ''ભાઇ વિદૂર ! તથ્ય વચન તારા વિના મને હવે કોણ કહેનાર છે ? તારી ભવિષ્યને સુંદર કરનારી વાણી શરૂઆતમાં વર્તમાનમાં કડવી જરૂર છે. પણ હિતકર છે. તું નહિ માને ભાઇ ! મેં હજારો વાર દુષ્ટ દુર્યોધનને ઘણું સમજાવ્યો પણ પિશાચ-વળગેલો તે દુર્ભાગ્યથી કેમે ય માનતો નથી. ફરીવાર તારી સાથે તેને સમજાવવા દઉં આવું, એમ કરતાં ય જો આવા કદાગ્રહથી અટકે તો.''

એમ કહી ધૃતરાષ્ટ્ર તથા વિદૂર બન્ને દુર્યોધન પાસે ગયા. અને પૂર્ણ પ્રેમપૂર્વક કહ્યું કે - તારા તરફનું વાત્સલ્ય અમને તારા તરફ કંઇ કહેવા વારંવાર પ્રેરી રહ્યું છે. વચન પાલન પુરૂષવ્રતની પરાકાષ્ઠા પમાડે છે. વચનનો લોપ પુરૂષવ્રતથી ભ્રષ્ટ કરી નાંખે છે. આથી તું પુરૂષવ્રતના વિનાશક એવા વચનના લોપને ના કરીશ. કે જે વચનના લોપથી પુરૂષત્વ હીન માણસ શ્વાસ લેતા મડદા જેવો બને છે. મડદાં જેવાને સ્વજનો તજી દેતા તે ક્ષુદ્ર જંતુઓનું ભક્ષ્ય બને છે. અસત્ય વચનના કારણે તારી પાસે સમૃદ્ધિ લાંબો સમય ટકવાની નથી. ઉત્પંથથી આવેલી જઇ રહેલી તે પુત્ર - પશુ બંધુ સહિત તને પણ લેતી જશે.

કદાચ તને કર્ણ - ભીષ્મ - દ્રોણાદિના કાંડાના તાકાતનો ભરોસો હશે પણ તે તો તેં વિરાટ નગરના ગોધન હરણ વખતે સગી આંખે માત્ર એકલા અર્જુને કરેલા તે દરેકના મુકાબલાથી જોઇ લીધો છે. ભીષ્માદિ ધનુર્ધરોના કાંડાની તાકાત, ધનુર્ધર અર્જુનના બાણોથી પતન પામતા હસ્તિનાપુરના રાજ્યને બચાવી નહિ શકે વત્સ ! તેથી મત્સર તજીને આ ધરતી ધરતીના તે ધણીને સોંપી દે. ધર્મ-જીવન અને કીર્તિનો અકાળે વિનાશ વેર મા.

બાહુબળના ઘમંડથી દુર્યોધન બોલ્યો - વચનપાલન કરવું એ જેમ ધર્મ છે તેમ હે તાત ! ક્ષાત્રવટથી જીવવું એ પણ ધર્મ નથી શું ? હાથમાં આરૂઢ થયેલી પૃથ્વીને ક્યો ક્ષત્રિય પાછી સોંપે ? ઉલટાની પાછી આપતા તો બાહુબળની કીર્તિનું લીલામ થાય. પંજામાં ફસાઇ ગયેલા હાથીને તજી દેવામાં સિંહની શકિત શરમાય છે. તેજસ્વી પુરૂષો જે આચરે તે જ ખરો ન્યાય છે ચાહે પછી તે લોકોને અન્યાય ભલે લાગતો હોય.

કયારેક કદાચ બાયલો માણસ બળવાનને જીતી લે તો તે ભાગ્યના ખેલ છે. પણ તેટલા માત્રથી બાયલાઓથી બળવાનોએ કંઇ ડરી જવાની જરૂર નથી રહેતી. માટે હે તાત ! હવે પછી મને ડરાવવા આવશો નહિ. વૃક્ષોના વૃક્ષોને

કોળીયાથી સ્વ હા કરી જનારો મારો પ્રતાપનો અગ્નિ સળગ્યો નથી નેં પાંડવ. તેમ બળ્યા નથી. હવે કુરૂક્ષેત્રના સંગ્રામમાં પહોંચાય ત્યાં નુધી પાંડવો જીવાય તેટલું ભલે સુખેથી જીવી લે. કુરૂક્ષેત્રમાંથી પાંડવોના મડદા જ પાછા પરવાના છે. " તેથી હવે પછી ઘડપણના પ્રલાપ જેવા ભય ભર્યા વાકયોથી ફરી-ફરીને મારા મનને ઠેસ પહોંચાડીને દુઃખી ના કરશો."

દુર્યોધનની ઘમંડ ઝરતી વાણીથી ખેદ પામીને બન્ને ભાઈઓ ત્યાંથી ઉઠીને પોતાના સ્થાને ગયા.

હવે એકાંતમાં વિચારે ચડેલા વિદૂરને સ્વજનના સમૂહનો સંહાર દેખાવા લાગ્યો. આ સંહાર કેમે ય રોકયો રોકાય તેવો ન લાગ્યો રણાંગણમાં નજરે સામે મરતા સ્વજનોને હું જોઈ કેમ શકીશ ? સ્વજનનો સંહાર જોવાનો સમય આવે તે પહેલાં જ દીક્ષા લઈ લેવી મારે માટે યોગ્ય છે. પાપથી પેદા થયેલી અને પાપને પેદા કરનારી દુર્જનોની તે લક્ષ્મીને ધિક્કાર છે. સંપત્તિ, સત્તા અને વિષય સુખને ધિક્કાર છે કે જેના માટે સ્વજનો સગપણ ભૂલી જઈને પણ એકબીજાને હણવા તૈયાર થાય છે.

વિદૂર આવી વિચારણામાં છે ત્યાં જ ઉદ્યાનમાં 'વિશ્વકીર્તિ' નામના જ્ઞાની મુનિવર પધાર્યા. દેશનાને અંતે મુનિવરે વિદૂરને કહ્યું - મહાત્મન્ ! તારા મનને જાણીને જ દૂરના રસ્તેથી હું અહીં આવ્યો છું. તેથી તારૂં ઇચ્છિત પૂર્ણ કર. સર્વનો સંહાર કરનારી ભવિતવ્યતા નામની રાક્ષસી કુળનો ક્ષય કર્યા વિના રહેવાની નથી."

મુનિવરની વાણીથી ઉત્સાહિત બનેલા વિદૂરે વડીલ બંધુઓની અનુજ્ઞા મેળવીને સંયમ ગ્રહણ કર્યું અને અન્યત્ર વિહાર કરી ગયા.

લોભે લક્ષણ જાય.....!

એક વનત એક રસ્તે રખડતો રખડતો કુતરો ખોરાકની શોધમાં ભટકતો હતો. ફરતાં ફરતાં તેને એક તાજુ હાડકું મળી ગયું હાડકાંની ઉપર થોડુ માંસ પણ હતું નજીકમાં ખાટકી કેટલાંક પ્રાણીઓની કતલ કરતો હતો. કુતરાને થયું અહીંથી હાડકું લઈ ભાગવું સારૂ પછી કયાંક નિરાંતે બેસીને હાડકાંની મઝા માણવી.

કુતરો મોંમા હાડકું પકડી એક નાનકડી નહેર ઓળંગતો હતો. નહેરનું પાણી સ્થિર હતું. નાનકડા પુલ પરથી પસાર થતાં કુતરાની નજર નીચે પાણીમાં ગઈ તેને થયું લાવ જરા પાણી પી લઉ.

આટલું વિચારી નીચે વળ્યો. પણ આ શું ? નીચે વળતાંની સાથે જ કુતરાને પાણીમાં પોતાનું પ્રતિબિંબ દેખાયું. તેણે જોયું તો પાણીમાંના કુતરા પાસે પણ સરસ હાડકું હતું. તેની દાનત બગડી તેને થયું લાવ આ કુતરા પાસેથી પેલું હાડકું છીનવી લઉ.

આમ વિચારી તેણે તો પાણીમાં ભૂસકો માર્યો. ભૂસકો તો માર્યો પણ પેલો પડછાયો ગુમ થઈ ગયો હતો. પાણી હલી ગયું હતું. કુતરો તો પાણીની નીચે પહોંચી ગયો. તળીયે જઈ પેલા પાણીમાંના કુતરાને શોધવા તેણે ખૂબ ફાંફા માર્યા પણ જ્યાં પડછાયો જ હોય તેવો કુતરો કદી મળે ખરો ? પાણીમાં ડફોળિયાં મારતાં મારતાં કુતરાનું મોં ખુલી ગયું. તેના મોંમાંનું હાડકું પાણીમાં સરી ગયું. કુતરાએ પોતાનું હાડકું મેળવવા બહું ફાંફા માર્યા પણ ડહોળા પાણીમાં તેના ફાંફા નકામા ગયા. તે ભીંજાય ગયો હતો. થાકી ગયો હતો. બહાર આવી તેણે વિચાર્યું, "લોભ કરતાં લક્ષણ જાય" (ગુ. સ.)

નલિન : (પત્ની નલિનીને) તારો ભાઈ બરબાદીના પંથે જઈ રહ્યો છે.
નલિની : (પતિ નલિનને) હોય નહિ મારો ભાઈ નીલેશ તો ખૂબ જ સીધો છે ?
નલિન : કયારેક તો મારી વાતનો વિશ્વાસ કર લે આ નીલેશના લગ્નની કંકોત્રી ?

ન્યાયાધિશ : ચોર ચંપકને આ ચોરી તે એકલાએ જ કરી હતી ?
ચોર : શું કરૂં સાહેબ આ જમાનામાં બીજા કોઈનો ભરોસો કરાય એવું આજકાલ કયાં રહ્યું છે.

ધર્મેન્દ્ર : અશોક આજનું અખબાર કયાં ?
અશોક : યાર ધર્મેન્દ્ર એ તો હું ગઈકાલનો ગોતી રહ્યો છું. ??

(જનસત્તા)

સામ્પ્રતના શ્લોકો

સત્ય, ભક્તિનો સંદેશ

''રઘુકુલ રીતિ સદા ચલી આઈ
પ્રાણ જાઈ અરુ વચન ન જાઈ...''

'સત્ય'ના માહાત્મ્યને શબ્દે શબ્દે આલાપતી આ પંક્તિ આજે ભી સાચે જ ભૂતકાલીન ભારતવર્ષીય ઈતિહાસનું શબ્દ ખંડેર બનવા ાય છે...

આ એજ ભારતભૂમિ છે કે જ્યાંના રાજવીઓએ એક ફકત 'સત્ય'ના જીવનમન્ત્રને સ-શબ્દ રાખવા માટે સોનલવર્ણા સત્તા-સિંહાસનોય ત્યાગ્યા... ભૂપતિની છટાઓનું અર્ધ્ય 'સત્ય'ની રક્ષા કાજે સમર્પિત કરી દઈને ભંગીના ઘેર કઠિયારા જેવું સંસ્કાર કર્મ પણ હાસ્યસભર પુરસ્કાર્યું છે..કેટલાંય હરિશ્ચંદ્રોએ...

રાજવી હરિશ્ચંદ્રની કરુણકથા જે વાતની તરફેણમાં હુંકારો ભણે છે. હા ! પણ સામ્પ્રત સમયના ભારતવર્ષમાંથી તો 'સત્યે' પ્રાયઃ વિદાય લઈ લીધી હશે... કારણ કે - 'પ્રાણ જાઈ અરુ સત્ય ન જાઈ..'ની નિષ્ઠા કે નેકી પર જ સત્યના અસ્તિત્વની મહેલાત રચાયેલી રહે છે... જે સત્ય ખાતરની નિષ્ઠા-નેકી જ આજે દુર્લભ-દર્શના બની ગઈ...

સત્ય..એકમાત્ર સત્યનો દંડ ઝાલી... તેની રક્ષા કાજે કાયાની પણ કુરબાની ધરી દેવાનું કૌવત જ નથી મરી પરવાર્યું..?

બસ ! અસત્યના આ આક્રમણે... સત્યનિષ્ઠા'ના ઝેરીલા આ અભાવે વિશ્વ શ્રેયસ્કર શ્રી જૈન શાસનમાં પણ ઉલ્કાપાતો મચાવ્યા છે.

જે ધર્મશાસનને 'સત્ય' સાથે અવિભાજ્ય સંપર્ક છે, તે ધર્મશાસનની તસ્વીરમાંથી સત્યનાં જ રંગને દૂર કરવાની ક્રૂર બાલિશતા આજના સજ્જનોની રોજનીશી તો નથી બનીને... ?

હા ! પણ ત્યારે પ્રભુભક્ત સદ્ધાલક પુત્ર જેવી 'સત્યભક્તિ'નું શિક્ષણ જ જૈનશાસનને પુનઃ અભ્યુદયનો રાહ ચીંધી શકશે... સત્ય પ્રેમને શબ્દે શબ્દે પોકારતું એક સામ્પ્રતકાલીન ઉદાહરણ ત્યારે જરુર પ્રેરક બનશે... જે સત્યના શિક્ષણની અગત્યતા તરફ જ આંગળી ચીંધણું કરે છે.

સબૂર ! સત્યપ્રેમ અને સત્યપૂજાના આવા જ એક રાહસફર હતા :- સ્થંભતીર્થવાસી શ્રીયૂત કસ્તૂરભાઈ...

તો મહાસત્યના વ્યાપક રાહબર હતા :- પ્રકાણ્ડ પૌરુષ પુરુષ - વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા...

સત્યપ્રેમ... તે ગુરુ-શિષ્યની રગેરગમાં ઉભો રહી ગીતો ગાતો... તો સત્યની ભક્તિ... તે ગુરુ-શિષ્યના અન્તરનો આશ્વાસ બનતી.

તે શ્રેષ્ઠી સાચે જ એકલવ્ય હતા... એમની કર્તવ્યપરાયણતા... એમની સમર્પિતતા તેમને નિરપવાદપણે એકલવ્ય તરીકે ઘોષિત કરતી હતી.

શ્રીયુત કસ્તૂરભાઈ જેવા એકલવ્ય શિષ્યનો 'ગુરુ રામ' જેવા 'ગુરુ દેવતા'ની પ્રાપ્તિ થઈ... જીવનના ઉત્તરાર્ધમાં...

ગુરુદેવતા રીઝયા પછી તો તે સત્યપ્રેમી 'રાહ સફરે' સત્યની ભક્તિ માટે કમ્મર કસી... અલબત્ત ! ગુરુદેવતા 'સૂરિરામ'ની પ્રસન્નતા જ્યારે તેમને પ્રાપ્ત નહોતી થઈ... ત્યારનો એક પ્રસંગ પણ તેમની નિતાન્ત સત્યાભિમુખ વૃત્તિની ચાડી ખાય છે... જે જ તેમના જીવનમાં 'સદ્‌ગુરુસૈયા'ની પધરામણિનો પ્રસંગ બન્યો...

શ્રીયુત કસ્તૂરભાઈ શેઠ... સ્થંભતીર્થ-ખંભાતના નિવાસી હતા... નગરાગ્રણી એ શેઠનું દાયિત્વ ધર્મના ક્ષેત્રે સવિશેષ રહ્યું... જૈન સમાજ-જૈન સંઘ કે તેઓની પૂજ્ય સાધુ સંસ્થા તરફ તેમનું પ્રદાન અનુકરણીય હતું...

દૈવયોગે એમને જે ગુરુજનની પ્રાપ્તિ થઈ... તે તત્કાલીન ધર્મશાસનના સમ્રાટ ગણાતા હતા... ખ્યાતનામ તે સૂરિદેવનો નિશ્ચત પણ વિસ્તૃત ભકતવૃન્દ પોતાની 'ગુરુ-મા'ને શાસન સમ્રાટના વિશેષણ સાથે વધાવતો... હા ! તે ગુરુ-મા'ના ચરણે સમર્પિત બની આળોટતું એક ફરજંદ એટલે જ શ્રીયુત કસ્તૂરભાઈ...

અલબત્ત ! શ્રીયુત કસ્તૂરભાઈ શાસન દાઝની ઉષ્ણતા ધરાવતાં હતા... સત્યની નેકી તેમની ટેક હતી..વ્યકિતવાદ કે તેના વેવલાવેડા લગીરે તેમને મંજૂર નહોતા...

પણ અફસોસ... ! ભક્તોથી વીંટળાયેલા ગુરુ-મા' તેમના આ ભક્તની સચ્ચાઈ ન પારખી શકયા... શેષભક્તોની વ્યકિતપૂજા તેમને વ્યક્તિવાદમાં ઢસડી ગઈ...

એકવાર એ ગુરુ-મા' શ્રી કસ્તૂરભાઈના પૂર્વજો દ્વારા જ નિર્મિત ખંભાતની ''જૈન શાળા'' પૌષધશાળામાં વિરાજમાન હતા...

સુમારે દશેક વાગ્યાનો સમય થયો હશે... શેઠ પોતાના પ્યારા સૂરિદેવ પાસે ધર્મગોષ્ઠિ માણવા ઉપાશ્રયની પગથાર ચઢી રહ્યા...

ત્યાં જ હૃદયના અધિષ્ઠાયક એવા ગુરુમાતાનો પ્રચંડ સાદ એમના કાને અથડાયો... જે આવો કૈક હતો...

''... ...ને ઘરે પાછો લઈ આવ્યા ને... ? સાધુના કપડા તેના અંગેથી ખેંચી કાઢયા ને ?... શાબાશ... ! શાબાશ... ! એના ગુરુને પરચો પડશે...''

આ આચાર્ય મહારાજની માન્યતા સાથે અસંમત એક અન્ય આચાર્ય મહારાજ પાસે મુમુક્ષુએ સંયમ ગ્રહણ કર્યું. પ્રસંગ એક પ્રવ્રજિતના પુનઃપતનનો હતો. દુઃખદ હતો.

એ આચાર્યદેવ પણ પ્રખર પ્રભાવી હતા... શાસનનાં જ રાગી હતા. ગમનસીબે નવદીક્ષિત મુનિના સ્વજનો, જે અત્યંત ઝનૂની બન્યા હતા... વિરુધ્ધમતિ આચાર્યના અનુયાયી હતા.

દૃષ્ટિરાગથી ઘેલા એવા તે સ્વજનો માત્ર-તે સૂરિવરના દ્વેષથી પ્રેરાઈ પોતાના સ્વજન-દીક્ષિતના સંયમચીરનું વસ્ત્રાહરણ કરી બેઠા..તેના ઘેર ભેગો કરી દીધો..!

આ અત્યન્ત દર્દનાક અને કલંકરૂપ સમાચાર અત્યારે ખંભાતની ભૂમિને પવિત્ર કરતાં આ સૂરિસમ્રાટને તેમના કોક ઝનૂની સ્વજન દ્વારા જ મળી રહ્યાં હતાં.

અપેક્ષા હતી કે... શાસનનો મુકુટેશ આચાર્ય આકન્દના આંસુ વહાવશે..એક અધાર્મિક કૃત્ય સામે સમાજના કાન આમળવાનું સત્કર્તવ્ય નિષ્ઠાપુરસ્સર અદા કરશે...

પણ... અફસોસ... ! એક સંયમીના સંયમપતન પર તેઓ નાસ્તિકતાની ય હદ વળોટે તેવા શબ્દો ઉચ્ચારી રહ્યા..

કારણ-માત્ર તે આચાર્ય ભગવંત પોતાના પક્ષપાતી નહોતા... એટલું જ ... એક સંયમીના વસ્ત્રાહરણ જેવા દુષ્કર્મની પીઠ થાબડતા આ ઉચ્ચારો જ્યાં શ્રીયુત કસ્તૂરભાઈના કાને પડયા... તેમની ભાવના ભીંસમાં આવી ગઈ... તેમના અંતરે આંચકો ખાધો... તેમનું માનસ હતપ્રભ બન્યું... તેમનો અહોભાવ સાવ સૂકાઈ ગયો...

અડધી પગથારે જ અસત્યના પરિહારનો ને સત્યના સ્વીકારનો ઝંઝાવતી નિર્ણય લઈ લીધો... પરિવર્તનની તે પળ હતી. પ્રચંડ પરાક્રમનો અપાર ત્યારે ઘૂઘવી રહ્યો... શ્રીયુત કસ્તૂરભાઈ ત્યાંથી સીધા જ પાછા ફર્યા...

ત્યારબાદ ઉન્મત્ત-દુર્મત તરફ તેમણે કદી મોં નથી નાંખ્યું... બસ... ! અસત્યનો પરાજય થતાં જ સત્યની ભક્તિને ગુંજવતા 'સૂરિરામ' તેમના જીવનમાં અભ્યુદય પામ્યા...

રમતા ભમતાં ઉખાણા

૧. જીવન મારાથી જ ચાલે છે, બાળક-વૃદ્ધ મને પીએ, પ્રાણોની રક્ષા કરું, મારા વગર કોઈને ન ચાલે.

૨. ઘંટી પાછળ ચૂં-ચૂં થાય. કાતર વગર કપડા કપાય. ખાઉં કરો તો ચૂપ થઈ જાય, બોલો તેને શું કહેવાય..?

૩. મુખથી કાન મોટા દેખાય, દોડે તો વિમાન જણાય, બેસે તો રૂનું ઢગલો દેખાય, બોલો તેને શું કહેવાય..?

૪. એક પગ છે કાળી ધોતી-શિયાળામાં હંમેશા તે ઉઘતી, ગરમીમાં છાયા દેતી, વર્ષાઋતુમાં હમેંશા રડતી.

૫. પાણીથી ઉપજ્યું એક વૃક્ષ, જેની શિતલ છાયા પાંદડા નથી ડાળ અનેક પણ કોઈ બેસી ન શકયું.

૬. જંગલમાં જંગલનું ઘાસ, આંગણામાં હરિયાળીનો વાસ, મારામાં છે ગુણ અનેક, આયુર્વેદની આવશ્યકતા એક.

૭. અઢી અક્ષરનું મારૂ નામ ઉધું-સીધું એક સમાન. નથી મારી કોઈથી દુશ્મની, આપું છું. બધાને રોશની..

૮. દિવસે ઉંઘે, રાત્રે રડે, જેટલું રડે તેટલું ખોએ.

---

૧. પાણી ૨. ઉંદર ૩. હાથી ૪. કાતર ૫. ઝાડ ૬. આદુ ૭. દીવો ૮. આંસુ

લાખાબાવળ – શાંતિપુરીમાં ભૂગર્ભમાંથી નીકળેલા શ્રી શાંતિનાથજી આદિ ત્રણ પ્રાચીન જિનબિંબોનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ

લાખાબાવળ વસ્યે ૧૫૦ વર્ષ લગભગ થયા હશે તે પૂર્વે હજારો વર્ષથી ઉત્તર દિશામાં ટીંબો અને તેને જુનું પાદર કહેવાય છે. ત્યાં ૪૫ વર્ષ પહેલાં ખોદકામ કરીને પુરાતત્ત્વ ખાતાએ આ જગ્યાને ૪૦૦૦ વર્ષ સિંધુ સંસ્કૃતિના સમયની નક્કી કરેલ ત્યાંથી માટી ખોદવાં લોકો જતાં એક વાર ૬૫ વર્ષ પૂર્વે ધનનો ચરુ મળેલો વાઘજીભાઈ સુરા ગુઢકાને અને વસરામ સુતારની સલાહથી તે ધનમાંથી શંકરની દેરી બની તેનાથી ઉત્તર દિશામાં માટી ખોદતાં શ્રી શાંતિનાથજી ૧૫ ઈંચ, શ્રી આદિનાથજી ૧૧ ઈંચ, શ્રી મહાવીર સ્વામી ૧૧ ઈંચના મળ્યા શ્રી શાંતિનાથજીની પ્રતિમામાં સંવત ૧૨૮૮ વંચાય છે.

આ પ્રતિમાજીની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ના. પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉજવવાનું નક્કી થયું કાર્યક્રમો ગામના ભાવિકોને મોકલ્યા અને નકરા વિ. ઘણા આવી ગયા.

(૧) પ્રથમ જેઠ વદ ૧૨ શુક્રવાર તા. ૧૧-૬-૯૯ ના પૂ. આચાર્યશ્રીનો પ્રવેશ હતો પરંતુ તબીયતને કારણે ન આવી શકતા પૂ. તપસ્વીરત્ન પં. શ્રી જિનસેન વિજયજી મ. આદિ ઠા-૪ પધાર્યા તેને ઉત્સાહથી બેંડ સાથે સામૈયું થયું મંગલ પ્રવચન પ્રભાવના થયા બાદ શ્રીમતી લખમીબેન કચરા ખેતા ગલૈયા તરફથી કુંભસ્થાપન, દીપક સ્થાપન જવારારોપણ થયા.

બાદ પ્રાચીન પ્રતિમાજીનો પ્રવેશ થયો. શાંતિનાથપ્રભુજીનો પ્રવેશ શાહ કાલીદાસ હંસરાજ નગરીયા, શ્રી આદીશ્વર પ્રભુજીનો પ્રવેશ શાહ ભારમલ ઘરમશી હરિયા હ. નવીનચંદ્ર ભારમલ મુંબઈ, શ્રી મહાવીર સ્વામીનો પ્રવેશ શાહ રાજપાર નથુ નાગડા હ. મનસુખલાલ મુંબઈ વાજતે ગાજતે ગોખમાં પ્રવેશ કરાવ્યો હતો.

બપોરે શ્રીમતી યશોબેન જીઠાલાલ ઘરમશી લંડન તરફથી પંચકલ્યાણક પૂજા આંગી પ્રભાવના થયા.

સાધર્મિક વાત્સલ્ય-સવારે શ્રીમતી લીલાવંતીબેન ગોવિંદજી હ. જયેશ ગોવિંદજી નાઘેડીવાળા તરફથી, બપોરે શાહ કેશવજી લાલજી નાગડા હ. રતિલાલ તથા દેવચંદ કેશવજી તરફથી અને સાંજે શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ લંડનવાળા તરફથી થયા. રાત્રે સંગીતકાર શ્રી દલપતભાઈ નંદલાલની મંડળી (પાલીતાણા) એ સુંદર જમાવટ કરી.

(૨) બીજો દિવસ પ્રથમ જેઠ વદ ૧૩+૧૪ શનિવાર તા. ૧૨-૬-૯૯ સવારે જામનગરથી પૂ. પુ. શ્રી હેમપ્રભ વિજયજી મ. આદિ પધાર્યા ૮-૩૦ વાગ્યે પ્રવચન થયું અને આવતી કાલે થનાર ૧૮ અભિષેકની બોલીઓ થઈ બપોરે શ્રી નવપદજી પૂજા શાહ પરબત લાલજી ચંદરીયા પરિવાર હ. કુલચંદ રામજી તથા સોમચંદ પરબત મુંબઈ તરફથી ભણાવાઈ રાત્રે ભાવનામાં રંગ જામ્યો ભાવિકો રાસ પણ રમેતા હતા.

સાધર્મિક વાત્સલ્ય સવારે શાહ જેઠાલાલ ભારમલ ગુઢકા, શ્રીમતી રતનબેન જેઠાલાલ હ. મહેશ જેઠાલાલ, શ્રીમતી રંજનબેન મહેશ માંઝા (ટાન્ઝાનીયા) તરફથી બપોરે શાહ ભરતકુમાર પુંજાભાઈ મેરગ ગુઢકા લંડન તરફથી સાંજે શાહ પરબત લાલજી ચંદરીયા પરિવાર મુંબઈ તરફથી થયા.

(૩) દિવસ ત્રીજો પ્રથમ જેઠ વદ ૦)) રવિવાર તા. ૧૩-૬-૯૯ સવારે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ પધારતાં દૂર સુધી સામે આવેલ પૂ. શ્રીજીની તબીયતને કારણે આવવું અનિશ્ચિત હતું પણ સારૂં થઈ જતાં અને પધારતા શ્રી સંઘમાં ઉલ્લાસ વધી ગયો બેન્ડ સાથે સામૈયું થયું મેદની પણ સારી થઈ. પ્રવચન થયું આવતી કાલના ૩૨ઘોડાની સારી બોલીઓ બોલાઈ.

૧૦ વાગ્યે ૧૮ અભિષેક શરૂ થયા વિધિકાર શ્રી નવીનભાઈએ કરાવ્યા પ્રતિષ્ઠિત પ્રભુજીમાં મૂલનાયક શાંતિનાથજી આદિના ૧૮ અભિષેક કુલચંદ પરબત લાલજી ચંદરીયા હ. શાંતાબેન કુલચંદ, કેશરપૂજા મંતીચંદ વીરપાર સુમરીયા તથા ફૂલપૂજા કાલીદાસ હંસરાજ નગરીયા.

પ્રાચીન ત્રણે પ્રતિમાના ૧૮ અભિષેક કાલીદાસ હંસરાજ નગરીયા, કેશરપૂજા - હેમરાજ ખેતશી હ. મહેશ હેમરાજ તથા પુષ્પપૂજા રાજપાર નથુ નાગડા હ. મનસુખલાલ રાજપાર, અભિષેક પછી આરતી - રમેશ હંસરાજ રાયશી ખીમસીઆ, મંગલદીવો પાનીબેન વીરપાર તથા સૂર્યચંદ્ર દર્શન કરાવવાના વિનોદ ગોસર લાલજી નાગડાએ કરેલ.

૧૨/૩૦ કલાકે શાહ કચરા મેરગ ગુઢકા પાંદુરના મુંબઈ તરફથી શ્રી નવગ્રહપૂજન થયું બાદ શાહ હંસરાજ પદમશી મેરગ

ગોસરાણી હ. શ્રી પુષ્પાબેન હંસરાજ તરફથી દશદિક્પાલ પૂજન તથા અષ્ટમંગલ પૂજન થયા.

સાધર્મિક વાત્સલ્ય સવારે માતુશ્રી પુરીબેન મેઘજી લાલજી ચંદરીયા હ. શ્રીમતી મણીબેન હંસરાજ મેઘજી ચંદરીયા તરફથી અને બપોરે શ્રીમતી રતનબેન જીઠાલાલ રાયશી હરિયા, પડાણા - મોમ્બાસા તરફથી તથા સાંજે શાહ હંસરાજ પદમશી મેરગ હ. શ્રીમતી પુષ્પાબેન હંસરાજ તરફથી થયા રાત્રે ભાવનામાં રંગ જામ્યો.

(૪) દિવસ ચોથો બીજા જેઠ સુદ ૧ સોમવાર તા. ૧૪-૬-૯૯ સવાર ૯-૦૦ વાગ્યે જલયાત્રાનો વરઘોડો ઠાઠથી ચડયો હતો. ઘોરાજીથી ૬ દિવસ બેન્ડ આવ્યું હતું. અને તેના સૂરો ગાજતા હતા વરઘોડાની બોલીઓ સારી થઈ હતી. (૧) રથના સારથી પુંજાભાઈ નથુભાઈ નાગડા (૨) રથમાં પ્રભુજીને લઈને રથમાં બેસવાનું કુંવરબેન વાઘજી સુરા ગુઢકા (૩) જમણી બાજુ રથમાં ચામર વીંઝવાનું ભારમલ ઘરમશી હરિયા હ. નવીનચંદ્ર ભારમલ અંધેરી (૪) ડાબી બાજુ ચામર વીંઝવાનું કાલીદાસ હંસરાજ નગરીયા થાન - બેંગલોર (૫) પ્રભુજી વીંઝણો વીંઝવાનું સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા (૬) રથની આગળ દૂધની ધારાવાડી કરવાનું વેલજી સોમચંદ ગુઢકા જામનગર (૭) જમણી બાજુ દીપક લઈને ચાલવાનું પદમશી વાઘજી ગુઢકા (૮) ડાબી બાજુ ધૂપ લઈને ચાલવાનું રાજપાર નથુભાઈ નાગડા હ. મનસુખલાલ રાજપાર (વરલી) (૯) ઈન્દ્રધ્વજ જોડવાનું રામજી આણંદ મારૂ (જામનગર) (૧૦) ઈન્દ્રધ્વજ રથમાં બેસવાનું વાઘજી કચરા મારૂ (જામનગર) (૧૧) રામણ દીવો લઈને ચાલવાનું રળિયાતબેન લાલજી પદમશી ગુઢકા બેંગલોર (૧૨) પ્રભુજીને પોંખવાનું ચારે પંખણાનું કાલીદાસ હંસરાજ નગરીયા થાન - બેંગલોર (૧૩) સોનાના કુલથી પ્રભુજીને વધાવવાનું ઈન્દુભાઈ વી. મહેતા (૧૪) પ્રભુજીને ચાંદીના કુલથી વધાવવાનું કચરા મેરગ ગુઢકા પાંડુરના અંધેરી.

વરઘોડો ઉતર્યા બાદ પૂ. પં. શ્રી જિનસેન વિ. મ., પૂ. મુ. શ્રી હેમપ્રભ વિ. મ. નું પ્રવચન થયું. પૂ. આ. મ. નું ટુંક પ્રવચન થયું કાલે પ્રભુજીના ગાદી નશીન કરવાની અપૂર્વ બેલીઓ થઈ ઉત્સાહ ખૂબ જામી ગયો સર્વ સાધારણની તિથિ ૫૦૧) રૂા. નક્કી કરેલ તે ૬૫ દિવસ પુરા એક સાથે લખાઈ ગયા તે અજબ ઉત્સાહનું કારણ હતું રામજી આણંદ મારૂએ આ વ્યવસ્થા જરૂરી છે તેમ જણાવેલ અને તિથિઓ લખવાનું ચાલુ થતાં ત્યાં પુરી થઈ ગઈ.

વળી પ્રાચીન પ્રતિમાની પ્રતિષ્ઠા થતાં યાત્રિકો પણ આવે તેની અને બીજી વ્યવસ્થા માટે ધર્મશાળા માટે, જમીનની વાત થતાં શાહ લાલજી કુંભાણી નાગડા પરિવાર હ. લખમશીભાઈ કેશવજીભાઈ તરફથી તેમની જમીન આંબેલ ભવન સામે છે તે ૪૦૦૦ ફુટ જેટલી જમીન દાનમાં આપતાં જયકાર થઈ ગયો એટલું જ નહિ પરંતુ લાલા કુંભાણી પરિવાર તરફથી સ્વ. રાણીબેન કેશવજી લાલજી નાગડા હ. શ્રીમતી અમૃતબેન રતિલાલ કેશવજી શ્રીમતી લીલાંવતીબેન દિવચંદ કેશવજી તરફથી ધર્મશાળાના નામ આપવા માટે પાંચ લાખ રૂપિયા જેવી રકમનો બે મિનિટમાં નિર્ણય કરીને દાન આપતાં જયજયકાર થઈ ગયો રામજીભાઈ આણંદભાઈએ જાહેરાત કરતાં ખૂબ ઉલ્લાસ ફેલાઈ ગયો. લાલા કુંભાણી પરિવારના સભ્યો હર્ષ સાથ પૂજ્યશ્રી પાસે વાસક્ષેપ નખાવી ધન્ય બન્યા હતા. ગામનાજ નિવાસી તરફથી આવા મહાન દાન મલતાં બધાના હૈયા ખૂશ થયા હતા.

બપોરે ૧૨-૩૯ કલાકે શ્રી સિદ્ધચકમહાપૂજન શ્રીમતી સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા હ. જયંતિલાલ પદમશી વાઘજી (અમદાવાદ) તરફથી ઠાઠથી ભણાયું હતું નવીનભાઈ વિધિકાર ખૂબ સ્પષ્ટતાથી પૂજનની વિધિ કરાવી હતી આવતી કાલની વર્ષગાંઠની તથા નૂતન ધજાની બોલીઓ થઈ હતી.

સાધર્મિક વાત્સલ્ય આજે સવારે બપોર સાંજ ત્રણે સાધર્મિક વાત્સલ્ય શ્રીમતી સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા હ. ભાઈ જયંતિલાલ પદમશી વાઘજી ગુઢકા અમદાવાદ તરફથી થયા હતા. રાત્રે ભાવનામાં જમાવટ થઈ યુવાનોએ રાસ લીધા હતા.

(૫) દિવસ પાંચમે બીજા જેઠ સુદ ૨ મંગળવાર તા. ૧૫-૬-૯૯ સવારે શુભ મુહૂર્તે પ્રાચીન શાંતિનાથજી આદિ જિનબિંબો તથા ધ્વજ દંડ કલશ પ્રતિષ્ઠા તથા મુળ દેરાસરની વર્ષ ગાંઠ નિમિત્તે ધજારોપણ વિ. ખુબ ઉત્સાહથી થયા હતા જેની બોલીઓ ખુબ સારી થઈ હતી.

(૧) પ્રાચીન મૂલનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિષ્ઠા શ્રીમતી જીવીબેન કાલીદાસ હંશરાજ નગરીયા થાન - બેંગલોર (૨) જમણી બાજુ શ્રી આદિશ્વર પ્રભુની પ્રતિષ્ઠા શ્રીમતી પદ્માબેન પોપટલાલ રાજા ગુઢકા તથા શ્રીમતી કંકુબેન મેઘજી રાજા ગુઢકા (પરેલ - માટુંગા)

(૩) શ્રી મહાવીર સ્વામી પ્રભુજીની પ્રતિષ્ઠા શ્રી મહેન્દ્રભાઈ સેજપાર, ગોસરાણી સ્વ. જયસુખ, સ્વ. શ્રી ગીતેશ જયસુખલાલ, સ્વ. શ્રી મયુર મોહનલાલ, સ્વ. શ્રીમતી રેખા મયુર, સ્વ. શ્રી હરેશ ઝવેરચંદના શ્રેયાર્થે જામનગર હ. તેમના પરિવારો વતી.

(૪) પ્રાચીન મૂર્તિના ઝરુખા ઉપર ધજા પેઠ પ્રતિષ્ઠા કાલીદાસ હંશરાજ નગરીયા (૫) તે ઝરુખા ઉપર કલશની

પ્રતિષ્ઠા પદમશી વાઘજી ગુઢકા (૬) મૂળ દેરાસરની ૪૪મી વર્ષગાંઠ નિમિત્તે ધજા ચડાવવાનું ભારમલ ઘરમશી હરિયા હ. નવીનચંદ્ર ભારમલ અંધેરી.

પ્રતિષ્ઠા બાદ વિધિઓના ચડાવા પણ તેજ વખતે બોલાતા સારા થયા હતા.

(૧) અષ્ટ પ્રકારી પૂજા કાલીદાસ હંસરાજ નગરીયા (૨) કંકુના થાપા રામજી લખમણ માડ્ર થાનગઢ (૩) ઘીમા પ્રભુનું મુખ જોવાનું પદમશી વાઘજી ગુઢકા (૪) આરતી ઉતારવાનું કાલીદાસ હંસરાજ નગરીયા (૫) મંગલ દીવો ઉતારવાનું પ્રમીલાબેન સુરેશચંદ્ર વોરા ચેલાવાળા જામનગર.

ગુરુપૂજન તથા દ્વારોદ્‌ઘાટનની બોલીઓ થતાં તેમાં ઉત્સાહ ખૂબ વધી ગયો અને બંને બોલીઓ ખૂબ જોરદાર થઈ નવાંગી ગુરુપૂજન શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર તથા સવારે પ્રતિષ્ઠા પ્રતિમાનું દ્વારોદ્‌ઘાટન શાહ કાલીદાસ હંસરાજ પરિવાર થાન - બેંગલોર કુટુંબના ઘણા સભ્યો હાજર હતા. પૂ. ગુરૂદેવનું નવાંગે પૂજન કરી ધન્ય બન્યા હતા. મૂલનાયક પ્રતિષ્ઠા અને ગુરુપૂજન અને ઉદ્‌ઘાટનનો લાભ ઘણા ઉત્સાહથી લીધો હતો.

ચૈત્યવંદન કર્યું હતું અને બાદ નીચે હોલમાં પ્રતિષ્ઠાના મહિમા અંગે પ્રવચન થયું હતું પ્રવચનમાં હવે આ પ્રાચીન સ્થાનિક પ્રતિમાની પ્રતિષ્ઠા લાખાબાવળ સૌથી જુનું તીર્થ બને છે. દરરોજ આંગી અને સ્નાત્રની પ્રેરણા કરતાં રૂા. ૫૧) ના નામો ૧૪ મહિના માટેના નામો લખાઈ ગયા હતા અને દરરોજ આંગી અને સ્નાત્ર ચાલુ થઈ ગયા હતા.

સાધર્મિક વાત્સલ્ય સવારે શાહ પોપટલાલ રાજા ગુઢકા તથા શાહ મેઘજી રાજા ગુઢકા પરેલ - માટુંગા અને બપોરે તથા સાંજે શ્રીમતી જીવીબેન કાલીદાસ હંસરાજ નગરીયા થાન - બેંગલોર તરફથી થયા રાત્રે ભાવનામાં દલપતભાઈની મંડળી, શ્રી કાંતિભાઈ આદિ રંગરેલ ભક્તિ કરી હતી.

(૨) દિવસ છઠ્ઠો બીજો જેઠ સુદ ૩ બુધવાર તા. ૧૬-૬-૯૮ સવારે પાા વાગ્યે કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર બેન્ડ સાથે તેડવા માટે શ્રી સંઘ શાહ પદમશી વાઘજી ગુઢકાને ઘેર ગયો હતો. બહુમાન સહિત લાવી પૂ. ગુરુદેવને વિનંતી કરી દેરાસરે આવતાં મંત્રોચ્ચાર કરવા પૂર્વક જિનમંદિરનું ઉદ્‌ઘાટન હંસરાજ કાલીદાસ નગરીયા પરિવારે કર્યું હતું બન્ને દેરાસરોમાં ચૈત્યવંદન કર્યા હતા.

પ્રથમ પક્ષાલ અને પ્રથમ પૂજાની બોલી થતાં બન્ને આદેશ કાલીદાસ હંસરાજ નગરીયાને મળ્યા હતા.

સવારે ૯ વાગ્યે શાહ ગોવિંદજી પુંજાભાઈ માડ્ર - મુંબઈ તરફથી સત્તરભેદી પૂજા ભણાવાઈ હતી.

બાર વાગ્યે પદમશી વાઘજી ગુઢકાને ત્યાં વાજતે ગાજતે બેન્ડ સહિત પધરામણી થઈ હતી ને પ્રાસંગિક પ્રવચન થયું રામજીભાઈ આણંદભાઈએ મહોત્સવની મનોહરતાનું વર્ણન કરી આનંદ વ્યક્ત કર્યો હતો. પદમશી વાઘજી ગુઢકા તરફથી સંઘ પૂજન થયું હતું.

બાદ ભોજન મંડપમાં પૂ. શ્રી પધાર્યા હતા. ત્યાં કાર્યકર યુવાનોએ સુંદર કામ કર્યું તેનું રામજીભાઈએ અનુમોદન કરેલ અને સંઘ તરફથી યુવાનોનું બહુમાન કરવામાં આવ્યુ હતું.

સાધર્મિક વાત્સલ્ય - સવારે શાહ સોજપાર કચરા ગોસરાણી પરિવાર જામનગર તરફથી તથા બપોરે શાહ કચરા મેઘણ ગુઢકા હ. વીરજલાલ ચંદુલાલ ભગવાનજ કચરા તરફથી થયા હતા.

ઉત્સવ દરમ્યાન ત્રણ પૂજામાં ૩૫૦૦ મણ અને પ્રથમ પૂજા તથા આરતી મંગલ દીવાનું ઘી ૫૦૦૦) મણ ઉપર થયું હતું. બાવીશ હજાર જેટલું જીવદયા ફંડ થયું હતું.

સાંજે પૂ. પં. શ્રી જિનસેનવિજયજી ગણિવર્ય આદિએ જામનગર તરફ વિહાર કર્યો હતો. પૂ. આચાર્યદેવશ્રીએ એક દિવસ સ્થિરતા કરી શુક્રવારે વિહાર કરતાં ઘણો સમુદાય વળાવવા આવ્યો હતો.

મહોત્સવ દરમ્યાન મહેમાનો સારી રીતે આવ્યા હતા. કાર્યકર્તાઓ અને યુવાનોએ તનતોડ મહેનત કરી ખૂબ સુંદર વ્યવસ્થા જાળવી હતી. સંગીત મંડળ બેન્ડ મંડળીએ જમાવટ કરી હતી.

રૂા. ૫૦૧/- સર્વ સાધારણ તિથિઓ

૧ માસ	શ્રીમતી સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા	લાખાબાવળ
૧ માસ	શ્રીમતી જીવીબેન કાલીદાસ હંસરાજ નગરીયા	થાન-બેંગલોર
૧ માસ	શાહ પોપટ રાજા ગુઢકા, શાહ મેઘજી રાજા ગુઢકા	મુંબઈ
૧ માસ	શાહ રમેશચંદ્ર કાનજી વજા માલદે	મોમ્બાસા
૧ માસ	શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ	લંડન
૧ માસ	શાહ જુઠાલાલ રાયશી હરિયા હ. શ્રીમતી રતનબેન જુઠાલાલ	મોમ્બાસા
૯ તિથિ	શ્રીમતી અમૃતબેન વાઘજી કચરા માડ્ર	જામનગર
૮ તિથિ	શાહ રામજી આણંદ માડ્ર	જામનગર
૮ તિથિ	શ્રીમતી મણીબેન ઘરમશી રામજી ગોસરાણી	
૫ તિથિ	શાહ પદમશી વ્રજપાર માડ્ર હ. કસ્તુરબેન પદમશી	જામનગર
૫ તિથિ	શાહ રાજપાર નથુ નાગડા હ. મનસુખલાલ	મુંબઈ
૫ તિથિ	શાહ ગોવિંદજી પુંજાભાઈ માડ્ર	મુંબઈ
૫ તિથિ	શાહ મહેન્દ્રકુમાર સોજપાર ગોસરાણી હ. શાંતાબેન મહેન્દ્રભાઈ	જામનગર
૫ તિથિ	શાહ જગજીવન જીવરાજ ભાડલાવાળા	રાજકોટ
૫ તિથિ	આર. એલ. શાહ	નાઈરોબી

૫ તિથિ	શાહ દેવર જ પેથરાજ ગલેયા	અંધેરી
૫ તિથિ	શાહ પાનાચંદ છગનલાલ ગોસરાણી હ. જયાબેન પાનાચંદ	અંધેરી
૫ તિથિ	શ્રીમતી કંચનબેન નેમચંદ ન્યેરી	(કેન્યા)
૫ તિથિ	શાહ હંસરાજ સોજપાર ગોસરાણી	જામનગર
૫ તિથિ	શાહ કચરા મેરગ ગુઢકા પાંડુરના	અંધેરી
૫ તિથિ	શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા	રાજકોટ
૫ તિથિ	શાહ વ્રજપાર રાયશી માડુ હ. મુલચંદભાઈ	જામનગર
૫ તિથિ	કુમારી મલ્લિબેન ધરમશી ચંદરીયા	જામનગર
૫ તિથિ	શાહ ગોસર ભાઈ લાલજી નાગડા હ. વિનોદભાઈ	લાખાબાવળ
૫ તિથિ	શ્રીમતી પ નીબેન વીરપાર ચંદરીયા	જામનગર
૫ તિથિ	સંઘવી રાયચંદ મેરગ ગડા	મુંબઈ
૫ તિથિ	શ્રીમતી ગૌરીબેન પોપટ કચરા હ. મોતીબેન	મુંબઈ
૫ તિથિ	શાહ ગોસર લાલજી નાગડા હ. અમૃતલાલ	લાખાબાવળ
૫ તિથિ	શાહ પુંજા મેરગ ગુઢકા હ. ભરતભાઈ	લંડન
૫ તિથિ	શાહ ખીમજી વીરજી ગુઢકા મીઠોઈવાળા	જામનગર
૩ તિથિ	શાહ હરખચંદ ગોવિંદજી હરિયા	વાપી
૨ તિથિ	શાહ પુંજા નથુ નાગડા પરિવાર	લાખાબાવળ
૨ તિથિ	શાહ વીરચંદ કાલીદાસ મેઘજી ગુઢકા	જામનગર
૨ તિથિ	શ્રીમતી સુશીલાબેન ચંદ્રકાંત	લંડન
૨ તિથિ	શાહ મયુ મોહનલાલ પદમશી હ. રળિયાતબેન	જામનગર
૨ તિથિ	શાહ ભાર મલ ધરમશી હરિયા હ. નવીનચંદ્ર	અંધેરી
૨ તિથિ	શાહ અમૃતલાલ ડાયાલાલ સામત નાગડા	લાખાબાવળ
૨ તિથિ	શાહ છોટાલાલ ડાયાલાલ નાગડા	બેંગલોર
૨ તિથિ	શ્રીમતી જીવીબેન આણંદ ગોસરાણી હ. રતિલ લભાઈ	જામનગર
૨ તિથિ	શ્રીમતી રળિયાતબેન વીરપાર	ચેલા
૨ તિથિ	શ્રીમતી કંચનબેન નેમચંદ વીરજી	હરિપર
૨ તિથિ	શાહ જેઠ લાલ વીરપાર ગોસરાણી	ભીવંડી
૨ તિથિ	સોમચંદ ગંગધીર શાહ	જામનગર
૨ તિથિ	શ્રીમતી રાંતોકબેન વીરપાર	ચેલા
૨ તિથિ	શ્રીમતી જમબેન વીરપાર	ચેલા
૨ તિથિ	શાહ ઝવેરચંદ લાધા નાગડા	જામનગર
૨ તિથિ	શાહ વેલજી કચરા ગોસર	જામનગર
૨ તિથિ	શાહ જયંતિલાલ પ્રેમચંદ પોપટ માડુ	માહિમ
૨ તિથિ	શ્રીમતી પાનીબેન ખેતશી ગડા હ. જયંતિભાઈ	
૨ તિથિ	મહેતા વિઠલજી નથુભાઈ	જામનગર
૨ તિથિ	શાહ હીરજી કચરા માડુ	જામનગર
૧ તિથિ	શ્રીમતી સુશીલાબેન રાયચંદ	
૧ તિથિ	શાહ હીરાભાઈ હધાભાઈ	જામનગર
૧ તિથિ	શાહ હીરજી વેરશી ચંદરીયા	લાખાબાવળ
૧ તિથિ	શાહ ખેતશી નરશી સુમરીયા	મુલુંડ
૧ તિથિ	શાહ કુલચંદ કુંભાભાઈ ગુઢકા	લાખાબાવળ
૧ તિથિ	શાહ હરખચંદ દેવશી ગુઢકા	વાવબેરાજા
૧ તિથિ	શાહ ચંદ્રકાંત પ્રેમચંદ	નવાગામ
૧ તિથિ	શ્રીમતી નર્મદાબેન ધનજી	કનડમરા
૧ તિથિ	શાહ વેરશી પેથરાજ હ. મનસુખલાલ	લાખાબાવળ
૧ તિથિ	શ્રીમતી કંકુબેન લખમશી રામજી ગોસરાણી	લાખાબાવળ
૧ તિથિ	શ્રીમતી જમનાબેન મેપા ખીમરીયા	ચેલા
૧ તિથિ	શ્રીમતી વાલીબેન દેવશી મેપા ગોસરાણી	કનડમરા

તિથિઓ પુરી થવાથી ૧૦૦૦ સુધી સર્વ સાધારણ કાયમી ફંડ

૧૦૦૦/-	શ્રીમતી મોંઘીબેન લાલજી દેવન	જામનગર
૧૦૦૦/-	શ્રીમતી અમૃતબેન વાઘજી કચરા માડુ	જામનગર
૧૦૦૦/-	શાહ રામજી આણંદ માડુ	જામનગર
૧૦૦૦/-	શ્રીમતી મલ્લિબેન ધરમશી રામજી ગોસરાણી	

દરરોજ આંગી સ્નાત્ર એક દિવસ ના રૂા. ૫૧/-

૧ માસ	શાહ કાલીદાસ હંસરાજ નગરીયા	થાનબેંગલોર
૧ માસ	શ્રીમતી સંતોકબેન પદમશી વાઘજી ગુઢકા	લાખાબાવળ
૧ માસ	શાહ દેવરાજ પેથરાજ ગલેયા	લાખાબાવળ
૧ માસ	શ્રીમતી જયાબેન હરખચંદ ગોસર નાગડા	બેંગલોર
૧ માસ	શ્રીમતી મોંઘીબેન લાલજી દેવન નગરીયા	જામનગર
૧ માસ	શ્રીમતી પદ્માબેન પોપટ રાજા ગુઢકા	માટુંગા
૧ માસ	શ્રીમતી કંકુબેન મેઘજી રાજા ગુઢકા	પરેલ
૧ માસ	શાહ પદમશી વ્રજપાર માડુ હ. કસ્તુરબેન	જામનગર
૧ માસ	શ્રીમતી કુંવરબેન રાયચંદ લખમશી	જામનગર
૧ માસ	શ્રીમતી મણીબેન કરમશી માણેકચંદ	જામનગર
૧ માસ	સ્વ. જમનાબેન સાંગણ ચંદરીયા હ. દર્શિત વિજેશ હીરજી	લાખાબાવળ
૧ માસ	શાહ કચરા મેરગ ગુઢકા પાંડુરના	અંધેરી
૧ માસ	શ્રીમતી પાનીબેન આણંદ માડુ	જામનગર
૧ માસ	શાહ દેવચંદ કેશવજી નાગડા (૧૪ માસ)	લાખાબાવળ

શાહ પાનાચંદ પેથરાજ પરિવાર તરફથી ૫૦૦ ફુટ જેટલી જમીન જ્ઞાન ભંડાર તથા લાલા કુંભાણીની જગ્યા સામે રોડ ઉપર છે તેમણે તે જમીન સંઘને ભેટ આપી તથા વંડો બંધાવવા માટે પણ સગવડ આપી ત્યાં સારા ફુલઝાડ થશે જેથી પ્રભુજીની ફુલપૂજા તથા ફુલની આંગી રોજ થતા આંગીમાં ભક્તિની વૃધ્ધિ કરાવશે.

ઉત્સવ શાસન વ્યવસ્થિત અને ઉદારતાપૂર્વક થયો અને ખૂબ ઉલ્લાસ વૃધ્ધિનું કારણ બન્યો હતો.

★★★★

मालव प्रदेश के गिरनार तीर्थ स्वरूप आष्टा तीर्थ में
तपस्वी सम्राट पूज्यश्री के निमित्त ६८ दिन के भव्य ऐतिहासिक महोत्सव की पूर्णाहुति

मालव प्रदेश के गिरनार तीर्थ स्वरूप आष्टा तीर्थ में आष्टा तीर्थ के उद्धारक सुविशुद्ध संयमी निस्पृह शिरोमणि वर्धमान तप की १००+१००+८९ ओली (१४१०५ आयंबिल + २८९ उपवास) के अभूतपूर्व विक्रम सर्जक महान आराधक तपस्वी सम्राट पूज्यवाद आचार्य भगवंत **श्रीमद् विजय राजतिलक सूरीश्वरजी म. सा.** के सुदीर्घ सुनिर्मल जीवन की हार्दिक अनुमोदनार्थ अनेक महापूजनों आदि से समृद्ध ६८ दिन के भव्यतम **अविस्मरणीय जिनभक्ति महोत्सव** ने मध्यप्रदेश के ही नहीं अपितु पूरे भारतवर्ष में आष्टा के इतिहास को अमर बना दिया है ।

जन-जन के मन में आयंबिल की अनुपम आस्था पैदा करने वाले स्व. पूज्य आचार्यश्री के आशीर्वाद के प्रभाव से ही २० वी सदी का अनूठा जिनालय आष्टा में निर्माण को पा सका ।

१८ साल से निर्माणाधीन जिस जिनमंदिर की प्रतिष्ठा हेतु विगत कई वर्षो से श्री आष्टा संघ जिनकी प्रतिक्षा में था, वे तीर्थोद्धारक तपस्वी श्रेष्ठ पूज्य आचार्यश्री वि.सं.२०५४ में गिरधरनगर (अहमदाबाद) की पावन भूमि पर से स्वर्गलोक के सिंहासन पर अलंकृत हो गये ।

श्रीसंघ की भावना अपूर्ण रही, पूज्यश्री के अंतिम हृदयस्थ भावों की पूर्ति हेतु वि. स. २०५५ के चातुर्मास हेतु पधारे हुए तपस्वी सम्राट पूज्यश्री के शिष्य व्याख्यान वाचस्पति, प्रशांतमुर्ति पूज्य मुनिराज हर्षतिलक विजयजी म. सा. आदि ठाणा ३ व साध्वी श्री प्रशांतदर्शनाश्रीजी आदि ठाणा ५ के सांनिध्य में महान तपस्वी पूज्य गुरुदेवेश की प्रथम वार्षिक स्वर्गारोहण तिथि के उपलक्ष्य में ३६ दिन का एक भव्य महोत्सव आषाढ शुक्ला १४ मंगलवार दिनॉक २७-०७-१९९९ से प्रारंभ हुआ । पूज्यश्री की प्रथम वार्षिक तिथि भाद्रवा वदी ५ मंगलवार दिनॉक ३१-०८-१९९९ को बडे ही ठाठबाठ से महोत्सव की पूर्णाहुति होनी थी किन्तु भावना बढने से पूज्य आचार्यश्री के निर्मल संयम जीवन की अनुमोदना हेतु ३६+२९+३ = ६८ दिन का महोत्सव पूर्ण करने का श्रीसंघ के द्वारा निर्णय लिया गया ।

श्री १०८ पार्श्वनाथ महापूजन (दो बार), **श्री भक्तामर महापूजन** (दो बार) **श्री सिद्धिचक्र महापूजन** (दो बार), **श्री अठ्ठारह अभिषेक** (तीन बार), श्री ९६ जिनमहापूजन (दो बार), **श्री शांतिस्नात्र, श्री ९९ अभिषेक महापूजन, श्री बृहद अष्टोत्तरी शांति स्नात्र** (दो बार) **श्री अर्हद अभिषेक महापूजन, श्री अर्हद महापूजन** (तीन दिवसीय), **भव्यातिभव्य ऐतिहासिक रथयात्रा** आदि अनेक महापूजनों एवं **रचनायुक्त श्री अष्टापदजी श्री नंदीश्वर द्वीप** आदि पूजाओं से समृद्ध ६८ दिन का भव्य जिनभक्ति महोत्सव दिनॉक ०५-१०-१९९९ शनेवार का बडे ही हर्षोल्लास के साथ में सम्पन्न हुआ है ।

६८-६८ दिनों तक बाहर से पधारे प्रतिष्ठित संगीतकारों के द्वारा प्रभु भक्ति, दीपकों की रोशनी में रात्रि में अनुपम भक्ति जो कभी भी कहीं देखने को नही मिले, भव्य अंगरचना, तरह-तरह की विविध प्रतिदिन प्रभावनाएँ, प्रतिदिन वीरमगाम से पधारे हुए शहनाई वादकों की संगीत सूरावली, पूजा आदि में लाभ लेने वाले पुण्यात्माओं के घर से ६८ दिन तक शहनाई वादन व पूजन की सामग्री साथ में प्रवचन श्रवणार्थ आगमन, प्रतिदिन जीवों को अभयदान, लोगों की अनुपम उपस्थिति आदि के कारण इतिहास में इस महामहोत्सव ने आष्टा संघ के नाम को सुवर्णाक्षरों से अंकित कर दिया है । आकर्षक पत्रिकाओं के माध्यम से भारतभर में श्रीसंघ की ओर से निमंत्रण भेजने में आया, दूर-सुदूर से आष्टा पधारने वालों पुण्यात्माओं के मुख से एक ही बात सुनने को मिलती "इतना लम्बा भव्य महोत्सव कभी सुना भी नहीं ।"

आष्टाश्रीसंघ के द्वारा ही आयोजित किये गये इस महोत्सव की सबसे बडी विशेषता यह रही कि इस भव्य महोत्सव का संपूर्ण लाभ भी आष्टावासियों ने ही लिया है । जन-जन के मन में विश्व के अद्वितीय महान तपस्वी सम्राट पूज्यश्री के प्रति अद्भुत भाव बना हुआ देखने को मिलता है ।

आष्टा श्रीसंघ के उपर जिन के आशीर्वाद सदा बरस रहे है वैसे महान उपकारी पूज्य गुरुभगवंत के ऋण से आंशिक मुक्ति पाने हेतु इस जिनभक्ति स्वरूप श्री प्रभुभक्ति के महोत्सव ने आबालवृद्ध सभी के दिलों में भगवद् भक्ति का एक अनमोल रस उत्पन्न किया ।

आष्टा तीर्थ के अधिपति २२०० वर्ष की अधिक प्राचीन श्री नेमिनाथ प्रभु की छत्र छाया में सुचारु रूप से सम्पन्न यह महोत्सव चिर स्मरणीय बना रहेगा । आप सभी आष्टा तीर्थकी यात्रार्थ पधारे ।

બાલવાટિકા
રવિ શિશુ

પ્યારા બુલકાઓ,

એક ભૂલકાએ મને પ્રશ્ન પૂછ્યો. આત્માનું અહિત શેનાથી ?

બાલુડા તારો પ્રશ્ન બહુ ગમ્યો. સદ્‌બુદ્ધિની ગેરહાજરીમાં, કુસંસ્કારોની હાજરીમાં, દુર્ગતિના ભ્રમણમાં, સત્સામગ્રીઓના અભાવમાં, દોષોની લંગારમાં, ભયંકર પરિણતિમાં અને મલિન વિચારોમાં થઈ જતી જીવ વિરાધનાથી આત્માની અહિતતાના દર્શન થાય છે.

ચૌદ રાજલોકનો એક એક આકાશ પ્રદેશ જીવોથી ભરેલો છે, આ પ્રદેશમાં કોઈ ચીજ મુકતાં, કોઈ ચીજ લેતાં, કોઈ ચીજ આઘી પાછી કરતાં, તે પ્રદેશ ઉપર બેસતાં કે ઉઠતાં, હલન-ચલન કરતાં કે બારી-બારણાં ખોલતાં અને બંધ કરતા પ્રમાદથી કે બેદરકારીથી, અવગણનાથી, ઉપેક્ષાથી, સત્વની કરવશથી કે શ્રદ્ધાની મંદતાથી થઈ જતી એકાદ કાયના જીવોની વિરાધના આપણા શિરે ચોંટે છે.

કોઈના આયુષ્યનો ખાતમો બોલાવનારા આપણે જ્યારે આયુષ્ય ક્ષયનો શબ્દ સાંભળતાં જ થથરી જઈએ છીએ. જીવ વિરાધના કરનારો આત્મા સંકલેશથી જ જીવે છે. અને આયુષ્ય પૂર્ણ કરતી વખતે પણ સંકલેશનો શિકાર બનીને દુર્ગતિની સફરે ચાલ્યો જાય છે. વિરાધનામાં પ્રવૃત્ત થયેલો આત્મા ભવિષ્યમાં અલ્પ આયુષી બને છે કોઈપણ જીવની વિરાધના કરતાં એનામાં રહેલાં જીવનું દર્શન થાય છે કે એના મોતનું દર્શન થાય છે ? જીવ વિરાધના થયા પછી તેને થતા ભયંકર ત્રાસ અને દુઃખના દર્શન આપણને થાય છે ખરા ?

આનો જવાબ ના જ આવવાનો છે. એનું કારણ આપણા જીવન વ્યવહારો એવા જ થઈ ગયા છે. વારંવાર પાણી છોળવા જોઈએ એટલે અપ્કાયની વિરાધના, વૈજ્ઞાનિક સાધનોથી થતી તેઉકાયની વિરાધના, સુખશીલતાની વૃત્તિના કારણે વાઉકાયની વિરાધના, રસનેન્દ્રિયના તોફાનના કારણે વનસ્પતિકાયના જીવોની વિરાધના, સમિતિ-ગુપ્તિના પાલનમા પ્રમાદના કારણે અન્ય કાયના જીવોની વિરાધના લગભગ આપણે કાયમના ધોરણે સ્વીકારી લીધી છે.

આ વિરાધનાથી કર્મબંધ, મોહનીય કર્મની પુષ્ટિ, આયુષ્યક્ષય અને નરકાદિનું આમંત્રણ મળતું હોય તો શા માટે આપણે આપણા આત્માનું હિત ખોવું જોઈએ. આત્માનું હિત કરનારા આત્માઓએ થોડા કષ્ટો વેઠીને, અગવડો સ્વીકારીને, તાત્કાલિક સુખને ગૌણ કરીને પણ જીવ વિરાધનાથી જીવને બચાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

મધુરમ્

દુર્જનના આગ્રહ કરતા તો ધર્મીનો ધર્મ સાચવવાનો આગ્રહ કઈ ગુણો દઢ હોય છે.

પાપ બંધાય છે.

પ્રાણાતિપાત : પ્રમાદના કારણે કોઈપણ જીવના દ્રવ્ય પ્રાણો નાશ કરવા / હિંસા કરવી તેથી આત્મા પાપ કર્મ બાંધે છે.

મૃષાવાદ : જુઠ્ઠુ બોલવાથી, અપ્રિય અને અહિતકર બોલવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.

અદત્તાદાન : જેની વસ્તુ હોય તેની અનુમતિ લીધા વગર કોઈપણ વસ્તુ ઉપાડી લેવી/ લઈ લેવી તેનાથી આત્મા પાપ કર્મ બાંધે છે.

મૈથુન : કામ-ક્રીડાની પ્રવૃત્તિથી આત્મા પાપ કર્મ બાંધે છે.

પરિગ્રહ : અધિક વસ્તુઓનો સંગ્રહ કરી તેના ઉપર આસકિત કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.

ક્રોધ : ક્રોધ કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.

માન : સ્વામિત્વપણાનું અભિમાન કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.

માયા : માયા-કપટના આચરણથી આત્મા પાપ કર્મ બાંધે છે.

લોભ	:	અધિક અધિક પ્રાપ્ત કરવાની લાલસાથી આત્મા પાપ કર્મ બાંધે છે.
રાગ	:	વ્યક્તિ અથવા વસ્તુ ઉપર નો મોહ/આસક્તિથી આત્મા પાપ કર્મ બાંધે છે.
દ્વેષ	:	વ્યક્તિની ઘૃણા કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.
કલહ	:	ઝગડા-કંકાશ-ક્લેશ કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.
અભ્યાખ્યાન	:	જુઠા આરોપ આપવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.
પૈશૂન્ય	:	સાચા ખોટા આરોપોને પ્રગટ કરવાથી આત્મા પાપ કર્મ બાંધે છે.
રતિ-અરતિ	:	અનુકૂળ વિષયોમાં રાગ અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ કરવાથી આત્મા રતિ-અરતિના પાપ કર્મો બાંધે છે.
પર-પરિવાદ	:	નિન્દા, કુથલી કરવાથી આત્મા પાપ કર્મો બાંધે છે.
માયા-મૃષાવાદ	:	માયા પૂર્વક જૂઠું બોલવાથી આત્મા પાપ કર્મો બાંધે છે.
મિથ્યાત્વ	:	જિનેશ્વર દેવ-સુગુરુ અને સુધર્મ આ ત્રણેયને વિપરીત માનવાથી આત્મા પાપ કર્મો બાંધે છે.

રમ્યા-સોના

...✈ હાય વિજ્ઞાન.....✈

ટી.વી. આદિથી આંખનો વિષય વધાર્યો
રેડિયો ટેપરેકોર્ડ આદિથી કાનનો વિષય વિસ્તાર્યો
કેલ્કયુલેટર, કોમ્પ્યુટર આદિથી મગજનો વિષય વધાર્યો
ટ્રેન-પ્લેન આદિથી યાત્રાનો (પગનો) વિષય વધાર્યો
પ્રિન્ટીંગ પ્રેસ આદિથી મશીનોથી હાથનો વિષય વધાર્યો.
જુદી જુદી વાનગીઓ બનાવી રસનો વિષય વધાર્યો
મુલાયમ અને બારીક વસ્તુઓ વિકસાવી સ્પર્શનો વિષય વધાર્યો
પરંતુ
રોગ, જરા, ઘડપણ, જન્મ-મરણ હજુ એમને એમ ઉભા રહ્યાં છે તેનું શું?

નિર્મલ પી. શાહ

ધર્મસિદ્ધિના લિંગો

■ ઔદાર્ય ■ દાક્ષિણ્ય ■ પાપ જુગુપ્સા
■ નિર્મલ બોધ ■ લોકપ્રિયતા

પૂ. હરિભદ્રસૂરિ (ષોડશક)

ત્રિપદી

પોતાના પ્રત્યે કઠોર રહેવું તે "તપ"
બીજા પ્રત્યે કોમળ રહેવું તે-અહિંસા
પોતા પ્રત્યે કઠોર અને બીજા પ્રત્યે કોમળ તે -સંયમ

રમ્યા

કથાનક

રાજગૃહી નગરીમાં કાલસૌરિક નામનો કસાઈ રહેતા હતો તે હંમેશાં ૫૦૦-૫૦૦ પાડાઓને મારતો હતો તેના માંસનો વેપાર કરતો હતો. આ વેપારથી તેની આજીવિકા મઝેથી ચાલતી હતી. આ ભયંકર ક્રૂરતાપૂર્વક અને નિર્દયતા ને કારણે અન્ત સમયે શરીરમાં રોગ ઉત્પન્ન થયો. આ રોગ ધાતુ વિપર્યાસ નામનો હતો. આ રોગના પ્રભાવે મીઠા-મધૂર પદાર્થો અતિ કડવા, સુકોમળ શૈયા કાંટાની જેમ ખૂંચે, શરીર ઉપર કરાતો ચંદનનો લેપ અતિ ઉષ્ણ લાગે, સુંદર સંગીતના સૂરો કર્કશ લાગે, સુગંધી ખુશ્બુઓ ખરાબ વાસમાં પરિણમે. કાલસૌરિકના પાંચેય ઈન્દ્રિયના સુખો દુઃખ રૂપે પરિણામવા લાગ્યા. કુટુંબીજનો સુખ સાહ્યબી ભોગવવા અને રોગમાં શાતા રહે તે કારણે પાંચેય ઈન્દ્રિયના સુખો વધુને વધુ તેની આગળ મુકતાં ગયા. તે ભોગવતાં જ કાલસૌરિક અસહ્ય પીડા અને દુઃખોની અરેરાટી ઓકવા માંડયો.

આ જ કાલસૌરિકને સુલસ નામનો પુત્ર હતો. સુલસની મૈત્રી અભયકુમાર સાથે હતી. સજ્જનનં મૈત્રીના કારણે સજ્જનતાના ગુણો સુલસમાં દેખાવા લાગ્યાં. સુલસ પણ સંસ્કારી બન્યો હતો. એનામાં રહેલા દયા, દાન, પ્રેમ મૈત્રી, પાપનો ભય આદિ સદ્‌ગુણો વારે તહેવારે પ્રગટ થયે જતાં હતા.

અસહ્ય પીડા અને રીબામણ ભોગવતા સુલસના પિતાશ્રી મૃત્યુ પામ્યા ત્યાર બાદ ભેગાં થયેલા સ્વજનો સુલસને કહેવા લાગ્યા ભાઈ ! વેપાર શરૂ કર, પિતાજીની દુકાન ખોલ, પશુઓને વધ કર, પૈસા કમાઈશ તો રોજી રોટી નીકળશે. પરંતુ સુલસે

પોતાના સ્વજનોને કહ્યું હે વડિલો ! બિચારા મુંગા અને નિરપરાધી પશુ ોની હું હિંસા નહી કરું. તેઓની હિંસાથી આ લોક અને પરલ કમાં મારે ભયંકર દુઃખ ભોગવવું પડે માટે હું પિતાશ્રીનો વ્યા ાર નહીં કરું.

તરત જ વજનો બોલ્યા, અરે સુલસ ! તું ગભરાઈશ નહિ તારા દુઃખ અને ાપનો અડધા ભાગીદાર અમે.

સ્વજનોને બોધ આપવા માટે સુલસે છરી હાથમાં લીધી જોરથી પગ ઉ ર ઘા કર્યો. લોહીની શેર છૂટી, ધડધડ લોહી વહેવા લાગ્યું. ુલસ બોલ્યો, મને ખુબ પીડા થાય છે. મારા દુઃખમાં ભાગ પ ાવો, બધા એકબીજાના મોઢા જોવા લાગ્યા પણ કોઈ ભાગ પ વવા આગળ ન આવ્યું. સ્વજનો વિચારવા લાગ્યા, આની ડાનું વિભાજન કઈ રીતે કરવું ?

સમય થોડો વ્યતીત થતાં સુલસ બોલ્યો, સ્વજનો ! જેમ કોઈપણ પ્રકારે કોઈની પીડાનું વિભાજન અસંભવ છે તેમ મારા પાપનું પણ વિભાજન-ભાગ અસંભવ છે. આજીવિકા માટે નિષ્પાપ કોઈ ધંધો કરીશ પરંતુ પિતાનો આ પાપપૂર્વકનો ધંધો કયારેય પણ નહિ કરું.

સર્વથા પાપથી બચવા માટે પાપભીરૂ બનવું પડે, પાપ ભીરૂતા એટલે હૃદયમાં પાપ પ્રત્યેનો તિરસ્કાર ભાવ આ તિરસ્કાર ભાવમાં એવી તાકાત છે કે તે અવશ્ય નિષ્પાપ જીવન પ્રદાન કરે છે.

જ્યાં પાપનો ભય નહિ ત્યાં સત્કૃત્ય શું અને અકૃત્ય શું તેનો વિચાર-વિવેક કઈ રીતે થઈ શકે ? જ્યાં વિવેક નહિ તે માનવ નહિ.

રચના : હિતેશ

માસક્ષમણ - અઠ્ઠાઈ - એકાસણું ના તપસ્વીઓ

અમળનેર (ખાનદેશ) મધ્યે પૂ.પાદ વર્ધમાન તપોનિધિ જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તપસ્યા કરેલ ભાગ્યશાળીઓ

૧.	ડો. શ્રી બિપીનભાઈ જયંતિલાલ શાહ		માસક્ષમણ
૨.	અંકિત સુહાસભાઈ શાહ	(ઉંમર ૧૧)	અઠ્ઠાઈ
૩.	પ્રિયા કાંતિલાલ નાહટા	(ઉંમર ૧૩)	અઠ્ઠાઈ
૪.	વિરાગ શેખર શાહ	(ઉંમર ૧૪)	અઠ્ઠાઈ
૫.	અપૂર્વા મુકેશ શાહ	(ઉંમર ૦૪)	પહેલી વખત એકાસણું

આ બધાય તપસ્વીઓને પૂ.શ્રીએ વહોર્યા પછી જ પારણું કર્યું હતું.

ડો.શ્રી બિ નભાઈ જે. શાહ

પ્રિયા કાંતિલાલ નાહટા

વિરાગ શેખર શાહ

અંકિત સુહાસભાઈ શા

દયા ધર્મનું મુળ છે ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ અહિંસા પરમો ધર્મ

Trust Act Reg. No. E-379 Kachchh

Donation is Exempted U/S 80-G of Income Tax Act. Vide Certi. No. CITR 63-42 Up to તા.૧/૪/૯૮ થી ત..૩૧/૩/૨૦૦૩

SHREE JIVDAYA MANDAL

RAHPAR (KUTCH) 370 165.

શ્રી જીવદયા મંડળ - રાપર - કચ્છ

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. લોહાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્ષ નં.૨૩, મુ. રાપર-કચ્છ પીન ૩૭૦ ૧૬૫. ફોન : (૦૨૮૩૦) ૨૦૮૪૦

પ્રમુખ : ફોન : ઓ. ૨૦૦૭૯ ૨. ૨૦૩૫૭

નવા વર્ષની શુભ કામનાઓ....સૌ સહયોગીઓને....

આજના નવલા વરસે **શ્રી જીવદયા મંડળ રાપર** આપ સૌ સહયોગીઓને પાઠવે છે **નૂતન વર્ષાભિનંદન** સાથે જીવનમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ બની રહે એવી વ્યકત કરે છે અંતરની અભિલાષા..

અબોલ જીવો નિભાવતી આ સંસ્થાને આપ સૌનો ખૂબ ખૂબ સહયોગ પ્રાપ્ત થયેલ છે, જેના લઈને જ આ સંસ્થા તેના કાર્યમાં અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ વધારે ને વધારે પ્રગતિ કરતી રહેલ છે.

ચાલુ સાલને બાદ કરતાં છેલ્લાં ૩ વર્ષથી આ સંસ્થામાં ઢોરોની સંખ્યા કાયમી પણે ૫૦૦૦ આસપાસ રહેલ છે. તેમની પાછળ આ સંસ્થાને વરસ સારા હોવા છતાં સને ૧૯૯૬/૯૭માં નિભાવ ખર્ચ રૂા. ૧ કરોડ ૨૦ લાખ, સને ૧૯૯૭/૯૮માં રૂા. ૮૫ લાખ જ્યારે સને ૧૯૯૮/૯૯માં ૧ કરોડ ૧૦ લાખ રૂપિયાનું ખર્ચ લાગેલ. ચાલુ વરસે આ વિસ્તારમાં દુષ્કાળ જેવી સ્થિતિ હોઈ આ સંસ્થામાં મોસમની શરૂઆતમાં ઢોરની સંખ્યા ૪૫૦૦ આસપાસ હતી ને વધતી વધતી ૯૦૦૦ આસપાસ પહોંચી જવા પામેલ છે. આમ ઢોરની ખૂબ મોટી સંખ્યા તેમજ ઘાસ તથા ખાણ-દાણના ખૂબ ઉંચા ભાવને લઈ નિભાવ ખર્ચ ખૂબ લાગતું હોવાથી આ સંસ્થા આર્થિક રીતે ખૂબ જ મુશ્કેલી અનુભવી રહેલ છે. હાલ આ સંસ્થાને રોજનું દૈનિક નિભાવ ખર્ચ રૂપિયા ૧ લાખ થી પણ વધારે લાગે છે. આ સ્થિતિમાં ઢોરોના નિભાવનું કામ ખૂબ જ કપરું છે.

આ સ્થિતિને પહોંચી વળવા સંસ્થાએ તા.૧૦-૧૦-૯૯ના મુંબઈ મધ્યે એક પ્રોગ્રામનું આયોજન કરી સોના સદ્‌ભાવથી સુંદર આર્થિક સહયોગ પ્રાપ્ત કરેલ, પરંતુ ખૂબ મોટા ખર્ચ સામે આ રકમ પણ માંડ ૩ થી ૩॥ માસ ચાલી શકે વળી અગાઉની બચતો પણ વપરાઈ ચુકી હતી તેમ સરકારશ્રી તરફથી ઓકટોમ્બર માસ પુરો થવા આવ્યો છતાં સબસીડીની કોઈજ જાહેરાત થયેલ નથી. જેથી આજના **મંગલ** દિવસે અબોલ જીવો નિભાવતી આ સંસ્થા આપના પાસે સારા સહયોગની આશા અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે.

આ સંસ્થાની આ કપરી સ્થિતિ ધ્યાનમાં લઈ આપ શકય વધુ સહયોગ આપી - અપાવી **જીવદયાની જ્યોત**ને જલતી રાખશો તેવી અપેક્ષા સહ..

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી જીવદયા મંડળ રાપર-કચ્છ
પીન-૩૭૦ ૧૬૫.

સંસ્થાનું ખાતું શ્રી જીવદયા મંડળ રાપરના નામે
દેના બેંક રાપર શાખામાં છે.
સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી.

લી.
ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ રાપર-કચ્છ.

નોંધ :- અમારા વિસ્તારમાં સપ્ટેમ્બરના એન્ડમાં અડધા તાલુકામાં થોડો વરસાદ થયેલ, પરંતુ આ વરસાદથી વગડામાં મોટા ઢોર ચરી શકે તેવું ઘાસ નિકળેલ નથી જેથી તમામ ઢોરોને ઘાસ વેચાતું લઈને નાખવાનું હોઈને નિભાવ ખર્ચ ખૂબ મોટું લાગે છે તે આપની જાણ ખાતર...

સમાચાર સાર

પેઠ-વડગૉંવ સંઘના આંગણે
શાશ્વતી નવપદ ઓળીની અનુમોદનીય આરાધના.....

શાસન પ્રભાવક પૂ. આ. શ્રી **વિજય જયપુંજરસૂરીશ્વરજી મ.** ના પટ્ટપ્રભાવક પૂ. આ. શ્રી **વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.** ના શિષ્ય-પ્રશિષ્યરત્નો **પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ** તથા **પૂ.મુ. શ્રી આત્મરક્ષિત વિ** ની નિશ્રામાં શાશ્વતી નવપદની આરાધના ખૂબ જ અનુમોદનીય થવા પામી.

શાશ્વતી ઓળીના આરાધના પૂર્વે સોનામાં સુગંધની જેમ ભા.વ.૧૧ થી શ્રી સંઘમાં સામુદાયિક પાયાનો મંગલમય પ્રારંભ થયેલ. જેમાં ૨૧ પુણ્યાત્માઓ જોડાયેલ. તેમજ સંઘમાં ૧૮-૨૦-૩૧ વગેરે વર્ધમાન તપની ઓળીનં આરાધનામાં પણ ૬ પુણ્યાત્માઓ જોડાયેલ. નવપદની ઓળીની આરાધનામાં ૯ પુણ્યાત્માઓ જોડાયેલ. પેઠ-વડગૉંવ સંઘના માત્ર ૩૮ ઘરના સંઘમાંથી ૬૦/૪૦ પુણ્યાત્માઓ આયંબિલની આરાધનામાં જોડાઈ જતાં સંઘ માટે કાયમનું યાદગાર સંભારણું બની જવા પામેલ. વર્ધમાનતપના પાયા તથા નવપદની ઓળીનો સંપૂર્ણ લાભ **શા. શાંતિલાલજી ગુલાબચંદજી રાઠોડ પરિવારે** ખૂબ જ ઉદારતાપૂર્વક લીધેલ.

શાશ્વતી ઓળી દરમ્યાન શ્રીપાલ-મયણાના ઐતિહાસિક જીવન-પ્રસંગોને આવરી લેતી નવપદ પ્રવચન શ્રેણીનું સુંદર આયોજન થયેલ. પૂજ્યશ્રીની નવપદ વિષયક પ્રવચન શ્રેણીમાં સંઘના ભાઈ-બહેનોએ ખૂબ જ સારી સંખ્યામાં લાભ લીધો હતો. સમગ્ર ઓળી દરમ્યાન કુલ્લે રૂા. ૨૫/- નું સંઘપૂજન થવા પામેલ. ઓળીના અંતિમ દિને પૂ. ગુરુદેવશ્રીની પ્રેરણાને પામીને ઓળીના આયોજક પરિવાર સકલ શ્રી સંઘનું આયંબિલનું સ્વામી વાત્સલ્ય (નવકારશી) નું સુંદર આયોજન કરેલ. જેમાં ખૂબ જ સારી સંખ્યામાં ભાગ્યશાળીઓએ લાભ લીધો હતો. આયંબિલ કરનાર પ્રત્યેક આરાધકને શ્રીફળની પ્રભાવના થયેલ.

આસો વદ-૧ સોમવારના દિને તપસ્વીઓનો પારણોનો કાર્યક્રમ ઓળીના આયોજક **શા. શાંતિલાલજી ગુલાબચંદજી રાઠોડ પરિવારનું** શ્રી સંઘ તરફથી સન્માન તેમજ ઓળીના આરાધકો તરફથી સન્માન આદિનો કાર્યક્રમ યાદગાર બની જવા પામ્યો હતો. શ્રી સંઘ વતી સંઘના વયોવૃદ્ધ આગેવાન **શ્રી બાબુભાઈ શાહે** શાલ ઓઢાડવા પૂર્વક તેમજ આરાધક બહેનો વતી **શ્રી અશ્વિનભાઈ શાહે** ચાંદીની થાળી-વાટકી દીવો તથા શાલ ઓઢાડવાપૂર્વક બહુમાન કરેલ. સંઘના અધ્યક્ષ શ્રી વિલાસભાઈએ પણ બહુમાન કરેલ. શ્રી સંઘ તરફથી વર્ધમાનતપના પાયા તથા વર્ધમાનના પ્રત્યેક આરાધકોને ૧૧૧ રૂા. નું કવર તથા નવપદ ઓળીના આરાધકોને ૬૦ રૂા.નું કવર પ્રભાવના રૂપે અપાયેલ. શ્રી સંઘ તરફથી કવર આપી તિલક કરવાનો ચઢાવો બોલાતાં ખૂબ જ સારી રકમ બોલવા પૂર્વક **શા. મગનલાલ ગુલાબચંદ રાઠોડ પરિવારે** (કોલ્હાપુર) લાભ લીધેલ. ઓળીના આયોજક પરિવારે વર્ધમાન તપના આરાધકોને ચાંદીનો દીવો અને નવપદના આરાધકોને ચાંદીની વાટકીની પ્રભાવના થયેલ. એકંદરે પેઠ-વડગૉંવના સંઘમાં સૌ પ્રથમવાર પૂ. ગુરુભગવંતશ્રીની નિશ્રામાં આ રીતે સામુદાયિક ઓળીનું ભવ્ય આયોજન થતાં સમગ્ર શ્રી સંઘ માટે એક યાદગાર ચિરસ્મરણીય સંભારણું બની જવા પામેલ. પ્રતિદિન દૈનિક પ્રવચનોમાં પણ સંઘ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યાં છે. પ્રતિદિન ૨ રૂા.નું સંઘપૂજન પણ નિયમિત ચાલુ છે.

■ **ભવાનીપુર કલકત્તા :** અંત્રે પૂ. મુ. શ્રી વૈરાગ્ય યતિ વિજયજી મ. આદિની નિશ્રામાં ભાદરવા વદ તથા આસો સુદ ૧૪ સુધી અર્હદ અભિષેક, અર્હદ અભિષેક મહાપૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બૃહદ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

■ **વાપ.** : અત્રે અલકાપુરીમાં પૂ. મુ. શ્રી આત્મરતિ વિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી અમૃતલાલ કસ્તૂરચંદ નહાટાના ધર્મપત્ની શ્રીમતી કુસુમબેનના ધર્મજીવનની અનુમોદનાર્થે ત્રણ દિવસનો શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ભા.વ. ૧૪ થી આસો સુ.૧ સુધી થયો. સુદ ૧ના સકલસંઘનું સ્વામિવત્સલ થયું.

શ્રીમતિ કુસુમબેને પુત્ર પૂ. મુ. શ્રી ભવ્યવર્ધન વિ. મ. અને બે બાલ પૌત્ર, બે પુત્રીઓ, ભત્રીજી, બે ભાણેજ અને પુત્રવધુને દીક્ષા અપાવવાના ઉત્તર કાર્યો કર્યા જિનમંદિર ગુરુમંદિર આરાધના ભવન જ્ઞાન મંદિરની સ્થાપના કરી હતી.

■ **દારવ્હા (મહારાષ્ટ્ર)** : અત્રે પૂ. આ. શ્રી મહાયશ સાગરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પાંચ માસ ખમણ આદિ તપ થયા અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. ઉપધાન તપ આસો સુદ ૧૪ શરૂ થયેલ છે. માળ ૨૦૫૬ માગસર સુદ ૩ના થશે.

■ **ભાદર સુદ-૪ સોમવારની સંવત્સરી** ■

(૧) પૂ.આ. શ્રી કમલરત્ન સૂ.મ.ની નિશ્રામાં ખેડબ્રહ્મા ૪૨૫ (૨) દેલનગર (ખેડબ્રહ્મા) સ્ટેશન ૧૨૦ (૩) સાદડી માત્ર ઉપાશ્રય ૧૦૦ આરાધકો (૪) રમણિયા પૂ. આ. શ્રી દર્શનરત્ન સૂ. મ. ની નિશ્રામાં ૩૨૫) સંખ્યા (૫) ગઢ શિવાણા સાધ્વીજી છે, ૧૦૦ બહેનો (૬) ઉદયપુર ૧૦૦ ભાઈઓ (૭) પિંડવાડા સાધ્વીજી છે, ૩૦૦ બહેનો (૮) ઉમેદાબાદ સાધુ છે, ૪૦૦ સંખ્યા (૯) ભડથ સાધ્વીજી છે, ૧૦૦ સંખ્યા (૧૦) પિંડવાડાના ભાઈઓ, મુંબઈ, અમદાવા, સુરત વિ. માં મોટે ભાગે સોમવારે સંવત્સરી કરી હતી.

■ **અમલનેર** : પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ગિરુઆ પાર્શ્વનાથ જૈન મંદિરમાં શ્રી શ્વે. મુ.પૂ. સંઘ તરફથી ચાતુર્માસ આરાધનાની તથા તપસ્યાની અનુમોદના માટે શાંતિસ્નાત્ર આદિ સહિત આ. સુદ-૮ થી તથા આસો વદ ૧ સુધી અઠ્ઠાઈ મહોત્સવ સારી રીતે ઉજવાયો.

■ **માટુંગા** : ધર્મનગરી અત્રે પૂ. આ. શ્રી વિજયગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં આસો માસની ઓળીનું સામુહિક આરાધના શ્રી શાંતિલાલ ફુલમદજી જૈન (માટુંગા) તરફથી સુંદર રીતે આયોજન થયું.

■ **બોરીવલી** : મૂ.આ. શ્રી વિજય મહાબલ સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તપસ્વી રત્ન સુશ્રાવિકા દિપીકાબેન પારસના આચાર્ય પદના ૩૬ ગુણો નિમિત્તે ૩૬ ઉપવાસ સુંદર રીતે થયેલ તેમજ તપસ્વી રત્ન શ્રી સંઘવી રાજેન્દ્રકુમારે ૩૦ ઉ. મૃત્યુજય તપ તેમજ તપસ્વીરત્ન શ્રી કાંતિભાઈએ સિધ્ધિ વધૂ કંઠાભરણતપ તેમજ અસ્સાબેને પણ કંઠાભરણતપ કર્યો હતો.

તેમજ પર્યુષણા પર્વમાં તપસ્વી રત્ન શ્રી કાંતિભાઈએ ૧૨ ઉપવાસ (ચાલુ), સુરેશભાઈ તથા અસ્સાબેન -વીકીબેને પણ અઠ્ઠાઈ તપ નિમિત્તે સારી રીતે કરેલ.

■ **ભાભર** : અત્રે સ્વ. શ્રી રતિલાલ પોપટલાલ દોશીના આત્મ શ્રેયાર્થે તથા શ્રીમતી પ્રભાબેન રતિલાલ દોશીના જીવન સુકૃતની અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર સહિત પંચાહિનકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જિનચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કારતક સુદ-૭ થી ૧૧ સુધી ઉત્સાહથી ઉજવાયો.

■ **ભીલડીયાજી તીર્થમાં ઉપધાન**

અત્રે પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસુરી. મ. આદિની નિશ્રામાં સંઘવી શ્રી તારાચંદ ત્રિભોવનદાસ તરફથી માગસર સુદ-૫ તા.૧૩-૧૨-૯૯ થી ઉપધાન શરૂ થશે. માળ પોસ વદ ૧૦ થી ૩૦-૧-૨૦૦૦ના થશે. સંપર્ક : રિસાલા બજાર, ડીસા ઉ.ગુજરાત ફોન : ૨૦૦૨૬ રેસી. ૨૧૦૬૮

વાર્ષિક પુરસ્કાર

■ **ગુજરી** : કોલ્હાપુરમાં સંભવનાથ જૈન ધાર્મિક પાઠશાળામાં પૂ. મુ. શ્રી શિલરત્ન વિ. મ. પૂ. સા. શ્રી તપોધનશ્રી મ., સુગુણાશ્રીજી મ. એ પરીક્ષા લીધી સુત્રો સાંભળયા તા.૯-૧૦-૯૯ના ઈનામી મેળાવડો યોજાયો ૨૫/- હજારના ઈનામો અપાયા અધ્યાપક નવીન સી. શાહ તથા તેમના ધર્મપત્ની જિજ્ઞાબેનનું સારૂં બહુમાન કર્યું. અજિતશાંતિ કરનાર ને અમીચંદ શંકરજી તરફથી અષ્ટપ્રકારી પૂજાની પેટી તથા રતનચંદજી દિલીપકુમાર તરફથી પૂજાની જોડ, વાઘાજી મુરાજી તરફથી પાઠશાળાની બેગ આપેલી.

■ **બેંગ્લોર ચિકપેઠ** : અત્રે લબ્ધિ સૂરી. પાઠશાળાની પરીક્ષા થઈ પૂ. પં. મુક્તિપ્રભ મુનિજી તથા પૂ. સા. શ્રીજિનરત્નાશ્રીજીની નિશ્રામાં પુરસ્કાર આ. સુ.૧ના રોજ અપાયેલ. પાધ્યાપકશ્રી સુરેન્દ્ર સી. શાહે ખૂબ પરિશ્રમ ઉઠાવેલ.

■ **સતલાસણા** : અત્રે પૂ. મુ. શ્રી ધર્મદર્શન વિ. મ., પૂ. મુ. શ્રી જિનકિર્તિ વિ.મ.ની નિશ્રામાં પર્યુષણ આરાધનાના ઉદ્યાપનાર્થે પંચાહિનકા મહોત્સવ આસો સુદ ૧૦ થી આસો વદ ૧ સુધી સારા ઉત્સાહથી થયો.

■ **પાલીતાણા** : મહારાષ્ટ્ર ભવનમાં પૂ આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ. આદિની નિશ્રામાં પર્યુષણ આદિ આરાધના નિમિત્તે તથા પૂ. સાધુ સાધ્વીજીની તપસ્યાની અનુમોદના નિમિત્તે પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ. આદિની નિશ્રામાં આસો વદ ૧૩ થી કારતક સુદ ૪ સુધી શાંતિસ્નાત્ર આદિ ભવ્ય ઉત્સવ યોજાયો છે.

■ **જામનગર** : શાંતિભવનમાં પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ.મ.ની સમવરરણ અને સિંહાસન તપના ઉદ્યાપન નિમિત્તે શ્રી શાંતિસ્નાત્ર આદિ પંચાહિનકા મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં આસો વદ-૨ થી આસો વદ ૬ + ૭ સુધી ઉજવાયો. આ પ્રસંગે ખાસ વિનંતિથી પૂ. મ. શ્રી વજ્રસેન વિ. મ, પૂ. પં. શ્રી જિનયશ વિ.મ. આદિ પધાર્યા હતાં.

■ **અમલનેર :** આસો સુદ ૧૪ વર્ધમાન તપોનિધિ આચાર્ય પ્રભાકરસૂરિ મહારાજની પાવન નિશ્રામાં ચઢતે રંગ અને ચઢતે સંગ અનેક વિધ, પ્રભાવનાઓની હારમાળા ચાલી રહી છે. શંત્રુજ્યતપ, મોક્ષદંડક તપ, વર્ધમાન તપના પાયા, શાશ્વતી ઓળીની આરાધના આદિ તપથી અમલનેર રંગાઈ ગયું છે. ભારતમાં સર્વપ્રથમ વાર પર્યુષણ પર્વના સપના વિમાનમાંથી ઊતર્યા હતા. સાધારણ ખાતાની મોટી રકમ મુકાઈને કાયમ માટે પૂજારી પેઢીના મુનિમ આદિનો હવેથી સંપૂર્ણ સાધારણમાંથી જશે ફળ નૈવેદ્યના દેવદ્રવ્યની ઉવેખવાના દોષથી બચવા માટે કાયમ ફંડ થયું છે. બાર બાર વર્ષના જરા છોકરાએ પર્યુષણ પર્વમાં અઠ્ઠાઈઓ કરી છે. બિપીનભાઈ જયંતિલાલ એ માસખમણની તપસ્યા કરી ચાર, ચાર સાધર્મિક વાત્સલ્ય થયા. આ બધા તપની અનુમોદનાર્થ મહાપૂજનો સહિત અઠ્ઠાઈ મહોત્સવ તો જબરજસ્ત આકર્ષણનું સ્થાન બન્યું. તપસ્વીઓને હજારો રૂપિયાના ફંડમાંથી બહુમાન થયેલા ઉપાશ્રય પાઠશાળાની યોજના સાકાર થઈ રહી છે.

શંત્રુજ્યની ભાવયાત્રા, ભવોભવ પાપ વોસિરાવવાની વિધિ તેમજ બારવ્રત, ચતુર્થ વ્રત આદિ અનુમોદનીય સંખ્યામાં પુન્યવંતોએ લાભ લીધો છે. દેરાસરનાં ગભરામાંથી લાઈટના ફીટીંગ કાઢી નાખ્યાં છે. ઉપકારી ગુરુ ભગવંતોની કાયમી સ્વર્ગવાસ તિથિની ઉજવણી તેમજ યુવકો અને બાળકો માટે જ્ઞાનસત્ર આદિથી સંઘમાં ખૂબ આનંદમંગલ વર્તી રહ્યો છે. શંત્રુજ્ય તીર્થની ભાવયાત્રા તેમજ કરોડો નવકાર મંત્રના જાપ નક્કી થયા છે. ઉમ્મેદા બાદના ધનરાજજી વત્સા તરફથી નવપદની ઓળિ તથા વર્ધમાન તપના પાયા નખાયા હતા.

■ **દાંતીવાડા :** (બનાસકાંઠા) અત્રે પૂજ્ય આ. શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં માગસર સુદ ૩ થી ઉપધાનતપ દાંતીવાડા શ્રી સંઘ તરફથી શરૂ થશે.

■ **ઈચલકરંજી :** અત્રે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયની અંજનશલાકા પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કાર્તિક વદ-૫ થી કાર્તિક વદ-૧૩ સુધી થશે.

■ **વેરાવળ :** પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ.આ.શ્રી વિક્રમસૂરીશ્વરજી મ. ની ૧૩મી અને પૂ. વીરસેન સૂરી. મ.ના રાજની છઠ્ઠી સ્વર્ગતીથિ, પૂ. આ. વારિષેણ સૂ.મ. ૧૦૮ આંબેલ, પૂ.સા. શ્રી ઉપશમકલાશ્રીજી મ. ની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત મહોત્સવ કારતક સુદ-૫ થી કારતક સુદ-૭ સુધી ભવ્ય રીતે ઉજવાયો હતો.

■ **સુરત :** ગોપીપુરા શ્રી રામચંદ્રસૂરી. આરાધના ભવન મધ્યે પૂ. ગણિવર્યશ્રી નયવર્ધન વિ.મ.ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના તથા વાર્ષિક કર્તવ્યના પાલન રૂપે નવાહ્નિકા મહોત્સવ ભાદરવા વદ-૧૨ થી આસો સુદ-૫ સુધી ભવ્ય રીતે બૃહદ્ અષ્ટોત્તરી સ્નાત્ર આદિ પૂર્વક યોજાયો. પૂ.મુ.શ્રી વિનયવર્ધન વિજયજી મ.ની આચારાંગ સૂત્રના યોગોદ્વહન થયા.

■ **રમણિયા (જાલોર) :** અત્રે પૂ. આ. શ્રી વિજય કમલરત્નસૂરીશ્વરજીના પટ્ટધર પૂ.આ.શ્રી વિજયદર્શન રત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન તપ આસો સુદ-૧૦ તા.૨૦-૧૦-૯૯ થી શરૂ થયેલ. ત્યાં જવા માટે પાલણપુર-સમદડી રેલ્વે લાઈનમાં ઓકલસર સ્ટેશન છે ત્યાંથી ૮ કિલોમીટર છે. બસ પણ મળે છે. માળ તા.૫-૧૨-૯૯ના છે.

■ **હાવેરી :** કર્ણાટક અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય અમરસેન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી ઓટરમલજી નથમલજીના સુકૃત અનુમોદના જીવીત મહોત્સવ અને શ્રીમતી કંકુબાઈ ધર્મપત્ની ઓટરમલજીના પૂણ્ય સ્મરણાર્થે તથા ઓળીની આરાધના માટે આસો સુદ પ્રથમ ૭ થી આસો વદ-૧ સુધી સિદ્ધચક્ર મહાપૂજન આદિ નવ દિવસનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો છે.

■ **અમદાવાદ :** રંગસાગરમાં પૂ. આ. શ્રી વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મ. ની ૧૭મી સ્વર્ગતિથિ નિમિત્તે પૂ.આ.શ્રી વિજય સોમસુંદરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આસો સુદ બીજ ૭ થી આસો સુદ ૧૧ સુધી શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો આસો સુદ-૯ના સ્વ.પૂ.શ્રીના ગુણાનુવાદ થયા હતા.

■ **રાજકોટ** : પેલેસ રોડ વર્ધમાનનગરમાં પૂ.પ.શ્રી જિનસેન વિજયજી ગણીવરાદિની નિશ્રામાં વિવિધ તપસ્યા આદિની અનુમોદનાર્થે આસો સુદ-૧૦ થી ૧૫ પંચાહ્નિકા મહોત્સવ, સિદ્ધચક્ર મહાપૂજન સહિત ભવ્ય રીતે ઉજવાયો.

■ **પુના** : પૂ.આ.ભ.શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ.,પૂ.આ.શ્રી વિજય હેમભૂષણ સૂ.મ.આદિના ચાતુર્માસ સેન્ટ્રલ પાર્ક સોસાયટી પૂના થયું. સામૈયું, પ્રાસંગિક પ્રવચન તથા શત્રુંજય પટ્ટ યાત્રા ઉલ્લાસથી થયા.

■ **ડીસાગજપુર** : પૂ.આ.શ્રી વિનયશ્રેયાંસ પ્રભ. સૂ.મ.ની નિશ્રામાં સ્વ. તારાબેન જયંતિલાલ બટવાડીયાના આત્મ શ્રેયાર્થે કારતક સુદ-૧૧ થી ૧૩ શાંતિસ્નાત્ર આદે સાથે ઠાઠથી ઉજવાયો.

■ **પાલીતાણા** : અત્રે પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ.મ., પૂ. આ. શ્રી વિજયનરચંદ્ર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય અજીતસેન સૂ. મ.ની નિશ્રામાં શાહ હીરાચંદજી જસરાજજી વાંકલીવાળા તરફથી કારતક સુદ-૧૫ થી શરૂ થયો. પોષ સુદ ૧૪ના પૂર્ણાહુતિ થશે.

■ **વેરાવળ** : પૂ.આ. શ્રી વિજય વારિષેણ સૂ.મ.એ નાની વયમાં એક વૃત થી ૯૯ મી વર્ધમાન તપની કરે. આમ જીવનમાં ૧૦ હજાર આંબેલ કર્યા છે. ૧૦૮ આંબેલ કરી રહ્યાં છે.

પૂ. આ. દેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિનો વિહારનો કાર્યક્રમ

■ **થાનગઢ** : અત્રે પૂ.આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ.આ.દેવશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરે છે.

તા.૨૮-૧૧-૯૯ સુરેન્દ્રનગર જીનતાન રોડ, માનવ મંદિર રોડ, સુવિધિ એપાર્ટમેન્ટ ખન્નમુહુર્ત.

માગસર સુદ-૧૫ તા. ૨૨-૧૨-૯૯ સાળંગપુરથી પાલીતાણા છ'રી પાલક સંઘ.

તા. ૨૭-૧૨-૯૯ પાલીતાણા પ્રવેશ ઓસવાળ યાત્રિક ગૃહમાં મુકામ.

તા. ૨૮-૧૨-૯૯ પાલીતાણા શત્રુંજય તિર્થ ઉપર તિર્થમાળ યાત્રામાં આવવા

સંપર્ક : જીતુભાઈ શાહ સાળંગપુર (બોટાદ) તાલુકો ધંધુકા ફોન : (૦૨૮૪૯) ૮૩૬૬૪, ૮૩૬૬૭, ૮૩૬૬૮.

તા.૧-૧-૨૦૦૦ પાલીતાણાથી વિહાર રાજકોટ

પ્રાપ્ત : તા.૧૩-૧-૨૦૦૦ પ્રવેશ રાજકોટથી.

પ્રાપ્ત : તા.૨૩-૧-૨૦૦૦ વિહાર અને તા.૧-૨-૨૦૦૦ થાનગઢ તથા તા.૧૫-૨-૨૦૦૦ અંકેવાડીયા પ્રવેશ સંઘપતિ વસ્તુપાલ સ્વર્ગભૂમિ સ્મારકના દ્વારા શ્રી ચંપાપુરી વાસુપૂજ્ય સ્વામી પંચકલ્યાણક તીર્થની તા.૨૬-૨-૨૦૦૦ પ્રતિષ્ઠા.

ફાગણ સુદ-૧૦ ડોળીયા શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થમાં પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિની ઉજવણી તથા ફાગણ સુદ-૧૧ના ડોળીયા તીર્થ વર્ષગાંઠ.

સુધારો : જૈનશાસન વર્ષ-૧૧ અંક ૩૧+૨માં પેઈજ ૭૩૨માં ૧૮ પાપ બંધના કારણોમાં ૧૭માં કારણમાં પાપના કાર્યોમાં ઉદાસીનતા લાવવી લખ્યો છે. ત્યાં પુણ્યના કાર્યોમાં ઉદાસીનતા લાવવી તેમ સુધારીને વાંચવું.

વિક્રમ સંવત ૨૦૫૬ના નવા વર્ષના જૈન પંચાંગ મફત મંગાવો

રસિકભાઈ : ભૈરવ જૈન પાઠશાળા

મુ. પોસ્ટ રમણિયા-૩૪૩ ૦૪૩.

જિ. બાડમેર વાયા ઓકલસર (રાજસ્થાન)

૧૭મી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે
કોટિ કોટિ વંદન અમારા રાજનગરના રત્નને !

ઝવેરીવાડ-વાઘણપોળમાં સં.૧૯૭૨ કા.વ.૫ ના જન્મેલ માત્ર સવા વરસના બાળ 'કલ્યા ણ'ને છોડી શણગાર માતાએ વિદાય લીધી ત્યારે ધર્મ સમજનારા પિતાસકરચંદભાઈના દિલમ પોતાનું અને રાજકુમાર જેવા બન્ને બાળકો (લીલાવતી-કલ્યાણ)નું ઝટ કલ્યાણ થાય તે વિચાર સ્ફુરાયમાન બન્યા. પિતાના હૃદયમાં સંસાર છોડવાની તીવ્ર ભાવના છતાં સંસારના બંધન ની જાળમાં કુટુંબના આગ્રહવશ એમને બીજીવાર ફસાવું પડ્યું પણ પુત્ર-પુત્રીનું સાચું હિત એમના હૈયે વસેલું હતું. પડોશીની પત્નીએ પોતાની તમામ મિલ્કત 'કલ્યાણ' ના નામે કરવાનું કહ્યું પણ તેનો સ્પષ્ટ ઈન્કાર એમણે કરી દીધો. એમણે તો પરમાત્માની પેઢીનો સાચો વારસ બનાવવાનું સ્વપ્ન સેવ્યું.

સં.૧૯૮૩માં સૌ પ્રથમ ૧૩ વર્ષની પુત્રી લીલાવતીને સાધ્વી દર્શન શ્રીજી બનાવ્યાં. એ જ વર્ષમા પે.સુ.૧૧ના ૧૧ વર્ષના પુત્ર કલ્યાણને મુનિ કનકવિજયજી બનાવ્યા અને બીજા જ વર્ષે પોતે ૩૬ વર્ષની વયે મુનિ સુબુદ્ધિવિજયજી બની ત્રણે શાસનના પ્રભાવક બન્યા. કુટુંબની ૧૦-૧૦ વ્યક્તિ ઓએ આત્માનો ઉદ્ધાર કર્યો. પુત્રી ૨૫૦ શ્રમણીવૃંદના નાયક બન્યા. પુત્ર આચાર્યપદ અને પિતા પંન્યાસપદના ધારક થયા.

સ્વ. સૂરિદેવમાં સર્વતોમુખી પ્રતિભા હતી. કયા ક્ષેત્રમાં એમની વિદ્વત્તા ન હતી એ કહેવું મુશ્કેલ બને. સ્વ. પૂ.આ. શ્રી દાન સૂ.મ. જેવા પરમ ગુરુના હાથે દીક્ષા (સં.૧૯૮૩) સ્વ. પૂ.આ શ્રી પ્રેમ સૂ.મ. જેવા દાદા ગુરુના હાથે પંન્યાસપદ (સં.૨૦૦૫) અને સ્વ. પૂ.આ. શ્રી રામચ ન્દ્ર સૂ.મ. જેવા ગુરુદેવ અને એમના જ હાથે આચાર્યપદ (સં.૨૦૨૯) પ્રાપ્ત થવું એ પણ જેવી તેવી ઘટના નથી. પરમ પુણ્યનો સંયોગ હોય તો જ ક્રમશ : આવો યોગ પ્રાપ્ત થાય. એમની અને વડીલ સૌ પૂજ્યોની પરમકૃપાને ઝીલનારા પૂજ્યશ્રીની ચાલ અને પૂજ્યશ્રીનું રૂપ લાવણ્ય શ્રી ગૌતમ સ્વામીજીના નામનો યાદ કરાવી જતું.

વાણીમાં મીઠાશ, લેખનમાં લાલિત્ય અને તપમાં સદા અપ્રમત્તતા એમના જીવનના અ અદકે ા પાસા હતા. ''કલ્યાણ'' જેવા માસિકને સ્થાપી જગતમાં અમર નામના પ્રાપ્ત કરી કોઈપ ા ગ્રંથના નીચોડ સ્વરૂપે પ્રસ્તાવનાઓ લખવામાં એક્કા હતા. તેથી જ પ્રસ્તાવના લેખક તરીકે ખૂબ જ આદરણીય-માનનીય અને લોકપ્રિય બન્યા હતા. સમાલોચનામાં પણ સત્યતા તરતી શત્રુંજય માહાત્મ્ય જેવા વિરાટકાય ગ્રંથનો ગુર્જરાનુવાદ અને બીજા અનેક પ્રકાશનો દ્વારા પુજય શ્રી સાચા અર્થમાં સાહિત્યસમ્રાટ હતા. તેઓશ્રીમાં અદ્‌ભુત શાસનપ્રેમ અને ગુરુ સમર્પણ જોવા મળતું. શાસન વિરુદ્ધ પ્રવૃત્તિમાં કયારેય પાછીપાની કરતા નહિ. તેઓની શાસન નિષ્ઠા - વફાદ રી - શ્રદ્ધા - પ્રરૂપણા અવિહડ કોટિની હતી. ઉદારતા - ગંભીરતા - સરળતા - નિખાલસતા - ઔ ચિત્ય - વિવેક આદિ ગુણો સહજ વરેલા હતા. આવા મહાન પ્રભાવક પુરુષની વિદાયને જયારે ૧૭ વર્ષ વીતી રહ્યા છે ત્યારે એમના પ્રભાવક જીવનની ખૂબ-ખૂબ અનુમોદના કરીએ.

પૂજ્યશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સાધુ ષટ્કાયના રક્ષક છે. શ્રાવક ષટ્કાયના મિત્ર છે. મિત્ર પાસે બધી સહાય મંગાય પણ સમજી સમજાવીને.
- દુનિયાની ચીજોની બીજા જીવોને ઈચ્છા થાય તેના કરતાં જૈનકુળમાં જન્મેલાંને તે ઈચ્છા થાય તે તેનં ભયંકર પાપોદય છે.
- ઉદારતા જુદી ચીજ છે. દાન જુદી ચીજ છે. દાન તો ઉદાર પણ કરે તેમ લુંટારા પણ કરે. જેને ધન તુચ્છ લાગે અને ધર્મ ઉત્તમ લાગે અને તુચ્છ એવું પણ ધન બધું આપે તો ય લાગે કે કશું નથી આપ્યું તેનું નામ ઉદારતા.
- સદ્‌ગુરુ કોણ ? શાસ્ત્ર મુજબ વિચારે-બોલે અને વર્તે તે. જે મરજી મુજબ વિચારે-બોલે અને વર્તે તે સદ્‌ગુરુ વીતરાગના શાસનમાં ગણાતો જ નથી.
- જેને જીવતાં આવડે તેને મરવાનો ભય હોય નહિ. જીવતાં ન આવડે તેને જ મરવાનો ભય હોય. સારી રીતે જીવતાં શીખવા માટે જ્ઞાનીઓએ મોક્ષમાર્ગ બતાવ્યો છે.
- ગુણસંપન્ન જીવોને માન ઠામ ઠામ મળે પણ માનમાં જે મૂંઝાય, માનને જે ઈચ્છે તે મરે.
- કોઈ કોઈને દુઃખ દે નહિ અને સારી રીતે જે મળે તેમાં સંતોષથી જીવતાં શીખે તો આ જગત દેવલોક જેવું બની જાય !
- દુઃખથી ડરવું તે દુર્ગુણ છે. પાપથી ડરવું તે સદ્‌ગુણ છે.
- દુઃખનો ડર અને સુખનો લોભ તેનું નામ જ સંસાર !
- દુઃખ પર દ્વેષ તે પાપ, પાપ પર દ્વેષ તે ગુણ.
- પાપ મજેથી કરે તે જૈન તો નથી પણ આર્ય પણ નથી.
- તમારે માટે ઘરનો મોહ ભૂંડો, અમારે સાધુને માટે શરીરનો મોહ ભૂંડો.
- સાધુ થયા પછી ભગવાનની આજ્ઞાથી વિરુધ્ધ વર્તે તો તે તમારાથી મહાભૂંડા જજની ખુરશી પર બેઠેલ જજ જો ખરાબ નીકળે તો !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક
ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९

જૈન શાસન

Received 15/12/99

૨૧૨

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

आगमतत्त्वना अर्थी बनो !

जह जह बहुस्सुओ
संमओ य सीसगणसंपरिवुडो य ।
अविणिच्छिओ य समए,
तह तह सिद्धंतपडिणीओ ॥

જેમ જેમ બહુ શાસ્ત્રનો જ્ઞાતા હોય, ઘણા લોકો વડે સંમત હોય, શિષ્યના સમુદાય વડે સારી રીતે વિંટળાયેલો હોય, પણ સિદ્ધાંતના તત્ત્વમાં અનિશ્ચિત - અજાણ હોય તો તે સિદ્ધાંતનો પ્રત્યનીક-વૈરી થાય છે.

(શ્રી સ્થાનાંગ સૂ. ૩૨૭ ટીકામાંથી)

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

અઠવાડિક

વર્ષ ૧૨ | અંક ૯

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જન્મભૂમિ પંચાંગ મુજબ જૈન શાસ્ત્રાનુસારી તિથિ દર્શક કોઠો
વિ. સં. ૨૦૫૬ કાર્તિક વદ ૭ થી માગસર વદ ૧૧ સુધી

વાર	તા.	તિ.	તા.	તિ.	તા.	તિ.	તા.	તિ.	તા.	તિ.
સોમવાર	નવેમ્બર 29	૭	6	૧૪	13	૫	20	૧૨ / ૧૩	27	૫
મંગળવાર	30	૮	7	૦))	14	૬	21	૧૪	28	૬
બુધવાર	ડિસેમ્બર 1	૯	8	૧	15	૭	22	૧૫	29	૭
ગુરૂવાર	2	૧૦	9	X૨	16	૮	23	૧	30	૮
શુક્રવાર	3	૧૧	10	૨	17	૯	24	૨	31	૯
શનિવાર	4	૧૨	11	૩	18	૧૧	25	૩	જાન્યુઆરી 2000 1	૧૦
રવિવાર	5	૧૩	12	૪	19	૧૧	26	૪	2	૧૧

વદ-૧૦-ગુરૂવાર શ્રી મહાવીર સ્વામી દીક્ષા કલ્યાણક

વદ-૧૧-શુક્રવાર શ્રી પદ્મપ્રભસ્વામી મોક્ષ કલ્યાણક

સુદ-૮-ગુરૂવાર પૂ. આ. ભ. શ્રી જંબુસૂ. મ. સા. ની સ્વર્ગતિથિ

સુદ-૧૧-રવિવાર મૌન એકાદશી

સુદ-૧૪-મંગળવાર રોહિણી

વદ-૮-ગુરૂવાર પૂ. ઉ. શ્રી વીરવિજયજી. મ.ની સ્વર્ગતિથિ

વદ-૧૦-શનિવાર પોષદશમી આરાધનાં

(૯-૧૦-૧૧-શુક્રવાર, શનિવાર, રવિવાર શ્રી પાર્શ્વનાથ પ્રભુનુ જન્મ કલ્યાણક)

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

તંત્રીઓ :
પ્રેમચંદ પ્રેમજી મુદ્રક (જામનગર)
ભરત સુરજીભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પ્રાણલાલ પદમશી મુદ્રક (જામનગર)

વર્ષ : ૧૬) ૨૦૫૬ કારતક વદ-૩૦ મંગળવાર તા. ૭-૧૨-૯૯ (અંક ૯

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ : પ્રવચન - ચોવીસમું

પૂ.આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-પ્ર.-૨ તા.૨૭-૭-૮૭, સોમવા
ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬

(શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. - અવ૦)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા આપણને સૌને સમજાવી રહ્યા છે કે - આ સંસાર અનાદિકાળથી ચાલે છે અને અનંતકાળ સુધી ચાલવાનો છે. એક શ્રી અરિહંત પરમાત્માના આત્મા જ એવા પાકે છે કે જેઓને આ જગતના સઘળાય જીવોને આ સંસારથી બચાવી, મોક્ષે મોકલી સદાકાળ માટે આત્મસ્વરૂપમાં જ રમણતા કરે તેવી ઈચ્છા થાય છે. તે માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગની સ્થાપના કરે છે.

અનાદિકાળથી સર્વ સંસારી જીવો ઉપર મોહરાજાનું સામ્રાજ્ય ચાલે છે. મોહે બધા જીવોને આંધળા બનાવ્યા છે. મોહથી આંધળા બનેલા જીવોને સંસારના સુખ ઉપર ગાઢ રાગ છે અને દુઃખ ઉપર ગાઢ દ્વેષ છે. તે રાગ અને દ્વેષને લઈને જ સંસાર ચાલે છે. તે રાગ અને દ્વેષ એ બે પાપ ભૂંડા છે તેમ ન સમજાવી શકે ત્યાં સુધી કોઈની તાકાત નથી કે તેના હૈયામાં ધર્મ ઘાલી શકે. તેની પાસે હજી ધર્મક્રિયા કરાવાય. લોભીયા જીવો શું ન કરે ? લોભીયા જીવો કોને પગે ન લાગે ! પત્થરનેય પગે લાગે. તમારે પાપ કરવું છે અને સુખી થવું છે તે ત્રણ કાળમાંય બને ? પાપી જીવો કહે કે - મારે નરકમાં નથી જવું તો ચાલે ? તમારે બધાને પાપની સાથે જ ગોષ્ઠી છે અને દેવગુરુ અને ધર્મની સાથે કામચલાઉ ગોષ્ઠી છે આવું જાણવા છતાં પણ જો અમે તમને ભગત માનીએ તો અમારા જેવા બેવકૂફના સરદાર બીજા કોણ ? તમને અમારો સહવાસ બહુ ગમે કે પૈસા-ટકાદિનો સહવાસ બહુ ગમે ? અમે તમારાથી સમજી જઈએ તો અમે લુંટાયા જ કહેવાઈએ ને ? જ્ઞાનિઓએ આ સંસાર અસાર છે એમ કહીને સંસારની સુખ-સાહ્યબી-સંપત્તિને જ અસાર કહી છે. આ વાત સમજાય તો ઠેકાણું પડે.

તમે સાધુ કોને માનો ? અમારી પાસે બંગલો છે, પેઢી છે, જમીન છે, પૈસો છે તેમ ખબર પડે તો અમને સાધુ માનો ખરા ? ન જ માનો ને ? તમારી નજર સમક્ષ જીવતો જાગતો દાખલો તમારા સાધુનો છે. તમે સાધુ તેને જ માનો જેને ગામમાં ઘર ન હોય, બજારમાં પેઢી ન હોય, જંગલમાં જમીન ન હોય, પાસે કૂટી કોડી ન હોય. તે જ સૂચવે છે કે ઘર-પેઢી-જમીન-પૈસો પાપ છે. ઘર-બાર, પૈસા-ટકાદિ પાપ છે ને ? તમારે તેની સાથે રહેવું પણ પડે પણ તેની સાથે ગોષ્ઠી હોય કે વૈરીપણું હોય ? તે બધું કયારે છૂટે તેમ હોય કે બધારે થાય તેવી ઈચ્છા હોય ? અમે સંસાર અસાર કહીને આ બધું છોડવા જેવું છે તેમ સમજાવીએ છીએ. આ બધું નહિ સમજવા દેનાર હોય તો મોહરાજા છે.

ભગવાન બધાને મોક્ષે લઈ જવા ઈચ્છે છે તેમ મોહરાજા બધાને સંસારમાં રાખવા ઈચ્છે છે. જે જીવ સંસારના

સુખનો વિરાગી બને અને દુઃખમાં સમાધિવાળો બને તે જીવ મોહના સામ્રાજ્યમાંથી છટકયો તેમ કહેવાય આપણે બધા મોહના સામ્રાજ્યમાંથી છટકયા છીએ ? જે જીવ ભગવાનને માને, ભગવાનના ધર્મને કરે તે બધા મોક્ષની ઈચ્છાવાળા જ હોય ? આ સંસારની સુખ-સંપત્તિને શ્રાપરૂપ જ માનતા હોય ? આપણને આ સંસારમાં કોઈએ પણ જો ભટકાવ્યા હોય તો આ સુખે જ અને આ સંપત્તિએ જ ભટકાવ્યા છે. સંસારી જીવો સુખને માટે અને સંપત્તિને માટે પાપ કરે છે, પાપથી જે દુઃખ આવે તેમાં તરફડે છે અને સંસારમાં ભટકે છે. દુનિયાના સુખમાં મઝા કરવી કરવી અને દુઃખમાં તરફડવું તે બે સંસારમાં ભટકાવનાર મોટામાં મોટા ગુણ છે ! દુનિયાના સુખમાં સાવધ થવું અને દુઃખને વધાવી લેવું તે બે મોક્ષે લઈ જનાર ગુણ છે. આ ગુણ પેદા કરવા કેટલું બળ જોઈએ. દુનિયાના સુખમાં રાગ ન થાય અને દુઃખમાં દ્વેષ ન થાય તે નાની સૂની વાત છે કે કઠીન વાત છે ? તમને દુનિયાની જે સુખ-સંપત્તિ મળી છે તેમાં મઝા છે કે દુઃખ છે ? તે સુખ-સંપત્તિમાં મઝા આવે છે કે તેથી ભય લાગે છે ? આ એક બહુ ગંભીર સવાલ છે. આજે મોટાભાગને દુનિયાના સુખમાં મઝા આવે છે અને દુઃખમાં ભય લાગે છે, અધર્મી કહે તો તે નારાજ થાય છે, ધર્મી કહે તો રાજી થાય છે.

આ દુનિયાનું સુખ તમને કેવું લાગે છે ? મેળવવા જેવું લાગે છે ? ભોગવવા જેવું લાગે છે કે છોડવા જેવું લાગે છે ? તમે તમારા કુટુંબને શું સલાહ આપો છો ? તમારી જાતને ય શું કહો છો ? આ મનુષ્યપણામાં સાધુપણા વિના બીજું કાંઈ મેળવવા જેવું છે નહિ, બીજું મેળવીએ, ભોગવીએ તે અમારો તીવ્ર પાપનો ઉદય છે તેમ લાગે છે ?

સાધુપણું આ મનુષ્યજન્મમાં જ મળી શકે છે, આ જન્મથી જ મોક્ષે જવાય છે. દુનિયાનું સુખ પણ આ જન્મમાં જ છોડી શકાય છે. દેવતાની સુખ છોડવાની ગમે તેટલી તીવ્ર ઈચ્છા હોય તો પણ છોડી શકતો નથી માટે આ મનુષ્યજન્મ કિમતી છે. આ મનુષ્યજન્મ શા માટે છે ? સંસારની સાધના માટે છે કે મોક્ષની સાધના માટે છે ? આ મનુષ્ય જન્મમાં સંસારની સાધના કરવી તે આ જન્મનો સદુપયોગ છે કે દુરૂપયોગ છે ? તમે બધા સંસારનું સુખ મેળવો છો અને ભોગવો છો તે સારું કરો છો કે ખરાબ કરો છો ? ધર્મી આત્માને કર્મયોગે આ સંસારની સુખ સંપત્તિ મેળવવી પણ પડે અને ભોગવવી પણ પડે; પણ તે માને કે આ સુખ-સંપત્તિ મેળવવા જેવી નથી અને ભોગવવા જેવી પણ નથી. સંસારની સુખ-સંપત્તિ મળે તે પુણ્યોદય પણ તેને મેળવવાનું મન થાય તે પાપોદયથી તે ભોગવાય પુણ્યોદયથી પણ ભોગવવાનું મન થાય તે પાપોદયથી તમે શું માનો છો ?

જૈનકુળમાં જન્મેલો જીવ ઘરમાં પણ રહે પણ ઘરને છોડવા લાયક માને તો તે ભગવાનનો સાચો ભક્ત છે. 'આ સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે' આવું જે ન માને તે જીવ ગમે તેટલો ધર્મ કરે તો પણ તે જીવ ધર્મ પામે નહિ કારણ કે સમજવા છતાં પણ સંસારના સુખ અને સંપત્તિ માટે જે ધર્મ કરે તેનો ધર્મ જ સંસારમાં રખડાવે. સારી પણ ચીજ અયોગ્યને માટે નુકશાન કરનાર જ થાય. દૂધ પોષક કહેવાય પણ જેને પચે નહિ તેને માટે કેવું કહેવાય ? તેવી રીતે આ ધર્મ સંસાર સાગર તારનારો છે પણ આ ધર્મ સમજવા છતાં પણ સંસારની સુખ-સાહ્યબી-સંપત્તિ આદિ માટે કરે તો તે ડૂબાડનારો જ બને ! તેવો ધર્મ કરવા જેવો કે નહિ કરવો જેવો ? આ વાત સમજાય તેવી છે કે સમજાય તેવી નથી ?

મોક્ષનું સુખ તે જ સાચું અને વાસ્તવિક સુખ છે. તેના જેવું સુખ જગતમાં બીજે કશે છે જ નહિ. મોક્ષે ગયેલા બધા એક સરખા સુખી. સંસારમાં બધા એક સરખા સુખી મળે ? તમને ગમે તેટલું સુખ મળે તે ઓછું લાગે કે પરિપૂર્ણ લાગે ? સંસારનું સુખ તો દુઃખના પ્રતિકાર રૂપ છે. દુઃખ હોય તો તે સુખ મઝાનું લાગે. ભૂખ ન હોય તો ગમે તેવી સારી ખાવાની ચીજ હોય તો પણ ભાવે ખરી ? જો ભૂખ વિના તે ચીજ ખાવાની ભૂલ કરે તો માંદો જ પડે ને ? તો આવા સુખને સાચું અને વાસ્તવિક સુખ મનાય ખરું ? આવા સુખને માટે ધર્મ થાય ખરો ? જેને આ દુનિયાનું સુખ ભૂંડું ન લાગે તે જીવ ધર્મ કેમ કરે છે તેની શંકા પડે છે !!

આ દુનિયાનું સુખ ઈચ્છવા જેવું નથી. મેળવવા જેવું નથી, ભોગવવા જેવું નથી, મળે તો લેવા જેવું નથી, તેમાં રાજી થવા જેવું નથી પણ છોડવા જેવું જ છે. આત્માને રોજ પૂછવાનું છે કે - તને આ સુખ કેવું લાગે છે ? જ્ઞાનિઓ કહે છે કે-આ સંસારનું સુખ તો છોડી દેવા જેવું જ છે. જે છૂટે તો તેની સાથે સાચવી સંભાળીને રહેવા જેવું છે. આ સંસારનું સુખ ભોગવવું પડે તો દુઃખ થવું જોઈએ. આ સંસારનું સુખ મેળવવું પડે તે પાપનો ઉદય છે, ભોગવવું પડે તે ય પાપનો ઉદય છે, તેને સાચવવાનું મન થાય તે ય પાપનો ઉદય છે તે જાય અને ગભરામણ થાય તે ય પાપનો ઉદય છે. આ સંસારનું મળેલું સુખ સાથે લઈને જવાય તેવું છે ? અહીં મૂકીને જ જવું પડે ? તો તે મૂકીને જતાં આનંદ થશે કે દુઃખ થશે ? જો તે દુઃખથી મૂકીને જશો તો બીજા તે ભોગવશે તો તેનું પાપ પણ તમને

લાગશે. માટે આ સંસારનું સુખ ઈચ્છવા જેવું જ નથી. આ વાત નહિ સમજાય તો આજ સુધી સંસારમાં ઘણું ભટકયા અને હજુ પણ ઘણું ભટકવું પડશે. નરક સાત છે અને તિર્યંચનો અખાડો મોટો છે. ત્યાં જવું છે ?

તમને આ દુનિયાનું સુખ કેવું લાગે છે ? આ દુનિયાનું સુખ ભૂંડું ન લાગે ત્યાં સુધી સાચો ધર્મ આવે નહિ. તમને આજે જે સુખસામગ્રી મલી તે ભૂતકાળમાં ધર્મ કરેલો તેનો પ્રભાવ છે. ધર્મનો સ્વભાવ છે કે એકવાર સારી ચીજ આપે અને તે ભાગી જાય. મોહરાજાને બધા જીવો પોતાને વશ રાખવા છે એટલે સંસારની સુખ-સામગ્રીને જ સારી મનાવનાર મિથ્યાત્ત્વ નામનું એક પાપ રાખ્યું છે. અમે આ સુખને ભૂંડું કહીએ, છોડવા જેવું કહીએ તે વાત તેને ગમે નહિ. તમને ગમે છે ?

સભા : સુખ મળ્યું તે ભોગવવું જોઈએ ને ?

ઉ. - જે જીવોને ધર્મથી મળેલા સુખ અને સંપત્તિ સારા લાગે તેવા જીવો ભગવાનના ભગત કહેવાય કે વૈરી કહેવાય ?

'આ દુનિયાનું સુખ માત્ર છોડવા જેવું છે અને દુઃખ મઝેથી વેઠવા જેવું છે' આ વાત શ્રી અરિહંત પરમાત્મા કહીને ગયા છે. આ વાત બધાને ગમી ગઈ ? આ વાત નહિ ગમવા દેનાર મિથ્યાત્વ મોહ છે. રોજ વ્યાખ્યાનમાં આવે પણ સમજવા જ ન દે, એટલું નહિ બહાર જઈને કહે કે - 'સાધુને આગળ ઉલાળ નહિ, પાછળ ધરાર નહિ. સાધુની વાત માનીએ તો ઘર-બારાદિ ન ચાલે' આજે તમે પણ માનો ને કે અન્યાયાદિ ન કરીએ તો સુખી થઈએ જ નહિ ! આવું મનાવનાર તે મિથ્યાત્ત્વ મોહ છે. આ માન્યતા તમે જાહેર કરો તો કોઈ પકડી જાય તો ના પડાય ?

સભા : પકડાય તે ચોર નહિ તો ઠીક !

ઉ.- તમે આજે નથી પકડાતા તો શાહ છો ? ચોર નથી માટે નથી પકડાતા ?

ઘણા કહે છે કે, આજે અમે ચોરી ન કરીએ તો જીવી જ ન શકીએ. બધા ચોર છે માટે તમે ય ચોરી કરો અને પકડાવ તો સજા ન થાય તેવું છે ? આજે તો તમે રાજ દંડ થાય એવી ય, ચોરી પણ કરો છો, બીજાને ચોર બનાવો છો અને તમારી જાતને ધર્માત્મા માનો છો તે ચાલે ? આજના મોટા શ્રીમંત વધારેમાં વધારે પાપી છે ! તેનો જે વિશ્વાસ કરે તે ઠગાયા વિના રહે નહિ. આજના બજારમાં કોઈ ભલો જીવ જાય તો તે ઠગાયા વિના ઘેર આવે ખરો ? સારો માલ લઈ આવે ખરો ? દુનિયામાં કોઈ ચીજ લાવવી તો તપાસીને પછી લાવો છો. માત્ર ધર્મની બાબતમાં બધું ચાલે તેમ માનો છો. આવા જીવો મોહ રાજાના પૂતળાં છે. મોહરાજાને પોતાની સત્તા ચલાવવી છે. બધા જીવોને નરક-તિર્યંચમાં મોકલવા છે એટલે ધર્મના નામે એવો અધર્મ સ્થાપ્યો છે કે સાચો ધર્મ સમજે જ નહિ તેવી વ્યવસ્થા કરી છે.

સભા : ધર્મ કરતાં ય મોહનું બળ વધારે હોય ?

ઉ. - નબળા જીવો ઉપર મોહનું બળ વધારે હોય. સમજુ અને સબળા જીવો ઉપર ધર્મનું જોર વધારે હોય.

આ કાળમાં ય એવા ધર્મી જીવો હોય જે કહે - હું કદી જૂઠ બોલ્યો નથી. મેં ચોરી કરી નથી, અનીતિ પણ કરી નથી. આવા જીવો વિરલ હોય. હંમેશા મોહની બહુમતિ રહેવાની, મૂરખા ઘણા રહેવાના. સંસારના સુખના લોભી અને દુઃખથી ગભરાનારો મોટોભાગ રહેવાનો. તેવા જીવ પાપી જ હોય.

આગળ બહુ મોટા શ્રીમંતોને જોઈને ગરીબો કહેતા કે-બહુ ભાગ્યશાળી જીવ છે. ભૂતકાળમાં ધર્મ કરીને આવ્યો છે અને અહીં પણ બહુ ધર્મ કરે છે. તેને ઘેર જઈએ તો આપત્તિ દૂર થયા વિના રહે નહિ તેવી તેમની આબરૂ હતી. આજે તમારી શી આબરૂ છે ? કોઈને ભૂખે મરતો જોવે તો ય ન આપે તેવી ! ખરેખર સુખી કોણ કહેવાય ? તેની આંખે ચઢેલો દુઃખી, દુઃખી ન રહે તે. દુઃખીને જોઈને તાકાત હોય તો દુઃખ દૂર કર્યા વિના ન રહે તે ધર્મી ! 'તેના કર્યા તે ભોગવે તેમાં અમારે શું' તેમ તે ન બોલે.

જે લોકો ધર્મી તરીકે ઓળખાતા હોય તે બનાવટી છે કે સાચા તે જાણવા માટે રોજ આત્માને આ પૂછવું પડે. તમે ઘર-પેઢી મઝેથી ચલાવો એમ અમે કહીએ ? તમે ઘર-બારાદિ ચલાવો છો તે સાધુને પસંદ છે ? સાધુ શા માટે ઉપદેશ આપે છે ? સંસારમાં લહેર કરો, મઝેથી પાપ કરો માટે ? તમને બધાને સંસારની લહેર છોડાવવા અહીં બેસીએ છીએ.

ભગવાને આ સંસાર છોડવા જેવો છે અને મોક્ષ જ મેળવવા જેવો છે તેમ કહ્યું છે. તેને માટે સાધુપણું જ લેવા જેવું છે એમ કહ્યું છે. તે સાધુપણું આ મનુષ્યજન્મમાં જ મળે છે બીજા કોઈ જન્મમાં મળતું નથી માટે આ મનુષ્યજન્મ દુર્લભ છે. મહા કિંમતી છે. આવો મનુષ્યજન્મ પામ્યા પછી પણ જો

સંસારની સુખ-સંપત્તિ મેળવવા મહેનત આનંદથી કરે તો તે જીવ ગમે તેટલો ધર્મ કરે તો પણ ધર્મ પામ્યો નથી ! ભગવાનના કાળમાં ય ધર્મી થોડા અને અધર્મી ઘણા હતા. શાસ્ત્રે પુણીયા શ્રાવકને વખાણ્યો છે. જે કાળે સૌનેયા ઉછળતા હતા તે કાળે તેની પાસે માત્ર બાર દોકડાની મૂડી હતી છતાં ય તેને સાડા બાર દોકડા કરવાનું મન ન હતું.

સભા : છતાં ય તેનું નામ ચોપડામાં નથી લખતાં.

ઉ. - શેના લખો ? તમે તો એવા સ્વાર્થી છો કે જેનાં નામ લખો છો તેમણે કરેલો ધર્મ કરવો નથી અને નહિ કરેલો અધર્મ મઝેથી પ્રેમપૂર્વક કરો છો. તમને તો તેવાનાં નામ દેવાનો પણ અધિકાર નથી. 'શ્રી ગૌતમસ્વામિની લબ્ધિ માગો છો પણ તેમનું સુંદર સંયમ માગો છો ? ધના-શાલિભદ્રની ઋદ્ધિ માગો છો પણ તેમની સુંદર દાન દેવાની વૃત્તિ માગો છો ?

આજના લોકોની ભક્તિમાં જે સાધુ લોભાય તે સાધુ, સાધુ મટી જાય. આજે તમારા ઘરેથી સાધુને નિર્દોષ પાણી પણ ન મળે. સાધુને દાન કેવું દેવાય ? સાધુ માટે કરેલ નહિ, કરાવેલ નહિ, તેની કલ્પના પણ ન હોય તેવી ચીજ અપાય. તમારા ઘરથી જોયા, સમજ્યા વિના ભિક્ષા લઈ આવે તો તે ભિક્ષા સાધુના સંયમબળને હરનારી બને. આજે ઘણાનું સંયમનું બળ ઘટતું જાય છે તે તમારી ભિક્ષાનો પ્રભાવ છે. દાન ધર્મ ખરો પણ જો અનીતિના પૈસાથી દાન કરે તો તેને પણ વિધિપૂર્વકનો ધર્મ નથી કહ્યો. અનીતિનો પૈસો દાનમાં અપાય નહિ. આપે તો મોટામાં મોટી અવિધિ છે.

સભાઃ - અમારી પાસે અનીતિનો પૈસો છે તો શું કરવું ?

ઉ. - તમે બધા શ્રાવક છો ને ? શ્રાવકના ઘરમાં અનીતિનો પૈસો હોય ? શ્રાવક અનીતિ કરે ? જૂઠ બોલે ? રાજદંડાય તેવી ચોરી કરે ?

સભા : આપની વાત આદર્શ તરીકે બરાબર છે. પણ આજના સંયોગોમાં તે બનતી નથી તો શું કરવું.

ઉ. - મારે બનાવરાવવી છે. ન્યાયનું ધન હોય તે જ ધર્મમાં વાપરવું જોઈએ. એવો વિધિ છે.

હવે કોઈ જીવની પાસે બધું જ ધન અનીતિનું છે. તેને થાય કે મારું બધું ધન પાપને જ માર્ગે ખર્ચાય તેના કરતાં જો સારે માર્ગે જાય તો સારું. હવે મારે ફરીથી અનીતિ નથી કરવી આવો વિચાર કરી ખર્ચે તો તે ય સારો છે. પાપ લાગે અને ફરી પાપ નથી કરવું આવું માને તે જીવ સારો કહેવાય. પણ જેને અનીતિનો ભય પણ ન લાગે, અનીતિ કરવા જેવી લાગે તેને કેવો કહેવાય ? ધર્મના ઓઠા નીચે અધર્મને પુષ્ટ કરનાર કહેવાય ને ?

જેટલા જૈનો છે તે બધા અનીતિ કરે છે તેવી જાહેરાત થાય તો આબરૂ વધે કે ઘટે ? જૂઠ બોલનારા પણ જાહેર કરી શકે કે અમે જૂઠ બોલીએ છીએ ? તમારા પાપે આજે ગ્રાહકો પણ બગડ્યા છે. આ તો બધાને ઠગે છે તેવી આજે ઘણાની આબરૂ છે. આવી આબરૂ હોય તે સારી કહેવાય ખરી ?

સભા : સજ્જનતા તો ગઈ.

ઉ. - તે રાખવા જેવી નથી ? આજે સજ્જન થાય તે દુઃખી જ થાય ?

મિથ્યાત્વ મોહ આવા બધા બચાવ ઘણા પાસે કરાવે છે. 'આજે નીતિ કરે તે દુઃખી થાય, અનીતિ કરે તે સુખી થાય' આ માન્યતા મિથ્યા કહેવાય કે સાચી કહેવાય ? આવી માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ કહેવાય કે સમ્યગ્દૃષ્ટિ કહેવાય ?

ભગવાને જે ધર્મ કહ્યો છે તે ધર્મ કરવો હશે તો સંસારના સુખના વિરાગી બનવું પડશે, દુઃખમાં મઝા કરનારા થવું પડશે. દુઃખમાં રૂઓ છો તેને બદલે સંસારનું સુખ ભોગવવું પડે તો રૂઓ. મઝેથી દુઃખ ભોગવશો તો સારી ગતિમાં જવાના અને થોડા કાળમાં મોક્ષે પહોંચવાના અને સદા માટે સુખી થવાના. તે સુખ ભોગવવામાં જરાય પાપ નહિ તેવું ઉત્તમ કોટિનું તે સુખ છે. જ્યાં ભુખ-તરસ-રોગ-શોક આદિ છે જ નહિ. જગતના જીવો મોક્ષને માટે ધર્મ કરતા ન થાય તે માટે મોહે એવું મિથ્યાત્વ ફેલાવ્યું છે કે જેનું વર્ણન ન થાય. 'દેવની પૂજા ભક્તિ કરજો પણ દુનિયાની સુખ સાહ્યબી સંપત્તિ માટે જ કરજો. સાધુની સેવા-ભક્તિ કરજો પણ સાધુ કહે તેમ કરતા નહિ. સાધુનું કહેલું કરશો તો જીવી જ નહિ શકો.' તમારો મોહ તમને આવી સલાહ આપે છે ને ? અહીં આવાનારા મોહની આજ્ઞામાંથી બહાર નીકળી જાય તે માટેની અમારી મહેનત છે. મિથ્યાત્વ મોહે જગતના જીવોને એવી મદિરા પાઈ છે કે જેથી મોટોભાગ ભગવાનની, સાધુની અને ધર્મની વાત સાંભળે જ નહિ. અને કદાચ સાંભળે તો માને તો નહિ.

ક્રમશઃ

મહાભારતનાં પ્રસંગો

-શ્રી રાજુભાઈ પંડિત

હું ધનુષ ધારણ નહિ કરું

(પ્રકરણ-૫૮)

''પાંચ ગામડા તો શું એક ગામની પણ તેઓ વાત કરશે તો હવે પછી તો પાંડવો જીવતા રહી શકશે નહિ. (સોયની અણિ જેટલી પણ જમીન નહિ મળે જાવ)''

અને એક દિવસ શ્રીકૃષ્ણ પોતે જ પાંડવોના દૂત બનીને આવ્યા અને કહ્યું ''પાંડવોની અચિંત્ય શક્તિ સામે ટકરાઈને જીંદગીને જોખમમાં મૂકવાની જરૂર નથી માટે હે દુર્યોધન ! પાંડવોને હસ્તિનાપુરનું સામ્રાજ્ય તારે ન આપવું હોય તો ના સહી. પરંતુ ગાત્ર પાંચ ગામડા તો તેમને રહેવા આપ. કુશસ્થળ, વૃકસ્થળ, માકન્દી, વારણાવત અને પાંચમુ તને પસંદ હોય તે બસ આટલાથી પણ પાંડવો મારા કહેવાથી તારી સાથે સંધિ કરી લેશે. કુરૂક્ષેત્રના સમરાંગણમાં થનારા કુરૂકુળના સર્વસંહારનો ભય મને આ રીતે પણ સંધિ કરવા પ્રેરે છે. બાકી તો હું અહી આવ્યાની જાણ પાંડવોને નથી.''

ગોવિંદ બોલીને અટક્યા કે તરત રોષાયમાન દુર્યોધને કહ્યું - ગોવિંદ ! તમે હજી પણ કેમ સમજતા નથી વધુ તો શું કહું પાંડુ પુત્રોના પ્રાણ પીંખી નાંખીને જ હું જંપીશ. પાંચ ગામડા તો શું હવે તો એક ગામની પણ વાત કરશે તો પાંડવો હતા ન હતા થઈ જશે. ''પાંડવોને તેમના ભુજાના પ્રતાપને બતાડવાની ઈચ્છા જ છે તો જાવ ગોવિંદ ! તેમને કુરૂક્ષેત્રના સમરાંગણમાં તાત્કાલિક મોકલો.''

આટલું કહી પગ પછાડતો દુર્યોધન કર્ણાદિ સાથે સભામાંથી બહાર જઈ શ્રીકૃષ્ણને બાંધી લેવાનું અંગરક્ષકોને સૂચન કરી ફરી પાછો સભામાં આવ્યો.

સાત્યકિને ઈશારાથી શ્રીકૃષ્ણને બંધનની વાત જણાવવાથી ક્રોધથી ધમધમી ઉઠેલા શ્રીકૃષ્ણજીએ કહ્યું - ''આ નાપાકો જીવતા રહેવા માટે મને બાંધી લેવાના ષડ્યંત્રો રચે છે. પણ તેમને ભાન નથી. હું કશું કરતો નથી ત્યાં સુધી જ તે નાપાકોનું જીવન છે. શિયાળીઆઓ ટોળે વળીને પણ શાંત સિંહનો સામનો કરી શકતા નથી. દુર્યોધન ! તમારી જેવા ઉપર દયા આવે છે માટે જ તમને જીવતા જતા કરૂ છું. બાકી તો હમણાં જ તમારા મડદા પાડવા માંડુ. પણ તમારી જેવા નાપાકો તો મારાથી હણાવાને પણ લાયક નથી. તમને તો કુરૂક્ષેત્રના એ સમરાંગણમાં પાંચ પાંડવો જ પૂરી કરી નાંખશે. યમરાજને તમારો બલિ ચડાવવાની તેમની ઈચ્છા પણ તેઓ જ પૂરી કરશે. સસલાના સંહાર કરવા સિંહ કદિ સજજ થતો નથી. દુર્યોધન ! તારી રક્ષા કરનારા લાખો ક્ષત્રિય શૂરોને કુરૂક્ષેત્રમાં સાથે જ લેતો આવજે, અમે હવે તારો વધ કરવા આવ્યા જ સમજ.''

આ રીતે રોષારૂણ હરફો ઉચ્ચારીને ધરતી ધ્રુજાવી મૂકતા શ્રીકૃષ્ણ ઝપાટાબંધ સભામાંથી નીકળી ગયા.

ઘમંડી દુર્યોધન તો શ્રીકૃષ્ણના ક્રોધને ઓળખી ના શક્યો પણ ભીષ્મ પિતામહાદિ શ્રીકૃષ્ણના ક્રોધ પાછળ છૂપાયેલા કુરૂકુળના સંહારને સમજી જઈને ભયભીત હૈયે શ્રીકૃષ્ણનો હાથ હાથમાં પકડીને બોલ્યા શિયાળોના અવાજના કોલાહલથી સિંહ કદિ અજંપો ધરતો નથી. આ દુર્મદ બાળકોના ઉન્મત્ત આચરણથી હે મહાત્મન ! ખેદ ન ધરશો. આ બાળકોએ હજી આપને ઓળખવાના બાકી છે. તેથી હે કૃષ્ણ ! દુર્યોધન ઉપર ક્રોધ કરશો નહિ. વાસુદેવ ! દુર્યોધનની ઉદ્ધતાઈ કુરૂક્ષેત્રના સંગ્રામને અટકાવી શકે તેમ નથી ત્યારે અમારે એટલું જ કહેવું છે કે -

પાંડવો તો દૂર રહો એકલા તમારી સામે સજજ થઈને આવેલા આ દુર્યોધનાદિ કોણ માત્ર છે ? જેની સાથે ધર્મ અને ન્યાય જેવા બે બે યોદ્ધાઓ છે તે પાંડવોથી તો આ પાપાત્મા દુર્યોધનાદિ સ્વયં ક્ષય પામી જવાના છે. ગુરૂદિશનું ઉલ્લંઘન કરાનારાઓ જીવી જીવીને કેટલું જીવી શકશે ? પરંતુ હે વાસુદેવ ! સ્વજનોના વધના પાપથી ખરડાયેલી અપકીર્તિ તમે ગ્રહણ ના કરશો. રણ-સંગ્રામમાં ઉચ્છૃંખ બનીને આ દુર્યોધન

... श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर ...

આપને આહ્વાન કરે તો પણ તમે સંગર ભૂમિમાં ન આવશો. પરસ્પર વૈર રાખનારા પાંડવો-કૌરવો ભલે લડી મરે. માટે આ સંગ્રામમાં તમારૂ ન આવવું અમે ઈચ્છયું છે. અમારૂ વડિલ તરીકે આટલું તો તમારે માનવું જ પડશે વાસુદેવ !''

ભીષ્મ પિતામહાદિની વાણીથી શાંત પડેલા શ્રીકૃષ્ણે કહ્યું - મને ધ્યાનમાં રાખીને જ તો પાંડવોએ આ વિગ્રહ ફાટવા દીધો છે. તેથી શસ્ત્ર સજ્જ થયેલા તેમની સાથે તો મારે આવવું જ પડશે તેથી કુરૂક્ષેત્રમાં સંગ્રામ ખેડાતો હોય અને કૃષ્ણ દ્વારકામાં બેસી રહેશે તે બની નહિ શકે. પરંતુ હે ભીષ્મ પિતામહ ! તમને એક વચન આપું છું કે - સંગ્રામમાં ઉતરેલો હું ધનુષ ધારણ નહિ કરૂ. માત્ર પાર્થનો સારથિ બનીને હું સહાયક બનીશ.'' આમ થતાં તમારૂ અને પાંડવોનું બન્નેને મેં આપેલા વચનનું પાલન થઈ શકશે. અમેય મહિમાવાળા તમે મને માનવા યોગ્ય છે. આમ કહી હાથથી અંજલિ જોડીને શ્રીકૃષ્ણ ત્યાંથી નીકળી ગયા.

હવે વિદુરના નિવાસમાં રહેલા પાંડુરાજાને મળવા જઈ રહેલા શ્રીકૃષ્ણે કર્ણને હાથેથી પકડીને પોતાના રથમાં પોતાની પાસે બેસાડીને કહ્યું કર્ણ ! તારૂ પુરૂષવ્રત તો નામશેષ થઈ ચૂકયું છે. ઔદાર્ય, ધૈર્ય, વીર્ય વિવેકાદિ ગુણો તારામાં જરૂર છે પણ તારા બાહુબળથી જ ઘમંડી બનીને દુર્યોધન યુધ્ધ છેડી રહ્યો છે. તારા અંદરમાં રહેલા ગુણો દુર્યોધન જેવા નરાધમ સાથેની મૈત્રીથી શરમાઈ રહ્યાં છે. તારી મૈત્રી તો યુધિષ્ઠિર જેવા ગુણવાન સાથે શોભે. ! અને એક અતિ મહત્વની વાત કે જે વાત અહીં આવી રહેલા મને માતા કુંતીએ કરી હતી. કર્ણ ! તું રાધેય નથી પણ કૌન્તેય છે. કુંતીનો સૌથી મોટો પુત્ર તું જ છે. સંજોગોએ માથી તને વિખુટો પાડયો. રાધાના હાથે જઈ ચડયો માટે હે પાંડવ કર્ણ ! ચાલ તારા નાના ભાઈઓ સામે ધનુષ ધારણ કરવાના ન હોય.''

શ્રીકૃષ્ણની વાતથી આશ્ચર્ય તથા આનંદ પામેલા કર્ણે કહ્યું હે ગોવિંદ ! તમારી બધી વાત સાચી છતાં જ્યારે સૂતપુત્રના ધિક્કાર ભર્યા તિરસ્કારથી હું બધેથી ધિક્કારાતો હતો ત્યારે મારા સૂતપુત્રત્વનો સ્હેજ પણ વિચાર કર્યા વિના દુર્યોધને મારો હાથ ઝાલ્યો હતો. તેની મૈત્રીએ મારા પ્રાણો ખરીદી લીધા છે. તેથી તેની રૂચિ જ્યાં હશે મારા પ્રાણો ત્યાં જ જઈ શકશે. મૈત્રીના આ બંધનને તોડીને હવે આ કર્ણ દુર્યોધનનો સાથ છોડી પાંડવો તરફ વળી શકે તેમ નથી. અમારો મૈત્રીનો તેનો વિશ્વાસ હવે દુનિયાની કોઈ તાકાતથી તૂટી શકે તેવો નથી. તેથી દુર્યોધનની વફાદારી રહેતા રહેતા જ ચાહે સંગરાંગણમાં આ પ્રાણો ચાલ્યા જતા હોય તો ભલે ચાલ્યા જાય. પણ હવે હે વાસુદેવ ! હું દુર્યોધનની સામે માથું ઊંચકી શકું તેમ નથી. મે તજી દીધેલો દુર્યોધન ઝાઝુ જીવી નહિ શકે. મિત્રના દ્રોહથી મળેલા સામ્રાજ્ય કરતાં તો સંગ્રામમાં શત્રુની ખડ્ગધારાથી કણ-કણમાં કપાઈ મરવું સારૂં, વાસુદેવ ! હવે પછી ફરી યુધિષ્ઠિરનો સાથ કરવાનું મને ના કહેશો. પણ હા મારી માતા કુંતીને મારા હાર્દિક પ્રણામ કહેજો. અને કહેજો કે - આ કર્ણ ! તારા ચાર પુત્રોના પ્રાણને નહિ હરે. પરંતુ બાળપણથી ન જાણે કેમ ગમે તે કારણે મને અર્જુન તરફ તેનો ઘાત કરી નાંખવાની ઈચ્છા રહ્યા કરી છે. તેથી અર્જુન સિવાય હું કોઈ પાંડવને નહિ હણું તેથી હે માતા ! અર્જુન હણાશે તો કર્ણ સહિતના તારા પાંચ જ પાંડવો રહેશે અને કર્ણ હણાશે તો અર્જુન સહિતના પાંચ જ પાંડવો રહેશે.''

આ રીતે બોલતા કર્ણને આલિંગન કરીને વિસ્મય પામેલા કૃષ્ણે કર્ણને વિદાય કરી.

હવે વિદુરના નિવાસમાં રહેલા પાંડુરાજાને મળવા શ્રીકૃષ્ણ આવ્યા. પાંચ ગામડાથી માંડીને વિગ્રહના અંત સુધીના સમાચાર પાંડુરાજાને આપ્યા.

આથી ક્રોધથી સળગી ઉઠેલા પાંડુરાજે કહ્યું કે- વાસુદેવ ! મારા તે પુત્રોને કહેજો કે- જો તમારો જન્મ મારા થી જ થયો હોય તો કાયર બનશો નહિ. સંગ્રામના સમયે બંધુના સ્નેહથી ભીંજાઈ જઈને સર્વસ્વ લૂંટનારા એવા બંધુ તરફ પ્રેમ બતાવી ના દેશો. શત્રુ પૃથ્વિ ઝુંટવી જાય અને ક્ષત્રિય રખડતો ભટકતો રહે તો તે ક્ષત્રિય ક્ષત્રિય નથી. કેસરા છેદાઈ ગયા પછી કેસરી કેસરી શેનો ? તે પત્થર પણ સારો છે, જે સૂર્યના તાપ પડતા તપી ઉઠે છે. પણ તે પુરૂષ નકકમો છે, જે શત્રુથી પરાભવ પામ્યા પછી ક્ષમા ધારણ કરે છે. તેથી હે વત્સો ! ક્ષમતાને તજી દઈને બાહુબળનો મુકાબલો કરીને શત્રુએ ઝૂંટવી લીધેલી પૃથ્વિને વિજય અને કીર્તિ સાથે પાછી મેળવો. અને હે કૃષ્ણ ! શત્રુસંહારક તમારો અગર સાથ છે. તો પાંડવો માટે સંગ્રામ દુર્જેય કયાં છે ? ''

હવે ક્રોધાયમાન કૃષ્ણે કહ્યું - શત્રુના પરાભવમાં કોઈ સંશય નથી. આટલા સમય સુધી તમારા પુત્રોની દયાએ શત્રુને જીવાડયા છે.

પણ હવે દાવાનલ સળગી ઉઠયો છે ત્યારે ઘેઘૂર વૃક્ષો પણ તેમાં ભસ્મસાત્ થઈ જશે. જ્યારે એ શત્રુઓ તો તણખલા જેવા છે. ' પણ રાજન્ ! તમે મારી સાથે દ્વારકા ચાલો. તમારા પુત્રો તમારા વિયોગથી દુઃખી છે.

પાંડુરંજે કહ્યું વાસુદેવ ! તમે છો ત્યાં સુધી મારા પુત્રાનો વિજય નિશ્ચિત જ છે. સમસ્ત શત્રુનો સંહાર કરી ફરી રાજ્ય પ્રાપ્ત થયેલા પુત્રો જ હું તો જોવા ઈચ્છું છું તેથી વાસુદેવ ! હવે તમે જલ્દી દ્વારકા જાવ. અને યુદ્ધમાં શત્રુનો સંહાર કરીને અમારી સામ્રાજ્ય લક્ષ્મી અમને પાછી અપાવો.

શ્રીકૃષ્ણે દ્વારકા આવી એકાંતમાં પાંડવોને બધી વાત કરતાં પાંડવોના આનંદનો પાર ન રહ્યો. યુદ્ધના સમાચારથી પાંડુપુત્રો ઉત્સવ મનાવવા લાગ્યા.

અને શ્રીકૃષ્ણે સમસ્ત સૈન્યને સજ્જ કરવાના આદેશો આપી દીધા.

(પાર્થને કહો ચડાવે બાણ હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.)

★★★★★

સામ્પ્રતના શ્લોકો

નીતિમત્તાનો મૂર્તિમન્તધર્મ

શબ્દોના સહારે નીતિમત્તાને ન્યાય અર્પવો એ તો મધલાળ જેવી મનને ગમતી અને મીઠી વાત છે. અલબત ! આપદાઓના અખાતમાં ફસાયા પછી ય ન્યાય-નીતિની ધજા ને અડોલ પણે પકડી રાખવી; તે તો કંસારાના ઘાટને શરમાવે તેવી કઠિન યાત્રા છે.

હા ! પણ આ ભારતવર્ષની વસુન્ધરા પર ચંડાળની ચકડોળમાં ચૂરાવા છતાં 'સત્યવાદ'ને નહિ વીસરનારા કઈ કેટલા હરિશ્ચન્દ્રો થઈ ગયા.

ઈતિહાસના જેમ બેવફા-બે બોલા-દુર્યોધનો ના કાતિલ સ્વરો સુણાવે છે. તેમ તેજ ઈતિહાસ હરિશ્ચંદ્ર' જેવાના સત્યવાદના સોનલ ચિત્રો પણ દર્શાવી શકે છે.

પ્રમાણમાં ઠીક ઠીક વરતાતા આકાળ-ઝાળ કલિયુગનો સામ્પ્રત ઈતિહાસ નવોદિત દુર્યોધનોથી રંગાઈ રહ્યો છે. તે વરવી વાસ્તવિકતાનો એકરાર કર્યા વિના કોઈ ઓવાર જડે તેમ નથી. સમુદ્રમાંય કાળી રાતે ઝળકતી દીવાદાંડી જેમ પથદર્શન કરાવી રહે છે; તેમજ 'કાળા નાણા અને કાળા નેણ'ના આ અન્ધાર ઘેરા જમાનામાંય કેટલાંક પવિત્ર પુરૂષો એવા તો આદર્શવાદી પાકી જતા હોય છે કે જેઓ ન્યાય-નીતિ તેમજ નિષ્ઠાનું ગુંજતું ગીત બની રહે.

બસ..! સામ્પ્રત સમયે નોંધાયેલી નીતિમત્તાની તવારિખનું જ એક શુભપર્વ એટલે સુશ્રાવક શ્રીધર્મેશભાઈ...!

પૈસાના પેટની અકળામણે તેમને ગૂર્જરી-મા'ના પાલવને તિલાંજલિ દઈ મોહમયી નગરી મુંબઈ પહોંચવાની ફરજ પાડી..

મુંબઈની બહુમાળી વસાહતોમાં વસવાટ કરતું તે કુટુંબ આમ તો ધનસંપન્ન હતું જ.. ખેર ! પણ તે કુટુંબની ધનિકતા જેટલી તેમના વ્યાપારમાં છલકાતી હતી, તેના કરતાં કઈ ગણી વધુ ધાર્મિકતા, વધુ બોલકી બનતી હતી.. હર કોઈ વ્યવહાર અને વ્યાપારમાં..

તે ધર્મેશભાઈએ ધનોપાર્જનમાં 'ન્યાય-નીતિપૂર્વક ધન' ને એવું આદર્શ સૂત્ર બનાવ્યું કે 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં કલિકાલસર્વજ્ઞશ્રીએ વહાવેલી, માનવધર્મને બોલતી તે પંક્તિ..''ન્યાય સંપન્ન વિભવઃ...''અહિ શણગાર સજીને નૃત્ય કરતી જોવા મળે.

'ધનશુધ્ધિ'ની નેક એવી તો તેમને પકડી રાખી કે' કે કાળઝાળ મોંઘવારી અને સત્તાકીય ટેક્ષલૂંટના જમાનામાંય ઠગબાજી, કટકી.. બે-ભાવ કે ટેક્ષ ચોરી જેવો કોઈ અધર્મ તેમને સ્પર્શી શકયો નહિ...

તેમના જીવનમાં જોવા મળતી આવી વિરલતાનું ઉદ્ગમકેન્દ્ર હતા.. જિનશાસનના મહાન ફિરસ્તા આચાર્ય ભગવાન્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ... !

મહાપુરૂષની પ્રેરણાને ઝીલી, મહાનુભાવ ધર્મેશભાઈ જીવનને પ્રથમ ધન શુધ્ધિ સાથો સાથ ધર્મવૃધ્ધિના ઘોરી માર્ગે મોક્ષ તરફ આગળ ધપાવતા હતા.

પણ... અફસોસ... ! અનિષ્ટોથી ઉભરાતા આપણા સમાજના કોક વિઘ્નસન્તોષી તત્ત્વે ઈન્કમટેક્ષ ઓફિસર પાસે ધર્મેશભાઈ વિરૂધ્ધ-નિરાધાર બદનક્ષી ભરી ફરિયાદ નોંધાવી.

એક દિવસની વાત છે... સુશ્રાધ્ધ ધર્મેશભાઈ, પોતાના નિત્યક્રમ મુજબ પ્રાતઃ સમયે જિનેશ્વર ભગવંત તેમજ ગુરૂભગવન્તની તસવીરો સમક્ષ આરતી-ઓવારણા લઈ રહ્યાં

હતાં. ત્યાંજ વ્યક્તિના રાચરચીલાને રેડ' કરી દેતી અને મુડીનિતિઓનેય મેડ' બનાવી દેતી ઈન્કમટેક્ષ ઓફિસરની રેડ આવી પહોંચી.

પણ..સબૂર ! નીતિના તાણા-વાણાથી ધનની ચાદર રચનારા અને બિછાવનારા શ્રીયુત ધર્મેશભાઈ તો રેડ' આવી પહોંચી જોઈ રાજીના રેડ થઈ ગયા..

યાદ રાખજો.. મારા પાપને છૂપાવવાને સ્વાર્થ સાધવા નહિ પરન્તુ અતિથિ ધર્મને અદા કરવા પૂછું છું... બોલો શું લેશો...?

ઈન્કમ ચેકરોની આદર-આગતા કરતાં ધર્મેશભાઈએ ઉપરા મુજબ જણાવ્યું.. તે ચેકરો તો ચોકન્ના બનીને ઠરી-ઠામ બેસી ગયા...

અધિકારીઓના આગમનનું કારણ કળી જઈ શ્રી ધર્મેશભાઈએ તરત જ પોતાના હિસાબી દસ્તાવેજો-ચોપડાઓ તેમજ કબાટો-સરસામાનની ચાવીઓનો તેમની સમક્ષ ઢગલો કર્યો...

બેશક !... પણ પેલા રતાન્ધળા ડોશીમા એ મૂળનહિને દીવાબત્તી તળે વીંટીની ભાળ ભાળવા સંઘર્ષ કરેલો... બસ ! અસલ એવો જ ઘાટ આ અધિકારીઓનો ઘડાયો...

મૂળ પોતાના જ પેટમાં કટકીની ભૂખ હતી... પણ દીવા જેવી ઉજળી નિષ્ઠા ધરાવનાર શ્રી ધર્મેશભાઈને ત્યાં ખૂબ શોધખોળ કરી.. કાંઈક ખોળખાંપણને ખોળી કાઢવા...

પણ...અફસોસ !... તેમના હાથ ખાલીખમ જ રહ્યાં.. નજરની બાજ પણ કોઈ પાપ-પ્રપંચનો અંદાજ લગાવવામાં ત્યાં વિફળ ગઈ..

કારણ કે.. શ્રી ધર્મેશભાઈની ધનશુધ્ધિ' જ ન્યારી હતી... દસ્તાવેજોમાં એકેક આના અને દોકડાનો હિસાબ નોંધાયો હતો. દર-દાગીનાના પ્રત્યેક ડબ્બામાં દાગીના સાથે જ બજનચીઠ્ઠી મૂકાઈ હતી..

પરીક્ષા કાજે ત્રાજવા અને ગણિત સાધનો કેલકયુલીટરો મોજૂદ હતા...

અધિકારીઓ બિચારા બેચન બની ગયા.. દિવસભરની તપાસ ધૂંધળી પૂરવાઈ થઈ...

પણ.. અધિકારિગણના પેટે લબકારા લેતી 'રિસ્કીટ'ની ભૂખ હવે રડમસ તવા લાગી... કાંઈક છટકો ગોઠવવા તે વિચારી રહ્યા...

આથી જ કાયદાની આંટી ઘૂંટીમાં ઘૂંટી નાંખી એક સાચા હિસાબમાંથીય એવી હરકત કાઢી...

પણ... શ્રી ધર્મેશભાઈ.. ! દાનવીર હોવા છતાંય લાંચ-કે રૂશ્વત ખોરી સામે તો ખૂંખાર બનવાય તૈયાર હતા..

અધિકારીઓની વાત સાથે તેઓ જરાય સહમત ન થયા... પોતાની સચ્ચાઈ તેમણે પરીક્ષાની એરણે ચઢાવી જોવા પડકાર ફેંકયો...

લાંચભૂખા અધિકારીગણે એકાદ-અયોગ્ય છિદ્ર ને ઝાલી કાનૂની રાહે પગલા ઘપાવવાની ધમકીની ભાષામાં તેમને ધમકાવ્યા.

પણ... શ્રી ધર્મેશભાઈએ રૂશ્વતખોરી સામે લડી લેવાનો મૂડ જાહેર કર્યો... અધિકારીઓ ગમે તેમ તેમને ચૂંસવાની ગાંઠ બાંધી પાછા ફર્યા...

ન્યાયાલમાં ખટલો માંડ્યો.. સામે તોય ન ઝૂકેલા શ્રી ધર્મેશભાઈએ પણ ગંજાવર ખર્ચ કરી વકીલો રોકયા... કેસ લડ્યા... અધિકારીઓની ચીડના ભોગે હરીયાપટ્ટી કરવી પડી... અન્તે પણ કેસ જીતી ગયા... તેમનો દસ્તાવેજ સાચો સાબિત થયો...

પરંતુ.. ! વિઘ્નસંતોષીઓના ઈશારે કૂદતા તે અધિકારીઓ તો માત્ર આ ધર્માત્માને પજવવાના જ દુરાશય સાથે હાઈકોર્ટમાં 'ધા' નાંખવા ગયા.. અધિકારીઓને કયાં ગાંઠનો સાબૂય ઘસવો તો..?

શ્રીયુત ધર્મેશભાઈ તોય ન ઝૂક્યા.. હાઈકોર્ટમાં ય તેમણે અક્ષરે અક્ષરની રજૂઆત કરી..

અન્તે ફેંસલાની તારીખ ઉગી આવતા સત્ય મેવ જયતે... ફરી એકવાર સાબિત થયું... શ્રી ધર્મેશભાઈની જવલન્ત જીત થઈ... અસત્યનો પરાભવ થયો..

સામાન્ય તેમજ ઈચ્ચ ન્યાયાલયની રઝળપાટ અને કેસ લડવાના તોતિંગ ખરચનેય વ્હાલો ગણી એમણે અનૈતિકતા - રૂશ્વતખોરી સામેનું પોતાનું આંદોલન જારી રાખ્યું... જે જ અંતે જયમાળાનો વરરાજ બન્યું...

(શ્રીયુત ધર્મેશભાઈ એટલે અન્ય કોઈ નહિ પણ ખંભાતનગરીના નામાંકિત નગર શ્રેષ્ઠી શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ... ! અહિં 'ધર્મેશ'ના ઉપનામથી તેમનો એક કિસ્સો કંડાર્યો છે...

પ્રખર જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા... તેમના જીવનના અધિષ્ઠાયક દેવતા હતા.. મહાપુરૂષના પ્રભાવતળે શ્રીયુત રમણભાઈએ આવી તો કઈ કેટલીય નિષ્ઠાઓ પ્રગટ કરી જિનશાસનની અણમોલ સેવા કરી છે...)

સચ્ચારિત્ર ચુડામણિ કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાન્ત મહોદધિ પરમ ગીતાર્થ પ.પૂ.આચાર્ય દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના પરમ ભક્ત તરીકે ગણાતા અનુયાયી વર્ગને

નમ્ર નિવેદન

- શ્રી પ્રેમસપુત્ર

જિનાજ્ઞારસિક દરેક મહાનુભાવોએ ૨૦૫૫ની સાલમાં ભાદરવા સુદ ૪ તા.૧૩-૯-૯૯ સોમવારે જ સંવચ્છરી પર્વની આરાધના કરવી જોઈએ.

પ. પૂ આચાર્ય ભગવન્ત શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. **"उदयम्मि जा तीहि सा, पमाण मित्यादि"** શાસ્ત્રપાઠના આધારે તથા સંઘ માન્ય જન્મભૂમિ પંચાંગના અનુસારે ઉદયાત ભાદરવા સુદ ચોથને જ સંવચ્છરી પર્વની આરાધના કરવા માટે સાચી તીથિ માનતા હતા અને એ દિવસે જ સંવચ્છરી પર્વની આરાધના કરતા હતા.

ઉદયાત ભાદરવા સુદ ૪ ને છોડીને બીજી તીથિમાં સંવચ્છરી કરાય તો સંવચ્છરીની વિરાધના થાય એવી તેઓશ્રીની દૃઢ માન્યતા હતી.

પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. **"उदयम्मि जा तीहि तहा क्षये पूर्वा इत्यादि"** શાસ્ત્ર પાઠોના અનુસારે જે તીથિઓની આરાધના કરતા હતા તે તીથિઓજ સાચી હતી અને છે એ વાતને જણાવવા માટે સમુદાયના સમાધાનની જાહેરાત કરતી વખતે તેઓશ્રી દ્વારા કરાયેલું તીથિ બાબતનું નિવેદન સાક્ષી પૂરે છે જે દિવ્યદર્શન તથા જૈન પ્રવચન નામના પત્રમાં છપાયેલું છે.

પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ.મ. સા. ૨૦૧૮ની સાલમાં ચૈત્ર વદ ૫ બુધવારના દિવસે અમદાવાદમાં પોતાના સમુદાયના સમાધાનની જાહેરાત કરતી વખતે તીથિની બાબતમાં કરેલું નિવેદન આ પ્રમાણે છે.

''તિથિ ચર્ચા બાબતમાં તીથિ આપણી જ સાચી છે તેમાં શંકા જેવું નથી પરન્તુ સકલસંઘની એક્યની આવશ્યકતા સહુ કોઈ જાણે છે. તેથી કોઈ વખતે કદાચ કોઈ વિચાર કરવાનો પ્રસંગ ઉભો થાય તો તે વખતે હું આચાર્યશ્રી રામચંદ્ર સૂરીશ્વરજીની સલાહ સંમતિથી કરવાનો છું.''

૨૦૨૦ની સાલમાં પીંડવાડા મુકામે પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. દ્વારા કરાયેલ આપવાદિક પટ્ટકમાં પણ ઉદયાત ભાદરવા સુદ ૪ ના દિવસે જ સંવચ્છરી પર્વની આરાધના કરવાનું જણાવ્યું હતું તે આ પ્રમાણે.

''શ્રી સંઘ માન્ય પંચાંગમાં જ્યારે જ્યારે ભાદરવા સુદ પંચમીની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તે ક્ષય-વૃદ્ધિ નિયમ રાખીને જ પંચાંગની ઉદયાત ભાદરવા સુદ ચોથે શ્રી સંવચ્છરી કરવાની અને તેજ પ્રમાણે બાકીની બારે પર્વી માહેની તીથિઓ તથા કલ્યાણક આદિની સર્વ તીથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે.''

પ. પૂ. આ. દે. શ્રી હીમાંશુ સૂ. મ. સા. પણ થોડા વર્ષો પહેલા ૨૦૪૪ના સંમેલનની સામે જાહેર કરેલા પોતાના પરિપત્રમાં પોતાના ગુરૂઓ (આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. તથા આ. દે. શ્રી રામચંદ્ર સૂ. મ.) જે તીથિ માનતા હતા તે સાચી છે. એમ જણાવ્યું હતું અને પોતે ૨૦૫૫ની સાલમાં ઉદયાત ભાદરવા સુદ ચોથ સોમવારના દિવસે સંવચ્છરી પર્વની આરાધના કરવાનું અમદાવાદમાં જાહેર કર્યું હતું.

આ પ્રમાણે ''આપણી જ તીથિ સાચી છે. તેમાં શંકા જ નથી એમ ડબ્બલ ''જ''કાર પૂર્વક પૂ. આ. દે. શ્રી પ્રેમસૂ.મ. સા. દ્વારા કરાયેલા નિવેદન તથા ૨૦૨૦ની સાલના પટ્ટકના અનુસારે તેમજ તપસ્વી સમ્રાટ પૂ. આ. દે. શ્રી હીમાંશુ સૂ. મ. પોતાના પરિપત્રમાં જણાવ્યા અનુસારે અને જાહેર કર્યા અનુસારે ૨૦૫૫ની સાલમાં ઉદયાત ભાદરવા સુદ ચોથની સાચી તીથિએ જ સંવચ્છરી પર્વની આરાધના કરવી શાસ્ત્રાનુસારી છે. ઉદયાત ભાદરવા સુદ-૪ ને છોડી ભાદરવા સુદ પહેલી પાંચમને ચોથ માની ઉદયાત પહેલી પાંચમના દિવસે સંવચ્છરી પર્વની આરાધના કરવી એ શાસ્ત્ર વિરૂદ્ધ છે કેમ કે એ રીતે કરવામાં ''આજ્ઞાભંગ - અનવસ્થા - મિથ્યાત્વ - વિરાધના'' આ ચાર મોટામાં મોટા ભયંકર દોષો લાગે છે.

પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ના ભક્ત વર્ગમાં જેઓ ખરેખર તેઓશ્રી પ્રત્યે જેઓ અગાધ ભક્તિ ધરાવે છે તેમના

માટે તો શું વાત કરવી પણ જેઓ થોડી પણ ભક્તિ ધરાવે છે. તેઓએ પણ પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ.મ. સા.ની શાસ્ત્ર સત્ય માન્યતા પ્રમાણે ૨૦૫૫ની સાલમાં આવતી ભાદરવા સુદની ઉદયાત ચોથ સોમવારના દિવસે જ સંવચ્છરી પર્વની આરાધના કરવી જોઈએ. જેથી પૂજ્યશ્રીની સત્ય માન્યતાની (શાસ્ત્રાનુસારી માન્યતાની) અવગણના કરીને ભા. સુ. પહેલી પાંચમને ચોથ માની મંગળવારે સંવચ્છરી કરવા દ્વારા ગુરુદ્રોહના પણ મહાભયંકર પાપમાં પડવાનું ન થાય.

તેમજ પૂ. આ. ભ. શ્રીસિદ્ધિસૂ. મ. સા. (બાપજી મહારાજ) પૂ. આ. ભ. શ્રી લબ્ધિસૂ. મ. સા., પૂ. આ. ભ. શ્રી કનકસૂ. મ. સા. (વાગડવાળા) પૂ. આ. ભ. શ્રી ભદ્રસૂ. મ. સા. તથા પૂ. આ. ભ. શ્રી શાંતિચંદ્ર સૂ. મ. સા. (ભાભરવાળા) વગેરે મહાપુરુષો પણ ઉદયાત ભાદરવા સુદ ૪ ની તિથિને સાચી માનીને સંવચ્છરી પર્વની આરાધના કરવાનું માનતા હતા અને કરતા હતા તો એમના પર અનન્ય ભક્તિ ધરાવનારા ભક્તવર્ગે પણ આજ્ઞાભંગ-અનવસ્થા- મિથ્યાત્વ- વિરાધના શાસ્ત્રમાં જણાવેલ આ ચારે દોષો તથા ગુરુદ્રોહના પાપથી બચવા ૨૦૫૫ની ભાદરવા સુદ ૪ સોમવારના દિવસે જ સંવચ્છરી પર્વની આરાધના કરવી જોઈએ.

વિ. ૨૦૪૪ સંમેલનના ઠરાવ પ્રમાણે ૨૦૫૫ની આ સાલમાં ભાદરવા સુદ પહેલી પાંચમને ભાદરવા સુદ ચોથ માની મંગળવારની સંવચ્છરી સંઘની એકયતા ખાતર કરવાનું સંમેલન પરસ્તો (બે તીથિ પક્ષમાંથી જુદા પડેલા) જણાવે છે તે ખરેખર ભ્રમણા પૈદા કરીને લોકોને ખોટી આરાધના કરાવવા દ્વારા ઉન્માર્ગે દોરનારૂ છે.

એક તીથિવાળા અને બે તીથિવાળા પક્ષમાંથી જુદા પડેલાઓ ભાદરવા સુદ પહેલી પાંચમને ભા. સુ. ચોથ માનીને મંગળવારે એક જ દિવસે સંવચ્છરી પર્વની આરાધના કરવાના છે પરન્તુ એટલું માત્ર કરવાથી સકલસંઘની કોઈ એકયતા સધાવવાની નથી જ કેમકે ૨૦૪૪ના સંમેલનમાંથી પૂ. આ. દે. શ્રી સાગરાનંદ સૂ. મ. નો સમુદાય વર્ગ નીકળી ગયો છે. સંમેલનથી સકલસંઘ એકયતા સધાઈ જ નથી તેમજ સંમેલન નિષ્ફળ ગયું છે એમ સંમેલનના અગ્રણીઓ દ્વારા જ જણાવાયું છે.

સંમેલનના અધ્યક્ષ પૂ. આ. દે. શ્રી રામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા) એ પૂ. આ. દે. શ્રી મેરૂપ્રભ સૂ. મ. ને લખેલા પત્રમાં જણાવે છે. કે ''આપનો (૧૬/૮)નો પત્ર મળ્યો, આપે મારો અભિપ્રાય પૂછાવ્યો તો જણાવવાનું કે આ સંમેલનને સફળ કહેવું તે મને વ્યાજબી લાગ્યું નથી. આ સંમેલનનું ધ્યેય સમગ્ર તપગચ્છની એકતાનું હતું. પરંતુ તે અપેક્ષા પૂર્ણ ન થઈને કેટલાય સમુદાય તેમાંથી સત્તાવાર કે બિનસત્તાવાર રીતે ખસતા ગયા છે તે અંગે પત્ર આપણા તરફથી કોઈ પ્રતિક્રિયા પણ કરવામાં આવી નથી

સંમેલનની એક વાક્યતા ટકવાને બદલે શાસનમાં હાલ ૪-૫ વિભાગ થઈ ચૂક્યા છે ટુકડા વધે તેવી એકતા, એકતા કહેવાશે ? વિચારાશો.''

પૂ. આ. દે. શ્રી રામસૂરીશ્વરજી (ડહેલાવાળા) ના પત્ર ઉપરથી એમ જણાય છે કે સંમેલન વખતે કેટલાય સમુદાય સંમેલનમાંથી સત્તાવાર કે બિનસત્તાવાર રીતે ખસી જવાના કારણે સંઘની એકતા સધાઈ નથી. સંમેલન પરસ્તો સંમેલન થવાથી સંઘમાં એકતા થઈ છે. એ એમની નરી ભ્રમણા જ છે. અને સંમેલનથી સંઘમાં એકતા સધાઈ છે એવા લોકોમાં ખોટો ભ્રમ ફેલાવી રહ્યાં છે.

શાસનમાં ૪-૫ વિભાગ થઈ ચુકયા છે ટુકડા વધે એવી એકતા-એકતા ન કહેવાય એ રીતનું કથન કરીને પૂ. આ. દે. શ્રી રામસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા) એ સંમેલન પરસ્તોની સંમેલનથી સંઘમાં એકતા સધાઈ છે એ વાતને જોરદાર લપડાક લગાવી છે.

સંમેલન પરસ્તો (બે તીથિ પક્ષમાંથી જુદા પડેલા) મંગળવારની સંવત્સરી કરવા - કરાવવા દ્વારા હજીએ સંઘની એકતાનો ભ્રમ લોકોમાં ફેલાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે પરન્તુ એક દિવસે (મંગળવારે) સંવચ્છરી કરવા માત્રથી જૈન સંઘમાં સંપ થઈ જવાનો, એકતા થઈ જવાની એવું માનવું એ ભ્રમણા ભરેલું છે. તપગચ્છ - ખરતરગચ્છ વગેરે તથા સ્થાનકવાસી તેરાપંથી વગેરે એક સંવચ્છરી કરે એટલા માત્રથી બધાનો સંપ થઈ ગયો કે એકતા થઈ ગઈ એમ કહી શકાય જ નહીં બધાની પ્રવૃત્તિઓ અને માન્યતાઓ જુદી જુદી જ છે. એના કારણે મતભેદો ઉભા જ છે.

સંમેલન પરસ્તો (બે તીથિના પક્ષથી જુદ પડેલા) લોકોને ગેર માર્ગે દોરવા અને મંગળવારની સંવચ્છરી કરાવવા માટે એવો પણ પ્રચાર સાંભળવા મુજબ કરી રહ્યા છે કે શાસ્ત્ર દષ્ટિએ બે તીથિની માન્યતા સાચી છે અને પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. પણ બે તીથિને સાચ માનતા હતા અને એની જ આરાધના કરતા હતા પરન્તુ અમો સંઘના સંપની ખાતર એક તીથિ પક્ષની તીથિ કરવાના છીએ

અર્થાત્ મંગળવારની સંવચ્છરી કરવાના છીએ સંઘનો સંપ જળવાતો હોય તો શાસ્ત્રની કે ગુરૂની સાચી માન્યતાને પણ છોડી દઈએ તો એમા કશો જ વાંધો નથી.

આ વાત પણ એમની તદ્દન શાસ્ત્ર વિરૂધ્ધ છે અને લોકોને ઉન્માર્ગે દોરનારી છે સિદ્ધાન્તના ભોગે કયારે ય પણ સંપ કરાય જ નહી. સંઘના ભોગે પણ સિદ્ધાન્ત સચવાવો જ જોઈએ પૂર્વાચાર્યોએ જ્યારે જ્યારે સિદ્ધાન્તની બાબતમાં મતભેદો ઉભા થયા છે ત્યારે સંઘર્ષો કરીને પણ સિદ્ધાન્ત સાચવ્યો છે. સંઘના એકયની પરવા કરી નથી. સંઘમાં ભાગલા પડે તો પડવા દીધા છે પણ સિદ્ધાન્તનો નાશ થવા દીધો નથી સિદ્ધાન્ત અને સિદ્ધાન્તને અનુસરનારી ગુરૂની માન્યતાને સાચવવા ખાતર સંઘમાં ભાગલા પડવાની તો શું વાત કરવી પણ પોતાના પ્રાણની પણ પરવા કરી નથી. ધગધગતા તેલના કડાયામાં પણ પડતું મૂકયું છે અને પોતાના પ્રાણની આહુતિ પણ આપી છે.

સિદ્ધાન્તને છોડીને સંઘમાં સંપ કરવાની પ્રવૃત્તિ કરનારા એ ભગવાનના શાસનનો સંઘ ઉભો નથી કરતા પણ એક ટોળું જ ઉભુ કરે છે.

પહેલાના કાલમાં પૂર્વાચાર્યો સિદ્ધાન્તના રક્ષણ માટે પોતાના પ્રાણનું બલિદાન આપી દેવા તૈયાર થતા હતા. ત્યારે આજના મહાગીતાર્થ કહેવાતા આચાર્યદિ સિદ્ધાન્તને ઉડાવવાની વાતો કરી રહયા છે અને એ ખરેખર જૈન શાસન માટે મોટો ખતરો ઉભો કરનારા છે.

આ મહાગીતાર્થ ગણાતા આચાર્યો જ્યારે જ્યારે સિદ્ધાન્તની બાબતમાં મતભેદો ઉભા થશે ત્યારે સંઘનો સંપ જાળવી રાખવાની ધૂનમાં સિદ્ધાન્તોને ઉડાવતા જશે અને એનું પરિણામ એવું આવશે કે જૈન શાસનમાં શાસ્ત્ર વિરૂદ્ધ ખોટી પ્રવૃત્તિઓની અને ખોટી માન્યતાઓની એવી અંધાધુંધી આવશે કે જેના કારણે શાસ્ત્ર વિરૂદ્ધ ખોટી પ્રવૃત્તિઓ કરવા દ્વારા લોકો સંસારની ઉંડી ખાઈમાં કયાંએ ફેંકાઈ જશે.

સિદ્ધાન્તના ભોગે સંઘમાં સંપની વાતો કરનારા મહાગીતાર્થ ગણાતા આચાર્યોને ઓળખી લેવા જેવા છે કે આચાર્યો જૈન શાસનમાં કેવો ભયંકર વિપ્લવ જગાડનારા છે.

સંઘમાં સંપ કરવાની ધૂનમાં આજે તીથિનો સાચો સિદ્ધાન્ત છોડી દીધો કાલે એવું પણ બને કે સ્થાનકવાસી - તેરા પંથી વગેરેની સાથે સંપ કરવાની ધૂન (એમને જાગે તો) આ મહાગીતાર્થો ! મૂર્તિપૂજા - જીવદયા આદિના સિદ્ધાન્તોને પણ છોડી દેવા તૈયાર નહીંજ થાય એવું કહી શકાય તેમ નથી ? અર્થાત્ એ પણ છોડી દેવા તૈયાર થઈ પણ જાય.

પૂર્વાચાર્યોએ સંઘના સંપની પરવા કર્યા વગર સિદ્ધાન્તને સાચવતાં આવ્યો છે સન્માર્ગને જાળવતા આવ્યા છે જે આપણા સુધી આવ્યો છે અને એ શાસનના અંત સુધી જળવાવો જ જોઈએ જેના દ્વારા અનેકાનેક આત્માઓ સ્વપરનું કલ્યાણ સાધી શકે.

જૈન શાસનમાં સંઘના સંપની અતીવ આવશ્યકતા છે. પણ સિદ્ધાન્તને સાચવીને, સિદ્ધાન્તને છોડી ને તો નહિ જ.

''સિદ્ધાન્ત નહિ સચવાય તો ભગવાનનો સંઘ સંઘ તરીકે જ નહિ રહે અને સિદ્ધાન્ત સચવાશે તો જ સંઘ સંઘ તરીકે ઉભો રહેશે. માટે જ આ. શ્રી હરિભદ્ર સૂ. મ. કહ્યું કે **''अणाजुत्तो संघो अदी संघो''** આજ્ઞાયુક્ત - આજ્ઞા - સિદ્ધાન્ત તેનાથી યુક્ત - આજ્ઞા - સિદ્ધાન્તનું યથાશક્તિ પાલન કરનારો અને તેના પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાળો જ સંઘ કહેવાય છે બાકીનું લોકોનું ટોળું હાડકાનો ઢગલો કહેવાય છે એનો અર્થ એ જ થયો કે સંઘના સંપ કરતા સિદ્ધાન્ત - આજ્ઞા મહત્વની છે.

એથી દરેક સુજ્ઞ પુરૂષોએ સમજી રાખવું જોઈએ કે વર્તમાનમાં જેઓ સિદ્ધાન્તને છોડીને સંઘના સંપની વાતો કરે છે તે વાહીયાત વાતો છે.

માટે સંમેલન પરસ્તો દ્વારા પથરાયેલી સંઘ એકયતાની ભ્રમ જાલમાં ફસાયા વગર શાસ્ત્ર તથા પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. આદિ ગુરૂભગવન્તોની સાચી માન્યતાના અનુસારે ૨૦૫૫ની આ સાલે ઉદયાત ભાદરવા સુદ ચોથ સોમવારના દિવસે જ સંવચ્છરી પર્વની આરાધના કરવાની ચૂકશો નહિ એવો સર્વે મહાનુભાવોને અનુરોધ કરવામાં આવે છે.

સમજીને સાચી આરાધના કરી વહેલી તકે સકલ કર્મનો ક્ષય કરી સિદ્ધિ પદ પામો એજ સદાની મનોકામના.

★★★★★★

બોધકથા

દયાનિધિ અૅબ

એ છોકરાનું નામ તો થોડું અટપટું હતું. પરંતુ બચપણમાં એને બધાં અૅબ કહીને બોલાવતાં હતા. અૅબનાં માતા-પિતા ગરીબ હતાં. તેઓ ખેતીકામની મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. ગરીબાઈને લીધે અૅબને ઘણા અન્યાયો સહન કરવા પડતા હતા અને અપમાનિત પણ થવું પડતું હતું. પરિણામે તે ગરીબો પ્રત્યે હમદર્દી રાખતો હતો.

એકવાર અૅબ સાંજના સમયે મિત્રો સાથે ફરવા માટે ગયો હતો. ફરીને બધા મિત્રો ઘર તરફ પાછા આવી રહ્યા હતાં. ત્યારે સામેથી એક ઘોડો આવતો તેમણે જોયો. ઘોડા ઉપર જીન મૂકેલું હતું. પરંતુ તેના પર કોઈ સવાર બેઠેલો ન હતો. તેથી અૅબ ને નવાઈ લાગી. તેણે મિત્રોને કહ્યું. ''આ ઘોડો કોનો હશે ?''

મિત્રોએ કહ્યું: ''હશે કોઈ નશેબાજ પિયાકનો !''

અૅબે કહ્યું: ''ચાલો, આપણે એ નશેબાજને શોધી કાઢીએ અને એને મદદ કરીએ ! ''

મિત્રોએ હસીને કહ્યું: ''ઓ અૅબ ! એવા નશેબાજને શાની મદદ કરવાની હોય ? એ લોકો તો કષ્ટ ભોગવે એ દાવના જ હોય છે અને જો, રાત પણ પડી રહી છે !''

મિત્રોના વિરોધ છતાં અૅબે કહ્યું: ''હું તો જઈશ !''

''જા, તારે જવું હોય તો, અમે તો તારી સાથે નહિ આવીએ'' કહીને મિત્રો પોતપોતાને ઘેર જવા રવાના થઈ ગયા.

ઘોડો લઈને એકલો અૅબ ઘોડાના માલિકની શોધ કરવા નીકળ્યો. ઘોડો જે દિશામાંથી આવ્યો હતો એ દિશામાં થોડે આગળ જતાં અૅબ એક માણસને રસ્તાની બાજુમાં પડેલો જોયો. ખરેખર એ નશેબાજ જ હતો. તે વધારે પડતો શરાબ પી ગયો હતો. તેથી બેહોશ થઈને પડી ગયો હતો.

અૅબે શરાબીને ઢંઢોળ્યો. પરંતુ તે તો બેભાન જેવો જ હતો. બહુ કોશિશ કરવા છતાં તે જાગ્યો નહિ એટલે અૅબે તેને ઉપાડીને ઘોડા ઉપર બેસાડયો, પછી તે પોતે પણ ઘોડા પર બેસીને ગામ તરફ આવવા નીકળ્યો.

ઘોડો ચાલતો-ચાલતો શરાબીને ઘેર જઈને ઊભો રહ્યો ઘરવાળાએ શરાબીને ઓળખ્યો, એટલે તેને ઘોડા પરથી નીચે ઉતારીને પલંગમાં પુવાડ્યો. પછી અૅબ રજા લઈને પોતાને ઘેર ગયો.

અંધારું થઈ ગયું હતું. અૅબની માતા અને તેની બહેન સારા તેની રાહ જોઈને બેઠાં હતાં. અૅબને જોતાં જ તેની માતાએ પૂછયું: '' અૅબે ! આટલું મોડું કેમ થયું ?''

અૅબ બધી ઘટના કહી સંભળાવી.

બહેન સારાએ નારાજ થઈને કહ્યું: ''તારે એવા શરાબીને મદદ કરવાની શી જરૂર હતી ?''

''કેમ બહેન ! શરાબી એ માણસ નથી ?'' અૅબે કહ્યું અને પછી પોતાના સ્વભાવ મુજબ ઉમેર્યું: ''સારા, દુઃખી માણસને જોઈને મારું હૃદય પીગળી જાય છે, હું શું કરું ?''

પછી માતાએ કે બહેને તેને કાંઈ ન કહ્યું.

આ અૅબ પોતાના સદ્‌ગુણોને લીધે મોટો થઈને અમેરિકાનો રાષ્ટ્રપ્રમુખ બન્યો.

હવે તો તમે અૅબ ને ઓળખી લીધો ને ? અૅબ એ જ અૅબ્રહામ લિંકન ! અત્યારે પણ અમેરિકાના લોકો આપણા ગાંધી બાપુની જેમ તેમને 'પિતા લિંકન' કહીને શ્રદ્ધાથી યાદ કરે છે

(સંદેશ)

બાલ વાટિકા : રવિ શિશુ

પ્યારા ભૂલકાઓ,

અષાઢ મહિનો આવે ને !

મારા પ્યારા ભૂલકાઓને તેની માવરો કહે ''લાડકાઓ ! ચાલો ઉપાશ્રયે જઈએ.''

શું કરવા ? વ્યાખ્યાન સાંભળવા...

સુગુરુનો પધાર્યા છે, તેઓની પવિત્ર વાણી સાંભળીએ.

બાઈ ! અત્યાર સુધી ઘણા જ્ઞાની ભગવંતોની વાણી સાંભળી ! વાણી સાંભળી ! હા ઘણી સાંભળી.

તમારી સાંભળવાની ભૂમિકા કાણાવાળી બાલદી જેવી...

એટલે, કાણાવાળી બાલદી પાણી ગ્રહણ કરે પણ ધારણ ન કરે. તેવી રીતે ગુરુ ભગવંતની વાણી જુદા જુદા માધ્યમો દ્વારા સાંભળી, સાંભળેલી એ દુર્લભ જિનવાણી આજે કેટલી ઉપલબ્ધ છે ?

કંઈક ક્રોધ, માન, માયા, લોભાદિ અપેક્ષાઓ જ્યારે જ્યારે મનના આવેશમાં આવી જાય ત્યારે ત્યારે ત્યારે સાંભળેલા એ જિન વચનોના સહારે મનને મુક્ત બનાવવા સફળ થયા ખરા ?

ના, તો હવે કાણાવાળી બાલદીને તજી કાણાવાળી જમીન જેવા મનવાની જરૂર છે.

કાણાવાળી જમીન પાણી ગ્રહણ કરે અને ધારણ પણ કરી રાખે અવધારણ કરેલું આ પાણી વર્ષોના વર્ષો સુધી આંતરડી ઠારે. તેમ, અનેક માધ્યમોથી સાંભળેલા જિનવચનોને ધારણ કરી રાખવામાં આવે તો મનના ઓરડે કયારેય સુનકાર ભાસે નહિ.

પરમાત્મા વીરની વાણી રોહિણીયા ચોરના કાનમાં પ્રવેશી અંતરના ઓરડે સ્થિર થઈ, એના પ્રતાપે ભયંકર કટોકટીની પળોમાંથી ઉગરી ગયો.

ચંડકૌશિક સર્પે ચરમ તીર્થપતિના એ શબ્દો ''બુજ્ઝ બુજ્ઝ'' અંતરમાં સ્થિર ન કર્યા હોત તો ચંડકૌશિક સર્પ ઉહાપોહ કરત ? એ ઉહાપોહની ચેષ્ટાએ જ તેને જાતિ સ્મરણ જ્ઞાનની ભેટ ધરી. જાતિ સ્મરણ જ્ઞાને અનશન મુકાવી દેવા તૈયાર થયો.

જો એકલું સાંભળવાનું રાખશો તો નિમિત્તોને આધીન થઈ જવાશે. કુસંસ્કારોથી ગ્રસ્ત થઈને આપણે આપણું જીવન રફેદફે કરી દઈશું.

પરંતુ, સાંભળેલું જો અવધારણ કરીશું તો મળેલાં જીવનને સાર્થક બનાવી શકીશું. આત્માને હળુકર્મી બનાવી શકીશું ! મરણ વખતે સમાધિ પામવાની ઝંખનાને પૂર્ણ કરી શકીશું. ! સદ્‌ગતિ નિશ્ચિત બનાવી શકીશું ! અને છેલ્લે પરમ ગતિ નિકટ લાવી શકીશું માટે,

યાદ રાખજો, સુગુરુ ભગવંતોના મુખે સાંભળવા મળતી જિનવાણી માત્ર સાંભળવા સુધી સમિત ન રાખતાં અવધારણ સુધી લઈ જવા ભલામણ.

મધુરમ્

દુઃખ અનુભવે કડવું છે.
જ્યારે પાપ અનુભવે મીઠું છે.

● જ્યાં-ત્યાં ●

જ્યાં ઘૃણા છે ત્યાં પ્રેમ લાવીશું.
જ્યાં આક્રમણ છે ત્યાં ક્ષમા રાખીશું.
જ્યાં મતભેદ છે ત્યાં સમાધાન કરીશું.
જ્યાં મનભેદ છે ત્યાં મનો મિલન કરીશું.
જ્યાં ઉદાસીનતા છે ત્યાં પ્રસન્નતા રેલાવીશું.
જ્યાં સંકલેશ છે ત્યાં સમાધિ રાખીશું.
જ્યાં ઉદ્વેગ છે ત્યાં આનંદ પ્રસરાવીશું.
જ્યાં અસ્ત છે ત્યાં ઉદયને પ્રગટાવીશું.

- વાસંતી

–: હાસ્ય હોજ :–

દી : (મોબાઈલ ફોન ઉપર) ડૉ. હું બીમાર છું તમે કયારે આવો છો ?

ૉક્ટર : (વીઝીટ બુકના પાના ફેરવતાં) આવતા અઠવાડિયે.

દી : ના, ના ! જલ્દી આવો. મારા જીવનનો ભરોસા નથી.

ૉક્ટર : ચિંતા ના કરો. જો કદાચ તમે...

ો તમે તમારી એપોઈન્ટમેન્ટ કેન્સલ કરાવી શકો છો. ચાર્જ નહિ લાગે.

- વિતરાગ

● ધર્મનો પરિવાર ●

ધર્મનો	પિતા	–	જ્ઞાન
ધર્મની	માતા	–	દયા
ધર્મની	પત્નિ	–	ક્ષમા
ધર્મની	પુત્રી	–	સમતા
ધર્મનો	પુત્ર	–	સંતોષ
ધર્મની	બહેન	–	સુમતિ
ધર્મનો	ભાઈ	–	સત્ય

- દર્શન

–: હાસ્ય હોજ :–

પ્રીમીયર ભરવા માટે વીમા કંપનીએ છ કાગળ વીમાદારને લખ્યાં, જવાબ નહિ, કંટાળીને વીમા કંપનીએ રજીસ્ટર કાગળ નાખ્યો.

'જો અઠવાડિયામાં પ્રીમીયમ નહિ ભરાય તો પોલીસી રદ ગણવામાં આવશે.

આના ઉત્તરમાં જવાબ આવ્યો. (કપડા કાઢીને વાંચશો)

વીમાદાર (અમારા ભાઈ) છ મહિના પહેલાં ગુજરી ગયા હોવાથી અમે બાકીના પ્રીમીયમ ભરી શકીએ તેમ નથી.

- વિતરાગ

● પાપનું કુટુંબ ●

પાપનો	પિતા	–	લોભ
પાપની	માતા	–	હિંસા
પાપની	પત્નિ	–	ઈર્ષ્યા
પાપની	પુત્રી	–	તૃષ્ણા
પાપનો	પુત્ર	–	સ્વાર્થ
પાપની	બહેન	–	કુમતી
પાપનો	ભાઈ	–	અસત્ય

- રશ્મિકા

■ ભય ■

ભોગમાં	રોગનો	ભય
સુખમાં	ક્ષયનો	ભય
ધનમાં	નાશનો	ભય
દાસપણામાં	સ્વામિનો	ભય
ગુણમાં	દુર્જનનો	ભય
વંશમાં	કુપુત્રનો	ભય
માનમાં	વિનયનો	ભય
વિજયમાં	શત્રુનો	ભય
કાર્યમાં	સિદ્ધાંતનો	ભય
સંસારમાં	વૈરાગ્યનો	ભય
ખોટામાં	સાચાનો	ભય

જો ભય, ભય સ્વરૂપે લાગી જાય તો મુક્તિ નજીક થઈ જાય.

- રશ્મિ

ગિરનારનો સૂચિત રોપ-વે તીર્થની આધ્યાત્મિક અસ્મિતાને ભડકે જલાવશે

-પૂ. મુનિરાજશ્રી હિતવર્ધન વિજયજી મ.

ભોગવાદની ભડકતી ભૂખોએ આજે પોતાના ઉન્માદી અને અનાચારી પેટને પોષવા સનાતન ધર્મ સંસ્કૃતિને ય વિકાસ' નામના જલસા તાપણે રાંધી મારવા જાણે ભેખ પકડયો છે.

અર્થશૂન્ય વિકાસ અને વિલાસ'ના પ્રોગ્રામોની પાછળ સંતાયેલી ભભૂકતી વાસનાઓ ઝાળે. આજે અધ્યાત્મના લીલુડા પત્રો જેવા' ધર્મસ્થાનો-ધર્મસાધનોને ભસ્મસાત્ કરી દેવા વૈશ્વાનરનું સ્વરૂપ ધારણ કર્યું છે.

દિશા ભૂલેલી આજની આમ પ્રજા અને સત્તાનશીન સલ્તનતો, સુવિધા તથા પ્રોગ્રેસ'ના કાંટાળા બિબામાં ધર્મની ચિરન્તન મૂડીને ઢાળી દઈ. પોતાની જ આધારશિલા ને ભગ્નાવશેષ કરી દેવા માંગે છે.

અરે ! માન ભૂખા વિદ્વવાનો, પ્રજાની આન્તર સલામતી જેવા સ્થાપત્યો તેમજ સદાચારોને એક વસમી પૂરવાર થનારી એક વીસમી સદીના વિનાશક પરિબળોની 'નાગચૂડ'માં ફસાવી ચૂરી નાંખતાય સંકોચાય તેમ નથી.

ઉમદા આદર્શો અને આધ્યાત્મિક અસ્મિતા જે ભૂમિના કણ-કણ પર કલરવ કરતી હતી, તે આજ ભારતવર્ષ છે. જેનો આધુનિક ઈતિહાસ, કુ-આચાર તથા કુત્સ્ય-વિચારની કાળી ડીબાંગ શાહીથી આલેખાય રહ્યો છે.

હા ! ગિરનારનો સૂચિત રોપ-વે' પણ ખેર ! વિનાશક પરિવર્તનનું જ એક ઉદાહરણ પુરૂ પાડશે.

''આ નિર્દેશિત રોપ-વે' વિધર્મિઓ અને વાસના ભૂખ્યા માનવ વરૂઓને મોકળું ચોગાન બક્ષનારો વન-વે' નહી બની રહે તેની કોઈ ખાત્રી નથી.''

''હા ! ત્યારે પાપોથી પીડાતા વિશ્વવર્તિ પ્રાણિ સમુદાયને પાવનતા-પવિત્રતાનો સંદેશો પહોંચાડનાર તીર્થ શબ્દ જ પોતાની વાસ્તવ ગરિમા ગુમાવી બેઠો હશે.''

તીર્થ શબ્દનો તાત્પર્ય જ એ નીકળી રહ્યો છે, કે પાપોની, દોષોની, દર્દોની, દૂષણોની, દૂરાચારોની ગંધાતી ગર્તામાં ગરક થતાં માનવનું જે રક્ષણ કરે.

સંસાર આખાની બૂ-છાંડતા પાપોની ખાઈમાં ખાબકી રહેલા માટે જે ઝાલણા કાજેનું તરણ-તારણ તરણું બની રહે તે તીર્થ...!

તીર્થની સ્થાપના તીર્થની કરાતી યાત્રા પાછળનો મૂળભૂત-મૌલિક આશય જ આ રહ્યો છે, કે સંસારમાં બેઠાં બેઠાં અપવિત્રતા, અનાચાર અને અતિચારના ભરખી જાયેલા જખમોની આધ્યાત્મિક રાહે સુશાન્ત ચિકિત્સા થાય.

''તીર્થો સગવડ માટે છે, તીર્થોના વિકાસાર્થે ભૌતિક સુવિધા હોવી જરૂરી છે; એ માન્યતા જ સાચે 'હેમરેજ'ની માનસિક બિમારી છે; કે જેના દર્દીઓની સંખ્યા આજે ફૂલી-ફાલી બની રહી છે.''

''આઘાત અને આક્રન્દની આતશો તો ત્યાં બાળી રહી છે દિલને કે સુવિધા અથવા અત્યાધુનિક સગવડો સાથે જે પતિત પાવન તીર્થના મૂળભૂત સિધ્ધાન્તો કોઈ જ સંગતિ નથી પામતાં; તે તીર્થોને વિકાસનો બુરખો ઓઢાડી દઈ અદ્યતન સામગ્રીઓનો સંયોગ કરાવી દઈ તારક તીર્થને 'વાઘશંકર' બનાવી દેવાની કુટિલ ચલગતમાં ગણાતાં શિષ્ટો તેમજ સંતો પણ ફસાઈ ચૂકયાં છે.

પ્રથમ આ વાતો ઘૂટી ઘૂટીને ય ગળે ગળવી આવશ્યક છે.

૧. ''તીર્થો તરવા માટે છે; નહિ કે હરવા-ફરવા માટે.''

૨. ''તીર્થો પૂજન અને પાવિત્ર્યના ચુસ્ત પરિપાલન માટે છે. પ્રવાસન ક્ષેત્ર'ના ગોગલ્સ લગાવી તેને દરગીઝ નીહાળી નહિ શકાય.''

૩. ''આ તારક તીર્થો અહોભાવ થી થતી અર્ચનાના મંદિર સમાં હોય છે. ભૌતિક આનંદ કે ઉન્માદના કાબર ચીતરા રંગોથી તે 'આદર્શ મંદિરને ન જ ચીતરી શકાય.''

૪. ''તીર્થો સાધનાના મૂક પ્રેરક હોય છે તેથી તીર્થભૂમિ, મોક્ષ તરફ જેઓની મીટ મંડાઈ છે; એવા સાધકોને સાદર નિમંત્રિત કરે છે. અલબત ! યાદ રહે ! પૈસાની આન-બાનના પૂરક તો તે નથી જ તેથી તીર્થક્ષેત્રોને સહેલગાહના ઉન્મુક્ત સાગરતટ ન જ બનવા દેવાય.

સંયમ જ જેઓનો આદર્શ હોય છે, એવા સહેલાતમોરો સહેલગાહ માટે તીર્થો પર ત્રાટકે એ પૂર્ણતઃ નિરધિકાર ચેષ્ટા ગણાય, કે જેને કુકૃત્ય જ લેખવું પડે.''

''તીર્થો એ વિકારોના વિશોધનનું 'વિજ્ઞાનસદન' હોય છે કે જેમાં ધર્માર્થી નરે પોતાના મનની શુધ્ધિ કરી વિકૃતિનું વમન કરવાનું રહે.''

'અલબત્ત ! ખૂલ્લા કાને સાંભળી ગળું ઘસાય, ત્યાં સુધી ગોતતાં રહેજો, કે તીર્થો, વિનોદ કે ઉન્મત્ત વિલાસનું તાંડવ ખેલવાના 'અભ્યારણ્ય' તો નથી. નથી, ને નથી જ.

'રોપ-વે પવિત્રતાને પેટમાં પધરાવી જનારો, ડાકલા ઘૂણાવતો 'પિશાચ' સાબીત થયા વિના નહિ રહે.''

એ પિશાચના ડાકલાના ઘોષો આપણી કર્ણેન્દ્રિય સુધી ગુંજારવ કરવા લાગ્યા છે.

'સાવધાન ! તેને પડકાર ફેંકી ઉઠતા જ તે સ્વરને રૂંધી નહિ નાખીએ તો, આ રોપ-વે' નામક પિશાચ એકી સાથે હજારોન આસ્થાઓના રકત ચૂંસી જશે; કારણ કે તે આસ્થાન ઉપવન સમા તીર્થની 'જીવા દોરી' સ્વરૂપ પવિત્રતા જ પહેલ સ્વાહા થઈ ગઈ હશે.''

'રોપ-વે'ની સ્થાપના સાથે જ જે સપ્ત વ્યસનોને આર્યાવર્તની આ ભૂમિ પર તસુભાર પણ હિસ્સો પૂર્વે નહોતો ફાળવવામાં આવ્યો, તે સપ્તવ્યસનો 'નાયગરાના ધોધ' બની પોતાના 'ઘોડાપૂર'માં સારાય તીર્થના આન્તર-બાહ્ય સૌન્દર્યને તારાજ કરી નાંખશે..''

'બેશક ! રોપ-વે' એ પાશ્ચાત્યવાદના પોયઝન પી-પીને તગડો થયેલો ભોગવાદનો ભસ્માપુર છે'' આ વાત વજની દલીલ પૂર્વક પર કોતરી લઈએ.

'એ મહાદૈત્ય જ્યારે મર્યાદાઓની સાતેય માઝા વટાવી વિનાશી વિલાસોનું વ્યાભિચારી અભિનય નાટક રજૂ કરશે; ત્યારે તો આપણે પૂરા લૂંટાઈ ગયાં હશું. ત્યારે કદાચ એ ગિરિની પવિત્રતાના ઉર ને રક્ષવા છાંતી એ ચાંપી રખાય તેવું ઝાડનું એકાદ પાન પણ નહિ જડે...''

સબૂર ! જાગો ! ઉઠો ! સૈકાઓથી જેના નસકોરા આપણને સદી ગયાં છે, તે 'કુમ્ભકર્ણ'ની નીંદરને ત્યજી હવે, આ રોપ-વે' હટાવવા, ગિરનારની ગુણ ગંભીર ગરિમાની લાજ બચાવવા, પવિત્રતાના ચીરના સાંધા સાચવી રાખવા, કમસેકમ આપણે 'જટાયું' પણ બનવું જ પડશે.

''કે-જે રામાયણના વીરપાત્ર 'જટાયુ એ એક પામરાત્માની ઓંકાતી વૃત્તિઓને વેતરવા બલિદાનને વ્હાલસોયું કર્યું હતું. પાંખોથી કપાઈ જઈ, પ્રાણોની કચડાઈ જઈને પણ જેણે આ ભારતવર્ષમાં પોતાનું મંગલ અભિધાન (નામ) આદર્શોના અમર ગીતો સાથે અજરામર કરી દીધું..''

પણ...અફસોસ...! વિલાસ અને વિકાસની કૃત્રિમ કલ્પનાઓની 'ઈન્દ્રજાળ'માં ગૂંચવાયેલા આપણે, આપણી સામે વછૂટતા તાતા-તીરોથી પણ અણજાણ છીએ... પરીણામે બેહાલ બની વીંધાઈ મરીએ છીએ.

બસ ! આથી જ.. આજે જ...

રોપ-વે'ને રોકવો અને રોધવો-રૂંધવો' એ શિષ્ટ સમાજનું સહીયારૂ અને સર્વતો અગ્રીમ કર્તવ્ય છે.

જેથી, જરૂરથી ભોગવાદ પરસ્ત પાશ્ચાત્ય સંસ્કૃતિના ઝેરીલા પ્રચારને, પ્રચારકોને અને પ્રચાર માધ્યમો ને 'રકાસ' રટવાનો વારો આવશે. અને જો રોપ-વે'ના કથિત રાક્ષસે ખરેખર ધરાવરોહણ કર્યું..તો ? તો...?

૧. ગીરનારના ગીરની ગરિમાવંતી ગૌરવ ગાથાના ચીર એક ઝાટકે ચીરાઈ જશે. ગીરનાર 'ગરિમા' નહિ, 'ગણિકા'ઓનું પ્રદર્શન સ્થળ બનશે.

૨. પવિત્ર શ્રી ગીરનાર, શ્રધ્ધા-આસ્થાનું કેન્દ્ર નહિ રહયા. તે સહેલગાહ અને શોખોનું માદક મીશન બની બેસશે.

૩. પછી, પવિત્ર શ્રી ગીરનારના મંદિરોમાંથી પૂજન-પઠન ભૂંસાઈ જશે. પ્રવાસો તથા પાપાચારોના પાતાળ ત્યાં પોતાના તળ ઉંડા ઉતારશે.

૪. પ્રાન્તે, તીર્થ શિરમોર શ્રી ગીરનાર મુક્તિના વિશોધનનું ભાવાત્મક કેન્દ્ર મટી વિલાસ અને વાસનાની સળગતી સગડીનું ઈંધણ બની જશે.

ના... ના... ના... ના... ના...

ઘડ ઘરી દઈને...

ગળું ઘૂંટી નાંખીને... પણ ગીરનાર અને સાથે જ ગીરનારની ગૌરવવંતી ગરિમાને અક્ષત-અનંગ-અખંડ રાખીને જ ઝંપ લઈશું...

તા.૨૪-૭-૯૯ શનિવાર અ.સુ.૧૧-૨૦૫૫ નાવરકુંડલા

(હાલ મુલત્વી રહેલ આ કાર્ય પાછું કયારે ઉપડે તે કહેવાય નહિ માટે સૌએ સાવધ રહેવાની જરૂર છે.)

શંકા-સમાધાન

- ધર્મદૂત સાભાર

પ્રશ્ન : કારગીલ પ્રદેશમાં યુદ્ધ ચાલી રહ્યું છે. એમાં થઈ રહેલા શહીદોનાં કુટુંબોને આર્થિક મદદ કરવા જૈનસાધુ સભા ભરી, ભરાવી ફંડ કરાવી શકે ? રાષ્ટ્ર હશે તો ધર્મ ટકશે આવું બોલી શકે ?

ઉતર : યુદ્ધમાં શહીદ થયેલાનાં કુટુંબોને મદદ કરવાની ફરજ સરકારની છે. જૈનસાધુએ સભા ભરવી, ભરાવવી કે ફંડ કરવું તે તદ્દન અનુચિત છે. સાધુએ ઉચ્ચારેલી 'કરેમિ ભંતે'ની પ્રતીજ્ઞા તેમજ સ્વીકારેલા પાંચ મહાવ્રતની પ્રતીજ્ઞાની વિરુદ્ધ આ પ્રવૃત્તિ છે. રાષ્ટ્ર હશે તો ધર્મ ટકશે આવું બોલવું એ પણ તદ્દન ઉલટું (ઉત્સૂત્ર) ભાષણ છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના ટંકશાળી વચનોના આધારે આપણે તો એમ જાણીએ છીએ. અને એમ માનીએ છીએ કે, ધર્મ હશે તો રાષ્ટ્ર હશે, વિશ્વમાં શાંતિ હશે. છેલ્લા ૬૦ વર્ષના ગાળામાં એક ચીન સાથે અને ૨-૩ પાકિસ્તાન સાથે યુદ્ધો થયાં તે વખતે ધુરંધર આચાર્ય ભગવંતો હતા. તે કોઈએ આવાં ફંડો કરાવ્યાં નથી. અત્યારે પણ આ.ભ. રામસૂરીશ્વરજી ડહેલાવાળા વગેરે આચાર્ય ભગવંતો આ કાર્યનો નિષેધ કરે છે. આવા શ્રદ્ધેય અનુભવી વયોવૃદ્ધ આચાર્યભગવંતોની આમન્યા તોડી આપખુદ રીતે આવી શાસનને અમાન્ય પ્રવૃત્તિ કરવી એ અનધિકાર ચેષ્ટા છે. ક્યારેક એવી કટોકટીના પ્રસંગે ગીતાર્થ વડીલ આચાર્ય ભગવંતોની સલાહ મુજબ જૈનો ધર્મસ્થાનોમાં નહિ પણ સામાજિક સ્થાનોમાં મદદ માટે ઉચિત કાર્ય કરી શકે. આમાં ગીતાર્થ વડીલોનું માર્ગદર્શન મહત્ત્વની વસ્તુ છે. શહીદોનું કુટુંબ માંસાહારી, કુંદમૂળનું ભક્ષણ કરનાર, મદિરા પાન કરનાર હોય તો કઈ રીતે મદદરૂપ થવું એ માર્ગદર્શન ગીતાર્થને આધિન છે.

કરેલું ફંડ પ્રાઈમિનિસ્ટરના ફંડમાં જમા થવાનું એ શહીદોના કુટુંબને મળશે કે નહિ એ સવાલ ઠેરઠેર ચર્ચાઈ રહ્યો છે. મુંબઈ, અમદાવાદ વગેરે શહેરોમાં અને ગામડે ગામડે હજારો સાધર્મિકો ભૂખે મરે છે. તેમને ઘી મળતું નથી, તેલ મળતું નથી, કાળી ચાહ પીવે છે, ફાટેલા તૂટેલા જૂના કપડાં પહેરે છે. એ પૂજનીય સાધર્મિકો માટે કરોડો રૂપિયાનું ફંડ કરવાનું ન સૂઝયું અને શહીદોનાં કુટુંબ માટે ફંડ કરવાનો આફરો ચઢયો. લાંભા, ગોતાં, ઓઢવ વગેરે વગેરે સ્થળે સાધર્મિક ભક્તિ કરવા જનારા પુણ્યશાળીઓની આંખમાંથી આંસુની ધારા વહે છે, વિચાર આવે છે કે, અમારા જૈનોની આ સ્થિતિ, ખરેખર તો શ્રેણિકભાઈથી માંડીને દરેક શેઠિયાઓએ તથા સંઘોએ તેમજ પં. ચન્દ્રશેખર વિ.જી. એ સાધર્મિકોનો વિકટ પ્રશ્ન હાથ ધરવા જેવો હતો. જૈન સંઘમાં અજ્ઞાન સાથે સુધારકપણું, ગાડરિયાપ્રવાહપણું, જૈન ધર્મના મર્મનું ઘોર અજ્ઞાન વગેરે વ્યાપકપણે થઈ રહ્યું હોવાના કારણે વિપરીત સ્થિતિ પેદા થવા માંડી છે.

(૧૧ - ૯૯ અર્હમ્ સુન્દરમ્)

પૂજ્યશ્રી કહેતા હતા કે - શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

દુઃખ આપણા પાપની સજા છે તેને મઝેથી વેઠવું જ જોઈએ. ઓપરેશન કરાવ્યા પછી ડ્રેસીંગ ન કરાવે તો શું થાય ? ઓપરેશનમાં પીડા વધારે થાય કે ડ્રેસીંગમાં ? પાપથી દુઃખ આવે તો તે સાફ કરવા આવે છે.

અણસમજુ ધર્મી થોડા છે. ઝેરીલા ધર્મી ઘણાં છે. સમજવાની શક્તિ હોવા છતાં નહિ સમજવું તે જ મોટામાં મોટું ઝેર !

સંસારના જેટલા સારા કે ખરાબ પદાર્થો છે તે બેય આત્માનું સત્યાનાશ કાઢનાર છે. સારી ચીજ સારી લાગે છે તેમાં મલકાય છે અને ખરાબ ચીજ ખરાબ લાગે છે તેનાથી ભાગે છે માટે જીવો સંસારમાં ભટકે છે.

આત્મામાં ફેર પડે પછી ધર્મ આવે. આ સંસાર છોડવા જેવો લાગે તો ધર્મને પ્રવેશ કરવાની જગ્યા મળે. પારકી વસ્તુને મારી માનીને બેઠેલાના હૈયામાં ધર્મ શી રીતે આવે ?

છ કાયની રક્ષા માટે આખો ધર્મ છે. માટેજ સાધુને ધર્મી કહ્યા છે બીજાને ધર્મી નથી કહેતા. કેમકે ષટ્કાયની રક્ષા તે જ ધર્મ છે. શ્રાવકધર્મ ધર્માધર્મ છે. પણ ધર્મ નથી કેમકે ધર્મ રાઇ જેટલો અને અધર્મ મેરૂ જેટલો જાણે છતાં આચરે નહિ તે બધા 'બાળ', થોડું આચરે તે 'બાળ પંડિત' અને પુરૂં આચરે તે 'પંડિત'.

જે આશ્રવથી ડરે નહિ, સંવરનો જેને ખપ નહિ તેને સાચી નિર્જરા થાય નહિ.

આપણને આપણી ખરાબીનું ભાન થાય તો સમજી લેવું કે મોહને ઓળખ્યો છે. જેને પોતાની ખરાબી દેખાય નહિ તે ગમે તેટલું ભણેલો હોય તોય આંધળો છે.

મોહની સામે જે ઝઘડો ન કરે તે ધર્મ પામવા લાયક નહિ.

દુઃખનો કાયર અને સુખનો લોભી જીવ કદિ સમ્યગ્દર્શન પામે નહિ.

શાસનના રસિયા બનાવવા એટલે ભૌતિક અને પૌદ્ગલિક સુખોને ફેંકી દેવા જેવા બનાવવા અને પ્રાણાંત કષ્ટોને વેઠતા કરવા. આ જ ઉંચી ભાવદયા છે.

ગમે તેવા પ્રસંગોમાં - સંયોગોમાં મજાથી જીવો અને કોઈપણ લોભામણા પ્રસંગની જેને અસર ન થાય તે ખરેખર શુદ્ધ યથા પ્રવૃત્તિકરણનો સ્વામી છે.

જૈન શાસન અઠવાડિક • માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

જૈન શાસન

Received
૨૭/૩/૦૯

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

CHU

સુંદર અંગરચના - અલંકારાદિનો હેતુ

મુત્તિપયસંઠિયાણ વિ,
પરિવારો પાડિહેરપામાક્ખો ।

પડિમાણ નિમ્મવિજ્જઇ,
અવત્થતિયભાવણ નિમિત્તં ॥

(શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય, ગા. - ૮૨)

શ્રી અરિહંત પરમાત્માઓ મુક્તિપદમાં રહેવા છતાં પણ તેમની શ્રી જિન પ્રતિમાઓમાં પ્રાતિહાર્યાદિ પરિવારનું જે નિર્માણ કરાવાય છે તે તેમની અવસ્થાત્રિક (રાજ્યવસ્થા, છદ્મસ્થાવસ્થા, કેવલી અવસ્થા) ને ભાવવા માટે કરાય છે.

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૧૦ થી ૧૩

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

'મોક્ષ લક્ષ્યના ધ્રુવઉદ્‌ગાતા' 'ભકતજનોના પ્રાણવિધાતા

સ્વર્ગત પૂજ્યપાદ આચાર્ય ભગવાન્

શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની

● ગુરુ ગુણ સ્તવના ●

રાગ (હરિગીત છન્દ)

તુજ આંખના પલકારમાં અમૃતભર્યા જિનઆણના
તુજ નાડના છલકારમાં વેગો ઘસ્યા જિનવાણના;
રક્ષા ભણી રગ રગ મહિ તજો ઘગ્યાં સિદ્ધાંતના,
સૂરિરામ ! હે ! સ્વીકારજે મમ કોટિ કોટિ વન્દનાં...૧

જસ દેહના પડછાયમાં પડઘમ સર્યા સંયમતણા
જસ કંઠના લલકારમાં ગીતો સ્ફૂર્યા સત્યો તણાં;
જસ હૃદયના ધબકારમાં પ્રાણો વહ્યા શાસન તણા,
શ્રી રામચન્દ્ર સૂરીન્દ્રને ભાવે સમર્પુ વન્દનાં...૨

તુજ શબ્દ શબ્દે છે પ્રકાશ્યાં શાસ્ત્રના પરમાર્થ બહુ,
તુજ નામમાં નિવસ્યાં દીસે મંત્રો તણા પદ સાર્થ સહુ;
તુજ પ્રવચને પ્રતિબદ્ધતા નિવાર્ણ ની તેથી કહું.
સૂરિરામ ! તારા રાહ પર અવિચલ-અખણ્ડિત હું રહું...૩

વરસી હતી આશીષધારા બેધાર-માં બ્રાહ્મી તણી,
જસ મસ્તકે ઠલવી રહી સુર અપ્સરા લલિતા ઘણી;
જસ પદ પદે નવનિધિ લહી પરિચારિકા લક્ષ્મી બની.
સૂરિરામ તુજ અન્તરમહીં છોડો રમે શિવની વળી...૪

તુજ બુન્દ બુન્દે રૂધિરના કૌવત' તણી ઝરતી ઝડી,
તુજ અંગના પ્રત્યંગમાં પોકારતી પ્રતિભા છડી;
તુજ રોમ રોમે પ્રજવળ્યાં શ્રદ્ધા ચિરાગો તિમ વળી,
સૂરિરામ ! તવ મૂર્તિ સદા મુજ મન છબિએ છે મઢી...૫

(અનુસંધાન ટાઈટલ-૩)

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

જૈન શાસન

(અઠવાડિક)

1061

તંત્રીઓ:
પ્રેમચંદ મેઘજી મુદ્રા (મુંબઈ)
ભરત મુક્તાનંદભાઈ મહે (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (રાજકોટ)
પ્રભાચંદ પદમશી મુદ્રા (મુંબઈ)

પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ
શ્રીમહાવીર જૈન આરા
કોબા (ગાંધીનગર) પિ

વર્ષ : ૧૨) ૨૦૫૬ માગસર સુદ ૧૪ મંગળવાર તા. ૨૧-૧૨-૧૯૯૯ (અંક : ૧૦૧૩

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ : પ્રવચન - ચોવીસમું

પૂ.આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ સુદ-પ્ર.-૨ તા.૨૭-૭-૮૭, સોમવાર

ચંદનબાલા જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(ગતાંકથી ચાલુ)

સભા : તે મિથ્યાત્વમોહને કાઢવા શું કરવું ?

ઉ. - ભગવાનની વાત માનવી. ભગવાનની આજ્ઞા મુજબ જીવતા અને કહેતા સદ્‌ગુરુઓની વાત માનવી.

આજના કાળમાં તો સાધુઓએ પણ બહુ સાવધ રહેવાની જરૂર છે. સાધુઓ પણ જો નીતિની વાત ભૂલશે તો તેઓ પહેલાં નરકે જશે. 'આ કાળમાં તો પૈસા વિના ન ચાલે માટે ગમે તે રીતે પણ પૈસા મેળવો. તે માટે ધર્મ કરવો પડે તો ધર્મ પણ કરો' આમ જો અમે પણ બોલીએ તો અમારી નરક પહેલી થાય ! જે જીવ ભગવાનની આજ્ઞા મુજબ ન બોલે પણ આજ્ઞાથી વિપરીત એક અક્ષર પણ બોલે તો તેનું ઊંચામાં ઊંચું સાધુપણું, ઊંચામાં ઊંચો તપ પણ ફોગટ જાય. 'પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યું.' બધા પાપમાં ઉત્સૂત્રભાષણનું પાપ વધી જાય છે.

શાસ્ત્રે કહ્યું છે કે - ઉત્સૂત્રભાષણ જેવું મોટામાં મોટું પાપ એક પણ નથી. ભગવાનની આજ્ઞાથી વિપરીત એક અક્ષર પણ બોલે તો તેને મહામિથ્યાદૃષ્ટિ કહ્યો છે. જ્ઞાનિઓએ તો કહ્યું છે કે - કોઈ જીવ ચારિત્રથી હિન હોય પણ ભગવાનના માર્ગની શ્રદ્ધા બરાબર હોય અને યોગ્ય એવા અર્થી જીવોને ભગવાનનો માર્ગ જેવો છે તેવો કહે તો તે ય કલ્પતરુ જેવો છે એમ કહ્યું છે. **પોતાના દોષ ઢાંકવા ગુરુની પણ નિંદા કરે તો તે મહાખતરનાક છે. ચારિત્રહીન બહુ બહુ તો પોતાનું બગાડે જ્યારે ઉત્સૂત્રભાષી તો પોતાનું અને પારકાનું બન્નેનું ય બગાડે.**

તમે તો બધા ભણેલા-ગણેલા છો એટલે દરેકે દરેક વાતમાં અભિપ્રાય આપવાની ટેવ ખરીને ? જે બાબતમાં આપણે જાણતા ન હોઈએ તે બાબતમાં અભિપ્રાય આપવો નહિ તેવો પણ નિયમ તમારે છે ખરો ? આજના ભેળસેળીયા જમાનામાં તમે કેવી રીતે માલ લાવો છો ? તમે જો સત્ય વસ્તુને જાણવાના અર્થી હો તો અનેક અર્થ કરનારા તમારી આગળ ચૂપ રહે ! હકીકતમાં તમારે ધર્મ જ સમજવો નથી માટે બધા ગોટાળા વાળો છો. બજારમાં તો કોઈથી છેતરાતા નથી અને ધર્મની બાબતમાં જ આ શું સમજીએ એમ કહીને ઊભા રહો છો. **જ્યાં સુધી સત્ય વસ્તુ સમજાય નહિ ત્યાં સુધી મધ્યસ્થ રહેવું તે ગુણ છે. પણ સાચું-ખોટું સમજ્યા પછી પણ મધ્યસ્થ રહેવું તે સત્યનું ખૂન અને અસત્યનાં પોષણ સમાન છે.**

અવસર આવ્યે પણ સત્યનું પ્રતિપાદન ન કરે તો તે ય સત્યનો પક્ષપાતી નથી પણ અસત્યનો ટેકેદાર છે. એકલા રહેવું પડે તો એકલા રહીને પણ સત્યનું જ પ્રતિપાદન કરાય. સાચી વાત કહેવાથી ગાંડા લોકો આઘા-પાછા થતા

હોય તો પણ સાચી વાત અવશ્ય કહેવાય. ગાઢ અંધકાર હોય અને જેની પાસે બેટરી હોય તે પ્રકાશ ફેલાવે તો કેવો કહેવાય ? ભગવાન શ્રી મહાવીર પરમાત્મા નિર્વાણ પામ્યા ત્યારે શ્રી ગૌતમ મહારાજાએ વિલાપ કરતાં કરતાં કહ્યું કે- ''આ ભરતની શોભા નાશ પામી કુતીર્થી રૂપી કૌશિકો જાગશે, મહા મિથ્યાત્ત્વ ફેલાવશે.''

ભગવાને જ્યારે ધર્મ સ્થાપ્યો ત્યારે બીજા દર્શનવાળા ઊંચા-નીચા થઈ ગયા. ભગવાને બીજા બધાં દર્શનોને મિથ્યાદર્શન કહ્યાં તે તમારા મતે ભૂલ કરીને ? ભગવાન ડાહ્યા કે તમે ડાહ્યા ? ભગવાને ગોશાળાને પણ મોંઢામોંઢ કહ્યું હતું કે - ''આંગળી આડી કરે તેજ ન ઢંકાય, છાબડીથી સૂર્ય ન ઢંકાય, તું જ તે ગોશાળો છે.'' આ સત્યવાતનું શું પરિણામ આવશે તે જાણવા છતાં ય ભગવાને સત્ય વાત કહી ને ? તે 'સંઘર્ષ' કર્યો કહેવાય ?

'આ ધર્મ છે. આ અધર્મ છે' તે કહેવા અમે પાટે બેસીએ છીએ કે 'બધું ય સાચું' તે કહેવા બેસીએ છીએ ? શાસ્ત્રમાં ય સાચાં-ખોટાનું પ્રતિપાદન છે. 'આ સાચું-આ ખોટું' આવી સાચા-ખોટાની ભાંજગડથી જ શાસ્ત્રો ભરેલાં છે. આ કાળમાં ધર્મ સાચવવો હશે તો ખોટાંને ખોટાં જાહેર કરવા જ પડશે. મહાપુરુષોએ જેટલાં લોકો ખોટી રીતે જુદા પડયા તો તેમને જુદા પડવા દીધા પણ ખોટી એકતા ન કરી તે ન જ કરી. માટે જેટલી ખોટી વાતો ચાલતી હોય તેને ખોટી કહેવી જ પડે, તેનું ખંડન પણ કરવું જ પડે અને સાચી વાત બતાવવી જ પડે. અમે ય ખોટું કહેતા હોઈએ અને તમે જાણવા છતાં ય સાચું ન કહો તો તેવા ભકતોથી પણ સાવધ રહેવું પડે ! ભગવાનને માને-પૂજે પણ ભગવાનની આજ્ઞા ન માને તો તેને સારા મનાય નહિ. ચોપડાની રકમ ન માને તેને શાહુકાર કહેવાય ખરો ? માટે શાસ્ત્રે કહ્યું હોય તે મુજબ જ આપણે જીવવાનું છે. આ કાળમાં શાસ્ત્રની વાતો ન ચાલે એમ બોલાય નહિ. આવું બોલે તેને તો સંઘ બહાર મૂકવા પડે.

સભા : શાસ્ત્ર મુજબ જીવવા માટે દ્રવ્ય-ક્ષેત્રાદિ જોવાના ને ?

ઉ. - ધર્મને જીવવા માટે દ્રવ્ય-ક્ષેત્રાદિ જોવાના છે. પણ અધર્મ કરવા માટે તે દ્રવ્ય-ક્ષેત્રાદિ જોવાના નથી. તમે તો અધર્મની પુષ્ટિ માટે તે જોવાના કહો છો તે ચાલે ?

આપણી વાત અનીતિની ચાલે છે. મઝેથી અનીતિ કરે તે ધર્મી જ નહિ. પહેલે ગુણઠાણે રહેલો માર્ગાનુસારી જીવ પણ અનીતિ ન કરે તો શ્રાવક અનીતિ કરે ? આજના કાળમાં તો અનીતિ કરીએ તો વાંધો નહિ તેમ બોલનારા ઘણા છે માટે તમારાથી તો બહુ સાવચેત રહેવાની જરૂર છે. જે સાધુઓ અનીતિને ખોટી નહિ કહે, કરતા હશે તેને ના ય નહિ કહે તો તે સાધુને પકડવા પોલીસ આવશે તો તમે લોકો કહેશો કે- મહારાજે બોલવામાં કાળજી રાખવી જોઈએ. આવું બન્યું છે. સાધુને બોલ્યા પછી ફરી જવું પડયું ! અનીતિને તો શ્રાવક પણ સારી ન કહે તો સાધુ કહે ? કોઈપણ કાળમાં અનીતિ સારી કહેવાય જ નહિ. જે સાધુ અનીતિને ખરાબ નહિ કહે તો તેના સાધુપણામાં પણ માલ નહિ રહે. જે પોતે સ્વયં ધર્મ કરે અને બીજાની પાસે પણ સમજાવી સમજાવીને કરાવે તેનું નામ સાધુ છે. તમને અમે સારા કહીએ તે પણ ભગવાનની થોડી પણ આજ્ઞા પાળો માટે. ભગવાનની આજ્ઞા ન પાળો તો સારા ન માનીએ.

આજે અનીતિ અને રાજ્યના ટેક્ષની ચોરી કરનારા અમે ખોટું કરીએ છીએ તેમ માને છે ? જેનું ચાલે ત્યાં સુધી ન કરે, કરવી પડે તો પણ દુઃખી હૈયે કરે તે જીવ હજી બચી જશે પણ જે મઝેથી અનીતિ આદિ કરતા હશે તે સંસારમાં રખડી જશે. શાહ કહેવરાવી ચોરી કરે, શેઠ કહેવરાવી શઠતા કરે, અનેકનું ભલું કરી શકે તેવી તાકાતવાળો પણ અનેકનું ભૂંડું કરે તો તરઝ સારી ગતિ થાય ?

સભા : આ કાળમાં નીતિનું ધન મુશ્કેલ છે.

ઉ. - આવું ધર્માત્મા કહે ? અનીતિના ધનથી મઝા કરતા હોય, અનીતિની ધનને ખોટું ન માને તો તે ધર્મી ન કહેવાય પણ મહામિથ્યાદૃષ્ટિ કહેવાય. તેનો ધર્મ પણ તેને દુર્ગતિમાં જતાં રોકી ન શકે.

મિથ્યાત્ત્વ કાઢવાનો એક જ ઉપાય છે કે ભગવાનની આજ્ઞા માનવી તે. અમે કે તમે ભગવાનની આજ્ઞા ન માનીએ, આજ્ઞા ઉપર બહુમાન ન હોય, આજ્ઞા મુજબ જીવવાનો પ્રયત્ન પણ ન હોય, આજ્ઞા મુજબ જીવી ન શકાય તેનું દુઃખ પણ ન હોય તો અમે સાધુ નથી, તમે શ્રાવક પણ નથી. શાસ્ત્રે ના કહ્યું હોય તેવું પણ જે બોલે તે આ પાટ ઉપર બેસવા પણ લાયક નથી. આ શ્રી મહાવીર

સ્વામિ ભગવાનની પાટ છે. આ પાટ ઉપર બેસી ભગવાનની આજ્ઞાથી વિપરીત બોલે તે બધા આ પાટને અભડાવનારા છે. 'આ કાળમાં તો અનીતિ પણ ચાલે, શ્રાવકોએ ગમે તે રીતે આગળ આવવું જોઈએ' આવું સાધુ પણ જો બોલે અને તમે લોકો ઊભા થઈએ ચાલતા ન થાવ તો માનું કે બધા મૂરખા છે. આવાની આગળ ઉપદેશ કરવો એટલે અમારું સાધુપણું ગુમાવવા જેવું છે. આજે ઘણા શ્રાવકોએ જ સાધુઓને બગાડયા છે. આજે આ પાટ ઉપર બેસનારા સાધુઓ પણ જો સાવધ નહિ હોય તો આ શ્રોતાઓ જ તમને ખરાબ કરવાના છે. શ્રોતાને ગમે તેવું બોલાય તેવું માનનારા સાધુએ આ પાટ ઉપર બેસવું જોઈએ નહિ.

સભા : બધામાં આપના જેવી શક્તિ કયાંથી હોય ?

ઉ. - તે વાઓએ શાસ્ત્રમાં જે લખ્યું હોય તે જ વાંચ્યા કરવું, શાસ્ત્રની વાતથી જરાપણ આઘાપાછા ન થવું. જુના સાધુઓ ઝાઝું ભણેલા ન હતા તો પણ શાસ્ત્રમાં જેમ લખેલું તે મુજબ વાંચ્યા કરતા હતા. શાસ્ત્રથી જરાય આડા-અવળા જતા ન હતા.

શ્રી જૈન શાસનમાં ઉત્સૂત્ર ભાષણ સમાન કોઈ પાપ નથી. એક ઉત્સૂત્ર ભાષણ કરનાર મોટા મોટા ગીતાર્થોને પણ શ્રી સંઘે રાઘ બહાર મૂકયા છે. નિહ્નવો જેટલા પાકયા તે આમાંથી પાકયા છે. આજના તો બધા નિહ્નવોને વટલાવે તેવા પાકયા છે.

સભા : આજે પણ આવું થઈ શકે ?

ઉ. - હા. શું કામ ન થાય ?

શાસ્ત્ર મુજબ જીવનારા સંખ્યામાં થોડા રહે તેથી ગભરાવવાનું નહિ. શાસ્ત્ર મુજબ ચાલનારો એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા હોય તો પણ તેને સંઘ કહ્યો છે, બાકીનાને હાડકાનો માળો કહ્યો છે. ટોળાથી કામ ન ચાલે. જગતમાં સુખી કેટલા મળે ? પુણ્યવાન હોય તેટલા. જૂઠ, ચોરી, પ્રપંચ કરે તે સુખી થાય ? જગતનો મોટો ભાગ દુઃખી હોય, સુખી તો પુણ્ય હોય તે હોય. તેમ ધર્મ જીવતો હોય તો તે કામ કરી શકે, ટોળાની કોઈ કિંમત નથી. અમારે તો શાસ્ત્રે કહ્યું તેમ જીવવાનું છે, તેમ બોલવાનું છે. વ્યાખ્યાન વાંચવું હોય તો શાસ્ત્ર વાંચીને વિચારીને તૈયાર થઈને આવવું પડે, છાપાં વાંચે કામ ન થાય ! તમને ખબર પડે કે આ સાધુ શાસ્ત્રથી વિપરીત ગમે તેમ બોલે છે તો ખરો શ્રાવક તેની પાસે જાય નહિ, તેને સાંભળે નહિ, તેને મોંઢામોંઢ કહી દે કે - આ ખોટું કરો છો તો તે શ્રાવક ગુનેગાર નથી પણ સારો છે. મારે તમને બધાને આવા શ્રાવક બનાવવા છે.

આજે તમે બધા અનીતિ ન કરો તો જીવી જ ન શકો તેવું છે ? અમે અનીતિ કરી કમાઈએ તે ખોટું છે, લોભના માર્યા કરીએ છીએ તેમ પણ માનો છો ? આજે તમે ખોટો લોભ છોડી દો અને સંતોષી બની જાવ તો સારા થઈ જાવ. અનીતિને ખરાબ માનતા થાવ તો ય તમારું જીવન ફરી જાય.

માર્ગાનુસારી જીવ પોતાની મૂડીનો અડધો કે ત્રીજો ભાગ ધર્મ ખાતે રાખી મૂકે. બાકીનો જે ભાગ રહે તેના પણ ભાગ કરે. તેમાંથી એક ભાગ જમીનમાં દાટે, એક ભાગ વેપારમાં રાખે, એક ભાગથી આજીવિકા ચલાવે. આગળ જેની પાસે મૂડી ન હોય તે પેઢી કરતો નહિ, મજૂરી કરીને ખાય. આજે મોટાભાગે મોટા વેપારી પારકે પૈસે પેઢી કરે છે. તે દેવાળું ફુંકશે તો તેના ઘી-કેળાં ઊભા રહેશે તેને ધીરનાર રોશે. આજે આવું જાણવા છતાં ય તમે તેનો પક્ષ કરો ને ? તમારે પણ તેમના જેવા જ થવું છે ને ?

સભા : ધર્મ કરવો એટલે શું કરવું ?

ઉ. - ધર્મ તો ભગવાને સાધુપણાને જ કહ્યો છે. તેવી રીતે સાધુપણું પામવાની શક્તિ મેળવવા માટે શ્રાવકપણું પાળે, સમકિત ઉચ્ચરે, માર્ગાનુસારિપણું હોવે તેને પણ ધર્મ કહ્યો છે. સામાન્ય રીતે ભગવાનની ભક્તિ કરવી, સાધુની સેવા કરવી, આજીવિકાનું સાધન હોય તો પૈસા કમાવા જવું નહિ, પૈસા કમાવા જવું પડે તેવું હોય તો કદી અનીતિ કરવી નહિ. પુણ્ય મુજબ જે મળે તેમાં સંતોષથી જીવવું, લુખ્ખું મળે તો ચોપડયું ખાવાય અનીતિ કરવી નહિ, સંતાડી શકાય કે કહી ન શકાય તેવી એક ચીજ પોતાની પાસે ન હોય તેમ જીવવું: આનું નામ જ ધર્મ કરવો તે.

આગળના વેપારીને ત્યાં જે ચોપડે ન હોય તે ઘરપેઢીમાં પણ ન હોય. આજે તમારે ત્યાં શું છે ? ભગવાને

પહેલા ગુણઠાણાથી ધર્મ બતાવ્યો છે. તો ચોથા-પાંચમા ગુણઠાણાવાળા જીવો તો કેવા હોય ? તેની પાસે આજીવિકાનું સાધન હોય તો તે બજારમાં મળે ? તેવા જીવો પાસે આજીવિકાનું સાધન હોય તો બજારમાં મરી જાય પણ જાય નહિ. આજનું બજાર જવા જેવું છે ખરું ?

ધર્મ કરવામાં મોટામાં મોટો ભય મોહનો છે. મોહમાં મિથ્યાત્વમોહનો ખૂબ ભય છે. તે મિથ્યાત્વ એવું છે કે જે પાપને પાપ જ ન માનવા દે. પાપ મઝેથી કરે તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તેની સદ્ગતિ ન થાય. ધર્મ દેખાવ માટે કરે અને સંસારમાં જે કરવાનું હોય તે કરવું જ જોઈએ તેમ માને તેની સદ્ગતિ થાય ? અધર્મને ઢાંકવા, પુષ્ટ કરવા ધર્મ કરે તો તે ધર્મી ખોટો જ કહેવાય ને ?

સભા : તે પુરુષાર્થ તો ખરો ને ?

ઉ. - તેને સાચો પુરુષાર્થ ન કહેવાય. જેમ અર્થ અને કામ નામના પુરુષાર્થ છે, નુકશાન કરનાર છે તેમ અર્થ અને કામને માટે કરાતો ધર્મ પણ નામનો ધર્મ છે, સાચો ધર્મ નથી તે ધર્મ પણ નુકશાન કરનાર છે.

અર્થ અને કામને ધર્મી જીવ સારા બનાવે તે જુદી વાત પણ તે બેને સારા ન કહેવાય. પૈસાના લોભી નરકે જ જાય. મમ્મણ શેઠ પાસે કેટલા પૈસા હતા ? તે ક્યાં ગયો ? આજે સાતમી નરકમાં છે.

સભા : અનીતિ ન કરીએ તો અહીં ન રહી શકીએ તો ગામડે જઈએ ?

ઉ. - નરકમાં જવું તેના કરતાં ગામડે જઈને રહેવું શું ખોટું છે ? તમારી અનીતિમાં અમે સંમતિ આપીએ તો અમારા જેવા મૂરખ કોણ ? જ્ઞાનિઓએ તેને મહામૂરખ કહ્યા છે. તેવા મહામૂરખને બોલવાની પણ મના કરી છે. તે જો બોલવા માંડે તો ગપ્પા જ મારે.

આવી સદ્ગતિ મળી છે તો તેને સફળ કરવા પ્રયત્ન કરવો જોઈએ. વહેલા મોક્ષે જવું છે ને ? મારે મારા જીવનમાં અનીતિ આદિ પાપો કરવાં જ નથી આવા વિચારવાળો જીવ ધર્મી કહેવાય. આવો નિર્ણય નહિ થાય તો તમારો નંબર ધર્મીપણામાં નહિ આવે.

મઝેથી અનીતિ કરવી, ટેક્ષની ચોરી કરવી તે બે મોટામાં મોટાં પાપ છે. તેવાનો પૈસો ધર્મમાં જાય તો ત્યાંય કજીયા થાય. ધર્મના સ્થાનો બગડે અને બુદ્ધિ પણ ખરાબ થાય. આજે તો વહીવટદારો પણ સારા નથી રહ્યા. જેવી રીતે મંદિર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોનો વહીવટ કરે છે તેવી રીતે ઘર-પેઢીનો વહીવટ કરે તો ચાલે ? આજે ધર્મ જોખમમાં છે. માટે તમે બધા સમજો અને ચાહ્યા થાવ તો આ સામગ્રી સફળ થશે.

'આ સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે. આ સંસારનું સુખ મઝેથી ભોગવવા જેવું નથી, સંપત્તિ પણ છોડવા જેવી છે.' આવું જે માને તે અનીતિ ન કરે. સંતોષથી જીવે તેને અનીતિ કરવી પણ ન પડે. તેવો જીવ ધર્મ પામવા લાયક છે. **ધર્મીને ભય હોય તો મિથ્યાત્વનો જ છે. તે મિથ્યાત્વ મોહથી જ ગભરાતો હોય.** મિથ્યાત્વી જીવ જેટલો વધારે સુખી હોય તેટલો વધારે પાપી હોય કેમ કે તે પાપને પાપ પણ માનતો નથી. જે જીવ પાપને પાપ પણ ન માને તે ધર્મી કહેવાય ખરો ?

સાધુ પહેલા નંબરના ધર્મી છે. શ્રાવક બીજે નંબરે ધર્મી છે. સમકિતી ત્રીજે નંબરે ધર્મી છે. તેના દેવ વીતરાગ જ, ગુરુ નિર્ગ્રન્થ જ અને ધર્મ અહિંસામય હોય તે જ ''अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो, जिणपन्नत्तं तत्तं ईअ समत्तं मअे गहिअं'' આમ રોજ બોલો છો તો આવું સમ્યક્ત્વ તમારી પાસે છે ? આવું માનનારો ધર્મી એક પણ દોષ મઝેથી કરે ખરો ? કર્મ આત્મામાં પડયા છે તેને કાઢશો તો કામ થશે.

તે માટે પુણ્યથી મળેલું પણ સંસારનું સુખ છોડવા જેવું લાગશે તો ધર્મ આત્મામાં આવશે. તે પછી તરે સારા થશો. તે સુખ ભૂંડું લગાડવા શું કરવું તે હવે પછી....

હાસ્યહોજ :

જ્યોતિષી : તમને ગ્રહો નડે છે. ગ્રહશાંતિ કરવી પડશે. તેને માટે ૫૦૦ રૂા. નો ખર્ચ થશે.

ભાઈ : એટલી રકમ મારી પાસે નથી રકઝક ચાલુ થઈ છેવટે

જ્યોતિષી : ચાલો રૂા. ૧૦ આપો તમારી સઘળી નડતર કાઢી નાખું.

ભાઈ : મારી પાસે રૂા. ૧૦ પણ નથી માટે ગ્રહો પણ મારૂ કાંઈ બગાડતા નથી

વિનલ....

મહાભારતનાં પ્રસંગો

-શ્રી રાજુભાઈ પંડિત

❖ કુરૂક્ષેત્રના સમરાંગણમાં ❖

(પ્રકરણ-પ૦)

રાજન્ ! માગધપતિ જરાસંધ તને કહેવડાવે છે કે- મારી પુત્રી જીવયશાના પતિ કંસના હત્યારા કૃષ્ણ તથા બળદેવ નામના બેય ગોવાળીયાઓને જલ્દીથી સુપ્રત કરી દે, અગર જો યદુકુળનો સંહાર સર્જવો ન હોય તો.

રાજન્ ! જીવયશાએ જરાસંધને સાફ સાફ સંભળાવી દીધું છે કે હવે પછી મારા પતિના હત્યારાને તમે જીવતો રહેવા દેવાના હો તો હું જાતે સળગતી ચિતામાં સળગીને સાફ થઈ જઈશ.

માટે હે સમુદ્રવિજય રાજ ! હવે આ બે ગોવાળોના કારણે સમગ્ર યદુકુળનો સંહાર શા માટે કરી રહ્યા છો ?

તારા રાજા જરાસંધને કહે જે કે ''દેવકીના જન્મેલા ગર્ભોને નરાધમ બનીને હણી નાંખનારા તે બાળહત્યારાનો અંત લાવી દઈને શ્રીકૃષ્ણે જે કંઈ કર્યું છે તે સારૂ જ કર્યું છે પણ જો રાજન્ ! તને તે ગમ્યુ ન હોય તો કંસના રસ્તે તને પણ શ્રીકૃષ્ણ તરત મોકલી આપશે. એ રસ્તો કદિ વેરાન બનવાનો નથી. બાકી તો સર્પ સાથે દુશ્મનાવટ કરીને સર્પને છંછેડીને દેડકા સાથે જીંદગી ગુજારવાના મૂર્ખ-પ્રયત્નો કરવામાં બહુ મજા નથી.''

યાદ છે રાજન્ ! તમને, કે જરાસંધ સાથેના સંગ્રામમાં એક વાર તમારે ભાગીને મથુરા છોડીને છેક આ દ્વારકા સુધી આવી જવું પડ્યું હતું. એ પહેલા કે જરાસંધની સાથે માથું ઉંચકવામાં સમગ્ર યાદવકુળ નામશેષ થઈ જાય, બેય ગોવાળોને સોંપી દો અને સુખ ચેનથી જિંદગી માણો. અને જરાસંધના મિત્ર દુર્યોધનના શત્રુ પાંડવોને સાથ આપીને તમે તમારા ભાવિ વિનાશને વહોરી લીધો છે.

દૂત ! જઈને તારા સ્વામીને કહેજે કે કૃષ્ણ કહેવાડે છે કે- બાળ હત્યારા કંસનો પક્ષ કરનારો પણ મારે માટે વધ્ય જ છે. દુષ્ટ - અન્યાયીઓને કૃષ્ણે કદિ સાંખ્યા નથી. હું સંગ્રામમાં વંટોળ બનીને આવ્યો નથી ને જરાસંધ વાદળાની જેમ વેર-વિખેર થયો નથી. અગર તારા કાંડામાં તેવડ હોય તો સૈન્ય સાથે સંગ્રામમાં જલ્દી ચાલ્યો આવ. લાંબા સમયથી તરસી રહેલી મારી કૃપાણ તારા રૂધિરથી પારણું કરશે.''

આમ કહીને દૂતને વિસર્જન કર્યા પછી શ્રીકૃષ્ણે પાંડવોને આ વાત જણાવતાં તેઓ જરાસંધનો ઘાત કરવાનો પણ અવસર તેમને મળવાનું જાણી ખુશખુશાલ થઈ ગયા.

હવે દ્રુપદ-વિરાટ - સમુદ્રવિજયાદિ અનેક રાજાઓ સાથે સૈન્ય સજ્જ થઈને શ્રીકૃષ્ણ તથા યુધિષ્ઠિર માતા દેવકી તથા માતા કુંતીએ કરેલા પ્રયાણ મંગલપૂર્વક કુરૂક્ષેત્ર ભણી પ્રયાસ શરૂ કર્યું.

થોડા પ્રયાણને અંતે મામા મદ્રરાજ શલ્યે આવીને યુધિષ્ઠિરને કહ્યું- ''તમારો દૂત સહાય માટે આવ્યો તે પહેલા દુર્યોધનનો દૂત આવી ગયો હતો તેની અત્યંત ભક્તિથી હું તેમને સહાય આપવાનું વચન આપી બેઠો છું હવે હું શું કરૂં ?''

યુધિષ્ઠિરે કહ્યું તાત ! દુર્યોધન પણ તમારો (સગો નહિ તો પણ ઓરમાન પણ) ભાણેજ જ છે ને ? માટે આમાં તમને સહાય ન કરી શકવા બદલ ખેદ રાખવાની જરૂર નથી ! એમ કહી સન્માનભેર મામાની વિદાય કરી.

પણ સહદેવ અને નકુળે ચોખ્ખા ઠપકામાં કહ્યું કે - મામા ! દુશ્મનને સાથ આપીને તમે માતા માદ્રીના મરણકને નીચું નમાવી દીધું છે. તમને ત્યાં રહીને સગા ભાણેજ જેવા અમારી સામે યુદ્ધ કરતા શરમ આવવી જોઈએ.''

મામાએ કહ્યું- પણ હું લાચાર છું છતાં તમે કહો તો હું જરૂર કરીશ.

તો મામા ! યુદ્ધના સમયે ડગલે ને પગલે તમે કર્ણના શૂરાતનને શબ્દો સંભળાવી સંભળાવીને તોડતા રહેજો.'' મામાએ તે વાતનો સ્વીકાર કર્યો.

અને પ્રયાણ કરતા કરતાં યાદવ - પાંડવોનું સૈન્ય એક દિવસ કુરૂક્ષેત્રમાં આવી પહોંચ્યુ.

માટુંગા કિંગસર્કલના બનાવની વિગતો

"આ ઉપાશ્રય એક તિથિનો છે. અહીં બે તિથિના જૈન સાધુ સાધ્વીજી ભગવંતોને ઉતરવાની સગવડ આપવામાં આવશે નહિ."

જૈન ઉપાશ્રયની બહાર આ પ્રકારનું બોર્ડ વાંચવા મળે તો કેવી લાગણી થાય ? મુંબઈમાં જે રીતે એક તિથિ અને બે તિથિનો વિવાદ વકરી રહ્યો છે તે જોતાં થોડા જ સમયમાં શહેરના અનેક જૈન ઉપાશ્રયોની બહાર આવા બોર્ડ ઝૂલતા થઈ જશે તો નવાઈ નહિ લાગે જૈન મંદિરમાં મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી કે કોઈ અન્ય ધર્મીને પ્રવેશની મનાઈ ફરમાવવામાં આવે તે સમજી શકાય તેવી વાત છે, પણ એક ફિરકાના જૈનો પોતાના જ ફિરકામાં અલગ ધાર્મિક માન્યતા ધરાવતા સાધુ સાધ્વીજીના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવે એ સંકુચિતતાની પરાકાષ્ટા ન કહેવાય ? આવી પરાકાષ્ટાનું ઉદાહરણ માટુંગામાં સાક્ષાત દેખાઈ રહ્યું છે.

માટુંગા ખાતે આજથી આશરે ૫૦ વર્ષ પહેલાં શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સમુદાયની આરાધના માટે દેરાસર અને ઉપાશ્રયની સ્થાપના કરવામાં આવી હતી, જેના વહીવટ માટે શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ નામનું ટ્રસ્ટ ઊભું કરવામાં આવ્યું હતું. આ સંસ્થા ઊભી કરવા માટે એક તિથિ તેમજ બે તિથિના અનેક દાતાઓએ સખાવત પણ કરી હતી. પ્રારંભમાં ટ્રસ્ટી તરીકે પણ એક તિથિના તથા બે તિથિના શ્રાવકોને લેવામાં આવતા હતા. ટ્રસ્ટના ઉપાશ્રયમાં પણ બંને પક્ષના સાધુસાધ્વીજીને વિનંતી કરી બોલાવવામાં આવતા અને તેમના ચાતુર્માસ પણ અહી થતાં, ઉપાશ્રયમાં બિરાજતા બે તિથિના આચાર્યો તેમ જ સાધુઓનું નવાંગી ગુરુપૂજન શ્રાવક શ્રાવિકાઓ ભક્તિભાવથી કરતા, જેનો કયારેય નિષેધ કરવામાં આવતો નહિ. બે તિથિના શ્રાવક શ્રાવિકાઓને તેમની માન્યતા પ્રમાણે પર્વતિથિઓની આરાધના કરતા પણ કયારેય રોકવામાં આવતા નહોતા.

માટુંગાના એક તિથિ અને બે તિથિના વિવાદનો પ્રારંભ ગયા વર્ષના એપ્રિલ મહિનામાં થયો. એક સવારે બે તિથિના શ્રાવક શ્રાવિકાઓ ઉપાશ્રયમાં ગયા તો તેમણે નીચે મુજબના બોર્ડ જોવાં મળ્યાં.

(૧) શ્રી ગોડીજી વિજય દેવસૂર સંઘની પ્રાચીન સમાચારીની માન્યતા ધરાવતા સાધુસાધ્વીજી ભગવંતો જ આ ઉપાશ્રયનો ઉપયોગ કરી શકે છે.

(૨) અત્રે નવ અંગે ગુરુપૂજન કરવાનો તેમ જ કરવા દેવાનો નિષેધ છે.

પ્રથમ બોર્ડમાં જે શ્રી ગોડીજી વિજય દેવસૂર સંઘની પ્રાચીન સમાચારીની માન્યતા એવો ઉલ્લેખ છે, તેનો સાદો અર્થ એક તિથિની માન્યતા એવો થાય છે. આ રીતે બોર્ડનો અર્થ સ્પષ્ટ હતો કે એક તિથિની માન્યતા ધરાવતા સાધુસાધ્વીજી ભગવંતો જ આ ઉપાશ્રયનો ઉપયોગ કરી શકશે. બે તિથિના સાધુસાધ્વીજી માટે પ્રવેશબંધ ફરમાવવામાં આવી હતી.

ઉપાશ્રયની બહાર જે બીજું બોર્ડ મુકવામાં આવ્યું હતું તેનો ઉદ્દેશ પણ બે તિથિની માન્યતા ઉપર પ્રહાર કરવાનો હતો. એક તિથિના જૈનો ઉપાશ્રયમાં આવતા સાધુઓના જમણા પગના અંગૂઠે જ વાસક્ષેપ વડે પૂજા કરવામાં માને છે, જેને એકાંગી ગુરુપૂજન કહી શકાય, બે તિથિના શ્રાવક શ્રાવિકાઓ પોતાના ગુરુના નવ અંગે વાસક્ષેપ વડે પૂજા કરે છે, જેને નવાંગી ગુરુપૂજન કહેવાય છે. માટુંગામાં જૈન સંઘની સ્થાપના થઈ ત્યારથી બે તિથિના શ્રાવક શ્રાવિકાઓ ઉપાશ્રયમાં પધારતા સાધુ મહારાજોનું નવાંગી પૂજન કરતા આવ્યા હતા. તેમને કયારેય રોકવામાં આવ્યા નહોતા. હવે એકાએક નવાંગી ગુરુપૂજનનું બોર્ડ મુકીને નિષેધ કરવામાં આવ્યો એટલે બે તિથિના આરાધકોને ભારે આઘાત લાગ્યો હતો. તેમની ધાર્મિક લાગણી દુભાઈ એટલે તેમણે ટ્રસ્ટીઓ

પાસેથી આ:, અન્યાયી પગલું ભરવા બદલ ખુલાસો માંગ્યો હતો.

માટુંગા ાં રહેતા વયોવૃદ્ધ શ્રાવક કાંતિલાલ ચુનીલાલ શાહ વર્ષોથી ા તિથિની માન્યતા પ્રમાણે આરાધના કરે છે. તેઓ અગાઉ ી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ટ્રસ્ટી પ ા રહી ચૂક્યા છે. ઉપાશ્રયની બહાર મુકવામાં આવેલાં બોર્ડ ાંથી અકળાઈ ગયેલા કાંતિલાલ શાહે પોતાના લેટરપેડ ઉપર ટ્રસ્ટીઓને પત્ર લખી પૂછાવ્યું કે, ''આપણો અત્રેનો શ્રીસંઘ સ્થપાયો ત્યારથી શ્રી તપાગચ્છ સંઘની સમાચારી અને માન્યતા પ્રમાણે આજ સુધી ચાલતું આવ્યું છે. તેમાં અત્યારે એકાએક ફેરફાર કરવાનું પ્રયોજન શું ? કાંતિલાલ શાહ ા આ પત્રનો કોઈ પ્રત્યુત્તર ટ્રસ્ટીઓએ આપ્યો નહિ, કાંતિલા ા શાહે થોડા દિવસ પછી એક રિમાઈન્ડર લખીને અગાઉ ા પત્રનો જવાબ આપવા વિનંતી કરી, તેનો પણ જવાબ મ ળ્યો નહિ એટલે બે તિથિના ૧૨૮ શ્રાવક શ્રાવિકાઓએ ોર્ડના લખાણ સામે વિરોધ દર્શાવતો પત્ર પોતાની સહી સ થે ટ્રસ્ટીઓને મોકલી આપ્યો ટ્રસ્ટીઓએ આ પત્રનો જવાબ આ પવાની પણ દરકાર કરી નહિ.

શ્રી માટુંગ જૈન શ્વેતાંમ્બર તપાગચ્છ સંઘના ટ્રસ્ટીઓએ ગયા વર્ષની પહેલી જુલાઈએ આખા સંઘની જનરલ સભા બોલાવી નીચેના ત્રણ ઠરાવો બહુમતીથી પસાર કરી દીધા :

(૧) આપણા સંઘમાં એક તિથિની માન્યતા પ્રમાણે જ આરાધના કરવામાં આવશે.

(૨) આપણા સંઘમાં નવાંગી ગુરુપૂજન કરાતું નથી.

(૩) આપણા સંઘમાં પ્રતિક્રમણ પછી સંતિકરમ્ બોલાય છે.

જનરલ સભામાં ઉપસ્થિત બે તિથિના શ્રાવક શ્રાવિકાઓએ ઉપ ના ઠરાવોનો ભારે વિરોધ કર્યો પણ તેમના વિરોધની નોંધ સુ ા લેવામાં આવી નહિ માટુંગાના શ્રી સંઘમાં એક તિથિના શ્રા ક શ્રાવિકાઓની જંગી બહુમતી છે. આ બહુમતીના જોરે તેમણે બે તિથિના શ્રાવક શ્રાવિકાઓની માન્યતાને કચડી નાંખવાનો પ્રયાસ કર્યો, એટલે પોતાના ધાર્મિક સ્વાતંત્ર્યન અધિકારની રક્ષા માટે બે તિથિના શ્રાવકો પાસે અદાલતના ાર ખટખટાવવા સિવાય કોઈ વિકલ્પ જ રહ્યો નહિ.

માટુંગાના બે તિથિના આરાધકો વતી કાંતિલાલ ચુનીલાલ શાહ, ારેન્દ્ર ગોવિંદજી ખોના અને જયંતીલાલ તલકચંદ શાહ નામના શ્રાવકોએ સિટી સિવીલ કોર્ટમાં એક દાવો ટ્રસ્ટીઓ સામે કરી અન્યાયકારી ત્રણ ઠરાવો રદ્દબાતલ કરવાની માંગણી કરી, સિટી સિવીલ કોર્ટમાં ટ્રસ્ટીઓએ જે એફિડેવિટ કરી તેમાં અનેક જૂઠા આક્ષેપો કરી તેમણે બે તિથિ પક્ષના આરાધકોની લાગણી વધુ દુભાવી ટ્રસ્ટીઓએ એફિડેવિટમાં એવું લખ્યું કે અમે દ્રવ્યસપ્તતિકા નામના ગ્રંથને પવિત્ર માનતા નથી. તેનું કારણ એટલું જ હતું કે આ પ્રાચીન ગ્રંથમાં નવાંગી ગુરુપૂજનની પ્રેરણા કરવામાં આવી છે. તમામ જૈનાચાર્યો આ ગ્રંથને પવિત્ર માને છે, પણ ટ્રસ્ટીઓએ પોતાની ખોટી જીદના સમર્થન માટે આ ગ્રંથને પવિત્ર માનવાનો ઈન્કાર કરી દીધો તેમણે પોતાની એફિડેવિટમાં એવો પણ આક્ષેપ કર્યો કે ''સ્ત્રીઓ જ્યારે નવાંગી ગુરુપૂજન કરે છે, ત્યારે સાધુના શરીરનો સ્પર્શ નથી કરતી'' એ વાતનો અમે ઈન્કાર કરીએ છીએ.'' આવું લખીને સ્પર્શ કરે છે એવું કોર્ટમાં ઠસાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે એકદમ આઘાત જનક છે.

સિટી સિવીલ કોર્ટના વિદ્વાન ન્યાયમૂર્તિ આર. બી. મલ્લીકે વચગાળાનો આદેશ આપી શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના ત્રણ ઠરાવો ઉપર મનાઈ હુકમ ફરમાવ્યો. એટલે ટ્રસ્ટીઓએ વચગાળાના આદેશને રદ કરાવવા માટે હાઈકોર્ટમાં અરજી કરી. હાઈકોર્ટ સિટી સિવીલ કોર્ટને સુનાવણી જલદી પૂરી કરવા આદેશ આપ્યો. સિટી સિવીલ કોર્ટે સુનાવણી લગભગ પૂરી કરી લીધી અને આદેશ આપવાની તૈયારી કરી ત્યાં ટ્રસ્ટીઓએ બીજો મુદ્દો ઉઠાવ્યો સિટી સિવીલ કોર્ટને આ પ્રકારના કેસની સુનાવણી કરવાનો અધિકાર જ નથી. આ મુદ્દા સાથે તેમણે હાઈકોર્ટમાં રિટ અરજી કરી. આ રિટ અરજીને ફગાવી દેતાં હાઈકોર્ટના જજ શ્રીમતી કે. કે. ઢાકે સિટી સિવીલ કોર્ટના કેસમાં ચેરિટી કમિશનરને પણ એક પક્ષકાર બનાવવાનો આદેશ આપ્યો છે. આ આદેશ સામે શ્રી માટુંગા જૈન સંઘે હાઈકોર્ટમાં સિવીલ એપ્લીકેશન કરી આદેશને રદ કરવાની અરજી કરી હતી તેને પણ હાઈકોર્ટ ડીસમીસ કરતાં શ્રી માટુંગા જૈન સંઘે સુપ્રીમ કોર્ટમાં સ્પેશીયલ લીવ પીટીશન (નં.૭૩૦૫/૧૯૯૯) ફાઈલ કરી આ પીટીશનને ભારતના ચીફ જસ્ટિસ એ. એસ. આનંદ જસ્ટિસ જગન્નાથ રાવ, અને જસ્ટિસ સંતોષ હેગડેની બનેલી સુપ્રિમ કોર્ટના ત્રણ જજોની બેન્ચે ફગાવી દેતા. માટુંગાના દેરાસરમાં બે તિથિના સાધુ સાધ્વીજી ભગવંતોના પ્રવેશ આડેનો મોટો અવરોધ દૂર થયો છે. હવે ચેરિટી કમિશનરનો

સેવા તેમજ સમાધિ-સાધનાથી રસાયેલું તેમનું માનસ આ છતાંય શાન્ત-સ્થિર રહી શકયું...

જે એક અનોખી સાધના આલેખવી પડે... શ્રી ધર્મિષ્ઠા બહેન એ... આવી ઉભા કર્તવ્યને ઉપાડી લીધું... પતિભક્તિમાં સ્હેજ સરખી ઉણપ ન વરતાવા દીધી...

હવે તેઓ પણ સારા-વધુ ધર્માભિમુખ બન્યાં હતાં. પતિદેવનો આત્મા પ્રમાણમાં પરમાત્મ ધર્મથી ઓછો પલળ્યો હતો. શ્રી ધર્મિષ્ઠા બહેનને એની ખાસ ચિન્તા કોરી ખાતી...

આથી જ અવસરે-અવસરે વારંવાર શ્રી સદ્‌ગુરુદેવોની પધરામણી કરાવી શ્રાવકને ધર્મપૂત વિચારધારામાં ભીંજવવાનો કયાસ કરવા લાગ્યા... ટી.વી. જેવા આધુનિક સાધનો તરફ સ્નેહાળ રહેલા પોતાના પતિદેવને વિલાસી સાધનોથી મુક્ત અપાવવા પૂરેપૂરા પ્રયત્નો કર્યા... પતિદેવ પાસે પણ રોજ નવકારશી-આદિક આચારોનું અને પચ્ચક્ખાણોનું પાલન તથા ગ્રહણ કરનાર શ્રી ધર્મિષ્ઠાબહેને પતિદેવને સુન્દર સમાધિ આપી...

જીવનની સાર્થકતા સાધી... કર્તવ્યની નિષ્ઠાનો સન્દેશ જગતને આપ્યો...

(પૂજ્ય માતા-પિતાને ઘરનો વધારાનો 'મસો' માની બેસનાર આજની ઉગતી પેઢી આ પરથી કઈ બોધ ગ્રહણ કરી શકશે ખરી ? લાગ મળે ને માત-તાતની આંતરડી ચૂંથનારા કે તેઓને વૃધ્ધાશ્રમના સભ્ય બનાવનારા આજના સન્તાનો શું ભૂત'ના ભવ્ય ઈતિહાસ ને ભૂંસી જ નાંખશે...?)

હસવાની મનાઈ છે

સુરેશ : એ ભાઈ પોસ્ટમેન મારો કોઈ પત્ર છે ?

પોસ્ટમેન : ભાઈ આપનું નામ શું એ કહો તો ખબર પડે ને!?

સુરેશ : એ તો મારા પત્ર પર પૂરું નામ અને એડ્રેસ લખ્યું જ હશે ને ?

●●●

ઈન્સ્પેક્ટર રવિ : ભાઈ તમારો પુત્ર ખોવાયો છે એણે કેવાં કલરનાં કપડાં પહેર્યા છે. ઉંમર છે વર્ણન કરીને કહો.

ગામડિયો ગોપાલ : ભાઈ સાહેબ એ તો મારો દીકરો મળે ત્યારે જ તમે જોઈ લેજો ને.

અક્ષય : એક ઝાડ પર પાંચ પોપટ બેઠાં હોય શિકારી એક પોપટને પકડી લે તો બાકી કેટલા બચે ?

રક્ષિત : બાકીના ચારેય તો ઉડી જ જાય ને ?

●●●

મનહર : યાર નટવર તારી પત્ની ભા કરકસરવાળી લાગે છે ?

નટવર : હા દોસ્ત, દરેક બાબતમાં એની ઉમ્મર ઉપની થઈ પણ તો યે સૌને કહેતી ફરે છે હજુ તો મને વીસમું વર્ષ બેઠું ?

(જનસત્તા...સાભાર)

ઉન્માર્ગને સન્માર્ગ કહેવાથી સન્માર્ગનો નાશ ન થાય

શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘમાં આ વર્ષે સંવત્સરી પર્વની આરાધના બે જુદા જુદા દિવસે થશે. એક તિથિ પક્ષ કહેવાઈ છે તે ભાદરવા સુદી ૪ મંગળવારે કલ્પીત કરીને સંવત્સરી આરાધના કરશે. બે તિથિ પક્ષ ભાદરવા સુદી ૪ જે દિવસે છે તે જ દિવસે સોમવારે સંવત્સરી જ છે તે આરાધના કરશે.

આ મતભેદમાં સાચું શું છે તે સત્ય પુરાવા. શાસ્ત્ર પાઠો સાથે ૧૦૦ વર્ષનો શીલ શીલાબંધ ઈતિહાસ. કોઈપણ પક્ષનો પક્ષ લીધા વગર તટસ્થતાથી ! પર્વ તિથિની અન્યની શોધમાં' પુસ્તક શ્રી સંજય વોરાએ બહાર પાડેલ છે. એમાં ભાદરવા સુદી ૪ ને સોમવારે સંવત્સરી પર્વ આવે છે.

આ તટસ્થતાથી લખેલ છે કોઈનો પક્ષ લીધો નથી. પછી શાસ્ત્રોક્ત સત્ય જે છે તે બહાર પાડેલ છે.

કોઈનો પક્ષ લીધો નથી તેની સાબિતીમાં શ્રી સંજય વોરા સંસ્કૃતિ ધામના વિદ્યાર્થી હતા શ્રી સંસ્કૃતિ ધામના સ્થાપક પૂજ્યશ્રી ચંદ્રશેખર વિજય જ. મા. સા. ના આ વિષયમાં મંતવ્યથી વિરૂધ્ધ આ વાત થઈ એ પુરવાર કરે છે કે પોતે તટસ્થતાથી સત્ય હતું તે બહાર પાડયું છે.

આની સામે પંડિત રમેશ એલ. હરીયાએ સન્માર્ગ કે ઉનમાર્ગ એ નામનું પુસ્તક બહાર પાડેલ છે અને સંજય વોરાથી વિરૂધ્ધ લખીને આ સત્ય છે એમ જાહેર કરે છે.

પંડિત રમેશ એમ હરીયા (મારે) પુસ્તક શું કરવા લખવું પડયું એના સંબંધમાં (પ્રસ્તાવના જેવું) શરૂઆતના પાનામાં લખે છે કે શ્રીપાલનગર ની ઓપન પીચ આ. ભ. કીર્તિયશ વિજયજી નેમલતાં આડેધડ કલમ ચાલુ થતાં (હકીકતમાં સત્ય બહાર પડતાં) તેથી એની સામે મારે પુસ્તક બહાર પાડવું પડયું.

પ્રથમ દેરાસરમાં ચા આવી ત્યારે રેલ્વે સ્ટેશન ઉપર મફત ચા પીવા આપતા હોઈ ઘરે ઘરે ચા પીતા થઈ ગયા એમ આ. શ્રી કીર્તિયશ વિજયજીનું સન્માર્ગ પેપર ઘરે ઘરે પહોંચી ગયું પછી લવાજમ રૂા. ૧૦૦/- રાખ્યું. (હકીકતમાં સત્ય બધા સમજવા લાગ્યા તે દુઃખ થયું.)

આ બધું પહેલાં પાનામાં લખી પછી પુસ્તક લખવાની શરૂઆત થઈ આથી વાંચક વર્ગ સમજી શકે છે કે, આ બધું કોઈ પ્રેરિત બુક બહાર પાડી છે તેમાં સત્યની શું આશા રાખી શકાય ?

પોતે જ લખે છે કે પર્વ તિથિની આરાધના માટે સંઘે 'જન્મ ભૂમિ' પંચાંગ માન્ય રાખ્યું છે.

(બધા સંઘાડાના સાધુ ભગવંતોએ માન્ય કરેલ છે) પછી 'જંન્મભૂમિ' પંચાંગમાં તિથિની ક્ષય વૃદ્ધિ જે હોય તેને સંજ્ઞા આપીને ફેરવવાનો શો અર્થ ? એમ કરવાથી 'જન્મભૂમિ' પંચાંગ માન્ય કયાં રહ્યું.! ઠરાવમાં 'જન્મભૂમિ' પંચાંગ માન્ય કરેલ છે એટલે એ પંચાંગમાં ક્ષય વૃદ્ધિ તિથિ થતી હોય તે માન્ય રાખવાની હોય. સંજ્ઞા આપીને તિથિ ફેરવવાની વાત હોત તો. 'જન્મભૂમિ' પંચાંગ માન્ય એમ ઠરાવ કરવાની જરૂર હતી નહી.

પંડિત થઈને એટલું તો સમજવું જોઈ કે 'જન્મભૂમિ' પંચાંગ માન્ય એ ચોખ્ખી વાત થઈ એમાં ફેરફાર ન થાય તટસ્થાથી જે કહેવાઈ કે લખાઈ તેમાં સત્યની આશા રખાઈ. આ તો આ. ભ. કીર્તિયશ સૂરીશ્વરજી મ. ની સત્ય કલમ બંધ કરવા પ્રયત્ન થયો. પણ એમ કલમ બંધ થશે એવી આશા પંડિત રાખતા હોય તો નિરાશ થવાનું છે. તિથિ વિષયક સત્ય કોણ છે. એ વિષયે પંચ નિમણુંક કરેલ તેમાં સંસ્કૃતના પ્રખ્યાત પ્રોફેસર ડો. પી. એલ વૈદે ચુકાદો આપેલ કે આ બાબત આ. ભ. વિજય રામચંદ્રસૂરીશ્વરજી સાચા છે. આ ચુકાદો સંઘપતિ કસ્તુરભાઈ લાલભાઈએ સત્ય કહ્યો છે. એ બધું ખોટું છે. એમ કહેવું છે ?)

(છેલ્લે આ પુસ્તક 'સન્માર્ગ કે ઉન્માર્ગ' ના લેખક શ્રી એ પોતાનું સરનામું ન છાપીને તેઓને શોધવાનાં પ્રયત્નમાં બધાને ઉન્માર્ગે દોર્યા છે.)

શ્રી પ્રાણલાલ છગનલાલ શેઠ
૧૯- બોમ્બે કંપાઉન્ડ, મલાડ વેસ્ટ, મુંબઈ

●●●●●

લુપ્તપ્રાય થયેલ તાડપત્રીય ગ્રંથાલેખન

પૂ. પાદ આચાર્યશ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. ના સદુપદેશ અને શાસ્ત્રીય માર્ગદર્શનથી પુનર્જીવિત થયું

પ્રભુ શ્રી મહાવીર પરમાત્માના શ્રીમુખે ત્રિપદી પામી બીજબુદ્ધિના ધણી શ્રી ગણધર ભગવંતોએ દ્વાદશાંગી - ચૌદપૂર્વની અંતર્મુહૂર્ત માત્રમાં રચના કરી. ભગવાને કેવળ જ્ઞાનના પ્રકાશમાં એને જોઈ એના પર સત્યતાની મહોરછાપ લગાવી આપી. શ્રમણ ભગવંતોએ અથાક પ્રયાસ કરી એ વારસાને મુખગત રાખ્યો.

કાળના ક્રમે, અવસર્પિણી મળતા પ્રભાવે ઉપરાઉપર પડતા દુકાળ, રાજકીય અસ્થિરતા, યુધ્ધો, વિગ્રહ વગેરેના કારણે સાધુ ભગવંતોની સ્મરણ શક્તિ ઘટી. ક્રમશઃ પૂર્વોના જ્ઞાનનો નાશ થતો ગયો. ત્યારે નષ્ટ થતાં જ્ઞાનવારસાને બચાવી લેવા માટે શ્રી દેવદ્ધિગણી ક્ષમાશ્રમણે ૫૦૦-૫૦૦ સૂરિશ્રેષ્ઠોને એકઠા કરી સૌને જે પણ જ્ઞાનવારસો કંઠસ્થ હતો તેને વ્યવસ્થીત કરી પુસ્તકારૂઢ કર્યો.

તે સમય ગ્રંથલેખન માટે કાગળ કરતાં તાડપત્રો વધુ ટકતા અને સ્વાભાવિક મળતાં. તાડના ઝાડના પાંદડા ઉપર વિશેષ પ્રકારે બનાવેલી શાહીની અથવા તો ધાતુની કલમથી અક્ષરો કોતરીને ગ્રંથો લખાતા. આ પ્રસંગ બન્યો શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ બાદ ૯૮૦ વર્ષે. ત્યારબાદ આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા, આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ અનેકાનેક મહાપુરૂષોના જીવનકાળ દરમિયાન શ્રીસંઘમાં આ રીતે તાડપત્ર પર આગમાદિ ગ્રંથો લખવા - કોતરવાનું કાર્ય અવિરત ચાલતુ રહ્યું. તાડપત્ર જો સારી રીતે સાચવવામાં આવે તો હજાર - બારસો વર્ષ સુધી મજેથી ટકી જાય છે. આજે પણ હજાર વર્ષ જૂની તાડપત્ર પર લખેલી પ્રતો સારી અવસ્થામાં જોવા મળે છે.

કાલિકાલસર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરીજીના સદુઉપદેશથી ૧૮ દેશના રાજવી કુમારપાળે ૭૦૦-૭૦૦ લહિયાઓ રોકયા હતા. એ બધા ગ્રંથો રચ્યે જાય ને તાલપત્ર લહિયાઓ લખ્યે જાય. રોજનો આ ક્રમ ઉપર દેખરેખ કરતા. અવારનવાર આવી કામની તપાસ કરતા. ગ્રંથો તૈયાર થયે દેશોદેશના ભંડારોમાં એ ગ્રંથો મુકાતા હતા.

એક દિ' મહારાજા કામના નિરીક્ષણાર્થે આવ્યા. લેખશાળામાં લેખનકાર્ય કાગળ પર ચાલતું જોયું મહારાજા આશ્ચર્યચકિત બન્યા. પૂછયુ કેમ કાગળ ઉપર ? તાડપત્ર કયાં ગયાં ? જવાબ મળ્યો, 'કયાંય તાડપત્ર મળતાં નથી તેથી !' મહારાજે વિચાર કર્યો. 'કાગળ તો વધુમાં વધુ ૩૦૦-૪૦૦ વર્ષ ટકશે. આ રીતે તો આગમાદિ જ્ઞાનનિધિનો વહેલો નાશ થશે. હું રાજા હોઉં, ૧૮-૧૮ દેશ મારા તાબામાં અને મને તાડપત્ર ન મળે. હું જ્ઞાનની ભકિત ન કરી શકું તો કામનું મારું રાજ્ય ? આમ વિચારીને એમણે સંકલ્પ કરી લીધો. 'જ્યાં સુધી ગ્રંથાલેખ માટે તાડપત્ર નહી મળે ? ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ !' નિયમ લેવા ગુરૂ ભ. પાસે ગયા. કલિકાલસર્વજ્ઞ ભગવંતશ્રીએ પૂછયું - 'રાજન ! આજે કોઈ તિથિ નથી ને ચોવિહાર ઉપવાસ કેમ ?' રાજાએ વાત જણાવી. ગુરૂ ભગવંતે પણ નિયમ આપ્યો. સત્ત્વશાળી આ માના શાસન ખાતર સમર્પણના પ્રભાવે દેવો દોડતા આવ્યા ને રાજાના ઉદ્યાનમાં રહેલાં દરેક ખડતાલ વૃક્ષો તાડપત્રો થઈ ગયા અને પૂ. આ. શ્રી હેમચંદ્રાચાર્યજીનો જ્ઞાનવારસો માપણા સુધી પહોંચવાનું માધ્યમ જીવતું રહ્યું. ત્યાર બાદ બસ -ત્રણસો વર્ષ સુધી તાડપત્રો મળતા રહ્યા, લખાણ થતું રહ્યું આજેય એ સમયની તાડપત્રીય પત્રો મળી આવે છે. પરંતુ બંધના અલ્પ પુણ્યોદય તાડપત્રો મળવાના બંધ થયાં. રાજકીય અસ્થિરતા દુર - સુદુરવર્તી દેશોનો અસપંર્ક, સુયોગ્ય વ્યવસ્થાઓનો અભાવ, સાધુ સંસ્થામાં વ્યાપેલી ઉપેક્ષા, શ્રાવકવર્ગનું ધર્મવિષયક અજ્ઞાનઃ આ અને આવાં કૈક કારણોથી તાડપત્રની પ્રાપ્તિ અવરોધાઈ. પરિણામે અલ્પજીવ કાગળ પર જ ગ્રંથો લખવા લાગ્યા.

વેરાણ

કાળની પૂરઝડપમાં, વાતાવરણના પરિવર્તનમાં ધીમેધીમે ગ્રંથરાશિ નાશ પામવા લાગી. અનેક મહત્ત્વના આગમ ગ્રંથો, પ્રકરણ ગ્રંથો, ખગોળ - ભૂગોળ, વૈદ્યક, મંત્ર-તંત્ર તેમજ સર્વાંગિણ સાહિત્યના ગ્રંથો કાળની ગર્તામાં લુપ્ત થયા. કેટલાય ઉધઈનો ભોગ બન્યા. કેટલાય

ગ્રંથો વહીવટદારોની બેદરકારીથી ખવાઈ ગયા, સડી ગયા અને લોભિયા સાધુવંશધારી યતિઓએ વેત વેત માપીને વિદેશીઓને વેચી દીધા. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના બનાવેલ ૧૪૪૪ ગ્રંથો પૈકી માંડ ૫૦/૬૦ ગ્રંથો આજે મળે છે. પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજના બનાવેલ ૫૦૦ ગ્રંથો પૈકી માંડ ૪/૫ જ ગ્રંથો આજે પ્રાપ્ય છે.

સાડા ત્રણ કરોડ શ્લોક

પૂ. આ. શ્રી હેમચંદ્રાચાર્યજીના બનાવેલા સાડાત્રણ કરોડ શ્લોકો માત્ર ૯૦૦ વર્ષના ગાળામાં ક્યાં ગયા, કોઈને પતો નથી. આજે માત્ર સવાલાખ શ્લોક પ્રમાણ ગ્રંથ મળે છે. પૂ. ઉપાધ્યાયશ્રીજી યશોવિજયજી મહારાજાના બનાવેલ સેંકડો ગ્રંથોના ઉલ્લેખો મળે છે. પણ ગ્રંથો તો માત્ર ગણ્યાગાંઠયા જ ઉપલબ્ધ રહ્યા. માત્ર ૩૦૦ વર્ષ જેટલા ટૂંકા ગાળામાં આવો વિનાશ સર્જાયો એનું કારણ જ્ઞાનની ઉપેક્ષા અને કાળનો પ્રભાવ જ કે બીજું કાંઇ ?

જ્ઞાન સંગ્રહ

છતાં આપણા પ્રબળ પુણ્યોદય ભાંગ્યું તોય ભરૂચના ન્યાયે બચ્યું છે તે પણ એટલું બધું અઢળક છે કે એનો અભ્યાસ કરીએ વાંચીએ તો આપણું જીવન પુરૂં થઈ જાય પણ ગ્રંથ પુરા ન થાય, એટલો મોટો જ્ઞાનસાગર આજેય મોજુદ છે. જાગ્યા ત્યારથી સવાર કરી એને બચાવવા, સુરક્ષિત કરવા, સંવર્ધિત કરવા અને આવનારી ભાવિ પેઢીઓના આત્મહિત કાજે એ વારસોને અવિરત વહેતું રાખવાનું કામ શ્રીસંઘ જરૂર કરી શકે. જો થોડું આયોજનપૂર્વક આ અંગે કાર્ય કરાય તો !

પૂજ્યપાદ પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજના પ્રવચનોમાં આવતા એક યા અનેકરૂપે અનેકવાર અવસર પામીને રજુ કરાતી અનેક પુણ્યશાળીઓના કાને આ વાત પડતી હોય ભાવ પણ થતો તન, મન, ધનથી કાંઇક કરવાનો પણ યોગ્ય દિશા પ્રાપ્ત થતી ન હતી.

તાડપત્ર

લક્ષ્મીવર્ધન - પાલડી, અમદાવાદના ચાતુર્માસમાં જૈનનગરવાળા રાજેનભાઈ શાહે ચોક્કસ ત્યાંગના અભિગ્રહપૂર્વક અથાક મહેનત ઉઠાવી સિલોન - શ્રીલંકા સંપર્કો કેળવી તાડપત્રોનો સ્ત્રોત શોધી કાઢયો. પણ એ પછી સંઘના સદ્‌ભાગ્યે એ પળનો ઉદય થયો. મુંબઈ - વાલકેશ્વર ભે. ક. કોઠારી રીલી. ટ્રસ્ટના પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવનના આંગણે વિ. સં. ૨૦૫૩ની સાલમાં જ્યારે પૂજ્યશ્રી એ ચાતુર્માસ કર્યુ ત્યારે ત્યાંના રહીશ સુશ્રાવક ચંદ્રશેખરભાઈ શાહને પણ વાત સાંભળી આવા જ પુણ્ય મનોરથ પ્રગટેલા તેને અમલી બનાવવા તેમણે જ્યાં સુધી ૭૦ લહીયાઓ તૈયાર થઈ કાર્યન્વિત ન થાય, ત્યાં સુધી બધી જ મિઠાઈનો ત્યાગ કરીને પૂજ્યશ્રીના કૃપાશીર્વાદ મેળવી પુરૂષાર્થ પ્રારંભ્યો. સંઘસન્માર્ગદર્શક પરમતારક ગુરૂદેવ પૂજ્યપાદના દે. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની દિવ્યકૃપાથી અને સુવિશાળ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. દેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. ના પરમ આશીર્વાદથી તથા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આ. દે. શ્રી વિ. ગુણયશ સૂ. મ.સા.ની પાવન પ્રેરણાથી એમાં સફળતા મળી અનેક મેળાઓ, સેમિનારો, પ્રદર્શનો ફરી વળ્યા અને એમની વેધક નજરે એક કારીગરને પકડી પાડયો. તાડપત્ર ઉપર આર્ટવર્ક - કેલેન્ડર - વલહેન્ગીન્જ બનાવનાર એ ભાઈ દુર - સુદૂર દેશના વતની હતા. તૂટી - ફૂટી હિંદીના અને અંગ્રેજીના માધ્યમે તેની સાથે વાતચીત કરી. એની કળાના નમુનાઓ લઈ આવ્યા. પૂજ્યોને બતાવ્યા. આગળ વાત વધારી. માણસ લેખનનું કાર્ય કરવા તૈયાર ન થયો. કારણ પૂછયું. એક જ જવાબ... આ કામમાં મને શું મળે ? અમારો નુકશાનીનો ધંધો થઈ જાય. અમારા આર્ટવર્કમાં અમને પૂરતા પૈસા મળે છે. હાથમાં આવેલ કારીગરને મૂકવો પાલવે તેમ ન હતું મોં માંગ્યા દામ આપ્યા, પૂરતું પ્રોત્સાહ આપ્યું. જૈન ગ્રંથોનો પરિચય કરાવ્યો, લેખન પદ્ધતિના સિદ્ધાંતો સમજાવ્યા, જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવી આપ્યા. ત્યારે માંડ માંડ એણે આ કામ ઉપાડયું હા, પાર્ટ ટાઈમ માટે જ ! કામ કર્યું, ઘણી ભૂલો હતી, મરોડ સારા ન હતા. હિંદી લીપી ફાવે તેમ ન હતી. શું કરવું ? પરીક્ષાનો સમય હતો, આ સમયે ચંદ્રશેખરભાઈએ હિંમત ન છોડી, અને કેળવ્યે રાખ્યું. ધીમેધીમે વર્ષની મહેનતના અંતે બરોબર કેળવાયો. એના હાથના કોતરેલા ગ્રંથો મજાના લાગવા લાગ્યા; પણ એક માણસ વધુમાં વધુ કેટલું લખી કોતરી શકે ? ગ્રંથો અઢળક છે ને લખનારે એક જ કર્યું મેળ ખાય ? દિવસના માંડ ૪૦ - ૫૦ શ્લોક કોતરી શકે. એમાં એને આગળ કરી લહીયાઓનો કેળવણી વર્ગ ચાલુ કરી જૈન લેખ પદ્ધતિની પદ્ધતિસરની ટ્રેનીંગ શરૂ થઈ અને બીજા વર્ષના અંતે ૪૦ લહીયાઓનો ફાલ તૈયાર કરવામાં શ્રી

સન્માર્ગ પરિવાર સફળ થયો એ દરેક રોજના ૫૦ શ્લોક કોતરે. બે ભાઈઓ એક સાથે કોતરે, તેને એક ભાઈ વાંચીને ગ્રંથ સંભળાવે. બીજા બે ભાઈ પ્રુફ વાંચી જાય એન છેવટે ચાર જણની ટુકડી ફરીથી એકડે એક પ્રુફ વાંચી ગ્રંથને ઝીણવટથી તપાસી જાય. આ રીતે તપાસી તૈયાર થયેલો ગ્રંથ મુંબઈ આવે અને ચંદ્રશેખરભાઈ તથા ચિંતનભાઈ દ્વારા એનું રેન્ડમ ચેકીંગ થાય. આ રીતે ગ્રંથ જૈન સંઘની મૂડી બની જાય. આજના દિવસે રોજના ૩૦૦૦ શ્લોક લખાય છે. મહિને ૯૦,૦૦૦ શ્લોક અને વર્ષે ૧૦,૮૦,૦૦૦ શ્લોકોનું લખાણ થાય છે. આવતા વર્ષે કેળવણી વર્ગમાંથી બીજા ૩૫/૪૦ લહીયાઓ તૈયાર થશે. તે પછી આ શ્લોક સંખ્યા બમણી થઈ જશે. આ તાડપત્રો મેળવવાની અને તેને કેળવવાની પણ અનેરી રીત રસમો છે. વર્ષના દરેક મહિનાઓમાં તાડપત્ર મળતા નથી. ચોમાસા બાદના ત્રણેક મહિનાઓમાં જ એ ભેગા કરી લેવા પડે છે. બંગાળથી લઈને આંધ્રપ્રદેશના પૂર્વભારતીય સમુદ્ર કિનારાના પટ્ટામાં જ આવા તાડવૃક્ષો ઉપલબ્ધ છે કે, જેનાં પત્રો લખાણ-કોતરણમાં કામે લઈ શકાય. ખરતાડ હોય તો તાડવૃક્ષ જ પણ એનાં પાદડા રફ હોવાથી લખવા - કોતરવા માટે નકામા હોય છે. શ્રીલંકા બાજુ શ્રીતાડ પણ હોય છે. એની છાલ ઉપર પણ ગ્રંથ લખી શકાય તેમ હોય છે.

કેવી રીતે

ઝાડ પરથી ખરી પેલા તાડપત્રો ભેગા કરી એને અમુક ચોક્કસ સાઈઝમાં કાપી લેવાય છે. ત્યારબાદ એને ચોક્કસ વનસ્પતિના રસમાં ઉકાળાવામાં આવે છે. એ રીતે તૈયાર થયેલા પત્રને ઉધઈ કે અન્ય જીવાત નુકશાન કરી શકતી નથી.

ધાતુના ૯ - ૧૦'' જેટલી લાંબી કલમથી પત્રો કોતરાય છે. કલમનો એક ભાગ જાડો હોય, બીજો સોય જેવો અણિયાળો હોય છે.

તાડપત્ર પર કોતરણ થયા બાદ એના ઉપર તાડપત્ર માટેની ચોક્કસ પ્રકારની સ્યાહી લગાડી સૂકવી પછી એની ઉપર ભીનું કપડું ફેરવી દેવાય છે. જેથી ખાડામાં (કોતરણમાં) જ રંગ રહી જાય છે. જેથી વાચન સુલભ બને. તાડપત્ર ઉપર લખાણ કરવા માટે ખાસ અલગ જ ફોર્મ્યુલાથી શાહી બનાવવામાં આવે છે, જે સંપૂર્ણ પણે નાશક રસાયણમુક્ત હોય છે.

સન્માર્ગ પરિવાર

શ્રી સન્માર્ગ પરિવારે ઉપાડેલા આ શ્રુતરક્ષાસંવર્ધન અભિયાનમાં અનેક સંઘોએ જ્ઞાનદ્રવ્યમાંથી સુંદરતમ લાભ લીધો છે. શ્રી શ્રીપાલનગર સંઘેતો ખૂબ જ મોટી કહી શકાય એવી રકમ ફાળવી આ મહાકાર્યમાં સિંહભાગ - સહભાગ લીધો છે. અનેક પુણ્યાત્માઓ સ્વદ્રવ્યના લાખો રૂપિયા આ શ્રુતસંરક્ષણ યજ્ઞમાં રેડી રહ્યા છે. કોઈ એક ગ્રંથ લખાવે છે તો કોઈ પાંચ, કોઈ અગ્યાર અંગ મૂળ લખાવે છે તો કોઈ સટીક, કેટલાકને તો ૪૫ એ ૪૫ આગમ લખાવવાના કોડ જાગ્યા છે. છેવટે હજાર શ્લોક લખાવીને સામાન્યમાં પણ સામાન્ય શ્રાવકો આનો લાભ લેવા પડાપડી કરી રહ્યા છે

શ્રી સન્માર્ગ પરિવારે સર્વસામાન્ય જન પણ આ યોજનામાં લાભ લઈ શકે એ આશયથી એક હજાર શ્લોક કોતરાવવાના રૂપિયા માત્ર ૨૫૦૦ ના નકરો રાખ્યો છે.

સન્માર્ગ પ્રકાશન

૪. આરાધના ભવન, પાઠીયા પોળ, રિલીફ રોડ, અમદાવાદ.

વરૂ અને ઘેટાનું બચ્ચું

એક સરસ પર્વત હતો. તેમાંથી અનેક ઝરણાં નીકળતા હતાં જંગલના પ્રાણીઓ આ ઝરણાનું પાણી પીતા અને પાણીમાં મસ્તી કરતા. એક દિવસની વાત છે એક નાનકડાં ઝરણાં આગળ એક વરૂ પાણી પીતું હતું. આ વખતે સહેજ દૂર નીચે એક ઘેટાનુ બચ્ચું પણ પાણી પીતું હતું.

ઘેટાંના બચ્ચાંને જોઈને વરૂના મોંમાં પાણી આવી ગયું. તેને થયું લાવ આ ઘેટાનો શિકાર કરી તેના માંસ ની મઝા માણું. આવું વિચારી તે ઘેટાના બચ્ચાની નજીક ગયું અને ગુસ્સે થઈ કહેવા માંડયુ, "કેમ તું આજે મારૂ પાણી બગાડે છે ?" બિચારૂ ઘેટું તો ગભરાઈ ગયું. "અરે વરૂભાઈ હું તમારૂ પાણી કેવી રીતે બગાડું ? પાણી તો ઉપરથી નીચે આવે છે એટલે તમારૂં બગાડેલું પાણી તો હું પીઉ છું."

"ચાલ તો પછી તે મને ગયા વર્ષે ગાળો કેમ ભાંડેલી ?" વરૂ કહે.

"એવું કેવી રીતે બને ? મારો તો ગયા વર્ષે જન્મ પણ નો' તો થયો." ઘેટાંએ કહ્યુ. "તો પછી એ' તારો બાપ હશે." કહી વરૂએ ઘેટાંના બચ્ચાને પીંખી નાખ્યું.

બોધપાઠ : બળીયા સાથે દલીલ કરવાથી જીંદગી ખોવાનો વારો આવી જાય. (ગુ. સ.)

બાલ વાટિકા : રવિ શિશુ

પ્યારા ભૂલકાઓ,

નાનપણમાં આપણ સૌને પાનના બીડા ખાવાનો શોખ હોય છે તે બીડાની વચ્ચે ખોસેલું લવીંગ પાનને છૂટું કરતું નથી તેમાં રહેલો અન્ય મસાલો જ્યાં છે ત્યાં જ રહેવા દે છે. લવીંગના કારણે પાનનું બીડું શોભે છે. તેને મોઢામાં મુકવાથી મોઢાનો સ્વાદ સારો થાય છે.

તેમ ધર્મરૂપી પાનના બીડામાં રહેલી સત્યવાણી લવીંગનું કામ કરે છે ધર્મરૂપી પાનમાં ખુપેલું લવીંગ ક્ષમારૂપી અજમીટના ચુનું કામ કરે છે. તેનાથી ઠંડક અનુભવાય છે. આ ક્ષમાના કારણે દયા-રૂપી એલચી આદિ વસ્તુઓ બરાબર બંધાયેલી રહે છે. સત્યવાણી રૂપ લવીંગના કારણે ધર્મરૂપી પાનનું બીડું શોભે છે. તેના આચરણને કારણે મન અને બુદ્ધિ શુદ્ધ અને સાબૂત રહે છે.

પાનમાં રહેલું લવીંગ તીખું હોવાથી જીભ ચચરે છે. મોઢું એકદમ સાફ થઈ જાય છે. ખાધેલા ખોરાકનો સ્વાદ દૂર થાય છે બીજો ખોરાક ખાવાની રૂચી જાગે છે.

આજ અવસ્થા સત્યરૂપી લવીંગની વાણીમાં જોવા મળે છે સત્ય બધ ને કડવું લાગે છે ચચરે છે સત્યવાદીની વાણીથી જન સમુદાય નારાજ થાય છે. વિરોધી બને છે પરંતુ સત્યવાદી તેઓને વિચાર કરતો નથી સત્યવાણી રૂપ લવીંગ ખાવાથી અને ખવડાવવાથી સ્વ પરના આત્માનું હીત થાય છે. વધુને વધુ સત્યવાણી સાંભળવાનું મન થાય છે.

શરીરના એક ભાગમાં વાગેલી ગોળી હોશીયાર ડોકટર તાત્કાલિક ઓપરેશન કરીને બહાર કાઢે છે, છેદ કરે છે. ઓપરેશનનું અસહ્ય પીડા પણ થાય છે તેમ કુમાર્ગે ચાલનારાઓને આ સત્યવાણી રૂપ લવીંગ કડવું લાગે છે પરંતુ કુમાર્ગે ચાલનારાઓના હૃદયમાં રહેલા કષાય રૂપી વિષને બહાર કાઢવા માટે સત્યવાણી રૂપ લવીંગનું અમીપાન કરાવવું પડે જ તે વાણી કષાયોના થરોને છેદે છે. ઉલેચી ઉલેચી બહાર કાઢે છે જો તેને સત્યવાણી રૂપ લવીંગનો ઉપયોગ ન કરાવીએ તો કષાય રૂપી વિષ તેને અનેકવાર દુર્ગતિમાં પછાડશે. તેને અનેક અસહ્ય દુઃખો સહન કરવા પડે છે. માટે સત્યવાણી રૂપ લવીંગથી થોડી કડવાશ ઉભી થતી દેખાશે. પણ તે જન્મો જન્મના દુઃખોથી છોડાવશે.

આ સત્યવાણી રૂપી પાનમાં ખુચેલું લવીંગ સુગુરૂઓ પાસેથી મળે છે તો ચાલો... સુગુરુ પાસે જઈએ. અને સત્યવાણી રૂપ લવીંગ આરોગી, આત્મામાં રહેલા કર્મોના સ્વાદને તતડાવી બહાર કાઢી આત્માને શુદ્ધ બનાવીએ..

સ્વીકારશો

પુષ્પ પાસેથી સુગંધતા સ્વીકારશો ?
પુષ્પ પાસેથી કોમળતા સ્વીકારશો ?
ચંદ્ર પાસેથી શીતલતા સ્વીકારશો ?
સૂર્ય પાસેથી તેજસ્વીતા સ્વીકારશો ?
સાગર પાસેથી ગંભીરતા સ્વીકારશો
પર્વત પાસેથી સ્થિરતા સ્વીકારશો
ગગન પાસેથી વિશાળતા સ્વીકારશો
પૃથ્વી પાસેથી સહનશીલતા સ્વીકારશો
કલ્પવૃક્ષ પાસેથી ઉદારતા સ્વીકારશો ?
વિરાગા પાસેથી રાગ છોડવાનું સ્વીકારશો ?
બાલવાટિકા પાસેથી સુસંસ્કાર સ્વીકારશો ?
જૈન શાસન પાસેથી શું સ્વીકારશો ?

રશ્મિકા.....

પહેલો : બહાર ધૂળ ઉડે છે.
બીજો : તે કદી અંદર ધૂળ ઉડતી જોઈ છે ?

મનીયો : માડી માડી, બહાર અધધધ વરસાદ પડે છે.
મા : મનીયા, જો જે હમણાં અંદર પણ વરસાદ પડશે.
(છત કાણી છે.)

મનોજ બી. શાહ.....

કથાનક

ખૂનખાર યુદ્ધ કરતાં દ્રાવિડ રાજા એકવાર પરિવાર સાથે વનનું નિરીક્ષણ કરવા માટે નીકળ્યાં. સાથે વિમલબુદ્ધિ મંત્રીશ્વર પણ હતા. તેઓની સુચના મુજબ આખો કાફલો શ્રી સુવલ્યુ નામના તાપસના આશ્રમમાં જઈ પહોંચ્યો. સૌ એ તાપસને નમન કર્યાં. તાપસને વીંટળાઈ સૌ બેઠાં. કાંઈ જાણવાની ઈચ્છા જણાતા તાપસે ઉપદેશ આપવાનું શરૂ કર્યું.

''આ સંસાર સમુદ્ર કામ-ક્રોધ-માન-માયા-લોભાદિ જીવ જંતુઓથી ભરેલો છે. તેની હિંસાદિ પાપોમાં લપટાયેલો જીવ નરકાદિ દુર્ગતિઓમાં મહા દુઃખ ભોગવે છે. રાજ્યના લોભથી વશ થયેલાં જીવો ભયંકર યુદ્ધ કરીને નરકના દુઃખો ભોગવવા ચાલ્યા જાય છે. યુગાદિ દેવના પુત્રો છો આપસ આપસમાં લડીને શા માટે પોતાની શક્તિનો ક્ષય કરો છો ? શું રાજ્ય તમારું થશે ? શું તમારી કીર્તિ કાયમ રહેશે ?''

માટે સમજી જાવ. પાંચ પચ્ચીસ જીંદગી ફોગટ ગુમાવો નહિ. તાપસના વચનથી અજ્ઞાન નિંદ્રામાં સુતેલો દ્રાવિડ રાજા સફાળો જાગૃત થયો વિવેક દૃષ્ટિ ખૂલી શ્રી સુવલ્યુ તાપસનો ખૂબ ખૂબ આભાર માનવા લાગ્યો.

ત્યાંથી જ દ્રાવિડ રાજાએ પોતાના નાનાભાઈ વારિખિલ્લની ક્ષમાપના માનવા માટે માગ ઉપાડયો. વાયુવેગે વારિખિલ્લ રાજાને આ સમાચાર મળ્યા. મોટાભાઈ ક્ષમાપના કરવા આવે છે તો મારે પણ ક્ષમાપના કરવી જોઈએ. વારિખિલ્લજી દોડતાં મોટાભાઈની સન્મુખ આવે છે. રસ્તામાં બીન્ને ભેગા થયાં. સામસામી સાચા દિલે ક્ષમાપના કરી. બન્ને એકી સાથે બોલી ઊઠયા ભાઈ ! તમે રાજ્ય સંભાળો. મારે રાજ્ય કરવું નથી હું આત્માનું કલ્યાણ કરવા ઈચ્છું છું. આત્મ કલ્યાણ માર્ગે જાઉં છું.

બંનેમાંથી કોઈએ રાજ્ય લીધું નહિ પોતાના પુત્રોને રાજ્ય સંપત્તિ સોપી બન્ને દિક્ષીત થયા.

ઈર્ષ્યાની આગથી મોટા વૈર ઉત્પન્ન થાય છે અને તે આગને ક્ષમાનું પાણી મળી જાય તો તે આગ કાયમ માટે બુઝાય જાય છે.

નિસેના..✍

• પૂણ્ય •

ન્યાયથી મેળવેલી લક્ષ્મી
શીલથી ઉત્તમ સ્ત્રી
ગુણથી ભરેલો મિત્ર
ભક્તિથી ભીંજતો પુત્ર
રોગ રહિત શરીર

આ પાંચેય પૂણ્ય પ્રભાવથી મળે છે.

વસુમતી..✍

સજ્જન માણસ આવું ન કરે

શું તમે આવું કરશો...?

ગમે તેવા કડવા પ્રસંગો આવે તો ક્રોધ કરશો ?
ગંભીર ભૂલ થઈ જાય તો પણ જૂઠ બોલશો ?
હોટલની ચીજ વસ્તુઓ ખાશો ?
મસાલેદાર, ચટાકેદાર ચીજ ખાવાનો શોખ રાખશો ?
ક્રીકેટ, નાટક, સિનેમા, ટી.વી. સીરીયલ જોશો ?
નોવેલ કે અશ્લીલ વાંચનની આદત રાખશો ?
ના, ના આવું કાંઈ કરતાં નહિ.
જો આવું કરશો તો જીવન બરબાદ થઈ જશે
મળેલું જીવન સાર્થક કરવા માટે સુગુરૂઓના
પડખા સેવવા શરૂ કરો

રશ્મિ....✍

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાને વંદન

વીર નિર્વાણ પચ્ચીસો વરસે, ઉજવે દેશ દિવાળી,
સંઘ તીર્થને શ્રમણ સિદ્ધાંતની, દીસે ગુરુવર હોળી,
આગમ વચન કહ્યા ટંકશાળી, કરતા શાસનની રખવાળી..૬૫

મુંબઈમાં ઓવલ મેદાને જઈ, રાજ્યપાલને જણાયા,
અશાસ્ત્રીય છે આ રાષ્ટ્ર ઉજવણી, જિનશાસન સમજાયા,
શૂરા ધર્માભિમાની જગાડ્યા, ધર્મરક્ષાની ફરજે ચડાવ્યા...૬૬

બે હજાર ઓગણત્રીસમાં પ્રભુ, પ્રતિષ્ઠા સિદ્ધગિરિ થાતી,
લોટરીથી આદેશ અપાતાં, દેવદ્રવ્ય હાનિ દેખાતી,
સમજાવી શાસ્ત્ર પ્રણાલી નીતિ, અયોગ્ય જણાવી લોટરી રીતિ..૬૭

હસ્તગિરિના ઉદ્ધારની પ્રેરણા, માનતુંગસૂરિ ગુરુ આપે,
શત્રુંજ્ય સમું આ તીરથ છે, મહિમા ગુરુ સમજાવે,
યાત્રા જયણા ઘરતાં થાયે, તીર્થની પવિત્રતા જળવાવે...૬૮

અબોલ જીવોની રક્ષા કાજે, સૂરીશ્વર સદાયે બોલ્યા,
જૈન-જૈનેતરના અંતરમાં, કરુણા ભાવ જગાવ્યા,
ટાઉન હોલમાં પ્રવચન આપ્યા, હિંસા વિરોધ પડઘમ વાગ્યા..૬૯

બેંતાલીસનું ચોમાસું ગુરુવર, લક્ષ્મીવર્ધકમાં કરતા,
તિથિ પ્રશ્ન ઉકેલવા કાજે, આગેવાનો વિનવતા,
આશય સંઘમાં શાંતિ-એકતા, ગુરુવરે દેખાડી ત્યાં વીરતા...૭૦

આગેવાનો વિવિધ મુસદ્દા, ગુરુવર પાસે લાવ્યા,
શાસ્ત્રસાપેક્ષે બાંધછોડ કરી ઉકેલ રાહ બતાવ્યા,
ગુરુ નહીં માન પાને લપટાયા, જે જિન આજ્ઞાએ બંધાયા...૭૧

ચુંવાલીસ સાલે રાજનગરમાં મુનિસંમેલન યોજાયું,
ગુરુવર આદિ કેઈ પૂજ્યોને આમંત્રણ ના અપાયું,
તોયે મનમાં કાંઈ[illegible] શાસન હિત અંતરમાં ભાવ્યું..૭૨

બાવીસ ઠરાવો તેહમાં થાતાં દીસે ના શાસ્ત્રાધાર,
નેવું કેરા ઠરાવો જોતાં થાય મોટા ફેરફાર,
અશાસ્ત્રીય થયા પુરવાર, ગુરુને ચિંતાનો નહીં પાર...૭૩

વૃદ્ધ વયે દિનરાત જાગીને, શાસ્ત્ર પાઠ મન ભાવે,
કૈંક ઠરાવે સુધારા સૂચવી, આયોજકને જણાવે,
તોયે ઠરાવો નહીં સુધરાવે, અંતિ વિરોધ માર્ગ અપનાવે...૭૪

શાસન ભક્તો ખુમારી ધરતા, ન્યાયાલય ખખડાવે,
શાસ્ત્ર સંમત આ નથી ઠરાવો, પ્રતિબંધ લઈ આવે,
ઠરાવોનો અમલ રોકાવે, શાસન ઉન્માર્ગ અટકાવે...૭૫

અણનમ પગલે અણનમ હૈયે, અણનમ બની તુમે ચાલ્યા,
અણનમ પ્રભુ શાસનની વાતો, કહેતા કદી નવિ હાલ્યા,
શાસન અભંગ આજે સોહાયા, અજોડ સિદ્ધાંતનિષ્ઠ પંકાયા..૭૬

સિદ્ધગિરિ પર પૂજારી પગારો, દેવદ્રવ્યથી ચુકવાયે,
પ્રમુખ-પ્રતિનિધિ પેઢી કેરા, વહીવટ બીના જણાવે,
સાધારણ ફંડ કોડનું હોવે, વેતન દોષ નિવારણ થાવે..૭૭

પીસ્તાલીસ સાલે મહારાષ્ટ્ર ભુવનમાં, ચોમાસુ ગુરુ કરતા,
પર્યુષણ કર્તવ્યો વાંચતા, વાત વ્યાખ્યાને કહેતા,
પુણ્યવાન પ્રેરણા હૃદયે ઝીલતાં, સ્વદ્રવ્ય જિન પૂજા ફળ લેતાં..૭૮

એકત્રીસ હજારની એક તિથિ એવી, બસો તુરત નોંધાઈ,
ગામોગામથી તિથિ લખાતા, ત્રણ ગણી ટીપ ભરાઈ,
પલમાં તોટો ગયો પૂરાઈ, દીઠી ગુરુવરની પુણ્યાઈ..૭૯

અતુલભાઈનો દીક્ષા મહોત્સવ, ભવ્ય ઉજવાય રાજનગરે,
દીક્ષા વરઘોડો, સંઘ નવકારથી, પ્રભુ ઉત્સવ કર્યો ભારે,
સ્ટેડીયમમાં દીક્ષા ગુરુવર આપે, શાસન પ્રભાવના જગ વ્યાપે..૮૦

સૂરીશ્વર કેરા શિષ્ય-પ્રશિષ્યોમાં ભુવનસૂરિજી પહેલા,
પાટ દીપાવે આજ મહોદયસૂરિજી, હિતરૂચી મુનિ છેલ્લા,
વર્તમાને ગુરુસંઘમાં વડેરા, ''પ્રેમ''ના પાટવી દીપે અનેરા..૮૧

સંયમના અગણ્યા એંશી વરસમાં ચોમાસા બત્રીસ સ્થાને,
રાજનગર સોલ, મુંબઈ પંદર, પાંચ સિદ્ધગિરિ-ખંભાતે,
કલકત્તા રાજકોટ-પૂના શિનોરે બે, ત્રણ [illegible] જામનગરે..૮૨

એકવીસ ચોમાસા વિધવિધ સ્થાને, કરવા સ્થિરતા કીધી,
વઢવાણ, કરાડ, કાનપુર ને, કોલ્હાપુર ને દિલ્હી,
માંગરોળ, મહેસાણા, માંડવી, ડીસા રાધનપુર હુબલી..૮૩

ભાવનગર મહીદપુર વડવા, પિંડવાડા ને ડભોઈ,
સાદડી, જુનાગઢ, રાજગ્રહી ને, પાડીવ, પાવાપુરી,
વિચરી વસુધા પાવન કીધી, ધર્મ પ્રભાવના રૂડી દીધી..૮૪

અંજનશલાકા, સંઘયાત્રા ને, પ્રતિષ્ઠા મહોત્સવ કાર્યો,
પ્રવ્રજ્યા પ્રદાન, ઉપધાન કરાવી, શાસન પ્રેમ વધાર્યો,
વાણી સુધાએ ભવિગણ તાર્યો, શાસન ડંકો જગમાં વગાડ્યો..૮૫

વ્યાખ્યાન વાચસ્પતિ બિરૂદ ધરાયા, મહારાષ્ટ્ર દેશોદ્ધારક,
'રામનંદન' એકસો એકવીસના, આતમના ઉદ્ધારક,
આગમ વચનોના એ પાલક, ધર્મદ્વેષીના એ પ્રતિકારક..૮૬

ધર્મદેશના સમજાવી કહે, ભવકૂપમાં નવિ બુડો,
શિવસુખ કેરા ઉપાય માટે, ધર્મ આરાધો રૂડો,
સુખનો રાગ સહુ છોડો, દુઃખ પર દ્વેષ અતિ ભૂંડો..૮૭

જિન આજ્ઞા રગરગ પ્રસરાવી, કીધો બહુ ઉપકાર,
પ્રભુ માર્ગમાં જીવન સ્થાપી, થયા જગ તારણહાર,
કયારે થઈશું અમે અણગાર, આશિષ દેજો દીક્ષાદાતાર..૮૮

સાબરમતી પુખરાજ ઉપાશ્રયે, અંતિમ ચોમાસું કરતા,
સ્વાસ્થ્ય ચિકિત્સા કાજે ગુરુને 'દર્શન' બંગલે લવાતા,
અચાનક સ્વાસ્થ્ય ચિંતાતુર થાતાં, સહુના હૈયા દુઃખથી ભરાતાં..૮૯

ગામોગામથી ભક્તો ગુરુના, દર્શન કરવા આવે,
અસહ્ય વ્યાધિમાં ભવ્ય સમાધિ, નિરખી અશ્રુ વહાવે,
સકલ સંઘ નિર્યામણા કરાવે, ગુરુવર એકાગ્ર ચિત્ત ધરાવે..૯૦

અરિહંત અરિહંત ધ્યાન ધરંતા, સૂરીશ્વર સ્વર્ગે સિધાવ્યા,
બે હજાર સુડતાલીસ અષાઢની, વદી ચૌદશ શુક્રવારા,
શાસન દીપક બુઝાયા, સારાય જગમાં શોક છવાયા..૯૧

અંતિમયાત્રામાં ધર્મજનોનો, મહેરામણ ઉભરાયો,
નવશિખરની પાલખીમાં ગુરુ, નશ્વર [illegible]
જય જય નંદા વાજિંત્રે ગવાયો, [illegible] સમાધિ અર્પાયો..૯૨

સાસુ-વહુ વચ્ચેનો સદ્‌વ્યવહાર

શ્રીપાલચરિત્રમાં વાત આવે છે કે, શ્રીમતી રૂપસુંદરીએ, પોતાની પુત્રી મયણાને કોઢીયાના બદલે બીજા દેવકુમાર જેવા નરરત્ન સાથે જોઈ ત્યારે જે આઘાત લાગ્યો અને મયણાસુંદરીએ જે ખૂલાસો-સ્પષ્ટતા કરી તેના દુઃખને દૂર કર્યું તે વાતની બધાને ખબર છે પરન્તુ મયણાના ખૂલાસા પછી તેમની સાસુ અને શ્રીપાલરાજાની માતા શ્રીમતી કમલપ્રભા દેવીએ જે વાત રૂપસુંદરીને કહી કે- ''હે સુંદરી ! તું મનમાં ખેદ ધારણ ન કર. તારી પુત્રીના પ્રતાપે જ મારો પુત્ર આવી ઉત્તમ અવસ્થાને પામ્યો છે. તું જ ધન્યવાદને પાત્ર છે, જેની કુક્ષિમાં અનુપમ શીલના પ્રભાવે આવું ચિંતામણિ જેવું સ્ત્રી રત્ન ઉત્પન્ન થયું છે.''

એક સાસુ, પોતાની પુત્રવધૂ માટે તેની માતા આગળ શું શું કહે છે- વર્તમાનમાં સાસુ-વહુની વચ્ચેનો વ્યવહાર કેવો છે. ખરેખર જો આ પ્રસંગનો વિચાર કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો વર્તમાનની જે વિષમ પરિસ્થિતિ પેદા થઈ છે, સાસુ-વહુના સંબંધોમાં જે ઓટ આવી છે. સાસુ-વહુ વચ્ચે જે સરસ્વતીનું આદાન-પ્રદાન થાય છે તેથી ખુદ સરસ્વતી પણ શરમાય અને લખતા લેખિની પણ લાજે છે, કડવાશ અને કટુતા દેખાય છે તે દૂર થઈ જાય. આવા પ્રસંગોનો પરમાર્થ સમજાઈ જાય તો શ્રાવકના ઘરો નંદનવન જેવા બની જાય. સાસુ અને વહુ વચ્ચે સગી મા-દીકરી કરતાં ય મધુર સંબંધો બની જાય. ધર્મ ઘરનાં ખીલી ઉઠે.

●●●●

શ્રીપાલ સસરાના નામની ઓળખાણથી વિલક્ષા થઈ ઘરે પાછા આવ્યા છે અને તેમની માતાએ ઉદાસીનતાના કારણમાં તારી પત્ની સાથે કાંઈ અણબનાવ કે ઝઘડો થયો છે તેણીએ અપમાન કર્યું છે તેવી સંભાવના પૂછે છે. તરત જ સમાધાન કરતાં કહે છે કે, ના...ના... મયણાને વિષે આવી સંભાવના પણ અઘટિત છે.

આ પ્રસંગ પણ આંખ ખોલનારો છે. ધર્માત્માના જીવન વ્યવહારો કેવા સુંદર ઉત્તમ અને કુટુંબીજનોના પ્રેમને જીતનારા અને ધર્મને સાચવનારા હોય છે તેનું દિગ્દર્શન કરાવે છે.

●●●●

શ્રીપાલના વિદેશ પ્રવાસને વર્ષ થઈ ગયું. તેઓ જ ઉજ્જૈયિની નગરીને ચેરો ઘાલીને રહ્યા છે. ત્યારે કમલપ્રભાદેવી-મયણાને પૂછે છે કે પુત્રના કોઈ સમાચાર નથી. શું થશે ! મયણા કહે છે કે- માતાજી ! ચિંતા ન કરો. શ્રી નવપદના પ્રભાવે બધું જ સારું થશે. આજે સાયંકાલની પૂજા કરતાં મારા હૈયામાં જે અપૂર્વ આનંદ આવ્યો છે તેથી કહું છું કે 'આર્યપુત્ર' આવ્યા જ સમજો.'' ત્યારે કમલપ્રભાદેવી કહે છે - તારું જીભ પણ અમૃત વર્ષી સમાન સુંદર વાણીને બોલનાર છે.''

●●●●

આ ત્રણે પ્રસંગો જો બરાબર સમજાય તો વર્તમાનમાંય સંવાદિતા સર્જાય. ચરિત્રગ્રન્થોમાં ધર્માત્માના જીવન વ્યવહારો કેવા સંવાદી, સુમધુર અને પ્રેમાળ હોય છે. આપણને પણ તેવા બનવાની મૂક પ્રેરણા કરે છે. બે વાર વાંચનારા-સાંભળનારા જો આ સમજી જાય તો કેવું સુંદર ધર્મમય વાતાવરણ ગુંજતું-ગાજતું થઈ જાય !!!

ધર્મેન્દ્ર : અશોક આજેનું અખબાર ક્યાં ?

અશોક : યાર ધર્મેન્દ્ર એ તો હું ગઈકાલનો ગોતી રહ્યો છું ???

શંકા-સમાધાન

- પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ

સવાલ : કમણાં હમણાં ઘણે સ્થાને દેવસૂરસંઘ, દેવસૂરગચ્છ કે વિજયદેવસૂર જેવા શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. એનો અર્થ શું છે ?

જવાબ : જગદ્‌ગુરૂ પૂજ્ય આચાર્યદેવ શ્રી હીરવિજય સૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર સવાઈ હીરલા પૂ. આચાર્યદેવ શ્રી વિજય સેનસૂરીશ્વરજી મહારાજા થયા. એમણે પોતાની પાટે પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય દેવસૂરીશ્વરજી મહારાજાને સ્થાપ્યા. પૂ.ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના તેઓ સાંસારિક સંબંધે ભાણેજ થતા હતા. પૂ ઉપા. શ્રી ધર્મસાગરજી મ. તે જગદ્‌ગુરુ પૂ. આ. શ્રી હીરસૂરિજીએ એકવાર ગચ્છ બહાર કર્યા હતા. એમનો ગ્રંથ પણ અમાન્ય ઠેરવવામાં આવેલો. થોડા સમય બાદ એમણે માફી માંગતાં એમને ફરી ગચ્છમાં લેવામાં આવેલ. પૂ. હીરસૂરિજી મ. ના નિર્વાણ બાદ થોડા જ સમયે એમનો પણ કાળધર્મ થયો. ત્યારબાદ એમના શિષ્યોએ એમના બનાવેલા ગ્રંથોનો ફરી પ્રચાર શરૂ કર્યો જેને શ્રી દેવસૂરિજીએ ટેકો આપતાં પૂ. આ. શ્રી સેનસૂરિજી મ. ખૂબ નારાજ થયા. છેવટે નવા પટ્ટધર સ્થાપવા સુધી વાતની વિચારણા આગળ વધી. આ બાજુ પૂ. આ. શ્રી સેનસૂરિ મહારાજનો આકસ્મિક સંયોગોમાં કાળધર્મ થયો. ત્યારબાદ પણ પૂ. આ. શ્રી દેવસૂરિજીનું વલણ સાગર પક્ષ તરફ ઢળેલું જોતાં પૂ. આ. શ્રી સેનસૂરિજીની ઈચ્છા મુજબ સાત ઉપાધ્યાયોએ મળી નવા પટ્ટધર તરીકે પૂ. આચાર્ય શ્રી વિજય તિલકસૂરિજીની સ્થાપના કરી. જે અલ્પાયુષી હતા. તેમની પાટે વિદ્વાન પૂ. આચાર્ય શ્રી વિજય આનંદ સૂરિજી આવ્યા. જે પ્રભાવક હતા. એમનો અનુયાયી વર્ગ આણંદસૂરિ સંઘ કહેવાયો જેનું બીજું નામ પોરવાડગચ્છ પણ હતું ત્યારે પૂ. આ. શ્રી વિજયદેવસૂરિજીના અનુયાયીઓ દેવસૂરિસંઘના નામે ઓળખાયા, જેનું બીજું નામ ઓસવાળ ગચ્છ પણ હતું. સિરોહીના મંત્રી તેજપાલનો મધ્યસ્થીથી બન્ને ગચ્છાધિપતિઓ વચ્ચે સમાધાન થયું. બંને સમુદાયો એક બન્યા અને દેવસૂરિસંઘ અને આણંદસૂરિસંઘ નામનો ભેદ પણ ન રહ્યો. આ સમાધાન ત્રણેક વર્ષ ટક્યું. પાછા બે ભાગલા થયા અને સંઘ નામ ભેદ ઉપસ્થિત થયો. સો-દોઢસો વર્ષ સુધી આ રીતે ચાલ્યું ત્યારબાદ આણંદસૂરિ ગચ્છવાળા મહાત્માઓ દેવસૂર ગચ્છમાં વિલીન થઈ ગયા અને ત્યારથી દેવસૂર સંઘ કે ગચ્છ નામની જુદી વ્યવસ્થાની પણ કોઈ જરૂર ન રહેવાથી એ સમુદાય મૂળ તપાગચ્છ નામે જ ઓળખાવા લાગ્યો.

દિગંબરો નિર્ગ્રંથ મૂલક પરંપરાથી જુદા પડવાથી આપણે શ્વેતાંબર નામ ધારણ કર્યું. પણ જો હવે દિગંબરો પોતાનો પંથ છોડી પાછા મૂળ પરંપરામાં ભળી જાય તો આપણે શ્વેતાંબર નામ લગાડવાનું કોઈ વિશેષ ઔચિત્ય કે પ્રયોજન ન રહે. એ જ રીતે આણંદસૂર ગચ્છથી જુદા ઓળખાવા શરૂ થયેલો પ્રયોગ છે. એ નિમિત્ત નહીં હોવાથી લગાડવાની કોઈ આવશ્યકતા જણાતી નથી.

સવાલ : વર્તમાનમાં વિદ્યમાન તપાગચ્છના સમુદાયો શું દેવસૂરગચ્છના જ ભાગ છે ?

જવાબ : પહેલા જણાવી ગયો તેમ છે દેવસૂરગચ્છ કે પંથ કે સંઘ નામની કોઈ આવશ્યકતા જ નથી. તપાગચ્છની વિજય શાખાના વર્તમાન તમામ સમુદાયો પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. ની પરંપરાના જ છે. સાગર શાખાના બન્ને સમુદાય આ. શ્રી બુદ્ધિસાગરસૂરિ મ. નો સમુદાય અને આ. શ્રી સાગર નંદસૂરિજી મ. નો સમુદાય જો કે પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. ની પરંપરામાં આવતા નથી. છતાં પૂ. આ. શ્રી દેવસૂરિજી મહારાજ પ્રત્યે આદર બહુમાન ધરાવતો હોવાથી તે બંને સમુદાય પોતાને પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. ની પરંપરાના નામે ગણાવે છે.

સવાલ : વર્તમાનમાં એક તિથિને માનતા સમુદાયો પોતાની ઓળખ દેવસૂર તપાગચ્છ તરીકે રાખે છે અને બે તિથિ વર્ગ - સમુદાયને નવામતિ તરીકે ઓળખાવે છે. તેનું શું કારણ ?

જવાબ : પૂ. આ. શ્રી વિજય દેવસૂરિજી મહારાજના નામે બહાર પાડવામાં આવેલ તિથિ મર્યાદા સંબંધિ કલ્પિત પાનાઓના આધારે તપાગચ્છમાં યતિપ્રથા દરમ્યાન ને છેલ્લા કેટલાક વર્ષોમાં ભિંતીયા પંચાંગો આદિની સુવિધા ખાતર જે પર્વતિથિની ક્ષયવૃદ્ધિને નહિ લખવાનો રીવાજ શરૂ કરાયો તેને ટકાવી રાખવા માટેના પ્રયાસના એક ભારરૂપ શ્રી દેવસૂરિજી મહારાજના નામનો મનસ્વી ઉપયોગ થઈ રહ્યો છે. શ્રી દેવસૂરિજી મહારાજના કાર્યકાળ દરમ્યાન કયારેય પર્વતિથિની ક્ષયવૃદ્ધિને બદલે પૂર્વની અપર્વ તિથિની ક્ષયવૃધ્ધિ કરાઈ હોય એવો એક પણ દાખલો નોંધાયો નથી. હીરપ્રશ્ન- સેનપ્રશ્નના આધારે પર્વતિથિની ક્ષયવૃધ્ધિ સ્પષ્ટપણે સિદ્ધ થાય છે. પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ના 'તત્ત્વતરંગિણી' અને 'પ્રવચનપરીક્ષા'ના આધારે પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ યથાવત્ માન્ય રાખી આરાધના કરવાનું વિધાન મળે છે. પૂ. આ. શ્રી દેવસૂરિજી મ. તેમજ પૂ. આ. શ્રી આણંદ સૂરિજી મહારાજની તદ્દન નજીકની સુવિહિત-સંવેગી પરંપરામાં થયેલા મહાપુરૂષો જેવા કે પૂ. પં. શ્રી સત્યવિજયજી મ., પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ., પૂ. આ. શ્રી જ્ઞાનવિમલ સૂરિજી મ., પૂ. ઉ. શ્રી લાવણ્યવિજયજી મ., પૂ. ઉ. શ્રી વિનય વિજયજી મ., પૂ. ઉપા. શ્રી માનવિજયજી મહારાજ આદિના ગ્રંથોમાં કે જીવનમાં ક્યારે પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને નહિ માન્યાનો, નહિ આચર્યાનો પ્રસંગ બન્યો હોય એવો ઉલ્લેખ હજી સુધી ઈતિહાસ દ્વારા પ્રાપ્ત થયો નથી. આ બધી ગરબડો એમના પછીના કાળમાં શ્રી પૂજ્યો (યતિઓ)ના હાથે થયેલી છે. જેનો ભોગ સુવિહિત-સંવેગીઓને પણ થવું પડયું છે.

બીજું-નવાંગી ગુરૂપૂજનની બાબતમાં વર્તમાનના એકતિથિના સમુદાયો (કે જે પોતાને દેવસૂરસંઘ તરીકે ઓળખાવે છે) અત્યંત ઉગ્ર વિરોધાત્મક વલણ અપનાવી રહ્યા છે. તેમને શું ખબર નથી કે શ્રી દેવસૂરિજીના પણ વડીલ પૂ. આ. શ્રી દાનસૂરિજી અને પૂ. આ. શ્રી હીરસૂરિજીના નવાંગી ગુરૂપૂજનો થયા છે ? શ્રી દેવસૂરિજીના પટ્ટધર શ્રી વિજય સિંહસૂરિજીનું પણ નવાંગી ગુરૂપૂજન થયું છે. ગુરૂ કે શિષ્યનું થયેલું નવાંગી ગુરૂપૂજન માનવા કદાચ કોઈનું મન ન માનતું હોય તેમને માટે મારે **'વિજયદેવ માહાત્મ્ય'** ગ્રંથાધારે ખુદ આ. શ્રી વિજયદેવસૂરિજીનું ઠેર ઠેર નવાંગી ગુરૂપૂજન થયું હતું અને થતું હતું તેના ઉલ્લેખો અહીં આપવા છે જે જોવાથી કોઈપણ સત્યાન્વેષીને સ્પષ્ટપણે માલૂમ પઈ જાય કે નવાંગી ગુરૂપૂજનની માન્યતા અને આચરણા એ તપાગચ્છ માન્ય કે તથા કથિત દેવસૂરગચ્છ માન્ય પણ ૪૩૨ છે અને તેથી જ તેનો વિરોધ કરવો એ ખુદ પૂ. આ. શ્રી દેવસૂરિજીનો જ વિરોધ કરવા બરાબર છે.

આ રહ્યા એવા કેટલાક ઉલ્લેખો...

૧. પૃષ્ઠ ૮૧ સર્ગ ૧૦ શ્લોકો ૬૯

ततः श्री जसवन्ताद्या भ्रातरः पञ्च भक्तितः
विजयदेवसूरीन्द्रनवाङ्गान्यपूपुजन् ।। ६९ ।।

ભાવાર્થ : (મેડતામાંથી શ્રી સહસ્રફણા પાર્શ્વનાથની પ્રતિષ્ઠાના અવસરે...) ત્યાર પછી જસવંત વગેરે પાંચે ભાઈઓએ વિજયદેવસૂરીન્દ્રનાં નવે અંગોને ભક્તિથી પૂજ્યાં.

૨. પૃષ્ઠ ૧૧૦ સર્ગ ૧૮ શ્લોકો ૧/૨

अथ यस्य सदानन्दात् कुर्वन्त्यादरतः सदा ।
स्वर्णसूप्यादिभिः पूजां नवाङ्गानां वराङ्गिनः ।।१ ।
प्रतिग्रामं प्रतिद्रङ्गं धर्मरङ्गेण धर्मिणः ।
नीलीरात्रा गुणग्रामान् गायन्तो गुणरञ्जिताः ।।२।। युग्मम्

ભાવાર્થ : (હવે) ધર્મના રંગથી અત્યંત ગાઢ રાગવાળા, ગુણોના સમૂહને ગાતા, ગુણોથી પ્રસન્ન બનેલા એવા ધર્માજનો દરેક ગ્રામમાં, દરેક નગરમાં શ્રેષ્ઠ અંગોવાળા એવા (આચાર્યશ્રી વિજયદેવસૂરિજીના) એમના **નવે અંગોની** શ્રેષ્ઠ આનંદથી હંમેશા સોનારૂપા વગેરેથી પૂજા કરે છે.

૩. પર્યુષણા જેવા મહાપવિત્ર પર્વના દિવસોમ જૈનોનું છોકરે છોકરું દેરાસર-ઉપાશ્રયે જાય-સદ્ગુરૂના પ્રવચનો સાંભળે. એવા દિવસોમાં પણ નવાંગી ગુરૂપૂજન કેટલું વ્યાપક અને સુવિદિત-માન્ય હતું તે જણાવતો ઉલ્લેખ.

પૃષ્ઠ ૧૧૮ સર્ગ ૧૮ શ્લોકો ૧૩

श्रीमत् पर्युषणा पर्व-दिवसेषु नवस्वपि ।
त्यारव्य नेषु च कुर्वन्ति यद् नवाङ्गार्चनं जनाः ॥१३॥

ભાવાર્થ : શ્રી પર્યુષણા પર્વના દિવસોમાં શ્રી કલ્પસૂત્રન નવે નવ પ્રવચનો દરમ્યાન લોકો જેમના (શ્રી વિજય દેવસૂરિજીના) નવે અંગોની અર્ચના (પૂજા) કરે છે.

આ પાઠોમાં નોંધ્યા મુજબ 'હમેંશા' અને વર્તમાનકાળ પ્રયોગથી 'દરેક વખતે' એમનું નવાંગી ગુરૂપૂજન થતું હતું એ સુપેરે સિધ્ધ થાય છે.

૪. 'સાધુની માત્ર ચંદનના પાવડર (વાસક્ષેપ) થી જ પૂજા થાય, સોનારૂપાના ફૂલ-સોનારૂપાની મહોરો વગેરેથી ન જ થાય' એમ કહેનારા પુણ્યાત્માઓને માટે વધુ એક ઉલ્લેખ અત્રે અપાય છે જે વાંચવાથી એમની માન્યતા એક ભ્રમણા છે.એમ જરૂર સાબિત થાય છે.

પૃષ્ઠ ૧૯૯ સર્ગ ૧૯ શ્લોક ૭૨.

सौवर्णै रौप्यकै पुष्पै, शाक्तिभक्त्यनुसारतः ।
पूज्यः स्वधरेणामा, श्रावकैः पूजितस्ततः ॥ ७२ ॥

ભાવાર્થ : ત્યારબાદ સોનાના અને રૂપાનાં પુષ્પોથી પોતાની શક્તિ અને ભક્તિ પ્રમાણે પૂજ્ય (શ્રી વિજયદેવ સૂરિજી) પોતાના પટ્ટધર (શ્રી વિજયસિંહસૂરિજી) ની સાથે શ્રાવકો વડે પૂજાયા. (અમા = સાથે)

૫. શ્રી તીર્થંકર દેવો સાથે આચાર્ય ભગવંતોની તુલના અનેક સ્થળે કરવામાં આવેલી હોવા છતાં તીર્થંકરની જેમ જ આચાર્ય વગેરેની થતી નિરવદ્ય પૂજા જોઈને જેઓ કાગારોળ કરી મૂકે છે તે મહાનુભાવના ભવ્યો માટે વધુ એક ઉલ્લેખ અત્રે આપું છું જે વાંચી જરૂર તેમને સદ્‌બોધ થાય અને સૂરિવરોની આશાતના રૂપ પાપથી પોતાના આત્માને બચાવી શકાય.

પૃ.૧૧૯ સર્ગ ૧૯ શ્લોક ૭૮

तेन सार्वेन सर्वेण, शर्वेणेवोरुभूतिना ।
पूजिता तत्र तीर्थेशाः श्रीपूज्याचार्यसंयुता ॥७८॥

ભાવાર્થ : ઈશ્વરની જેમ સંપત્તિવાળા તે સઘળાય સંઘ વડે શ્રી વિજયદેવસૂરિજીથી યુક્ત એવા તીર્થંકર પરમાત્મા પૂજાયા (તીર્થંકરોના બિંબો પૂજાયાં-પ્રતિષ્ઠા અવસરે)
(શર્વ = ઈશ્વર ઉરુભુતિ = શ્રીમંત)

સવાલ : તમોએ વિજયદેવ માહાત્મ્ય ગ્રંથના ઉલ્લેખો આપીને વિજયદેવસૂરસંઘના નામે પોતાને ઓળખાતા સજ્જનોએ પણ નવાંગી ગુરૂપૂજન વગેરે માનવાનું ઠેરવ્યું, એ વાત બરાબર પણ 'આ ગ્રંથ તપાગચ્છનો બનાવેલો નથી' તો તેને કઈ રીતે માની શકાય ?

જવાબ : તમારી આમાં સમજવામાં ભૂલ થાય છે. તપાગચ્છના મહાત્માએ બનાવેલો ગ્રંથ પણ જૈન શાસનની અને તપાગચ્છની મૂળભૂત માન્યતા (સિધ્ધાંત) થી વિરૂધ્ધમાં હોય તો તે ન મનાય. જ્યારે અન્ય ગચ્છના મહાત્માઓનો ગ્રંથ પણ તપાગચ્છ સિધ્ધાંત સમર્થક હોય તો જરૂર માની શકાય.

આ ગ્રંથ ખરતરગચ્છના શ્રી જ્ઞાનવિમલ ગણીના શિષ્ય શ્રી વલ્લભ પાઠકે બનાવેલો છે એટલા માત્રથી અપ્રમાણ બનતો નથી. પોતે ગ્રંથકારે જ ગ્રંથના અંતભાગમાં એ અંગે સ્પષ્ટતા કરેલી છે. એમણે ત્યાં જણાવ્યું છે કે તપાગચ્છાધિપતિ શ્રી વિજયદેવસૂરિજીના દિવ્ય ઉત્તમ જીવનથી આકર્ષાઈને માત્ર ગુણાનુરાગથી પ્રેરાઈને મેં તેઓનું જીવન અહીં ગુંફ્યું છે. ગંગા કયારે પણ કોઈના બાપની થતી નથી. જે એમાં ઝીલે તેમની ગંગા એ ન્યાયે મેં તેઓનું ચરિત્ર આલેખ્યું છે. તમામ ઈતિહાસકારો આ ગ્રંથને અત્યંત પ્રામાણિક ગણે છે તેમાં આપેલી વિગતોને પણ પ્રામાણિક ગણે છે.

આ ગ્રંથનું સંપાદન ભિક્ષુ જિનવિજયે વિ. સં. ૧૯૮૪માં કરી આચાર્ય શ્રી વિજય વલ્લભસૂરિજીને એનું સમર્પણ કર્યું છે. જૈન સાહિત્ય સંશોધક ગ્રંથમાળા તરફથી આ ગ્રંથ છપાયેલો છે.

તપાગચ્છીય સંવેગી શાખા પ્રવર્તક પૂ. પં. શ્રી સત્યવિજયજી મહારાજાનું જીવનકવન કરતો રાસ ખરતરગચ્છના શ્રી જિનહર્ષગણીએ બનાવેલો મળે છે. જો અન્ય ગચ્છીય મહાત્માકૃત ગ્રંથોને અપ્રમાણ માનવાનો નિયમ બનાવવામાં આવે તો એ ગ્રંથ પણ અપ્રમાણ માનવાની આપત્તિ આવે. જ્યારે હકિકતમાં એ ગ્રંથ પણ પ્રમાણ જ મનાય છે.

આ બધા પુરાવાઓ જોતાં ''પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજે વિ.સં.૧૯૯૨ પછી નવો મત ચલાવ્યો છે અને પોતાની મતિકલ્પનાથી બે તિથિ માન્યતા અને નવાંગી ગુરૂપૂજનની રીતો ચાલુ કરાવી છે'' આવો અપ પ્રચાર જે કેટલાક પુણ્યાત્માઓ (!) કરી રહ્યા છે તે કેટલો **અસત્ય** છે તે સ્વયં જણાઈ આવે છે.

સાચા ભાવે ક્ષમાપના કરીએ !

- મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

ક્રોધનો અભાવ તેનું નામ ક્ષમા છે અને ક્ષમા એ જ ધર્મનો સાર છે. દશે પ્રકારના યતિ ધર્મમાં પહેલો ક્ષમાધર્મ કહ્યો કારણ ક્ષમા ગુણને પ્રાપ્ત કર્યા વિના વાસ્તવમાં બીજા ધર્મો આવતા નથી. ક્ષમા ધર્મને પ્રાપ્ત કરવા ઘણો જ અભ્યાસ કરવો જરૂરી છે.

આ સંસારમાં આ ક્ષણ ભંગુર જીવનમાં માણસ રાગાદિની કેટલીય ગાંઠો હૈયામાં રાખીને જીવતો-ફરતો હોય છે. નાના-મોટા પ્રસંગોથી પેદા થયેલી કેટલીય વેદનાઓ અને કેટલાય દુઃખોને હૈયામાં રાખે છે. અને ક્યારેક તેમાંથી પ્રગટે છે. વૈર વિરોધનો દાવાગ્નિ. જેમાં પોતે ય બળે છે અને બીજાને ય બાળે છે. તેના જ કારણે તેની જીવન યાત્રા સમાધિ-શાંતિથી વહેતી નથી પણ અસમાધિ અને અશાંતિમાં બળ્યા કરે છે. દુર્ધ્યાન, ખોટા સંકલ્પો, વિકલ્પોના જાળાં ગૂંથી કરોળિયાની જેમ પોતે તેમાં ફસાય છે અને પછી મુકત થવાના નિરર્થક ઉપાયો કરે છે પણ ફળતા નહિ મળવાથી વધુ રિબામણ અનુભવે છે.

જીવનની આવી અવસ્થાથી મુક્ત થવાનો સાચો ઉપાય અનંત જ્ઞાનિ પરમર્ષિઓએ બતાવ્યો અને તે છે. હૈયા પૂર્વક સાચા ભાવે ક્ષમા ધર્મનું આ સેવન કરવું. આ ધર્મ જો આત્મ સાત્ થઈ જાય તો જીવનની રાગાદિની બધી ગાંઠો ઉકલી જાય, હૈયાના દુઃખ-વેદનાના દર્દો ગાયબ થઈ જાય, મન પણ સાચી શાંતિ-સમાધિનો અનુભવ કરે અને જીવનયાત્રા સરળ-નિર્મળ બની વહેવા લાગે. પછી તો વેરવિરોધના સ્થાને સુમધુર સ્વાર્થરહિત સંબંધો બંધાશે. માટે જ એક કવિએ ગાયું કે-

''મહેક ઉઠેગી દુનિયા સારી, ક્ષમા કે ફૂલ ખિલા દો,
વૈર-વિરોધ મન કે મિટા કર, અંતર સ્નેહકા દીપ જલા લો.''

ક્ષમાનો વિશાળ અર્થ છે થયેલી ભૂલોને ભૂલી જવી, 'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર' 'બધા જીવો કર્મવશ છે.' કર્મની પરવશતાથી ભૂલ થવી સહજ છે. ભૂલ થયા પછી સાચા ભાવે ભૂલનો એકરાર કરવો અને ફરી તે નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી તેમાં જ મહાનતા છે, તે જ ક્ષમાનો પરમાર્થ છે. અનુકૂળતાનો અર્થી અને પ્રતિકૂળતાનો અનર્થી બનેલા આત્મા માટે આ વાત કઠીન છે. તે તો પથ્થરનો જવાબ ઈંટથી આપવામાં માને છે અને તેથી જ વૈરવિરોધની પ્રતિક્રિયામાં ખુવાર થઈ જીંદગીના સત્ત્વને-ધૈર્યને પણ ગુમાવી દે છે. આવી અવસ્થામાંથી બચાવનાર હોય તો ક્ષમાપના છે. ક્ષમાપના એટલે હૈયાથી ક્ષમા માગો, હૈયાથી ક્ષમા આપો અને હૈયાને ક્ષમાથી હર્યુભર્યું કરી લો. ક્ષમાનો અર્થ ક્ષમા એ કાયરતા નથી પણ ક્ષમા તો વીરોનું સાચું આભુષણ છે, વીરત્વની પેદાશ છે.

ક્રોધ-વૈરાદિ ભાવો એ ચિત્તની તામસી પ્રકૃતિ છે. જ્યારે ક્ષમા એ સાત્ત્વિક પ્રકૃતિ છે. જગતમાં ક્રોધાદિ ભાવોનો આવિર્ભાવ સહજ છે પણ ક્ષમાને પામવા પ્રબલ પુરૂષાર્થ જરૂરી છે. આ ક્ષમા પણ જો વ્યુહરચનાનું, સ્વાર્થ જન્ય પ્યાદું બને તો તે પણ તેની સુંદરતા અને નિર્મલતા ગુમાવે છે.

ભૂલનો એકરાર કરવામાં કેમ શરમ આવે છે તે જ વાત સમજાતી નથી. ભૂલ કરવામાં શરમ આવવી જોઈએ પણ ભૂલનો સ્વીકાર કે એકરાર કરવામાં નહિ. પરન્તુ સાચી વાત એ છે કે અહંકાર જ જીવને ક્ષમા માગવામાં અંતરાયરૂપ બને છે. અહંકાર આત્મામાં એવી કઠોરતા જન્માવે છે જે અપરાધને અપરાધ જ માનવા દેતું નથી પરંતુ અપરાધનો બચાવ કરવા પ્રેરે છે. માટે અહંકારને જીતવા પ્રયત્ન કરીએ તો સાચી ક્ષમાપના થઈ શકે.

જેમ ક્ષમા માગવામાં અહંકાર બાધક બને છે તેમ ક્ષમા આપવામાં તિરસ્કાર બાધક બને છે. તિરસ્કાર જન્મે છે કટુતા-કડવાશમાંથી. જેના પ્રત્યે દુર્ભાવ-અપ્રીતિ હોય ત્યારે શું થાય તે આપણા સૌના અનુભવની વાત છે. માટે અપેક્ષાએ એમ પણ કહી શકાય કે ક્ષમા માગવા કરતાં પણ ક્ષમા આપવી તે કઠીન કામ છે. દુનિયામાં સ્વાર્થ ખાતર બધું જ ગૌણ કરનારો અને ભૂલી જનારો ધર્મ ખાતર ક્ષમા માગવા અને આપવામાં તેવો 'ઉદાર' કેમ બનતો નથી તે એક વિચારણીય વાત છે. જેમ દુનિયામાં કૂતરું માણસને કરડે, કે ગધેડો લાત મારે પણ સમજુ માણસ કૂતરાને કરડવા કે ગધેડાને લાત મારવા જાય ખરો ! તેમ અહીં સાચી ક્ષમાપના કેમ થતી નથી. તો કહેવું પડે કે, હજી વિશુદ્ધ કોટિનો આરાધક ભાવ પેદા થયો લાગતો નથી. ક્ષમાના આ પરમાર્થને સમજી, આત્મસાત્ કરી સૌ આરાધક પુણ્યાત્માઓ સાચા ભાવે પરસ્પર ક્ષમાપના કરી-કરાવી સાચા આરાધક ભાવને કેળવી ક્ષમાના પરમોચ્ચ ફળ મોક્ષ લક્ષ્મીના ભાજન બનો તે જ હાર્દિક મંગલ મનોકામના.

■ ■ ■

સમાચાર સાર

● **ધંધુકા** : પૂ. મુ. શ્રી તત્ત્વ રત્ન વિ. મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ આરાધના સુંદર થઈ પૂ. સા. શ્રી નિર્વાણ રિદ્ધિશ્રીજી મ. એ માસ ખમણ કર્યું હતું. પર્યુષણ પછી પણ પ્રવચનમાં સંખ્યા સારી થતી.

● **બોરીવલ્લી - ચંદાવકર લેન** : પૂ. આ. શ્રી વિજયચંદ્રોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મહાબલ સૂરીશ્વરજી મ.,પૂ. પૂણ્યપાલ સૂ. મ., કનકશેખર સૂ. મ., પૂ. ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. કીર્તિયશ સૂરિશ્વરજી મ. આદિની નિશ્રામાં મુમુક્ષુ કેતનાબેન દેવશીભાઈ દેઢિયાની દીક્ષાનું માગસર સુદ ૩ ના ઠાઠથી આયોજન થયું. તે માટે કારતક વદ ૧૦ થી મા.સુદ ૩ સુધી બૃહદ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ યોજાયો હતં .

● **મંડાર** : પૂ. આ. શ્રી વિજય અભય દેવસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મંડારથી આબુદેલવાડા સંઘ નીકળ્યો માગસર સુ. ૭ના તીર્થમાળા થઈ સિંધી ઝવેરચંદ જેઠાજી તરફથી સંઘ નીકળ્યો.

● **ડભોઇ** પૂ. ચરિત્રપ્રભ વિ. મ. ના ૨૫ વર્ષના દીક્ષા પર્યાય પર્યુષણ આરાધનાના ઉજવાયો હતો શાંતિસ્નાત્ર આદિ કારતક વદ ૭ થી કારતક વદ ૧૪ સુધી સુંદર રીતે યોજાયો.

● **પુના** : ફાતીમાનગરે પૂ. આ. શ્રી વિજયજયકુંજર સૂરીશ્વર મ., પૂ. આ. શ્રી વિજય મૂક્તિપ્રભ સૂરીશ્વરજ ની નિશ્રામાં અંજનશલાકા થયેલી. પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની મૂર્તિની પ્રતિષ્ઠા કારતક વદ પના પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઠાઠથી થઈ.

● **બોરસદ** : અત્રે પૂ. આ. શ્રી વિજયગુણશીલ સૂરીશ્વરજી ની નિશ્રામાં પર્યુષણની વિશિષ્ટ તપસ્યા આદિ આરાધનાના ઉધાપન નિમિત્તે ૩ સિદ્ધિચક્ર પૂજનો, બે ૧૦૮ પાર્શ્વનાથ પૂજનો, વીશ સ્થાનક પૂજન, ઋષિમંડળ પૂજન, બૃહદ, અષ્ટોત્તરી સ્નાત્રાદિ સાથે ઉજવાયો મહોત્સવ ભાદરવા વદ ૯ થી આસો સુદ ૨ સુધી યોજાયો. પાંચ સાધર્મિક વાત્સલ્ય સારી રીતે થયું.

● **કલકત્તા** : અત્રે ભવાનીપૂરમાં પૂ. મુનિશ્રી વૈરાગ્ય રતિ વિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી હેમતલાલ છગનલાલ મહેતા (વાંકાનેરવાળા)ના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર ધર્મપત્ની શ્રી વિનોદીબેન તથા ચિ. કમલેશકુમાર આદિ તરફથી ભાદરવા વદ ૧૪ થી આસો સુદ સુધી શાંતિસ્નાત્રાદિ પંચાહ્નિકા મહોત્સવ સારી રીતે ઉજવાયો.

● **મંડાર** : અત્રે પૂ. આચાર્ય શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ આરાધનાની અનુમોદનાર્થે ભાદરવા વદ ૧૩ થી આસો સુદ ૫ સુધી શાંતિસ્નાત્રાદિ અઠ્ઠાઈ મહોત્સવ આસો સુદ ૯ સુધી ઉપધાન તપ ઉજવાયો.

● **પાદરા નગરે** : પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. પૂન્યધન વિ. મ. નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ના થયો તે દિવસે સામુદાયિક આયંબીલ તેમને ૩૩ રૂા. ની પ્રભાવના સંઘ પૂજન ૧૫ રૂા.નું થયેલ. પંચકલ્યાણક પૂજા બપોરે વિજયરાજ હજારીમલજી મુંબઈવાળા તરફથી ભણાવાયેલ. રોજ નિયમિત સવારે ૭-૩૦ થી ૮-૩૦ શ્રી ધર્મબિંદુગ્રંથ તથા સમરાઈચ્ચ કહા ઉપરનાં પ્રવચનો થયેલ. લોકો સુંદર લાભ લેતા હતા. અષાડ વદ ૧૪ના પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની ૮ મી પુણ્ય તિથિની ઉજવણી થવા પામી હતી અને શ્રાવણ સુદ ૧૧-૧૨ પૂ. પં. ભદ્રાનંદ વિ.

મ. ની ૧૪ મી પુણ્યતિથિ નિમિત્તે મુંબઈ નિવાસી મુલચંદજી હીરાચંદ સંઘવી તરફથી મહાપૂજા તથા ૪૫ આગમની રચના સાથે પૂજા ભણાવામાં આવી હતી. બહુ સુંદર આયોજન થયેલ. અણ પ્રાતિહાર્ય તપ તથા ૪૫ આગમ તપની પણ પૂર્ણાહુતિ થઈ છે.

● **કલકત્તા ભવાનીપુર** : અત્રે પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય રત્નો બંધુ બેલડી પૂ. મુ. શ્રી વૈરાગ્યરતિ વિજયજી મ., પૂ. મુનિશ્રી પ્રશમરતિ વિ. મ. ની નિશ્રામાં સુંદર આરાધના થયેલ. દરરોજ જુદા જુદા વિષય ઉપર પ્રવચનો તેમજ તત્ત્વજ્ઞાન પીરસાતું હતું. પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની ૮ મી તિથિની ઉજવણી ૩ દિવસનાં ગુણાનુવાદ આદિપૂર્વક સુંદર રીતે થઈ હતી. નવકાર તપ સવાલાખ જાપ તથા પુષ્પ પૂજા વગેરે થયા હતાં.

● **અમદાવાદ વાસણા શેફલી જૈન સંઘમાં** : પૂ. આ. શ્રી વિજયકનકચંદ્ર સૂરીશ્વરજી મ. ની ૧૭મી સ્વર્ગારોહણ તિથિ પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ., પૂ. મુ. શ્રી યશકીર્તિવિજય મ. ની નિશ્રામાં ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શાંતિસ્નાત્ર આદિ સહ નવહ્નિકા મહોત્સવ આસો સુદ ૩ થી આસો સુદ ૯ સુધી ભવ્ય રીતે ઉજવાયો. આસો સુદ ૯ ના પૂ. આ. મ. ના ગુણાનુવાદ સારી રીતે થયા હતા.

● **ઈચલ કરંજી (મહા.)** : અત્રે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયમાં અંજનશલાકા પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજી મ., પૂ. વિદ્વાન મુ. શ્રી અક્ષય વિજયજી મ. ની નિશ્રામાં કારતક વદ ૫ થી કારતક વદ ૧૪ સુધી ભવ્ય રીતે ઉજવાયો. અજંનશલાકાનો સપુતારા પરિવાર તરફથી લાભ લેવાયો છે.

● **માડકા (ઉ.ગુ.)** : અત્રે દોશી ચુનીલાલ સવજીભાઈ પરિવારના સમકિતભાઈ અમૃતલાલની દીક્ષા પૂ. આ. શ્રી વિજય રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કારતક વદ ૧૨ના ઠાઠથી થયેલ. આ પ્રસંગે કારતક વદ ૮ થી કારતક વદ ૧૨ સુધી ઉત્સવ યોજાયો હતો.

● **અમલનેર** : પૂ. પાદ ગૌતમ સ્વામી મ. તથા પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની મૂર્તિ ની પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં કારતક વદ ૭ના રોજ ઠાઠથી થઈ.

● **બેટાવદ (ધુલીયા)** : અત્રે પૂ. શ્રી ગૌતમ સ્વામીજીની મૂર્તિની પ્રતિષ્ઠા તથા નૂતન ધર્મશાળાના ઉદ્‌ઘાટન પ્રસંગ પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં કારતક વદ ૯ના ઉજવાયો.

● **અમદાવાદ** : આંબાવાડી પૂ. ઉ. શ્રી વિમલસેન વિ. મ., પૂ. પં. શ્રી નંદીભૂષણ વિ. મ. આદિની નિશ્રામાં મનીષાબેન રમણલાલ ગાંધી ખંભાતવાળાની દીક્ષા કારતક વદ ૯ના તથા એ નિમિત્તે ૩ દિવસનો ઉત્સવ ઉજવાયો.

● **વઢવાણ** : અત્રે પૂ. મુ. શ્રી ધૃવસેન વિ. મ. ની નિશ્રામાં સારી આરાધના થઈ. અંતિમ દેશના શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર પ્રવચનમાં વચાતું હતું. રાંકડી છઠ્ઠ સામુદાયિક આંબેલ, અઠ્ઠમ થયા. પૂ. રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની તિથિ ઉજવાઈ પૂ. રાજતિલક સૂરીશ્વરજી મ., પૂ. કનક સૂરીશ્વરજી પૂ. માનતુંગ સૂરીશ્વરજી મ.ના ગુણાનુવાદ થયા. ગણધર દેવવંદન ચૈત્ય પરિપાટી થયા.

● **જલગાંવ** : અત્રે શ્રી વાસુપૂજય સ્વામિ દેરાસરે પૂ. વૈરાગ્યવારિધિ આ. ભ. શ્રી વિજય યશોદેવ સૂરીશ્વરજી મ. ની ૨૮મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. મ. શ્રી નંદીશ્વર વિજયજી મ. તથા પૂ. સા. શ્રી ઈન્દુશ્રીજી મ. ની નિશ્રામાં કારતક સુદ ૧ થી કારતક સુદ ૮ સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, શ્રી વીશ સ્થાનક પૂજન, શ્રી અર્હદઅભિષેક મહાપૂજન આદિપૂર્વક અઠ્ઠાઈ મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

● **ખેડબ્રહ્મા** : પૂ. આ. શ્રી વિજય કલમરત્ન સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયઅજીત રત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂજયોના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા આરાધનાના ઉધાપનાર્થે કારતક સુદ ૭ થી કારતક સુદ ૧૧ સુધી શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ સાથે પંચાહ્નિકા મહોત્સવ ઠાઠથી ઉજવાયો.

● **પેઠ વડગાંવ** : અત્રે પૂ. મુ. શ્રી પૂ. રક્ષિત વિ. મ. આદિની નિશ્રામાં ચાર્તુમાસ પૂર્ણાહુતિ પ્રસંગે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન આદિ પંચાહિનકા મહોત્સવ કારતક સુદ ૧૨ થી કારતક વદ ૧ + ૨ સુધી સુંદર ઉત્સાહ પૂર્વક ઉજવાયો.

● ઘંઘુકા : અત્રે પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિજયજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી નિર્વાણસિદ્ધિશ્રીજી મ. ના માસખમણ તથા સંઘમાં થયેલી તપસ્યા નિમિત્તે ભાદરવા વદ ૯ થી ભાદરવા વદ ૧૩ સુધી શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ ઉજવાયો. પૂ. સા. શ્રી સૂર્યરેખાશ્રીજી મ.ની નિશ્રામાં બહેનો એ સારી આરાધના કરી.

● **વેરાવળ** : અત્રે પૂ. આ. શ્રી વારિષેણ સૂ. મ. આદિની નિશ્રામાં સુંદર આરાધના થયેલ. ત્રણ માસ ખમણ વગેરે સારી તપસ્યા થઈ છે. વરઘોડો પ્રભાસપાટણ ચૈત્ય પરિપાટી સાધર્મિક વાત્સલ્ય પૂજનો થયા. ઉપધાનની વિચારણા ચાલે છે.

● **ભેટ મળશે** : પૂણ્યાનંદ પિયૂષ પ્રેરણા પુસ્તક ત્રણ રૂા. ની સ્ટેમ્પ મોકલનારને ભેટ મળશે. પૂણ્યાનંદ પ્રકાશન જૈન મંદિર વેરાવળ ૩૬૨ ૨૬૫. (ગુજરાત)

● **અમેરિકા** : ન્યુ જર્સી સેન્ટરમાં શ્રી કુમારપાળ દેસાઈના પ્રવચનો યોજાયા હતા. ૫૮ જેટલી તપસ્યાઓ થઈ હતી. જન્મ વાંચનન દિવસે ૨૨૦૦ જેટલી સંખ્યા થઈ હતી. આગામી પર્યુષણ માટે લોસ એન્જલ્સ ૨૦૦૧ માટે બેલ્જીયમ સેન્ટર વર્ષ ૨૦૦૨ માટે, જૈન સેન્ટર ન્યુયોર્ક ૨૦૦૩ માટે ન્યુજર્સીને આમંત્રણ આપ્યું છે.

● **કોલ્હાપુર** : લક્ષ્મીપુરી ચાતુર્માસ આરાધનાની ઉજવણી રૂપે શાંતિસ્નાત્ર સહિત પંચાહિનકા મહોત્સવ પૂ. મુ. શ્રી ભવ્યચંદ્ર વિ. મ. આદિની નિશ્રામાં ભાદરવા સુદ ૧૩ થી ભાદરવા વદ ૨ સુધી ઠાઠથી ઉજવાયો.

● **ચરવડા (પુના)** : ચાતુર્માસ આરાધનાના ઉધાપનાર્થે પૂ. મુ. શ્રી મોહન દર્શન વિજયજી મ. પૂ. મુ. શ્રી સમ્ય દર્શન વિ. મ. આદિની નિશ્રામાં પંચાહિનકા મહોત્સવ ભાદરવા સુદ ૧૩ થી ભાદરવા વદ ૨ સુધી વીશ સ્થાનક પૂજન, શાંતિસ્નાત્ર પૂજન સહિત ઉજવાયો.

● **બોરીવલી ચંદાવરકરલેન** : પૂ. આ. શ્રી વિજય મહાબલ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણ મહાપર્વની આરાધનાદિના અનુમોદનાર્થે ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક, સિદ્ધચક્ર મહાપૂજન આદિ સહિત ભાદરવા સુદ બીજી પાંચમથી ભાદરવા સુદ ૧૨ સુધી ભવ્ય રીતે ઉજવાયો. સંઘમાં ૪૧ ઉપવાસ, ૧ ૩૬/૧, ૩૮/૨, ૧૬/૨, ૧૪/૧, ૧૨/૧, ૧૧/૧૪, ૧૦/૩, ૯/૧૪, ૮/૧૩૫ અક્રમ ૨૨૫, કંઠા ભરણ ૧૯૫ વિ. તપ થયા હતા.

● **ડીસા** : ધર્મનગરી અત્રે પૂ. ઉ. શ્રી મહાયશ વિજયજી મ., પૂ. મુ. શ્રી ધરેશ્વરવિજયજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્યુષણ આરાધનાના અનુમોદન નિમિત્તે ભાદરવા વદ ૧ થી ભાદરવા વદ ૯ સુધી અક્રાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

● **ધર્મનગરી માટુંગા** : પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજયકીર્તિયશ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શેઠ તલકચંદ જશાજી તરફથી સ્વ. જયંતિભાઈ તથા વિનોદભાઈ પુત્રવધુ શ્રીમતી જ્યોતિબેન તથા અંજનાબેન ગૌતમ કમલ તથા કંઠાભરણ તથા શ્રીમતી વૈશાલીબેન વિરલકુમારના ગૌતમ કમલ તપની અનુમોદનાર્થે ભાદરવા સુદ ૨ થી ભાદરવા સુદ ૫ તથા ૬ પૂ. શ્રીનું પ્રવચન તથા તપસ્વીઓના પારણા તથા સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય યોજાયું હતું.

● **અમદાવાદ** : પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ. નું ચાતુર્માસ પરિવર્તન શાહ કલ્યાણભાઈ મણિભાઈ પરિવાર તરફથી હ. શાહ ચંદ્રકાંત કલ્યાણભાઈ પ્રીતમનગરનો બીજો ઢાળ એલીસબ્રીજ અમદાવાદ ઉત્સાહપૂર્વક થયું હતું.

* * * *

શાસન સંરક્ષક પરમશાસન પ્રભાવક પૂ. આ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમીત્તે ઠેર ઠેર યોજાયેલ ભવ્ય મહોત્સવો

● **બારસદ** : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અષાડ વદ ૧૩ થી અમાસ સુધી સિદ્ધચક્ર મહાપૂજન, ગુણાનુવાદ સામુદાયિક આંબેલ વગેરે રાખેલ. સંગીતકાર મુકેશ નાયક પાટણથી આવેલ.

● **પુના શુક્રવાર પેઠ** : શ્રી આદીશ્વર જૈન મંદિરે પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અષ્ટાહિનકા મહોત્સવ સ્વ. સંઘવી ડાયાલાલ લખમજી તથા માતુશ્રી ભાગ્યવંતાબેનના સ્વર્ગવાસ તથા આત્મશ્રેયાર્થે વીશ સ્થાનક પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા સંઘ વાત્સલ્યનું આયોજન ભવ્ય રીતે થયું હતું.

● **સાબરમતી અમદાવાદ** : શ્રી પુખરાજ આરાધના ભવનમાં પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ૧૮ અભિષેક ગુણાનુવાદ સભા અષાઢ વદ ૧૩ ૧૪ અમાસ ૩ દિવસ ભવ્ય રીતે થયા હતા.

● **માટુંગા ધર્મનગરી નપૂ હોલ** : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં વદ ૧૨, ૧૩, ૧૪ રવિ, સોમ, મંગળ. વીશ સ્થાનક પૂજન, શાંતિસ્નાત્ર, સાધર્મિક વાત્સલ્ય, ગુણાનુવાદ વગેરેનું ભવ્ય આયોજન થયું હતું.

● **નાસિક** : પૂ. મુ. શ્રી જયદર્શન વિજયજી મ. ની નિશ્રામાં વદ ૧૧ થી અમાસ સુધી શાંતિસ્નાત્ર, ૧૮ અભિષેક રથયાત્રા વરઘોડો, સાધર્મિક વાત્સલ્ય, વગેરે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

● **મુંબઇ** : મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય પૂ. આ. શ્રી વિનય વિજય વિચલક્ષણ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં અષાડ વદ ૧૧ થી અમાસ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શાંતિસ્નાત્ર, ગુણાનુવાદ સભાઓ વગેરે કાર્યક્રમોનું ભવ્ય આયોજન થયું હતું.

● **વાપી** : શાંતિનગરમાં પૂ. મુ. શ્રી આત્મરતિ વિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી પૂણ્યદર્શનાશ્રીજી મ. આદિની નિશ્રામાં અષાડ વદ ૧૨ થી અષાડ વદ ૧૪ સુધી ૧૮ અભિષેક, શાંતિસ્નાત્ર, ગુણાનુવાદ સભા વગેરે સુંદર આયોજન થયું હતું.

● **અમદાવાદ** : દાન સૂરીશ્વરજી જ્ઞાન મંદિર પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી પુણ્યકીર્તિ વિ. મ. આદિની નિશ્રામાં અષાડ વદ ૧૨ થી ૧૪ સુધી ૩ દિવસનો ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો.

● **થાન** : તરણેતર રોડ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂજા, નવકાર તપ નવ લાખ નવકાર જપ, ગુણાનુવાદ વિ. કાર્યક્રમ યોજાયો હતો

● **નવા ડીસા** : અત્રે પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસ પ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. શ્રી સ્વર્ગતિથિ તથા તેઓશ્રીના ૮૪ દિવસ સૂરિમંત્ર પીઠની અંખડ આરાધના નિમિત્તે શ્રી નેમિનાથનગરમાં અષાડ વદ ૧૧ થી અમાસ સુધી શાંતિસ્નાત્ર, ૪૫ આગમ પૂજા, ગુણાનુવાદ સભા વગેરેનું ભવ્ય આયોજન થયું.

● **સુરત ગોપીપુરા** : વિજય રામચંદ્ર સૂરીશ્વર આરાધના ભવનને આંગણે પૂ. શ્રીની ૮મી સ્વર્ગતિથિ તથા પૂ. મુ. શ્રી નયદર્શન વિ. મ. ની વદ ૧૩ની સ્વર્ગતિથિ નિમીત્તે અષાડ વદ ૧૧ થી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન, શાંતિસ્નાત્ર, અષ્ટાહિનકા મહોત્સવ ગુણાનુવાદ સભા વિ નું ભવ્ય આયોજન થયું.

● **પુના શુક્રવાર પેઠ** : પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી વિનોદ વિજયજી મ., પૂ. મુ. શ્રી ચંદ્રભૂષણ વિ. મ., પૂ. મુ. શ્રી જિનદર્શન વિ. મ., પૂ. મુ. શ્રી મોક્ષદર્શન વિ. મ. આદિની નિશ્રામાં અત્રે જુદા જુદા ઉપાશ્રયથી વિનંતીથી પધાર્યા હતાં. ગુરુગુણ સ્તવન, ગુણાનુવાદ સભા તથા સિદ્ધચક્ર મહાપૂજન, પધારેલાની સાધર્મિક ભક્તિ વિ. થયા. (જવણીનું આયોજન પંચદશા ઓસવાળ સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન ટેમ્પલ મનમોહન પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ, ચિંતામણી પાર્શ્વનાથ મંદિર સંઘ, સુવિધિનાથ જૈન મંદિર પરવડા, મુનિસુવ્રત સ્વામી સંઘ ફાતિમાનગર, શ્રી વર્ધમાન સ્વામી જૈન ટ્રસ્ટ સદાશીવ પેઠ પુના શહેર આરાધક સંઘ રવિવાર પેઠ સંભવનાથ સ્વામી સંઘ સેલવટા પાર્ક તરફથી આયોજન થયું હતું.

(ટાઈટલ-૨ થી ચાલુ)

દાનત ઉઠી જસ અણુ-અણુએ કુમત-વિકૃત ભક્ષવા,
શેલત ઘડી શાસ્ત્રાર્થની શાસન પ્રભુનું રક્ષવા;
પ્રજ્ઞા વર્યા સુર ગુરુ તણી આગમ રહસ્ય વિવક્ષવા,
પળ પળ તલપ મુઝ મન વધી સૂરિરામ ! તવ પથ રક્ષવા...૬

જસ કીર્તિને નિષ્ઠા-પ્રતિષ્ઠા ગુંજી ત્રિજગ ગુંબજે,
સમુદાય બહુ જનગણતણાં ઝુકયા પુનિત ચરણામ્બુજે;
જસ હામથી શાસનતણા સંકટ અને શક સૂલઝે
સૂરિરામ ! હા ! તવ વિરહથી છૂટકાર ના કયાં યે સુઝે...૭

'ખળ ખળ વહે તવને કીના કલ્લોલ પ્રભુ ! મમ હૃદયમાં,
ભડ ભડ દહે મહાનલ અને વિપ્લવ વિષોના ઉદયમાં;
અડીખમ રહે અંતર સદા નિહ્નન પૂરોના પ્રલયમાં
પૂરજો મદીય ભિક્ષાર્થને સૂરિરામ ! એહિ જ કામના...૮

સરવાણી તુમ શબ્દો તણી સ્મારક બની રહેશે સદા,
તુજ વચનની સરગમ તણી સિતાર પડઘાશે સદા;
આયુષ્ય અજરામર દીસે તવ નામનું જિન શાસને,
આધાર કયાં ઢુંઢવો હવે હિત કાજ તુમ વિણ ભવ વને...૯

સંવત ૨૦૫૫ અષાઢ વદ ૧૪ - સાવરકુંડલા

રચયિતા : મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મહારાજ...

સંપર્ક : શેઠ શ્રી ધર્મદાસ શાંતિદાસની પેઢી-સાવરકુંડલા

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

-પૂ.આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- શાતા એટલે દુઃખમાં દુઃખ ન થવું અને સુખમાં આસક્તિ ન થવી.
- જેને પુણ્યથી મળેલ સંસારની સઘળી ય ચીજો નુકશાન કરનારી લાગે તેને જ પુણ્યાનુબંધી પુણ્યવાળા કહેવાય બીજાને નહિ.
- દુનિયાના સુખમાં મોજમજાદિમાં મજા કરે તે જ્ઞાનીની દૃષ્ટિએ વિષ્ટાના કીડા જેવા છે.
- સાધુ-સાધ્વી અર્થ-કામના ત્યાગી. શ્રાવક-શ્રાવિકા અર્થ-કામનાવૈરી !
- જ્ઞાન પણ અર્થ-કામના પ્રેમી માટે અજ્ઞાન છે. તેનું જ્ઞાન જ તેની પાસે ખોટાં કામ કરાવે છે. તમને ય અનુભવ હશે કે આજના ભણેલાં-ગણેલાં જ બહુ ખોટાં કામ કરે છે. કાયદાના જાણકાર જ વધારે કાયદાનો ભંગ કરે છે .
- આખું જગત ખરાબ છે તે અર્થ-કામને લઈને. આખો સંસાર ચાલે તે અર્થ-કામને લઈને. નરક-તિર્યંચ ગતિ આ બેના પૂજારી માટે જ છે.
- જેમ દુઃખમાં દ્વેષ અસમાધિ છે તેમ સુખમાં રાગ પણ અસમાધિ છે.
- જે કોઈ ભૂલ કરે તે કાં અર્થને લઈને કાં કામને લઈને જ !
- 'મારાપણું' તે જ સંસાર ! મારાપણાનો અભાવ તેનું નામ 'મોક્ષ'!
- રાગાદિ તે જ સંસાર છે. તેના અભાવના સુખનો અનુભવ થાય તો આત્માના સુખનો અનુભવ થાય.
- બધા પાપોમાં મોટામાં મોટું પાપ ભગવાનના વચનથી ઊંધું વિપરીત બોલવું તે. ઉત્સૂત્ર-ભાષણ જો પાપ છે તેમ ઉત્સૂત્ર રસપૂર્વક સાંભળવું તે ય પાપ જ છે.

જૈન શાસન અઠવાડિક ● માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાપાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

श्री ... मन्दिर
... केन्द्र
श्रीमहावीर
कोबा (गांधी ... ३८२००९

જૈન શાસન

નમો ચઉવિસાએ તિત્થયરાણ
ઉસભાઇ મહાવીર પજ્જવસાણં

Received
11/11/2000

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૧૪ થી ૧૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

પ્રભુને સુંદર આંગી-અંલકારાદિ ઉત્તમ શુભભાવના જનક છે

પૂઆइ दंसणाओ,
रागित्तकप्पणा न धन्नाणं ।
जायइ भावुल्लासो,
कल्लाणपरंपरामूलं ॥
(શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય, ૧૪૧)

શ્રી વીતરાગ પરમાત્માની સુંદર પ્રકારે પૂજા-આંગી, અલંકારાદિના દર્શનથી 'શ્રી વીતરાગદેવ રાગી છે' એવી વિચારણા ધન્ય જીવોને થતી નથી, (અર્થાત અધર્મીઓને થાય છે) તેઓને તો કલ્યાણની પરંપરાના મૂળરૂપ સુંદર એવો ભાવોલ્લાસ થાય છે.

પૂજ્યપાદ પરમ શાસન પ્રભાવક સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ સિધ્ધાંતનિષ્ઠ,
સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આઠમી વાર્ષિક સ્વર્ગારોહણતિથિની
સમાધિસ્થળે થતી ઉજવણી પૂજ્યપાદશ્રીજીને સકલસંઘની ભાવભરી

卐 સ્મરણાંજલિ 卐

(રાગ : એય, મેરે વતન કે લોગો.....)

ઓ.... ઓ..... ઓ.... ઓ જૈન શાસનના પ્રેમી, ને જિનઆજ્ઞા અનુરાગી,
શાસનમાં આજે દિસે, જિનઆજ્ઞાની થતી હાનિ,
''આજ્ઞા પાલન શિવ આપે, વિરાધના ભવ રખડાવે,''
એ વીતરાગ સ્તોત્રની વાણી(૨) હૈયે ધરજો ભવિ પ્રાણી (૨)

હે સિધ્ધાંતનિષ્ઠ સૂરીશ્વર, અજોડ ગીતાર્થ, સુકાની,
આજ યાદ આવો છો પલ પલ, દિસતાં સિધ્ધાંતની હાનિ .....એ ટેક .....

વીર પ્રભુએ શાસન સ્થાપ્યું, સોંપાયું ગણધરરાયા,
અબાધિત પાટ ચલાવે, (૨) શાસનને વફા સૂરિરાયા,
જે શુધ્ધ પ્રરૂપક સોહે, જેની જિન સમ થાય ગણનાની ..... આજ ....(૧

ગુરુ 'પ્રેમ'ના પાટવી પ્યારા, **રામચન્દ્રસૂરિ** ગુરુરાયા,
શાસ્ત્ર-સિધ્ધાંત રક્ષક ન્યારા, (૨) વાચસ્પતિએ પંકાયા,
શાસન રખેવાળી કરતાં, કુરબાન કરી જિંદગાની .... આજ .... (૨

શાસન રક્ષા-પ્રભાવક કાર્યો, યાદ કરતાં મસ્તક ઝૂકે,
ના કરી કદી પ્રાણની પરવા, (૨) ખુમારી, ખમીર, આણા ઝળકે,
અભંગ રાખ્યો પ્રભુ મારગ, સદા લેતાં આગેવાની .... આજ ..... (૩

કેઈ લોકહેરીમાં તણાયા, કેઈ એકતામાં પલટાયા,
પણ આપ શાસનને સમર્પિત, (૨) જે જિન આજ્ઞાએ બંધાયા,
કલ્યાણકારી મલી ગુરુમાતા, અમ પ્રબલ પુણ્યની નિશાની .... આજ .... (૪

(અનુસંધાન ટાઈટલ - ૩)

आज्ञाराद्धा विराद्धा च. शिवाय च भवाय च

हालार देशोद्धारक पू. आ. श्री विजयअमृतसूरीश्वरजी महाराजની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

શ્રી [illegible] જ્ઞાનમંદિર

શ્રીમદ્ભાનીશ્વર જૈન આરાધના ભવન

કોબા (ગાંધીનગર) પિ [illegible]

તંત્રીઓ:
પ્રેમચંદ મંગળજી મુનકા (કચ્છી)
ભરત સુરજમલજી મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પ્રાણલાલ પદમશી ગુંદા (થાનગઢ)

વર્ષ : ૧૨) ૨૦૫૬ માગસર વદ ૧૩ મંગળવાર તા. ૪-૧-૨૦૦૦ (અંક : ૧૪/૧૭

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

એકતા કે અંધશ્રદ્ધા

જૈન શાસન એ જિન આજ્ઞાને આધીન છે જ્યાં જિન આજ્ઞા ન હોય ત્યાં જૈન શાસન નહિ.

ગઈ સંવત્સરી વખતે જેમને ઉદય તિથિની આરાધના કરી ન હતી તેમણે અનેક માર્ગો શોધવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પોત પોતાના વડિલો, પૂર્વજો અને શાસ્ત્રો, શાસ્ત્ર પાઠો તેનું સમર્થન કરનારાઓને પણ આ વિચારો ન આવ્યા આવ્યા તો જેમણે સત્તા હતી તેમણે ફેંકી દીધા અને જો ફેંકી શકવા સમર્થ ન હતા તેમણે દુઃખાતા હૈયા પોતાનું તથા વડિલોનું, પૂર્વજોનું અને શાસ્ત્રના વચનને ઉવેખવાના દુઃખ સાથે ખોટું કર્યું પરંતુ તેમાં વળી એકતાનો વિષય લાવીને પાંચમની પણ સંવત્સરી કરવાની પણ વાતો કરી.

કોઈપણ સમાધાનની વાતોમાં પાંચમની સંવત્સરી થાય તો સ્થાનકવાસીએ પણ પ્રતિક્રમણ તે દિવસે થાય તેમ ઉમેર્યું.

પરંતુ તેમની અજ્ઞાનતા તો એ છે કે જાણ્યા વિના એકતાની વાતમાં આવી ગેરસમજ લખે છે. તપાગચ્છના સંપને તોડી તે એકતામાં વળી સ્થાનકવાસીને જોડી આવી વાતો કરવી તે નર્યો ભ્રમ છે.

સ્થાનકવાસી સાંજના પ્રતિક્રમણ સમયની તિથિ માને છે આપણે સવારના સૂર્યોદયની એટલે પચ્ચક્ખાણની તિથિ માનીએ છીએ તેથી ભેદ થયા વગર ન રહે. સૂર્યોદય વખતે જે તિથિ હોય તે દિવસે તપાગચ્છમાં તે તિથિ ગણાય. અને સ્થાનકવાસીનાં ૩૦ ઘડીથી વધારે તિથિ હોય તો તે દિવસે સૂર્યોદયવાળી તિથિ-તિથિ ગણાય અને તપગચ્છ અને સ્થાનકવાસીએ એક દિવસે સંવત્સરી પ્રતિક્રમણ થાય. જો તે દિવસે તિથિ ૩૦ થી ઓછી ઘડીની હોય તો આગલે દિવસે સ્થા. ની સંવત્સરી થાય એટલે તપગચ્છવાળા પાંચમની સંવત્સરી કરીને સ્થાનકવાસી સાથે એકતા સંવત્સરીની થાય તે ભ્રમ છે. ઉદય ચોથની સંવત્સરીના દ્રોહમાંથી આ વાત બહાર આવી છે એટલે પાંચમની સંવત્સરી થાય તો સ્થા. ની ૩૦ થી ઓછી ઘડી વાળી પાંચમમાં આગલે દિવસે સંવત્સરી થાય અને આપણે પાછલે દિવસે સંવત્સરી થાય.

બીજા ન જાણે તે સમજ્યા પણ એકતાની મહત્તા આંકનારાની પણ આટલી ટૂંકી બુદ્ધિ છે એકતાની અંધશ્રદ્ધા છે ?

કલકત્તાના સૂર્યોદયને નામે વિતંડા

કલકત્તાના સૂર્યોદયને આગળ કરીને મંગળવારની સંવત્સરી ચગાવનાર પણ તિથિ કે સંવત્સરીની આરાધનાના હેતુને ઓળખનારા નથી.

વિશ્વમાં ગ્રિન્વિચમાં રાત્રે ૧૨ વાગ્યા પછી ૧ વાગ્યાની શરૂઆત થાય છે ભારતમાં અલ્હાબાદના બપોરના ૧૨ વાગ્યે ત્યારે ભારતમાં બાર વાગ્યા ગણાય છે. અમુક વર્ષો પહેલા લોકલ ટાઈમ અને સ્ટાન્ડર્ડ ટાઈમનો વહેવાર હતો તે હવે નથી.

શ્રી જૈન શાસનમાં પહેલાં જૈન ટીપ્પણ હતું તે વિચ્છેદ થઈ ગયું છે વિ. સં. ૧૪૪૭ની સાલના ગ્રંથમાં પ્રત્યક્ષ અને લોકવ્યવહારથી જૈન ટીપ્પણ સ્પષ્ટ બતાવતાં લૌકિક ટીપ્પણાનું સ્વીકાર થયો તેમ લખેલું છે તેથી તે પૂર્વે ગયે ત્યારે જૈન ટીપ્પણ વિચ્છેદ થયું છે તે નકકી છે અને છેલ્લે જોધપુરીય ચંડાશુચંડુ પંચાંગ જૈન સંઘમાં સ્વીકારાયું હતું. ૨૦૧૪માં જૈન સંઘે જન્મભૂમિ પંચાંગનો સ્વીકાર કર્યો અને

પરંતુ આ સંવત્સરી પ્રશ્ન આવ્યો ત્યારે જેમને સિદ્ધાંતની અપેક્ષા ન હતી તેમણે કલકત્તાના સૂર્યોદયને [illegible] એવા પ્રકારની જાહેરાત થઈ કે મંગળવારની સંવત્સરી આરાધના કર્યો કલકત્તાવાળાને જેટલી ચિંતા ન હતી તેટલી [illegible] છે અને તે માટે જો શંખેશ્વર મહાતીર્થમાં અને શ્રી ચિંતા મંગળવારની સંવત્સરી કરનારને હતી અને તે ચિંતા એ [illegible]ીરનાર મહાતીર્થમાં રાત્રે બાર વાગ્યે ઘંટનાદ થશે. માટે હતી કે રખે લોકો સોમવારની સંવત્સરી ભળી જાય. શંખેશ્વરજીમાં રાત્રે ત્રણસોક ભાવિકો પહોંચી ગયા હતા અને ટેલીફોનની ઘંટડીઓ પણ ચાલુ થઈ ગઈ હતી. પરંતુ રાત્રે ઘંટનાદ થયો નહી એટલે દેવી સંકેત પણ મંગળવારને બદલે સોમવારની સંવત્સરી સાચી છે તેમ આ સંકેતનો અર્થ થયો અને પૂ. આ. ભ. શ્રી વિજય હિમાંશુસૂરીશ્વરજી મ. એ સોમવારની સંવત્સરી કરી.

પરંતુ તે માટે કોઈ વિચારણા કરવાની તેમને ફુરસદ ન હતી. માત્ર સંવત્સરીનો સૂર્યોદય જ કલકત્તાનો કેમ જોયો ? બારમાસમાં અનેક તિથિઓનો સૂર્યોદય પણ તે રીતે આવે છે તે કેમ ન જોયા ?

આરાધના માટે જ્યાંનું જે પંચાંગ માન્ય હોય તે પંચાંગ મુજબ આરાધના કરવી જોઈએ નહિંતર અનવસ્થા વિ. થાય. વર્ષો પૂર્વ પૂ. આ. શ્રી વિજયઓંકાર સૂરીશ્વરજી મ. સાથે કલાકો સુધી આ વિચારણા થઈ હતી અત્યારે જે વ્યવસ્થા છે તે જ યથાર્થ છે તેમ બેઠું હતું. ગામે ગામના સૂર્યોદય મેળવવાથી તો અનવસ્થા થઈ જાય છે.

વિશેષમાં મુંબઈના સૂર્યોદયથી નાઈરોબીનો સૂર્યોદય ૨ કલાક અને ૨૪ મિનિટ પછી થાય છે તો તેમને કેટલીય તિથિઓ ફરી જાય છે પરંતુ તેઓ ભારતના પંચાંગ મુજબ જ સૂર્યોદયની તિથિ માને છે લંડન યુ. કે. માં બારમાસ માં અમુક દિવસોમાં ૧૬ કલાક દિવસ ૮ કલાક રાત અને અમુક દિવસમાં ૮ કલાકનો દિવસ ૧૬ કલાકની રાત હોય છે. તેઓ પણ ભારતના સૂર્યોદય મુજબની તિથિ આરાધે છે જો ફેરફાર કરે તો અનવસ્થા થઈ જાય.

આમ કલકત્તાના સૂર્યોદયની વાત એક તેજો દ્વેષમાંથી પેદા થયેલી હતી અને સંઘ માન્ય પંચાંગની ઉદય તિથિની વ્યવસ્થાને તોડવાની વાત કરતા સોમવારની સંવત્સરી સાચી હતી તેમાં દોરવાઈ ન જાય તે માટે રોકવાનો કે ભરમાવવાનો એક પ્રકારનો પ્રપંચ હતો. એટલું યાદ રાખો કે ભારતની બહાર પાંચ લાખ જૈનો છે. કલકત્તાવાળાની પણ તેમની પણ ઉપેક્ષા ન થઈ શકે. આ લખવાનો હેતુ એ છે કે સંવત્સરીનો વિવાદ અત્યારે નથી પણ સમજવાની તક છે તો જેને સમજવું હોય તે સમજી શકે.

સોમવારની સંવત્સરી સાચી તે દૈવી સંકેત

સોમવારની સંવત્સરી સાચી તેવો દૈવી સંકેત પણ પ્રગટ થયો છે. પરંતુ લોકોને દેવી પ્રભાવથી ભરમાવવા અને છેતરવાનો ધંધો કરતા એવા દૈવી ચમત્કારવાળાને પણ આ સંકેત દૃષ્ટિરાગના દોષને કારણે પહોંચ્યો નથી.

શ્રદ્ધા જીતે કે સોદો ?

જાણવા પ્રમાણે મહાત્માએ જાહેર કરેલુ કે હું તો મારા ગુરુ કરી ગયા તેમ સંવત્સરી સોમવારે કરીશું પછી તે મહાત્માની આચાર્ય પદવી થઈ અને કોઈએ કહ્યું કે પદવીના બદલામાં ગુરુની સંવત્સરી છોડવાની છે! તેમણે કહ્યું કે તેમ નથી. પરંતુ તે નૂતન પૂ. આચાર્યદેવશ્રીને મંગળવારે સંવત્સરી કરવાની થઈ અને તે મુજબ શ્રદ્ધાને બદલે દબાણ વધી ગયું સોદો તો હતો જ નહિ.

ગાંડા બાવળની જેમ ફેલાવો ?

એક આચાર્યશ્રી પુસ્તકમાં એવા ભાવનું લખ્યું કે રામચંદ્રસૂરિવાળા ગાંડાબાવળની જેમ બધી તરફ ફેલાઈ રહ્યા છે. અને અર્થ એ થયો કે બે તિથિ પક્ષ ચારે બાજુ ફેલાઈ રહ્યો છે.

જો કે મારી દૃષ્ટિએ બે તિથિવાળો પક્ષ ફેલાઈ રહ્યો છે તેમ નહિ પરંતુ બે તિથિવાળા પક્ષની સાચી વાતો બીજા સમજતા થયા છે અને તેથી જેને શક્યતો તે મુજબ કરે છે. કોઈ શક્ય ન હોય કે સમજણ ન હોય તે ન પણ કરે સદ્‌ભાવ તો તેમના તરફ વળી જાય છે.

બાકી ભરમાવવાની પકકડ ગમે તેટલી કરો પણ આચારની નબળાઈ, વિચારની નબળાઈ, વિલચેરોનો વધારો, બેંક બેલન્સની છૂટછાટ અને સત્યની વિમુખતા જો પોતે નહિ સુધરે તો સ્વયં પ્રપાત નોંધાવશે.

એક મિનિટ !

'તમારી પત્નીને હારમોનિયમને બદલે વાંસળી શીખવાડવાનું રાખો તો સારું...' 'કેમ ?'

'વગાડતાં વગાડતાં ગાય તો નહીં.' (મુંબઈ સમાચાર)

મહાભારતનાં પ્રસંગો

-શ્રી રાજુભાઈ પંડિત

❖ ભક્તિ સાટે સત્યના સોદા કરશો મા ❖

(પ્રકરણ-૬૦)

કુરૂક્ષેત્રના સમરાંગણમાં પાંડવો અને કૌરવો સૈન્ય સજ્જ થઈને સામસામે આવી ઉભા ત્યારે બન્ને પક્ષને સંમત યુધ્ધનો એવો નિયમ કરવામાં આવ્યો કે (૧) કોઈએ યુધ્ધભૂમિ સિવાય અન્ય સ્થળે શિબિરાદિમાં પ્રહાર ન કરવો.

(૨) શસ્ત્ર વગરના ઉપર તથા સ્ત્રી ઉપર પ્રહાર ન કરવો.

ત્યાર પછ પ્રૌઢ રથ ઉપર આરૂઢ થયેલા ભીમ તથા અર્જુન ધૃષ્ટદ્યુમ્નનું રક્ષા કવચ બનીને તેનું રક્ષણ થાય તે રીતે ગોઠવાઈને સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નને મોખરે કરીને આગળ આવ્યા.

શત્રુ સૈન્યની ઉડી રહેલી સેંકડો પતાકાઓ જોઈને અર્જુને સારથિ કૃષ્ણ મુરારિને શત્રુની ઓળખ આપવા કહ્યું.

ત્યારે એક એક શત્રુ સૈન્યને જોઈને શ્રીકૃષ્ણે કહેવા માંડયું કે- ''પેલા તાડવૃક્ષના ચિન્હની ધજાવાળા, સફેદ ઘોડાના રથમાં છે તે રણભૂમિના કાળ જેવા ભીષ્મ પિતામહ છે. શત્રુનો સમૂળગો સંહાર એકલા જ કરી નાંખે છે.''

આ કળશની ધજાવાળા લાલ અશ્વના રથમાં આરૂઢ થયેલા યુધ્ધક્ષેત્રમા બેજોડ ધનુર્ધર ગુરૂ દ્રોણાચાર્ય છે.''

અને આ તરફ કમંડલુની ધજાવાળા પીળા અશ્વના રથમાં સાક્ષાત્ ધનુર્વેદ જેવા કૃપાચાર્ય છે.

આ દેખાય છે તે સર્પની ધજાવાળા લીલા અશ્વના રથમાં રહેલો દુર્યોધન છે, પાર્થ ! કે જેને પૃથ્વીને ભોગવતો જોઈને તારા બાહુઓ પીડા પામ્યા છે.

આ જો મત્સ્યજાળની ધજાવાળા પીળા અશ્વના રથમાં દુઃશાસન છે કે જેના ભયથી શત્રુઓ માછલાની જેમ ફફડતા રહ્યા છે.

અને આ પેલો સિંહપૂચ્છની ધજાવાળો રકત અશ્વના રથમાં આરૂઢ થયેલો ગુરૂદ્રોણપુત્ર અશ્વત્થામા છે કોઈથી કદિ ડર્યો નથી.

આ શલ્ય, પેલો જયદ્રથ, અહીં ભૂરિશ્રવા, દૂર દૂર દેખાય છે તે ભગદત્ત અને આ બીજા બધાં મહાબા ધરણીધરો છે, પાર્થ :

આ પ્રચંડ વીર્યવાન શત્રુઓ જયદ્વીપ તરફ આગળ વધી રહેલા યુધિષ્ઠિરને માટે વિકરાળ સમુદ્રો છે. જે સમુદ્ર ઉપર તારા ગાંડીવ ધનુષની નૌકાથી પસાર થતાં થત જયદ્વીપની પ્રાપ્તિ થવાની છે.''

પાર્થ સારથિ શ્રીકૃષ્ણની વાત સાંભળતાં જ હાથમ પણછ ચડાવીને સજ્જ કરેલા પ્રચંડ ગાંડીવ ધનુષને તજ દઈને અર્જુન રથમાં બેસી ગયો.

અને બોલ્યો - ગોવિન્દ ! આ નજર સામે શત્રુ પક્ષે ઉભા રહેલા ગુરૂ-સંબંધિ અને બંધુઓને હણવા મારૂ મન સ્હેજ પણ માનતું નથી. જે રાજ્ય, જે લક્ષ્મી અને જે પુરૂષાર્થ સ્વજનો-ગુરૂજનો અને બન્ધુઓના મોતથી ખરડાયેલી હોય તે રાજ્ય, લક્ષ્મી કે પુરૂષાર્થ શા કામના વાસુદેવ ! ?

જેમના ખોળાના કયારામાં વાત્સલ્યના પાણીથી સિંચાયેલું મારૂ શરીર રૂપી વૃક્ષ વૃદ્ધિ પામ્યું તે ભીષ્મ પિતામહના તે ખોળા (ખોળીયા) સુધી મારા બાણો શી રીતે પડી શકે ? તે પિતામહની સામે શું મારે આયુધો ઉંચકવાના ? એ વાત્સલ્ય મૂર્તિ સામે મારે વેરની બાણધારા ઓકવાની ?

ધનુર્વિદ્યાનો જે આમ્નાય પોતાના સગાપુત્ર અશ્વત્થામાને ન આપ્યો અને વાત્સલ્યથી મને આપ્યો, આ સંગ્રામમાં તે વિદ્યાદાતા ગુરૂદ્રોણની સામે આ અર્જુન શસ્ત્રો ઉગામશે ? ના વાસુદેવ ના. એ નહિ બની શકે.

અને આ બંધુઓ અત્યંત અપકારી હોવા છતાં બંધુઓ તો બંધુઓ જ છે, નાથ ! આ બંધુઓ સામે શર સંધાન કરતાં મારૂ ગાંડીવ ધનુષ શરમાય છે વાસુદેવ ! (સંગ્રામથી રથ પાછો વાળો)''

અર્જુનની અચાનક હૃદયપલ્ટાની વાતોથી વિસ્મય સાથે શ્રીકૃષ્ણે કહયું- પાર્થ ! આ સંગ્રામ છે. ક્ષાત્રધર્મની

શૌર્યતાપૂર્ણ વાતો જ અહીં થઈ શકે. (સ્વજનોના મોહમાં તણાયેલાઓ સંગ્રામ ખેડી ના શકે) આંખ સામે ગુરુ-પિતામહ-સ્વજનો ને બંધુજનો છે. ભૂતકાળનું તેમનું વાત્સલ્ય આજ આયુધો ધારણ કરીને તેમણે નામશેષ કરી નાખ્યું છે. સ્વજનો જ જ્યારે શસ્ત્રો ઉગામીને પોતાના પુત્રો સામે સંગ્રામ ખેડવા આવ્યા હોય ત્યારે તેમની સામે પ્રહાર કરવો એ ક્ષાત્રધર્મ છે, પાર્થ ! અહીં ભૂતકાળના વાત્સલ્યના વળતરણોને વિસરી જવા પડે છે, અર્જુન ! જે સ્વજનોને પુત્રો સામે શસ્ત્રો સજ્જ કરતાં શરમ ના નડી તેને સ્વજનો ગણીને સંગ્રામ છોડી દેવો તે પુત્રોની કાયરતા છે.

બંધુઓ ત્યાં સુધી જ બંધુઓ છે જ્યાં સુધી પરાભવ પમાડતા નથી. પરાભવ પમાડનારા બંધુઓનો તો બાહુબળથરે શીર્ષચ્છેદ કરી નાંખવાના હોય.

શત્રુને સાથ આપનારા તે સ્વજનો પણ જીવવાને લાયક નથી, પાર્થ !

વિશ્વના એક શ્રેષ્ઠ ધનુષધર જેવો તું જેનો ભાઈ હોય તે ભાઈઓના હાથમાંથી દુશ્મનો સામ્રાજ્યને આચંકી જાય અને તું જોતો રહેતો તે પણ તારા જેવા માટે શરમ છે. તેથી પાર્થ ! દયા તજી દે. ધનુષ ધારણ કર. બાણો ચડાવ અને પૃથ્વીનું સામ્રાજ્ય ભ્રાતૃચરણે ભેટ ધરી દે.

અને સ્વજનોનો અંત તો તેમના કર્મો જ કરવાના છે. તારે તેમાં માત્ર નિમિત્ત બનવાનું છે. નિરપરાધીનો વધ પાપ માટે થાય છે. પણ શત્રુના ઘરનારા અપરાધીને તો હણવા જ રહ્યા. તેથી પાર્થ ! ધનુષ ધારણ કર. અન્યથા તારા દેખતા જ શત્રુઓ તારા ભાઈઓને હણી નાંખશે.''

શ્રીકૃષ્ણની આ રાજનૈતિક વાતથી અર્જુન બેઠો થયો. ધીરે ધીરે કાર્મુકને (ધનુષને) હાથમાં ધારણ કરવા લાગ્યો.

અને બન્ને પક્ષે યુધ્ધારંભના શંખો ફૂંકાવા લાગ્યા.

બન્ને પક્ષના સૈન્યો શર સંધાન કરીને બાણો ચલાવે ત્યાં જ રથમાં ઉતરી જઈને ધર્મપુત્ર યુધિષ્ઠિર પગેથી ચાલીને શત્રુપક્ષ તરફ ચાલવા માંડયા. (આથી સૌને આશ્ચર્ય થયું)

યુધિષ્ઠિરે ભીષ્મ પિતામહ, કૃપાચાર્ય તથા દ્રોણાચાર્યને ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા. ત્યારે તે દરેકે ''વિજયી ભવ'' આવા જ આશીર્વાદ આપ્યા. પણ ધર્મપુત્રના તેજ સામે તેઓ અધર્મના પક્ષે હોવાથી લજ્જાથી નીચુ જોઈ ગયા.

તેઓએ કહ્યું- વત્સ ! આજે પણ હૃદયમાં તારા તરફ એટલું જ વાત્સલ્ય રહેલું છે. પરંતુ હે વીર ! અત્યંત ભક્તિપૂર્વક કૌરવોએ અમને ગ્રહણ કર્યા છે કે જેથી તેનો ત્યાગ કરી શકીએ તેમ નથી. અમારા વડે કૌરવો તરફ કાયાનો વેપાર કરી નંખાયો છે. અમે અમારા શરીરના સાદાગર બનીને કૌરવોની ભક્તિને અમારા શરીરો ધરી દીધા છે. જે શરીરનો સોદો અમારા પ્રાણ લીધા વિના રહેવાનો નથી. વત્સ ! યુધ્ધમાં ચોક્કસ તારો જ વિજય છે તેમાં કોઈ સંશય નથી કેમ કે જેના સૈન્યના મોખરે ધર્મ અને ન્યાય નામના બે દુર્ધર-દુર્જેય યોધ્ધા રહ્યા છે સદા તેનો જ વિજય થતો આવ્યો છે.''

આ રીતે ગુરૂવર તથા પિતામહના આશીર્વાદ લઈને સાક્ષાત્ વિજયની વરમાળા પહેરીને આવ્યા હોય તેમ ધર્મપુત્ર ત્યાંથી પાછા ફરીને ફરી પાછા પોતાના રથમાં રથારૂઢ બન્યા. અને સંગ્રામ શરૂ થયો.

(ધર્મના ભોગે ભક્તિ માટે શરીરના સાદા કદિ કરશો મા. જ્યાં રહીને ખાધેલું લૂણ સત્યની રક્ષા માટે અવાજ કરતા ગળાને ઘોંટી નાંખે એવા લૂણની શરમ ભરવી એ શરમજનક છે. લૂણ શરમ એવી ના ભરાય, જે શરમ સત્યનો સાથ કરવા જતાં ખચકાવી દે.)

જો...જો..હસતા નહીં

મગન : બેટા, તું નાપાસ કેમ થયો ?

રાજુ : મારી બાજુમાં બેઠેલા વિદ્યાર્થીને કંઈ જ આવડતું ન હતું. !

★★★★★★★

પત્ની : એવી કઈ વસ્તુ છે કે પુરુષોને ગમે છે પણ સ્ત્રીઓને ગમતી નથી ?

પતિ : મૌન :

★★★★★★★

ટિકુ : હાથીની જેમ શક્તિશાળી બનવા કયો ખોરાક લેવો જોઈએ ? ડોકટરે કહયું.

ટિકુ : ડોકટર સાહેબ પશુ આહાર..

(ગુજરાત સમાચાર)

પ.પૂ.સિદ્ધ તમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના યશસ્વી જીવનના છન્નુ વર્ષ તથા દીક્ષાના અગણ્યાએંશી વર્ષના અજોડ શાસન પ્રભાવના અને રક્ષાના કાર્યોની પુણ્યસ્મૃતિ અને જીવન ઝાંખી

સિધ્ધાંતનિષ્ઠ સૂરીશ્વરજી

● ગુરુ ગુણ સ્તવના ●

(દુહા)

શંખેશ્વર પુર સાહિબો, શંખેશ્વર જિનરાય,
પ્રણમું પા યુગ તેહના, વળી પ્રણમું ગુરૂરાય...૧
પરવા ન કરે પ્રાણની, જે જિન શાસન કાજ;
સૂરિવૃન્દ શિરોમણી, તે વંદુ ગુરુરાજ...૨
દુઃષમ કા ત્રે દિપતો, સાગર સમ ગંભીર;
જિન શા નનો દિવડો, **રામચન્દ્રસૂરિ** ધીર...૩
ગુણ એ ૨ ત્નના હું સ્તવું, સાંભળજો સમુદાય;
સાંભળતાં સુખ ઉપજે, હૈડે હર્ષ ન માય...૪
જીભ હોય સો સામટી, તોયે ગુણ ન ગણાય,
ગુણ વર્ણન એ ગુરુ તણું, તો મુજથી કેમ થાય...૫
નથી યોગ્ય તા માહરી, કે નથી શક્તિ ઉત્કૃષ્ટ;
તોયે હું ગુણ વર્ણવું, આજ બનીને ધિઠ્ઠ...૬
આજ્ઞા દેજે ઓ ગુરુ ! મુજ પર થા તું દયાળ;
ગુણગણ તાહરા વર્ણવી, હું પામીશ ભવપાર...૭
શાસન શ્રી મહાવીરનું, શોભે સુંદર આજ;
તેહની પાટે આવીયા, સૂરિવર અમ શિરતાજ...૮
પાટ પંચોતે૨ ઉપરે, વિજય દાન સૂરિરાય;
છોંતેરમી શોભાવતાં, પ્રેમસૂરિ મહારાય...૯
જ્ઞાતા કર્મ સાહિત્યના, મહોદધિ સિદ્ધાન્ત;
તેહ તણા ૧ ટ્ટધર પદે, એ ગુરુ જગ વિખ્યાત...૧૦
વહે ધૂરા શ સન તણી, ને... ભારતમાં પંકાય;
વ્યાખ્યાને વ ચસ્પતિ, સૌ મલી જસ ગુણ ગાય...૧૧
યુગ પ્રધાન સમ દીપતા, જિન શાસન મોઝાર;
લળી લળી પ્રણમું તેહને, અમ હૈયાના હાર...૧૨
પૂરો કરે નિજ આયુના, વર્ષ પંચાણું એહ;
અગણ્યાએંશી દિક્ષા તણા, ગાઉં ગુણ સસનેહ...૧૩

(સ્તવના)

(કોઈનો લાડકવાયો - રાગ ભૈરવી)

સકલ જીવના મંગલ કાજે, જિન આગમ છે રઢાળ;
હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વની, સમજ આપે તતકાળ;
જિનનું શાસન છે વિશાળ,
મુક્તિ મારગની એ નિશાળ... ૧
એવા એ મારગડે ચાલ્યા, સાધ્યા આતમ કાજ;
વીર પ્રભુ મહાવીર બનીને, લીધી મોક્ષની પાજ;
ચાલ્યું ભવ સત્યાવીશ જહાજ,
અંતે લીધું અવિચલ રાજ... ૨
વીર પ્રભુ નયસારના ભવમાં, પામ્યા સમકિત સાર;
પચ્ચીસમા ભવમાં એ આવ્યા, છત્રીકા નગરી મોઝાર;
બન્યા જિતશત્રુના સુકુમાર,
નામે ''નંદન'' રાજકુમાર... ૩
વીશ સ્થાનક તપ માસક્ષમણથી, આ ભવમાં આચરતા;
સવિજીવ શાસન રસીયા કરવા, ઉત્કટ ઈચ્છા ધરતા;
કરૂણા અંતરમાં ભરતા,
તીર્થંકર નામ કર્મ વરતા... ૪
રાય સિદ્ધારથ ત્રિશલા કુખે, ભવ છેલ્લે એ પધારે;
ત્રીસ વર્ષ સંસાર ભોગવી, સંયમ ધર્મ સ્વીકારે;
સમિતિ-ગુપ્તિ તણા સહકારે,
સંયમ પાળે એ અસિધારે... ૫
જનમ જનમના કર્મ બાળવા, પ્રભુ પ્રગટાવે હોળી;
તપ જપનો સથવારો લઈને, કાયાને રગદોળી;
સમતા ગુણથી શક્તિશાળી,
વીરતા સંયમમાં ધારી... ૬
સાડા બાર વરસ તપ તપતાં, ઉગ્ર પરીસહ વેઠ્યા;
શૂલપાણીને સંગમ કેરાં, ઘોર અનર્થો વેઠ્યા;
કર્મના પુંજોને બાળ્યા,
પુષ્કળ કર્મો એણે બાળ્યા... ૭

સકલ કર્મને દૂર ફગાવી, કેવલજ્ઞાનને પાયા,
શિવસુખ કેરા ઉપાય રૂપે, સંસાર અસાર સુણાયા;
મોક્ષના મારગ બતલાયા,
જગતારક પ્રભુ સોહાયા....૮
ગૌતમ આદિ અગીયાર વિપ્રને, દુર્ગતિથી ઉદ્ધરીયા;
તે સહુના શંસયને ટાળી, ગણધર પદથી ધરીયા,
ત્રિપદી નિજ મુખથી ઉચ્ચરીયા,
પ્રભુ આણાને સહુ વરીયા...૯
વીર પ્રભુને શાસન સ્થાપ્યું, સોંપ્યું ગણધર રાજ;
અબાધિત પાટ પરંપર ચલવે, શાસનના સૂરીરાજ;
અમારા વંદન હોજો આજ,
સ્વીકારો શાસનના શિરતાજ...૧૦
જિન શાસનની રક્ષા કાજે, કંઈ કંઈ જંગ ખેલાયા;
રક્ત રેડ્યા કેઈ જણ કેરા, કેઈના શીશ કપાયા,
કેઈના આતમ-ભોગ અપાયા,
કેઈ જણ ઈંટ બનીને દટાયા...૧૧
વીર શાસન ઉજ્વળ ઈતિહાસે, સૂરસમ સૂરિવરો ઝળકયા,
તેહની ઉત્તમ સાધના સાથે, શાસન ધ્વજ નિત્ય ફરકયા;
જેહના નામો જગમાં પ્રગટયા,
તેને જાણવા અંતર ઉલટયા...૧૨

૧ ૨ ૩ ૪ ૫
સ્વામી **સુધર્મા-જંબુ-પ્રભવ-શય્યંભવ-યશોભદ્ર** સૂરિ

૬અ ૬બ ૭ ૮અ ૮બ
સંભુતિ-ભદ્રબાહુ-સ્થુલભદ્ર-આર્યસુહસ્તી-મહાગિરિ;

૯ ૧૦ ૧૧
સુસ્થીત-ઈન્દ્રદિન્ન-દિન્નસૂરિ,

૧૨
વંદન હો સ્વામી સિંહગિરિ...૧૩

૧૩ ૧૪ ૧૫ ૧૬
જ[illegible]સ્વામી-વજ્રસેન ચંદ્ર ને, સૂરી સામંતભદ્ર સોહે;
શત્રુપ[illegible] ૭
[illegible] વૃદ્ધદેવસૂરિ પ્રદ્યુમ્નમાનદેવ (લઘુ) શાંતિ રચના મોહે;
ભક્તિપૂર્વક [illegible]
આવા જ્ઞ આશી[illegible]
અધર્મના પક્ષે હોવા[illegible]ર પડી બોહે,

૨૧ ૨૨ ૨૩
વીર-જયદેવ-દેવાનંદ સોહે...૧૪

૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮
વિક્રમ-નરસિંહ-સમુદ્ર-માનદેવ-વિબુધપ્રભ-સૂરી જાણો;

૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩
જયાનંદ-રવિપ્રભ-યશોદેવ-પદ્યુમ્ન-માનદેવ રાણો;

૩૪ ૩૫
વિમલચંદ્ર-ઉદ્યોતનને વખાણો,

૩૬ ૩૭ ૩૮
સર્વદેવ-દેવ-સર્વદેવ શાણો...૧૫

૩૯અ ૩૯બ ૪૦ ૪૧ ૪૨
યશોભદ્ર-નેમીચંદ્ર-મુનિચંદ્ર-અજીતદેવ-સિંહ રાયા;

૪૩અ ૪૩બ ૪૪
સોમપ્રભ-મણિરત્ન-જગતચન્દ્ર, તપસ્વીએ પકાયા;
જેથી તપાગચ્છ સોહાયા,
૪૫
કર્મગ્રંથ, **દેવેન્દ્રસૂરિથી** રચાયા.....૧૬

૪૬ ૪૭ ૪૮ ૪૯ ૫૦ ૫૧
ધર્મઘોષ-સોમપ્રભ-સોમતિલક-દેવ-સોમ-મુનિસુંદર;
સહસ્ત્રાવધાની બિરૂદ ધરાવી, સંતિકરં રચ્યું સુંદર,
૫૨
શ્રાદ્ધવિધિ કર્તા **રત્નશેખર,**
૫૩
લક્ષ્મીસાગર સૂરિ ધુરંધર...૧૭

૫૪ ૫૫ ૫૬ ૫૭
સુમતિસાધુસૂરિ-હેમવિમલ ને, આણંદવિમલ વળી દાન

૫૮ ૫૯
જગતગુરૂ **હીર** સૂરીશ્વરજીને, **સેન** સૂરીજી વખાણ;

૬૦ ૬૧
વિજય દેવ-સિંહ સૂરીશ્વર ખાણ,

૬૨ ૬૩ ૬૪૬૫
પંન્યાસ, **સત્ય-કર્પૂર ક્ષમા-જિન** જાણ... ૧૮

૬૬ ૬૭ ૬૮ ૬૯ ૭૦ ૭૧

ઉત્તમ-પદ્મ-રૂપ-કીર્તિ-કસ્તુર ને, મણિવિજયજી વડેરા,
વર્તમાન વીર શાસન રક્ષક, ગુણમાંહિ ગંભીરા;
શોભે ''દાદા'' નામથી શૂરા,
શ્રમણસંઘના વડીલ અનેરા... ૧૯

૭૨ ૭૩

બોંતેરમીએ **બુટેરાય** પછી, **વિજયાનંદસૂરી** આયા;
આગમના મૂળ તત્ત્વને જાણી, સંવેગ સંયમ પાયા;
જેણે કુમતિ પંથ છોડાયા,
કોઈને સત્ય માર્ગ દિખલાયા.... ૨૦

૭૪

તસ પાટે શ્રી કમલ સૂરી સાથે વીર વિજય ઉવઝાય,

૭૫ ૭૬

દાનસુરિ સકલાગમ વેત્તા, **પ્રેમ** સુરીશ્વર રાય,
કર્મ સાહિત્યે નિપુણ કહાય,
સિધ્ધાંત મહોદધિ પંકાય... ૨૧

૭૭

તેહ તણા પટ્ટધર ગુરૂવરજી **રામચંદ્રસુરિ** જાણો,
જેની શાસન રક્ષા નિરખી, દ્વેષી વર્ગ ખીજાણો
જેનું જીવન અદ્‌ભૂત વખાણો,
હવે કહું બાલ્યજીવને ગુરૂરાણો... ૨૨
જંબુદ્વિપના ભરત ક્ષેત્રમાં, દેશ ગુર્જર અતિ મોહે;
તિહાં નગર વડોદરા નજદિક, ગામ **પાદરા** સોહે;
દહેવાણ ગામે જન્મ થાવે,
સ્નેહી-સ્વજન આનંદ પાવે... ૨૩
સંવત ઓગણીસો બાવન ફાગણ વદી ચોથને દિવસે;
છોટાલાલ પિતાના કુળમાં, સમરત માતા કુક્ષે;
બાલક જન્મોત્સવ ઉત્કર્ષે,
આપ્યું નામ **''ત્રિભુવન''** હર્ષે... ૨૪
સાત પેઢીમાં લાડે ઉછરતા, નહીં ભગીની કે ભ્રાતા;
'પુત્ર લક્ષણ પારણીયે' જોતાં, કુટુંબી સહુ હરખાતા;
મુખડું જોઈ જોઈ ને મલકાતા,
ફૂલનો દિવડો એને કહેતા... ૨૫
એક માસના પલકારામાં, પિતા ગયા દેવ વાસે;
માતા કેરી મુખમુદ્રા પર, વિરહ વ્યથા ખુબ ભાસે,
પિતાની દાદીમા પાસે,
ઉછર્યા પ્રેમ ભર્યા ઉલ્લાસે... ૨૬
ધર્મ સંસ્કારની પીયુષધારા, દાદી સિંચવા લાગ્યા;
માડું 'રત્ન' શાસન શોભાવે, અંતર ભાવો જાગ્યા;
કાને મંત્ર ધર્મના નાંખ્યા,
જીવન વિરાગ ચિન્હો ભાખ્યા... ૨૭
ત્રણ વરસની વયે, ધર્મના બીજ રોપવા માંડ્યા;
આવશ્યક કરવા સંગાથે, રોજ સવારે ઉઠાડ્યા;
કટાસણ ઉપર બેસાડે,
ધર્મ ક્રિયા એને શિખવાડે... ૨૮
જિન મંદિરમાં દર્શન કરવા, નિત્ય દાદી લઈ જાતા;
ઉપાશ્રયે ગુરૂ વંદન કરતાં, સંયમના રસ પાતા;
ગુરૂવર ફળને વરણવતાં,
ત્રિભુવન દિલથી સાંભળતાં... ૨૯
નાનો બાલક પણ તેજસ્વી, બુદ્ધિ માંહે ચકોર;
સારું-નરસું પરખવાની, સમજણ હતી કંઈ ઓર;
સત્ય નિડરતા ગુણ ભરપૂર,
થનારૂં જિન શાસનનું નૂર... ૩૦
સાત વરસની બાલક વયમાં, માતા સ્વર્ગે સિધાવ્યા;
દાદીમા હવે સંયમ ભાવના, દ્રઢ કરવા સમજાવ્યા;
અભિગ્રહ વિશિષ્ઠ એને અપાવે,
નિશદિન પ્રાસુક પાણી પાવે... ૩૧
ધીરે ધીરે વૈરાગ્ય ભાવથી, જીવન શુભ રંગાયું;
ધર્મના અવિહડ અભિલાષથી, મન જિન ભક્તે ગુંથાયું;
સંસાર સુખથી ચિત્ત પલટાયું,
સંયમ ઝટ લેવા સમજાયું... ૩૨
સંયમ કેરી સંમતિ લેવા, દાદી પાસે આવ્યા,
વાત સાંભળી નંદન કેરી, આનંદ હૈડે ભાવ્યા;
નિજ વૃદ્ધાવસ્થાને જણાયા,
દીક્ષા 'હમણા નહિ' કહાયા... ૩૩
કાળક્રમે ગુરૂ દાન-પ્રેમના પરીચય માંહી આવ્યા;
દીક્ષા લેવી છે પણ દાદી, 'હમણાં નહિ' જણાવ્યા;
ગુરૂદેવ આયુ અનિશ્ચિત બતાવે,
જાણી દિક્ષા લેવા દ્રઢ થાવે... ૩૪
સઘળું કુટુંબ આ વાત જાણીને, સંસાર મોહે ફસાવું;
ત્રિભુવન કેરી દીક્ષા રોકવા, સ્વજન કુટુંબ ત્યાં આવ્યું;
ધમકીથી પૂજ્યાને ફરમાવ્યું,
દીક્ષા નહીં આપવાનું જણાવ્યું... ૩૫

કોઠારી કુટુંબનો સાથ લઈને, **ત્રિભુવન** ઘરથી ભાગે;
છાનો છપનો ચાલી નીકળી, ગુરૂદેવ પાસે આવે;
નિજના દિક્ષા ભાવ સુણાવે,
ઝટ આપોને એમ જણાવે... ૩૬
સ્નેહી સંબંધી સહુને વિસારી, નિકળ્યા **ત્રિભુવનદાસ**;
સત્તર વરસે સંયમ લેવા, ચિત્ત ધર્યો ઉલ્લાસ;
ઉત્તમ ભાવ હૃદય નિવાસ,
નિષ્ઠિક બ્રહ્મચર્ય સુવાસ... ૩૭
આત્મ સાધના કરવા કાજે, ગામ **જંબુસર** આયા;
ગુરૂ આજ્ઞા લઈ **ગંધાર** તીર્થે, પ્રયાણ કર્યું સુખદાયા;
છોડે સંસાર કેરી માયા,
માંગે સંયમની એ છાયા... ૩૮
ઓગણીસ અગણ્યોતેર પોષ માસની, સુદ તેરસ જયકારી;
પ્રેમગુરુ જી મળ્યું જવાહીર, જિન શાસન બલિહારી;
બન્યા એ **રામવિજય** અણગારી,
સાધ્યા **પ્રેમ** તણા પટ્ટધારી... ૩૯
સૂરીશ્વરજીનો સંયમ દિન એ, યાદ અનેરી આપે;
ગુણીયલ ગુરૂના ચરણની સેવા, ભવના બંધન કાપે;
ગુરૂની આત્મ સાધના રે,
શાસન જયવંતુ એ રાખે... ૪૦
મુનિવર **મંગલવિજયજી** હસ્તે, પ્રવજ્યાને એ પાવે;
જીવનનો સંઘર્ષ સુચવતો, દીપક બુઝ બુઝ થાવે;
અખંડિત રહેતા આંચ ન આવે,
નિર્વિઘ્ને કીરીયાને કરાવે... ૪૧
એમ ગુરૂનું સઘળું જીવન ઝંઝાવાતે વીતાયું;
શાસન પ્રશ્નો ધર્મ સંકટથી હોડ મહીં મુકાયું;
તથાપિ **વિજયવંત** લહેરાયું,
સદાયે જય જયકાર ગવાયું... ૪૨
ગુરૂ આજ્ઞાને વિનય-વૈયાવચ્ચ, અહનિશ એ આચરતા;
આચાર, કીરીયા, સ્વાધ્યાય માંહી, ક્ષણનો પ્રમાદ ના કરતાં;
સિંહ પેરે, સંયમ આચરતા,
જીવનમાં સાધ્વાચાર વણતાં... ૪૩
શિષ્યનું નૂર પ્રભાવક નિશદિન, ગુરૂ અંતરથી નિહાળે;
આ એક જ સમુદાયે 'રત્ન' છે, શાસનને અજવાળે;
જીના કાર્યો સહુ સંભાળે,
ગુરૂવર જ્ઞાનાભ્યાસમાં વાળે... ૪૪
ન્યાય, વ્યાકરણ, આગમગ્રંથોના, જ્ઞાતા બન્યા એ જગમાં;
જિન શાસનના રક્ષણ કાજે, ફના થવું રગરગમાં;
તત્ત્વ-સ્વાધ્યાય રંગ ઘટમાં,
શાસન વસ્યું રોમ રોમમાં... ૪૫
વિનય-વૈયાવચ્ચ-ક્ષયોપક્ષમની વદને તેજસ્વીતા ભાસે;
તે નિરખીને **કમલસૂરિ** આદિ, ગુરૂવર ભાવિ ભાખે;
'શાસન પ્રભાવક અપુરવ થાશે'
ને વળી **વાચસ્પતિ** એ કહેવાશે... ૪૬
વીરઉવઝઝાયાની આશિષ પામી, પ્રવચન પાટે બેઠા;
પ્રથમ ચોમાસે સિનોર ગામે, પહેલી દેશના દેતાં;
સમકિત ધારી અમીરસ પીતાં,
શ્રોતા સૌ જિનવાણી સુણતાં.. ૪૭
ઓગણીસ છોંતેર રાજનગરમાં, ચાતુર્માસે આયા;
અભક્ષ્ય ખાન-પાન હોટેલ-રેસ્ટોરાં, જૈનપુરીમાં જોયા;
ગુરૂ-શિષ્યથી નહીં સ્હેવાયા,
બહિષ્કાર કરતાં બંધ કરાયા.. ૪૮
વળી ભદ્રકાળી મંદિરમાં, બોકડાનો વધ થાતો,
તે જાણી ગુરૂ સાથ ત્યાં જઈને, પૂજારી સમજાવાતો;
તોયે પૂજારી નહીં માન્યો,
આંદોલન મારગ અપનાવ્યો.. ૪૯
માણેકચોકમાં મંડપ નાંખ્યા, **રામવિજયજી** આવે;
અભક્ષ્ય ભોજન-વધ હિંસાની, વાત વ્યાખ્યાને જણાવે;
સકલ સંઘ અહિંસા મન ભાવે,
યુવક સેના તૈયાર થાવે.. ૫૦
વધના દિવસે સંઘ સહીત, શૂરવીરો મંદિરે જાતાં;
પૂરજોશથી પ્રેરણા આપી, ''પાપ નહિ આચરતાં'';
અંતે વધ બંધ જાહેર થાતાં,
શાસને જયજયકાર ગવાતાં... ૫૧
મુનિવર તિલક વિજયની દિક્ષા, થઈ ઓગણીત્યાશીએ;
પત્ની અને કુટુંબીજનોએ, તોફાન કર્યું રાજનગરે;
ગુરૂ પર આપત્તિ ભારે,
તો યે હિમત એ નવિ હારે.. ૫૨
ન્યાયાધીશનો પત્ની મેળવવા, કોરટ કેસ માંડાયો;
રામવિજયની જુબાની સાંભળવા, ન્યાયાધીશ જાતે થાયો;
પાંચ માસનો સમય વિતાયો,
તોયે કાંઈ ચુકાદો ના આયો.. ૫૩

નિડરતાથી ન્યાયાલયમાં ગુરૂજી જુબાની પ્રસારે,
જિન આજ્ઞાને, શાસ્ત્ર સહારે, સત્ત્વ ફોરવતા ભારે;
ન્યાય આવ્યો ગુરૂવર વ્હારે,
શાસન ગાજે જય જયકારે... ૫૪
દાદાગુરૂએ શિષ્ય-પ્રશિષ્યને, તુરત ખંભાત બોલાયા;
શાસન કેરો ધ્વજ લહેરાવતાં, નગર માંહી પધરાયા;
ભવ્ય સન્માન આદેશ અપાયા,
સંઘને આનંદ ઉર ઉભરાયા... ૫૫
વળી ખંભાતે કાન્તિવિજયની દિક્ષા પ્રકરણ જાગ્યું;
એહ કેસ રાદાલતે ચાલતાં ગુરૂવર સત્ય દેખાયું;
કસ્તુર-અમરનું ખમીર પ્રકાશ્યું;
તોફાન અંતે સઘળું નાશ્યું... ૫૬
બાલદિક્ષાનો કાયદો આવતાં, દીક્ષા દુર્લભ થાતી;
સુધારકોનું જોર વધ્યું પણ, દુર્બળ નહીં ગુરૂછાતી;
ધર્મ રક્ષાની ફરજ જણાતી,
ગુરુવર પાછળ જનતા જાતી... ૫૭
ઓગણીએંશીરા રાજનગરમાં ''દિક્ષાબીલ'' વિરોધ જગાડયો;
મુંબઈ, વડોદરા, કચ્છ, સૌરાષ્ટ્રે, અનુપમ ડંકો વગાડયો;
શાસન પુણ્યોદય ફેલાયો,
દિક્ષા મારગ સુલભ બનાયો... ૫૮
સંઘ જનો ગુરૂ ગુણને નિહાળી, ગુરુતા આપવા કગરે;
પંન્યાસ પદવી **ઓગણીસીત્યાશી**, અલબેલી **મુંબઈ** નગરે;
''ઉપાધ્યાય'' એકાણું રાધનપુરીએ,
''સુરીપદ'' બાણુમાં મુંબઈએ... ૫૯
જિન શાસનના બન્યા સુકાની **રામચંદ્રસુરિ** પ્યારા;
ધર્મરક્ષા ને પ્રભાવનાના, કાર્યો કર્યા જેણે ન્યારા;
રોપ્યા બાલ દિક્ષાના કયારા,
શોભે શાસન જયજયકારા... ૬૦
ઓગણી નેવું એ રાજનગરમાં, મુનિ સંમેલન થાવે;
સર્વે પૂજ્યોને વિનંતી કરીને, જૈન પુરીએ બોલાવે;
ગામો ગામથી પૂજ્યો આવે,
પ્રશ્ન ઉકેલતાં આનંદ પાવે... ૬૧
સિદ્ધિ-દાન-લબ્ધિ-પ્રેમ સૂરી સાથે, ત્રણસો પૂજ્યો પધાર્યા;
શાસ્ત્રની ચર્ચા કરવા પન્યાસ, **રામવિજયજી** ઠરાવ્યા,
વડીલોની આજ્ઞાથી એ નિમાયા,
સુકાની સમુદાયે અપનાયા... ૬૨
સૂરીસમ્રાટ ને ધૂરંધરો સાથે, શાસ્ત્રીય વાતો કરતા;
પ્રત્યેક જણની દલીલો સામે, છણાવટ એકલા કરતા;
વિનયતા ગુણને એ ધરતા,
શાસ્ત્ર આજ્ઞાએ ઉત્તર દેતાં... ૬૩
પર્વ આરાધના તિથિ નિર્ણયનો, મતભેદ વર્ષોથી ચાલે,
શાસ્ત્ર સત્ય સમજાવે ગુરુજી, તોય ઉકેલ ના આવે,
સંઘ સત્ય શોધ દૃઢાગ્રહ રાખે,
તો ઝટ સત્ય પ્રકાશીત થાવે... ૬૪

ભગવાન શા માટે ?

એક કંકોત્રી વાંચી તે દેરાસર- ઉપાશ્રયના ભૂમિ પૂજનની હતી. પરંતુ તેમાં મણિભદ્ર ઘંટાકર્ણ નાકોડા પદમાવતી પણ મુકાશે તે પણ ૪૧-૫૧ ઈંચના. આ એક ઘેલછા છે સૌ જાણે છે કે દેવ દેવીને માનનારા પ્રભુજી કરતાં આ દેવ દેવીઓની પૂજા આરતી વિ.માં વધુ રસ લે છે અને તે વખતે પ્રભુજીની અવગણના જ થાય છે તો દેવ દેવીઓ લાવવા જ હોય તો પ્રભુજીનું અપમાન કરવા પ્રભુજીને ન લાવો. વળી મૂલનાયકની યક્ષ યક્ષિણી સિવાય જિન મંદિરમાં બીજા દેવ દેવી મુકવા તે પ્રભુજી અને તેમના શાસન દેવ દેવીનું અપમાન છે. દેવ દેવી પણ પ્રભુજીની ગાદીમાં સમાય તેવડા હોય પણ ૪૧-૫૧ ઈંચના ન હોય.

બાલ વાટિકા : રવિ શિશુ

પ્યારી ભૂલકાઓ,

શ્રાવણ મહિનો આવતાં જ ધર્મી જાગૃત થઈ જાય, સાવધ થઈ જાય, સૂતા હોય તો બેઠા થઈ જાય, બેઠા હોય તો ઉભા થઈ જાય, ઉભેલા હોય તો ચાલતા થઈ જાય અને ચાલતા હોય તો દોડતા થઈ જાય.

હે મહાનુભાવો ! તેનું કારણ શું ?

ધર્મમાં તેજી આવી છે. તેજીની તક સાંપડી છે.

બુદ્ધિમાન વેપારી તેજીની તક આવકારે છે. આંખો મીચીને ધંધો કરે છે. દિવસ રાત એક કરે છે. ગણતરી પૂર્વકના જોખમો ઉઠાવી મબલખ ચિક્કાર પૈસા મેળવે છે.

ધર્મ, ધર્મી, ધર્માનુષ્ઠાનોની તકને આવકારે છે સાધનાનો અવસર જાણી લે છે. સાધના કરવામાં મદદરૂપ બનતી આંખો, જીભ, કાન, પગ, હાથ, મન અને શરીર હજી સારા છે. રોગોએ હજી તંબુ તાણ્યા નથી. નાની મોટી તકલીફો શરીરમાં ઉભી થાય છે છતાં પણ શરીર દ્વારા આરાધના થઈ શકે છે.

માટે પ્રમાદ ખંખેરી, ધર્મારાધનાની મહાનતા સમજીને દીર્ઘદૃષ્ટિ કેળવી જ આરાધના કરવા મથી પડ.

જો તું અવસરે ઘોડો નહિ દોડાવે તો મારે કહેવું પડશે કે તારી મુર્ખતાની કોઈ પરાકાષ્ટા નથી, તારી જડતાની કોઈ સીમા નથી, તારા દુર્ભાગ્યનું કોઈ વર્ણન થાય તેમ નથી, તારી દયાનીય દશાનો કોઈ અંત નથી. આ નુકશાની ભયંકર છે તેની ભરપાઈ કરતાં નવને જે પાણી ઉતરશે.

ધંધાની તેજી વખતે જે મોજશોખમાં વ્યસ્ત રહેનારો બહુ બહુ તો સંપત્તિ ગુમાવે છે પણ આરાધનાની તેજી વખતે જે આત્મા પ્રમાદમાં વ્યસ્ત રહે, શરીરની આળ પંપાળમાં સમય પસાર કરે, મનને પાંચેય વિષયોના સુખોમાં બહલાવે, ગર્વના શિખરે પહોંચવા માટે વલખા મારે, પાંચેય ઈન્દ્રિયનો ભોગવટો જરાય ઓછો ન થાય તેની સતત કાળજી રાખે તો તેને કર્મસત્તા દુર્ગતિમાં ધકેલી દે છે. તેને દુઃખો ભોગવવા માટે તૈયાર રહેવું પડે છે. તેની સદ્‌બુદ્ધિ દુર્બુદ્ધિમાં ફેરવાઈ જાય છે. ભોગના કુસંસ્કારો નવી નવી પાપ સામગ્રીઓ ઉભી કરે છે. પાપ કરતો તે આત્મા અનંત કાળ સુધી સંસારમાં રખડે છે. માટે, આવેલી તેજીને આવકારી સાવધ બની નવી સુંદર આરાધના કરીએ કે સંયમ જીવન જલ્દી હાથમાં આવી જાય. વિશુદ્ધ કોટિની આરાધના કરતાં કરતાં આત્મકલ્યાણ નિશ્ચિત બનાવીએ.

મનની નાજૂકતા

શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ રાજ્ય છોડીને સંયમના સ્વામી બન્યા. ઉચ્ચ સમિતિ ગુપ્તિના એ પાલક હતા વિશિષ્ટ અભિગ્રહધારી હતા. એકવાર અભિગ્રહ ધારણ કરી સૂર્ય સામે દૃષ્ટિ રાખીને તેઓ ઉભા હતા. આકાશ તરફ હાથ લંબાવતા હતાં. આતાપના લઈ રહ્યા હતા. તે વખતે મન ધર્મ ધ્યાનમાં હતું ? ના, તે તો બાહ્ય અવસ્થામાં રમતું હતું. મન પાપ વિચારોમાં વ્યસ્ત હતું. મન સાતમી નરક તરફ ઝડપથી જઈ રહ્યું હતું. એવી જ કોઈ ક્ષણે મન પાછું ફર્યું મનના અધ્યવસાયો બદલાયા, મન ક્ષપકશ્રેણીએ ચઢયું. પલભરમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવી આત્માને મોક્ષમાં મોકલી દીધા.

★★★★★★

આ શું ચોખાનો દાણો ? ના ના તે તો તંદુલિયા મત્સ્ય છે. કેટલું નાનું શરીર, અંતર્મુહૂર્તનું આયુષ્ય રહે ત્યારે મોટા મચ્છવાના આંખની પાપણ ઉપર અને વિચારોના તરંગો ઘોર હિંસાના ન કોઈ માછલાને પકડી શકે કે ન કોઈ માછલાને મારી શકે છતાં મનના વિચારો મારી નાખવાના અલ્પ આયુષ્ય વચ્ચેય એનું મન એને ધકેલી જાય છે સાતમી નરકે.

વસુ..

મધૂરમ્

દુર્બુધિ દુષ્કૃતોની જનની છે.

મનની મક્કતા

રાજા નાભિ નરેશ્વરના સુપુત્ર ૧,૯૨,૦૦૦ પટરાણીઓના ભરથાર. ૩૨,૦૦૦ મુમુટબાંધ રાજાઓ તેની તહેનતમાં છ ખંડના સાધક-પાલક. ૧૪-૧૪ મહારત્નોના સ્વામી, ૯ નિધાનોના માલિક, રૂપે-રંગે આકર્ષકતા, શારીરીક તંદુરસ્તી ગજબગજબ પ્રકારની છતાં મન અલિપ્ત. આરિસા ભુવનમાં અનિત્ય ભાવના ભાવતાં ભાવતાં શ્રી ભરત મહારાજાએ પોતાના મનને શુકલધ્યાનની ધારાએ ચઢાવી દીધું. ક્ષપક શ્રેણી મંડાવી પમાડી દીધું કેવળજ્ઞાન.

●●●

ગજસુકુમારની કાયા સુકોમળ, શરીરમાં કોઈ રોગનું નિશાન ન હે. દુઃખ તો બાર ગાઉ દૂર ભાગે મન હરહંમેશ પ્રફુલ્લીત ત્યાં શ્રી નેમિનાથ પ્રભુની દેશના સાંભળી ત્યાં મન કઠોર થઈ ગયું. કષ્ટો સહન કરવા તૈયાર થઈ ગયું. સત્વશીલ મુનિવરે સંયમ સ્વીકાર્યું. સંયમ લેતાંની સાથે કાઉસ્સગ્ગ ધ્યાને. જંગલમાં આવી સોમિલ સસરે મસ્તક પર સમડી બનાવી. અંદર ખેરના અંગારા ભર્યા. વેદના અગનઝાળ ઉઠી. શરીરમાં રૂંવાડે રૂંવાડે દાહ પ્રજ્વલિત થયો. સત્ત્વ ફોરયું. મન ચઢી ગયું શુભ ભાવનામાં ઘન ઘાતિકર્મોને ભુક્કો બોલાવી પામી ગયા કેવળજ્ઞાન.

નિમિષા પી. શાહ

કથાનક

સાધુ સંન્યાસી જેવા દેખાતા સ્વામી વિવેકાનંદ એક વખત ટ્રેનમાં મુસાફરી કરતા હતા તે સમયે તેઓની બાજુમાં બે અંગ્રેજો પણ બેઠાં હતા. ધર્મ પર અરુચિ હોવાને કારણે મનોમન કલુષિત થયા. ધર્મના સંન્યાસીને અને ધર્મની નિંદા અંગ્રેજીમાં કરવા લાગ્યા સ્વામી વિવેકાનંદ ગંભીર બની પ્રફુલ્લિત મને તે અંગ્રેજોની વાત સાંભળી રહયા.

થોડા સમય બાદ કોઈ સ્ટેશને સ્વામી વિવેકાનંદ ઉતર્યા. પેલા અંગ્રેજો પણ ઉતર્યા નીચે ઉતરતાં જ જનસમુદાયે સ્વામી વિવેકાનંદનું ભવ્ય સ્વાગત કર્યું. સ્વાગત થયા બાદ સ્વામી વિવેકાનંદે કોઈ ભાઈ સાથે અંગ્રેજીમાં વાત કરી.

નિંદા કરનાર અંગ્રેજોએ જ્યારે સ્વામી વિવેકાનંદને સારી રીતે અંગ્રેજીમાં બોલતાં સાંભળીને તેઓ એકદમ દંગ થઈ ગયા. શર્મીંદા થઈને વિચારવા લાગ્યા અરે ! અમે તો આની ખુબ નિંદા કરી તેના ધર્મની પણ નિંદા કરી. અમારી સંપૂર્ણ વાત તેમણે સાંભળી અને સમજી પણ ગયા. છતાં એક પણ શબ્દ મુખમાંથી ઉચ્ચાર્યો નથી. આપણે આપેલી ગાળો પણ મઝેથી સાંભળી રહયા ધન્ય છે. તેઓની ગંભીરતાને ! અંગ્રેજોએ સ્વામી વિવેકાનંદને પૂછયું અરે મહેરબાન ! અમારી વાતો સાંભળીને શું આપશ્રીને દુઃખ ન થયું ? જરૂર દુઃખ થયું હશે !

સ્વામી વિવેકાનંદજી બોલ્યા મને કોઈ વાતચીતનું દુઃખ થયું નથી. હું તો મનમાં વિચારતો હતો કે આ ગાળો ચાપીને-નિંદા કરીને ભલે પોતાના મનને ખુશ કરતાં તેમની ખુશીમાં હું શા માટે દખલગીરી કરું. જે તમારા દિમાગમાં અમારા ધર્મ પ્રત્યે પડયું હતું તે બધું બહાર નીકળી ગયું. નિરર્થક વાદ-વિવાદમાં પડીને મારે મારી શક્તિ શા માટે ખર્ચવી પડે.

વિપુલ પી. શેલડી

મનાજીની વિચિત્રતા

મનનો ખોરાક તર્ક

મનનો સ્વભાવ દલીલબાજી

મનનું શરીર શંકા

મનનું ઘરેણું(અલંકાર) અસ્વીકાર વૃત્તિ

મનના હાથ-પગ સમાધાનનો આગ્રહ

મનની ચાલબાજી વાદ-વિવાદમાં વિજય

રશ્મિકા.....

પ્રેરણામૃત સંચય

સંજ્ઞાના વૈરી બનો

- પ્રજ્ઞાંગ

શ્રી જિનમાં કુશલચિત્ત એટલે કોઈપણ કામ કરતાં શ્રી જિન યાદ આવે. શ્રી જિનની આજ્ઞા યાદ આવે. શ્રી જિનેશ્વર દેવે મારા માટે શું શું કરવાનું કહ્યું અને શું શું ન કરવાનું કહ્યું તે જાણવાનું મન થાય. કરવા લાયક કરતાં આનંદ આવે, ન કરવા લાયક કરતાં દુઃખ થાય. સંસારનું કામ કરવું પડે ત્યારે થાય કે મોહના યોગે આ બધું કરવું પડે છે પણ કરવા જેવું નથી આવું થાય છે ખરું ? દુઃખીને હું દુઃખી છું, સુખીને હું સુખી છું, શેઠને શેઠ, રંકને રંક, છું તેમ યાદ રહે છે, તેમ શ્રી જિનમાં જ જેનું ચિત્ત ચોંટેલું હોય. કોઈપણ કામ કરતાં તેને શ્રી જિનની આજ્ઞા જ યાદ આવે. ન કરવા લાયક કામ કરતાં પીડા થાય, (કરવા લાયક કામ કરતાં આનંદ થાય.

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની સેવાનું પાલન કરવું તે જ શ્રી જિનની સેવા છે આવું માનનારને લાગે કે શ્રી જિનની સેવા એ જ અત્યંત ઉપાદેય છે. શ્રી જિનનું દર્શન-પૂજન કરે કે દાનાદિ ધર્મો કરે તે પણ આ જ ઉપાદેય છે તે બુદ્ધિએ કરે.

તમે બધા રહ્યા છો સંસારમાં પણ ઉપાદેય શું ? શ્રી જિનની સેવા જ ને ? દ્રવ્ય સેવામાં તિલકાદિ કરવા તે છે અને ભાવ સેવામાં તેમની આજ્ઞાનું પાલન કરવું તે છે-આ જ ઉપાદેય છે તેમ માનો ને ?

જ્યારે જ્યારે તે શ્રી જિનની સેવા કરે, શ્રી જિનની આજ્ઞાનું પાલન કરે ત્યારે તેના પર કોઈ સંજ્ઞા કામ ન કરે ! સંજ્ઞા એ પાપ છે. જીવને અનાદિથી પાપરૂપ સંજ્ઞાઓ વળગી છે, તે સંજ્ઞા ચાર પણ છે અને દશ પણ છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ તે ચાર સંજ્ઞા છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક એ છ સંજ્ઞા ઉમેરો તો દશ સંજ્ઞા થાય. આ દશે સંજ્ઞાઓ એવી છે કે જીવને સંસારમાં રખડાવે. આ દશે સંજ્ઞાનો અભાવ ન થાય તો આ ધર્મ મોક્ષે ન પહોંચાડે. ધર્મ કહે કે જે રીતે કહ્યો તે રીતે ધર્મ ન કરો તો મોક્ષની માગણી બનાવટી છે. જ્યાં જવું હોય તે માર્ગ શોધે નહિ, માર્ગ સમજે નહિ, આખતો વખત માર્ગની ચિંતા ન કરે તો તે માર્ગે પહોંચે ?

દશે પ્રકારની સંજ્ઞા આત્માને નુકશાન કરનારી છે. દશે સંજ્ઞા છે જ સંસાર છે. પહેલી આહાર સંજ્ઞા છે. આ... તે...

આવું.... તેવું.... ખાવા પીવા જોઈએ તે આહાર સંજ્ઞાના પ્રતાપે. 'આહાર વગર ચાલે નહિ, આ તે જોઈએ તેને સંજ્ઞા કહો તો શું ભૂખે મરીએ ?' આવું શાથી બોલાય છે ? આ... તે.. જે.. તે ખાવું છે તેના જ આજે જગતમાં તોફાન ચાલુ છે. પેટને ભાડું આપવા ખાવું પડે અને ખાય પણ માને શું ? જો આને આધીન થયો તો મારે ક્યાં જવું પડશે ? તમારે સંસારમાં ખૂબ મોજમજાદિ કરવા છે માટે આ સંજ્ઞા યાદ પણ નથી આવતી ને ?

ઉપાદેય બુદ્ધિમાં આજ કરવા લાયક છે તે વાત ન બેસે ત્યાં સુધી આ સંજ્ઞાઓ શુ કામ ખસે ? ધર્મ કરતાં ય આ સંજ્ઞા આવી ઊભી રહે ! 'ધર્મ કરતાં મોક્ષની ઈચ્છા સિવાય બીજી કોઈ જ ઈચ્છા થતી નથી' - આ વાત હૈયાથી બોલનાર તો કો'ક જ નીકળશે. આજે જગતમાં સારાપણાનો ઢોંગ કરનારા ઘણા પણ સારા થોડા. થોડામાં આપણે આપણો નંબર શોધવો છે. આવો જીવ જ - ઉપાદેય બુદ્ધિવાળો- જે જે ધર્માનુષ્ઠાન કરે ત્યારે દશે પ્રકારની સંજ્ઞા હાજર હોવા છતાં ય તમ ન કરી શકે. પેઢી પર ગયા પછી ઘરનાં કામ યાદ રહે નહિ ! તેમ અહીં પણ ધર્મ કરતા કોઈ સંજ્ઞા હેરાન ન કરે !! આપણે બધા જે જે ધર્મ ક્રિયાઓ કરીએ છીએ તે શુદ્ધ કયારે બને તેની આ વાત ચાલે છે.

લક્ષ્મી ભૂંડી છે માટે છોડવા જેવી કહી. તેથી છૂટતી માટે ધીમે ધીમે છોડવાનો અભ્યાસ કરો તો અભ્યાસ કરતા છૂટી જાય તે માટે ભગવાને દાન ધર્મ કહ્યો. તમારા વગર ધર્મના કામ અટકી પડે છે- માટે દાન ધર્મ નથી કહ્યો !! આજે તો ટીપમાં ભરનારા જાણે ધર્મ ઉપર ઉપકાર કરે છે આજે તમે બધા શું કામ દાન ધર્મ કરો છો ? 'દાનાદ્ ભોગઃ, દાનાત્ કીર્તિઃ', મળે માટે ? તે માટે કરે તો તેને ધર્મ જ કોને કહ્યો છે ? નિસ્વાર્થભાવે દાન - દયાદિ કરે તો લાભ થાય. તેના યોગે તેને સારી સામગ્રી મળે અને તેને જો સાચી સમજ મલી જાય તો આ બધું ઉપકારક બને. સુપાત્રદાન મોક્ષનું કારણ કહ્યું, જ્યારે અનુકંપા દાનને સામાન્યથી સ્વર્ગનું કારણ કહ્યું પણ આ દૃષ્ટિ આદિ પમાડવા માટે તે ય ઉપકારક ! દાન - શીલ

- તપ વગેરે ધર્મો છે તે સમજીને કરો તો આ સંજ્ઞાઓ ઉપર કાબૂ આવે.

આહાર - ભય - મૈથુન - પરિગ્રહ - ક્રોધ - માન - માયા - લોભ - લોક અને ઓઘ આ દશ સંજ્ઞાઓ છે. લોકને રાજી કરવા એટલો ધર્મ કરો તે બધો લોક સંજ્ઞામાં જાય.

આત્માને રાજી કરવાનો ધર્મ, લોકને રાજી કરવા કરે તો શું થાય ? **આજે લોક સંજ્ઞામાં પડેલા મુનિપણાનું લીલામ કરે છે.** જે આપણી પાસે આવતા હોય તે આપણને સારા કહે અને ભગવાનના વચનથી વિરુદ્ધ બોલતા હોય તો ય અમે ચૂપચાપ બેસી રહીએ ? અમારૂં માન પોષવા જાણવા છતાં ચૂપ રહીએ તો કેવા કહેવાઈએ ? તમને તમારા મા-બાપની નિંદા કરે તો વધારે દુઃખ થાય કે તમારી નિંદા કરે તો વધારે દુઃખ થાય ? સ્વાર્થી માણસો તો ગમે તેને સારો કહે .ધર્મક્રિયા કરતાં આ સંજ્ઞા નડે નહિ તે કયારે બને ? **સંજ્ઞાના વૈરી બને ત્યારે.** દુનિયામાં રહેલો સંજ્ઞાને ફટકા માર્યા કરે, તેને વશ ન થાય તો તેને ધર્મક્રિયા કરતાં સંજ્ઞા નડે નહિ.

આહારાદિ દશે દશ સંજ્ઞાને આધીન નથી ને ? તમારે ભય કશો નથી ને ? નિર્ભય છો ને ? **તમારું જે છે તે લઈ જવાના નથી. અને જે લઈ જવાના છે તે તમારૂં નથી. પછી ભય હોય ખરો ?**

મૈથુન સંજ્ઞા એટલે ? કોઈપણ દુન્યવી સુખની ઈચ્છા તે મૈથુન સંજ્ઞામાં જાય. ખાવા - પીવાદિની લાલસા પણ આમાં સમાઈ જાય. **આત્માના ગુણો વિનાની બીજી ઈચ્છા પર વસ્તુની ઈચ્છા તેને જ વ્યભિચાર કહ્યો છે.** હરેક વખતે મૈથુન સંજ્ઞા ભૂંડી લાગે છે ને ? જેમ બને તેમ ઓછી થાય તેવી જ ચેષ્ટા ચાલુ છે ને ?

પરિગ્રહ તમારે રાખવો પડે છે તે નિરૂપાય અવસ્થા છે માટે ને ? રાખવા જેવો નથી તે વાત તો તમારા હૈયામાં કોતરાઈ ગઈ છે ને ?

આ ચાર સંજ્ઞા હોય તેનામાં ક્રોધ સંજ્ઞા હોય, માન સંજ્ઞા હોય, માયા સંજ્ઞા હોય, લોભ સંજ્ઞા ય હોય.

સંજ્ઞાના વૈરી બનો તો ચારિત્ર મોહનીય કર્મ તૂટે. ચારિત્ર મોહનીય કર્મ તૂટયા પછી સાધુતા આવે ને ?

ઓઘ સંજ્ઞામાં સમજદારીનો અભાવ છે. આપણને લોક ખરાબ કહે તે પસંદ નથીને ? લોક ખરાબ કહે તે ખરાબ જ હોય ? લોક સારો કહે તે સારો જ હોય ? લોકને ઓળખો છો ને ? લોક અક્કલવાળું હોય કે બેવકૂફ પણ હોય ? લોકને સમજીને બોલવાનો નિર્ણય હોય ? લોકનો સ્વભાવ શું ? હિતકારી હોય તે જ બોલે ? કોઈનું પણ નુકશાન થાય તેવું બોલે જ નહિ ? જેને લોકને રાજી કરવાનો વિચાર આવ્યો તે ધર્મ ભૂલી ગયા. લોક વિરોધ કરે તે નહિ કરવાનું કે લોકમાં વિરુદ્ધ ગણાય તેવાં કામ નહિ કરવાના ? લોક વિરોધનો ત્યાગ કે લોક વિરુદ્ધનો ત્યાગ ! લોક વિરુદ્ધ કાર્યોમાં આ લોક વિરુદ્ધ, પર લોક વિરુદ્ધ અને ઉભય લોક વિરુદ્ધ કાર્યોની નોંધ કરી.

ઉભય લોક વિરુદ્ધ કાર્યો સાત વ્યસન કહેવાય. તમે બધા સાત વ્યસનના ત્યાગી છો ? માંસ પૂરૂં પાડે અને મદિરાના ત્યાગની વાત કરે તેનામાં કઈ અક્કલ આવી છે ?

આ સંજ્ઞાઓ બહુ ભૂંડી છે. આ સંજ્ઞાઓ જ સંસારમાં રખડાવે. ધર્મ સમજી સમજીને કરવાનો છે. ધર્મ ઓઘે ઓઘે ન ચાલે. તમારામાં સમજણ શક્તિ છે ને ? સમજણ શક્તિ ખીલવી છે ને ? તે ખીલવવા સ્કૂલ-કોલેજમાં ગયા છો ને ? અહીં સમજણ સુધારવા શું કર્યું છે ? તમે સંસારના કામ ઓઘ સંજ્ઞાએ નથી કરતા પણ સમજી સમજીને કરો છો. અહીં તમારે સમજણ ખીલવવી નથી અને ઓઘે ઓઘે કરો છો.

આજે તમને જેટલો ધર્મનો ભય છે તેટલો સંસારનો અને પાપનો ભય નથી. તમે એવા ડાહ્યા છો કે સંસાર સાચવીને જ ધર્મ કરો છો.

ધર્મ કરતાં ખરાબ વિચાર આવે તો ઘરમાં જનાવર પેસે અને કાઢવાની ચેષ્ટા કરીએ, તેમ ખરાબ વિચારને હઠાવી દેવાના. પણ આજની હાલત વિષમ છે. ધર્મની બાબતમાં સાચી સમજ આપવા માગીએ તો પણ ઘણા જીવો લેવા તૈયાર નથી, પોતાની સમજ પાછી ખોટી લાગતી નથી. તેનું કારણ હજી આ સંજ્ઞાઓ ખરાબ લાગી નથી. કોઈને પણ ધર્મ પમાડવો તો આપણો ધર્મ રાખીને પમાડાય કે મૂકીને ? 'ઘર વેચીને વરો કરાય ? '

ધર્મના પુસ્તકો પણ લાયકજીવોને અપાય; નાલાયકને કાંઈ ન અપાય. નાસ્તિક, દેવ - ગુરુ - ધર્મની નિંદા કરનારા તેને ધર્મના પુસ્તકો આપવા એટલે તેનું ખૂન કરવા જેવું કર્યું કહેવાય ?

અયોગ્યને શાસ્ત્ર ન જ અપાય. તમને યોગ્ય બનાવવા અને જરૂર પૂરતું સમજાય તેટલું સમજાવ્યું સારી પણ રીજ

યોગ્યને આપો તો લાભ થાય, અયોગ્યને આપો તો હાનિ થાય. અમે બધુ વાંચી પછી તમને ઘોળી ઘોળીને આપીએ. નાના બચ્ચાને દવા ઘોળી ઘોળીને (વધુ ઘસી ઘસીને) પવાય.

શરીરના રોગ કરતાં આત્માના રોગ ભયંકર છે. આત્માના રોગની આ ઔષધપોથી (શાસ્ત્ર) છે. તે આપવા અમને બેસાડયા છે- નીમ્યા છે. તેમાં લખ્યું તે મુજબ આપીએ તો લાભ કરે. અમારી મરજી મુજબ આપીએ તો નુકશાન કરે.

આહારની લોલુપતા ભૂંડી છે. શરીરને માટે આહાર જરૂરી ખરો પણ જીભને માટે આહાર નથી. ટેસ્ટ-સ્વાદ માટે ખાવું એટલે સંજ્ઞાને પોષવી. ધર્મ કરી શકાય માટે શરીર ટકાવવા ખાવું પડે તો ખાય તેને સંજ્ઞા જીતી કહેવાય. આજે તમે શા માટે ખાવ છો ? મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા પુષ્ટ કરવા. તે બધું પાપ છે. તે બધું પાપ લાગે તેને ઉપદેશ ફળે, પાપ ન લાગે તેને ઉપદેશ ન ફળે. સંજ્ઞાના વૈરી બનો તો કામ

[redacted]

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. પ્રવર્તક મુનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ રાજકોટ તા. ૧૩-૧-૨૦૦૦ થી ૧૭-૧-૨૦૦૦નાં શાહ મનસુખલાલ જીવરાજભાઈ ભાડલાવાલા પરિવારથી જીવંત મહોત્સવ છે. તે કાર્યક્રમ પછી.

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હાલારી ધર્મશાળામાં શ્રી જિન મંદિરની પ્રથમ વર્ષગાંઠ છે તે પ્રસંગે પધારશે. આ પ્રસંગ ધર્મશાળાના ઉત્તર (ત્રીજા) વિભાગનું તથા નૂતન ભોજનશાળાનું તથા જલધારાનું ખાત મૂહુર્ત થશે ઉત્સવનો કાર્યક્રમ મહા સુદ ૪ બુધવાર તા. ૯-૨-૨૦૦૦ સવારે ૯-૦૦ વાગ્યે ૧૮ અભિષેક. બપોરે ૨-૩૯ શ્રી શાંતિસ્નાત્ર. મહા સુદ-૫ ગુરૂવાર તા. ૧૦-૨-૨૦૦૦ સવારે ૯-૦૦ વાગ્યે ધર્મશાળા-ભોજનશાળા તથા જલધારાનું ખાત મૂહુર્ત. સવારે ૧૦-૦૦ વાગ્યે સત્તર ભેદી પૂજા. સવારે ૧૧-૩૦ વાગ્યે ધજા રોપણ. આ પ્રસંગે સૌ હાલારી ભાવિકો તથા સંસ્થાના પ્રતિષ્ઠા કરનારા, અંજનશલાકાનો લાભ લેનારા સંસ્થાના દાતાઓ, તિથિ લખાવનારા સૌને તથા સકલ સંઘને પધારવા વિનંતી છે.

લી. શ્રી ધર્મશાળા કમિટિના પ્રણામ.

ક્ષમાપના-ધર્મનો સાર

-અ. સૌ. અનિતા શાહ

''વૈર વર્તાવે કાળો કેર કરશો ના ક્યાંય વૈર,
સિંચો સમતા નીર, વહી રહે ક્ષમાના શીતલ સમીર.''

પધારો.... પધારો.... પર્વાધિરાજ મહાપર્વ પધારો... ! શું શું ઓવારણા લઉં... શા શા મનોરથોથી વધાવું... ! અનંતજ્ઞાનિઓને સઘળાય ધર્મનો સાર ક્ષમાપના ધર્મ કહ્યો છે. હૈયાના હેતે આ સારને પામી, આત્મસાત્ કરી હું કૃતાર્થ થાઉં...

કષાયની કાલીમા અને વૈર વિરોધની કટુતા થી મલીન બનેલી હું ક્ષમાધર્મની સુરસરિતામાં સ્નાન કરી નિર્મલ થાઉં અને મારા આતમરાજાને અજવાળું ! સર્વ જીવો પ્રત્યે સાચા ભાવે ક્ષમાપના કરી, બધા બોજાના ભારથી જીવની જેમ સ્વાભાવિક હળવીફૂલ થઈ જાઉં.

ક્ષ- ક્ષમા માગું હૈયાથી આજ સર્વ જીવોની.

મા- માન-મોટાઈ મને નડતી નથી ક્ષમા માંગવામાં કોઈની.

પ- પારકાને પણ પોતાના ગણું છું આજથી.

ના- નાનમ નડતી નથી ક્ષમા માગવા-આપવામાં મને.

''ભૂલી ભૂતકાળને આજે, ક્ષમા અને મૈત્રી માંગું છું,
ઉછળતા ઉરના ભાવોથી, સૌને હું ખમાવું છું''

સંવત્સરીના સોનેરી સુપવિત્રતમ પુણ્ય દિવસે, રાગ-દ્વેષ, વિષય, કષાયાદિ, કાલીમાથી ખરડાયેલા મારા આત્માથી જાણતા કે અજાણતા પ્રમાદથી જે કોઈનું પણ દિલ દુભાયું હોય, મન દુઃખાયું હોય કે અપરાધ થયો હોય તે સર્વેને હૈયાની નિર્મલતા અને મનની પવિત્રતાથી ત્રિવિધે ત્રિવિધે ખમાવું છું. આપ સૌ પણ મને ક્ષમા આપી ઉપકૃત કરશો. અને મારી આરાધનાના સુવિશુધ્ધ આરાધકભાવને વેગ આપવા સહાયક બનશો. કમલદળ સમાન સુકોમલ હૃદયને પાષાણ જેવા કઠોર વેણ વડે દુભાવ્યું હોય તો ક્ષમારૂપી ગુંદાંશુ વડે વિશુદ્ધ કરું છું. સૌ મને ખમાવો હું સૌને ખમાવું છું.

●●●●●

પૂ. વિદુષી પરમ સમાધિવંત સાધ્વીરત્ના શ્રી લાવણ્યશ્રીજી મ. ના જીવનની અનુપમ આરાધનાની ઉજ્જવલ જ્યોત

પુણ્યશાલી પ્રભાવક પુરુષોના પગલાંથી પાવન થયેલી તથા વિજયશેઠ વિજયા શેઠાણી અને જગડૂશાહ જેવા ધર્મવીર, નરવીર અને દાનવીર રત્નોથી વિભુષિત એવા કચ્છ દેશના દરિયાઈ કાંઠે આવેલા માંડવી બંદરના વતની શ્રેષ્ઠિવર્ય સુશ્રાવક કાનજીભાઈ પિતાના ગૃહે તથા સુશ્રાવિકા રળિયાતબા માતાની કુક્ષિ એ સંવત ૧૯૬૫ ના કાર્તિક સુદ પૂર્ણિમાના મંગળ દિવસે ચંદ્રની કળા સમાન સૌમ્યપુત્રી રત્ન નો જન્મ થયો. તે મણિબેનના નામથી અલંકૃત થયાં બાલ્યવયથી બુદ્ધિ વૈભવના કારણે વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણમાં સારી પ્રગતિ સાધી. નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, કર્મગ્રંથ, બે બુક અને પ્રાયઃ લગભગ પૂજાની ૧૦૦ ઢાળો કંઠસ્થ કરી હતી. ૧૬ વર્ષની વયે તેમની માતુશ્રી પ્લેગ રોગની બે દિવસની ટૂંકી બીમારીમાં દિવંગત થયા ધર્મપ્રેમી પિતા કાનજીભાઈની પ્રેરણાના પીયૂષ પાનથી અને પૂ. મહત્તરાશ્રી આણંદશ્રીજી મ. આદિના સમાગમથી તેઓ વૈરાગ્યવાસિત બન્યા પૂ. સંયમ મૂર્તિ આ. દે. શ્રી વિ. કનકસૂરીશ્વરજી મહારાજા તે વખતે પન્યાંસ પદે આરૂઢ હતા. તેઓશ્રીજીના વરદહસ્તે સિદ્ધગિરિની શીતલછાયામાં ૧૭ વર્ષની લઘુવયમાં સંવત ૧૯૮૨ ના કારતક વદ-૬ના શુભદિવસે પરમ પાવનીયપારમેશ્વરી પ્રવજ્યા ગ્રહણ કરી પૂ. લાભશ્રીજી મ. ના શિષ્યા પૂ. લાવણ્યશ્રીજી મ. બની તેમના ચરણે જીવન સમર્પિત કર્યું.

જ્ઞાનરૂપ લાવણ્ય અને લઘુતારૂપી લાલિમાથી દીપતા એવા પૂ. લાવણ્યશ્રીજી મહારાજ શ્રદ્ધા-સમર્પણ અને ગુર્વાજ્ઞા દ્વારા સૌના પ્રીતિપાત્ર બન્યા. ગુરુના હૈયામાં વસી ગુરુકૃપા પાત્ર બન્યાં સંયમજીવનનાં પ્રારંભમાં જ્ઞાનોપાસના દ્વારા જ્ઞાનકિરણો પ્રગટાવ્યા. કુશાગ્ર બુદ્ધિ વડે ટૂંક સમયમાંજ સાધુક્રિયા ઉપરાંત બૃહદ્ લઘુવૃતિ પ્રાકૃત અનેક કાવ્ય, કોષ, ન્યાય, આદિના અભ્યાસ સાથે ગુરુ ભગવંતો પાસેથી આગમો આદિની સુંદર વાચના મેળવી પોતે સ્વંયઆચારાંગ, ઉત્તરાધ્યયન. નંદુલવિ આલિઅં, આદિ આગમ ગ્રંથો તથા સિરિવાલકહા. સમરાઈચ્ચકહા, ત્રિષષ્ઠિ, ઉપમિતિભવ પ્રપંચા, સંવેગરંગ શાળા, અધ્યાત્મકલ્પદ્રુમ, પંચવસ્તુ, આદિ અનેક ગ્રંથો ચરિત્રોના લાખો શ્લોકોનું વાંચન મનન કરેલ. બધાં જ પર્વોના ચૈત્યવંદન, થોય, સ્તવન, સજ્ઝાયની ઢાળો, તથા પીસ્તાલીસ આગમ, સંવચ્છરી દાન, ગૌતમ સ્વામી રાસ, સિધ્ધદંડિકાનું સ્તવન પ્રકરણ ગર્ભિત સ્તવનની ઢાળો દશવૈકાલિક, બાર ભાવના, દશયતિધર્મ, અઢાર પાપસ્થાનક આઠદૃષ્ટિ, સમકિતના સડસઠ બોલ આદિ બહુસંખ્ય સજ્ઝાયની ઢાળો કંઠસ્થ હતી.

તેઓશ્રીજી કહેતાં કે પોથાં તે થોથાં, ડાચાં એટલા સાચા, સૂત્રો કંઠસ્થ કરવાનો તથા સ્વાધ્યાયનો રસ ઘણો જ. જેથી પાકું કરીને નાના પાસે જઈને પણ સંભળાવે. આ તો તેઓશ્રીજીની લઘુતા હતી. આ રીતે જ્ઞાન જ્યોત પ્રગટાવી, જીવનને સ્વાધ્યાયસંગી અને જ્ઞાનાનંદી બનાવ્યું.. શત્રુંજ્ય, ગિરનાર, આબુદેલવાડા, જેસલમેર, રાણકપુર, વાગડ તથા કચ્છ ભદ્રેશ્વર, નાની-મોટી મારવાડની પંચતીર્થી, શંખેશ્વરજી, સ્થંભન તીર્થ, શેરીસા, પાનસર, ભોંયણી આદિ અનેક સ્થાવર મહાતીર્થોની ભાવભર્યા હૈયે તીર્થયાત્રા કરવા દ્વારા સમ્યગ્દર્શન નિર્મલ બનાવ્યું હતું.. અપ્રમત્ત આરાધક એવા પૂજ્યશ્રીજી દિવસે કદી સંથારો કરે નહિ. રાત્રે પણ બહુ જ અલ્પ નિદ્રા લેતાં. સવારના વહેલા સ્વાધ્યાય તથા માનસિક જાપ વગેરે ત્રણ કલાક ગણતા.. અરિહંત પદનો એક ક્રોડનો જાપ, તથા નમસ્કાર મહામંત્રનો નવ લાખ ઉપર જાપ કરેલ. શંખેશ્વરજી પાર્શ્વનાથજી આદિના જાપો પણ કરેલ... વૃદ્ધાવસ્થામાં પણ દર્શનશુદ્ધિ અનેરી, નિત્યત્રિકાળ દર્શન, દેવવંદન, શ્રી અષ્ટાપદજી, શ્રી પાર્શ્વનાથજી આદિ ચૈત્યવંદનો દ્વારા અરિહંત પરમાત્માની ભક્તિમાં દોઢ-બે કલાક લીન બનતા... પગની ઘણી જ તકલીફ હોવા છતાં પણ નાના સાધ્વીજીના બે હાથ બે બાજુ પકડીને પણ પરમાત્માનાં દર્શન માટે ભાવવિભોર બની જતાં..

કચ્છ-વાગડ-સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન આદિ વિવિધ ક્ષેત્રોમાં વિચરી કંઈક જીવોને સર્વ વિરતિનું પ્રદાન

કરાવી ચારિત્રનાં ચીર ઓઢાડયા. જેના પ્રભાવે નવ શિષ્યા બાવન પ્રશિષ્યાદિ વિશાળ પરિવારનું સર્જન કરીને તેમનું યોગ-ક્ષેમ કર્યું.. બહુ સંખ્યજીવોને જ્ઞાનનું પાન કરાવી દેશ વિરતિના દાન કર્યા...

પાંચમહાવ્રત, પંચાચાર તથા અષ્ટપ્રવચન માતાના પાલનમાં ખૂબ જ પ્રીતિવાળા, ભાષાસમિતિનો ઉપયોગ વધારે. આદેશવાળી ભાષા વાપરે નહિ. મોટા ભાગે પ્રાયઃ શબ્દનો ઉપયોગ કરતાં, હિત-મિત અને પથ્યભાષા વાપરતાં, ૮૨ વર્ષની બુઝર્ગ વયે પણ ટેકા વિના બેસતા, અપ્રમત્ત ભાવે ક્રિયા કરતા, ઉચ્ચાર શુદ્ધિ સંપદા અને અર્થ આદિનો ઉપયોગ વિશેષ.

આશ્રિત વર્ગને વાત્સલ્યભર્યા હૈયે સદા શિખામણ આપતા કે ''સહન કરે તે સાધુ, જયણા અને ઉપયોગ વિનાનો સાધુ છકકાયજીવોનો વિરાધક ગણાય'' ..સાધુને છ કલાકથી વધારે સુવાય નહીં. અને દિવસે તો સંથારો કરાય જ નહિ. ઉપવાસ સાધુને પતિત કરનાર છે, તેથી વપરાય નહિ. તિથિના દિવસે નવકારશી નહિ પણ તપ કરવો જોઈએ. પોતે પણ કરતા અને આશ્રિતજનોને પણ પ્રેરતા... ગૌચરીના માંડલીના દોષ વારંવાર યાદ કરાવી ટકોર કરી પ્રેરણા કરતાં.. તેઓશ્રીજીના હૈયામાં સંયમ પ્રત્યેનો ગાઢ રાગ કેવો હતો તેનો એક પ્રસંગ... પૂજ્યશ્રીજી છેલ્લાં દશ વર્ષથી તદ્દન પરાધીન અવસ્થામાં હતાં તેમાં ઉનાળાની કાળઝાળ અસહ્ય ગરમીમાં પ્રસ્વેદથી પોતે તથા સંથારો રેબઝેબ થઈ જતો ત્યારે સહવર્તી કોઈ ઠંડક શાતા આપવાનો પ્રયત્ન કરે તો ના પાડતા અને કહેતાં કે અસંખ્યાતા વાયુકાયના જીવોની વિરાધના અસંયમની પ્રવૃત્તિ શા માટે કરો છો ! મારે જરૂર નથી, ઋતુ ઋતુનું કામ કરે. આવા તો છ જીવનિકાયના પ્રતિપાલક હતા.. વર્ષાઋતુમાં વરસાદના કારણે અપૂકાય જીવોની વિરાધના ન થાય તે માટે વહોરવા જવાની ના પાડતાં, જેથી ઘણી વખત પોરસી, સાઢ્ઢ પોરસીના પચ્ચખાણ થતાં તેમ જ સ્વસ્થ અવસ્થામાં તો ઉપવાસ-છઠ્ઠ વગેરે પણ કરી લેતાં, અનુકૂળતાને કયારે આવકારી નથી તો પ્રતિકૂળતાને કયારેય પડકારી નથી... પૂજ્યશ્રીજીનો તપનો ક્ષયોપશમ ઓછો હોવા છતાં પોતાની શક્તિને ફોરવીને, પંચમી, નવપદજીની ઓળી, વર્ધમાન તપની ઓળી, વીશ સ્થાનક તપ, ચત્તારિ-અઠ્ઠ-દસ-દોયઅઠ્ઠાઈ આદિ તપ સાથે ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, અલ્પ અને પરિમિત દશ દ્રવ્ય જ વાપરવાની ઈચ્છા ધરાવતાં, જાપસહિત દિવાળીના છઠ્ઠ, તેમ જ વિધિ સહિત સિદ્ધાચલની નવ્વાણું યાત્રા કરેલી. બાહ્ય-અભ્યંતર તપ દ્વારા જીવનને તપોમય બનાવેલું... સરલ સ્વભાવી ગુરુદેવના મુખના પચ્ચક્ખાણનો પ્રભાવ એવો કે તપ કઠીન ન લાગતાં સુખપૂર્વક થતો જેથી તેમના સ્વમુખે વિશેષ પચ્ચક્ખાણ લેવા શ્રદ્ધાવંત આરાધકો દૂર દૂરથી આવતા...

પુજ્યશ્રીજીના નંદનવન સમ જીવન ઉદ્યાનમાં વિવિધ પુષ્પો ખીલી ઉઠેલાં તેમાં વિનય-વિવેક રૂપી વિમલ ગૃહમાં, તપ-ત્યાગના તપોવનમાં, નમ્રતા-નિસ્પૃહતા-નિખાલસતાના નંદનવનમાં, કારુણ્યતા-કોમલતા-ક્રિયારુચિના કદલીઘરમાં, સમતા-સમાધિ-સહિષ્ણુતાના સહસાવનમાં, જ્ઞાનની ગિરિકંદરામાં સ્વાધ્યાયની સરગમ રેલાવતાં, ગુરુદેવના સ્વભાવમાં સૌમ્યતા-હૃદયમાં સરળતા, વાણીમાં મૃદુતા, અગાધવારિ જેવી વાત્સલ્યતા, જિનાજ્ઞા-જીવમૈત્રી-જિનભક્તિમાં ઝીલતાં, રત્નત્રયીના સાધક-તત્ત્વત્રયીના ઉપાસક, નિર્દોષ-નિરતિચાર જીવન જીવવાના દઢ આગ્રહી, આશ્રિતોના ઉત્થાન માટે સદા હિતચિંતક, સંયમપાલનની ખેવના, આત્મજાગૃત્તિભર્યું જીવન આવા ગુણગરિષ્ઠ ગુરુદેવના ગુણો ગાવા એટલે સાગરને ગાગરમાં સમાવવા જેવું, આકાશને ફૂટપટ્ટીથી માપવા જેવું છે... ગુણ રત્નાકર ગુરુદેવે અનેકાનેક ગુણરૂપી ફુલની ફોરમ દ્વારા સંયમ જીવનની હરિયાળી વનરાજી વિકસાવી. આત્મ સૌંદર્ય સોળે કળાએ ખીલાવ્યું હતું..

પુજ્યશ્રીજી એ ખમવું-દમવું-સહવું એ ત્રિપદીને જીવનના અંત સુધી આત્મસાત્ બનાવી પ્રેરણા આપતા ગયા. જીવનના અનેક પ્રસંગોમાં ઘણું-ઘણું જતું કરતા ખમી પણ લેતાં. સહનશીલતા માટે તો પૂછવું જ શું સહનશીલતાની તો કોઈ પરાકાષ્ઠા જ ન હતી જાણે સાક્ષાત્ સહનશીલતાની જીવંતમૂર્તિ... તેઓશ્રીજીના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર તેઓશ્રીજીના પ્રેરણાને ઝીલી સુંદર સંયમના પાલન સાથે વિવિધ અને વિશિષ્ઠ તપશ્ચર્યા જેવી કે શ્રેણીતપ, સિદ્ધિતપ, વીશસ્થાનક તપ, સિંહાસન તપ, સમવસરણ તપ ભદ્રતપ, સહસ્ત્રકૂટ તપ, વર્ષીતપ, ચત્તારિ-અઠ્ઠ તપ, નવકાર અક્ષર તપ, છન્નું જિન તપ, કલ્યાણ તપ, વર્ધમાન તપની ૧૦૦

ધર્મચક્ર કંઠાભરણ, મેરુમંદર, ગૌતમ ગણધર તપ, છમાસી, ચારમાસી, ૧૦૮ અઠ્ઠમ, ૨૨૯ છઠ્ઠ, ૪૫-૩૬-૩૧-૩૦-૨૧-૧૬-૧૫ ઉપવાસ અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યાઓ તેમજ કરોડોના વિવિધ જાપો. તેમજ અપ્રતિપાતિ એવા વેયાવચ્ચના ગુણમાં આગળ વધી રત્નત્રયીની સુંદર આરાધના કરતાં સ્વ-પરનું હિત સાધી વિચરી રહ્યા છે. આ બધો પુણ્ય-પ્રભાવ ઉપકારી પૂજ્ય ગુરુદેવનો છે... પરમ કૃપાળુ પરમાત્માની પરમકૃપાથી સંયમજીવનની આખરી ૯૧ વર્ષ'ની જૈફવયમાં નાદુરુસ્ત-જર્જરિત દેહે શૃંખલાબધ્ધ, કર્મોના કાતિલ હુમલાની સામે શૂરવીર યોધ્ધાની જેમ ટકકર ઝીલી પ્રાણાંત દર્દમાં મર્દાનગી દાખવી. અસહ્ય વ્યાધિમાં પરમ સમાધિ મેળવી. કર્મને જેલને મહેલ માનતા, મુખ પર પ્રસન્નતાનો ચમકાટ રેલાવતા...

પૂજ્યશ્રીજીને પ્રાયઃ નવ વર્ષ સુધી લગાતાર ચોવીશે કલાક એક જ પરિસ્થિતિમાં સૂતા રહેવાનું જેના કારણે ચાંદા પાંઠા વિ. ઘણીવાર પડી જતાં જેની વેદના પણ અસહ્ય હતી વળી વાપરવામાં છેલ્લાં પાંચેક વર્ષથી એકલું અલ્પ પ્રવાહી, તે પણ આયંબિલ જેવું શુષ્ક અને દોઢેક વર્ષથી તો યોગીની જેમ મન-વચન-કાયાના યોગોના વ્યાપાર પણ અલ્પ હોવા છતાં ખૂબ જ સમત ભાવે પ્રસન્નતાથી સહન કરતા આવી અકથ્ય સહિષ્ણુતા જોઈને સૌનાં દિલ દ્રવી ઊઠતાં... અને મસ્તક ઝુકી પડતા. આપણી કલ્પનામાં પણ ન આવે કે ગુરુદેવ કેવી રીતે સહન કરતા હશે ! આવા કોમલ અને જર્જરિત દેહે આવી સમતા અને સમાધિ ટકાવવી તે આસીનીભર્યું નથી. પણ ખૂબ જ કઠિન-કપરું ને મુશ્કેલી ભર્યું છે. ખરેખર આ કોઈ વિરલ વિભૂતિ જ છે

જૈન શાસનની બલિહારી છે કે આવી વિરલ વિભૂતિ જે તપ-ત્યાગ-જ્ઞાન-વૈરાગ્યાદિના ગાઢ અભ્યાસ અને સંયમના અપૂર્વ બળે એક સંકટ ઉપર વિજય પ્રાપ્ત કરે છે. આવું ઉત્કૃષ્ટ કોટિનું બળ લાવી પરમ સમતા-સમાધિ ટકાવવાનું સામર્થ્ય નિર્મળ સંયમ જીવનની આરાધનાથી જ પ્રાપ્ત થાય છે.. કાયાનો પૂરેપૂરો કસ કાઢી કર્મોના ચૂરેચૂરા કરી ઘણાં ખરાં કર્મો અહીં જ ખપાવી પરમ સમાધિમય જીવન જીવી ગયા જાણે નિકટના જ મોક્ષમાર્ગી જીવ ન હોય તેમ અપૂર્વકર્મ નિર્જરા કરી મૃત્યુને મહોત્સવ બનાવી ગયાં. પૂજ્યગુરુદેવના વિરહની વેદનાની વ્યથા અંતરને વલોવી રહી છે, કાળજાને કોરી રહી છે. સેવા-ભક્તિ-વેયાવચ્ચના માધ્યમ દ્વારા વિપુલકર્મ નિર્જરા અને આરાધના કરાવનાર એવું ગુરુદેવરૂપી મહાકિંમતી રત્ન અમારું ક્રૂર કાળરાજાએ છીનવી લીધું. પાર્થિવદેહે ગુરુદેવ ગયા પણ ગુણદેહે સદાય સાથે જ છે ને રહેશે..

''ફૂલ ગયું ફોરમ રહી'' આત્મા ગયો અમરતા રહી, કસ્તુરી સુવાસ ફેલાવી ઊડી ગઈ હંસ ઊડી ગયો હૃદય સરોવર સૂનું બન્યું, હંસ તો જ્યાં જાય ત્યાં સરોવરને શોભાવે છે પણ હાનિ-નુકશાન સૂના પડેલા સરોવરને છે. ગુરુદેવ ગયા ગુણરૂપી પુષ્પોની સુવાસી મહેંકાવી ગયા. દેહથી વિલીન થયા પણ ગુણરૂપી આંતર-વૈભવ આપી ગયા. અપૂર્વ-સમતા-અનુપમ સહિષ્ણુતા-પરમ સમાધિની જવલંત જ્યોત પ્રગટાવી ગયા. સૌના દિલ ડોલાવી શિર ઝુકાવી અંતર અજવાળી ગયા..

સુવિશાલ ગચ્છાધિપતિ વાત્સલ્યોદધિ પ.પૂ.આ.દે. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા આદિ સપરિવાર આવેલી બુઝર્ગવયે પણ જ્યારે જ્યારે અમદાવાદ પધારતા ત્યારે પૂજ્યશ્રીની બિમારી તથા પરાધીન અવસ્થાના કારણે દર્શન-વંદન અને સમાધિ અર્થે શ્રમ લઈને મુકામમાં પધારતા વળી કરૂણામૂર્તિ અધ્યાત્મયોગી પ.પૂ.આ.દે. શ્રી વિ. કલાપૂર્ણસૂરીશ્વરજી આદિ સપરિવાર મધ્ય પ્રદેશ રાજનાંદગાંવ હૈદ્રાબાદ આદિ તરફથી ઉગ્ર વિહાર કરી ત્રણ પૂજ્યશ્રીજીને દર્શન-વંદન અને સમાધિ આપવા માટે મુકામમાં પધાર્યા હતા અને તેમની સમતા સમાધિ જોઈને ખુબ જ અનુમોદના કરી સંતોષ પામ્યા હતા.

પુજ્યશ્રીના સંસારી ભાણેજના સુપુત્ર દિંગતભાઈ એ પૂજ્યશ્રીજીને પરાધીન અવસ્થામાં તકલીફ ન પડે અને બેસવા આદિમાં સુવિધા રહે તે માટે પાટ આદિની અનુકુલતા રહે તે પ્રમાણે વ્યવસ્થા કરી સારો લાભ લીધેલ. ઘણાં વર્ષોથી સેવાભાવી વૈદ્યરાજ ભાસ્કરરાય હાર્ડીકર, લેડી ડો. અરૂણાબેન તેમજ જહાંપનાહની પોળના ભાઈઓ/બહેનો તેમજ સેવાભાવી સુશ્રાવક નલીનભાઈ મફતલાલ વગેરે શ્રાવકોએ રાત-દિવસ જોયા વિના ઘણાં વર્ષો સુધી ખડાપગે ગુરુદેવની સેવા કરી છે તે સર્વ ખૂબ જ અનુમોદનીય છે. પૂજ્યશ્રીજીને સમુદાય તથા શિષ્યાદિ પરિવાર તરફથી વિપુલ પુણ્યદાન અપાયેલ છે. શ્રેણીતપ, સિધ્ધિતપ, વર્ષીતપ, વીશસ્થાનક

આયંબિલ, નવકાર મહામંત્ર તપ, કલ્યાણક તપ, સહસ્ત્રકૂટ તપ, નવપદજી તેમજ વર્ધમાન તપની ઓળી આદિ અનેકવિધ તપશ્ચર્યાઓ, નવકાર મંત્રના, શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના, સીમંધરસ્વામી ભ. ના, અર્હમ્ પદના, સાધુ પદના, અરનાથ ભ., મલ્લિનાથ ભ., ઉવસગ્ગહરંના એમ વિવિધ પ્રકારના લાખો જાપો. તેમજ સિધ્ધાચલની નવ્વાણું યાત્રાઓ વિ. અપાયેલ છે. તેમજ શ્રાવક વર્ગ તરફથી પણ તપશ્ચર્યાઓ જાપ સામાયિક તથા શુભ ખાતામાં વાપરવા દ્રવ્ય વિ. વિપુલ પ્રમાણમાં અપાયેલ.

અંતિમ ઉછામણી તથા જીવદયાની ટીપ પણ સારા પ્રમાણમાં થયેલ.. તોફાની વાતાવરણની અંદર પણ પૂજ્યશ્રીજીના પુણ્ય પ્રભાવથી અષાઢ વદ-૨ ના સવારના ૯-૩૦ વાગે સંખ્યાબંધ માનવ-મહેરામણ વચ્ચે જય-જય-નંદાના ધ્વનિ અને બેન્ડવાજાના વાજિંત્ર નાદ સાથે

કોઈપણ જાતની તકલીફ વિના પાલખી નીકળી હતી... ગુરુદેવના ગુરુણીજી લાભશ્રીજી મ. હતા. ગુરુદેવ લાભ ચોઘડીએ દેહ છોડી સ્વર્ગે સંચર્યા અને લાભ ચોઘડીએ પાલખી નીકળી..

ગુરુદેવ આપે જન્મ લઈને માત-પિતાને ધન્ય બનાવ્યા. દીક્ષા લઈ ગુરુને ધન્ય બનાવ્યા. સંયમ પાળીને શાસનને ધન્ય બનાવ્યું. દીક્ષા આપીને શિષ્યાઓને ધન્ય બનાવ્યા. પરહિત દ્વારા સ્વયં ધન્ય બન્યાં. પરમ સમાધિ વડે મૃત્યુને ધન્ય બનાવ્યું. ખરેખર ગુરુદેવ આપ તો કૃતકૃત્ય બની ગયાં

લાખ લાખ વંદન હો તુમ ચરણે.

પરમ ગુરુદેવનો પુનિત આત્મા જ્યાં હોય ત્યાં પરમ શાંતિને પામે. પુનઃ પરમાત્માનું શાસન, સંયમ પાળીને શીઘ્ર શાશ્વત સુખના ભોકતા બનો..

આવું સમર્પણ કેળવીએ..!

શાસનના શિરતાજ, દ્વાદશાંગીના પ્રણેતા, અનંતલબ્ધિના ભંડાર પહેલા ગણધર દેવ શ્રી ગૌતમસ્વામિ મહારાજાના નામથી સૌ સુપરિચિત છે. તેમના જીવનના એક પ્રસંગ પર સામાન્ય વિચાર કરવો છે.

આવા સમર્થ પુણ્યપુરુષનો પણ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા ઉપર કેવો અદ્‌ભૂત સમર્પણભાવ હતો. ચાર-ચાર જ્ઞાનના ધણી છતાંય ભગવાન આગળ બાળકની જેમ રહ્યા છે. કયારે ય પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી નથી અને ભગવાનની આજ્ઞાને શિરોધાર્ય કર્યા વિના રહ્યા નથી.

આ પુણ્યાત્મા જેને જેને દીક્ષા આપે તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય અને પોતાને જ નહિ તેનો તેમના અંતરમાં ઘણો જ રંજ હતો. તેથી જ ભગવાને જ્યારે એ ભાવની વાત કરી કે, સ્વલબ્ધિથી અષ્ટાપદ પર્વત ઉપર જાય તે આત્મા, તે જ ભવમાં મોક્ષે જાય. તો તે વખતે ખાત્રી કરવા તેમને પોતાની ઈચ્છા દર્શાવી. સદ્‌ભવ નિયમા મુક્તિગામી એવા આમને મોક્ષની કેવી લગની હતી અને આપણને...!

'મોક્ષ જોઈએ છે' એમ શીખવાડયું-ગોખાવ્યું બોલીએ છીએ. પણ ખરેખર જો મોક્ષની તીવ્ર ઉત્કંઠા પેદા થાય તો વર્તમાનનું આપણું આખું જીવન બદલાઈ જાય. મોક્ષની ઉત્કંઠાવાળો જીવ બાહ્ય પ્રવૃત્તિમાં જરાપણ આનંદ પામે નહિ. તે તો આત્માની હિતકર પ્રવૃત્તિમાં જ આનંદ પામે. તે દશા પણ ત્યારે જ પેદા થાય કે જેને આપણે આપણા તારક ગુરુ માનીએ તેમને મન-વચન-કાયાથી સંપૂર્ણ સમર્પિત થઈએ તો. નામ ગુરુનું ધરાવીએ અને પ્રવૃત્તિ મરજી-ઈચ્છા મુજબ કરીએ તો મેળ જામે ખરો ? તારક ગુરુની સાચી સમર્પિત ભાવે સ્વીકારેલી ગુલામી એ જ આત્માની મુક્તિનો સાચો રાજમાર્ગ છે. આવી દશા કેળવીએ તો જ 'ગૌતમ નામે નવનિધાન' સાચા ભાવે બોલાય. તદ્‌ભવ નિયમા મુક્તિગામી જીવો પણ જો આવો સમર્પણ ભાવ ધરાવે તો આપણે તો કેવો સંપૂર્ણ સમર્પણભાવ કેળવવો જરૂર છે તે સૌ સમજી શકે છે. સુજ્ઞેષુ કિં બહૂના ?

✡✡✡✡✡

આણાએ ધમ્મો

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ કેવલજ્ઞાનના પ્રકાશમાં જગતના સઘળાય ભાવોને યથાર્થ જાણ્યા. અને આત્માના કલ્યાણને માટે જે પરમતારક શાસનની સ્થાપના કરી, તે શાસનને જે જે આત્માઓએ સરળ ભાવે સ્વીકાર્યું તે આત્માઓ આત્મ કલ્યાણને પામ્યા. ધર્મ અહિંસામાં નહિ, તપમાં નહિ, જ્ઞાનમાં નહિ કહેતા ધર્મ આજ્ઞામાં જ ફરમાવ્યો. **જ્યાં આજ્ઞા ત્યાં જ ધર્મ** ! જ્યાં આજ્ઞા નહિ ત્યાં ધર્મ પણ નહિ પણ અધર્મ જ ! આજ્ઞાના આરાધના મોક્ષને આપનારી છે અને આજ્ઞાની વિરાધનાં સંસારને વધારનારી છે. તેથી જ કલિકાલ સર્વજ્ઞ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ, શ્રી વીતરાગ પરમાત્માની સ્તવના કરતાં 'વીતરાગ સ્તોત્રમાં' ભારપૂર્વક કહ્યું કે-

''વીતરાગ ! સપર્યાસ્તવાજ્ઞાપાલનં પરમ્ ।
આજ્ઞાડડરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ ॥'

(શ્રી વીતરાગ સ્તોત્ર, પ્રકાશ-૧૯, ગાથા-૪)

ભાવાર્થ : હે વીતરાગ ! આપની પૂજા-ભક્તિ કરતાં પણ આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કેમકે, આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે - સંસારની વૃદ્ધિ માટે થાય છે.

પરમતારક આજ્ઞાની આરાધના વિના ક્યારે ય પણ આત્માનો ઉદ્ધાર નથી. દુનિયાની નાશવંતી ચીજ-સામગ્રી મેળવવા - ભોગવવા પણ દુનિયામાં કેટલાં કેટલા જીવોની આજ્ઞા માથે ઉઠાવવી પડે છે. તો સાચું-વાસ્તવિક દુઃખના લેશ વિનાનું, પરિપૂર્ણ, આવ્યા પછી ક્યારેય નાશ ન પામે તેવા આત્મ સુખને માટે અનંતજ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞા સ્વીકારવામાં શું વાંધો આવે છે. તે જ હજી સમજાતું નથી. આવી દીવા જેવી સ્પષ્ટ વાત છતાં પણ આજ્ઞા સામે કેમ ચેડા કરાય છે તે ય સમજાતું નથી.

પરમ તારક શ્રી જિનાજ્ઞાનું ગુણ ગાન ગાતાં ગાતાં પરમોપકારી પરમર્ષિ ભગવંતો ફરમાવે છે કે-

''સમઈ પવિત્તી સવ્વા, આણાબજ્ઝત્તિ ભવ ફલા ચેવ.
તિત્થયરુદ્દેસેણ વિ, ન તત્તઓ સા તદુદ્દેસા ॥૧॥

અર્થ :- **પોતાની મતિ પ્રમાણે કરેલી સર્વ પ્રવૃત્તિ આજ્ઞા બાહ્ય હોવાથી સંસાર રૂપ ફળને આપનારી જ થાય છે. શ્રી તીર્થંકરનો ઉદ્દેશ કરીને કરાયેલી પણ તે પ્રવૃત્તિ વાસ્તવિક રીતે શ્રી તીર્થંકરના ઉદ્દેશ પ્રમાણે નથી.** ॥૧॥

જહ તુસખંડણ મયમંડણાઈ રુન્નાઈ સુન્નરન્નંમિ.
વિહલાઈ તહા જાણસુ, આણા રહિયં અણુટ્ઠાણં ॥૨॥

જેમ ફોતરાને ખાંડવા, મૃતકને શણગારવું અને શુન્ય અરણ્યમાં રૂદન કરવું નિષ્ફલ છે તેમ **આજ્ઞારહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ છે તેમ જાણો.** ॥૨॥

જિણ આણાએ ધમ્મો, આણારહિયાણ કુઓ અધમ્મુત્તિ.
ઈય મુણિઊણ ય તત્તં, જિણ આણાએ કુણહ ધમ્મં ॥૩॥

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પ્રમાણે જીવવામાં ધર્મ છે અને આજ્ઞારહિત અનુષ્ઠાન કરવામાં સ્પષ્ટ અધર્મ જ છે. આ પ્રમાણે તત્ત્વને જાણીએ, (આત્મકલ્યાણાર્થી જીવોએ) **શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ધર્મ કરવો જોઈએ.** ॥૩॥

આણાએ તવો આણાએ સંજમો તહ ય દાણમાણાએ.
આણારહિઓ ધમ્મો, પલાલપુલ વ્વ પડિહાઈ. ॥૪॥

શ્રી જિનેશ્વરદેવની પરમતારક આજ્ઞામાં જ તપ છે આજ્ઞામાં જ સંયમ છે, અને આજ્ઞામાંજ દાન છે. **જ્યારે આજ્ઞારહિત પ્રમાણે કરાતો સારામાં સારો ધર્મ પણ ઘાસના પુડા જેવો લાગે છે.** ॥૪॥

આણા ખંડણકારી, જઈ વિ તિકાલં મહાવિભૂઈએ.
પૂએઈ વીયરાયં, સવ્વં પિ નરિત્થયં તસ્સ. ॥૫॥

જે આત્મા શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞાનો ભંગ કરીને શ્રી જિનેશ્વરદેવોની પોતાના વૈભવને અનુસારે ત્રિકાલ સ્વદ્રવ્યથી ઉત્તમ પ્રકારે પૂજા-ભક્તિ કરે તો પણ તે બધી ભક્તિ-નિરર્થક છે. એમ જાણવી. ॥૫॥

રાજો આણાભંગે ઈક્કુચ્ચિય હોઈ નિગ્ગહો લોએ.
સવ્વન્નુ આણાભંગે અણંતસો નિગ્ગહં લહઈ. ॥૬॥

આ લોકને વિષે પણ રાજાની આજ્ઞાનો ભંગ કરનાર આત્માનો એક વાર નિગ્રહ-દંડ થાય છે. જ્યારે શ્રી સર્વજ્ઞ એવા જિનેશ્વરદેવોની આજ્ઞાનો ભંગ કરનારો આત્મા અનંતીવાર નિગ્રહ પામે છે. અર્થાત્ તેનો વખતે અનંતો સંસાર પણ વધી જાય છે. ॥૬॥

આ પ્રમાણે પરમતારક પારમેશ્વરી આજ્ઞાને જાણીને તેની આરાધનામાં સમુદ્યત બનવું કલ્યાણકાંક્ષી આત્માઓ માટે ખૂબજ જરૂરી છે.

આ બધી વિચારણા એટલા માટે કરવી છે કે ચાલુ વર્ષે શ્રી સંવત્સરી મહાપર્વ ભાદરવા સુદ - ચોથ સોમવાર તા. ૧૩-૯-૧૯૯૯નાં રોજ આવી છે. સંઘમાન્ય શ્રી જન્મભૂમિ પંચાંગ, તેમજ બીજા પણ 'ગુજરાત સમાચાર' 'સંદેશ' 'મુંબઈ સમાચાર' 'ગાયત્રી' આદિ સ્થાનિક પણ જે જે પંચાંગો પ્રગટ થાય છે તે બધામાં ભાદરવા સુદિ પાંચમની જ વૃદ્ધિ બતાવી હતી અર્થાત્ ભાદરવા સુદિ- પાંચમ બે છે. એટલું જ નહિ સો વર્ષનું જે પંચાંગ છે તેમાં પણ ભાદરવા સુદિ-૪ની જ વૃદ્ધિ બતાવી છે.

ક્યારે તિથિ કઈ પ્રમાણ માનવી અને કઈ પ્રમાણ ન માનવી તેનું માર્ગદર્શન પણ શાસ્ત્રકાર પરમર્ષિઓએ બતાવ્યું છે. સૂર્યોદય વખતે જે તિથિ હોય તેને જ પ્રમાણ મનાય.

''ચાઉમ્માસિઅવરિસે, પકિખઅ-પંચદ્ઠમીસુ નાયવ્વા.
તાઓ તિહીઓ જાસિં, ઉદેઈ સૂરો ન અન્નાઓ. ॥૧॥''

અર્થાત્ :- **'ચાતુર્માસિક, સાંવત્સરિક, પાક્ષિક, પંચમી કે અષ્ટમીમાં તે જ તિથિ પ્રમાણ ગણવી કે જેમાં સૂર્ય ઉગે છે, બીજી સૂર્યોદય વગરની નહિ.**

''યસ્યામુદયતે સૂર્યઃ, સા પ્રમાણં તિથિર્ભવેત્ !
પ્રત્યાખ્યાનાદિ કર્તવ્યં, તસ્યાં, વિવેકિભિર્જ નૈઃ ॥૨॥''

અર્થ :- જેમાં સૂર્ય ઉગે તે જ તિથિ પ્રમાણ છે માટે વિવેકી મનુષ્યોએ પ્રત્યાખ્યાન પચ્ચક્ખાણ આદિ તે જ તિથિમાં કરવું જોઈએ.

આ રીતના માનવામાં ન આવે તો શું નુકશાન થાય તે બતાવવાનું પણ પરમર્ષિઓ ચૂક્યા નથી.

''ઉદયમ્મિ જા તિહી સા પમાણમિઅરીઈ કમ્મમાણીએ.
આણાભંગણવત્થા-મિછત્ત વિરાહણં પાવે ॥૩॥''

અર્થ :- **સૂર્યોદય વખતે જે તિથિ હોય તેને જ પ્રમાણ કરવી, અન્યથા, જો બીજી તિથિને પ્રમાણ કરવામાં આવે તો આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના (આદિ દોષો) પ્રાપ્ત થાય છે.** ॥૩॥

આનાથી તો સામાન્ય સૂર્યોદય વખતે જે તિથિ હોય તેનું માર્ગદર્શન મળે છે પરન્તુ જ્યારે જ્યારે પર્વાપર્વ તિથિની પણ ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે શું કરવું તેના માર્ગદર્શન માટે પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો પ્રઘોષ સકલ શ્રી સંઘમાં સર્વસંમત છે.

''ક્ષયે પૂર્વા તિથિઃ કાર્યા, વૃદ્ધૌ કાર્યા તથોત્તરા.
શ્રી વીરમોક્ષ કલ્યાણં, કાર્યં લોકાનુગૈરિહ ॥''

અર્થ :- (પર્વાપર્વ) તિથિના ક્ષય વખતે તેની અચારાધના પૂર્વની તિથિમાં કરવી અને (પાર્વપર્વ) તિથિની વૃદ્ધિ વખતે તેની આરાધના ઉત્તર-બીજી તિથિમાં કરવી. અને શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ કલ્યાણકની આરાધના લોક જે દિવસે દિવાળી કરે તે દિવસે કરવી.''

******

આ બધી વાતો પરથી આત્મકલ્યાણાર્થી વર્ગ સારી રીતે નર્ચિત પણે સમજી શકે છે કે શ્રી તીર્થંકર પરમાત્માની પરમતારક આજ્ઞા મુજબ આરાધના કરવામાં જ આત્મકલ્યાણ છે.

વળી જે લોકો પૂ. પં. શ્રી વીરવિજયજી મ. શ્રી પર્યુષણા પર્વના ચૈત્યવંદનમાં જે કહ્યું છે કે-

''આષાઢ સુદિ ચઉદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચઉમાસ. ॥૨॥''

આના ઉપરથી આષાઢ ચોમાસીથી પચાસમા (૫૦) દિવસે સંવત્સરી મહાપર્વ આવે છે તેમ શ્રી વીર વિજયજી મહારાજાનું પણ વચન છે અને તમારે તો આગણપચાસ (૪૯) માં દિવસે સોમવારે સંવત્સરી આવે છે માટે પણ તમો બધા ખોટા છો આવો મનઘડંત જે આક્ષેપ-આરોપ કરે છે તે બચારા દયાપાત્ર છે, માર્ગના અજાણ છે લોકોને મહાપુરુષોના નામે ભ્રમિત કરનારા છે. વાસ્તવમાં અહીં

દિવસ શબ્દએ તિથિવાસી છે. જેમ ૧૩,૧૪ ૧૬ દિવસનું પખવાડીયું હોય તો પાક્ષિક પ્રતિક્રમણમાં ''પંદરસ રાઈદિયાણં' ચોમાસાના પાંચ મહિના હોય તો પણ ચોમાસી પ્રતિક્રમણમાં 'ચારમાસાણં, આઠ પક્ખાણં, એકસો વીસ રાઈ દિયાણ,'' તથા ચાલુ વરસે જેઠ મહિના બે હોવાથી તેર મહિના છે તેમ જ્યારે જ્યારે અધિક મહિનો આવે અને તેર મહિનાનું વર્ષ હોય ત્યારે ત્રણસોને ચોર્યાસી દિવસ હોવા છતાં પણ સાંવત્સરિક પ્રતિક્રમણમાં બાર માસાણં, ચઉવ્વિસ પક્ખાણં, ત્રણસોને સાઠ રાઈદિયાણં' એમ ખામણામાં બોલાય છે. જે સર્વ સંમત છે. તેમજ ત્રણસોને ચોપન દિવસનું વર્ષ હોય ત્યારે પણ આમ જ બોલે છે.

વળી ચાલું વર્ષે ચૈત્ર માસમાં ચૈત્ર વદિ-બીજની વૃદ્ધિ હતી (જે પક્ષ પર્વતિથિની વૃદ્ધિ નથી માનતો તેને ચૈત્ર વદિ-૧ની વૃદ્ધિ કરી છે.) તો ચૈત્ર માસની સાડાબાર દિવસની અસજ્ઝાય તો બીજી બીજના સૂર્યોદયથી જ પૂરી થયેલી માને છે.

આ બધા પરથી સુનિશ્ચિત છે કે દિવસ શબ્દ એ તિથિ વાચી છે.

આપણે આપણી આરાધના વિશુદ્ધ કરવી છે. માટે **યાદ રાખો કે** સંવત્સરી મહાપર્વની આરાધના **ભાદરવા સુદિ-૫ને સોમવારે** કરી-કરાવી આજ્ઞાનું પાલન કરવું યોગ્ય હતું. સુજ્ઞેષુ કિં બહૂના !

સદ્‌ગુર્વાદિની કૃપાથી યથામતિ આ લખાણ લખેલ છે. શ્રી જિનાસા વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. સજ્જનો કૃપા કરીને ધ્યાન ખેંચે તે જ અભ્યર્થના.

માટુંગા ચાતુર્માસ પૂર્ણાહુતિ પૂર્વે કળશારોપણ સમો જીવિતં-મહોત્સવ

સુશ્રાવક મણિલાલ સૌભાગચંદ દોશી તથા શ્રીમતી મંજુલાબેન મણિલાલે જીવનમાં કરેલ અનેકવિધ આરાધનાઓની અનુમોદનાર્થે તેમજ પોતાના સદ્ધર્મદાતા પરમગુરૂદેવ સંઘ સન્માર્ગદર્શક સુવિશાળ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના અનંત ઉપકારોની સ્મૃતિમાં એક અત્યંત અનુમોદનીય ઉત્સવનું આયોજન વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં તેઓશ્રીજીના શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કરવામાં આવ્યું.

જન્મે સ્થાનકવાસી ધંધાર્થે આફ્રિકા-સુદાનમાં વસવાટ કરતા મણિભાઈ એકવાર વાસુપૂજ્ય જિનાલય-માટુંગાના બહારના રસ્તા ઉપરથી જતા હતા અને સામેથી પધારતા જૈનાચાર્ય પરમગુરૂદેવ 'સૂરિરામ'નો નજર એમની ઉપર પડી. એ નજરે કામણ કર્યું અને પુણ્યાત્મા ધર્મશ્રવણ કરવા જીવન અંજી જ્ઞાનમંદિરમાં પધાર્યા. ત્યારથી ધર્મની શરૂઆત થઈ અને ક્રમે કરી અનેકવિધ તપશ્ચર્યા અને અનુષ્ઠાનો યોજવા સફળ બન્યા. અનેક નાના-મોટા સુશ્રાવક યોગ્ય નિયમોથી જીવનને મઘમઘતું બનાવ્યું. પરમગુરૂદેવના સાંનિધ્યમાં આરાધના કરતા મૂળ સ્થાનક માર્ગી શ્રી રતિલાલ મનજી અને પ્રાણલાલભાઈ સાથે તેમણે પણ આરાધના કરી તપાગચ્છની સુવિહિત આચરણાને જીવનમાં અમલી બનાવી.

એમનો ખૂબ જ મનોરથ હતો, પૂજ્યપાદશ્રીજી પાસે સંયમ ગ્રહણ કરવાનો પણ કર્મોદયે એ ભાવના પૂર્ણ ન થઈ. છતાં સતત તત્ત્વચિંતન દ્વારા તેઓ ખૂબ નિર્જરા સાધી રહ્યા છે.

માટુંગા ધર્મનગરી નપ્પુહોલ ખાતે ચાલુ વર્ષે ઐતિહાસિક-શાસન આરાધના-પ્રભાવના રક્ષા કરતું ચાતુર્માસ વીતાવનાર ઉભય પૂજ્યોનો યોગ મળતાં મહોત્સવ અંગેનો મનોરથ સાકાર થયો. આર્ટ કાર્ડ ઉપર ચતુરંગી સુંદર છપાઈ સાથે પત્રિકા છાપી ગામેગામ મોકલાવાઈ કા. સુ. ૯ થી ૧૩ બુધથી રવિ તા.૧૭-૧૧-૯૯ થી ૨૧-૧૧-૯૯ સુધી પંચાહ્નિકા મહોત્સવનું આયોજન રખાયું.

વિશેષતા :

- **ઉધાપન :** સાચા જરીયાન પાંચ છોડપૂર્વક અઢળક જ્ઞાન-દર્શન-ચારિત્રની સામગ્રીને સજાવીને મૂકવાપૂર્વક સુંદર ઉધાપન કરવામાં આવ્યું. જેમાં તાડપત્ર એની શાહી ખાસ આકર્ષણ રહયા હતા. ઉધાપન મંદિરમાં વિશાળ જિનમંદિર બનાવાયેલ. ચતુર્મુષ્ટી લોચ કરતા પ્રભુ આદિનાથ પ્રભુની મોટી મૂર્તિ પધરાવાઈ હતી. ઉધાપનની તમામ સામગ્રી તરત સુયોગ્ય ક્ષેત્રોમાં આપી દેવામાં આવેલ.
- **મહોત્સવ :** દરરોજ અલગ અલગ પૂજા-પૂજનો માટે ફળ નૈવેદ્યની માંડણી નવીનવી થતી. સ્ટેજ બદંલાતા. ફૂલોના બુકે આદિ દ્વારા દિવ્ય વાતાવરણ થતું સવારે શરણાઈ પ્રભાતીયાં-પ્રભાવના સાંજે ભાવનાનું આયોજન થતું પૂજા પૂજન બાદ નાળીયેર, મોદક, કટાસણું-મુહપત્તી-મીઠાઈ જેવી સુંદર પ્રભાવના થતી.
- **રચના :** શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા માટે હાથે ચીતરેલાં પંચકલ્યાણકના પટો બનાવેલ મૂકાયા હતા. વિવિધ ચિત્રો પણ આકર્ષણ કરે તેવા હતા.
- ૧૦૮ પાર્શ્વનાથ પૂજન માટે આકાશમાંથી કમળમાં બિરાજી ધરતી ઉપર ઉતરી રહ્યા હોય એ રીતે ૧૦૮ પાર્શ્વનાથના પટોની રચના કરાઈ હતી.
- **અરિહંત વંદનાવલી :** આ વિશેષ આયોજન હતું. એક એક કડી બોલાય અને પૂજક હાથમાં ખોબો ભરી પુષ્પો પ્રભુ ઉપર પાથરે રચના એવી કે જાનુપ્રમાણ પુષ્પ વેરાયેલા સમવસરણની સ્મૃતિ થઈ આવે. પાયધુની ગોડીજી નીનાણમાં ચૌમુખ પ્રભુ પધરાવી આ પૂજા ભણાવાયેલ. સવારે ૯ થી ૧૨ સુધી અરિહંત ભક્તિ ચાલુ રહી. ત્યાર બાદ ખીરના એકાસણાં કરેલ.
- **શાંતિસ્નાત્ર :** આમાં પણ મજાની ગોઠવણ હતી ચારે તરફ પૂતળીઓ દીપમાળા લઈ શોભતી હતી. પરિવારના દરેક સભ્યોએ સ્નાત્રનો લહાવો માણ્યો હતો. દૂર આફ્રિકાથી અને દુબઈથી આવેલા પુત્ર-પુત્રી આદિ પરિવારે પહેલવહેલ જિનભક્તિનો આવો મહિમા અનુભવ્યો હતો.
- દરેક પૂજા પૂજનમાં ઉપસ્થિતિ ખૂબ જ પ્રશંસનીય કોટિની હતી.
- ધર્મનગરીની સજાવટ નવેસરથી કરવામાં આવેલ ખૂબ જ સુંદર ભાવ પેદા થાય એવું વાતાવરણ સર્જાયેલ.
- પરમાત્માને મજાની અંગરચના કરાતી, જેને જોવા લોકો દૂર દૂરથી પધારતા.
- **પુજ્યોની ગૃહાંગણે પધરામણી :** કા. સુ. ૧૨ના અવાદ્ય સસંઘ પૂજ્યોને ઘરે પધરાવી સુવર્ણગીનીથી નવાંગી ગુરૂપૂજન કરેલ. મધુર હિતશિક્ષા શ્રવણ-નાળીયેરની પ્રભાવના કરેલ. પરિવારજનો ગદ્‌ગદ્ થયા. આવા ગુરુદેવ પામીને અને આવા ગુરુદેવના પ્રભાવક શિષ્યોની નિશ્રા પામીને.
- **સ્વામીવાત્સલ્ય :** શાંતિસ્નાત્ર બાદ ખૂબ જ સુંદર વસ્તુઓથી બેસાડીને વિશાળ સંખ્યક સંઘનું સાધર્મિ વાત્સલ્ય યોજેલ.

મહોત્સવને સફળ કરવા દીલીપભાઈ વીવાળા, રાજુભાઈ વરઘોડાવાળા અને જસ્મીનાબેન નિરજનભાઈએ અથાક મહેનત કરી હતી. મણિભાઈના પુત્રી ચંદ્રાબેને પણ જાતે રસ લઈને મહોત્સવને યાદગાર કર્યો હતો.

ત્રણને સમજો તો જીવન ધન્ય

ત્રણથી બચવા પ્રયત્ન કરો –(૧) ખોટી સંગત (૨) સ્વાર્થ (૩) નિંદા

ત્રણનું સદા સન્માન કરો (૧) માતા-પિતા (૨) ગુરુ (૩) વડીલ

ત્રણ પર મન લગાવવાથી પ્રગતિ થાય(૧) વિદ્યા (૨) મહેનત (૩) ઈશ્વર

ત્રણ વ્યક્તિ પર હંમેશા દયા કરો - (૧) બાળક (૨) ભુખ્યા (૩) અપંગ.

(ગુજરાત સમાચાર)

જ્ઞાનગુણ ગંગા

● ત્રણ પ્રકારનાં વૃક્ષો અને પુરૂષો

(શ્રી સ્થાનાંગ સૂત્ર અધ્ય.-૩, ઉદ્દેશ-૧, સૂત્ર,૧૨૮)

''તતો રુક્ખા પં. તં.-પત્તોવતે ફલોવેતે, પુટફોવતે ૧,

એવ મેવ તઓ પુરિસજાતા પં. તં. - પત્તોવારુક્ખ સામણા, પુ:ફોવારુ કખસામણા, ફલોવારુક્ખ સામણા ૨.''

ભાવાર્થ :- ત્રણ પ્રકારનાં વૃક્ષો કહેલા છે, તે આ પ્રમાણે - પત્ર સહિત વૃક્ષ, પુષ્પ સહિત વૃક્ષ અને ફલ સહિત વૃક્ષ. એ જ પ્રમાણે ત્રણ પ્રકારના પુરૂષો પણ કહેલા છે, તે આ પ્રમાણે - પત્ર સહિત વૃક્ષ સરખા ઉપકારી - સૂત્રના દેનારા હોવ થી; પુષ્પ સહિત વૃક્ષ જેવા ઉપકારી - અર્થના દેનારા હોવ થી અને ફલ સહિત વૃક્ષ સમાન ઉપકારી - સૂત્ર અને અર્થ ઉભયના દાતા હોવાથી.

❊❊❊❊❊❊

● ત્રણ કારણ વડે લોકમાં અંધકાર થાય.

(શ્રી ઠાણાંગ સૂત્ર અધ્ય. ૩, ઉદ્દેશ-૧, સૂ.-૧૩૪)

''તિહિ ઠાણેહિ લોગંધયારે સિયા, તં.-અરિહંતેહિ વોચ્છિજ્જમાણેહિ અરિહંતપન્નત્તે ધમ્મે વોચ્છિજ્જમાણે પુવ્વગતે વોચ્છિજ્જમાણે ૧.''

ભાવાર્થ :- ત્રણ કારણે લોકમાં અંધકાર થાય છે.

૧. શ્રી અરિહંતો નિર્વાણ પામે ત્યારે.
૨. શ્રી અરિહંતે કહેલ ધર્મનો વિચ્છેદ-નાશ થાય ત્યારે.
૩. પૂર્વગત (પૂર્વ સંબંધી) શ્રુત નાશ પામે ત્યારે.

❊❊❊❊❊❊

● ત્રણ કારણ વડે સાધુઓ આ સંસારનો અંત કરે.

(શ્રી ઠાણાંગ સૂત્ર, અધ્ય.-૩, ઉદ્દેશ-૧, સૂ. - ૧૩૬)

''તિહિ ઠાણેહિ સંપન્ને અણગારે અણાદીયં અણવદગ્ગં દીહમદ્ધં ચાઉરંતં સંસાર કંતારં વીઈવએજની, ત.-અણિદાણયાએ, દિટ્ઠસંપન્નયાએ, જોગવાહિયાએ.

ભાવાર્થ :- ત્રણ કારણો વડે સંપન્ન એવો અણગાર અનાદિ, અનંત, દીર્ઘ માર્ગવાળા, નરકાદિ ચાર ગતિવાળા સંસાર રૂપ અરણ્યનું ઉલ્લંઘન કરે- પારને પામે. આ પ્રમાણે,

૧. નિયાણું ન કરવા વડે.
૨. સમ્યગ્દૃષ્ટિપણા વડે અને
૩. શ્રુતના ઉપધાન (યોગો) વહન કરવા વડે. ॥૧૩૬॥''

❊❊❊❊❊❊

● ત્રણ વસ્તુ લાખ યોજન પ્રમાણવાળી છે. ત્રણ વસ્તુ પિસ્તાલીશ યોજન પ્રમાણવાળી છે.

(શ્રી ઠાણાંગ સૂત્ર અધ્ય.-૩, ઉદ્દેશ-૧, સૂત્ર-૧૪૮)

લાખ યોજન પ્રમાણવાળી ત્રણ વસ્તુ.

૧. અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસ, ૨. જંબૂ દ્વીપ,
૩. સર્વાર્થસિદ્ધિ મહાવિમાન.

પિસ્તાલીશ લાખ યોજન પ્રમાણવાળી ત્રણ વસ્તુ.

૧. સીમંતક નામનો નરકાવાસ.
૨. સમય ક્ષેત્ર - મનુષ્ય ક્ષેત્ર.
૩. ઈષત્ પ્રાગભારા પૃથ્વી - સિદ્ધિ ક્ષેત્ર.

❊❊❊❊❊❊

● ત્રણ સમુદ્રો સ્વભાવે ઉદકરસવડે યુક્ત કહેલા છે.

૧. કાલોદધિ સમુદ્ર, ૨. પુષ્કરોદ,
૩. સ્વયંભૂ રમણ સમુદ્ર.

ત્રણ સમુદ્રો ઘણા મચ્છ અને કચ્છપના પાત્ર સ્થાન કહ્યા છે.

૧. લવણ સમુદ્ર, ૨. કાલોદધિ સમુદ્ર, ૩. સ્વયંભૂ રમણ સમુદ્ર.

(શ્રી સ્થાનાંગ સૂત્ર, અધ્ય.-૩, ઉદ્દેશ-૧, સૂત્ર-૧૪૯)

❊❊❊❊❊❊

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९

સમાચાર સાર

■ **મુંબઈ કાંદીવલી વેસ્ટ દહાણુંકર વાડી :** અત્રે પૂ. આ.શ્રી વિજય ગુણયશ સૂરિશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂરિશ્વરજી મ. ની નિશ્રામાં પોષ સુદ દ્વિતીય ૫, તા. ૧૪-૧-૨૦૦૦ થી ઉપધાન શરૂ થશે. મહાવીર નગરની પાસે મુંબઈ ૬૭. ફોન. : ૮૦૯૨૫૯૯

ઉપધાન તપમાં જોડાવા આમંત્રણ પાઠવ્યું છે. પોષ સુદ ૬ શ્રી નવિનભાઈ તથા અ.સૌ. પ્રફુલ્લાબેનની દીક્ષા તથા મહા સુદ ૬ તા.૧૧-૨-૨૦૦૦ના કુ. ભાવનાબેન તથા કુ. કૃપાલીબેનની દીક્ષા થશે. મહા સુદ ૧૩ દેરાસરની વર્ષગાંઠ છે.

■ **રાંદેર રોડ સુરત :** પૂ. સા. શ્રી રાજ હંસાશ્રીજી મ. આદિની નિશ્રામાં પાઠશાળાનો કાર્યક્રમ યોજાયો નરેન્દ્રભાઈ કામદારે માર્ગદર્શન આપ્યું. ઈનામ સારા અપાયા.

■ **અમદાવાદ :** દશા પોરવાડ સોસાયટી પ્રશમ-માં પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં તેઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભવ્ય દર્શન વિજયજી મ. ની ગણિપદવી માગસર સુદ ૫, તા.૧૩-૧૨-૯૯ના દિવસે યોજાયેલ. તથા વાંકાનેર નિવાસી પરસોત્તમદાસ મોહનલાલ દોશીના પુત્ર પ્રિયવદનભાઈની પુત્રી ફાલ્ગુનીની દીક્ષા પણ તેઓશ્રીની નિશ્રામાં તે દિવસે યોજાયેલ તે નિમીત્તે ૧૦૮ પાર્શ્વનાથ સિદ્ધચક્ર મહાપૂજન, અર્હદઅભિષેક, વીશસ્થાનક પૂજન, ૩૮ છોડનું ઉજમણું વિ. અષ્ટાહ્નિકા મહોત્સવ સહ યોજાયેલ.

■ **પુના :** ૨૦૩ ભવાની પેઠ ૨૬૭/૨, જવાહરલાલ નહેરૂ માર્ગ ઉપર પ્રાચીનગૃહ જિન મંદિરમાં જીર્ણોદ્ધાર કરીને મૂલનાયક શ્રી મનમોહન પાર્શ્વનાથજીની પ્રતિષ્ઠા તથા નૂતન બિંબોની અંજનશલાકા પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણ સૂરિશ્વરજી મ. આદિની નિશ્રામાં કારતક વદ ૧૩ થી માગસર સુદ ૬ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

■ **ગુલટેકરી પુના :** પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરિશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી ગૌતમ સ્વામી તથા શ્રી સુધર્મા સ્વામીની પ્રતિષ્ઠા કારતક વદ ૧૧ ના ઉત્સાહથી થઈ.

■ **વાપી :** અત્રે પૂ. મુ. શ્રી આત્મરતિ વિજયજી મ., પૂ. મુ. શ્રી હિતરતિ વિજયજી મ. તથા પૂ. સા. શ્રી ભવ્યરત્નાશ્રીજી મ., પૂ. સા. શ્રી પુણ્યદર્શનાશ્રીજી મ. આદિની નિશ્રામાં શ્રી લક્ષ્મીચંદજી બસીરામજી દેવરણા તથા સૌ. શ્રી સુમતિબેન લક્ષ્મીચંદજીના જીવન સુકૃત અનુમોદનાર્થે નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત ત્રણ દિવસનો મહોત્સવ માગસર સુદ ૩ થી ૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

■ **ઈચલકરંજી (મહા.) :** અત્રે પૂ. આ. શ્રી વિજય જય કુંજર સૂ. મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂ.મ., પૂ. મુ. શ્રી અક્ષય વિજયજી મ. ની નિશ્રામાં જશવંતપુરા (રાજ.) મુમુક્ષુ રિતુકુમારી રમેશચંદ્ર તેમની દીક્ષા નિમીત્તે ત્રણ દિવસ માગસર સુદ દ્વિતીય ૨ થી ૪ સુધી ઉત્સવ થયો. અમદાવાદના આરાધક શ્રી જીતુભાઈની દીક્ષા થઈ મુ. શ્રી જ્ઞાનવર્ધન વિજયજી મ. નામ રાખી પૂ. મુ. શ્રી અક્ષય વિજયજી મ. ના શિષ્ય જાહેર કર્યા હતાં.

■ **રમણિયા (રાજસ્થાન) :** પૂ. આ. શ્રી વિજય દર્શન રત્ન સૂ. મ. આદિની નિશ્રામાં સિરોડ નિવાસી ખૂમચંદ કપુરાજીની દીક્ષા કારતક વદ ૯ ના ઠાઠથી થઈ.

■ **રમણિયા (બાડમેર) :** અત્રે પૂ. આ. શ્રી વિજયદર્શન રત્ન સૂરિશ્વરજી મ.નું ચાતુર્માસ ઉત્સાહથી થયું પ્રવચન, તપસ્યાઓ, સંઘપૂજનો વગેરે સારી રીતે થયાં. કારતક વદ ૯ ના ઠાઠથી થઈ અને માળની વિધિ માગસર વદ ૧૩ના રોજ ઠાઠથી થઈ હતી.

હીરાચંદજી કાંતિલાલ બાફણાએ મોકલશરથ. શત્રુંજય યાત્રા પ્રવાસ પૂ. શ્રીને ઘરે પધરામણી કરાવી. ગુરુપૂજન સંઘપૂજન વિ. કરીને પ્રયાણ કરેલ.

■ **સુરત સગરામપુરા :** પૂ. પં. શ્રી ચંદ્રજીત વિ. મ. ની નિશ્રામાં આધ્યાત્મિક આરાધના, પ્રવચન થયેલ. શ્રી નરેન્દ્રભાઈ કામદારે એક પરીક્ષા સંવાદ પાઠશાળાના બાળકો માટે કરેલ. પાઠશાળામાં ૧૦૦ વિદ્યાર્થીનો લાભ લઈ રહ્યા છે.

(ટાઈટલ -૨ થી ચાલું)

વર્તમાને તિથિ પ્રશ્ન કાજે, સંવત્સરીમાં પડયો છે ભેદ,
શાસ્ત્ર સત્યની થાતી ઉપેક્ષા, (૨) સિધ્ધાંત પ્રેમીના હૃદયે ખેદ,
સંઘ સત્યનો આગ્રહ સેવે, એ ચાવી છે ઉકેલવાની ..... આજ ....(૫)

ભૂલો સંઘ - સમુદાય ભેદો, સહુ સાચી તિથિ આરાધો,
આવ્યો સવસર આજ્ઞા પાલનનો (૨) જન્મભૂમિ પંચાંગ સ્વીકારો,
લવાદી નિર્ણય પૂરે શાખ, ધરો પ્રઘોષ, ઉમાસ્વાતિ જ્ઞાની .... આજ .....(૬)

આઠમી સ્વર્ગતિથિ આજે, ગુરૂવરના ગુણો ગવાતા,
સુવિશાલ સમુદાય શોભે (૨) સમાધિએ ભક્તો ઉભરાતા,
ઉપકારીને અંજલિ અર્પતાં, શ્રી સંઘની આંખમાં પાણી ..... આજ .....(૭)

રહેશે વર્ષ સહસ એકવીશ, જય જયવંતુ પ્રભુ શાસન,
ટંકશાળી એ વચન શ્રી વીરનું, છતાં ડગમગશે કલિકાલે,
ના કરશો ઉપેક્ષા તે ટાણે (૨) શાસન રક્ષા કરવાની
તો શાસન પ્રેમી ગણાશે (૨) તેથી ઘરજો ધર્મ ખુમારી (૨)
એવું **''ધર્મરસિકસુત''** વિનવે, નિશાની એ સફળતાની .... આજ .....(૮)

કોઈ ભૂલીના જાશો આજે, ફરજ છે સિધ્ધાંત રક્ષાની,
આજ યાદ આવો છો પલ પલ, દિસતાં સિધ્ધાંતની હાનિ
સૂરિરામ..... જય શાસન પ્રેમી (૨)
સૂરિરામ, ગુરૂરામ, સૂરિરામ,

સં. ૨૦૫૫ અષાઢ વદ ૦)), બુધવાર,
તા. ૧૧-૮-૯૯, સમાધિ સ્થળ,
સાબરમતી, અમદાવાદ

રચયિતા,
''ધર્મરસિક સુત''
મહેન્દ્ર રસિકલાલ શાહ

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સારા બનાવવા માટે વ્યાખ્યાન છે પણ વાતો કરતાં બનાવવા માટે વ્યાખ્યાન નથી.
- દુનિયાનું સુખ અને તેની સામગ્રીની હજી તમારે જરૂર પડવાની. પણ તે બેને જે ભૂંડી માને તે ડાહ્યો.
- જૈન જાતિમાં જન્મે તે જૈન નહિ. પણ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ છોડવા જેવા માને તે જૈન !
- જે વગર ઈચ્છાએ મૂકીને જવું પડે કાં તે આપણને મૂકીને ચાલ્યા જાય તેને મારું માનવું તે મૂર્ખાઈ છે ને ?
- જે જીવ મરણથી ન ગભરાય, દુઃખથી ન ગભરાય, ગભરાય તો સુખથી જ ગભરાય તેનું નામ ડહ્યો !
- સુખ કર્મે આપ્યું છે માટે મજેથી ભોગવીએ તેમાં શું વાંધો ? આમ જો કહો-માનો છો. તો દુઃખ પણ કર્મે જ આપ્યું છે તેને પણ મજેથી ભોગવો ને ? એક મજેથી ભોગવવું છે અને બીજું નથી ભોગવવું તો તેના જેવી બેવકૂફી બીજી કઈ ?
- 'જન્મ તે જ પાપ છે અને મારે મરી જવાનું છે' તેમ નહિ સમજનારા હરામખોર ન થાય તે જ નવાઈ !
- મરવાનો અને દુઃખનો ભય નહિ તેનું નામ આર્ય !
- જે સંસારને ભગવાન ખરાબ કહે છે તે સંસાર તમને સારો લાગે છે તો પછી તમે ભગવાન પાસે કેમ જાવ છો તે જ પ્રશ્ન છે ?
- પાપ કરીએ તો દુર્ગતિ જ મળે. તે જો શ્રદ્ધા થાય તો જગતમાં તપ કરાવનાર કોઈ જન્મ્યો નથી. કેમ કે શ્રદ્ધા એવી ચીજ છે કે જંપીને બેઠવા દે નહિ. જે વાત શ્રદ્ધામાં બેસે પછી તો ચિંતા નથી.
- સારું સારું ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, મોજ-મજા કરવી, અમન-ચમન કરવા, નાટક-ચેટક દેખવા તે સુખ છે; તેના માટે પૈસો જોઈએ. તે સુખ અને પૈસો જેને ભૂંડા ન લાગે તે બધા ભૂંડા કામ કરે. તેના માટે સારા કામ કરે તો ય ભૂંડા.
- કાંઈ છૂપાવવા જેવું જેની પાસે ન હોય તેનું નામ માર્ગાનુસારી !
- જન્મેલાએ મરી જવાનું છે માટે સારી રીતે મરાય તેવી રીતે જીવે તેનું નામ માનવજીવન !
- પૈસા-ટકા અને તેનાથી મળતાં સુખો ભૂંડા માને, નુકશાનકારક માને, આત્માને રખડાવનાર માને, દુર્ગતિકારક માને તે જીવ ડાહ્યો બને.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
२८.७.२००१

જૈન શાસન

આ શ્રી... મંદિર
શ્રી... કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

૧૦૬૫

नमो चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૧૯ થી ૨૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

અયોગ્યને જ્ઞાન દાનથી હાનિ

आयरिए सुत्तम्मि य, परिवाओ
सुत्त अत्थपलिमंथो ।
अन्नेसिंपि य हाणी,
पुट्ठावि न दुद्धदा वंझा ॥
(સ્થા. ૩૦)

અયોગ્ય શિષ્યને જ્ઞાન આપવાથી આચાર્ય અને શ્રુતનો અવર્ણવાદ થાય છે તેમજ સૂત્ર અને અર્થનો વિનાશ થાય છે. બીજા શિષ્યોને પણ જ્ઞાનનો લાભ મળતો નથી. જેમ પુષ્ટ એવી પણ વાંઝણી ગાય દૂધ ન આપે. તેમ અયોગ્યને જ્ઞાન પ્રદાન કરવાથી ફલદાયી ન બને.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પ

જૈન શાસન

(અઠવાડિક)

વર્ષ : ૧૨) ૨૦૫૬ પોષ સુદ ૧૨ મંગળવાર તા. ૧૮-૧-૨૦૦૦ (અંક : ૧૬/૨૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પ્રકીર્ણક ધર્મોપદેશ : પ્રવચન છત્રીશમું

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

સં. ૨૦૪૩, શ્રાવણ વદિ ૨/૩ મંગળવાર તા. ૧૧-૮-૧૯૮૭

શ્રી પાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(શ્રી જૈનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

नाणाहियस्स नाणं, पुज्जइ नाणा पवत्तए चरणं ।
जस्स पुण दुण्ह इक्कंपि नत्थि तस पुज्जए का इं ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા, મોક્ષનું સુખ એ જ સાચું અને વાસ્તવિક સુખ છે તે વાત સમજાવી આવ્યા પછી મોક્ષના ઉપાયોનું વર્ણન સમજાવી રહ્યા છે, કે - શ્રી જૈન શાસનમાં જેને મોક્ષ જોઈતો હોય તેને સમ્યગ્જ્ઞાન મેળવવું જોઈએ, સમ્યક્તપની આચરણા કરવી જોઈએ અને ગુપ્તિને કરનાર સંયમ પામવું જોઈએ. આ ત્રણેનો પરિપૂર્ણ યોગ થાય તો મોક્ષ થાય. દુનિયામાં તમારો અનુભવ છે કે ઘણા સમયથી બંધ પડેલું ઘર હોય તેમાં વસવા જવું હોય તો તેમાંથી બધા કચરો સાફ કર્યા પછી તેમાં વસાયને ? તે મકાનના કચરાને સાફ કરવા માટે દીવો સળગાવવો પડે ને ? પછી કચરો કાઢતાં પહેલાં બધા બારી-બારણા બંધ કરવા પડે અને ઝાડુ કાઢનાર પણ હોંશિયાર જોઈએ, ખૂણે-ખાંચરેથી કચરો સાફ કરે પછી તે ઘર રહેવા લાયક થાય. તેવી રીતે આત્મામાં નવાં કર્મોનો પ્રવાહ ચાલું છે તેને રોકવા માટે ગુપ્તિ જોઈએ, કેવાં કેવાં કર્મ શી શી રીતે લાગે તેનું જ્ઞાન જોઈએ અને આત્મામાં પડેલાં જુનાં કર્મોનો કચરો કાઢવા માટે સમ્યક્ તપ જોઈએ. આવી રીતે સમ્યગ્જ્ઞાનથી જીવના સાચા સ્વરૂપને સમજી, જુનાં કર્મોનો તપથી નાશ કરી, ગુપ્તિધર બની નવાં કર્મોને રોકે તો તેનો મોક્ષ થાય.

જે શ્રી તીર્થંકર પરમાત્માના શાસનમાં આપણે સૌ આરાધના કરીએ છીએ તે શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામી પરમાત્માએ કેવો તપ કર્યો ? સાડા બાર વર્ષ અને પંદર દિવસનાં છદ્મસ્થકાળમાં ભગવાને માત્ર ત્રણસોને ઓગણપચાસ પારણા કર્યા અને બધો તપ ચોવિહારો કર્યો. કેવાં કેવાં કષ્ટો મઝેથી વેઠયાં ? આર્યદેશના લોકો ઓછાં કષ્ટ આપે માટે વધારે કષ્ટો વેઠવા અનાર્ય દેશમાં ગયા કેમકે વધારે પીડા કરે. ગોવાળિયા જેવો માણસ કાનમાં ખીલા ઠોકી જાય તો ઠોકાવા દે ! પગમાં ખીર રાંધે તો રાંધવા દે... ! જેટલા જેટલા આવા ઉપસર્ગો આવ્યા તે બધા મઝેથી વેઠે છે. સંગમે એક રાતમાં વીશ-વીશ પ્રાણાંત ઉપસર્ગો કર્યા છે જે વાંચતાં કમકમા આવે છે તે છતાંય ભગવાન જરા પણ ચલાયમાન થયા નથી. તે સંગમે છ-છ મહિના એવા એવા ઉપસર્ગો કર્યા છે જેનું વર્ણન તમે પર્યુષણમાં સાંભળો છો. અંતે તે થાકી ગયો અને વિચારે છે કે - આ ભગવાન જરાપણ ચલિત થાય તેમ નથી. પછી ભગવાન પાસે જઈને કહે કે- ''હું જાઉં છું. આપ ખુશીથી વિચરો.'' તે વખતે ભગવાનને થાય છે કે ''ત્રણે જગતના તારક એવા અમારા સહવાસમાં આવીને આ બિચારો સંસારમાં ડૂબી જાય છે.'' આ વિચારથી ભગવાનની આંખમાં આંસુ આવે છે પણ તેનાં પ્રત્યે પણ જરાય દુર્ભાવ થયો નથી. તે જ ભવમાં મોક્ષે જવાનું નક્કી જ હોવા છતાં, જગતના જીવોના કલ્યાણને માટે મોક્ષમાર્ગ સ્વરૂપ

ધર્મશાસનના સ્થાપક એવા શ્રી તીર્થંકરદેવોના આત્માઓ પણ કર્મને કાઢવા કેવો પ્રચંડ પુરુષાર્થ કરે છે તો આપણે તો કર્મને કાઢવા કેવો ભારે પુરુષાર્થ કરવો પડે ?

મઝેથી દુઃખને સહન કરવું તે ય તપ છે. ગમે તેવા અપરાધી પ્રત્યે બુરો વિચાર પણ ન કરવો તે પણ તપ છે. આ તપ સમકિતી જીવ માટે સહેલો છે. અપરાધી પર હૈયાથી તેનું અહિત થાય તેવું કદી વિચારે નહિ. ગમે તેટલું નુકશાન કર્યું હોય તેનું ય ભૂંડું થાવ તેમ તેના મનમાં આવે નહિ. ભગવાને કહેલો તપ પહેલા ગુણઠાણાથી શરૂ થાય છે. માટે તો તપ વગરનો ધર્મી જીવ હોય નહિ. તેવો જીવ ખાવા-પીવામાં સંયમી હોય. વિવેક તો તેનામાં ઠાંસી ઠાંસી ને ભર્યો હોય. પાપ થઈ ગયું તો ગુરુને કહ્યા વિના ન રહે, પ્રાયશ્ચિત્ત પણ કર્યા વિના ન રહે, પાપ થયું તો પ્રાયશ્ચિત લેવાનું વિધાન છે. તમે બધા પ્રાયશ્ચિત્ત લો છો ? તમને તપ લાગે છે ? આજે તો થોડો ઘણો ય પાપનો જેને ભય છે તેવા જીવો હજી પ્રાયશ્ચિત્ત લે છે બાકી ઘણાને તો પાપ લાગતું જ નથી ને ? જેનાથી ભૂલ થઈ ગઈ હોય, ખોટું થઈ ગયું હોય, નહિ કરવાનું થઈ ગયું હોય, કરવા જેવું શક્તિ છતાં ન કરે તો તેનું પણ પ્રાયશ્ચિત લેવાનું છે - એમ શાસ્ત્રે કહ્યું છે. આ રીતે તપ કર્યા વિના મોક્ષ ન થાય.

જ્ઞાનિઓ ફરમાવે છે કે ''કોઈમાં એકલું સમ્યગ્ જ્ઞાન હોય છે, કોઈમાં એકલું સમ્યક્ ચારિત્ર હોય છે. કોઈનામાં જ્ઞાન અને ચારિત્ર બંન્ને હોય છે; તો તે બધા પૂજનીક છે. પરન્તુ જેનામાં સમ્યગ્જ્ઞાન નથી કે સમ્યક્ ચારિત્ર પણ નથી અને તે બેને મેળવવાની ઈચ્છા પણ નથી તેવા આત્માઓ, જેટલી બધાની પૂજા-ભક્તિ સ્વીકારે છે તેને આખા જગતના લોકોની સેવા ભક્તિ કરવી પડશે.'' સમ્યગ્જ્ઞાન નથી અને તેનો ખપ પણ નથી અને સમ્યક્ ચારિત્ર નથી તેનું દુઃખ પણ નથી તેને બધાની મજાુરી કરવાનો વખત આવશે. પોતામાં પૂજાવાની કોઈ યોગ્યતા નથી છતાં પણ બધાની પૂજા મઝેથી લે છે, બધા હાથ જોડે તો ખુશી થાય છે, કોઈ હાથ ન જોડે તો ગુસ્સે થાય તે બધાનું શું થાય ? બધાના માન-પાનાદિ ઈચ્છે તે કેવો કહેવાય ? સાચો સાધુ તો બધાના વંદનને સાધુપણા ખાતે જમા કરે. કોઈ માન-પાનાદિ આપવા આવે તો ય ના પાડે.

સભા : શ્રાવકને ય કોઈ માન-પાન આપે તો શ્રાવક શું કરે ?

પૂ. - જેનામાં શ્રાવકપણું પણ ન હોય, સમકિત પણ ન હોય તેવા માણસો મઝેથી નવકારશીનું જમણ જમે તો તેને પાપ લાગે છે તે ખબર છે ? નવકારશીના જમણમાં કોને આમંત્રણ હોય છે ? શ્રી નવકારમંત્ર ગણનારાને. શ્રી નવકારમંત્ર ગણનારો શ્રી નવકારમંત્રને માનનારો હોય કે ન હોય ? જે શ્રી નવકારમંત્રને માનતો પણ ન હોય અને તે નવકારશીના જમણમાં જમે તો તે ગુનેગાર કહેવાય કે ?

શ્રી નવકાર મહામંત્ર ગણનારાને, તેમાં જે પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવે છે તે પાંચ પરમેષ્ઠી શું છે તે સમજવાની પણ દરકાર ન હોય, તે પાંચ પરમેષ્ઠીની વિરુદ્ધ પણ બોલે, પોતે તો દર્શન-પૂજનાદિ કરે નહિ અને બીજા જે દર્શન-પૂજનાદિ કરતા હોય તેમને 'નવરા' કહે, તેવાને નવકારશીમાં જમવાનો અધિકાર છે ખરો ? આજે પાપાનુબંધી પુણ્યવાળા ઘણા સુખી છે, અજ્ઞાનિઓથી તેમને ઘણું માન-પાન મળે છે, સમજુને પણ તેમને માન-પાન આપવું પડે છે, તેવા માણસો પોતે તો ધર્મ કરતા નથી પણ ધર્મ કરનારાની મશ્કરી કરે છે; તેવાઓને પણ નવકારશીના જમણમાં જમવાનો અધિકાર છે કરો ?

પોતાની પાસે પૂજાવા જેવું કશું ન હોય અને મઝેથી બીજાની પૂજા લે તો શું થાય ? સાધુને પણ કહ્યું કે મઝેથી સારું સારું ખાય છે - પીએ છે અને સંયમમાં પ્રમાદ કરે છે તો તે જેટલા ઘરની ભિક્ષા ખાય છે તે બધાના દેવાદાર તમે થાવ છો અને તે બધાને ત્યાં ગધેડા થઈને કે ભરૂચના પાડા થઈને દેવું ચૂકવવું પડશે. સંયમ પાળનારને ભિક્ષાનો અધિકાર છે, સંયમ નહિ પાળનારને ભિક્ષાનો અધિકાર નથી. શાસ્ત્રે અમને પણ કહેવામાં બાકી રાખ્યું નથી. સાધુને પણ કહ્યું છે કે -સાધુ થઈને સાધુપણું નહિ પાળો તો તમારે પણ વખતે અનંતકાળ સુધી સંસારમાં રખડવું પડશે. ઘણા સાધુઓ પણ નરકે ગયા છે. સાધુ નરકે જાય ? જે સાધુ થઈને સાધુપણું પણ ન પાળે તો તે સાધુ પણ સાધુપણાની ભારે વિરાધના કરી નરકે જાય.

શ્રાવક પણ મહારંભ અને મહાપરિગ્રહને કરવા જેવા માનીને મઝેથી કરે તો તેને પણ નરકમાં જવું પડે કપાળમાં ચાંલ્લો કરે તો પણ તે ચાંલ્લો શા માટે કરે છે ? ધર્મી કહેવરાવવા માટે. તેથી ફાવટ ઘણી આવે છે. આવી ભાવનાથી ચાંલ્લો કરે તો મરીને કયાં જાય ? ભગવાનની પૂજાથી બજારમાં જે કરું તેમાં સફળતા મળે છે તેવી ઈચ્છાથી ભગવાનની પૂજા કરે તો કયું આયુષ્ય બંધાય ? ધર્મક્રિયા કરતાં કરતાં પણ એટલો બધો અધર્મ થાય છે કે જો તે કાળમાં આયુષ્ય બંધાય તો નરકાદિનું જ આયુષ્ય બંધાય આ વાત યાદ રહે માટે જ સમજાવે છે કે- જેનામાં સમ્યગ્જ્ઞાન હોય

અને કોઈની પૂજા લે તો ઠીક છે, સમ્યક્‌ચારિત્ર હોય અને કોઈની પૂજા લે તો ય ઠીક છે, સમ્યગ્જ્ઞાન પૂર્વકનું સમ્યક્‌ચારિત્ર હોય તે તો પૂજાને માટે લાયક છે પણ જેની પાસે આ બધામાંથી કશું જ નથી તે બધાની પૂજા લે તો શું થાય ? પૂજા લેનારાની જોખમદારી વધે છે.

સાધુનો વેષ પહેરવા માત્રથી સાધુપણું આવી જાય તેમ નથી સાધુનો વેષ પહેરે, સારામાં સારું ચારિત્ર પાળે છતાં પણ સાધુપણું પામે નહિ અને સંસાર વધારે તેવા પણ જીવો હોય છે. અભવ્ય જીવો અનંતીવાર ચારિત્ર લેવા છતાં, સારામાં સારું પાળવા છતાં પણ સંસારમાં જ ભટકે છે. ચૌદપૂર્વધર જીવો પણ જો પ્રમાદાદિમાં પડે, શિથિલ બને તો ધીમે ધીમે જ્ઞાન ભૂલે, ચારિત્રભૂલે અને છેલ્લે સમકિત પણ ગુમાવે, મિથ્યાત્વને પામે અને નરક કે નિગોદમાં પણ જાય. માટે જ્ઞાનિઓએ કહ્યું છે કે- આ ધર્મ પામવો કઠિન છે અને ધર્મ પામેલાએ તે ધર્મ સાચવવા બહુ કાળજી રાખવી પડે. ધર્મી કહેવરાવવાથી ધર્મી બનાતું નથી. સાધુ વેષ પહેરવા માત્રથી સાધુપણું આવતું નથી. સાધુપણું જોઈએ તેને મળે, ન જોઈએ તેને મળે જ નહિ.

ધર્મ પામેલો જીવ કેવો હોય તે જાણો છો ? ગોશાળો જ્યાં સુધી ધર્મ ન હતો પામ્યો ત્યાં સુધી કેવો હતો ? પોતાની જાતને જિન તરીકે ઓળખાવતો હતો. ભગવાનને પણ જુઠ્ઠા કહેતો હતો. તેથી બે મુનિઓ વચમાં પડયા તો તેજોલેશ્યાથી બાળી ન ખ્યા. ભગવાન ઉપર પર તેજોલેશ્યા મૂકી. પણ તે પાછી પોતાના ઉપર આવી. ત્યારે ભગવાને શ્રી ગૌતમાદિ મહામુનિઓને કહ્યું કે-હવે તેની પાસે જઈને કઠોરમાં કઠોર શબ્દો સંભળાવો કે તું ગુરુ દ્રોહી છો, મહાપાપી છો, તારા જેવો ખરાબ કોઈ નથી. છેલ્લે તેને પોતાની ભૂલ યાદ આવી અને ત્યાં તે સમકિત પામ્યો અને પછી પોતાના શિષ્યોને કહ્યું કે - ''મારા મડદાને કૂતરાની જેમ કાઢશો. જે જે જગ્યાએથી મારું શબ જાય ત્યાં ત્યાં પાણી છંટકાવજો અને જાહેર કરશો કે આ જિન ન હતો પણ મંખલિપુત્ર ગોશાળો જ હતો. આ પાપીના સ્પર્શથી ભૂમિ અપવિત્ર થઈ છે તેને શુધ્ધ કરવા આ પાણી છાંટીએ છીએ. ''ધર્મ પામેલો જીવ કેવો હોય તે સમજાયું ને ? પોતાના અધર્મને છૂપાવે, છૂપી રીતે અધર્મ કરે અને પોતાને ધર્મી ગણાવે તે ચાલે ? ધર્મ પામવા માટે આ સંસાર ભૂંડો લાગવો જોઈએ, આ સંસારનું સુખ ભૂંડું લાગવું જોઈએ, માન-પાન, સન્માન પણ ભૂંડાં લાગવા જોઈએ

'' જીવ આત્મિક ધર્મના સુખથી સુખી છે તેની વાત છોડી દે. પણ જે જીવ ખાધે-પીધે, પૈસે-ટકે સુખી છે તે જીવ ખાવા-પીવાના, પૈસા-ટકાદિના સુખને કેવું માને ? તેને છોડવા જેવું માને કે ભોગવવા જેવું માને ? શ્રાવક તો પૈસા-ટકાદિ ન છૂટકે રાખે અને ન છૂટકે ભોગવે બાકી સંસારનું સુખ ભોગવવામાં ય પાપ માને, રાખવામાં ય પાપ માને. ન છૂટકે કમને દુનિયાનું સુખ ભોગવવું પડે તો ભોગવે તેનું નામ શ્રાવક છે અને સાધુ થઈને મઝાથી ખાવા-પીવાદિનું સુખ ભોગવે તો તે મહાપાપી છે. ભગવાને સાધુઓને ખાવું પડે તો ખાવાની છૂટ આપી છે પણ સ્વાદ કરવાની મના કરી છે. સ્વાદ માટે બે ચીજ ભેગી કરીને વાપરે તો પણ દોષ લાગે. તેમ તમને પણ ખાવામાં મઝા આવે તો પાપ લાગે કે પુણ્ય થાય ? શ્રાવક પાસે આજીવિકાનું સાધન હોય તો તે કમાય પણ ખરો ? વેપાર પણ કરે પણ તેમાં અનીતિ ન કરે. શાસ્ત્રે તો કહ્યું છે કે - શ્રાવક મોટેભાગે અલ્પારંભી અને અલ્પપરિગ્રહી હોય.

શ્રી પુણીયો શ્રાવક બે આનાની મૂડીમાં મઝેથી જીવતો હતો. જે કાળે સૌનેયા ઉછળતા હતા તે કાળની આ વાત છે. એકવાર તેણે સાંભળ્યું કે- ભગવાનના ભક્તે ભગવાનના એક ભક્તને જમાડયા વિના જમાય નહિ. આ સાંભળતા તેને આઘાત થયો કે - હું શું કરું ? જે કમાવું છું તેમાંથી માંડ માંડ અમારા બેનું પુરું થાય છે તો બીજાને કઈ રીતે જમાડું ? ઘેર આવ્યા પછી તેને ખાવું ભાવતું નથી. જમતાં જમતાં તેની આંખમાંથી પાણી જાય છે ત્યારે તેમના ધર્મપત્ની પૂછે કે કે - શું થયું ? ત્યારે તેઓ પોતે જે વાત વ્યાખ્યાનમાં સાંભળેલી તે કરે છે કે- ભગવાનના ભક્તે ઓછામાં ઓછા એક ભગવાનના ભક્તને તો જમાડયા વિના જમાય નહિ. આપણા બેનું માંડ પૂરું થાય છે. તેથી ચિંતા થઈ છે કે શું કરવું ? ત્યારે બાઈ કહે છે કે - તેમાં શું ચિંતા કરો છો ? એક દિવસ હું ઉપવાસ કરીશ અને એક દિવસ આપ ઉપવાસ કરજો. એટલે આપણે એક સાધર્મિકને તો જમાડી શકીશું. ત્યારે શ્રી પુણીયા શ્રાવકે કહ્યું કે - મારા કરતાં તું ચઢી ! આ વાત તમે કેટલીવાર સાંભળી છે ? અનેકને જમાડી શકે તેવા મઝેથી એકલા ખાય. એક સાધર્મિકની ભક્તિ કરવાનું પણ મન ન થાય તેનામાં શ્રાવકપણું હોય ખરું ? છતી શક્તિએ પણ જો ધર્મ ન કરે તો તેને પણ પાપ બંધાય છે તે ખબર છે ? શક્તિવાળો પોતાની સામગ્રીથી પૂજા-ભક્તિ ન કરે તો પણ પાપ બંધાય. શ્રાવકને માટે પણ મોટી જોખમદારી છે. શ્રાવકના ઘરનાં દ્વાર અભંગ હોય.

સભા : પુણિયા શ્રાવકની ભક્તિ કરવાનું મન બીજાને કેમ ન થયું ?

ઉ. - તે કોઈની ભક્તિ સ્વીકારતો ન હતો. મહાજનને ખબર પડેલી કે પુણિયો શ્રાવક રૂની પુણીથી જ જીવે છે અને ભગવાનની ભક્તિ આદિ કરે છે તો તેના માટે રૂની પુણી સોંઘી કરે છે. તેને ખબર પડી કે, મારા માટે જ આ ભાવ ઓછો કર્યો છે તો તે સ્વીકારવાની ના પાડે છે અને કહે છે કે- ભગવાનનો સાચો ભગત કોઈનીય મહેરબાનીથી જીવે નહિ.

જે જીવો ધર્મના પ્રેમી ના હોય તે તો ધર્મ પણ ખોટી રીતે કરે. આજના સુખીને સુખી તરીકે ખાવું-પીવું, મોજ-મઝાદિ કરવી એ યાદ છે પણ હું જેવો સુખી હોઉં તેવી મારે ભગવાનની પૂજા-ભક્તિ કરવી જોઈએ તેમ યાદ આવે ખરું ? તમારી પૂજા ઉપરથી તમે સુખી છો તેમ કલ્પાય ખરું ? તમારાં તો વર્ણન થાય તેવા નથી. તમને કોઈ ગમે તેટલું સમજાવે તો પણ સાચી વાત દીસતી પણ નથી અને ગમતી પણ નથી જ. નહિ તો પૈસાવાળો ધર્મી કૃપણ હોય ખરો ? ધર્મ પામ્યાની પ્રતીતિ શી ? તો શાસ્ત્રે કહ્યું કે ધર્મી ગૃહસ્થનો પહેલો ગુણ ઔદાર્ય છે. જેનામાં ઉદારતા ન હોય તે જીવ ધર્મ પામ્યો જ નથી; તે જીવ ગમે તેટલો ધર્મ કરે તો પણ દેખાડ માટે જ કરે છે, ધર્મની તે માત્ર મજુરી કરે છે પણ સાચો ધર્મ નથી કરતો. ધર્મ સારા દેખાવા માટે કરે અને તેનાથી સાચી નિર્જરા ન સધાય તો તે મજુરી જ કહેવાય ! નિર્જરાસાધક ક્રિયાથી પાપ બંધાય તે ય મજુરી ! અમે પણ માન-પાન-સન્માન, પૂજાદિ માટે સાધુપણું પાળીએ તો તે ય મજુરી કહેવાય. જેનાથી નિર્જરા થાય તેનાથી જ કર્મબંધ થાય તે બધું ખોટી મજુરીમાં જાય !

આજના જેટલા વહીવટદારો છે તેઓ જે રીતે ધર્મનો વહિવટ કરે છે તે રીતે ઘર અને પેઢીનો વહિવટ કરે તો શું થાય ? ભીખ જ માગવી પડે. આજે તમારા નોકરો એવા છે કે, તમારી દેખરેખ હોય તો સીધા રહે નહિ તો પેઢીમાંથી પણ ઉપાડી જાય. તમે નોકરોને પગાર કેટલો આપો છો ? ચોરી કરે તેવો. સારું છે કે હજી તમને તે લૂંટી જતા નથી ! આજે તમને પૈસાનું એવું અભિમાન છે, એવું ઘમંડ છે કે નોકરનું શું થશે તેની ચિંતા પણ નથી. આવા જીવો શેઠ કહેવરાવવા પણ લાયક છે ખરા ? આગળ નોકર કદી પગાર વધારો માગતો ન હતો. તેને ખબર હતી કે, મારો કોઈપણ પ્રસંગ શેઠ પૂરો કર્યા વિના રહેવાનો નથી. તેને અડધી રાતે શેઠ બોલાવે તો હાજર થતો. આજે નોકરની આવી ચિંતા કરનારા શેઠ કેટલા મળે ? તમને ખરેખર શેઠાઈ એ શું ચીજ છે તેની ય ખબર નથી ! તમારા બધા જ નોકરો તમને મનથી ગાળ જ દેતા હોય છે. જેનો શેઠ ચોર હોય તેના નોકર જૂઠ્ઠા અને ચોરટા હોય, શેઠ પણ ઠગે તેમાં નવાઈ છે ? નોકરની નિંદા કરાય અને તમારી નિંદા ન કરાય ? તમને ખરાબ હોવા છતાં ય ખરાબ ન કહેવાય ? આજે વર્તમાનકાળનો આ વ્યવહાર એવો ખોટો ચાલે છે કે આવા વ્યવહારથી લોકો અધર્મી થયા. મોટાભાગમાં ધર્મ જ દેખાતો નથી. આગળ નોકરનું કપડું ફાટેલું જૂવે તો શેઠ નવું કરાવી આપતા. જેનો નોકર દુઃખી હોય તે શેઠની આબરૂ કેવી કહેવાય ? શેઠ સુખી હોય તેથી વખાણાય ખરા ? આજે તો કાળ બહુ ખરાબ આવ્યો છે. આજે તો શેઠને ય નોકરના નોકર થવું પડે છે. તમારો નામુ લખનારો નોકર માગે તેટલા પૈસા તમારે આપવા પડે છે. તેને માગે તેટલા પૈસા તમારે આપનારા અહીં ટીપમાં પાંચ રૂા. થી શરૂઆત કરે છે. બહુ આજીજી કરે તો માંડ માંડ ૧૦૦ રૂા. માંડે અને તેમાં શેઠાઈ માને છે !

તમને બધાને શક્તિ મુજબ વેપાર કરવાનું, કમાવાનું ખાવા-પીવાદિ મોજમઝા કરવાનું, પહેરવા-ઓઢવાનું મન થાય છે પણ શક્તિ જેટલો ધર્મ કરવાનું મન થતું નથી. બીજું બધું શક્તિથી અધિક કરો છો પણ ધર્મ શક્તિ જેટલો પણ કરવાનું મન થતું નથી તેનું એક જ કારણ છે કે ધર્મ ગમતો નથી, આ સાંભળવું પણ ગમતું નથી. તેવો જીવ જે ધર્મ કરે તે ય નાટક છે, લોકોને ઠગવા માટે ધર્મ કરે છે. આવા જીવો માટે જે ધર્મ સંસારમાં ભટકાવનાર નથી તે ધર્મી સંસારમાં ભટકાવનાર થાય છે.

પ્ર. - તેનાથી બચવાનો ઉપાય શું ?

ઉ. - તેનો એક જ ઉપાય છે રોજ પોતાની જાતને જોવી, જાતને ઓળખવી, ખોટું કરતી જાતને વખોડવી. ધર્મી ન હોય તો ધર્મી તરીકે ન ઓળખાવું. મારા ધર્મને જોઈને કોઈએ ફસાવું નહિ તેમ કહેવું.

તમે સારા ગ્રાહકને સારો માલ બતાવશો. અને તે જ માલ આપશો. જ્યારે ભલા ગ્રાહકને તો જે માલ બતાવશો તે આપશો નહિ. આવી વૃત્તિ હોય તો ધર્મ પમાય ખરો ? તમને તો હોંશિયાર ગ્રાહક જ પહોંચે ! ખરેખર તો તમે દુનિયાદારીમાં શેઠાઈ કોને કહેવાય તે ય સમજતા નથી, સુખી કોને કહેવાય તે ય સમજતા નથી. સુખી તો પડોશી દુઃખી ન જોઈએ, તે ક્યારે બને ? સુખી ધર્મી અને ઉદાર હોય તો. રબારીનો જીવ શાલીભદ્ર થયો તે શેનો પ્રભાવ ? દાનનો પ્રભાવ તો ખરો. પણ દાન દેવાની ખીર મલી ક્યાંથી ? સારા પાડોશીના કારણે. તમારા પાડોશમાં આવો કોઈ રોતો હોય તો શું થાય ? તમે પાડોશમાં દુઃખીને ઓળખતા હો તે ય ઘણું છે ! તમે સુખી વિના કોઈને ઓળખતા જ નથી. આવા લોકો શેઠ થઈને ફરે તો તે શેઠ કહેવાય કે શઠ કહેવાય ? આજના સત્તાવાળાને તમે શું કહો છો ? આ હરામખોરો ક્યાંથી આવ્યા ? તો તમારા માટેય લોકોનો શું ભાવ હોય ?

ક્રમશ :

●પર્વ તિથિ પ્રકાશ●

પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્તદર્શન વિજયજી મ.

(શ્રી જૈન સંઘમાં પર્વતિથિની ક્ષય કે વૃદ્ધિ થઈ શકે ખરી ?, શાસ્ત્રાનુસારે અને સુવિહિત પ્રણાલિકા પ્રમાણે ભાદરવા સુ. પાંચમની ક્ષય-વૃદ્ધિએ શું કરવું તે જાણવું છે ? તો આ લેખ શાંતચિત્તે વાંચો. જેમાં 'તિથિ-પ્રશ્નોત્તર-દીપિકા'કારે જે ભ્રામક ભ્રમણાઓથી સૌને ભ્રમિત કરવાનો હીન પ્રયત્ન કરેલ છે તેનાથી બચાવી સૌને સન્માર્ગમાં સ્થિર કરવાનો અલ્પ પ્રયત્ન પણ આ લેખમાં કરવામાં આવ્યો છે.... અવશ્ય વાંચો... વંચાવો... સન્માર્ગ સમજી સાચા આરાધક બનો. સંપા.)

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ ભવ્ય જીવોના આત્મ કલ્યાણને માટે પરમ તારક શ્રી જૈન શાસનની સ્થાપના કરે છે. આ શાસનના પરમાર્થને પામેલા અનંતા આત્માઓ આત્મ કલ્યાણને સાધી આત્માના સાચાં અને વાસ્તવિક દુઃખના લેશ વિનાના, પરિપૂર્ણ અને આવ્યા પછી કયારે ય નાશ ન પામે તેવા સુખને પામી અનંતજ્ઞાનાદિ ગુણોમાં રમણતા કરી રહ્યા છે. શાસનના પરમાર્થને પામેલો ભવ્યાત્મા સારી રીતે સમજે છે કે દશ દશ દૃષ્ટાંતે દુર્લભ એવા આ મનુષ્ય જન્મની સફળતાં-સાર્થકતા આત્મહિતકર ધર્મની આરાધના કરવામાં જ છે. એક પણ ક્ષણ ધર્મની આરાધના વિનાની જાય તે તેને પસંદ પડતું નથી. કર્મયોગે સંસારમાં રહેલો આત્મા સર્વથા સર્વ રીતે ધર્મની આરાધના કદાચ ન કરી શકે તો પણ પર્વ દિવસે તો અવશ્ય કર્યા વિના રહે નહિ. તેથી શ્રી જૈનશાસનમાં અનેક પ્રકારના પર્વોની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્ઞાનિઓ ફરમાવે છે કે મોટે ભાગે વર્તમાન આયુષ્યના ત્રીજા ભાગે પરભવના આયુષ્યનો બંધ થાય છે. તેથી જ દર ત્રીજે દિવસે પર્વ તિથિ આવે છે. તિથિ કાંઈ આપણી મરજી પ્રમાણે આવતી નથી કે માનવાની નથી પણ સૂર્ય અને ચંદ્ર ઉપર આધારિત છે. તેને માટે પંચાંગ જોવું પડે. શ્રી જૈન પંચાંગનો વિચ્છેદ થયા પછી તે તે કાલીન મહાપુરુષોએ જૈનેતર-લૌકિક પંચાંગનો સ્વીકાર કર્યો અને ત્યારથી માંડીને સકલ શ્રી સંઘ તેના આધારે તિથિનો નિર્ણય કરી આરાધના કરતો આવ્યો છે અને વર્તમાનમાં કરી રહ્યો છે. સં. ૨૦૧૪ થી સકલ શ્રી સંઘે 'જન્મભૂમિ' પંચાંગને માન્ય રાખ્યું છે અને તે પ્રમાણે આરાધના કરે છે. તે પૂર્વે જોધપુરથી પ્રગટ થતાં 'ચંડા શૂ ચંડુ' પંચાંગને માની આરાધના કરતો - કરાવતો હતો.

જૈનગણિત-જૈન પંચાંગનો વિચ્છેદ થયા પછી સકલ શ્રી સંઘે લૌકિત પંચાંગનો સ્વીકાર કર્યો. તે વાત **શ્રી પર્વકથા સ્થિતિ વિચાર** ગ્રન્થમાં નીચે પ્રમાણે જણાય છે. આ ગ્રંથની રચના વિ. સં. ૧૪૮૬માં પૂ. આ. શ્રી દેવસુંદર સૂ. મ. ના પટ્ટાલંકાર પ. પૂ. આ. શ્રી વિ. સોમસુંદર સૂ. મ. સા. ના શિષ્ય પંડિત શ્રી હર્ષભૂષણ ગણિવર્યે કરેલી છે. જેઓ સહસ્રાવધાની સંતિકરં સ્તોત્રના કર્તા પૂ. આ. શ્રી મુનિસુંદર સૂ. મ. ની સેવામાં પણ રહેલા હતા.

''यो यत्र मासो यत्र तिथि र्यद् नक्षत्रं वा वर्द्धन्ते
तानि तत्रे व मुच्यन्ते' इति हि सर्वप्रसिद्ध व्यवहार: ॥''

ભાવાર્થ : જ્યાં જે માસ, જે તિથિ અથવા જે નક્ષત્ર વધ્યાં હોય તે ત્યાં જ છોડી દેવાય છે. એ પ્રમાણે સર્વ પ્રસિદ્ધ વ્યવહાર છે.

''विषम कालानुभावाज्जैनटि प्पनकं व्यवच्छिन्नं, नतस्तत्प्रभृति खण्डित- स्फुटित - तदुपर्यष्टमीचतुर्दश्यादिकरणे तानि सूत्रोक्तनि न भवन्तीत्यागमेन लौकेश्च समं परं विरोधं विचार्य सर्वपूर्वगीतार्थसूरिभिरागममूलमिदमपीति प्रतिष्ठा-दीक्षादिसर्व कार्यमुहूर्तेषु लौकिक टिप्पनकमेव प्रमाणीकृतं,'' सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सुक्ति संपदः । तत्रैव ताः पूर्वमहार्णवोदधृता जगुः प्रमाणं जिनवाक्यदिग्मुषः ॥१॥'' इति श्री सिद्धसेन- दिवाकर वचनात् । अतः सांप्रतगीतार्थ सूरिभिरपि तदेव प्रमाणी क्रि य माणमस्ति ॥

ભાવાર્થ : વિષમકાળના પ્રભાવથી જૈન ટિપ્પણાનો વિચ્છેદ થયેલો છે. ત્યારથી ભાંગેલ તૂટેલ તે ટિપ્પણા ઉપરથી

આઠમ-પૌદશ આદિ કરવાથી તે સૂત્રોક્ત થતી નથી એમ આગમ અને લોકોની સાથે બહુ વિરોધનો વિચાર કરીને સર્વ પૂર્વ ગીતાર્થ આચાર્ય દેવોએ 'આ પણ આગમના મૂળવાળું છે' એમ પ્રતિષ્ઠા દીક્ષા આદિ સર્વ કાર્યોના મુહૂર્તોમાં લૌકિક ટિપ્પણું જ પ્રમાણ કર્યું છે.

પૂ. આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાનું વચન છે કે - ''અન્ય દર્શનીઓના શાસ્ત્રોમાં પણ જે કાંઈ સારું છે તે હે સર્વજ્ઞ પ્રભુ ! આપે કહેલા શ્રી આગમસમુદ્રનાં જ ઉછેલા બિન્દુઓ છે.''

આ જ કારણથી

વર્તમાનકાલીન સર્વ ગીતાર્થ પૂ. આચાર્યદેવો આદિ પણ તે જ પ્રમાણે કરી રહ્યાં છે.

देहाधिक वर्द्धिताङ्गुष्ठा धव यव वद् वर्द्धितंतिथि द्या स हयगणित एवास्ति । संप्रति वर्द्धिताऽवर्द्धिततिथि मास चतुर्मास क पर्युषणादिपर्वप्रतिष्ठादीक्षादि सर्व कार्याणि लौकिकटिप्पनकानुसारे णैव सर्वत्र व्यवहियमाणानि सन्ति । तत्र च सर्वमासा नामभिवृद्धिः स्यादेवेति । न हि क्वापि निर्मूलमुच्छुन्नं वस्तु व्यवहार घटना यां पटु दृष्टं... अतो लौकिक टिप्पनकाभिप्राय एवानु सरणी य स्तथा च सति ।

'क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा ।
श्री वीर मोक्ष कल्याणं कार्य लोकानुगैरि ह ॥१॥''

अत्र प्रसिद्धया श्री उमास्वाति वाचक निर्दिष्ठो व्याकरो ऽऽपवादसूत्र वदौद यिक तिथ्यपवादरूपैतत् श्लोकोक्तविधिरपि 'लोगविरुद्ध च्चाओ' इत्यागमाल्लोक विरुद्ध त्यागकृद्भि र्विद्वद् भिस्त्रीकार्यः वृद्धाचरणापि सैव प्रमाणं या चतुर्थीपर्युषणाचारणा वदागमाऽ विरुद्धा ॥'

भावार्थ :- શરીરમાં અધિક વધેલા આંગળી વગેરે અવયવની જેમ, તેમજ વધેલી તિથિની જેમ તે (વધેલા માસ) પરેખર ગણના રહિત જ છે. વર્તમાનકાળમાં વૃદ્ધિ પામેલ કે વૃદ્ધિ નહિ પામેલ તિથિ, માસ, ચોમાસી પર્યુષણા આદિ પર્વ, પ્રતિષ્ઠા દીક્ષા આદિ કાર્યો લૌકિક ટિપ્પણા અનુસાર જ સર્વત્ર વ્યવહાર કરાય છે. અને તેમાં સર્વ મહિનાઓની વૃદ્ધિ આવે જ છે.

નિર્મૂળ ઉચ્છિન્ન થયેલી વસ્તુ કયાંય પણ વ્યવહાર કરવાને સમર્થ નથી. એથી લૌકિક ટિપ્પણાનો અભિપ્રાય જ અનુસરવો જોઈએ. તેમ હોતે છતે વ્યાકરણના અપવાદસૂત્રની માફક શ્રી ઉમાસ્વાતિ મહારાજે જણાવેલ ઔદાયિક તિથિના અપવાદ રૂપ આ શ્લોકમાં જણાવેલ ''તિથિનો ક્ષય આવતાં તેની આરાધના પૂર્વ તિથિમાં કરવી અને વૃદ્ધિ આવતાં તેની આરાધના પહેલી છોડીને બીજી તિથિમાં કરવી તથા શ્રી વીરનિર્વાણ કલ્યાણક લોકમાં દિવાળી હોય ત્યારે કરવું'' અર્થાત્ લોક-દિવાળી અનુસાર કરવાનો વિધિ પણ 'લોક વિરુદ્ધનો ત્યાગ કરવો' એ આગમવચનથી પણ તેનો સ્વીકાર કરવો.

વૃદ્ધ આચરણ પરંપરા પણ તે જ પ્રમાણ કરાવે છે કે જે ચોથના પર્યુષણની આચરણાની માફક આગમથી અવિરુદ્ધ હોય.

પર્વતિથિના દિવસે પ્રાયેઃ કરીને આયુષ્યનો બંધ પડે છે. પર્વતિથિની અને કલ્યાણક દિવસોની આરાધના મોટા ફલને આપનારી છે. પણ ક્યારે કઈ તિથિ પ્રમાણ. માનવી તેનું નિયામક પ્રમાણ છે કે નહિઃ વગેરે વાતોના ખુલાસા પણ જાણવા જરૂરી છે. તે અંગે મહત્ત્વનું માર્ગદર્શન મહાપુરુષોએ આપીને, આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

પૂજ્યપાદ શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાએ વિ.સં. ૧૫૦૮ માં **શ્રી શ્રાદ્ધવિધિ** ગ્રન્થરત્નની રચના કરી છે. જે ગ્રન્થ શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરથી વીર સં. ૨૪૪૪, વિ.સં. ૧૯૭૪માં પ્રકાશિત થયેલ છે. જેમાં ઉપર્યુક્ત ખુલાસા મળી જાય છે.

''तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां स्यात् सा प्रमाणं । सूर्योदयानु सारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात् । आहुरपि-

चाउमासिअवरिसे पक्खिअपंच ट्ठमीसु नायव्वा ।
ताहो तिहिओ आसि उदेइ सूरो न अण्णा तो ॥१॥

पूआ पच्चक्खाणं, पडिकमणं तहय नियमगहणं च ।
जीए उदेइ सूरो, तीइ तिइ उ कायव्वं ॥२॥

उदयंमि जा तिही सा प्रमाण मिअरीइ कीरमाणीए । आणाभंगणवत्थामिच्छत्तविराहणं पावं ॥३॥

पाराशर स्मृत्यादावपि-

आदित्योदयवेलायां, या स्तोकापि तिथिर्भवेत्।
सा संपूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना ॥१॥

उमास्वाति वचः प्र घोषश्चैवं श्रूयतेक्षये पूर्वा तिथिः
कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।
श्री वीर निर्वाणकल्याणं, कार्यं लोकानुगैरिह । २॥

अर्हतां जन्मादिपञ्चकल्याण दिना अपि पर्वतिथित्वेन विज्ञेयाः, द्वित्रादिकल्याणकदिनाश्च विशिष्य ।

आगमेऽपि पर्वतिथिपालनं च महाफलं शुभायुर्बन्धहेत्वादिना । यदागमः- 'भयवं ! बीअपमुहासु पंचसु तिहीसु विहिअं धम्माणुट्ठाणं किं फलं होइ ? गोयमा ! बहुफलं होइ । जम्हा एआसु तिहिसु पाएणं जीवो परभवाउअं समज्जिणइ, तम्हा तवोविहाणाइ धम्माणुट्ठाणं कायव्वं । जम्हा सुहाउअं सम्मज्जिण इत्ति ।''

ભાવાર્થ :- ''પ્રાતઃકાળમાં પચ્ચક્ખાણ વખતે જે તિથિ હોય તે તિથિ પ્રમાણ કરાય છે, લોકમાં પણ સૂર્યોદય અનુસારે જ દિવસ-તિથિ આદેનો વ્યવહાર છે.

ચાતુર્માસિક, વાર્ષિક, પાક્ષિક, પંચમી, અષ્ટમી પર્વોમાં તે તિથિઓ પ્રમાણ જાણવી કે જેમાં સૂર્યોદય થયો હોય અન્ય નહિ. ॥૧॥

પૂજા, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ તથા નિયમ ગ્રહણ તે તિથિઓમાં કરવાં કે જેમાં સૂર્યોદય થયો હોય. ॥૨॥

(સૂર્ય) ઉદયમાં જે તિથિ હોય તે જ પ્રમાણ કરવી. અન્યથા-બીજી પ્રમાણ કરવામાં આવે તો શ્રી તીર્થંકર પરમાત્માની આજ્ઞાનો ભંગ, એકે ખોટું કર્યું હોય તેને અનુસરી બીજો ખોટું કરે તે સ્વરૂપ અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના (સ્વરૂપ ભયંકર દોષો) લાગે.

વળી પારાશર સ્મૃતિ આદિમાં (જૈનેતર ગ્રન્થોમાં) પણ કહ્યું છે કે ''સૂર્યોદય વખતે થોડી પણ તિથિ હોય તો તે સંપૂર્ણ માનવી. પણ વધારે હોવા છતાં ઉદયમાં ન હોય તો તે ન માનવી.''

(આ તો સામાન્યતઃ વાત થઈ પણ પર્વાપર્વ તિથિની ઘટ-વધ હોય તો શું કરવું તે માટે જણાવે છે કે) પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો પ્રઘોષ આ પ્રમાણે સંભળાય છે કે-

''ક્ષયમાં પૂર્વની તિથિ ગ્રહણ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર તિથિ ગ્રહણ કરવી. શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ કલ્યાણક લોકના અનુસારે (લોક જ્યારે દિવાળી કરે ત્યારે) કરવું.''

શ્રી તીર્થંકર પરમાત્માના ચ્યવન, જન્મ આદિ પાંચે કલ્યાણકના દિવસો પર્વતિથિ તરીકે જાણવા બે ત્રણ આદિ કલ્યાણક દિવસો વિશેષ જાણવા.

આગમમાં પણ શુભ આયુષ્યના બંધના હેતુ આદિ વડે પર્વતિથિની આરાધનાનું મહાફળ બતાવ્યું છે. અને આગમસૂત્ર આ પ્રમાણે છે કે ''હે ભગવાન ! બીજ પ્રમુખ પાંચ તિથિમાં (બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદશ) કરેલ ધર્મ અનુષ્ઠાનનું શું ફળ હોય ? હે ગૌતમ ! બહુ ફલ હોય, કારણ કે એ તિથિઓમાં જીવો પરભવનું આયુષ્ય ઉપાર્જન કરે છે, તે કારણથી તપ-ઉપધાન આદિ ધર્મ અનુષ્ઠાન કરવાં જોઈએ જેથી શુભ આયુષ્ય બંધાય.''

●●●

જૈન ગણિત પ્રમાણે દર બાસઠમા દિવસે એક તિથિ ક્ષીણ થાય તેથી એક વર્ષમાં છ તિથિનો ક્ષય આવે અને પાંચ વર્ષના એક યુગમાં ત્રીસે ત્રીસ તિથિનો ક્ષય આવે. પરંતુ વૃદ્ધિ તો એક પણ તિથિની આવે નહિ. પરંતુ પાંચ વર્ષના યુગમાં યુગની આદિમાં પોષ મહિનાની અને યુગના અન્તે અષાઢ મહિનાની વૃદ્ધિ આવે. જ્યારથી જૈન પંચાંગનો વિચ્છેદ થયો અને લૌકિક પંચાંગનો સ્વીકાર કરવામાં આવ્યો ત્યારથી દરેકે દરેક પર્વાપર્વ બધી જ તિથિઓની ક્ષય અને વૃદ્ધિ પણ આવવા લાગી અને દરેકે દરેક માસોની વૃદ્ધિ પણ આવવા લાગી અને શ્રી સંઘે તેનો સ્વીકાર પણ કર્યો. તેથી જ તિથિના ક્ષય-વૃદ્ધિના પ્રસંગે 'ક્ષયે પૂર્વા.'ના પ્રઘોષ પ્રમાણે તિથિની વ્યવસ્થા કરવામાં આવતી. પરંતુ યતિઓના કાળમાં જે ગરબડો થઈ તેમાંથી જ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ તો થાય જ નહિ - આવી એક ખોટી માન્યતા પકડાઈ ગઈ - ઘર કરી ગઈ જેના પરિણામે શ્રી સંઘમાં તિથિના વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. પરન્તુ શાસ્ત્રાધારો, પ્રાપ્ત ઈતિહાસ, મહાપુરુષોના મનનીય માર્ગદર્શનનો વિચાર કરવામાં આવે તો જ 'સત્ય' નિષ્પક્ષપણે સમજાય તેવું છે.

વળી જે લોકો પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરે છે તથા ભાદરવા સુદિ-પાંચમની ક્ષય-વૃદ્ધિએ ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરે છે તેમાં કોઈ જ શાસ્ત્રાધાર નથી, પ્રામાણિક પરંપરા પણ નથી. શ્રી પર્વતિથિ ચર્ચા સંગ્રહ પરિછેદ પહેલામાં મુનિશ્રી કલ્યાણવિજયજી જણાવે છે કે- ''ચંદ્રપંચાંગને અનુસારે સં.૧૬૨૨-૧૬૨૮-૧૬૪૮-૧૬૫૪-૧૭૮૦ (ગુજરાતી સં.૧૬૨૧-૧૬૨૭-૧૬૪૭-૧૬૫૩-૧૭૭૯)માં બે પાંચમો (ભાદરવા સુદ પાંચમ) થઈ હતી. પણ તે વખતે ચોથની કે ત્રીજની વૃદ્ધિ કરવાનો કોઈને વિચાર પણ આવ્યો ન હતો.''

●●●

''૧૮૭૦ના પર્યુષણની અઠાહિ શ્રાવણ વદિ ૧૧ના દિવસે બેસાડી છે, વદિ અમાવસનો ક્ષય કર્યો છે અને

ભાદરવા સુદિ-૪ બે કરી છે. એ જ રીતે આસો જ સુદિ ૭ થી ઓલી મેસાડી છે, સુદિ ૮ ની વૃદ્ધિ કરી છે અને આસો જ સુદિ ૧૫નો ક્ષય કર્યો છે.

આથી એટલું તો નિશ્ચિત છે કે **''જૈન ટીપણામાં પર્વતિથિની હાનિ-વૃદ્ધિ ન થાય''** આવા પ્રકારની માન્યતા સં.૧૮૯૦ પછી પ્રચલિત થઈ છે. (પૃ.૩૨)

●●●

પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ થાય કે નહિ તે અંગે પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજા શું કહે છે તે પણ જોઈએ.

સંવત ૧૮૯૮માં લખાયેલી, સ્વરચિત શ્રી ચર્ચાપ્રશ્નોત્તરીમાં પત્ર ૨૩માં પૂ. પં. શ્રી રૂપવિજયજી ગણિવર શ્રી શ્રી રતલામ શ્રી સંઘના પત્રમાં ફરમાવે છે કે, **''તથા અધિક માસ તે પ્રમાણ નહીં, તે રીતે દોય પૂનિમ હોય અથવા દોય અમાવાસ્યા હોય તો દુસરી જ તિથિ પ્રમાણે કરવી.** ॥ યતઃ

પુણ્ણમિયકાઉં, વુદ્ધિય ધિપ્પઈ પૂવ્વતિહિ।
જા જંમિ હુ દિવસે, સમપ્પઈ સોય પમાણંતિ ॥ ૧॥

સૂર્યના ઉદયમાં જે તિથિ હોય તે ઉગતી તિથિ કહીએ તે પ્રમાણે કરવીજી ॥ ઈતિ ॥ તત્ત્વ તરંગિણી મધ્યે, પહેલી ચઉદશ ૬૦ સાઠિ ઘડીની હોય, અને બીજી ચૌદશ એક ઘડી હોય તો પિણ, દુજિ જ ચઉદશ પ્રમાણ કરવી. પિણ પહેલી પ્રમાણ નહિ.''

પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજાનો સ્વર્ગગમન સમય પ્રાયઃ ૧૯૦૪નો છે. આના પરથી નકકી થાય છે કે **ત્યાં સુધી પુનમ કે અમાસની વૃદ્ધિ એ તેરસની વૃદ્ધિ કરવામાં આવતી ન હતી. કારણ કે તેઓ પૂજ્યશ્રી પૂનમની વૃદ્ધિમાં પૂર્વ પૂનમને અધિક માસની જેમ પ્રમાણ ન કરવા જણાવે છે.**

●●●

શ્રી શાસન કંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાન મંદિર-પાલીયા તરફથી 'શ્રી તિથિ પ્રશ્નોત્તર-દીપિકા' પુસ્તિકા પ્રગટ થઈ છે અને તેમાં સમાધાનકાર આ. વિ. નરેન્દ્રસાગર સૂ. મ. છે.

આ આચાર્યશ્રીને શ્રી જૈન સંઘ-જાણકારો સારી રીતના ઓળખે છે. હડહડતા જૂઠાણાઓ ફેલાવવા માટે તેમનો જોટો જડવો મુશ્કેલ છે.

(૧) તેમાં પૃ.૭ ઉપર ''××× પરંતુ આરાધનાની અપેક્ષાએ તો તે પર્વતિથિનો ક્ષય અથવા વૃદ્ધિ શાસ્ત્રોક્ત પણ નથી કે પરંપરા પ્રમાણે પણ નથી.×××''

(૨) ''××× પૃ.૮ ઉપર 'પૂનમના ક્ષયે તેરસનો જ ક્ષય કરવાની હાલમાં જે પરંપરા છે તે આગમોક્ત હોવાનો આ સજ્જડ પૂરાવો છે. ×××''

(૩) પૃ.૨૨ ઉપર ''પૂ. આત્મારામજી મ. પંજાબ બાજુ વિચરતા હતા અને ગુજરાતની મુખ્ય પરિસ્થિતિથી અજાણ-અનજાન હતા, એથી જ તેઓએ ભરૂચના સુશ્રાવક અનુપચંદભાઈને પત્ર લખીને પૂછાવ્યું કે ''સંવત્સરી બાબત શું છે?'' ×××''

(૪) ''××× છેવટે પૂ. જીતવિજયજી મ.દા, પૂ. સિદ્ધિસૂરિજી મ. (વિદ્યાશાળા) ××× આદિ મુનિભગવંતોએ ત્રીજનો ક્ષય કરી સાંવત્સરિક પર્વની આરાધના કરી ×××''

(૫) ''××× પૂ. સાગરજી મ. નો તર્ક ચોકખો હતો કે જે સિધ્ધાંત પૂનમ-અમાવાસ્યાની ક્ષય-વૃદ્ધિમાં પ્રયોજિત થાય છે તે જ સિધ્ધાંત ભાદરવા સુદ ૪-૫ ના પર્વ અંગે પણ અમલમાં મૂકાવવો જ જોઈએ.×××''

(૬) પૃ. ૨૪ ઉપર ''પ્રશ્ન : પ૮ તિથિનો ઝગડો કયારથી શરૂ થયો.

ઉત્તર : ''મુખ્યપણે તિથિનો પ્રશ્ન ૧૯૯૨ થી શરૂ થયો અને તેના પુરસ્કર્તા આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિ છે એમ જે કહેવાય છે, તે સત્ય છે ×××''

આમ વિ. સંવત ૧૯૯૨ થી જ વર્તમાન તિથિ ચર્ચાનો વિવાદ શરૂ થયો, અને તેના આયોજક આચાર્ય વિજય રામચંદ્રસૂરિ હતા. દુઃખદ વાત તો એ છે કે સં. ૧૯૫૨માં છઠનો ક્ષય કરવાની સલાહ આપીને પણ અંતમાં તો સંઘને અનુસરવાની મહાનતા બતાવનારા પૂ. આત્મારામજીની જ શિષ્ય પરંપરામાં થયેલા આ આચાર્યશ્રી, પોતાની મનસ્વી માન્યતા ખાતર સંઘની ઐકયતા ખંડિત કરવાના પ્રેરક બન્યા, સર્જક બન્યા.×××''

આ સિવાય અનેક વિધાનો ઉન્માર્ગે દોરનારાં, ગેરસમજ વધારનારાં શાસ્ત્ર વિરુદ્ધ, વિકૃત રીતે, સુવિહિત પરંપરા વિરુદ્ધ કરી તેમજ પૃ. ૭૬ થી ૮૪ સુધી 'ક્ષયે પૂર્વા.' ના અર્થ સંબંધે જે ગોટાળા વાળ્યા છે તેનો તો જોટો જડે તેમ નથી. એક માત્ર કદાગ્રહ, મનસ્વીપણું, પૂજ્યપુરુષો ઉપરનો અખંડ તેજોદ્વેષ-માત્સર્ય, 'મારું તે જ સાચું' સિદ્ધ કરવાની

સતત ધૂન, શાસ્ત્રોના મારી મચડીને પણ મનફાવતા અર્થ કરવા - તે તેનના ભવભીરૂપણાના લક્ષણ જણાતા નથી પણ પોતાની સાથે અનેકનું ભવભ્રમણા વધારનારાં અને સ્પષ્ટ ઉન્માર્ગગામિપણાનાં દેખાય છે.

આવા કદાગ્રહીઓને સમજાવવાનો કોઈ જ અર્થ નથી, કારણ પુસ્તકમાં કરેલાં વિકૃત-અશાસ્ત્રીય વિધાનોના શાસ્ત્રીય રીતે અનેકવાર સ્પષ્ટ જવાબો અપાઈ-છપાઈ ગયા છે. જેનામાં સાચી જિજ્ઞાસાવૃત્તિ નથી કે કરેલી ભૂલને સ્વીકારવા જેટલી સરળતા પણ નથી તેવાની દશા આવી જ હોય. તેમના આવા ખોટા ભ્રામક પ્રચારોમાં કોઈ ભદ્રિક જીવ ન ફસાય તે માટે સત્ય ઈતિહાસ જણાવવો જરૂરી છે. ક્રમે કરીને આપણે સંક્ષિપ્તમાં તેનું દિગ્દર્શન કરીએ.

(૧) પૃ.૭ ઉપર સમાધાનકારશ્રી જણાવે છે કે- ''××× જૈન જ્યોતિષ વિષયક ગણિતાનુસાર પર્વતિથિનો ક્ષય થાય એ વાત શાસ્ત્રોક્ત છે પણ વૃદ્ધિ થાય એ વાત શાસ્ત્રોકત નથી જ; પરંતુ આરાધનાની અપેક્ષાએ તો પર્વતિથિનો ક્ષય અથવા વૃદ્ધિ શાસ્ત્રોકત પણ નથી કે પરંપરા પ્રમાણે પણ નથી.''

આ વિધાનો 'વદતો વ્યાઘાત' જેવા છે.

ખુદ પ.પૂ. સાગરજી મહારાજે (આચાર્ય શ્રી સાગરાનંદ સૂ. મ.) શ્રી સિધ્ધચક્ર માસિક વર્ષ-૪, અંક-૪, પૃ. ૮૭ ઉપર જણાવ્યું છે કે-

''ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ''

''અને આજ કારણથી બીજ-પાંચમ વિગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે, કેમ કે તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્ય ઉદયવાલી તિથિની પહેલાં પહેલાં થઈ ગયો હોય છે. ××× પણ ત્રીજ, છઠ, નોમ વિગેરે સૂર્યોદયવાલી તિથિઓમાં બીજ, પાંચમ, આઠમ માનવા જવું ને જાુઠ અને કલ્પના માત્ર છે.''

(વર્ષ-૪, અંક-૪, પૃ. ૮૭)

વળી ને જ વર્ષના અંક-૪, પૃ. ૯૪ ઉપર પણ જે જણાવ્યું છે કે

''પ્ર. ૭૭૬- સામાન્ય રીતે જૈન જનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદશ, અમાવાસ્યા કે પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે ?

સમાધાન-જ્યોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણકાર મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈન શાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમ કે એમાં **અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ, બીજ, પંચમ વગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિઓનો ક્ષય ન થતો હોય તો 'ક્ષયે પૂર્વાતિથિકાર્યા' એવો** શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ.''

(શ્રી સિધ્ધચક્ર માસિક, વર્ષ-૪થું, અંક-૪ થો, પૃ. ૯૪)

તે માસિકમાં વૃદ્ધિ તિથિ અંગે અંક-૧ લો પૃ. ૯૭માં જે ખૂલાસો આપ્યો તે જોઈએ.

''પ્રશ્ન ૮૩૯-બીજ, પાંચમ આદિનો ક્ષય અને વૃધ્ધિ શ્રી જૈન શાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ ?

સમાધાન- શ્રી સ્થાનાંગસૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રો અને જ્યોતિષ્કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે **બીજ પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે,** પણ તિથિઓની વૃધ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે. છતાં **ક્ષય અને વૃધ્ધિ પ્રસંગો નિયત છે.**

(શ્રી સિધ્ધચક્ર માસિક, વર્ષ-૪થું, અંક-૧ લો પૃ. ૯૭)

પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ સંબંધમાં શ્રી સાગરજી મહારાજાના ગુરૂદેવ શ્રી ઝવેરસાગરજી મહારાજા શું માનતા હતા તે પણ જોઈએ.

સંવત ૧૯૩૫ની સાલમાં મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ ઉદયપુરમાં ચોમાસું હતા. તે વખતે પૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિજી પણ ત્યાં જ ચોમાસું હતા ત્યારે ભાદરવા **સુદિ-બીજનો ક્ષય હતો,** પરન્તુ પૂજ્ય શ્રી ધરણેન્દ્રસૂરિજીએ શ્રાવણ વદિ-તેરશનો ક્ષય કરવાનું જાહેર કર્યું. આ વાત શ્રી ઝવેરસાગરજી મહારાજે જાણી. તેથી તેમણે શ્રાવકોને જણાવ્યું કે **''ભાદરવા સુદિ બીજના ક્ષયમાં એકમ બીજ ભેગી કરાશે પણ બારસ-તેરસ ભેગી નહિ કરાય''** વગેરે વાતો વિસ્તારથી જણાવી. જે ખૂલાસો ઉદયપુરના શ્રી સંઘે હેંડબિલ રૂપે છપાવીને બહાર પાડયો હતો. તેનો મુખ્ય ભાગ નીચે પ્રમાણે હતો.

''श्री उदयपुरसे श्री सकलसंघ जैन धर्मी को जाहिर करवामें आता है कि श्री तपगच्छ के संवेगी साधुजी महाराज श्री जवाहीरसागरजी पोष सुदी पंचमी के दीन यहां पधारे है ।

व्याख्यानमें श्री उवाइसूत्रकी टीका वांची ते सुणकर संघ बहुत आनन्द पाम्यो और घणा जीव धर्ममें द्रढ हुआ । अट्ठाई महोछवादिक होने से जैनधर्मकी घणी उन्नति हुई । बाद जेठ मास में श्रीपाली १, रामपुरा २, पंचपहाड ३, लुणा वाडा ४, गोधरा ५ वगेरेह कीतनाक गामों का संग (घ) की तरफसे चौमासा की विनति छति विण यहां के संघे बहुत आग्रज करके चोमासा यहां करवाया है । यहां दो ठिकाणे व्याख्यान वंचता है । एक तो मुनी जवाहीर सागरजी श्री आचारांगसूत्र निर्युक्ति टीका समेत वांचते है । श्रावक-श्राविका वगेरह आनंद सहित सुनने को रोजीना आता है तेथी श्री धर्म की वृद्धि होती है । दुजा श्री तपगच्छ के श्री पूज्यजी महाराजश्री विजयधरणेंद्रसूरीजीकुं भी संघने चौमासो यहां करवायो है । वां श्री पन्नवणा सूत्र वंचाता है । एक दिन श्रावकोए मुनी जवेरसागरजीने पुछा की अब के श्री पर्युषणमें सुदी २ टुटी है सो एकम दूज भेली करणी के कोइ का केहेणा बारस तेरस भेगी करणीका है वो करणी ? इसका उत्तर इस माफक दिया कि श्री रत्नशेखरसूरिकृत श्राद्धविधि कौमुदी अपरनाम श्राद्धविधि ग्रंथ में कह्यो छे कि प्रथम मनुष्य भवादिक सामग्री पामी निरंतर धर्मकरणी करवी । निरंतर न बने तेने तिथि के दिने धर्मकरणी करवी । यदुक्तं-जइ सव्वेसु दिने (णे) सुं, पालह किरिअं तओ हवइ लठं(ट्ठं) । जय (इ) पुण तहा न सक्कह, तहविहु पालिज्ज पव्वदिणं ॥१॥

एक पखवाडा में तिथि छ होवे - यदुक्तं -

बि (बी) या पंचमी अष्ट (ट्ठ) भी ग्यारसी (एगारसी)
चउ (चउ) दसि (दसी) पण तिहीउ (ओ) एआओ
मुणि (य) तिहीउं (ओ) गोअमगण हारणिा भणिआ ॥१॥

पर्व पंचपर्वी पूर्णिमामावास्याभ्यां सह षट्पर्वी च प्रतिपक्षमुत्कृष्टतः स्यात् तिथी पिण जे प्रभाते पचखाण वेलाए उदियात होवे सो लेणी यदुक्तं तिथी (थि) श्च प्रातः प्रत्याख्यान वेलायां यः स्यात् स प्रमाणं सूर्योदयानुसारेणैव लोके पि दिवसादिव्यवहाररात् आहुरपि-चाउम्मासी (सि) अवरिसे पखी (क्ख) अ पंचट्ठमीसु नायव्वा । ताउ (ओ) तिहोउ जासिं उदेइ सु (सू) रो न अणा (ण्णा) ओ १ पूआ पच्चक्खाणं पडिकमणं तह य नियमगहणं च जीए उदेइ सु (सू) रो तीइ ती (ति) हीए उ कायव्वं २ जो तिथिनो क्षय होवे तो पूर्वतिथिमें करणी जो वृद्धि होवे तो उत्तर तिथि लेणी. यदुक्तं-क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा, श्री वीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह ॥ १ ॥ जो उदियात तिथिको छोडकर आगे पीछे तिथि करे तो तीर्थंकरकी आणानो भंग ॥ १ ॥ अनवस्था एटले मरजादानो भंग २ मिथ्यात्व एटले समकितनो नाश ३ विराधक ४ ए चार दूषण होवे यदुक्तं-उदयंमि जा तिहि (ही) सा पमाणमिअरि (री) इ कीरमाणीए । आणामंगणवल्लामिच्छत्त-विराहणं पावे ॥ १ ॥ और श्री हीरप्रश्नमें पिण कह्या है कि जो पर्युषणका पिछला चार दिवसमें तिथिका क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा जो वृद्धि आवे तं एकमथी वांचणा एथी पीण मालम हुवा की जेम तिथिकी हानि वृद्धि आवे ते तेमज करणी वास्ते अब के पर्युषणमें एकम दुजे भेली करणी वद ११ शनिवारे प्रारंभे वद १४ मंगलवारे पाखी तथा कल्पसूत्रकी वांचना पिण सोमवारे पावी करवी नहि वदी ३० अमावस्याये जन्मोछवः सुद ४ शनिवारे संवत्सरी करणी कोई कहै छै कि वडा कल्पकी छट्ठकी तपस्या टूटे तथा संवत्सरी पहिला पांचमे दिवसे पावी करणी वास्ते पजुषणका पिछला चार दिवस में तिथिकी हानी वृद्धि आवे तो बारस तेरस भेगा करां छां वा दो तेरश करां छां इसका उत्तर के ये बात कोई शास्त्र में लिखी नथी और चोवीसकी सालमें दूज टूटी तीसकी सालमें दो चौथ हुई ते वखतें श्री अमदावाद वगेरेह प्रायें सर्व शहरमें साधु साध्वी श्रावक श्राविकायें बारस तेरस भेली वा दो तेरशां करी नहि कोइ गच्छमें मतमें दरसनमें शास्त्रमें नहि है कि सुदकी तिथि वदमें ने वदकी तिथि सुदमें हानि वृद्धि करणी छे वहुना आत्मार्थी को तो हठ छोड कर शास्त्रोक्त धर्मकरणी करके आराधक होणा चाहिए ×××.

કદાગ્રહી અને પૂર્વગ્રહથી પીડિત શ્રી સાગરજી મહારાજા અને સમાધાનકાર આચાર્યશ્રી 'क्षये पूर्वा.'ના અર્થમાં પર્વની હાનિ - વૃદ્ધિમાં તે પહેલાંની અપર્વ તિથિની

હાનિ - વૃદ્ધિ કરવાનું જણાવે છે અને 'બે તિથિઓ ભેગી થઈ' 'પર્વતિથેની ક્ષય - વૃદ્ધિ તો થાય જ નહિ તેમ બોલાય પણ નહિ, મનાય કે લખાય પણ નહિ' તેમ કરીએ તો પાપ લાગે તેવી માન્યતા ધરાવે છે. જ્યારે શ્રી સાગરજી મહારાજાના ગુરૂદેવશ્રી ખુદ મુનિરાજ શ્રી ઝવેર સાગરજી મહારાજા તો જે તિથિની હાનિ - વૃદ્ધિ હોય તેની જ હાનિ - વૃદ્ધિ કરવાનું અને ક્ષય પ્રસંગે બે તિથિ ભેગી કરવાનુ સ્પષ્ટ રીતે આ હેન્ડબીલમાં જણાવે છે

''श्री वीरप्रश्नमें पिण कह्या है कि जो पर्युषणका पिछला चार दिवसमें तिथिका क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा. जो वृद्धि आवे तो एकमथी वांचणा । एथी पिण मालम हुआ की **जेम तिथिकी हानि - वृद्धि आवे ते तेमज करणी** वास्ते अबके पर्युषणमें **एकम दुज भेली करणी''**.

આના ઉપરથી સુજ્ઞ વાચકો સારી રીતના સમજી શકે છે કે '' क्षये पूर्वा.'' 'પ્રઘોષના વાસ્તવિક અર્થ છોડી, મારી - મચડીને પોતાને અનુકૂળ મનફાવતો, ખોટો અર્થ કરવાથી કેવા કેવા અનર્થો ઉભા થાય છે અને પંડિતવર્ગમાં 'પંડિત મૂર્ખ' ની ઉપાધિ પ્રાપ્ત થાય છે. હાસ્યાસ્પદ બનાય તે નફામાં !

(૨) પૃ. ૮ ઉપર ''×××પૂનમના ક્ષયે તેરસનો જ ક્ષય કરવાની હાલમાં જે પરંપરા છે તે આગમમોકત હોવાનો આ સજ્જડ પુરાવો છે.×××''

શ્રી પૂજ્યો - યતિઓના કાળમાં જે અંધાધૂંધી ફેલાઈ, જે ગરબડો ચાલી, જે અવિહિત - અશાસ્ત્રીય પ્રવૃતિઓ ચાલી પડી, તેમાંની જ આવી 'પર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિ થાય નહિ'' પૂનમ - અમાસની ક્ષય - વૃદ્ધિ એ તેરસની ક્ષય - વૃદ્ધિ કરવ '' વગેરે પરંપરાઓ પણ ચાલી પડી.

પરંપરા કઈ પ્રમાણ અને કઈ અપ્રમાણ ગણાય તે અંગે શ્રી સાગરજી મહારાજા પોતે શું માને છે અને લખે છે તે જોઈએ.

શ્રી સિદ્ધચક્રના ચોથા વર્ષના અંક ૧૫ માં પૃ. ૩૪૮ ઉપર નીચે મુજબ જણાવે છે કે -

''કદાચ શંકા થાય છે કે જીત અને આજ્ઞા, એ બે વસ્તુ જણાવવાની શી જરૂર ? કેમકે એકલા જીત આચારને પણ સર્વ શાસનના પ્રેમીઓએ જિનેશ્વર મહારાજ આદિના વચન રૂપી આજ્ઞાની જેટલી માન્યતા રાખવાની હોય છે તેટલી જ માન્યતા જીત આચારની રાખવાની હોય છે, તો પછી અહીં પાક્ષિક આદિ પ્રતિક્રમણમાં જીત અને આજ્ઞા એ બંને જણાવવાનું કારણ શું ? આવી રીતે થતી શંકાના સમાધાનમાં જણાવવાનું કે કેટલાક અણસમજુ મનુષ્યો એક આચાર્યે કર્યું છે તે વૃત્ત, બીજી પાટવાળા આચાર્યે કર્યું તે અનુવૃત્ત અને ત્રીજી પાટવાળા આચાર્યે કર્યું તેને પ્રવૃત્ત કહીને માત્ર તેટલી પરંપરાથી જ પ્રવર્તેલા આચારને જીતકલ્પ માની લે છે, પણ તેવો જીતકલ્પ આજ્ઞાને અનુસરીને હોતો નથી, તો તેવા જીતકલ્પને માનવાની શાસ્ત્રકારો સાફ સાફ મનાઈ કરે છે.

અને તેથી જ શાસ્ત્રકારો આદરવા લાયક પરંપરાના આચારરૂપી જીતને જણાવતાં સાફ શબ્દોમાં જણાવે છે કે **જે પરંપરાના આચારરૂપી જીત આચારથી આત્માની અશુદ્ધિ થાય, તેમજ શિથિલાચારી અને પ્રમાદીઓએ ઘણાઓએ મળીને પણ આચરેલું હોય અને તે પરંપરાથી આવ્યું હોય તો પણ તે જીત આચરવા લાયક નથી,** અને આજ કારણથી શ્રી ધર્મરત્ન પ્રકરણમાં આચાર્ય મહારાજ શ્રી શાંતિસૂરિજી જણાવે છે કે ગચ્છ કે દિગ્બંધનાં નામે શ્રાવકો ઉપર મમત્વ કરવું, ચૈત્યમાં વાસ કરવો, શરીર અને વસ્ત્ર આદિની શુશ્રૂષા કરવી, વસતિ (ઉપાશ્રય) વિગેરેની માલિકી માટે દસ્તાવેજો કરાવવા વિગેરે આચારો આત્માને અશુદ્ધ કરનાર અને સાવદ્ય હોવાથી કોઈપણ ધર્મિષ્ઠ મુનષ્યને તે આદરવા લાયક નથી, અર્થાત્ શ્રી શાંતિસૂરિજીના ફરમાન મુજબ માત્ર પરંપરાથી આવેલો આચાર છે એમ ધારી માની લેવું નહિ. પણ **જે આચાર આગમરૂપી આજ્ઞાને અનુસરીને હોય અને સંયમની શુદ્ધિ કરનાર હોવા સાથે અપ્રમાદની વૃદ્ધિ કરી નિર્મળતા કરનાર હોય તે જ જીત આચારને આજ્ઞા જેવો ધર્મિષ્ઠોએ માનવો.**

આચાર્ય મહારાજશ્રી અભયદેવસૂરિજી તો આગમ-અષ્ટોત્તરીમાં સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે તે જ જીત આચાર હોય કે જે બળ અને બુદ્ધિની ખામીના બચાવને માટે જ ઉપયોગી હોય, અને તેથી જ તેઓશ્રી જણાવે છે કે ગુપ્તિ, સમિતિ, પડિલેહણ, સંવત્સર પર્વ તથા ચાતુર્માસિક પર્વ સિવાયની તિથિનું પલટવું વિગેરેમાં આચરણા હોય જ નહિ.''

●●●

મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજાએ તપાગચ્છીય તિથિની સત્ય માન્યતાને સમજાવવા માટે સુંદર-પ્રશંસનીય પ્રયત્ન કરેલ છે. તેઓ પૂજ્યશ્રીજીએ 'પ્રવચન પરીક્ષા' 'શ્રી કલ્પસૂત્ર-કિરણાવલી' 'પર્યુષણા શતક' આદિ ગ્રન્થોમાં પર્વતિથિનો પ્રકાશ પાડેલ. તે છતાં

પણ 'તત્ત્વતરંગિણી' ગ્રન્થમાં તિથિ અંગે જે વિશદ નિરૂપણ કરેલ છે તેથી તે ગ્રન્થ તિથિ અંગે 'સર્વોચ્ચ' કહેવામાં અતિશયોક્તિ નથી. જેઓ પુજ્યશ્રી જગદ્‌ગુરુ પૂજયપાદ આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના વડીલ ગુરુભ્રાતા હતા તથા 'સવાઈ હીરલા'નું બિરુદ ધરાવનારા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી સેનસૂરીશ્વરજી મહારાજાને પણ માન્ય હતા. તથા શ્રી સાગરજી મહારાજા પણ જેમણે પોતાના આદ્યમાન્ય પૂજ્ય પુરુષ માનતા હતા.

'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રન્થમાં મુખ્યતયા ખરતર ગચ્છની માન્યતાનું ખંડન કર્યું છે તો સાથો સાથ તપાગચ્છીય તિથિ માન્યતાનું મંડન પણ થઈ જાય છે. તેઓ પૂજ્યશ્રીનો પ્રધાન પ્રયત્ન 'પર્વતિથિના ક્ષયમાં પૂર્વતિથિ અને વૃદ્ધિમાં ઉત્તરની તિથિ ગ્રહણ કરવી' સમજાવવાનો છે. પણ સાથે સાથે તે વાત પણ સ્પષ્ટ થાય છે કે 'જે તિથિ વ્યતીત થઈ ગઈ હોય તેના ઉપરની તિથિમાં આરોપ કરવો મિથ્યાવાદ છે.'

'પર્વ તિથિના ક્ષય અને વૃદ્ધિમાં પૂર્વતરનો ક્ષય કે વૃદ્ધિ કરવાનું વિધાન નથી.'

તેઓના કોઈપણ ગ્રન્થમાં પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાનું વિધાન જ નથી. (સકલ શ્રી સંઘ ઔદાયિક ચોથની આરાધના એક જ દિવસે કરે તેથી સ્વ. પ. પૂ. આ. ભ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ ૨૦૨૦ના પાંડવાડા મુકામે એક આપવાદિક પટ્ટક કરેલ અને તેમાં ચૌદશની આરાધના એક જ દિવસે થાય માટે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ કરવાનું નકકી કરેલ. તે માત્ર આપવાદિક જ આચરણા હતી.

પરન્તુ તેનો જે હેતુ હતો તે બર નહિ આવવાથી સં.૨૦૪૬માં તે પટ્ટક રદ કરવામાં આવ્યો હતો. અર્થાત્ પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિ યથાર્થ માન્ય રાખીને તે જ રીતના આરાધના કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

તિથિમાં ક્ષય-વૃદ્ધિનાં પ્રસંગે કઈ તિથિ ગ્રાહ્ય કરવી તે અંગે 'શ્રી તત્ત્વતરંગિણી' ગ્રન્થમાં મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજા ફરમાવે છે કે-

''तिहिवाए पुव्वतिही, अहिआए उत्तरा च गहियव्वा ××× वृत्तिः- 'तिहिवाए' तिथिपाते-तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, अधिकायां च वृद्धौ चोत्तरैव ग्राह्या ।''

અર્થ : ''તિથિપાતમાં એટલે તિથિક્ષયમાં પૂર્વતિથિ (આરાધનામાં) ગ્રહણ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર-એટલે ઉપરની તિથિ લેવી.''

આ વચનથી 'તિથિના ક્ષયમાં પૂર્વતિથિ આરાધવી' તેટલું નકકી થાય છે પણ 'પૂર્વ તિથિનો ક્ષય કરવા', કોઈપણ રીતે સિદ્ધ થતું જ નથી'.

વીતિ ગયેલી પૂર્વતિથિનો ઉત્તરતિથિમાં આરોપ કરીને ઉત્તરતિથિને પૂર્વતિથિના નામે ઓળખાવે છે તે પણ શાસ્ત્રીય માર્ગ નથી. 'શ્રી તત્ત્વતરંગિણી'કારના મતે તો વીતી ગયેલી પૂર્વતિથિમાં ઉત્તરતિથિનો આરોપ કરવો તે મૃષાવાદ છે. તેમનાં જ તે વચનો જોઈએ -

''किं च क्षीणपाक्षिकानुष्ठानं पौर्णमास्यामनुष्ठीयमानं किं पञ्चदश्यनुष्ठानं पाक्षिकानुष्ठानं वा व्यवदिश्यते ? । आद्ये पाक्षिकानुष्ठानविलोपापत्तिः, द्वितीये स्पष्टमेव मृषाभाषणं पञ्चदश्या एव चतुर्दशीत्वेन व्यपदिश्यमानत्वात् ।''

ભાવાર્થ : પૂનમે કરાતા અનુષ્ઠાનને પૂનમનું અનુષ્ઠાન કહેશો કે પાક્ષિકનું ? જો પૂનમનું કહેશો તો પાક્ષિકનું અનુષ્ઠાન લોપણું ગણાશે, અને જો તેને પાક્ષિકાનુષ્ઠાન કહેશો તો પૂનમનો જ ચૌદશ તરીકે વ્યપદેશ કરવાથી ખુલ્લું મૃષાભાષણ કર્યું ગણાશે.''

પૂનમમાં ચૌદશનો વ્યપદેશ કરવામાં 'મૃષા ભાષણ' શા કારણે તે તેમના શબ્દોમાં જોઈએ -

''भवता तु त्रुटितचतुर्दशी पूर्णिमायां दृष्ट्वाऽऽरोप्याऽऽराध्यते, तस्यां तज्जोगगन्धाभावेऽपि तत्त्वेन स्वीक्रियमाणत्वात् । आरोप स्तु मिथ्याज्ञानम् ।''

અર્થ : પૂનમમાં ચૌદશના ભોગની ગંધ માત્ર ન હોવા છતાં તમો કલ્પનાથી પુનમમાં ચૌદશનો આરોપ કરો છો પણ 'આરોપ' તો 'મિથ્યાજ્ઞાન' છે.

ચૌદશના ક્ષય પ્રસંગે પૂનમે ચૌદશનું કાર્ય કરવાની હિમાયત કરનારા ખરતરગચ્છવાળાનું ઉપરના પાઠોથી મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજાએ ખંડન કર્યું છે અને પૂનમે ચૌદશનો ભોગ ન હોવાથી તેને ચૌદશ કહેવી તે મૃષાભાષણ છે એમ સમજાવે છે. તો આના પરથી સુજ્ઞ વાચકો સારી રીતના સમજી શકે છે કે **પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ માનવી-મનાવવી તે અશાસ્ત્રીય માર્ગ છે, આત્મઘાતક રસ્તો છે.** જો પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિને યથાર્થ માનવાથી તેરશ, ચૌદશ અને પૂનમ કે અમાસ તિથિની સાચી આરાધના થાય છે અને

તેથી આત્મા મુક્તિની નિકટ પહોંચે છે. જ્યારે પૂનમ - અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરશની ક્ષય-વૃદ્ધિ માનવાથી તેરશ, ચૌદશ, બન્ને તિથિઓની વિરાધના થાય છે. વિરાધનાથી સંસારની વૃદ્ધિ થાય છે.

મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજા ઔદયિક તિથિની આટલી મહત્તા સમજાવે છે તો ઔદયિક ચોથને (ભાદરવા સુદિ-ચોથ) જતી કરી પહેલી પાંચમને ચોથ માને તે બધા આ તત્ત્વતરંગિણીકારના મતે આરાધક ગણાય કે વિરાધક તેનો વાચકો સ્વયં વિચાર કરી લે. આ મહામહોપાધ્યાયને 'પ્રામાણિક' માનનારાઓએ તો આ બધી વાતોનો ખૂબ જ શાંતિચિત્તે વિચાર કરી, થયેલી ભૂલનો હૈયાપૂર્વક સરળતાથી સ્વીકાર કરી સાચા માર્ગે આવવાની ખૂબ જ જરૂર છે. સાચા આરાધક બને અને બનાવે તે જ કલ્યાણ કામના છે. પણ વો દિન કહાં !' બીજાને વણમાગી સૂફીયાણી સલાહ આપનારા પોતાના આદ્યપુરુષના વચનોનો સ્વીકાર કરી તેને જ સાચાં માને-મનાવે તેમાં પણ શાસનની સાચી સેવા કરી ગણાશે !!

પૂનમના ક્ષયમાં છઠ્ઠનો તપ કયારે કરવો તેનું માર્ગદર્શન પણ આ મહામહોપાધ્યાયશ્રીજી એ આપ્યું છે, જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાએ 'હીરપ્રશ્ન'માં પણ તેનો સંતોષકારક ખૂલાસો આપ્યો છે. પણ તે બધા પરથી એવું સિદ્ધ તો થતું જ નથી કે, પૂનમના ક્ષયમાં તેરસનો ક્ષય (પૂનમ/અમાસની ક્ષય-વૃદ્ધિમાં, તેરશની પણ ક્ષય-વૃદ્ધિ) કરી શકાય છે

આ અંગે ખુદ શ્રી સાગરજી મહારાજે 'શ્રી સિધ્ધચક્ર' વર્ષ-૩, અંક-૨૧માં પૃ.૫૦૭ માં જે સમાધાન આપ્યું છે તે જોઈએ.

''પ્રશ્ન-૭૬૧- પર્યુષણની થોયમાં વડાકલ્પનો છઠ્ઠ કરીને એ વગેરે વાકયો આવે છે. તો કલ્પસૂત્રને દહાડે છઠ્ઠનો બીજો ઉપવાસ જ આવવો જોઈએ, એવી રીતે છઠ્ઠ કરવો એમ કરું કે ? અને આ વરસમાં છઠ્ઠ ક્યારે કરવો ?''

''સમાધાન- શ્રી હીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રી કીર્તિવિજયજી મહારાજે સંગૃહીત કરેલા હીર-પ્રશ્નોત્તરમાં ચતુર્દશી, અમાવાસ્યા કે પ્રતિપદા આદિની વૃદ્ધિમાં છઠ્ઠ ક્યારે કરવો, એવા પ્રશ્નના ઉત્તરમાં ચોકખા શબ્દથી જણાવે છે કે આ પર્યુષણાના કલ્પ સંબંધી છઠ્ઠ કરવામાં કોઈપણ તિથિઓના નિયમને માટે આગ્રહ કરવો નહિ. અર્થાત્ બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય, બે અમાવાસ્યા હોય તો તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ (પહેલી અમાવાસ્યાએ પારણું કરી) બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય અને બે પડવા હોય તો પણ તેરશ-ચૌદશનો છઠ્ઠ થઈ, અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય.''

(નોંધ :- આના પરથી ફલિત થાય છે કે, શ્રી સાગરજી મહારાજા બે ચૌદશ, બે અમાવાસ્યા માનતા હતા.)

●●●

શ્રી હીરપ્રશ્નમાં પૂનમના ક્ષયે તપ કયારે કરવો તે અંગે જણાવ્યું છે કે-

પ્રશ્ન : पञ्चमी तिथिस्त्रूटिता भवति तदा तत्तपः कस्यां तिथौ ? पूर्णिमायां च त्रुटितायां कुत्रेति ? ॥ ५ ॥

उत्तरम् - अथ पञ्चमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौक्रियते । पूर्णिमायां च त्रुटितायां त्रयोदशी-चतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपीति ॥५॥ (પૃ. ૭૮)

પ્રશ્ન : પાંચમ તિથિ તૂટી હોય તો તેનો તપ કઈ તિથિમાં કરવો ? અને પૂર્ણિમા તૂટી હોય તો શામાં ?

ઉત્તર - પાંચમ તિથિનો ક્ષય હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરાય છે. પૂર્ણિમા તૂટી હોય ત્યારે તેરસ-ચૌદશમાં કરવો, તેરસે ભૂલી જવાય તો પડવે પણ અર્થાત્ ચૌદશ-પડવે કરવો.

(આ ખૂલાસા પરથી પણ પૂનમના ક્ષયે તેરશનો ક્ષય કરવાની વાત સિધ્ધ થતી નથી. પરન્તુ તપ કયારે કરવો તેનું માર્ગદર્શન મળે છે અને ચૌદશની આરાધના તો ચૌદશ જ કરવાનું સ્પષ્ટ થાય છે.)

●●●

સં. ૧૮૯૮માં લખાયેલી, સ્વરચિત શ્રી ચર્ચાપ્રશ્નોત્તરીમાં પત્ર ૨૩માં પૂ. પં. શ્રી રૂપવિજયજી ગણિવર શ્રી શ્રી રતલામ શ્રી સંઘના પત્રમાં ફરમાવે છે કે, **તથા અધિક માસ તે પ્રમાણ નહિ. તે રીતે દોય પૂનિમ હોય અથવા દોય અમાવાસ્યા હોય તો દુસરી જ તિથિ પ્રમાણ કરવી ×××**

(ઉપર પણ આ પ્રસંગ જોયેલો છે. આના પરથી પણ ફલિત થતું નથી કે પૂનમ-અમાસની વૃદ્ધિમાં (ક્ષયમાં) તેરસની વૃદ્ધિ (ક્ષય) કરવી.

(૩) પૃ.૨૨ ઉપર ''××× પૂ. આત્મારામજી મ. પંજાબ બાજુ વિચરતા હતા અને ગુજરાતની મુખ્ય પરિસ્થિતિથી અજાણ-અનજાન હતા, એથી જ તેઓએ ભરૂચના સુશ્રાવક અનુપચંદભાઈને પત્ર લખીને પૂછાવ્યું કે ''સંવત્સરી બાબત શું છે ?'' ××××××''

જાણ્યા પ્રચારના હિમાયતી અને વિકૃત રીતે હકીકતને રજૂ કરનારા સમાધાનકારશ્રીજીનું બીજું મહાવ્રત અખંડિત રહે કે ખંડિત થાય તે વાચકો વિચારી લે કારણ કે સુપ્રસિદ્ધ હકીકત છે કે ૧૯૫૨માં ભાદરવા સુદિ-પનો ક્ષય આવ્યો ત્યારે શું કરવું તે જાણવા ભરૂચના સુશ્રાવક શ્રી અનુપચંદભાઈએ ખુદે પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજાને પૂછાવેલ કે ''ભાદરવા સુદિ પંચમીના ક્ષય નિમિત્તે પર્યુષણાનો દિવસ આઘોપાછો કરવો એ મને યોગ્ય લાગતું નથી, આપનો એ વિષે શો અભિપ્રાય છે તે જણાવવા કૃપા કરશો.'' આ પ્રશ્નના ઉત્તરમાં પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજે પણ જણાવેલ કે- ''ઠીક છે, આ વખતે પંચમીનો ક્ષય કરતો એ જ અમને પણ યોગ્ય લાગે છે.''

આ હકીકત સં.૧૯૮૧ની સાલમાં છપાયેલ 'પ્રશ્નોત્તરરત્ન ચિન્તામણિ' નામના ગ્રન્થમાં આપેલ શેઠ શ્રી અનુપચંદભાઈ મલુકચંદના જીવન-ચરિત્રમાં નીચે પ્રમાણે જણાવી છે.

''સંવત ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદિ ૫ નો ક્ષય હતો તે ઉપરથી અનુપભાઈએ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજને પૂછેલું કે ભાદરવા સુદ ૫ નો ક્ષય છે તો આખા પર્યુષણની તિથિ ફેરવવી પડે છે તો પાંચમનો ક્ષય કરીએ તો શું વાંધો છે ?, કારણ પાંચમની કરણી ચોથે થાય છે તો પછી આ વખતે બધા પર્યુષણ ફેરવવા એ ઠીક લાગતું નથી માટે આપનો અભિપ્રાય શું છે ?, તેનો જવાબ શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજે એ આપ્યો કે **''પાંચમનો ક્ષય આ વખતે કરવો સારો છે,''** એવો જવાબ આવ્યો હતો અને ત્યારબાદ ૧૯૫૨ના જેઠ મહીનામાં શ્રીમદ્ આચાર્ય મહારાજે કાળ કર્યો, ત્યારબાદ અનુપભાઈના વિચારમાં આવ્યું કે મહારાજે લખ્યું એ વ્યાજબી છે, એઓના વચન પ્રમાણે બને તો સારૂં છે અને એઓનું વચન કબુલ રાખવું એમ ધારી શ્રીમદ્ આચાર્ય મહારાજના શિષ્યોના સમુદાયમાં આ બાબત લખી તેમનો અભિપ્રાય મંગાવ્યો. તેઓએ મહારાજના લખવા પ્રમાણે કરવા સમ્મતિ આપી. તેમની સમ્મતિ આવ્યા બાદ બીજા સાધુઓ તથા શ્રાવકોને કાગળ લખી તેમને પૂછયું તે લોકો જવાબ લખે તેનો જવાબ પાછો લખી સમાધાન કરી તેઓના અભિપ્રાય એ પ્રમાણે કરવાનો ઘણાનો વિચાર આવ્યો વળી કેટલાક અમદાવાદના ભાઈઓ તથા કેટલાક સાધુઓનો વિચાર મલતો નહિ તે ઉપરથી શ્રીમદ્ આચાર્ય મહારાજશ્રી સિદ્ધિસૂરિજી છાણી ચોમાસું રહ્યા હતા તેમની પાસે સુરત અમદાવાદ વિગેરે ગામોના કેટલાક ભાઈઓ આવ્યા હતા ત્યાં અનુપચંદભાઈ પણ ગયેલા હતા, તેઓને એ બાબતમાં સેનપ્રશ્ન-હીરપ્રશ્ન વિગેરેના પુરાવા આપી તેઓનું સમાધાન કર્યું. સઘળા એ પ્રમાણે કરવા; સમ્મત થયા, આવી રીતે આખા હિન્દુસ્તાનમાં ફરીફરીમાં કાગલની લખાપટીથી સમાધાની કરી એકત્ર કરી એ પ્રમાણે **આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજનું વચન મંજુર કર્યું,** ફક્ત પેટલાદમાં જુદા જુજ માણસોના હૃદયમાં ન રૂચવાથી અને સુરતમાં એક ભાઈને તે ન સમજમાં આવવાથી તેમને શાંત કરી પ્રતિક્રમણ જાુદું કર્યું બાકી બધે મેકત્ર થયું હતું. આ એઓની ગુરૂભક્તિ જણાય છે.'' (પ્રશ્નોત્તર રત્નચિંતામણી. પ. ૧૯-૨૦).

આના ઉપરથી પણ સુનિશ્ચિત્ત થાય છે કે સં. ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદિ પનો ક્ષય માનવાનો નિર્ણય થયો હતો અને તે હિસાબે સંવત્સરી કરવામાં આવી હતી. અર્થાત્ ઉદયાત્ ભાદરવા સુદ ચોથે સકલ સંઘે આરાધના કરી હતી. (કેટલાકે અન્ય પંચાંગનો આધાર લઈ ભાદરવા સુદિ છઠ્ઠનો ક્ષય કરી પણ ઉદયાત ભાદરવા સુદિ-ચોથે શ્રી સંવત્સરી પર્વની આરાધના કરી હતી.)

(૪) પૃ.૨૨ ઉપર જ ''××× છેવટે પૂ. જીતવિજયજી દાદા, પૂ. સિદ્ધિસૂરિજી મ. (વિદ્યા શાળા) ××× આદિ મુનિ ભગવંતોએ ત્રીજનો ક્ષય કરી સાંવત્સરિક પર્વની આરાધના કરી ×××''

આ વિધાન પણ સમાધાનકારશ્રીજીની અજ્ઞાનતાને જણાવનારું અને તેમની વિકૃત વિચારધારા અને અસ્થિરતાનું સૂચક છે.

વાસ્તવમાં વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુ. પનો ક્ષય આવેલો તે સમયે આ. વિ. સાગરાનંદસૂરિજી મ (તે સમયે મુનિશ્રી) જેમણે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી આરાધના કરી હતી, તેમના સિવાય **સકલ શ્રી સંઘે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી.**

ઉદયાત્ ચોથની આરાધના કરનારા પૂજ્યો.

પૂ. આ. શ્રી વિ. કમલસૂરિજી મ. (પંજાબી)

પૂ. આ. શ્રી વિ. કમલસૂરિજી મ. (ગુજરાતી)

પૂ. આ. શ્રી વિ. દાનસૂરિજી મ.

પૂ. આ. શ્રી વિ. વલ્લભસૂરિજી મ.

પૂ. આ. શ્રી વિ. સિદ્ધિસૂરિજી મ.

પૂ. આ. શ્રી વિ. નીતિસૂરિજી મ.

પૂ. આ. શ્રી વિ. નેમિસૂરિજી મ.

પૂ. આ શ્રી વિ. ધર્મસૂરિજી મ. આદિ સઘળાય સમુદાયો.

જ્યારે પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી ઉદયાત્ ચોથને પાંચમ કરી અને ત્રીજના દિવસે ચોથ માની (આરાધના કરનારા માત્ર શ્રી સાગરજી મ. એકલા (સાથે એક મુનિ અને બે-ચાર શ્રાવકે).

પૂ. શ્રી સંઘસ્થવિર, વયોવૃદ્ધ, શાન્ત તપોમૂર્તિ આ. શ્રી. વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજાએ (પૂ. શ્રી બાપજી મહારાજા) ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં કરેલો ખૂલાસો પુસ્તિકા રૂપે પણ પ્રગટ થયેલ છે. તે ખૂલાસો તા.૧૫મી નવેમ્બર સન ૧૯૪૦ના શ્રી વીરશાસન નામના સાપ્તાહિકમાં પ્રગટ થયેલો છે. તેમાંથી જરૂરી વાતો વાચકોની જાણ માટે જણાવું છું જેનાથી પૂ. શ્રી બાપજી મહારાજા હૈયા થી શું માનતા હતા તે પણ સ્પષ્ટ થઈ જાય છે.

''પ્રશ્ન - બે પૂનમ સંબંધી આપની માન્યતા શી છે ?

ઉત્તર - ચતુર્દશી છતી વિરાધીને પૂનમે ચતુર્દશી કરવી એ મહાપાપ છે. માતાને ધાવવાથી બાલકની પુષ્ટિ થાય, પણ મરેલી માતાને ધાવવા થકી પુષ્ટિ થાય નહિ. પૂનમે ચોમાસી વિગે. કરાય નહિ.

પ્રશ્ન - આપે અત્યાર સુધી પહેલાં તેમ કરેલું, તેનું શું ?

ઉત્તર - જાુઓ, લુખ્ખું ખાય તે ચોપડ્યાની આશાએ. આ વાત એવં હતી કે-બધા સમજીને સાચું કરે તો સારૂં, પણ તેવો કોઈ અવસર આવ્યો નહિ. વખતે વખતે મેં મારાથી બનતા પ્રયત્ન કર્યા, પણ જ્યારે છેવટ જોયું કે **આ બધાની વાટ જોતાં આખુંય જશે અને સાચી વાત મારી જશે, ત્યારે અમે જે પહેલાંથી સાચું માનતા હતા તે મુજબ આચરવા માંડયું.**

પ્રશ્ન - આપે પરંપરા લોપી કહેવાય ?

ઉત્તર - પરંપરા શાની લોપી ? આ પરંપરા કહેવાની હશે ? **શાસ્ત્રની આજ્ઞાની વિરાધના થાય એવી પરંપરા હોય જ નહિ.** જાુઓ. તમને કોઈને તો કદાચ ખબર નહિ હોય, પણ મારા અનુભવની વાત છે. આ વાત ૧૯૨૬ થી ૧૯૨૮ સુધીમાં બની છે. દેવસાના ઉપાશ્રયે નાગોરીશાળામાં ધરણેન્દ્ર શ્રીપૂજ્ય હતા. તે વખતે પર્વતિથિઓની આમી હેરફેરી કરવાનું તેમણે કરેલું. તે વખતે સુબાજી તેમની પાસે જતા, પણ ત્યારથી તેમણે ત્યાં જવાનું બંધ કર્યું. બે ચાર વાર તેમને શ્રી પૂજ્યના કોટવાલો તેડવા આવ્યા, પણ તેમણે કહી દીધું કે - અસત્પ્રરૂપણા થઈ માટે હું નહિ આવું. તે વખતે શ્રી મૂલચંદજી મહારાજા વિગેરેને પણ ઘણું દુઃખ થયું કે - આ બહુ ખોટું થાય છે, પણ તે વખતે સાધુઓ થોડા અને શ્રીપૂજ્યોનું બલ ઘણું. તે વખતે ઉહાપોહ પણ થયેલો. પણ ચાલી પડયું. શ્રી મૂલચંદજી મહારાજા અને સુબાજીને એ વખતે જે કરવું પડયું તે બદલ બહુ દુઃખ થયેલું. બહુ પશ્ચાતાપ કરેલો. આવી રીતે ચાલેલી પરંપરા તે સત્ય કહેવાય કે અસત્ય તે વિચારો. અમે જાણતા હતા કે - આવી રીતે પર્વતિથિની વિરાધના કરવી એ ખોટું છે, પણ અમારા મનને એમ કે- શાસનમાં બધા ઠેકાણે આવશે, એમ ધારીને બળતા હૈયે કરતા હતા. આપણે સંમેલન થયું તે વખતે આ વાત કરી હતી, પણ તે વખતે તો 'આ વિષય આપણા એકલા તપાગચ્છનો છે અને અહીં બીજા ગચ્છોના પણ આવેલા છે' એવી વાત કરીને આ વાત પડતી મૂકાઈ હતી. એ વાત રહી તે રહી અને બે પાંચમો આવી. એ વખતે મેં એકતા માટે પ્રયત્ન કરેલો, પણ એમાં ઊલટું ઉધું થયું અને ઝેર રેડાયું. આથી વિચાર કર્યો કે - **બધાને લાવવા માટે આપણે અશુદ્ધ કરવું એ ઠીક છે.**

પ્રશ્ન : પૂજ્ય શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજાના નામવાળું સોળમી સદીનું પાનું બતાવે છે, તે શું ?

ઉત્તર : એ પાનામાં કેવું લખાણ છે તે તો જાુઓ ! એની ભાષા જાુઓ ! આપણા ગચ્છની માન્યતા વિરૂદ્ધની ગાથાઓ એમાં છે. પણ એ બધી વાત પછી. આપણે ટૂંકી જ વાત કરીએ, એ પાનું જો શ્રી તપાગચ્છની માન્યતા મુજબનું સાચું છે એમ પૂરવાર થઈ જાય, તો હું તેમ માનવા અને કરવા તૈયાર છું. **અરે ભાઈ ! અત્યાર સુધી અમે જે આ કર્યું. તેનું પ્રાયશ્ચિત લેવા પણ તૈયાર છું !**

પ્રશ્ન : આપે સંવત ૧૯૯૨માં સંવત્સરી શનિવારે હતી છતાં રવિવારે કરેલી તે શાથી ?

ઉત્તર : એ વાત તો એવી છે કે - એ વખતે વાટાઘાટની શબ્દજાળમાં હું ઠગાયો હતો. વાતમાં હું ફસાયો, પણ મારી શ્રદ્ધા તો આ જ હતી, એથી તો મેં મારા બહારના સાધુઓને શનિવારે સંવત્સરી કરવી, એ જ બરાબર છે એમ જણાવી દીધું હતું. વળી મને જે કોઈએ પૂછ્યું કે પૂછાવ્યું તે બધાને મેં **ભા. સુદ ૪ શનિવારે જ સંવત્સરી કરવી જોઈએ, એમ કહ્યું હતું. મેં કહેલું કે - હું બોલીમાં બંધાયો છું. પણ મારી શ્રદ્ધા એ જ છે કે - ભા. સુદ ૪ ને છોડીને ભા. સુદ પહેલી પાંચમે સંવત્સરી થાય જ નહિ. માટે હું તો એ જ કહેવાનો અને બને તેમની પાસે એ જ કરાવવાનો !** શાસ્ત્રનું ચોખ્ખું વચન છે કે - ''क्षयेपूर्वातिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा ।'' ક્ષય હોય ત્યારે પૂર્વની તિથિએ આરાધના કરવાની અને વૃદ્ધિ આવે ત્યારે ઉત્તરા એટલે પછીની તિથિએ આરાધના કરવાની. આ નિયમ ક્ષય-વૃદ્ધિ વગરની તિથિને કેમ લાગુ પડે ? જુઓ કે - પાંચમનો ક્ષય આવ્યો ત્યારે મનાયો અને ઉદયતિથિની વિરાધના ન કરી, પણ વૃદ્ધિ આવી ત્યારે ઉદયતિથિ ચોથને વિરાધી. આ તો એવું થયું કે - પરણવાની બાધા અને નાતરું મોકળું ! તેઓ વૈશ્યવૃત્તિ વધે એવું કરે છે, માટે આપણે બોલતા નથી; બાકી હડહડતું અસત્ય છે. **શાસ્ત્રની ચોખ્ખી આજ્ઞા છે અને તે મુજબ જ આપણે તે વખતે ૧૯૯૨-૯૩ માં સંવત્સરીની અને તે પછી ચૌદશની પખ્ખી તથા આ ચોમાસામાં માન્યતા રાખી છે. તે પાનું જો સાચું સાબીત કરે તો આપણને તે માનવામાં કશો વાંધો નથી. બાકી, ગમે તેમ ચાલી પડેલી અને સારી આશાએ નભાવેલી વાતને પરંપરા મનાય જ નહિ.**

પ્રશ્ન : (ચીમનલાલ હાલાભાઈનો) સં. ૧૯૨૬ પહેલાં એ આઠમો વિગેરે થતું ?

ઉત્તર : આપણા જન્મ પહેલાં શું થયેલું તેનો આપણને અનુભવ નથી, પણ શાસ્ત્રમાં તો ચોખ્ખી વાત છે. જો પહેલાં આવી ફેરાફેરી થતી હોત તો ધરણેન્દ્ર શ્રી પૂજ્ય સામે ઉહાપોહ શાનો થાત ? તે વખતે નવીન નીકળ્યું માટે ઉહાપોહ ઉઠ્યો. મેં તો મારી રૂબરૂની વાત કરી. **શાસ્ત્રની આજ્ઞા મુજબ તો બે પૂનમની બે તેરશ અને પૂનમના ક્ષયે તેરશનો ક્ષય થાય- કરે નહિ.**

પ્રશ્ન : આપે સં. ૧૯૮૯માં ભા. સુ. ૫ ના ક્ષય હતો તેથી ભા. સુ. ૬નો ક્ષય માન્યો હતો, એ વાત બરાબર છે ?

ઉત્તર : અમે તો ભા. સુદ ૫ નો ક્ષય હતો માટે તે **પાંચમનો ક્ષય માન્ય રાખી ભા. સુદ ૪માં બન્નેની આરાધના થઈ જાય છે એમ માન્યું હતું અને કર્યું તથા કહ્યું હતું.''**

●●●

આજે મહાપુરુષોના નામનો-વચનોનો ફાવતી 'અનુકૂળ' સ્વાર્થી વાતો માટે દુરુપયોગ કરવાનો 'ફેશન' ચાલી પડી છે. તેમાં કઈ જાતની ગુરુભક્તિ છે કે ગુરુનું ગૌરવ વધારાય છે તે જ સમજાતું નથી, આત્મહિતૈષીઓએ તો તેમના હૈયાના સાચો ભાવોને જ ગ્રાહ્ય કરવા હિતકર છે.

●●●

(૫) ''××× પૂ. સાગરજી મ. નો તર્ક ચોક્કસ નો હતો કે જે સિદ્ધાન્ત પૂનમ-અમાવાસ્યાની ક્ષય-વૃદ્ધિમાં આયોજિત થાય છે તે જ સિધ્ધાન્ત ભાદરવા સુદ ૪-૫ ના પર્વ અંગે પણ અમલમાં મૂકાવવો જ જોઈએ. ×××''

પહેલી વાત તો એ છે કે આ માન્યતાને કોઈપણ પ્રામાણિક શાસ્ત્રાધાર કે સુવિહિત પરંપરાનું સમર્થન છે જ નહિ. તેથી આ માન્યતા-સિદ્ધાંત જ અશાસ્ત્રીય છે. અનેક મહાપુરુષોએ તેનું ખંડન કર્યું છે. ઉપર પણ અપાયું જોઈ આવ્યા તે પ્રમાણે પં. શ્રી રૂપવિજયજી ગણિવર્યનો પત્ર, પૂ. શ્રી બાપજી મહારાજનો ખૂલાસો આદિથી અત્યંત સ્પષ્ટ થાય છે.

'શ્રી શ્રાદ્ધવિધિ' 'તત્ત્વતરંગિણી' કલ્પસૂત્ર કિરણાવલી' આદિ અનેક ગ્રન્થોમાં સ્પષ્ટ જણાવ્યું છે કે- '' સૂર્યોદય વખતે જે તિથિ હોય તે જ પ્રમાણ કરવી.' આ વાત માનવાથી એકપણ તિથિની વિરાધના થતી અને માર્ગ પણ યથાર્થ જળવાઈ રહે છે. તથા શ્રી સાગરજી મહારાજાના ગુરુ શ્રી ઝવેરસાગરજી મહારાજા પણ ઉદયાત્ તિથિને જ પ્રમાણ માનનારા હતા. જ્યારે શ્રી સાગરજી મહારાજે પણ 'શ્રી સિધ્ધચક્ર'માં ઉદયાત્ તિથિ જ પ્રમાણ માનવાનું કબૂલ કરેલું છે. આના પરથી સુજ્ઞ વાચક વર્ગ સારી રીતના સમજી શકે છે કે આ તો સ્પષ્ટ ઉત્સુત્ર ભાષણ અને ઉન્માર્ગપ્રેરક વચન છે. માટે કોઈપણ આત્માર્થી જીવે તેને ગ્રાહ્ય કરે પણ નહિ. જેનાથી પોતાના સંસારની વૃદ્ધિ થાય.

●●●

(૬) પૃ. ૨૪ ઉપર ''પ્રશ્ન : ૫૮ -તિથિનો ઝગડો કયારથી શરૂ થયો ?''

''ઉત્તર : મુખ્યપણે તિથિનો પ્રશ્ન ૧૯૯૨ થી શરૂ થયો અને તેના પુરસ્કર્તા આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરિ છે એમ જે કહેવાય છે તે સત્ય છે ××× આમ વિ. સંવત ૧૯૯૨ થી જ વર્તમાન તિથિ ચર્ચાનો વિવાદ શરૂ થયો અને તેના આયોજક આચાર્ય વિજય રામચંદ્રસૂરિ હતા. દુઃખદ વાત તો એ છે કે સં. ૧૯૫૨માં છઠ્ઠનો ક્ષય કરવાની સલાહ આપીને પણ અંતમાં તો સંઘને અનુસરવાની મહાનતા બતાવનારા પૂ. આત્મારામજીની જ શિષ્ય પરંપરામાં થયેલા આ આચાર્યશ્રી પોતાની મનસ્વી માન્યતા ખાતર સંઘની એકયતા ખંડિત કરવાના પ્રેરક બન્યા, સર્જક બન્યા ×××××''

બીજાને 'મનસ્વી'નો મનઘડંત ખોટો આરોપ-આક્ષેપ કરનારા આવી રીતના મમત્વભર્યા, કલહકારી, કદાગ્રહી 'મનસ્વી' વિધાનો કઈ રીતના કરી શકયા છે તે સમજાતું નથી !! આવું બોલવામાં તેમની 'વાણી' ની કઈ 'પવિત્રતા' છે અને આવું લખવામાં 'લેખિની' કેમ લાજતી નથી ? જેની જેવી જાત હોય તે અવસરે ખુલ્લી પાડયા વિના રહે નહિ. જેમના વિચારોની સાથે સહમત ન હોય તેવા પ્રામાણિક વિરોધીઓ પણ જેમના 'શાસનપ્રેમ' 'શાસનરાગ' માટે મસ્તકો ડોલાવે છે, જેમની સિદ્ધાન્ત નિષ્ઠાના બે મોંઢે વખાણ કરે છે; અને જેનો અહોભાવ વ્યક્ત કરે છે કે, ''જો આ કાળમાં મુનિ શ્રી રામવિજયજી ન થયા હોત તો સાધુઓ સ્કૂલમાં 'શિક્ષક' હોત.... અને સાધ્વીએ હોસ્પિટલમાં 'નર્સ' તરીકે કામ કરતી હોત !'' એક અન્યપક્ષીય આચાર્ય ભગવંતે તો ત્યાં સુધી કહેલું કે ''આચાર્ય વિજય રામચન્દ્રસૂરિજીએ શાસન માટે જે ભોગ આપ્યો છે તો તેમને દૂર રાખીને સંમેલનના નિર્ણયો લીધા તે અમારી ભૂલ હતી...'' આવો જેમનો અદ્‌ભૂત શાસન રાગ જગતમાં સુપ્રસિધ્ધ હોવા છતાં પણ આવું લખવાનું દુઃસાહસ (!) તો 'વિરલ' જ આત્મા કરી શકે ! 'પીળીયાવાળાને બધું પીળું જ દેખાય', 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' તે ન્યાયે જૈન શાસનના સર્વોચ્ચ સ્થાન ઉપર રહેલા આત્માઓ પણ વ્યક્તિગત તેજોદ્વેષ મત્સરભાવને ધારણ કરે ત્યારે પોતાના ગૌરવવંતા સ્થાનના પણ મહત્વને ભૂલી અધમમાં અધમ કક્ષાનો આદમી જેટલા નીચી કક્ષાએ ન ઉતરે તેટલી હદ સુધી ઉતરી જાય છે તે આ કાળની બલિહારી ગણાય. વાતવાતમાં શાસ્ત્રપાઠોનાં નિર્દેશ કરનારા આ સમાધાનકારશ્રીએ 'શ્રી સ્થાનાંગ સૂત્ર' નો સ્પર્શ પણ કર્યો લાગતો નથી કે જે શ્રી સ્થાનાંગસૂત્રનાં પાંચમાં ઠાણામાં જીવ પાંચ પ્રકારે 'સુલભબોધિ' કર્મ ઉપાર્જન કરે છે તેમ પણ વાત છે અને પાંચ પ્રકારે 'દુર્લભ બોધિ' કર્મ ઉપાર્જન કરે છે તેમ પણ વાત સમજાવી છે અને દુર્લભબોધિપણાના પાંચ કારણોમાં એક કારણ 'ધર્માચાર્યના અવર્ણવાદ' બોલવા તે છે. કલિકાલના જીવોની મોટામાં મોટી વિલક્ષણતા એ છે કે પોતાની ભૂલોનો, પોતાના દોષોનો બીજાને માથે ટોપલો ઓઢાડી દેવો. તેમાંય આવા 'પઠિત મૂર્ખ પંડિતો' 'પારંગત' હોય છે. 'આરોપી જ ફરિયાદી બને તે પણ આ કાળની એક આગવી તાસીર છે. તે જ ન્યાય આ સમાધાનકારશ્રીએ અપનાવ્યો છે. તેમાં તેમનો દોષ નથી પણ વારસાગત એવા સંસ્કાર પ્રાપ્ત થયા છે તે સંસ્કારિતાનું આ પ્રદાન છે. એવા કુળમાં ઉત્પન્ન થયા છે કે 'દૂધમાંથી પોરા કાઢવા' તે તેમની હસ્તગત 'કળા' છે. સત્યને ગમે તેટલી ધૂળથી આચ્છાદિત કરવામાં આવે **તો પણ સત્યનો સૂર્ય ક્યારેય ઢંકાતો નથી પરન્તુ સત્ય વધુ તેજસ્વી - પ્રકાશિત થઈને જાહેર થાય છે.** મધ્યસ્થ તેમ જ નિમનાર સુશ્રાવક શ્રી કસ્તૂરભાઈ લાલભાઈએ પણ જાહેર કર્યું છે કે- **''તિથિનું સત્ય કોના પક્ષે છે.''** ઘૂવડ સૂર્ય ન દેખે તેથી સૂર્યનું અસ્તિત્વ જ નથી એમ 'ઘુવડના કુલ' વિના બીજા કોઈ માને નહિ તેમ કોઈ ખોટા આક્ષેપો કરે તેથી **અસત્ય એ સત્ય બનવાનું નથી અને સત્ય પોતાની સત્યતા ગુમાવવાનું જ નથી.**

'' મુખ્ય પણે તિથિનો પ્રશ્ન ૧૯૯૨થી શરૂ થયો અને તેના પુરસ્કારર્ત્તા આચાર્ય શ્રી વિજય રામચન્દ્રસૂરિ છે એમ જ કહેવાય છે તે સત્ય છે.×××''

આવો બિન પાયેદાર આક્ષેપ કરનાર, ઉન્મત્તપ્રલાપ તુલ્ય સનેપાતી બનેલા સમાધાનકારશ્રીજી એ વાત ભૂલી જાય છે કે ''મારા જ કુલમાંથી આ અગ્નિ ઉત્પન્ન થયો છે'' અને તેની જ્વાલાથી બળેલો - ઝળેલો એવો હું, કાળઝાળ ગરમીથી ત્રાહિમામ્ થયેલો હું સિફતથી બીજાના પર તે આક્ષેપ ચઢાવું છું અને અસત્યના પ્રલાપોના ઉપર ખડી થયેલી ઈમારત ક્યારે ધરાશયથી થઈ જાય તે કહેવાય નહિ છતાં પણ 'મારી આ ઈમારત કેવી મજબૂત છે' તેની બડાઈ જાતે જ મારી પીઠ થાબડીને કરું છું.

તિથિનો ઝઘડો ૧૯૫૨થી શ્રી સંઘમાં ઘર કરી ગયો છે (જે સમયે જેમનું નામ આપે છે તેઓ પૂજ્યશ્રીજી તો માત્ર લગભગ સાડા પાંચ મહિનાની બાલ્યવયના જ હતા) અને **તેના ઉત્પાદક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી જે છે (ત્યારના મુનિશ્રી) એ વાત જગતમાં પૂરવાર પણ થઈ ગઈ છે.**

રા. રા. શ્રી શ્રીકાન્ત 'ભગવાન શ્રી મહાવીર દેવ'ની પુસ્તિકામાં (પૃ. ૩-૪) ઉપર લખે છે કે ''××× છેલ્લાં કેટલાંક વર્ષોથી મારી એ માન્યતા સતત્પણે દ્રઢ થતી આવી છે કે- 'સાગરાનંદસૂરિ, એ વર્તમાનકાળના એક ભયંકર ઉત્સૂત્ર-પ્રરૂપક છે' જ્યારે જ્યારે પ્રસંગ પ્રાપ્ત થયો, ત્યારે ત્યારે મેં આ વાતની જાહેરાત પણ કરી જ છે.×××'' ''××× પણ અંગત રીતે એ હું સાગરજીને ભયંકર ઉત્સૂત્ર પ્રરૂપક માનું છું, એટલે મને નોકરીમાં રાખવાની વાત નિરર્થક છે.'' વિગેરે. ''×××કારણ કે- આ તો સત્યા સત્યના નિર્ણયનો સવાલ છે. વર્તમાનમાં ચાલતી તિથિદિન સંબંધી ચર્ચાને અંગે પણ, હું તેમને ઉન્માર્ગગામી માનતો હોઈ, આ રીતિએ કરવાને તૈયાર છું.×××''

●●●

પ્રાપ્ત ઈતિહાસના આધારે જ આપણે સત્યા સત્યનું તારણ કાઢીએ. ભૂંડને વિષ્ટા ચુંથવામાં જ આનંદ આવે તેમાં 'દયાળુ' પણ શું કરે ? કાદવ ઉલેખવાની - ઉછાળવાની પ્રવૃત્તિ તેમને મુબારક હો. જેને જેમાં મજા આવે તેને કોણ રોકે ? મધ્યસ્થવૃત્તિથી સત્યાસત્યને જાણીએ અને સત્યને યથાર્થ જાણ્યા-સમજ્યા પછી સત્યમાર્ગમાં જ સ્થિર થઈ, અસત્યનો પડછાયો પણ આત્માને અભડાવી ન જાય તેની કાળજી રાખવી છે.

●●●

'શ્રી કલ્પસૂત્ર સુબોધિકા'માં નવમા સામાચારી વ્યાખ્યાનમાં મહામહોપાધ્યાય શ્રી વિનય વિજયજી મહારાજા ફરમાવે છે કે

''××× भाद्रपदवृद्धौ प्रथमो भाद्रपदोऽपि अप्रमाणमेव यथा चतुर्दशीवृद्धौ प्रथमां चतुर्दशीमवगण्य द्वितीयायां पाक्षिककृत्यं क्रियते तथा ×××''

ભાવાર્થ : '' ભાદરવાની વૃદ્ધિમાં પહેલો ભાદરવો પણ અપ્રમાણ છે. જેમ ચૌદશની વૃદ્ધિમાં પહેલી ચૌદશ અપ્રમાણ હોવાથી તે ચૌદશ અવગણી બીજી ચૌદશમાં પાક્ષિક કૃત્ય કરાય છે તેમ..''

આથી પણ સુજ્ઞ વાચકો સારી રીતના સમજી શકે છે કે- 'ભાદરવો જેમ પહેલો ગણાય છે, તેમ ચૌદશ પણ પહેલી ગણાય. અને પ્રથમ ભાદરવામાં જેમ પર્યુષણા ન કરતાં દ્વિતીયમાં કરીએ છીએ તેમ બીજી ચૌદશમાં પાક્ષિક કૃત્ય કરીએ છીએ.''

આથી પણ સ્પષ્ટ સમજી શકાય છે કે **પહેલાં બે ચૌદશને સ્થાને બે તેરશો પૂર્વપુરૂષો ન હતા કરતા, પરંતુ બે આઠમને બે ચૌદશ વગેરેને બે આઠમ અને બે ચૌદશ તરીકે કાયમ રાખતા હતા.** જો બે ચૌદશની બે તેરશ કરાય તો બે ભાદરવાની જગ્યાએ બે શ્રાવણ કરવાની આપત્તિ આવે જે કોઈને પણ ઈષ્ટ નથી જ.

આથી જ ''પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ચાલી આવતી પરંપરાને છોડી સં. ૧૯૯૨થી નવી પરંપરા ચાલુ કરેલી છે. સકલ સંઘની અનુમતિ લીધા વિના તેમને આ પગલું ભર્યું છે. તેમની એ ભૂલથી સંઘમાં ઝઘડો ચાલી રહ્યો છે.'' આ બધી વાતોનો સત્યાંશ જાણવો ખૂબ જ જરૂરી છે. અજ્ઞાની અને કદાગ્રહી જીવોની વાત છોડી દો. પણ જે સમજુ - જ્ઞાની હોવા છતાં પણ આ વાત સત્ય માને તેમનં સમજ કેવી માનવી।

સં. ૧૯૯૨માં ભાદરવા સુદ પાંચમ બે હતી. તે સમયે પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે ઉદયાત્ ચોથે સંવત્સરીની આરાધના કરી હતી. બે પાંચમને રોમ જ રહેવા દઈ પ્રથમ પાંચમને ફલ્ગુ માની બીજી પાંચમે પંચમી તિથિની આરાધના કરી હતી. અને આરાધનાનો મૂળ માર્ગ ચાલુ કર્યો હતો.

(૧) વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુદ-પાંચમનો ક્ષય હતો. ત્યારે સકલશ્રી સંઘે ઉદયાત્ ચોથ માન્ય રાખી શ્રી સંવત્સરી મહાપર્વની આરાધના કરી હતી જ્યારે પેટલાદમાં રહેલા શ્રી સાગરજી મહારાજ, તેમના ભાઈ મુનિશ્રી મણિવિજયજી મહારાજ આદિ બે સાધુઓ અને કેટલાક શ્રાવકોએ, ભાદરવા સુદ ત્રીજનો ક્ષય માનો, ઉદયાત્ ભાદરવા સુદ ત્રીજને ચોથ માની, સંવત્સરીની આરાધના કરી હતી. આ પ્રસંગ ઉપરથી સુજ્ઞ-વિવેકી વાચકો સમજી શકે છે કે, તિથિનો ઝઘડો વિ.સં. ૧૯૫૨થી શ્રી સાગરજી મહારાજથી શરૂ થયો.

તે વખતે કોને કોને સંઘમાન્ય ચંડાશુંચુ પંચાંગની ઉદયાત્ ચોથ માની આરાધના કરેલી તેની પ્રારંભિક નોંધ આગળ (પૂ. શ્રી બાપજી મ.ના પ્રસંગમાં) કરેલી છે.

श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पिन ३८२००९

(૨) વિ.સં. ૧૯૬૧માં પણ ભાદરવા સુદ પાંચમનો ક્ષય આવેલ ત્યારે પણ સકલ શ્રી સંઘે સંઘમાન્ય ચંડાશુંચંડુ પંચાંગના આધારે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી. વિશેષમાં ૧૯૫૨માં શ્રી સંઘથી જુદા પડેલા પોતાની જન્મભૂમિ કપડવંજમાં ચાતુર્માસ રહેલા શ્રી સાગરજી મહારાજે પણ 'કુવૃષ્ટિ ન્યાયે' અને 'સંઘની એકતા' ની ઓથ લઈ ''મારૂં માન્યતા સુદ ઉના ક્ષયની છે પણ સંઘમાં એકતા સચવાય તેમ ન હોવાથી હું તેનો આગ્રહ કરતો નથી.'' આમ કહીને સંઘની સાથે આરાધના કરી હતી.

(૩) વિ.સં. ૧૯૮૯માં પણ ભાદરવા સુદ પાંચમનો ક્ષય આવેલો ત્યારે વાતાવરણ ઉગ્ર હતું, ઉદયાત્ ચોથની આરાધના અંગે ચર્ચા-વિચારણા જાહેરાતો આદિ થયેલ, છતાં પણ અંતે તો એક માત્ર શ્રી સાગરજી મહારાજા સિવાય સકલ શ્રી સંઘે ઉદયાત્ ચોથની આરાધના કરી હતી. તેની પૂર્ણ વિગત જોઈએ.

ઉદયાત્ ચોથની આરાધના કરનારા સમુદાયો.

પૂજ્ય આચાર્ય શ્રી નેમિસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી મોહનસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી સિદ્ધિસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી નીતિસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી વલ્લભસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી ભક્તિસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રીદાનસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી લબ્ધિસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી ન્યાયસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી પ્રતાપસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી સુરેન્દ્રસૂરિજી મ. (ડહેલાવાળા)

પૂજ્ય આચાર્ય શ્રી ભદ્રસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી કનકસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી પ્રેમસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી કેશરસૂરિજી મ.

પૂજ્ય આચાર્ય શ્રી મોહનલાલજી મ. નો સમુદાય અને વિમલ સમુદાય આદિ સકલ સંઘ.

● જ્યારે પાંચમના ક્ષયે ત્રીજને ચોથ કરી, ઉદયાત્ ચોથને પાંચમ અને ઉદયાત્ ત્રીજને ચોથ કરી આરાધના કરનારા.

● શ્રી સાગરજી મહારાજાનો સમુદાય.

આ રીતે વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ માં ભાદરવા સુદિ - પાંચમનો ક્ષય, સંઘ માન્ય જોધપુરથી પ્રગટ થતાં ચંડાશુંચંડુ પંચાંગમાં આવેલો. અને સકલ શ્રી સંઘે તપાગચ્છે તે માન્ય રાખ્યો હતો. (કેટલાકોએ બીજા ટીપ્પણાનો આધાર લઈ ભાદરવા સુદિ છઠનો ક્ષય માની મન મનાવ્યું પણ આરાધના તો ઉદયાત્ ચોથના જ કરેલી) જ્યારે ૧૯૬૧ સિવાય, ૧૯૫૨ અને ૧૯૮૯માં શ્રી સાગરાનંદસૂરિજી મહારાજા સકલ શ્રી સંઘથી જુદા પડ્યા. આથી સંવત્સરી સંબંધી ઝઘડાના મૂળ કર્ણધાર કોણ હતા. અને ક્યારથી તેના બીજ નંખાયા તે વિવેકી વાચકો સારી રીતના સમજી શકશે.

વિ. સં. ૧૯૯૦માં અમદાવાદમાં સકલ ગચ્છોનું સંમલેન ભરાયું. તે વખતે શાસન પક્ષ તરફથી પૂ. શ્રી બાપજી મહારાજા, પૂ. શ્રી મેઘ સૂ. મહારાજા, પૂ. શ્રી દાન સૂ. મહારાજા, પૂ. શ્રી લબ્ધિ સૂ. મ. આદિ ધુરંધર પ્રભાવક સમર્થ અનેક આચાર્ય ભગવંતો હતા તે છતાં પણ શ્રી જૈન સંઘમાં મધ્યાહ્ન કાળના સૂર્યની જેમ ઉદિત થયેલી, તેજસ્વી ''મુનિશ્રી રામ વિજયજી''ના નામે સુવિખ્યાત એવી શક્તિ ઉપર (ત્યારે પૂ. પંન્યાસજી) તે સર્વેએ સંપૂર્ણ વિશ્વાસ મૂકી તેમને જ અગ્રેસર બનાવ્યા હતા.

તે વખતે પ્રસંગ પામીને આપણા પક્ષના પૂજ્ય આચાર્ય ભગવંતોએ આ તિથિના વિવાદનો નિવેડો લાવવા પ્રયત્નો કરેલા ત્યારે તેઓએ ''આ વિષય આપણા એકલા તપાગચ્છનો છે અને અહીં બીજા ગચ્છોવાળા પણ આવેલા છે'' એવો ઉડાઉ જવાબ આપીને આ વાત ટાળી હતી.

ત્યારે પૂજ્યપાદ પરમગુરુદેવેશશ્રીજીએ ત્યાં સુધી કહેલું કે-''અહીં આપણા તપાગચ્છના પ્રધાન આચાર્યો ભેગા થયા છે તો આપણે બધા અલગ બેસી, શાસ્ત્રાધારે આ તિથિ પ્રશ્નનો નિવેડો લાવવા વિચારણા કરીએ'' તે વાતનો પણ ધરાર ઈન્કાર જ કર્યો. જે ચાલતું હોય તે ચાલવા દો, આપણે

શાસન જોવું જ નથી- આવા ભાવનો જવાબ આપ્યો ત્યારથી માંડીને તે પ્રશ્ન આજ સુધી હજી એમ જ ઉભો રહ્યો. શ્રી સંઘમાં એકતા માટેનો પ્રયત્ન કોને કર્યો છે અને શ્રી સંઘમાં કલેશ-વિખવાદ - કટુતા વધે તેવા પ્રયત્નો કોના તરફથી થયા છે -ચાલુ તે સૌ સારી રીતના જાણે છે.

પૂ. પરમતારક પરમારાધ્યપાદ પરમગુરૂદેવેશશ્રીજીએ તો તિથિ વિષયક વિવાદને શાંત કરવા, કાયમ માટે મટાવવા આજ સુધીમાં ઘણા પ્રયત્નો કર્યા છે. લવાદી ચર્ચાનો નિર્ણય પણ કોના પક્ષમાં આવ્યો તે પણ શ્રી સંઘ જાણે છે. લવાદી ચર્ચાનો નિર્ણય પોતાની તરફેણમાં આવ્યા પછી પણ સમાધાન કરવામાં કાંઈ બાકી રાખ્યું નથી. સં. ૨૦૩૭માં આ અંગે પ્રયત્નો થતાં એક જ કલમ એવાભાવની પૂજ્યશ્રીએ ઉમેરેલી કે -''કોઈને કોઈ નિમીત્ત પામીને દરેકે દરેક તિથિ આરાધ્ય બને છે માટે ઉદયમાં જે તિથિ હોય તેજ પ્રમાણ માનવી.'' ત્યારે પણ પંડિત શ્રી મફતભાઈએ જ્ઞાનમંદિર (અમદાવાદ) માં પૂજ્યશ્રીજીને કહેલું કે- ''અમારા પક્ષ તરફથી આ બાબતનો નિવેડો લાવવામાં કોઈને જરાપણ અંગત રસ નથી, બધા પોત-પોતામાં પડયા છે. આ તો આપના આચાર્યશ્રીને (આ. શ્રી ભુવનભાનુસૂ. મ.) મન હતું તો મેં આટલા પ્રયત્નો કર્યા.''

તે પછી વિ.સં. ૨૦૪૧માં તિથિ પ્રશ્નનો નિવેડો લાવવાના જ્યારે પ્રયત્નો ચાલુ હતા, ચર્ચા - વિચારણાઓ ચાલતી હતી. ત્યારે પૂજ્યપાદ પરમ ગુરૂદેવેશ તરફથી જે સમાધાનનો મુત્સદો પંડિત શ્રી મફતલાલને જણાવવામાં આપવામાં આવેલો. તેઓએ તે જોઈ-વાંચી તુરત જ નાખી દીધો અને કહી દીધું કે ''આમને સમાધન કરવું જ નથી.'' પરન્તુ પીછીથી ગમે તે કારણે તે પંડિતજીની બુદ્ધિ ફરી હોય, તેમને એક સુશ્રાવક આગળ હૈયાની વાત પ્રામાણિક પણે કરેલી કે- ''આચાર્ય વિજય રામચન્દ્રસૂરિજી તરફથી તિથિ સમાધાનનો જે ખરડો આવેલો તે જો માન્ય કર્યો હોત તો શ્રી સંઘમાં છેલ્લાં કેટલાક વર્ષોથી ચાલ્યો આવતો તિથિનો ઝઘડો કાયમ માટે મટી જાત. **પરન્તુ તેનો યશ આચાર્ય વિજય રામચન્દ્રસૂરિજીને મળત.પણ મારે તેમને આપવો ન હતો.''**

આના ઉપરથી પણ સારી રીતના સમજી શકાય છે કે, તિથિના ઝઘડાના બીજનાં વાવેતર કોણે કર્યા અને શા માટે તે પ્રશ્ન જીવતો રાખવામાં કોને કઈ રીતનો રસ છે.

આ બધી પ્રાસંગિક વાત જણાવી હવે પાછા આપણે ૧૯૯૨નો પ્રસંગ જોઈએ.

વિ.સં. ૧૯૯૨માં ભાદરવા સુદિ-પાંચમ બે હતી. તે પૂર્વેનો ઉતિહાસ જાણવો જરૂરી હોવાથી તેના પર પણ થોડો દ્રષ્ટિપાત કરીએ. ચંડાશુંચંડુ પંચાંગ પ્રમાણે વિ.સં. ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯ માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય આવેલો. પરન્તુ છેલ્લા પ્રાપ્ત ઈતિહાસ મુજબ ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિ આવી જ ન હતી. કેટલાકો એમ કહે છે કે, વિ.સં. ૧૯૩૦ તથા ૧૯૩૧ની સાલમાં ભાદરવા સુદિ-પાંચમો બે હતી. પણ પ્રાપ્ત ઉપલબ્ધ સાધન મુજબ તપાગચ્છ માન્ય શ્રી ચંડાશુંચંડુ પંચાંગમાં સં. ૧૯૩૦ અને ૧૯૩૧ની સાલમાં ભાદરવા સુદિ-ચોથો બે હતી તેમ જણાય છે.

વળી કેટલાક એમ પણ જણાવે છે કે સં. ૧૮૪૨ અને ૧૯૦૫ની સાલમાં ભાદરવા સુદિ પાંચમો બે હતી અને પહેલી પાંચમને બીજી ચોથ માનીને સંવત્સરી કરી હતી. આ વાત પણ નિરાધાર અને અપ્રમાણિક જણાય છે. કારણ કે સં. ૧૭૭૦ થી ૧૮૯૫ સુધીમાં શ્રી ચંડાશુંચંડુ પંચાંગમાં ફક્ત એક જ વાર ભાદરવા સુદિ-પાંચમની વૃદ્ધિ થઈ હતી અને તે પણ સં. ૧૭૮૦માં. સં. ૧૮૪૨ અને ૧૯૦૫માં બે પાંચમો થયાનું જણાવે તે ચંડાશુંચંડુ પાંચાંગને અનુસારે નથી.

પૂજ્યપાદ આચાર્ય શ્રી વિ. દાનસૂરિજી મહારાજાનું સં. ૧૯૯૧નું ચાતુર્માસ રાધનપુરમાં હતું. શાસનપક્ષનાં પંચાંગ તેઓશ્રીજીના માર્ગદર્શન મુજબ પ્રગટ કરતા હતાં તે વખતે અમદાવાદમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂજ્યપાદ આ. શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાનો તેમના પર એવા ભાવનો પત્ર આવેલો કે, ''આવતા વર્ષે વિ. સં. ૧૯૯૨માં ભાદરવા સુદિ પાંચમ બે આવે છે. તેથી સંવત્સરીનો પ્રશ્ન પાછો ઊભો થવાનો છે. પણ શ્રી સાગરજી મહારાજા ફરી રહ્યા છે તેવા સમાચાર છે માટે આપણા પંચાંગ હમણાં પ્રગટ કરાવતા નહી. કારણ કે પંચાંગ થઈ જાય તો તેમને પાછું ફેરવું પડતા વાર લાગશે નહીં.'' તેથી આપણા પંચાંગ પ્રગટ કરવામાં વિલંબ થયેલો.

આ પ્રસંગે એક મહત્વની પ્રાસંગિક વાત જણાવવી જરૂરી લાગે છે કે, તે વર્ષમાં પૂજ્યપાદ પરમતારક પરમ ગુરૂદેવેશ આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજાને (ત્યારના પૂ. ઉપાધ્યાયજી ગણિવર્ય) સકલાગમ રહસ્યવેદી પરમ ગીતાર્થ પ. પૂ. આ. ભ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજાએ આ પ્રસંગ પામી કહેલું કે-'' હવે તું તિથિ અંગે સાચ્ય સમજી લે.'' ત્યારે પૂ. શ્રી -''આપ છો પછી મારે શી ચિંતા ?'' ત્યારે પૂ. આ. શ્રી દાન સૂ. - '' હું તો હવે ખર્યું પાન કહેવાઉં માટે આ બધી વાત સમજી લે.'' પૂજ્યપાદશ્રીજીએ તેઓશ્રીજી પાસેથી તિથિ વિષયક સંપૂર્ણ જાણકારી મેળવી લીધા પછી પરમગીતાર્થ એવા તેઓશ્રીજી એ કહેલું કે- '' વિ.સં. ૧૯૯૨માં સંવત્સરીનો ભેદ આવે છે. ૧૯૯૦નું ૨ મેલન થઈ ગયું. તિથિનો વિવાદ ટાળવા પ્રયત્નો કર્યા તો પણ તે વાત જ વિચારી નહિ. હવે આપણે મૂળમાર્ગે પાછા આવવાનું છે. આજ સુધી આપણે પણ ખોટું કરતા હતા. હવે આપણે ખોટું કરવું જ નથી, સમજ્યા પછી સાચું જ કરવાનું છે.'' ત્યારે પૂજ્યપાદશ્રીજીએ કહ્યું : ''હું મારા તારક ગુરુદેવેશશ્રીજીને આ બધી વાત જણાવીશ.'' ૧૯૯૨ના મહા સુદિ-બીજના પાટડી મુકામે પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા સમાધિ મરણને વર્યા. પૂ. પરમગુરુદેવેશશ્રીજીનું તેમના તારક ગુરુદેવ પ. પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાથે ૧૯૯૨નું ચોમાસું મુંબઈ-લાલ બાગ થયું. પૂજ્યશ્રીજીએ પ્રસંગ પામી બધી વાત પોતાના ગુરુદેવેશશ્રીજીને જણાવી. તેઓશ્રીજીએ જ આગેવાની લઈ પોતાના બધા વડિલો સાથે વિચાર વિનિમય કરી 'ક્ષયે પૂર્વા.' અને ' ઉદયમ્મિ જા તિહિ.' ના શાસ્ત્રીય નિયમનને માન્ય રાખી સઘળીય પર્વાપર્વતિથિઓને સંઘ માન્ય લૌકિક પંચાંગ મુજબ માન્ય રાખી આરાધનાનો નિર્ણય કર્યો. આ પણ પ્રાસંગિક વાત જણાવી.

હવે ૧૯૯૨માં શું બન્યું તેની વિગત વિચારીએ પૂ. પરમગુરુદેવેશ સહિત શાસન પક્ષના સઘળાય વડિલોના તિથિ સમાધાનના, સંઘ એકતાના સઘળા ય સમુચિત પ્રયત્નો કરવા છતાં પણ આચાર્ય સાગરાનન્દસૂરિજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિને જ વળગી રહ્યા. એટલું જ નહિ પણ પણ ૧૯૫૨, ૧૯૬૧ અને ૧૯૮૯માં ભાદરવા સુદિ પાંચમના ક્ષયના પ્રસંગે ઉદયાત્ ચોથની આરાધના કરનારા ઘણા પૂજ્યો પણ ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિમાં શ્રી સાગરજી મહારાજના પક્ષમાં ભળ્યા. શાસન પક્ષના વડિલોએ તો તિથિદિન અને પર્વારાધન સંબંધી પોતાના મંતવ્ય અંગે શાસ્ત્રાધારે આપ્ત પુરુષોના આપ્તવચન મુજબ જ આરાધનાનો મૂળ માર્ગ સેવવાનો નિર્ણય કર્યો. ત્યારે કવિકુલતિલક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરિશ્વરજી મહારાજાએ તો ત્યાં સુધી કહેલું કે ''મયણા તો એકલી જ હતી, છતાં પણ પ્રભુપ્રણીત કર્મસિદ્ધાન્તમાં પોતાના પિતાજીની સામે અટલ રહી, જ્યારે આપણે તો આટલા બધા છીએ, મહાપુરુષોનું માર્ગસ્થ માર્ગદર્શન, શાસ્ત્રાધારો આપણી પાસે છે તો પછી કોઈથી ડરવાની જરૂર શી ?''

: ૧૯૯૨માં સંઘમાં થયેલી આરાધના :

● ઉદયાત્ ચોથની આરાધનાની પરંપરા મુજબ કરનારા (૧) પૂ. આ. વિ. સિદ્ધિસૂરિજી મ. નો સમુદાય (પૂ.આ. શ્રી વિ. સિદ્ધિ સૂ. મહારાજાને પૂ. આ. શ્રી નેમિસૂરિજી મહારાજાએ વચનથી બાંધેલા તેથી તેમણે તો આ. વિ. નેમિસૂ. મ. મુજબ આરાધના કરેલી પણ પોતાના સમુદાયને ઉદયાત્ ચોથની આરાધના કરવા આજ્ઞા આપી હતી.)

(૨) પૂ. આ. શ્રી લબ્ધિસૂ.મ.નો સમુદાય

(૩) પૂ.આ. શ્રી પ્રેમ સૂ. મ. નો સમુદાય

(૪) પૂ.આ. શ્રી ભક્તિ સૂ. મ. નો સમુદાય

● ભાદરવા સુદિ બે પાંચમને બદલે બે ત્રીજ કરીને કે બે પાંચમને બદલે બે ચોથ કરીને કે બેસતા વર્ષે જે વાર હોય તે વારે સંવત્સરી આવે એવી જાતી જાતી માન્યતાઓ રજુ કરીને ઉદયાત્ ચોથને સંવત્સરી પર્વ તરીકે છોડી દઈને, પહેલી પાંચમને ચોથ સંવત્સરી પર્વ તરીકે માનીને આરાધના કરનારા.

(૧) આચાર્ય શ્રી સાગરાનંદ સૂ. મ. તે સિવાય પોતાની ઉદયાત્ ચોથની ચાલી આવતી પરંપરાની માન્યતાને છોડીને ઉદયાત્ પહેલી પાંચમને ચોથ માનીને સંવત્સરી પર્વની આરાધના કરનારા.

(૧) પૂ. આ. શ્રી નેમિ સૂ. મ.

(૨) પૂ. આ. શ્રી નીતિ સૂ. મ.

(૩) પૂ. આ. શ્રી વલ્લભ સૂ. મ.

(૪) પૂ. આ. શ્રી મોહન સૂ. મ.

(૫) પૂ. આ. શ્રી સુરેન્દ્ર સૂ. મ.

(૬) પૂ. આ. શ્રી કેશર સૂ. મ. આદિ સમુદાયો

આના ઉપરથી સારી રીતના સમજી શકાય છે કે ૧૯૯૨માં પૂ. આ. વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે ઉદયાત્ ચોથની ચાલી આવતી હતી તે જ પ્રમાણે આરાધના કરી છે. 'તેઓશ્રીજીએ સકલ શ્રી સંઘની અનુમતિ વિના નવી પરંપરા ચાલુ કરી છે, મનસ્વી પણે વર્ત્યા છે, સંઘની એકતા તોડી છે.'' આવી બધી વાતોનો જે પ્રચાર કરે છે તે બધે મોટો બકવાદ અને ઉન્મત્ત પ્રલાપ છે.

વાસ્તવમાં તો પૂ. આ. વિ. નેમિસૂરિજી મહારાજા આદિએ ચાલી આવતી અને આરાધેલી ઉદયાત્ ચોથની આરાધના છોડી દઈને અનુદયાત્ ચોથને સંવત્સરી માનીને ૧૯૯૨માં આરાધના કરી છે. એટલે મનસ્વી રીતે તો કોણ વર્ત્યું છે અને કોની ભૂલ થઈ છે તે આ બધી વાતો પરથી સમજી શકાય છે.

વિ. સં. ૧૯૯૩માં પણ ભાદરવા સુદિ પાંચમ બે હતી ત્યારે પણ ૧૯૯૨ની જેમ જ શાસન પક્ષે મૂળમાર્ગે ચાલી સાચી આરાધના કરેલી અને કરાવેલી. જ્યારે સામાપક્ષે તો ઉદયાત્ ચોથ વિરાધી ૧૯૯૨ની જેમ આરાધના કરેલી.

પૂ. શ્રી બાપજી મહારાજાના શબ્દોમાં જોઈએ તો 'ભૂખ્યું ખાય તે ય ચોપડયાની આશાએ.' બધા સમજીને સાચું કરે તો સારું તેમ માનીને બળતે હૈયે ખોટું કરતાં હતા. એકતા લાવવા પ્રયત્નો કરેલા તેમાં તો ઊલટું ઊંધું થયું. પછી વિચાર કર્યો કે બધાને લાવવા માટે આપણે અશુદ્ધ કરવું તે ઠીક નથી.

વિ. સં. ૧૯૯૯માં પાલીતાણામાં આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજા તથા પૂજ્યપાદ આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની વચ્ચે; તિથિવિવાદનો કાયમી નિવેડો લાવવા માટે, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈની દરમ્યાનગિરિથી મધ્યસ્થ પંચ તરીકે પૂનાના વિદ્વાન શ્રી પી. એલ. વૈદ્યની નિમણુક કરેલી. બન્ને પક્ષની લેખીત અને મૌખિક જુબાની સાંભળ્યા પછી તેઓશ્રીએ પોતાના નિર્ણય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની તરફેણમાં આપેલો. ત્યારે પણ શ્રી સાગરજી મહારાજા પોતાની મૂળ પ્રકૃતિ ઉપર ગયા અને મધ્યસ્થ પંચનો ચુકાદો માન્ય તો ન રાખ્યો પણ મધ્યસ્થ પંચ ઉપર પણ ખોટા આક્ષેપો આદિ કર્યા. ત્યારે શ્રી કસ્તૂરભાઈએ પણ સત્ય નિર્ણયો જાહેર કર્યા અને મધ્યસ્થ પંચ (પર ફૂટી ગયાનો ખોટો આક્ષેપ કરનારા પં. મફતલાલ આદિ ચાર જણાએ કોર્ટમાં તે બદલ મૌખિક દિલગિરિ પણ વ્યક્ત કરેલ.

પંચ પાસે જ્યારે જુબાની ચાલતી હતી ત્યારે મધ્યસ્થ પંચે શ્રી સાગરજી મહારાજા તથા પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને એક પ્રશ્ન પૂછેલો કે - ''ક્ષયે પૂર્વા.'નો જે પ્રઘોષ પૂ. વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો સંભળાય છે તેમાં પ્રમાણ શું છે ?'' ત્યારે બંન્નેએ એવા ભાવનો જવાબ આપેલો કે- ''આ પ્રઘોષ પૂ. વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો જ છે તેમાં અમને જરાપણ મતભેદ નથી.'' ત્યારે પંચે પણ કબૂલ કરેલ કે ''વાદી અને પ્રતિવાદી જેમાં સંમત હોય તેમાં પ્રશ્ન કરવા નહિ.''

આના પરથી પણ સ્પષ્ટ થાય છે કે 'ક્ષયેપૂર્વા.' નો પ્રઘોષ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજાનો જ છે.

મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજાએ આનું જે અર્થઘટન કર્યું છે તે જ અર્થઘટન પૂજ્યપાદ આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતાને ધરાવતો પક્ષ કરે છે, જ્યારે કહેવા તો એકતિથિ વર્ગનો પક્ષ આના અર્થઘટનમાં ભૂલ કરે છે માટે પર્વતિથિની વિરાધના સાથે અપર્વતિથિની પણ વિરાધના કરે છે. મધુ આશ્ચર્યની વાત તો એ છે કે, ''બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારસ, બે ચૌદશ, બે પૂનમ કે બે અમાવાસ્યા બોલાય કે લખાય નહિ તેમ માને-મનાવે છે. પણ ભાદરવા સુદિ ચોથ જે સંવત્સરી મહાપર્વ કહેવાય તો બે ચોથ કરવામાં વાંધો આવતો નથી અને પ્રતિપક્ષી પક્ષને 'બે તિથિવાળો પક્ષ' કહીને વગોવવામાં બાકી રાખતો નથી. પોતે બે તિથિ ન જ માનતા હોય તો વાત અલગ છે. પણ પોતે માનવી અને બીજાને દંડવા તે નીતિ તેમને મુબારક હો !

●●●

વિ. સં. ૨૦૦૪માં સંઘ માન્ય શ્રી ચંડાશુચંડુ પંચાંગમાં ભાદરવા સુદિ-પાંચમનો ક્ષય હતો ત્યારે વિ. સં. ૧૯૯૨થી શાસ્ત્રાનુસારી માન્યતા ધરાવનારા પક્ષે, તે જ ક્ષયને માન્ય રાખીને ભાદરવા સુદિ ૪/૫ ને ભેગી રાખીને આરાધના કરી હતી. તેમાં મુખ્ય પૂ. આ. શ્રી વિ. સિદ્ધિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. લબ્ધિસૂ.મ. નો સમુદાય, પૂ. આ. શ્રી વિ. કનક સૂ. મ. નો સમૂદાય, પૂ. આ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. નો સમુદાય આદિ હતા.

ભાદરવા સુદિ પાંચમને બદલે ભાદરવા સુદિ છઠનો ક્ષય માનીને ઉદયાત્ ચોથે આરાધના કરનારા

પૂ. આ. શ્રી નેમિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી નીતિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વલ્લભ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી સુરેન્દ્ર સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી પ્રતાપ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી ભક્તિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી કેશર સૂ. મ. નો સમુદાય

ભાદરવા સુદિ પાંચમના ક્ષયે સુદિ ત્રીજનો ક્ષય માની, ઉદયાત્ ત્રીજના ચોથ માની સંવત્સરી મહાપર્વની આરાધના કરનારા આચાર્ય વિજય સાગરાનંદ સૂ. મ. નો સમુદાય સાથે આ. વિ. પ્રતાપ સૂ. મ., આ. વિ. ભક્તિ સૂ. મ. નો સમુદાય પણ મળ્યો.

તે જ રીતે

વિ. સં ૨૦૧૩ના પણ ભાદરવા સુદિ-પાંચમનો ક્ષય આવેલો ત્યારે પણ તે જ ક્ષયને યથાવત્ માન્ય રાખી ઉદયાત્ ચોથની આરાધના કરનારા

પૂ. આ. શ્રી સિદ્ધિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી કનક સૂ. મ. નો સમુદાય (વળાડવાળા)

પૂ. આ. શ્રી પ્રેમ સૂ. મ. નો સમુદાય આદિ.

ત્યારે સ્વ. પૂ. આ. વિ. નેમિ સૂ. મ. ના પટ્ટધર પ. પૂ. આ. વિ. ઉદયસૂરિજી મહારાજાએ ઉદયાત્ ભાદરવા સુદિ ચોથ (ગુરુવાર)ના સંવત્સરી કરવાની જાહેરાત કરી હતી પણ પછીથી ગોડીજીના ટ્રસ્ટીઓ આદિની વિનંતિથી બુધવારે જાહેરાત કરી, પણ પોતાની માન્યતા અને પોતાના ગુરુદેવની માન્યતા તો ગુરુવારે છે તેમ લખ્યું હતું.

ત્રીજનો કે ચોથનો ક્ષય કરી ઉદયાત્ ત્રીજને સંવત્સરી માની આરાધના કરનારા આ. સાગરાનંદ સૂ. મ. તેમની સાથે અત્યાર સુધી ઉદયાત્ ચોથની વિરાધના ન કરવાની માન્યતાવાળા સમુદાયોમાંથી પણ પોતાની ચાલી આવતી તે માન્યતાને છોડીને આ પક્ષમાં ભળનારા

પૂ. આ. શ્રી વિ. નેમિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી નીતિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. વલ્લભ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. પ્રતાપ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. સુરેન્દ્ર સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. ભક્તિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. કેશર સૂ. મ. નો સમુદાય

જેઓ ઉદયાત્ ચોથની આરાધના કરતા હતા તેઓએ આ પ્રસંગમાં તે પણ છોડી તો વિવેકી વાચકો સ્વયં વિચારી લે કે સંઘની એકતા કોની તોડી ? સાચો આરાધક તો જે વચન શાસ્ત્ર અને પરંપરાથી પુષ્ટ હોય તેનો સ્વીકાર અવશ્યમેવ કરે જ. વાસ્તવમાં તો પૂજ્યપાદ આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની શાસ્ત્રીય માન્યતા ધરાવતા પક્ષે તો પોતાની સાચી માન્યતા પકડી રાખી છે, બીજા લોકો પોતાની માન્યતાથી ખસી ગયા છે, છતાંય દોષારોપણ તો સાચા ઉપર જ કરે છે.

સં. ૨૦૧૪માં પણ ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો. પણ સકલ શ્રી સંઘે 'જન્મભૂમિ' પંચાંગ તિથિદિન પર્વારાધનનો નિર્ણય કરેલ. તેથી સકલ શ્રી સંઘે એક જ દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના કરી. અને ત્યારથી આ 'જન્મભૂમિ' પંચાંગ સંઘમાન્ય બન્યું.

●●●

હવે વિ. સં. ૨૦૨૦ના પટ્ટક અંગે પણ સામાન્ય દૃષ્ટિ વાત કરીએ. સ્વ. પૂ. આ. વિ. નેમિસૂ. મ. ના પટ્ટધર પ. પૂ. આ. શ્રી વિ. ઉદયસૂરીશ્વરજી મહારાજાના વચન ઉપર વિશ્વાસ રાખીને (જો કે પૂજ્યપાદ આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજાએ તો શાસ્ત્રીય-સિદ્ધાન્ત-સત્યના પ્રશ્નોમાં જેવું ભોળપણ નહિ રાખવાનું જણાવેલું) છતાંય પોતાના ગુરુદેવેશશ્રીજીની તારક આજ્ઞાને માથે ચઢાવેલી જ અપૂર્વ ગુરુભક્તિનું દૃષ્ટાંત પૂરું પાડેલ) પૂ. આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ સકલ શ્રી સંઘ ઉદયાત્ ચોથની

સંવત્સરી મહાપર્વની) આરાધના એક જ દિવસે કરે તેથી આભિયોગીક કારણોસર પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિએ તેરસની ક્ષય-વૃદ્ધિ કરવાની આપવાદિક આચરણા રૂપ પટ્ટક કરેલ.

તેના અમલરૂપ ફળનો સમય સં. ૨૦૨૮માં ભાદરવા સુદિ-પાંચમની વૃદ્ધિ આવી ત્યારે આવ્યો. જેમના વિશ્વાસે આ ૨૦૨૦નો પટ્ટક કરવામાં આવેલો તેઓ પોતાના વચનને વફાદાર ન રહ્યા વિશ્વાસનો દ્રોહ કર્યો તેમજ સંઘમાન્ય પંચાંગને પણ માન્ય ન કર્યું ચોથની વિરાધના કરી. જ્યારે સંઘમાન્ય 'જન્મભૂમિ' પંચાંગ મુજબ ઉદયાત ચોથની સાચી આરાધના કરનારા નીચે પ્રમાણે હતા.

પૂ. આ. શ્રી વિ. સિદ્ધિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. લબ્ધિ સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. કનક સૂ. મ. નો સમુદાય

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. નો સમુદાય આદિ.

તે જ રીતે સં. ૨૦૩૩માં ભાદરવા સુદિ-પાંચમનો ક્ષય આવ્યો. સકલ શ્રી સંઘની એક જ દિવસે સંવત્સરી થાય તે માટે જુદા જુદા સમુદાયો તરફથી પ્રયત્નો - પત્ર વિનિમય આદિ થયા. શ્રી મફતલાલ પંડિત આદિએ પૂજ્ય આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા સાથે કસારા (મહારાષ્ટ્ર) મુકામે વિશદ ચર્ચા-વિચારણા કરી પણ ગમે તે કારણે (સામા પક્ષના કદાગ્રહના કારણે) પરિણામ ઈચ્છિત ન આવ્યું. અને જે પક્ષ વચનબદ્ધ હતો તેને ભલે ૨૦૨૮માં ભૂલ કરી પણ આ વર્ષે તો પોતાની ભૂલ જરૂર સુધારશે તે માન્યતા પણ ખોટી પાડી અને જે હેતુથી ૨૦૨૦નો પટ્ટક કરાયેલ તે માત્ર પેપર પર જ રહ્યો, નિરર્થક થયો. પૂજ્યશ્રીજીની આર્ષવાણી અક્ષરશઃ સત્ય પડી. ઉપર્યુક્ત સમુદાયોએ ભાદરવા સુદિ પાંચમનો ક્ષય યથાર્થ રાખી, સંઘમાન્ય જન્મભૂમિ પંચાંગ પ્રમાણે ઉદયાત્ ચોથની આરાધના કરી બાકી બીજા બધાએ ઉદયાત્ ત્રીજને ચોથ માનીને આરાધના કરી. પૂ. આ. વિ. નેમિસૂરિજી મહારાજાના સમુદાયે ૨૦૧૩માં સંઘની એકતા ખાતર બધા સાથે ભળ્યા પણ પોતાની ઉદયાત્ ચોથની માન્યતા જાહેર કરેલ. જ્યારે ૨૦૩૩માં તો પોતે જે પકડેલું-બોબેલું તેનો પણ અમલ તો ન કર્યો પણ ખોટા માર્ગની જ પુષ્ટિ કરી.

આચાર્ય શ્રી વિજય નંદનસૂરિજી મહારાજાના મુત્સદ્દાની ત્રીજી અને ચોથી કલમ આ પ્રમાણે છે.

કલમ-ત્રીજી : - '' પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હોય કે પાંચમની વૃદ્ધિ હોય ત્યાં આરાધનામાં પાંચમની ક્ષય-વૃદ્ધિ નહિ કરતાં પાંચમને અખંડ રાખીને જ પાંચમ પર્વતિથિની આરાધના કરવાની છે એટલે ભાદરવા સુદિ પાંચમનો ક્ષય આવે ત્યારે આરાધનામાં ભાદરવા સુદિ છઠનો ક્ષય ગણવાનો છે અને કરવાનો છે. તેમજ પંચાંગમાં ભાદરવા સુદિ-પાંચમની વૃદ્ધિ આવે ત્યારે આરાધનામાં ભાદરવા સુદિ છઠની વૃદ્ધિ ગણવાની છે અને કરવાની છે. એ રીતે ભાદરવા સુદિ પાંચમના અવ્યવહિત પૂર્વ દિવસે એટલે પંચાંગમાં ભાદરવા સુદિ ચોથ જે દિવસે અને જે વારે ઉદયાત્ હોય તે દિવસે અને તે વારે **ઉદયાત** ચોથે સંવત્સરી મહાપર્વ ગણવાનું છે અને સંવત્સરી મહાપર્વની આરાધના કરવાની છે.''

કલમ ચોથી :- પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હોય ત્યારે આરાધનામાં ભાદરવા સુદિ ત્રીજનો, ભાદરવા સુદિ ચોથનો કે ભાદરવા સુદિ પાંચમનો હવેથી ક્ષય કરવાનો રહેતો નથી. તેમજ પંચાંગમાં ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિ હોય ત્યારે પણ આરાધનામાં ભાદરવા સુદિ બે ત્રીજ, બે ચોથ કે બે પાંચમ પણ હવેથી કરવાની રહેતી નથી. વિક્રમ સંવત ૧૯૯૧ સુધી અવિચ્છિન્નપણે ચાલી આવતી બારે ય પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ નહિ કરવાની તપાગચ્છની પરંપરાની આચરણા ફેરવી વિક્રમ સંવત ૧૯૯૨માં અને ૧૯૯૨ થી શરૂ થયેલી બારે ય પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવાની આચરણા પણ હવેથી રહેતી નથી.

-વિજય નંદનસૂરિ.

●●●

આ બધી વાતો પરથી સુજ્ઞ વાચકો સમજી શકે છે કે, તિથિનું સત્ય, આરાધનાનો સાચો માર્ગ કયા પક્ષમાં છે.

શાસનની સેવા-ભક્તિ અને આરાધનાના પ્રતાપે દુન્યવી માન-પાનાદિ ઘણા મળે, છતાં પણ તેમાં નિર્લેપ રહેવું, જરાપણ ન મૂંઝાવું અને બાદશાહી ઠાઠ-માઠ સન્માનોને પણ 'વિરલ' આત્માઓ જ પચાવી શકે છે. જે આત્માઓ માન-પાનાદિમાં મુંઝાય તે કયારે વચન પ્રમાણે પીઠ ફેરવે તે કહેવાય નહિ.

આપણે જોઈ આવ્યા કે, ૨૦૩૩ની સાલમાં સંવત્સરીનો ભેદ આવતો હતો. ત્યારે સાચા-સિદ્ધાંત-પક્ષના

ઘણાને પણ જમાનાની-સંઘ ઐકેયની અસર અડેલી અને તે બધાએ પ. પૂ. પરમતારક ગુરુદેવેશશ્રીજી સાથે ચર્ચા-વિચારણા રૂપ પત્ર વ્યવહાર કરેલો અને બધાને સત્યમાર્ગમાં સ્થિર કરવા પૂરા પ્રયત્નો કરેલા અને તર્કબદ્ધ પ્રત્યુત્તરો અપેલા, જેમાં શ્રી પુખરાજજી સાંધી, પૂ. મુ. શ્રી ચન્દ્રશેખર વિ. મ. (હાલમાં પંન્યાસ) પૂ. આ. શ્રી વિ. વિક્રમ સૂ. મ., પૂ. આ. શ્રી કલાપૂર્ણ સૂ. મ., પૂ. આ. શ્રી વિ. ભદ્ર સૂ. મ. (પૂ. આ. શ્રી ઓંકાર સૂ. મ.) આદિ હતા આ પત્ર વ્યવહારની જાણ સ્વ પક્ષમાં પણ પૂ. પરમતારક ગુરુદેવેશ પ્રસંગ પામી સમર્થોને કરી હતી. તેમાં પૂ. આ. શ્રી વિ. હીર સૂ. મ. તો, ત્યાં સુધી જણાવેલું (સાથો સાથ પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ. મહારાજે પણ) કે ''આપનું આ માર્ગદર્શન આવિ પેઢી માટે દસ્તાવેજી પૂરાવા સમાન બની રહેશે.'' તે વખતે આ બધા પૂજ્યોએ ૨૦૩૩ની સંવત્સરી એક જ થાય તે માટે ત્યારના આ. ક. પેઢીના પ્રમુખશ્રી કસ્તુરભાઈને પણ જણાવતા તેઓએ એક જ ભાવનો જવાબ આપેલો કે ''એક તિથિ પક્ષમાં આ બાબતમાં કોઈને જરાપણ રસ નથી. તમારે જો સમાધાન કરવું જ હોય તો તમો બધા એક તિથિ પક્ષમાં ભળી જાઓ.''

૨૦૩૩ થી ૨૦૪૨ સુધીના સમય દરમ્યાન શું શું થયું તે બધા જાણે છે. જેમ દુનિયામાં પૈસો-પદ અને પ્રતિષ્ઠા માટે શું શું કરાય છે તે સૌના જાણમાં છે. તેમ આવા પરમ તારક શાસનમાં પણ જ્યારે પદ અને પ્રતિષ્ઠાની એષણા જાગે તો ઊંચે ચઢેલા અને જેમના પર શાસનના ગૌરવની જવાબદારી છે તે પણ કયાં સુધી નીચે ઉતરે તે કહી શકાય નહિ. હૈયામાં એક ખોટી કામના અને લાલસા જન્મે પછી શું થાય તે અજાણ્યું નથી. પછી કયાં સુધી સન્માર્ગની અને સિદ્ધાન્તની વફાદારી જળવાય તે પણ કહેવાય નહિ. જેમ ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના આત્માએ મરિચીના ભવમાં, પરિવ્રાજકપણું સ્વીકાર્યું તો પણ સાધુપણાનો પ્રેમ અને રાગ પૂરેપૂરો જીવતો હતો. તેઓ બિમાર પડયા ત્યારે હૈયામાં એક જે કુવિકલ્પ આવી ગયો કે ''મારી સેવા-ચાકરી માટે મારા જેવો એક શિષ્ય મળી જાય તો સારું.'' આના જ પ્રતાપે રાજપુત્ર કપિલની આગળ ઉત્સૂત્ર ભાષણ કર્યું કે'' કપિલ ! અહીં પણ ધર્મ છે અને ત્યાં પણ છે.'' જેના પરિણામે તેનો કોટા કોટિ સાગરોપમ પ્રમાણ સંસાર વધી ગયો તેમ શાસ્ત્રકાર ભગવંતો કહે છે, દર વર્ષે શ્રી પર્યુષણા મહાપર્વમાં પરમ પવિત્ર શ્રી કલ્પસૂત્રનું વાંચન અને શ્રવણ કરનારા પણ સારી રીતના આ વાત જાણે છે. આ પ્રસંગ જો ખરેખર યાદ રહ્યો હોત, તેનો પરમાર્થ પચ્યો હોત તો ૨૦૪૨માં સંઘ એકતાના નામે (વાસ્તવમાં તો વ્યક્તિગત તેજોદ્વેષ અને પૂર્વગ્રહને જ સંઘ એકતાનું રૂડું રૂપાળું નામ અપાયેલું...) જે તિથિ સમાધાન પટ્ટક થયો તેમાં સત્ય સિદ્ધાન્તપક્ષના જે જે ભળ્યા તે કદાચ ભળ્યા હોત નહિ. (તે પટ્ટક સંઘ એકતાના નામે થયા પછી સંઘની એકતા થઈ કે અનેકતા, દેડકાની પાંચશેરી ભેગી ન થાય તેની જેમ પરસ્પર જ જે પત્રિકા યુદ્ધ થયું, વર્તમાન પત્રોમાં પણ જે રીતનો પ્રચાર-મારો થયો, જે આયારામ-ગયારામ જેવી પરિસ્થિતિ પેદા થઈ - તે હાલમાં જરૂરી ન હોવાથી તેની વાત અવસરે પ્રસંગ પામીને વિચારીશું) આપણી મૂળ વાત એ ચાલી રહી છે કે સિદ્ધાન્તની વફાદારી પણ તકલાદી સંઘ એકતાના નામે જેમને મૂકી દીધી. તેનું બીજ ૨૦૩૨માં વવાયું હતું. અને ૨૦૪૨માં જે ફળ સ્વરૂપે જાહેર થયું.

૨૦૪૨માં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો ત્યારે તે ક્ષયને યથાર્થ માન્ય રાખી પ.પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. ના સમુદાયે, પૂ. શ્રી બાપજી મ. ના સમુદાયના પૂ. આ. શ્રી વિ. વિબુધપ્રભ સૂ. મ., પૂ. આ. શ્રી શાંતિચન્દ્ર સૂ. મ. ના સમુદાયના પૂ. આ. શ્રી સોમચંદ્ર સૂ. મ. પૂ. આ. શ્રી કનકપ્રભ સૂ. મ. આદિએ તથા પૂ. આ. શ્રી અમૃત સૂ. મ.ના સમુદાયના પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. આદિએ 'જન્મભૂમિ' પંચાંગ માન્ય સાચી તિથિની અને સાચા માર્ગની આરાધના કરી કરાવી.

જ્યારે ભાદરવા સુદિ-૩નો ક્ષય કરી ત્રીજને ચોથ માની સંવત્સરીની આરાધના શ્રી સાગરજી મ., ના સમુદાયે, આ. શ્રી રામ સૂ. મ. (ડહેલાવાળા) ના સમુદાયે, આ. વિ. સુબોધ સાગર સૂ.મ., આ. વિ. મંગલપ્રભ સૂ. મ. આદિએ કરી.

પાંચમના ક્ષયે છઠ્ઠનો ક્ષય કરી આરાધના કરનારા

આ. શ્રી વિ. નેમિ સૂ.મ.નો સમુદાય.

આ. શ્રી વિ. વલ્લભ સૂ. મ. નો સમુદાય

આ. શ્રી વિ. પ્રતાપ સૂ. મ. નો સમુદાય

પટ્ટકમાં સહી કરી સત્ય-સિદ્ધાંત પક્ષમાંથી છૂટા પડેલા

આ. વિ. ઓંકાર સૂ. મ. નો સમુદાય

આ. વિ. ભુવન ભાનુ સૂ. મ. નો સમુદાય

આ. વિ.વિક્રમ સૂ. મ. નો સમુદાય

આ. વિ. કલાપૂર્ણ સૂ. મ. નો સમુદાય

આ. વિ. ભદ્રંકરસૂ. મ. નો સમુદાય (પૂ. શ્રી બાપજી મ. ના) આદિ હતા.

૨૦૪૪માં પણ અમદાવાદમાં જે સંમેલન આવ્યું અને તેમાં જે અશાસ્ત્રીય ઠરાવો કર્યા વગેરે જે પ્રસંગો બન્યા તે સૌ સારી રીતના જાણે છે. તેમાં પણ તિથિ અંગે જે ઠરાવ કરાયો તે પણ અશાસ્ત્રીય માર્ગ રૂપ હતો.

આ લખાણ ઉપરથી વાચક વર્ગ સારી રીતના સમજી શકે છે કે, શ્રી સંઘમાં તિથિના ઝઘડાનું મૂળ કોણ હતા, ઉત્પતિના બીજ કોને વાવ્યા. જે લોકો ૧૯૯૨ થી તિથિનો ઝઘડો શરૂ થયો અને આ. વિ. રામચન્દ્રસૂરિજી તેના ઉત્પાદક હતા તેવો જે પ્રચાર કરે છે તે કેવો ખોટો અને ગલત તથા વ્યક્તિગત તેજોદ્વેષથી પ્રેરાયેલો છે તે સારી રીતના સમજી શકાય છે.

વાસ્તવમાં ૧૯૯૨માં સૌથી પહેલા આ. વિ. વલ્લભ સૂ. મ. બે પાંચમની બે ચોથ જાહેર કરી, આ. વિ. નેમિસૂરિજી મહારાજે તેને ટેકો આપ્યો. જ્યારે શ્રી સાગરજી મહારાજે તો બે ત્રીજ જાહેર કરેલી. એટલે ઉદયાત્ ચોથને છોડનારો વર્ગ વધ્યો. આ બધું જે થયેલું તે શ્રી સંઘને પૂછયા વિના જાહેર થયેલું.

જાણકારો સમજી શકશે કે ૧૯૫૨માં શ્રી સાગરજી મહારાજે જે બીજ વાવ્યા તે ૧૯૯૨માં આ. વિ. વલ્લભ સૂરિજી અને આ. વિ. નેમિસૂરિજીએ તેને ટેકો આપીને વધાર્યા અને સંઘની એકતાને તોડવાનું કામ કર્યું તેમ કહેવામાં અતિશયોક્તિ નથી.

વાચક વર્ગની જાણ માટે એક વાત જણાવવી અનિવાર્ય માનું છું કે, પંડિત મફતભાઈ કહેતા હતા કે, ''ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિએ તે ક્ષય-વૃધ્ધિ યથાર્થ માનનારા આ. વિ. રામચન્દ્રસૂરિજી મહારાજાનો પક્ષ સાચો હોય કાં ભાદરવા સુદિ પાંચમની ક્ષય વૃદ્ધિએ ભાદરવા સુદિ ત્રીજની ક્ષય-વૃદ્ધિ માનનારા શ્રી સાગરજી મહારાજાનો પક્ષ સાચો હોઈ શકે પરન્તુ ભાદરવા સુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિએ, છઠ્ઠની ક્ષય-વૃદ્ધિ થઈ શકે નહિ કે, ભાદરવા સુદિ પાંચમની વૃદ્ધિએ ચોથની વૃદ્ધિ તો થઈ શકે જ નહિ. એ માનનારો પક્ષ તો ખોટો જ ગણાય.''

આના ઉપરથી પણ વાચકો વિવેક કરી શકશે કે સત્યપક્ષ 'क्षये पूर्वा त.' અને 'उदयम्भि.'ના શાસ્ત્રીય વચનોનો યથાર્થ અર્થ કરનારો જ છે.

વર્તમાનમાં એક વર્ગ એવો પણ વિચારે છે કે, હવે ફરીથી ભાદરવા સુદિ પાંચમની સંવત્સરી કરવી જોઈએ, જેથી આ કલેશ કાયમનો મટી જાય. પણ આ વિચારણા શાસ્ત્રીય રીતના વિચારવી તે પણ યોગ્ય નથી.

શ્રી પર્યુષણા દશશતકની ગાથા-૧૧૧માં મહામહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજા જણાવે છે કે-

''अष्टमतपः सांवत्सरिक प्रतिक्रमणादिनियतानुष्ठानयुक्त पर्युषणा सांवत्सरिकं पर्व सम्प्रति वर्तमानकाले श्री कालिकाचार्यादारभ्य दुष्पहसूरिपर्यंतं - चतुर्थ्येवभाद्रपदसित - चतुर्थ्यामेव युक्त ×××''

ભાવાર્થ : વર્તમાનકાળમાં શ્રી કાલિક સૂરિજી મહારાજાથી પાંચમા આરાના છેડા સુધી થનારા પૂ. આ. શ્રી દુષ્પહસૂરિજી મહારાજા સુધી અઠ્ઠમતપ સાંવત્સરિક પ્રતિક્રમણ વગેરે જે નિયત અનુષ્ઠાનયુક્ત પર્યુષણા સાંવત્સરિક મહાપર્વ તે **ભાદરવા સુદ ચોથે જ** યુક્ત છે.

આ પાઠમાં चतुर्थ्यामेव માં 'एव' અવધારણમાં છે. एव શબ્દ અનિષ્ટ અર્થની નિવૃતિ કરે છે. (शक्येऽवधारणं यावदनिष्टार्थनिवृत्तये **तत्त्वार्थश्लोक वार्त्तिक** અ. ૧, **સૂ. ૬, શ્લોક-૫૩માં**) દા. ત. स्याद् घटोऽस्त्येव - આથી ઘટ જ આવે પરંતુ પટ વગરે કાંઈ ન આવે. તેમ 'चतुर्थ्यामेव' માં एव શબ્દ **અવધારણ** અર્થમાં હોવાથી ત્રીજ કે પાંચમનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય તો પણ ત્રીજ કે પાંચમની નિવૃત્તિ જ કરવામાં આવેલી છે. તે જણાવે છે. આથી સમજી શકાય છે કે પર્યુષણા માટે ભાદરવો માસ નિયત છે તેમ સંવત્સરી માટે ચોથ જ નિયત છે અને તે પણ ઉદયાત્.

●●●

બે ચૌદશ હોય ત્યારે બે તેરશ કરવી તે યોગ્ય છે કે બે ચૌદશ જ લખવી યોગ્ય છે ?

''ચૌદશ બે હોય ત્યારે તેરસ બે કરવી તે કૃત્રિમ જ છે. વાસ્તવિક રીતે બે ચૌદશ જ લખવી ઉચિત છે.'' જૈન ધર્મ પ્રકાશમાં પં. કુંવરજી આણંદજીએ સ્પષ્ટ રીતે જણાવેલ છે.

અમારી સભા તરફથી સુમારે ૪૦ વર્ષથી મુનિરાજ શ્રી વૃદ્ધિચંદજી મહારાજજીની સૂચના અનુસાર શ્રીધર શીવલાલના જોધપુરી પંચાંગને આધારે જૈન પંચાંગ બનાવી છપાવીને જૈન ધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે. પ્રસ્તુત વર્ષમાં તે જોધપુરી પંચાંગમાં ચૈત્ર સુદિ ૧૩ એક જ છે. પણ સુદિ ૧૪ બે છે. એટલે બે ૧૪ પાળી ન શકાય માટે **પહેલી ચૌદશને બીજી તેરસનું કૃત્રિમ નામ આપવામાં આવ્યું છે.** હવે વિચારો કે મહાવીર જયંતિ સુદિ ૧૩ જે વાસ્તવિક છે તે દિવસે કરવી **યોગ્ય કે કૃત્રિમ બનાવેલી બીજી** તેરશે કરવી યોગ્ય ? જેઓ છાપેલા ભીંતે ચોડવાના પંચાંગ જુએ તેને તો આ ખબર ન હોય, એટલે તે તો બીજી તેરશે જ મહાવીર જયંતિ કહે અને કરે, **પણ જે સમજે** તે તેમ કેવી રીતે કરે ?

વળી આ બાબત અમે જૈન ધર્મ પ્રકાશના કાર્તિક માસના અંકનાં પૃષ્ઠ ૨૭૮ મા ચર્ચારૂપે પણ પ્રથમ લખેલ છે. તે વાંચીને કોઈએ સવાલ ઉઠાવ્યો નથી. તેમાં બીજી બે બાબત પણ લખેલી છે, તે ઉપર સુજ્ઞોનું ધ્યાન ખેંચવામાં આવે છે.

(જૈન ધર્મ પ્રકાશ, પુસ્તક ૪૪મું. અંક ૩જો પૃષ્ઠ ૮૬મું જેઠ, ૧૯૮૪)

વિદ્વાન પં. મ. શ્રી ગંભીરવિજયજી મહારાજનો 'તિથિચર્ચા' ના વિષયમાં ઉપયોગી પત્રઃ તેઓ કહે છે કે, 'બે તિથિ હોય ત્યારે બીજી તિથિ જ પ્રમાણ કરવી.'

પ્રશ્નોત્તર

શ્રી ઈડોરથી એક ગૃહસ્થે લખી મોકલેલા પ્રશ્નનો પંન્યાસજી શ્રી ગંભીરવિજયજીએ આપેલો ઉત્તર વાચકવર્ગને ઉપયોગી હોવાથી અત્રે પ્રસિદ્ધ કર્યો છે.

પ્રશ્ન

રજપુતાનામાં શ્રાવક લોકો જ્યારે જોધપુરી પંચાંગમાં બીજ, પાંચમ, વિગેરે તિથિ બે હોય છે ત્યારે બે પાળે છે, અને ગુજરાત-કાઠીયાવાડમાં તો પહેલી તિથિને મુકીને બીજી તિથિને માને છે. આ તરફના શ્રાવકો તેમ કરતાં નથી. તેથી અત્રેના વિદ્વાનો સવાલ પૂછે છે કે ક્યા શાસ્ત્રના આધારે પહેલી બીજને એકમ ગણી, બીજી બીજને બીજ ગણો છો? પરંપરાનો સવાલ બાજુ મૂકી શાસ્ત્રાધારી જ એ બાબત પ્રસિદ્ધ કરશો.

ઉત્તર

જ્યારે કોઈ પણ તિથિની વૃદ્ધિ હોય છે, એટલે કે બે હોય છે. ત્યારે **પહેલી તિથિમાં સૂર્ય ઉગતોનથી. વાસ્તે અપ્રમાણ કરાય છે.** અને બીજી તિથિમાં સૂર્ય ઉગે છે, તેથી તે પ્રમાણ કરાય છે. પહેલી તિથિનો સૂર્યના ઉગ્યા પછી પ્રવેશ હોય છે. તેથી તે ન લેવાય એમ શાસ્ત્રમાં કલ્યું છે.

તદ્યથા

અનુદયવતી બહ્વ્યપિ અપ્રમાણા, ઉદયવતી સ્તોકાપિ સમાચરણીયા ઇતિ ઉમાસ્વાતિવચનં.

''અનસુદયવાળી તિથિ ઘણી (ઘડી) હોય, તો પણ તે અપ્રમાણ છે. અને ઉદયવાળી તિથિ થોડી (ઘડી) હોય તો પણ તે આચરવા યોગ્ય છે.'' આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ વાચકે કહેલું છે. વળી કલ્યું છે.

યાં તિથિ સમનુપ્રાપ્ય, સમુદ્રતે ચ માનવઃ।
સા તિથિઃસકલા જ્ઞેયા દાનાધ્યયનકર્મસુ ।।

''જે તિથિને પામીને સૂર્ય ઉગ્યો હોય, તે તિથિ દાનમાં, ભણવામાં તથા તપસ્યાદિક ક્રિયામાં જાણવી.'

વળી કલ્યું છે કે-

વૃદ્ધિસ્તૂત્તરા ગ્રહ્યા હાનૌ ગ્રાહ્યા પૂર્વા

''તિથિની વૃદ્ધિ હોય, તો પાછળની તિથિ ગ્રહણ કરવી, ને હાનિ હોય, તો તેની પહેલીની ગ્રહણ કરવી.''

આ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહેલ છે, તેથી વૃદ્ધિમાં બીજી તિથિ જ પ્રમાણ છે.

શ્રી જ્યોતિષ કરંડક પયન્નામાં કલ્યું છે કે, ''જે તિથિ હાનિ પામે તે પહેલી તિથિમાં સમાપ્ત થાય છે. જે વૃદ્ધિ પામે તે ઉપરની તિથિને સ્પર્શે છે.''

આ પયન્નાની ટીકા પ્રથમ શ્રી પાદલિપ્તસૂરિએ સંક્ષેપથી કરેલી છે. અને ત્યારપછી શ્રી મલયગિરિસૂરિએ વિસ્તારથી કરેલ છે. જે કે હાલ પ્રવર્તમાન છે. અને બંને આચાર્યો સર્વમાન્ય ગણાયેલા છે.

શ્રી ભગવતી સૂત્રના શતક પાંચમના ઉદ્દેશા પહેલામાં શ્રી ગૌતમસ્વામીએ ભગવંતને પૂછયું છે કે, ''હે ભગવન્ ! સૂર્યને આદિત્ય શા માટે કહો છો ?'' તેનો ઉત્તર પ્રભુએ આ પ્રમાણે આપ્યો છે કે, '' હે ગૌતમ ! સૂર્યોદયના સમયને આદિ લઈને જ સમય, આવલી, મુહૂર્ત, પક્ષ, માસ, વર્ષ, યાવત્ ઉત્સર્પિણી સર્વ ગણવામાં આવે છે, તેથી સૂર્યને આદિત્ય કહેલો છે.'' આ ઉત્તરથી પણ એમ સિદ્ધ થાય છે કે, સૂર્યોદયથી જ તિથિની આદિ ગણાય છે. તે જ સ્થળમાં કહ્યું છે કે, જે ક્ષેત્રમાં વખતે સૂર્યનું દ્રશ્યપણું અને અદ્રશ્યપણું થાય, તે ક્ષેત્રમાં જે વખતે સૂર્યનું દ્રશ્યપણું થાય; તે ક્ષેત્રમાં તે જ વખતે પહેલો રૂદ્ર નામે મૂહૂર્ત ગણવો. તેનો પાઠ આ પ્રમાણે-

जह जह समए समए पुरउ संचरइ पुरउ संचरइ भस्सरो गयणे तह तह इउवि नियमा जाई रयणीइ भावत्थ एवं च सइ नराणं उदयत्थमणाए हुंति तिथियाई सई देसकालभेए कस्सइ किंचिवि दिस्सए नियमा सइ चेवय निदिट्ठो रुद्दो मुहुत्तो कमेण सव्वेसिं केसिंचीदणींपीय विसयपमाणो रवि जोगे.

ભાવાર્થ : જેમ જેમ સમયે સમયે આગળ સૂર્ય ગગનમાં ચાલ્યો જાય છે. તેમ તેમ સમય સમય પાછળ નિત્યે રાત્રિ ભાવ થતો જાય છે. એમ હોતે સતે મનુષ્યોને ઉદય અસ્તનો નિયત (સમય) ભિન્ન ભિન્ન થાય છે. દેશકાળનો ભેદ હોવાથી કોઈકને કોઈ વખત ઉદય અસ્તનો નિયત હોઈ, અને કોઈકને કોઈ વખત હોય. જેને જે ઉદય અસ્તનો નિયત છે. તેને તે જ રૂદ્ર નામે પહેલો મુહૂર્ત ગણાય. એમ અનુક્રમે સર્વને જાણવો. તેથી હમણાં પણ કેટલાકને સૂર્યોદય વેળા છે. જેમને હમણાં જ સૂર્ય નજર વિષે આવ્યો છે. તેમને'' આ પ્રમાણેના શ્રી ભગવતી સૂત્રના વચનથી પણ સૂર્યના ઉદયકાળવાળી તિથિ જ પ્રમાણ છે.

વળી અહોરાત્ર સૂર્યની ગતિ ઉપરથી થાય છે, તે તિથિ તો ચંદ્ર ને રાહુની ગતિ ઉપરથી ગણાય છે એટલે ચંદ્રના વિમાનના સોળ ભાગ કલ્પીએ, તે માંહેલો એક ભાગ રાહુ ઢાંકી રહે અથવા મૂકી રહે તેટલા વખતની એક તિથિ ગણાય. તેથી જો રાહુની ગતિ શીઘ્રતાવાળી થાય, તો થોડા કાળમાં તિથિ પૂર્ણ થાય છે ને મંદ ગતિ કરે તો લાંબા વખત સુધી તિથિ પહોંચે છે. વળી જે દિવસે તિથિનો સાઠો પડે છે. એટલે ૬૦ ઘડી તિથિ છે એમ લખાય છે. તે દિવસે તિથિનો પ્રારંભ ઉદય વખતે હોતો નથી. કેમકે ક્યાં તો ચંદ્રનો પ્રથમનો ભાગ ગ્રસાઈ રહ્યો ન હોય અથવા મુકાઈ રહ્યો ન હોય એમ હોય છે. માટે **વૃદ્ધિ તિથિમાં બીજી તિથિ જ પ્રમાણ છે એમ સમજવું.**

(શ્રી જૈન ધર્મ પ્રકાશ, પુસ્તક ૧૫મું અંક ૧૧મો, મહા સુદ ૧૫, ૧૯૫૬, પૃષ્ટ ૧૭૨)

●●●

''વિ. સં. ૧૯૫૨માં ભાદરવા સુદિ ૫નો ક્ષય હતો ત્યારે સુદ ૪-૫ ભેગા કરીને આરાધના સર્વ સંઘે કરેલી. તે માટે 'જૈનધર્મ પ્રકાશ'માં કુંવરજીભાઈએ સ્પષ્ટ જણાવેલ છે ને બાર તિથિઓના ક્ષય-વૃદ્ધિ હોય ? ? તેમ પણ જણાવેલ છે.

અમારા તરફથી ગ્રાહકોને દશ વર્ષ થયાં જૈન પંચાંગ ભેટ દાખલ આપવામાં આવે છે. તેનો પ્રારંભ શ્રીમત્ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજની હયાતિમાં કરેલો છે તે વખતે તેઓ સાહેબે આપણા જૈન સમુદાયમાં તિથિના નિર્ણયને માટે પંડિત શ્રીધર શીવલાલ તરફથી પ્રગટ થતું જોધપુરી ચંડુ પંચાંગ બતાવેલું હતું. તેના આધારે અદ્યાપિ પર્યંત અમે પંચાંગ તૈયાર કરીએ છીએ. તેમાં જ્યારે **બાર તિથિ માંહેની કોઈપણ તિથિનો ક્ષય હોય છે, ત્યારે અથવા વૃદ્ધિ હોય છે ત્યારે આપણી તપાગચ્છની સમાચારીને** અનુસારે ''क्षये पूर्वा वृद्धौ उत्तरा'' એટલે જ્યારે બાર તિથિમાંની કોઈપણ તિથિનો ક્ષય હોય, **ત્યારે તેની પૂર્વલી તિથિનો ક્ષય લખીએ છીએ** અને વૃદ્ધિ હોય છે ત્યારે ઉત્તર તિથિનો એટલે બીજા દિવસને તિથિ તરીકે માન્ય રાખીને પ્રથમનો દિવસ ત્યાર અગાઉની તિથિમાં મેળવીને તે **આગલી તિથિનું દ્વિત્વ-બેપણું કરીએ છીએ.**

ચાલતા વર્ષના (૧૯૫૨ના) ભાદરવા માસમાં જોધપુરી પંચાંગમાં સુદ ૫નો ક્ષય છે હવે આપણી સમાચારી અનુસારે તિથિનો ક્ષય થતો ન હોવાથી क्षये पूर्व એ વચનને અનુસારે પૂર્વલી ચોથનો ક્ષય કરવા જતાં તે તિથિએ આપણું પર્વ-સંવચ્છરી છે. તેથી **તેનો ક્ષય ઠીક લાગતો નથી.** આ બાબત પંચાંગ છપાવ્યા અગાઉ કેટલીક જગ્યાએ સલાહ-વિચાર પૂછવામાં આવતાં કેટલીક જગ્યાએથી તો બિલકુલ જવાબ મળ્યો નહિ અને કેટલીક જગ્યાએથી જવાબ મળ્યો

તેમાં અમારા વિચારથી જુદા પ્રકારના બે વિચારો આવ્યા. એક એવો વિચાર મળ્યો કે છઠ્ઠનો ક્ષય કરવો અને બીજો એવો વિચાર (મળ્યો) કે ત્રીજનો ક્ષય કરવો.

છઠ્ઠનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર આવ્યો કે મુંબઈનાં વતનીના ગુજરાતી પંચાંગોમાં અને લાહોરના પંચાંગમાં છઠ્ઠનો ક્ષય છે. માટે છઠ્ઠનો ક્ષય કરવો. પરંતુ આ વિચાર અમે માત્ર એટલા જ કારણસર અમલમાં મૂકવાનું દુરસ્ત ધાર્યું નહિ. એટલા જ કારણ કે અદ્યાપિ પર્યંત કાયમ જોધપુરી ચંડુ પંચાંગને પ્રામાણ્યું ગણતાં છતાં અત્યારે તેના વર્ત્તનારને અમાન્ય ગણવો, તે ન્યાયયુક્ત ગણાય નહિ, તેથી એ વિચાર અમલમાં મૂક્યો નથી. પરંતુ આ વિચારમાં મુખ્ય વાંધો સંવચ્છરીનો તો આવતો નથી. કેમકે છઠ્ઠનો ક્ષય કરવાથી પારણાના દિવસને સુદ ૫ નો કહેવો કે શુદ ૬ નો કહેવો એ જ વાંધામાં રહે છે.

ત્રીજનો ક્ષય કરવાનો વિચાર એવા કારણસર આવ્યો કે ક્ષયે પૂર્વા એ વાક્ય પ્રથમ પંચમીને લાગુ કરતા ચતુર્થીનો ક્ષય કરવો પડે તે પણ સંવચ્છરી પર્વનો દિવસ હોવાથી **ફરીને** ક્ષયે પૂર્વા **એ વાકય તેને (સુદ ૪ને) પણ લાગુ કરીને સુદ ૩નો ક્ષય કરાવો. આ કારણ પણ અમને વાસ્તવિક લાગતું નથી. કારણકે ફરીને એ વાક્યનો ઉપયોગ કરવો એ મનકલ્પના વડે છે. શસ્ત્રોક્ત પ્રમાણ એમ કરવા માટે નથી.** વળી ત્રીજને ચોથ બંને ઉદયતિથિ બધા પંચાંગો પ્રમાણે હોવા છતાં ભાદ્રપદ માસને **ત્રીજે દિવસે સંવચ્છરી લઈ જવી. એમ કરવાને યુગપ્રધાન સિવાય આપણને સત્તા નથી.** આ વિચારને અમારા વિચાર સાથે મુખ્ય બાબતમાં પણ મોખાપણું છે. કારણકે છે. કરણ કે આમ કરવાથી શુદ ૩-૪ ગુરુવારે સંવચ્છરી થાય અને અઠ્ઠાઈઘર પણ વદ ૧૧ ગુરુવારે કરવું પડે. આ વિચાર અમારા વિચારમાં ઠીક ન લાગવાથી અમે અમલમ મુક્યો નથી.

અમારો વિચાર બધી બાબતો લક્ષમાં લેતાં એવો થયો કે **શુદી પને બદલે શુદ ૪ ને ક્ષય કરવો એ પરંપરાગત પ્રવર્તન છે.** ફક્ત ૪થે સંવચ્છરીનો દિવસ હોવાથી તેનો ક્ષય કરવો કે કહેવા અયોગ્ય છે. માટે **શુદ ૫ ની ક્રિયા શુદ ૪થે કરવી અને શુદી ૪ તથા શુદી ૫ ભેળા ગણવા. સંવચ્છરી ઉદયતિથિ ચતુર્થીએ શુક્રવારે જ કરવી.** અરે બારે તિથિમાં હાનિ ન થવા માટે શુદ પની ક્રિયા તે જ દિવસે કરીને શુદ ૫ નો સમાવેશ તેમાં કરવો. આ પ્રમાણે કરવામાં કોઈ પ્રકારનો વિરોધ ન લાગવાથી અને પંચાંગ બહાર તાકીદ હોવાથી તેમ જ એ બાબત શ્રી સંઘ મળીને પર્યુષણની અગાઉ આટલી બધી મુદતે એકત્ર વિચાર બહાર પાડે એવો સંભવ ન હોવાથી ''શુદ ૪-૫ ભેળા છે.'' અને ''તે દિવસે શુક્રવારે સંવચ્છરી છે.'' એવો અમારો વિચાર અમે અમારા પંચાંગમાં પ્રદર્શિત કર્યો છે. તે છતાં પણ હવે પછી શ્રી સંઘ બહાર પાડે એવો સંભવ ન હોવાથી ''શુદ ૪-૫ ભેળા છે. અને તે દિવસે શુક્રવારે સંવત્સરી છે.'' એવો અમારો વિચાર અમે પંચાંગમાં પ્રદર્શિત કર્યો છે. તે છતાં પણ હવે પછી શ્રી સંઘ મળીને પરંપરા તથા શાસ્ત્ર વગેરેના આધારથી જે વિચાર નક્કી કરે તે અમારે કબુલ છે. અમારે કોઈ પ્રકારનો આગ્રહ નથી. એને એવો નિર્ણયકારક વિચાર જે કરશે તે અમે ઘણી ખુશીની સાથે અમારા ચોપાનીયામાં જ પ્રગટ કરીશું. કિં બહુના ? (જૈન ધર્મ પ્રકાશ પુસ્તક ૧૨ અંક ૧ લો, ચૈત્ર શુદિ ૧૫, સંવત ૧૯૫૨, પૃષ્ઠ૧૦-૧૧-૧૨)

●●●

પર્વતિથિની ક્ષય - વૃદ્ધિના પ્રાચીન ઉલ્લેખો

- સં. ૧૮૯૬ નો પૂ. પં. શ્રી રૂપ વિ. મ. નો પત્ર છે જેમાં કાર્ત્તિક વદિ બે અમાસનો ઉલ્લેખ છે.
- અમદાવાદ - પગથીયાની પોળના સંવેગી ઉપાશ્રયમાં રાખેલા તીર્થપટમાં પો. સુ. બીજી પૂર્ણિમા (સં. ૧૬૯૮) તથા આ પટમાં પૂ. આ. શ્રી હીર સૂ.મ. નો પણ ઉલ્લેખ છે.
- સ્યાદ્વાદ મંજરી પ્રતમાં સં. ૧૭૯૩ કાર્ત્તિક પ્રથમ પાંચમનો ઉલ્લેખ છે.
- પ્રશસ્તિ સંગ્રહમાં
  (૧) સં. ૧૬૪૪ જેઠ સુદ દ્વિતીય પાંચમ
  (૨) સં. ૧૬૯૯ પોષ સુદ પ્રથમ બીજ
  (૩) સં. ૧૭૫૨ મહાસુદિ દ્વિતીય-૧૫ (પૂનમ)
  આવા ઉલ્લેખો છે.
- જૈન ગુર્જર કવિઓ ભાગ ત્રીજો
  (૧) સં. ૧૬૯૩ ભા. સુ. ૪+૫ રવિવાર
  (૨) સં. ૧૬૯૯ પો. સુ. પ્રથમ બીજ
  (૩) સં. ૧૮૯૨ માગસર સુદ દ્વિતીય ૧૪ ગુરુવાર
  (૪) સં. ૧૯૫૭ જેઠ સુદ પ્રથમ ૧૧ શુક્રવાર આવા ઉલ્લેખો મળે છે.

■ શ્રી રાધનપુર પ્રતિમા લેખ સંદોહ

(૧) સં. ૧૪૮૪ વૈશાખ સુદિ ૮ શુક્રવાર (પ્રથમ) પૃ. ૪૩
સં. ૧૪૮૪ વૈશાખ સુદિ ૮ શનિવાર (દ્વિતીય) પૃ. ૪૩

(૨) સં. ૧૫૧૮ માહ સુદિ ૫ બુધવાર (પ્રથમ) પૃ.૯૫
સં. ૧૫૧૮ માહ સુદિ ૫ ગુરુવાર (દ્વિતીય) પૃ. ૯૫

(૩) સં. ૧૯૧૬ વૈશાખ સુદિ ૪ ઉપરાંત ૫ બુધવાર પૃ. ૨૧૦

■ સં. ૧૯૧૬, શક સંવત ૧૭૮૨ ના જૈન દિપક પંચાંગમાં શ્રાવણ વદમાં બે પાંચમનો ઉલ્લેખ છે. તથા અમાસનો ક્ષય જણાવેલ છે.

■ સં. ૧૯૪૫ નું જૈન પંચાંગ સાયલાથી પ્રગટ થયેલું છે. જેમાં

૧. માગસર સુદ બે અગ્યારસ જણાવેલ છે બીજી અગ્યારસે મૌન એકાદશી.
૨. ચૈત્ર વદમાં બે અમાસ.
૩. જેઠ સુદમાં બે-૫, જેઠ વદમાં બે-૧૧ જણાવેલ છે.
૪. શ્રાવણ સુદમાં બે બીજ, શ્રાવણ વદમાં બીજનો ક્ષય.
૫. આસો સુદમાં બીજનો ક્ષય.

■ સં. ૧૯૫૨ + ૧૯૫૩ નું જૈન પંચાંગ
પ્રકાશક - જૈન ધર્મ પ્રસારક સભા - ભાવનગર જેમાં ભાદરવા સુદ ૪ + ૫ ભેગા લખેલાનો ઉલ્લેખ છે.

■ પ્રાચીન પટ્ટકોમાં પણ પર્વ તિથિની ક્ષય - વૃદ્ધિના ઉલ્લેખો મળે છે.

આ બધા ઉપરથી સુજ્ઞ વિવેકી વાચકો પણ સમજી શકે છે કે - જ્યારથી શ્રી જૈન સંઘમાં લૌકિક ટીપ્પણાનો સ્વીકાર કરાયો ત્યારથી તે તે ટીપ્પણમાં આવતી દરેકે દરેક પર્વાપર્વ સઘળી ય તિથિઓની ક્ષય - વૃદ્ધિને પણ યથાર્થ માન્ય રાખીને શ્રી સંઘે આરાધના કરી છે, કરાવી છે, કરાવવાનો છે. પણ ૧૯૯૨ થી જ પર્વ તિથિઓની ક્ષય - વૃદ્ધિની માન્યતાનો પ્રારંભ કરાયો તે વાત હડાહડ ખોટી છે, ભયંકર જૂઠાણું છે, પ્રામાણિક ઈતિહાસને ઘોર અન્યાય કરવા બરાબર છે.

વળી જે લોકો એમ કહે છે કે, ભાદરવા સુદિ - ૪ ને સંવત્સરીના દિવસ જે વાર હોય તે જ વાર તેની પછીના બેસતા વર્ષે કારતક સુદિ - ૧ ના હોય જ.- આ વાત પણ બરાબર નથી કે શાસ્ત્રીય પણ નથી. તે અંગે પ્રાપ્ત સાધન મુજબ નીચેના વર્ષો જોઈએ.

(૧) વિ. સ. ૧૯૫૭ - ભાદરવા સુદિ. પ્રથમ ચોથ બુધવાર સંવત્સરીના દિવસે બીજી ચોથ **ગુરુવાર** વિ. સ. ૧૯૫૮ તેની પછીની કા. સુ. ૧ ના દિવસે બુધવાર આવ્યો.

(૨) વિ. સં. ૧૯૬૨ - ભાદરવા સુદિ - ૪ શુક્રવાર
વિ. સં. ૧૯૬૩ - કારતક સુદિ - ૧ શનિવાર

(૩) વિ. સં. ૧૯૬૪ - ભાદરવા સુદિ ૪ બુધવાર
વિ. સં. ૧૯૬૫ - કારતક સુદિ - ૧ મંગળવાર

(૪) વિ. સં. ૧૯૬૭ - ભાદરવા સુદિ ૪ સોમવાર
વિ. સ. ૧૯૬૮ - કારતક સુદિ - ૧ મંગળવાર

(૫) વિ. સં. ૧૯૬૮ - ભાદરવા સુદિ - ૪ રવિવાર
વિ. સં. ૧૯૬૯ - કારતક સુદિ - ૧ સોમવાર

(૬) વિ. સં. ૧૯૭૬ - ભાદરવા સુદિ - ૪ શુક્રવાર
વિ. સં. ૧૯૭૭ - કારતક સુદિ - ૧ શનિવાર

(૭) વિ. સં. ૧૯૭૮ - ભાદરવા સુદિ - ૪ સોમવાર
વિ.સં. ૧૯૭૯ - કારતક સુદિ - ૧ રવિવાર

(૮) વિ. સં. ૧૯૮૧ - ભાદરવા સુદિ - ૪ સોમવાર
વિ. સં. ૧૯૮૨ - કારતક સુદિ - ૧ મંગળવાર

(૯) વિ.સં. ૧૯૮૨ - ભાદરવા સુદિ - ૪ રવિવાર
વિ. સં. ૧૯૮૩ - કારતક સુદિ - ૧ સોમવાર

(૧૦) વિ. સં. ૨૦૨૦ - ભાદરવા સુદિ - ૪ શુક્રવાર
વિ. સં. ૨૦૨૧ – કારતક સુદિ - ૧ રવિવાર

(૧૧) વિ. સં. ૨૦૨૪ - ભાદરવા સુદિ - ૪ ગુરુવાર
વિ. સં. ૨૦૨૫ - કારતક સુદિ - ૧ શુક્રવાર

(૧૨) વિ. સં. ૨૦૨૯ - ભાદરવા સુદિ - ૪ સોમવાર
વિ. સં. ૨૦૩૦ - કારતક સુદિ - ૧ મંગળવાર

(૧૩) વિ. સં. ૨૦૩૦ - ભાદરવા સુદિ -૪ શુક્રવાર
વિ. સં. ૨૦૩૧ - કારતક સુદિ -૧ શનિવાર

(૧૪) વિ. સં. ૨૦૩૪ - ભાદરવા સુદિ - ૪ રવિવાર
વિ. સં. ૨૦૩૫ - કારતક સુદિ - ૧ સોમવાર

(૧૫) વિ. સં. ૨૦૬૬ - ભાદરવા સુદિ - ૪ રવિવાર
વિ. સં. ૨૦૬૭ - કારતક સુદિ - ૧ સોમવાર

(૧૬) વિ. સં. ૨૦૬૭ - ભાદરવા સુદિ - ૪ શનિવાર
વિ. સં. ૨૦૬૮ - કારતક સુદિ -૧ રવિવાર

(૧૭) વિ. સં. ૨૦૭૭ - ભાદરવા સુદિ - ૪ શનિવાર
વિ. સં. ૨૦૭૮ - કારતક સુદિ - ૧ સોમવાર

(૧૮) વિ. સં. ૨૦૯૧ - ભાદરવા સુદિ - ૪ શનિવાર
વિ. સં. ૨૦૯૨ - કારતક સુદિ - ૧ રવિવાર
(૧૯) વિ. સં. ૨૦૯૨ - ભાદરવા સુદિ -૪ બુધવાર
વિ. સં. ૨૦૯૩ - કારતક સુદિ - ૧ ગુરુવાર

આ કોષ્ટક પરથી પણ સમજાશે કે જે દિવસે સંવત્સરીનો જ વાર હો તે જ વાર બેસતા વર્ષે પણ હોય જ તેવો એકાંત નિયમ નથી.

આના પરથી તિથિનું સત્ય સમજાઈ ગયું હશે. પર્વતિથિની પણ ક્ષય-વૃદ્ધિ હોઈ શકે છે તે પણ બરાબર સમજી ગયા હશો. તે યાદ રાખો કે ચાલુ વર્ષે **૨૦૫૫** ના **સંવત્સરી ભાદરવા સુદિ - ૪ ને સોમવાર તા.૧૩-૯-૧૯૯૯ ના** જ રોજ છે. તે દિવસે તેની સાચી આરાધના કરી - કરાવી આપણે પરમ તારક આજ્ઞાના જ આરાધક બનવું છે.

આજ વાત **'ત્રિકાળ દર્શન'** (જૈન ધાર્મિક પાસબુક, જેમાં ૨૦૫૨ થી ૨૦૫૭ નું પંચાંગ છે. જેના આશિષ દાતા પ. પૂ. પં. પ્ર. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા., પ. પૂ. પં. પ્ર. શ્રી જગવલ્લભ વિજય મ. સા., પ. પૂ. પં. પ્ર. શ્રી રત્નસુંદર વિજય મ. સા., પ. પૂ. પં. પ્ર. શ્રી હેમરત્ન વિજય મ. સા. છે. જે 'વર્ધમાન સંસ્કૃતિધામ' (ઈરલા - પાલ કેન્દ્ર તરફથી ઓકટોમ્બર - ૧૯૯૬ માં પ્રકાશિત થયેલ છે.)

જેમાં શ્રાવણ વદ - ૧૧, તા. ૦૬-૦૯-૧૯૯૯ સોમવાર ૨૦૫૫

વિશેષ નોંધ :

સં. ૨૦૫૫ ના પર્યુષણ પર્વ આજથી આરંભ ભાદરવા સુદ - ૪ સંવત્સરી ૧૩-૦૯-૧૯૯ સોમવાર ૨૦૫૫ શ્રી સંવત્સરી મહાપર્વ બારસા સૂત્ર વાંચન પર્યુષણા મહા પર્વ દરમિયાન આઠમા સંવત્સરીના દિવસે એક વર્ષના ૩૬૫ દિવસ દરમિયાન લાગેલા અતિચારો પાપ - દોષોની આલોચના ક્ષમાયાચનાર્થે કરવામાં આવે છે.

આ પ્રમાણે નોંધ - ઉલ્લેખ છે.

●●●

તેમજ 'ગાયત્રી પંચાંગ' માં પણ જૈનેતર પંડિતે શાસ્ત્રીય શુદ્ધ માર્ગની સમાલોચના પૂર્વક પ્રશ્નોતર આપેલ છે.

●●●

આ બધા પરથી ફલિત થાય છે કે **'જિનાજ્ઞામાં જ ધર્મ છે. આજ્ઞા બાહ્ય ગમે તેટલી સારી પણ પ્રવૃત્તિ દેખાતી હોય તો તેમાં ધર્મ છે જ નહિ.'** તિથિદિન અને પર્વારાધનને કરવા માટેના બધાં જ સાધનો વર્તમાનમાં મોજુદ છે. શાસ્ત્રીય માર્ગદર્શન, શાસ્ત્રાધારો, માર્ગસ્થ મહાપુરુષોનું પ્રામાણિક માર્ગદર્શન, ઐતિહાસિક દસ્તાવેજી પૂરાવાઓ તેમજ લવાદી ચર્ચાનો નિર્ણય : આ બધું જ જિજ્ઞાસુને સત્યમાર્ગ જાણવા માટે પૂરતું છે. શ્રી જિનાજ્ઞાનું માહાત્મ્ય સમજેલા આત્માઓને માટે 'પારમેશ્વરી આજ્ઞા જ તારણહાર છે.' 'શ્રી દર્શનશુદ્ધિ પ્રકરણ' આદિમાં શાસ્ત્રકાર પરમર્ષિઓ પણ આજ્ઞાનું મહત્વ ગાતા સમજાવે છે કે -

"સમઇ પવિત્તી સવ્વા, આણા વેજ્ઝત્તિ ભગ્ગફલા ચેવ
તિત્થયરુદ્દેસેણ વિ, ન તત્તઓ સા તદુચ્છેસા" ॥૧॥

પોતાની મતિ પ્રમાણે કરેલી સર્વ પ્રવૃત્તિ આજ્ઞા બાહ્ય હોવાથી સંસારરૂપ ફળને આપનારી જ થાય છે શ્રી તીર્થંકરનો ઉદ્દેશ કરીને કરાયેલી પણ તે પ્રવૃત્તિ વાસ્તવિક રીતે શ્રી તીર્થંકરના ઉદ્દેશ પ્રમાણે નથી. ॥૧॥

જહ તુસખંડણ મયમંડણાઇ રુન્નાઇ સુન્નરન્નં મિ ।
વિહલાઇં તહા જાણસુ, આણારહિયં અણુ ટ્ઠાણં ॥૨॥

ફોતરાને ખાંડવા, મૃતકને શણગારવું અને શૂન્ય અરણ્યમાં રૂદન કરવું જે નિષ્ફલ છે, તેમ આજ્ઞારહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ છે તેમ જાણો. ॥૨॥

જિણ આણાએ ધમ્મો, આણારહિયાણ ફુડ અધમ્મુ ત્તિ ।
ઇય મુણિ ઉણ ય તત્તં, જિણ આણાએ કુણઇ ધમ્મં ॥૩॥

'શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞામાં જ ધર્મ છે, આજ્ઞા રહિત (આજ્ઞા બાહ્ય બધીજ પ્રવૃત્તિ) સ્પષ્ટ અધર્મ જ છે' આ પ્રમાણે તત્ત્વ - પરમાર્થને જાણીને (આત્મકલ્યાણાર્થીએ) શ્રી જિનાજ્ઞા પ્રમાણે ધર્મને કરવો જોઈએ. ॥૩॥

આણાએ તવો આણાએ સંજમો તહ ય દાણમાંણાએ ।
આણારહિઓ ધમ્મો, પલાલપુલ વ્વ પડિહાઇ ॥૪॥

આજ્ઞામાં જ તપ, આજ્ઞામાં જ સંયમ તેમ આજ્ઞામાં જ દાન. આજ્ઞારહિત એવો (દાન - સંયમ (શીલ) અને તપ) ધર્મ ઘાસના ભારા જેવો લાગે છે. ॥૪॥

આંણા ખંડણકારી, જઇ વિ તિકાલં મહાવિભૂઈએ ।
પૂએઇ વીયરાયં, સવ્વં પિ નિરત્થયં તસ્સ ॥૫॥

આજ્ઞાનું ભંજનકારી રીતે જો કે ત્રિકાલ, પોતના વૈભવને ઉચિત ઠાઠ-માઠથી શ્રી વીતરાગદેવની પૂજા કરે તો પણ તે સઘળુંય તેનું નિરર્થક - નકામું છે. ॥૫॥

રન્નો આણાભંગે ઇક્કુચ્ચિય હોઇ નિગ્ગહો લોએ ।
સવ્વન્નુ આણાભંગે અણંતસો નિગ્ગહં લહઇ ॥૬॥

લોકમાં પણ રાજાની આજ્ઞાનો ભંગ કરનારો એકવાર પણ (દેહાંત-મૃત્યુ) દંડ જેવી સજાને પામે છે. જ્યારે શ્રી સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો ભંગ કરવાથી (આત્મા) અનંતીવાર દંડાય છે. ॥૬॥''

તે જ રીતે 'સમ્યકત્વ કુલક' માં પણ (ગા. ૧૯ થી ૨૪ માં) આજ્ઞાની મહત્તા બતાવી છે તે પણ જોઈએ.

''ન વિતં કરેઇ અગ્ગી, નેવ વિસં નેવ કિન્હસપ્પો વા ।
જં કુણઇ મહાદોસં, તિવ્વં જીવસ્સ મિચ્છત્તં ॥૧॥

જેવી રીતે મિથાત્વ જીવને તીવ્ર રીતે મહાદોષને કરે છે (અર્થાત્ ગાઢ મિથ્યાત્વનો ઉદય જીવને જેવું ભયાનક નુકશાન કરનારો બને છે) તેવી રીતે નુકશાન કરનાર અગ્નિ પણ બનતું નથી, વિષ પણ બનતું નથી કે કૃષ્ણસર્પ પણ કરતો નથી. ॥૧॥

હારવિયં સમ્મત્તં, સામન્નં નાસિયં ધુવં તેહિં ।
પરચિત્ત રંજણટ્ઠા, આણાભંગો કઓ જેહિં ॥૨॥

જેઓએ લોકોના મનોરંજનને માટે આજ્ઞાનો ભંગ કર્યો તેવા (સાધુઓ પણ) ઓ સમ્યકૃત્વને તો હારી ગયા પણ ચોક્કસ પોતાના શ્રમણપણાનો પણ નાશ કર્યો. ॥૨॥

આણાએ અવટ્ટંતં, જો ઉવવૂહિજ્જ જિણવરિંદાણં ।
તિત્થયરસ્સ સુયસ્સ ય, સંઘસ્સ ય પચ્ચાણીઓ સો ॥૩॥

આજ્ઞા પ્રમાણે નહિ વર્તીને, જે શ્રી જિનેન્દ્રોની (મોઢેથી) સ્તવના – પ્રશંસાને કરે છે તે શ્રી તીર્થંકર પરમાત્માનો, શ્રી શ્રુતનો (આગમનો), અને શ્રી સંઘનો શત્રુ - વૈરી જાણવો. ॥૩॥

કિં વા દેહ વરાઓ, મણુઓ સુટ્ઠુ વિ ધણી વિ ભત્તો વિ ।
આણાઇક્કમણં પુણ, તણુયંવિ અણંતદુહહેઉં ॥૪॥

(કોઈના ઉપર તુષ્ટ થયેલો કે રૂષ્ટ થયેલો પણ) સજ્જન પણ, ધનવાન પણ કે ભકતજન પણ ગરીબડા - બિચારા મનુષ્યને આપી આપીને શું આપે ? (અર્થાત તેનું શું સારૂ કે નરસું કરે ?) (જ્યારે) અલ્પ એવું પણ આજ્ઞાનું અતિક્રમણ - ખંડન અનંત દુઃખનુ કારણ બને છે. ॥૪॥

તે જ કારણે

તમ્હા સઇ સામત્થે, આણાભટ્ઠંમિનો ખલુ ઉવેહા ।
અણુકુલગઇયરેહિં, અણુસટ્ઠી હોઇ દાયવ્વા ॥૫॥

(સત્ત્વ) સામર્થ્ય હોતે છતે આજ્ઞાભંગ કરનારની ઉપેક્ષા કરવી જોઈએ નહિ પરન્તુ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપાયો વડે તેનો પ્રતિકાર કરવો અને શિક્ષા પણ કરવી જોઇએ. ॥૫॥

માટે જ

સો ધન્નો સો પુન્નો, સ માણણિજ્જો ય વંદણિજ્જો ય ।
ગહુ રિગાઇપવાહં; મુત્તું જો મન્નએ આણં ॥૬॥

તે જ ધન્ય છે, તે જ પુણ્યશાલી છે, તે જ માનનીય છે અને અને તે જ વંદનીય છે **જે ગાડરિયા પ્રવાહને મૂકીને પારમેશ્વરી આજ્ઞાને જ પ્રધાન માને છે. ॥૬॥''**

આવી રીતના આજ્ઞાનું મહત્ત્વ સમજનારા સુજ્ઞ-સમજુ - વિવેકી આત્માઓ આજ્ઞા મુજબ આરાધનામાં ઉજમાળ બને છે અને અલ્પ કાળમાં શાશ્વત એવા મોક્ષપદને પામનારા બને છે.

સૌ વાચકો શાંત ચિત્તે પૂર્વગ્રહથી રહિત બની, મધ્યસ્થ વૃત્તિથી ક્ષીર - નીર ન્યાયે હંસવૃત્તિને કેળવી આ લખાણ વાંચી - વંચાવી, તેનો પરમાર્થ જાણી સાચી આરાધના કરી કરાવી વહેલામાં વહેલા પરમાનન્દ પદના ભોકતા બનો તે જ મંગલ કામના સહ આ લખાણમાં છદ્મસ્થપણાથી પ્રમાદ કે ખ્યાલફેર પણાથી શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય, કોઈ પ્રસંગમાં માહિતીફેર હોય તો જાણકારો તે અંગે ધ્યાન ખેંચે અને મારી ઉપર કૃપા કરીને ક્ષમા કરે.

અન્તે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ટીકાકાર ભગવંતની એક વાત કરીને આ લખાણ પૂરૂં કરું છું કે -

''સ એવ હિ પૂજ્યો, ગુરુશ્ચ જનકોઽપિ ચ ।
શિષ્યં સુતં ચ યઃ ક્વાપિ, નૈવોન્માર્ગે પ્રવર્ત્તયેત ॥

તે જ પૂજ્ય છે, ગુરુ છે અને પિતા પણ છે કે પોતાના શિષ્યને, પુત્રને, જે કોઈને પણ કયારેય ઉન્માર્ગે પ્રવર્તાવતો નથી.''

॥ કલ્યાણમસ્તુ । શુભં ભવતુ શ્રી સંઘસ્ય ।

જૈન બાલ માસિક - પ્રોત્સાહન

જૈન સંસ્કાર એ આત્માના ઉદ્ધારના સંસ્કાર છે. મોટાઓ માટે અનેક વિધ વિધાનો અમારા કાર્યક્રમો થાય છે. જ્યારે બાળકો માટે તે જાતના પ્રયોગો ઓછા થાય છે અને જ્યાં થાય છે તે સ્થળે હાજરી કમ હોય છે.

બાળકો માટે થઈ આકર્ષણ થાય તેવું સચિત્ર **જૈન બાલ માસિક** કાઢવાની પ્રેરણા પૂ. પ્રવર્તક **મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ.** ને થઈ અને **પૂ.આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.** એ આશીર્વાદ આપ્યા અને યોજના મુકાઈ તો થાનગઢના ભાવિકો દ્વારા તેને ખૂબ ઉત્સાહથી વધાવી લેવાઈ અને સેંકડોની સંખ્યામ પાંચ વર્ષના ગ્રાહકો નોંધાયા જે લીસ્ટ વાંચવાથી ખ્યાલ આવશે.

તે સાથે પાંચ વર્ષે કંઈ મુશ્કેલી ઉભી થાય તો શું ? શ્રી મહાવીર શાસન (માસિક) ને ૮ વર્ષે અને જૈન શાસન (અઠવાડિક) ને ત્રણ વર્ષે આવી કટોકટીનો સામનો કરવો પડયો હતો અને જૈન શાસનના પ્રભાવે તે પાર ઉતર્યા હતા.

આ રીતે વિચારણા કરીને થાનગઢમાંથી જ પ્રોત્સાહન પ્રાપ્ત થયું હતું. ભાઈશ્રી રામજી લખમણ માડુ દ્વારા શરૂઆત થઈ. પછી શાહ પદમશી વાઘજી ગુઢકા પરિવાર, શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર, શાહ વેલજી લખમણ માડુ પરિવાર, શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર, શાહ કેશવજી લખમણ માડુ પરિવાર તેમાં જોડાયાં પછી શાહ ધનજી સુખલાલ બારભાયા કારીયાણીવાળા પરિવાર, શાહ કેશવલાલ ખીમચંદ ચંદરીયા રાવલશરવાળા હ. વિજયકુમાર - જામનગર જોડાયા.

મુંબઈથી આવેલા શાહ નેમચંદ રાયશી સુમરીયા (મુલુંડ), શાહ કેશવજી ભારમલ સુમરીયા (મુલુંડ), શાહ ઝવેરચંદ વીરપાર નગરીયા (મુલુંડ), શાહ મોહનલાલ દેવરાજ (અંધેરી ઈસ્ટ) નો સહયોગ મળ્યો. ત્યાર બાદ શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા (રાજકોટ), શ્રી ગણેશભાઈ ગણેશ મંડપવાળા (રાજકોટ) થી વિશેષ પ્રોત્સાહન મલ્યું, પૂ. સા. શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ. ના બેન - બનેવી શ્રી જયાબેન શ્રી ગુલાબચંદ મુળચંદ લંડનથી આવતાં તેમણે તેમાં ઉત્સાહજનક પ્રોત્સાહન આપ્યું. હજુ પણ તેમાં પ્રોત્સાહન જરૂરી રહેશે. **શ્રી જૈન બાલ માસિક સચિત્ર** અને બાળકોના મનને આકર્ષનારૂં બને તે માટે પુરતો ખર્ચ કરવાનો રહેશે.

માસિક માત્ર બે રૂપિયા જેવા લવાજમમાં સચિત્ર માસિક ચાલી શકે નહિ. અને તેથી પાંચ વર્ષનું જ લવાજમ રાખ્યું છે. કાયમીની માંગણી આવે છે. પરંતુ તે પાંચ વર્ષ પછી આયોજન અને આવકનો વિચાર કરી લવાજમની સમીક્ષા કરીને થશે.

ભારત ભરમાં અને વિશ્વમાં પણ આ બાલ માસિક ઘેર ઘેર બાળકોનું પ્યારૂ બને તે માટે સૌ ભાવિકોને - યુવાનોને પ્રેરણા કરવા ભલામણ છે. પાંચ હજાર નકલથી શરૂ કરાતું આ બાલ માસિક ૧૦/૨૦ હજાર નકલ સુધી પહોંચે તે માટે વાંચકો-વડિલો અને યુવાનો ઉપર આધાર રહે છે.

નમુનાનો અંક જોયા પછી આપ આપના બંધુવર્ગ મિત્રવર્ગમાં પ્રયત્નશીલ બનશો એવી ભાવના...

તંત્રીશ્રીઓ...

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પ્રસ્તુત

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- દેવ - ગુરૂ - ધર્મની સઘળી ય સામગ્રી મળવા છતાં તેની કિંમત ન સમજાય, તેને ઓળખવાનું મન ન થાય, જાણવાનું મન ન થાય, સમર્પિત થવાનો ભાવ ન થાય તે તેની મોટામાં મોટી આશાતના છે અને જીવનો ભયંકર પાપોદય છે.
- દુઃખથી ગભરાય તે જૈન નહિ પણ સુખથી ગભરાય તે જૈન.
- સાધુ થવાની ઈચ્છા ન હોય તે જૈન નથી. અનીતિનો પૈસો જેને દુઃખરૂપ ન લાગે તે આર્ય નથી.
- ભગવાન પાસે, સાધુ પાસે અર્થ - કામ માટે જનારો મોટો વર્ગ છે. ધર્મનું જે આનુષાંગિક ફળ છે તેને વાસ્તવિક માનીને જગત ધર્મ કરતું થયું અનંત - જ્ઞાનીઓએ ગીતાર્થોને દેશના દેવાનો અધિકાર આપ્યો છે. ધર્મનું ફળ મોક્ષ જ છે. તે મોક્ષ ન મળે તો તેના આનુષાંગિક ફળ વર્ણવવા પડે તો તેનુ નુકશાન જરૂર કહેવું જ જોઈએ. તે કહેવાનું માંડી વાળ્યું ત્યારથી સત્યાનાશ ગયું કેમકે જે ધર્મ મોક્ષ માટે જ કરવાનો હતો તે સંસાર માટે, સુખ માટે કરતાં થઈ ગયા.
- દેવનું શરીર ભોગાર્થક છે. માનવનું શરીર ત્યાગ માટે છે. આ શરીરના જે વખાણ છે તે આ શરીરથી ત્યાગ થઈ શકે છે માટે પણ ભોગ થઈ શકે, માણ માઈ-પી શકાય, મોજમજાદિ કરી શકાય માટે. આ શરીરના વખાણ નથી. મોજશોખાદિ માટે શરીરનો ઉપયોગ કરવો તે તેનો ભયંકર દુરૂપયોગ છે. તેના જ પ્રતાપે સંખ્યાત - અસંખ્યાત વખતે અનંતકાળ ભટકવું પડે.
- જ્યાં સુધી દુઃખ ભૂંડું લાગે અને સુખ સારૂં લાગે ત્યાં સુધી બાર ભાવનાનો સ્પર્શ પણ નહિ થવાનો.
- આપણને દુઃખ કશું નથી. દુઃખ આપણા પર મોહે પેદા કર્યું છે. તે મોહ તમને શત્રુ લાગ્યો નથી. તે શત્રુ ન લાગે તો ધર્મ આવે નહિ.
- સમ્યક્‌ચારિત્ર એટલે જગતના સઘળાંય જીવોને અભયદાન.
- દુઃખ તે સુધરવાની ચાવી ભૌતિક સુખ તે બગડવાનો ધંધો.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ જિનેન્દ્રાય નમઃ

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર મહાતીર્થમાં શ્રી હાલારી વી. ઓ. શ્વે. મૂ. જૈન ધર્મશાળા સંકુલમાં થયેલ ભવ્ય ત્રણ માળના જિન મંદિરની પ્રથમ વર્ષગાંઠ પ્રસંગે તથા ધર્મશાળા ઉત્તર (ત્રીજો) વિભાગ, નૂતન ભોજનશાળા તથા જલધારાના ખાત મુહૂર્ત પ્રસંગ શ્રી ૧૮ અભિષેક શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ પ્રસંગે

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

શુભ સ્થળ : શ્રી હાલારી ધર્મશાળા, પંચાસર રોડ, શંખેશ્વર.

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે શ્રી હાલારી ઓસવાળોના મહાન સદ્‌ભાગ્યે **શંખેશ્વર મહાતીર્થમાં** ભવ્ય સંકુલમાં **શ્રી અમૃતેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી આદિનુ** ભવ્ય ત્રણ મજલાનું જિન મંદિર થયું. અદ્‌ભુત ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો તેની **પ્રથમ વર્ષગાંઠ** મહા સુદ ૫ ગુરૂવાર તા. ૧૦-૨-૨૦૦૦ ના આવે છે તે પ્રસંગે અમારી વિનંતિથી પરમ ઉપકારી પરમ ગુરુદેવ હાલાર દેશોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વજી** મ., પૂ. પ્રવર્તક મુનિરાજ **શ્રી યોગીન્દ્રવિજયજી** મ., પૂ. મુ. **શ્રી હેમેન્દ્રવિ.** મ., પૂ. મૂ. **શ્રી અવિચલેન્દ્ર** પૂ. બાલ મુ. **શ્રી નયેન્દ્ર** વિ. મ. તેમજ પૂ. સા. **શ્રી સૂર્યપ્રભાશ્રીજી** મ., પૂ. પ્રવર્ત્તિની સા. **શ્રી સુરેન્દ્રપ્રભાશ્રી જી** મ. આદિ પૂ. સા. **શ્રી અનંતપ્રભાશ્રીજી** મ. આદિ પૂ. સા. **શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી** મ. આદિ પધારશે.

મહોત્સવનો મંગલ કાર્યક્રમ

મહા સુદ ૩ મંગળવાર તા. ૮-૨-૨૦૦૦
સવારે ૯-૦૦ વાગ્યે પૂ. ગુરુદેવનો પ્રવેશ

મહા સુદ ૪ બુધવાર તા. ૯-૨-૨૦૦૦ સવારે ૯-૦૦ વાગ્યે પ્રવચન સવારે ૧૦-૦૦ વાગ્યે ત્રણ માળ તથા પ્રતિમા સંગ્રહના સર્વ પ્રતિમાજીને ૧૮ અભિષેક તથા બપોરે વિજય મુહૂર્તે શાંતિસ્નાત્ર.

મહા સુદ ૫ ગુરુવાર તા. ૧૦-૨-૨૦૦૦ સવારે ૯-૦૦ વાગ્યે ધર્મશાળા, ભોજનશાળા તથા જલધારાનું ખાત મુહૂર્ત
સવારે ૧૦-૦૦ વાગ્યે સત્તરભેદી પૂજા ● ૧૧-૩૦ કલાકે જિન મંદિર ઉપર ધજારોપણ થશે
ધજાની બોલીઓ તે પહેલા થશે.

ખાતમુહૂર્ત કરનાર ભાગ્યશાળીઓ (૧) ઉતર વિભાગ ધર્મશાળાનું **શાહ રમેશચંદ્ર કાનજી વજા માલદે** મોંબાસા (૨) ભોજન શાળાનું **શ્રીમતી જયાબેન ગુલાબચંદ પુનમચંદ** - દારસલામ તથા **શ્રીમતી ગંગાબેન નથુભાઈ નરશી વોરા** મોંબાસા (૩) જલધારાનું **સંઘવી પોપટલાલ વીરપાર દોટીયા** નવાગામવાળા - મુંબઈ.

આપને આ પ્રસંગે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. પ્રતિષ્ઠા અંજનશલાકામાં તથા જિન મંદિરમાં તથા ધર્મશાળા સંકુલમાં તેમજ ભોજનશાળા તિથિઓમાં લાભ લેનાર સૌ ભાવિકોને ખાસ ખાસ પધારવા વિનંતિ છે.

વિધિ માટે જામનગરથી **શ્રેષ્ઠિવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ** તથા **શ્રી સુરેશચંદ્ર હીરાલાલ શાહ** તથા **શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ** પધારશે.

નિમંત્રક :
વર્ષગાંઠ મહોત્સવ સમિતિ
C/o. શ્રુતજ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.

લિ.
શ્રી હા. વિ. ઓ. શ્વે. મૂ તપા. ધર્મશાળા
કમિટિના પ્રણામ

સંપર્ક : કાનજીભાઈ હીરજીભાઈ - જામનગર ફોન : ૫૫૪૮૧૭ - ઘર ૭૮૭૯૬
કાનજીભાઈ જેઠાભાઈ - જામનગર ફોન : ૫૬૦૦૨૩ - ઘર ૫૬૪૭૪૫
મગનભાઈ માડુ - થાણા ફોન : ૫૩૪૧૯૩૭ -ઘર ૫૪૦૧૪૧૩

Read 1-12-2006

સ્વચ્છંદીપણું હાનિકારક જ છે.

સમઇપવિત્તી સવ્વા, આણાવજ્ઝ
ત્તિ ભવફલા ચેવ ।
તિત્થયસ્સ્દેસેણ વિ, ન તત્તઓ
સા તદુ દેસા ॥
(શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય ગા. -૧૧૦)

સ્વમતિ અનુસારે કરાતી સઘળી પણ ધર્મ પ્રવૃત્તિ આજ્ઞા બાહા હોવાથી સંસારનું જ કારણ બને છે. જો કે એ પ્રવૃત્તિ પણ શ્રી તીર્થંકર પરમાત્માને ઉદ્દેશથી - અનુલક્ષીને કરાતી હોવા છતાં પણ તત્ત્વથી તેમના ઉદ્દેશની નથી. કારણ સ્વમતિ - સ્વચ્છંદપણુ છે માટે.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

૬૫૯

વર્ષ ૧૨ | અંક ૨૩ થી ૨૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

આ પોથીના [illegible] શ્રીમહાવીર [illegible] કેન્દ્ર કોબા (ગાંધીનગર) ફોન ૩૮[illegible]

જૈન શાસન

અઠવાડિક

શેઠ સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા

પેર્યાયસ્થવિર પૂ. મુ. શ્રી ક્ષેમકરવિજયજી મ. નો કાલધર્મ

વિશેષ સાથે જણાવવાનું કે સ્વ. પ. પૂ. સંઘ સ્થવીર સિદ્ધિસૂરીશ્વરજી મ. સા. (પૂ. બાપજી મ સા.) ના શિષ્ય સ્વ. પ. પૂ. મનોહરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન સ્વ. પ. પૂ. વિબુધપ્રભસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય તથા હાલ ગચ્છાધિપતિશ્રી પ. પૂ. મહોદયસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી સરળ સ્વભાવી-ભદ્રપરિણામી- અપારકરુણાના સાગર - પરોપકારપરાયણ - આજીવન ગુરુચરણરતી - **પર્યાયસ્થવીર મુનિરાજશ્રી ક્ષેમંકરવિજયજી** મા. વદ -૧૪ની સાંજે ૪-૪૫ કલાકે ચતુર્વિધ સંઘની હાજરીમાં શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ અને શ્રવણ કરતાં સર્વજીવો સાથે ક્ષમાપના કરતાં સમાધિપૂર્વક સુબાજી રવચંદ જૈન વિદ્યાશાળા, દોશીવાડાની પોળે કાળધર્મ પામ્યા.

તેઓશ્રીનો રાજનગરમાં નવપોળથી પ્રખ્યાત એવી હાજાપટેલની પોળની અંદર લાંબેશ્વરની પોળમાં પ્રાયે વિક્રમ સંવત ૧૯૮૪માં લીલાવતી બહેનની કુક્ષિએ જન્મ થયો. તેઓશ્રીના પિતાનું નામ મોતીલાલભાઈ અને સ્વનામ ફકીરચંદ હતું. ૨૯ વર્ષની ભરયૌવનવયે વૈરાગ્ય પામી વિક્રમ સંવત ૨૦૧૩ મા. સુદ-૪ ના સ્વ. સંઘસ્થવીર પ. પૂ. બાપજી મ. સા. ના સ્વહસ્તે સંયમગ્રહણ કરી સ્વ. પ. પૂ. વિબુધપ્રભસૂરી મ. સા. ના શિષ્ય થયેલ. ૪૦ વર્ષ સુધી આજીવન ગુરુમહારાજની ભક્તિ-વૈયાવચ્ચ ખૂબ કરી. પછી ગુરુમહારાજ સ્વર્ગે સિધાવ્યા. ત્યાર પછી પ. પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં આરાધના- સાધના ચાલુ રહી. બે વર્ષે પૂર્વે દાંતરાઈમાં થયેલ અગ્નિઉપદ્રવમાં સપડાવવાથી થયેલી ભયંકર વેદનાને સમાધિભાવે પ્રસન્નતાપૂર્વક સહન કરી હતી. ગુરુકૃપાના બળે જ પછીના બે વર્ષ ચઢતાં પરિણામે સુંદર આરાધના કરી. છેલ્લા કેટલાં વર્ષોથી હૃદયની બિમારી અને તેના વારંવાર હુમલા થવા છતાં તેમની સમાધિ અવર્ણનીય હતી છેલ્લે જૈન વિદ્યાશાળામાં મા. વદ -૧૩ની રાતના ૧૧ વાગ્યાની સતત એકધારો હૃદયનો દુઃખાવો અને શ્વાસ વધી જવા છતાં શરીરની અત્યંત વેદનામાં પણ મન તથા અંતરની પ્રસન્નતા સમાધિ અપૂર્વ હતી.

સદ્‌ગત આત્મા જ્યાં ગયેલ હોય ત્યાં પ્રભુશાસનને પામી સમાધિભાવને વરી પરમપદને પામે એ જ પ્રભુ પાસે પ્રાર્થના...

શેઠ સુબાજી રવચંદ જયચંદ જૈન વિદ્યાશાળા **હ. મુનિશ્રી કુમુદચંદ્ર વિજયજી**

દોશીવાડાની પોળ, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

અમેરીકાના પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટનની રાજકચેરીમાં એક મોભાદાર જગ્યા ખાલી પડેલી. તેને આવેલી અરજીઓમાં વોશિંગ્ટનના એક નિકટના મિત્રની પણ અરજી હતી, અને સૌને ખાતરી હતી કે જગ્યા તે મિત્રને જ મળશે. પણ નિમણૂક જાહેર થઈ ત્યારે સાંભળનારા સૌ સ્તબ્ધ થઈ ગયા કે વોશિંગ્ટનનો એક વિરોધી જ એ જગ્યાએ નીમાયો છે ! કોઈએ ખુલાસો પૂછતાં વોશિંગ્ટને ઉત્તર દીધો : જે જગ્યા માટે તેણે ઉમેદવારી કરેલી તેને મારો મિત્ર લાયક ન હતો, જ્યારે ચૂંટાનાર જ ખરો લાયક હતો. તે મારો વિરોધી હતો તેથી શું થયું ? ન્યાય તો શક્તિવાનની જ કદર માગે.'

– પ્રસંગ પારિજાત

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)



વર્ષ : ૧૨) ૨૦૫૬ પોષ વદ ૧૧ મંગળવાર તા. ૧-૨-૨૦૦૦ (અંક : ૨૩/૨૫

વાર્ષિક રૂા. ૧૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

સન્માર્ગ ઉન્માર્ગનો ભેદ

જૈન સંઘમાં લૌકિક પંચાગ કેમ ?

જૈન શાસ ન એ અવિચલ શાસન છે અને તેના સત્યો તે સનાતન છે. પર ંતુ દુષ્કાળ આદિના કારણે ઘણું શ્રુત વિનાશ પામ્યું અને જે બ ચ્યું છે તે પણ સાધક માટે તો ઘણું છે પરંતુ જેને સાધના નર્થ કરવી તેને માટે તો શ્રુત હોય કે ન હોય બધુ સરખું છે.

જૈન ટી ણું પણ પ્રત્યક્ષ રૂપે વિચ્છેદ પામ્યું ગણીત વિ. થી પંચાંગ તૈયાર થાય છે તે પ્રત્યક્ષ સૂર્ય ચંદ્રની સાથે મળતું નથી જેથ વિ. સ. ૧૪૪૭ ના ગ્રંથમાં લખ્યા મુજબ જૈન ટીપ્પણું પ્રત ક્ષ સુર્ય ચંદ્ર સાથ મળતું નથી અને લૌકિક પંચાંગ પ્રત્યક્ષ સૂર્ય ચંદ્ર સાથે મળે છે અને તેથી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી મહારાજનું વચન છે કે શ્રી જિનેશ્વર દેવોએ સત્ય જોયેલું છે. તેથી લૌકિક પંચાંગ પણ પ્રત્યક્ષ હોય ંથી તે સ્વીકારીને સંઘે જૈન ટીપ્પણ અમલમાંથી રદ કર્યું.

જૈન ટીપ્પણામાં અમાસના સૂર્ય દેખાય અને પૂર્ણિમા દિને પૂર્ણ ચંદ્ર ન હોય આવી વિષમતા પ્રત્યક્ષ પંચાંગથી આ વિષમતા દૂર થઈ અને સૂર્યોદયની તિથિઓ સ્પષ્ટ મળવા લાગી ?

લૌકિક ટ પ્પણું કેમ ? એ સવાલનો ખુલાસો આ છે હવે લૌકિક ટીપ્પણાનાં પ્રત્યક્ષ સૂર્યોદયવાળી તિથિ મળવા મંડી જેથી શાસ્ત્રીય આરાધના થવા લાગી.

હવે લૌકિ ક ટીપ્પણામાં જો તિથિ કે પર્વ તિથિ બદલીને અપર્વ તિથિને પર્વ તિથિ બનાવે તા લૌકિક ટીપ્પણાનો સ્વીકાર નિરર્થક બની જ ય. જેથી લૌકિક ટીપ્પણામાં જે ઉદય તિથિ છે તે માનવા મ ટેજ સ્વીકાર થયો છે. તે શંકરવાણીને જિનવાણીનું બિરુદ લગાડાયું નથી. પરંતુ જૈન ટીપ્પણું પ્રત્યક્ષ ન મળતુ તેથી આ પ્રત્યક્ષ લૌકિક ટીપ્પણનો સ્વીકાર થયો છે.

લૌકિક ટીપ્પણાની ઉદય આદિ તિથિ બદલનારે તો લૌકિક ટીપ્પણાનો ત્યાગ કર્યો કહેવાય અને તેમણે તો પ્રત્યક્ષ નહિ તેવા જૈન ટીપ્પણાનો સ્વીકાર કરી લેવો જોઈએ તેવું જૈન ટીપ્પણું આજે પણ વિદ્યમાન છે.

લૌકિક ટીપ્પણામાં બે આઠમની બે સાતમ કરે તો સાતમની ઉદય તિથિ ફરી જાય બે પુનમની ૨ તેરસ કરે તો ચૌદસ અને તેરસ બનેની ઉદય તિથિ ફરી જાય. આવો ફેરફાર સૂર્ય ચંદ્રના અંતરથી થતી તિથિનો બને છે. અને આમ ફેરફાર કરવાથી પ્રત્યક્ષનો ત્યાગ થાય છે જેમણે આવો ફેરફાર કરવો હોય તેને પ્રત્યક્ષ અપ્રત્યક્ષનું મહત્વ નથી જેથી લૌકિક ટીપ્પણું ત્યાગ કરે છે અને અપ્રત્યક્ષ ટીપ્પણું કરે તો તેમને માટે તો બને સરખા છે.

તિથિની ક્ષય અને વૃદ્ધિ કેમ ?

જૈન ટીપ્પણામાં વર્ષમાં યુગ - પાંચ વર્ષમાં આદિમાં પોષ અને મધ્ય અષાડ મહિનો વૃદ્ધિ પામતો હતો તથા વર્ષમાં ૬ તિથિઓ ક્ષય પામતી હતી અને વૃદ્ધિ તો એક પણ તિથિ ન હતી. ક્ષય પામતી ૬ તિથિઓમાં ૨ - ૫ - ૧૫ વિગેરે તિથિ તો પણ ક્ષય પામતી હતી અને તે રીતે લખાવી હતી. પરંતુ અત્યારે કેટલાક પૂર્વ તિથિ ક્ષય કરવાનું કહે છે તેવું પર્વતિથિમાં પૂર્વ તિથિ ક્ષય થતી ન હતી અને તેથી જ જૈન ટીપ્પણામાં સંસ્કાર કરીને પૂર્વની અપર્વ તિથિનો ક્ષય થતો નહિ.

દર પાંચમા વર્ષે અષાડ સુદ ૧૫ નો પણ જૈન ટીપ્પણામાં ક્ષય આવતો હતો.

તો પછી ઉમાસ્વાતિ મ. નો પ્રઘોષ છે કે 'ક્ષયે પૂર્વા તિથિ કાર્યો વૃદ્ધો કાર્યા તથોત્તરા' આ પ્રઘોષનું શું ?

ક્ષયમાં પૂર્વની અપર્વ તિથિ ક્ષય કરવાની વાત જૈન ટીપ્પણામાં તો હતી જ નહિ તેથી આ પ્રઘોષથી તિથિ ક્ષય હોય તો આરાધના કયારે થાય ? તે આ પ્રઘોષથી ક્ષયમાં પૂર્વ તિથિમાં આરાધના કરવી તેટલો જ અર્થ થાય છે.

અને વૃદ્ધૌ તથોત્તરા એનો અર્થ વૃદ્ધિ હોય તો બીજી તિથિમાં આરાધના કરવી પણ જૈન ટીપ્પણામાં તો વૃદ્ધિ આવતી નથી તો બીજી તિથિમાં આરાધના કરવી ઘટે નહિ.

વળી જેઓ વૃદ્ધૌ તથોત્તરામાં પૂર્વની તિથિની વૃદ્ધિ કરવાનું કહે છે તે ઉમાસ્વાતિ મ. વખતે તો જૈન ટીપ્પણું જ હતું તો તેમાં વૃદ્ધિમાં બીજી તિથિમાં આરાધના કરવાની વાત આવે નહિ અને જેઓ ક્ષયમાં પૂર્વ તિથિના ક્ષયની વાત કરે છે તેમણે વૃદ્ધિમાં બે બીજ હોય તો ૨ ત્રીજ કરવી પડે પણ કરતા નથી.

વાસ્તવિક પૂ. ઉમાસ્વાતિ મ. વિસંગત લખે નહિ. તો 'વૃદ્ધૌ તથોત્તરા' કેમ લખ્યું ? શ્રી ઉમાસ્વાતિ મ. નુ સૂત્ર વ્યાપક છે માત્ર ચંદ્ર સંબંધી વર્ષ ચાંદ્ર કહેવાય છે તેમાં વૃદ્ધિ આવે નહિ જ્યારે સૂર્ય સંબંધી વર્ષ સૌર્ય કહેવાય છે તેમાં ૧૨ મહિને ૬ તિથિ વૃદ્ધિ આવે છે અને તેથી વૃદ્ધિનો નિયમ સૂર્યની તિથિને લાગુ થાય. સૂર્ય તિથિનો વહેવાર મેષ સંક્રાતિ વિ. નો છે.

વળી સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિમાં ૬ વૃદ્ધિ તિથિઓ અને ૬ ક્ષય તિથિઓ જણાવી છે. તેથી ઉમાસ્વાતિ મ. નો પ્રઘોષ આ રીતે સફળ બને છે. નહિંતર કોઈ કલ્પના કરે કે ઉમાસ્વાતિ મ. ના વખતમાં લૌકિક ટીપ્પણું હતું. પરંતુ તિથિ આરાધનાના નિયામક સૂત્ર માટે અન્યથા બોલવું તે પોતાની બુદ્ધિ જ્ઞાન માટે અન્યથા બોલવા જેવું થાય.

પૂર્વના મહાપુરૂષો પાસે હસ્તપ્રતો મળતી તેમાં ઘણું અશુદ્ધ પણ મળતું પણ તેઓ ભણેલા હતા તેથી અશુદ્ધને પણ શુદ્ધ વાંચતા હતા આજે ભણેલા નહી તેવા અશુદ્ધને તો શુદ્ધ વાંચી શકતા નથી પણ શુદ્ધને શુદ્ધ વાંચી શકતા નથી તેમ આ ક્ષયે પૂર્વાના સૂત્રની બાબતમાં બની જાય.

સન્માર્ગ અને ઉન્માર્ગનો ભેદ ઉકેલવા માટે સન્માર્ગનો બોધ થઈ જાય તો ઉન્માર્ગ તરત ઓળખાય જશે.

બેંકનું ઉદ્‌ઘાટન સાધુની નિશ્રામાં ?

સંસારના કાર્યોમાં સાધુની સંમતિ ન હોય. તેમાં ય સંસારના કાર્યોને અનુમોદન આપવું તે કોઈ રીતે ઉચિત ન બને સુરતમાં પૂ. આ. શ્રી વિજયરત્નસુંદર વિ. મ. એ બેંકના ઉદ્‌ઘાટનમાં હાજરી આપી અને ખૂલાસો કર્યો કે આ બેંક દ્વારા જૈનો સુખી બની ધર્મ કરશે માટે અમારી હાજરી છે વિગેરે.

આ વાત હેય ઉપાદેયના ભેદની સમજને ઘી બનાવે છે કાલ તો બેંકની જેમ, દુકાન, ફેકટરી, લગ્ન, વિ. માં પણ હાજરી આપવાની વાતને પણ સત્ય ઠેરવી દેશે. આવી નિસ્પૃહી શિરોમણી કર્મસિદ્ધાંત વેતા પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મ. ના પરિવારમાં આમ કરે તો તે ઘણી વાત છે.

એવા કેટલાય ફકીર જેવા કે બાવા જેવા કે પૈસાના લોભી સાધુઓ આવું ઘણું કરે છે તે પ્રત્યક્ષ કરે છે. તે જૈન શાસનને કલંક રૂપ છે તેને આશરો ઉત્તેજન આપવાના જૈન શાસનને હીન બનાવવામાં સહાય છે. તેવાઓની તુલના કરવી તે સતી સ્ત્રીને નટી સ્ત્રી સાથે સરખાવવા જેવું છે.

સુજ્ઞેસુ કિં બહુના !

મૃતક પાસે પ્રાર્થના એ આશાતના

જૈન ધર્મ અને માનવતાને વરેલા સૌ કોઇ બિમાર હોય અને જીવલેણ રોગ હોય મૃત્યુ સુધી ઉપચાર કરે છે પણ તેના મૃત્યુ પછી ઉપચાર બંધ કરે છે તેવી જ રીતે ઘરમાં ધાર્મિકતા હોય કે કોઈ સલાહ આપે તો મૃત્યુ સુધી ધર્મ સંભળાવે છે પણ મૃત્યુ થયા પછી ધર્મ સંભળાવતા નથી આ સામાન્ય છે.

પરંતુ હાલમાં એક આડંબર કે માનસિક ભ્રમણાને કારણે મૃતક પાસે શાંતિ સંભળાવે કે નવકારમહામંત્ર આદિ એટલે કે પ્રાર્થના કરે તે પ્રાર્થના નથી રહેતી પણ સૂત્ર સ્તવ અને મંત્રની આશાતના બની જાય છે.

લગ્ન વિ. માં પણ શાંતિ બોલે તો તે પણ આજકાલ સ્ત્રી માસિક ધર્મના સંયોગમાં ભેળસેળ થવાને કારણે શાંતિ સ્તવની પણ આશાતના થઈ જાય. ગમે ત્યારે તમે મનમાં મંત્ર બોલો તે વાત જુદી.

પ્રસુતિ આદિ સમયે અસમાધિ હોય તો જોશથી પણ નવકાર મહામંત્ર બોલે તો તે આકસ્મિક છે તેથી સમાધિ માટે બોલે તે વાત જુદી.

મૃતકને લઈ જતાં કે અગ્નિ સંસ્કાર કરતા ઉચ્ચારપૂર્વક શાંતિ કે શ્રી નમસ્કાર મહામંત્ર બોલવા તે પણ પ્રાર્થના નહિ પણ આશાતના બની રહે છે. અગ્નિસંસ્કાર કરીને આવ્યા પછી સ્નાન કર્યા પછી શાંતિ બોલાય તેમજ ઉઠમણું કે પૂ. ગુરૂદેવ માટે માંગલિક માટે જાય ત્યારે શાંતિ સાંભળે તે ઉચિત છે વૈરાગ્યજી દેશના સાંભળે છે તે યોગ્ય છે.

પ્રકીર્ણક ધર્મોપદેશ : પ્રવચન છત્રીશમું

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ
સં. ૨૦૪૩, શ્રાવણ વદિ ૨/૩ મંગળવાર તા. ૧૧-૮-૧૯૮૬
શ્રી પાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ

આજના કાળમાં સારા ગણાતા મોટે ભાગે ખરાબ છે. સારા કાળમાં બધા જ સાધુ સાધુ હોય છે પણ આ કાળમાં કુસાધુ ઘણા છે સુસાધુ થોડા છે. શાસ્ત્રે પણ કહ્યું છે કે - પાંચમા આરામાં ઘણા મુંડો મહામિથ્યાદૃષ્ટિ પાકશે. માટે સાવચેત રહેશો. નહિ તો ફસાઈ જશો. સારા કાળમાં સાધુની પરીક્ષા ન કરે તો લોકો ફસાતા ન હતા. આજે તો જો પરીક્ષા ન કરે તો ફસાઈ જ જાય. આજે તો ઘણા કુગુરુના પાશમાં ફસાયા છે.

તમને કયા ગુરુ ગમે ? લક્ષ્મીનો મંત્ર આપે તે કે સાધુ બનાવવાની વાત કરે તે ? તમે સાધુને બગાડનાર છો કે સુધારનાર છો ? તમને શ્રાવકપણાની પણ દરકાર છે ? શાસ્ત્રે કહ્યું છે કે, સાધુ સાધુ ન હોય અને પૂજાય, શ્રાવક શ્રાવક ન હોય અને પૂજાય તો બન્ને દોષપાત્ર બને છે, ગુનેગાર બને છે. તમારા કપાળમાં ચાંલ્લો જોઈને તમારા પર વિશ્વાસ રાખે કે, આ તો ભગવાનનો ભગત છે માટે ઠગે નહિ. તો તમને પણ થાય ને કે - મારે આ ચાંલ્લાને વફાદાર રહેવું જ જોઈએ ! ભગવાનની આજ્ઞા માથે ચઢાવવા માટે ચાંલ્લો છે. ભગવાનની આજ્ઞા સાથે ચઢાવનાર પોતાનો નોકર સુખી છે કે દુઃખી છે તેની ચિંતા ન કરે ? આગળ નોકર કદી લુચ્ચો ન પાકે, ચોર ન પાકે. આજે તો શેઠીયાઓએ જ નોકરોને ચોર બનાવ્યા છે. આજે તો પોતાના માલીકની સામે ય દાંડો ઉપાડનાર પાક્યા છે. તેમાંથી 'મજુર મહાજન' અને 'ગુમાસ્તા મંડળ' પાકયા. તમારા માલિક કોણ ? મજુર મહાજન. તમારા નોકર કોઈની આજ્ઞા માને કે તમારી આજ્ઞા માને ?

હવે એ વાત સમજાવી રહ્યા છે કે, જેનામાં ગુણ હોય કે ગુણ પામવાની મહેનત હોય તે પૂજાય તે ઠીક છે. પણ જેનામાં એક પણ ગુણ ન હોય અને તે પૂજા ઈચ્છે તો તે ગુનેગાર બને છે. ચારિત્ર વગરનો વેષધારી તો તદ્દન નકામો છે. જેનામાં સમ્યગ્જ્ઞાન ન હોય, સમ્યક્ચારિત્ર પણ ન હોય અને તે બેની ઈચ્છા પણ ન હોય તે સાધુ તરીકે પૂજાવા બિલકુલ લાયક નથી. તેને તો કોઈની પણ પૂજા ઈચ્છવી પણ ન જોઈએ. ભગવાને બધાને ચેતવ્યા છે. જે સમજશે તેનું કલ્યાણ થશે. સાધુપણું ન હોય અને ઘણા માને-પૂજે તેથી સદ્ગતિ થાય ? સાધુ સાધુપણાથી મોક્ષમાં કે સદ્ગતિમાં જાય કે તમે વંદન કરો તેથી ? આપણે ત્યાં સ્વામી સેવા ઈચ્છે નહિ અને સેવક સેવા કર્યા વિના રહે નહિ. ભગવાન જેવા ભગવાન ઉપસર્ગ કરનાર કે સેવા કરનારને સમાન માનતા હતા. કોઈના ઉપર રાગ નહિ કે કોઈના ઉપર દ્વેષ નહિ.

તમને કોઈ સારા ન કહે તો ખરાબ લાગે ? આજે તો તમને કોઈ સારા ન કહે તો ખોટું લાગે છે. અમને પણ કોઈ સારા ન કહે તે ન ગમે તો તે અમારે માટે પણ મોટું અપલક્ષણ છે. તે દૂર કરીએ તો જ કલ્યાણ થશે. જેની પાસે લાયકાત હોય તેને પૂજાની જરૂર નથી. માટે કહે છે કે - જ્ઞાનહીન અને ચારિત્રહીન નકામો છે.

જેને સારી રીતે સમ્યક્ચારિત્ર પાળવું હોય તેને સમ્યગ્જ્ઞાન મેળવવું પડે. સમ્યગ્જ્ઞાન કોને મળે ? જ્ઞાનિની આજ્ઞા મુજબ જીવે તેને. જે જીવ સ્વયં સમ્યગ્જ્ઞાની હોય અને જે જીવ સમ્યગ્જ્ઞાનીની આજ્ઞા મુજબ જીવે તો તે બે ય કલ્યાણ કરે છે. તમે ગાડીમાં બેસો, પ્લેનના બેસો તે કોના બળે ? ડ્રાઈવરના બળે. તેમ અજ્ઞાની જીવ પણ જ્ઞાનીના આધારે ચાલે, જ્ઞાનીને પૂછ્યા વિના કશું ન કરે તો તે પણ તરી જાય. તેને પોતાની કોઈ ભૂલ બતાવે, ખામી જણાવે તો બહુ ગમે અને સુધારો પણ કરે.

તમને કોઈ શિખામણ દે તે ગમે ખરું ? કોઈ સુખી અને તેને પૂછીએ કે - પૂજા કરો છો ? તો તે અમને પણ કહે છે કે - સાહેબ ! આપને ખબર ન પડે કે - અમારે કામ કેટલાં હોય છે ! એ તો અમને શિખામણ આપે છે કે 'સાધુ તો નવરા છે, સાધુને આગળ બેઠે ઉલાળ નહિ, પાછળ બેઠે ઘરાર નહિ.'

ઉપદેશ પણ અર્થી જીવને અપાય, અનર્થીને ન અપાય. સુખીમાં ધર્મના અર્થી જીવ કેટલા મળે ? શ્રાવકપણામાં મારે ઓછામાં ઓછું શું કરવું જોઈએ તેમ પણ કોઈ ગુરુને પૂછ્યું છે ? આજનો સારો ગણાતો પણ શું શું ન કરતો હોય તે કહેવાય નહિ ! અને કરવા લાયક પણ શું શું કરતો હોય તે પણ કહેવાય નહિ ! આગળ જૈનકુળમાં જન્મેલા દર્શન - પૂજા, નવકારશી-ચોવિહાર, ચોવિહાર ન બને તો તિવિહાર અને દવાની જરૂર પડે તો દુવિહાર તો કરે જ તેવી આબરૂ હતી. આજે નવકારશી અને ચોવિહાર પણ કેટલા કરતા હશે ? મોટોભાગ આટલું પણ કરનારો નહિ, ઘણો ભાગ રાત્રિભોજન કરનારો, તે પણ મઝેથી ખાનારો. રાત્રે ખાવું પડે તે હું ખોટું કરું છું, મારાથી આ થાય નહિ આવું દુઃખ હોય તેવા પણ કેટલા મળે ? ગૃહસ્થનો પ્રધાનધર્મ દાન છે તેમાં પણ મોટાભાગે દેવાળું નીકળ્યું છે. તેનો મંદિર નભાવવું પડે છે અને લગ્નાદિના ખર્ચા ઠાઠથી કરે છે. આવા બધા ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય ? ધર્મી ન હોય અને ધર્મી તરીકે પૂજાય તો દોષ લાગે તે વાત ચાલે છે. વિશેષ હવે પછી-

મહાભારતનાં પ્રસંગો

પ્રકરણ - ૬૧

ભીષ્મ પિતામહ સમરાંગણમાં (૧૦ દિવસ)

- શ્રી રાજુભાઇ પંડિત

કુરૂક્ષેત્રમાં કૌરવો અને કોન્તેયો વચ્ચે સંગ્રામ છેડાઈ ગયો. સૈન્યોએ સામ-સામા વાર-પ્રહારો કરવા માંડયા. બાણો સામે બાણો અથડાવા લાગ્યા. તલવારો તલવાર સાથે ટકરાવા લાગી. ગદાઓ ગદાઓ સાથે અફળાવા લાગી. ભાલા સામે ભાલા ઉગામાવા લાગ્યા. યુદ્ધ રૌદ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યું.

ભોગ માંગતી કુરૂક્ષેત્રની ધરતી, લોહી તરસી તે ધરતી સૈન્યના ધડ અને માથાના, હાથ અને પગના ભોગ મળવાથી ખુશ થવા લાગી. બલિ થયેલા મડદાના ભોજન પછી રૂધિરના આસવ રેડાતા ધરતી તૃષા-શાંત થવા લાગી.

પાંડવ પક્ષે ધૃષ્ટદ્યુમ્ન (દ્રૌપદ=દ્રુપદ પુત્ર) અને કૌરવ પક્ષે ભીષ્મ પિતામહ શસ્ત્રાસ્ત્રો ફેંકી ફેંકીને બન્ને પક્ષના યોધ્ધાઓ સાથે યુધ્ધને ભીષણ બનાવી રહયા હતા.

બીજી બાજુ ઉત્તરકુમાર, અભિમન્યુ, પાંચાલો એક સાથે યુધ્ધના આંગણમાં આવી આવીને સંગ્રામ ખેડવા લાગ્યા.

ભીષ્મ પિતામહે અજોડ શર કર્મ વડે પાંડવોના સૈન્યને વેરણ-છેરણ કરી નાંખ્યું. કયાંક રથ ભાંગ્યા, કયાંક ધજા, કયાંક શસ્ત્રો ખંડિત થયા કયાંક યોધ્ધાઓ મરવા લાગ્યા. પિતામહના શરસંધાનથી પાંડવ સેનામાં હાહાકાર મચી ગયો.

ત્યારે પાંડવ પક્ષે ધૃષ્ટદ્યુમ્ને અતુલ શોર્ય દાખવી કૌરવ પક્ષના હજારો રાજાઓનો સંહાર કરી નાંખ્યો. આથી પાંડવ પક્ષમાં હર્ષનાદ થવા લાગ્યો.

બીજી બાજુ ભીષ્મ પિતામહે ભીષણ બાણ વર્ષાથી સેંકડો પાંડવીય રાજાઓનો સંહાર કરી નાંખ્યો.

યુદ્ધ કરતા કરતા હવે ઉત્તરકુમાર તથા મદ્રરાજ શલ્ય સામ સામે આવી ગયા. બન્ને વચ્ચે ઘોર સંગ્રામ શરૂ થયો. બન્ને એક બીજાના શસ્ત્રો ભાંગવા લાગ્યા. તક મેળવીને ઉત્તરકુમારે બાણોની વર્ષાથી મદ્રરાજ શલ્યને ઢાંકી દીધા. નવા યોધ્ધાએ વર્ષો જૂના યુધ્ધો ખેલેલા શલ્યનો તેજોવધ થતા મદ્રરાજ શલ્યે રોષાયમાન બનીને ઉત્તરકુમાર તરફ 'શક્તિ' નામનું શસ્ત્ર ફેંકયું. 'શક્તિ' સામે ટકી નહિ શકતા ઉત્તરકુમાર આખરે હણાઈ ગયા. આથી કૌરવોએ હર્ષનાદ કરી મૂકયો.

ધૃષ્ટદ્યુમ્ને કૌરવોના હજારો રાજાઓના સંહાર કર્યા હોવા છતાં અને ભીષ્મ પિતામહે પાંડવોના માત્ર સેંકડો જ રાજાઓને હણ્યા છતાં કૌરવપક્ષનો વધુ સંહાર થઈ ગયો હોવા છતાં પાંડવપક્ષે ઉત્તરકુમારનો વધ થયો હતો તે અતિ દુઃખદ ઘટના બની હતી.

સૂર્યાસ્ત સમયે સંગ્રામ અટકયો ત્યારે પાંડવો ઉત્તરકુમારના વધથી દુઃખી દુઃખી થઈ ગયા હતા.

અને ઉત્તરકુમારની માતા રાણી સુદેષ્ણા ચોધાર આંસુએ રડી રહ્યા હતા. તેની પાસે આવીને સાંત્વન આપતાં યુધિષ્ઠિરે કહ્યું કલ્યાણી ! તું તો વીરપ્રસુતા છો. તારો પુત્ર તો વીરમરણ પામ્યો છે. તેનો શોક કરવાનો ન હોય દેવી !

અને ઉત્તરકુમારના હત્યારા તે પાપી મદ્રરાજશલ્યના પેટમાંથી તેના પ્રાણોને મારા બાણો વડે ખેંચી નહિ નાંખુ તો આ સમરનો આરંભ મને વિજય ન અપાવશો. અને હે દેવી ! મને કયારે પણ સત્યસંગ્રામ કરનારો ના ગણશો. આ મારી પ્રતિમા છે.''

આ રીતે મદ્રરાજના મૃત્યુની પ્રતિજ્ઞા સુદેષ્ણા રાણી આગળ કરતાં સુદેષ્ણાનો રોષ હર્ષમાં પલટાઈ ગયો

બીજા દિવસે પણ ભીષ્મ પિતામહે પાંડવ પક્ષના રાજાઓનો સંહાર કરી નાંખ્યા. આમને આમ સતત સાત-સાત દિવસ સુધી નિર્દય ભીષ્મ પિતામહે શર-સંધાન વડે પાંડવોના અનેક રાજા અને સૈન્યનો કચ્ચરઘાણ કાઢી નાંખ્યો.

દૂત સંજય ધૃતરાષ્ટ્રને તથા ગાંધારી આદિને બધા સમાચાર આપતો હતો.

રાત્રે યુધિષ્ઠિર વાત્સલ્યથી ઘવાયેલા પોતાના સુભટોની જાતે જ સંભાળ લેતો હતો. ઉપચાર પણ જાતે કરતો હતો.

સાત સાત દિવસના સતત પાંડવ પક્ષના સૈન્ય-સંહારથી ક્રોધાતૂણ બની ઉઠેલા પાંડવ પક્ષી નરેશોએ આઠમા દિવસે કૌરવ પક્ષનો કચ્ચરઘાણ બોલાવી દીધો.

શત્રુ પક્ષના રાજાના હાથ તીર લેવા ભાથા ઉપર જતા હતા ત્યાંને ત્યાં જ પાંડવપક્ષે છેદી નાંખ્યા, કોઈ ધનુષ ઉપર ચડાવવા ગયા તો ધનુષ-પણછ અને બાણ સાથે હાથ છેદી નાંખ્યા, કોઈએ ધનુષની પણછ ઉપર કર્ણ સુધી બાણો ખેંચ્યા તો કાન સહિત હાથ છેદી નાંખ્યા. આમ સંખ્યાબંધ રાજાઓને હાથથી ઠૂંઠા કરી મૂકીને રણમાંથી ભગાડી મૂક્યા. તો બીજી બાજુ પાંડવોએ ખુદ શસ્ત્રો દ્વારા હજારો શત્રુ રાજાઓનો શિરોચ્છેદ કરી નાંખ્યો.

ભીષ્મ પિતામહે વેરેલા વિનાશનો પાંડવો આજે ચક્રવૃધ્યિ વ્યાજ સાથે ભીષણ-સંહાર ભીષ્મ પિતામહના દેખતાં જ કરી નાંખ્યો.

આખરે સૂર્યાસ્ત થતાં ભીષ્મ પિતામહે ધનુષ ઉપરથી પણછને નીચે ઉતારતા યુદ્ધ વિરામ જાહેર થયો. આજે કૌરવોના ખેદનો અને પાંડવોના હર્ષનો કોઈ સુમાર ન રહ્યો.

રાતના સમયે દુર્યોધને ભીષ્મ પિતામહ પાસે આવીને આક્ષેપપૂર્વક કહ્યું કે- ''હે તાત ! આજનો નરસંહાર જોતા મને લાગે છે કે પાંડવો તરફથી કુણી લાગણી તમને મારા પક્ષના વેરાઈ રહેલા વિનાશમાં ઉપેક્ષા કરાવે છે. અગર તાત ! અમારા તે હિતશત્રુઓને જ તમે રાજ્યભાર આપી દેવા ઈચ્છતા હો તો મને જ તમારા હાથે મારી નાંખો.''

આથી દુઃખી વચનો બોલતા દુર્યોધનને ભીષ્મ પિતામહે કહ્યું- ''વત્સ ! હલકટ જેવા આવા ઉદ્‌ગારો કેમ કાઢે છે ? સ્વજનના નાતે તો પાંડવો ઉપર મને અત્યારે પણ પહેલા જેટલું જ વાત્સલ્ય છે. તો પણ મારૂ જીવન તારા માટે મેં તને વેચી માર્યું છું. તારાથી ખરીદાઈ ગયેલા છીએ અમે તો તેથી હવે આ આયુષ્યને નિશંકપણે તારી ખાતર જ વેડફી નાંખવાનું છે. યુધ્ય પણ તારી ખાતર જ કરવાનું છે. અને તને જ અનુસરવામાં અમે જિંદગીનો સોદો કરી બેઠા છીએ. પણ દુર્યોધન ! એટલું યાદ રાખજે કે- ભીષ્મ પિતામહ પાંડવો સામે યુધ્ય જરૂર કરશે પણ તારા કહ્યા મુજબ તો નહિ જ કરે.

અને હજી બરાબર સાંભળી લે દુર્યોધન કે - જે સમરાંગણમાં ધનુષ ધારણ કરીને અર્જુન જ્યાં સુધી ઉભો હશે. તે સંગ્રામને જીતવો લગભગ અશકય છે.' છતાં પણ દુર્યોધન ! સંગ્રામમાં બાણો ચલાવીને આવતીકાલે વસુંધરાને શૂરવીરો વિહોણી કરી નાંખીશ.'' પિતામહના આ શબ્દોથી ખુશ થઈને દુર્યોધન સ્વસ્થાને ગયો.

નવમા દિવસના સૂર્યોદયથી માંડીને પિતામહે ધનુષના ગગનભેદી ટંકારો સાથે જ પાંડવ પક્ષનો સંહાર શરૂ કરી દીધો. આજે ભીષ્મ પિતામહથી થતાં સૈન્ય-સંહારે પાંડવપક્ષના શૂરવીરો રણ મૂકી મૂકીને સતત ભાગતા જ રહ્યા. ભીષ્મ પિતામહના બાણો જો કે શત્રુનો પીછો કરીને પણ શત્રુના પ્રાણ ખેંચી લાવત પણ નિઃશસ્ત્ર અને યુધ્ય નહિ કરનાર શત્રુ તરફ ભીષ્મના બાણો કદિ જતા ન હતા. ભીષ્મ પિતામહે સૂર્યાસ્ત થતાં શસ્ત્ર હેઠા મૂકયા ત્યારે શત્રુપક્ષમાં હાહાકાર મચી ગયો હતો. અને કૌરવો હર્ષનાદ કરી રહ્યા હતા.

આ જ રાતે યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણાદિ દરેકને એકઠા કરીને વાસુદેવને પૂછયું કે- ''કેશવ ! જ્યાં સુધી કુરૂક્ષેત્રના સમરાંગણમાં ભીષ્મ પિતામહને યુધ્ય સાથે લાગે વળગે છે ત્યાં સુધી અમને વિજયની આશા તો દૂર રહો જીવનની આશા પણ હવે નહિવત્ થઈ ગઈ છે. તો એવો કયો ઉપાય છે કેશવ ! જે દુર્ધર ભીષ્મ પિતામહ સામે અજમાવી શકાય ?''

વાસુદેવ શ્રીકૃષ્ણે કહ્યું - પિતામહના આજના રૌદ્ર સ્વરૂપથી સંહાર થતા ધરાધણીને જોતા ક્રોધથી સળગી ઉઠેલ મારા બાહુઓ ભીષ્મ પિતામહને હણવા કયારના તલસી રહ્યા હતા પણ તેને સોગંદો આપીને અર્જુને મને તેમ કરતા અટકાવ્યો હતો હજી પણ હે કૌન્તેય ! તું મને રજા આપ કે જેથી આવતી કાલની સવારે ભીષ્મ પિતામહનું નામનિશાન મિટાવી દઉં.

યુધિષ્ઠિરે કહ્યું - કેશવ ! ઈન્દ્ર પણ જ્યારે તમારી સામે યુધ્ય કરતાં ફફડતાં હોય તો પિતામહ તો તમારી આગળ કંઈ જ નથી. અને કૌરવોના વધથી પેદા થનારી કીર્તિ તો તમે જ અમને દક્ષિણામાં ભેટ ધરી દીધી છે. માટે તમારે તો શસ્ત્ર ઉઠાવવાનો કે સંગ્રામ ખેડવાનો પ્રશ્ન જ નથી રહેતો. અને જે પિતામહના ખોળામાં લાલન-પાલન પામ્યા છીએ તેની સામે શસ્ત્રો ઉગામતા અને તેમને હણી નાંખતા ભીમ-અર્જુન કઈ રીતે તૈયાર થઈ શકે ? માટે એવો કોઈ ઉપાય બતાવો જેથી ગંગાપુત્ર ઉપર અમે વિજેતા બની શકીએ.''

શ્રીકૃષ્ણ બોલ્યા - એ વાત તો આબાલ ગોપાલ પ્રસિધ્ધ છે કે- સ્ત્રીની સામે, પૂર્વે રહેલી સ્ત્રી સામે, દીન સામે, ભયભીત થયેલ સામે, નપુંસક સામે તથા નિઃશસ્ત્ર ઉપર સંગ્રામ ચાલુ હોય છતાં પણ ભીષ્મ પિતામહના બાણો પડતા નથી. અર્થાત્ પિતામહ ત્યાં શસ્ત્રોને હેઠા મૂકી દે છે. તેથી તેની સામે દ્રુપદ રાજાના પુત્ર નપુંસક એવા શિખંડીને આગળ કરીને સામનો કરો. શિખંડી સામે શસ્ત્ર નહિ ઉઠાવતા પિતામહને શિખંડીએ તીક્ષણ બાણોની વર્ષાથી વિંધી નાંખવા.''

આ પ્રમાણેનો ઉપાય સાંભળી સર્વે પાંડવ પક્ષીય રાજાઓ હર્ષ સાથે વિદાય થયા.

ચાતુર્માસિક અલંકારો

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

(સં.૨૦૩૧માં શેઠ મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પૂ. પ્રવચનકારશ્રીજીએ અષાઢ સુદિ-૧૪ને મંગળવાર તા.૨૨-૭-૧૯૭૫માં જે પ્રાસંગિક પ્રવચન આપેલ. તેનું સારભૂત મુખ્ય અવતરણ અત્રે વાંચકોની જાણ માટે રજૂ કરાય છે. તેમાં શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના. શાંતચિત્તે વાંચી, તેના પરમાર્થને પામી જીવનને અલંકૃત કરો તે જ ભાવના.) - સંપાદક

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ આ શાસન એટલા માટે સ્થાપ્યું છે કે, ભવ્ય જીવો આ શાસનને સમજી, શક્તિ મુજબ આરાધી વહેલામાં વહેલા સિદ્ધિપદને-મોક્ષને પામે. શાસનની સાચી આરાધના દ્વારા આત્માને નિર્મળ બનાવે.

આ સંસાર પર અવિરતિનો ઘેરો છે. જેટલા સંસારી જીવો છે તેને અવિરતિ એવી વળગી છે કે તેઓ છૂટી શકે નહિ. જીવને અવિરતિમાં ઘણો આનંદ આવે છે. દુઃખ જરા પણ જોઈએ નહિ અને સુખ બધા સદા જોઈએ - આ અવિરતિનું સ્વરૂપ છે. તેની આત્મા પર પકડ છે તેને લઈને મિથ્યાત્વ જીવતું જાગતું રહે છે. જ્યાં સુધી જીવને સંસાર પર અભાવ થાય નહિ અને મુક્તિની સાચી ઈચ્છા થાય નહિ ત્યાં સુધી અવિરતિનો ઘેરો ઊઠવાનો નથી. અવિરતિ હોય ત્યાં કષાય પણ હોય તે બેય જણા મિથ્યાત્વને ટકાવી રાખે. જે જીવને અવિરતિનું સાચું સ્વરૂપ સમજાય, અવિરતિ ખરાબ લાગે, સુખ પરનો રાગ ભૂંડો લાગે અને દુઃખ પરનો દ્વેષ પણ ભૂંડો લાગે તો જ મિથ્યાત્વ માંદુ પડે, મંદ બને અને આત્મા ક્રમે ક્રમે કરીને આગળ વધે.

આ વાત સમજમાં આવે તો જ્ઞાનિઓ કહે છે કે, જેટલા જૈન કુળમાં જન્મ્યા તે બધા નિયમમાં જીવતા હોય, તાકાત હોય તો બ્રહ્મચર્યના ધારક હોય. વિષય સુખ ભૂંડામાં ભૂંડા છે તે સમજાય છે. વિષયસુખનો ભોગવટો તે અવિરતિ છે ને ? તેમાં રસ આવે, મજા આવે, તે જ સારા લાગે અને મેળવવા જેવા ભોગવવા જેવા લાગે તો સમજી લેવું કે મિથ્યાત્વ હજી માંદું પડ્યું નથી ! રોજ ધર્મ સાંભળનારામાં તાકાત આવે તો બાર વ્રતધારી હોય, ચોથું વ્રત પ્રધાનપણે હોય. સર્વથા બ્રહ્મચર્ય લે તે ઊંચી વાત છે, નહિ તો પરસ્ત્રીનું વર્જન અને સ્વસ્ત્રીમાં સંતોષ રાખે. આવો જીવ આરંભ-સમારંભથી ગભરાતો હોય. ખાવા-પીવાદિનો રસ ભયંકર હાનિ કરનાર લાગતો હોય. મનમાં નક્કી કરો કે આવું લાગે છે કે નહિ ? ન લાગે તો અનંતીવાર ખુદ શ્રી અરિહંત પરમાત્મા મળે, આવું તારક શાસન મળે તો પણ તેને કાંઈ લાભ ન થાય ! ભગવાનની પૂજા-ભક્તિ આદિ કરે તો વખતે દેવલોક આદિ મળે પણ સંસારમાં ભટકવાનું ઊભું રહે !! સંસારમાં જ ભટકવાનું રહે તેવા સુખને કરવાનું છે શું ? આત્માના અનંતાસુખના તો તેને દર્શન થવાના નથી.

આપણે ત્યાં ત્રણ ચોમાસી ચૌદશ આવે છે, તેમાં આ ચૌદશ (અષાઢ ચોમાસીની) મહિમાવંતી ગણાય છે. ભગવાને સાધુઓને પણ ચોમાસામાં વિહાર કરવાની મના કરી છે. જે સાધુઓ જ્યાં જાય ત્યાં સ્વયં ધર્મ કરવાના અને બીજાને ધર્મ કરવાનું સમજાવનારા- તેમને પણ વિહારની ના પાડી. કાંઈ સમજાય છે ? વિહારના પરમાર્થને સમજેલા મહાત્માઓ તાકાત હોય તો ચારે મહિનાના ઉપવાસ કરતા, જેથી શરીરની હાજત થાય નહિ. શરીરની હાજત માટે વિરાધના ન થાય માટે ચારે મહિના આહાર - પાણીનો ત્યાગ કરી હાલતા-ચાલતા નહિ, સ્થિર, રહેતા. ષટ્કાયની રક્ષાની પ્રતિજ્ઞા કરી ચૂકેલા, ઘર-બાર-પૈસા-ટકાદિ હૃદયપૂર્વક ત્યજી દીધેલા, સ્નેહી-સંબંધી-કુટુંબ-પરિવાર સ્વપ્નેય યાદ નથી આવતા તેવા સાધુઓ પણ આ ચાર મહિના માટે ઉપકારક વિહારને બંધ રાખે - કરે નહિ, કેમકે, વિરાધનાનો સંભવ છે. વિરાધનથી પોતે ન બચે તો બીજાને શું બચાવે ? **વાણી કરતાંય વર્તન વધારે અસર કરે છે. આ વાત જેના હૈયામાં બેસી હોય તેને વર્તનની કેટલી ચિંતા હોય ! વર્તનને નેવે મૂકી પરોપકારની વાત કરનારા વસ્તુતઃ ઉપકાર નથી કરતા, તે તો મહા અજ્ઞાની છે.**

આજનો દિવસ એવો છે, જે સ્વચ્છંદપણામાંથી છોડાવી નિયમિત બનાવનારો છે. શ્રાવકોને એમ ન થાય કે સંસારમાં બેઠા છીએ ત્યાં સુધી પાપ કરવું પડે તેવી સ્થિતિ છે માટે પાપી છીએ ! એવા પાપી છીએ કે પાપ કર્યા વિના ચાલે નહિ. પાપ કરાવે એવા સંસારમાં બેઠેલા આપણે સદા નિયમિત રહેવું (નિયમમાં આવી જવું) જેથી જેમ બને તેમ ઓછાં પાપ થાય. સર્વથા પાપ છોડવાની હમણાં શક્તિ નથી તેને લઈ સાધુપણું લઈ શકતા નથી. જેથી નિયમમાં આવી જઈ નિયમિત બનીએ જેથી બને તેટલું પાપ ઓછું થાય, ધર્મ અધિક થાય.

આ વાત માત્ર શ્રી જૈન શાસન જ કહે છે તેમ નહિ. પણ મોક્ષ પ્રતિપાદક જે દર્શનો છે તેઓ પણ નિયમમાં રહેવાનું જણાવે છે, તેમાંય આ ચોમાસામાં તો વિશેષ પ્રકારે નિયમિત બનવાનું કહે છે. આજે એવો ખરાબ કાળ આવ્યો છે કે, શાસ્ત્રોની વાત ઘણાને ગમતી નથી, ઘણાને તો શાસ્ત્રો પણ જોઈતા નથી. 'ખરાબ કાળમાં ગમે તેમ વર્તીએ તો પાપ લાગે જ નહિ'- તેવી માન્યતાવાળો મોટો વર્ગ થયો છે. રાજા-મહારાજાઓ, મહાત્માઓ આ ચાર મહિના કેવી રીતે જીવતાં તેનાં વર્ણન શાસ્ત્રોમાં છે. તેય ઘણાને વાંચવા નથી. જે લોકો વિરતિના પચ્ચક્ખાણ કરી અવિરતિની પ્રવૃત્તિ મજેથી કરે, કરવા જેવી માન-તેને કોણ બચાવે ?

નિયમ તો આત્માને બચાવનાર છે. અભ્યાસ માટે જીવે પોતાને જે ચીજ ન મલવાનો સંભવ હોય તેનો પણ ત્યાગ કરવો અને તેની પણ પ્રતિજ્ઞા કરવી તે પણ લાભ કરનારી છે. કોકવાર તે ચીજ મલશે તો પણ નિયમ હશે તો બચી જશે. સદા અવિરતિના બંધનમાં પડેલા તને વિરતિની ક્રિયાનો યોગ થશે, તેમાંથી આત્મા સુધરશે અને સુંદર વિરતિની ક્રિયા કરી શકશે. આજે તો ઘણામાં વિરતિનું સાચું અર્થીપણું જાગ્યા વિના વિરતિની ક્રિયા થઈ રહી છે તેથી જ વિરતિનો જે આનંદ થવો જોઈએ તે થતો નથી. **વિરતિનું અર્થીપણું જાગે અને તે જીવ ન મળે તેવી પણ ચીજનો નિયમ કરે તો જીવ વિરતિના માર્ગમાં આવ્યો ગણાય. જે જીવને વિરતિનું પચ્ચક્ખાણ હોય અને અવિરતિ પર ઘોર રાગ હોય તેનું ઠેકાણું પડે નહિ !**

નિયમના લાભ અંગે આપણે ત્યાં વંકચૂલની વાત આવે છે. ઘણી વાર સાંભળી પણ છે છતાંય તેવા નયિમ લેવાનું મન થાય છે ખરું ?

અમારે ત્યાં સંયમ પ્રધાન છે. તીર્થયાત્રા માટે અમને ભગવાને વિહાર કરવાની મના કરી છે. તીર્થયાત્રાનું ફળ જે સંયમયાત્રા તે પ્રાપ્ત થઈ ગયું. તેનું આજ્ઞા મુજબ આ સેવન કરીએ તો જરૂર કલ્યાણ થાય. તમારે તીર્થયાત્રા શા માટે કરવાની ? મોજમજાદિ કરવા ? થાક ઉતારવા ? આનંદ-પ્રમોદ કરવા ? કે સંયમ પામવા ? આજે જે રીતના તીર્થયાત્રા કરી રહ્યા છો તેથી એમ કહેવાનું મન થાય છે કે, અધર્મ દૃશ્યમાન છે, ધર્મ અદૃશ્યમાન છે.

સાધુ અને શ્રાવક જગતમાં રહેનારા છે, પણ જગતથી જુદા છે. આ બધાને વહેલામાં વહેલું આ જગતથી ભાગી જવું છે તેમ જોનારને લાગે તેવું સાધુ અને શ્રાવકનું જીવન હોય ! વંકચૂલની પલ્લીમાં આચાર્ય મહારાજ આવી ગયા અને રહેવું પડયું તો વંકચૂલે કોઈને ઉપદેશ આપવો નહિ તે શરત કરી રહેવાની જગ્યા આપી અને આચાર્ય મહારાજે પણ કહ્યું કે અમે જ્યાં રહીએ ભૂમિની આજુબજુમાં બસો હાથ લગભગ હિંસા-વધ ન થાય તો અમે સંયમની - સ્વાધ્યાયની સાધના નિર્વિઘ્નપણે કરી શકીએ તો તેમની તે વાત પણ તેને મંજુર રાખી. આજે ચોમાસાની વિનંતિ કરનારા શ્રાવકો સાધુના સંયમની લેશ માત્ર પણ ચિંતા કરતા નથી. તમારે ધર્મ ક્રિયા કરવી છે પણ ધર્મ સાચવવો નથી.

આ લાલબાગમાં ૧૯૮૫માં ઘણી નિર્દોષ જગ્યા હતી પણ આજે ઘણી બધી વેચી નાખી. આજે સાધુને આવવું જવું પણ બહુ મુશ્કેલ છે ! બેદરકાર લોકો ન હોત, પૈસાના લોભ્યા ન હોત તો આ સ્થાન બગડત નહિ. અહીં સંયમની સાધના માટે યોગ્ય ભૂમિ નથી. અહીં રહેવું છે માટે રહ્યા છીએ. સંયમની ચિંતા નાશ પામી ગઈ, ધર્મની ચિંતા નાશ પામી જેવો આ વર્તમાનકાળ છે. તેમાં જેને સાચા ભાવે ધર્મ યાદ આવે, સંયમ યાદ આવે, આજ્ઞાનો પ્રેમ પેદા થાય તે જ બચી જવાના. આ લોક સુધરવાનો, પરલોક સુધરવાનો તે માનસિક અધ્યવસાયના બળે. મનના અધ્યવાસાય સાચવવા તે આપણા હાથની વાત છે. આજના યુગે નિર્દોષ સ્થંડિલ ભૂમિ કે માત્રાની ભૂમિ પણ રહેવા દીધી નથી. ધર્મક્રિયા જુદી ચીજ છે, ધર્મના પરિણામ જુદી ચીજ છે. તેમ સંયમની ક્રિયા જુદી ચીજ છે, સંયમના પરિણામ જુદી ચીજ છે. સંયમ પાળવું હશે તો લાયક બનવું પડશે, હૈયું સુધારવું પડશે. ખાવું-પીવું કરનારા ધર્મ કરી શકવાના નથી. 'મારે સંસાર નથી જોતો, મોક્ષ જ જોઈએ છે' આવી ભાવના હશે તે જ બચવાના છે, ધર્મ કરી શકવાના છે.

આ કાળમાં આપણે બધા ભગવાને કહ્યા મુજબ બધું કરી શકવાના નથી. પણ ન કહેલું ન જ થાય, કહેલું ન થાય તેનું દુઃખ થાય અને શક્તિ મુજબ કરવાનો પ્રયત્ન કરીએ તે જ આપણે માટે બચવાનો આધાર છે. સમજાય છે ને ? - સ્વચ્છંદપણું બહુ જ ખરાબ છે, થોડા પણ નિયમમાં આવી જવું તે સારું છે !

આજે તમારાથી શું પળે તેવું છે ? અમારે શ્રાવક તરીકે કેમ જીવવું તેનો વિચાર કર્યો છે ? તમારું જૈન કુળમાં જન્મવું ફોગટ થયું છે. આજે જૈનોના ઘરો રાત્રિભોજન નહિ કરનારા બહુ ઓછા છે. આરંભ - સમારંભ ઓછા થાય, સચિત્ત ભક્ષણ બંધ થાય. રાત્રિભોજન બંધ થાય- આ ચોમાસામાં બને તેવું નથી કે બારે મહિના બને તેવું નથી. વિરતિની પ્રધાનતાવાળી ક્રિયાઓ, જેનાથી વિરતિ ન બની શકે, ગાઢ અવિરતિ હોય - તેવા જીવ માટે સમ્યક્ત્વની કરણી પણ બતાવી છે.

સૌથી પહેલાં બ્રહ્મક્રિયા કહી છે, ચાર મહિના સંપૂર્ણ બ્રહ્મચર્યનો સ્વીકાર કરવો. તે મહાપ્રાપ છૂટે તેની સાથે ઘણા

પાપ છૂટી જાય. રાગ પર ઘા પડી જાય, ઘણા પાપ પર ઘા પડી જાય. ચારે મહિના બ્રહ્મચર્યનો નિયમ તે ચોમાસાની પહેલી કરણી છે. આ વ્રત એવું છે કે સંસાર સુધારી નાખે. જો મોક્ષના હેતુથી કર્યું હોય તો ! જે આ નિયમ લે તે મોટે ભાગે નિવૃત્તિનો અર્થી હોય. વેપાર છૂટી શકતો હોય તો વેપાર છોડી દે. ગામ-નગરની બહાર પણ ન જાય, નગરમાં પણ મંદિર, ઉપાશ્રય, ઘર સિવાય બીજે કશે ન જાય. આ નિયમ પણ નથી બની શકતો તો તેનું તમને દુઃખ છે ને ?

જે ધર્મ મોક્ષ માટે છે તે ધર્મનો આજીવિકા માટે ઉપયોગ કરે તો તેમાં અમારાથી હા પડાય ? ચારે પ્રકારના શ્રી સંઘને દુનિયાની ચીજ જોવા જેવી લાગે ? જ્ઞેય પદાર્થોને જાણવા માટે કતલખાનું જોવા જવાય ? મોટા-તોતીંગ મશીન જોઈ વિજ્ઞાનની પ્રશંસા કરાય ? આજના પ્રેસના મશીનો વગેરે જોવા જવાય ? **આજે બધાનો દહાડો ઊઠી ગયો છે. જે કામ સાધુને નહિ કરવાના તે કામ સાધુઓ પણ કરે છે તે ઉપકાર નથી પણ આત્માનો પહેલા નંબરનો અપકાર છે ! સાધુ સાવદ્ય માત્રનો ત્યાગી છે.**

સામાયિક, ઉભયકાળ આવશ્યક આદિ આ ચોમાસીના મંડન-અલંકારો છે. **ભવ્ય જીવો આ અલંકારોથી શોભે, વેપાર-ધંધાદિથી નહિ.** દર પર્વતિથિએ પૌષધ. આજે પૌષધનો ઉપદેશ અમારે ય ગૌણ કરવો પડે છે. તપ આદિ બધી વિરતિની ક્રિયાઓ છે. જે આ વિરતિની ક્રિયા ન કરી શકે તેને પણ અભ્યાસ પાડી ઓછી-વધતી કરવા જેવી છે. દાન વગર તો આપણે ત્યાં સમ્યક્ત્વની એક પણ કરણી નથી. **જેનામાં દાન ગુણ ન આવે તેને માટે જિનપૂજા પણ નથી.** વગરે પૈસે ભગવાનના અંગ પર કે કપાળમાં ચાંલ્લો ન થાય. દેવાર્ચન-સ્નાત્ર-વિલેપન વગેરે મફત થાય ? વગર પૈસે થાય ? પારકે પૈસે થાય ? ધર્મ સંસારથી તરવા માટે છે, સંસાર વધે તે માટે નથી.

વિરતિની ક્રિયાઓ, સમ્યક્ત્વની શુદ્ધિની ક્રિયા તે ચોમાસાના અલંકાર છે. **તે માત્ર ચાર મહિના જ નહિ પણ ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિની મમતા ન છૂટે ત્યાં સુધી કરવા જોઈએ.** આ રીતે કરે તો ભવાંતરમાં આ ધર્મ તેને માટે સહેલો છે અને મુક્તિ નજીક છે. સૌ આવી દશાને પામો તે જ ભાવના સાથે પૂર્ણ કરું છું.

રે ! માન તારો આ અંજામ !

- પૂ. આ. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જેનાથી આત્માનો સંસાર વધે તેને કષાય કહેવાય છે. કષાયની તુરી વસ્તુનો સ્વાદ પણ બધાને અપ્રિય લાગે છે છતાં ય કષાયમાં કેમ મજા આવે છે. તે જ સમજાતું નથી. કષાયની આધીનતા આત્માને કેવો પામર બનાવે છે તે કોઈથી પણ અજાણ્યું નથી. કષાયજનિત સુખ આત્માનું પાગલપણું છે. પાગલખાનામાં ગયેલા માણસ જેવી તેની હાલત હોવા છતાં ય એક 'બિચારો પાગલ' કહી વગોવાય છે બંધનમાં પૂરાય છે અને બીજો સફેદ કપડામાં જાહેરમાં મજેથી હરી ફરી શકે છે.. દુનિયાના પામર જીવોની વાત તો બાજૂ પર રાખીએ પણ ગુણઠાણાનો સ્પર્શ કરેલા મહાત્માઓને પાડનાર પણ આ કષાય છે. સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવોના સુખને પણ ઓળંગી જનાર અને આત્મિક સુખનો અનુભવ કરનારા મહાત્માને પણ જ્ઞાનની ઉંડી ખાઈમાં ધકેલનારા હોય તો આ ચંડાળ જેવા કષાય છે માટે આત્મન્ ! તેનો જરાપણ વિશ્વાસ કરવા જેવો નથી કે તેને જરાપણ તક આપવા જેવી નથી કે- 'ઝેરના પારખા ન હોય' તેમ કષાયની આધીનતા ન કરાય.

મહાત્મા વિશ્વભૂતિ આહારને પ્રમાદ માની આહારસંજ્ઞાથી મુક્ત થવા માસક્ષમણના પારણે માસક્ષમણ કરી રહ્યા છે. તેમાં એકવાર માસક્ષમણના પારણે મથુરામાં ગોચરી જઈ રહ્યા છે. સામે આવતી ગાયના અથડાવાથી એકદમ પડી ગયા તે જ વખતે કામ પ્રસંગે આવેલા પિતરાઈ ભાઈ વિશાખાનંદી અને તેમના સેવકોએ મશ્કરી કરી કે - ''કયાં ગયું તે કોઠા પાડવાનું બળ !'' આ શબ્દોને તે મહાત્મા સહન કરી શકયા નહિ. માન કષાયે ઊંઘતા ઝડપ્યા અને બળ કરી ગાયને શિંગડાથી પકડી, આકાશમાં ઉછાળી, સાધુપણું પણ ભૂલી ગયો ! નિયાણું કર્યું કે- ''ભવાંતરમાં અધિક બળવાળો અને આને હણનારો થાઉં'' પછીનું પરિણામ તો આપણે જાણીએ છીએ.

પણ આપણે આપણા આત્માનો વિચાર કરવો છે કે આપણા આત્માની હાલત કઈ છે. જીવનમાં આવા નિમિત્તો અનેક આવે છે ત્યારે આપણે સાવધ-સમતોલ વૃત્તિવાળા રહીએ છીએ કે કષાયાદિને આધીન બની જઈએ છે. જીવનમાં કલેશ-કંકાસ-સંઘર્ષના નિમિત્તો બનવાના જ, સંસારમાં આવું ન બને તે નવાઈ ! આપણે આપણું ભાવિ સુધારવું હોય તો આવા નિમિત્તોની આત્મા ઉપર જરાપણ અસર ન થાય તેની ખૂબ જ કાળજી રાખવી જરૂરી છે. સહિષ્ણુતા-સહનશીલતાને પણ તપ કહ્યો છે. 'મારે હવે આત્માની વિભાવ દશાને આધીન નથી જ થવું, સ્વભાવ દશામાં જ રમવું છે' આવો અડગ અટલ દૃઢ નિર્ધાર કરીશું તો જ બાજી જીતી શકીશું બાકી તો કેવો અંજામ આવે તે સમય જ કહેશે.

સાંપ્રતના શ્લોકો :

અવાજનો રડમસ કરે છે એક ઘડવૈયો : જીવનનો

- રીંચવણી...

અબજોના અબજો વર્ષપૂર્વે રાજવી શ્રી અશનિવેગે તથા ત્યારબાદના સમયમાં થયેલા રાજવી ઈન્દ્રે પ્રચંડ બળોનો આશ્રય લઈને સોનાની લંકાને કાળે-કાળે પોતાના કબ્જાતળે લઈ લેતા જેમ એક સમાન્તરલંકા 'પાતાળલંકા'નું સર્જન થવા પામ્યું હતું. બસ ! તેમજ નજીકના ભૂતકાળમાં ભીલડી'ની ભવ્યતા ક્રોધિત બનેલી કુદરતે લૂંટી લેતા એવી નવનગરી નિર્માણ પામી.. જેનું જ નામ છે રાધનપુર...

સરેરાશ ૭૦૦ વર્ષ = સાત સૈકાઓ પૂર્વે ઘટેલા સામયિક પરિવર્તનો તેમજ પ્રલયોમાં જૈનનગરી ભીલડી ભીંસમાં ફસાણી.. તેની જાહોજલાલી કુદરતના કેરે જેર થવા માંડી.. જેમાંથી પછીના વર્ષોમાં શ્રી રાધનપુર નામનું પુર વસ્યું.. ભીલડીના રહીશો તે નદીના તટે આવી ડેરા બાંધતા. ત્યાં જે ગામ રચાયું... તે જ રાધનપુર...

આ નગરીનો અભ્યુદય જ કોઈ આધ્યાત્મિક ગ્રહચારમાં થયો હશે કે રાધનપુર તેની રચના સમયથી જ ''આરાધનપુર' તરીકેની પ્રખ્યાતિને પામવા લાગ્યું... નગરજનો સહજપણે ખુબ જ ધર્માનુરાગી બન્યા. વિશ્વમહાન શ્રી જિનધર્મની તો ત્યાં ભેરીઓ ગુંજતી થઈ... જૈનોની ગીચવસતી તથા તેઓની અત્યન્ત ધર્મ પરાયણતાથી તે નગરી ધર્મનગરી તરીકે પ્રસિદ્ધિને પામી... આગળ વધી મૂઠી ઉંચેરા જૈન સમાજના સર્વસ્વના દાયિત્વથી તે નગર જૈન જગતમાં પણ મનસૂફ સ્થાન પામી ગયું... ત્યાંનાં જૈનો આરાધના-ઉપાસના તપોયોગ-તિતિક્ષા તથા આગળ વધી સર્વસંગ ત્યાગની કક્ષા સુધીની વિરાટ મઝલ હરહમેંશ સાધતા રહેતા.

સેંકડો સૂરિ ભગવન્તોના ચરણસ્પર્શ અને હૃદયસ્પર્શથી ધર્મના પ્રવાહો વહેવડાવતું તે ગામ હતું રાધનપુર... સેંકડો મુનિ ભગવન્તોના માતૃસ્થાન તથા સાધના સ્થાનનું સૌભાગ્ય લલાટે લખી શકનારૂં તે ગામ હતું રાધનપુર..

આચાર્યદેવો ''આ'' વિશેષણના પુરસ્કાર સાથે તે રાધનપુરને નવાજતા... રાધનપુરના બહુસંખ્યક સપૂતો સાધુ ભગવન્ત અને આગળ જતા સૂરિ ભગવન્ત પણ બન્યા છે... આથી જ આગમ શાસન માટે રત્નની ખાણ પુરવાર થતું રહ્યું... રત્નની ખાણ જેવા રાધનપુરમાં વસતાં પરિવારો પૈકી કેટલાક પરિવારોતો રત્નખાણનીયં ખડક બને તેવા હતા...

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રના [illegible]ત્નોની ખાણ જેવા શ્રી રાધનપુરની જ એક રત્નની ખડક એટલે જ શ્રી મણિબહેનનો વંશ''...

શ્રીયુત મણિલાલભાઈ આરાધનપુરીના રહીશ હતા... જન્મથી તેમને શ્રી નમસ્કાર-મહામન્ત્ર મળ્યો હતો તથા શ્રી જૈનધર્મની ગળથુથી પીવા મળી હતી... એક દૃઢ ધર્મ પરાયણ કુળ-વંશના તે વાર્તમાનિક વાહક હતા.... બાલ્યકાળમાં જ મળેલા ધર્મસંસ્કારો ઉત્તરોત્તર સંવર્ધિત બનતા ચાલ્યા..

તે એક તરૂણ... નામે મણિલાલ'...

તે યુવાનીની તોફાની નદીના તટે આવી ઉભો... દેહલાલિત્ય તથા સ્પન્દનોનું ચાંચલ્ય તેના માનસતટ પર આક્રમણ કરવા થનગની રહ્યું હતું.

હા ! તારૂણીના આવેગમાંય ધર્મની પ્રતિભા તો એટલી જ તેજલ રહી શકી હતી... એ એક એનું અનેરૂં સૌભાગ્ય હતું... મણિલાલ યોગ્ય વયસ્ક થયા... પરિણયોચિત બન્યા. પરિણયના શિંગાઓ તેના પરિવારજનોમાં ફૂંકાણા... શ્રી મણિલાલ કુમાર'ના પરિણયનો દિવસ મુહૂર્ત બનીને ઉભો હતો તેના પરિણયની કંકુવાટીની છાંટ બોલતી કંકોત્રીઓ વહેંચાઈ ગઈ... અને... એક દિવસ શ્રી મણિલાલ કુંવર તથા શ્રી મણિકુમારી લગ્નગ્રંથીથી જોડાયા... તેમના સંસારનો સમારંભ પ્રારંભાયો...

અલબત્ત...! તે સમારંભના કેન્દ્રસ્થાનેથી ધર્મ ખસ્યો નહોતો...શ્રીમતી મણિબહેન એક શીલસમૃધ્ધ નારી હતી તેની ધર્મભાવના ઉછળતા ફુવારા સાથે સંતાકૂકડ રમી... ધર્મિષ્ઠ અને ખાનદાન ઘરાનાની તે કન્યા સંસ્કારોથી એવી તો શિક્ષિત બનેલી કે તેનો શ્વસુરપક્ષ તેમજ તેના સન્માનો, બન્નેના સંસ્કરણ પર તે છવાઈ જાય...

શ્રીયુત મણિલાલભાઈ તથા શ્રીમતી મણિબહેન... ધર્મને તેઓએ લગામ બનાવી સાંસારિક જીવનના અશ્વરથ પર તેનું ધવલ પ્રસ્થાપન કર્યું... દૈવયોગે તે ધર્મપ્રાણ દંપતીને ચાર-ચાર સન્તાનોની પ્રાપ્તિ થઈ...

૧. મહાસુખ કુમાર... ૩. મુક્તિ કુમાર...

૨. કાન્તિ કુમાર... ૪. જયન્તિ કુમાર....

દેવકિના ષટનન્દનો જેવા બડભાગી હતા; આ ચારે

બાન્ધવો... જેઓની જનેતા હતી શ્રીમતી મણિબહેન...

તે માતાએ બાળકોના કાને પહેલવહેલો નવકાર પાડ્યો...

તે માતાએ બાળકોની જીભે પહેલવહેલા ધર્મપાઠ ચઢાવ્યા...

તે માતાએ બાળકોને ધર્મની અને સર્વવિરતિ ધર્મની ગળથુથી પીવડાવી... તે માતાએ બાળકોને પ્રભુધર્મના આશાસ્પદ આરાધક બનાવ્યા...

સમ્યગ્જ્ઞાનના સાધક બનાવ્યા...

શિશુઓનું સંસ્કરણ તેમજ સંયમભાવ સાથે તેનું સંવર્ધન કરવામાં આ એક માતા સાફલ્યને વરી...

આ રાધનપુર... જ્યાં પચ્ચીશ પૂરા શિખરબધ્ધ જિનાલયો વિરાજે છે..

આ રાધનપુર... જ્યાં સંગેમરમરની સેંકડો પ્રતિમાઓ વિરાજે છે... એક પણ દેવાલયોમાં વિદ્યુત સાધનોની ઘૂસણખોરી નહિ... બધે બધા દેવાલયોમાં પૂજક જનોના પારાવારનો પાર નહિ... સો કે સોથી પણ અધિક વર્ષ પ્રાચીન તે સર્વ જિનચૈત્યો પૂજકોની સંખ્યા તેમજ શ્રધ્ધાની ભીડથી સદૈવ ઉભરાતા રહેતા... આ માતા પોતાના સન્તાનોને જિનાલયના ખાસ ચાહક બનાવતી...

પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવન્તોનું વિહરણ તથા પ્રેરક પ્રવચન પણ આ ગામને મળતા લાભોનો એક ભાગ હતો. તો નિયમિત ચાલતી આયંબિલશાળા પણ ગામના ઘેરઘેર તપસ્યાની આલબેલ પોકરતી... આવા ઘણાયં પુણ્ય પરિબળોને લઈ તે ચારે બાંધવોનું જીવન ઘડતર ઠીક-ઠીક પ્રમાણમાં ઘડાઈ ગયું હતું...

ત્યાં કથીરને પણ કંચન રચવાની સદાસફળ 'નેમ' ધરનારા એક યુગપુરૂષ વિભૂતિના પધરામણા તે પરિવારના જીવનપથમાં થયા... શ્રીમતી મણિબહેનનો પૂરો પરિવાર જૈનશાસનના અમોઘ જ્યોતિર્ધારીની સમીપમાં પહોચ્યો... તે યુગપુરૂષ મહાત્માનું શુભાભિધાન હતું : પ્રખર જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા (ત્યારે પંન્યાસ પ્રવર) ''પહાણને પલ્લવ આણે...''ની ભાવત્મક પંક્તિઓનો પ્રભાવ તે મહાપુરૂષના વચન-પ્રવચન તથા જીવનના એકેક અવશેષોમાંથી સતત નીતરી રહ્યો હતો.

જે પ્રવચન ગંગોત્રીમાં સ્નાન કરીને... આત્માના કર્મમલ-મોહમલોને પખાળીને શ્રી મહાસુખ્કુમાર... શ્રી કાન્તિકુમાર તથા શ્રી મુક્તિકુમારની બન્ધુત્રિપુટી મુમુક્ષુભાવને સ્પર્શી શકી...

૧. વિક્રમના ઓગણીસમાં સૈકાની '૮૭' મી સાલ... વડીલ બન્ને બંધુઓ મુમુક્ષુભાવના પરિસ્પર્શથી સંયમના ચીર ધરવા ઉત્સુક હતા... જેના શ્રી ગણેશ માંડ્યા... દીક્ષાર્થી શ્રી મહાસુખલાલ ભાઈએ... વિ. સ. ૧૯૮૭માં વડિલબન્ધુ શ્રી મહાસુખ્કુમારે સંયમપન્થે પ્રયાણ કરી જૈનજગતના જવાહીર મુનિશ્રી રામવિજયજી પન્યાસનું શિષ્યત્વ સ્વીકાર્યું... તેમની ભાગવતી દીક્ષાનો દિન હતો... કારતક વદ ત્રીજ...

૨. માતાના અમીપાન તથા વડીલબન્ધુના આદર્શને જીવન્ત બનાવી શ્રી મુક્તિકુમાર પણ કયારનાય થનગની રહ્યા હતા. મુક્તિના મારગે મહાભિનિષ્ક્રમણ કરવા... અવિરતિ કર્મોના આવરણો અલવિદા લેતા શ્રી મુક્તિકુમારે પણ વિક્રમ સંવત ૧૯૮૯ની મહા સુદ દશમીએ અણગારનો ભેખ પકડ્યો... ધુરન્ધર ધર્માચાર્ય મુનિ રામવિજયજી પંન્યાસનું પનોતું શિષ્યત્વ ગ્રહણ કર્યું...

૩. ભાઈઓની અડધી આલમ અણધાર્યના પંથે હતી... તેમનો વારંવારનો પરિચય તથા માતાનો સદ્બોધ મળવા છતા શ્રી કાન્તિકુમારના આત્મા પર મુમુક્ષુવૃત્તિ જોઈએ તેવી અંકુરિત બની નહોતી...

યોગાનુયોગ વ્યાપારાર્થે મોહમયી મુંબઈ નગરીમાં તેમના પધરામણા થયા. કર્મના વ્યાપાર સાથે ધર્મના વ્યાપારના કમાડ પણ ત્યાં ઉઘડ્યા... અર્થ સાથે આત્માર્થની ઉપલબ્ધિઓ પણ નિરવરોધ બની...

શેઠ મોતિશા જૈન ઉપાશ્રય-લાલબાગની રણભૂમિ પર એક અજોડ ધર્મયોધ્ધાના રણટંકારો સાંભળવા મળ્યા. જેના પરિણામે મનના મોહ તથા મમત્વરૂપ દુશ્મનોના ગાત્ર શિથિલ બન્યા. આત્માર્થનો અધ્યવસાય આવિર્ભાવ પામ્યો માતાની વળી ત્યાં સોનલ હિતશીખ સાંપડી... તપેલા લોઢા પર ટીંચાયેલા તે ઘણના ઘાએ અણગારનો આકાર ધરી બેસવાની શ્રીકાન્તકુમારને પ્રબળ પ્રેરણા પૂરી પાડી...

વિક્રમની ઓગણીશમી શતાબ્દીના ૯૧માં વર્ષે શ્રી કાન્તકુમારે પણ મહાભિનિષ્ક્રમણ કર્યું. અજોડ ધર્મયોધ્ધા પન્યાસ શ્રી રામવિજયજી મહારાજને તે જ મંગલદિને મુહૂર્તે ઉપાધ્યાયપદે અભિષિક્ત કરવામાં આવ્યાં... તેઓના પણ પનોતા ગુરૂદેવ પન્યાસ શ્રી પ્રેમવિજયજી મ. ને પણ તે જ સમયે આચાર્યપદથી અલંકૃત કરાયા હતા... સાથે જ શ્રીકાન્તકુમાર પણ પ્રવ્રજિત બન્યા... ૧૯૯૧ની ચૈત્ર સુદ ચતુર્દશીનો પાવન વાસર અને રાધનપુરની જ માતૃભૂમિ... જૈનશાસનના ઈતિહાસમાં એક અવિસ્મરણીય વૃત્તનો સમાવેશ થયો.. ત્રણ ત્રણ ધર્માત્માઓના ધર્મવિજયથી...

તે નવદીક્ષિતે પણ પૂજ્યપાદશ્રીજીનું તારક શિષ્યત્વ સ્વીકાર્યું....અનુક્રમે તે ત્રણે બન્ધુઓ પરમશ્રધ્ધેયપાદશ્રીજીના ૧૮, ૨૫ અને ૩૨માં શિષ્ય તરીકે ઘોષિત બન્યા...

ગુરૂકૃપાના અમોઘ બળથી ચારિત્રની સોનેરી શાહી દ્વારા જીવનના ચરિત્રને આલેખતા તે ત્રણે બન્ધુ મુનિવરો એક દિવસ તો શ્રી જિનશાસનના પંચપરમેષ્ઠી ભગવન્તોમાં સ્થાન પામી તૃતીયપદે અગ્રેસર બની ગયા. તે સ્વનામધન્ય વીરપુરૂષો એટલે ૪...

૧. પૂજ્યપાદ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

૨. પૂજ્યપાદ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ વિજય મલયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

૩. પૂજ્યપાદ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજ.

શાસનના તે પ્રચંડ પ્રભાવક પુરૂષો હતા... દૃષ્ટિરાગના ચીથરે દુર્મત અને દુરાચારને સંતાડવા નીકળેલા શાસનના વિપ્લવભૂત તત્ત્વો તેમના પડછાયાનો આશ્રયપણ સ્વીકારી શકતા નહી... કારણ કે સચ્ચારિત્રના તેઓ નિવાસધામ સમા હતા... કારણ કે સિધ્ધાન્તોનું ખૂન્નસ તેમના ખૂનમાં ફુવારા ભરી રહ્યું હતું...

હા ! સબૂર !... આ સઘળું માહાત્મ્ય એક માતાના સત્કર્મની આરતી ઉતારવા ઈચ્છશે... એ માતાનું શુભાભિધાન હતુ... શ્રીમતી મણિબહેન... એમના શબ્દેશબ્દમાં સંયમ માવનાનો ધ્વનિ નીસરી રહ્યો હતો...

એમના એક આચરણમાંથી મુમુક્ષુભાવનું રૂદન ઝરી રહ્યું હતું... એ માતાના સંયમૈકલક્ષી સંસ્કરણ તથા તીવ્રતમ સિંચનના શુભ પ્રતાપનું જ તે પરિણામ હતું... કે જિનશાસનને ત્રણ ત્રણ સૂરિરત્નો-પ્રભાવક પુરૂષોની ભેટ મળે...

શ્રી મણિબહેનના કબીલામાં હવે પતિદેવ તથા ચરમસંતાન બચ્યા હતા. સંવેગની પ્રતિમા જેવા શ્રીમતી મણિબહેનની તે ભાવના હતી કે એમના વંશાન્વયપર પૂર્ણવિરામ મૂકાઈ જાય.. વંશવેલાના દીર્ઘતર પાપો તેમને માન્ય નહોતા..

અલબત્ત... લઘુપુત્ર શ્રી જયન્તિકુમારની અવિરતિ જોરદાર નીવડી.. માતાના સ્નેહાળ-સાદ્ર ઉદ્બોધન છતાં તેને સંયમી બનવાનો તરવરાટ નહોતો સ્પર્શતો...

"कर्मणां निर्गता गतिः ? !.... **પૂર્વકૃત કર્મોની અસરો અનુલ્લંઘ્ય હોય છે. જેને કોઈ અન્યથા કરી શકતું નથી...**" એ સિધ્ધાન્ત પચાવી ચૂકેલા આ માતાજી ભવિતવ્યતાને દોષ દઈ હવે વધુ ધર્મપરાયપણ બન્યા...

★★★★★

દાંડીઓ-હોકીઓ-લાકડીઓના ટકરાવોનું ધમસાણ મચી ગયું.. રાધનપુરની ઉભી બજાર ત્રસ્ત-વિત્રસ્ત થઈ ગઈ... નાગરાજના ફૂંફાડાથી ઉભી બજારમાં ખાસ્સી એવી દોડધામ મચી ગઈ હતી... હંમેશાં ધમધમાટ વેરતી તે રાધનપુરની બજારમાં એકવાર ઓચિંતાના નાગરાજે દર્શન દીધા.. ચમત્કાર જેવી આ ઘટના હતી, ભરી બજારે 'નાગરાજ' ના ઉતરાણ અસંભવિત હતા.. પણ એ અસંભવ સત્ય બનીને આજે દૃષ્ટિ સમક્ષ ઉભુ હતુ...

સાપના અણઘાર્યા આક્રમણથી પ્રથમક્ષણે કૌતુકવશ બનેલી જનતા વળતી જ ક્ષણે આક્રમક બની બેઠી.. અહિંસા તેમજ નિર્વધની વૃત્તિઓ અદ્રશ્ય બની. ચોમેર નાસભાગ તથા બૂમરાડે ફાળ પાડી... તોફાની યુવાનોને પર્વના દિવસો મળ્યા... તેઓ ઘાતક સાધન લઈ નાગરાજ-નિર્દોષ નાગરાજનું ઢીમ ઢાળી દેવા ધસી આવ્યા.. હા ! અફસોસ.. અહિંસાના પ્રાણો ત્યારે પીંખાવાની એરણે ચઢયાં... અલબત્ત તેને યોગાનુયોગ જ કહેવાય..

બજારમાં નિર્વધ-નિષ્ક્રૂર સાપે જ્યારે પધરામણી કરી... શ્રી મણિબહેન તેવામાં ત્યાંથી પસાર થયા.. લોકોની નાસભાગ તથા કૈંક તોફાનના વાવડ ભાળી જતાં તેમને વાર ન લાગી... તેમણે સાશ્ચર્ય સંશય અનુભવ્યો... વૃધ્ધો સાથે વાત વધારતાં પરિસ્થિતિનું બયાન તેમને જાણવા મળ્યું... વાતના અંતે તેઓની આંતરડી કકળી ઉઠી...

એક નાગરાજ જેવા પંચેંદ્રિય પ્રાણીની હિંસા તેમના હૈયે શોર્ટ ભરવા લાગી.. કારણ કે એ માતા માત્ર પોતાના સંતાનોની જ નહી હોય. એ માતાના મમત્વના ક્ષેત્રફળ તો સમસ્ત પ્રાણીગણને પોતાની પાંખમાં સમાવવા કસરત કરી રહ્યા હશે.

શ્રીમણિબહેને હિમ્મત એકઠી કરી... વેગપૂર્વક આગળ ધસી આવ્યા. જ્યાં રંગે ચઢેલા યુવાનો સાપનો પીછો કરી રહ્યાં હતા... નાગરાજ જાતબચાવ માટે હાંફળા-ફાંફળા બન્યા હતા. હિંસા તરફ પુરપાટ ધસી રહેલા યુવાવર્ગને આ માતાએ મમતાપૂર્વક અટકાવ્યો... નાગરાજ પર દયા વછૂટી... તેને જીવન્ત રાખવા અભયદાનની યાચના યાચી...

યુવાનોનો એકવર્ગ ખૂબ અકળાયો... પણ સબૂર ! એક વૃધ્ધ-માતાની અદપ તેઓને બાંધી રાખતી હતી... છેવટે લોકો ગુસ્સે ભરાઈ કહી બેઠા... "તો મણિબા... તમારા પાલવે લઈ જાઓ સાપને... બહુ વ્હાલો છે કાં.. ?" કટાક્ષ અને મઝાકભર્યા આ ઉગ્રવચનોને તે માતાએ તરત કેચ કરી લીધા... અહિંસાનું આંદોલન જગવવા તેઓ આગળ આવ્યા હતા... હવે અહિંસકતા પ્રત્યેની સમર્પણવૃત્તિને સાબિત કરવા સાફ- સાફ આગળ ધસ્યા... માનવ જ નહિ પશુઓની પણ

મમતાળુ માતાએ પોતાના સંતાનને સંકટોથી ઉગારી સ્નેહમાં સમાવી લેવા સાડલાનો પાલવ પાથર્યો... મીઠા ઉપાલંભ પૂર્વક શ્રી નાગરાજને તેમાં પધારવાને નોતરૂં આપ્યું...

અહા !! ઘોર અહિંસા...! ઝેરના ઝરાઓનેય ગળી જવાની આતે કેવી ઉદાત્ત આંતરભાવના...? ત્યાં ચમત્કાર સરજાયો... મણિ-બાના મનોભાવને પારખી ગયેલા નાગરાજ પોતાના પાલકે તરફ પ્રયાણ કરે છે... અને વિશ્વાસનીય બાના પાલવમાં તે ગોઠવાઈ ગયો... દિશાઓ પણ ત્યારે દિગ્મૂઢ બની... માનવોના મન મોહમૂઢ બન્યા... માતા મણિબા પોતાના પાલવે નાગરાજને લઈ ચાલી રહ્યાં... લોકો આ અનોખું આશ્ચર્ય નીહાળતા થાકતા નહોતા...

પહોંચ્યા સીમમાં... ને એક નિર્જન-નિર્ભય સ્થાને પાલવ ખૂલ્લો મૂક્યો... નાગરાજ સીધાજ નીકળી અભય બન્યા... મણિબહેન ત્યાંથી અપૂર્વ આત્મસંતોષને મહેસુસ કરતાં પાછા ફર્યા... પણ આ નાગરાજ પોતાની પ્રાણદાત્રી માતાને નિહાળી રહ્યાં. અનિમેષ નયને...અપલક નયને.. તેની આંખે અહોભાવના આંજણો ઉભરાવા માંડયા...

દૂરથી જ તે નાગરાજે માતા મણિબાને ત્રણવાર-ત્રણવાર અર્ધાવનત પ્રણામ કર્યા... ને તે માતા જીવનની અદ્‌ભુત ચરિતાર્થતાનું ભાથું પોટલીમાં બાંધી નિવાસે પહોંચ્યા...

★★★★★

કર્મણા વિસમા ગતિ : શ્રીમતિ મણિબહેનના જીવનનો હવે પરીક્ષાકાળ પ્રારંભાયો.. જેની અંદર તેમની સમસ્ત સાધના-શિક્ષા-સહિષ્ણુતા તથા સુયોગ્યતાની આંતર સેના એક ઘોર ચમસાણમાં ફસાવવાની છે.

પઠનકાળ જીવનના પ્રારંભે... પરોપકારકાળ જીવનના મધ્યાહ્‌ને તો પુરૂષાર્થકાળ જીવનના ઉત્તર મધ્યાહ્‌ને સફળતા પૂર્વક વીતાવનારી આ માતા હવે કર્મોની કુટીલતાની જંજીરે જકડાઈ... પતિદેવશ્રી મણિલાલભાઈની તંદુરસ્તી નાદુરસ્તી બનતી ચાલી. તેઓ પરવશ બન્યા પણ આર્યાવર્તની નારી-સન્નારી શ્રીમણિબહેન સેવાના કર્મમાં બરાબર જોડાઈ ગયા.. દુર્ભાગ્યયોગે પતિદેવની વ્યાધિના વળતા પાણી ન થયા. લગભગ એ નિયત બની ગયું હતું કે આ ઓશિકું પતિદેવનો અંતિમ શ્વાસ ઝીલી લેશે...

હા ! માતા મણિબા... અપૂર્વ ધૈર્ય અને ગાંભીર્યની મૂર્તિ તો હતી... વીર્યની કસોટીના આ સમયે હવે તેમનું વીર્ય પણ અફાટ બન્યું... પતિદેવને સમાધિસ્થ કરવા તેમણે તનતોડ મહેનત શરૂં કરી... હા! અફસોસ ! ત્યાં તો પોતાના ભવિષ્યની ચાદર જેવો આંખના દર્પણ જેવો એકનો એક આધારસ્થંભ પુત્ર જયંતિલાલ પણ હિચકારા દુર્ભાગ્ય યોગે ખોફનાક દર્દના આવર્તમાં ફસાયો ઘનિષ્ઠ ઉપચારો બાદ પણ તેનું સ્વાસ્થ્ય સ્વસ્થતાની વાટ નહોતું ચીંધતું.. ભરજોબનમાં વાર્ધક્યના ડાકલાં તેના તન-બદનપર ઘૂણી ઉઠ્યા.

હા...! પાડોશી સહુ કોઈના અંતરેથી એક કારમી ચીસ ત્યારે નીકળી જતી... સહુ કોઈ મણિબાની ચિંતા સેવતા... પણ મણિબા' તો એજ અલખની મસ્તીમાં મસ્ત હતા... જીવનની સર્વસાધનાના સરવૈયાનું સુઘડ કરવ તેમણે કમ્મર કસી... પતિ તેમજ પુત્ર બન્નેની પરિચર્યા કરી.. બન્નેના આત્માને સમાધિનું અર્ઘ્ય સોપ્યું...

એકદિવસ ગંભીર બિમારીના ત્રિશૂળે પતિદેવ મણિલાલની જીવન જાજમ ચીરી નાંખી...

હા...! અફસોસ ! ક્રૂર કાળે ત્ય નવો ત્રાસ વરસાવ્યો... પતિદેવને નવકાર સંભળાવી કઈક ગદ્‌ગદ્‌ બનેલા મણિબા હજી કંઈક વિચારે ત્યાં તો પુત્રના પ્રાણો પીંખાવા લાગ્યા... અંતિમસમયની ઘટંડી રણકી ઉઠી અલબત્ત ! ધૈર્ય ગાંભીર્યની અગન પરીક્ષાની ઝાળે જલતા મણિબાએ સાધકનો વિક્રમ રજુ કર્યો...

શ્રોતાને સજળ બનાવતી આટલી બધી કફોડી સ્થિતિમાંય તે માતા સંવેગથી ચ્યુત ન બન્યાં. પુત્રનેય સમાધિના દાન કર્યા.. પુત્રના પ્રાણ પણ ઘડીભરમાં છીનવાઈ ગયા..

પતિદેવ તથા પુત્ર... બન્નેના શબો ઘરે એકી સાથે પડયાં... આકાશ પણ રડી ઉઠયું.. શેરીઓ સજ્જડ બની.. પાડોશી પીડાવા લાગ્યા... પણ મણિબા'નું વિરક્ત મન ઝૂમકાર કરતું રહ્યું..

પિતાપુત્રની અંતિમયાત્રા સાથે નીકળી... રડમસ સાદે સહુ માનવો મહેરામણ બની ઉભરાયા.. પણ તેમની આંખો તો આ આદર્શ ઉપદેશ જેવા મણિબા પર રડી રહી...

આ મણિબાએ બેસણા'ના મરણોત્તર વિધાનમાં પણ રૂદન પર પ્રતિબન્ધ લાધ્યો.. નવકારવાળીનો રાબડો રજૂ કરી સહુને પંચ પરમેષ્ઠીના ધ્યાનમાં તલ્લીન બનવા પ્રેર્યા... ધન્ય તે માતાને...

ધન્ય તેના અનાહત આત્મશૃંગારને...

(મમતા અને વિષમતાના વિષચક્રમાં પળ પળે વીંધાતી જતી અને વધેરાતી જતી આજની અદ્યતન દુનિયા ભારતીય નારીની ભીતરમાં સંતાયેલા ઉપરોક્ત આદર્શને શું નિહાળી શકશે ?

દુનિયા અને તેના દર્દનાજક પ્રયોજનો પાછળ આંધળી દોટ મૂકાવનારી બહોળી જૈન-જનતાને પણ શું બા મણિ-બા' નામક ધર્મજનેતા નહિ જ ઢંઢોળી શકે ?.. ઉત્તર અધ્ધરતાલ ઝૂલે છે; વાચકોના વિચાર વિશ્વમાં...)

શ્રી મહાવીર શાસનના તંત્રી

શ્રી મગનલાલ ચત્રભુજ મહેતાનું અવસાન

શ્રી મહાવીર શાસનના તંત્રી મહેતા મગનલાલ ચત્રભુજ જામનગરથી ૧૪-૧-૨૦૦૦ના રાજકોટ પૂ. ગુરુદેવ શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ને વંદન કરતા આવ્યા હતા. તે વખતે કહ્યું હવે મારૂ પુરૂ થયું છે. ત્યારે પૂ. ગુરુદેવે આશ્વાસન આપ્યું. પછી પોરબંદર ગયા ત્યાં હાર્ટ એટેક આવતાં હોસ્પિટલમાં ૫/૬ દિવસ દાખલ કર્યા હતા તા.૨૩-૧-૨૦૦૦ના સાંજે નવકાર મંત્ર શ્રવણ કરતાં અવસાન પામ્યાં. તેમજ જામનગર લાવ્યા અને તા. ૨૪-૧-૨૦૦૦ના સવારે અંતિમ યાત્રા નીકળી હતી.

આ જીવન ભેખધારી મગનલાલભાઈના જવાથી શ્રી મહાવીર શાસનનું ૪૬ વર્ષ સુધી સફળ સંચાલન કરનારની મોટી ખોટ પડી છે. તેઓ પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. ના પ્રવચનથી પ્રભાવિત થયા હતા. પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ના પરિચયથી વિશેષ ભાવના વધી હતી. પૂ. જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની દીક્ષા ૨૦૧૦માં થઈ ત્યારે શ્રી મહાવીર શાસનના તંત્રી તરીકે અને શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડારના ટ્રસ્ટી રહી જૈન શાસન તથા સાહિત્ય પ્રકાશનની પણ જવાબદારી સારી રીતે સંભાળી હતી.

પૂ. જિનેન્દ્ર સૂ. મ. ની દીક્ષા વખતે જ ૪૨ વર્ષની વયે બ્રહ્મચર્ય લીધું હતું. અને તેમના ધર્મપત્ની શ્રી તારાબેને પૂ. સિદ્ધિ સૂ. મ. પાસે જઈ બ્રહ્મચર્ય લીધું હતું. ૮૯ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ પામ્યા છે. તેમના ધર્મપત્ની શ્રી તારાબેન ચિ. પુત્ર મહેન્દ્રકુમાર તથા ચિ. પુત્રી કુંદનબેનને પણ આઘાત લાગ્યો છે તેમને અમે હમદર્દી પાઠવીએ છીએ.

તેમનો આત્મા જ્યાં હોય ત્યાં જૈન શાસન પામી શિવસુખ પામે એ જ અભિલાષા

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ તથા
શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ.

શ્રી મહાવીર શાસનના તંત્રી શ્રી મગનલાલ ચત્રભુજ મહેતા

શ્રદ્ધાંજલી અંક

શ્રી મહાવીર શાસનના ૪૮ વર્ષના બહોળા પ્રચાર અને શાસન પ્રચાર તથા સિદ્ધાંત રક્ષાના કાર્યના સાથી અને સાક્ષી શ્રી મહાવીર શાસનના સં. ૨૦૧૦ થી ૨૦૫૬ સુધી ૪૬ વર્ષ સુધી તંત્રી પદ સંભાળનાર મહેતા મગનલાલ ચત્રભુજ તા.૨૩-૧-૨૦૦૦ પોરબંદરમાં એટેક આવતા અવસાન પામ્યા છે. તેમને જામનગર લાવી તા.૨૪-૧-૨૦૦૦ના અંતિમ વિધિ થઈ હતી.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર તથા હર્ષપુષ્પામૃત જ્ઞાન ભંડાર ટ્રસ્ટ તથા શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલાના કાર્યકર્તા રહી તેમજ ખૂબ શાસન સેવા કરી છે તેમજ શાસન શ્રદ્ધા, સિદ્ધાંત પ્રેમ અને ધર્મ રક્ષા માટે અપાર રસ હતો તેમના દીર્ઘ જીવનમાં અનેક ધર્મના કાર્યમાં રસ લીધો છે. બહોળા પરિચયમાં અનેક પૂ. આચાર્યદેવ આદિ તથા સાધર્મિક બંધુઓના પરિચયમાં આવ્યા છે. તે નિમિત્તે શ્રી મહાવીર શાસનનો વૈશાખ માસમાં જુન માસનો અંક શ્રદ્ધાંજલિ અંક તરીકે પ્રગટ કરવાનો છે.

પૂ. આ. ભગવંતો આદિ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજોને શુભ આશિષ મોકલવા તથા સાધર્મિક બંધુઓ તેમના પરિચયનો શ્રદ્ધાંજલિનો લેખ વિગેરે મોકલવા નમ્ર વિનંતી છે.

આ શ્રદ્ધાંજલિ અંકમાં શ્રદ્ધાંજલિ આપવા માટે પણ ભાવિકોને નમ્ર વિનંતી છે.

શ્રદ્ધાંજલિ અંક માટેની યોજના ■ ૧ પેજ રૂા. ૫૦૦ ■ અડધું પેઈજ રૂા. ૩૦૦ ■ ૧/૪ પેઈજ રૂા. ૧૫૦

આ રીતે આપ આપની ભાવના મુજબ તથા વર્તુળમાં પ્રેરણા કરીને શ્રદ્ધાંજલિ મોકલશો.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (ગુજરાત) ભારત

સમાધિને પામવાનો રાજમાર્ગ..

- અ. સૌ. અનિતા શાહ અકોલા.

ગૃહસ્થ પણામાં પણ જો સાચા સુખ અને શાંતિનો અનુભવ કરવો હોય તો 'કમખાના' અને 'ગમખાના' એ મંત્રને જીવનમાં વણવો ખૂબ જ જરૂરી છે. તેમજ જરૂર વિના કોઈની પણ સાથે બોલવું નહિ. કામપૂરતું બોલવું પડે તો બોલો તે પણ પરિમિત, હિતકર, અને મધુર બોલો. કટુ-કડવાશ વધારનારી, મર્મભેદી ભાષા તો બોલવી જ નહિ. બે શબ્દથી કામ પતે ચાર શબ્દ ન બોલો. અવસરે કઠોર થવું પડે તો પણ હૈયું તો કોમલ જ રાખો. સાંભળનારને પણ એમ જ લાગે કે આ 'હિત' ને 'કલ્યાણ'ને, 'સારા' ને માટે જ બોલે છે. કામ વિના વગર લેવેદેવે બહુ બોલ બોલ કરનારને લોક 'વાયડો' 'વાતોડિયો' કહે છે તેમજ તેનો વિશ્વાસ પણ કરતું નથી.

આજે દુનિયામાં 'પારકી પંચાત' થી જે નુકશાન થયું છે, થઈ રહ્યું છે તે સૌના અનુભવમાં છે. નવે રસો કે ષડ્રરસોને ટપી જાય તેવો 'નિંદારસ' સૌને 'અમૃતના પાન' સમાન લાગે છે અને પછી તેમાંથી જે 'હોળી' સળગે છે તેને બૂઝવવા 'ફાયર બ્રીગેડ' વાળા પણ સમર્થ બનતા નથી. તેની જવાલાઓ અનેકને દઝાડે છે, કૈંકના જીવન બરબાદ કરે છે. કૈંકના સુમધુર સંબંધોને બાળીને ખાખ કરે છે. જેઓ એક બીજા વિના એક ક્ષણ પણ રહી શકતા ન હતા તેઓ એક બીજાનું મોઢું જોવામાં મહા પાપ માને છે એટલું જ નહિ પણ એક બીજાનું નામ સાંભળતા ય સળગી ઊઠે છે. અને આને 'ફેશન' માનનારાના પગ નીચે જ્યારે રેલો આવે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે, પાછા પણ ન ફરી શકાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હોય છે.

■ માટે ■

'કોઈની પણ નિંદા કરવી નહિ કે સાંભળવી પણ નહિ' પરન્તુ કોઈ પણ નિંદા કરવા 'મૂંગો', સાંભળવા 'બહેરા' અને જોવા માટે 'આંધળા' બનીશું - આ ગુણ જો જીવનમાં આવી જશે તો જીવન સુમધુર બની જશે. આપણી કોઈ નિંદા કરે તો આપણી મનઃસ્થિતિ કેવી થાય છે તે આપણી જાણ બહાર નથી તો પછી બીજાની નિંદા કરવાનો કે સાંભળવાનો આપણને હરગીજ અધિકાર નથી જ.

● કારણ...કે ●

કોઈપણ નજીકની વ્યક્તિ ચાહે તે મિત્ર હોય યા સંબંધી હોય કે પરિચિત હોય - તે આપણી નિંદા કરે છે એમ સાંભળવા મળે ત્યારે વિશેષ ચકાસણી કર્યા વગર જ તેના શબ્દોને 'બ્રહ્મવાક્ય' 'સત્ય' માનીને આપણે ખળભળી ઊઠીએ છીએ. તેના શબ્દોનો પ્રતિઘોષ આપણા અજ્ઞાત મનમાં ગુંજ્યા જ કરે છે. તે વાત વિના બીજો વિચાર પણ આપણે કરી શકતા જ નથી. તેથી ઊંઘ નિંદણ-વેરણ થઈ જાય છે, બેચેનીથી આપણે 'બિમાર' જેવા થઈએ છીએ અને 'બદલા'ની ભાવનામાં ઓતપ્રોત બની બધું જ ભૂલી જઈએ છીએ.

● પરન્તુ ●

એક પળ માટે ય સ્વસ્થ બનીને આપણે એનો વિચારી શકતા નથી કે આ બધું શા માટે ? રાઈનો પહાડ કરવાની શી જરૂર છે ? શું આપણું મન એટલું બધું 'કમજોર' છે કે કોઈ દ્વારા બોલાયેલા શબ્દોની સત્યતા ચકાસવા જેટલી ય 'ધીરજ' દાખવી શકતું નથી ! **બીજાઓ નુકશાન પહોંચાડે તેના કરતાં વધુ નુકશાન આપણે જ આપણી જાતને પહોંચાડીએ છીએ.** એક માણસ કોઈ કમનસીબ પળે એવું એકાદ વાક્ય બોલી ય ગયો હોય અને બોલ્યા બાદ ભૂલી ય ગયો હોય, પરન્તુ આપણું 'વિદ્રોહી' અને 'ઝઘડાખોર' માનસ કેટલી બધી ઉથલ પાથલ મચાવી દેતું હોય છે.

■ માટે વિચારો કે ■

કરૂણા, હૃદયની વિશાલતા, ક્ષમા અને સમતોલ મન : આ બધા સચ્ચારિત્ર્યની ઈમારતના પ્રાણભૂત પાયા છે. ક્ષમા-પ્રદાનમાં જે લિજ્જત છે, અનોખી મસ્તીનો આનંદ છે, ઉલ્લાસ ઉમંગ છે તે પ્રતિશોધના સહરાના રણમાં ભટકવામાં નથી. આપણું સાચું કર્તવ્ય એ છે કે દૈનિક વ્યવહારમ લાલચ, દુઃખ અને ટીકાઓ સામે આપણે નૈતિક હિંમતથી ટકી રહીએ, ઈર્ષ્યાવૃત્તિ અને વૈરના વમળોમાં ફસાયા વગર મનને શાંત, સ્વચ્છ અને સ્વસ્થ રાખીએ. **નિંદાથી બચવાનો રામબાણ ઈલાજ છે પોતાની જાતને અહર્નિશ સુધારતા રહેવાની તૈયારી અને આત્મનિરીક્ષણ** ભૂલ થાય તો તરત જ ભૂલનો સાચા ભાવે સ્વીકાર અને ફરી ન થાય તેનો એકરાર કરવાની માનસિક તૈયારી. ભૂલ બતાવે તો રાતાપીળા થવાને બદલે શાંતિથી સાંભળવાની સાહજિક 'સરલતા' બીજાના સ્વામી 'બોસ' તો સહુ બને પણ **પોતાની જાતનો જ જે 'માલિક' બને તે જ 'મરદ !' તે જ ધર્માત્મા !** નિંદાને ભૂલે, ભૂલોને સ્વીકારે, 'મારી ભૂલ થઈ ગઈ' ના પરમાર્થને પામે તે જ સાચા આત્મિક સુખ-શાંતિ અને સમાધિના પારણે ઝૂલે અને આત્મ સમૃદ્ધિમાં મહાલે ! સુજ્ઞેષુ કિં બહુના ?

★★★★★★

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

મંદિરના શિખર પર ધજા ચડાવવા કઠેડા કે પાંજરા બાંધવાથી આશાતના

ભૂધરભાઈ વોરા
દર્શનમ્ (નિવાસ) ૭, પત્રકાર સોસાયટી,
જામનગર. ફોન : ૫૫૯૩૭૩,
૬૭૬૫૧૯ ફેકસ : (૦૨૮૮) ૬૭૫૯૮૯

ધર્મશાસ્ત્ર અને શિલ્પશાસ્ત્રને જેને દેવસ્વરૂપ માનેલ છે, તેવા જૈન મંદિરોનાં શિખરો ઉપર હાલમાં ધાતુની સીડીઓ અને શિખરના ઉપરના ભાગે પ્રદક્ષિણા ફરી શકાય, તેવા ધાતુના પાંજરાઓ બનાવવાનો નવો રિવાજ પ્રચલિત થયો છે.

કોઈપણ કલાપ્રિય કે ધર્મપ્રિય મનુષ્ય મંદિરોના ઉપરના ભાગે આવું પાંજરૂં બનાવેલું જુએ, ત્યારે તેને આઘાત અને ગ્લાનિ થયા વિના રહે નહિં. આવા પાંજરાઓ બનાવવાનું જો જરૂરી હોત, તો શિલ્પશાસ્ત્રની રચના કરનારે તેનો વિધિ જરૂર બતાવ્યો હોત, પરંતુ શિલ્પશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રના કોઈ ગ્રંથમાં તેનો ઉલ્લેખ સરખો નથી.

શિલ્પશાસ્ત્રમાં સ્પષ્ટ જણાવેલ છે કે, શાસ્ત્રના માર્ગના ત્યાગને કરીને પોતાની બુદ્ધિ મુજબ કોઈપણ નવો રિવાજ કરવામાં આવે છે, ત્યારે સમસ્ત ફળનો નાશ થાય છે. હજારો વર્ષથી આ દેશમાં મંદિરો બંધાય છે અને તે બધાની ધ્વજાઓ દર વર્ષે વર્ષગાંઠે બદલવામાં આવે છે. છેલ્લા દશક પહેલાં ધ્વજા બદલવા માટે સીડી અને પાંજરા નહોતાં, ત્યારે પણ ધ્વજા બદલાતી હતી. હજી પણ શત્રુંજય, તારંગા, ગિરનાર, રાણકપુર વગેરે જગ્યાએ સીડી અને પાંજરા વિના જ ધ્વજા બદલવામાં આવે છે.

ધ્વજા બદલવા માટે શ્રાવકોએ મંદિર ઉપર ચડવું જ જોઈએ, એવો કોઈ ધાર્મિક નિયમ હોય, તેવું જાણવામાં નથી. જે તરફથી ધ્વજા ચડાવવાની હોય, તેની પાસેથી જે માણસ શિખર ઉપર ચડી શકે તેમ હોય, તે ધ્વજા લઈને ઉપર જાય અને ધ્વજા બદલવાનું કામ કરે તેવી પધ્ધતિ હજારો વર્ષથી ચાલે છે અને તે જ વધુ યોગ્ય છે.

શ્રાવકોમાં એવી માન્યતા છે કે, નીચે પ્રતિમાજી હોય તો તેના ઉપરના ભાગમાં ચાલવું કે ઉભા રહેવું જોઈએ નહીં, કારણકે તેમ કરવાથી દોષ લાગે છે. આ માન્યતા મુજબ તો અનિવાર્ય જરૂરત ન હોય, ત્યાં સુધી શ્રાવકોએ મંદિરના શિખર ઉપર ચડવું જોઈએ નહિ, કારણકે મંદિરના પાછળના ભાગે પાંજરાના જે ભાગમાં શ્રાવકો ઉભા રહે છે, ત્યાં જ નીચે પ્રતિમાજી હોય છે. એટલે પોતે ચડવા કરતાં માણસ દ્વારા ધ્વજા ચડાવવી તે વધુ યોગ્ય છે તેમ છતાં પોતાના હાથે જ ધ્વજા ચડાવવી તેઓ આગ્રહ હોય, તો તેના માટે નીચે ઉભા રહીને ધ્વજા ચડાવી શકાય તેવો બીજો માર્ગ કાઢી શકાય તેમ છે, તે આપણે અંતમાં જોઈશું.

આચાર દિનકર નામના વર્ધમાન સૂરીજીએ રચેલા વિધિવિધાનના જૈન ગ્રંથમાં તથા શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં પ્રાસાદને દેવ - સ્વરૂપે વર્ણવેલ છે. તેમાં પ્રતિમા આત્મા છે અને પ્રાસાદ દેહ છે તેવો અર્થ આપેલો છે. આમાલસાર ગ્રીવા (ડોક) છે એને કળશ મસ્તક છે તથા ધ્વજા તેના કેશ છે, તેમ જણાવેલ છે. પ્રતિમાના દેહસ્વરૂપ પ્રાસાદ ઉપર, પોતાની માન્યતા મુજબની સગવડ માટે, જેમ મજૂરના માથે ટોપલો ચડાવે, તેમ પાંજરા અને સીડીઓ ચડાવવી, તે ઘણો મોટો અવિનય ગણાય.

આ પાંજરા અને સીડીથી મંદિરનો દેખાવ ચબુતરા જેવો અને તેથી પણ બદતર થઈ જાય છે. તથા શિલ્પસ્થાપત્યનું બધું જ સૌંદર્ય તેથી હણાઈ જાય છે. દુઃખની વાત તો એ છે કે પોતાના બાંધેલા મંદિરો ઉપર આવા પાંજરા ચડાવીને તેનું સૌંદર્ય હણી નાખનારા શ્રાવકોનો વિરોધ શિલ્પીઓ પણ કરતા નથી. આમલસારને પ્રાસાદની ગ્રીવા એટલે ગળું માનવામાં આવ્યું છે. કઠેડાથી પ્રાસાદનું ગળું દબાય છે. અને આવું કરવું એ ઘણીવાર અનર્થને નોતરનારૂં બને છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે, સાંપ્રત સમયના આ ટુંકા ગાળામાં દેવસ્વરૂપ પ્રાસાદો ઉપર ધાતુઓના પાંજરાઓ કે પથ્થર લગાડીને, આપમતિથી મનસ્વી રીતે જે કાંઈ અશાસ્ત્રીય અને આશાતનાકારક રિવાજ શરૂ કરવામાં આવ્યો હોય, તેના દાખલા લઈને ગતાનુગતિક રીતે હવે વધુ મંદિરો ઉપર એનો અમલ કરવામાં ન આવે તો સારૂં, તેમજ જ્યાં આવું બાંધકામ થયું હોય, ત્યાંથી સીડી - કઠેડા આદિ હટાવી લેવામાં આવે એ અત્યંત જરૂરી છે.

પ્રાસાદ દેવસ્વરૂપ અને પ્રતિમાજીના દેહસ્વરૂપ હોવાથી પ્રતિમાની જેમ જ તેને પણ પવિત્ર જળથી અભિષેક કરવામાં આવે છે, તે પ્રતિષ્ઠાવિધિના જાણકારોને તો સમજાવવું પડે તેમ નથી જ. આ જાણકારોએ આ દુષ્ટપ્રથા ઊંડા મૂળ ઘાલે, તે પહેલાં જ તેને ઉખેડી નાંખવાનો પુરૂષાર્થ કરવો જરૂરી છે.

પ્રાસાદના ઉપર ચડવું પડે નહિ અને શ્રાવકો પોતાના હાથે ધ્વજા ચડાવી શકે, તેવું કેવી રીતે બને, તે હવે જોઈએ. અપરાજિત પૃચ્છા નામના શિલ્પ ગ્રંથમાં ધ્વજદંડની પાટલી સાથે ચારેકેદ્રે બે ગરગડીઓ લગાડવાની આજ્ઞા આપેલી છે, તે મુજબ સાંપ્રાત કાળમાં પણ મોટો ધ્વજદંડોની પાટલી સાથે ગરગડીઓ લગાડવામાં આવે છે અને તેમાં સાંકળ પરોવીને તે દ્વારા જે દોરીમાં ધ્વજા પરોવવામાં આવે છે તેને ઉપર ચડાવીને ધ્વજદંડની પાટલી સાથે સંલગ્ન દેવામાં આવે છે, આ સાંકળ એટલી લાંબી રાખવી જોઈએ કે તેના દ્વારા ધ્વજા પરોવવાની પિત્તળ દંડી જગતી એટલે ઓટલાના મથાળા સુધી નીચે ઉતારી શકાય અને તેમાં ધ્વજાને ધ્વજાદંડી પાટલી સાથે સંલગ્ન કરી શકાય, ત્યાર પછી જે માણસ શિખર ઉપર ગયો હોય, તે સાંકળને ધ્વજાદંડ સાથે સજ્જડ બાંધીને નીચે ઉતરી જાય, તો શ્રાવકોને શિખર ઉપર ચડવું પડે નહિ અને તેઓ ધ્વજા પોતાના હાથે ચડાવી શકે તથા પ્રદક્ષિણા પણ નિર્ધારિત પ્રદક્ષિણા માર્ગ ઉપર જ કરી શકે.

સાંકળની લંબાઈ ઓછી રાખવી હોય તો સાંકળના બન્ને છેડે મજબૂત સુતરની દોરી બાંધી શકાય. ધ્વજા ઉપર ગયા પછી વધારાની દોરી છોડી લેવામાં આવે અને સાંકળને ધ્વજદંડ સાથે બાંધી દેવામાં આવે, તેમ પણ કરી શકાય. પરંતુ પાંજરા તથા સીડીઓ કરવી તે ધર્મશાસ્ત્ર કે શિલ્પશાસ્ત્રની દ્રષ્ટિએ વાજબી નથી જ. કારણ શાસ્ત્ર વિરૂધ્ધનો આવો કાયમી મનસ્વી વધારો સમસ્ત પુણ્યફળનો નાશ કરનારો બને છે.

(આજકાલ ૧૭-૮-૯૯)

છેલ્લાં થોડાક સમથી મંદિર નિર્માણના વિષયમાં આશાતનાનો એક નવો જ પ્રકાર ઉમેરાયો છે અને દિવસે દિવસે એ રૂઢ-દ્રઢ બનતો જાય છે. આ આશાતના મંદિરના શિખર પર ધજા ચડાવવી ફાવે એ માટે કઠેડો અને જાળી કરવાના રૂપમાં ફેલાતી જાય છે. આ સગવડનો ઉપયોગ વર્ષે એક જ વાર કરવાનો હોય છે. આ તો જાણે ઠીક, પણ શાસ્ત્રીયતાનો ભોગ લેવા પૂર્વક અને બારે મહિના સુધી મંદિર શિખરની શોભાને કદરૂપી બનાવીને આ સગવડતા અપનાવવી જે ગતાનુગતિકતા વિસ્તાર પામી છે આ ખૂબ જ ખેદજનક છે. આપણે પ્રતિમાજીને તો પૂજ્ય પવિત્ર માનીએ છીએ જ, પર સંપૂર્ણ મંદિર પણ પવિત્ર અને પૂજ્ય છે. માટે જ મંદિર શિખર કળશના અભિષેક કરવાનું વિધાન છે. મંદિરની આ પવિત્રતા સમજાઈ નથી, માટે જ શિખર પર લોઢાનાં કે અન્ય ધાતુની જાળી કઠેડા આદિ ઠોકી બેસાડી મંદિરની શોભા ખતમ કરવાનું કાર્ય આજે વિસ્તરી રહ્યું છે. ગતાનુગતિક રીતે અપનાવાતી આ આશાતના સામે લાલબત્તી ધરતો આ લેખ સૌ કોઈએ અને વિશેષ કરીને ટ્રસ્ટીઓએ વાંચવા-વિચારવા વિનંતી છે.

- સંપાદક

વૈભવમાં પણ વિરાગ

ભરત ચક્રવર્તી જીવચન જીવવા છતાં વૈરાગી હતા. તેઓની યોગ સાધના જોરદાર હતી વૈરાગ્ય વારે - તહેવારે પ્રગટી ઉઠતો. સિંહાસન પર બેસવાનું થાય ત્યારે વૈરાગ્ય તેમને સાવચેત કરી દેતો. મનમાં હાયકારો થઈ જાય. આ કેવું સિંહાસન ? આ સિંહાસન મને પછાડશે ? એમ દરેક સંસારીક પ્રવૃત્તિઓ કરતાં તેમને ભય સતાવતો હતો. બસ ! એક જ વિચાર આવતો કે આમાં માર્યું થશે શું ? તીવ્ર વૈરાગ્યથી આ બધુ તેમને આકરું લાગતું હતું.

જેમ કોઈ સજ્જન માણસ હોય, અને સારા ઘરની રૂપાળી કન્યા મળી, પરણ્યો પણ ખરો. પત્ની પણ શાંત સ્વભાવવાળી હતી. સેવાભાવી પણ હતી પરંતુ થોડા સમય પછી સમાચાર મળ્યા કે ''પોતાની પત્નિનાં જીવનમાં ઘોલમાલ છે. તેની ચાલ-ચંગાત સ્વરી નથી.'' તો હવે શું કાઢી મુકાય ? ના, નભાવ્યે જ છૂટકો તે નભાવતો હોય તો પણ તે અર્ધાંગની કેવી લાગે ? કહો કે આકરી લાગે દિલને ખેદ જ રહ્યા કરે.

એમ, ભરત મહારાજાને ચક્રવર્તીપણાની સઘળી સામગ્રી કુલટા નારીની જેવી લાગતી હતી. દિલમાં એ સામગ્રીનું સ્થાન ન હોતું દિલ ઉઠી ગયેલું અવી વૈરાગ્ય સાધના ભરત મહારાજાની હતી. વૈરાગ્યના યોગથી મન એવું વાસિત થઈ ગયેલું કે આરિસાભવનમાં આંગળીમાંથી એક વીંટી નીકળી ગઈ એ જ વૈરાગ્યની વિચારણાનું નિમિત્ત મળ્યું આ નિમિત્તના સથવારે અનિત્યતાનો ઘોધ જળકળી ઉઠ્યો. એક પછી એક આભુષણો ઉતરવા લાગ્યા વૈરાગ્યના બોધે એવા ભાવિત કર્યા કે આ જ શોભા મારી છે. આભૂષણોની શોભા નકામી છે. ત્યાં જ વૈરાગ્ય વાસિત થયેલ બોધ ઠેઠ વીતરાગ દશા સુધી પહોંચાડી ગયો ભરત મહારાજાનો.

- શ્રી વિરાગ

૨૦૫૫ની સાલે કલકત્તાનો સૂર્યોદય કેમ થશે ?

પૂ. આચાર્યદેવ શ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ

શંકા : ૨૩૩ : કલકત્તાના પંચાંગ મુજબ ઉદયાત્ ચોથ (ભાદરવા સુદ. ૪ - સંવત્સરી) તો મંગળવારે જ હતી, તો ત્યાં સોમવારે અનુદયાત્ ચોથે સંવત્સરી કરનારને ઉદયાત્ સિદ્ધાંતને વળગી રહેનાર કેમ કહી શકયા ?

સમા. : જો કે આ પ્રશ્નનો જવાબ આપવો હવે અપ્રાસંગિક છે, કેમકે આ વર્ષે આવેલ સંવત્સરી વીતી ગઈ છે. છતાં આ પ્રશ્ન જિજ્ઞાસાના ઘરનો હોઈ તેમજ સૈદ્ધાંતિક એક વિષયને સ્પર્શનો હોઈ એ અંગે વિચારવું જરૂરી પણ જણાય છે. વિ. સં. ૨૦૧૪ સુધી તપાગચ્છીય સકળ શ્રીસંઘ ચંડાંશુચંડુ પંચાંગમાં બતાવ્યા મુજબ જોધપુરની ઉદિત તિથિને પ્રમાણ માની સંવત્સરી (આદિ દરેક પર્વાપર્વતિથિ) દિન નક્કી કરતો હતો અને તે મુજબની ઉદયાત્ તિથિએ જ સંવત્સરી આરાધન કરવું, એ કર્તવ્ય હતું. વિ.સં. ૨૦૧૪ થી સકલ શ્રમણ સંઘે (તપાગચ્છીય) એકમતે ચંડાંશુચંડુને સ્થાને મુંબઈથી બહાર પડતા 'જન્મભૂમિ' પંચાંગનો તિથિદિન નિર્ણય માટે સ્વીકાર કર્યો. ત્યારથી 'જન્મભૂમિ' પંચાંગ મુજબની ઉદિત તિથિના દિવસે જ સકલસંઘની આરાધના થાય, એ જોવાનું સકલસંઘનું કર્તવ્ય હતું. એ કર્તવ્યને એકનિષ્ઠાથી બજવતો વર્ગ એ જન્મભૂમિ પંચાંગ મુજબ - મુંબઈની ઉદિત તિથિ અનુસાર જ સર્વત્ર આરાધના કરતો - કરાવતો આવ્યો છે. ગામેગામના સૂર્યોદયાદિ અલગ અલગ હોય, તેથી કોકવાર અલગ અલગ ગામોના પર્વતિથિ કે તિથિના દિવસો (વાર) પણ અલગ અલગ આવે છે. તેથી ગામેગામના સૂર્યોદયાદિ મુજબ દરેક ગામના અલગ અલગ તિથિદિનનો નિર્ણય થાય અને તે તે દિવસે તે તે ગામમાં તે તે પર્વાદિની આરાધના થાય, એવી સકલ સંઘમાન્ય વ્યવસ્થા અમલી બને, તો સકલસંઘ સંપૂર્ણપણે ઉદયાત્ તિથિની સુંદર આરાધનાનો ભાગી બની શકે. પણ સકલ સંઘની એ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તો જે પંચાંગને સકલસંઘની સંમતિ મળી હોય, તેને જ પ્રમાણ માની તદનુસાર ઉદિત તિથિને જ પ્રમાણ માનવી એ સૌથી વધુ વ્યવહાર્ય છે. નહિતર ઘણી જ અનવસ્થા, અંધાધૂંધી સર્જાઈ જાય.

ચાલુ વર્ષે સકલસંઘમાન્ય જન્મભૂમિ પંચાંગમાં ઉદયાત્ ભાદરવા સુદ - ૪ સોમવાર તા. ૧૩-૯-૧૯૯૯ ના દિવસે જ હતી. મંગળવારે તો ચોથની એક મિનિટ પણ ન જ હતી, તેથી સોમવારે સંવત્સરી કરનાર પુણ્યાત્માઓ જ 'ઉદયાત્ તિથિ સિદ્ધાંતને આરાધનારા' ગણાય. મંગળવારે સંવત્સરી કરનાર મહાનુભાવને ઉદયાત્ સિદ્ધાંતને જાળવનાર કહી શકાય નહિ.

પોતે નક્કી કરેલ અશાસ્ત્રીય - મંગળવારની સંવત્સરીને સાચી ઠેરવવાની ધૂનમાં રાચતા મહાનુભાવો પોતાના મતના સમર્થનમાં કલકત્તાનું પંચાંગ ટાંકીને 'કલકત્તામાં મંગળવારે જ ઉદિત ભા. સુ. ૪ છે, તેથી સંવત્સરી મંગળવારે જ સાચી હતી' એવું પુરવાર કરવા મથી રહ્યા હતા. એમની કલકત્તા પંચાંગની વાત ઘડી પૂરતી સાચી માની પણ લઈએ, તો પણ 'કલકત્તા વગેરેમાં ઉદિત ચોથ મંગળવારે હોય મંગળવારે જ સંવત્સરી સાચી છે, માટે અમે મંગળવારે તેની આરાધના કરી છે' એવું બોલવું - માનવું નર્યો માયામૃષાવાદ છે. કારણકે ઉદિત સિદ્ધાંતને જો તેઓ માનતા જ હોત, તો કલકત્તા સિવાય અન્ય સમગ્ર ભારતભરમાં ઉદિતચોથ સોમવારે જ હતી, તો સોમવારે સંવત્સરી કેમ ન આરાધી ? ઉપરથી ઉદિત સોમવારે સંવત્સરી કરનાર પુણ્યાત્માઓને 'વિરાધક, સંઘૈય તોડનારા, કદાગ્રહી' વગેરે ઈલ્કાબ કેમ આપવા પડયા ?

આ તો થઈ જે લોકો કલકત્તામાં ઉદિત ચોથ- મંગળવારે છે, એવું કહેતા હતા, એની વાત ! પણ અમારી પાસે જે પુરાવો ઉપલબ્ધ છે, તે તપાસતાં ચાલુ વર્ષે કલકત્તામાં પણ ઉદિત ચોથ - મંગળવારે હતી એવો જે પ્રચાર થયેલો, તે અત્યંત ભ્રામક અને સકલસંઘને ગેરરસ્તે દોરનાર જ હતો, એવું સ્પષ્ટ થાય છે.

પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ વેચાતું પ્રમાણિત હિંદી દૈનિક પત્ર 'સન્માર્ગ' નામનું બહાર પડે છે જેનું રજી. નં. વાયાવાયબી/એનસી-૯૦૨ છે. જે કલકત્તાથી છપાય છે એમાં કલકત્તાનું રોજે રોજનું પંચાંગ આપવામાં આવે છે. એના સોમવાર તા. ૧૩-૯-૧૯૯૯ અને મંગળવાર તા. ૧૪-૯-૧૯૯૯ બંને દિવસના કોઠાઓ જોવાથી સાચી

પરિસ્થિતિનો સુપેરે ખ્યાલ આવી શકે તેમ છે. આ સાથે બંનેય કોઠાઓની કોપીનો ઉતારો નીચે મૂકવામાં આવેલ છે.

નીચેના કોઠાઓમાં ૧૩ સપ્ટેમ્બર ૧૯૯૯ના દિવસે કલકત્તાના પંચાંગ મુજબ ભાદ્રપદ શુકલપક્ષ ચતુર્થી ૪ સોમવાર એમ સ્પષ્ટ જણાવ્યું છે. વધુમાં 'સંવત્સરી ચતુર્થી પક્ષ' એમ પણ નીચે જણાવ્યું છે. તેમજ ૧૪ સપ્ટેબરના ખાનામાં ભાદ્રપદ શુકલપક્ષ પંચમી ૫ મંગળવાર એમ જણાવ્યું છે. સાથોસાથ એની નીચે જૈન સંવત્સરી (પંચમીપક્ષ) એમ ઉલ્લેખ કર્યો છે. આ ઉપરથી સ્પષ્ટપણે જણાય છે કે કલકત્તામાં પણ આ વર્ષે (વિ. સં. ૨૦૫૫) તપાગચ્છની સંવત્સરી ભા. સુ. ૪ સોમવાર તા. ૧૩-૯-૧૯૯૯ ના દિવસે જ હતી, એથી એ દિવસે સંવત્સરીની આરાધના કરનાર ચતુર્વિધ સંઘને કોઈપણ રીતે વિરાધક કહી શકાય નહિ. તેમની આરાધના જ શાસ્ત્રકતો છે. જ્યારે મંગળવાર તા. ૧૪-૯-૯૯ ના કલકત્તામાં સંવત્સરીની આરાધના કરવા-કરાવનાર વર્ગે શાસ્ત્રીય આરાધના કરી - કરાવી એમ કહી શકાય નહિ.

(કલ્યાણ)

પંચાંગ

કલકત્તા, ૧૩ સિતમ્બર ૧૯૯૯, રાષ્ટ્રીય તિથિ ૨૨ ભાદ્રપદ શકે ૧૯૨૧, હિજરી ૨ જમાદિ ઉસ્સાની ૧૪૨૦, બંગલા ૨૭ ભાદ્રપદ ૧૪૦૬, વિક્રમીય સંવત્ ૨૦૫૬, ભાદ્રપદ શુક્લપક્ષ ચતુર્થી ૪, સોમવાર ઘં. ૨૯/૪૫, ચિત્રા નક્ષત્ર ઘં. ૧૩/૩૮, બ્રહ્મયોગ ઘં. ૧૪/૨૩, વણિજકરણ ઘં.૧૬/૪. બાદ માં ભદ્રાકરણ ઘં. ૨૯/૪૫, દિનમાન ઘટી ૩૦/૧૭, સ્થાનીય સૂર્યોદય ઘં. ૫/૨૩, સૂર્યાસ્ત ઘં. ૫/૩૭, ચન્દ્ર તુલા માં । ભદ્રા ઘં. ૧૭/૪ સે ઘં. ૨૯/૪૫ બજે તક, વૈનાયકી શ્રી ગણેશ ચૌથ વ્રત, પત્થર ચૌથ, ચન્દ્રાસ્ત ઘં. ૨૦/૨ બને સ્થાનીય સમય । ચન્દ્ર દર્શન નિષિદ્ધ હૈ; સંવત્સરી ચતુર્થી પક્ષ, બુધ કન્યા રાશિ માં ઘં. ૭/૫૭ બજે, સૂર્ય ઉત્તરાં ફાલ્ગુની નક્ષત્ર માં ઘં. ૨૩/૪૯ બજે, રવિ યોગ ઘં. ૧૩/૩૮ તક પુનઃ ઘં ૨૩/૪૯ બજે સે ।

પંચાંગ

કલકત્તા, ૧૪ સિતમ્બર ૧૯૯૯, રાષ્ટ્રીય તિથિ ૨૩ ભાદ્રપદ શકે ૧૯૨૧, હિજરી ૩ જમાદિ ઉસ્સાની ૧૪૨૦, બંગલા ૨૮ ભાદ્રપદ ૧૪૦૬, વિક્રમીય સંવત્ ૨૦૫૬, ભાદ્રપદ શુક્લપક્ષ પંચમી ૫, મંગલવાર ઘં. ૨૯/૪૫, સ્વાતી નક્ષત્ર ઘં ૧૫/૪૮, ઐન્દ્ર યોગ ઘં. ૧૪/૩૭, બવકરણ ઘં. ૧૮/૪૨, બાદ માં બાલવકરણ ઘં. ૨૭/૪૭, દિનમાન ઘટી ૩૦/૩૪, સ્થાનિય સૂર્યોદય ઘં. ૫/૨૩, સૂર્યાસ્ત ઘ ૫/૩૭ ચન્દ્ર તુલા માં । ઋષિ પંચમી ૫ વ્રત મધ્યાહ્ન માં સપ્તર્ષિ પૂજા, જૈન સંવત્સરી, (પંચમી પક્ષ), હિન્દી દિવસ, રવિ યોગ, ઘં. ૧૫/૪૮ બજે તક, રક્ષા પંચમી (બંગાલ), મેલાપાત ૩ દિન (જમ્મૂ - કશ્મીર), ગુરુ પંચમી (ઉડીસા) ।

● જ્ઞાનગુણ ગંગા ●

શ્રાવકના મનોરથો શ્રી સ્થાનંગ સૂત્ર અધ્ય. ૩. ઉ.-૪, સૂ.-૨૧૦માં શ્રાવકના ઉત્તમ મનોરથોનું વર્ણન કરતાં સૂત્રકાર પરમર્ષિ ભગવંત જણાવે છે કે - ત્રણ મનોરથો વડે શ્રમણોપાસક (શ્રાવક કે શ્રાવિકા) મહાનિર્જરાવાળો અને મહાપર્યવસાન - સમાધિમરણાદિવાળો થાય છે. તે આ પ્રમાણે -

૧. *ક્યારે હું અલ્પ અથવા બહુ પરિગ્રહને છોડીશ ?*

૨. *ક્યારે હું દ્રવ્ય - માથાના કેશાદિનો લોચ અને ભાવથી - પાંચે ઈન્દ્રિયો અને ચારે કષાયોનો નિરોધ કરવા રૂપ લોચ, દ્રવ્ય - ભાવથી મુંડિત થઈ, અગાર - ઘર - બારાદિનો ત્યાગ કરી અણગારપણું - સાધુપણાને સ્વીકારીશ ?*

૩. *ક્યારે અપશ્ચિમ - છેલ્લી મરણાંતિક સંલેખનાની સેવા વડે સેવિત થયો થકો, ભક્તપાનનો પ્રત્યાખ્યાન કરતો થકો, પાદપોપગમન-વૃક્ષની માફક સ્થિર રહેવારૂપ કાળને ન ઈચ્છતો થકો હું વિચરીશ - અર્થાત્ અનશનનો સ્વીકાર કરીશ.*

આવી રીતે મન, વચન, કાયા વડે વિચારણા કરતો - આત્મ જાગૃતિમાં લીન બનેલો - શ્રમણોપાસક, મોટી નિર્જરાવાળો અને મહાપર્યવસાનવાળો થાય છે.

હપ્તો -૧

ગુણનિધાન = રત્નસાર

પૂ. મુનિરાજશ્રી રમ્યદર્શન વિજયજી મ.

સઘળા દ્વીપોમાં અતિશય શોભાયમાન એવો 'જંબુ' નામનો દ્વીપ છે. એમાં પણ એ દ્વીપના શણગારસમો 'ભારત' નામનો એક ખંડ છે. એમાં અતિસુંદર અને આહ્લાદકારી એવી 'ભદ્રપુરી' નામની નગરી છે. ત્યાં નીતિશાસ્ત્રમાં કુશળ અને પ્રજાજન હિતકાંક્ષી એવો પૃથ્વીપાલ નામનો રાજા રાજ્ય કરે છે.

આવા કલ્યાણકારી સ્વભાવવાળી ભદ્રપુરીમાં ન્યાયસંપન્ન, વૈભવયુક્ત અને સદાચારનું સેવન કરતો રાજાનો અતિવલ્લભ અને ધાર્મિક સ્વભાવવાળો પ્રેમચંદ્ર નામનો શ્રેષ્ઠ રહેતો હતો. અને શીલના અલંકારથી શોભતી અને ધર્મપરાયણ એવી રત્નમાલા નામની એની પ્રિયા હતી. એમને દાક્ષિણ્ય-સરળતા-પરોપકારરત આદિ ગુણોવાળો લાભચંદ્ર નામનો એક પુત્ર હતો. તે નીતિમાર્ગથી વેપાર કરતો હતો. ધર્મ, અર્થ, કામ રૂપી ત્રિવર્ગને બાધા પહોંચાડયા વગર હંમેશા હર્ષોલ્લાસપૂર્વક સદ્કાર્યો કરતા કરતા એ આનંદમય રીતે દિવસો પસાર કરી રહ્યો છે.

યૌવનવયને પ્રાપ્ત કરેલા પોતાના પુત્ર લાભચંદ્રને દુઃખ નિવારણમાં સમર્થ અને ઉત્તમકોટિના વિવેકથી ઉત્તમ થયેલી હિતકારી એવી શિક્ષા આપતા શ્રી પ્રેમચંદ્ર કહે છે કે... 'હે પુત્ર ! દુઃખની ખાણ સમા આ સંસારમાં લવલેશમાત્રપણ સુખ હોતું નથી. એથી તું આ સંસારનો ત્યાગ કરીને શાશ્વત સુખમાં કારણ ભૂત એવા સંયમનું પાલન કર...' ઈત્યાદિ અનેક પ્રકારે એને સંસારની અસારતા અને સંયમમાર્ગની સારતાનું ભાન કરાવવા છતાં જીવસ્વભાવને કારણે લાભચંદ્ર કાંઈ દીક્ષા લેવા પ્રેરિત થતો નથી. આવી અવસ્થામાં યૌવનના ઉંબરે આવીને ઉભેલા પોતાના પુત્રને વિકારની વિકૃતીથી બચાવવા માટે પ્રેમચંદ્ર એક શુભદિવસે લાભચંદ્રના લગ્ન કરાવી દે છે.

થોડા વખત પછી પોતાના પુત્રને ગૃહકાર્યાદિમાં યોગ્યતાવાળો થયેલો જોઈને અવસર પામીને પ્રેમચંદ્ર એને સુવર્ણ આદિ ધન બતાવીને હિતકારી એવી શિક્ષા આપતા કહે છે કે... હે પુત્ર ! કયારેય પણ વિતરાગ પરમાત્માની પૂજા છોડવી જોઈએ નહિ, સદ્ગુરૂ ભગવંતના મુખેથી નિકળતી વિતરાગ પરમાત્માની વાણી હંમેશા સાંભળવી, અને પોતાની શક્તિ મુજબ હર્ષોલ્લાસથી હંમેશા સુપાત્ર વ્યક્તિને દાન આપવું અને ગમે એવા સંકટોના વખતે પણ ઉભયકાળ આવશ્યક ક્રિયા એટલે કે પ્રતિક્રમણ કરવું જોઈએ. કેમ કે આ પ્રાપ્ત થયેલી લક્ષ્મી તો વાયુની જેમ ચંચળ છે. એટલે એવી લક્ષ્મીના આવવાથી કયારેય હર્ષ ન કરવો જોઈએ. અને એ લક્ષ્મી ચાલી જાય તો પણ એનો અફસોસ કે શોક ન કરવો...'' ઈત્યાદિ આત્મહિતકારી ઉપદેશ આપીને પુત્રને કહે છે કે, હવે હું દીક્ષા ગ્રહણ કરવા માટે ગુરૂના સાન્નિધ્યમાં જઉ છું. એવે વખતે મોહવાસિત એવો પુત્ર પોતાના પિતાને કહે છે કે, ''હે તાત ! અલ્પજ્ઞાની એવો હું હજી યોગક્ષેમ કરવામાં સમર્થ નથી. એટલે તમે દીક્ષા લેવાને બદલે પોતાના ઘરમાં જ રહો.'' ત્યારે વૈરાગી બનેલ પ્રેમચંદ્ર પુત્રને કહે છે કે...''હે વત્સ ! હવે મને મારા શ્વાસનો પણ વિશ્વાસ નથી તો પછી હું કેવી રીતે ગૃહવાસ કરી શકું ? તેમજ હું યમરાજનો જમાઈ પણ ન હોવાથી હવે સંયમ ગ્રહણ કરીશ જ...' આ રીતે પુત્રને ઉપદેશ આપીને પ્રેમચંદ્રે જિનાલયમાં સ્નાત્રાદિ મહામહોત્સવ કરાવીને ધનાર્થિજનોને દાન વગેરે આપીને સંતુષ્ટ કર્યા પછી શુભ સમયે ગુરૂ પાસે જઈને દીક્ષા લીધી. ત્યારબાદ વિવિધ પ્રકારના તપ તેમજ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને સારી રીતે શુધ્ધ સંયમ જીવનનું પાલન કરીને એ પ્રેમચંદ્રમુનિ કાળધર્મ પામીને દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

આગળ જતા લાભચંદ્રે ગુરૂ પાસે જઈને સમ્યકત્વ મુળ એવા બાર અણુવ્રતો અંગીકાર કર્યા. ખરેખર સજ્જન શ્રેષ્ઠી જેવા લાભચંદ્રે ધન મેળવવાની અભિલાષાના કારણે અનેક દેશોમાં વેપાર કરીને ઘણું ધન મેળવ્યું. અને ખુબ પ્રસિધ્ધી પણ મેળવી. પોતે મેળવેલા ધનને દાનપ્રવૃત્તિમાં યશાશક્તિ જોડીને એ ધનનું સાર્થક કરે છે. તેમજ વિવિધ પ્રકારના દુન્યવી ભોગો ભોગવતા દેવલોકના દેવોની માફક સુખમાં દિવસો પસાર કરે છે. એક વખતે રાત્રે અર્ધજાગૃત અવસ્થામાં સુતેલી શ્રેષ્ઠી પત્ની તારામતીએ શુભઆકારવાળું સ્વપ્ન જોયું અને એ હર્ષપૂર્વક જાગૃત થઈ. પોતાની પથારીમાંથી ઉઠીને સ્વામિનાથ

પાસે જઈને તેણીએ જોયેલા સ્વપ્નની વાત કરી. એના ખોળામાં અતિસુંદર અને મનોહર એવા સુંદર રત્નોના ઢગલા જોવા મળેલા. તેણીએ પોતાના પતિને એ સ્વપ્નનું ફળ શું મળશે ? એમ પૂછ્યું. એ વાત સાંભળીને અત્યંત હર્ષથી રોમાંચિત થયેલો લાભચંદ્ર કહે છે કે, ''હે પ્રિયે ! તને આવેલ સ્વપ્ન સૂચિત કરે છે કે આપણને અતિશોભન પુત્રરત્નની પ્રાપ્તિ થશે. એ સાંભળીને આનંદિત થયેલી તારામતી હાથ જોડીને કહે છે કે, '' હે સ્વામિન્ ! આપનું વાક્ય જ મને પ્રમાણ છે.'' આમ બોલીને ધીમે ધીમે પોતાના આવાસમાં જાય છે.

જેમ જેમ માતાના ગર્ભમાં પુત્રની વૃધ્ધિ થતી જાય છે તેમ તેમ એના ઘરમાંથી લક્ષ્મી પણ જવા માંડે છે. સગર્ભાવસ્થાના દિવસો પુરા થયા બાદ માતા તારામતી જ્યારે પુત્રનો જન્મ આપે છે ત્યારે લાભચંદ્ર અત્યંત હર્ષથી પુત્ર જન્મ મહોત્સવ ઉજવે છે. ત્યાર બાદ થોડા દિવસ પછી પોતાના સ્વજન-પરિવારજનોને બોલાવીને એમનો આદર-સત્કાર કરીને મનની વાત કરે છે. આ બાળક જ્યારે એની માતાના ઉદરમાં હતો ત્યારે એની માતાએ સ્વપ્નમાં સુંદર રત્નોનો ઢગલો જોયેલો એટલે પુત્રનું નામ 'રત્નસાર' રાખવામાં આવ્યું. બધા સ્વજનોએ એ નામ વધાવી લીધું.

બીજી બાજુએ લાભચંદ્રે દેશ-વિદેશમાં વિસ્તારેલો વેપાર મંદ પડવા લાગ્યો. અને ભાગ્યના યોગથી મેળવેલી લક્ષ્મી જલ્દીથી ખલાસ થવા લાગી. દેણું ચુકવવા માટે તથા આજીવિકા ચલાવવા માટે પોતાની પાસે રહેલા બધાય અલંકારો આભુષણો અને મકાનો પણ વેચવા પડયા. બધી સંપત્તિ જતી રહેવાથી નાના એવા કુટુંબનો નિર્વાહ ખુબ મુશ્કેલી અને દુઃખથી થવા લાગ્યો. આવા કપરા સંજોગોમાં એ શ્રેષ્ઠીને બીજા પુત્ર રત્નની પ્રાપ્તિ થાય છે. અત્યંત હર્ષપૂર્વક એ પુત્રનું નામ 'રત્નચંદ્ર' એમ રાખવામાં આવે છે. રત્નસારથી ત્રણ વરસ નાનો એવો રત્નચંદ્ર સારા લક્ષણો લઈને આવેલો છે. ગયા જન્મમાં બાંધેલા કર્મો ઉદયમાં આવવાથી લાભચંદ્ર કપરા સંજોગોમાં મુકાઈ જઈને અત્યંત દુઃખી થાય છે. ઘણી મહેનત કરવા છતાં એને થોડો પણ લાભ થતો નથી. પૈસાની જરૂરતને કારણે એ જ્યારે ઘરમાંની અમુક વસ્તુઓ વેચવા માટે લઈને બાજુના ગામે જઈ રહ્યો છે. ત્યારે એના ભારે કર્મોને કારણે રસ્તામાં જ ચોર લોકો એને લુંટી લે છે. ખરેખર ! આ વિશ્વમાં ભાગ્ય જ મહાન બળવાન છે ! એની સામે કોઈનું પણ કાંઈ જ ચાલતું નથી. આવી રીતે અત્યંત દુઃખમાં લાભચંદ્રના દિવસો પસાર થાય છે.

એક દિવસે લાભચંદ્રે પોતાની પત્નીને કહ્યું કે, '' હે પ્રિયે ! ચાલો, હવે આપણે દેશાટન કરીએ. એટલે ક્ષેત્રને અનુલક્ષીને બંધાયેલા કર્મોનો કદાચ ક્ષય થાય '' ત્યારે પતિસેવારત એવી તારામતી કહે છે કે...' હે સ્વામિન ! તમારી ઈચ્છા એ જ મારે મન પ્રમાણ છે. એટલે તમે જ્યાં જશો ત્યાં હું તમારી સાથે આવવા અને તમારો આદેશ પાળવા તૈયાર છું. છેવટે રાતના વખતે બધો વિચાર કરીને સવારે પંચપરમેષ્ઠી એવા નવકારમંત્રનું સ્મરણ કરીને એ બધા નગરમાંથી બહાર પડયા. પોતાના હૃદયમાં નવકારમંત્રને રાખીને મહાવનમાંથી ઉજજૈની નગરી તરફ આગળ વધવા લાગ્યાં. એમણે પોતાનાં બન્ને દિકરાઓના હાથમાં ભાતુ આપી રાખેલું છે. મહાવનનો માર્ગ ખૂબજ કપરો હોવા છતાં પોતાના પિતા પ્રેમચંદ્રના ઉપદેશને યાદ રાખીને લાભચંદ્ર સવાર-સાંજ એમ બન્ને વખતે પ્રતિક્રમણ તો કરે જ છે. આવી રીતે સહકુટુંબ માર્ગક્રમણ કરતા કરતા થાકી ગયેલા એ બધા જણા ઉજજૈની નગરીની નજીક પહોંચી ગયા. ત્યાં જઈને એક ઝાડની ઓથે બેઠા.

એ બધા જ્યાં બેઠા હતા ત્યાં આવીને એક માણસે એમને દુઃખી જોઈને બધી પૂછપરછ કરી. '' તમે ક્યાંથી અને શા માટે આવ્યા છો ? તમારા બધાના મોઢા ઉપર આવી ઉદાસીનતા કેમ છે ? એ બધું મને કહો.'' લાભચંદ્રને એ માણસ વિશ્વાસ મુકવા યોગ્ય જણાતાના એને પોતાની બધી કર્મકહાણી કહી સંભળાવી. એ સાંભળીને રાજપુરૂષ જેવા દેખાતા એ માણસે લાભચંદ્રને કહ્યું કે, ''અહિંઆના રાજાના આદેશથી અત્યારે એક સરોવરનું કામ ચાલી રહ્યું છે. એ જગ્યાએ ઘણા માણસો કામ કરી રહ્યાં છે. જો તું મારા ઘરની બાજુમાં રહેવા ઈચ્છતો હોય તો સર્વ સાધનોથી ભરેલું એવું એક જુનું ઘર તને આપીશ'' ? એ વાત સાંભળીને લાભચંદ્રે વિચાર કર્યો કે આ નગરીમાં મારૂ કોઈ ઓળખીતું નથી એટલે હાલમાં તો આ માણસ કહે છે તે પ્રમાણે જ કરવું ઉચિત છે. આવી રીતે વિચાર કરીને એ પોતાના કુટુંબ સાથે પેલા માણસે આપેલા ઘરમાં રહેવા ગયો. સાંજના સમયે લાભચંદ્ર એ રાજપુરૂષને પુછે છે કે, ''અહીં હું શું વેપાર કરૂ? મારી પાસે કાંઈ મુડી તો નથી.'' ત્યારે એ રાજપુરૂષ કહે છે કે, ''રાજાના આદેશથી જે સરોવરનું કામ ચાલે છે ત્યાં કામ કરનારાઓને હું યોગ્ય વેતન આપું છું. તને જો એ કામ પસંદ હોય તો શું કામ કરી શકે છે. અથવા બાજુના ગાઢ જંગલમાં જઈને દરરોજ લાકડા કાપીને શહેરમાં લાવીને વેંચી શકે છે. જેથી તારા કુટુંબનો નિર્વાહ સારી રીતે થઈ શકશે.'' એ સાંભળ્યા બાદ

લાભચંદ્રે વિચાર કર્યો કે, જંગલમાંથી લાકડા લાવવા-વેચવાનું કામ કરીને મારા કુટુંબનો નિર્વાહ કરીશ અને બાકીનો વખત પુત્રોને ભણાવવામાં વિતાવીશ. એ પ્રમાણે નક્કી કરીને હવે લાભચંદ્ર શ્રેષ્ઠી દરરોજ લાકડા લેવા-વેચવા જાય છે. તેમજ જિનાલયમાં પણ પ્રભુદર્શન માટે જાય છે અને દરરોજ સવાર-સાંજ પ્રતિક્રમણ કરે છે. તેમજ પુત્રોને ધર્મની શિક્ષારૂપ જીવ-અજીવ આદિ નવતત્ત્વોનું વિસ્તૃત જ્ઞાન આપી તત્ત્વજ્ઞાની બનાવવા માટે પ્રયત્નશીલ રહે છે. આવી રીતે અમુક કાળ પસાર થયા બાદ એકવાર રત્નસાર પિતાને પુછે છે કે, 'હે તાત ! તમે રોજ સવારે કુહાડી વગેરે લઈને ક્યાં જાવ છો ? એ મને સાચું કહો.'' ત્યારે શ્રેષ્ઠીએ કહ્યું કે, દરરોજ હું લાકડા લેવા માટે જંગલમાં જઉં છું. જંગલમાં જઈને ઝાડના લાકડા કાપીને એનો ભારો બનાવીને શહેરમાં જઈને એ ભારો વેંચુ છું અને ઘરનો ચુલ્હો ચલાવું છું. ત્યારે પુત્રએ કહ્યું કે..., ''હે તાત ! હું પણ સવારે તમારી સાથે જંગલમાં આવીશ અને તમારા કામમા મદદ કરીશ.'' બીજે દિવસે સવારે જ્યારે લાભચંદ્ર જંગલમાં જવાની તૈયારી કરે છે ત્યારે રત્નસાર પણ એની સાથે જવા તૈયાર થઈ જાય છે. મોટાભાઈને પિતાની સાથે જતો જોઈને નાનો દિકારો રત્નચંદ્ર પણ એમની સાથે જવા તૈયાર થાય છે. ત્રણેય જણાએ જંગલમાં જઈને લાકડા કાપ્યા અને શહેરમાં જઈને વેંચ્યા એટલે રોજના કરતાં દેખીતી વધારે આવક થઈ.

ઉનાળાના દિવસોમાં એકવાર સાંજની ક્રિયાઓ પતાવ્યા પછી પાડોશીઓ સાથે વાતો કરવામાં રહ્યા એટલે રાત્રે સુવાનું મોડું થયું. એથી બીજે દિવસે સવારે એ શ્રેષ્ઠી મોડા ઉઠે છે. છતાં પોતાની નિત્ય ધાર્મિક ક્રિયાઓ માત્ર અવશ્ય કરે છે એવે વખતે તારામતી વિચાર કરે છે કે, આજે મોડું થઈ ગયું હોવાથી શ્રેષ્ઠી જંગલમાં લાકડા કાપવા નહિં જાય. એટલે કંઈ સરસ મજાની રસોઈ બનાવું કે જેથી આજે શ્રેષ્ઠી ઘરે બેસીને સારી રીતે જમી શકે. એટલામાં શ્રેષ્ઠીની સામાયિક પૂર્ણ થઈ જતા એ તો રોજની માફક જંગલમાં જવા તૈયાર થઈ ગયા. એ વખતે તારામતીએ વિચાર કર્યો કે, બહાર જવાના સમયે શ્રેષ્ઠીને જમવા બેસવાનું કહેવું એ શાસ્ત્ર વચન પ્રમાણે ઉચિત નથી. એટલે તારામતીએ આહારનો ડબો ભરીને શ્રેષ્ઠીના હાથમાં આપ્યો અને કહ્યું કે, ''હે સ્વામિન ! સમય થઈ ગયો છે એટલે બાળકો માટે આ ભાતું લઈ જાવ. એ પ્રમાણે ભાતું લઈને શ્રેષ્ઠી પોતાના બન્ને પુત્રોની સાથે જંગલમાં જવા નિકળ્યો. જંગલમાં પહોંચ્યા પછી પુત્રોને કહ્યું કે.. 'હે વત્સો ! હું જંગલમાં જઈને લાકડા કાપીને આવું છું. ત્યાં સુધીમાં તમે બન્ને જણા આ ભાતું ખાઈ લ્યો.'' પિતાના કહેવા પ્રમાણે એ બન્ને દિકરાઓ ભાતું ખાવા બેસી ગયા. થોડીવાર બાદ શ્રેષ્ઠી લાકડાઓ ભેગા કરીને ત્યાં પાછા આવ્યા અને ઉનાળાની બપોરનો આકરો તડકો જોઈને વિચાર કરે છે કે, આવા તડકામાં શહેર તરફ જવું યોગ્ય નથી. એટલે બીજા પ્રહરમાં જ અહિંથી ઘર તરફ જશું. આમ વિચાર કરીને એ ત્રણેય જણા એક ઝાડના છાંયામાં આરામ કરવા બેઠા. બન્ને પુત્રો સુઈ ગયા પણ શ્રેષ્ઠી માત્ર જાગતા બેઠા હતા.

એજ વખતે એક ખેચર (વિદ્યાધર) પોતાની પત્નીની સાથે નંદીશ્વર દ્વીપની યાત્રા કરવા માટે ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યાં ઝાડની નીચે બેઠેલા શ્રેષ્ઠીને જોઈને વિદ્યાધર પોતાની પ્રિયા એવી પ્રિયદર્શનાને કહે છે કે...' હે પ્રિયે ! આકાશના અવસ્તંભ એટલે વિમાનના અવરોધનું કારણ તું આ ઝાડની નીચે જો.'' એ સાંભળીને વિદ્યાધરિણી કહે છે કે... 'હે સ્વામિન ! મે ક્યારેય પણ આવા અવરોધ વિશે કાંઈપણ સાંભળ્યું નથી એટલે તમે જ મને એનું કારણ શું છે એ સમજાવો. ત્યારે વિદ્યાધર-ખેચર કહે છે કે..''હે કાન્તા ! આવા દુઃખના દિવસોમાં પણ લાભચંદ્ર શ્રેષ્ઠી એના પિતાએ બતાવેલા વ્રતોનું સુંદર રીતે પાલન કરે છે.'' ત્યારે એની પ્રિયા કહે છે કે...'હે પ્રાણ વલ્લભ ! તમે અને આ શ્રેષ્ઠી એમ બન્ને જણા સમાન ધર્મવાળા છો. પરંતુ આ શ્રેષ્ઠિનું ધન લુંટાઈ ગયું છે. અત્યારે આપણે યાત્રાએ નિકળ્યા છીએ મને મહાપુણ્યથી આપણને મહાન મત્રિવાળા આ શ્રેષ્ઠિનો મેળાપ થયો છે. જૈન શાસનમાં ધર્મને આચરનાર ધર્મી જીવોનો સંયોગ પ્રાપ્ત થાય છે. એટલે સમાનધર્મવાળા સાધર્મિકની ભક્તિ કર્યા વગર આપણું વિમાન શી રીતે આગળ વધી શકે ? માટે આપણે આ સાધર્મિકોની ભક્તિ કરીને પછી જ યાત્રા માટે જવું એમ મને ઉચિત લાગે છે. પોતાની પ્રિયાના આ વચનો સાંભળ્યા બાદ ખેચરે એ વચનો વધાવી લીધા અને એ લાભચંદ્રની આદરપૂર્વક સાધર્મિક ભક્તિ કરવા માટે પ્રેરાયો. ખેચરે પોતાની વિદ્યાના બળથી બે મૂલિયા એ ભૂમી ઉપર મુકીને શ્રેષ્ઠીને કહ્યું કે, ''હે શ્રેષ્ઠી તું જ્યાં સુતો છે એ જગ્યાની નીચે જરા બરોબર જો. ત્યાં બે શુભ મૂલિકા છે. એ તું લઈ લે. એમાંની એકના સેવનથી રાજા બનાય છે અને બીજી મૂલિકાના સેવનથી ખાનારની આંખનાં આંસુઓ મોતી બની જાય છે.'' આમ કહીને એ ખેચર અને ખેચરી પોતાના માર્ગે આગળ વધ્યા.

હવે લાભચંદ્ર શ્રેષ્ઠી વિચાર કરે છે કે, મારે તો અદત્તાદાન ન લેવાનું અણુવ્રત છે. માટે જો હું આ મૂલિકા ગ્રહણ કરીશ તો એ વ્રતનો ભંગ થશે અને નહિં ગ્રહણ કરું તો

આ મૂલિકા અહિંઆ જ નાશ પામશે. એટલે હું આ મૂલિકા લઈ તો લઉં અને પછી રાજાને આપીશ. આવી રીતે વિચાર કર્યા પછી એ શ્રેષ્ઠી બન્ને મૂલિકા લઈને પોતાના પુત્રો સાથે ઘરે પાછા ફર્યા. રાત્રે સુતી વખતે શ્રેષ્ઠીએ પોતાની પત્નીને મૂલિકા પ્રાપ્તીની બધી હકિકત કહી. એ સમયે મોટો પુત્ર જાગતો હતો. એણે માતા-પિતાની વાતચિત સાંભળી. તારામતીએ પતીને કહ્યું કે..' હે સ્વામિન ! ફક્ત મૂલિકા લઈને રાજા પાસે જવાની તમારી વાત મને રૂચતી નથી એટલે તમે ખાંડ વગેરે સામગ્રી જલ્દીથી લઈ આવો. જેથી હું તમને રાજાને ભેટ આપવા માટે મૂલિકા યુક્ત લાડવાઓ બનાવીને આપું.' શ્રેષ્ઠીને તારામતીની આ સૂચના ગમી જવાથી એ ખાંડ વગેરે સામગ્રી લઈ આવ્યા. ત્યાર બાદ તારામતીએ એ સામગ્રીમાંથી લાડવા બનાવ્યા. અને બે મૂલિકાઓને અલગ અલગ સ્થાપન કરીને બે લાડવા અલગ જગ્યાએ મુકયા. છતા સામગ્રી વધવાથી તારામતીએ પોતાના પુત્રો માટે મૂલિકા ઔષધી વગરના બીજા બે લાડવા બનાવીને એ અલગ જગ્યાએ મુકયા અને કાંઈક કામ માટે પાડોશીના ઘરે ગઈ.

બીજી બાજુ જંગલમાં લાકડા લેવા ગયેલા શ્રેષ્ઠી અને એમના પુત્રો લાકડા લઈને શહેર તરફ પાછા ફરી રહ્યાં છે. એ વખતે બન્ને પુત્રો શ્રેષ્ઠીને કહે છે કે, અમે બન્ને ખૂબ ભુખ્યા થયા છીએ એટલે અમને નગરમાં આવવાના બદલે ઘરે જવાની રજા આપો. પુત્રોને ભૂખ લાગી હોવાથી શ્રેષ્ઠીને એમને રાજીથી ઘરે જવાની રજા આપી. બન્ને દિકરાઓ લાકડાના ભારા લઈને ઘરે આવ્યા એ ભાર નીચે મુકીને માને કહે છે કે, મા અમને બહું ભૂખ લાગી છે તો જલ્દીથી કાંઈક ખાવાનું આપ. એ વખતે ભાવિના એંધાણથી તારામતીને અલગ -અલગ મુકેલા લાડવાઓની જગ્યાનું વિસ્મરણ થાય છે. એથી તેણીએ પોતાના પુત્રોને અંદર જઈને અમુક જગ્યાએ મુકેલા બે લાડવા ખાવાનું કહ્યું. માતાના કહેવા મુજબ પુત્રોએ બે લાડવા ખાધા અને પોતાની ભૂખ શમાવી. એટલી વારમાં શહેરમાં ગયેલો શ્રેષ્ઠી લાકડા વેંચીને ઘરે આવ્યો. આવીને જમ્યા બાદ એણે પત્ની પાસે રાજાને ભેટ આપવા માટે બે મોદકો માંગ્યા. હકિકતમાં તો મોદક બદલાઈ ગયા હતા. પરંતુ તારામતીને એ વાતની જાણ ન્હોતી. એટલે તેણીએ ઘરમાં બચેલા બન્ને મોદક શ્રેષ્ઠીને આપ્યા. એ મોદક તો મૂલિકા ઔષધી વગરના હતા. એ લાડવા લઈને શ્રેષ્ઠી રાજમહેલમાં ગયો અને એણે રાજાના ચરણે એ મોદકો ધર્યા. એ જોઈને રાજાએ એને પૂછયું કે, હે નગરજન ! તમે મને ભેટ આપવા માટે આ બે મોદક કેમ લઈને આવ્યા ? ત્યારે શ્રેષ્ઠીએ પોતાને મળેલ ઔષધી મૂલિકાનો મહિમા રાજાને કહ્યો અને પોતે લીધેલા અદત્તાદાન ન લેવાના વ્રતની પણ વાત કરી. પછી રાજાને કહ્યું કે, મને બે મૂલિકા જમીન ઉપરથી પ્રાપ્ત થઈ અને આપ રાજ્યના માલિક છો એટલે મને મળેલી મૂલિકાઓ ઉપર આપનો હક્ક છે. એથી તમે મૂલિકાઓથી યુકત એવા આ મોદકોને ગ્રહણ કરીને મને કૃતાર્થ બનાવો'' આવા વચનો સાંભળીને ખુશ થયેલો રાજા લાભચંદ્રને પૂછે છે કે... 'હે મહાનુભવ ! તમે કયાંના રહેવાવાળા છો અને આ નગરમાં તમારૂ રહેઠાણ કયાં છે ? એ મને કહો. ત્યારબાદ લાભચંદ્રે પોતાની બધી કહાણી રાજાને સંભળાવી. એ સાંભળીને રાજાએ કહ્યું કે, '' હે સુધન્ય ! તું ખરેખર ધન્યવાદ ને પાત્ર છે એટલે જ તું અદત્તાદાન ગ્રહણ કરતો નથી.'' શાસ્ત્રોમાં કહ્યું છે કે,'' આ સંસારમાં અસંતોષી જીવો અન્યોના ધનનો ગ્રહણ કરવામાં પ્રવિણ હોય છે. પણ રાજા વિચારે કરે છે કે, પહેલાં હું આ ઔષધિની પરીક્ષા કરી લઉં પછી એ લાવનાર શ્રેષ્ઠિનું યોગ્ય તે સન્માન કરીશ. આમ વિચાર કરીને રાજા પેલા શ્રેષ્ઠીને આદર - સત્કારપૂર્વક વિદાય આપે છે. ત્યારબાદ પોતાના પુત્રોને બોલાવી ને એક - એક મોદક ખાવા આપે છે. બીજે દિવસે સવારે રાજાએ પોતાના પુત્રોને ફરીથી બોલાવ્યા અને એકદમ ઠપકો આપવાની શરૂઆત કરી. રાજાના કઠોર અને તિરસ્કારયુકત શબ્દો સાંભળીને બન્ને રાજપુત્રો આશ્ચર્યકિત થઈને રડવા લાગ્યા. રાજાને તો ઔષધિયુકત મોદકના ગુણોની પરિક્ષા કરવી હતી એટલે રાજા પોતાના બન્ને પુત્રોના મુખ તરફ જોવે છે. એ બન્ને પુત્રો રડતા હોવા છતા એકેયની આંખમાંથી મોતીના આંસુ તો પડતા નથી. આથી રાજાને પોતાના પુત્રોને વગર કારણે કડવા વેણ કીધા એ બદલ પસ્તાવો અને દુઃખ થાય છે. પછી એ વિચારે છે કે, જે શ્રેષ્ઠિના વચન ઉપર વિશ્વાસ કરીને મેં મારા પુત્રોને કઠોર વચનોથી ઠપકો આપ્યો એ શ્રેષ્ઠીના બન્ને પુત્રોને મૃત્યુની શિક્ષા આપી બદલો લઉં.

ખરૂ જોતા તો ક્રોધ એ અનેક અનર્થોનું મુળ છે. ક્રોધ તો સંસારરૂપી બીજને વધારે છે અને ધર્મભાવનાનો ક્ષય કરે છે. એટલા માટે જ્ઞાની પુરૂષોએ ક્રોધનો ત્યાગ કરવો જોઈએ. પણ ક્રોધે ભરાયેલો રાજા પોતાના ગુપ્તચરને બોલાવીને કહે છે કે, '' શ્રેષ્ઠી લાભચંદ્રના બન્ને પુત્રોને પકડીને લાવો અને એમને ચંડાળના હાથમાં સોંપી દઈ એમનો વધ કરાવો.'' ગુપ્તચરે રાજાની આજ્ઞા પ્રમાણે શ્રેષ્ઠીના બન્ને પુત્રોને પકડીને ચંડાળના સ્વાધીન કરી દીધા અને પછી રાજાને ખબર આપ્યા.

ક્રમશ :

પરમ પૂજ્ય પન્યાસજી શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજશ્રીનો રણટંકાર

(પ્રભુએ સ્વહસ્તે શાસનના સંચાલન માટે જે શ્રી શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘને અધિકૃત કર્યો છે, તે અધિકૃત સંચાલન વર્ગના હાથમાંથી શાસન સંચાલનનું કાર્ય આંચકી લેવા આંતરરાષ્ટ્રીય-રાષ્ટ્રીય બળો દ્વારા પ્રેરિત - આયોજીત ૨૬૦૦ વર્ષની અશાસ્ત્રીય ઉજવણીના સંબંધમાં પૂજ્યપાદ પન્યાસજી મહારાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજશ્રીનો પ્રભુભક્ત યુવાનોને સંદેશ)

૨૦૫૬, માગસર વદ બીજ,
ભગવાન નગરના ટેકરો, અમદાવાદ.

શ્રમણોપાસક, પ્રભુભક્ત યુવાનો !

ચન્દ્રશેખર વિ. ના ધર્મલાભ.

તમને સુવિદિત છે કે ભારતની ધરતી ઉપર આવીને (દિલ્હીમાં) વેટીકન પંથના ધર્મગુરૂ પોપે જાહેરમાં (ખાસ કરીને ૭૦ હજાર પાદરીઓ સમક્ષ) આહ્વાન કર્યું કે ''જ્યારે એશીયાના વૈદિક વગેરે ધર્મો અંધકારમય દશામાં અટવાયા છે ત્યારે હવેના એક હજાર વર્ષમાં સર્વત્ર ક્રિશ્ચિયન ધર્મનો ફેલાવો કરી દેવાની તક ચૂકવી ન જોઈએ. વિશ્વનો આ એક જ પ્રકાશમય ધર્મ છે.''

પોપે કરેલી આ વાતને શ્રીમંતો, શિક્ષિતો અને સત્તાધારીઓએ તો પૂર્ણ સમર્થન આપ્યું, પણ ત્યાં ઉપસ્થિત રહીને વેટીકન પંથના ભેદભરમોથી તદ્દન અજાણ રહેલા શંકરાચાર્ય, આ. મહાપ્રજ્ઞ વગેરેએ પણ મોકળા મને સમર્થન કર્યું.

એ તો નિશ્ચિત વાત છે કે વેટીકન પંથ આખા વિશ્વમાં ઈસાઈ ધર્મ ફેલાવવા માટે સખત પ્રયત્નો છેલ્લા ૫૦૦ વર્ષોથી કરી રહ્યો છે. તેમાં મળેલી નિષ્ફળતાને કારણે હવે તેના ધર્મગુરૂઓ રઘવાયા થયા છે, ભૂરાંટા બન્યા છે.

આવા વિષમ સમયમાં આપણે બીજુ કાંઈ નહિ તો આપણું ઘર (ધર્મ) તો બરોબર સંભાળીને સુરક્ષિત કરી દેવું જોઈએ. તેની ઉપરના હુમલાઓને મારી હટાવવા જ જોઈએ.

કમનસીબે શાસનપતિ, ત્રિલોકગુરૂ પરમાત્મા મહાવીરદેવની ૨૬મી જન્મશતાબ્દીને નિમિત્ત બનાવીને કહેવાતા જૈન શ્રીમંતો અને શિક્ષિતોની શ્રમણસંઘની નિશ્રા, આજ્ઞા, આમ્નાય તમામ ને નેવે મૂકીને ચાર ફિરકાની એકતા (એકતા કરવા માં મૂળભૂત સિધ્ધાંતો છોડવા પડશે. આ શી રીતે થઈ શકે ?), 'મહાવીરદેવ' ના નામ નીચે મહાવીરદેવના આજ્ઞાપ્રતિબધ્ધ ધર્મને જાકારો, શ્રમણસંઘને બાકાત રાખીને વિશ્વના બધા પંથોના લોકોને વહાલા બનવાની હૂંસાતૂંસીમાં ધર્મનાશ થવાની પૂરી શક્યતા રહેલી છે.

આપણે જરૂર ૨૬મી શતાબ્દીને ઉજવીએ. પણ તે આપણા સુવિહિત શ્રમણાચાર્યોના નેતૃત્વ નીચે, માર્ગદર્શન નીચે, તેમની નિશ્રામાં.... આપણે સદા આપણા માથે ગુરૂતત્ત્વને રાખ્યું છે. તેને દૂર મૂકીને આપણાથી કશું ન થાય.

તે જૈન શ્રીમંતો અને શિક્ષિતોને મારે કહેવું છે કે શતાબ્દીની ઉજવણીનું નિમિત્ત લઈને તમે શાસ્ત્રવિરુધ્ધ વાતો કે આયોજનો કરવાનું બંધ કરી દો. તમે રાજકારણીઓ સાથે ગઠબંધન કરીને સ્વાર્થ સાધવાનું આ કાર્ય મત કરો. જ્યારે તમારી 'એકતાઓ' અંતે ઈસાઈ ધર્મ સાથે ભેદી રીતે એકતા કરવામાં પરિણામવાની હોય ત્યારે તેવું કશુંય આયોજન કરવાને બદલે ૨૫ હજાર વર્ષથી અબાધિત રીતે ચાલી આવતાં જૈન ધર્મની શાસ્ત્રાધારિત રીતે રક્ષા કરો. **છતાં જો તમે અધીરા થશો અને આગળ વધશો તો અમારાથી શાંત બેસી રહી શકાય તેમ નથી. અમને પ્રાણથી પણ વહાલા જિનશાસનને અમારા જીવતા જરાક પણ આંચ આવવા દઈશું નહિ. આ અમારો કોલ છે. અમારો ખુલ્લો પડકાર છે.**

ધર્મનિષ્ઠ યુવાનો !....

આવી અશાસ્ત્રીય અને ધર્મગુરૂનિરપેક્ષ કોઈ પણ બાબતમાં તમે પડશો નહિ. જે તે સૂફિયાણી દલીલોથી અંજાશો નહિ.

ચન્દ્રશેખર વિ.

તા.ક. : કોઈ ગેરસમજ ન થાય તે માટે એક ખુલાસો કરું કે મારી અસ્વસ્થતાને લીધે આ કાર્ય બોજ હું નહિ ઉઠાવી શકું એવી સમજથી મેં આ વિષયમાં શાંત રહેવાનું પસંદ કર્યું હતું. પણ જે રીતે વાત આગળ વધી રહી છે તે જોતાં મારાથી ચૂપ બેસી ન રહેવાય - એમ સમજીને મેં આ પત્ર ધર્મનિષ્ઠ યુવાનોને લખ્યો છે.

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

શ્રી જૈન શાસન (અઠવાડિક)

સમાચાર સાર....

વાલકેશ્વર : શ્રીપાલનગર અત્રે પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂ. મા., પૂ. આ. શ્રી વિજય ગુણયશ સૂ. મ. તથા પૂ. આ. શ્રી વિજય કીર્તિયશ સૂ. મ. આદિની નિશ્રામાં પર્યુષણ આરાધના આદિ તથા પાઠશાળાના ૨૫ વર્ષે તથા પૂ. મુ. શ્રી સંયમ-જીવનની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વીશ સ્થાનક પૂજન તથા શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવનું ભવ્ય રીતે આયોજન થયું.

અજારા તીર્થ : અત્રે પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ની નિશ્રામાં પોસ દશમીના અઠ્ઠમ આદિ આરાધનાનું સુંદર આયોજન થયું.

રાધનપુર : અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. ની મૂર્તિ પ્રતિષ્ઠાની બીજી સાલગીરા નિમિત્તે ત્રણ દિવસનો મહોત્સવ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ સહિત પૂ. આ. શ્રી વિજય શ્રેયાંસપ્રભ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં માગસર સુ. ૧૧ તી ૧૪ સુધી ઠાઠથી ઉજવાયો.

બોરસદ : અત્રે પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી આદિનાથ જિનાલયની વર્ષગાંઠ માગસર વદ ૩ તથા ઉપધાન માળારોપણ માગસર વદ ૭ નિમિત્તે માગસર સુદ ૧૪ વદ ૭ સુધી શ્રી બૃહદષ્ટોત્તરી સ્નાત્ર, સિદ્ધચક્ર મહાપૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન વિગેરે નવ દિવસનો ભવ્ય મહોત્સવ ઠાઠથી યોજાયો.

વડગાંવ પેઠ : અત્રે શ્રી બાબુલાલભાઈ, શ્રી અશ્વિનભાઈ, સૌ. શ્રી ચંદનબેન અશ્વિનભાઈના સુકૃત અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભ સૂરીશ્વરજીના મ., પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ., તથા ચાતુર્માસ નિશ્રા દાતા પૂ. મુ. શ્રી પુણ્ય રક્ષિત વિ. મ., પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. ની નિશ્રામાં વીશસ્થાનક પૂજન શ્રી બૃહદ્ અષ્ટોત્તરી, શાંતિસ્નાત્ર આદિ પંચાહ્નિકા મહોત્સવ મા સુદ ૩ થી ૭ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

માલેગામ (મહા.) પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અત્રે વર્ધમાન નગર મધ્યે ૬૮ તીર્થ સંકુલ ઉદ્‌ઘાટન તથા શ્રી ગૌતમસ્વામી, પૂ. પ્રેમસુ. મ., પૂ. રામચંદ્ર સૂ. મ., પૂ. યશોદેવ સૂ. મ. પૂ. પં. ભદ્રકર વિ. મ., પૂ. મુક્તિચંદ્ર સૂ. મ., પૂ. વિમોચન સૂ. મ. આદિ ૭ ગુરુમૂર્તિની પાવન પ્રતિષ્ઠાની મહોત્સવ માગસર સુ. ૧ થી ૩ સુધી ભવ્ય રીતે ઉજવાયો

મુંબઈ : તારદેવ કુમુદ મેન્શનમાં શ્રી હસમુખલાલ ચુનીલાલ મોદી તરફથી શ્રી અજિતનાથસ્વામીજીનું ભવ્ય ગૃહ મંદિર બનાવ્યું છે તેની સાતમી સાલગિરા તથા પૂ. આ. મ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. ની મૂર્તિની પ્રતિષ્ઠા માગસર સુદ ૧૦ના હોઈ તે નિમિત્તે પૂ. આ. શ્રી વિજયવિચક્ષણ સૂ. મ. પૂ. રાજશેખર સૂ. મ., પૂ. ગુણયશ સૂ. મ., પૂ. કીર્તિયશ સૂ. મ. આદિ તથા વિશાળ સાધ્વી સમુદાયની નિશ્રામાં માગસર સુદ-૨થી માગસર સુદ ૧૦ થી ૧૦ દિવસનો મહોત્સવ નવપદ વીશ સ્થાનક પૂજન, શાંતિસ્નાત્ર આદિ સહિત ભવ્ય રીતે ઉજવાયો.

માહિતી કેન્દ્રનું ઉદ્‌ઘાટન

પાલીતાણા : અત્રે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી તળેટીમાં માહિતી કેન્દ્રનું ઉદ્‌ઘાટન તા. ૩૧-૧૦-૯૯ના થયું માહિતી કેન્દ્ર થી યાત્રિકોને સારી સગવડ મળશે.

ઉદવાડા :- પોષદશમીની પર્યુપાસના પરમ પુરુષાદાનીય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની છત્રછાયામાં સકલસંઘહિતચિંતક પૂ. આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન પૂ. મુનિપ્રવર શ્રી આત્મરતિ વિજયજી મ. સા. તથા પ્રવર્તિની પૂ. સા. હંસશ્રીજી મ. સા. નાં પ્રશિષ્યા પૂ. સાધ્વીજી શ્રી મોક્ષરસા શ્રીજી મ. ની નિશ્રામાં આ વર્ષે શ્રીયુત્ માંગીલાલજી લાલચંદજી જૈન પરિવારે પરમોલ્લાસપૂર્વક પોષદશમી પર્વની પર્યુષાસના સૌને કરવવાનો લાભ લીધેલ, જેમાં **૧૧૧** આરાધકો જોડાયેલ, સવાર સાંજ સમૂહ ચૈત્ય વંદન પ્રવચન શ્રવણ પ્રભાવના - ભવ્ય અંગરચનાદિ થયેલ, શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજા સમેત ત્રિદિવસીય જિન ભક્તિ મહોત્સવનું આયોજન તથા ઉદવાડા સંઘ તથા આમંત્રિતોનું બે દિવસ સ્વામિવાત્સલ્ય થયેલ, અઠ્ઠમ તપનાં આરાધકોનું **રૂા.૨૫૧** થી તથા એકાશણાનાં આરાધકોનું **રૂા. ૮૧** થી બહુમાન થયેલ.

પોષદશમીની ઉલ્લાસભરી આરાધના અમારા પરિવાર માટે ઉદવાડા સંઘ માટે સાનંદાશ્ચર્યજનક બાબત બની રહી.

લિ. શ્રી શંખેશ્વર પા. આરાધક ટ્રસ્ટ
ઉદવાડા (R. S.) જી. વલસાડ

નોંધ :- જન્મે જૈન ન હોવા છતાં તાપીનાં ડૉ. શ્રી ક્રિષ્ના ડી. દેસાઈએ અઠ્ઠમ તપની તથા ઉદવાડા ગામનાં અનેક જૈનેતર આરાધકોએ એકાશણાથી આરાધના કરી હતી.

લખ્યા તારિખ : ૫-૧-૨૦૦૦

દયા ધર્મનું મુળ છે ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ અહિંસા પરમો ધર્મ

Trust Act Reg. No. E-379 Kachchh

Donation is Exempted U/S 80-G of Income Tax Act. Vide Certi. No. CITR 63-42

Up to તા.૧/૪/૯૮ થી તા.૩૧/૩/૨૦૦૩

SHREE JIVDAYA MANDAL

RAHPAR (KUTCH) 370 165.

શ્રી જીવદયા મંડળ - રાપર, કચ્છ.

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. ૯ હાણા બોર્ડીંગ સામે, પોસ્ટ બોક્ષ નં.૨૩, મુ. રાપર-કચ્છ. પીન ૩૭૦ ૧૬૫. ફોન : (૦૨૮૩૦) ૨૦૦૪૦

પ્રમુખ : ફોન : ઓ. ૨૦૦૭૯ રે. ૨૦૩૫૭ -

ઢોરોથી ઊભરાતી રાપર પાંજરાપોળ

૧૦,૦૦૦ (દસ હજાર)નાં વટાવી ગયેલ વિક્રમજનક આંક

ચાલુ વરસે કચ્છમાં અછતની સ્થિતિ હોઈ **શ્રી જીવદયા મંડળ સંચાલિત રાપર પાંજરાપોળમા** ઢોરોની સંખ્યા ૧૦૧૪૫નો આંક પહોંચી જવા પામેલ છે. અગાઉ ત્રણ ત્રણ દુષ્કાળોમાં પણ આટલી સંખ્યા કયારેય પણ થયેલ નથી. જ્યારે આ વરસે તો હજુ શરૂઆત છે. પોષ માસ પણ પુરો થયેલ નથી જ્યારે આટલી વિરાટ સંખ્યાને કેમ પહોંચી વળવું તે જ પ્રશ્ન છે. ઢોરોના નિભાવ પાછળ સંસ્થાના તમામ બચતો તથા અનામત ફંડ વપરાઈ ગયેલ છે. સરકારશ્રીમાં અનેક રજુઆતો કરવા છતાં હજુ સબસીડી જાહેર થયેલ નથી, દાતાઓનો ખૂબ સુંદર સહયોગ મળેલ છે. આમ છતાં આટલી વિરાટ સંખ્યાના ઢોરોનો નિભાવ કરવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. સંસ્થાને હાલ રોજનું દૈનિક ખર્ચ રૂપિયા સવા લાખ આસપાસ આવે છે.

આમ આ સંસ્થા ઉપર ખૂબ જ મોટી જવાબદારી હોઈ સૌ જીવદયા પ્રેમી ભાઈઓ, સંસ્થાઓ તથા શ્રી સંઘોને જીવદયાના આ મહાન યજ્ઞમાં સહયોગ આપવા - અપાવવા નમ્ર નિવેદન.

લી.

ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી

શ્રી જીવદયા મંડળ રાપર

પત્ર વ્યવહારનું સરનામું

શ્રી જીવદયા મંડળ રાપર કચ્છ

પો. બો. નં. ૨૩, મુ. રાપર - ૩૭૦ ૧૬૫.

ફોન નં. ૨૦૦૪૦/૨૦૦૭૯/૨૦૦૭૭

સંસ્થાનું ખાતુ શ્રી જીવદયા મંડળ રાપરના નામે દેનાબેંક રાપર શાખામાં છે. ખાતા નં. S/B સેવીંગ ૪૬૪ મુજબ છે.

નોંધ : સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા વિનંતી.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

પા શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનભન્ડિ
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- ભગવાનની ભાવના 'સવિ જીવ કરૂં શાસન રસી' હતી, છતાં સંઘ સ્થાપવાનો વખત આવ્યો ત્યારે થોડાકને જ લીધા. છતાં હજી તમને સમજણ નથી પડતી કે આપણે ત્યાં 'ટોળા'નું મહત્ત્વ નથી પણ 'ગુણ'નું મહત્ત્વ છે !
- મૈત્રી એ જીવ માત્રની હિતચિંતા છે પણ જીવમાત્રની સાથે બેસાય નહિ. મૈત્રી એટલે સુખની ચિંતા નહિ પણ હિતની ચિંતા. જગતના બધા જીવોનું અ પણે હિત ઈચ્છીએ છીએ. એકેન્દ્રિયાદિની મૈત્રી શું ? તો શાસ્ત્રે કહ્યું કે - ''બિચારા એકેન્દ્રિયાદિ જીવો કયારે પંચેન્દ્રિયપણું પાળે, કયારે સમકિત પામે, સમતામાં લયલીન થાય અને બધા મુકિતને 'પામે' આવી ભાવના ભાવવી તે તેમની મૈત્રી છે.
- કુટુંબ પાળવું તે ધર્મ નથી પણ કુટુંબને માર્ગે રાખવું તે ધર્મ છે.
- જેટલાં પૈસાના ભિખારી તે સારાં હોય જ નહિ. લક્ષ્મીને દેવી માને તે બધા પૈસાના ભિખારી જ હોય. પૈસા ખાતર શું શું ન કરે તે કાંઈ કહેવાય નહિ.
- ખરાબ માણસો પાસે સારું હૈયું હોય નહિ. પાપથી જે ડરે નહિ તેનું હૈયું સારું હોય નહિ. જે હૈયામાં પાપનો ડર નહિ તેનું હૈયું પત્થર કરતાં ય ભૂંડું હોય !
- 'દુઃખ વેઠવું છે. પાપ નથી કરવું. ધર્મ કરવો છે. સુખ મળે તેવા પુણ્ય માટે નહિ પણ એવા પુણ્ય માટે કે જે પુણ્યથી સુખ - સામગ્રી મળે તે છોડી શકું.' આટલો નિર્ણય કરો તો કાલથી જીવન પલટાઈ જાય.
- આજે ઘણાને લાગે છે કે, સંસારને ભૂંડો કહેવાથી પાપ લાગે. સંસારને ભૂંડો કહી કહીને બધાને પાયમાલ કર્યા એવી ભ્રાન્તિ ઘણાને થઈ છે. તે લોકો કહે છે કે - જે સંસારમાં તીર્થંકર જન્મે તે સંસારને ખરાબ કેમ કહેવાય ? તેને કહેવું છે કે- 'જે કાદવમાંથી કમળ ઉગે તો તે કાદવને માથે ન ચઢાવાય પણ કમળને જ માથે ચઢાવાય.'
- જનમવું તે પરાધીન છે અને મરવું તે સ્વાધીન છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received 27-2-2000

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

દુષ્પ્રણિધાનનો ત્યાગ કરો !

रागेण व दोसेण व मोहेण व
दुसिया मणोवित्ती ।

दुल्वणि हाणं भन्नइ,
जिणविसए तं न कायव्वं ॥

(શ્રી ચૈત્યવંદન મહાભાષ્ય ગા. - ૬૪)

રાગથી, દ્વેષથી કે મોહથી દૂષિત એવી મનોવૃત્તિને દુષ્પ્રણિધાન કહેવાય છે. તો શ્રી જિનમંદિરમાં તે ન કરવું જોઈએ.

વર્ષ ૧૨ | અંક ૨૬ થી ૨૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

જ્ઞાન ગુણ ગંગા

✦ સમય, પ્રદેશ અને પરમાણુ આ ત્રણ વસ્તુઓ
૧. અચ્છેદ્ય - ન છેદી શકાય એવા, ૨. અભેદ્ય - ન ભેદી શકાય એવા, ૩. અદાહ્ય - ન બા ી શકાય, ૪. અગ્રાહ્ય - ગ્રહણ ન કરી શકાય, ૫. અનર્દ્ધ - જેના બે વિભાગ ન પાડી શકાય, ૬. અમધ્ય - ે નો મધ્યભાગ ન કરી શકાય, ૭. પ્રદેશ રહિત, ૮. ત્રણ વિભાગ રહિત - કહેલા છે. (શ્રી સ્થાનાંગ સૂત્ર, આ ૧ - ૩, ઉ. ૨, સૂ. - ૧૬૫)

✦ પ્રાણીઓ કોનાથી ભયવાળા છે ? પ્રાણીઓ દુઃખથી ભય પામે છે. હે ભગવન્ ! તે દુઃખ કો ે કર્યું ? ઉ. - જીવે પ્રમાદ વડે કર્યું. હે ભગવન્ ! તે દુઃખ કેમ વેદાય - છૂટે ? ઉ. - અપ્રમાદથી.

(શ્રી સ્થાનાંગ, અધ્ય. - ૩, ઉ. -૨, સૂ. ૧૬૬)

અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ, દ્વેષ, મતિભ્રંશ, ધર્મમાં અનાદર, અને મન- વચન - ક ાયાના યોગોનું દુષ્પ્રણિધાન - માઠું પ્રવમનિ - એ આઠ પ્રકારનો પ્રમાદ મુનીન્દ્રોએ કહ્યો છે. તેના ત્યાગથી ને અપ્રમાદ કેળવવાથી જીવ દુઃખ-કર્મથી મુકત પામે છે.

✦ સાધુ સેવાનું ફળ શું ? (શ્રી સ્થાનાંગ સૂત્ર. અધ્ય.-૩, ઉ. ૩, સૂ. ૧૯૦)

"હે ભગવન્ ! તથારૂપ શ્રમણ માહન પ્રત્યે સેવા કરનારને તે પર્યુપાસના - સેવાનું ફળ શું ે ? શ્રવણ - સિદ્ધાંત સાંભળવા રૂપ ફળ છે. હે ભગવન્ ! તે શ્રવણનું ફળ શું છે ? શ્રુતજ્ઞાન રૂપ ફળ છે. ે ભગવન્ તે જ્ઞાનનું શું ફળ છે ? હેય અને ઉપાદેયપણાના નિશ્ચયરૂપ વિજ્ઞાન ફળ છે. એમ આ અતિ લાપવડે આ જણાવાત ગાથા અનુસરવા યોગ્ય છે. શ્રવણનું ફળ જ્ઞાન છે. જ્ઞાનનું ફળ વિજ્ઞાન છે, (ાજ્ઞાનનું ફળ પચ્ચક્ખાણ છે, પચ્ચક્ખાણનું ફળ સંયમ છે, સંયમનું ફળ અનાશ્રવ - સંવર છે. અનાશ્રવનું ફળ તપ છે, તપનું ફળ વ્યવદાન - કર્મનું શોધન છે, વ્યવદાનનું ફળ અક્રિયા છે, અક્રિયાનું ફળ નિર્વાણ છે ને નિવાર્ણનું ફળ સિદ્ધિગતિગમન પર્યંત ફળ છે."

✦ શ્રી સ્થાનાંગ સૂત્રના અધ્ય. - ૩, ઉ. - ૪, સૂ.-૨૦૩ માં કહ્યું છે કે -

ત્રણ જણા સૂત્ર ભણાવવાને અયોગ્ય કહ્યા છે. તે આ પ્રમાણે.

૧. અવિનીત, ૨. વિગયપ્રતિબદ્ધ - વિગઈઓમાં લુબ્ધ. ૩. અવ્યવસિત પ્રાભૃત - ઉત્કૃષ્ટ ક્રોધ ાળો.

ત્રણ વાચનાને માટે યોગ્ય કહ્યા છે.

૧. વિનીત, ૨. વિગય - રસમાં લુબ્ધ નહિ, ૩. વ્યવસિત પ્રાભૃત - ઉપશાંત ક્રોધવાળો.

ત્રણ જણા દુઃખપૂર્વક સમજાવી શકાય તેવા છે.

૧. દુષ્ટ - તત્ત્વનો અને ગુરૂનો દ્વેષી, ૨. મૂઢ - ગુણ - દોષનો અજાણ, ૩. વ્યુદુગ્રાહિત - કુગુર્વાદિ વડે મિથ્યા મનમાં દ્રઢ કરાયેલો.

ત્રણ જણા સુસંજ્ઞાપ્યા - સુખે સમજાવી શકાય તેવા છે.

૧. અદુષ્ટ - દ્વેષ રહિત, ૨. અમૂઢ - ગુણ - દોષનો જાણ, ૩. અવ્યુદુગ્રાહિત - કુગુરૂથી નહિ ભરમાવાયેલો.

आज्ञाराद्धा विराद्ध च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)



વર્ષ : ૧૨) ૨૦૫૬ મહા વદ ૩ મંગળવાર તા. ૨૨-૨-૨૦૦૦ (અંક : ૨૬/૨૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

જૈન તિથિ વિધાન

જૈન શાસનમાં તિથિ કાય ?

જૈન શાસનમાં પાંચ વર્ષના સંવત્સરને યુગ કહેવાય છે. યુગમાં ત્રીજા ને પાંચમા વર્ષે એક એક માસની વૃદ્ધિ આવે અને દર ૬૨માં દિવસે તિથિનો ક્ષય આવે તેમાં પાંચમનો અને પુનમનો પણ ક્ષ આવે દર પાંચમા વર્ષે અષાડ સુદ ૧૫ નો ક્ષય આવે પહેલાં ૧૪ની પખ્ખી અને કાર્તિક ફાગણ અને અષાડ ચોમસી પુનમ તી ત્યારે દર પાંચમા વર્ષે અષાડ સુદ ૧૫ નો ક્ષય આવતો અ એ વખતે અષાડ સુદ ૧૪ ના દિવસે પખ્ખીને બદલે ચોમાસી પ્રતિક્રમણ થતું પરંતુ તેરસના પખ્ખી જુદું થતું નહિ. એટલે જૈ ટીપ્પણામાં પણ પર્વ તિથિનો ક્ષય આવતો તે જૈન ટીપ્પણામાં જોવાથી ખ્યાલ આવે.

ઉદય ના મળે તો અસ્ત લેવો

સામાન્ય રીતે સૂર્યોદય વખતે જે તિથિ હોય તે તિથિ તે દિવસ આખો ગણાય છે પરંતુ જ્યારે બે સૂર્યોદયને તિથિ સ્પર્શે અગર એક પણ સૂર્યોદયને તિથિ ન સ્પર્શે ત્યારે શું કરવું ?

જ્યારે એક જ સૂર્યોદયને સ્પર્શતી તિથિ હોય ત્યારે કોઈ વિકલ્પ થતો નથી પરંતુ બે સૂર્યોદયને તિથિ સ્પર્શે અગર એકેય સૂર્યોદયને તિથિ ન સ્પર્શે ત્યારે શાસ્ત્રમાં વિધાન છે કે તિથિ કઈ કરવી ? તેનો જવાબ આપે છે તિથિનો ઉદય અને અસ્ત જે સૂર્યોદયમાં થાય તે તિથિ લેવાય. પરંતુ બે સૂર્યોદયને તિથિ સ્પર્શે ત્યારે બે વખત સૂર્યોદયને સ્પર્શતી તિથિ છે તો કઈ તિથિ લેવી તો કહ્યું કે જે સૂર્યોદયમાં તિથિનો અસ્ત થાય તે તિથિ લેવી. એટલે બે સૂર્યોદયને સ્પર્શતી તિથિ બે છે પણ આરાધ્ય તિથિ કઈ લેવી ? તો સૂર્યોદય પણ હોય અને અસ્ત પણ હોય તે તિથિ લેવી. એટલે ઉદય અને અસ્તવાળી તિથિ બીજી તિથિ મળે. પહેલી તિથિમાં ઉદય હોય પણ તિથિનો અસ્ત ન હોય. જ્યારે બીજી તિથિમાં ઉદય પણ હોય અને અસ્ત પણ હોય માટે બીજી તિથિ આરાધ્ય બને.

હવે જે તિથિ સૂર્યોદયને સ્પર્શ જ ન કરતી હોય તો શું ? તેમાં ઉદય તો આવતો નથી પણ જે ઉદયમાં એ તિથિનો અસ્ત થાય તે તિથિ આરાધ્ય બને સૂર્યોદય પછી ૨-૫ વિગેરે ઘડી પછી તિથિ શરૂ થાય અને બીજા દિવસના સૂર્યોદય પહેલાં તે તિથિ પુરી થઈ જાય ત્યારે તે તિથિ જે સૂર્યોદયમાં પુરી થાય છે એટલે તિથિ તે અસ્ત થાય છે તે તિથિ લેવાય અને તેથી તે દિવસે સૂર્યોદયને સ્પર્શતી તિથિ પણ હોય જે ઉદયમાં છે અને તેનો અસ્ત પણ તેમાં છે ઉપરાંત જે તિથિ સૂર્યોદયને સ્પર્શતી નથી અને દિવસે અસ્ત પણ છે તેથી તે અસ્તવાળી તિથિ પણ તે દિવસે હોય તેથી તે એક જ દિવસે બે તિથિ સંયુકત હોય.

આ વાત પૂ. ઉ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજે પણ પ્રવચન પરીક્ષા મહાગ્રંથમાં જણાવી છે.

બીજા ગચ્છની વાતો છે તેવા વાતોના ગબારા ચલાવવા ને હદાગ્રહ પોષવાની જરૂર નથી. આપણે જે ગચ્છમાં છીએ તે જ જોવાનું અને તેના જ આધાર લેવાના હોય. પાંચમની સંવત્સરી કહીએ તો સ્થા.વાસી સાથે એકતા થાય તે વખતે બીજા ગચ્છને કેમ લાવો છો અને આ વાત પણ બાળકના વચન જેવી અર્થાત્ અજ્ઞાનતા ભરેલી છે. સ્થા.ની તિથિની માન્યતા જાણ્યા વિનાની આ રજુઆત છે. માટે તેનું મહત્ત્વ નથી.

અત્યારની આ રજુઆત સમજણ માટે છે પૂર્વ ગ્રહ હોય તેમજ તો કદાચ કયારે આ વાત ન સમજાય પણ સમજવાની જીજ્ઞાસાવાળાને સમજમાં ઉપયોગી થાય તેવી આ રજુઆત છે. વિવાદ જુદી વાત છે અને વાદ જુદી વાત છે તત્ત્વબુભુક્ષોવાદ : તત્ત્વની શોધ હોય તે વાદ છે જ્યારે સ્વપક્ષ સ્થાપનાહિનં પર પક્ષ ખંડનં વિતંડા. પોતાના સિદ્ધાંતને સ્થાપ્યા વિનાનું પર પક્ષનું ખંડન એ વિતંડા છે.

વિવેકી આત્માઓ તત્ત્વના જાણકાર બને અને આરાધના ભાવો પામે એજ અભિલાષા..

પ્રકીર્ણક ધર્મોપદેશ પ્રવચન - સાડત્રીશમું

= પૂ. આ. શ્રી વિ. રાજેન્દ્ર સૂ. મ. સા.

૨૦૪૩, શ્રાવણ વદિ-૪ બુધવાર તા.૧૨-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

नाणं चरित्त हीणं,
लिंगग्गहणं च दंसणविहीणं ।
संजमहीणं च तवं,
जो चरइ निरत्थयं तस्स ॥

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા મોક્ષમાર્ગના ઉપાયોનું વર્ણન સમજાવી રહ્યાં છે. મોક્ષના હેતુથી ધર્મનો આરાધક બનેલો જીવ કેવો હોય કેવી રીતે ધર્મ કરે તે વાત સમજાવી રહ્યા છે. જેનામાં સમ્યગ્જ્ઞાન પેદા થઈ જાય છે તે તો સમ્યક્ચારિત્રની જ ઝંખના કરે છે. તે તો માને છે કે સમ્યક્ચારિત્રને પામ્યા વિના મારું જ્ઞાન મુક્તિમાં પહોંચાડવા સમર્થ બનતું નથી. જેમ જેમ તેનામાં સમજ વધતી જાય છે તેમ તેમ તે સમ્યક્ચારિત્રનો વધુને વધુ રસિયો બનતો જાય છે. નિકાચિત કર્મનો ઉદય હોય તો જ તે સમ્યક્ચારિત્રને પામી શકતો નથી. જ્ઞાનિઓ ભારપૂર્વક ફરમાવે છે કે - જે જીવ સમ્યક્ચારિત્રને ન પામે તે ગમે તેટલો જ્ઞાની હોય તો પણ તેનો કદી મોક્ષ થતો નથી. માટે કહે છે કે ચારિત્ર હીનનું જ્ઞાન નકામું છે. જે જીવ જેટલું સમજે તેટલું પાપ છોડે નહિ, સમજે તેટલો ધર્મ કરે નહિ તો તે જ્ઞાની કહેવાય ખરો ? જાણી-બૂઝીને જૂઠ બોલે, ખોટાં કામ કરે તેને સમજદાર કહેવાય ? સમજદાર કોઈપણ પાપ જાણી-બૂઝીને સમજીને મઝેથી કરે ? કદાચ તેને કોઈ પાપ કરવું પડે તો રોતે રોતે કરે કે આનંદથી કરે ? સમજદાર ને માથે જોખમદારી ઘણી છે. સમજદાર પણ ધર્મ નથી કરતા તો તેમને જોઈ જોઈને બીજા ઘણા જીવો પણ ધર્મ મૂકી દે છે. ધર્મી તરીકેની નામનાને પામેલો સમજવા છતાં ય મઝેથી અધર્મ કરે તો તે અનેકને ઉન્માર્ગે જોડનારો છે. તેને જોઈને બીજા જે ઉન્માર્ગે જાય તેનું પાપ પાપ તેને લાગે.

તમે બધા સમજુ અને સુશ્રાવક તરીકે ઓળખાવ છો અને એવી રીતે જીવો છો કે બીજાને શ્રાવકધર્મની નિંદા કરવાનું મન થાય છે કે - શ્રાવકોય આવા હશે ! સારો શ્રાવક ખોટાં કામ કરે તો તે ધર્મની નિંદા કરાવનારો છે. આ વાત સમજાય તો ધર્મી અન્યાય કરે ? આજે ધર્મના આરાધક ગણાતા પણ એવા કેટલા હશે જે પેટ ઉપર બેસીને અનીતિ-અન્યાયાદિ ન કરતા હોય ! તે ય મઝેથી અનીતિ-અન્યાયાદિ કરે ? કોઈ તેને પૂછે છે કે - 'તમે ધર્મી થઈને આ શું કરો છો ? ' તો તે કહે છે કે - '' અમે ધર્મી છીએ એટલે ગધેડી પકડી...ગુનો કર્યો...પૈસા કમાવવા તો બધું કરવું પડે.'' આવું જે બોલે તે ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય ? સમકિતી હોય કે મિથ્યાદ્રષ્ટિ હોય ? હજી જો તે એમ કહે કે- ''મારો પાપનો ઉદય જોરદાર છે માટે મારાથી અનીતિ આદિ થઈ જાય છે પણ તે કરી શકાય જ નહિ. અનીતિ આદિ કરું તે મારી ભૂલ છે. લોભ મને બહુ સતાવે છે.' તો તેનો હજી બચાવ થાય. તેને સમજ્યું પણ કહેવાય. પણ જે એમ જ કહે કે - ''ધંધામાં તો બધું ચાલે. ઉપાશ્રયમાં ધર્મ, પેઢી ઉપર અધર્મ'' તો તેને કેવો કહેવાય ? આવી છાપ લોકોમાં ઊભી કરે તો તે જ્ઞાની કહેવાય કે અજ્ઞાની કહેવાય ? આવા જીવો મૂંગા હોત તો સારું હતું કે બીજાને તો ઉન્માર્ગે ન લઈ જાત.

હવે એ વાત સમજાવે છે કે - ચારિત્રહીનનું જ્ઞાન નકામું છે. તે પોતાને ય નુકશાન કરે અને બીજા અનેકનું ય નુકશાન કરે. જેટલાં સાચું-ખોટું સમજતા હોય તેને એટલું જ તો થવું જોઈએ કે- 'મારાથી ખોટું તો થાય જ નહિ. ખોટું ન થઈ જાય તેની કાળજી રાખે, કદાચ ખોટું કરવું પડે તો ગભરાતે હૈયે કરે, પોતાનો પાપનો ઉદય માનીને કરે અને તેનાથી સારું શક્તિ મુજબ કર્યા વિના રહેવાય જ નહિ.' આટલો પણ સમજણ જેનામાં ન હોય તો તેનું જ્ઞાન નુકશાન કરનાર જ થાય, તેનું ફળ કાંઈ ન મળે, જોનારને ય નુકશાન કરે. હોંશિયારીની વાતો કરનારા બહુ સમજદાર જોઈએ. મઝેથી અનીતિ કરનારા જ્ઞાની કહેવાય ખરા ? આજે વધારેમાં વધારે પાપ ભણેલા જ કરે છે. જે ભણેલો મઝેથી વધારે પાપ કરે તે ભણેલો કહેવાય ? આજે તો ભણતર જ ખોટું મલ્યું છે. ભણેલાને ના ખોટું છે તેમ સમજાય અને કંપારી ન આવે તો તે ભણેલો કહેવાય ? આજના શિક્ષણની જે નિંદા થાય છે તે આ જ કારણે. આજે તો મઝેથી ગોઠવી ગોઠવીને એવી રીતે પાપ કરે છે જેનું વર્ણન ન થાય ! આજે વકીલો વધારેમાં વધારે ખોટું બોલે છે તે માટે આ ભણતર ખોટું કહેવાય છે તો તે ખોટું છે ? રાચુ સમજનારો પણ મઝેથી ખોટું કરે ? 'ખોટું પણ કરાય' તેમ તે બોલે ? આવું બોલે તેનું જ્ઞાન કેવું કહેવાય ? નકામું જ કહેવાયને ? પોતાને નુકશાન કરે અને બીજાને ય નુકશાન કરે તેવા ભણેલા

જગતમાં પાપરૂપ છે, ઘણાનું અહિત કરનાર છે. સાધુનો વેષ લેવા છતાં પણ સાધુપણું ગમે નહિ, સારી રીતે પાળે નહિ, સારી રીતે ન પળાય તેનું દુઃખ પણ ન હોય તેવા વેષધારી સાધુ જેટલું નુકશાન કરે તેટલું નુકશાન બીજા ન કરે. તે જેટલો તપ - જપ કરે તે ય નકામો જાય, સાચી નિર્જરા કરાવનાર ન થાય પણ નુકશાન કરનાર થાય. શ્રદ્ધા જ પ્રધાન ચીજ છે. સાચી શ્રદ્ધા વગરની બધી ધર્મક્રિયા નકામી છે. સાધુપણું શા માટે છે ? કોઈપણ પાપ ન કરવું પડે તે માટે સાધુપણામાં તો પાપ થાય જ નહિ. પાપનો વિચાર સરખો પણ થાય નહિ, નાનામાં નાની ભૂલ થઈ હોય તો તેનું પણ પ્રાયશ્ચિત્ત લેવાનું છે. આવી રીતે જ જીવવા જેવું છે એમ પણ જે માને તેય શ્રદ્ધાળુ છે. તમને આવી પણ શ્રદ્ધા છે ? કોઈપણ પાપ કરવાની જરૂર ન પડે તે માટે. સાધુ થવાનું છે. તમે ગૃહસ્થ છો, તમારી ઈચ્છા હોય કે ન હોય તો પણ ષટ્કાયની હિંસા કરવી જ પડે. માટે ગૃહસ્થપણું પાપ વિના ચાલે જ નહિ માટે ગૃહસ્થપણું છોડવા જેવું છે. જ્યારે સાધુપણામાં એક પાપ કરવાની જરૂર ન પડે. માટે સાધુપણું સ્વીકારવા જેવું છે. અહીં પાપ તો થાય જ નહિ. આવી શ્રદ્ધા ન હોય તે વેષ પહેરીને ફરે તો ય ઘણું નુકશાન કરે, તેનો સાધુવેષ પણ નકામો છે.

તપસ્વી હોય પણ જો તે સંયમી ન હોય તો તેનો તપ પણ નકામો છે તપસ્વિની બોલ - ચાલ કેવી હોય ? તપસ્વિના હાવ - ભાવ કેવા હોય ? તપ કરનારો કર્મ ખપાવવા માટે જ તપ કરતો હોય તો તેની બધી ક્રિયા કેવી હોવી જોઈએ ? પાપ ન લાગે તેવી. માટે જ સમજાવે છે કે સંયમ વગરનો તપ નકામો છે. આ વાત પણ કોને ગમે ? મોક્ષના અર્થિને ય. બીજા તો કહે કે- અમારા તપની કશી કિંમત જ નથી તો અમારે તપ કરવો પણ નથી. આવા જીવને કેવો કહેવાય ? સાધુ પણ જો એમ કહે કે- અમારી ભૂલ કેમ જૂઓ છો ? તો કહેવું પડે કે- તમે ઊંચા છો માટે ઝટ ભૂલ દેખાય. ધોળા વસ્ત્રમાં ડાઘ ઝટ દેખાય, કાળાં વસ્ત્રમાં ડાઘ દેખાય ? એક કાળો સાધુ સાંજના અંધારે વિહાર કરીને આવે તો શ્રાવકો વિનયપૂર્વક પૂછતા કે- સાહેબ ! મોડું કેમ થયું ? આજના લબાડોની જેમ ' તેમાં શું થયું ? તું પૂછનાર કોણ ?' તેમ જવાબ ન્હોતા આપતા પણ કહેતા કે -''ભાઈ ! ધાર્યા'તા ઓછા માઈલ ને વધારે માઈલ નીકળ્યા તેથી અંધારું થઈ ગયું.'' સાધુથી અંધારે ચલાય નહિ આ વાત બેસે છે ? સાધુ ઝપાટાબંધ ચાલે તો પણ શ્રાવકો પૂછતા કે - સાહેબ ! આમ ચલાય ? જે ખરે ખર સાચો સાધુ હોય તો તે કહે કે- ''ભાઈ ! મહત્વનું કારણ આવી પડયું છે. સાધુ મહાત્મા બિમાર છે તેથી ઝટ જવું પડે તેમ છે.'' બાકી કારણ વિના ઝપાટાબંધ ચાલે તો મારે તો જોઈને જ ચાલવું જોઈએ.'' જ્ઞાની માટે, સાધુ માટે, તપસ્વી માટે શું શું ફરજ કહી છે તે જાણો છો ? જે ફરજ કહી હોય તે અદા ન કરે તો તેનું વાસ્તવિક ફળ મળે ખરૂં ?

ધર્મ કરનારને રોજ વિચારવું પડે કે- હું કેવી રીતે ધર્મ કરું છુ ? ધર્મ કરતાં અધર્મ તો નથી કરતો ને ? ધર્મી જીવ એટલે અધર્મ કરનારો નહિ. તેને કદાચ અધર્મ કરવો પડે તો મઝાથી કરે જ નહિ, દુઃખી હૈયે જ કરે. તમે બધા ઘરમાં રહ્યા છો તો ઘરમાં તો રહેવું જ જોઈએ, ઘરને મારૂં માનો તો તમે બધા શ્રાવક પણ કહેવાવ ખરા ? 'ઘરમાં રહેવુ તે શું ગુનો છે ?' આમ પૂછે તે કેવો કહેવાય ? ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય ? ઘરમાં રહેવું પડે તે ખોટું છે તેમ જે ન માને તે શ્રાવક જ નહિ તે વાત બેસે છે ? 'ઘર મળે પુણ્યથી પણ ઘરમાં રહેવું પડે તે પાપથી' આ વાત ન સમજે તેનામાં શ્રાવકપણું આવે ખરૂં ? શ્રાવક તો માને કે- 'હું પાપી છું માટે ઘરમાં રહ્યો છું, સાધુ થયો નહિ.' 'બધાએ સાધુ જ થવાનું' એમ શ્રાવક કદી બોલે ખરો ? 'ઘરમાં રહે પણ ધર્મ થાય' એમ બોલાય ખરૂં ? ઘરમાં રહ્યો ધર્મ થાય ખરો ? ઘરમાં રહેનારને ધર્મ હોય ખરો ? શાસ્ત્રે સાધુપણાને જ ધર્મ કહ્યો છે, શ્રાવકપણાને ધર્માધર્મ કહ્યો છે શ્રાવકપણામાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો હોય તેમ કહ્યું છે.

શ્રાવકને કર્મયોગે ઘરમાં રહેવું પણ પડે પણ તે મઝાથી રહે કે દુઃખથી રહે ? આ વાત બરાબર સમજી ગયા હોત તો ઘરમાં રહેવા છતાં, આજીવિકા ચાલે તેમ હોત તો વેપારાદિ કરત ખરા ? આજે તો સુખી ધર્મી જીવો વેપારાદિ તો કરે છે પણ તેમાં અનીતિ તો એવી કરે છે કે જેનું વર્ણન ન થાય ! તેથી જ વર્તમાનમાં મોટામાં મોટા શ્રીમંત મોટા ચોર છે, મોટા જૂઠા છે, મહાપાપી છે તેમ કહેવું પડે છે ! શ્રીમંત જૂઠ બોલે ? ચોરી કરે ? આજે મોટા શ્રીમંતની આબરૂં કેવી છે ? તમારી આગળ મોટો શ્રીમંત આવે તો તમને મનમાં શું થાય ? તમે અમારા માનો કે તેનું માનો ? તમારી ઉપર તેનો જેટલો પ્રભાવ પડે તેટલો અમારો પડે ખરો ? આજે તો શ્રીમંતને ઘેર પૈસા મૂકવામાં જોખમ છે ખરૂં ને ? શ્રીમંતોને ઘેર પૈસા રાખનારા આજે ઘણા રીબાય છે. તેની પાસે પૈસા મંગાય નહિ, તે પૈસા આપે પણ નહિ અને તે પૈસા ખાઈ ગયો છે એમ કહો તો પણ લોક માને નહિ. આજે આવી સ્થિતિ શાથી થઈ છે ? ધર્મ ગમ્યો નથી. શ્રાવકપણું પણ સ્પર્શ્યું નથી માટે.

જ્ઞાનિમાં જેમ ચારિત્ર જોઈએ તેમ શ્રાવકપણામાં શું જોઈએ ? ઘરમાં રહેવાનું જેને દુઃખ હોય તેનામાં શ્રાવકપણું આવે. આજીવિકાનું સાધન હોય તો વેપાર ન કરે અને વેપાર કરવો પડે તો ન છૂટકે કરે. તેમાં બીજાં પાપ ન કરે.

શ્રાવકની પાસે ઘણું ધન હોવા છતાં લોભના કારણે વેપાર કરે તો તે કબૂલ કરે કે - 'હું લોભીયો છું, પાપી છું માટે મોટા વેપાર કરૂં છું.'

ચાંપો શ્રાવક થઈ ગયો તેની ખબર છે ? તે મોટો શ્રીમંત હતો પણ લોભના યોગે પરદેશ કમાવા ગયો છે અને પુણ્યયોગે ત્યાંથી પણ ઘણું કમાઈને આવી રહ્યો છે. કમાયેલાં ધનનું ઝવેરાત બાંધી, વાંસળીમાં ભરી કમરે લટકાવી ઊંટ ઉપર બેસીને જંગલમાંથી પસાર થઈ રહ્યો છે. શ્રીમંતનાં વસ્ત્ર કેવાં હોય ? તેની એક આંગળી પણ ખાલી હોય ? શ્રીમંત માણસ સારા વસ્ત્ર અને અલંકાર વગર બહાર ન નીકળે.

સભા :- પોતાની પાસે જે હોય તેનું પ્રદર્શન કરવા પહેરે ?

ઉ. :- સુખી શ્રાવકને રસ્તા વચ્ચે એવો કોઈ દુઃખી મળે અને તેને તત્કાળ સહાય કરવા જેવી લાગે તો દાગીના પણ આપી દે.

ચાંપો ઊંટ ઉપર બેસીને અટવીમાંથી મઝેથી પસાર થઈ રહ્યો છે ત્યાં સામેથી ત્રણ ભયંકર લુંટારા આવે છે, જોતાં જ ભય લાગે તેવા છતાં પણ તે ચાંપો મઝેથી રહ્યો છે. ત્યારે તેમાં જે કદાવર હતો તે મોટેથી ત્રાડ પાડી કહે છે કે- તારું ઊંટ ઊભું રાખ અને તારી પાસે કેટલું ધન છે તે કહે. ત્યારે તે ચાંપો વણિક ઊંટ ઊભું રાખીને કહે છે કે- મેં જે વસ્ત્રાલંકાર આદિ પહેર્યા છે તે તો તમે જોઈ શકો છો. બીજાું પણ ઘણું ધન છે તે કમ્મરે બાંધ્યું છે. તમે આમ નિર્ભયપણે કહી શકે 'ના.. ના..' મારી પાસે કાંઈ જ નથી એમ કહો ? આજે મોટાભાગે તમારી પાસે જોખમ હોય તો તમારે જૂઠ જ બોલવું પડે, તમે કાંઈ સાચું કહી શકો જ નહિ. લુંટારા કહે કે - તારે બધું ધન આપી દેવું પડશે. ત્યારે ચાંપો પૂછે છે કે - તમે દાન માગો છો ? તમારે જરૂર હશે તો બધું જ આપી દઈશ. લુંટારા કહે કે - અમારે દાનથી નથી લેવું પણ બળથી લેવું છે ચાંપો કહે - તો રાતી પાઈ પણ નહિ આપું. ત્યારે લુંટારા કહે કે - તું લઢવાને તૈયાર થઈ જા. આ સાંભળતા જ ચાંપો ઝટ પોતાના ઊંટ ઉપરથી નીચે ઉતરે છે અને નીચે ઉતરીને પોતાના બાણના ભાથામાં પાંચ બાણ હતાં. તેમાંથી બે બાણ કાઢીને હાથથી ભાંગીને નાખી દે છે. આ જોઈને તે લુંટારાઓ વિચારે છે કે - આ ગાંડો તો નથી ને ? તેથી તેને પૂછે છે કે આવું કેમ કર્યું ? ત્યારે ચાંપો કહે છે કે - પહેલાં તો હું કોઈની સાથે લઢતો નથી. કોઈ લઢવાની ફરજ પાડે અને લઢવું પડે તો અનીતિથી લઢતો નથી. માટે ઊંટ ઉપરથી નીચે ઉતર્યો છું. તમે નીચે હો અને હું ઊંટ ઉપરથી લઢું તો તે અનીતિ કહેવાય ! શ્રાવક કેટલો સમજદાર હોય ! પછી તેઓ પૂછે છે કે - તેં આ બે બાણ ભાંગી કેમ નાંખ્યાં ? ત્યારે ચાંપો કહે છે કે - મને કોઈ લઢવાની ફરજ પાડે અને લઢવું પડે તો તેને એક બાણથી અધિક બીજાું બાણ નહિ મારવાનો મારે નિયમ છે. તમે ત્રણ છો અને કદાચ એ બાણથી બચી જાવ તો મારો નિયમ ન ભાંગે માટે બાકીનાં બે બાણ ભાંગી નાંખ્યા છે. 'તું એક જ બાણથી મારી નાખે' તેમ જ્યારે લુંટારાઓએ પૂછ્યું તો ચાંપો કહે તેમાં શંકા જ નથી.

સભા : કાંડામાં જોર હોય તે આવું બોલી શકે.

ઉ. : બાયલાઓએ પૈસા રાખવા નહિ. તમે તો સ્વબચાવ માટે સગી સ્ત્રીને પણ આપી આવો તેમાંના છો. તમે લોકો તો સાવ નમાલા પાકયા છો.

આજે તો ધનવાનો માર્યા જાય છે, તે જોતા નથી ! આગળ શ્રીમંતને ઘેર ગરીબ પણ આવે તો તે ય ભૂખ્યો ન જાય. આજે તમારે ઘેર ગરીબ તો ચઢી જ ન શકે. કદાચ કોઈ આવી ગયો તો પાણીનો પ્યાલો પણ ન આપો તેમાંના છો.

લુંટારાઓ તેને કહે કે - તારી કળા બતાવવા આ ઉડતા પક્ષીને વિંધી બતાવ. ત્યારે ચાંપો કહે કે - નિરપરાધિ જીવોને મારવા માટે આ કળા નથી. તમારા હાથમાં જો સોટી હોય તો ય વચમાં કોઈ જનાવર આવે તેને ય મારતા જાવ તેમાંના છો. લુંટારા કહે તું તારી અજોડ કળાની ખાત્રી કરાવ. ત્યારે ચાંપો પોતાના ગળામાંથી મોતીની માળા કાઢી આપે છે અને કહે છે કે - તમારામાંથી એક જણ મારી દૃષ્ટિ પડે ત્યાં સુધી દૂર જાવ અને માથા ઉપર આ માળા રાખો હું બાણ મૂકીશ તે આ મોતીની માળાને વીંધીને જશે અને લોકીનું ટીપું પણ નહિ પડે. તે રીતે કરી બતાવે છે. ત્યારે લૂંટારાઓ ખુશ થઈને તેને કહે છે કે - તું તારે જા. અમારે લઢવું નથી. ત્યારે ચાંપો પૂછે છે કે - તમે કોણ છો તે તો કહો ? ત્યારે તેમાંનો એક જણ કહે કે - તું જ્યારે સાંભળે કે, વનરાજ ગાદી ઉપર આવ્યો છે ત્યારે મને મળજે. હું તને અત્યારથી જ મારો મહા અમાત્ય બનાવું છું. ત્યારે ચાંપો કહે કે - આપ વનરાજ છો ? આવો વખત આપને કેમ આવ્યો ? ત્યારે વનરાજ કહે કે - ભાગ્યયોગે પરિસ્થિતિ ખરાબ થઈ છે. તેથી આ ધંધો કરવો પડે છે. ત્યારે ચાંપાએ પોતાની પાસે જેટલું ધન હતું તે બધું તેમના ચરણોમાં મૂકી દીધું અને કહ્યું કે - વનરાજ જરૂર હોય તો કહો તો ઘેર જઈને મોકલાવીશ.

ક્રમશઃ

હપ્તો -૨

ગુણનિધાન = રત્નસાર

પૂ. મુનિરાજશ્રી રમ્યદર્શન વિજયજી મ.

ચંડાળ કાષ્ઠીપુત્રોને લઈને વધભૂમિ તરફ જઈ રહ્યો છે. ત્યારે રત્નસાર વિચાર કરે છે કે, મારો અંત સમય હવે નજીક આવી ગયો છે જ્ઞાનના સદ્‌ભાવમાં મૃત્યુ આવે તો એ સુખદ કહેવાય છે. એથી મારા સર્વ દૂષ્કૃત્યો મિથ્યા થાવો અને સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વે જીવોને હું,ખમાવું છું. સર્વ જીવો મને ક્ષમા આપો. સર્વ જીવો પ્રત્યે મારા મનમાં મૈત્રી ભાવના છે. અને કોઈના પણ પ્રત્યે મારા મનમાં વેરભાવ નથી. અરિહંત આદિ ચારેયનું શરણું મને હજો. આવું સંકટ આવવા છતા આગાર રહિત વ્રતને ધારનારો હું બધા અશનાદિનો ત્યાગ કરૂ છું.'' આવી રીતે વિચાર કરતો રત્નસાર જ્યારે પોતાના નાના ભાઈ રત્નચંદ્રની સામે જોવે છે તો એ રડતો હોય છે. એ જોઈને રત્નસાર મધૂરવાણીથી રત્નચંદ્રને સમજાવતા કહે છે કે ''હે ભાઈ ! તું શા માટે રડે છે ? તારા ચિત્તમાં સમ્યગજ્ઞાનને સ્થાપન કર. જો જ્ઞાની અવસ્થામાં મૃત્યુ થાય તો એ શ્રેષ્ઠ કહેવાય છે એમ તું સમજ'' આવી રીતે બોલીને રત્નસાર રત્નચંદ્રના મોંઢા ઉપર નજર ફેરવે છે તો એને રત્નચંદ્રની આંખમાંથી મોતીના આંસુ સરતા દેખાય છે. આ દૃશ્ય જોઈને એને કાંઈક યાદ આવે છે. પોતાના પિતાએ એકવાર મૂલિકા ઔષધીની વાત કરેલી. માએ ઔષધીયુક્ત લાડવા બનાવેલા. પણ રાજાને ત્યાં મોકલવાના લાડવા અમે બન્નેએ ખાઈ લિધેલા. એ વાત તો અજાણતા બની ગયેલી. પરંતુ એ ભૂલના કારણે આજે મરવાનો પ્રસંગ આવી ગયો છે, તો હવે આમાંથી કાંઈક માર્ગ તો કાઢવો જ પડશે.

રત્નસાર રત્નચંદ્રના મોઢા આગળ એક કપડું લઈને ઉભો રહે છે. એટલે રત્નચંદ્રની આંખમાંથી સરતા સાચા મોતી એ કપડામાં ભેગા થાય છે. પછી એ મોતી ચંડાળને બતાવીને રત્નસાર કહે છે કે, તું આ સાચા મોતી લઈ લે અને એના બદલામાં અમ બન્નેને જીવતા છોડી દે. તારો આ ઉપકાર હું કયારેય ભૂલીશ નહીં..'' રત્નસારે આપેલા સાચા મોતી જોઈને ચંડાળ એની વાત માની ગયો. ચંડાળે બન્ને ભાઈઓને છોડી દીધા અને ખાસ સૂચના આપી કે, ''તમારે કયારેય પણ આ નગર તરફ આવવું નહી. હવે તમે ઉત્તર દિશા તરફ ભાગી જાવ.''

રત્નસાર અને રત્નચંદ્ર ઉત્તર દિશામાં આગળ જઈ રહ્યા છે. રસ્તામાં એમને એક મુની ભગવંત મળે છે. એ વખતે એ બન્ને ભાઈઓએ શુભ ભાવનાથી મુનીને વંદન કર્યા. મુનીએ 'ધર્મલાભ' કઈને ઉપદેશ આપ્યો કે...''આધી, વ્યાધી અને ઉપાધિઓથી ભરેલા ભયંકર એવા આ સંસારમાં ડુબતા જીવો માટે જો કોઈ ભવતારક હોય તો એ ફકત ધર્મ જ છે. આ ધર્મ બે પ્રકારનો કહેવાયો છે. સાધુધર્મ અને શ્રાવકધર્મ એમાં પણ સાધુઓના પંચમહાવ્રતરૂપી સાધુધર્મ મહાન અને ઉત્તમ ગણાય છે. કારણ કે સાધુધર્મને પામ્યા વગર કોઈપણ જીવ સિધ્ધી પામ્યો નથી. એટલે તમે બન્ને મુક્તિ મેળવવા માટે જલ્દીથી સાધુધર્મ ગ્રહણ કરી લો. અને આ સાધુધર્મ શ્રધ્ધા વગર શોભતો નથી માટે તમે બન્ને સાધુધર્મ આચરવાની શ્રધ્ધાવાળા બનો.'' મુની ભગવંતની આવી વૈરાગ્યસભર વાણી સાંભળીને પ્રભાવિત બનેલા રત્નાકરે કહ્યું કે, ''હે ક્ષમા શ્રમણ ! હું મુનીધર્મને સ્વિકારવામાં અસમર્થ છું. એટલે તમે મને સમ્યકૃત્વ આપો. એનું હું આનંદથી પાલન કરીશ.'' કહેવત છે કે, ''તીર્થક્ષેત્ર પાપનો નાશ કરે છે, ચંદ્રની શિતળતા, તાપનો નાશ કરે છે અને કલ્પવૃક્ષ દારિદ્રયનો નાશ કરે છે, અને મહાન આશયવાળા સંતપુરૂષો તો પાપ, તાપ અને દારિદ્રયનો એક સાથે નાશ કરે છે.'' આવી રીતે સ્તુતિ કરીને ગુરૂભગવંતની પાસેથી સમ્યકૃત્વ સ્વીકારીને એ બન્ને ભાઈઓ ઘનઘોર જંગલને ઓળંગીને એક શહેરની પાસે પહોંચ્યા. સુર્યાસ્તનો સમય થઈ ગયો હતો એટલે ભીમપુર નગરની સીમની નજીકના એક વડના ઝાડની નીચે બેઠા. રાત પડી એટલે બન્ને ભાઈઓએ વારા ફરતી સુવાનું નકકી કર્યું. પહેલા રત્નચંદ્ર સુઈ ગયો અને રત્નસાર જાગતો રહ્યો. અધી રાત્રી વિત્યા પછી રત્નસારે રત્નચંદ્રને જગાડયો અને પોતે સૂઈ ગયો. હવે રત્નચંદ્રનો જાગવાનો વારો હતો પરંતુ એ ઉંમરમાં નાનો હોવાથી એને પણ ઉંઘ આવી ગઈ. આવી રીતે બન્ને

ભાઈઓ સુતા છે. બાજુમાં જ જંગલ હોવાથી ત્યાંથી એક ઝેરીલો સાપ આવીને રત્નસારને દંશ કરીને જતો રહ્યો. સવાર થતા જાગી ઉઠેલો રત્નચંદ્ર પોતાના મોટા ભાઈને સુતેલો જોઈને ઉઠાડવા પ્રયત્ન કરે છે. પરંતુ સાપના દંશથી મરણ પામેલો રત્નસાર ઉઠી શકતો નથી. રત્નચંદ્ર રત્નસારના મોઢા તરફ જોવે છે તો મોઢું એકદમ લીલું થઈ ગયેલું દેખાય છે. પછી પગ તરફ જોતા એને સર્પદંશની નિશાની દેખાય છે. એ જોઈને પોતે આક્રંદ કરવા લાગે છે. પોતાનો જાગવાનો વારો હતો એના બદલે સુઈ ગયો એટલે આવી દુર્ઘટના બની એમ સમજીને પોતાની જાતનો ધિક્કાર કરે છે. આવા જંગલમાં લાકડા વગેરે સામગ્રી વગર હું મારા ભાઈના મૃતદેહ ઉપર અંતિમ સંસ્કાર કેવી રીતે કરી શકીશ ? આમ વિચાર કર્યા પછી પોતાની પાસેની પછેડીથી ભાઈના મૃતદેહને બાંધીને ઝાડ ઉપર લટકાવીને અંતિમ સંસ્કારની સામગ્રી લેવા માટે શોકાકુળ અવસ્થામાં શહેર તરફ જાય છે.

નગરમાં ગયેલો રત્નચંદ્ર ચારેય બાજુ નજર ફેરવીને કોઈ દાતાને શોધી રહ્યો છે. ફરતા ફરતા એ શહેરના એક શ્રીમંત શ્રેષ્ઠીના ઘરની આગળ જઈને ઉભો રહે છે. એ વખતે ઘરના દરવાજા આગળ લક્ષ્મીરત શ્રેષ્ઠી દાતણ કરતા ઉભા હતા. તેઓએ રત્નચંદ્રને જોઈને એના આવવાનું કારણ પૂછ્યું. રત્નચંદ્ર બે હાથ જોડીને પોતાની કહાણી કહેવા જાય છે. પરંતુ પોતાના ભાઈના મૃત્યુને કારણે શોકાકુળ બનેલો એ કાંઈ બોલી શકતો નથી. એની આંખમાંથી મોતી સ્વરૂપ આંસુ સરવા માંડે છે. એ જોઈને ધનલોલુપ એવો લક્ષ્મીરત શ્રેષ્ઠી આશ્ચર્યચકિત થઈ જાય છે. એ મનમાં નક્કી કરે છે કે, જેની આંખમાંથી આંસુના બદલે સાચા મોતી સરે છે એવા આ છોકરાને હું કાયમ માટે મારા ઘરમાં રાખી લઈશ તો ન્યાલ થઈ જઈશ. આવો વિચાર કરીને લક્ષ્મીરત શ્રેષ્ઠી દાંભિકતાથી રત્નચંદ્રને ફરીવાર પૂછે છે કે, ''હે વત્સ ! તું શા માટે આટલું રડે છે ? તારૂ જે દુઃખ હોય એ મને સાચું કહે. હું તારૂ બધું કામ કરી આપીશ. એ સાંભળીને રત્નચંદ્ર, હૃદય કઠણ કરીને શ્રેષ્ઠીને કહે છે કે, ''મારો મોટોભાઈ રત્નસાર જંગલમાં સર્પદંશ થવાથી મરી ગયો છે. એના મૃતદેહ ઉપર અંતિમ સંસ્કાર કરવા માટે મારે કાષ્ઠાદિ સામગ્રી જોઈએ છે. તો તમે મને કૃપા કરીને આવશ્યક સામગ્રી અપાવો.'' એ સાંભળીને ધનલોભી એવો શ્રેષ્ઠી રત્નચંદ્રને હાથથી પકડીને પોતાના ઘરમાં લઈ જાય છે અને ''કાષ્ઠાદિની વ્યવસ્થા કરૂ છું.'' એમ કહીને રત્નચંદ્રને બંદિવાન બનાવીને ઘરના ભોંયરામાં પુરી દે છે. એને રોજ માર મારીને રડાવીને આંખમાંથી અશ્રુની માફક સરતા ઘણા મોતી મેળવે છે. આમ ઘણા દિવસો વિતી જાય છે.

બીજી બાજુ રત્નસાગરને મરેલો સમજીને જે ઝાડ ઉપર લટકાવીને બાંધ્યો છે એ ઝાડની ડાળીને એક ઝેરનાશક વેલડી પણ વળગેલી હતી. સવારના સમયે એક પક્ષી આવીને ઝાડની ઉપર આવીને બેસે છે અને પોતાની ચાંચથી એ વેલડીને છેદીને એના બે ભાગ કરે છે. એટલે એ વેલડીના બન્ને ભાગોમાંથી ઝેર ઉતારનારો રસ ગળવા માંડે છે. એ રસ ડાળી ઉપર લટકેલા રત્નસારના મોંઢા ઉપર પડે છે. એ રસના પ્રભાવથી રત્નસારના શરિરમાંથી ઝેર ઉતરી જાય છે. હવે નવી ચેતના પ્રાપ્ત કરેલો રત્નસાર આજુબાજુમાં જોઈને વિચાર કરે છે કે, હું આ ઝાડ ઉપર કેવી રીતે આવ્યો ? મારો નાનો ભાઈ ક્યાં ગયો ? હવે હું શું કરૂ ? આમ વિચાર કરીને રત્નસાર પોતાને બંધન મુક્ત કરીને ઝાડ ઉપરથી નીચે ઉતરે છે. ચારે બાજુ નજર ફેરવીને નાનાભાઈને ગોતવા માટે પોકાર કરે છે. એને શોધવા માટે જંગલમાં જાય છે. આખા જંગલમાં ફરી વળ્યા છતા નાના ભાઈનો પત્તો લાગતો નથી એટલે નિરાશ થઈને ચિંતા કરતો એક ઝાડની નીચે બેસે છે. એ જ અરસામાં એ નગરનો રાજા મરણ પામ્યો હતો. એને કોઈ પુત્ર ન હોવાથી એનો વારસ કોણ બને ? એ માટે એના કુટુંબીજનોમાં મોટો કલહ અને વિખવાદ ઉભો થાય છે. છેવટે એ રાજ્યના પ્રધાનજી બધા કુટુંબીજનોને સમજાવે છે કે, આવી રીતે કલહ કરીને આપણી શક્તિ વેડફવી નકામી છે. માટે આપણે સર્વ રાજ્ય માન્ય પાંચ દિવ્યોને પ્રમાણી ભૂત કરીએ અને સર્વશ્રેષ્ઠ એવો વારસ શોધીને એને રાજા બનાવીએ. પ્રધાનજીની વાત સાંભળીને રાજાના સ્વજનો એ પ્રમાણે કરવા તૈયાર થયા. પછી એ બધા પાંચ દિવ્યોને સાથે લઈને નગરમાં ચારે બાજુ ભ્રમણ કરે છે. શણગારેલી અંબાડીવાળો હાથી, પવિત્ર જળથી ભરેલો કળશ, પાણીદાર ઘોડો, પ્રજાજનોના તાપને હરનારૂ છત્ર અને ચામર ઢાળતું યુગલ આ પાંચ દિવ્યોની સાથે સાથે પ્રધાનજી, રાજાના સ્વજનો અને નગરજનો નગરમાં ફરી વળ્યા બાદ જંગલ તરફ, પહોંચે છે. ત્યાં એ ઝાડની નીચે રત્નસાર વિસામો ખાતો બેઠો હોય છે. એ વખતે હાથી આગળ વધીને પોતાની સૂંઢથી કળશમાંના પાણી દ્વારા રત્નસારને જલાભિષેક કરે છે. ઘોડો પણ એકદમ થનગની ઉઠીને આનંદ વ્યક્ત કરે છે. છત્ર વિકસીત થઈને રત્નસારના મસ્તક ઉપર ફેલાય જાય છે. અને સાથે આવેલ યુગલ રત્નસારની બન્ને

બાજુએ ચામર ઢાળવા લાગે છે. આ રીતે પાંચ દિવ્યોના પ્રગટ થવાથી રત્નસાર ને રાજા તરીકે વધાવી લેવામાં આવે છે. એને હાથીની અંબાડી ઉપર બેસાડીને રાજમહેલમાં લઈ જવામાં આવે છે અને રાજસિંહાસન ઉપર બેસાડવામાં આવે છે. એ વખતે એ સૂર્યની માફક તેજસ્વી દેખાય છે. શુભ મુરત જોઈને મહોત્સવપૂર્વક રાજ્યાભિષેક કરવામાં આવે છે. પ્રજાજનો સહિત બધા જ લોકો ૨ જા રત્નસારના નામનો જયજયકાર બોલાવે છે.

રાજા બનેલો રત્નસાર સૈનિકોને બોલાવીને પોતાનાં નાના ભાઈની શોધ કરવા તથા મા-બાપને સન્માનપૂર્વક લઈ આવવા માટે બહાર મોકલે છે. રાજાની આજ્ઞાને કારણે સૈનિકો જંગલના ખૂણે-ખૂણે તથા રત્નસારના મૂળ ગામમાં જઈ આવે છે. પરંતુ રત્નચંદ્રનો પત્તો લાગતો નથી. એના મા-બાપ પણ ગામ છોડીને બીજે ક્યાંક સ્થળાંતર કરી ગયા હોય છે. એટલે સૈનિકો ખાલી હાથે પાછા ફરીને રાજાની ક્ષમા માંગે છે. પોતાનો નાનો ભાઈ અને મા-બાપની તપાસ ન લાગવાથી દુઃખી થયેલો રત્નસાર રાજ્ય કારભારમાં મન પરોવી રહ્યો છે. દિવસો જતા ધીરે ધીરે એના મનમાંનું વિયોગનું દુઃખ ઓછું થતું જાય છે. અનેક રાજકુમારીઓ સાથે લગ્ન કરીને રત્નસાર વિવિધ સુખોનો ઉપભોગ લેતા લેતા રાજ્ય કારભાર કરી રહ્યો છે બીજી બાજુ પુત્રોના વિયોગથી દુઃખી થયેલો લાભચંદ્ર શ્રેષ્ઠી પોતાની પત્ની તારામતીની સાથે ગામ છોડીને ભીમપુરમાં વસે છે. વેપાર અને નિત્ય ધર્મધ્યાન કરીને દિવસો વિતાવે છે.

ધનપુર નામનાં એક નગરમાં ધનવાન, સદાચારી અને દાનવીર એવો ધનદ નામનો શ્રેષ્ઠી વસતો હતો. તેની પત્ની શ્રીમતી એ શીલવાન, પતિની આજ્ઞા પાળનારી અને જૈન ધર્મ પરાયણ હતી એમને અત્યંત ગુણવાન અને રૂપવાન એવી શુભમતી નામની એક દિકરી હતી. એ દિકરી ઉંમર લાયક થવાને કારણે ધનદ શ્રેષ્ઠી એને પરણાવવા માટે સુયોગ્ય વરની તપાસ કરી રહ્યો છે. પુરૂષમાં કુળ, શીલ, સનાથપણું, વિદ્યા, ધન, શરીર અને યોગ્ય ઉંમર એ સાત ગુણો હોવા જોઈએ. અત્યંત ભાગ્યશાળી જનવી કન્યા આવો સપ્તગુણવાળો વર મેળવી શકે છે. પરંતુ શુભમતી માટે આવો યોગ્ય વર મળતો નથી એટલે ધનદ શ્રેષ્ઠી મોટી ચિંતામાં હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, ''પુત્રીનો જન્મ થાય છે ત્યારથી જ પિતાના મનમાં અત્યંત શોક ઉત્પન્ન થાય છે. દિકરીને યોગ્ય એવો વર મળશે કે નહીં અને મળ્યા પછી દિકરી સાસરે સુખી થશે કે નહિ ? એવી, ચિંતા રહ્યા કરે છે. લોકોમાં પણ કહેવાયું છે કે,

''સુખે ન સુવે ધનનો ધણી, સુખે ન સુવે જેને ચિંતા ઘણી !
સુખે ન સુવે દિકરીનો બાપ, સુખે ન સુવે જેના ઘરમાં સાપ !!''

એકવાર ધનદ શ્રેષ્ઠીને ત્યાં કોઈક મહેમાન અતિથી તરીકે આવે છે. ત્યારે ધનદ શ્રેષ્ઠી એ અતિથીને પોતાની કન્યા માટે સુયોગ્ય વર હોય તો બતાવવા માટે પૂછે છે. અતિથી કહે છે કે, ''ભીમપુર નામનાં નગરમાં લક્ષ્મીરત નામના શ્રેષ્ઠીને એક સુયોગ્ય પુત્ર છે. એ ત્રણ વરસનો હતો ત્યારે મેં એને જોયેલો છે. એનો સંબંધ આજ દિવસ સુધી કોઈની સાથે બંધાયો નથી, એ હું જાણું છું. મારા ધારવા પ્રમાણે તમારી કન્યા માટે લક્ષ્મીરતનો પુત્ર જ યોગ્ય વર કહેવાશે. માટે તમે તરત જ ભીમપુરમાં તપાસ કરાવો.'' અતિથીની વાત સાંભળીને ધનદ શ્રેષ્ઠી પોતાના એક સેવકને રથ લઈને ભીમપુર જવા કહે છે. સાથે સાથે સૂચના આપે છે કે, ''તું પોતે એ છોકરાને બરોબર જોજે. અને એ સપ્તગુણી લાગે તો જ એની સાથે શુભમતીને પરણાવવાનું નક્કી કરીને કંકુનો ચાંદલો કરીને આવજે.'' એ મુજબ ધનદ શ્રેષ્ઠીનો સેવક ભીમપુરમાં લક્ષ્મીરત શ્રેષ્ઠીને ત્યાં જઈને પહોંચે છે. લક્ષ્મીરત શ્રેષ્ઠીઓનું સ્વાગત કરીને ખબર-અંતર પૂછે છે. ત્યારે સેવક શુભમતી માટે સુયોગ્ય વર શોધવા આવ્યો હોવાનું જણાવીને શુભમતીના ગુણોનું વર્ણન કરે છે. એ સાંભળી લક્ષ્મીરત શ્રેષ્ઠી મનમાં વિચાર કરે છે કે, મારો પુત્ર તો કુષ્ટરોગી છે. છતાં હું માયા-પ્રપંચથી મારા પુત્રની બદલે રત્નચંદ્રની સાથે શુભમતીના લગ્ન કરાવી દઈશ.અને શુભમતી જ્યારે પુત્રવધુ બનીને આવશે ત્યારે મારા પુત્રને વરરાજાના વેશમાં શણગારીને એની પાસે મોકલીશ.

લક્ષ્મીરત શ્રેષ્ઠી ધનદના સેવકને કહે છે કે, ''મારો દિકરો અત્યારે મોસાળે ગયો છે. એ રૂપ, ગુણ સંપન્ન છે અને અત્યારે વિવિધ કળાઓ અને વિદ્યાઓને જાણવા માટે એનાં મોસાળમાં છે. એના લગ્ન માટે અત્યાર સુધી ઘણી જગ્યાએથી માંગા આવ્યા છે. પરંતુ એમાં તમે કહો છો એવી કોઈ સુયોગ્ય કન્યા નથી. માટે તમે જે સંબંધ જોડવાની વાત કરો છો એ મને મંજુર છે.'' એ સાંભળીને ધનદનો સેવક કહે છે કે,'' તમારા દિકરાને સમક્ષ જોયા વગર હું આ વિવાહ સંબંધ પાકો ન કરી શકું. કારણ મારા શેઠની એવી સ્પષ્ટ આજ્ઞા છે.'' એ વખતે કપટી ભાવવાળો લક્ષ્મીરત કહે છે કે, ''મારો પુત્ર તો દેવકુમાર - રાજકુમાર જેવો રૂપાળો છે. એટલે તું કોઈપણ જાતની ચિંતા અને શંકા-કુશંકા કર્યા વગર આ સંબંધ પાકો કરી નાંખ. સિવાય તે મને તો જોયો

જ છે. મારો દિકરો મારા જેવો જ છે.'' આટલું કરીને લક્ષ્મીરત ધનદના સેવકનો આદર-સત્કારપૂર્વક ખૂબ સારી રીતે જમાડે છે. આવા આદર-સત્કારથી એના મનમાં લક્ષ્મીરત વિશે વિશ્વાસ નિર્માણ થાય છે. એટલે એ લક્ષ્મીરતને કહે છે કે, ''તમારા પુત્રની સાથે શુભમતીનો વિવાહ નક્કી કરૂં છું.'' એ પછી લક્ષ્મીરત પોતાનાં બધા સ્વજનોને બોલાવીને પુત્રના લગ્ન શુભમતી સાથે નક્કી થયાનું જાહેર કરે છે. શુભ શુકન તરીકે બધાને શ્રીફળ અને ગોળ આપે છે. સારી રીતે જમાડે છે. અને ધનદ શ્રેષ્ઠીના સેવકને સારો વસ્ત્રો વગેરે આપીને બહુમાન સહિત વળાવી આવે છે.

ધનદનો સેવક પાછો આવીને ધનદ શ્રેષ્ઠીને શુભમતીનો વિવાહ નક્કી કર્યાની વાત કરે છે. એ સેવકે વરને જોયા વગર આ સંબંધ નક્કી કર્યો હોવાથી શ્રેષ્ઠી એને ઠપકો આપે છે. અને પછી કહે છે કે, ''જે થયું તે સારા માટે થયું છે. હવે ચિંતા કરવાનો અર્થ નથી. માટે તું જલ્દી જઈને બ્રાહ્મણને બોલાવી લાવ એટલે આપણે લગ્નનું સારૂ મુરત કઢાવી લઈએ.'' એ પ્રમાણે બ્રાહ્મણ આવ્યા પછી, વૈશાખ સુદ એકાદશીનું મુરત શુભ હોવાનું કહે છે. બ્રાહ્મણ પાસેથી લગ્ન કુંડળી કઢાવ્યા પછી શ્રેષ્ઠી એને સારી એવી દક્ષિણા આપીને વિદાય કરે છે.અને પોતાના સેવકને લગ્ન પત્ર આપીને ફરીથી લક્ષ્મીરતને ત્યાં મોકલે છે. સાથે બ્રાહ્મણ પણ હોય છે. એ લક્ષ્મીરતને ત્યાં જઈને આશીર્વચનો બોલીને ઘણા હર્ષની સાથે એને લગ્ન પત્ર આપે છે. તેમજ શુભમતીના ગુણના ખુબ વખાણ કરે છે. અને ધનદ શ્રેષ્ઠી ધનવાન હોવાથી લગ્નના ખર્ચાની ચિંતા કર્યા વગર શુભમુહૂર્તે સ્વજન-પરિવારજનો સાથે જાન લઈને આવજો. એવું આમંત્રણ પણ આપે છે. એ સાંભળી આનંદિત થયેલો લક્ષ્મીરત બ્રાહ્મણને સારી રીતે જમાડીને યથા યોગ્ય દાન આપીને પાછો વળાવે છે. બ્રાહ્મણ ગયા પછી કપટી એવો લક્ષ્મીરત વિચાર કરે છે કે, બહારના ઉદ્યાનમાં રાખેલ રત્નચંદ્રને મોટા આડંબર સાથે સવારે ઘરે લાવીને મહાજનોની સમક્ષ એને પુત્ર તરીકે જાહેર કરીને લગ્ન પ્રસંગે જાન લઈને ધનપુર જઈશ.

આવી રીતે વિચાર કર્યા પછી લક્ષ્મીરત રત્નચંદ્રને જે ભોંયરામાં બંદિવાન તરીકે રાખેલ હોય છે ત્યાં જાય છે. અને કહે છે કે, ''હું તને જે પ્રમાણે કહું એ પ્રમાણે તારે બધું કરવું પડશે. મારો પુત્ર કુષ્ટરોગથી ભરાયેલો છે. અને મેં એના લગ્ન ધનપુરના ધનદ શ્રેષ્ઠીની પુત્રી શુભમતી સાથે કરવાનું નક્કી કર્યું છે. પણ અત્યારે લગ્નપ્રસંગે તો તારે જ એના વર તરીકે બની ઠનીને આવવાનું છે. અને લગ્ન પછી ઘરે આવ્યા બાદ માત્ર મારો દીકરો જ શુભમતીનો વર બનીને રહેશે તું આ પ્રમાણે કરીશ તો બે મહિના સુધી સુખેથી રહી શકીશ. હું તને કોઈ જાતનો ત્રાસ નહિ આપું. અને ઘરની બહાર જતી વખતે તારે મારી સુરક્ષા વ્યવસ્થા હેઠળ રહેવું પડશે.'' એ વાત સાંભળીને રત્નચંદ્ર મનમાં વિચાર કરે છે કે, પૂર્વભવમાં ઉપાર્જિત કરેલા કર્મોને કારણે મારા ઉપર આ ધર્મ સંકટ આવી પડયું છે. પણ કન્યાનો વિશ્વાસઘાત કરવાનું મહાપાપ હું શા માટે કરૂ ? આવી રીતે વિચાર કરીને રત્નચંદ્ર લક્ષ્મીરતને કહે છે કે, ''આવું પાપ હું કયારેય નહિ કરૂ.'' આવો જવાબ સાંભળીને ક્રોધે ભરાયેલો લક્ષ્મીરત હાથમાં તલવાર લઈને રત્નચંદ્રને ધમકાવે છે કે, તું જો મારૂં કીધું નહિ માને તો હું તારો શિરચ્છેદ કરી નાખીશ. માટે તને જો તારો જીવ વ્હાલો હોય તો મારી વાત માની જા.'' લક્ષ્મીરતને ક્રોધે ભરાયેલો અને હાથમાં તલવાર લીધેલો જોઈને રત્નચંદ્ર ગભરાઈને આક્રંદ કરી ઉઠે છે. પરંતુ બીજી જ પળે વિચાર કરે છે કે, હું જો જીવતો હોઈશ તો કાલે કંઈક શુભ ઘટના બની શકશે. માટે અત્યારે તો લક્ષ્મીરતન કહેવાં પ્રમાણે વર્તવું જરૂરી છે. આવી રીતે વિચાર કરીને રત્નચંદ્ર બે હાથ જોડીને લક્ષ્મીરતને કહે છે કે,'' તમે કહેશો એ પ્રમાણે હું વર્તીશ. પણ હવે તો મને આ ભોંયરામાંથી બહાર કાઢો.'' આવા વચનો સાંભળવા માટે આતુર બનેલા લક્ષ્મીરતે એને મધ્યરાત્રીના વખતે ભોંયરામાંથી બહાર કાઢીને બહારના ઉદ્યાનમાં રાખ્યો. પછી સવારના સમયે અનેક વાજીંત્રો સાથે વાજતે ગાજતે નગર પ્રવેશ કરાવ્યો. પછી મહાજનોને બોલાવીને કહ્યું કે, આ મારો પુત્ર એના મોસાળમાં વિદ્યાભ્યાસ કરીને, પારંગત બનીને પાછો આવ્યો છે. એના લગ્ન ઠાઠ-માઠથી કરવાની ભાવના છે. એટલે તમે બધા લગ્નની જાનમાં જોડાજો એવી મારી વિનંતી છે.

એક શુભ દિવસ જોઈને લક્ષ્મીરત સ્વજન, પરિવારજન અને મહાજનોને લઈને રત્નચંદ્રને વરરાજા પ્રમાણે સજાવીને જાન સાથે લગ્નના દિવસે સવારે ધનપુરની પાસે પહોંચે છે. એ વખતે ધનદ શ્રેષ્ઠી પણ મોટા ઉત્સાહથી જાનનું સામૈયું કરે છે. વર તરીકે આવેલા રત્નચંદ્રને જોઈને ધનદ અને એની પત્ની ખૂબ રાજી થાય છે. જાનૈયાઓને પોતાના ઘરની સામેના સાતમાળના મકાનમાં ઉતારો આપે છે ત્યાં બધી સુખ-સગવડો રાખેલી હોય છે.

ક્રમશ :

શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ
પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરિભ્યો નમઃ
પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિભ્યો નમઃ
પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક રૂપ અંકેવાળીયા - ચંપાપુરી શ્રી વાસુપૂજ્યસ્વામી પંચકલ્યાણક તીર્થની પ્રતિષ્ઠા પ્રસંગે તથા
નિમિત્તે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર આદિ પંચાહ્નિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ પ્રસંગે પધારવા

શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

શુભ સ્થળ :- હાઈવે અંકેવાળીયા (તા. લીંબડી)

● નિશ્રાદાતા ●

પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મ.
પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.
પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.
પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ.
પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.

■ **મહોત્સવ પ્રારંભ** : ૨૦૫૬ મહા સુદ ૧૪ શુક્રવાર તા. ૧૮-૨-૨૦૦૦
■ **ભવ્ય રથયાત્રા** : મહા વદ ૬ શુક્રવાર તા. ૨૫-૨-૨૦૦૦
■ **પ્રતિષ્ઠા** : મહા વદ ૭ શનિવાર તા. ૨૬-૨-૨૦૦૦

■ નિમંત્રક ■

સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટ
અંકેવાળીયા - ચંપાપુરી તીર્થ (તા. લીંબડી) સૌરાષ્ટ્ર

● સંપર્ક - પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ ●

C/o. સુરેશચંદ્ર શાંતિલાલ શાહ ડો.પી.પી.દેસાઈ સામે,
વિકલ પ્રેસ શેરી નં. ૪, સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર) ફોન નં. ૨૦૯૨૧

સુજ્ઞ ધર્મ બંધુ

પ્રણામ ! તીર્થ જણાવવાનું જે સૌરાષ્ટ્રમાં અનેક ધર્મભૂમિઓ છે અને ત્યાંના કલ્યાણ માર્ગની પ્રભાવનાના કાર્યો દ્વારા જૈન શાસનમાં જય વર્તાય રહ્યો છે.

આવી જ એક વિસ્મૃત અને અદ્રશ્ય બની ગયેલી તીર્થભૂમિ **અંકેવાળીયા** છે. જ્યાં ધોળકાના દંડનાયક (રાજા) અને **સંઘપતિ શ્રી વસ્તુપાલ મંત્રીશ્વર** શ્રી સિદ્ધગિરિ મહાતીર્થના ૧૨ સંઘ પૂર્ણ કરી તેરમો સંઘ લઈને જતાં અત્રે બિમાર થયા અને સ્વર્ગવાસ પામ્યા તેમના ધર્મપત્ની લલીતાદેવી અને બીજા એક પત્ની પણ ઉપવાસ આદિ અનસન કરીને અત્રે સ્વર્ગે સિધાવ્યા.

વસ્તુપાલ મંત્રીશ્વરના લઘુબંધુ **શ્રી તેજપાલ** મંત્રીશ્વરે અત્રે જિનમંદિર ઉપાશ્રય ધર્મશાળા વિ. બનાવીને વસ્તુપાલના સ્મારક રૂપ તીર્થ બનાવ્યું હતું.

વિક્રમના તેરમા સૈકામાં બનેલા આ તીર્થમાં જૈનોની વસ્તિ પણ ઘણી હશે ? અહી મહાન આચાર્યદેવોએ ચોમાસું કર્યાના ઈતિહાસ મળે છે. પરંતુ વિચ્છેદ થઈ ગયેલ આ તીર્થને પ્રકાશમાં લાવવા આગમજ્ઞાતા **પૂ. આ. શ્રી વિજય માનતુંગ સૂરીશ્વરજી** મ. ને વિચાર આવ્યો અને તેમણે આ તીર્થનો ઉદ્ધાર કરવા સંકલ્પ ૨૦૩૫માં કર્યો હતો સંકલ્પ કુંડલી પણ મળી છે. પરંતુ તેઓશ્રી સ્વર્ગધામ વિદાય થઈ ગયા.

શ્રી હસ્તગિરિની પ્રતિષ્ઠા વખતે **પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અજીતસેન સૂ. મ.** આદિએ **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ. ને આ સંકલ્પ સિદ્ધ કરવા ભલામણ કરી. ડોળીયા શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ નજીક છે તો આ કાર્ય થઈ જાય.

તપોમૂર્તિ પૂ. આ. **શ્રી વિજયકર્પૂરસૂરીશ્વરજી** મ. તથા તેઓના પટ્ટધર હાલાર દેશોદ્ધારક પૂ. આ. **શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી** મ.ની પરમ કૃપાથી તેઓશ્રીના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી** મ. એ માર્ગદર્શન આપ્યું. અને જમીનના એક પછી એક ચાર પ્લોટ ગામની વચ્ચે જ લેવાયા. દેરાસર પૂર્ણ થવા આવ્યું છે ઉપાશ્રય તથા ઓફિસ મંગલઘર વિ. પણ તૈયાર થઈ ગયા છે બીજો ઉપાશ્રય તથા ધર્મશાળા અને ભોજન શાળા તૈયાર થઈ જવામાં છે.

પૂ. આ **શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી** મ. એ આ કાર્યમાં સારો રસ લીધો અને તેઓશ્રીની નિશ્રામાં શિલારોપણ થયું હતું. તેઓશ્રી દૂરથી વિહાર કરી પ્રતિષ્ઠા પ્રસંગે પધારશે.

આ તીર્થ ઉદ્ધારનું કામ પૂર્ણ થવા આવ્યું છે અને **શ્રી વાસુપૂજ્યસ્વામીના ચંપાપુરીમાં પાંચ કલ્યાણક** થયેલા છે તો તેને આશ્રીને તે **અંકવાળીયા ચંપાપુરી શ્રી વાસુપૂજ્યસ્વામી પંચ કલ્યાણક તીર્થ** નિર્માણ થયું છે મૂળ શિખરબંધ દેરાસર ફરતે ચાર નાના શિખરબંધ મંદિરો તૈયાર થયા છે. ત્રણ ગુરુ મંદિરમાં પ્રથમમાં પૂ. **પુંડરીક સ્વામી, ગૌતમ સ્વામી, સુધર્માસ્વામી** જમણી બાજુમાં **પૂ. સિદ્ધિ સૂ. મ., પૂ. કલ્પ સૂ. મ. પૂ. અમૃત સૂ. મ.**, ત્રીજા ગુરુ મંદિરમાં **પૂ. રામચંદ્ર સૂ. મ., પૂ. મુક્તિચંદ્ર સૂ. મ., પૂ. માનતુંગ સૂ. મ.** ની ગુરુમૂર્તિઓ આવશે. મુખ્યદ્વાર પાસે **સંઘપતિ શ્રી વસ્તુપાલ મંત્રીશ્વર** તથા **સંઘપતિ શ્રી તેજપાલ મંત્રીશ્વર** ના ઉભા સ્ટેચ્યુ પધરાવાશે.

પૂ. આચાર્યદેવ શ્રી તથા **પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., પૂ. મુ. હેમેન્દ્ર વિ. મ. પૂ. મુ., શ્રી અવિચલેન્દ્ર વિ. મ., પૂ. બાલ મુ. શ્રી નરેન્દ્ર વિ. મ.**, આદિ પધારતા આ પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે ઉજવવા નિર્ણય કર્યો છે. આ પ્રસંગે અમારી વિનંતિથી **પૂ. આ. શ્રી વિજય રવિપ્રભસૂરીશ્વરજી મ. આદિ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. આદિ આ. શ્રી પૂ. વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. આદિ** તથા પ્રવર્તક **પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી** મ. આદિ પધારશે.

● મહોત્સવનો મંગલ કાર્યક્રમ ●

મહા સુદ ૧૪ શુક્રવાર તા.૧૮-૨-૨૦૦૦

■ **સવારે ૧૦ વાગ્યે કુંભસ્થાપન, દીપક સ્થાપન, જવારારોપણ** ■
■ **બપોરે ૨-૩૦ વાગ્યે પંચકલ્યાણક પૂજા** ■ **સવારે બપોરે સાંજે સાધર્મિક વાત્સલ્ય** ■
આજના દિવસો પૂજનો પૂજા તથા ત્રણે સાધર્મિક વાત્સલ્યોનો બધો લાભ
શ્રી મુગટલાલ જેચંદભાઈ શાહ વઢવાણવાળા હાલ મલાડ ઈસ્ટ મુંબઈ તરફથી

મહા વદ ૫ ગુરુવાર તા.૨૪-૨-૨૦૦૦

■ **સવારે ૮-૩૦ વાગ્યે નવગ્રહ પૂજન** ■
માતુશ્રી કંચનબેન ગીરધરલાલ ભીખાભાઈ મુંબઈ તરફથી
■ **દશદિક્પાલ પૂજન** : શ્રી સિદ્ધગિરિ મંડળ વઢવાણ શહેર તરફથી
■ **અષ્ટમંગલ પૂજન** : માતુશ્રી કંચનબેન ગીરધરલાલ ભીખાભાઈ મુંબઈ તરફથી.
બપોરે ૨-૦૦ વાગ્યે પ્રભુજીને ૧૮ અભિષેક તથા ધ્વજ દંડ કલશ અભિષેક તેની બોલી સવારે થશે.

સાધર્મિક વાત્સલ્ય :
સવારે : **બપોરે :**
સાંજે : **રાત્રે : ૮-૩૦ કલાકે ભાવના**

મહા વદ ૬ શુક્રવાર તા.૨૫-૨-૨૦૦૦

■ **સવારે ૮-૩૦ વાગ્યે રથયાત્રાનો વરઘોડો** ■
શાહ મોહનલાલ મનજીભાઈ વઢવાણવાળા હાલ મુંબઈ તરફથી
■ **બપોરે ૨-૩૦ વાગ્યે પ્રવચન** ■
પ્રવચનમાં મૂળ નાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીની પ્રતિષ્ઠાની તથા બીજી પ્રતિષ્ઠાની બોલી થશે.
■ **સાધર્મિક વાત્સલ્ય** ■
ત્રણે ટાઈમના શ્રીમતિ જયાબેન ગુલાબચંદ મૂળચંદ લંડનવાળા તરફથી
■ **રાત્રે ૮-૩૦ કલાકે ભાવના** ■

મહા વદ ૭ શનિવાર તા.૨૬-૨-૨૦૦૦

સવારે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠા :
■ **સવારે ૧૦ વાગ્યે પ્રવચન થશે.** ■
પ્રવચનમાં જિન મંદિર દ્વારોદ્ઘાટનની બોલી થશે.

■ રવિવારે ૧૧-૦૦ વાગ્યે બૃહદ્‌અષ્ટોત્તરી સ્નાત્ર ■
શાહ પ્રભુદાસ ફૂલચંદ હ. હેમલતાબેન પ્રભુદાસ તથા યોગેશભાઈ, જયેશભાઈ, જ્યોતિબેન, ધારિણીબેન, દર્શન સુરેન્દ્રનગરવાળા હાલ અંધેરી મુંબઈ તરફથી
■ સાધર્મિક વાત્સલ્ય ■
સવારે : શ્રીમતિ સુરેખાબેન ભૂપેન્દ્રકુમાર એસ. શાહ અમદાવાદવાળા તથા શ્રીમતી કલ્પનાબેન મહેન્દ્રકુમાર ગાંધી - મુંબઈ વાળા તરફથી
બપોરે : ગામ જમણ સાથ શ્રીમતી સુશીલાબેન કિશોરચંદ્ર ઝવેરચંદ માલદે - મુલુંડ શ્રી અશ્વિનભાઈ રાઠોડ કવિ જુગરાજ જસરાજ રાઠોડ પરિવાર મુંબઈ.
સાંજે : શ્રીમતી વિમળાબેન રસીકલાલ દલીચંદ અંજારીયા હ. જીતેન્દ્ર, યોગેશ, હાર્દિક તરફથી
■ રાત્રે ૮-૩૦ કલાકે ભાવના ■

મહા વદ ૮ રવિવાર તા.૨૭-૨-૨૦૦૦
સવારે સૂર્યોદય પહેલાં જિન મંદિર દ્વારોદ્‌ઘાટન
■ રવિવારે ૯-૦૦ વાગ્યે સત્તર ભેદી પૂજા ■
સ્વ. શાહ હેમરાજ કુંભા શ્રી ગંગાબેન હેમરાજના શ્રેયાર્થે લાલજી હેમરાજ, રમાબેન લાલજી પરિવાર પ્રદીપકુમાર લાલજી, મુકેશકુમાર લાલજી, સ્મિતાબેન મુકેશકુમાર લંડનવાળા તરફથી
■ સાધર્મિક વાત્સલ્ય : **સવારે :**
બપોરે : શ્રીમતિ નિમુબેન મનસુખલાલ શાહ ડબાસંગવાળા લંડન તરફથી
આ પ્રસંગે વિધિ માટે જામનગરથી **શ્રેષ્ઠીવર્ય શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ, શ્રી સુરેન્દ્રચંદ્ર હીરાલાલ શાહ** પધારશે. પૂજાભાવના માટે **જામનગરથી શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ** પધારશે.
આ મહોત્સવ પ્રસંગે પધારવા આપને ભાવભર્યું આમંત્રણ છે.
આ પ્રસંગે પધારવાથી મહોત્સવ ઉપરાંત જિનદર્શન, પૂજન તથા ગુરુવંદન, પ્રવચન શ્રવણ તથા અમારી વિનંતિથી પધારનાર પૂ. સા. શ્રી નંદનશ્રીજી મ., પૂ. સા. શ્રી ચંદનબાળાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી સૂર્યપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી રત્ન રેખાશ્રીજી મ. આદિ પૂ. પ્રવર્તિની સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી અનંત પ્રભાશ્રીજી મ. આદિ અનેક સાધ્વી વૃંદોના દર્શન થશે.
અત્રે નજીકમાં શ્રી **શિયાણી તીર્થ, શ્રી ડોળીયા તીર્થની** યાત્રા તથા **લીંબડી, વઢવાણ, સુરેન્દ્રનગરના** જિનમંદિરોના દર્શનાદિનો લાભ મળશે.

લિ. સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટ

અત્રે આવવા માટે લીંબડી (૫ કિ.મી.) વઢવાણ (૧૫ કિ.મી.) સુરેન્દ્રનગર (૨૦ કિ.મી.) બસની સગવડ છે. **અકેવાળીયા** લીંબડી વઢવાણ હાઈ-વે ઉપર છે.

મંદિર પ્રતિષ્ઠાનો લાભ લેનારા

૧. કેવલજ્ઞાન કલ્યાણક મુખ્ય મંદિર ■
લાભ લેનાર શ્રીપાલનગર જૈન દેરાસર ટ્રસ્ટ, વાલકેશ્વર - મુંબઈ
મૂલનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામી (૪૧ ઈંચ)
ભરાવનાર શા. ઝવેરચંદ રણમલભાઈ ગુઢકા પરિવાર, **લાખાબાવળ,** મુલુંડ - ભીવંડી. શ્રીમતિ મોતીબેન પ્રભુલાલ મેઘજી ગુઢકા - લંડન તથા શ્રી ભરતભાઈ પટેલ જામનગર.
૨. મૂલનાયકશ્રીની પ્રતિષ્ઠા કરનાર - આદેશબાકી
જમણી બાજુ પ્રતિમા ૨૭ ઈંચ શ્રી આદીશ્વરજી
ભરાવનાર તથા **પધરાવનાર** શ્રીમતિ સવિતાબેન મોહનલાલ શાહ, વઢવાણવાળા - મુંબઈ
ડાબી બાજુ પ્રતિમા ૨૭ ઈંચ અજિતનાથજી
ભરાવનાર તથા **પધરાવનાર** શ્રી વસુમતિબેન યશવંતરાય - મુંબઈ
ગોખમાં જમણી બાજુ આદીશ્વરજી
ભરાવનાર તથા **પ્રતિષ્ઠા કરનાર** શાહ વિમળાબેન રસીકલાલ હ. જીતેન્દ્ર, યોગેશ, હાર્દિક - ફ્રાંગધ્રા
ગોખમાં ડાબી બાજુ શ્રી આદિનાથજી
ભરાવનાર તથા **પધરાવનાર** શ્રી સિદ્ધગિરિ મંડળ - વઢવાણ શહેર
૩. ચ્યવન કલ્યાણક મંદિર ■
લાભ લેનાર શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ-લંડન
પ્રતિમા ૨૧ ઈંચ શ્રી વાસુપૂજ્ય સ્વામી
ભરાવનાર તથા **પ્રતિષ્ઠા કરનાર** શ્રીમતિ હોલરબેન પ્રભુલાલ સામજ મહેતા - જામનગર
૪. જન્મ કલ્યાણક મંદિર ■
લાભ લેનાર શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર, ખેતવાડી મુંબઈ તથા શ્રી કાંતિલાલ એન. શાહ, ચેન્નાઈ (મદ્રાસ)
પ્રતિમા ૨૧ ઈંચ શ્રી વાસુપૂજ્ય સ્વામી
ભરાવનાર તથા **પ્રતિષ્ઠા કરનાર** મુગટલાલ જેચંદભાઈ શાહ, વઢવાણવાળા - મલાડ
૫. દીક્ષા કલ્યાણક મંદિર ■
લાભ લેનાર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આરાધના ટ્રસ્ટ - સાબરમતી, અમદાવાદ
પ્રતિમા ૨૧ ઈંચ શ્રી વાસુપૂજ્ય સ્વામી ભરાવનાર તથા પ્રતિષ્ઠા કરનાર :
શ્રીમતી કંચનબેન ગીરધરલાલ ભીખાભાઈ - મુંબઈ
૬. નિર્વાણ કલ્યાણક મંદિર ■
પ્રતિમા ૨૧ ઈંચ વાસુપૂજ્ય સ્વામી
લાભ લેનાર, ભરાવનાર તથા **પ્રતિષ્ઠા કરનાર**
શ્રી હિંમતલાલ છગનલાલ મહેતા, હ. શ્રીમતી વિનોદિનીબેન હિંમતલાલ તથા કમલેશકુમાર હિંમતલાલ આદિ વાંકાનેરવાળા - કલકત્તા.

❖ ગુરુમૂર્તિ ભરાવનાર તથા પધરાવનાર ❖

■ **ગુરુ મંદિર નં.૧** ■
૧. **શ્રી પુંડરીક સ્વામી મ. ગુરુમંદિર**
શ્રી જગ્નેશ યશવંતરાય શાહ, વઢવાણવાળા - મુંબઈ
૨. **શ્રી ગૌતમ સ્વામી મ.**
શ્રી પ્રભુદાસ ફૂલચંદ શાહ, સુરેન્દ્રનગરવાળા - અંધેરી
૩. **શ્રી સુધર્મા સ્વામી મ.**
શ્રી ત્રંબકલાલ એમ. શાહ, હ. રજનીકાંત ટી. શાહ, લીંબડીવાળા - વડોદરા

■ **ગુરુ મંદિર નં.૨** ■
૧. **શ્રી સિદ્ધિ સૂ. મ.**
પ્રભુદાસ ફુલચંદ શાહ પરિવાર સુરેન્દ્રનગરવાળા - અંધેરી
૨. **શ્રી કર્પૂર સૂ. મ.**
શ્રીમતી સુશીલાબેન શાંતિલાલ જુઠાલાલ ગુઢકા, તરઘરી દેવરીયા - લંડન
૩. **શ્રી અમૃત સૂ. મ.**
શ્રીમતી દેવકુંવરબેન ફૂલચંદ લાલજી નગરીયા પરિવાર, લાખાબાવળ - લંડન

■ **ગુરુ મંદિર નં.૩** ■
૧. **શ્રી રામચંદ્ર સૂ. મ.**
શ્રી શાહ વિઠલજી ખીમચંદ પરિવાર, જામનગર - મુંબઈ
૨. **શ્રી મુક્તિચંદ્ર સૂ. મ.**
શ્રી મુક્તિચંદ્ર સૂરીશ્વરજી આરાધના ટ્રસ્ટ-અમદાવાદ
૩. **શ્રી માનતુંગ સૂ. મ.**
શ્રી શાહ મુગટલાલ જેચંદભાઈ, વઢવાણવાળા - મુંબઈ

■ **ધજાદંડ પ્રતિષ્ઠા** ■
૧. **શિખર કાયમી** : શ્રી પ્રભુદાસ ફૂલચંદ શાહ સુરેન્દ્રનગરવાળા-અંધેરી
૨. **મંડપ** : આદેશ બાકી
૩. **ધુમટી ધજા** : શ્રી હકુબા તથા શ્રી પુરીબા ઉપાશ્રયની બહેનો - લીંબડી

■ **કળશ પ્રતિષ્ઠા** ■
૧. **શિખર** : શ્રી ચીમનલાલ ચત્રભુજ શાહ,
હ. : પ્રતાપરાય ચીમનલાલ, શ્રીમતી સરોજબેન પ્રતાપરાય - લીંબડી
૨. **મંડપ** : શ્રીમતી કંચનબેન ગીરધરલાલ ભીખાભાઈ વઢવાણવાળા - મુંબઈ
૩. **ધુમટી** : શ્રીમતી વિમળાબેન રસીકલાલ દલીચંદ અંજારીયા
ભાવિની કેતના સુપૌત્રી અર્પી - ધાંગધ્રા.

■ **મંગલમૂર્તિ - ૩ આદેશબાકી** ■

પ્રતિષ્ઠા મહોત્સવના સૌજન્ય સહાયક ● શુભેરછક સભ્યો ●
રૂા.૩૫,૫૦૦-૦૦ શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળના ભાઈઓ તથ બહેનો
હ.દેવકુંવરબેન વી. એમ. શાહ તથા ચંદ્રીકાબેન આર. શાહ - લંડન

● રૂા. ૫,૦૦૦-૦૦ સૌજન્ય દાતા ●

૧.	શાહ સોજપાર મેપા ાઈ ગાગવા	બેંગલોર
૨.	શાહ કાનજી જેઠાભા ી નાગડા	વાવબેરાજા - જામનગર
૩.	શાહ પ્રકાશભાઈ વા ાલાલ વસા	મેમનગર - અમદાવાદ
૪.	શ્રીમતિ કંચનબેન મે ીચંદ પરબત ગુઢકા	લંડન
૫.	શાહ પોપટ રાજા ગુઢક શાહ મેઘજી રાજા ગુઢકા	લાખાબાવળ-મુંબઈ

● રૂા. ૨,૫૦૦-૦૦ સહાયક દાતા ●

૧.	શાહ પદમશી વાઘજી ગુઢકા	લાખાબાવળ - થાન
૨.	શાહ મુગટલાલ જેચં ભાઈ	વઢવાણ - મલાડ
૩.	શાહ ત્રિભોવનદાસ ોપટલાલ સંઘવી	અલાઉ - અમદાવાદ
૪.	શ્રીમતિ કંચનબેન ગ રધરલાલ ભીખાભાઈ	મુંબઈ
૫.	શ્રીમતિ ચંપાબેન દલ ાચંદ અંજારીયા	ધાંગધ્રા
૬.	શ્રી લક્ષ્મીચંદ ચીમનલાલ ાહ પૂ.સા. શ્રી ચંદ્રનાશ્રીજી મ. ના ઉપદેશથી	ધાનેરા
૭.	છન્નાલાલ બી.શાહ લોદ્રા	તારદેવ - મુંબઈ

● રૂા. ૧,૦૦૦-૦૦ શુભેચ્છક દાતા ●

૧.	રતિલાલ વેલજી ક્ય ા હરિયા	બેંગલોર
૨.	શ્રીમતિ કાંતાબેન ર ણીકલાલ કોઠવાળા	સુરેન્દ્રનગર
૩.	શ્રી ભરતભાઈ પટેલ	જામનગર
૪.	શાહ પ્રભુદાસ વીર ળ	સુરેન્દ્રનગર
૫.	શ્રી રમણિકલાલ હર ચંદ વોરા	અલાઉ - બોટાદ
૬.	શ્રી જયસુખલાલ શાં તલાલ વોરા	સુંદરીયાણા બોટાદ
૭.	સંઘવી સરોજબેન રીખ ચંદ કાનજીભાઈ પરિવાર વાસરણાવાળા	સુરત
૮.	શાહ શનાલાલ હીર લાલ મુરબાડવાળા	સુરત
૯.	શ્રી ચંદુલાલ ક્યરા ઈ માલણવાળા	સુરત
૧૦.	શ્રી જે. વી. શાહ	પાલડી - અમદાવાદ
૧૧.	શાહ વીરપાર સામ નાગડા	ગાગવા - મુંબઈ
૧૨.	શ્રી મુકુંદભાઈ રમણ ાલ શાહ	અમદાવાદ
૧૩.	શ્રી મનુભાઈ નગીન દાસ શાહ	અમદાવાદ
૧૪.	શ્રી જયેશભાઈ હરી ાલ શાહ	અમદાવાદ
૧૫.	શ્રી રમણલાલ મફત લાલ શાહ	લાલબાગ - મુંબઈ
૧૬.	એક સદ્‌ગ્રહસ્થ હ. શ્રી રમણભાઈ	મુંબઈ
૧૭.	શ્રી ચંદુલાલ હીરાચં વાસણાવાળા	મુંબઈ
૧૮.	શાહ નરેશભાઈ પ્રે ચંદભાઈ પૂ.સા. શ્રી ઈન્દ્રપ્રભ શ્રીજી મ. ના ઉપદેશથી	અમદાવાદ
૧૯.	કુ. રક્ષાબેન મોતીચં ગુઢકા	લંડન
૨૦.	કુ. જૈની જીતેન્દ્ર મો ીચંદ ગુઢકા	લંડન
૨૧.	શ્રીમતિ જીવીબેન ર વશી લાધાભાઈ	લંડન
૨૨.	શ્રીમતિ શાંતાબેન ર તેલાલ દેવચંદ ગુઢકા	રાસંગપર - લંડન
૨૩.	શ્રીમતિ સુમિતાબેન પરેશ રતિલાલ ગુઢકા	રાસંગપર - લંડન
૨૪.	શ્રીમતિ કામિનીબેન અનુપ રતિલાલ ગુઢકા	રાસંગપર - લંડન
૨૫.	શ્રીમતિ લલિતાબેન રવિચંદ વખતચંદ મહેતા પૂ. સા. શ્રી ચંદ્રાનન શ્રીજી મ. ના ઉપદેશથી	હળવદ
૨૬.	શાહ કપૂરચંદ લાધા ભાઈ ગુઢકા	ગાગવા - પાંઢરના
૨૭.	શાહ ક્યરા મેરગ ઢકા	લાખાબાવળ - પાંઢરના
૨૮.	શ્રી પ્રવિણચંદ્ર સુખ ાલ શાહ	મુંબઈ
૨૯.	શ્રીમતિ ગુણવંતીબે પ્રવિણચંદ્ર શાહ	મુંબઈ
૩૦.	મણિપાર નાથાલાલ માણેકલાલ	પાલડી - અમદાવાદ
૩૧.	છોટાલાલ કેવળદાર શાહ હ. ભરતભાઈ	સુરેન્દ્રનગર
૩૨.	શ્રીમતી ચંચલબેન નજીભાઈ બારભાયા	કારીયાણી - મલાડ
૩૩.	સ્વ. ગાંડાલાલ વાઈ લાલ દેપલાવાળાના શ્રેયાર્થે	અમદાવાદ
૩૪.	શાહ હીરાભાઈ હ ભાઈ	જામનગર

મંદિ નિર્માણના સહભાગી ભાગ્યશાળીઓ

● મુખ્યદાતા ●

શ્રી શ્રીપ નગર જૈન દેરાસર ટ્રસ્ટ વાલકેશ્વર મુંબઈ

■ સહભાગી દાતાઓ ■

૧.	શ્રી તપગચ્છ રત્ન યી આરાધક સંઘ ટ્રસ્ટ	સુરત
૨.	શ્રી શ્વે. મૂ. તપ શ્રી જૈન સંઘ	કામાલેન - ઘાટકોપર
૩.	શ્રી શ્વે મૂ. જૈન સંઘ	પરબડી (પાલીતાણા)
૪.	શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી	દોલતનગર - મુંબઈ
૫.	શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન ટેમ્પલ	પુના કેમ્પ
૬.	શ્રી સરદારબાગ શ્વે. મુ. જૈન સંઘ	બારડોલી
૭.	શ્રી શ્રેયાંસ સોસાયટી સંઘ	ડીસા
૮.	શ્રી પાર્શ્વનાથ જૈન પેઢી	તીખી (રાજ.)
૯.	શ્રી વી. ઓ. શ્વે. મૂ. જૈન સંઘ	નવાગામ (જામનગર)
૧૦.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	લાખાબાવળ (જામનગર)
૧૧.	શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળા	મહેસાણા
૧૨.	શ્રી મોતીશા રીલીજીયસ ટ્રસ્ટ	લાલબાગ - મુંબઈ
૧૩.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	શિવસાયન
૧૪.	શ્રી શ્વે. મૂ. જૈન તપગચ્છ સંઘ	નાગપુર
૧૫.	શ્રી હા. વી. ઓ. તપા. સંઘ	નવપાડા - થાણા
૧૬.	શ્રી શામળાપોળ ઉપાશ્રય	અમદાવાદ
૧૭.	શ્રી હા. વી. ઓ. તપા. ઉપાશ્રય દિગ્વિજય પ્લોટ	જામનગર
૧૮.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	કોર્ટ - મુંબઈ
૧૯.	શ્રી ચંદ્રપ્રભસ્વામી જૈન નયામંદિર	મદ્રાસ
૨૦.	શ્રી આદીશ્વર મહારાજ જૈન ટેમ્પલ	પાયધુની - મુંબઈ
૨૧.	શ્રી શ્વે. મૂ. જૈન મંદિર	ગાંધીનગર - બેંગલોર
૨૨.	શ્રી પુરાણાદાની પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ	દેવકીનંદન - અમદાવાદ
૨૩.	શ્રી ભવાનીપુર શ્વે. મૂ. જૈન સંઘ	કલકત્તા
૨૪.	શ્રી ગુજરાતી જૈન શ્વે. મૂ. તપા. સંઘ	કેનીંગ સ્ટ્રીટ - કલકત્તા
૨૫.	શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન મંદિર	વેલાણી - મલાડ ઈસ્ટ
૨૬.	શ્રી શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ	ભદ્રેશ્વરજી
૨૭.	શ્રી માટુંગા શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	કિંગસર્કલ - મુંબઈ
૨૮.	શ્રી મુક્તિચંદ્ર સુ. જૈન આરાધના ટ્રસ્ટ	સમ્રાટનગર - અમદાવાદ
૨૯.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	ભાભર
૩૦.	શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ	પાલડી - અમદાવાદ
૩૧.	શ્રી શેઠ જીવણદાસ ગોડીદાસ પેઢી	શંખેશ્વર
૩૨.	શ્રી જૈન હિતવર્ધક મંડળ	ડોળીયા
૩૩.	શ્રી કાંતિલાલ એન. શાહ	ચેન્નાઈ
૩૪.	શ્રી શીતલનાથ જૈન સંસ્થાન	ધુલીયા
૩૫.	શ્રી શ્વે. મૂ. ગુજરાતી પંચ	માલેગાંવ
૩૬.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ પાર્શ્વદર્શન	અંધેરી ઈસ્ટ
૩૭.	શ્રી શેઠ આણંદજી કલ્યાણજી પેઢી	અમદાવાદ
૩૮.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ પરિશ્રમ સોસાયટી	વડોદરા
૩૯.	શ્રી ટેરેશ આદીશ્વર જૈન સંઘ	અંધેરી ઈસ્ટ
૪૦.	શ્રી શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી	સાવરકુંડલા
૪૧.	શ્રી શીતલનાથ જૈન દેરાસર	મલાડ વેસ્ટ
૪૨.	શ્રી દાનપ્રેમ રામચંદ્ર સુ. આરાધના ભવન	રતલામ
૪૩.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	કડી
૪૪.	શ્રી શાંતિનાથ જૈન દેરાસર	બારેજા
૪૫.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	કાંદીવલી વેસ્ટ
૪૬.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	મહેમદાવાદ
૪૭.	શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવન	સાબરમતી
૪૮.	શ્રી ભીલડીયા તીર્થ પેઢી	ભીલડીયાજી
૪૯.	શ્રી ગોડીજી પાર્શ્વનાથજી દેરાસર	નરોડા
૫૦.	શ્રી ભક્તિવર્ધક જૈન સંઘ, ગોરવા	વડોદરા
૫૧.	શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ જૈન ટ્રસ્ટ	બોરીવલી વેસ્ટ
૫૨.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	પ્રિન્સેસ સ્ટ્રીટ - મુંબઈ
૫૩.	મદ્રાસ શત્રુંજય ચાતુર્માસ સમિતિ	
૫૪.	શ્રી મહાવીર સ્વામી દેરાસર	અમદાવાદ
૫૫.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	સારંગપુર - અમદાવાદ
૫૬.	શ્રી શ્વે. મૂ. જૈન સંઘ	જુનાડીસા
૫૭.	શ્રી અગાસી જૈન દેરાસર ટ્રસ્ટ	અગાસી
૫૮.	શ્રી ગોડીજી મહારાજ ટ્રસ્ટ	મુંબઈ
૫૯.	આણંદજી કલ્યાણજીની પેઢી	વઢવાણ સીટી
૬૦.	શ્રી ઝાલાવાડ જૈન મૂ. પૂ. સંઘ, વિઠલ પ્રેસ રોડ	સુરેન્દ્રનગર

અંકેવાળીયા - ચંપાપુરી શ્રી વાસુપૂજ્ય સ્વામી પંચકલ્યાણક તીર્થમાં લાભ લેવાની બાકી યોજનાઓ

■ દેરાસર આગળ આરસ સ્ટેચ્યુ

. શ્રી વસ્તુપાલ મંત્રીશ્વર રૂા. ૩૧ હજાર
. શ્રી તેજપાલ મંત્રીશ્વર રૂા. ૩૧ હજાર

■ ઓફિસ વિભાગ

. ઓફિસ રૂા. ૬૧ હજાર
. મંગલઘર રૂા. ૩૧ હજાર
. સ્ટોર રૂા. ૩૧ હજાર
. કેશર રૂમ રૂા. ૨૧ હજાર અપાઈ ગયું.
. પૂજા કપડા રૂમ રૂા. ૨૧ હજાર
. ઓસરી રૂા. ૨૫ હજાર

■ ધર્મશાળા વિભાગ

ઈટલ અપાઇ ગયું.
મ ૫ એકના રૂા. ૫૧ હજાર
ટોર ૧ રૂા. ૩૧ હજાર

■ પ્રથમ ઉપાશ્રય વિભાગમાં બાકી

ોસરી રૂા. ૨૧ હજાર

■ નૂતન ઉપાશ્રય વિભાગ

ટાઈટલ - અપાઈ ગયું
હોલ રૂા. ૧ લાખ
રૂમ ૨ એકના રૂા. ૩૧ હજાર
ઓસરી ૧ ના રૂા. ૨૫ હજાર

■ ભોજન શાળા વિભાગ

ટાઈટલ - રૂપિયા એક લાખ
રસોડું રૂા. ૫૧ હજાર

■ પગારી - ૬

એકના રૂા. ૨૫ હજાર

■ સ્ટોર : એકના રૂા. ૨૫ હજાર

દેરાસર ભવ્ય મેઈન ગેટ

રૂા. ૧ લાખ ૨૫ હજાર
ભોજનશાળા કમ્પાઉન્ડ મેઈન ગેટ રૂા. ૪૧ હજાર
ડીપવેલ રૂા. ૩૫ હજાર

કાયમી સાધારણ તિથિ રૂા. ૧,૦૦૦/-
કાયમી આંગી તિથિ રૂા. ૫૦૦/-
કાયમી વેયાવચ્ચ તિથિ રૂા. ૧,૦૦૦/-



■ સરનામું ■

સંઘપતિ વસ્તુપાલ મંત્રીશ્વર સ્મારક ટ્રસ્ટ
શ્રી અંકેવાળીયા - ચંપાપુરી
શ્રી વાસુપૂજ્ય સ્વામી પંચ કલ્યાણક તીર્થ
લીંબડી - વઢવાણ હાઈવે, **મુ. અંકેવાળીયા.**
તા. લીંબડી જી. સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)
સુરેશચંદ્ર શાંતિલાલ શાહ - સુરેન્દ્રનગર ફોન : ૨૦૯૨૧

મહાભારતનાં પ્રસંગો

પ્રકરણ - ૬૨

ભીષ્મ પિતામહની બાણશય્યા

- શ્રી રાજુભાઈ પંડિત

દશમા દિવસનો સૂર્યોદય થતાં જ ભીષ્મ પિતામહે શર-સંધાન કરી કરીને પાંડવપક્ષનો સંહાર શરૂ કરી દીધો. ભીષ્મના પ્રાણઘાતક રસ્યા બાણોએ અનેક રાજાઓના માથા વાઢી નાંખ્યા, કૈંકને ઘાયલ કરી દીધા. શત્રુ સૈન્યમાં નાસ ભાગ મચી ગઈ. એક સમય એવો આવ્યો જ્યારે ભીષ્મ પિતામહની સામે કોઈ શત્રુ આવી ના શકયો ત્યારે પિતામહે ધનુષના ટેકે જ કયાંય સુધી શાંતિથી ઉભા રહીને સમય પસાર કર્યો.

સંગ્રામમ થી પાછા ફરી રહેલા પોતાના સૈન્યને જોઈને ભીમ તથા અર્જુન શિખંડીના રથની આજુબાજુ ગોઠવાઈને શિખંડીને આગળ કરીને પિતામહ સામે સંગ્રામ માંડવા આવી રહ્યા. જો કે શિખંડીને પિતામહ સુધી પહોંચતો અટકાવવા વચ્ચે વચ્ચે આવીને ઘણાં કૌરવપક્ષના રાજાઓએ અવરોધ ઉભા કર્યા. પરંતુ ભીમ તથા અર્જુને તમામ અવરોધ બનેલા રાજાઓને જખ્મી કરીને નસાડી મૂકયા.

તો બીજી બાજુ ભીષ્મ પિતામહે કૈંક શત્રુઓને ઘાયલ કરવા માંડયા હતા.

ભીષ્મ સુધી પહોંચવાના રસ્તે આવેલા તમામ અવરોધ ભીમ તથા અર્જુને દૂર કરતા આખરે શીખંડી પ્રચંડ ધનુષ્કાંડ સાથે ભીષ્મની સામે સંગ્રામમાં આવી ચડયો. અને શીખંડીએ શર-સંધાન કરી ભીષ્મ પિતામહને લલકાર્યા.

ત્યારે નપુંસક સામે શસ્ત્ર નહિ ઉઠાવવાની ટેકને યાદ કરીને પિતામહે સંગ્રામ માટે ઉપાડેલું ધનુષ મ્યાન કરી દીધું. લીધેલી પ્રતિજ્ઞા ચાલુ સંગ્રામે પ્રાણનો ભોગ લે તો ભલે લે પણ નપુંસક સામે ધનુષ ધારણ નહિ કરવાના પિતામહના અડગ શપથ હતા. ધનુષને મ્યાન કરીને માત્ર હાથમાં પકડી રાખીને પિતામહ ઉભા રહ્યા ત્યારે શીખંડીએ પ્રચંડ બાણવર્ષા વરસાવવી શરૂ કરી. પણ શીખંડીના બાણો ભીષ્મના શરીર સુધી પહોંચી શકતા હતા શરીર સોંસરવા નહિ. એ બાણો વજ્રકાય ભીષ્મને કશુ કરી ન શકયા.

બરાબર આ જ સમયે આનંદિત થયેલા ધૃષ્ટદ્યુમ્ન આદિ યોધ્ધાઓ ભીષ્મ સામે પ્રચંડ આક્રમણ બનીને ધસી આવ્યા અને પ્રચંડવેગી બાણોથી પિતામહને દારૂણ પ્રહાર કરવા લાગ્યા. આથી ક્રોધાયમાન થયેલા ભીષ્મે ફરી ધનુષ ધારણ કરી શર-સંધાન કરવા માંડયા. શીખંડીને છોડીને ભીષ્મે તથા દુર્યોધનાદિને ધૃષ્ટદ્યુમ્ન આદિ તરફ બાણોનો મારો ચલાવ્યો. આખુ સમરાંગણ બાણમય બની ગયું હતું.

ધનુષ્કાંડ ફરી ધારણ કરી રૌદ્ર બની રહેલા ભીષ્મને જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું - 'પાર્થ ! નજર સામે થઈ રહેલા તારા આ સૈન્યના ક્ષયની ઉપેક્ષા કેમ કરે છે ? શરને છોડીને શીખંડીની પાછળ જઈને બાણો ચલાવ અને ભીષ્મને ઉચ્છેદી નાંખ.'

મહાપરાણે કૃષ્ણના આ આદેશને સ્વીકારીને અર્જુન પોતાના રથમાંથી નીચે ઉતરી શીખંડીના રથમાં ચડી શીખંડીની બરાબર પાછળ રહીને કોઈથી દેખી ના શકાય તે રીતે બાણો છોડવા માંડયા. પણ દુર્યોધનાદિએ ભીષ્મ પિતામહની ગુપ્ત રીતે આવતા અર્જુનના બાણોથી અપૂર્વ રક્ષા કરવા માંડી આથી રોષાયમાન થયેલા ભીમ આદિએ દુર્યોધનાદિને વેર-વિખેર કરી નાંખ્યા.

હવે પિતામહની સામે બાણોને પહોંચવામાં અવરોધ દૂર થતાં અર્જુને પિતામહ તરફના સ્નેહ, શરમ અને ભક્તિપૂર્ણ રીતે જ પણ હણવાની અનિચ્છાપૂર્વક બાણોની વર્ષા વરસાવી અને ભીષ્મ પિતામહ શરીરમાં બાણોથી ઘાયલ થવા લાગ્યાં.

શરીરમાં ખૂંચતા બાણો જોઈને ધનુષ પકડીને જ ઉભા રહેલા પિતામહે સારથિને કહ્યું - સારથિ ! આ બાણો ચોકકસ અર્જુનના જ છે શીખંડીના બાણો તો મને જોઈને જ મારી પાસે આવતા ફફડે છે. મારા વત્સ ! અર્જુનની ધનુર્વિદ્યા આજે રોમ-રોમ તેના બાણોથી વિંધાઈને મૃત્યુ તરફ જઈ રહેલા મને અનુભવતા જાણે નવું જીવન મળ્યુ જણાય છે કોઈ જેવા તેવા નહિ પણ વિશ્વના એક શ્રેષ્ઠ ધનુર્ધરના બાણોથી જ રોમ-રોમ

વિંધાયાનું મને ગૌરવ છે. જેના તેના બાણો ભીષ્મના શરીરને ભેદી ના શકે, સારથિ !''

પિતામહ આમ બોલે છે ત્યાં જ દિવ્યવાણી થઈ કે- 'પિતામહ હવે આયુષ્ય એક વર્ષ જ બાકી છે. વર્ષો જુની ગુરુવરની તે વાણીને યાદ કરો.''

આથી દુર્યોધને આવીને ભીષ્મને પૂછતાં ભીષ્મ પિતામહે પોતાના બાલપણની વાત કરતાં છેલ્લે છેલ્લે કહ્યું કે - ''વત્સ ! હું તો ત્યારે જ દીક્ષા લઈ લેવાનો હતો પરંતુ મુનિચંદ્ર નામના જ્ઞાની મુનિવરે કહ્યું કે - તું માતા સત્યવતીના કહેવાથી તેના પુત્રોના આગ્રહથી બ્રહ્મચર્ય પાળવા પૂર્વક લાંબો કાળ ઘરમાં રહીશ. અને કુરુક્ષેત્રના સમરાંગણમાં બાણના શલ્યોથી શરીર વિંધાતા એક વર્ષ આયુષ્ય બાકી હશે ત્યારે તું શ્રી ભદ્રગુપ્તાચાર્ય પાસે દીક્ષા લઈશ. અને સમ્યગ્ આરાધના પૂર્વક તું અંતે અચ્યુત દેવલોકમાં દેવ થઈશ.''

દુર્યોધનને પિતામહ આ વાત કરી રહ્યા હતા ત્યારે જ અર્જુનના હાથમાંથી છૂટેલા હજ્જારો બાણો ભીષ્મ પિતામહના શરીરમાં ખૂંચી ગયા. અને ત્યારે જ હાથમાંથી ધનુષ પડી ગયું, આંખો મીંચાઈ ગઈ અને મૂર્ચ્છા ખાઈને પિતામહ રથમાં બાણશય્યામાં ઢળી પડયા.

ભીષ્મ પિતામહની આ બાજુ આવી દશા હતી ત્યારે જ સૂર્ય અસ્ત થયો.

હવે શોકવિધુર કૌરવો તથા પાંડવો ભીષ્મ પિતામહના રથ પાસે આવી પહોંચ્યા. અશ્રુ સારતી આંખે જ ભીષ્મ પિતામહને ઉંચકીને કુમારો શ્રી ભદ્રગુપ્તાચાર્ય પાસે લઈ આવ્યા.

આ વૃત્તાંત સંજય દ્વારા જાણીને ધૃતરાષ્ટ્ર પણ રૂદન કરતા ત્યાં આવ્યા.

હવે પાંડવો અને કૌરવોએ ઉપચારો કરતાં પિતામહ ચૈતન્ય પામ્યા.

બાણશય્યા ઉપર રહેલા પિતામહે કુમારોને કહ્યું- 'આધાર વિનાની મારી આ શિરોધરા (ડોક) ઘણી દુઃખે છે.'' આ સાંભળતા જ કુમારો રૂ-મશૂર આદિના ઓશિકા લઈ આવ્યા પણ તેની ના પાડતા પિતામહે અર્જુન સામે નજર કરી.

આથી અભિપ્રાય જાણીને અર્જુને મસ્તકના સ્થાને ત્રણ બાણો જમીનમાં આરોપી દીધા. તેના ઉપર પિતામહે સુખેથી શિરોધરાને સ્થાપન કરી.

હવે યુધિષ્ઠિરે કહ્યું- 'તાત ! મારી પાસે એક વીંટી છે. તેનાથી આ શલ્યોદ્ધાર કરવાની આજ્ઞા આપો. પાર્થના બાણોએ કરેલી આપની હાલતથી પાર્થ શરમિંદો થઈ ગયો છે.'

પિતામહે કહ્યું - વત્સ ! બાણશય્યાના શલ્ય એટલા નથી પીડતા જેટલા અંદરના ભાવશલ્યો પીડે છે. અને તેનો ઉદ્ધાર તો આ ગુરુભગવંત કરી આપશે.'

થોડીવાર અટકીને શ્રીકૃષ્ણ તરફ નજર કરીને કુમારોને પિતામહે કહ્યું - 'વત્સો ! મને સખ્ખત તરસ લાગી છે. પાણી લાવીને દૂર કરો.'

કૌરવો તો સુંદર-શીતળ સુગંધિ જળ લઈ આવ્યા પણ તેનો અસ્વીકાર કરતા પિતામહે જળચરે નહિ પીધેલુ જળ માંગ્યું. ત્યારે દરેક કુમારો કિંકર્તવ્યમૂઢ બની જતાં ભીષ્મ પિતામહે અર્જુન તરફ નજર કરતાં જ અર્જુને વરુણાસ્ત્ર વડે તીર ચડાવીને જમીનમાંથી શુદ્ધ વનચરોએ નહિ પીધેલુ જળ-ધાર ખેંચી કાઢી અને તેનાથી પિતામહની તૃષા શાંત કરી.''

હવે છેલ્લે છેલ્લે પણ દુર્યોધનને હિતવચનો કહેતા પિતામહે કહ્યું કે- ''વત્સ ! શરીરની મમતા તજી બેઠેલા મને ઓશીકાની કે જળની જરૂર શી પડે ? છતાં બહાને પણ હું તને પાંડવોની અચિન્ત્ય શક્તિનો ખ્યાલ આપાવું છું. સંગ્રામના આ આરંભથી હજી અટકી જા. હસ્તિનાપુરનું સામ્રાજ્ય તેના માલિક યુધિષ્ઠિરને સોંપી દે અને હજી વેરાઈ જનારા સર્વ વિનાશને બચાવી લે.''

આ સાંભળી મર્યાદાહીન બનીને મનથી દુઃખી થયેલા દુર્યોધને ભીષ્મ પિતામહે સંભળાવી દીધું કે - ''સંગ્રામ વિના તો તાત ! નખના અગ્ર ભાગ જેટલી પણ જમીન પાંડવોને નહિ મળે તે નહિ જ મળે.''

આ દુઃશ્રવ વચનથી દુઃખી દુઃખી થઈ ગયેલા પિતામહે ઉંડો નિઃસાસો નાંખીને છેવટે ભવિતવ્યતાનો જ વિચાર કર્યો.

ધૃતરાષ્ટ્રાદિને કહેવા યોગ્ય કહી કેશવને કહ્યું - ''ભરતાર્ધના માલિક બનીને આર્હત્શાસનની તે તે પ્રકારે પ્રભાવના કરજો.'' આમ કેશવને કહીને પાપ કર્મની આલોચના કરીને ભીષ્મ પિતામહે ભદ્રગુપ્તાચાર્ય પાસે સંયમ ગ્રહણ કર્યું. અને આંતરશત્રુ સાથે ભયાનક યુદ્ધ કરવા માંડયું.

દરેક મુનિવરોને નમીને પાંડવો-કૌરવો આંસુ સારતી આંખે પાછા ફર્યા.

ક્રમશઃ

જિજ્ઞાસા - તૃપ્તી

પૂ. પાદ આચાર્ય દેવ શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

પ્રશ્ન-૧ : પર્યુષણ પર્વમાં મહાવીર જન્મ વાંચન દિન-મહોત્સવ આવે છે. તેમાં ત્રિશલા માતાને ૧૪ સ્વપ્ના જે આવે છે તેની ઉછામણી ભારતભરમાંને દેશ પરદેશ પણ થાય છે. તથા મહાવીર સ્વામીનું જન્મ પારણું ઝુલાવવું એ અધિકાર આવે છે ?

સમાધાન : પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વમાં શ્રી મહાવીર સ્વામી જન્મ થાય છે. સૂત્રાધિરાજ શ્રી કલ્પસૂત્રમાં આપણા આસન્નઅનંતોપકારી ભગવાન શ્રી મહાવીર મહાપ્રભુનું વિસ્તારથી જીવનચરિત્ર કહેવામાં આવ્યું છે. જેવી રીતે જૈનેતરમાં રામકથા સપ્તાહમાં રામનું ચરિત્ર વાંચે છે. રામનો જન્મ આવે તો ઈતર પણ લાડવા વેંચે છે. લોકોત્તર શ્રી જૈન શાસનમાં બહુશ્રુત આચાર્ય ભગવન્તોએ જન્મવાંચન વખતે ૧૪ સ્વપ્ના ઉતરવાનું અને પારણું ઝુલાવવાનું કહેલું છે. તેથી જ વીર જન્મ વાંચન વખતે ભારતભરના અને વિદેશોમાં રહેલ જૈનો ને પ્રમાણે ઉજવે છે. અને આ સકલ શ્રી સંઘે (શ્વે. મૂ. પૂ. સંઘે) માન્ય કરેલું ન માનીએ તો તે શ્રી સંઘનું શાસનનું અપમાન છે. જેવી રીતે રાજ્યશાસનનું ફરમાન ન માનીએ તો સજા થાય. તેવી જ રીતે પરમ તારક લોકોત્તર શ્રી જૈન શાસનનું ફરમાનને માનનારને પણ કર્મમહાસત્તા સજાપાત્ર ગણે છે. ભગવાન શ્રી વીર પ્રભુના જન્મવાંચન પછી પ્રભુ તરીકે શ્રીફળ ને મૂકવામાં આવે છે. પ્રભુના બાવલા મૂકાય નહી. તે સમજવા જેવું છે. માટે આપણા શ્રી જૈન શાસનમાં મૂકાય નહી, ને સમજવા જેવું છે. માટે આપણા શ્રી જૈન શાસનમાં બધા ક્રિયા વિધિઓ વિવેકપૂર્વકની કરવાનું વિધાન છે. શ્રીફળ માંગલિક છે તેવી રીતે સમજવું જોઈએ.

પ્રશ્ન-૨ : વિદેશોમાં રાત્રે સ્વપ્ના ઉતરવાનું અને ઉચ્છામણીઓ થાય છે તો તે શું યોગ્ય છે ? વિસ્તારથી ખુલાસો કરશોજી ?

સમાધાન : આપણે ત્યાં પહેલા સંધ્યા સમયે જિનાલયોનું માંગલિક (બંધ) થતા હતા. આજે દેશકાળના કારણે મોટા શહેરો આદિમાં લગભગ ૭ વાગે દેરાસરોનું માંગલિક થાય છે. પ્રભુ ભક્તિ ભાવના આદિ પણ નવ દશની અંદર પતે તે યોગ્ય ગણાય. એકાંત, રાત, યૌવન અવસ્થા એ વિકારનો જનક છે. તેમજ રાતના પૂ. ગુરુ મ. ને પંચાંગ પ્રણિપાત (ખમાસમણા) કરવાની મનાઈ છે. રાતના ટાઈમે અવાજો થી પશુ-પક્ષી ગભરાય જાય છે. જીવદયા ન પળાય. જિનાજ્ઞાનું પાલન ન થાય. આ બધા કારણે રાતના જાગરણ આદિમાં ખૂબ વિવેકની જરૂર છે. વળી રાત્રે ભાવનાદિમાં ચા-પાણી, નાસ્તો આદિ થાય. એટલે જિનાજ્ઞા ન પાળે અને ગમે તેટલો ધર્મ કરે પણ તેને ફૂટીકોડીની કિંમત નથી. આ વાત પર એક દ્રષ્ટાંત છે. એક શેઠનો ચોકીદાર હતો. એ ચોકી કરતો હતો. એકવાર શેઠ વિમાનમાં પરદેશ જવાના હતા. રાતના ચોકીદારને સ્વપ્નું આવ્યું કે જે વિમાનથી શેઠ જવાના છે એ વિમાનને અકસ્માત થયો. આ સ્વપ્નાની વાત ચોકીદારે શેઠાણીને કરી શેઠાણીએ હઠ પકડી અને શેઠને જવા ન દીધા અને ખરેખર વિમાનને અકસ્માત થયો. શેઠ બચવાથી ચોકીદાર શેઠાણીને બક્ષીસ માંગવા ગયો. શેઠ પણ ચોકીદારને બક્ષીસ આપી ચોકીદારને કાયમી પાણીચું પકડાવી દીધું. તેમ રીતે થોડો લાભ ન જોવાય. સાંજે પ્રભુનું પારણું ઓછામાં ઓછું ૬ વાગ્યા સુધી ઘરે લઈ જવાય. રાતના તો પ્રભુજીના સ્વપ્ના ઉતરાય જ નહી. આપણો જૈન ધર્મ જયણા પ્રધાન છે. અને સાથો સાથ વિવેકપૂર્ણ કહ્યો છે. દેશ હોય કે પરદેશ હોય મર્યાદા એ મર્યાદા, આજ્ઞા એ આજ્ઞા. રાત્રે ભાવના પણ ઓછામાં ઓછી ૧૦ વાગ્યે તો પતી જવી જોઈએ. ભાવના આદિ રાતના મોડા થવાથી ન બનવાનું બની રહ્યું છે. ઘણા અનર્થો અને મર્યાદાઓ તૂટી જાય છે. એટલે જૈન સંઘે ખૂબ સાવધાન બનવું જોઈએ. ધર્મના નામે અધર્મ ન થાય એની પણ કાળજી રાખવી જોઈએ. શ્રી તારક જ્ઞાની ભગવન્તો કહી ગયા છે કે, જેમ કોઈ જીવને મારવાથી આઠે કર્મ બંધાય છે. તેવી રીતે શ્રી જિનશાસનની આજ્ઞા ન માનવાથી કર્મનો રાજા મોહનીયકર્મ અને મોહનીય કર્મનો રાજા મિથ્યાત્વનો ભયંકર બંધ થાય છે.

પ્રશ્ન-૩ : વિદેશોમાં ઘણા ઠેકાણે ભાઈઓ અને બહેનો સાથે પ્રતિક્રમણ પૂજાદિ સાથે ભણાવે છે. એ શું યોગ્ય છે ? સ્થાપનાચાર્ય કેવી રીતે મુકવા ?

સમાધાન : ભાઈઓ અને બહેનો મુળ વિધિએ પ્રતિક્રમણ-પૂજા ભણાવી શકે નહી. અપવાદ માર્ગે વચ્ચે મોટો પડદો રાખીને કરી શકે. પડદો એવો કરવો કે બેનોને પુરૂષ ન દેખાવા જોઈએ. અને પુરૂષોને બહેનો. પ્રતિક્રમણમાં પુરૂષનું ''ઇચ્છામોડસ્તુ'' વર્ધમાનાય...'' હોય છે તો બહેનોને એ સ્થાને 'ઇચ્છામિ દુસાર દાવાનલ' બોલાય છે. એટલે બન્નેના પ્રતિક્રમણ અમુક-અમુક ફેરફાર આવે છે. સ્થાપનાચાર્યજી નાભીથી નીચા નહીં જોઈએ. વ્યાખ્યાન આદિમાં સ્થાપનાચાર્યજી ઘણા ઉપર હોય છે તેમાં વાંધો જણાતો નથી.

પુરૂષની હાજરીમાં બેનો પૂજા ભણાવી શકે નહી. પુરુષો ભણાવવાવાળા હોય તો બેનો એ ન જ ભણાવાય. જ્યાં બેનો પૂજા ભણાવતા હોય ત્યાં સમજુ, સજ્જન અને વિવેકી એ બેસવું જોઈએ નહી. બેનો ગીત ગાય તો પુરુષને સ્વાભાવિક રાગ થવાનું કારણ છે. બીજું ધર્મ સ્થાનકોમાં પાપ બંધાય તે વજ્ર જેવું કઠણ બની જાય છે. બેનોનો સ્વર, રાગ કોમળ હોય છે. પૂજા ભણાવતાં બેનોનું શરીર હાલે-ચાલે છે. પુરુષને વિકાર જનક બને છે. બેનોનો આત્મા પરમાત્મા સ્વરુપ અને પવિત્ર છે પણ એમનું શરીરની રચના વિચિત્ર છે. બેનોના અમુક અંગોની મર્યાદા સાચવવા શાસ્ત્રમાં એમના માટે મુહપત્તીના ૪૦ બોલ કહ્યાં છે. પુરુષને ૫૦ બોલ છે. કોઈ ભાઈને કોઈ કહે કે, 'તું બાયલા જેવો છે' તો એ ગુસ્સે થાય પણ કોઈ બેનને કોઈ કહે, 'તું ભાયડા જેવી છે' તો એ રાજી થાય. પૌષધાદિમાં બેનોને સજ્ઝાય ઉભા-ઉભા કરવાની છે મૂળ એમાં પણ મર્યાદા સાચવવા માટે. લશ્કરમાં પણ બેનોને લડવું હોય તો પુરુષનો જ વેશ પહેરાવાય છે. દરેક કલાનો શિખનાર પુરુષ છે. રસોઈ બેનોનો વિષય હોવા છતાં પણ મોટું જમણ હોય તો ભાઈઓ રસોઈયાને બોલાવાય છે. અમારા પરમ તારક શ્રી જૈન શાસનના શાસ્ત્રોમાં પણ લખ્યું છે કે ૧૦૦ વરસ પર્યાયને ધારણ કરતા સાધ્વી મ. હોય તો પણ એ સાધ્વી મ. એક મિનિટના દિક્ષીત બાળમુનિને પણ વંદન કરે છે. મૂળ કારણ શાસ્ત્રોમાં પુરુષ પ્રધાન ધર્મ કહ્યો છે. એ યથાર્થ અને યુક્તિસંગત છે. જ્યારથી સહશિક્ષણ, સ્ત્રી સ્વાતંત્ર્ય આદિ વધ્યું ત્યારથી ઘણી અમર્યાદા અને અનર્થો વ્યભિચારો વધી ગયા છે.

પ્રશ્ન - ૪ : આરતી મંગલદીવો નાકની દાંડીથી ઉપર કેમ નહી ? નાભિથી નીચે કેમ નહી ?

સમાધાન : પરમ તારક અનંતોપકારી શ્રી અરિહંત પરમાત્માની આરતી તથા મંગલદીવો ઉતારતાં નાકની દાંડી ઉપર જતા પરમાત્મદર્શનનો અંતરાય થાય છે. આરતી મંગલદીપ ઉતરતાં પ્રભુનયનો સાથે આપણા નજર મળવી જોઈએ. ૧૮ દેશના ગુર્જર સમ્રાટ અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના પરમ ભક્ત, પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજા પરમાત્માની આરતી ઉતારતાં એક ટાઈમ છ'એ ઋતુના ફુલો પરમાત્માને ચઢાવવાની ભાવના થઈ હતી અને ન મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ કર્યો હતો ૩ ઉપવાસમાં દેવોએ જુદા જુદા દેશોથી જુદા જુદા દેશમાં વર્તતી કાળ ઋતુના ફુલો લાવી કુમારપાળ મહારાજા ને આપ્યા હતા. એટલે જ કવિ શ્રી ઋષભદેવે મંગલદીવામાં આરતી ઉતારી રાજા કુમારપાળે' એમ લખ્યું છે. નાભિની (ટચી) નીચે અધો અંગ હોવાથી એના નીચે આરતી લઈ જવાથી આશાતના લાગે છે વિવેક જાળવવો જોઈએ.

પ્રશ્ન - ૫ : એકાસણા, બેઆસણા, આયંબિલ આદિ ટેબલ ખુરશી ઉપર કરાય કે નહીં ?

સમાધાન : એકાસણા, આયંબિલ આદિ ટેબલ ખુરશી ઉપર મૂળવિધિએ કરાય જ નહી ભયંકર માંદગી આદિ સિવાય ટેબલ ખુરશી ઉપર કરાય એ અપવાદ છે. કારણ ખાવું એ પાપ છે. પાપની ક્રિયા અક્કડાઈથી થાય ખરી ' વૈદ્યક શાસ્ત્ર જણાવે છે કે ઉંચા આસને (ખુરશી આદિ) જમવાથી ખાવાનુ બરાબર પાચન થતુ નથી. પશુ ઉભા ઉભા ખાય તેજ પાચન થાય તેમ પશુના ડોકટરે જણાવ્યુ છે. માનવની અન્ન નળી શરીરમાં એવી ગોઠવાઈ છે કે ટેબલ ખુરશી પર જમવાથી ઉભા ઉભા જમવાથી પાચન શક્તિને નુકશાન થાય છે. બેઠાં બેઠાં સુઆસનમાં વપરાય. પગ ઉપર પગ ચઢાવીને વાપરવું અવિનય છે. ધર્મમાં અને વ્યવહારમાં વિનય પરમો ધર્મ છે. જે પાપ ક્રિયા છે. માટે જન્મથી ત્રિલોકીનાથ પરમાત્માના આહાર નિહાર દેખાતો નથી. આજના જમાનામાં ખાતાં ખાંતા પણ ફોટાઓ પડાવે છે. પાપ ક્રિયાઓ પણ મજા કરે છે. તે માણસ કેવો કહેવાય ? ઉભા ઉભા ખાવામાં થાળી પકડવી વિ. પણ ઉચિત નથી.

પ્રશ્ન-૬ : પ્રતિક્રમણ સામાયિક પેંટ પહેરીને કરી શકાય કે નહી ?

સમાધાન : પ્રતિક્રમણ-સામાયિક પુરુષોને ધોતીયું ખેસ પહેરીને કરવું જોઈએ અને બેનોએ સાડી આદિ પહેરીને કરવું જોઈએ. સ્કૂલ, કોર્ટ, લશ્કર આદિ ડીપાર્ટમેન્ટમાં જુદા જુદા યુનિફોર્મ હોય છે. શીખ આદિ ધર્મ સ્થાનકોમાં અમુક

યુનિફોર્મ પછી ‘ર પ્રવેશ મળે છે. પણ આજે આપણે અને આપણા સમાજે આપણા ‘પ્રધાનાણાં સર્વ ધર્માણાં’ એવા ધર્મને જ બોડી ઢાલણીનું ખેતર બનાવી દીધા છે. પેંટ આદિ તથા સીવેલા કપડામાં આપણા ધર્મનો મૂળ પ્રાણ જયણા બરાબર પળાતી નથી. પડિલેહણ પણ બરાબર થઈ શકતું નથી. પેન્ટમાં નાનું જીવડું આવે તો મરી જવાની સંભાવના હોય છે. ધોતીયામાં બચી જવાની શક્યતા હોય છે. એ સમજી ધર્મક્રિયા કરવી જોઈએ.

પ્રશ્ન-૭ : મોટી તિથિ કરનારનું પ્રતિક્રમણ આપણાંથી ભણાવાય ખરું ?

સમાધાન : ખોટું કે ખરું એ સુવિહિત, શાસ્ત્રહાર્દ વેદ્ એવા પૂ. ગુરુભગવંતો પાસેથી જાણી લેવું જોઈએ. ખોટ તિથિના દિવસે તેમનું પ્રતિક્રમણ આદિ કરાય પણ નહી અ ભણાવાય પણ નહી. નહી તો કરણ, કરાવણ અ અનુમોદનના પાપના ભાંગા નિકળી જશે. લોકો ખોટા મા દોરાઈ જશે. કેટલા અબુધજનોએ બે સંવત્સરી પ્રતિક્રમણ ક છે. કોઈ પણ પ્રશ્નનો જવાબ હા કે ના માં આપવાનો હો અને હા ના બન્ને કહેતો તે પરિક્ષામાં નાપાસ થાય છે. બન ને મત ન અપાય. સમજો અને બુદ્ધિનો સદુપયોગ કરો એજ

પૂ. શ્રી ની ગુજરાતમાં પાવન પધરામણી

''સૂરિરામ''ના સામ્રાજ્યવર્તી પ. પૂ. પાદ વર્ધમાન તપોનિધિ, પ્રભાવક જૈનાચાર્ય દેવ શ્રીમદ્વિજ પ્રભાકરસૂરીશ્વરજી મ. નું અમલનેરમાં યાદગાર ચાર્તુમાસ કરી વચ્ચે અનેક શાસન પ્રભાવક અનુષ્ઠાનોમાં નિશ્રા આપી બલસાણા તીર્થ થઈ નંદરબાર પધાર્યા ત્યાં શ્રી સંઘે પૂ. શ્રી ને ચાર્તુમાસ માટે જોરદાર વિનંતી કરી હતી. ત્યાંથી ઝગડીયા તીર્થમાં પોષ સુ. ૧૦ કરી પોષ વ. ૭ ના વડોદરા પધાર્યા ત્યાં પૂ. શ્રી ના શિષ્યરત્ન સિદ્ધાંતનિષ્ઠ સ્વ. પૂ. મુ. શ્રી જયરક્ષિતવિજયજી મ. ૧૪ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી ના સંસારી કુટુંબીજનો તરફથી પંચાહ્નિકા મહોત્સવ આયોજેલ. પોષ વદ ૧૦ રવિવારે ઈલોરા પાર્કથી જલયાત્રા, રથયાત્રાના વરઘોડા સાથે પૂ. શ્રી નું ભવ્ય સામૈયું થયેલ. જેમાં બે ઘોડાના બગીમાં સૂરિસમ્રાટ શ્રી સૂરિરામ'ની છબી રાખેલ. સેંકડોની સંખ્યામાં લોકો જોડાયા હતા. વરઘોડો સુભાનપૂરા રાધન લક્ષ્મી સોસાયટીમાં ઉતરતાં ભવ્ય મંડપમાં વ્યાખ્યાન થયેલ. ૧૦ રૂા. ની પ્રભાવના ભાતુ આપેલું. બપોરે સૌથી વધુ પ્રાચીન લઘુ શાંતિસ્નાત્ર મહાપૂજન પછી લાડવાની પ્રભાવના થયેલ. રાત્રે ભાવના થયેલ. વિધિકાર સંગીતકાર શ્રી કીરીટભાઈ ડભોઈવાળા પધારેલ.

પૂ. શ્રી ને અનેક સંઘોની વિનંતીથી ઠેર ઠેર પધરામણી થઈ. પૂ. શ્રી સુભાનપૂરા સંઘ ગોરવા સંઘ આદિના ઉપકારી છે. ગોરવા સંઘમાં પૂ. શ્રી નું સામૈયું થયેલ ત્યારબાદ સાધર્મિક વાત્સલ્ય, પ્રભાવના થયેલ. ત્યારબાદ પાઠશાળાનો ભવ્ય મેળાવો થયેલ. જેમાં બાળકોને અનુમોદનીય પ્રભાવના કરેલ. ગોરવા સંઘ પાઠશાળાનો ભારતવર્ષીય પાઠશાળામાં બીજો નંબર મેળવેલ.

ગોરવા સંઘ નાનકડો સંઘ હોવા છતાં દર પોષી દશમે સામુદાયિક અક્રમ પ્રભાવના ચાલુ છે. ૧૦૮ સામાયિક કરનાર નો બહુમાન મેળાવડો થયેલ. પૂ. શ્રી ની વડોદરામાં ચાર દિવસની સ્થિરતા દરમ્યાન નવ વ્યાખ્યાનો કરેલ. સુધન, મેહુલ, પરિશ્રમ સુભાનપુરા, ગોરવા, નિઝામપૂરા આદિ ઠેકાણે વ્યાખ્યાનો થયેલ ઠેર ઠેર અનેક સંઘપૂજનો થયેલ.

દશ વર્ષે ઉપકારી ગુરુ ભગવંત બોરસદમાં પધારતાં બોરસદ સંઘે ભવ્ય સામૈયું કરેલ. આખ્યાન પછી. પૂ. શ્રી ના સંસારી ભાઇઓ તરફથી સંઘપૂજન થયેલ. ૩ દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાનોમાં સંઘે સારો લાભ લીધેલ. ચાર્તુમાસની જોરદાર વિનંતી પણ કરેલ. સાધર્મિક ભક્તિની યોજના થયેલ.

પૂ. શ્રી ની નિશ્રામાં નાવાડ નગરે શ્રી મુનિસુવ્રત સ્વામીની પરિકર પ્રતિષ્ઠા શ્રી પાર્શ્વપ્રભુની સાલગીરા નિમિત્તે સિદ્ધચક્ર મહાપૂજન તથા શ્રી લઘુશાંતિસ્નાત્ર મહાપૂજન સહિત જિનભક્તિ અષ્ટાન્હિકા મહોત્સવ છે. નાવાડમાં પોષ વદ ૬ સુધી સ્થિરતા કરી અમદાવાદ પધારેલ.

સાંપ્રતના શ્લોક

સંઘયાત્રાનું સોનેરી પાનું

-શૌર્યવાણી

કરોડોનો ધૂમાડો કરી અને હજારોની હિંસા વ્હોરતી પાશ્ચિમાત્યની વેદિ રચી છાસવારે યોજાતા 'ઓલિમ્પિક'ના જમાનાની અંદર રમતોત્સવ, વિલાસ અને વિનોદના એવા તો ધોધાપૂર ધસમસતા થયા છે કે સારીય માનવજાતની મેધા - મનીષા તારાજ થઈ જાય... સંસ્કાર અને સંયમના સઘળાય કાંઠા ક્ષત - વિક્ષત બની જાય...

પણ અફસોસ...! ઉન્માદને બેકાબૂ બનાવતા પ્રવાસનો અને આયોજનો પાછળ નોટોના ઢગની ઘૂણી માંડનાર વર્ગ જ આજે જે આયોજનો - અનુષ્ઠાનો ઉન્માદના તોફાની અશ્વ પર લગામ સ્થાપવામાં કામિયાબ નીવડે છે, બહેકતી વૃત્તિઓના ઝરણાને સાચી દિશા ચીંધી શકે છે; તેવા સંસાર નિસ્તારક અનુષ્ઠાનો કાજે કરાતા વ્યયના બારણે વેડફાટ જેવી ગાળોના તોરણ બાંધવા સજ્જ બન્યો છે... આના જેવું બુદ્ધિમત્તાનું પ્રદર્શન કદાચ ઈતિહાસકારોની કલમ કયારેય નહિ આલેખી શકે...

સંસારમાં સાંસારિકતાની ખૂટતી ઝંખનાઓને બુઝવવા કરોડો કવાયતો કરાય છે. જે આજે બહુધા નિષ્ફળ જાય છે... જેની સામે એક અનુભવસિદ્ધ સત્ય હવે પ્રત્યક્ષ બનેજ જાય છે. વિશ્વવાલેશ્વર વીતરાગી દેવોએ દર્શાવેલ 'છ-રી પાલક સંઘ પદયાત્રા' જેવા અનુષ્ઠાનોનું સુવ્યવસ્થિત આયોજન ઉગતા જમાનાની ઉગતી કળીઓને એક જબ્બરદસ્ત પરિવર્તનની તક આપે છે... સંસારમાં રાચતા યુવામાનસો સંઘયાત્રામાં પધારે છે ત્યારે અનાયાસે જ તેમની ખૂટતી માનસિકતાની અહિં એવી ભરણી થવા માંડે છે કે તૃપ્તિ તથા આહ્લાદનો તેઓને અનેરો અનુભવ થાય... પાછો તે અંધકાર નહિ પ્રકાશભણી દોરી જનારો હોય છે... આવી તરણતારણી તીર્થપદયાત્રાઓએ જૈન ઈતિહાસનો ખાસ્સો એવો હિસ્સો રોકી રાખ્યો છે...

સામ્પ્રત સમયમાં પણ તીર્થયાત્રાના છ-રી પાલક સંઘોનું પ્રમાણ ઠીક - ઠીક સંખ્યામાં જોવા મળે છે... તેમાંય 'આદર્શભૂત' ટાઈટલથી જો કોઈ યાત્રાસંઘને નવાજવો હોય તો તે માટે વર્તમાન યુગમાંજ સંભવી ગયેલા 'આદર્શભૂત' અનેક પૈકીના એક સંઘને અવશ્યપણે સંભારવો પડે... જે સોભાગી યાત્રાસંઘ શ્રી રાજનગરથી મંડાયો હતો અને શ્રી શંખેશ્વરતીર્થમાં તીર્થમાળ સાથે સમેટાયો હતો...

જે તીર્થયાત્રાસંઘના સોભાગી સંઘપતિ હતાં શ્રીયુત વિનોદભાઈ પરસોત્તમદાસ છોટાલાલ... પરિવાર...

યાત્રાસંઘોના ઈતિહાસમાં જે સંઘ અનેકથી વધુ રીતે વિશિષ્ટ ગરિમાભર્યો બની રહ્યો... સાધર્મિકોની એકસમાનપણે જાળવવામાં આવતી અદપ અને શાસ્ત્રીય ઉત્સર્ગ-માર્ગની વિધિઓના પરિપાલન માટેની તીવ્ર તલપ જેવા પાસાઓ આ યાત્રાસંઘમાં વિશેષતાનું ઉમેરણ કરતાં હતા.

જેમના વ્યક્તિતત્વની નોંધ વિના જૈનશાસનનું ઉગનારૂં પ્રભાત ઝાંખુ - મ્લાન બની રહેશે તે વિક્રમની ઓગણશમી તથા વીસમીસદીના યુગસર્જનહાર મોક્ષમાર્ગના વીરપ્રહરી આચાર્યશિરોમણિ શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનું સોભાગી સાનિધ્ય પામી તે સંઘ બડભાગી બન્યો..

સૂરિરામના પરમભકત શ્રી વિનોદભાઈ દ્વારા આયોજિત આ સંઘયાત્રા આમંત્રણ પત્રિકાથી માંડી માળા પરિધાન સુધીના પ્રસંગોને ઐતિહાસિક બનાવી ગઈ... કારણ કે ઈતિહાસ જે મહાન પ્રતિભાનો પીછો કરી રહ્યો હોય.. તેવા મહાપુરૂષે પોતાની નિશ્રાનું શિરચ્છત્ર આ સંઘને સમર્પ્યું હતું...

૧. આ સંઘયાત્રાનું રાજનગરથી પ્રયાણ થયું હતું.

૨. સંઘયાત્રાના પ્રયાણની પૂર્વસંધ્યાએ એવો ભવ્ય જિનભક્તિ - સાધર્મિકભક્તિ મહોત્સવ ઉજવાયો કે હજારો સાધર્મિકોની ભૂખી આંતરડી ઓડકારો પાડવા માંડી...

૩. સંઘયાત્રાના પરમ આલંબનભૂત પરમાત્માનો 'ચૈત્યરથ' તે સંઘમાં સાચા મોતિ-મખમલ સમેતના મૂલ્યવાન દ્રવ્યોથી રચાયો હતો...

૪. સંઘયાત્રાની મહેમાનગત માણનારા યાત્રિકોની ભક્તિ એ રીતે થતી હતી કે તે મંડપમાં ઉભા રહેતા એમજ લાગી આવતું કે આભુશેઠના દરબારમાં જાણે આપણે ઉભા છીએ.

૫. હજ્જારો સાધર્મિકોની હૈયાભીડ સંઘયાત્રાને સમવસરણનો માહોલ આપી દેતી... તોય કયાય અશિસ્ત કે ગેરવ્યવસ્થાને સ્થાન નહોતું મળ્યું...

૬. સંઘપતિ પાતે મોડી સાંજ સુધી શ્રી જિનેશ્વરપ્રભુની ભક્તિમાં તદાકાર રહેતા અન્ન અને પાણીની યાદદાસ્ત સુધ્ધા વિસારી દઈ કયારેક સૂર્યાસ્તની ઘડીઓ સુધી શ્રી સંઘપતિ પ્રભુના દરબારની સજાવટમાં વ્યસ્ત બનવામાં ગૌરવ અનુભવતા...

૭. હજારોની રસોઈનું ભારણ હોવા છતાં એકમાત્ર શાસ્ત્રાજ્ઞાને નજર સમક્ષ રાખી રસોડામાં અગ્નિનો પેટાવ સૂર્યોદય પછીજ કરવામાં આવતો...

૮. આરાધકોની અનુકૂળતાને કયાંય કોઈ આંચ ન પહોંચે તેની પૂરેપૂરી તકેદારી સફળપણે રાખી શકવા સાથે આશ્ચર્યનું સર્જન તો ત્યાં થઈ રહેતું કે શાસ્ત્રાદેશ મુજબ સમૂહ વિહાર અને શાસનપ્રભાવની હરકોઈ બાબતો પણ એટલોજ આદર પામતી હતી...

૯. તો ઝરણું જેમ કલ્લોલ ભરતું - ભરતું નદી પાસે પહોચે... તેમ અનદ્‌ભૂત પ્રભાવના તથા નોંધપાત્ર સ્મૃતિપૃષ્ઠો આલેખનાર આ સંઘ એક દિવસ જ્યારે પ્રગટ પ્રભાવી પુરૂષાદાનીય શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુના દરબારમાં પહોંચ્યો... ત્યારે તો એવો એક અદમ્ય માહોલ આકાર લઈ ગયો કે જે વર્ણન શબ્દોમાં ન થાય...

૧૦. શ્રી સંઘપતિએ પોતાના ઉદાર અનુષ્ઠાન ઉપર એક મહાન કીર્તિકળશ' ચઢાવતાં ત્યાં તો 'સંઘમાળ' પરિધાનનો પોતાના અબાધિત હકકને દેવદ્રવ્યના વર્ધાપન અર્થે યાત્રિકોના પરિસરમાં ખૂલ્લો મૂકી દીધો...

૯૦૦ વર્ષે પૂર્વે ગુર્જરેશ્વર શ્રી કુમારપાળ મહારાજના પ્રાતઃ સ્મરણીય સંઘના સમાપન પ્રસંગે શ્રી શત્રુંજયતીર્થની ભોમકાપર જેવો ઐતિહાસિક પ્રસંગ આકાર લઈ ગયો... બસ...! તેજ દ્રષ્ટાન્તનું કાઈક લઘુસ્વરૂપમાં પુનરાવર્તન અહિ પણ થયું...

હા... ! અન્તે લાખ્ખોની સખાવત દેવદ્રવ્યમાં અર્પણ કરી સંઘમાળાનું શ્રેયઃતિલક પણ સંઘપતિએ પોતાના કપાળે જ કરાવ્યું...

ધન્ય તે સંઘને... સંઘના સંયોજક સંઘપતિને...
અને સંઘના શિરચ્છત્ર સૂરિરામને...

સહુ રોમાંચિત બન્યા... શાસનના દીવા પ્રદીપ્ત બન્યા...

દક્ષિણ મહારાષ્ટ્રના માન્ચેસ્ટર સમા ગણાતા ઈચલકરંજી નગરમાં ઉજવાયેલ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

જૈનશાસનના મહાન જ્યોતિર્ધર - તપાગચ્છના તાજ - શાસનશિરતાજ - સૂરિસમ્રાટ - મહારાષ્ટ્રદેશોદ્ધારક વ્યાખ્યાનવાચસ્પતિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાથી તેમજ વાત્સલ્યસિન્ધુ - સુવિશાળગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરી મહારાજાની આજ્ઞા - આશીર્વાદથી ઈચલકરંજીમાં યશસ્વી ચાતુર્માસ પૂર્ણ કરનાર શાસનપ્રભાવક પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય જયકુંજર સૂરીશ્વરજી મહારાજા-પ્રવચન પ્રભાવક પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુકિતપ્રભસુરીશ્વરજી મહારાજા તથા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ. તેમજ શ્રાવિકાસંઘને આરાધનામાં ગોડી ધર્મમાં ઓતપ્રોત કરી દેનાર પૂ. સાધ્વીજીશ્રી જયવર્ધનાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજી શ્રી સુરક્ષિતાશ્રીજી મ.. આદિની પાવન નિશ્રામાં ઈચલકરંજીના શણગારરૂપ રાજમાર્ગ ઉપર બંધાયેલ નવનિર્મિત શ્રી વાસુપૂજ્ય જિનાલયમાં વિ. સં. ૨૦૫૬ કા. સુ. ૧૩ ના કુંભસ્થાપના થયા બાદ કા. વ. ૫ થી કા. વ. ૧૩ સુધીનો ઐતિહાસિક કહી શકાય તેવો ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ ગયો. અંજનશલાકા કલ્યાણક ઉજવણીનો સંપૂર્ણ લાભ રૂપતારા પરિવારે લીધેલ. વિધિવિધાન માટે માલેગાંવથી શ્રી મનસુખભાઈ રીખવચંદ પધારેલ. સ્ટેજ સંચાલન અધ્યાપક અરવિંદ કે. મહેતાએ કરેલ તેમજ સંગીતકાર તરીકે આશુ વ્યાસ એન્ડ પાર્ટીએ કલ્યાણક ઉજવણી તથા ભાવનામાં ખૂબ જ સુંદર રમઝટ બોલાવેલ. નૃત્યકાર તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપાત્ર શંકરલાલ સિસોદીયાએ પોતાની નૃત્યકલા દ્વારા સહુને તાજુબ બનાવી દીધેલ. આશુ વ્યાસે પરમાત્માની દીક્ષા વખતની વિદાય વખતે સભાની પ્રત્યેક વ્યકતિને ખીસ્સામાથી આંસુ લૂંછવા રૂમાલ કાઢવો પડે તેવી પરિસ્થિતિમાં લાવી મૂકેલ. પરમાત્માની પ્રતિષ્ઠાના ચઢાવા તો શું પરંતુ માત્ર રૂા. ૨ હજારની કિંમતનો ઘંટનો

ચઢાવો ય રૂા. ૩૧,૦૦૦ માં જવા પામેલ. દીક્ષાકલ્યાણકનો ૧ કિ.મી. લાંબો ભવ્ય વરઘોડામાં મુંબઈનું બેન્ડ - કુસંદવાડનું ૪૦ માણસનું ઝાંઝપથક તથા ૭ ફૂટ ઉંચા ઘોડા - જાલોરનો રથ નિપાણીનું દાંડિયાનૃત્ય મંડળ આદિ અનેક સામગ્રી અને ચાંદીનો ભવ્ય રથ જોવા આજુબાજુ ઘણા લોકો આવેલ.

કારતક વદ ૧૨ ના અમદાવાદના મુમુક્ષુ જીતુભાઈની દીક્ષામાં મંડપ ચિક્કાર ભરાઈ ગયેલ પોતાના ઘેરથી વિદાય આપવા સાથે રજોહરણ વહોરાવવાનો ચઢાવો બોહરા ભવનના માલિક સ્થાનકવાસી શેઠ શ્રી જવાહરલાલજી બોહરાએ લીધેલ. નૂતનદીક્ષિતનું નામ મુનિરાજશ્રી જ્ઞાનવર્ધનવિજયજી જાહેર થયેલ. સાથે તેઓના ગુરૂ તરીકે મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ. નું નામ જાહેર થયેલ.

અંજનશલાકા - પ્રતિષ્ઠા પ્રસંગે કરાડથી પૂ. ગણિવર્યશ્રી રત્નસેનવિ. મ., કોલ્હાપુરથી પૂ. મુ. શ્રી ભવ્યચન્દ્રવિ. મ., વડગૉવ-પેઠથી પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. આદિ તથા પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મ., પૂ. સાધ્વીજી શ્રી હર્ષકરાશ્રીજી મ., પૂ. સાધ્વીજીશ્રી રત્નશીલાશ્રીજી મ. આદિ પધારેલ. અંજનશલાકા - પ્રતિષ્ઠાના મુખ્ય કાર્યક્રમોમાં પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ. ના સમુદાયના પૂ. પં. શ્રી જયતિલકવિજયજી ગણિ તથા પૂ. મુ. શ્રી હર્ષબોધિ વિ. મ. આદિની ઉપસ્થિતિ પણ સંઘ માટે આનંદજનક બનેલ. ત્યારબાદ પૂ. આ. ભ. શ્રી ની નિશ્રામાં મુમુક્ષુ રિતુકુમારી રમેશચંદ્રની દીક્ષા નિમિત્તક ત્રિ-દિવસીય ભવ્ય જિનભક્તિ મહોત્સવ ઉજવાયેલ. પૂ. આચાર્યભગવંતો અહિંથી વડગાંવ - કોલ્હાપુર - બિજાપુર આદિ સ્થળે મહોત્સવ પ્રતિષ્ઠા આદિ પ્રસંગે ઉપસ્થિત રહી પુના થઈ વાપી પાસે નરોલી મુકામે ભોરોલતીર્થ તરફથી બંધાયેલ શિખરબંધી મંદિરની ફા. સુ. ૭ ના થનાર પ્રતિષ્ઠા પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા પધારશે.

ભવ્ય જીવંત મહોત્સવ

રાજકોટ - વર્ધમાનનગરમાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિ. મ. પૂ. બાલ મુ. શ્રી નમેન્દ્રવિ. મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ અત્રે શાહ મનસુખલાલ જીવરાજ તથા શ્રીમતી લીલાવંતીબેન મનસુખલાલભાઈના જીવંત મહોત્સવ પ્રસંગે પધારતાં પો. સુ-૬ ના તેમના ઘેરથી બેંડવાજા સહિત ભવ્ય રીતે સામૈયું થયું ભાવીકો રાસ વિ. ખૂબ રમ્યા મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા પ્રવચન બાદ પ્રભાવના થઈ બપોરે ૧૨ વાગ્યે વર્ધમાનનગર જૈન સંઘના આરાધકોનું સાધર્મિક વાત્સલ્ય થયુ બપોરે પંચકલ્યાણક પૂજા સંભવ જિન મહિલા મંડળે ભણાવી. સુદ ૭/૮ ના સવારે પ્રવચન, સંઘપૂજનો તથા બપોરે નવાણું પ્રકારી પૂજા સંગીતરત્નશ્રી અનંતભાઈ શાહે ભણાવી. પો. સુ. ૯ સવારે કુંભસ્થાપન પ્રવચન, બપોરે નવગ્રહાદિ પૂજન થયા દરેકમાં સારી પ્રભાવનાઓ થઈ.

પો. સુ. ૧૦ સવારે પ્રવચન બાદ પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. ની પ્રેરણાથી પ્રગટ થનાર જૈન બાલ માસિકના પ્રથમ અંકનું વિમોચન શાહ મનસુખલાલ જીવરાજ કુટુંબ પરિવારે કર્યું. તે અંગે સારો ઉત્સાહ બતાવાયો અહિંના આરાધક કાર્યકર શ્રી પ્રકાશભાઈ અમૃતલાલ દોશી મ. તંત્રી તરીકે તેમાં જોડવામાં આવ્યા છે. શ્રી જયેન્દ્રકુમાર કેશવજી મારૂ તંત્રી અને સંચાલક છે. ભાવિકોએ પ્રોત્સાહન સારી રીતે આપ્યું. પ્રકાશભાઈએ જણાવ્યું કે ૮-૮-૮૮ ના જૈન શાસન અઠવાડિકનું અહિં વિમોચન થયું હતું અને ૯-૯-૯૯ના આ જૈન બાલ માસિકની યોજના થઈ તેનું વિમોચન પણ વર્ધમાનનગરમાં થયું તે આનંદની વાત છે.

બપોરે ૧૨-૩૯ કલાકે શ્રી સિદ્ધચક્ર મહ પૂજન ભણાવાયું મનસુખભાઈના કુટુંબી સગા સંબંધી, બેનો - દીકરીઓ વિ. મોટો સમુદાય આવી ગયો હતો અને ખૂબ ઉત્સાહ હતં મનસુખભાઈએ ૨૧ હજાર જીવદયામાં લખાવ્યા અને બીજાં ફંડપા ખૂબ સારૂં થયું.

સુદ ૧૧ ના સવારે પ્રવચન થયું અને સં પૂજન પ્રભાવના થઈ. બપોરે અષ્ટોત્તરી સ્નાત્ર ઠાઠથી દેરાસરમ ભણાવાયું અને જીવદયાની ટીપમાં ૨૧ માં ૨૦ હજાર ઉમેરીને ૪૧ હજાર રૂા. એમ જે. શાહ ટ્રસ્ટના થયા બીજી પણ સારી રકમ લખાવાઈ. ખૂબ ઉલ્લાસ અને ઉદારતાપૂર્વક આ જીવંત મહોત્સવ ઉજવાયો ભાડલા સાધારણ તેમજ બીજી અનેક રકમો દાનમાં જાહેર કરી હતી. વિધિકાર શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ ખૂ સારી વિધિઓ કરાવી હતી શ્રી પ્રકાશભાઈ દોશી સામેલ હતા. સંગીત અનંતભાઈ નગીનદાસ શાહ ભક્તિની જમાવટ અને રમઝટ બોલાવતા હતા. રાજકોટના યુવાનો પૂજામાં દાંડીયા વિ. રમીને રંગ જમાવતાં હતા.

મહોત્સ પ્રસંગે પૂ. સા. શ્રી રત્નરેખાશ્રીજી મ. આદિ બિરાજમાન હતા. પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. આદિ જામનગરથી તથા પૂ. સા. શ્રી ચંદનબાલાશ્રીજી મ. ના સાધ્વીજી આદિ પાલીતાણાથી પધાર્યા હતા.

સુદ ૧૨ના સવારે અનેક ભાવિકોને ત્યાં ઘની પધરામણી થઈ હતી ૪૫૦ થી ૫૦૦ ની સંખ્યા ૯ થઈ ૧ વાગ્યા સુધી રહી. ૨૮ જગ્યાએ સંઘ પૂજન અને પ્રભાવના વિ. થયા એક જગ્યાએ ટૂંકુ પ્રવચન થયું છ'રી પાલક સંઘ જેવુ ૪ કલાક દ્રશ્ય હતું સંઘનો ઉત્સાહ અમાપ હતો. સંઘના આગ્રહથી ચૈત્ર માસની શાશ્વતી ઓળી અત્રે પૂ. આચાર્યદેવશ્રી આદિને વિનંતી કરી જય બોલાઈ હતી.

દયા ધર્મનું મુળ છે ॥ શ્રી મહાવીરાય નમઃ ॥ અહિંસા પરમો ધર્મ

Trust Act Reg. No. E-379 Kachchh
Donation is Exempted U/S 80-G of Income tax Act. Vide Certi No. CITR 63-42 Up To તા.૧/૪/૯૮ થી તા. ૩૧/૩/૨૦૦૩

SHREE JIVDAYA MANDAL

RAHPAR (KUTCH) - 370 165

શ્રી જીવદયા મંડળ - રાપર કચ્છ.

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. લેહાણા બોર્ડીંગ સામે, પોષ્ટ બોક્ષ નં. ૨૩, મું. રાપર - કચ્છ. પીન. ૩૭૦ ૧૬૫ ☎ : (૦૨૮૩૦) ૨૦૦૪૦

પ્રમુખ : ☎ O. ૨૦૦૭૯ R. ૨૦૩૫૭

અત્યંત કટોકટી ભરેલી સ્થિતિનો સામનો કરી રહેલ
''રાપર પાંજરાપોળને મદદ માટે નમ્ર અપીલ''

ચાલુ વરસે સં. ૨૦૫૫ ચોમાસું નિષ્ફળ જવાથી સારોય કચ્છ જીલ્લો ગંભીર દુષ્કાળની સ્થિતિનો સામનો કરી રહેલ છે. ખેતી નિષ્ફળ જવાથી સામાન્ય લોકોનું જીવન ખૂબજ મુશ્કેલી ભરેલું બનેલ છે. ખેતી અને પશુપાલન એ વિસ્તારનો મુખ્ય વ્યવસાય હોઈ ખેતી નિષ્ફળ જવાથી ઢોરોની સ્થિતિ પણ ખુબજ મુશ્કેલી ભરેલી બનેલ છે. તાલુકાના અંદરના ગામોમાં ઘાસ તથા પાણીની ખૂબજ મોટી તકલીફ હોવાથી લોકો પોતાનાં વહાલસોયા ઢોર પાંજરાપોળમાં મોકલી રહ્યા છે. પાંજરાપોળ ઢોરથી ઉભરાવા લાગી છે. આજની તારીખે રાપર પાંજરાપોળમાં ઢોરોની સંખ્યા ૯૩૦૦ આસપાસ છે. જેમના નિભાવ પાછળ સંસ્થાને રોજનું દૈનિક ખર્ચ ૧ લાખ કે તેથી વધારે લાગે છે. તા.૧/૧૦/૯૯ થી તા. ૩૧/૧૨/૯૯ સુધીમાં આ સંસ્થાને ફકત ઢોર નિભાવ ખર્ચ રૂા. ૯૦,૭૨,૧૧૯ અંકે નેવુ લાખ બોંતેર હજાર એકસો ઓગણીસ લાગેલ છે. જેના ઉપરથી સંસ્થા ઉપરના ઢોરોનું ભારણ અને સંસ્થાની જવાબદારીનો ખ્યાલ આવી શકશે.

આમ ઢોરની ખૂબ મોટી સંખ્યા તેમ ઘાસના ખૂબ ઉંચા ભાવને લઈ આ સંસ્થા **(શ્રી જીવદયા મંડળ રાપર)** ખૂબજ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલ છે.

દરેક જગ્યાએથી દાતાશ્રીઓનો સારો સહકાર મળતો રહેલ છે. તેમ છતાં નિભાવ ખર્ચ ખૂબ હોઈ સંસ્થા ખુબજ આર્થિક મુઝવણ અનુભવી રહેલ છે. સંસ્થાની અત્યાર સુધીની તમામ બચતો તથા અનામત ભંડોળ વપરાઈ ગયેલ છે. તેમ ખૂબ મોટી સંખ્યામાંના જીવોના જતનની જવાબદારી સંસ્થા સાથે ચાલુજ છે. તેથી દાતાશ્રીઓ, સેવાભાવી સંસ્થાઓ તથા શ્રીમંતોને આ સંસ્થાને **'જીવદયાના આ મહાન યજ્ઞમાં'** સહકાર આપવા - અપાવવા નમ્ર વિનંતી.

મદદ મોકલવાનું સ્થળ
શ્રી જીવદયા મંડળ રાપર
રાપર (વાગડ) કચ્છ. પીન ૩૭૦૧૬૫
☎ : ૨૦૦૪૦/૨૦૦૭૯/૨૦૦૭૭

લી.
ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ રાપર - કચ્છ.

તા. ક. સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી
સંસ્થાનું ખાતું દેના બેંક રાપર શાખામાં SB ૪૬૪ છે.

સમાચાર સાર

● **બિજાપુર (કર્ણાટક) :** પૂ. આ. શ્રી વિજયકુંજર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી લાલમદજી ગુલાબમદજી તથા શ્રીમતિ ધર્મીબાઈ લાલમદજીના શ્રેયાર્થે તથા શ્રી છગનલાલજી લાલમદજી તથા શ્રીમતિ લીલાબાઈ છગનલાલજીના જીવંત મહોત્સવ નિમિત્તે પાંચ છોડના ઉજમણા તથા શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ માગસર વદ ૧૦ તા.૧-૧ થી માગસર વદ ૧૪ તા.૫-૧- સુધી ભવ્ય રીતે ઉજવાયો.

● **અઠવા લાઈન્સ સુરત :** અત્રે પાઠશાળાનો સમુહ સ્નાત્ર તથા સામાયિકનો કાર્યક્રમ ભવ્ય રીતે ઉજવાયો. અભ્યાસ સારો કરનાર કુમારી પીનલ બાબુભાઈ સંઘવી, હીના બી. દોશી, સોહન - સ્નેહલ તિર્થેશભાઈ, ૭ વર્ષના કુ. નેહા નિકેશભાઈએ ઉપધાન કર્યા તથા નિપાબેન, અમિષાબેન, પિનલબેન, દીપ્તીબેને વર્ષી તપ કર્યા વિ. ને ઈનામો અપાયા. ભણાવનારા ઉત્સાહથી ભણાવે છે. ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી પુષ્પસેન ભાઈચંદ સારી રીતે રસ લે છે. શ્રી નરેન્દ્રભાઈ ગઢડાવાળાએ જ્ઞાનસ્મૃતિ કરાવેલ તેમનું બહુમાન થયેલ.

● **પાલીતાણાથી રાજકોટ :** પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ વિહારમાં ઘોળા જંકશન પધારતાં પ્રવચન પ્રભાવનાદિ થયા. કાપરડીમાં દિનેશભાઈ તથા દિલીપભાઈ જયંતિલાલ અલાઉવાળાના આગ્રહથી પધારતાં જોરદાર સામૈયું પ્રવચનો વિ. થયા. ઘોળા, ગઢડા, બોચડવા આદિના સંઘો તેમની વિનંતી આવ્યા હતા. ગઢડામાં સામૈયું પ્રવચન પ્રભાવનાદિ થયા વીંછીયામાં જોરદાર સામૈયામાં જૈન જૈનેત્તરો સારી રીતે જોડાયા, પ્રવચનોમાં સંઘપૂજનો વિ. થયા. ખૂબ ઉત્સાહ હતો. ત્યાંથી ભોયરા - ભાડલા પ્રવચનો થયા. પોષ સુદ ૬ રાજકોટ પધાર્યા હતા.

● **થાનગઢ :** અત્રે હાલારી વિશા ઓસવાળ જૈન સંઘ તરણેતર રોડ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ ઠા. ૫ તથા પ્રવર્ત્તિની પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠા -૬ ચાતુર્માસ પધાર્યા ઉત્સાહથી આરાધના થઈ પજુસણ ખૂબ સુંદર ઉજવાયા ઉપજ ત્યાં સારા થયા તપો થયા તથા લખમણ વીરપાર માડુ ચારેમાસ અને કાલીદાસ હંસરાજ નગરીયા તરફથી પજુસણ સુધી રોજ સંઘપૂજન તથા સંઘ તરફથી કાયમ પ્રભાવના થતી. ચોમાસા દરમ્યાન ૧૫ જેટલા સંઘ જમણ થયા. સ્મૃતિ લિમીટેનમાં શાંતિસ્નાત્ર તથા વાલજી હીરજી ગુઢકાના શ્રેયાર્થે શાંતિસ્નાત્ર થયા. પૂ. સા. શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી મ. ના શ્રેણીતપ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ થયો. ચાતુર્માસ પરિવર્તન કાલીદાસ હંસરાજ નગરીયાને ત્યાં બીજે દિવસે કેશવજી લખમણ માડુ હ. નલીનભાઈને ત્યાં થયું. પ્રવચનોનો લાભ સુંદર લેવાયો.

વગડીયા વિહાર કરતાં ત્યાં સંઘજમણ થયું.

● **પુના ભવાની પેઠ :** પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય હેમભૂષણસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચાતુર્માસમાં ભવ્ય પ્રસંગે ઉજવાતા રહ્યાં છે. ટીંબર માર્કેટમાં મનમોહન પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોદ્ધાર કરી મૂળનાયકની પ્રતિષ્ઠા તથા શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની ભવ્ય અંજનશલાકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. દીક્ષા કલ્યાણકનો ભવ્યાતિ ભવ્ય વરઘોડો ચડયો. સુદ ૫ તા.૧૩ ના ભવ્ય ઉલ્લાસથી પ્રતિષ્ઠા થઈ બોલીઓ પણ ખૂબ સારી થઈ હતી. સુદ ૬ શ્રીયુત વીરચંદ હુકમાજી પરિવારે હાથી ના હોદે બેસી મંગલ ઉદ્‌ઘાટન કર્યું હતું.

પૂ. શ્રી નો વિહાર થતા મેદની ઉમટી પડી હતી. પૂ. શ્રી મધ્યપ્રદેશમાં આષ્ટા તીર્થની ભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલ હતા.

● **પાલીતાણા :** પૂ. ગણિવર્ય શ્રી જયવર્ધન વિ. મ.ની નિશ્રામાં મલાડ નિવાસી શ્રી કીર્તિલાલ મણીલાલ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ પ્રમિલાબેન શાહની દીક્ષા સાચોટી ભવનમાં મહા સુદ ૧૩ ના થશે તે નિમિત્તે શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, વરઘોડો વિ. સુંદર કાર્યક્રમ યોજાયેલ છે.

● **વેરાવળ :** પૂ. આ. શ્રી વિજય વારિષેણ સૂ. મ. ની નિશ્રામાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પરિકર પ્રતિષ્ઠા તથા મંગલ મૂર્તિ સ્થાપના નિમિત્તે અભિષેક શાંતિસ્નાત્ર આદિ અઠ્ઠાઈ મહોત્સવ પો. સુદ ૧૪ થી પોષ વદ ૭ સુધી ઉજવાયેલ.

● **અમદાવાદ :** પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. ના ૬૯ વર્ષના દીક્ષા પ્રવેશ નિમિત્તે ભવ્ય ચૈત્ય પરિપાટી શ્રી મહાવીર સ્વામી દેરાસર, શ્રીદાન સૂ. દાનમંદિરથી પોષ વદ-પના યોજાઈ.

● **ભાવથી - સુરેન્દ્રનગર નવા જંકશન :**

અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં શિખરમાં શ્રી કુંથુનાથજી આદિ પાંચ જિન બિંબોની પ્રતિષ્ઠા, દેરાસરની વર્ષગાંઠ મહા વદ ૧૩ ના થશે. ત્રણ મૂર્તિની પ્રતિષ્ઠા નિમિત્તે ત્રણ દિવસનો શાંતિસ્નાત્ર આદિ ઉત્સવ પૂ. સા. શ્રી ભવ્ય દર્શનાશ્રીજી મ. ના ઉપદેશથી શ્રીમતિ કમળાબેન, પુષ્પાબેન, ભારતીબેન (મુંબઈ) તરફથી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રી પ્રફુલચંદ્ર મનસુખલાલ દોશી સુરેન્દ્રનગર તરફથી અને શ્રી વર્ધમાન સ્વામીની પ્રતિષ્ઠા નિમિત્તે શ્રીમતિ કંચનબેન પ્રભુલાલ નરશી સાવલા લંડન તરફથી પૂજા વિ. કાર્યક્રમ છે. પ્રતિષ્ઠાને દિવસે શ્રી વનેચંદ વખતચંદ મહેતા ઘાટકોપર તરફથી ધજા ચડાવશે.

● **ધાનેરા :** અત્રેથી મેત્રાણા તીર્થ સંઘ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચિમનલાલ ગુલાબચંદભાઈ અજવાણી તરફથી ધાનેરાથી મેત્રાણા તીર્થ સંઘ મહા સુદ ૧૦ ના નીકળશે. મહા વદ - ૪ ના માળ થશે. વચ્ચે અનેક તીર્થો પણ આવશે.

કોલ્હાપુર-ગુજરી મધ્યે શાસન પ્રભાવના

પ્રશમરસ પયોનિધિ, શાસન પ્રભાવક, પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા પ્રવચન પ્રભાવક, પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા તથા વિદ્વદ્વર્ય, પ્રવચન કુશલ, પૂ. મુનિપ્રવર શ્રી અક્ષય વિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા, દીક્ષાનો પ્રસંગ ઉજવાયા બાદ વડગાંવ (પેઠ)માં ધર્મેન્દ્ર તથા રાકેશ અશ્વિનભાઈ પરિવાર તરફથી ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો. ત્યાંથી વિહાર કરી પૂજ્યપાદ આચાર્ય ભગવંતો તથા કોલ્હાપુર લક્ષ્મીપુરી મધ્યે ચાતુર્માસ કરનાર પૂ. મુનિરાજ શ્રી ભવ્યરત્નવિજયજી મ. સા. તથા પૂ. બાળ મુનિરાજ શ્રી સિદ્ધસેન વિજયજી મ. સા. આદિ ઠાણા કોલ્હાપુર ગુજરી મુકામે પધાર્યા. શ્રી સાંકળચંદજી ગોમાજી ગાંધી તરફથી ગુજરી પ્રવેશ પ્રસંગે શ્રી સંઘ સહ ભવ્ય સામૈયામાં અનેક ભાવિકો ઉમટ્યા હતા. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય ભગવંતે માંગલીક પ્રવચન ફરમાવેલ. વ્યાખ્યાન બાદ શ્રી સંઘ પૂજનાદિ થયેલ. શ્રેષ્ઠવર્ય શ્રી સાંકળચંદજી ગોમાજી ગાંધીના નૂતન ગૃહ મંદિર પ્રતિષ્ઠા નિમિત્ત રાખેલ ત્રિદિવસીય મહોત્સવના મા. સુ. ૯ ના પ્રથમદિને પ્રવેશબાદ બપોરે તેમના ગૃહે કુંભ સ્થાપના, નવગ્રહ પાટલા પૂજન, દિપક સ્થાપના આદિ કાર્યક્રમ પૂજ્યપાદ શ્રી ની શુભનિશ્રામાં ઉજવાયો. વિધિવિધાન માટે મુંબઈ-મલાડથી રમણીકભાઈ ભાભરવાળા પધારેલ. જૈન સેવા મંડલે (ગુજરી) બધાને જિનભક્તિની રમઝટ લગાવી તરબોળ કરી દીધા. મા. સુ. ૧૦ના સવારે શુભમુહૂર્તે ગુજરી શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી પૂ. મુનિપ્રવર શ્રી અક્ષયવિજયજી મ. સા. ના પ્રથમ શિષ્યરત્ન, પૂ. મુનિરાજ શ્રી જ્ઞાનવર્ધન વિ. મ. સા. (ઈચલકરંજીમાં મુમુક્ષુ જીતુભાઈ (અમદાવાદ) ની થયેલ દીક્ષા)ની વડી દીક્ષા શ્રી નાણ સમથ, સકલ સંઘની હાજરીમાં પૂજ્યપાદ આચાર્ય ભગવંતની નિશ્રામાં થઈ. બાદ ૧૧ વાગ્યા આસપાસ ઈચલકરંજીમાં અંજન થયેલ પાસાણના ૧૧ ઈંચના પાર્શ્વનાથ ભગવાન, પંચતીર્થી તથા શ્રી સિદ્ધચક્ર યંત્ર આદિ ભગવાનનો શ્રી સાકરચંદજીના ગૃહ મંદિર પ્રવેશ-પ્રતિષ્ઠાર્થે ગુજરી દેરાસરથી ભવ્ય વરઘોડો નીકળ્યો જેમાં ગુજરી, લક્ષ્મીપુરી,

શાહુપુરી, મહાવીરનગર આદિ ચારેય સંઘના સેંકડો ભાવિકો જોડાયા હતા. વરઘોડામાં સોનામાં સુગંધ ભરે તેમ ઈચલકરંજીના મુમુક્ષુ રીટાબેન...(દીક્ષા-રાજસ્થાન જસવંતપુરામાં...થનાર છે) વરસીદાનનો પણ સમાવેશ થયો હતો. શુભમુહૂર્તે પુજ્યપાદ શ્રી આચાર્ય ભગવંતના શુભ નિશ્રામાં ચલ પ્રતિષ્ઠા થઈ અત્રેના દરેક પ્રસંગોમાં ચર્તુવિધ સંઘના અંગ રૂપ સાધ્વી...શ્રી જયવર્ધનાશ્રીજી મ., સા. શ્રી સુરમિતાશ્રીજી મ., સા. શ્રી ધર્મરત્નાશ્રીજી મ., સા. શ્રી રત્નશીલાશ્રીજી મ. આદિની નિશ્રા સંઘને પ્રાપ્ત થયેલ.

મા. સુ. ૧૧ ના દિને શ્રી ગુજરી સંઘની વિનંતીથી સંઘમાં ત્રિવેણી સંગમ ઉભો થયેલ. ૧) સામુહિક મૌન એકાદશી આરાધના - દેવવંદનાદિ. ૨) નાણ સમથી વ્રત ઉચ્ચારણ તથા પુદ્ગલ વોસરાવવાની ક્રિયા. ૩) શ્રી સમૈતશિખરજી તીર્થમાં ભોમીયાજી મંદિર પાસેના...જિન મંદિરમાં થનાર નૂતન ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની દેરી, ભગવાન ભરાવવાના ચઢાવા. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિ રહી હતી. વ્રત ઉચ્ચારણાદિ ક્રિયા બાદ પૂજ્યપાદ મુનિપ્રવરશ્રીએ પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ. બાદ ચઢાવાની શરૂઆત થઈ. ૩૬ દેરી નકરા તથા ૩૬ ભગવાન ભરાવવાના ચઢાવા આમ તો પુના મુકામે બોલાવાની વાત હતી, પણ અત્રેના ભાવિકોની ભાવનાને માન આપી શ્રી સંઘ આયોજિત ૧૭ દેરી તથા ૧૭ ભગવાન ભરાવવાના ચઢાવા બોલાયા હતા. ભાગ્યશાળીનો ઉત્સાહ અનેરો હતો. ૧૭ ભગવાન ભરાવવાના લગભગ ૧૫ લાખથી વધુ ઉપજ થવા પામી હતી. આમ છતાં ઘણા લાભથી વાંછિત રહેતા વધુ ભગવાન રાખી ચઢાવા બોલવાની વિનંતી થઈ, પણ નક્કી થયા મુજબ બાકીના ચઢાવા મહા સુદ ૧ ના પુના મુકામે બોલાવવાનું જાહેર કરવામાં આવેલ. ત્યારબાદ સંઘવી ભબૂતમલ સુરતમલ ઓસવાલ તરફથી સકલ સંઘ સહિત પૂજ્યપાદ આચાર્ય ભ. ની શુભનિશ્રામાં પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના ગૃહ મંદિરના દર્શનનો લાભ આપવાની વિનંતી થતા અને ત્યારબાદ બીજા ભાવિકો દ્વારા પણ વિનંતી થતા. મા. સુ. ૧૨/૧૩ ના દેવસે સવારે વાજતે ગાજતે પૂજ્યપાદ આ. ભ. ની શુભ નિશ્રામાં સકલ સંઘ સૌ પ્રથમ ૧) અમીચંદજી શંકરજી ગુજરી. ૨ ધરમચંદજી મોતીચંદજી ગુજરી. ૩) સંઘવી ભબૂતમલજી. ૪) બાબુલાલજી ભીકાજી ઓસવાલ. ૫) ટેકચંદજી ગુલાબચંદજી રાઠોડ. ૬) ગીરીશભાઈ બાબુલાલ (મોતીબેન) આદિના ગૃહે થઈ. લક્ષ્મીપુરી જિનમંદિર-ઉપાશ્રય પધાર્યા ત્યાં પ્રાસંગિક પ્રવચન થયેલ. મા. સુ. ૧૪ પુજ્યપાદ શ્રી આચાર્ય ભગવંતાદિએ કર્ણાટક બીજાપુર તરફ વિહાર કરેલ. બીજાપુર મુકામે મા. વ. ૧૨ ના પ્રવેશ થશે. ત્યાં બીજાપુરવાળા પૂ. મુનિરાજ શ્રી અક્ષયબોધિ વિજયજી મ. સા. ના સંયમજીવનની અનુમોદનાર્થે તથા તેમના સંસારી માતુશ્રીના જીવિત મહોત્સવ નિમિત્તે ભવ્ય પંચાહ્નિકા મહોત્સવમાં પૂજ્યપાદ આ. ભ. નિશ્રા આપશે. ત્યારબાદ સોલાપુર થઈ પો. વ. ૧૩ ના પુના પધારશે. પુ. મુનિપ્રવર શ્રી અક્ષયવિજયજી મ. સા. આદિએ કોલ્હાપુરથી પુના તરફ વિહાર કરેલ. તથા પૂ. મુનિરાજશ્રી ભવ્યચંદ્ર વિજયજી મ. સા. ની શુભ નિશ્રામાં કમળાબેન ગુલાબચંદ રાઠોડના સ્વર્ગવાસ નિમિત્તે શાહ ગુલાબચંદ રાઠોડ પરિવારના ત્રિદિવસીય મહોત્સવ કોલ્હાપુર લક્ષ્મીપુરી મધ્યે પૂર્ણ થયા બાદ કોલ્હાપુરથી પુના તરફ વિહાર કરશે. પૂ. આચાર્યભગવંતો પુનાથી વાપી પાસે નરોલી ગામે ફા. સુ. ૭ના પ્રતિષ્ઠા હોવાથી તે તરફ વિહાર કરશે.

પ્રસંગ પરાગ

બપોરે એકાએક બંદૂકનો અવાજ સાંભળી રમણભાઈ નીલકંઠ બહાર જઈ જુએ તો કમ્પાઉન્ડ બહાર રોમનો પ્રિય કૂતરો લોહીના ખાબોચીયામાં પડેલો, ને પાસે સાર્જન્ટ બંદૂક લઈને ઊભેલો. આસપાસનાં માણસો દોડી આવ્યાં ને એક પાડોશીએ તો પાળેલા કૂતરાને આમ મારી નાખવા માટે સાર્જન્ટ જોડે ઝગડો પણ કર્યો. પરંતુ અંતરના દર્દને દબાવીને ન્યાયનિષ્ઠ રમણભાઈ તો એટલું જ બોલ્યા કે કૂતરો પટા વિના કમ્પાઉન્ડ બહાર ફરતો હતો માટે સાર્જન્ટે તેને કાયદેસર રીતે રખડતો કૂતરો ગણીને માર્યો એમાં એને દોષ ન દેવાય.

જ્ઞાન ગુણ ગંગા

✦ ત્રણ મ ઽતિ મહાલયો - મોટા આશ્રયો કહેલા છે. (સ્થાનાંગ, સૂ. ૨૦૫)

૧. જં ુદ્વીપનો મેરૂ સર્વ મેરૂપર્વતને વિષે મોટો છે.

૨. સ્ વંભૂરમણ સમુદ્ર સર્વ સમુદ્રોને વિષે મહાન છે.

૩. બ્ર મલોક નામનો દેવલોક સર્વ દેવલોકને વિષે મોટો છે.

✦ ત્રણ પ્ર ાણે ચક્ષુ કહેલા છે. (શ્રી સ્થાનાંગ, સૂ. ૨૧૩)

તે આ ામાણે - અહીં ચક્ષુ દ્રવ્યથી નેત્ર અને ભાવથી જ્ઞાન રૂપ સમજવા.

૧. એ ઃ ચક્ષુવાળા - છદ્મસ્થ મનુષ્ય. વિશિષ્ટ જ્ઞાનચક્ષુથી રહિત હોવાથી.

૨. બે ક્ષુવાળા - દેવો ચક્ષુરિંદિય અને અવધિજ્ઞાન સહિત હોવાથી.

૩. ત્રા ા ચક્ષુવાળા - ઉત્પન્ન થયેલ જ્ઞાનદર્શનને ધરનાર એવો તથારૂપ શ્રમણ - દ્રવ્યનેત્ર, પરમશ્રુત અને અવધિ ાનરૂપ નેત્ર હોવાથી.

✦ ચાર પ્ર ારનાં ફળ અને ચાર પ્રકારનાં પુરૂષ (શ્રી સ્થાનાંગ સૂ. ૨૫૩)

૧. કો ઽક ફલ કાચું છે અને રસથી કાંઈક મધુર છે. ૨. કોઈક ફલ કાચું છે અને રસથી અત્યંત મધુર છે.

૩. કો ઽક ફલ પાકું છે પણ રસથી કંઈક મધુર છે. ૪. કોઈક ફલ પાકું છે અને રસથી અત્યંત મધુર છે.

તે જ ર ીતના ચાર પુરૂષો કહ્યા છે. તે આ પ્રમાણે.

૧. કો ઽક પુરૂષ વય અને શ્રુત-જ્ઞાનથી અવ્યકત - કાચો છે પણ ઉપશમાદિગુણથી અલ્પ મધુરતાવાળો છે.

૨. કો ઽક પુરૂષ વય અને શ્રુતથી કાચો છે. પણ ઉપશમાદિ ગુંણથી અત્યંત મધુરતાવાળો છે.

૩. કો ઽક પુરૂષ વય અને શ્રુતથી પરિણત - પાકો છે પણ ઉપશમાદિગુણથી અલ્પ મધુરતાવાળો છે.

૪. કો ઽ પુરૂષ વય અને શ્રુતથી પરિણત છે તેમજ ઉપશમાદિ ગુણથી અત્યંત મધુરતાવાળો પણ છે.

✦ ચાર ઽ કારના કરંડિયા અને ચાર પ્રકારના આચાર્ય (શ્રી સ્થાનાંગ - સૂ. ૩૪૮)

૧. ચ ડાલનો કરંડક - પ્રાય : ચામડાથી ભરેલો હોય.

૨. વેશ ાનો કરંડક - તે લાખ સહિત સોનાના ઘરેણાદિથી ભરેલો હોય.

૩. ગૃ ઽપતિ એટલે શ્રીમંત કૌટુંબિકનો કરંડક - ઉત્તમ સુવર્ણ મણિના આભૂષણથી ભરેલો હોય.

૪. રા ાનો કરંડક - અમૂલ્ય રત્નોથી ભરેલો હોય.

આ દ્રષ્ટાંતે ચાર પ્રકારના આચાર્ય કહેલા છે. તે આ પ્રમાણે :-

૧. ચ ાંડલના કરંડક સમાન આચાર્ય - લોકરંજન કરનાર, શાસ્ત્રને ધારણ કરનાર તેમજ વિશિષ્ટ ક્રિયા વિકલ હોય, આ અત્યંત અસાર છે.

૨. વેશ્યાના કરંડક સમાન આચાર્ય - કિંચિત શાસ્ત્રને દુઃખ વડે ભણેલ પણ વચનના આડંબર વડે ભોળા લોકને ખેંચનાર હોય.

૩. ગૃહપતિના કરંડક સમાન આચાર્ય - સ્વ સમય અને પર સમયના જાણકાર અને ક્રિયાયુકત હોવાથી સારભૂત છે.

૪. રાજાના કરંડક સમાન આચાર્ય - સમસ્ત આચાર્યના ગુણયુકત શ્રી સુધર્માસ્વામી ભગવાનની જેમ અત્યંત સારભૂત છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્ર. ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- ધર્મ કરવો સહેલો છે પણ સમ્યગદર્શનનું અર્થીપણું કઠીન છે. ધર્મ કરે તેમાં મહત્તા નથી. આવતી. મારે તો સમ્યગદર્શન માટે ધર્મ કરે તેવા જીવો જોઈએ છે.
- અહીંયા મઝેથી સુખ ભોગવવું તે દુર્ગતિમાં જવાનો ધંધો છે, દુઃખ રોતે રોતે ભોગવવું તે ય દુર્ગતિમાં જવાનો ધંધો છે. દુઃખ ખૂબ ખૂબ મઝેથી ભોગવવું અને સુખ તાકાત આવે તો છોડી દેવું અને ન છૂટી શકે તો રોતા રોતા ભોગવવું તે સદ્‌ગતિમાં જવાનો ધંધો છે.
- સમ્યગદર્શન મેળવવવાની મહેનત ન કરે તો નવપૂર્વ ભણેલો પણ આ અટવીના માર્ગને જોઈ શકતો નથી.
- સમ્યગદર્શન આવ્યું હોય તો આ સુખમય સંસાર છોડવા જેવો જ લાગત. આ સુખમય સંસાર હજી જોડવા જેવો લાગ્યો નથી તે સૂચવે છે કે હજી સમ્યગદર્શન આવ્યું નથી.
- સાધર્મિકની ભક્તિ જેવી ભક્તિ નહિ. સાધર્મિકતા સગપણ જેવું સગપણ નહિ.
- ભગવાનની પૂજા ભગવાન થવા માટે છે. સાધુની સેવા ભક્તિ સાધુ થવા માટે છે. ધર્મની કાર્યવાહી ચારિત્ર મેળવવા માટે છે. ધર્મ કરનારને સમ્યક ચારિત્ર ન મળે ત્યાં સુધી તે દુઃખી જ હોય ને ?
- અનંતીવાર 'નમો અરિહંતાણં' બોલનારા હજી સંસારમાં ભટકે છે. તેને હજી સંસારથી પાર પામવું નથી. તેને ફાંફા મારવા છે. સુખ મળે તો તેમાં પાગલ થવું છે. દુઃખથી દૂર ભાગવું છે. દુઃખ આવે તો તેમાં રિબાઈને મરવું છે. તે કોઈ દહાડો વિચાર ન કરે કે દુનિયાના સુખથી ફાયદો શું ? દુઃખથી રોવાના ફાફા શા ? તેવા બધા રોતા રોતા મરે અને પાછા દુઃખમાંથી મહાદુઃખમાં જાય.
- આ સંસાર ભયંકર છે, પાપમય છે, પાપ વિના ચાલતો જ નથી. આત્માનું સ્થાન નથી, કર્મે આત્માને બાંધી રાખ્યા છે. આ શ્રદ્ધા પાકી છે ? સંસાર કર્મથી છે, સ્વભાવથી નથી. કર્મ જાય તો સંસારમાં રહેવાનું હોય નહિ, મોક્ષે રહેવાનું હોય. સંસારમાં સુખ તે એટલા માટે કે જગતના બધા જીવોને ફસાવનાર છે, સુખમાં લીન બનાવી, સુખ માટે પાપ કરાવી નરકાદિમાં મોકલી આપનાર છે. આ વાત જેને ન સમજાય તે ભયંકર પાપોદય છે !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Red 23/3/2000

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૨૯/૩૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

લોભાધીનતા શું શું ન કરાવે !

"धावेइ रोहणं तरइ सायरं
भमइ गिरिणि गुंजेसुं ।
मारेइ बंधवं पि हुं पुरिसो
जो होइ धणलुद्धो ॥

(શ્રી આચારાંગ સૂત્ર. સૂ-૭૪ની ટીકામાંથી)

ધનમાં લુબ્ધ-ધનનો લોભી જે મનુષ્ય થાય છે તે રોહણાચલ તરફ દોડે છે, સમુદ્રને તરે છે, પર્વતના નિકુંજોમાં ભમે છે, બાંધવોને પણ મારે છે. અર્થાત્ લોભી એવું કયું અકાર્ય નથી કે જે આચરતો ન હોય !

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

ધર્મ ધ્યાનનું સ્વરૂપ :

(કાલ લોક પ્રકાશ સર્ગ-૩૦, શ્લો. ૪૫૮ થી ૪૭૮ આધારે)

જે ધ્યાન શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મથી યુક્ત હોય તે ધર્મ ધ્યાન શ્રી જિનેશ્વરદેવોએ ચાર પ્રકારનું કહ્યું છે.

પ્રથમ શ્રુતાર્થના ચિંતવનરૂપ આજ્ઞાવિચય નામનું છે, બીજાું આશ્રવાદિથી પ્રાપ્ત થતા અપાય-કષ્ટોનું ચિંતવન કરવું તે અપાયવિચય નામનું છે. ત્રીજાું પુણ્ય- પાપના ફળની ચિંતારૂપ વિપાક-વિચય નામનું છે અને ચોથું લોકાકૃતિ વિગેરેનું ચિંતવન કરવું તે સંસ્થાન વિચય નામનું છે. કહ્યું પણ છે કે-

''आप्तवचनं हि प्रवचन-माज्ञाविचयस्तदर्थनिर्णयनं ।
आश्रवविकथागौरव-परीषहा द्यैरपायस्तु ॥१॥
अशुभकर्मविपाका-नु चिंतनार्थो विपाकविचयः स्यात् ।
द्रव्यक्षेत्राकृत्यनु-गमनं संस्थान विचयस्तु ॥२॥''

''આપ્ત વચન તે જ પ્રવચન, તેના અર્થનો નિર્ણય તે આજ્ઞાવિચય. ૧

આશ્રવ, વિકથા, ગૌરવ અને પરિષહાદિનું ચિંતવન તે અપાયવિચય. ૨

અશુભ અને શુભકર્મના વિપાકનું અનુચિંતન તે વિપાકવિચય ૩

અને ષડ્દ્રવ્ય યુક્ત ક્ષેત્રની આકૃતિનું લોકનાલિકાનું ચિંતવન તે સંસ્થાનવિચય. ૪

આજ્ઞારૂચિ, નિસર્ગરૂચિ, સૂત્રરૂચિ અને વિસ્તારરૂચિ-આ ચાર પ્રકારની રૂચિ ધર્મધ્યાનના ચાર ચિહ્નરૂપ છે.

સૂત્રનું વ્યાખ્યાન તે આજ્ઞા. તે વ્યાખ્યાન, નિર્યુક્તિ આદિને ભેળવીને કરવાની જે રૂચિ-શ્રદ્ધાન તેને મહર્ષિઓએ આજ્ઞારૂચિ કહી છે.

ગુરૂ ઉપદેશ વિના જે શ્રદ્ધા તે નિસર્ગરૂચિ, સૂત્રમાં જે શ્રદ્ધાન તે સૂત્રરૂચિ અને તેના વિસ્તારર્થ જે શ્રદ્ધાન તે વિસ્તારરૂચિ જાણવી.

કહ્યું છે કે- 'જિનપ્રણીત આગમના ઉપદેશનું, તેમાં કહેલા ભાવપદાર્થોનું જે સ્વભાવથી જ શ્રદ્ધા કરવી તે ધર્મધ્યાનનું ચિહ્ન છે.'

મહેલ આદિમાં ચઢવા માટે દોરડાદિનું જેમ આલંબન હોય છે, તેમ ધર્મધ્યાનના ચાર આલંબન જિનેશ્વરોએ કહ્યાં છે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)



વર્ષ : ૧૨) ૨૦૫૬ ફાગણ વદ ૧ મંગળવાર તા. ૨૧-૩-૨૦૦૦ (અંક : ૨૮/૩૦

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

ઉદય તિથિ એ શાસ્ત્ર અને પરંપરાથી ભિન્ન નથી

● ઉદયતિથિનો ત્યાગ એ શાસ્ત્ર અને પરંપરાનો ત્યાગ છે ●

● ઉદયતિથિ માટે લૌકોત્તર જૈન ટીપ્પણાને છોડી લૌકિક ટીપ્પણુ સ્વીકારેલ છે ●

● સંવત્સરી ની ઉદય તિથિની મર્યાદા સદાય જીવંત હતી ●

● પુનમ અમાસના ક્ષય વૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિની અવ્યવસ્થા ૧૯૯૨માં સંવત્સરી માટે ભ્રમ પેદા કર્યો.

● સેંકડો વર્ષના પંચાંગો અને અનેક વહિવટના ચોપડાઓ પણ પર્વ તિથિની ક્ષયવૃદ્ધિના દસ્તાવેજો છે.

જૈન શાસનમાં બારે માસ ઉદયતિથિની આરાધના કરે અને પુનમ અમાસ કે ભા. સુ. ૫ ની ક્ષયવૃદ્ધિ આવે ત્યારે ઉદય તિથિને છોડી દેવી તે જૈન શાસનના માર્ગને છેહ દેવાનો થાય છે. રોજ મિષ્ટાન્ન જમે અને મહેમાન આવે ત્યારે મિષ્ટાન્નનો ત્યાગ કરે તેના જેવું આ ૧૪ અને ચોથ વખતે કરે તે અજુગતું બને છે.

પૂ. મહો. શ્રી ધર્મસાગરજી મહારાજે ઉદય તિથિની જ મહત્તા શ્રી પ્રવચન પરીક્ષામાં બતાવી છે વિ. સં. ૧૪૪૭માં જૈન ટીપ્પણ છોડીને લૌકિક ટીપ્પણું સ્વીકાર્યું તે ઉદય તિથિ માટે જ છે.

સંવત્સરી અંગે ઉદયતિથિનો માર્ગ સર્વ વ્યાપી હતો. વિ. સં. ૯૫૨માં તેનો ત્યાગ કોઈકે કર્યો હતો. બાકી સકલ સંઘે બે પાંચમ હતી તો પણ ઉદયાત ચોથે સંવત્સરી કરી હતી વિ. સં. ૧૯૯૨માં અનિર્ણિત અવસ્થામાં બે પાંચમ વર્તે ઉદયાતચોથનો દ્રોહ કરાયો અને પછી એક ગ્રુપને નામે તે દ્રોહ ચાલુ રહ્યો.

છતાં ભા. સુ. ૫ ના ક્ષયે તો એ દ્રોહ મોટે ભાગે થયો નહિ પૂ. ઉદયસૂ. મ. સા. એ ફેરફાર કરવો પડયો તેનું નિવેદન કરીને ઉદય ચોથની મારી માન્યતા છે તેમ જણાવ્યું હતું.

પછી તો 'યન્માધવેનોડતં તન્ન' જેવી સ્થિતિ થઈ અને અમે માત્ર પરંપરાને માનીએ છીએ તેવું છડ સદાય પ્રગટપણે પ્રગટ થતું રહ્યું.

સાધુઓની પૈસાના ત્યાગની પરંપરા છોડી પૈસાના લાલચુની પરંપરા ચાલુ થવા લાગી, સંયમના રાગીને બદલે સગવડતાની પરંપરા ઉભી થવા લાગી, સાધુ સંયમીની પરંપરા છોડી બાવા ભુઆ ફકીરની પરંપરા સાધુઓમાં પેશવા લાગી. કદાચ ભવિષ્યમાં આ પરંપરાવાદીઓ સાધુને ન છાજતી ચાલી રહેલી સંયમ ઘાતક વસ્તુઓને પણ પરંપરામાં ખપાવે તો ના નહિ ? શું સાધુવર્ગની આવી દશા હોય ? જગતમાં જૈન સાધુના વચન પ્રત્યે ઈત્તરો પણ આદર ધરાવે છે તે સાધુ શું ભગવાન વચન અને શાસ્ત્ર પ્રત્યે પણ આદર ન ધરાવે ? માયાવી રાજકારણીઓ ધીકા બનીને સ્ટેજ કે માઈક પર ગાજે છે તેમ શું આ દશા સાધુઓમાં આવશે ? અને એમ થશે તો શાસનની આબરૂ શું રહેશે ? સાધુના સત્યવાદનો વિશ્વાસ ક્યાં ટકશે ?

આજે સેંકડો વર્ષના તિથિ પત્રકો હાથના લખેલા વિદ્યમાન છે અને એક જુના સંઘના ચોપડાઓ હિસાબો પણ વિદ્યમાન છે તેમાં પણ પર્વ તિથિની ક્ષયવૃદ્ધિ યથાસ્થિત લખેલી છે. પર્વ તિથિનો ક્ષય ન થાય વૃદ્ધિ ન થાય તેવું તે હસ્ત લિખિત તિથિ પત્રિકાઓ કે સંઘોના કે બીજા ચોપડાઓએ નોંધ્યું નથી.

અત્યારે સંવત્સરી કે તિથિ અંગે કોઈ વિવાદ નથી માટે સમજવાની ઈચ્છાવાળા માટે આ પ્રયત્ન છે અને જે સમજેલા હોય તે પણ સ્થિર રહે અને બીજા ભ્રમમાં ન પડે તે માટે પણ આ પ્રયત્ન છે.

વિ. સં. ૨૦૩૩ ના સંવત્સરી પ્રસંગની નોંધ અત્રે સમજવા માટે ઉપયોગી છે તે આપીએ છીએ.

■ વિ. સં. ૨૦૩૩ સંવત્સરી નો પ્રસંગ ■

"ન્યાયાંભોનિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજા, સૂરિસમ્રાટ પૂ. આચાર્યદેવ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મહારાજા, પંજાબકેશરી પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજા, સંઘ સ્થવિર પૂ. આચાર્યદેવશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજા તીર્થોદ્ધારક પૂ. આચાર્યદેવશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજા આદિ ગચ્છાધિપતિ આચાર્ય દેવોને માનનારા ભાગ્યશાળી સંઘો આદિએ આ સાલ વિ. સં. ૨૦૩૩માં શનિવારે સંવત્સરી કરવી. તે પ્રજ્ઞાલિકામાં જ શાસ્ત્રની અને ગુરૂદેવોની પણ આજ્ઞા છે."

ભાદરવા સુદ પાંચમના ક્ષય વખતે સંઘ માન્ય પંચાંગની ઉદયાત્ ચોથે સંવત્સરીનું આરાધન શાસ્ત્ર અને પરંપરા મુજબ કરવામાં આવે છે.

પૂ. આત્મારામજી મ. એ ૧૯૫૨ અને ઉપર જણાવેલ આ આચાર્યદેવશ્રીએ ૨૦૦૪માં એ રીતે કરવા જાહેર કરેલ અને વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં પણ તેમ કરેલ હતું તેમ જણાવેલ છે. તેઓશ્રીના અભિપ્રાયો અત્રે આપેલ છે.

પૂ. આ. ભ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મ. (પૂ. આત્મારામજી મ.) નો અભિપ્રાય

સુદ ૫ નો ક્ષય આ વખતે કરવો સારો છે. (સં.૧૯૫૨) એ રીતે પાંચમનો ક્ષય માન્ય રાખી ઔદયિકી ચોથ સંવત્સરી કરવા જણાવેલ અને સકલ સંઘે તેમ કરેલ (પ્રશ્નોત્તર ચિંતામણિ પેજ ૧૯-૨૦ ઉપર આ વિગત છે. ૮૦ વર્ષ પહેલા આ ગ્રન્થ લખાયેલ છે.)

●●●

શાસન સમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરિજી મહારાજા સાહેબનો નિર્ણય

જૈન સમાજના મહાન ધુરંધર અને સર્વ શાસ્ત્રના પારંગત એવા કલિકાલના કલ્પતરૂ આચાર્યદેવનો સંદેશ છે કે ૨૦૦૪ ની સાલમાં પર્યુષણ પર્વની આરાધના શાસ્ત્રની આજ્ઞાનુસાર શ્રી સંવત્સરી મહાપર્વ ભાદરવા સુદ-૪ ને મંગળવારે કરવા જૈન સંઘના ચતુર્વિધ સંઘને મારી આજ્ઞા છે.

પંજાબ કેસરી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીનો જૈન શાસ્ત્ર અનુસારી ભાદરવા સુદ ૪ ને મંગળવારનો સંદેશો.

વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯માં ચંડાશુચંડું પંચાંગમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય હતો પણ અન્ય ઘણા પંચાંગમ. છઠ્ઠનો ક્ષય હોવાથી ચતુર્વિધ સંઘે છઠ્ઠનો ક્ષય માની ભાદરવા સુદ ૪ ની સંવત્સરી પર્વ આરાધી પાંચમને આબાદ રાખી હતી અને આ સાલ પણ ભાદરવા સુદ ૫ નો ક્ષય છે અને અન્ય પંચાંગમાં છઠ્ઠનો ક્ષય છે તેથી છઠ્ઠનો ક્ષય માની ભાદરવા સુદ ૪ ને મંગળવારે સંવત્સરી પર્વ આરાધી ભાદરવા સુદ ૫ આબાદ રાખીશું.

પ્રાયઃ પ્રસિદ્ધ વાત છે કે જે વારની સંવત્સરી હોય તે વારે જ બેસતું વર્ષ હોય તેમ આ વર્ષે પણ એવી જ રીતે હોવાથી મંગળવારની સંવત્સરી અને મંગળવારે બેસતું વર્ષ.

લી. સમુદ્રવિજય બીકાનેર

વૈશાખ વદ ૧૦

●●●

પૂજ્યશ્રી શાન્ત તપોમૂર્તિ વયોવૃધ્ધ આચાર્યદેવશ્રી વિજય સિધ્ધિસૂરીશ્વરજીનું તિથિચર્ચા સંબંધી શાસ્ત્રાનુસારી મન્તવ્ય.

હિન્દુસ્તાનની જૈન કોમના આગેવાન શેઠ કસ્તુરભાઈ લાલભાઈને હમારા તિથિ ચર્ચા સંબંધી મંતવ્યને માટે બોલાવી ૨૦૦૪ ભાદરવા સુદ ૪ ને મંગળવારે સંવત્સરીની આરાધનાનો બોલાશો અને તે જરૂર પડયે બહાર પાડવાની તેમને આપેલી પરવાનગી.

હમારા મર્યાદીત કાલના મૌન પહેલા સુશ્રાવક કસ્તુરભાઈ લાલભાઈને એકાન્તમાં બોલાવીને તિથિચર્ચા અંગેનું મંતવ્ય જણાવ્યું હતું, અને જરૂર પડયે તે જાહેર કરવાની પરવાનગી આપી હતી એટલે હવે એ વિષે જેને પૂછવું હોય તે સુખેથી સુશ્રાવક કસ્તુરભાઈને પૂછી લે.

પૂ. શ્રી સંઘસ્થવિર આચાર્યદેવ શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરિજી મહારાજાની આજ્ઞાથી

ઇ. મુનિ કુમુદવિજયજી

●●●

આચાર્યદેવ વિજયનીતિસૂરિજીના સમુદાયના પટ્ટધર આચાર્યશ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજા સાહેબ ભાદરવા સુદ ૪ ને મંગળવારે જ સંવત્સરી કરશે.

શાસ્ત્રની આજ્ઞા મુજબનો આદેશ.

એ નહિ પર્વી પંચમી, સર્વો સમાણી ચોથે,
ભવ ભીરૂ માનશે, ભાખ્યુ અરિહા નાથે.

પં. વીરવિજયજી કૃત ચૈત્યવંદન,

આગામી પર્યુષણ પર્વમાં પચાસ દિવસના માનવાલી સંવત્સરી હોવાથી જૈનાચાર્યશ્રી વિજયનીતિસૂરિજીના પટ્ટધર જૈનાચાર્યશ્રી વિજયહર્ષસૂરિજી મહારાજે અમદાવાદના ડહેલાનાં લુવારની પોલ વિગેરે ઉપાશ્રયોના આગેવાનોની સંમતિપૂર્વક મારવાડથી આદેશ આપેલ છે કે ભાદરવા સુદ ૪ ને મંગળવારે સંવત્સરી કરવી. અષાડ સુદ ૧૪ થી ને ભાદરવા સુદ ૪ મંગળવાર પચાસ દિવસની માન્યતા બરાબર આવે છે. કલ્પસૂત્રની સમાચારીમાં વૃદ્ધો પચાસ દિવસની માનવાલી સંવત્સરી કરવાનું ફરમાવે છે.

સં. ૧૯૫૨ની સાલમાં ભટ્ટારક શ્રી વિજય રાજેન્દ્રસૂરિશ્વરજી મહારાજ, પં. પ્રતાપવિજયજી મહારાજ, પં. ગંભીરવિજયજી મહારાજ, પં. દયાવિમલજી મહારાજ આદિ પાંચમના ક્ષયના અંગે જે ક્રમ સ્વીકારેલો તેજ ક્રમ ૧૯૮૯ની સાલમાં જૈનાચાર્ય શ્રી વિજયનીતિસૂરેશ્વરજી મહારાજે માન્ય રાખી સંવત્સરી કરી હતી ઉપર મુજબ વૃદ્ધોના આદેશ અનુસાર અમોએ પણ તે જ ક્રમ સ્વીકારી મંગળવારની સંવત્સરી કરવાનો આદેશ આપીએ છીએ.

લી. કલ્યાણવિજયસૂરિ

પાયધુની, મુંબઈ તા. ૫-૭-૪૮

●●●

સુરિસમ્રાટ પૂ. આચાર્યદેવ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી મ. ના પટ્ટધરરત્ન પૂ. આ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ. નો સં. ૨૦૧૩ નો અભિપ્રાય. (ગોડીજીના ટ્રસ્ટીઓના નિવેદનમાંથી.)

''તેઓશ્રીએ પોતાના પૂજ્ય વડીલોની પરંપરા પ્રમાણે ગુરુવાર વાજબી છે તે ત્રણ કલાક સુધી વિવેચન કરી અમોને સમજાવ્યું હતું.''

સં. ૨૦૧૩ માં પણ પાંચમનો ક્ષય હતો અને ઉદયાત્ ચોથ ગુરુવારે હતી તે મુજબ સં. ૨૦૩૩માં પણ ઉદયાત્ ચોથ શનિવારે છે. માટે સંવત્સરી શનિવારે કરવી.

વિ. સં. ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ અને સં. ૨૦૦૪ માં પાંચમના ક્ષય વખતે દરેકે આ નિયમ જાળવ્યો છે. પૂ. પાદ ઉદયસૂરીશ્વરજી મહારાજાએ પણ એજ વાત ૨૦૧૩માં જાહેર કરી છે. ગોડીજીના ટ્રસ્ટીઓની વિનંતિથી જે ફેરફાર કરેલો તે માત્ર તે વર્ષ માટે કરેલો તેમ તેમના તા.૧૫-૪-૫૭ના નિવેદનમાં મું. સ. માં જણાવ્યું છે. એથી જિનઆજ્ઞાપ્રેમી અને ગુરુદેવોને વફાદાર શ્રી સંઘો તથા ધર્મપ્રેમીઓને આ સાલ પણ ૧૯૫૨, ૧૯૬૧, ૧૯૮૯ અને ૨૦૦૪ ની જેમ શાસ્ત્ર અને મર્યાદા મુજબની આરાધના કરવા **શનિવારે** જ સંવત્સરી કરવી યોગ્ય છે.

પાંચમના ક્ષયે પાંચમની આરાધના ચોથમાં આવી જાય છે. પરંતુ તે માટે પર્યુષણને આગળ લઈ જવાં તે યોગ્ય નથી. તેથી વિવેકી આત્માઓએ ઉપરોક્ત રીતે શનિવારે જ સંવત્સરી કરવાની છે.

સાચી સંવત્સરીનો સાચો માર્ગ

ભાદરવા સુદ પાંચમના ક્ષય વખતે સંવત્સરી ભેદ આવે નહીં.

પં. મફતલાલ ગાંધીનું નિવેદન ખોટા પ્રયત્નોને સાચો દેખાડવાનો ઉમીયો છે.

પં. મફતલાલે સાચી દિશાને બંધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

ધુરંધર આચાર્યદેવોના અનુયાયીઓ જાગૃત બને અને પોતાના ગીતાર્થ ગુરુવર્યોની આ પ્રણાલિકાને પુનઃસ્થાપિત કરે. શાસ્ત્રાનુસારી ગુરુ આજ્ઞાને જયવંતી બનાવે.

કષાય અને પૂર્વગ્રહ છોડી સૌ વિવેકી બનો.

વિ. સં. ૨૦૩૩માં ભાદરવા સુદ ૫ નો ક્ષય છે, ભાદરવા સુદ ૪ શનિવારે છે. અને તેથી પર્યુષણના આઠે દિવસમાં કોઈ ફેરફાર આવતો નથી. આ પૂર્વે વિ. સં. ૧૯૫૨, વિ. સં. ૧૯૬૧, વિ. સં. ૧૯૮૯ અને વિ. સં. ૨૦૦૪ વિ. સં. ૨૦૧૩માં ભાદરવા સુદ પાંચમનો ક્ષય આવ્યો હતો.

જેમાં સં. ૨૦૦૪ સુધી અપવાદ સિવાય સકલ શ્વે. મૂ. તપગચ્છ સંઘમાં ભાદરવા સુદ પાંચમના ક્ષય વખતે સંઘમાન્ય પંચાંગની ઉદયાત્ ભાદરવા સુદ ચોથના દિવસે જ સંવત્સરી સકલ શ્રી સંઘે કરી છે. અને આ અંગે સકલ સંઘને જ માર્ગદર્શન આપતાં નિવેદનો તે તે વખતના મહાપુરુષોએ આપ્યાં છે. તેમાંથી પૂ. આત્મારામજી-શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રી વિજયસિદ્ધસૂરીશ્વરજી મહારાજા પૂ. આ. ભ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજા અને તેઓશ્રીના પટ્ટધર પૂ. આ. ભ. શ્રી વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજા, પૂ. આ. ભ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પૂ. આ. ભ. શ્રી વિજય ઉદય સૂરીશ્વરજી મહારાજાનાં નિવેદનો અને વિવેચનો આજે શ્રી સંઘ સામે વિદ્યમાન છે.

તે સર્વેએ સંઘમાન્ય પંચાંગની ઉદયાત ભાદરવા સુદ ૪ ના દિવસે જ સાચી સંવત્સરી જાહેર કરી છે અને તે જ દિવસે આરાધના કરી છે.

સં. ૨૦૦૪ પછી સં. ૨૦૧૩માં ભાદરવા સુદ ૫ નો ક્ષય આવ્યો ત્યારે પૂ. સિદ્ધિ સૂ. મ. સા. તથા પૂ. ઉદય સૂ. મ. સા. સિવાય ઉપરોક્ત કોઈ પૂજ્ય વિદ્યમાન ન હતા પૂ. ઉદય સૂ. મ. સા. જી એ ૨૦૧૩માં ઉપરોક્ત પૂજ્યોની વાતનું પુરેપુરૂ સમર્થન કર્યું હતું. આથી જ ઉપરોક્ત મહાપુરુષોને માનનાર અનુયાયીઓ તે પછી સાધુ હોય

સાધ્વી હોય કે શ્રાવક શ્રાવિકા હોય દરેકે ભાદરવા સુદ ૫ ના ક્ષય વખતે સંઘમાન્ય પંચાંગની ઉદયાત ભાદરવા સુદ ૪ ને દિને જ સંવત્સરી કરવી જોઈએ. અને તે મુજબ સં. ૨૦૩૩ ની ચાલુ સાલમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય છે. ભાદરવા સુદ ૪ શનિવારે છે માટે ભાદરવા સુદ ૪ શનિવારના રોજે જ સંવત્સરીની આરાધના કરવી જોઈએ-એ જ શાસ્ત્ર અને ગુરુનું બહુમાન છે. આ કારણે કષાય કે કદાગ્રહ છોડી સૌ, તે દિવસે સાચી સંવત્સરીની સાચી આરાધના કરી આરાધક બને એ જ ક્ષેયસ્કર છે.

સં. ૨૦૧૩ થી જે ગરબડ આ વિષયમાં થઈ છે તેમાં ઉપરોક્ત મહાપુરુષોનો તલભાર જેટલો ટેકો કે અનુમોદન-નથી એ વાત આ મહાપુરુષોને પોતાના તારક પૂજ્ય માનનાર વર્ગે જરા પણ ભૂલવી ન જોઈએ.

તા. ૨૧-૫-૭૭ ના ''જૈન'' પત્રમાં પં. મફતલાલ જવેરચંદ ગાંધીએ તિથિચર્ચા વિષયમાં પ્રયત્નો કર્યા તે અંગે નિવેદન કરેલ છે. તે અંગે વિચારણા કરતાં લાગે છે કે ઉપરોક્ત સાચા સરલ અને નજીકના ભવિષ્યમાં પૂજ્ય પુરુષોએ પ્રવર્તાવેલ માર્ગની ઘોર ઉપેક્ષા કરીને પં. મફતલાલે પ્રયત્ન કર્યો છે અને સમાધાનના નામે બીજાને નમાવવા જવાનો જાણે પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે. તે સાથે ઉપરોક્ત મહાપુરુષોએ પ્રવર્તાવેલ માર્ગના બારણા જ બંધ કરી દીધા છે. પં. મફતલાલે નિવેદનમાં લખ્યું છે કે -

''...મેં જણાવ્યું કે એટલું આપ લક્ષ રાખો કે આ સાલ સંવત્સરી એક તિથિવાળાની શુક્રવારની છે તમારી શનિવારની છે. તમે ગમે તેમ કરી સંવત્સરી શનિવારે લાવવા પ્રયત્ન કરશો તો આનું પરિણામ સમાધાન રૂપે લાવવા માગો છો તે નહિ આવે.''

પં. મફતલાલનું આ સૂચન બતાવે છે કે આપણા મહાન પૂજ્ય પુરુષોએ પ્રવર્તાવેલ માર્ગની તેમને મન કેટલી ઉપેક્ષા છે ? આ દિશામાં જ પ્રયત્ન કરીને શાસ્ત્ર અને ગુરુ આજ્ઞાને જયવંત બનાવવાને બદલે મોટા જોશીની જેમ પંડિત ગાંધી ભવિષ્ય ભાખે છે કે સફળ થશો નહિ.

મારે એ કહેવું છે કે પૂ. નેમિસૂરીશ્વરજી મહારાજા પૂ. વલ્લભસૂરીશ્વરજી મહારાજા અને પુ. નીતિસૂરીશ્વરજી મહારાજા આદિ પૂજ્યોના પરિવારમાં સમર્થ વિદ્વાન અને સમજુ અનેક આચાર્ય ભગવંત આદિ ચારે પ્રકારનો સંઘ છે. તેઓ બધા માટે આવો અયોગ્ય અભિપ્રાય બાંધવાનો પં. શ્રી મફતલાલને અયોગ્ય ખ્યાલ કેમ આવ્યો અને એ સત્ય શાસ્ત્ર અને પરોપકારી ગુરૂદેવોના માર્ગને ઉજ્વલ બનાવવાની લાગણી પણ કેમ પેદા ન થઈ ?

જેટલો પ્રયત્ન બીજાને નમાવવાનો કર્યો તેટલો પ્રયત્ન આ શાસ્ત્ર અને ગુરૂદેવોના બહુમાનના માર્ગ તરફ કર્યો હોત તો કેટલી મહાન વાત બની જાત ? પરંતુ પંડિતજી પણ કોઈ અદ્રશ્ય કદાગ્રહથી ગ્રહિત હોય તેમ લાગે છે. તેથી ઉપર જણાવ્યા મુજબ વિધાન કરીને મહાન પૂજ્ય પુરુષો અને તેમના અનુયાયી વર્ગ માટે લઘુતાભર્યો અભિપ્રાય જાહેરમાં મૂકી દીધો.

લાગણીશીલ આચાર્યદેવો આદિ પણ પં. મફતલાલના પ્રચારમાં ફસાઈ ગયા અને દયામણી દશા હોય અર્થાત્ ગરજ હોય તેમ પંડિત મફતલાલની સત્ય દિશા બંધ કરીને પ્રયત્ન કરવાની વાતને સમજી શકયા નહીં.

પં. મફતલાલના આ પ્રયત્નના વરઘોડામાં શ્રી લાલચંદ કોચર અને શ્રી કલ્યાણભાઈ ફડિયાને જોડવામાં આવ્યા છે. પરંતુ શ્રી કોચર આ વિષયમાં અજ્ઞાન છે તેઓ ત્રણ ચાર વર્ષથી રસ લેતા થયા છે પરંતુ સ્વયં બુદ્ધિથી ઊંડા ઉતરી અભ્યાસ કર્યો નથી શ્રી કલ્યાણભાઈ ફડિયા સાવ અજાણ્યા છે અને તે વાત તો પં. મફતલાલે તેમના નિવેદનમાં જણાવી છે કે -

''ફડિયાએ કહ્યું કે પૂ. મહારાજ શ્રી, આપને હું પહેલ વહેલો મળું છું.'' ૮૨ વર્ષના મહાન આચાર્યને પહેલ વહેલા મળનાર કેટલા અજાણ્યા માણસ ગણાય ? આમ આ વિષયના અજ્ઞાન અને અજાણ્યા માણસની સાક્ષી મૂકીને નિવેદન કરવામાં આવ્યું છે તે પં. મફતલાલનું નિવેદન, નબળી કોટિનું બની જાય છે. અને સાથે જ આ પ્રયત્નમાં જે માર્ગ શક્ય છે અને પૂજ્ય પુરુષો તથા શાસ્ત્રને અનુકુળ છે તે માર્ગને ઢાંકી ગાડી બીજે પાટે ચડાવી દેવાના પ્રયત્ન રૂપે છે. એથી પં. મફતલાલના નિવેદનથી ગાડી અવળે પાટે ન ચડે અને સાચા રસ્તે પ્રયત્ન થાય તે હેતુથી આ નિવેદન લખવાનો પ્રસંગ આવ્યો છે.

આ પ્રસંગે નમ્ર નિવેદન છે કે સૌ કષાય અને કદાગ્રહ છોડી વિવેકી બને અને ઉપરોક્ત માહપુરૂષોને સંમત એવી સંઘમાન્ય પંચાંગની ઉદયાત ભાદરવા સુદ ચોથ જે વારે હોય તે વારે સંવત્સરી આરાધનાની આજ્ઞાને શિરોમાન્ય ગણીને આરાધના કરવી જોઈએ. અને એ સંવત્સરી સં. ૨૦૩૩માં ઉદયાત ભાદરવા સુદ ચોથ શનિવારે છે... શનિવારથી બીતા નહીં શનિવાર ઉપરોક્ત મહાપુરુષોની માન્યતાનો છે એ ભૂલશો નહીં.

કોઈ વિવાદમાં કે કોઈ વારની સંવત્સરીમાં ખેંચી જવા માટે આ લખાણ નથી. ઉપરોક્ત મહાન પુરુષોના પરિવારમાં વિદ્વાનો છે તે પ્રગટ થાય અને પોતાના પૂજ્ય પુરુષો તથા શાસ્ત્રનું બહુમાન થાય અને તેમની આજ્ઞા જયવંત બને તે માટે આગળ આવી સત્ય પ્રગટાવે.શ્રી મહાવીર પરમાત્માના શાસનના આરાધક એવા એ મહાપુરુષોના પરિવારમાં પરમાત્માની આજ્ઞા અને ગુરુવચનને શિરોધાર્ય ગણનારા મહાપુરુષો છે જ અને કોઈની શેહમાં દબાયા વિના વફાદારીનો બુલંદ અવાજ પ્રગટ કરે અને લોકમાં ગુરુદેવો પ્રત્યેની અને શાસ્ત્ર પ્રત્યેની વફાદારીની શંકા પેદા કરનારની ગેરસમજ દુર કરે. એવા ગુરુભક્ત અને

શાસ્ત્ર ભક્તના દર્શન કરવા વિવેકીઓ આતુર છે. આમ થાય અને કોઈ અપવાદ રહી જશે તો આગળ એ પણ સત્ય માર્ગે આવી શકશે.

પં. મફતલાલનો પ્રયત્ન ૨૦૧૩માં ગોડીજીના ટ્રસ્ટીઓ સમાધાને નામે પૂ. પાદ આ. ભ. શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજાને ફેરવવા નીકળ્યા હતા, તેવો જ છે. પરંતુ પં. મફતલાલ સત્ય દિશામાં પ્રયત્ન કરનાર છે તેવી છાપ ઉભી કરી શકયા નથી કોઈને ફસાવવા માટેના મીઠા શબ્દો કે નિવેદનથી કદાચ બાળ જીવો ભોળવાય પણ સમજુ તો તેમના શબ્દે શબ્દનું મૂલ્યાંકન કરે છે એ ભૂલવું ન જોઈએ.

છેલ્લે કોઈ પ્રયત્ન ૨૦૩૩ની સંવત્સરી પ્રસંગે કરવો હોય તો તે ઉપરોક્ત મહાપુરુષોના નિવેદનોને વફાદાર બનાય તે માટે કરવો જોઈએ. એ સરલ સીધો અને જલ્દી સફળ થાય તેવો પ્રયત્ન છે. સૌ દુરાગ્રહ અને ગેરસમજને છોડી સાચી દિશામાં પ્રયત્ન કરી સાચા આરાધક બને એ જ શુભ અભિલાષા.

●●●

૨૦૩૩ના પ્રસંગ વખતે છપાયેલા આ લેખમાં ૧૯૫૨થી ૨૦૧૩ સુધીના પૂ. આચાર્યદેવો આદિના અભિપ્રાયો છે.

'જૈન શાસન' અઠવાડિકમાં ૨૦૫૫ મી સંવત્સરી અંગે કોઈ પણ લેખ લખાણ છાપ્યું ન હતું તેમાં મુખ્ય કારણ એ હતું કે કદી પણ ઔદયિક ચોથની સંવત્સરી પહેલા છોડી નથી તે સમુદાયો આ વખતે જરૂર નહીં છોડે. પરંતુ એ અમારો ભ્રમ પુરવાર થયો. ઔદયિક ચોથની જ સંવત્સરી જેમણે કરી છે તેઓ પણ પોતાના અને પોતાના વડિલોના વિચારો અને વર્તન ઉપર ઘાત કરીને અમારી તો પરંપરા જ આ છે એવી બોલી લખી ને ઔદયિકી ચોથનો અપલાભ કર્યો છે અને તેવા જ કુતર્ક સંવત્સરી ગયા પછી પણ લગાડી રહ્યાં છે. તેમજ જો ભગવાન આવે તો પણ કદાચ જાગૃતિ આવે કે નહિ એ સવાલ છે.પરંતુ જેમને ક્ષમોપશમ છે અને વધુ ઉઘડી જાય એ માટે જ સંવત્સરી પછીની સમજણ અપાય છે અને એ અમારો પ્રયત્ન સફળ થયો છે તે અનુભવ થયો અને થશે તેવો વિશ્વાસ છે.

સૌ જિનશાસનના રહસ્યોને પામી અને સ્વપરના શ્રેયના માર્ગે ચાલી નિર્મળ બનો અને નિર્મળ માર્ગે સદા જયવંતુ રાખો એજ અભિલાષા.

પેઠ-વડગાંવના આંગણે ઉજવાયેલ ભવ્ય જિનભક્તિ મહોત્સવ

શ્રી કુંથોજગિરિ તીર્થની તળેટી તરીકે સુપ્રસિદ્ધ એવા પેઠ-વડગાંવ નગરના આંગણે શાસનપ્રભાવક પૂ.આ. શ્રી જયકુંજર સૂ. મ., પ્રવચનપ્રભાવક પૂ. આ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ. તથા પૂ. મુ. શ્રી અક્ષય વિ. મ. આદિની પાવન નિશ્રામાં શ્રી ધર્મેન્દ્ર તથા રાકેશ અશ્વિનભાઈ શાહ પરિવાર તરફથી દાદા ગણપતલાલ, દાદી અ. સૌ. કેશરબેન તથા કાકી કમલાબેનના આત્મશ્રેયાર્થે તેમજ પૂ. કાકા બાબુલાલ, પૂ. પિતાશ્રી અશ્વિનભાઈ તથા પૂ. માતુશ્રી સૌ. ચંદનબેનના જીવન સુકૃતોની અનુમોદનાર્થે ભવ્ય પંચાહ્નિકા પરમાત્મભક્તિ મહોત્સવનું આયોજન ખૂબ જ સુંદર થવા પામેલ.

જે મહોત્સવના પ્રારંભ મા. સુ. ૩ ના થતાં તે પૂર્વે પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિ. મ. તથા પૂ. મુ. શ્રી આત્મરક્ષિત વિ. મ. મા. સુ. ૨/૨ ના રોજ સસ્વાગત વડગાંવ નગરે પધારેલ. પ્રવેશ દિને વ્યાખ્યાન બાદ રૂા. ૫ નું સંઘપૂજન શ્રી હીરાભાઈ રાઠોડ તરફથી થયેલ. મા. સુ. ૫ ના રોજ પૂ. આચાર્યભગવંતોની પાવન પધરામણીની સાથે ઈચલકરંજી નિવાસી મુમુક્ષુ રિતુકુમારીનો વરસીદાનનો વરઘોડો પણ ખૂબ જ સુંદર નીકળ્યો હતો. વરઘોડા બાદ શ્રી સંઘ તરફથી દીક્ષાર્થીના સન્માનનો ચઢાવો બોલાતાં શ્રી ગણેશમલજી ઘુડાજી રાઠોડ પરિવારે બોલી બોલીને લાભ લીધેલ તેમજ વ્યાખ્યાન બાદ ગણેશમલજી ઘુડાજી રાઠોડ પરિવાર તરફથી રૂા. ૧૦નું તથા ટેકચંદજી (કોલ્હાપુર) તરફથી ૧ રૂા.નું સંઘપૂજન થયેલ. બપોરે નવગ્રહ પાટલા પૂજનાદિ થયેલ. મા. સુ. ૬ના દિવસે પ્રવચનમાં પૂ. આ. ભ. શ્રીએ શ્રી ધર્મક્ષેત્ર સર્વસાધારણ અનામતનિધિ અંગે પ્રેરણા કરતા રૂા. ૨૫ હજારની યોજનામાં ૭ નામો જાહેર થતાં સંઘ આનંદિત થઈ ગયેલ. મા. સુ. ૭ના પ્રવચન બાદ શ્રીફળની પ્રભાવના મહોત્સવ આયોજકના બહેનો તરફથી થયેલ બપોરે વિજયમુહૂર્તે શ્રી બૃહદ્ શાંતિસ્નાત્ર ખૂબ જ ઠાઠમાઠથી ભણાયેલ. સવારે પ્રવચન બાદ પૂજ્યોને ચારિત્રના ઉપકરણો વહોરાવેલ

મહોત્સવ પ્રસંગે વિધિવિધાન માટે ઈચલકરંજીથી શ્રી અરવિંદભાઈ તથા સંગીતકાર શ્રી જીતુભાઈ નવસારીથી પધારેલ.

મહોત્સવના અંતિમ દિવસે મહોત્સવ આયોજક પરિવાર તરફથી વડગાંવ શ્રી સંઘની નવકારશી પણ થયેલ. મહોત્સવના પાંચે દિવસે મહેમાનોની સાધર્મિક ભક્તિ પણ ઉદારતાપૂર્વક થયેલ. આ મહોત્સવ દરમ્યાન ૪ છોડનું ભવ્ય ઉજમણું પણ થયેલ. મહોત્સવ નિમિત્તે આકર્ષક પત્રિકા પણ બહાર પાડવામાં આવી હતી.

મહોત્સવની પાવન સ્મૃતિમાં મહોત્સવ આયોજક પરિવાર તરફથી વડગાંવ સંઘના પ્રત્યેક ઘરોમાં તેમજ સગા-સંબંધી વર્ગમાં દેવ-ગુરુની છબીથી અંકિત ફોટો પણ અર્પણ કરવામાં આવ્યો હતો.

એકંદરે શ્રી ધર્મેન્દ્ર તથા રાકેશ અશ્વિનભાઈ શાહ પરિવાર તરફથી પંચાહ્નિકા મહોત્સવનું આયોજન વડગાંવ સંઘ માટે કાયમી સંભારણું બની જવા પામ્યું હતું.

પ્રકીર્ણક ધર્મોપદેશ પ્રવચન - સાડત્રીશમું

- પૂ. આ. શ્રી વિ. રામચંદ્ર સૂ. મ. સા.

૨૦૪૩, શ્રાવણ વદિ-૪ બુધવાર તા. ૧૨-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈનઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

ગતાંક થી ચાલુ

પૈસાવાળો ઉદાર હોય કે કૃપણ હોય ? આજે ઘણા ને પૈસાએ મહાપાપી બનાવ્યા છે. લુચ્ચા, જાુઠ્ઠા અને હરામખોર બનાવ્યા ! આજનો પૈસાવાળો એટલે જાુઠ્ઠો ! લુચ્ચો ! હરામખોર ! બધા જ દુર્ગુણોનો ધણી !

સભા : રોજ કહો છો છતાં ય કેમ લાગતું નથી ?

ઉ. છતાં ય તે પૈસાવાળાઓને શરમ નથી આવતી. પૈસા માટે કોઈપણ ઈલ્કાબ લેવા તૈયાર છે !

આજનો મોટોભાગ પૈસા મેળવવા માટે ગમે તે પાપ કર્યા વિના રહેતો નથી. તેથી તે પૈસાવાળો મોટેભાગે દુર્ગતિમાં જવાનો છે તેવું અનુમાન થઈ શકે છે. તેના માટે સદ્ગતિ સુદુર્લભ છે. તેને તો કોઈ પાપ કરવામાં ભય પણ લાગતો નથી. તેવાને તો પૈસા ખરચવાની વાત આવે તો ના કહેતા પણ શરમ આવે નહિ. તે મોટો આગેવાન તરીકે બેઠો હોય અને ટીપ આવે, તો સમજી લેવું કે તે ટીપ થાય જ નહિ. પૈસાનો સદુપયોગ કરવામાં તે સાવ નકામો !

સભા : ટીપ માટે આંકડા આપવા નહિ.

ઉ. - આવા ય હરામખોર અહીં છે ! આવા હોય તે તો મહાપાપી છે.

સભા : જૈન સંઘમાં આવા જીવો પણ હોય ખરા ?

ઉ. જે આવા હોય તેને હું ખરાબ કહું છું. હું તેમની નિંદા નથી કરતો કે તેમને ગાળ નથી દેતો પણ તેમને જો ચાનક ચઢી જાય તો ઘાર્યાં કામ થઈ જાય. તેવાઓ જો શક્તિ મુજબ દાન કરે તો ટીપ જ કરવી ના પડે. તેવા જીવ જો ટીપમાં કાંઈ ન આપે તો બીજા શું કામ આપે ? પછી તે ટીપનો આંકડો ફજેતી કરનાર જ થાય ને ?

જે શ્રાવકને ઘર-બાર, કુટુંબ-પરિવાર, વેપાર-ધંધા, પૈસા-ટકા આદિ છોડવા જેવા ન લાગે તે શ્રાવક, શ્રાવક જ નથી. પૈસાદિની પાછળ પડેલો શ્રાવક હોય નહિ. પૈસા માટે ગમે તે પાપ કરે તેને કયું વ્રત અપાય ? તમારી આવી દશા હોય તો તે બહુ ભયંકર વાત છે.

સારા માણસને સારી ચીજ મળે તો સારી. ખોટા માણસને સારી ચીજ મળે તો તેને ય નુકશાન કરે, સાથે રહેનારને ય નુકશાન કરે અને તેના પરિચયમાં આવનારને ય નુકશાન કરે. આજે શ્રીમંતની પાડોશમાં રહેનારો ઘણો દુઃખી હોય તેની પાસે આંટા ખવરાવે પણ ચાનો પ્યાલો પણ ન પીવરાવે. તેને કોઈથી કાંઈ કહેવાય નહિ. આવા શ્રીમંતની પાડોશમાં રહેવાની ઈચ્છા નથી કરતા તે તેની કેટલી બેઆબરૂ છે ! આજનો શ્રીમંત પોતાના પાડોશી ગરીબને ઓળખતો હોય ખરો ? તે ગરીબ દુઃખી હોય તો ખબર લે ? નાગળ એક શેરીમાં કે પોળમાં કે ગામમાં એક શ્રીમંત હોય તો ય બધા કહેતા કે તે કલ્પતરુ જેવો છે. જ્યારે આજનો શ્રીમંત તો શ્રાપરૂપ થયો છે.

શ્રાવકને પૈસો કેવો લાગે ? તે અનીતિથી પૈસો મેળવે ખરો ? અનીતિના પૈસાથી શ્રીમંત કહેવરાવવા રાજી હોય ખરો ? અનીતિના પૈસાની શ્રીમંતાઈ તો તેને ખટકતી જ હોય. પૈસો હજી ઉદારને મળે તો સારો. બાકી કૃપણનો પૈસો તો અનેકને પાપી બનાવે. તેનું જે ખાય તેની ય બુદ્ધિ બગડે. તેનું ખવરાવેલ કોઈને પચે નહિ. જે જીવ કૃપણ હોય પણ પોતાના દોષને સમજતો હોય તો તે ઊંચો છે. તે એવું દાનાંતરાય બાંધીને આવ્યો હોય તો પોતે દાન ન દઈ શકે પણ એવા સાથી રાખે જેને કહી રાખ્યું હોય કે ''ટીપ થાય તો તું નાટલે સુધી બોલજે, હું ભરી દઈશ. સાધર્મિક જમણ પણ તું કરાવી દેજે. હું આવીશ નહિ, હું આવીશ તો ખાનારને પચશે નહિ કેમકે મારી નજર લાગશે પણ રકમ આપી દઈશ.'' આવ રીતે જેને પોતાની કૃપણતા ખટકે તે હજી સારો છે. પણ આજે તો ઘણા કૃપણ પોતાની કૃપણતાથી રાજી છે, લક્ષ્મીનું રક્ષણ કરનાર છે. જો તે કૃપણ ન હોત તો લક્ષ્મી વધત નહિ. ઉદાર તો લક્ષ્મીને કાઢી મૂકે છે. જ્યારે કૃપણને તો કોઈ દાન દે તે ય તેને ગમતું નથી. તે તો દાન દેનારની આ મને હલકો પાડે છે તેમ માને છે. તે તો દાતારની સાથે પણ જાય નહિ. માટે સમજો કે - પૈસો પાપ જ છે. પૈસો મેળવવામાં પણ પાપ કરાવે, પૈસાની રક્ષા કરવામાં પણ પાપ જ થાય. તમને પૈસો મળ્યો છે તે પુણ્યોદય થોડો છે અને પાપોદય મોટો છે. તમે પૈસાવાળા કહેવાવ પણ કોઈના સુખમાં સહાયક થઈ શકો નહિ.. જ્ઞાનિઓ

એ ધનવાનને પણ કલ્પતરુ જેવો કહ્યો છે પણ જો તે ઉદાર હોય તો. બાકી જો તે કૃપણ હોય તો કંટકતરુ જેવો છે. ચાંપો કેવો ઉદાર હતો તે વાત સાંભળીને ? તેને ખબર પડી કે આ મોટો માણસ ધનરાજ આપત્તિમાં આવ્યો છે તો બધી કમાયેલી લક્ષ્મી આપી દીધી. તમે આવા અવસરે શું કરો ?

મેં એવા નોકરો જોયા છે જે શેઠની મહેરબાનીથી અને પોતાના પુણ્યોદયથી શેઠ થઈ ગયા. અને ભાગ્યયોગે તે શેઠ આપત્તિમાં આવ્યો તો તે શેઠ થયેલો નોકર શેઠની પાસે જઈને કહે કે - મારું બધું આપનું છે. જરા પણ ચિંતા કરતા નહિ. આજે આવા નોકર પણ કેટલા મળે ? તમને કોઈ આવો નોકર મળ્યો છે ?

પૈસાવાળાને પુણ્યશાળી કહેવાય ખરા પણ આજે તો જેની પાસે પૈસા છે તે મહાપાપી છે ! તે પૈસાવાળો છે માટે સારો છે તેમ ન કહી શકાય. મોટાભાગનું પુણ્ય પણ પાપાનુબંધી છે. ઘણા તો પૈસો સાચવવા માટે અને કોઈને પૈસો ન આપવા માટે પણ ઘણા ઘણા પાપ કરે છે. જે જૂઠ જ બોલે. મારી પાસે કાંઈ જ નથી તેમ કહે. કોઈ વધારે દબાણ કરે તો ગુસ્સે થઈને કહે કે - મારે પૈસા નથી આપવા ! ખરાબ માણસોના પૈસા ધર્મસ્થાનમાં પણ વપરાય તો ધર્મસ્થાનમાં પણ કજીયા થાય. જે મંદિર-ઉપાશ્રયાદિ ધર્મસ્થાન માટે જેમ જેમ ખરાબ બોલે તો તેનો પૈસો તો ધર્મસ્થાનમાં ઘાલવો ન જોઈએ. પાપીનો પૈસો તો સારા સ્થાનને પણ બગાડે.

આગળના પુણ્યશાળી જીવો મંદિરાદિ બંધાવતા તો મંદિરાદિની રક્ષાના સાધનો મૂકીને જતા હતા. રાજા-મહારાજાઓ ગામના ગામ આપી દેતા હતા. આજે મંદિર બંધાવનાર તો નથી પણ પૂર્વજો જે મંદિરો મૂકીને ગયા છે તેને સાચવનારા પણ કેટલા છે ? તેની રક્ષા કરનારા કેટલા છે ? તમારે મંદિર 'નભાવવું' પડે છે. તેથી મંદિરાદિ ચલાવવા ટીપ કરવી પડે છે. તમારું ઘર ચલાવવા ટીપ કરો તો ? ભગવાનની પૂજા-ભક્તિ માટે ટીપ કરવાની હોય તો શ્રીમંત તે ટીપ કરવા દે ખરો ? આટલા બધા શ્રીમંતો વસતા હોય તો કોઈ શ્રીમંત એમ પણ ન કહે કે - શેની ટીપ કરવાની છે ? અમે બધા મરી ગયા છીએ ? કેશર - સુખડાદિની ટીપ થાય તો આઘાત લાગે તેવા શ્રીમંતો કેટલા મળે ? શ્રીમંતોની હાજરીમાં મંદિરાદિ ચલાવવા માટે, પૂજા-ભક્તિ કરવા માટે ટીપ કરવી પડે તો તે શ્રીમંતો ધર્મ પામેલા લાગતા નથી. તે શ્રીમંતો સમકિતી લાગતા નથી. પણ મિથ્યાદૃષ્ટિ લાગે છે.

સભા : આ વધારે પડતું નથી લાગતું !

ઉ. - જરાય નહિ.

સભા : જવાબદારી એક વ્યક્તિની તો નથી ને ?

ઉ. - સંઘ એવો છે કે - ભીખ માગે તો જ આપે ! આવું બોલતા શરમાવ. ખોટા બચાવ ન કરો.

મેં ઘણીવાર કહ્યું છે કે - આ બધા સ્વૈચ્છિક રીતે પોતાનો રસોડા ખર્ચો જેટલો હોય તેના પ્રમાણમાં દર હજારે પચ્ચીસ રૂા. સાધારણમાં આપી દે તો બધી ટીપો બંધ થઈ જાય. આ રીતે કરો તો કેટલી આવક થઈ જાય. તમારા બધાનો રસોડા ખર્ચો કેટલો ?

સભા : બાર મહિને લાખ તો ખરો જ.

ઉ. - આ બધા દર હજારે પચ્ચીસ આપી દે તો કેટલા પૈસા આવે ? જીંદગીભર ટીપ ન કરવી પડે. બીજી જગ્યાએ પણ તે બધા આપી શકે.

હું તો કહું છું કે - જ્યાં જ્યાં સાધારણનો તોટો છે ત્યાં ત્યાં શ્રીમંતો મનના ભિખારી છે. ધર્મ તેમના હૈયામાં છે જ નહિ. આટલું આટલું સમજાવવા છતાં પણ તમને સાચા શ્રીમંત થવાનું મન થતું નથી. પણ શ્રીમંત થઈને ભીખારી કહેવરાવવા રાજી છો. આવી આજના શ્રીમંતોની આબરૂ છે. તેને શ્રીમંતાઈ મળી તે દુર્ગતિમાં જવા જ મળી છે તેમ લાગે છે. તે પણ વધુમાં વધુ અન્યાય કરે છે. હજી વધુ પૈસા કમાવા ઈચ્છે છે. કમાવા પાપ કરે છે પણ દાન ન થઈ જાય તેની કાળજી રાખે છે. ધર્મબુદ્ધિથી દાન કરનાર ઓછા છે, ન કરીએ તો સારું ન લાગે માટે કરનાર ઘણા છે. મોટોભાગ નામનાદિ માટે કરે છે.

સભા : આપ જે દાન ન કરે તેને ય વખોડો છો, જે કરે છે તેને ય વખોડો છે. અનુમોદના તો કરવી જોઈએ ને ?

ઉ. - લાગે તો કરું ને ? આજે મોટોભાગ ધર્મ કરવો પડે માટે કરે છે પણ મારે કરવો જ જોઈએ તેમ માનીને કરનારા કેટલા મળે ?

જે ભાગ્યશાળી મંદિર બાંધે તો તેને મંદિરની રક્ષા માટે લાખ-બે લાખ રૂા. મૂકવા જોઈએ. આજે તો મંદિરના પૈસાથી મંદિર બંધાય છે. હવે તો મંદિરની ટીપ પણ ગઈ. ૧૯૯૦માં અમે ભાવનગરમાં ચોમાસું હતા. તે વખતે જીર્ણોદ્ધાર માટે ટીપ આવેલી. ત્યારે કેટલાક કહે કે- 'ટીપનું શું કામ છે ?

મંદિરમાં પૈસા ઘણા છે આપી દો.' તે વખતે ત્યાંનો આગેવાન ઊભો થયો અને કહે કે - ''સાંભળી લો. આપણે બધા બેઠા છીએ મંદિરમાંથી પૈસા નહિ અપાય. મંદિરમાંથી પૈસા આપીએ તો તે આપણી પોતાની મિલ્કત છે ? હવે કાળ બગડતો આવ્યો છે. આપણા બધાની ભાવના પણ બગડવા લાગી છે. તેથી નક્કી કરીએ છીએ કે - મંદિરમાંથી જેટલા પૈસા આપીએ તેટલા જ આપણા સંઘે આપવાના. અને આપણો સંઘ જેટલા આપે તેમાં અર્ધા અમે બે આગેવાનો આપીશું અને અર્ધા તમારે બધાએ આપવાના.'' આજે આવો આગેવાન કોઈ નીકળે ?

પ્ર. - દેવદ્રવ્યની માલિકી કોની કહેવાય ?

ઉ. - ભગવાનની. ભગવાનની આજ્ઞા મુજબ તેનો તમારે વ્યય કરવાનો છે. પણ તેથી તમે તેના માલિક નથી થઈ જતા. તમારે તો કહેવું જોઈએ કે આ પૈસા અમારા નથી પણ મંદિરના છે.

એકવાર મંદિરના ૫૦,૦૦૦ રૂ. પાંજરાપોળમાં આપી દીધા, ત્યારે મેં તે સંઘના લોકોને કહેલું કે - તમે બધા મરી ગયેલા, તમારા પૈસા ખૂટી ગયેલા કે તમે મંદિરમાંથી પૈસા આપી દીધા ? તે પૈસા ભેગા કરાવતા કરાવતા તો દમ નીકળી ગયેલો.

પ્ર. - દુષ્કાળમાં દેવદ્રવ્યના પૈસાની લોન અપાય ?

ઉ. - આજે આ હવા શરૂ થઈ છે પણ તમે લોકો આવા વિચાર સ્વીકારતા નહિ. નહિ તો કાલે કરીને દેવદ્રવ્યના ભક્ષક થઈ જશો.

પ્ર. - ટેક્ષ લાગે માટે જીર્ણોદ્ધારમાં ન આપે

ઉ. - મંદિરની આવકનો પણ ટેક્ષ ભરવો પડે છે ?

આટલી હદ સુધી મામલો આવી ગયો. ગજબ થયો છે. શ્રીમંતોએ ધર્મની ચિંતા કરી જ નથી. નહિ તો સરકારના ટેક્ષની રાતી પાઈ આપવી ન પડે. હું વર્ષોથી કહી રહ્યો છું કે - દેવદ્રવ્યના પૈસા તરત જ ખર્ચી નાખવા જેવા છે. જો શ્રી સંઘ સંઘ હોત તો આવી પરિસ્થિતિ આવત નહિ. તમે બધા સમજી બની જાવ. પાપ વધી રહ્યાં છે તે ઘટાડો. સાચા શ્રાવક બની જાય. ધર્મ કરવા છતાં ય અધર્મ જ માથે પડે છે તેની જે તમારી હાલત છે તેને ટાળો. આ સંસાર, સંસારનું સુખ, સંસારની સંપત્તિ ખોટી લાગશે તો પાપથી બચી શકાશે. સંસારનું સુખ અને તે સુખનું સાધન સંપત્તિ વહાલી લાગે છે માટે પાપ વધી ગયાં છે. આવી દશાને ટાળો. તે માટે શું કરવું તે હવે પછી.

જ્ઞાન ગુણ ગંગા

જે શ્રાવક કે શ્રાવિકા જિનાગમના શ્રવણથી પરિણત મતિવાળા, આરંભ અને પરિગ્રહ એ બંન્ને દુઃખની પરંપરાને કરનાર અને સંસારરૂપી વૃક્ષના બીજ સમાન હોવાથી છોડવા લાયક છે એમ જાણતા હોવા છતાં ઈન્દ્રિયરૂપ સુભટના વશથી આરંભ અને પરિગ્રહને વિષે થતો મહાન ખેદ, સંતાપ અને ભયને વહન કરે છે અને નીચે પ્રમાણે ભાવના લાવે છે કે-

''હિયએ જિણાણા આણા, ચરિયં મહ એરિસં અઉન્નસ્સ ।
એયં આલપ્પાલં, અવ્વો દૂરં વિસંવ થઈ ॥૧૬૨॥
હયમમ્હાણં નાણં, હયમમ્હાણં મણુસ્સમાહપ્પં ।
જે કિલ લદ્ધવિવેયા, વિચેટ્ઠિમો બાલવાલવ્વ ॥૧૬૩॥''

(સ્થાનાંગ અધ્ય. ૪ ઉ. ૩)

મારા હૃદયમાં તારક એવી શ્રી જિનાજ્ઞા વસવા છતાં પણ પુણ્યરહિત મારું ચરિત્ર-વર્ત્તન તો આવું છે અર્થાત્ સંસાર સંબંધી વસ્તુ મને પ્રિય લાગે છે - ગમે છે તો હવે હું વિશેષ શું કહુ ? કેવી આશ્ચર્યકારી આ વાત છે. અમારું સદ્-અસદ્ના વિવેકરૂપ જ્ઞાન હણાયું ! અમારું મનુષ્ય સંબંધી માહાત્મ્ય હણાયું ! નિશ્ચય વિવેકને પ્રાપ્ત કરવા છતાં પણ નાના બાળકની જેમ હજી બાલચેષ્ટા જેવી જ પ્રવૃત્તિ કરીએ છીએ. ખરેખર અમારું થશે શું ?

મહાભારતનાં પ્રસંગો

❖ જ્યારે અર્જુને કુરૂક્ષેત્રને છોડ્યું ❖

-શ્રી રાજુભાઇ પંડિત

(પ્રકરણ-૬૩

ભીષ્મ પિતામહના જતાં જ કૌરવપક્ષ નિરાધાર બની ગયો હતો. આથી દુર્યોધનની દશા દુઃખમય બની ગઈ હતી. તે વાત ગુરૂ દ્રોણાચાર્યના ખ્યાલમાં આવતા તેમણે કહ્યું - રાજન્ ! સત્ત્વશાલી તારી આ કેવી ખિન્નતા ? શાન્તનુના પુત્ર ભીષ્મ પિતામહ માટે રડવાનું ન હોય વત્સ ! કે જેણે બાહ્ય શત્રુની જેમ આંતર શલ્યો સામે પણ યુદ્ધ શરૂ કર્યું છે.

આ રણભારની તેમણે દક્ષિણ ધુરા વહી હતી ત્યારે મેં જ તે રણભારની ડાબી ધુરા વહી હતી. આથી અંદર ચિંતા કર્યા કરવાની જરૂર નથી વત્સ ! એક જો અર્જુનને દૂર કરાય તો યુધિષ્ઠિરને તો જીવતો જ બાંધીને હું તને ભેટ કરી દઈશ. (જ્યાં સુધી સંગ્રામને અર્જુન સાથે સંબંધ છે, યુધિષ્ઠિરને જીવતા બાંધી લાવવો મારા માટે પણ અશક્ય છે.)''

યુધિષ્ઠિરના બંધનની વાતથી એકદમ ઉલ્લાસમાં આવી ગયેલા દુર્યોધને દ્રોણાચાર્યનો સેનાપતિ તરીકે અભિષેક કર્યો.

યુધ્ધના અગિયારમાં દિવસે ફરી પાછી ઉભય સૈન્યોમાં કાપાકાપી શરૂ થઈ. ધડથી છેદાઈને છૂટા પડેલા માથાઓ ઉછળી ઉછળીને પડી રહ્યા હતા તો માથા વિનાના એકલા કબંધો=ધડો તલવાર સાથે શત્રુનો સંહાર કરી રહ્યા હતા. તો કયાંક મસ્તક લણાઈ ગયા છતાં લડતા ધડના હાથને છેદયા પછી જ ધડ લડતું અટકતું હતું. હાથીઓ હાથીને ઉલાળતા હતા તો ઘોડાઓ ઘોડા સાથે ટકરાતા હતા.

આવા સમયે ગુરૂદ્રોણાચાર્ય સંગ્રામના સેનાપતિ થઈને ધનુષ્ટંકાર કરતા આવી રહ્યા હતા. ગાંડીવ ધનુષ્કાંડધર અર્જુનને જોતા જ ગુરૂદ્રોણને થયું કે - 'ચોક્કસ અર્જુનમાં મારા કરતા પણ ચડીયાતી ધનુષ્કળા બીજા ગુરૂ તરફથી મળી હોવી જોઈએ.. (આને સંગ્રામમાંથી ઉપાડી લેવાશે નહિ ત્યાં સુધી જીવતા યુધિષ્ઠિરને બંધન દશામાં દુર્યોધનને ભેટ કરવો તદ્દન અશક્ય વાત છે.)

તો સામે પક્ષે ધનુર્ધર અર્જુને ગુરૂદ્રોણને જોતા વિચાર્યું કે- આ તે જ ગુરૂવર છે. જેની અસ્ખલ્ય ધનુર્વિદ્યા આગળ મારી ધનુષ્કળા કંઈ જ નથી.

આજનો અગિયારમો દિવસ તો સૈન્યોના યુધ્ધનો જ દિવસ રહ્યો. બન્ને પક્ષના સૈન્યો પોતાના સ્વામીના ખાધેલા લૂણના ઉપકારનું ઋણ શત્રુને હણીને કાં તો સંગ્રામમાં વીરમૃત્યુ વરીને ચૂકવી રહ્યા હતા.

આખરે સૂર્યાસ્ત થયો. યુદ્ધ અટકયું.

હવે રાત્રિના સમયે દુર્યોધનના આદેશથી ત્રિગર્ત દેશના સંસપ્તક નામના રાજાઓએ આવીને યુધિષ્ઠિરના રક્ષા કવચ એવા અર્જુનના સત્ત્વને લલકારતા કહ્યું - '' જગત્ખ્યાત ધર્નુધર બનીને અર્જુન ! તું આવી રીતે ભાઈઓના સહારે યુદ્ધ લડે છે. તે તારા ભુજવૈભવને શરમાવી રહ્યું છે. એકલવીર બનની યુદ્ધ લડી શકનારો તું ભાઈઓની સાથે નહિ પણ એકલો આ કુરૂક્ષેત્રથી અલગ આવીને અમારી સાથે યુદ્ધ કર. અગર તું વિશ્વવિખ્યાત ધનુર્ધર અર્જુન છે તો સવારે અહીંથી છૂટો પડીને એકલો અમારી સામે સંગ્રામ ખેલજે.''

અર્જુને તરત કહ્યું - તમે બોલ્યા છો તો તે રીતે યુદ્ધ કરવા આવી જજો. મારા બાણો સુભટોના પ્રાણોને ખાઈ ખાઈને હવે તરસ્યા થયા છે તમારા રૂધિરના આસવને પી પીઈને કૌરવોને ખાઈ જવા સમર્થ થઈ શકશે. તેથી જાવ આ કુરૂક્ષેત્રમાંથી હું એકલો જ બહાર નીકળીશ. તમારા જેટલા હોય તે બધાંયને બોલાવીને સવારે સંગ્રામ માટે જલ્દી આવી જજો. હું તમારી રાહ જોઈશ.''

અર્જુનના આ વચનથી (અર્જુનને કપટથી એકલો પાડી દઈ યુધિષ્ઠિરને રક્ષણ વગરના કરવાના કપટમાં પાર પામ્યા સમજીને) ખુશ થયેલા સંસપ્તકના રાજાઓ પોતાના આવાસે ચાલ્યા ગયા.

યુધિષ્ઠિરને જીવતો જ ગ્રહણ કરી લેવાની ગુરૂદ્રોણ પ્રતિજ્ઞાથી શંકાશીલ બનેલા અર્જુને બારમા દિવસની સવારે ભીમ, ધૃષ્ટદ્યુમ્ન, નકુલ, સહદેવાદિ મહાબાહુઓને યુધિષ્ઠિરની અત્યંત રક્ષા કરવાનું જણાવી પોતે સારથિ વાસુદેવના રથમાં એકલો જ સંસપ્તકના રાજા સામે સંગ્રામ ખેડવા ચાલી નીકળ્યો.

કુરૂક્ષેત્રમાં બારમા દિવસનો સંગ્રામ શરૂ થયો. ધૃષ્ટદ્યુમ્નાદિ વીરોએ પ્રચંડ બાણવર્ષા કરીને કૌરવ પક્ષને હત-વિપ્રન્ન કરી નાંખ્યું. ત્યારે દ્રોણાચાર્યે પાંડવપક્ષને બાણોના ઉત્કરથી ઢાંકી દીધો. અને એ જ સમયે કૌરવપક્ષના મહાબાહુ ભગદત્તે હાથી ઉપર આરૂઢ થઈને સંગ્રામ-પ્રવેશ કર્યો.

ભગદત્તના પ્રાગ્જ્યોતિષેશ્વર નામના મદોન્મત્ત હસ્તીએ પાંડવ સૈન્યને સૂંઢ વડે ફંગોળવા માંડયુ. અનેક સુભટોને સૂંઢમાં ઉંચકી ઉંચકી આકાશમાં ઉછાળીને જમીન ઉપર પટકી દીધા. દોડતાં આવેલા તે હાથીએ શત્રુના રથોને ઉછાળવા માંડયા. કેટલાંક ને જમીન ઉપર પછાડીને પગ નીચે જીવતાં જ ચગદી નાંખ્યા. કેટલાંકને જમીન પર પછાડીને દંતશૂળોના તીક્ષ્ણ ઘા મારી મારીને લોહીલુહાણ કરી નાંખ્યા.

એક કૌરવ પક્ષના હાથી જેવા હાથીએ શત્રુ સૈન્યનો વિનાશકાંડ સર્જી દીધો. ઉન્મત્ત મત્તગંજ કોઈના પણ વશમાં ના રહ્યો.

દુર્દાન્ત હસ્તીથી મસળાતા પાંડવ સૈન્યને દૂર દૂર યુદ્ધ કરી રહેલા અર્જુને સાંભળીને ચાલુ યુદ્ધમાં સંસપ્તકના રાજાઓને હતપ્રાય કરી નાંખીને તેમને છોડીને અર્જુન કુરૂક્ષેત્ર તરફ વેગથી ક્રોધાંધ બનીને આવી ચડયો.

હવે અર્જુને ગાંડીવ ધનુષના ટંકાર સાથે મત્તંગજ સામે શીલીમુખોને છોડવા માંડયા. પણ ઉત્તુંગ-કદાવર-ભીષણ હસ્તી સામે અર્જુનના બાણો કશુ કરી ના શકયા.

ત્યારે ક્રોધથી ભગદત્ત રાજાએ પણ હાથીને અર્જુન તરફ દોડાવ્યો. ગાંડાતુર બનીને આવતાં તે મત્તંગજને જોઈને અર્જુને હવે ક્ષુરપ્રો ફેંકી ફેંકીને હાથીને આખા શરીરે ચીરી નાંખ્યો. છતાં પણ ભગદત્ત નરેશે હાથીને બળાત્કારે અર્જુન તરફ દોડાવ્યો અને તે શત્રુનું સંમર્દન કરવા માંડયો.

હાથીના આ પરાક્રમથી ખુશ થયેલા દેવોએ પુષ્પ વૃષ્ટિ કરી. એક બાજુ આકાશમાં દેવો હાથી ઉપર પુષ્પવૃષ્ટિ કરી રહ્યા હતા તો બીજી બાજુ અર્જુન બાણવૃષ્ટિ કરી રહ્યો હતો. અને ભગદત્ત ઉપર પણ દેવાની ફુલવર્ષા થઈ હતી ત્યારે અર્જુનની બાણવર્ષા ચાલુ હતી.

અર્જુનના પ્રાણ લેનારા બાણો આગળ કુંજર વધુ ટકી ના શકયો. આખરે હસ્તી હણાયો. હાથીની સાથે જ અર્જુને ભગદત્તનો પણ વધ કરી નાંખ્યો.

હાથી સહિત ભગદત્તના વધે કૌરવપક્ષમાં હાહાકાર મચી ગયો.

આ સાથે જ સૂર્યાસ્ત થયો.

પાંડવ-સૈન્ય સામેના સંગ્રામથી પાછા ફરેલા દ્રોણ છાવણીમાં પાછા ફર્યા.

મધરાતના સમયે પાંડવોના ગુપ્તચરોએ આવીને સમાચાર આપ્યાં કે - 'ભગદત્તના વધથી ક્રોધાયમાન થયેલા ગુરૂ ભારદ્વાજ સવારે યુધિષ્ઠિરને પકડી લેવા માટે ચક્રવ્યૂહની રચના કરશે.'

ચરની વાણીથી પાંડવો અન્ય રાજાઓ સાથે ચર્ચા કરવા લાગ્યા. જ્યાં સુધી સંસપ્તકના રાજાઓ સાથેની યુદ્ધની અધૂરી બાજી પૂરી ન થાય ત્યાં સુધી અર્જુનનું કુરૂક્ષેત્રમાં લડવું અશકય હતું. તેથી ચક્રવ્યૂહ કોણ ભેદશે ? તે ચિંતા પાંડવોને સતાવતી હતી.

ત્યારે અર્જુનપુત્ર અભિમન્યુએ કહ્યું કે - 'દ્વારકામાં રહેતા મેં ગોવિંદની સભામાં કોઈ પાસેથી માત્ર ચક્રવ્યૂહમાં પ્રવેશ કરવાની રીત જાણી છે. નીકળવાની રીત મને નથી આવડતી.'

ત્યારે ભીમે કહ્યું - તો હવે ચિંતાની જરૂર નથી. અમે ચારેય ભાઈઓ બળાત્કારે સર્વે સુભટોને ભેદીને બહાર નીકળવાનો રસ્તો કરી દઈશું. માટે સવારે અર્જુન સંસપ્તક રાજાઓના વિજય માટે ભલે જાય.

આ રીતે નિર્ણય કરીને સર્વે પોતપોતાના સ્થાનકે જઈ રણના શ્રમથી થાકેલા તેઓ શાંતિથી આરામ કરવા લાગ્યા.

ક્રમશઃ

હપ્તો -૩
ગતાંક થી ચાલુ

ગુણનિધાન = રત્નસાર

પ્રૂ. મુનિરાજશ્રી રમ્યદર્શન વિજયજી મ.

આ બાજુ પોતાનાં ભાવિ જીવન સાથીને જોવા આતુર બનેલી શુભમતિ પોતાનાં મકાનનાં ઝરૂખામાં આવીને જાનૈયાઓના નેવાસ તરફ નજર ફેરવે છે. પણ ભાવિ પતિ તો કયાંય દેખાતો નથી. એટલે છેવટે મકાનની અગાશી ઉપર જાય છે અને સામેની ઈમારતના સાતમાં માળ તરફ જોવે છે. ત્યાં જ એને રત્નચંદ્ર દેખાય છે. અને એ ખુબ આનંદિત થાય છે. પરંતુ રત્નચંદ્રના મુખ ઉપર ગ્લાની આવેલી જોઈને વિચારમાં પડે છે કે, મારા પુણ્યનાં ઉદયે મને વરતો બહુ જ સારો મળ્યો છે. પરંતુ એના મોંઢા ઉપર આટલી ઉદાસીનતા કેમ દેખાય છે ? હવે તો એજ મારા ભરથાર થવાના છે. માટે હું પોતે જ ત્યા જઈને એમને પૂછીને આવું. એમનું સુખ-દુઃખ એજ મારૂ સુખ-દુઃખ છે. આમ વિચાર કરીને શુભમતિ છુપા રસ્તેથી રત્નચંદ્રની પાસે પહોંચી જાય છે. ત્યાં જઈને એ રત્નચંદ્રની સામે બે હાથ જોડીને ઉભી રહે છે, ત્યારે એકાદી દેવાંગનાની માફક શોભવા લાગે છે. એનું રૂપ જોઈને અંજાઈ ગયેલો રત્નચંદ્ર એને પૂછે છે કે, ''તું કોઈ દેવકન્યા, નાગકન્યા, અપ્સરા અગર વિદ્યાધરી છે કે શું ? તું કયાંથી આવી છે ? દેવલોક, નાગલોક કે પાતાળલોકમાંથી ?'' એ સાંભળીને શુભમતિ કહે છે કે, ''હે સ્વામી, હું કોઈ દેવકન્યા નથી અને વિદ્યાધરી અગર અપ્સરા પણ નથી. હું તો તમારા વામ અંગને ધારણ કરનારી તમારી અર્ધાંગિની-શુભમતિ નામની કન્યા છું.'' શુભમતિનો જવાબ સાંભળીને તો રત્નચંદ્ર વધારે દુઃખી થાય છે અને વ્યાકુળ બનીને વિચાર કરે છે કે, મારા નિમીત્તે આવી રૂપાળી કન્યા એક કૃષ્ટ રોગીના હાથમાં પડશે .અને એની આંખમાં આંસુ આવે છે. રત્નચંદ્રને રડતો જોઈને અને એની આંખોમાંથી આંસુરૂપી મોતી સરતા જોઈને શુભમતિ આશ્ચર્ય ચકિત થાય છે.

શુભમતિ રત્નચંદ્રને પૂછે કે કે, ''હે પ્રાણનાથ ! લગ્નના આવા શુભ અવસરે આપ શા માટે રડી રહ્યા છો ? મને એનું સાચું કારણ કહો. તમે મારા ભરથાર છો અને હું તમારી પત્ની છું. માટે તમારા મનમાં શું દુઃખ છે ? એ મને કહો. તમે જો મને નહિં કહો તો કોને કહેશો ? તમને રડતા જોઈને મને પણ ખૂબ દુઃખ થાય છે.'' શુભમતિના આવા વચનો સાંભળીને રત્નચંદ્ર વધારે રડવા માંડે છે એનું દુઃખ કાંઈ શાંત થતું નથી. એટલે શુભમતિ વ્યાકુળ થઈને રત્નચંદ્રને વિનવે છે કે, ''તમારા દુઃખનું કારણ જલ્દીથી મને કહો.'' ત્યારે રત્નચંદ્ર કહે છે કે, ''મારી સાથે લગ્ન કરવા માટે આ બધી તૈયારી કરવાની જરૂર નથી. તેમજ મારૂ દુઃખ પણ કહેવા જેવું નથી.'' ત્યારે શુભમતિ કહે છે કે, ''હે સ્વામી કોઈપણ જાતના સંકોચ વગર મને સાચી વાત કહો. હું કોઈને એ વાત નહિં કહું. તમે તમારી ધર્મપત્ની આગળ તમારૂ દુઃખ વ્યક્ત નહિં કરો તો કોની આગળ કરશો ?'' એટલે રત્નચંદ્રે કહ્યું કે, ''હું કાંઈ તારો પતિ નથી. તારો ભાવિ પતિ તો કુષ્ટરોગી છે.'' એ સાંભળીને શુભમતિને મોટો ધક્કો બેસે છે. અને એ રત્નચંદ્રને પૂછે છે કે, આવું અભદ્ર શા માટે બોલો છો ? આ ભવમાં તો મારે મન તમારા સિવાય બીજો કોઈ જીવનસાથી હું કલ્પી શકું એમ નથી. પણ તમે 'કુષ્ટરોગી વર'ની વાત શું કરો છો ?'' ત્યારે રત્નચંદ્ર કહે છે કે, ''તારા ઉપર વિશ્વાસ રાખીને હું તને બધી સાચી વાત કરૂં છું. પરંતુ જો તું એ વાત બહાર કયાંય બોલીશ તો મારૂ મરણ આવી બન્યું એમ સમજજે. લક્ષ્મીરતનો ખરો પુત્ર તો કુષ્ટરોગી છે અને હું તો એના ઘરના ભોંયરામાં પુરાયેલો એક અભાગી જીવ છું. મારી આંખમાંથી આંસુને બદલે સાચા મોતી સરે છે, એટલે લક્ષ્મીરતે કપટથી મને છેતરીને એના ઘરના ભોંયરામાં ગોંધી રાખ્યો છે. અત્યારે લગ્ન માટે મને ઉભો કર્યો છે એ તો ફકત દેખાવ છે. ઘરે ગયા પછી તને કુષ્ટરોગીના હવાલે કરવામાં આવશે. એ બધું સાંભળ્યા પછી શુભમતિ રત્નચંદ્રને કહે છે કે, તમે જરાય ચિંતા કરતા નહિં. હું એવું કાંઈક કરીશ કે બધા સારા માના થશે.'' આટલું કહીને રત્નચંદ્રની આંખમાંથી સરેલા મોતી ભેગા કરીને સાથે લઈને શુભમતિ પોતાને ઘેર પાછી ફરે છે. અને સાચી વાત શુભમતિને કહી દેવાના કારણે રત્નચંદ્રનું મન પણ પાપના ભારથી મુક્ત થઈ જાય છે.

શુભમતિ અને રત્નચંદ્રનો વિવાહ સમારંભ મોટા ઉત્સવની માફક સારી રીતે પાર પડે છે. ધનદ શ્રેષ્ઠીએ ઘણો ખર્ચો કરીને જાનૈયાઓને ખુબ સાચવ્યા હતા. હવે લક્ષ્મીરત પણ જાનસહિત પોતાના નગર તરફ રવાના થાય છે. અને

સારૂ મુહુર્તે જોઈને પુત્ર વધુને ગૃહપ્રવેશ કરાવે છે. ઘરે પહોંચ્યા પછી લક્ષ્મીરત પોતાના કુષ્ટરોગી પુત્રને વરરાજાના કપડા પહેરાવીને શયનઘરમાં મોકલે છે અને રત્નચંદ્રને ભોંયરામાં પુરી દે છે. આ બાજુ કુષ્ટરોગી પુત્ર જ્યારે શયનગૃહમાં પ્રવેશે છે ત્યારે આખા શયનગૃહમાં ખુબ દુર્ગંધી ફેલાઈ જાય છે. એટલે શુભમતિ ત્યાંથી એકદમ બહાર નિકળી આવે છે. ત્યારે એની દાસીઓ ભેગી થઈને એને પૂછે છે કે, તમારો પતિ શયનગૃહમાં આવ્યો અને તમે એકદમ બહાર દોડી આવ્યા. એનું કારણ શું ? ત્યારે શુભમતિ કહે છે કે, ''મારા શયનગૃહમાં તો કોઈ કોઢિયો માણસ ઘુસી ગયો છે.'' એ સાંભળતા જ લક્ષ્મીરત ત્યાં આવી પહોંચે છે. જોરજોરથી છાતી કુટતો મોટા અવાજથી પત્નીને ઉદેશીને કહે છે કે, હાય, હાય દેવકુમાર જેવા મારા પુત્રને આ શું થઈ ગયું ? ખરેખર તો આ વહુનાં કારણે જ મારો પુત્ર કોઢિયો બની ગયો છે. હવે હું શું કરૂ ? લક્ષ્મીરતને છાતી કુટતો અને રડતો જોઈને એની પત્ની પણ રડવા-કુટવા લાગી. આ બધો કોલાહલ સાંભળીને આજુ-બાજુના લોકો એના ઘરમાં ભેગા થઈ ગયા અને પૂછવા લાગ્યા કે, '' હે શ્રેષ્ઠી આવા મંગલ દિવસે તમે હર્ષને બદલે શોક કેમ કરી રહ્યા છો ? '' ત્યારે લક્ષ્મીરત કહે છે કે, ''મારૂ સર્વસ્વ આજે લૂંટાઈ ગયું છે. પુત્રવધુના સંગથી મારો દેવકુમાર જેવો પુત્ર હમણાં જ કોઢિયો બની ગયો છે. એટલે હું ઘણો દુઃખી થયો છું. હવે હું શું કરૂ ? કોની પાસે જઈને ફરિયાદ કરૂ ?'' ત્યારે ત્યાં ભેગા થયેલા લોકો એનું સાંત્વન કરતા કહે છે કે, ''આ સંસારમાં કર્મ કરતા વધારે બળવાન કોઈ જ નથી માટે તું શાંતિ રાખ અને ધીરજ ધર.'' એટલું કહીને પાડાશીઓ પોતપોતાના ઘરે ગયા અને ખોટો ઢોંગ કરનારો લક્ષ્મીરત શ્રેષ્ઠી પણ મનમાં ને મનમાં ફુલાતો પુત્રવધુની પાસે જાય છે. અને કહે છે કે,''તારા સંગથી મારો નિરોગી એવો પુત્ર રોગી થયો. એટલે હવે તું જ એને પતિ તરીકે કાયમ સ્વીકારી લે.'' ત્યારે શુભમતિ કહે છે કે,'' હું આવા કોઢિયાને પતિ તરીકે સ્વીકારીશ નહિં.'' એટલે શ્રેષ્ઠી કહે છે કે, ''તું કઈ રીતે મારા આ પુત્રને પતિ તરીકે સ્વીકારીશ ? એ મને કહે. હું તારા કહેવા મુજબ બધું કરીશ.'' ત્યારે શુભમતિ કહે છે કે, ''મારી ઈચ્છા છે કે, તમે રાજાને અહિંયા બોલાવો. કેમ કે મેં પહેલા પણ તમને કહ્યું હતું. કે આ મારો ખરો પતિ નથી. એટલે હવે આ વિવાદને પતાવવા માટે રાજાને બોલાવવા જરૂરી છે. એમને બોલાવવાથી બધા સારા વાના થશે. રાજા જો આજ્ઞા કરશે તો હું તમારા કોઢિયા પુત્રનો પતિ તરીકે સ્વીકાર કરીશ.'' શુભમતિના આ ત્રણ વચનો સાંભળીને શ્રેષ્ઠી વિચાર કરે છે કે, મારા પુત્રના સુખને માટે રાજાને અહિંયા લઈ આવું. આમ વિચાર કરીને એ રાજાને મળવા માટે મોતીનો ભરેલો થાળ લઈને જાય છે. અને રાજાને એ મોતીનું નજરાણું ધરીને એમની સામે બે હાથ જોડીને ઉભો રહે છે. એ મોતીઓને જોઈને રાજા વિચાર કરે છે કે, આવા ઉત્તમ મોતી તો મેં કયાંય જોયા પણ નથી. રાજા લક્ષ્મીરતને પૂછે છે કે, ''તારે શું કામ છે ?'' શ્રેષ્ઠી કહે છે કે, ''હે કૃપાનાથ ! અમારા ઘરે પધારીને અમારા ઘરને પવિત્ર કરો. મારા પુત્રના લગ્ન હમણા જ થયા છે. પણ મારી પુત્રવધુના સંસર્ગથી મારો દેવતુલ્ય પુત્ર કોઢિયો બની ગયો છે. એટલે મારી પુત્રવધુ હવે એને વર તરીકે સ્વીકારવા તૈયાર નથી. માટે તમે મારે ઘરે આવીને એને સમજાવો અને મારી ઉપર કૃપા કરો.'' એ સાંભળીને રાજા રત્નસારે શ્રેષ્ઠીને કહ્યું કે તમે કહો ત્યારે હું તમારે ઘરે આવીશ.'' શ્રેષ્ઠીએ જવાબ આપ્યો કે, ''આજથી ત્રીજા દિવસે તમે મારે ઘેર પધારજો. '' આટલું કહીને શ્રેષ્ઠી પોતાના ઘરે પાછો ફર્યો. આ બાજુ રાજા આશ્ચર્યમાં પડીને વિચાર કરી રહ્યો છે.

ઘરે ગયા પછી લક્ષ્મીરતે રાજાની પધરામણી માટે ઘરને આંગણે મંડપ વગેરે બાંધીને બધી વ્યવસ્થા કરી. ત્રીજે દિવસે મનમાં ને મનમાં ખૂબ રાજી થતો શ્રેષ્ઠી રાજાને બોલાવે છે. રાજા આવ્યા બાદ એને સારી રીતે ભોજન કરાવે ને તાંબુલ વગેરે મુખવાસ ખાવા આપે છે. પછી બે હાથ જોડીને કહે છે કે, '' હે રાજન ! તમે મારી પુત્રવધુને એવી રીતે સમજાવો કે જેથી એ મારા પુત્રનો પતિ તરીકે સ્વીકાર કરે.'' રાજાએ કહ્યું કે,''તમારી પુત્રવધુને અહિંયા બોલાવીને લાવો.'' એ પ્રમાણે શ્રેષ્ઠી પુત્રવધુને લઈને આવ્યો. પુત્રવધુ શુભમતિ બે હાથ જોડીને રાજાની સામે ઉભી રહી. ત્યારે અત્યંત મધુર ભાષામાં રાજા એને કહે છે કે, ''હે શીલવતી ! તું કુળવાન છે માટે સારા કુળને ઉચિત એવું વર્તન કર. કારણ કે, ''સુંદર એવા વરનેય જે દ્રષ્ટિમાત્રથી પણ જોતી નથી અને પતિ કદરૂપાયમાન થયો હોય તો પણ જે કોપિત થતી નથી એવી સ્ત્રી સતી કહેવાય છે. અને આંધળો, કોઢિયો અગર કોઈપણ વ્યાધિથી સંકટમાં આવેલો પતિ હોય તો પણ એવા પતિને જે છોડી દેતી નથી એને મહાસતી કહેવાય છે.'' આ પ્રમાણે સાંભળીને શુભમતિ રાજાને નમસ્કાર કરીને કહે છે કે, ''હે રાજન ! મારી વાત સાંભળો. આ શ્રેષ્ઠીનો જે કોઢિયો દીકરો છે એ મારો વર નથી. મારો પતિ તો અત્યંત સ્વરુપવાન અને દેવપુત્ર

જેવો છે. અને મારા એ વર સિવાય બીજો કોઈપણ વર મારા માટે યોગ્ય નથ..'' રાજા કહે છે કે, ''લક્ષ્મીરતનો પુત્ર જ તારો પતિ છે માટે તું એને રાજીખુશીથી સ્વિકારી લે. અથવા તારા મનમાં જે કોઈ પતિ સમાન હોય એની કાંઈક વિશેષ નિશાની કહે.'' શુભમતિ કહે છે કે, ''હે પ્રજાવત્સલ ભૂપાલ ! મારા પતિના શરીરમાં તો એક મહાન મંગલકારી એવું ચિન્હ છે. એમની આંખમાંથી આંસુઓ સાચા મોતી જ હોય છે.'' આ સાંભળતા જ રાજા આશ્ચર્યચકિત થઈને શુભમતિને પૂછે છે કે, આ તો મારા નાના ભાઈ રત્નચંદ્રની નિશાની છે.. એ અત્યારે ક્યાં છે ? એ મને તરત જ કહે.'' પોતાનો પતિ તો રાજાનો જ નાનો ભાઈ છે એ વાત જાણીને વિશ્વાસ પામેલી શુભમતિ કહે છે કે,''તમારો નાનો ભાઈ આ લક્ષ્મીરતના ઘરના ભોંયરાનાં પુરાયેલો છે. એની આંખોમાંથી મોતીરૂપે આંસુ પડે છે એટલે આ શ્રેષ્ઠી એને મારી મારીને રોવડાવીને મોતી મેળવ્યા કરે છે. એથી રત્નચંદ્ર ખૂબ દુઃખમાં દિવસો વિતાવે છે.'' આ સાંભળીને શ્રેષ્ઠી શુભમતિને કહે છે કે, ''તું નાહક ખોટું શું કામ બોલે છે ?'' કોઈના આંસુઓ કયારેય મોતી બનતા હોય એવું કયાંય સાંભળ્યું પણ નથી.'' એટલે રાજા રત્નસાર તરત જ બોલી ઉઠે છે કે, ''હે શ્રેષ્ઠી ! હવે તું મારી સામે ખોટું ન બોલતો કારણ કે મારા નાના ભાઈની આંખોમાંથી આંસુઓને બદલે સાચા મોતી સરે છે એ વાત સાવ સાચી છે '' ત્યારે શ્રેષ્ઠી કહે છે કે, ''આ શુભમતિ તો ખોટું બોલવાના સ્વભાવવાળી છે. એના આશ્ચર્યકારક વચનો ઉપર તમે શા માટે વિશ્વાસ મુકો છો ?'' એ સાંભળીને ક્રોધે ભરાયેલો રાજા પોતાના સેવકોને આજ્ઞા કરે છે કે, આ ધુતારાને તરત જ બંદીવાન બનાવો અને એના ઘરના ખુણે ખુણે તપાસ કરીને મારા નાના ભાઈને તરત જ મારી સામે લઈન આવો.'' રાજાની આજ્ઞા પ્રમાણે સેવકોએ શ્રેષ્ઠીને બંદિવાન કર્યો અને ભોંયરામાં પુરાયેલા રત્નચંદ્રને છોડાવીને રાજાની સામે હાજર કર્યો. પોતાના નાના ભાઈને જોતા જ રાજા રત્નસાર પોતાના આસન ઉપરથી ઉભો થઈ ગયો અને અત્યંત હર્ષથી નાનાભાઈને પોતાની બાથમાં લઈ લીધો એટલે અત્યંત હર્ષાવેગને કારણે રત્નચંદ્રની આંખમાંથી મોતી રૂપી આંસુ સરવા મંડયા. એ મોતી બધાયે જોયા. હવે રાજા રત્નસાર પોતાના સેવકોને આજ્ઞા કરે છે કે, '' આ અધમાધમ એવા લક્ષ્મીરતને બાંધીને વધભૂમીમાં લઈ જાવ અને એનો વધ કરીને એનું બધું ધન જપ્ત કરી લો.'' રાજાના આવા વચનો સાંભળીને રત્નચંદ્ર એને કહે છે કે, ''હે ભાઈ ! તમને મળેલી સત્તાનો તમે આવો ઉપયોગ કેમ કરો છો ?'' ત્યારે રત્નસાર રાજા કહે છે કે, ''આ લક્ષ્મીરતના મનમાંથી માણસાઈ મરી પરવારી છે. એટલે રાજ્યની દંડનીતીની મુજબ હું એને આવી શિક્ષા ફરમાવું છું.'' એ સાંભળીને કરૂણાસાગર હૃદયથી અને અપકારી ઉપર પણ ઉપકાર કરવાની ભાવનાથી રત્નચંદ્ર વિનમ્રપણે કહે છે કે,''હે બાંધવ ! આ શ્રેષ્ઠીએ મારૂ પાલન-પોષણ કર્યું છે અને મારા લગ્ન પણ કરી આપ્યાં છે એટલે ધર્મના નાતેથી પણ એ મારા માટે હંમેશા પિતા સમાન જ છે. સિવાય આ શ્રેષ્ઠીને બીજા અનેક પ્રકારના ઉપકારો કરેલા હોવાથી તારે પણ એને પિતા પ્રમાણે માનવા જોઈએ. માટે તું એમને મહાન શ્રેષ્ઠી પદ આપ.'' રત્નચંદ્રના આગ્રહથી રાજા રત્નસાર લક્ષ્મીરતને નગર શ્રેષ્ઠીપદ આપીને સન્માનિત કરે છે. આ ઘટના ઉપરથી સ્પષ્ટ થાય છે કે, ખરેખર ઉત્તમ પુરૂષો તો અપકાર કરનારાઓ ઉપર પણ ઉપકાર કરવા માટે હંમેશ તત્પર હોય છે.''

રાજા રત્નસાર પોતાનો નાના ભાઈ રત્નચંદ્ર અને એની પત્ની શુભમતિને હાથીની અંબાડી ઉપર બેસાડીને મોટા આડંબર સાથે પોતાના રાજમહેલમાં લઈ જાય છે. ત્યાં ગયા બાદ રત્નચંદ્ર રત્નસારને પૂછે છે કે, 'તને તો ઝેર ચડેલું અને તું તો મરી ગયો હતો. પછી એ ઝેર કેવી રીતે ઉતરી ગયું ?'' ત્યારે રત્નસાર પૂછે છે કે, ''મને ઝાડ ઉપર કોણે લટકાવ્યો હતો ?'' રત્નચંદ્ર કહે છે કે, ''તારા શરીરમાં ઝેર વ્યાપી ગયેલું જોઈને મે જ તને ઝાડની ડાળીએ બાંધીને લટકાવ્યો હતો. પણ તારા શરીરમાંનું ઝેર કઈ રીતે ઉતરી ગયું ?'' રત્નસાર કહે છે કે, મારૂ ઝેર કઈ રીતે ઉતરી ગયું એ તો હું જાણતો નથી પણ અટવીમાં ફરતા કોઈ માણસે મને બંધનમુક્ત કર્યો અને તને ગોતતો ગોતતો હું આ નગરમાં આવી પહોંચ્યો અને અહિંનો રાજા પણ બન્યો.'' જોતજોતામાં આ બધી વાત આખા નગરમાં ફેલાઈ ગઈ. ભીમપુરમાં આવીને વસેલા લાભચંદ્ર અને તારામતીએ પણ એ વાત સાંભળી.

લાભચંદ્ર જ્યારે ઘરે જમવા આવે છે ત્યારે તારામતી એને વ્યવસ્થિત જમાડીને રત્નસાર રાજા અને એના નાનાભાઈ રત્નચંદ્રનો વિષય કાઢે છે. જો કે લાભચંદ્રે પણ રત્નસાર અને રત્નચંદ્ર અંગેની બધી લોકવાયકાઓ સાંભળી હતી છતા પણ એ તારામતીને પૂછે છે કે, ''તે જે કાંઈ વાત સાંભળી હોય એ મને કહે.'' હવે તારામતી કહે છે કે,

''રત્નસાર અને રત્નચંદ્ર એ બન્ને આપણા જ પુત્રો છે. તમને મળેલી મૂલિકા ઔષધિના પ્રતાપથી જ આજે એ બન્ને પુત્રો બચી ગયા છે અને સારા સ્થાન ઉપર છે. આપણે એ વખતના રાજાને ભેટ ધરવા માટે મૂલિકા ઔષધીયુક્ત જે બે લાડવા બનાવ્યા હતા એ લાડવા બદલાઈ ગયેલા. એના સેવનથી જ આપણા પુત્રોને આવી સિધ્ધી પ્રાપ્ત થઈ છે. મારૂ મન એ બન્ને પુત્રોને જોવા માટે તલસી રહ્યું છે.'' ત્યારે પીઢ બુધ્ધિવાળો લાભચંદ્ર કહે છે કે, ''હે દેવી ! આપણે સામે ચડીને શી રીતે રાજમહેલમાં જવું ? અને પુત્રોને કઈ રીતે મળવું ? એ બન્ને આપણને કેવી રીતે ઓળખશે ? માટે હાલ તુરત જ તું ધીરજ રાખ અને શાંત થા. અત્યારે તો આપણા પુત્રો સુખમાં છે એ જાણીને સુખ માન.'' આ પ્રમાણે પત્નીને સાંત્વન આપીને મનમાં હર્ષ ધારણ કરતો શ્રેષ્ઠી લાભચંદ્ર રાબેતા મુજબ પોતાનો વેપારધંધો કરી રહ્યો છે.

સ્ત્રી સ્વભાવને કારણે તારામતી પોતાની આજાબાજુના આડોશી-પાડોશીઓને કહે છે કે, ''રત્નસાર રાજા અને રત્નચંદ્ર એ બન્ને મારા જ પુત્રો છે અને મૂલિકા ઔષધીના પ્રભાવથી એ બન્નેને આવી સિધ્ધી પ્રાપ્ત થઈ છે.'' જોત જોતામાં તો આ વાત આખા નગરમાં ફેલાઈ જઈને છેવટે રાજા પાસે પણ પહોંચે છે. એટલે રાજા પોતાના ગુપ્તચરો મારફત તપાસ કરાવીને ખાત્રી કરી લે છે. ત્યારબાદ રાજા રત્નસાર અને રત્નચંદ્ર હાથીની અંબાડી ઉપર બેસીને પોતાના પિતાના ઘરે જાય છે. ત્યાં જઈને માતા-પિતાને પ્રણામ કરે છે. અને ખુબ સન્માન તથા આડંબરથી એમને રાજમહેલમાં લઈ જાય છે. ઘણા વરસે ભેગા થયેલા ચારેય જણા પેટ ભરીને સુખ-દુઃખની વાતો કરીને રાજમહેલમાં સુખેથી દિવસો પસાર કરી રહ્યાં છે.

એક વખત શકેન્દ્રદેવ પોતાની રાજસભામાં માથું ધુણાવીને આશ્ચર્ય વ્યક્ત કરે છે. એ જોઈને બીજા દેવો પણ આશ્ચર્ય પામે છે અને શકેન્દ્રને માથું ધુણાવવાનું કારણ પૂછે છે. ત્યારે એ કહે છે કે, ''આ જંબુદ્વીપમાં ભરતક્ષેત્રમાં આવેલા ભીમપુર નામનાં નગરમાં રત્નસાર નામનો એક બુધ્ધિશાળી એવો રાજા રાજ્ય કરે છે. એ સમ્યકત્વમાં દ્રઢ શ્રધ્ધા ધરાવે છે. એને સમ્યકત્વમાંથી ચલાયમાન કરવા માટે કોઈ દેવો પણ સમર્થ થઈ શકે એમ નથી.'' એ સાંભળીને એક દેવ બોલી ઉઠે છે કે, મનુષ્ય લોકના માનવીઓ તો અન્નના કીડા સમાન હોય છે. એવા મનુષ્યને ચલાયમાન કરવા એ કંઈ મુશ્કેલ નથી. એટલે હું પૃથ્વીલોક ઉપર જઈને એને ચલાયમાન કરી બતાવું છું.'' આવી રીતે બોલ્યા પછી એ દેવ સર્પનું રૂપધારણ કરીને ભીમપુરના રાજમહેલમાં પ્રવેશ કરે છે અને રત્નચંદ્રને ડંખીને ચાલ્યો જાય છે. એ સમાચાર સાંભળતા જ રાજા ત્યાં દોડી આવે છે. એટલામાં બીજા સેવકો અને દાસીઓ ત્યાં આવીને સમાચાર આપે છે કે, ''તમારી રાણી, યુવરાજ તથા તમારા માતા-પિતા એ બધા જ સર્પના ડંખથી મરણ પામ્યા છે.'' આવા આઘાતજનક સમાચાર સાંભળવા છતા રત્નસાર રાજા પોતાની ધીરતા છોડતા નથી. એ વૈદ્ય, હકીમ તથા તાંત્રિક-માંત્રિકોને બોલાવીને ઉપાયો કરાવે છે પરંતુ એક પણ ઉપાય સફળ થતો નથી.

બીજી બાજુ જે દેવ સર્પનું રૂપ ધારણ કરીને રાજકુટુંબના સભ્યોને ડંખી ગયો હતો એજ દેવ હવે મદારીનું રૂપ ધારણ કરીને ટોપલીમાં સાપ લઈને રાજમહેલમાં આવે છે. અને કહે છે કે, ''હું ઝેર ઉતારનારો મંત્ર-તંત્ર જાણું છું.'' એટલે રાજાના પ્રધાન એને રાજપરિવારના સભ્યોનું ઝેર ઉતારવાની વિનંતી કરે છે. એ પછી મદારી બનેલો દેવ એક તંત્રનું મંડલ બનાવીને એમાં એક નાગને અને એક નાના બાળકને સ્થાપન કરે છે. પછી મંત્રના પ્રયોગથી એ બાળકના શરીરમાં નાગનો પ્રવેશ કરાવે છે અને મોટા અવાજે સર્પને ઉદ્દેશીને કહે છે કે,''તું આ રાજપરિવારને વિષદોષથી મુક્ત કર.'' ત્યારે બાળકના શરીરમાં સ્થાપિત થયેલો સર્પ કહે છે કે, ''હું રાજાના સ્વજનોને નહિં છોડું. કારણ આ રાજા મારી ઉપર શ્રધ્ધા ધારણ કરતો નથી. પણ જો એ નાગપંચમીનાં દિવસે મારી પૂજા કરશે તો હું એના પરિવારને વિષદોષથી મુક્ત કરીશ. રાજાએ નાગમંદિરમાં જઈને વિધિપૂર્વક મારી પૂજા કરવી જોઈએ.''એ પછી મદારી રાજાને કહે છે કે, ''હે રાજન ! હવે તમે નાગમંદિરમાં જઈને વિધિપૂર્વક નાગપૂજન કરીને તમારા પરિવારને વિષદોષ મુક્ત બનાવો.'' એ વખતે સમ્યકત્વ ઉપર જ પાકી શ્રધ્ધા ધરાવતો રાજા કહે છે કે,'' હું કયારેય પણ જિનેશ્વર પરમાત્મા સિવાય બીજા કોઈ પણ દેવને વંદન નહિં કરૂ. હું નાગમંદિરમાં જઈશ નહિં અને પૂજા પણ નહિં કરૂ.'' ત્યારે મદારી કહે છે કે, ''હે રાજન ! તમારા કુટુંબને બચાવવાનો બીજો કોઈ ઉપાય તો મને દેખાતો નથી. માટે તમે નાગપૂજા કરીને તમારા સ્વજનોને બચાવી લો.'' ત્યારે સમ્યકત્વમાં અવિચળ શ્રધ્ધા ધરાવતો રાજા કહે છે કે,''આ સંસારમાં કુટુંબીજનો તો બીજા કોઈક ભવોમાં વારંવાર મળી શકશે પરંતુ સમ્યકત્વ તો ફક્ત મનુષ્યભવમાં જ મળી શકે છે. માટે હું મારૂ સમ્યકત્વ છોડીને નાગપૂજા નહિં

કરૂ.'' એટલે મદારી કહે છે કે,''હવે હું મારે ઘરે પાછો જઉં છું. કારણ કે નાગપૂજા કર્યા વગર તમારો પરિવાર બચી શકે એમ નથી. અને તમે તો પૂજા કરવા તૈયાર નથી.''

મદારીની વાત સાંભળીને પ્રધાનજી તથા બીજા બધા લોકો રાજાને કહે છે કે,''સમ્યકત્વની પ્રતિજ્ઞાની બાબતમાં આગમ સૂત્રમાં છ પ્રકારના આગાર કહેલા છે. (છૂટછાટ રાખેલી છે) જેમકે રાજ્યાભિયોગ, દેવાભિયોગ, ગુરૂઅભિયોગ, બલાભિયોગ આદિ અભિયોગ (આગાર) કહેવાયેલા છે. એટલે એ આગારોને નજર સામે રાખીને સમ્યકત્વનો ખોટો આગ્રહ છોડો અને નાગ પૂજા કરીને પરિવારજનોને જીવદાન આપો.'' આમ સાંભળવા છતા દૃઢવ્રતધારી એવા રાજા રત્નસાર કહે છે કે, ''આ સંસારમાંથી મારૂ બધુંય નષ્ટ થઈ જાય તોય વાંધો નથી પરંતુ એકવાર સ્વીકારેલ વ્રત કોઈપણ સંજોગોમાં તજી દેવું યોગ્ય ન કહેવાય. માટે તમે બધા મને વ્રતભંગ કરાવવાની વાત છોડી દો. હું કદાપિ નાગપૂજા નહિં કરૂ.'' આ બાજુ મદારીના રૂપમાં રહેલો દેવ અવધિજ્ઞાન મુકીને રાજાના મનના ભાવોને જાણી લે છે. રાજાની વ્રતનિષ્ઠા અડગ છે એ જાણીને પોતાનું અસલી રૂપ પ્રગટ કરે છે. દિવ્યરૂપ ધારણ કરનારો એ દેવ કુંડલ અને હાર પહેરેલો હોવાથી શોભી ઉઠે છે. એ રાજાને કહે છે કે, ''હે રાજન ! દેવલોકની ઈંદ્રસભામાં ઈંદ્ર મહારાજાએ તમારા દૃઢ સમ્યકત્વની પ્રશંસા કરતા કહ્યું હતું કે, ''રાજા રત્નસારના સમ્યકત્વને ચલાયમાન કરવા કોઈ સમર્થ નથી.'' પરંતુ મારા મનમાં એ વાત બેસી નહિં. અને અશ્રધ્ધાના કારણે હું તમારી પરીક્ષા કરવા માટે મૃત્યુલોકમાં આવ્યો. અહિંયા આવીને મે વિવિધ રૂપો ધારણ કરીને તમને તથા તમારા કુટુંબીજઓને રંજાડયા. એ બદલે હું તમારી ક્ષમા માંગુ છું. તમે મને ક્ષમા કરો અને મારા તરફથી આ હાર અને કુંડલો સ્વીકારો.'' આમ કહીને રાજાને હાર તથા કુંડલો આપીને એ દેવ દેવલોક તરફ રવાના થયો. એ પછી રાજા રત્નસાર નીતિના માર્ગે પોતાના રાજ્યનો કારભાર કરતો સ્વજનો સાથે સુખમાં દિવસો પસાર કરી રહ્યો છે.

એક વખતે લાભચંદ્ર પોતાના બન્ને પુત્રોને પાસે બોલાવીને સ્નેહભાવનાથી કહે છે કે, ''આ સંસારમાં સાચું સુખ નથી. ખરેખર તો સંયમમાં જ સુખ છે. એટલે હું અસાર એવા આ સંસારને ત્યજીને દીક્ષા લેવા ઈચ્છું છું.'' ત્યારે બન્ને પુત્રો કહે છે કે, ''હે તાત ! તમે જે કહો છો એ યોગ્ય જ છે. પરંતુ કોઈક કર્મોના ઉદયથી અમારા મનમાં વૈરાગ્યભાવના ઉત્પન્ન થતી નથી. માટે તમે થોડો સમય રાહ જોવો પછી આપણે બધા સાથે જ દીક્ષા લઈશું.'' પુત્રોની વાત સાંભળીને લાભચંદ્ર યોગ્ય અવસરની રાહ જોતો ગૃહસ્થાશ્રમમાં જ રહ્યો. ખરેખર સજ્જન પુરૂષો હંમેશા યોગ્ય અવસરની પ્રતિક્ષા કરતા હોય છે. !

એક શુભ અવસરે નગરના ઉદ્યાનમાં ધર્મઘોષ નામના આચાર્ય ભગવંત પધારે છે. એટલે વનપાલકે તરત જ જઈને આચાર્ય ભગવંતની પધરામણીની વધામણી આપી. રાજાએ એને ઉચિત એવી ભેટ સોગાદ આપી. એ પછી હાથી-ઘોડા લઈને સ્વજન-નગરજનો સાથે રાજા આચાર્ય ભગવંતને વંદન કરવા માટે ઉદ્યાન તરફ જવા નિકળ્યા. ત્યાં જઈને આચાર્યને વંદન કરીને એમની દેશના સાંભળે છે. પછી જિજ્ઞાસાવશ પ્રશ્ન પૂછે છે કે, ''મારા શરીરમાંથી ઝેર ઉતરી ગયું ? અને હું રાજા કેવી રીતે બન્યો ? એ બધાની પાછળ કયાં કર્મો કામ કરતા હતા ?'' ત્યારે આચાર્ય ભગવંત કહે છે કે, ''હે રાજન ! તમારા પૂર્વભવની કહાણી ધ્યાન દઈને સાંભળો એટલે તમને સમજાશે કે, કરેલા કર્મો ભોગવ્યા વગર કોઈનો પણ છુટકો નથી.''

''ભરતક્ષેત્રમાં રત્નપુર નામનાં નગરમાં રત્નસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને રૂપ-ગુણ સંપન્ન એવા ધનચંદ્ર અને રામદેવ નામના બે પુત્રો હતા. બન્ને ભાઈઓ પરસ્પર પ્રેમથી હળી મળીને રહેતા હતા. એમની સેવામાં ઘણા સેવકો હતા. એ સેવકોમાં અંદરો અંદર મત્સરભાવ હતો. એકવાર એક સેવકે બીજા સેવકને દુષ્ટ કૃત્ય કરનારો ગણાવીને રાજપુત્રોના કાન ભંભેર્યા. આવે વખતે એ રાજપુત્રો કોઈપણ જાતની તપાસ કર્યા વગર એ સેવકને કઠોર વચનો કહે છે. તેમજ એને સાપના દરની પાસે લઈ જવાની આજ્ઞા કરે છે. રાજપુત્રો દ્વારા અપાયેલી કઠોર શિક્ષાને કારણે એ સેવક રોવા લાગે છે. એ વખતે એની આંખમાંથી આંસુ સરતા જોઈને મનમાં આનંદ પામતો રામદેવ કહે છે કે, મોતીઓની માલા જેમ આના આંસુઓ શોભી રહ્યાં છે... એ બન્ને રાજપુત્રો આ કૃત્ય દ્વારા ઘણા કર્મો બાંધી બેસે છે. પરંતુ એ કર્મોની આલોચના માત્ર કરતા નથી. છતા આગળ જતા શુધ્ધ સંયમ માર્ગ સ્વીકારે છે. અને તપથી તપીને પુણ્ય સંપાદન કરે છે. અંત સમયે ઉપવાસ કરે છે. પછી દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે. ત્યારબાદ પૃથ્વી લોકમાં લાભચંદ્ર શ્રેષ્ઠીને ત્યાં જન્મ લે છે. એ બન્ને રાજપુત્રો એટલે જ અત્યારના રત્નસાર અને રત્નચંદ્ર છે. જ્યાં સુધી આપણે કરેલા કર્મોની આલોચના કરતા

નથી ત્યાં સુધી એ કર્મોના ફળ ભોગવ્યા વગર છુટકો થતો નથી. તમે બન્નેએ ગયા ભવમાં સેવક ઉપર ક્રોધ કરીને વગર વાંકે એને કઠોર શિક્ષા આપેલી. એ કર્મોના ઉદયને કારણે તમારે સર્પદંશ, લક્ષ્મીનાશ અને ભોંયરામાં બંદિવાન બનીને રહેવાના દુઃખો વેઠવા પડયા. અને છેલ્લે છેલ્લે સંયમ માર્ગ સ્વીકારેલો એના ફળ સ્વરૂપે રાજસુખની પ્રાપ્તિ થઈ.''

આચાર્ય ભગવંતના મુખેથી પોતાના પૂર્વજન્મની બધી વાતો સાંભળીને રત્નસાર અને રત્નચંદ્રને જાતીસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે. ત્યારબાદ એ બન્ને જણા આચાર્ય ભગવંતને કહે છે કે, ''તમે અમને સાચું જ કહ્યું છે. અમને સંસારની અસારતા અને સંયમ માર્ગની મહત્તા સમજાઈ ચુકી છે. એટલે અમે બન્ને નગરમાં જઈને અમારા પુત્રોને રાજ્ય કારભાર સોંપીને દીક્ષા લેવા માટે તમારી પાસે પાછા આવીએ છીએ અને ત્યાં સુધી તમે અહિંયા જ સ્થિરતા રાખજો.''

રાજા રત્નસાર નગરમાં જઈને પોતાના પુત્રને રાજગાદી ઉપર બેસાડે છે. પછી જિનાલયમાં જઈને જિનેન્દ્ર ભક્તિ કરે છે. તેમજ યાચકોને યથાશક્તિ દાન આપે છે. અને રાગ-દ્વેષ છોડીને પોતાના ભાઈ રત્નચંદ્રની સાથે આચાર્ય ભગવંત પાસે જઈને મુનીપદની દીક્ષા લે છે. સંયમનું પાલન કરીને અંત સમયે ઉપવાસ કરે છે. ત્યારબાદ મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અને થોડા સમય પછી ત્યાંથી મોક્ષમાં જશે. આ ઉપરથી એટલું સ્પષ્ટ દેખાઈ આવે છે કે, દરેક જણે શાંત વૃત્તીથી મન નિર્મળ રાખીને સાવધાનીથી જીવન જીવવું જોઈએ. કારણ આપણે કરેલા કર્મો કયારેય આપણને છોડતા નથી. માટે કર્મ બાંધતા પહેલા અતિશય સાવધ બનો જેથી કર્મજન્ય દુઃખો ભોગવવાનો વખત કયારેય ન આવે. તેમજ એકવાર સ્વીકારેલા વ્રતોને પ્રાણાન્તે પણ વળગી રહેવું જોઈએ. એટલો જ બોધપાઠ આપણે આ કથામાંથી લેવાનો છે.

શુભં ભવતું !! ભદ્રં ભવતું !!

પૂ. મુ. શ્રી જિનહર્ષ વિજયજી મ. નો કાલધર્મ

નવાડીસા નેમનાથનગરમાં મહાસુદ ૧૦ ની રાતે ૯-૧૦ વાગે મુનિશ્રી જિનહર્ષ વિજયજી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. છેલ્લા દોઢ-બે મહિના ભીલડીયાજી-ડીસામાં સાથે જ રોકાવાનું થયું હતું. મહા સુદ ૬ઠ્ઠે અમે ડીસાથી વિહાર કર્યો. સુદ ૧૦ મે વાસરડામાં પ્રવેશ કર્યો. નવાડીસામાં થયેલ કાળધર્મના સમાચાર અમને રાતે ૧૨ વાગે મળ્યા. પગના ઓપરેશન બાદ ધીમે ધીમે શ્રી જિનહર્ષ વિજયજીને સુધારો થઈ રહ્યો હતો. પોતાની મેળે દાંડાના ટેકે ચાલી શકતા હતા. ડીસા નેમનાથનગરમાં મહા સુદ ૧૦ મે સાંજે માંડલીમાં પ્રતિક્રમણ કર્યું. સંથારા પોરિસી ભણાવી, વડીલોના આસને જઈ વંદના કહીને પોતાના આસને આવ્યા બાદ સ્થંડિલની શંકા થતા સ્થંડિલ ગયા. ત્યાં પડી જતા એમને પાટ પર લાવીને સુવડાવ્યા. એમણે ખુરશી પર બેસાડવાનું કહ્યું અને નવકાર સંભળાવવા વિનંતી કરી. એથી નવકાર સ્મરણ, મહાવ્રત ઉચ્ચારણ કરાવ્યું. શ્રી બોધિરત્ન વિજયજી આદિ મુનિઓ ભેગા થઈ ગયા. સમાધિમય વાતાવરણમાં લગભગ ૧૫-૨૦ મિનીટમાં કોઈ વેદના વિના એમણે બેઠા બેઠા દેહત્યાગ કર્યો. ખૂબ જ અનુમોદનીય સમાધિ સાધી જનારા તેઓશ્રી યુગચન્દ્ર વિજયજીના શિષ્ય હતા. ૭ વર્ષ પૂર્વે દીક્ષિત થયા હતા. ગત ચાતુર્માસ પગની તકલીફના કારણે શ્રી શ્રેયાંસપ્રભસૂરિજીની નિશ્રામાં ડીસા ખાતે થયું હતું. કાર્તિક વદ ૧૨ સે પગનું ઓપરેશન કરાવેલ. માંદગી દરમિયાન એમની સેવા વૈયાવચ્ચ તપસ્વી મુનિ શ્રી મુક્તિભદ્ર વિજયજીએ ખૂબ જ અપ્રમત્તભાવે પ્રસન્નતાપૂર્વક કરી હતી. અંતિમ સમયે સમાધિમાં સહાયક બનવાનો લાભ પણ મુખ્યત્વે એમને જ મળ્યો. ૭ વર્ષના સંયમપર્યાયમાં વડીલોની અપૂર્વ સેવા, નમ્રતા, મિલનસાર પ્રકૃત્તિ, પાંચસો આયંબિલ કરવાની ભાવના છતાં સળંગ ૨૨૫ આયંબિલની તપશ્ચર્યા આદિ અનેકવિધ સાધના દ્વારા તેઓ જીવનને સફળ બનાવી ગયા. મુનિશ્રી મુક્તિશ્રમણ વિજયજી, મુનિ શ્રી જિનકીર્તિ વિજયજી, મુનિશ્રી પદ્મશ્રમણ વિજયજી, મુનિશ્રી હેમશ્રવણ વિજયજી, મુનિશ્રી પુણ્યશ્રમણ વિજયજી, મુનિ શ્રી મોક્ષપ્રિય વિજયજી આદિએ પણ અવારનવાર સુંદર સેવા કરી હતી.

મુનિશ્રી જિનહર્ષ વિજયજીની અંતિમ યાત્રા-પાલખી મહા સુદ ૧૧+૧૨ સે બપોરે ૨ વાગે નીકળી હતી. અગ્નિસંસ્કાર આદિના ચડાવા સારા થયા હતા. કુલ સવા લાખની ઉપજ થઈ હતી. તેમજ જીવદયામાં લાખ રૂા. ની ટીપ થઈ હતી. મુનિશ્રીના સંસારી સ્વજનો મોરવાડા - મુંબઈ-સુરતથી સમયસર આવી ગયા હતા.

ડોળિયામાં અંજન પ્રસંગે ઈન્દ્ર બનવાનો લાભ તેમણે ગૃહસ્થપણામાં લીધો હતો એવા જિનહર્ષ વિજયજીમ.ને અમે વંદના કરીએ છીએ.

કાળ ધર્મ સમાચાર

''રાજકોટ વર્ધમાન નગર બન્યુ સુમસામ''

પરમ પૂજ્ય ગચ્છાધિપતિ વિજય મહોદય સૂ.મ. સા. ના આજ્ઞાવર્તી પૂ. માતૃહૃદયા સાધ્વીજી મ. શ્રી જયાશ્રીજી મ. સા. ના પ્રશિષ્યા પૂ. સા. મ. શ્રી નીરંજના શ્રી મ. ના શિષ્યા સરલ સ્વભાવી પૂ. સાધ્વીજી મ. સા. શ્રી પદ્મપ્રભાશ્રીજી મ. સા. ૯૨ વર્ષની વયે ૪૩ વર્ષની સંયમયાત્રા પૂર્ણ કરીને ફા. સુદ ૧ ની રાત્રે ૧૦-૫૦ મીનીટે અરિહંતના ધ્યાને કાળધર્મ સમાધિપૂર્વક પામ્યા છે.

છેલ્લા નવેક વર્ષથી વયોવૃધ્ધ ઉંમરના કારણે ન છુટકે સ્થિરવાસ કરવું પડે તેમ હોવાથી તેઓ શ્રી અત્રેના શ્રાવિકા ઉપાશ્રયમાં રહ્યા. નવ વર્ષ શ્રાવિકા ઉપાશ્રયે બહેનોને અનુપમ કોટિની સાધના આરાધના કરાવી હતી. ૯૨ વર્ષની ઉંમરે જેની આંખ, કાન, દાંત યુવાનને શરમાવે તેવા હતા. સુવ્યવસ્થિત હતા. સમ્રગ વર્ધમાન નગર નહીં રાજકોટ આખું તેમને બા મહારાજ સાહેબના નામે જ ઓળખતા હતા તેઓશ્રીની પ્રેરણાથી જ તેમના કુટુંબની પાંચ પાંચ વ્યક્તિઓએ સંયમગ્રહણ કર્યું હતું. ૪૩ વર્ષના સંયમ પર્યાયમાં રસનેન્દ્રિય ઉપર જે કાબુ મેળવેલો તે તો અજોડ હતો. કોઈ જાતની વાપરવાની ઈચ્છા નહીં જે હોય તે ચલાવી લેવાનું આ રીતે રસના ઉપર કાબુ જમાવ્યો હતો.

સમાધિ મૃત્યુની વાતો આપણે સાંભળી હશે પરંતુ સમાધિ મૃત્યુ કોને કહેવાય તે નજરો નજર નિહાળ્યું છે છેલ્લા પાંચ દિવસની નાંદુરસ્ત તબીયત દરમ્યાન કોઈ ઉંહકારો કર્યો નથી કે કોઈ માંગણી નહીં આહાર પાણીનો જાણે ત્યાગ જ કરી દીધો ન હોય તે રીતે નવકારમંત્રના જાપમાં લયલીન હતા બધાને ભૂલી ગયા હતા. બાજુમાં કોણ છે તેની પરવા નહીં. જાણે કે મૃત્યુ આવવાનું નોતરૂ આગોતરૂ કેમ તેમને મળી ગયું હોય તેવી પરિસ્થિતિમાં જ રહેતા હતા અને અંતે એ ગોઝારો દિવસ આવીને ઉભો રહ્યો ફા. સુ. ૧ બપોર પછી તબીયત નરમગરમ થતી રહી. સમ્રગ વર્ધમાન નગરમાં ખબર પહોંચી ગયા કે હવે કયારે શું થાય કંઈ કહેવાય નહીં. આથી દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટવા લાગ્યો નવકારમંત્રની ધૂન સતત ચાલુ જ હતી. ડો. પ્રવિણભાઈ મહેતા તથા જ્યોતિબેન સતત ખડે પગે હતા. સેવામાં વર્ધમાન નગરનો આખો સંઘ જાણે ઉપાશ્રયમાં આવી ગયો હોય તેવું વાતાવરણ સર્જાયું હતું. આબાલ વૃધ્ધ દરેક દર્શનાર્થે આવી ગયા હતા. અંતે એ ગોઝારી પળ આવી અને ૧૦-૫૦ મીનીટે છેલ્લો શ્વાસ ધીમેથી મૂક્યો અને મોઢેથી જીવ ગયો છેલ્લા પાંચ દિવસની તેમની જે પરિસ્થિતિ હતી એ ઉપરથી તો એમ જ લાગતું હતું કે હવે તેમણે જાણ થઈ જ ગઈ હશે કે કાળ બોલાવી જ રહ્યો છે. ૧૦-૫૦ મીનીટે સૌની આંખોમાં શ્રાવણ-ભાદરવો વર્ષવા લાગ્યો. ચારેબાજુ સમાચારો મોકલાઈ ગયા. સવારે ૯ કલાકે બોલી બોલવાની શરૂઆત થઈ અને ૧૦ વાગે પાલખી યાત્રા શરૂ થઈ. હૈયે હૈયુ દબાઈ તેવી મેદની હતી. બેન્ડ પાર્ટી પણ કરૂણ સૂરો રેલાવતી હતી. જેના ''જય જય નંદા જય જય ભદ્રાના નારાઓ બુલંદ અવાજે શરૂ થયા અને સૌ કોઈના આંખમાં આંસુ આવ્યા વગર નહીં જ રહ્યા હોય તેવું વાતાવરણ સજાર્યુ હતું. બરાબર ૧૧ કલાકે રાજકોટનો અંતિમ વિસામો ''મુક્તિધામ'' જે નવું જ બન્યું છે તેમાં કાષ્ઠની ચિતા ઉપર પાલખી ગોઠવાઈ ગઈ અને એમના કુટુંબીજનોએ અગ્નિ સંસ્કાર કર્યા ત્યારે વાતાવરણ અત્યંત ગમગીન બની ગયું હતું. દરેક ચઢાવાઓ તેમના કુટુંબીજનો શેઠ એન્ડ દોશી પરિવારે લીધા હતા તેમજ જીવદયાની પણ સુંદર ટીપ થઈ હતી.

છેલ્લા નવ નવ વર્ષથી તેમના સ્થિરવાસને કારણે જ ઉપાશ્રયના દ્વાર ખુલ્લા હતા અત્યારે સૂમસામ શાંતિ વ્યાપી ગઈ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

તેમના જીવન દરમ્યાન કરેલ તપ

વર્ષી તપ-૨, ૧૬ ઉપવાસ, ચૌદ પૂર્વ તપ, ૯ ઉપવાસ, ચત્તારી, અટ્ઠ, દસ, દોય, સિધ્ધીતપ, નવાણું ૨ વાર, વર્ધમાન તપની ઓળી-૩૬, ૧૧ ઉપવાસ, ડોઢ માસી, અઢીમાસી, ચૌમાસી, છ માસી, નવકાર મંત્રના અડસઠ ઉપવાસ, રત્નપાવડીના છઠ્ઠ, ચોવીસ ભગવાનના એકાસણા, કર્મ પ્રકૃતિના એકસો અઠ્ઠાવન ઉપવાસ એકાતરા, છ ઉપવાસ, ૫ ઉપવાસ, છઠ્ઠ અઠ્ઠમ વિગેરે.

બોરસદ નગરે ભવ્ય ઉપધાનતપની આરાધના

બોરસદ : અત્રેના સંઘના ઈતિહાસમાં-સુવર્ણાક્ષરે અંકિત થઈ જાય તેવી ઉપધાન-તપની મહાન આરાધના સૂરિમંત્ર સમારાધક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા. પૂ. મુનિરાજ શ્રી કુલશીલવિજયજી મ. સા. પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ. સા., શ્રીનિર્મળાશ્રીજી મ. સા., ઈન્દુરેખાશ્રીજી મ. આદિની નિશ્રામાં ખૂબ જ ઉલ્લાસપૂર્વક પૂર્ણ થયેલ.

ઉપધાન તપ માલારોપણ નિમિત્તે તથા શ્રી આદિનાથ જિનપ્રાસાદની પ્રથમ સાલગિરા પ્રસંગે અનેક પૂજનો શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ૧૧ છોડના ઉદ્યાપન સહિતનો ભવ્ય નવાહ્નિકા જિનભક્તિ મહોત્સવ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાયો. મા. સુ. ૧૪ના મંગલ કુંભસ્થાપનથી પ્રસંગની શરૂઆત થયેલ. મા. વ. ૨ ના અઢાર અભિષેક ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. મા. વ. ૩ના શ્રી જિનપ્રાસાદની પ્રથમ સાલગિરા પ્રસંગે-ધ્વજારોહણ કાયમી આદેશનો લાભ લેનાર શ્રી ઠાકોરલાલ ચંદુલાલ શાહ પરિવારે ખૂબ જ ઉલ્લાસપૂર્વક કરેલ. તેમના પરિવાર તરફથી તે જ દિવસે સાધર્મિક વાત્સલ્ય થયેલ. વિજયમુહૂર્તે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી દિપકભાઈ મોહનલાલ પરિવાર તરફથી ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ છે તે જ દિવસે સાંજે સાધર્મિક વાત્સલ્ય થયેલ. આજના દિવસનો માહોલ ગત સાલ ઉજવાયેલ ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની સ્મૃતિ કરાવતો હતો. વિશાલ સંખ્યામાં જનમેદની ઉભરાયેલ. મા. વ. ૪ ના શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવાયેલ. મા. વ. ૫ ના ઉપધાનના તપસ્વીઓની માળારોપણની ઉછામણીનો પ્રારંભ થયેલ. આ પ્રસંગે શ્રી નરેશભાઈ શાહ અમદાવાદથી તથા મુંબઈથી વિખ્યાત સંગીતજ્ઞ બલવંતભાઈ ઠાકુર પધારેલ. લાખોની સંખ્યામાં માળારોપણની બોલીનો આંક વધતાં જતા સહુના હૈયા ભાવવિભોર બની ગયેલ. વિક્રમજનક ઉછામણીઓ થયેલ તે જ દિવસે ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ઉમંગપૂર્વક ભણાવાયેલ મા. વ. ૬ ના દિવસે માળારોપણના તપસ્વીઓનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળેલ. જેમાં પાંચ ગજરાજો, ૩૦ થી વધારે શણગારાયેલ બે અશ્વોની બગીઓ, બીજા પણ ૩૦ થી ૩૫ શણગારાયેલ વાહનો, અમદાવાદના મિલન બેન્ડ સહિત ચાર બેન્ડો-વિશાલ સાજન માજન સહિતની આ ભવ્ય શોભાયાત્રાએ બોરસદ નગરમાં જબરજસ્ત શાસન પ્રભાવના કરેલ. ૪૦૦૦ થી પણ વધારેની સંખ્યામાં ભાવિકો-વરઘોડામાં જોડાયેલા. એથી પણ કઈ ગણા ભાવિકો એ ચાર કલાક સુધી ચાલેલી આ શોભાયાત્રાનાં દર્શનનો લાભ લીધેલ. વરઘોડો ઉતર્યા બાદ સાધર્મિક વાત્સલ્ય શ્રીમતિ મધુબેન રમણલાલ અમૃતલાલ વાયણાવાળા પરિવાર તરફથી થયેલ તે જ દિવસે બપોરે ૩-૦૦ કલાકે ઉપધાનતપના તપસ્વીઓનો બહુમાન સમારોહ યોજાયેલ. ૮ વર્ષથી માંડીને ૧૫ વર્ષ સુધીના ૨૫ થી વધારે બાલક-બાલિકાઓ સહિત ૧૧૧ તપસ્વીઓએ અપ્રમત્તપણે કરેલ ઉપધાન તપની આરાધનાની અનુમોદના ખૂબ જ સુંદર થઈ પ્રત્યેક તપસ્વીઓએ ખૂબ જ સુંદર પ્રભાવનાઓ થયેલ તે જ દિવસે સાંજે સાધર્મિક વાત્સલ્ય ઉપધાન તપના તપસ્વીઓ તરફથી થયેલ મા. વ. ૭ નો માળારોપણનો દિવસ તો બોરસદવાસીઓ માટે ચિરસ્મરણીય બની રહેશે. પટેલવાડીના વિશાલ કમ્પાઉન્ડમાં બંધાયેલ મંડપમાં ૫૦૦૦ થી પણ વધારે જનમેદનીની ઉપસ્થિતિમાં માળારોપણની મંગલક્રિયાનો પ્રારંભ થયેલ. પ્રત્યેક તપસ્વીઓને માળા પરિધાનની મંગલવિધિ ખૂબ જ શાંતિથી અતિ ઉલ્લાસપૂર્વક થયેલ. ૮-૩૦ થી શરૂ થયેલ મંગલ ક્રિયાની ૧૨-૪૫ કલાકે પરિસમાપ્તિ થયેલ. અંત સુધી વિશાલ સંખ્યની ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે આયંબિલ ખાતાની પાઠશાળાની, જીવદયાની, કેસર-સુખડ સાધારણની ઈત્યાદિ ટીપો ખૂબ જ સુંદર રીતીએ થયેલ. પ્રાંતે સમસ્ત બોરસદ સંઘની નવકારશી શ્રી કસ્તુરચંદ મણિલાલ શાહ પરિવાર તથા શ્રી મગનલાલ ફૂલચંદભાઈ શાહ કાવીઠાવાળા પરિવાર તરફથી થયેલ મહોત્સવમાં વિધિવિધાન માટે શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ

જામનગરવાળા પધારેલા. તથા પ્રસિદ્ધ સંગીતકાર કર્ણિક શાહ (વડોદરા) એ પ્રભુભક્તિની સુંદર રમઝટ મચાવેલ. બોરસદ સંઘના ઈતિહાસમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયા બાદ ભવ્ય ચાતુર્માસ સંપન્ન થયા બાદ ઉપધાન તપની આરાધનાની પૂર્ણાહુતિનો પ્રસંગ અને નાના બાળકોએ કરેલા ઉપધાનતપની સાધના ઈતિહાસમાં અવિસ્મરણીય રહી જશે. પૂજ્યશ્રીના ચાતુર્માસ પ્રવેશથી માંડીને ઉપધાન તપની માળ સુધીના સાડાપાંચ મહિનાના સમયમાં સંઘમાં ૨૫ થી ૩૦ સાધર્મિક વાત્સલ્યો.. એટલી જ સંખ્યામાં ઉજવાયેલ પૂજા-પૂજનો આદિ દ્વારા શાસનની ખૂબ જ સુંદર પ્રભાવના થયેલ. શ્રી સંઘે પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ માટે અતિ આગ્રહપૂર્વક વિનંતિ કરેલ. વાંકાનેર સંઘે પણ ઉપધાનતપ દરમ્યાન બે થી ત્રણ વાર આવી પૂજ્યશ્રીને આગામી ચાતુર્માસ માટે સત્યાગ્રહ પૂર્વક વિનંતિ કરેલ. બોરસદ નગરમાં પૂજ્યશ્રીના પદાર્પણથી ખૂબ જ સુંદર શાસનપ્રભાવના થયેલ છે.

બોરસદ-વાલવોડ ભવ્ય પદયાત્રા સંઘ તથા પોષદસમીના અઠ્ઠમ તપની આરાધના

બોરસદ નગરમાં ઉજવાયેલ ભવ્ય ઉપધાનતપ માળારોપણ મહોત્સવને હજી ૨૪ કલાક પણ પૂર્ણ થયા નથી ત્યાં તો માગશર વદ ૮ ગુરૂવાર તા.૩૦/૧૨/૯૯ ના બોરસદથી વાલવોડ તીર્થનો ભવ્ય પદયાત્રા સંઘ શ્રી પ્રાણજીવનદાસ દેવચંદભાઈ વાલવોડવાળા પરિવાર તરફથી નીકળેલ. સવારે ૬-૩૦ કલાકે આદિનાથ ચોકથી સંઘનું પ્રયાણ થયેલ. ગજરાજ, ગુરૂદેવની પ્રતિકૃતિથી સુશોભિત બગી, નાસિક ના ઢોલીઓ, ક્રિષ્ણા બેન્ડ, પરમાત્માનો ભવ્ય રથ વિશાલ સાજન માજન ઈત્યાદિથી સુશોભિત પદયાત્રા સંઘ સવારના ૬-૩૦ કલાકે શરૂ થયેલ. શ્રી આદિનાથ, શ્રી શાંતિસ્નાત્ર, શ્રી શામળા પાર્શ્વનાથ, શ્રી સુમતિનાથ જિનાલયે દર્શન, ચૈત્યવંદનાદિ થયા બાદ ભાદરણ મુકામે સંઘ ૯-૦૦ કલાકે પધારતા ત્યાં ભવ્ય સ્વાગત થયેલ. સકલસંઘની નવકારશી થયેલ. ઉપધાન તપની આરાધના નો બીજો દિવસ અને સવારનો વહેલો સમય હોવા છતા પણ વિશાલ સંખ્યામાં માનવ મહેરામણ ઉભરાયેલ એ નિહાળી સકલ સંઘ આશ્ચર્ય પામી ગયેલ. બપોરે ૧૨-૦૦ કલાકે સંઘ વાલવોડની પુણ્યભૂમિએ પધારેલ. ૧૪ કિ. મી. નો વિહાર થયો હોવા છતાં બધાના મુખ ઉપર ઉલ્લાસ તરવરતો હતો. વાલવોડમાં ૧ કલાક સ્વાગત યાત્રા ફરેલ. બાદ ૧-૦૦ કલાકે સંઘનો પ્રવેશ સામુદાયિક ચૈત્યવંદન-તીર્થમાળારોપણની વિધિ સંઘવી પરિવારને થયેલ. છેક ૨-૩૦ કલાકે પ્રસંગ પૂર્ણ થયેલ હોવા છતાં પણ લોકો ખૂબ જ શાંતિથી બેઠેલા. તે જ દિવસે અઠ્ઠમ તપના તપસ્વીઓના ચત્તરવારણા થયેલ. મા. વ. ૯ થી શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મ દીક્ષા કલ્યાણકની આરાધના નિમિત્તે પોષદસમીના અઠ્ઠમ તપની આરાધનાનો પ્રારંભ થયેલ. વાલવોડ તીર્થમાં પ્રથમવાર જ પોષદસમીના અઠ્ઠમતપની આરાધના હોવા છતા ખૂબ જ સારી સંખ્યામાં આરાધકો જોડાયેલા. મા. વ. ૧૦ ના આયોજક પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ. ત્રણે દિવસ પૂજા ભાવના આદિમાં ખૂબ જ ઉત્સાહ ઉમંગ રહેલ. મા. વ. ૧૨ના તપસ્વીઓના પારણા થયેલ તપસ્વીઓની પ્રભાવના પણ ખૂબ સુંદર થયેલ. મા. વ. ૧૮ના પૂજ્યશ્રીજી ફરી બોરસદ પધાર્યા. પો. સુ. ૨ ના બોરસદથી અમદાવાદ તરફ પૂજ્યશ્રીનો વિહાર થયેલ.

પ્રસંગ પરાગ

અંબાશંકર સેતલવડ અમદાવાદની કોર્ટના ન્યાયધીશ હતા ત્યારે એક લક્ષાધિપતિના કુટુંબમાં વારસાની તકરાર ઊઠી. ઈન્સાફની તુલાનો કાંટો મરડવાના ઈરાદે એક પક્ષકાર એક લાખ રૂપિયાની લાંચ તેમને આપવા આવ્યો. અંબાશંકરે ઘસીને ના કહી, ત્યારે પેલો આવનાર બોલ્યો : 'સાહેબ, મારા જેવો કોઈ લાખ રૂપિયા આપનાર ફરી નહિ મળે.'

શાંતિથી સેતલવડે જવાબ આપ્યો, 'તારા જેવો લાખ આપનાર તો કદાચ મળશે. પણ મારા જેવો ના કહેનાર તો નહિ જ મળે.'

ખંભાતમાં અનેરી ધર્મ પ્રભાવના

જૈન શાસનના જગવિખ્યાત જ્યોર્તિધર પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજાની પાવન આજ્ઞા આશિષથી સદ્‌ગત પૂજ્યપાદ-પરમ ગુરૂદેવશ્રીજીના પ્રવચન પ્રભાવક શિષ્યરત્નો પૂજ્ય મુનિપ્રવર શ્રી મોક્ષરતિ વિજયજી મ. અને પૂ. મુનિપ્રવરશ્રી તત્ત્વદર્શન વિજયજી મ.ની તારક નિશ્રા સાંપડી ત્યારથી શ્રી સ્તંભતીર્થ-ખંભાતનગર ને આંગણે મહોત્સવોની શ્રેણી મંડાઈ છે. અવિસ્મરણીય ચાતુર્માસ અને ઐતિહાસિક અનુષ્ઠાનોથી ખંભાતનગર ભાવિત, પ્રભાવિત અને ઓતપ્રોભાવિત બન્યું છે. પ્રસ્તુત છે કેટલીક ચાતુર્માસિક ઝલક :

૧. અષાડ સુદ ૬ ભવ્ય ચાતુર્માસ પ્રવેશમાં ૧૪ રૂા. સંઘ પૂજન અને શ્રીફળની પ્રભાવના.

૨. રવિવારીય અનુષ્ઠાનોમાં અકલ્પનીય સંખ્યા અને દશ વિધપતિ ધર્મ તપની સમૂહ આરાધનામાં સામૂહિક બિયાસણા સાથે મોટી સંખ્યા.

૩. પ્રવચનમાં ભરચક સભાઓ અને પૂજ્યપાદ પરમ ગુરૂદેવશ્રીની સ્વર્ગતિથિ નિમિતક અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહ ભવ્ય મહોત્સવ.

૪. શ્રી શત્રુંજય મહાતીર્થની અભૂતપૂર્વ ભાવયાત્રા સળંગ ૪ કલાક સુધી હકડેઠઠ મેદની.

૫. ખંભાતના ઈતિહાસમાં સુવર્ણપૃષ્ઠો ઉમેરતું વિક્રમજનક શ્રી સ્થંભણ પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમતપનું સમૂહ આયોજન ! શ્રીમતી જસવંતીબેન વીરચંદ દોશી પરિવાર વડોદરા-મુંબઈ આયોજીત આ અનુષ્ઠાનમાં ૩૧૪ વિક્રમી સંખ્યામાં આરાધકો જોડાયા હતા. સવારે-સાંજે વાજતે ગાજતે જુદા જુદા જિનાલયે પોણો એક કલાક શ્રી પાર્શ્વનાથ પ્રભુની ભક્તિ સવારે દોઢ કલાક, બપોરે ૧ કલાક પ્રવચન, બપોરે આયોજક પરિવાર દ્વારા સમર્પિત અષ્ટપ્રકારીપૂજાના ઉત્તમ દ્રવ્યોથી સૌ તપસ્વીઓ દ્વારા ત્રણ કલાક સામુહિક પ્રભુ પૂજા, સાંજે સમુહ દેવવંદન, પ્રતિક્રમણ અને છેલ્લે ભાવના : એકેક કાર્યક્રમમાં આરાધકોનો અપૂર્વ ઉત્સાહ વરતાતો હતો. સમુહ અષ્ટપ્રકારી પૂજામાં શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહે અને સંગીતકાર કર્ણિક શાહે ભક્તિનું અદ્‌ભુત વાતાવરણ ખડું કર્યું. અઠ્ઠમના તપસ્વીઓ મન મૂકીને નાચ્યા. ૪ વર્ષથી માંડીને ૧૫ વર્ષ સુધીના ૭૦ આરાધકો જોડાયા હતા. કોઈ અગમ્ય પ્રેરણાથી મોટાભાગના આરાધકોએ જીવનમાં પ્રથમવાર અઠ્ઠમ કર્યો. અનુમોદનીય પ્રભાવના થઈ. આ અનુષ્ઠાને રંખ્યા અને ખાસ તો ઉચ્ચતમ આરાધના દ્વારા એક અનોખો વિક્રમ પ્રસ્થાપિત કર્યો. ઉત્તરપારણા-પારણા ઉદારતાપૂર્વક થયા. પર્યુષણારાધના અને ભવ્ય ઉપધાન તપમાં બીજ અહીં રોપાયાં.

૬. પર્યુષણા પ્રવચનોમાં અંત સુધી ચિક્કાર ઉપસ્થિતિ રહી. કાળઝાળ ગરમીને મચક આપ્યા વગર ફરીવાર નાનકડા ભૂલકાઓને તપસ્યામાં ઝુકાવ્યું. અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યામાં પંદર વર્ષથી અંદરના ૪૯ આરાધકો હતા. રથયાત્રાનો અતિભવ્ય વરઘોડો સ્વયંભૂ ઉત્સાહપૂર્વક યોજાયો

૭. અને હવે શ્રી ઉપધાનનો માહોલ સજાવા લાગ્યો. શ્રી બાબુભાઈ ફૂલચંદ શાહ પરિવાર, ખંભાત આયોજિત ઉપધાન આ. સુ. ૧૧ થી શરૂ થતાં હોઈ સમૂહ નવપદ આરાધનાની એક વ્યક્તિની ભાવનાને સ્વીકારી ન શકાઈ.

હવે પ્રસ્તુત છે ખંભાતના ઈતિહાસમાં અવિસ્મરણીય સુવર્ણપૃષ્ઠો ઉમેરનાર અને ભારત વર્ષમાં ઐતિહાસિક સ્વયંભૂ વિક્રમ પ્રસ્થાપિત કરનાર ભવ્યાતિ ભવ્ય શ્રી ઉપધાન તપની અનુમોદનીય, અભિનંદનીય અને અતિરમણીય ઝલપઝલપ :

૧. અતીવ ઉત્સાહ અને ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ૨૬૮ આરાધકો જોડાયા.

૨. ૨૩૭ પ્રથમ ઉપધાનના આરાધકોમાં ૭ થી ૧૦ વર્ષની વયના ૨૧ આરાધકો, ૭ થી ૧૫ વર્ષના વયના ૯૮ આરાધકો અને ૭ થી ૨૫ વર્ષની વયના ૧૬૧ આરાધકો હતા.

૩. ૯૮ બાલુડાઓને ચપળતાપૂર્વક સર્વ ક્રિયાઓ કરતા જોવાનો લહાવો જેણે માણ્યો છે, તે જિંદગીભર આ દ્રશ્યોને ભૂલી નહીં શકે. માની ગોદ, ગાદલા પલંગ, પંખો, એસી, સ્નાન, ટીવી, ચોકલેટ પીપર, દિવાળીના ફટાકડા, મઠિયા ફાફડા અને ખંભાતી મનોરંજન ચગડોળ મેળો છોડીને આટલી

વિરાટ સંખ્યામાં જોડાયેલા ટાબરિયાઓના ચહેરા પર ચળકતું તેજ અને તરવરતો આનંદ સૌને આશ્ચર્યમાં ગરક કરી દેતા હતા. લાડ લડાવીને માંડ માંડ જમાડવા પડે અને જમતાં જમતાં હજાર નખરા કરે એવા લાડકવાયા અહીં ૪૭ કલાકે ડાહ્યા ડમરા બનીને જે મળે તે વાપરી લેતા હતાં. એકઝામના દિવસોમાં પણ જેની પાસે ટીવી છોડાવી શકાતું નથી તે ઊગતી પ્રજા અહીં ટીવી સુધ્ધા વીસરી ગઈ હતી. મોટા ભાગનાએ જીવનમાં કદી પૌષધ કર્યો નહોતો એવા પણ ટાબરિયા હતા કે જેમણે જીવનમાં કદી એકાસણા બેસણા નહતા કર્યા. ''આંબેલમાં દૂધ મળશે કે નહીં ?'' એવું પૂછવાવાળા નિર્દોષ ટેણીયા પણ આ ઉપધાનમાં હતા ! શરૂઆતમાં પડેલી સખત ગરમી, ભારે પડેલું આંબિલ, ઉલટી ઉબકા વગેરે વિઘ્નોને વેઠી લઈનેય ''ઉપધાન તો કરવા જ છે'' એવા સંકલ્પધારી નાના આરાધકોએ મોટાઓનેય મજબૂત બનાવી દીધા.

૪. જેમાં ક્રમસર પાંચ ઉપ, આઠ આંબિલ, અક્કાઈ, આઠ આંબિલ, ચાર ઉપ. વગેરે આવે અને જેમાં નીવી એકેય ન આવે એવા મૂલવિધિના ઉપધાન બે બહેનોએ કર્યા. ઘરે ઝાડુ પણ ન ફેરવી શકાય એવી પગની તકલીફને ભૂલી જઈને તમામ ક્રિયાઓ તેમણે ઊભા ઊભા કરી. તેમની સમતા ઊડીને આંખે વળગે તેવી હતી.

૫. દિવસ રાત એ.સી.માં રહેનારા અને દિવસમાં દસ વાર વસ્ત્રો બદલતા આરાધકોએ સહનશીલતા વધારીને આરાધના અબાધિત રાખી.

૬. કદી એકાસણા બેસણા નહીં કરી શકનાર ૭૦ વર્ષના આરાધકે ઉપધાન હર્ષપૂર્વક પૂર્ણ કર્યા.

૭. સંખ્યાબંધ આરાધકોએ ૧૨ વ્રત ઉચ્ચાર્યાં, પુદ્ગલ વોસિરાવ્યા, ભવાલોચના લીધી.

૮. માતાપિતાને દરરોજ પગે લાગવાથી માંડીને દીક્ષા ન લેવાય ત્યાં સુધી અમુક વસ્તુ-ત્યાગના નિયમો સૌએ સ્વીકાર્યા.

૯. એક અદ્ભૂત અને અપૂર્વ દ્રશ્ય સજાર્યું ઉપધાનમાંથી નીકળવાના દિવસે ! સ્વયંભુ ઉત્સાહથી જુદી જુદી ખડકીના શ્રાવકો પોતાના આરાધકોને બેન્ડવાજા, ઢોલ શરણાઈ લઈને તેડવા આવ્યા હતા. જૈન શાળાનો હોલ ખીચોખીચ ભરાઈ ગયો. નાના બાળકોને રીતસર તેડીને લઈ ગયા. આખા ગામમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો.

૧૦. ૨૬૮ દરેક આરાધકોને ૧૦૦૦ રૂા. રોકડા, ૧ ધાબળો, ૧ ચંગ, બે પાઉચ, પંદર ગ્રામ ચાંદીનો સિક્કો, ૧ વોલ ક્લોક, ૧ નેપકીનની પ્રભાવના થઈ. નાના ૯૮ આરાધકોને સવા બે મીટરનું શર્ટપીસ અને ૧૦૧ રૂા. રોકડા પ્રભાવના થઈ.

૧૧. ખંભાતના ઈતિહાસમાં સદાય યાદગાર રહે એવો, અપૂર્વ કહી શકાય એવો, ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. ત્રણ રથ, ત્રણ ઈન્દ્રધ્વજા, હાથી, ઘોડો, બગી, ઊંટ ગાડી, અને મોટરકાર જેવા ૧૩૦ વાહનો તથા બેન્ડવાજા ઢોલ શરણાઈ દ્વારા સુશોભિત વરઘોડો નિહાળીને સૌના મુખમાંથી અહોભાવ ભર્યા ઉદ્ગારો સરી પડતા હતા.

૧૨. માળારોપણની બોલી અકલ્પનીય થઈ

પહેલીમાળ : ઊંચી રકમ બોલીને સાવરકુંડલાના શેઠ પરિવારમાંથી છોટાલાલ મણીલાલ શેઠ પરિવારે આદેશ લીધો. સુપુત્ર ચીમનલાલના ધર્મપત્ની જયશ્રીબેન (પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. ના સંસારીપણાના ફઈબાની દીકરી બહેન) માટે આ આદેશ લીધો, તે પૂર્વે આ પરિવારે પિતાશ્રી છોટાલાલભાઈ માટે પહેલી માળનો ચઢાવો લીધો હતો. હસ્તગિરિ તીર્થે પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ તેઓને મોક્ષમાળા પહેરાવી હતી. માતુશ્રી શાંતાબેનને પણ પૂ. આ. ભ. શ્રી માનતુંગ સૂ. મ. સાહેબે પહેલી માળ પહેરાવી હતી.

બીજી માળ : શ્રી નીરૂબેન ઉત્તમચંદજી માટે ઉત્તમચંદજી હિંમતમલજી (પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતિનાં ટ્રસ્ટી) ચઢાવો બોલ્યા.

ત્રીજી માળ : ચઢાવો થયો તેટલી રકમ બન્ને માટે અલગ અલગ આપીને હુકમીચંદજી શાંતિલાલજી (પુખરાજ રાયચંદ આરાધના ભવન-સાબરમતીના ટ્રસ્ટી) અને કુસુમબેન હુકમીચંદજી માટે શાંતિલાલજી ગમનાજી શકા મંડારવાળા પરિવારે આદેશ લીધો.

ચોથી માળ : આણંદ જૈન સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ વાડીલાલ શાહ માટે તેમના ધર્મપત્ની પદમાબેન મનુભાઈએ ચઢાવો લીધો.

પાંચમી માળ : ઓંકાર તીર્થના મંત્રી પ્રકાશભાઈ હંસરાજભાઈ છાણીવાળાએ પોતાની સુપુત્રી અવની માટે આદેશ લીધો.

છઠ્ઠી માળ : મહુવાના નામાંકિત વૃજલાલ પોપટલાલ દોશી પરિવારના ત્રણ સભ્યો સરલાબેન, દક્ષાબેન (પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ. ના સંસારીપણાના બહેન) અને હીરલકુમારી માટે ચઢાવાની અલગ અલગ રકમ અર્પણ કરીને ત્રણ આદેશ લીધા.

સાતમી માળ : નિધિ માટે છાણી નિવાસી હીરાલાલ ડરગોવિંદદાસ શાહ પરિવારે બોલી લીધી.

આઠમી માળ : સરયૂબેન ચંદુલાલ વોરા (વડોદરા) માટે એમના પરિવારે લાભ લીધો.

નવમી માળ : ચીમનલાલ માણેકચંદ જરીવાલા પરિવારે સુપુત્ર જયેશ (પૂ. મુ. શ્રી તત્વદર્શન વિજય મ. ના સંસારીપણાના ફઈબાનાં દીકરા) માટે ચઢાવો લીધો. સાથે ઉપધાન તપ આયોજક શ્રી બાબુભાઈ ફૂલચંદ શાહ પરિવારે પોતાના ત્રણ પૌત્રપૌત્રીઓ રાહુલ, રિંકેશ, પીમલ માટે અલગ અલગ રકમ આપીને લાભ લીધો.

દશમી માળ : હરેશકુમાર માણેકલાલે ધર્મપત્ની જ્યોતિકાબેન માટે ચઢાવો લીધો. એટલી જ રકમ અલગ અલગ આપીને સાથે જોડાયા. અલકાપુરી જૈન સંઘ, વડોદરાનાં ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ અને તેમના ધર્મપત્ની શ્રી રમાબેન

અગિયારમી માળ : બાબુભાઈ સોમચંદ પરિવારના અનિલકુમારે પોતાના લાડકા મેહુલ માટે અને લાડકી પ્રાચી માટે અલગ અલગ રકમ આપીને લાભ લીધો. (નિઝામપુરા વડોદરા જૈનસંઘના કમીટી મેમ્બર શ્રી મનહરભાઈ પણ ધર્મપત્ની સાથે ઉપધાનમાં જોડાયા હતા.)

૧૩. માલારોપણનો પ્રસંગ પણ સ્વયં એક ઈતિહાસ બની ગયો. ત્રણ દરવાજા પાસે રોડ ઉપર આખો રસ્તો રોકીને અતિ વિશાળ મંડપ અને વિશાળ સ્ટેજ બાંધવામાં આવ્યા હતા. જૈનશાળાની ચાંદીની મનોહર નાણ સમક્ષ ઉપસ્થિત વિશાલ સંખ્યક તપસ્વીઓને ક્રિયા કરતાં નિહાળવા હજારોની મેદની ઉભરાઈ હતી. પહેલી માળનો ચઢાવો લેનાર જયશ્રીબેનને પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મહારાજે માળ પહેરાવી અને જૈનમ જયતિ શાસનમ્‌ના નાદથી મંડપ ગુંજી ઉઠ્યો.

૧૪. છોટાલાલ મણિલાલ શેઠ પરિવારના જયેષ્ઠ સુપુત્ર અને સાવરકુંડલા જૈન સંઘના પ્રમુખ શ્રી નવીનભાઈએ પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મહારાજ લિખિત 'બરસત અમૃત બુંદ' પુસ્તકનું વિમોચન કર્યું અને પુસ્તકમાં સંપૂર્ણ લાભ લીધો.

૧૫. શ્રી હુકમીચંદજીને માલારોપણ કરવા જગવિખ્યાત અદાણી એકસપોર્ટના શ્રી ગૌતમભાઈ અદાણી ખાસ ઉપસ્થિત થયા હતા.

૧૬. બપોરે સવો બે વાગ્યા સુધી ભરચક મેદની ઉપસ્થિત હતી. આયોજક પરિવાર તરફથી નવતજમણ હતું.

૧૭. ઉપધાન દરમીયાન અને અંતે ૬૨ રવિવારે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શ્રી સિદ્ધચક્ર, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર વગેરે પૂજનો યોજાયા હતા.

૧૮. છેલ્લા બે દિવસ ઘેર ઘેર તોરણ બંધાયા. રોશની થઈ મંડપો રચાયા. ખંભાતના જૈન વિસ્તારોએ નવો શણગાર સજયો.

૧૯. જુદા જુદા જિનાલયે અંગરચનાઓ થઈ. માલારોપણનાં આગલે દિવસે નાગરવાડે ભવ્ય ભક્તિ ભાવના આયોજાઈ.

૨૦. ૨૫ છોડનું ભવ્ય ઉજમણું થયું.

૨૧. માણેકચોકમાં અઠ્ઠાઈ ઉત્સવ યોજાયો.

ખંભાતથી સૌપ્રથમવાર શ્રી વડાદરા તીર્થનો પદયાત્રા સંઘ મા. સુ. ૯ શુક્રવારે નીકળ્યો હતો. શ્રી વડાદરા જૈન સંઘ આયોજિત આ પદયાત્રામાં ચાલુ દિવસે પણ ૩૫૦ થી ૪૦૦ જેટલા યાત્રિકો જોડાયા હતા. નવકારશી, પદયાત્રા, સામૈયા પ્રભુભક્તિ, સ્નાત્ર, સાધર્મિક વાત્સલ્ય, પ્રવચન આદિ તમામ પોગ્રામ સુવ્યવસ્થિત અને સુંદર રીતે યોજાયા પ્રસંગ અવિસ્મરણીય બની રહો.

મૌન એકાદશીપર્વ પ્રસંગે સમૂહ અતિથિ સંવિભાગવ્રતની આરાધનામાં ૧૪૦ જેટલી સંખ્યા પણ અભૂતપૂર્વ રહી.

મા. વ. ૪ રવિવારે શ્રી સળજ તીર્થનો પદયાત્રા સંઘ શ્રી કાંતિલાલ સોમચંદ ચોકસી પરિવારે અત્યંત ઉલ્લાસપૂર્વક યોજાયો હતો. છેલ્લા કેટલાક વર્ષોના પ્રમાણમાં પ્રયાણપ્રસંગે અભૂતપૂર્વ મેદની ઉમટી પડી. નાનકડા ભુલકાઓ ટોળાં સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા. તમામ કાર્યક્રમો રંગે ચંગે યોજાયા. પ્રસંગ યાદગાર રહ્યો.

હવે પો. સુ. ૩ તા.૯/૧/૨૦૦૦ રવિવારથી પો. વ. ૬ તા.૨૬/૧/૨૦૦૦ બુધવાર સુધી કેટલાક ભાગ્યશાળીઓ તરફથી શ્રી સ્તંભતીર્થ ખંભાતગઢ શ્રી શત્રુંજય મહાતીર્થ ૬ 'રી' પાલક યાત્રા સંઘનું આયોજન થયું છે.

સમાચાર સાર

■ **સોલાપુર (મહા.)** : અત્રે પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. આદિની નિશ્રામાં દાંતરાઈ નિવાસી મુલચંદ માણેકચંદજી મહેતાની પુત્રીઓ કુ. કલ્પનાકુમાર કુ. વિદ્યાકુમારની દીક્ષા મહા સુદ ૧૩ ઠાઠથી શ્રી સિદ્ધચક્રપૂજન શાંતિસ્નાત્ર આદિ પંચાહિનકા મહોત્સવપૂર્વક યોજાઈ.

■ **શ્રી શિવગંજ નગરે** પોષ વદ ૬ દિ. ૨૬-૧-૨૦૦૦ ને મુનિરાજશ્રી ખાંભેરત્ન વિજયજી મ. ના વડી દીક્ષાના પ્રસંગે સિરોહી સંઘની આગ્રહભરી વિનંતિથી પ. પૂ. વર્ધમાન તપોનિધિ આ. દે. શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. ની ચૌમાસાની જય સિરોહી માટે બોલવામાં આવેલ. અને પ. પૂ. આ. દે. શ્રીમદ્ વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. ની પૂ. ગુરૂદેવના આદેશથી પૂ. મુનિરાજશ્રી ભાવેશ રત્નવિજય જી મ., પૂ. મુનિરાજશ્રી પ્રશમરત્ન વિજયજી મ., પૂ. બાલમુનિ સહ દિલ્લી ચાતુર્માસની જય બોલાવવામાં આવેલ. મુનિરાજ શ્રી ખાંતિરત્ન વિજયજીનું નામ યથાવત રાખેલ અને પૂ. વર્ધમાનતપોનિધિ આ. દે. શ્રીમદ્ વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય જાહેર કરવામાં આવેલ. પૂ. ગુરૂદેવ મોટા આચાર્યદેવ તથા નાના આચાર્યદેવ ને કામલી વહોરવાની ઉછામણીનો લાભ રંગ જામ્યો અને બન્ને આદેશો આત્મવલ્લભ જૈન સંઘ દિલ્લી ને મળ્યાં અને નવામહારાજને કામલી વીરચંદજી બરનિવાળા, શિવગંજે ઓઢાડેલ. નવા મહારાજનું નામ જાહેર કરવાની ઉછામણી શા. ફૂલચંદજી સિરોડીવાલા (એમના પરિવારજને) લીધેલ. અને દીક્ષાર્થીના બહુમાન તથા ચતુર્થવ્રત લેનારના બહુમાનની ઉછામણીનો લાભ શાંતિલાલજી સિંઘી, સિરોહી લીધેલ. પ્રસંગ ભવ્ય ઉજવાયેલ.

■ **જામનગર દિગ્વિજય પ્લોટ ન્યુ જેલ રોડ શ્રી કુંવરબાઈ જૈન ધર્મશાળા** : ધર્મશાળામાં ભોજનશાળા કાયમી આયંબેલ ગૃહ આદિનું નવનિર્માણ નક્કી થતાં તા.૨૦/૨/૨૦૦૦ના ભૂમિપૂજન ખાતમુહુર્ત રાખેલ ભોજનાલય હોલનું શ્રીમતિ દેવકુંવરબેન જીવરાજ મોકલ ગુઢકા (લંડન ચેલા), રીક્રીએશન હોલનું હંસરાજ દેવરાજ શાહ પરિવાર લંડન કાકાભાઈ સિહણ, કાયમી આયંબીલગૃહનું શ્રી હેમચંદ મેઘજી માલદે પરિવાર (લંડન-આરીખાણા) હસ્તે રાખેલ.

■ **પાલીતાણા** : અત્રે પૂ. પં. શ્રી રવિરત્ન વિ. મ. ની નિશ્રામાં નવાણું યાત્રા શ્રી બેંગ્લોર નિવાસી માંગીલાલજી અને ફૂલચંદ પરિવાર તરફથી થઈ બાદ શંખેશ્વર ઉપધાન માળ પ્રસંગે પધાર્યા. મુંડારમાં જીર્ણોધ્ધાર તથા ધર્મશાળા ખાતમુહુર્ત થયું. માલેગામમાં સંઘવી તારાચંદજીના ગૃહમંદિર પ્રતિષ્ઠા થઈ બાદ બામન વાડાજીમાં સમવસરણ મંદિર ખનન શિલા સ્થાપન થયું.

■ **મુંબઈ દાદર** હા. વી. ઓ. મહાજનવાડી : અત્રે પૂ. આ. શ્રી વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં માગવા (હાલોર)ના મુમુક્ષુ મીનાબેન ધનજી લખમશી ગુઢકાની ભગવતી દીક્ષા મહા સુદ ૧૩ ના થઈ સાથે મુમુક્ષુ બીજલબેનની પણ દીક્ષા વરઘોડા બાદ તથા દીક્ષા બાદ સાધર્મિક વત્સલ્ય થયા. આ આયોજન શ્રી હા. વી. ઓ. નવપદ આયંબિલ આરાધક સમિતિ મુંબઈ તરફથી કરવામાં આવ્યું હતું.

■ **પાલીતાણા** : પૂ. આ. શ્રી વિજય રત્નભૂષણ સૂરીશ્વરજી મ., પૂ. મુ.શ્રી કુલભૂષણ વિ. મ., પાલીતાણા ધાનેરા ભવન ચાતુર્માસ કરી તીર્થોની યાત્રા કરતા પ્રવાસ પાટણ ૪૮મી વર્ષગાંઠ મહા સુદ ૬ અષ્ટોત્તરી સ્નાત્ર આદિ ઉત્સવ થયો. કુતીયાણા મંજુલાબેન તકલચંદભાઈના જીવંત મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા.

■ **લક્ષ્મીવર્ધક પાલડી અમદાવાદ** : પૂ. આ. શ્રી વિજય વિદ્યાનંદ સૂ. મ. એ સૂરિમંત્રની પ્રથમ પીઠિકા કરી તે નિમીત્તે ચૈત્યપરિપાટી વિ. થયા.

■ **અમદાવાદ દોશીવાડા પોળ જૈન વિદ્યાશાળા** : પૂ. આ. શ્રી વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. પર્યાય સ્થવિર મુનિરાજશ્રી ખેમંકર વિજયજી મ. માગસર વદ ૧૪ બુધવાર તા.૫-૧-૨૦૦૦ ના કાલધર્મ પામ્યા. તેમના સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી કુમુદચંદ્ર વિજયજી મ. આદિની નિશ્રામાં પો. વ. ૧૨ થી મહાસુદ ૪ શાંતિ સ્નાત્ર આદિ સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ તથા પૂ. શ્રીના ગુણાનુવાદ વિ. થયા હતા.

■ **નાપાડ :** અત્રે પરિકર પ્રતિષ્ઠા તથા સાલગિરા નિમિત્તે પૂ. આ. શ્રી વિજયપ્રભાકર સૂ. મ. આદિની નિશ્રામાં પો. સુદ ૧૪ થી પો. વ. ૭ સુધી શાંતિસ્નાત્ર આદિ અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો.

■ **જશવંતપુરા (રાજ) :** પૂ. આ. શ્રી વિજય શ્રેયસપ્રભ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મુમુક્ષુ રિતુકુમારી રમેશચંદ્ર જૈનની દીક્ષા મહા સુદ ૧૩ના ખૂબ ઉત્સાહથી પંચાહિનકા મહોત્સવ પૂર્વક ઉજવાઈ.

■ **થરા :** અત્રે પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અંજન શલાકા તથા દીક્ષા મહોત્સવ ઠાઠથી મહા સુદ ૫ થી મહાસુદ ૧૩ ઉજવાયો.

■ **મુલુંડ :** પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ગોવર્ધનનગર અધ્યાત્મ વાટિકામાં ઉપધાન તપ થયા તેની માળનો ભવ્ય મહોત્સવ ઉજવાયો પો. વદ ૯ વરઘોડો પો. વદ ૧૦ માળારોપણ ઠાઠથી થયા.

■ **ડેમોલ સમ્રાટનગર અમદાવાદ :** પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ડેમોલ પાર્શ્વનાથજી તથા શ્રી પૂ. રામચંદ્ર સૂ. મ., પૂ. મુક્તિચંદ્ર સૂ. ની મૂર્તિની પ્રતિષ્ઠા મહાસુદ ૫ ની શાંતિસ્નાત્રાદિ અષ્ટાહિનકા મહોત્સવ ઉજવાયો.

■ **પુના :** સમેત શિખર તળેટીમાં બિરાજમાન કરવાના ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીમાંથી ૩૬ પાર્શ્વનાથ પ્રભુજી ભરાવવાના ચડાવા પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મુક્તિચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. મુ. શ્રી અક્ષયવિજયજી મ. આદિની નિશ્રામાં શુક્રવાર પેઠમા મહાસુદ ૧ ના ઘણા ઉત્સાહથી પુના શહેર જૈન આરાધક સંઘના ઉપક્રમે બોલાયા.

■ **અમદાવાદ પાલડી રંગસાગર :** પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં જામનગરના શ્રીમતિ મંજુલાબેન વૃજલાલભાઈની દીક્ષા મહા સુદ-૬ના ઠાઠથી ઉજવાઈ તે નિમિત્તે જામનગર શાંતિભવન જૈન ઉપાશ્રય આણંદજીભાવા ચકલામાં પો. વદ ૧૨ ના શાંતિસ્નાત્ર મહોત્સવ પૂ. પં. શ્રી વજસેન વિ. મ., પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. આદિની નિશ્રામાં ઉજવાયો.

■ **પિંડવાડા (રાજ.) :** પૂ. આ. શ્રી વિજય કમલ રત્નસૂરીશ્વરજી મ.ની ૧૦૦) ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ તથા ઉજમણાપૂર્વક ભવ્ય પંચાહિનકા મહોત્સવ પો. વ. ૧૨ થી મહા સુદ ૧ સુધી ૫૫ છોડના ઉજમણાપૂર્વક ઉજવાયો.

■ **સુરત :** નેમુભાઈની વાડી જૈન ઉપાશ્રયમાં પૂ. શાસન સમ્રાટ પરિવારના પૂ. આ. શ્રી વિજય કુંદકુંદ સૂરીશ્વરજીના પ્રવચનોનો ખૂબ લાભ લેવાયો પાઠશાળામાં સામુદાયિક સામાયિક આદિ થયા. સંચાલન વિનોદભાઈ બી. શાહ નરેન્દ્ર કામદાર વિ. સારૂ માર્ગદર્શન આપ્યું.

■ **સોજત સિટી :** પૂ. તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય કમલરત્ન સૂ. મ. ના પટ્ટધર પૂ. આ દેવ શ્રીમદ્ વિજય દર્શનરત્નસૂરીશ્વરજી મ. સા. પાલીમાં શ્રી. કાંતિલાલ સોહનલાલજી ગુલેચ્છા નો ૮ દિવસના રાણકપુરના છ'રી પાલક સંઘનું ફાગણ વદ ૧૩ શનિ ૪-૩-૨૦૦૦ ને મંગલ પ્રયાણ કરાવી ફાગણ વદ ૧૪ ના દિવસે સંઘની વિનંતિથી વર્ષગાંઠ નિમિત્તે સોજત પહોંચ્યા ત્યાં ભવ્ય સામૈયું થયેલ. પ્રવચન પછી જયંતિલાલજી મહેતા, ગૌતમચંદજી ભંડારી, નવરત્નજી ભંડારી તરફથી અનેક સંઘપૂજનો થયેલ અને ફાગણ સુદ ૩ ને વર્ષગાંઠ પ્રસંગે પૂજા, સાધર્મિક વાત્સલ્ય આદિ કાર્યક્રમ ઉજવાયો. પ્રતિદિવસ વ્યાખ્યાનમાં ભીડ જામતી હતી. ફાગણ વદ ૯ થી ફાગણ વદ બીજ ૧૨ દિ. ૩-૩-૨૦૦૦ સુધી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સહિત પંચાહિનકા મહોત્સવ પૂ. તપસ્વી આ. દે. વિજય વિશ્વચંદ્ર સૂ. મ. તથા પૂ. આ. દે. વિજય દર્શનરત્ન સૂ.મ. તથા રૈવતવિજયજી મ. ની નિશ્રામાં ઉજવાયો. પાલી અને સોજતમાં ભવ્ય મહોત્સવ થયેલ.

ભવ્ય અંજનશલાકા

કોઈપણ ભાગ્યશાળીના અંજનશલાકા કરાવવી હોય તો ચૈત્ર સુદ ૧ દિ. ૫-૪-૨૦૦૦ સુધીમાં રોહટ જીલ્લા પાલી મારવાડમાં પ્રતિમાજી મોકલી આપવા ચૈત્ર સુદ ૬ સોમ ૧૦/૪/૨૦૦૦ થી ચૈત્ર સુદ ૧૫ ૧૮/૪/૨૦૦૦ સુધી ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ રોજ રોજ સ્વામિવાત્સલ્ય સાથે પૂ. વર્ધમાન તપોનિધિ ખા. દે. શ્રીમદ્ વિજય કમલરત્નસૂ. મ. ની શુભનિશ્રામાં યોજાશે. રોહટ પાલીથી ૩૫ કિ.મી. જોધપુર (રાજસ્થાન)ના હાઈ-વે રોડ પર આવેલ. પાલી મારવાડથી બસો મલે છે.

વાચના, પ્રચ્છના (પૃચ્છના), પરિવર્ત્તના અને અનુપ્રેક્ષા. નિર્જરાને માટે શિષ્યોને સૂત્રનું દાન આપવું તે વાચના, સૂત્રાદિમાં શંકા પડતાં ગુરૂમહારાજને જે પૂછવું તે પ્રચ્છના, પૂર્વે ભણેલા સૂત્રાદિ ન ભૂલી જવાય માટે જે વારંવ ૨ નિર્જરાર્થે અભ્યાસ કરવો તે પરિવર્તના, અને સૂત્રાર્થનું સ્મરણ કરવું તે અનુપ્રેક્ષા.

અનુ એટલે ધ્યાનની પછી પ્રેક્ષા એટલે હૃદયમાં આલોચન તે અનુપ્રેક્ષા કહેવાય. તે આશ્રયના ભેદથી ચાર પ્રક ૨ની છે.

એકત્વ, અનિત્યત્વ, અશરણત્વ અને ભવ સ્વરૂપનું જે ચિંતવન તે ધર્મધ્યાનની અનુક્રમે ચાર અનુપ્રેક્ષા કહી છે.

"एकोहं नास्ति मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् ।
न तं पश्यामि यस्या हं नासौ भवति यो मम ॥ इत्येकत्वानुप्रेक्षा ॥

'હું એકલો છું', 'મારું કોઈ નથી', 'હું પણ અન્ય કોઈનો નથી', 'હું એવો કોઈને જોતો નથી કે 'હું જેનો હો ઉં' અને 'એવો પણ કોઈ નથી કે જે મારો હોય'. આ એકત્વાનુપ્રેક્ષા."

"कायः सन्निहितापायः संपदः पदमापदां ।
समागमः स्वप्नसमाः सर्वमुत्पदि भंगुरं ॥
इत्यनित्यत्वानुप्रेक्षा ।

૧ કાયા અપાયને આપનારી છે, સંપત્તિ બધી આપદાનું સ્થાન છે, સમાગમ-સંયોગો-બધા સ્વપ્ન સમાન છે અને સર્વ પદાર્થ ઉત્પાદ અને વ્યય-નાશ સ્વરૂપ છે. આ અનિત્યાનુપ્રેક્ષા."

"जन्मजरा मरंभयै - रभिद्रुते व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यन्न चास्ति शरणं क्वचिल्लोके ॥
इत्यशरणानुप्रेक्षा ।

૧ ન્મ-જરા-મરણ અને ભયથી વ્યાપત, વ્યધિ-વેદનાથી ગ્રસ્ત એવા આ સંસારમાં શ્રી જિનેશ્વરના વચન સિવાય બીજું કોઈ શરણભૂત નથી એ અશરણાનુપ્રેક્ષા."

"माता भूत्वा दुहिता भगिनी भार्या च भवति संसारे ।
व्रजतिसुतः पितृतां भ्रातृतां पुनः शत्रुतां चैव ॥ १ ॥
गर्भोत्पत्तौ महादुःखं महादुःखं च जन्मनि ।
मरणे च महादुःखमिति दुःखमयो भवः ॥ २ ॥

॥ इति संसारानुप्रेक्षा ॥

માતા થઈને પુત્રી, બહેન કે સ્ત્રી તરીકે આ સંસારમાં થાય છે અને પુત્ર પણ પિતા, ભાઈ તેમજ શત્રુ તરીકે ઉત્પન્ન થાય છે. ગર્ભની ઉત્પત્તિમાં મહાદુઃખ છે, જન્મતાં પણ મહાદુઃખ છે અને મરણ પામતાં પણ મહાદુઃખ છે. આ સંસાર દુઃખમય જ છે- આ સંસારાનુપ્રેક્ષા.

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

- આજે ઘણા શ્રાવકોએ સાધુ આગળ સ્થાન જમાવવું છે, ઘણાને સાધુ પાસે કામ કરાવવું છે. આવી માન્યતાથી ઘણું જ નુકશાન થયું છે.
- ગમે તેવા પ્રસંગોમાં મજાથી જીવે અને કોઈપણ લોભામણા પ્રસંગની જેને અસર ન થાય તે ધર્મ પામવા લાયક છે.
- આખા સંસારનું નાટક મોહથી ચાલે છે.
- અનુકૂળતા મળે તે પુણ્યોદય અને ગમે તે પાપોદય !
- મરજી આવે તેમ સ્વતંત્રતા-સ્વચ્છંદતા ભોગવે તે બધા મોટેભાગે એકેન્દ્રિયમાં જાય.
- ભવનો ઉદ્વેગ જૈનકૂળમાં જન્મેલાને માટે ગળથૂથીમાંથી હોય.
- તમે રોગી છો માટે ઘરમાં રહ્યા છો. અમે રોગી છીએ માટે પ્રમાદ કરીએ. તમારે ઘરમાં રહેવું પડે અને અમે પ્રમાદ કરીએ તેને ખોટા માનીએ તો સંઘમાં !
- તમારા નમસ્કાર અમારે માટે 'દંડ' છે.
- જે ચીજ સારી માનીએ તે મેળવવાનું મન થાય. માન્યું સાચું ક્યારે કહેવાય ? આચરણમાં આવે તો !
- જ્યાં આળસ કરવામાં નુકશાન નથી લાગતું ત્યાં જ આળસ કરીએ છીએ.
- સંસારમાં રહેવા છતાં પણ સંસાર કરવા જેવો નથી તેમ જે માને અને સંસારમાં આસક્ત ન બને તેનું નામ અનાસક્ત યોગી ! અનાસક્ત યોગની પ્રવૃત્તિ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયને તોડનારી છે.
- સંસારમાં રહેલા ધર્માત્માને જેમ સંસારની પ્રવૃત્તિ અકરણીય લાગે તેમ સાધુને શરીરની પ્રવૃત્તિ અકરણીય લાગે.
- મિથ્યાત્વ, અવિરતિ અને કષાય : સંસારમાં રહેવાની ઈચ્છાવાળા જીવના સાક્ષી છે.
- મોક્ષનું સાચું અર્થીપણું ન જાગે તેને નવકાર ભણાવવો તે પણ પાપ !
- શ્રી નવકારમંત્ર તો મિથ્યાત્વ, અવિરતિ અને કષાયના ઝેરને ઉતારનાર છે. તે માટે ગણે તેને માટે 'સવ્વપાવપ્પણાસણો' બને.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેક્સી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ. ૩૮૨૦૦૯

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૩૧/૩૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

યોગ્યને જ્ઞાનદાન ફળદાયી

वुट्ठेऽवि दोणमेहे, न कण्हभूमाउ
लोट्टए उदयं ।

गहण धरणासमत्थे, इय
देयमछित्तिकारिम्मि ॥

(સ્થાનાંગ સૂત્ર. ગા.-૨૯)

દ્રોણ નામનો મેઘ વર્ષે છતે પણ કાળી ભૂમિમાંથી પાણી બહાર જતું નથી પરંતુ તેમાં અંતરમાં સમાઈ જાય છે. એવી રીતે જેને જ્ઞાન આપવાથી નાશ ન થાય એવા ગ્રહણ અને ધારણ કરવામાં સમર્થ, શિષ્યને ગુરૂએ જ્ઞાન આપવું જોઈએ.

ભારતભરના તીર્થો અને નજીકના દર્શન સ્થાનો તથા શહેરોના જિનમંદિરો
મૂલનાયક પ્રભુજી અને તીર્થની માહિતી, તીર્થોના રાજ્ય અને
જીલ્લાના નકશાઓ, શકય ઈતિહાસ પરિચય સાથેચાર કલર અને
ભારે આર્ટ પેપરમાં તૈયાર થયેલ છે.

શ્વેતાંબર જૈન તીર્થ દર્શન

સંપાદક : પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.

ગુજરાતી ભા-૧ રૂા.૬૫૦/- ■ ભાગ-૨ રૂા.૮૦૦/-

હિન્દી ભા-૧ રૂા.૬૫૦/- ■ ભાગ-૨ રૂા.૮૦૦/-

અંગ્રેજી આવૃત્તિ તૈયાર થઈ રહી છે.

હિંદી આવૃત્તિ માર્ચ ૨૦૦૦માં તૈયાર થઈ ગઈ છે.

બંને ભાગમાં કુલ મળીને ૫૮૯ તીર્થો ફોટાઓ તથા ૪૨ નકશાઓ છે.

**આપની નકલ મુંબઈ, અમદાવાદ, પાલીતાણા,
રાજકોટથી મેળવી લો અથવા જામનગર લખો.**

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

C/o. શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર.

અમારા મહાન ગ્રંથો (૧) ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાગ-૧-૨-૩ પેજ ૧૪૦૦ મૂલ્ય રૂા. ૩૦૦
(૨) જૈન રામાયણ પેજ ૧૦૦૦ મૂલ્ય રૂા. ૩૦૦/-

✳ **બીજી માહિતી માટે અમારું સૂચિ પત્ર મંગાવો** ✳

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન (અઠવાડિક)

વર્ષ : ૧૨ | ૨૦૫૬ ફાગણ વદ ૦)) | મંગળવાર તા. ૪-૪-૨૦૦૦ | (અંક : ૩૧/૩૨

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ | પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

1061

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

જે ભગવાનના નામે ધર્મમાં ભ્રષ્ટાચાર

તાજેતરમાં ૨૭-૧૨-૯૯ના મૂ. સ. માં 'અમદાવાદ નજીક રૂા. ૨ કરોડના ખર્ચે ત્રિમંદિરનું થનારૂ નિર્માણ' આ સમાચાર છપાયા છે તેમાં શ્રી સીમંધર સ્વામી, શ્રીકૃષ્ણ અને શ્રી શંકરના મંદિર થશે.

કોઈ પણ માણસ તેને અનુકૂળ લાગે તે ધર્મ કરે તેમાં તે સ્વતંત્ર છે. પરંતુ વિચાર, વાણી અને વર્તનમાં ભેદ હોય સિદ્ધાંત અને આચારમાં પૂજા વિધિમાં ભેદ હોય તેવા દેવોનું એક સાથે મંદિર કરવા તે ધર્મને નામે અને ભોળા લોકોને ભ્રમમાં નાખવાનો પ્રયત્ન છે સિદ્ધાંત, આચાર અને પૂજા વિધિમાં ભ્રમ પેદા કરનાર છે.

શ્રી સીમંધર સ્વામી ત્યાગી છે. શ્રીકૃષ્ણ રાજવી નારાયણ છે, શ્રી શંકર વૈરાગી અને ભોગી છે. આ ત્રણેયના એક સાથે મંદિર બનાવવા તે કોઈપણ રીતે યુક્ત નથી કયો ધર્મ કે કયા દેવ સારા કે નબળા છે તેની ચર્ચા નથી પરંતુ ભૂતકાળમાં અને વર્તમાન કાળમાં આવું કદી બન્યું નથી. કામરેજ ચાર રસ્તે આવું મંદિર બનાવીને ભેળસેળની શરૂઆત થઈ હતી પ્રથમ એ ત્રણે મંદિર જુદા હતા હવે એક મેકમાં જવા આવવાનું કરી એક કરી દીધા છે.

આ સત્તાધીશો પણ કોઈ રાજ્યમાં રોકી શકતા નથી. તો ધર્મ તો સ્વયંભૂ છે તેમાં કોણ કોના ઉપર રોકટોક રી શકે ? માત્ર ધર્મ કરનારા અને આ ત્રણ મંદિરો બંધાવનાર વિવેકી બને તો જ આ ભેળસેળ ન થાય અને સિદ્ધાંતનો ભેદ કે ભ્રમ ન થાય.

ને ભગવાન આવું કરવામાં માને નહિ. એથી તેમના અનુયાયીઓએ પણ સ્પષ્ટ ધાર્મિક વિચારવાળા થવું જોઈએ તેમને વિવેક આવે તો સીમંધર સ્વામીનું જુદું મંદિર કરે ન આવે તો સીમંધર સ્વામી ન પધરાવે.

અમદાવાદમાં અગાસીમાં પણ સીમંધર સ્વામી પધરાવી પ્રદર્શન કર્યું છે પરંતુ પરમાત્મા દર્શન માટે છે. પ્રદર્શન માટે નહિ. નટી અને સતીના સ્વરૂપને જાણનારા દર્શન અને પ્રદર્શનનો ભેદ સમજ્યા વગર રહે નહિ.

૨૬૦૦ મી ઉજવણીનો તુક્કો

તાજેતરમાં કોઈને વિચાર આવ્યો કે ભગવાન મહાવીરની ૨૬૦૦ મી સંવત્સરીની ઉજવણી કરવી પરંતુ ૨૫૦૦ની ઉજવણીનો ફિયાસ્કો થયો તો આજે દેડકાનું ડ્રાઉ ડ્રાઉ મેઘ ગર્જના સાથે મેળવવા પ્રયત્ન કરે તેવો છે.

શ્રદ્ધાથી નબળા પડેલા ગમે તેમ કરે પણ તે માત્ર પ્રદર્શન જ બની રહે છે અને તે વખતે જાગૃત ન બનાય તો સંઘની આરાધના, મહત્તા અને ધર્મસિદ્ધાંતોને હાની પહોંચે છે જેથી આવી ઉંફાસો કે તઘલઘી વિચારોથી દૂર રહેવું તે જ મોક્ષલક્ષી આત્માને હિતકર છે.

એક બોલતો પુરાવો : દ્રવ્યસહાયકનો શુભ નામાવલિ

રૂા. ૧૩૦૦૦/- : વિક્રમ સંવત ૨૦૩૩ની સાલમાં ભાદરવા સુદ પંચમીના ક્ષયે જયારે સંવત્સરી મહાપર્વની આરાધનાની તિથિનો વંદ ઉપસ્થિત થયો ત્યારે શાસ્ત્રો અને શાસ્ત્રમાન્ય પરંપરાનુસારે સંવત્સરી મહાપર્વની આરાધના ઔદયકી ચતુર્થી (શનિવાર) ના દિવસે તદ્નુસાર પર્વાધિરાજની અઠ્ઠાઈની પણ આરાધના સાંતાક્રુઝ મુંબઈ સંઘે આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પધારેલા મુનિશ્રી જગવલ્લભવિજયજીમ. ની નિશ્રામાં ઉલ્લસપૂર્વક કરી તે વખતે થયેલ જ્ઞાન ખાત ની ઉપજના

તે જ રૂા.૫૦૦૦/- : અમદાવાદ, નવરંગપૂરા, સ્વસ્તિક સોસાયટીમાં આવેલ ચંદ્રાલય ખાતે ત્યાં શ્રી સંઘની બહેનો તરફથી શ્રુત જ્ઞાનખાતે થયેલી ઉપજના શ્રી ચંદુલાલા મોહનલાલ તરફથી. (આજે જુદુ બોલાય તો સત્ય શું ?)

પરિશિષ્ટપર્વમાંથી

પ્રવચન-આકર્ષણમું

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૫ ગુરૂવાર તા. ૩-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ-૪૦૦ ૦૦૬.

પ્રકીર્ણક ધર્મોપદેશ

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

जहा खरो चंदणभारवाही,
भारस्सभागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो,
नाणस्स भागी न हु सुग्गईए ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે તે વાત સમજાવી રહ્યા છે. જે આત્મા જ્ઞાની હોય તેને ચારિત્રનો ખપ હોય કે ન હોય ? તમારે ત્યાં ખૂબ ભણેલો પણ જો રખડતો બની જાય તો તેને પેઢી સોંપો ખરા ? તેને પેઢી ઉપર બેસાડો તો તે પેઢીને પાયમાલ કરે કે બીજાું કાંઈ ? તેવી રીતે અહીં પણ ભણેલા ગણેલાને ચારિત્રનો ખપ ન હોય, પોતે જે જાણે તે છોડવા લાયકને છોડવાની અને કરવા લાયકને કરવાની ભાવના ન હોય તો તે ઉંચો ગણાય ? તેને કાંઈ લાભ થાય ? ભણેલો પણ આળસુ અને રખડતો હોય તો તેનો બાપ પણ કહે કે - નકામો છે. શિખામણને પણ લાયક નથી. તેને શિખામણ પણ ન દઈ શકાય. તેમ અહીં જે મોટામાં મોટો જ્ઞાની હોય પણ જો તે ચારિત્રહીન હોય, ચારિત્રનો ખપ પણ ન હોય તો તે ય તેવો હોય. આ વાતને દ્રષ્ટાન્તથી સમજાવે છે કે- જેમ ગધેડા ઉપર ચંદનનો ભાર મૂકો તો તે ભારનો ભાગી થાય છે પણ ચંદનની સુગંધનો ભાગી થતો નથી. તેમ ચારિત્રહીન એવો પણ જ્ઞાની, જ્ઞાનનો ભાગી થાય છે પણ સદ્ગતિનો ભાગી થતો નથી.

આગળના કાળમાં રખડેલ ભણેલાને સગો બાપ પણ કહેતો હતો કે - સાવ નઘરોળ છે. કશી ચિંતા નથી. કોઈનું સાંભળતો નથી. ભણેલો છે માટે બધાને દબડાવે છે. આના કરતાં તેને ન ભણાવ્યો હોત તો સારું થાત ! આજે પણ ઘણા મા-બાપ પોતાના ભણેલાં સંતાનોથી કંટાળી ગયા છે. તમારો અનુભવ શું છે ? હજી અભણ દિકરો બે વાત પણ માનશે. પણ ભણેલાને કહો કે- તારી પાછળ આટલા પૈસા ખર્ચ્યા છે તો તે કહેશે કે શું કામ ખર્ચ્યા ? તમે તો તમારા સ્વાર્થ માટે ખર્ચ્યા છે. તેવાને મા-બાપની સેવાની વાત ગમે ? મા-બાપ આવે તો ઊભો થાય ? હાથ જોડે ? ઘણા તો ભગવાનની પાસે પણ જતા નથી, દર્શન પૂજન પણ કરતા નથી, સાધુની પાસે ય આવતા નથી. કારણ એક જ છે કે - તેને સગા માબાપની પણ કિંમત નથી તો બીજાની તો વાત જ શી કરવી ? ઘણા માબાપે દેવું કરીને પોતાના દિકરાઓને પરદેશ મોકલ્યા છે અને તે હવે જવાબ પણ આપતા નથી અને અહીં મા-બાપ માથું કૂટે છે. આજે તો કહે છે કે- 'છોકરાને આધારે જીવે તે માબાપ કહેવાય નહિ.' 'મા-બાપ સ્વાર્થી છે માટે અમને મોટા કર્યા' એમ પણ કહે છે. છેક અહીં સુધી મામલો પહોંચ્યો છે છતાં પણ તમારી આંખ ઉઘડતી નથી.

અહીં પણ ભણેલો સારો હોય પણ જો તે વિનયી ન હોય, ગુર્વાદિક પ્રત્યે ભક્તિભાવ ન હોય, તેને સાર. આચરણ કરવાનું મન ન હોય તો તને પણ ચંદનનો ભાર ઉપાડનાર ગધેડા જેવો કે કહ્યો છે ગધેડો ચંદનનો ભાર ઉપાડે પણ તેને ચંદનની સુગંધ કે શીતલતાનો લાભ મળે નહિ. તેવી રીતે ચારિત્રહીનને સદ્ગતિ મળે નહિ પણ સારામાં સારૂ. દુર્ગતિમાં જાય. આ તો ભણેલો છતાં અજ્ઞાની છે.

જ્ઞાની કોને કહેવાય ? તો શાસ્ત્રે કહ્યું કે, જેનામાં જેમ જેમ જ્ઞાન વધે તેમ તેમ તે નમ્ર બને, વડીલો પ્રત્યે ભક્તિભાવ અને પૂજ્યભાવ વધે, સદાચારી હોય, સંતોષી હોય તે સાચો જ્ઞાની છે. આજે તો ઘણા ભણેલા સાધુઓને પણ વિનય-વૈયાવચ્ચ-ભક્તિ કરવાનું મન થતું નથી. તમારે ત્યાં પણ ભણેલાઓને મા-બાપને પગે લાગવામાં શરમ આવે છે, હીણપત લાગે છે. જે જ્ઞાનિને આરાધનાનો કાંઈ પણ ખપ ન હોય તે નકામો છે; ખોટો બોજો લઈને ફરનારો છે.

જે જીવો ધર્મના ફળ તરીકે સંસારની સુખસંપત્તિ માગીને મેળવે છે તેઓ મરતા સુધી તેમાં જ મૂંઝાય છે અને મરીને દુર્ગતિમાં જાય છે. તેમ બહુ ભણેલા મરજી આવે તેમ જીવે તો તેની અહીં પણ આબરૂ કશી નહિ અને પરલોકમાં પણ દુર્ગતિ !

જ્ઞાની કોને કહેવાય ? જેના જીવનમાં એક મોટું કામ ન હોય, જેનામાં નમ્રતાનો પાર ન હોય, જે વડીલ સામે હાથ

જોડીને ઉભો રહે, નાના પ્રત્યે વાત્સલ્યભાવ રાખે તે. આગળ નાના-મોટા બે ભાઈઓ પણ સાથે જતા હોય તો ખબર પડી જાય કે, આ નાનો છે અને આ મોટો છે. આગળ મોટો છોકરો પણ કપડાં પહેરીને તૈયાર થઈને 'હું જાઉં છું' તેમ કહીને ચાલવા માંડે તો તાકાત નથી કે જઈ શકે ? બહાર જવું હોય તો ઘરના વડીલને પૂછવું પડે. તે મર્યાદા જીવતી હતી તો ઘરો મઝેથી ચાલતાં હતાં.

એક મોટો ડૉકટર હતો. તેને એક મા હતી. મા એ તેને કહેલ કે - તારે પાંચ વાગે તો ઘેર આવી જ જવું. તું ન આવે તો મને ઘણી ચિંતા થાય છે. એકવાર કોઈ કારણસર તે પોતાના સાથીની સાથે મોડો ઘેર આવ્યો. માને એટલો ગુસ્સો આવ્યો કે તરતજ તેના મિત્રની હાજરીમાં ઘોલ મારી દીધી. તેથી ડોકટરની આંખમાં પાણી આવી ગયા. તે જોઈને મિત્રે પૂછયું કે - આંખમાં પાણી કેમ આવ્યા ? તો ડોકટરે કહ્યું કે - મા એ ઘોલ મારી તેથી પાણી નથી આવ્યાં. પણ આજે હું માની આજ્ઞા ન પાળી શકયો તેના દુઃખથી મારી આંખમાં પાણી આવ્યાં. આજે કોઈ દિકરો આવો મળે ?

તમે તો આજે તમારાં સંતાનોને એવું ભણાવ્યું છે કે તેઓ દેવ-ગુરુ-ધર્મને તો માનતા નથી પણ મા-બાપને પણ માનતા નથી. તમારા દિકરા-દિકરી શું ખાય છે. શું પીએ છે, ક્યાં જાય છે. શું કરે છે તે ખબર છે ? તમે તેને પૂછી શકો પણ ખરા ? આજે તો એવો વખત આવ્યો છે કે - ધર્મી બાપની સામે બેસીને છોકરો મઝેથી ઈંડા ખાય છે ! તમે દિકરા-દિકરીઓને ભણાવ્યા પણ તે શું કરે છે તે ધ્યાન ન રાખ્યું. તમારાં સંતાન જે શિક્ષક પાસે ભણે તેના પ્રત્યે બહુમાન હોય ખરું ? શિક્ષકની પણ મશ્કરી કરે ને ? શિક્ષકને પગે લાગે છે ખરો એમ પણ તમે પૂછો છો ખરા ? આગળ શિક્ષકને પગે લાગ્યા વિના બેસે તો માસ્તર કહેતા હતા કે - તારા માબાપની ચિઠ્ઠી લઈ આવ કે અમને પગે લાગીને આવેલો છે ! શિક્ષક આવે અને વિદ્યાર્થી ઊભો પણ ન થાય તેવું બને ખરું ? આગળના ભણેલાના અક્ષર સારા હતા. આજે તો મંકોડા જેવા અક્ષર, હ્રસ્વ-દીર્ઘની પણ ખબર ન પડે, પોતે લખેલું પોતે પણ ન વાંચી શકે ! આવા જીવો જેમ જેમ ભણે તેમ તેમ વધારે ખરાબ થાય.

અહીં પણ વાચના ચાલતી હોય ત્યારે આડું અવળું જૂએ, ડાફાળિયા મારે તો તેને ય વાચનામાંથી ઊઠાડી મૂકવો પડે. તેવાને ય જો વાચના આપે તો તે ગુરુ પણ પ્રાયશ્ચિત્તના ભાગી છે તેમ કહ્યું છે. વાચના પહેલા ગુરુને વંદન કરવું પડે. જેમ તેમ પૂછાય નહિ. ભણેલો ખોટો તર્ક કરે તો કહેવું પડે કે તું ભણ્યો છે કે અભણ છે ? ભણેલો તો પૂછે તો તે તે વિષયને લગતું પૂછે, તેના પ્રશ્નથી તો વકતાને પણ મઝા આવે. આજના તમારા પ્રશ્નો કેવા છે ? માત્ર ખાલી પથરા. સમજણ વગરના.

ખરેખર તત્ત્વ ભણેલો જીવ તો વિનિત હોય. નમ્ર હોય, તેનામાં એક ખોટું વ્યસન ન હોય. વડીલોનું પૂરું બહુમાન જાળવે. વડીલને પૂછયા વિના એક કામ ન કરે. તમારા સંતાનો શું કરે છે તે જાણવાની તમારી ફરજ નથી ? તમારે ઘેર જન્મેલો, ભણી-ગણીને મોટો થયેલો મરીને કયાં જશે તેની ય ચિંતા તમને છે ખરી ? તમે પણ મરીને કયાં જશો તેની પણ ચિંતા છે ? 'હું મરીને કયાં જઈશ' આવી જેને ચિંતા ન હોય તેને કોઈ પાપ કરવામાં ભય ન લાગે, કોઈ સારું કામ કરવાનું મન પણ થાય નહિ. કદાચ કોઈ સારું કામ કરે તો તે નામના, કીર્તિ આદિ માટે જ કરે. તમારે ઘેર જન્મેલો દુર્ગતિમાં જાય તે તમને પસંદ છે ? આજના મોટા ધર્મી ગણાતા વર્ગને પણ ધર્મની ઝાઝી ચિંતા નથી અને કોઈપણ અધર્મ મઝેથી કરે છે.

શાસ્ત્રે તો કહ્યું છે કે - જૈનકુળમાં જન્મેલા જીવો જો જૈનકુળનાંય આચાર મુજબ જીવે તો ય તેની દુર્ગતિ થાય નહિ. તે દુનિયાના સુખમાં અભિમાની ન બને, દુઃખમાં દીન ન બને ગમે તેવું દુઃખ આવે તેને સારી રીતે મઝેથી વેઠી લે. જેટલી અનુકૂળતા વધારે મળે તો વધારે ધર્મ કરે.

આ વ્યાખ્યાન પણ સાચું જ્ઞાન મળે માટે છે. રોજ શ્રી જિનવાણી કેમ સાંભળવાની છે ? સમજી થવા માટે. મારાથી શું થાય અને શું ન થાય તે સમજવા માટે સાંભળવાની છે. તમે રોજ વ્યાખ્યાન સાંભળો અને એવાને એવા જ રહો અને કોઈ પૂછે કે - તમે ય આ શું કરો છો ? તો શું કહો ? વ્યાખ્યાન સાંભળું તે ગુનો કરું છું તેમ કહો ને ? ભૂલ કરી, ખોટું કર્યું તો તે કબૂલ કરવામાં પાપ લાગે ? ખોટું કરવા છતાં ય તેને સારું કહો તો તે શોભાસ્પદ છે ? તમારો પરિવાર તમારે કેવો જોઈએ છે ? બાપ મરણ પથારીએ હોય તો તેને ચિંતા ખરી કે હવે મારા પરિવારનું શું થશે કે તેને ખાત્રી જ હોય કે મારે પરિવારની પણ ચિંતા કરવાની જરૂર નથી ? તમે સંતાનોને ભણાવો છો તે માણસ બનાવવા કે ગમે તેમ કરીને પૈસા લાવે તે માટે ભણાવો છો ? તમે ધર્મનું કશું નથી ભણાવતા તેવી મને ખબર છે પણ સંસારનું ભણાવો છો તે ય શા માટે ભણાવો છો ?

સભા : સંસાર ખીલવવા.

ઉ. - માટે જ આજના શિક્ષણને અમે ખરાબ કહીએ છીએ.

આજે તમારા છોકરા કેવી રીતે જીવે છે તેની તમને કશી ચિંતા નથી. આગળ સારા કુળમાં જન્મેલાને બધી ચિંતા હતી. રસ્તે ચાલનારો પણ પૂછી શકતો કે આવું શું કરે છે ? આગળ વેષનો પણ મહિમા હતો.

સભા : ટોપી પહેરે કે ન પહેરે તેમાં ફેર શું ?

કે. - ઉઘાડા માથાવાળા ગમે ત્યાં તોફાન કરે. પાઘડીવાળાથી તોફાન થાય નહિ.

આજે તો શ્રાવકનો વેષ પણ રહ્યો નથી. તમે આગળની વ્યાખ્યાન સભાઓ જોઈ નથી. તેવી સભા જોવાનું પણ તમારા ભાગ્યમાં નથી. બધાના માથે પાઘડી હોય, ખભે ખેસ હોય, વેષને જોઈને જેમ તેમ બોલવું હોય તેને ગભરામણ થાય. જેમ તેમ બોલાય પણ નહિ. આજે કોઈ જેમ તેમ બોલે ને કોઈ પૂછે કે - આવું કેમ બોલ્યા ? તો તે કહે કે - તારા બાપનું શું જાય છે ?

શાસ્ત્રે કહ્યું છે કે - જ્ઞાની ચારિત્રી હોવો જોઈએ. ભણેલો ગણેલો સદાચારી જોઈએ, અનાચારી નહિ. વિનયવંત, નમ્ર, શાંત જોઈએ પણ ખોટું કરનારો ન હોવો જોઈએ. જે કરે તે સાચું અને સારું કરે.

ખોટું બોલાય નહિ. આગળના વેપારી કહેતા હતા કે - અમે અને ખોટું બોલીએ... અમારા ચોપડા ખોટા હોય, તે કદી બને નહિ. અમારા ચોપડામાં જે ન હોય તે ઘર અને પેઢીમાં પણ ન હોય આજે તો રેડ પડે તો ખોટામાં સહી કરાવી લો છો પાંચ લાખ બચાવવા. પચ્ચીસ-પચાસ હજાર આપી દો છો. શાહુકાર હોય તે આવું મઝેથી કરે ? શાહુકાર અને જૂઠ્ઠો ! ચોર ! કેમ બને ? મઝેથી જૂઠ બોલનારા, ચોરી કરનારા અહીં આવીને પણ શું પામે ?

શ્રી જિનવાણી સાંભળવા માટે ય લાયક માર્ગાનુસારી જીવો છે. તેના પાંત્રીશ ગુણો છે. તેમાં પહેલો ગુણ 'ન્યાય - સંપન્ન વિભવ' છે. તેની પાસે રાતી પાઈ અન્યાયની ન હોય. ન્યાય-અન્યાય શું તે સમજો છો ? માલીકનો, સ્વજનનો, મિત્રનો અને જે કોઈ વિશ્વાસ મૂકે તેના વિશ્વાસઘાત કરવો નહિ તેનું નામ નીતિ છે. તમારો માલિક તમારાથી નિશ્ચિંતને ? આજે માલિક ધ્યાન ન રાખે તો ભીખ માગતો જ થાય. આજે ભાગીદાર પણ સાવધ ન હોય તો તેને ય રોવું પડે ! સારા માણસો માની પૈસા મૂક્યા તો ઘણા આજે રોઈ રોઈને જીવે છે. ઘણા તો પૂરું વ્યાજ પણ આપતા નથી. કોઈ કાંઈ કહેવા જાય તો તેને દબાવી દે તેવા હજાુરિયા રાખ્યા હોય. તમને આજે આનો અનુભવ છે છતાં તમે તમારા છોકરાઓને સાચું ભણાવવાની કાળજી કરતા નથી, સારો બનાવવાની મહેનત પણ કરતા નથી. તમારા છોકરા સારા બને તે તેની લાયકાતથી પણ તમે તેને નથી કેળવ્યા !

અમારે ત્યાં પણ અમે ય જેને તેને ભણાવીએ. તો તે ય અમને માથે પડે. તેવા જીવો ભગવાનના શાસનને જેટલું નુકશાન કરે તેટલું બીજા ન કરે. ભણેલો શાસ્ત્ર મુજબ ન બોલે તો તે ય મરે અને અનેકને મારે. તે ય દુર્ગતિમાં જાય અને બીજા અનેકને ય લઈ જાય. અમારે ત્યાંય ભણાવવાની કાળજી ન રહી તેમાંથી ઉત્સૂત્રભાષી પાકયા. માટે કહ્યું કે - વિનિત ન હોય તેને ભણાવાય નહિ. આજે તો વિદ્યાર્થીઓનું રાજ છે. શિક્ષકને ય વિદ્યાર્થીઓ ઊભા રાખે, તેમની મરજી હોય તો કલાસ ચલાવા દે, નહિ તો ન ચલાવા દે. આવા નાલાયકોને ભણાવાય ? અને તેમને ભણાવાયા તેનું પરિણામ નજરે જૂઓ છો. માટે સમજાવે છે કે - જે જ્ઞાની ચારિત્રથી હીન હોય તે જ્ઞાનનો ભાગી કહેવાય પણ તેને સદ્ગતિ મળે નહિ. તેવાના સહવાસમાં આવે તે ય સદ્ગતિમાં ન જાય.

તમે બધા રોજ વ્યાખ્યાન શા માટે સાંભળો છો ? વ્યાખ્યાન સાંભળનારનું જીવન સુધરતું જાય ને ? કે. વેપારમાં મઝેથી અનીતિ કરે ? જૂઠ બોલે ? આજે અહીં આવનારા પણ મઝેથી અનીતિ કરે છે, હું અનીતિ કરું છું તે પણ ખોટું કરું છું એવું પણ માનતા નથી તો તેને લાભ શી રીતે થાય ? આજે કાયદાના ભણેલા જ વધુ કાયદા ભાંગે છે. આજના ભણેલાઓની શી આબરૂ છે ? તમે તમારા સંતાનોને દુનિયાનું ભણાવવા હજારો રૂપિયા ખર્ચો છો પણ ધર્મનું ભણાવવા કેટલા પૈસા ખર્ચો છો ? આજની આપણી ધર્મની પાઠશાળાઓ ઘરડી ડોશીની જેમ ચાલે છે. સારો માસ્તર પણ સારો ન રહી શકે તેવી સ્થિતિ છે. માસ્તર છોકરાઓને સમજાવે કે - રાતે ન ખવાય તો મા-બાપ માસ્તરને ઠપકો આપવા જાય છે કે આવું નહિ શિખવાડાવાનું ! આગળ તો પાઠશાળાના માસ્તર રોજ પૂછતા હતા કે - મા-બાપને પગે લાગે છે ? રાતે ખાય છે ? આજે આવું પૂછાય ?

જ્ઞાનિઓ કહે છે કે - ધર્મ કરનારો જો સંસારનો જ અર્થી હોય તો તેને મળેલી બધી સારી સામગ્રી નકામી જવાની છે, વખતે નુકશાન કરનારી પણ થાય ! જે જીવ મોક્ષનો અર્થી હોય તે જ ધર્મ કરવા લાયક છે. જેને મોક્ષ ન જોઈતો હોય, સંસારથી ન છૂટવું હોય. સંસારમાં લહેર કરવી હોય તેને માટે આ ભગવાનનો ધર્મ છે જ નહિ. દુનિયાનું સુખ અને સુખની

સામગ્રી ધર્મિને જ મળે, કસાઈ પણ કોટિપતિ હોય તે ય ભૂતકાળના ધર્મથી જ. પણ તે અહીંથી મરીને કયાં જાય ? નરકમાં જ. તમારો છોકરો મઝેથી પાપ કરતો હોય, જેમ તેમ વર્તન કરતો હોય તો તમને લાગે કે - આ દુગર્તિમાં જશે ! તે કોઈનો ય વિનય ન કરે તે ચાલે ? તમારો છોકરો ભગવાનનાં દર્શન કર્યા વિના નવકારશી પણ કરી શકે ખરો ? તમારો છોકરો નવકારશી પણ ન કરે તે તમને ગમે ? તમે પણ નવકારશી કરો છો ખરા ? આજે બધો વ્યવહાર ફરી ગયો છે. તમે તમારાં સંતાનોની કશી ચિંતા નથી રાખતા તો મા-બાપ શું કામ બન્યા ? તમે તો તમારું ય અકલ્યાણ કરો છો અને તમારા પરિવારનું પણ અકલ્યાણ કરો છો.

આપણા ત્યાં વિનયનું ઘણું મહત્ત્વ છે. જેની પાસે ભણે તેનો ય વિનય ન કરે તો તેને ભણાવવાની ભગવાને ના પાડી છે. એક શ્રી નવકાર લેવા આવે તેને ય કહીએ કે - હાથ જોડ અને તે હાથ ન જોડે તો તેનેય શ્રીનવકારમંત્ર ન અપાય. છતાં પણ જે તેને શ્રી નવકારમંત્ર આપે તો તેને પણ પ્રાયશ્ચિત આવે. તમારી પાસે ધર્મનું પુસ્તક પણ આવે તો તેની પણ દુર્દશા થાય. ઘણા તો પુસ્તક માથે રાખીને સૂઈ જાય છે. તમારી પાસે તમે પોતે ખરીદેલું ધર્મનું પુસ્તક નહિ હોય, કદાચ જે પુસ્તક ભેટમાં આવ્યું હશે તેનું રેપર પણ નહિ ઉઘડ્યું હોય ! તમને સામાયિકનાં, પ્રતિક્રમણનાં સૂત્રો ન આવડે, ચૈત્યવંદન કરતા ય ન આવડે તે ચાલે ? તમારો છોકરો પૂજા કરવા જાય તો ખાલી હાથે જાય ? તમે જૂઓ તો ય જવા દો ? તમારા ઘરમાં જેટલા મેમ્બર હોય તેટલી પૂજાની-સામાયિકની સામગ્રી હોય ખરી ? તમે બધા સુખી છો કે દુઃખી છો ? તમારે ત્યાં ધર્મની સામગ્રી કેટલી છે તે જોવા લઈ જાવ તો હું ઘેર ઘેર આવું. પણ તમારે તે માટે નથી લઈ જવો અને અમારા એમને એમ પગલા કરાવવા માગો છો. જે રિવાજ આપણે ત્યાં છે જ નહિ. તમારા ઘરમાં ભગવાનનું મંદિર નથી. પૌષધશાળા નથી, પુસ્તકોનો ભંડાર નથી. તમારા છોકરા સાચા જ્ઞાની બને તેવી તમારી ઈચ્છા પણ નથી તો તમારામાં ધર્મ આવે શી રીતે ? આજે મંદિરાદિ ધર્મસ્થાનો બંધાવી શકે તેવા શક્તિસંપન્નોએ પણ જરૂર હોય ત્યાં એક મંદિર બંધાવ્યું નથી, એક ઉપાશ્રય બંધાવ્યો નથી. નથી બંધાવ્યાં તેનું દુઃખ પણ નથી. ઘણાને આજે ટીપમાં પૈસા ભરવા પડે તે ય કમને ભરે છે. ઘણાને બહુ ટીપો આવે તે ગમતી નથી તેથી અમને પણ કહી જાય છે કે - ટીપો બંધ કરાવો, નહિ તો અમે આવતા બંધ થઈ જઈશું. જેને ખપ હોય, જરૂર હોય તે કયાં આવે ? તળાવ હોય ત્યાં જ લોકો પાણી પીવા આવે ને ? તમને ટીપ કરનાર આવનારા ગમે કે ન ગમે ? તેને કયાં ઉતરવું, કયાં ખાવું-પીવું તેની પણ તમને ચિંતા હોય ખરી ? આપણે તો કાંઈ નથી કરતા પણ ધર્મના કામ માટે આ લોકો આવ્યા છે તો તેમની જેટલી ભક્તિ કરીએ તેટલી ઓછી તેમ પણ તમને મનમાં થાય પડું ? આજે ટીપ કરવા શેઠીયો ન નીકળે પણ સામાન્યને જ મોકલી આપે !

મેં તમને કહ્યું છે કે - તમે તમારા રસોડા ખર્ચમાંથી દર હજારે પચીશ રૂપીયા શુભ ખાતે આપી દો તો સાધારણ ખાતામાં તોટાની જે ફરિયાદ છે તે મટી જાય. પછી તમારે કોઈ ટીપ કરવી ન પડે. આ યોજના મુજબ ચાલે તો બધાનું દળદર ફીટી જાય. સાતે ક્ષેત્રો, અનુકંપા અને જીવદયામાં પણ કદી તોટો ન પડે. ગમે તેવા દુષ્કાળ આવે તે ય કાઢી નાકો. આજના શ્રીમંતોને દુષ્કાળ નડે છે ? જે ઉપાશ્રયમાં ઘણા શ્રીમંતો આવતા હોય ત્યાં સાધારણનો તોટો હોય કે દેવાલો હોય ? તેવી રીતે તમે બધા શોધી શોધીને સાધર્મિકોને જમાડવા લાવતા હોત તો એક સાધર્મિક દુઃખી રહેત ખરો ? સુખીના સાધર્મિક સુખી હોય કે દુઃખી હોય ? શ્રીમંતના ઘરનું રસોડું એટલે વીશી સમજી લો. તેને ઘેર આવેલો કોઈ જમ્યા વિના જઈ શકે ખરો ? આજનો શ્રીમંત એટલે લક્ષ્મીનો પૂજારી ! લક્ષ્મીની આરતી ઉતારનારો. ધનતેરશે ધનની પૂજા કરવા તેને ગાયનું દૂધ મળે પણ ભગવાનને અભિષેક કરવા તેને ગાયનું દૂધ ન મળે.

આજે કાંઈ કરવું નથી એટલે ઘણા કહે છે કે - ગાયનું ચોખ્ખું દૂધ તો મળે નહિ. એટલું નહિ હવે તો કહે છે કે - ''કેસર પણ ચોકખું મળતું નથી. કેસરમાં જીવાત આવે છે માટે કેસર પૂજા બંધ કરો.'' શાસ્ત્રોમાં ચંદન પૂજા લખી છે. કેસર પૂજા લખી નથી. આવું બોલનારા અને લખનારા આજે અમારા ઘરમાં પાકયા છે. આવાઓને જરાપણ ટેકો આપવા જેવો નથી કે તેવાઓની વાતમાં પણ આવવા જેવું નથી.

આજના શ્રીમંતોનું જીવન જોતાં લાગે છે કે - ઘણાને જે શ્રીમંતાઈ મલી છે તે ભવિષ્યમાં ઘણા કાળ માટે ભિખારી બનાવવા મલી છે. આ હું હકીકત કહું છું પણ શ્રાપ નથી આપતો. તમે આવા થાવ તેમ નથી કહેતો પણ તમારું વર્તન એવું છે કે તમને ઘણા કાળ સુધી ભીખ માગતા પણ પેટ નહિ ભરાય એવી દુર્ગતિમાં જવું પડશે; ત્યાં રિબાઈ રિબાઈને જીવવું પડશે.

આજે બીજાની વાત જવા દો પણ મનુષ્યોમાં પણ કેટલા મનુષ્યો સુખી છે ? અને કેટલા મનુષ્યો દુઃખી છે ? તમે આંખ

ઊંચી કરીને જોતા નથી - જૈનકુળમાં જન્મેલાં પણ ઘણા દુઃખી છે. ઘણા તો એવા દુઃખી છે કે બહાર બોલી શકે નહિ. કોઈ તેની સામે જૂએ પણ નહિ. આપણે ત્યાં તો સાધર્મિક ભક્તિ તે મોટો ધર્મ કહેવાય છે. ખરેખર ધર્મી જીવ તો પોતાના સાધર્મિકને દુઃખી ન જોઈ શકે. શક્તિ મુજબ પોતાના દુઃખી સાધર્મિકને, સુખી ન કરી શકે તે ધર્મી આત્મા જ નહિ. પાડોશી દુઃખી હોય ને તમે મઝેથી ખાઈ-પી શકો ખરા ?

સભા : આ પરિસ્થિતિનો ઉકેલ છે ખરો ?

ઉ. - તમે બધા ભગવાનની કહેલી આ વાત સમજી જાવ તો ઉકેલ છે જ. તમે બધા અહીં સાચું સમજવા આવતા હોત અને સાચું સમજીને શક્તિ મુજબ તેનો અમલ કરતા હોત તો ઉકેલ કયારનો ય થઈ ગયો હોત. જે લોકો અહીં સમજવા ન આવતા હોય અને માત્ર દેખાવ કરવા આવતા હોય તેમની વાત છોડી દો.

બાકી જે જીવ સમજદાર થાય તે ઉદાર થયા વિના રહે નહિ. તેની પાસે પૈસા હોય અને તક આવે તો ધર્મનાં કામમાં પૈસા ખર્ચ્યા વિના રહે નહિ. તે તો પૈસા ઉડાડનારો હોય. ધર્મના દરેક કામમાં પૈસા ઉડાડવાની વિધિ છે. આપણા મંદિરમાં પૂજા પણ ચાલતી હોય તો તે રસ્તેથી જે કોઈ નીકળે તે બધાને પ્રભાવના મલતી હોય. લોકોને ય ખબર પડે કે જૈનોનો મહોત્સવ ચાલે છે. આપણો ધર્મ અનુકંપા વિનાનો છે જ નહિ. આપણાં દરેકે દરેક ધર્માનુષ્ઠાનોમાં જીવદયા અને અનુકંપાનું કામ ચાલુ જ હોય છે. ધર્મી આત્મા સાધર્મિક જમણ પણ કરે તો તેનાં આંગણેથી ભિખારી રોતા રોતા જાય કે હસતા હસતા જાય ?

આજના ધર્મી શ્રીમંતો પણ કશું બોલી શકે તેમ નથી. તેમને જે શ્રીમંતાઈ મલી છે તે ધર્મના ફળ તરીકે માગીને મેળવી છે માટે તેમને ખરાબ બનાવે તેમાં નવાઈ નથી. આજે જે શ્રીમંત ઉદાર હોય તે નવાઈ, બાકી તે કૃપણ જ હોય. ધર્મી શ્રીમંતનો નોકર પણ દુઃખી ન હોય, તેના ઘરનાં જનાવરો પણ દુઃખી ન હોય. આગળના શેઠીયા બહારગામ જવાના હોય તો ગાડાવાળા - ઘોડાગાડીવાળા પડાપડી કરતા હતા. તે ય સમજે કે આ શેઠ સાથે જઈએ તો આપણાં જનાવરને - ઘોડાને કે બળદને સાચું નીર મળશે. ખરેખર શ્રીમંતાઈ શી ચીજ છે તેની તમને ખબર નથી. ધર્મિપણાનું પહેલું લક્ષણ ઔદાર્ય છે. જેનામાં ઉદારતા નહિ તે ધર્મી જ નહિ. તમારામાં ઉદારતા પણ ન હોય તો તેનું દુઃખ છે ? શક્તિ મુજબ કોઈનું પણ ભલું કરવાની વૃત્તિ ન હોય તેવા કેટલા મળે ? શ્રીમંતની આંખે ચઢેલો દુઃખી દુઃખી રહે ? શ્રીમંતનો પાડોશી પણ દુઃખી રહે ?

સભા : સાપ ગયા ને લીસોટા રહ્યા.

ઉ.- તેનો અર્થ એ જ ને કે - આજે કોઈ સાચા શ્રીમંત નથી. અને તમારે તેવા બનવું પણ નથી.

આજનો શ્રીમંત તો મોટામાં મોટો મજૂર છે. તેના નોકરને આઠ કલાકની નોકરી અને તેને અઢાર કલાકની નોકરી. આગળના શ્રીમંતો ઉભયકાલ આવશ્યક, ત્રિકાલ પૂજા, સામાયિક, વ્યાખ્યાન શ્રવણ આદિ કરતા હતા. શ્રીમંતને ધર્મ કરવાનો ટાઈમ ઘણો મળે. જ્યારે આજના શ્રીમંતને ધર્મ કરવાનો ટાઈમ જ મળતો નથી. પાસે મંદિર હોય તો ય દર્શન પણ નહિ કરનારા ઘણા ભાગ્યશાળી (!) છે. આ બધાનું એક જ કારણ છે કે - મોટો ભાગ પાપાનુબંધી પુણ્ય બાંધીને આવ્યો લાગે છે. તે પાપાનુબંધી પુણ્ય ખોટી લહેર કરાવી, ખોટા માર્ગે પૈસા ખરચાવી ઘણું પાપ કરાવી દુર્ગતિમાં નાખી આવશે. આવી દશા અહીં આવનારાની પણ ન થાય માટે સમજુ થઈ જાવ તો કામ થાય. જેનામાં ઉદારતા પણ ન હોય તો સમજી લેવું કે હજી આપણામાં ધર્મ આવ્યો નથી. જેનામાં વિનય ન હોય. નમ્રતા ન હોય જે ચારિત્રનું પાલન ન કરતો હોય તેવા જ્ઞાનિને પણ ગધેડા જેવો કહ્યો છે ગધેડાની જેમ જ્ઞાનનો બોજો લઈને ફરે છે પણ તેથી તેની સદ્ગતિ ન થાય. તમે અમે બધા સમજુ થઈએ તો કામ થાય. તે માટે વિશેષ હવે પછી....

મૂર્ખા કદિ ન કોઈને નમે;

મસ્ત બને હું પદના મદમાં, દેખી દુઃખ કમ કમે;
મોટા બની કરતા બહુ ગોરા, ખોટા માર ખમે.
દ્વેષ-કલેશમાં રહેતાં જેની, મતિ મમત્વે ભમે;
દુર્ગુણપૂર્ણક નિંદક બની વદે, સહુથી મોટાં અમે.
અંધ બને અધિકાર મળે, ચડે, ઉંચે ન નીતિ ગમે;
ભાન ભૂલે એ દંભે ડૂલે, વૃત્તિ લોભે રમે.
સમઝે સારાસારને તો પણ, કુટીલ સ્વભાવ ન શમે;
'જિનેન્દ્ર' દુર્જન દુઃખીઆ જગમાં, પસ્તાય અંત સમે.

કવિ નૃસિંહ પ્રસાદ નારાયણ ભટ્ટ -જામનગરી

પૂ. શ્રી જીતવિજયજી દાદાના ગુણાનુવાદ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

સં.૨૦૩૧, આષાઢ વદિ-૬ મંગળવાર, તા.૨૯-૭-૧૯૭૫
જૈન ઉપાશ્રય, શ્રીપાલનગર, મુંબઈ - ૪૦૦ ૦૬૮.

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં જે આત્મા ગુણ પામે તે જ આત્માઓના ગુણગાન ગાવામાં આવે છે. જે પુણ્યાત્માઓને પુણ્યયોગે ભગવાનના શાસનની પ્રાપ્તિ થઈ છે અને તે શાસનની છાયા સ્પર્શી જાય તો તે આત્મા શાસનની સાચી આરાધના કરી પોતાના ભવને સુધારે છે અને સંસારને અલ્પ કરે છે. તે આત્મા ગમે તે ક્ષેત્રમાં જન્મ્યો હોય તો પણ તેને સારા સંયોગો મલી જાય છે અને તેનું કામ થઈ જાય છે.

આવું પરમ તારક શાસન આપણને બધાને મલ્યું છે. આપણે તો આવી કોઈ ફરિયાદ કરી શકીએ તેમ નથી કે, 'અમને સામગ્રી મલી ન હતી કે સાચી સમજણ આપનાર પણ કોઈ ન હતું.' ભૂતકાળની આરાધનાનું બળ, લઘુકર્મિતા આદિ બધા યોગો મળે તો જ આ શાસન ફળે, નહિ તો વખતે ફૂટી પણ નીકળે.

આપણે આપણા ઉપકારીઓને ભૂલવા જોઈએ નહિ. આજે જે મહાત્માની થોડી વાત કરવી છે તે મહાત્મા એવા પ્રદેશમાં જન્મેલા જ્યાં સારા મહાત્માઓનો યોગ ઝટ મળે નહિ. એવા કાળમાં આ મહાત્મા થયા છે તે કાળમાં સુસાધુઓ બહુ જ અલ્પ સંખ્યામાં હતા, યતિઓનું જોર ઘણું અને પ્રચાર પણ ઘણો હતો. તેમાં જે યતિઓ સારા હતા તેમને ઘણું સારું કામ કર્યું છે બાકી યતિઓએ નુકશાન કરવામાં જરા પણ બાકી રાખ્યું નથી. તેમનું જોર એટલું કે સારા સાધુઓને જીવવું ભારે. રાજાઓને વશ કરી યતિઓએ એવો જુલમ કર્યો કે સાધુઓને આરાધના કરવી ભારે ! પૂ. પંન્યાસ શ્રી સત્યવિજયજી મહારાજાએ ક્રિયોદ્ધાર કર્યો અને સંવિગ્ન શાખા ઊભી રાખી નહિ તો સંવિગ્નપણાનો નાશ થઈ જાત ! કારણ એવાઓ આ શાસનના માલિક થઈ બેઠેલા જેઓ સ્વયં ધર્મ કરે નહિ અને બીજાને કરવા દે નહિ. દરેક ધર્મ કરવાના પૈસા લે.

આ બે મહાપુરુષની સ્વર્ગતિથિ અંગે વાત કરવી છે તેમની જો ભૂતકાળની આરાધના સારી હોત નહિ, જે સાંભળવા મલ્યું તે ઝીલી શકયા ન હોત તો માર્ગે આવી શકત નહિ. આજ તો મોટો પરિવાર પૂ. શ્રી મણિવિજયજી દાદાનો છે. આ મહાત્મા પણ પૂ. શ્રી બાપજી મહારાજાના પરિવારમાં થયા છે. પૂ. શ્રી પદ્મવિજયજી મહારાજના આ શિષ્ય છે. પૂ. શ્રી મણિવિજયજી મહારાજાના મુખ્ય શિષ્ય પૂ. શ્રી બુટેરાયજી મહારાજા ! તેમના મુખ્ય શિષ્યો પૂ. શ્રી વૃદ્ધિચંદજી મહારાજા, પૂ. શ્રી મૂલચંદજી મહારાજા, પૂ. શ્રી આત્મારામજી મહારાજા. આ બધા મહાત્માએએ શાસનને જે રીતના સાચવ્યું છે તેનું વર્ણન થાય તેમ નથી. **આજે જેમ જેમ અનુકૂળતા વધતી જાય છે તેમ તેમ સાધુ પણ સાધુપણું ભૂલતા જાય છે. જો આમાં સુધારો નહિ થાય તો સાધુ પહેલાના યતિઓ કરતાં પણ ભયંકર યતિ થવાના !** પૂ. શ્રી મણિવિજયજી મહારાજા મહાતપસ્વી હતા. જીવનભર ઠામ ચોવિહાર એકાશન કરતા. કષ્ટ વેઠીને પણ વિચરી શાસનની સુંદર પ્રભાવના કરી.

એક યતિ હતા. તેમણે એક સારા સંવેગી સાધુ પાસે શાસ્ત્રનો અભ્યાસ કર્યો. પછી તેઓ ગરમ પાણી પીતા, ઉભયકાલ આવશ્યક કરતા. તેમની ઈચ્છા હતી કે મારું ચાલે તો યતિ સમુદાયને સુધારું. તે ગંધ બહાર આવી ગઈ તો અંતે તેમને ઝેર આપી મારી નંખાવ્યા તેમ જાણવા મળેલું. આવાં બધાં તોફાનો તે કાળમાં ચાલતા હતા.

શ્રીપૂજ્યો આવે ત્યારે તેમના પટાવાળા હુકમ કરે કે તમારે આવવું પડશે, સામૈયા કરવા પડશે, રસ્તામાં જાજમ પાથરવી પડશે. સારા સંવેગી સાધુઓને પણ તેમની રજા વિના ગામમાં ઉતારો મળતો નહિ. આવા કાળમાં આવા બધા મહાત્માઓ થયા. તે વખતે જ્ઞાનનો અભાવ થયેલો. આ પૂ. પદ્મવિજયજી મહારાજા આગમના જાણ ગણાતા હતા.

માર્ગ સમજાઈ ગયેલો એટલે તેમના બળે શાસન ચાલતું હતું. પાછો બગાડો થવા લાગ્યો છે. બગાડો સુધારનાર નીકળે તો પાછો સુધારો થાય તેવો છે. થોડાઓએ માર્ગ સાચવ્યો તો આપણા સુધી આવ્યો. વર્તમાનમાં થોડા સાચવશે તો આગળ પહોંચશે. આજે ધર્મ ભૂલાવા લાગ્યો છે. તે વખતે પણ ધર્મ ભૂલાતો હતો.

૧૮૯૬માં આ મહાત્માનો જન્મ કચ્છ-વાગડ પ્રદેશમાં થયેલો. તેમનું જયમલ એ પ્રમાણે નામ પાડવામાં આવેલું. બાર વર્ષની વયે આંખમાં પીડા ઘણી થઈ, તેજ ઘટવા લાગ્યું. ઉપાયો થાય તેટલા કર્યા પણ કર્મ છોડે ? સોળમે વર્ષે તો આંખ

તેજહીન થઈ. પીડા એવી કે સહન ન થાય ! જો કુટુંબના ધર્મના સંસ્કાર ના હોત તો કયાંથી આ વિચાર આવત કે, 'મેં ભૂતકાળમાં આંખનો દુરૂપયોગ કર્યો હશે માટે આ રોગ આવ્યો.' દર્દો થાય તો દર્દોનો નાશ કરવાનો ઉપાય કરીએ છીએ પણ જેનાથી દર્દો થયા તે કર્મના નાશનો ઉપાય આજના ભણેલા ગણેલા યુગમાં કોઈ કરતું નથી. વર્તમાનના જીવો રોગ આવે તો વૈદ્ય-ડોકટરને શોધવાના, તેઓ જે કહે તે મજેથી કરવાના. મોટાભાગના જીવો માંદગીમાં કર્મનો વિચાર કરે નહિ. કર્મનો વિચાર કરે તો ધર્મ સૂઝે ! માંદો થયો રોગ કાઢવાનો વિચાર કરે તો કર્મ વધે. માંદગી આવે તો ધક્કો કોને લાગે ?

આમને ઘણા ઉપાય કર્યા પણ તેજ જવા લાગ્યું. તેમને લાગ્યું કે - 'મેં આંખનો દુરૂપયોગ કર્યો હશે માટે જ મને તે કર્મ ઉદયમાં આવ્યું.' થોડા કાળનો સાધુનો સહવાસ થયો હશે તે ઝીલ્યો. તે કાળના સાધુ જ્ઞાનમાં ઓછા હશે પણ સંયમ અને તપમાં બહુ સારા. **સુખ અને દુઃખ કર્મથી, આત્માને સાચી શાંતિ ધર્મથી !** આવી વાત તે કાળના જીવો સમજતા હતા. જેને ધર્મ જોઈતો હોય તે લીધા વગર રહે નહિ - આવી વાત તેમના કુટુંબમાં હતી. તેથી તેમને થયું કે - આંખ કદાચ પાછી આવી જાય, તેજ આવી જાય, રોગ મટી જાય તો મારે સાધુ જ થવું. સાધુપણા વિના પાંચે ઈન્દ્રિયોનો સદુપયોગ સંભવિત નથી. પૂરેપૂરો સદુપયોગ કયાં થાય ? નિર્ણય કર્યો કે, મારે પાંચે ઈન્દ્રિયોને સુંદર માર્ગે વાળવી છે તેના માટે સાધુપણા વિના માર્ગ નથી. આ ઈચ્છા આવે તે ઉદાર થઈ જાય, સદાચારી થઈ જાય, સહનશીલ થાય, વિચાર પરિવર્ત્તન થઈ જાય. જે રાત્રે આમને સંકલ્પ કર્યો. સંકલ્પ સાચા દિલનો હોય તો માનસિક પરિણામના પુદ્ગલો, કર્મના પુદ્ગલ નિકાચિત ન હોય તો તેને ખતમ કર્યા વિના રહેતા નથી.

શ્રી નમિ રાજર્ષિનો કેવો રોગ ! કેવો દાહજ્વર થયેલો ! કાઢવાના ઉપાય ઓછા કર્યા હતા ! વૈદ્યો, મંત્રવાદી, તંત્રવાદી બધા નિષ્ફલ ગયા. અંતે જાગ્યા કે રોગ શમે તો સાધુતા સ્વીકારવી. રોગ ગયો અને સાધુ થઈ કામ કાઢી ગયા. આવા કાળમાં દ્રઢ નિર્ધાર હોય તો કામ થઈ જાય. તેમાં પણ ભૂતકાળની આરાધના હોય તો મનની સ્થિરતા થઈ જાય. આ સંકલ્પના બળે તેમની દ્રષ્ટિનું તેજ જે ગયેલું તે પાછું આવી ગયું. તેઓ દેખતા થઈ ગયા. દેખતા ન થયા ત્યાં સુધી મા-બાપને બીજી ચિંતા હતી. દેખતા થયા પછી મોહમાં પડેલા મા-બાપના વિચાર કેવા હોય ! મા-બાપ તો આંખ સારી થઈ ગઈ છે શું કામ ? ઘર માંડવવા. છેલ્લે છેલ્લે પણ પરિવારને સુખમાં મૂકી જવાના તમારા ભાવ છે ? કર્મે તો આ ધર્મના અભ્યાસમાં લાગી ગયા. આમની આંખ સારી થઈ તો મા-બાપ કન્યા શોધવામાં પડયા. મા-બાપે તેમના માટે કન્યા શોધી વિવાહની તૈયારી કરી ત્યારે તેઓ પગમાં પડી કહે કે - ''મારી આંખ લગભગ ચાલી ગઈ હતી. ઘણી મહેનત કરી ફળ આવ્યું ન હતું. આ તો મેં સાંભળેલ કે 'કર્મ વગર દુઃખ આવે નહિ. મારું કર્મ અશુભ ઉદયમાં આવ્યું હશે.' હવે મારે આંખનો અને ઈન્દ્રિયોનો દુરૂપયોગ કરવો નથી. મેં નિર્ણય કર્યો છે કે 'હવે મારે સાધુ જ થવું છે.' ''માટે હવે આ બધી ભાંજગડ કરતા નહિ.'' ત્યારે મા-બાપને આ નિર્ણયની ખબર પડી. તેમને સમજાવવા પ્રયત્ન કર્યો તો એક જ વાત કરી કે- મારો આ નિર્ણય અફર છે. આપ મારી સાથે રહી મને દીક્ષામાં સહાયક બનો.

શરીરને કષ્ટ આપવું, દુઃખ આવે તો મજેથી વેઠવું જેથી કર્મ નિર્જરા થાય. પાંચે ઈન્દ્રિયોને એવી રીતે કામ નાં લેવી છે જેથી આત્માનું બગાડે નહિ. જો ઈન્દ્રિયોને આધીન બન્યા તો કયાં નાંખી આવશે તે કહેવાય નહિ, પછી સ્વચ્છંદી બનતા વાર નહિ. શાસ્ત્રે આ પાંચે ઈન્દ્રિયોને મોહની દૂતી કહી છે.

તેમના મા-બાપ પણ સમજી ગયા અને તેમને અનુકૂળ થઈ ગયા. બધાની સાથે શ્રી સિધ્ધગિરિજી જાય છે. યાત્રા કરતાં વિચારે કે, મારે દીક્ષા લેવી તે નકકી છે. તો ત્યાં જ સંસારની દીક્ષા સ્વરૂપ ચોથું વ્રત લે છે. દાદાની યાત્રા ઘણી મુશીબતે થઈ છે. તે કાળમાં યાત્રા મુશીબતો થતી. તે વખતે કષ્ટ વેઠી યાત્રા કરતાં જે આનંદ આવતો તે આજે નથી. આગળના જીવો એક વાર યાત્રા કરે પણ જીવનભર યાદ રહે. તેમને દાદાના દર્શન કરતાં અર્ધી દીક્ષા (ચોથું વ્રત) લઈ લીધી. ધર્મ કરતાં પુણ્ય વધે. અતિ ઉગ્ર પુણ્ય વધે તો ત્યાં જ ફળે. બહુ સારા જીવો ત્યાં જ ધર્મ પામી જાય. પૂ. શ્રી પદ્મવિજયજી મહારાજા વિહાર કરતાં કચ્છમાં આવ્યા આમને ખબર પડી તો ત્યાં પહોંચ્યા. તેમને જોતાં જ ખુશ થયા. ચારિત્રનું તેજ અનોખું છે. **ગુરૂ શોધવા તે પોતાની અનુકૂળતા માટે શોધવાના નહિ પણ સારામાં સારી આરાધના થાય માટે શોધવાના છે.** તેમના ચહેરા પરનો ત્યાગ, વિરાગ જોઈ, મોક્ષનો અભિલાષ જોઈ આ જયમલને થયું કે અહીં મારું કામ થઈ જશે. જેને જેનો ખપ તે તેને શોધે. **શરીરાદિની અનુકૂળતા શોધે તે સંયમ પાળી શકે ? કે સંયમની અનુકૂળતા શોધે તે સંયમ પાળે ?**

દેખતા થયા પછી તેર (૧૩) વર્ષ સંસારમાં કાઢવા પડયા અને ઓગણત્રીશ (૨૯)માં વર્ષે દીક્ષા લીધી અને ત્યારથી પૂ. મુનિશ્રી જીતવિજયજી મહારાજના નામે પ્રસિદ્ધ

થયા અને કચ્છ-વાગડમાં સૌ તેમને 'દાદા'ના નામે ઓળખવા લાગ્યા. અનેક જીવો ઉપર ઉપકાર કર્યો. તેમના પરિવારમાં જે સાધુ-સાધ્વીજી થયા તેમાં તેમની નામના ચાલે છે. ધીમે ધીમે કાળનો પ્રભાવ બધે લાગુ પડયો છે. જમાનાની હવામાં પોતાના વડીલોના માર્ગને ભૂલનારા થયા છે. તેમાં ય તમારો પ્રભાવ અનેરો છે. **સાધુ ભક્તો ઉપર જીવે કે ભગવાનની આજ્ઞા પર ?** સાચા ભકતની ભાવના તો તે હોય કે- ''આપણે કમનશીબ દીએ માટે સંયમ પામતા નથી. પણ આપણા જે ગુરુ છે તેમનું સંયમ શુદ્ધ પળે તેમ કરવું છે.'' તો ય ઘણો બગાડો અટકી જાય. આ સંયમ માત્ર અનુકૂળતા જોનારા નહિ પણ આજ્ઞા જોનારા પાળી શકે. સાધુ જીવનમાં આજ્ઞા પ્રધાન છે પણ તીર્થયાત્રા પ્રધાન નથી. **ઉપકાર પણ આજ્ઞામાં સંયમની મર્યાદામાં રહીને કરાય પણ યથેચ્છ આચાર સેવીને નહિ. ઉપકાર માટે પણ યથેચ્છ આચાર સેવાય નહિ.**

આ મહાત્માએ જેને પોતાના ગુરૂ માન્યા તેમને બરાબર સમર્પિત થઈને રહ્યા, તેમની આજ્ઞા મુજબ જીવ્યા, ગુરુની સેવા-ભક્તિ-વૈયાવચ્ચ અખંડિત કરી, જીવનની અંતિમ ક્ષણ સુધી ગુરુની સાથે રહ્યા અને અદ્‌ભુત નિર્યામણા પણ કરાવી. આવી રીતે ગુરુની સેવા-ભક્તિ કરનારનું જીવન સુંદર હોય છે. આ મહાત્મા ગુજરાત, મારવાડ, મેવાડ, કાઠિયાવાડ અને કચ્છમાં તો વિશેષ વિચર્યા છે. જીવને સારામાં સારી સામગ્રી મળે તો ડૂબે કયારે ? આજ્ઞા ભૂલી શરીરની સાર સંભાળમાં પડે, બાહ્ય પ્રવૃત્તિમાં પડે ત્યારે.

તમારા અંતર પર ભગવાનના શાસનની શી છાપ પડી છે ? તમને તમારા કુટુંબ પાસે શું કરાવવાની ઈચ્છા છે ? તમારું કુટુંબ શું કરે તો તમે રાજી છો ? મને ધર્મની અનુકૂળતા મળે માટે ભલે તે સંસાર બરાબર ચલાવે તેવી તમારી ઈચ્છા છે ને ? બધા જ કહે છે કે, અનુકૂળતા હોય તો જ ધર્મ થાય ! શાસ્ત્ર તો કહે છે કે, અનુકૂળતા છોડે અને પ્રતિકૂળતા વેઠે તે ધર્મી !

આ મહાત્મા પોતાના જીવનમાં જે જે ક્ષેત્રોમાં ગયા તે તે ક્ષેત્રોમાં એવી છાયા નાખી કે જૂના પરિચિત લોકો હજી યાદ કરે છે. આવા મહાત્માઓના સ્વર્ગવાસની ઉજવણી એટલા માટે કરવાની કે તેમનાના ગુણો આપણામાં આવે, ગુણને મેળવવાનું અને દોષોને કાઢવાનું મન થાય. અમારે ગુર્વાદિ વડિલોની સેવા-ભક્તિ-વૈયાવચ્ચનો ગુણ લેવાનો. તમારે જેને આજીવિકાની જરૂર ન હોય તો વેપાર-ધંધાદિમાંથી નિવૃત્ત થવું જોઈએ. આ કાળમાં તો જરૂર ન જ હોય તો વેપાર-ધંધાદિ કરવા જેવા નથી. તેમનો ૧૮૯૬માં જન્મ અને ૧૯૬૦માં આજના દિવસે સમાધિથી કાળ પામ્યા. ૨૯મા વર્ષે દીક્ષા લીધી ૫૫ વર્ષનું સંયમ પાળી ૮૪માં વર્ષે કાળ પામ્યા. આવી રીતના શાસનને પામી અને આરાધીને ગયા. કમમાં કમ શાસનની છાયા ઝીલીએ તો ય કલ્યાણ થાય. સૌ આવી દશાને પામો તે જ શુભાભિલાષા સાથે પૂરું કરું છું.

●●●●●

કલીકુંડ તીર્થે આગામી ચૈત્રી ઓળી

અનાદિકાળથી પૌદગલિક પદાર્થમાં જ સુખની ભ્રમણામાં રાચતા હોવાથી દુઃખ પ્રાપ્ત અને અપ્રાપ્ત સુખ માર્ગ એવા જીવો પરના અપાર વાત્સલ્યથી ત્રિભુવનપૂજ્ય તીર્થંકર પરમાત્માએ જગતના સર્વ જીવોને સુખ પ્રાપ્ત કરાવવા વિશ્વકલ્યાણકર એવા ધર્મતીર્થનું પ્રવર્તન કર્યુ. આ ધર્મ તીર્થમાં એકાંતે દુઃખના કારણરૂપ પુદ્‌ગલ તરફ વૈમુખ્ય કેવળ એકાંત સુખના કારણરૂપ આત્મ સ્વરૂપ પ્રાપ્તિનું અભિમુખ્ય થાય એ માટે ધર્માનુષ્ઠાનોની ખૂબ સુંદર ગોઠવણ કરવામાં આવી છે. એમાંનું જ એક ઉત્તમ અનુષ્ઠાન-ચૈત્રમાસની શાશ્વતી નવપદજીની ઓળીની આરાધના કલિકુંડ તીર્થે ડાલવાણા નિવાસી પટવા ચીમનલાલ ઉજમશીદાસ પરિવાર તરફથી કરાવવામાં આવશે.

આ અનુષ્ઠાનમાં પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી હિતરૂચિવિજયજી મ. શુભ નિશ્રા પ્રદાન કરશે.

આ મહામંગલકારી પ્રસંગે પધારવા સહુને ભાવભર્યું આમંત્રણ છે.

● પ્રવેશપત્ર મેળવવા માટેના સંપર્ક સૂત્રો ●

મુંબઈ : જીતેન્દ્રભાઈ ચીમનલાલ પટવા
ફોન : ૩૦૭૩૯૯૨

અમદાવાદ : ભરતકુમાર કસ્તુરચંદ શાહ
ફોન : ૬૪૨૫૧૩૬ પેઢી,
૬૫૮૨૪૫૩ રેસી.

● અમદાવાદ : રંગ સાગરનાં આંગણિયે ઉજવાયેલ ●

ભવ્ય પ્રવ્રજ્યા મહોત્સવ

જામનગર નિવાસી મંજુલાબેન ઝવેરી બન્યા સાધ્વીજી શ્રી મોક્ષનંદિતાશ્રીજી

અમદાવાદ : (રંગસાગર) : અત્રે પૂજ્યપાદ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજાની અનુજ્ઞાને સૂરિમંત્ર સમારાધક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલ સૂરીશ્વરજી મ. સા., પૂ. મુ. શ્રી કુલશીલ વિ. મ., પૂ. મુ. શ્રી હર્ષશીલ વિ. મ. આદિની નિશ્રામાં જામનગર નિવાસી મુમુક્ષુરત્ના મંજુલાબેન વ્રજલાલ ઝવેરીનો દીક્ષા મહોત્સવ અનેરી શાસનપ્રભાવનાપૂર્વક ઉજવાયો. પોતાના સુપુત્ર હિતેષકુમાર અને સુપુત્રી જયશ્રીકુમારીની દીક્ષા બાદ ઘણા વર્ષોથી મંજુલાબેન સંયમ સ્વીકારવા ઉત્સુક હતા. પરંતુ મોહાધીન કુટુંબીઓના આગ્રહના કારણે એમને સંસારમાં રહેવું પડ્યું. અંતે એમના દૃઢ મનોબળના કારણે કુટુંબીજનોએ સહર્ષ સંમતિ આપી અને માલેગાંવ મુકામે પૂ. ગચ્છાધિપતિશ્રીજીની પાસે સંયમ ગ્રહણના મુહૂર્તની માંગણી કરતા પુજ્યશ્રીજીએ મહા સુદ ૬ શુક્રવાર તા.૧૧/૨/૨૦૦૦નો શુભ દિવસ ફરમાવ્યો. સ્વજનોનો આગ્રહ મંજુલાબેનની દીક્ષા જામનગરમાં જ થાય એવો હતો પરંતુ દિવસો નજીક જ આવતા હોવાથી અંતે દીક્ષા અમદાવાદ રંગસાગરનાં જ આંગણિયે કરવી એવો નિર્ણય થયો. મુમુક્ષુના વતન જામનગરમાં પોષ વદ ૧૨ના દિવસે પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી શાંતિસ્નાત્ર પુક્ત જિનભક્તિ મહોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ. વિધિકારક શ્રી નવીનભાઈએ સુંદર વિધિવિધાન કરાવેલ. મહા સુદ ૨ ના દિવસે દિક્ષાર્થી મંજુલાબેન આદિનો અમદાવાદ પ્રવેશ સુંદર રીતીએ થયેલ. મ. સુ. ૪ના મહોત્સવનો પ્રારંભ થયેલ. મ. સુ. ૫ ના ભવ્ય વર્ષીદાનનો વરઘોડો નીકળેલ જેમાં ગજરાજ, અશ્વો બગીઓ, પરમાત્માનો શણગારેલ રથ, વિશાલ ભોજન-માજન ઉપસ્થિત રહેલ. પાલડીના વિવિધ વિસ્તારોમાં નીકળેલ વર્ષીદાનની રથયાત્રા અનેરી શાસનપ્રભાવક બનવા પામેલ. વરઘોડો ઉતર્યા બાદ સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. વિજયમુહૂર્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ-બોરસદના યુવા વિધિકાર જયેશભાઈ સંજયભાઈએ સુંદર વિધિવિધાનો કરાવેલ. સંગીતકાર રૂપેશભાઈ શાહએ સંગીતની રમઝટ મચાવેલ રાત્રે દીક્ષાર્થીના બહુમાનનો પ્રસંગ પણ સુંદર થયેલ. મહા સુ. ૬ શુક્રવાર તા.૧૧/૨/૨૦૦૦ નો પુણ્યદિન તો જામનગરવાસીઓ તથા રંગસાગરવાસીઓ માટે યાદગાર બની રહેશે. સવારે ૮-૩૦ કલાકે મુમુક્ષુ મંજુલાબેન વર્ષીદાન દેતા દેતા લીના એપાર્ટમેન્ટની પૌષધશાળાએ પધારેલ. શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રભાકર સૂરીશ્વરજી મહારાજા આદિ પણ પધારી ગયેલ. સવારે ૮-૪૫ કલાકે મુમુક્ષુ મંજુલાબેનની દીક્ષાવિધિનો મંગલ પ્રારંભ થયેલ. અંતિમ વિદાયતિલકની સુંદર ઉછામણી બોલી શ્રી મણિલાલ અમૃતલાલ રાજકોટવાળાએ અંતિમ વિદાયતિલક કરેલ. ત્યારબાદ નાણની ક્રિયા શરૂ થયેલ. મંગલમુહૂર્તે પૂ. આચાર્ય ભગવંતોએ તથા દીક્ષાર્થીના સંસારી સુપુત્ર મુ. હર્ષશીલ વિજયજીએ મંજુલાબેનને રજોહરણ પ્રદાન કરેલ. તે દ્રશ્ય ખૂબ જ આહલાદક બની ગયેલ. ત્યારબાદ દીક્ષાર્થીના ઉપકરણો વહોરાવવાની ઉછામણીઓ શરૂ થયેલ. બારેજાથી પધારેલા અતુલભાઈ વાલવોડયાળાએ પોતાની આગવી શૈલીમાં ઉપકરણોની મહત્તા સમજાવેલ. એક એક ઉપકરણો વહોરાવવાની હજારો રૂપિયા પહોંચતા. કુલ ઉછામણીઓનો આંક વિક્રમજનક સંખ્યામાં પહોંચી ગયેલ. પધારનાર ભાગ્યશાળીઓની ઉદારતા અનુમોદનીય હતી. ત્યારબાદ કરણ શાહ (ઉ.વ.૧૦) બોરસદવાળાએ પોતાની સુંદર શૈલીમાં વકતવ્ય રજુ કરેલ. ત્યારબાદ મુ. હર્ષશીલ વિજયજીએ પ્રસંગોચિત સુંદર શૈલીમાં મનનીય પ્રવચન ફરમાવેલ. નૂતન દીક્ષીત વેશપરિધાન કરીને આવી જતાં દીક્ષાર્થી અમર રહો ના જયઘોષથી વાતાવરણ ગુંજી ઉઠેલ. દીક્ષાવિધિની આગળની ક્રિયાનો પ્રારંભ થયેલ. પૂ. આ. ભ. શ્રી ગુણશીલ સૂ. મ. એ કરેમિ ભંતે સામાઈ એ સવ્વં આવજ્જં'' નો પાઠ ઉચ્ચારાવેલ. મધ્યાહન સમયે મંગલમુહૂર્તે લોચની મંગલક્રિયા થયેલ. ત્યારબાદ વાંકાનેર સંઘે પૂ. આ. ભ. ને આગામી ચાતુર્માસ માટે અત્યાગ્રહપૂર્ણ વિનંતિ કરેલ જેનો પૂ. ગચ્છાધિપતિશ્રીજીએ સ્વીકાર કરેલ હોવાથી પૂ. આચાર્ય ભગવંતે જય બોલાવતા વાંકાનેર સંઘમાં આનંદોલ્લાસ છવાઈ ગયેલ. પ્રાંતે જામનગરથી પધારેલ પંડિતજી વજુભાઈ પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ. અને પૂ. આ. ભ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ. એ મનનીય પ્રવચન ફરમાવેલ. નામકરણની વિધિમાં નૂતન દીક્ષીતનું નામ સા. શ્રી મોક્ષનંદિતાશ્રીજી રાખી સા. શ્રી નિર્મળાશ્રીજી મ. ના શિષ્યા તરીકે જાહેર કરાવેલ. છેક મધ્યાહનના ૧ વાગી ગયેલ હોવા છતાં પણ વિશાલ સંખ્યામાં ભાવિકોની હાજરીથી લોકો આશ્ચર્યચકિત બની ગયેલ. નૂતન દીક્ષાર્થીનું નામ જાહેર કરવાની ઉંચી ઉછામણી બોલી તેમના સંસારી સુપુત્ર દીપકકુમારે નૂતન દીક્ષીતનું નામ જાહેર કરેલ તેમના પરિવાર તરફથી સાધર્મિક વાત્સલ્ય તેમજ વિવિધ ભાગ્યશાળીઓ તરફથી ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ દીક્ષા મહોત્સવની વિશિષ્ટ અનુમોદના તો એ હતી કે દીક્ષાર્થીના સંસારી ભત્રીજા નિમિષકુમાર ઉમેશભાઈએ મરીનડ્રાઈવ જેવા વૈભવી વિસ્તારમાં રહેતા હોવા છતાં યુવાન વયે દીક્ષાના આગલા દિવસે પૂ. આચાર્ય ભગવંત પાસે હસતા મુખે લોચનો જે પરિવહન સ્નાન કરેલ. એ ભાગ્યશાલીની સૌ કોઈએ અનુમોદના કરી. દીક્ષા પ્રસંગ જામનગર, રાજકોટ, વાંકાનેર, થાન, પાટણ, બોરસદ, સુરત, વડોદરા, મુંબઈ, કલકત્તા, ઉંઝા, મહેસાણા, ઈત્યાદિ અનેક સ્થાનોથી ભાવિકો પધારેલા. આયોજક શ્રી વ્રજલાલ ધેલાભાઈ ઝવેરી પરિવારની ઉદારતા રંગસાગર સંઘના યુવા કાર્યકર્તાઓના અથાગ પુરુષાર્થના કારણે રંગસાગર સંઘમાં ઉજવાયેલ મંજુલાબેનનો દીક્ષા મહોત્સવ ચિરસ્મરણીય બની રહેશે. નૂતન સા. શ્રી મોક્ષનંદિતાશ્રીજીની વડી દીક્ષા મહાવદ ૬ તા.૨૫/૨/૨૦૦૦ ના લક્ષ્મીવર્ધક જૈન સંઘમાં થશે. પૂ. આ. ભ. શ્રી વિ. ગુણશીલ સૂ. મ. આદિ ઠાણા છાણી નૂતન ઉપાશ્રય ઉદ્‌ઘાટન પ્રસંગે જિનભક્તિ મહોત્સવ પ્રસંગે ફા. સુ. ૩ થી ફા. સુ. ૭ છાણી પધારશે. ત્યારબાદ વડોદરા, બોરસદ, આણંદ, નડીયાદ આદિ થઈ ચૈત્ર વદમાં પૂજ્યશ્રીજી ફરી અમદાવાદ પધારશે.

મહાભારત ના પ્રસંગો

- શ્રી રાજુભાઈ પંડિત

ચક્રવ્યૂહ

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
કોબા, જૈન આરાધના કેન્દ્ર
ગાંધીનગર, પિન ૩૮૨૦૦૯

(પ્રકરણ - ૬૪)

"તારા પુત્રના હત્યારા તે જયદ્રથને આવતીકાલના સૂર્યાસ્ત સુધીમાં ઉચ્છેદી ના નાખુ તો હું અગ્નિમાં પ્રવેશીને સળગી મરીશ."

કુરૂક્ષેત્રનો સંગ્રામ તેરમા દિવસમાં પ્રવેશ્યો. સંસપ્તકના રાજાઓની સામે અંતિમ મોરચો લડી લેવા માટે જઈ રહેલા અર્જુને જતાં જતાં દ્રોણાચાર્યના ચક્રવ્યૂહથી યુધિષ્ઠિર તથા અભિમન્યુ બન્નેની અત્યંત રક્ષા કરવાનું ભીમ આદિ દરેક વીરોને ખાસ ભારપૂર્વક જણાવ્યું. અને પોતે ત્રિગર્તના રાજાઓ સામે યુદ્ધ કરવા ચાલી નીકળ્યો.

યુધિષ્ઠિરને જીવતો પકડી લેવાની પ્રતિજ્ઞા દ્રોણાચાર્ય હજી સુધી અર્જુન દૂર થવા છતાં ય પૂરી કરી શકયા ન હતા. આજે તેમણે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ચક્રવ્યૂહની રચના કરી હતી.

સંસાર ચક્ર જેવા દુસ્તર ચક્રવ્યૂહને રચીને ગુરૂ દ્રોણ રણક્ષેત્રમાં આવી ચડયા.

પાંડવો પણ તમગ્ર ધનુષ્ધરો સાથે વીરપુત્ર અભિમન્યુને આગળ કરીને તેની સંપૂર્ણ રક્ષા કરતાં કરતાં ચક્રવ્યૂહ-રચ્યા સંગ્રામમાં આગળ વધવા માંડયા.

ચક્રવ્યૂહમાં પહેલા જ દ્રોણ ટકરાયા. પણ પ્રચંડવીર્યવાન અભિમન્યુએ ગુરૂ દ્રોણને પરાસ્ત કરી નાંખીને ચક્રવ્યૂહના (કિલ્લાને) ભેદી નાંખ્યો.

હવે ભેદાઈ ગયેલા ચક્રવ્યૂહમાં પરાક્રમી અભિમન્યુ સામે તો જયદ્રથ ટકી ના શકયો. પણ તેની પાછળ રક્ષા કરતા આવી રહેલા ચારેય પાંડવોને પ્રચંડ બાણવર્ષા વરસાવીને જયદ્રથે આગળ વધતા અટકાવી દીધા. આથી એકલો પડી ગયેલો અભિમન્યુ એકલો પણ ભયાનક પાતાળ જેવા ચક્રવ્યૂહમાં આગળ વધવા માંડયો. એકલવીર અભિમન્યુ કરાડો સુભટોના મદડા પાડવા લાગ્યો હતો અને ધનુષ્યના પ્રચંડ પ્રહારો વડે અસંખ્ય રાજાઓને ધાયલ કરી નાંખ્યા હતા. ચક્રવ્યૂહમાં પ્રવેશેલો અભિમન્યુ દુર્ધર રૌદ્ર બની ચૂકયો હતો. એકલે હાથે એકાધિકવીર ને ભેદી નાંખીને અગણિત રાજાઓના જીવન નામશેષ કરી નાંખીને તે આગળ વધતો વધતો મદ્રરાજ શલ્ય, કર્ણ, કૃપાચાર્ય, અશ્વસ્થામા, કૃતવર્મા અને દુર્યોધન આદિ જેવા મહા ધુરંધર મહારથીઓ સામે એકલે હાથે ટકરાતો ટકરાતો પ્રચંડ બાણવર્ષાથી એક-એકને જખ્મી કરી રહયો હતો. વિશ્વમાં કોઈથી પણ દુર્ધર બની ચુકલો તે શલ્ય-કર્ણ આદિ ધુરંધરોથી સાંખી શકાતો ન હતો. અનાજનો ઢગલો તીવ્ર તપી ચુકેલા અગ્નિને સહી શકે તો શલ્ય - કર્ણાદિ તેને સાંખી શકે.

શલ્ય - કર્ણાદિને પરાસ્ત કરીને આગળ વધેલા તેણે લક્ષ્મણ આદિ અસંખ્ય રાજકુમારોને તેમના પહેલા જ સંગ્રામમાં હણી નાંખ્યા.

હવે પ્રચંડ - ભીષણ - રૌદ્ર અભિમન્યુએ કૌરવોના રાજાઓ અને સૈન્યના વેરેલા વિનાશ તાંડવને જોતા તથા હરએક મહારથીને જખ્મી કરી નાંખેલ જોતા તેને દુર્ધર સમજીને કર્ણ-શલ્ય આદિ દરેક મહા ધુરંધરોએ તે એકલા અભિમન્યુ ઉપર સાથે મળીને જ હુમલો કરવાનું નકિક કરી લીધું. તે એકલવીરને પણ તે બધાં ય જીતવા માટે શકિતહીન થઈ ગયા હતા.

હવે અભિમન્યુ જયારે દુઃશાસન સામે યુદ્ધ કરતો હતો ત્યારે કૌરવીય ધુરંધરોએ સાથે મળીને જ આક્રમણ કરવાનું નકિક કરતાં જ કર્ણે અભિમન્યુના પ્રચંડ ધનુષને છેદી નાંખ્યુ. તે જ સમયે કૃપાચાર્યે તેના સારથિને હણી નાંખ્યો. કૃતવર્માએ તે જ વખતે તેનો રથ ભાંગી નાંખ્યો. (એકની સામે એકે જ યુદ્ધ કરવાના નિયમનો કૌરવોના ધુરંધરોએ ભંગ કરી નાંખ્યો હતો.

રથ ભાંગી જતાં જ પગપાળા થઈ ગયેલા શૌર્યવાન અભિમન્યુએ ઢાલ અને તલવારથી યુદ્ધ આદર્યુ. ત્યારે અશ્વત્થામાએ તેના ખડ્ગના અગ્રભાગને બાણોથી બુઠ્ઠુ કરી નાંખ્યુ. આથી તેણે ચક્ર વડે રાજચક્રના = રાજાઓના સમુહના એક સામટા માથા છેદવા માંડયા. આ રીતે જાત-જાતના આયુધો ગ્રહણ કરી - કરીને તેણે એકલે હાથે યુદ્ધ કરતાં કરતાં કોઘથી જ ગદા અને વજ્ર વડે જ

દુઃશાસનના પુત્રના રથને દળી નાંખ્યો. ત્યાર પછી દુઃશાસનના પુત્ર સાથે લડી રહેલા તેના ઉપર લાજ - શરમ - મર્યાદા છોડી દઈને સર્વે મહારથી ગણાતા કર્ણ- શલ્યાદિએ એક સાથે પ્રહારો કરવા માંડ્યા. કોઈએ શરીરમાં તલવાર ખોસી ઘાલી, કોઈએ ભાલો ભોંકી દીધો, કોઈએ બાણોથી શરીર વિંધવા માંડયું, કોઈએ છુટી કટાર ફેંકી.

આ રીતે એક સાથે દરેક મહારથીઓ તરફથી આવી રહેલા શસ્ત્રોના પ્રહારોથી હવે અભિમન્યુનું શરીર રોમ-રોમમાં જર્જરિત થઈ ગયું છેવટે સુધી લડી રહેલો એકલવીર તે આખરે છેદાઈ ગયેલા વૃક્ષની જેમ ધરતી ઉપર ઢળી પડયો. મૃત્યુ પામી ગયેલા અભિમન્યુ ઉપર પોતાની જાતની બહાદુરી બતાવતા દુઃશાસનના પુત્રે નિશિંશ = તલવારનો ઘા કર્યો. અને મસ્તકને છેદી નાંખ્યું. આ દુષ્કર્મથી દેવોએ દુઃશાસન પુત્ર તરફ (તથા ધુરંધરો તરફ ફિટકાર વરસાવ્યો.) અને એકલવીર વીરગતિ પામેલા અભિમન્યુની પ્રશંસા કરી.

વીરપુત્ર અભિમન્યુ ઉપર પુષ્પવૃષ્ટિ કરવા સૂર્ય પુષ્પો વીણવા અસ્તાચલ ભણી ચાલ્યો ગયો. યુદ્ધ વિરામ પામ્યું.

બીજી તરફ સંસપ્તકના રાજાઓની સંપૂર્ણ હત્યા કરવાથી અજેય આનંદ સાથે અર્જુન ઝડપથી પોતાના પુત્રને મળવા આવી રહ્યો હતો. પોતાની છાવણીની નજીક આવતો ગયો તેમ તેમ અર્જુને સર્વેને શોક સાગરમાં ડૂબેલા જોયા. અંતઃપુરમાં અતિકરૂણ આકંદના સ્વરો સંભળાયા. કોઈ સૈનિકો સંગ્રામની કથા કરતાં સંભળાયા નહિં. અરે ! હાથી કે ઘોડા આગળ દિવસ દરમ્યાન લાગેલી ભૂખ દૂર કરનારા અન્નના કોઈ થાળ જોવાયા નહિં. લોકો હોવા છતાં શૂન્ય અરણ્ય જેવી સેનાની દશા જોવામાં આવી.

આ બધુ જોતા જ પોતાના બલવીર્યવાન પુત્ર અભિમન્યુના મૃત્યુની આશંકા અર્જુનને થઈ ઊઠી. અને સંસપ્તકના સંપૂર્ણ વિનાશથી થયેલા અમાપ આનંદને બળાત્કારે દુર કરીને તેનું મન અગણિત શોકથી વ્યાપ્ત બની ગયું.

નૃપાવાસમાં પ્રવેશી તેણે વડિલ બંધુને પૂછતાં યુધિષ્ઠિરે આદિથી અંત સુધીનો સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવ્યો.

ત્યાર પછી અંતઃપુરમાં જઈને અર્જુને શોક હરનારા વચનો વડે ખુદ પોતે જ અભિમન્યુની માતા સુભદ્રાને અત્યંત સાન્ત્વન આપીને કહ્યું "દેવી ! અભિમન્યુ તો તે નાપાકો અને કાયરોની સામે એકલે હાથે લડતાં લડતાં વીર મરણ પામ્યો છે. શોક કરીને એ વીરના મરણની મજાક ઉડાડવાની ન હોય દેવી વીર મૃત્યુ તો મજા માણવાનું ટાણું છે. શોકથી મજાક ઉડાડવાનું નહિં. અને તે વીર અભિમન્યુની પત્નિ ઉત્તરા અત્યારે ગર્ભવતી છે. તેથી તેનો પુત્ર આપણા બન્નેના આંખનો આનંદ બનશે. માટે શોક કરશો નહિં દેવી !"

(ખુદ અર્જુન પોતે જ અંદરથી અત્યંત વ્યથા વેદતો હોવા છતાં અત્યારે સર્વને સાંન્ત્વન આપવાનું ભગીરથ કામ કરી રહ્યો હતો.)

અંતઃપુરમાંથી પત્નિ સુભદ્રા પાસેથી નીકળતા નીકળતા અર્જુને પ્રતિજ્ઞા કરી કે "આવતી કાલે સવારે સૂર્યાસ્તની છેલ્લી ઘડી સુધીમાં (હે દેવી!) તારા પુત્રના હત્યારા જયદ્રથને સંગ્રામમાંથી ઉચ્છેદી નાંખુ નહિં તો, ભડભડતી ચિતામાં હું બળી મરીશ."

આવી દુર્ધર - ભીષ્મ પ્રતિજ્ઞા કરીને હવે અર્જુન સહિત દરેક પુત્ર અભિમન્યુના શબનું ઉર્ધ્વ દૈહિક કરીને વિશ્રામ કરવા ગયાં.

રણ સંગ્રામ ખેડતાં ખેડતાં દેવ-ઋદ્ધિ પામેલા વીરો, વીરોને શું શોક કરવા લાયક છે ? નહિ કદિ નહિં. શોક તો નહિં પણ સ્તુતિ કરવા લાયક છે.

(ક્રમશઃ)

પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ.ના ઉપદેશથી

જૈન શાસનને ખુશી ભેટ

રૂ. ૦૫૦૧/- શાહ નંદલાલ જીવરાજભાઈ - રાજકોટ.

રૂ. ૦૫૦૦/- શાહ મનસુખલાલ જીવરાજભાઈ - રાજકોટ. (જીવંત મહોત્સવ પ્રસંગે)

રૂ. ૧૦૦૦/- શાહ હેમેન્દ્ર મનસુખલાલ - રાજકોટ. (બા. બાપુજીના જીવંત મહોત્સવ પ્રસંગે)

રૂ. ૧૦૦૦/- વસા જેન્તિલાલ હીરાચંદ - રાજકોટ.

સમ્મેતશિખર તીર્થ કોનું ??

- શ્રી અવિનાશ

૨૦ - ૨૦ તીર્થંકર પરમાત્માઓની નિર્વાણભૂમિ શ્રી સમ્મેતશિખર મહાતીર્થ જ્યારે સરકાર અને દિગંબર સમાજ તરફથી આફતના ઓળા વચ્ચે ઘેરાઈ રહ્યું છે ત્યારે પ્રત્યેક જૈનની ફરજ છે કે એ તીર્થની રક્ષા માટે પોતાનાથી બનતા તમામ શકય પ્રયત્નો કરી છૂટવા જોઈએ.

શ્રી શ્વેતાંબર તીર્થો પર આક્રમણ કરવું અને શ્વેતાંબર તીર્થો પર હક્ક જમાવી તેને હડપ કરી જવા હરહંમેશ અવનવા પેંતરા રચ્યા કરવા એ જાણે દિગંબરોનું મુખ્ય કર્તવ્ય બની ચૂક્યું હોય એવો ભાસ એમના તરફથી લેવાતા એકેક અન્યાયી પગલા ઉપરથી સાબિત થાય છે.

આપણા શ્વેતાંબરોના તીર્થોને મુસ્લીમ જેવી ઝનુની કોમોએ જેટલું નુકશાન નથી પહોંચાડયું એના કરતાં કંઈ ઘણું નુકશાન છેલ્લા કેટલા વર્ષોમાં દિગમ્બર સમાજે પહોંચાડયું છે.

દિગંબરોની કૂટનીતિ - કાવાદાવા - રાજકીય ક્ષેત્રે લાગવગ અને લાંચરૂશ્વતના ઉપયોગ અત્યાર સુધી ભલમાણસાઈથી ભરેલા શ્વેતાંબરો બનતા આવ્યા છે અને શ્વેતાંબરો જ્યાં સુધી પોતાની ભલમાણસાઈ નહિ છોડે અને તીર્થરક્ષા કાજે જેવા સાથે તેવાના દાવ નહિ અજમાવે ત્યાં સુધી દિગંબરો ફાવતા આવ્યા છે ને ફાવતા રહેવાના છે.

નાગાથી સો ડગલાં આઘા રહી ચાલવું એ આપણી વ્યવહારૂ નીતિ છે પણ નાગા જ્યારે સામેથી આપણને વળગી પડવાની કે આપણા કપડા ખેંચી લેવાની પેરવીમાં દેખાતા હોય ત્યારે એનાથી આઘા ન રહેતાં બે લપડાક લગાવી એને આપણાથી આઘા કરી દેવા એ પણ આદરણીય રાજનીતિ છે.

શ્વેતાંબરોએ અત્યાર સુધી ખૂબ સહ્યું છે અને દિગંબરોએ શ્વેતાંબરોને હેરાન પરેશાન કરવામાં કોઈ કચાસ કે કોઈ કમીના રાખી નથી. શ્વેતાંબરોના પ્રત્યેક પ્રસિદ્ધ તીર્થસ્થાનો પર દિગંબરો પોતાનો ડોળો ફેરવી રહ્યા છે. દિગંબરોને નવા તીર્થસ્થાનો ઊભા કરવાનો રસ નથી. શ્વેતાંબરોના તીર્થોમાં જોહુકમીથી પેસી જવાનો અને એ તીર્થો ઉપર પોતાનો હક્ક જમાવવાનો જ એકમાત્ર રસ છે. દિગંબરોએ અત્યાર સુધી શ્વેતાંબરના તીર્થો પર કબજો જમાવવા જેટલા પૈસાનું પાણી કર્યું છે એટલો પૈસો જો નવા તીર્થોના સર્જનમાં વાપર્યો હોય તો દિગંબરોના કેટલાય સ્વતંત્ર તીર્થો અત્યારે ઊભા થઈ ગયા હોત ને સાહુકાર બજારમાં દિગંબરોનું નામ સુવર્ણાક્ષરે ચળકતું હોત, પરંતુ 'વો દિન કબ...' અત્યારે તો કયા બજારમાં કાળા અક્ષરે... અંકાઈ ગયું છે તે કહેવાય એમ નથી જો કે સમજુ બને તો તેઓ તે નામ ભૂંસી શકવા સમર્થ છે.

પૈસા - સત્તા લાગવગ અને લાંચથી આજની ન્યાયાલયો ભલે ખરીદી શકાતી હોય પણ ન્યાય ખરીદી શકાતો નથી. એ હકીકત છે. અન્યાયોપાર્જિત વિત્ત જેમ માણસની પડતીનું કારણ બને છે. તેમ અન્યાયોપાર્જિત તીર્થો પણ દિગંબર સમાજની પડતીનું કારણ જ ન બને એમ કહી શકાય નહિ.

દિગંબરોના એકે તીર્થપર કે એકે મન્દિર પર શ્વેતાંબરો તરફથી ખોટી રીતે કબજો મેળવવાનો કોઈ પ્રયત્ન ક્યાંય નોંધાયેલો દેખાતો નથી, અને બીજી બાજુ શ્વેતાંબરના કેટલાય તીર્થોમાં ખોટી રીતે કબજો મેળવવાનો પ્રયત્ન દિગંબરોએ કર્યો હોય તેવા દાખલા કોર્ટના ચોપડે આજે પણ નોંધાયેલા પડયા છે.

આંખ મીંચીને વિચારીએ છીએ ત્યારે એક પછી એક તીર્થની લાંબી સીરિયલ આંખ સામેથી પસાર થઈ જાય છે કે જેના ઉપર દિગંબરો તદ્દન ખોટો હક્કનો દાવ અજમાવી રહ્યા છે.

દિગંબરો કહે છે સમ્મેતશિખર અમારું છે. દિગંબરો કહે છે કે અંતરિક્ષજી તીર્થ અમારું છે. દિગંબરો કહે છે મક્ષીજી તીર્થ અમારું છે. દિગંબરો કહે છે કુમ્ભોજ તીર્થ અમારું છે. દિગંબરો કહે છે તારંગા તીર્થ અમારું છે.

દિગંબરોને એકવાર બોલાવીને પૂછી લેવાની જરૂર છે કે ભાઈ ! તમારું શું શું છે ? એનું એક લીસ્ટ અમને આપી દો તો અમને ખબર તો પડે કે તમે કયાં કયાં તરાપ મારી તમારું લીસ્ટ વધારી રહ્યા છો.

જુના મંદિરોનું સંરક્ષણ થતું નથી, સંવર્ધન થતું નથી, શુદ્ધિકરણ થતું નથી. ને નવા નવા તીર્થો અને મંદિરો હડપ કરવાનો હડકવા હજુ દિગંબરોનો મટતો નથી. તેઓનું શું થશે તે જ પ્રશ્ન છે.

સાંભળવા પ્રમાણે અંતરિક્ષજીના ઝગડા વખતે ઝનૂની દિગંબર સમાજે ત્યાં સુધીનો આકોશ વ્યકત કર્યો હતો કે - અંતરક્ષજી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના ટુકડે ટુકડા થઈ જાય તો ભલે થઈ જાય પણ એ ભગવાન અમે શ્વેતાંબરોના હાથમાં તો નહિ જ જવા દઈએ !

દિગંબરોના મોઢાના આ શબ્દો પર વિચાર કરતા જુગજુની પેલી કથા યાદ આવે છે. રાજદરબારમાં એક કેસ આવ્યો. દિકરો એક અને મા તરીકે હકક કરનાર બે ! રાજાય વિચારમાં પડી ગયો. આ દીકરો કોનો આની સાચી મા શોધવી શી રીતે ?

બધી રીતે પૂછપરછ અને ઉલટતપાસ કરી પણ બેયનો દાવો સાચો લાગ્યો, બેમાંથી દીકરો કોનો ? એ નિર્ણય ન થયો, તર્કોમાં દલીલોમાં દાખલામાં બેમાંથી એક ય પાછા પડે એમ ન લાગ્યા. રાજાએ મંત્રીને બોલાવીને કહ્યું મંત્રીશ્વર ! આવો કેસ આજ સુધી કોઈ આવ્યો નથી તમે જ તમારી કુશાગ્ર બુદ્ધિથી આનો નિચોડ કાઢો અને આ છોકરાની જે સાચી મા હોય તેને શોધી કાઢો અને તેને તેનો દિકરો સોંપો.

મંત્રીશ્વર કહે રાજન ! આમાં શું ન્યાય કરવાનો હોય... ? દીકરો એક છે અને મા' તરીકેનો હકક બે જણ કરે છે, તો ન્યાયનો સીધો રસ્તો એ છે કે છોકરાના બે કટકા કરી અડધો અડધો બેય મા' ને સોંપી દો'.. મંત્રીશ્વરનો ન્યાય સાંભળી એક મા કહે બરાબર છે, કઈ વાંધો નહિં. અડધો તો અડધો જે મળે તે હકક તો સાબિત થશે. ત્યારે બીજી મા' તો આ ન્યાય સાંભળીને જ હેબતાઈ ગઈ હે... મારા દિકરાને કાપી નાખવાનો, મારી નાખવાનો એ બે ભાગ પાડવાના..? મારા દિકરાને મરતો હું ન જોઈ શકું... ! તરત જ એ માએ કહ્યું રાજન ! મારે ન્યાય નથી જોઈતો.... મારા દિકરાને મરતો દેખવા હું તૈયાર નથી, ભલે એ જીવતો રહે ને બીજાના ખોળામાં રમે... એ જ વખતે મંત્રીએ સાચો ન્યાય કરતા રાજાને કહ્યું , રાજન ! બે કટકા કરીને ય દિકરા પર હકક સાબિત કરવા તૈયાર થનાર પહેલી મા' આ છોકરાની ખોટી મા' છે. દીકરો ભલે મને ન મળે પણ જીવતો રહેવો જોઈએ એવી લાગણી ધરાવનાર આ બીજી મા' તે આ છોકરાની સાચી મા છે. 'છોકરો એને સોંપી દો' - સાચી મા મળી ગઈ મા ય ખૂશ થઈ ગઈને દીકરો ય ખૂશ થઈ ગયો. ખોટી મા જોતી રહી ગઈ.

શ્વેતાંબરો કહે છે સમ્મેતશિખર અમારું છે, દિગંબરો કહે અમારું છે. સરકારે એની સાચી મા શોધી કાઢવાની છે, દિગંબરો કહે છે ભલે તીર્થ અપવિત્ર જાહેર થાય - તીર્થના ટુકડા થાય - તીર્થની મૂર્તિઓના ય ટુકડે ટુકડા થાય - તીર્થ સરકારના હાથમાં ચાલ્યુ જાય પણ અમારો હકક સાબિત થવો જોઈએ.

શ્વેતાંબરો કહે છે ઉપરથી નીચે સુધીનો આખો પહાડ અમારા માટે તીર્થ સ્વરૂપ છે એની રજેરજ અને અણુએ અણુ પવિત્ર છે. એ તીર્થનું સંપૂર્ણ સંરક્ષણ થવું જોઈએ. એ તીર્થની મૂર્તિ કે પગલાંની એક ખૂણોય તૂટવો ન જોઈએ. સરકારના હાથમાં તો તીર્થ કોઈ સંયોગોમાં જવું જ ન જોઈએ. અમે ભાઈ ભાઈ અંદર અંદર સમજી લેશું કાં લડી લેશું.

બિહાર સરકાર - બિહાર ગર્વનમેન્ટ અને પટણાની હાઈકોર્ટ હવે સ્વયં ન્યાય તોળે સમ્મેતશિખર તીર્થ કોનું છે ? સમ્મેતશિખરની સાચી મા કોણ છે ?

વહીવટમાં પાંચ શ્વેતાંબરોનાં પાંચ દિગંબરો ના અને પાંચ સરકારના આ તે કઈ ન્યાય છે. પટણાની રાંચી બેન્ચ પાસે સાચો ન્યાય તોળી શકે એવા ન્યાયાધીશ ન હોય તો એવા ન્યાયાધીશ એણે શોધી કાઢવા જોઈએ કાં તો બેન્ચનું વિસર્જન કરી દેવું જોઈએ પણ અન્યાય પૂર્ણ ચૂકાદો તો કદિ આપવો ન જ જોઈએ.

શ્રી મહાવીર શાસન - જૈન શાસનના લવાજમના
ચેક/મનીઓર્ડર વિગેરે હવેથી નીચેના સરનામે મોકલવા :

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર

૪૫, દિગ્વીજય પ્લોટ,
જામનગર - ૩૬૧ ૦૦૫. (ગુજરાત).

છોટી સી બાત : જે સમજાય છે એને દોષ દઈ શકાતો નથી. - ગટે

એક મિનિટ !

'હું અમદાવાદથી પાછો આવું ત્યાં સુધી મને
એક હજાર રૂપિયા ઉછીના આપશો ?'
'કયારે પાછા આવવાના છો ?'
'હજુ જવાનું જ કયાં નકકી છ ? '

સૌજન્ય : મુંબઈ સમાચાર

મદિરાની મદહોશીમાં 'જયતલાટી' શું બેહોંશ બની જશે ?

- 'શૌર્ય હેમા'

પરિચિત વિશ્વમાં વસવાટ કરતી પૂરી એક કરોડ જૈન જનતાના શ્વાસે શ્વાસ અને શબ્દે શબ્દ અહર્નિશ જેના જયગાન અને મહિમાગાન ગાતા રહ્યાં છે, તે પરમતારણહાર પુનીત તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનું પરિસર આજે એવા એવા તો કાળોતરા પાપોથી ઉભરાવા માંડયું છે કે, આ અપ્રતીમ પ્રભાવી મહાતીર્થનું 'પાવિત્ર્ય' સ્વયં જ હૃદયઘાતના શ્રેણિબદ્ધ હુમલાઓમાં કણસાવા માંડે...

જે વ્યસનો અને પાપલીલાઓ ભારતવર્ષના કોક વગડાની કોક અગમ - અગોચર પર પણ ધરાવરોહણ નથી પામી શકી; એવી પાપલીલાઓએ આજે ચોમેર પગદંડો જમાવ્યો છે. એ પગદંડો ન માત્ર સંસાર સ્થાનો સુધી સીમિત રહ્યો, એણે તો નિષ્પાપિતાના કેન્દ્રો પર ચઢી જઈને પોતાના પગ પછાડ્યા છે.. જેનું કારણ છે માત્ર વર્તમાનકાળ... જે વર્તમાનકાળે આધુનિકકરણના રંગબેરંગી તથા પાણેરી પરેઘાનો પહેર્યા છે. અફસોસ ! પણ ભૂતકાળની ભવ્યતાના અક્ષરો એના દ્વારા જ ભૂંસાતા જાય છે. અને તેય પાપોના પાણી દ્વારા... પાપલીલાઓના પાણી દ્વારા ભૂતકાલીન ભવ્યતા ભૂસાંઈ જાય, એના જેવી શોચનીય સ્થિતિ બીજી તે શી હોય ?

એક કરોડ નો પૂર્ણ સંખ્યાને આંબી જવામાં સફળ રહેલી પણ જૈન જનતા 'એક સમાન સિદ્ધાંત'ના ધારા ધોરણોને આચરવામાં વિફળ રહી છે. જેના જ પરિણામે જંગલના કુંજોમાં અને વૃક્ષોની કોટરોમાં પણ જે પાપાચાર નજ ચલાવી શકાય, તેવા પાપાચારોના પૂર આજે તેના શ્રદ્ધાધામોને અભડાવી ગયા છે.

આપણે સિદ્ધાંતોના સમષ્ટીગત પરિપાલનમાં તો વામણા પૂરવાર થયા, સાધુતાની ચુસ્તનીશી ને પણ એકરસતાની લાંહામાં ખોતા રહ્યા... હા ! પાપ' પણ આગેકૂચ કરી આપણા તીર્થો, આપણા ધર્મસ્થાપત્યોની આમન્યાના આરક્ષણના વિષમાંય ઉણા બનતા ગયા.... જે ઉણપ - અધૂરપ ભવિષ્યની પેઢીઓ માટે અભિશ્રાપ કાં ન બની રહે ?

આધુનિકકરણની આંધીએ પુરાતન ધર્મશાળાઓ, પુરાણા સ્થાપત્યો અને કાચા-માટી - મેટલના માર્ગો તોડયા, હજી આટલું તો અભિપ્રેત માની શકાય, પણ પછી તો તેને વિરામ-વિશ્રામ આપવો આવશ્યક હતો. અપેક્ષિતતાથી અધિક વિકાસ સધાતા જ તે વિકાસે આધુનિકતાનું સ્વરૂપ પકડયું. જેણે પુરાતન સ્થાપત્યોની સાથે જ પવિત્રતાનું પણ હનન કરી નાંખ્યું જે તો હરગીજ માન્ય રાખી શકાય નહિં.

પૂર્વકાળમાંથી શ્રી શત્રુંજય મહાતીર્થની 'જયતલાટી' તરફ દોરાનારો પ્રવાહ પ્રાયઃ સંયમિતો - શ્રદ્ધાળુઓથી ઉભરાતો જ્યારે ઈસુની એકવીસમી શતાબ્દીના પ્રારંભ સાથે જ તે પ્રવાહ એક અચૂક ચિન્તનનો વિષય બન્યો છે. કારણ કે, શ્રી શત્રુંજય મહાતીર્થની ગિરિમાળા પર બહુધા શ્રદ્ધાળુઓ - સંયમિતોનું આરોહણ થતુ હશે, એ કથન સાથે હજીય સંમતિનો સૂર પૂરાવી શકાય તેમ છે, ચલબત! જો દાવો એવો કરવામાં આવતો હોય કે તીર્થાધીશ્વર શ્રીશત્રુંજયની 'જય તલાટી' ના પરિસરમાં, તેમજ પરિસર તરફ દોરી જતા માર્ગોમાં પણ શ્રધ્ધાળુઓ સંયમિતો જ અધિકાર ભોગવી રહ્યાં છે; તો તેની સામે અસંમતિના આર્તનાદ ફૂંકવા પડશે.

અપ્રતીમ પાવિત્ર્યને પોતાના અણુ-અણુ - પરમાણુ - પરમાણુ પર પ્રતિષ્ઠિત કરનારા શ્રી શત્રુંજય મહાતીર્થના ઉંબરા સમી 'જય તલાટી' આજે વ્યસનોની ભીતિથી ધ્રુજી ઉઠી છે. મદિરાની નાક ચીરી નાંખતી 'બૂ' આ જયતલાટીની ભવ્ય ભૂમિ તરફ ઘસી આવવા નકકર વિચારણા ચલાવી રહી છે. મદિરાની મદહોંશીમાં મદમસ્ત બનેલાઓ જય તલાટીની અટારી સુધી આક્રમણ કરી ચૂક્યા છે. અરે ! વિશ્વપૂજ્ય શ્રી જય તલાટીથી ૧૦૦૦/એક હજાર મીટરની ભૂમિ અવધિમાંજ દારૂના એકમો - અકાઓ ઉગી નીકળ્યા છે. એય છાની - છૂપી રીતે સમી સાંજે કે મધરાતે તો અહિ વ્યસનો બેફામ પણે સેવાય છે. જય તલાટીની નજીકનો ખેતરાળ પ્રદેશ ઉપરોકત આક્ષેપોની ગવાહી પૂરે છે.

જરૂર છે, હવે માત્ર આપણી બુલંદ કાર્યશકિતની અને ત્યારબાદ પ્રતીકાર શકિતની રાતના સમયે અન્ધારના ઓળા પૃથ્વીપર ઉતરી પડતાં જ મદમસ્તોની મોજશોખી અહી કરાલ - વિકરાળ સ્વરૂપ

પકડે છે. જે સ્વરૂપનો પાલીતાણા સ્થિત લબ્ધપ્રતિષ્ઠિત જૈન પંડિત યુવાનને પૂરતો પરચો પણ સાંપડ્યો છે.

વ્યસનો તો અનેક છે. વિપત્તિઓનો વરસાદ વરસી પડયો છે. અલબત્ત ! મદિરાનું દૂષણ એટલું તો ભયાનક પૂરવાર થશે કે એની કેફિયતમાં આપણી આખરી કરૂણતા છલકાતી રહે... સામાન્યતઃ દૂષણો જ ખરાબ ગણાય. તેના એકેકા અંશને હણી નાખવો રહ્યો. પણ દૂષણોના ડુંગરાઓ ઝીંકાતા રહે છતાંય ઉપેક્ષાની ઉંઘ જ જ્યાં ઉઘડતી ન હોય, ત્યાં એ તો કયાંથી શકય બને ? સબૂર ! દૂષણોના પ્રસારની ભીષણ સ્થિતિ જ્યારે સરજાઈ જાય ત્યારે તો કમસેકમ આપણે જાગવું જ જોઈએ. અનેકવિધ દૂષણો - વ્યસનો અને વિપદાઓની ઉપેક્ષા કરતા આવ્યાનો રંજ પણ જો આત્માને અડી જતો હોય તોય આપણી ઉંઘ હરામ થઈને જ જંપ લે. કિન્તુ, દૂષણોની ભીષણ સ્થિતિને ભરખી ખાવા માટે ય જો આપણી પાસે જાગૃતિ ના જોર ન બચી શકયા હોય, તો તો આપણા જેવા દયનીય વિશ્વમાં અન્ય કોઈ ન ગણાય... એ હદની ઉપેક્ષા ને તો કેવલ શાહી શ્યોં' અન્ધકાર જ લેખવો પડે, કે જેના આવરણ નીચે બધુ જ દટાતુ જાય... દબાતુ જાય...

મદિરાપાન'ના દૂષણને સાચ્ચે જ દૂષણોની પણ ભીષણ સ્થિતિ ગણવી રહી. કારણ કે મદિરાપાનનું વ્યસન એવા સંકેતોના સૂર ઉચ્ચારે છે, કે શેષ સર્વવ્યસનો તો અહી મદભર તાંડવ ખેલી શકશે. મદિરાપાન, એ કાંઈ નાનુ - સૂનુ દૂષણ નથી કે તે ઉપેક્ષાપાત્ર અનિષ્ટ નથી. મદિરાપાન એકમાત્ર મદિરાપાનના દૂષણો તો વિશ્વ આખાની વિપદાઓને સાદર નિમંત્રણ પાઠવી શકે છે.

ભારતના કોઈપણ ધર્માચાર્યો, સંસ્કૃતિ તજ્ઞો, તબીબો કે સજ્જનોને પૂછવાથી ઉપરોક્ત વૃત્તની ખાત્રી મેળવી શકાય છે. મદિરાની મદહોંશી'માંથી વિશ્વમુકિત'ની પ્રાર્થનાના પ્રાર્થક જૈનો પોતાની ધર્મભૂમિને પણ આ અનિષ્ટમાંથી જો નહિં ઉગારી શકે, તો તેમની પ્રાર્થના પ્રાણવન્તી લેખી શકાશે ખરી ?

મદિરાની મદહોંશી' માંથી વિશ્વમુકિતની પ્રાર્થનાનો દૂર રહી, દેશમુકિતની ભાવના પણ છેટી પડી, અરે ! મદિરાના દૂષણમાંથી સમાજ મુકિતના ધ્યેય પણ વિખૂટા પડયા. અલબત્ત ! કમસેકમ શ્રી શત્રુંજય અને તેવા જ આપણા તારક તીર્થ સ્થાનો ને તો મદિરાની મદહોંશીમાં ઝૂલતા મદહોંશોથી મુકિત અપાવવ જ રહી.

પણ, તે માટે પારાવાર પુરૂષાર્થ કરવો પડશે. અગણિત અધાર્મિક પીડાઓને સહર્ષ સત્કારવી પડશે. અનાર્ય માનસોના ઝનૂની આન્દોલનોના અંગારપર આગેકદમ માંડવા પડશે.. અને જો તકલીફોનો આલેખ વાંચી બરફ બની જશું તો લેખકે સ્થાપેલું "મદિરાની મદહોંશીમાં 'જય તલાટી' શું બેહોંશ બની જશે ?" શીર્ષક કદાચ સત્યનો સાક્ષાત્કાર પણ કરાવી જાય.

ના, ના, ના, ના, ના,.....

અધર્મોનો વિજયધ્વજ લહેરાઈ ઉઠે, એ પૂર્વે તો ધર્મ-ઘર્ષણનું ઉદ્‌ઘાટન કરી જ લઈશું... માટે જ આપણે આપણી જાતને સંભાળવીએ : उत्तिष्ठत ! जाग्रत !...

जयउ सवण्णू सासावाम्

પ્રવચનના પડઘા

- નંદનવનના પુષ્પોનું આચમન કરવા માટે ભમરાને રહેતી ઉત્કટતા કરતાં અનંતગણી લોકકિતની ઉત્કટતા આપણા તારક તીર્થંકર પરમાત્માઓના હૈયે ઝરતી હતી...
- શરીર, સંપત્તિ અને સ્વજનનો રાગ છોડાવે અને શ્રદ્ધા શ્રુતજ્ઞાન તેમજ સર્વવિરતિનો અનુરાગ જે જગાવે તેને કહેવાય શ્રી જિનાજ્ઞા ... !
- મુરાદોમાં મહાનતા આણે, જીવનમાં ધન્યતા બક્ષે - આચારોમાં ઉચ્ચતા લાવે અને વિચારોમાં વિશેષતા શોભાવે, તેને ઓળખી શકાય એ જિનાજ્ઞા...
- એ જિનાજ્ઞા જેના કંઠનો રાગ બની જાય, દિમાગનો બાગ બની જાય. હૈયાની આણ બની જાય તે સાચો જૈન.... !
- એ જિનાજ્ઞા સ્વરૂપ જૈનધર્મનો મૂળાધાર જ્ઞાન અને ક્રિયાના દ્વિમુખી પાયાથી રચાયો હોય છે.
- જ્ઞાનમાં ઉપેક્ષા અને ક્રિયાઓમાં (ભૌતિક) અપેક્ષાઓએ આપણા ધર્મના ચહેરાને મ્લાન બનાવી દીધો છે.
- સંસારપરનો રાગ છોડે તે સાચો સાધુ...! તેમજ કમસેકમ, સંસાર પરના રાગને તરછોડે તે સાચો શ્રાવક...

તિથિ વિવાદનો ઉલ્કાપાત જૈન સમાજને દઝાડી રહ્યો છે...
વિસંવાદોનો વિનિપાત ચોમેર નજર નાંખી રહ્યો છે...
ત્યારે મનને મૂંઝવે છે; એક મૂંઝવણ :

સત્યને વધાવીશું કે વધેરશું ?

લેખક : ''સત્ય યોદ્ધા''

લેખાંક - ૧

અઢી-અઢી સહસ્રાબ્દી લાંબા સમય નેપથ્યને ચીરી નાંખવાની તાતી આવશ્યકતા ઉભી થઈ છે; વિશ્વમહાન શ્રી જિનધર્મની પ્રતિષ્ઠાના મૂળનું માહાત્મય સમજવા. **પચ્ચીસોને પંચાવન વર્ષ** પ્રમાણના વિશાળકાય ભૂતકાળને જો ચીરી શકીશું તો તે આસપાસમાં જ નવાવતાર પામેલી જૈનધર્મની પ્રતિષ્ઠા એક દૃશ્ય બનીને બહાર આવી જશે... ભારતવર્ષની આ ભવ્ય ભૂમિપર શ્રમણાર્ય - ક્ષમાશ્રમણ પ્રભુ શ્રી વર્ધમાન સ્વામિજીએ ત્યારે પ્રાણ - પ્રતિષ્ઠત કર્યો હતો, જૈન ધર્મને...

જૈન ધર્મના પ્રતિષ્ઠાચાર્ય સમા તે જગદ્‌ગુરૂ પરમાત્માના અન્તઃસ્તલમાંથી જ સ્વાર્થ તો અદૃશ્ય બની ગયો હતો. તેથી જ તેમના એકાદા આચરણમાંય સ્વાર્થના દૃશ્યનું છાયાચિત્ર પણ ઉભરી આવવાની શક પ્રાણહીન - શ્વાસહીન બની બેસીતી. તે જગદ્‌ગુરૂના પાતસ્તલથી લઈને અન્તઃસ્તલ સુધીના પ્રદેશો પર સત્યનો મહાધ્વજ ફરકી રહ્યો હતો. અરે ! તેમના ત્રણે ત્રણ યોગમાં, તેમના સર્વ સંયોગમાં સત્યનો મહાયજ્ઞ પ્રોજજ્વલિત બન્યો હતો... બેશક ! પરમાત્માના પરિસરમાં પાંગરી ઉઠી તી; સત્યની જ સર્વોપરિતા. એથી જ ન તો ત્યાં સ્વાર્થ નામના અભ્યન્તર દૈત્યના પડછાયાનેય પ્રવેશ સાંપડી શક્યો કે નતો 'સંખ્યા' નામની ભૂતાવળના ઝાંઝર ત્યાં રણકાર - ઝણકાર ગુંજવી શક્યા...

હા ! નિઃશંકતા ના નિઃશ્વાસ લઈને અને શ્રદ્ધાના સિંહનાદ પાડી - પાડીને આથી જ કહેવું રહ્યું કે વિશ્વપૂજ્ય શ્રી જિનેશ્વરદેવે ઉદ્‌બોધેલા શ્રીમદ્ જિનધર્મનું જીવનસૂત્ર જ સત્ય' રહ્યું છે. શ્રી જિનધર્મની પ્રસ્થાપના અને પ્રતિષ્ઠાના મૂળમાં જ સત્યનો સાક્ષાત્કાર લપાયેલો છે. સત્યના સાક્ષાત્કારના શકિતજળને આરોગી - આરોગી આ પ્રભુધર્મ, પ્રાદુર્ભાવ પામ્યો છે. પ્રાદુર્ભાવ જ નહિ અપ્રતિમ પુન્ય પ્રભાવને વર્યો છે. વીતરાગ ધર્મના પ્રાદુર્ભાવ તેમજ પ્રભાવ વિસ્તારના મૂળ એક એવા તળ સુધી પ્રસર્યા છે, કે જે તળની તુલના ત્રણલોકની શકિત કરી શકે નહિ. તે તળ એટલે અન્ય કશું જ નહિ, કેવળને કેવળ સત્ય...

સત્ય જ નહિ, સનાતન સત્યના તળ સુધી પહોંચી જવામાં એકમાત્ર શ્રી જિનધર્મના મૂળ જ સફળ અને સબળ નીવડ્યા છે. સબૂર ! આથી જ હૃદયની તકતીપર સોનવર્ણા અક્ષરે એ કંડારી લેવાની જરૂર છે; કે, (૧) ''શ્રી જિનધર્મ તો તેવો જ હોય જે સત્ય પ્રતિબદ્ધ બને.., (૨) જિનધર્મનો આરાધક જૈન તો તેને જ કહેવાય કે જે સત્યનો જ શોધક અને સાધક બને..., (૩) સત્યના શ્વાસથી વિકલ બનેલા વીતરાગ ધર્મનીતો કલ્પના માત્ર પણ ગોઝારી બની બેસે છે.

કાળના વહેતા વહેણોએ પોતાના પાતાળી પેટમાં પૂરી પચ્ચીસ - પચ્ચીસ શતાબ્દિઓ ગરક કરી દીધી, તેમ છતાંય સનાતન સત્યના એકમેવ ઉદ્‌ગાતા શ્રી અરિહન્તોએ ઉપદેશેલા પેલા જૈનધર્મના તાણે અને વાણે ગુંથાયેલ સત્યઘોષોના બુલંદ પ્રતિઘોષો હજીય - આજેય ઘૂ-ઘૂ... ઘૂઘવાટા વેરી રહ્યા છે. જે સાંભળવા માટે તો સ્વેચ્છાચાર અને સ્વચ્છન્દાચારની આહુતિ માત્ર અપેક્ષિત છે... સ્વેચ્છાચાર અને સ્વચ્છન્દાચારની અકર્ણતા જો આપણને બહેરા - અકર્ણ બનાવી ન ગઈ હોય તો જરૂરથી વર્તમાનના વિષમ યુગમાં પણ પ્રભુશાસનનુ સત્ય આપણા કાને ટહેલ પાડવા ઉત્સુક છે. હા ! અનેક એક વાર જો તે સત્યનો સાદ અન્તરના કાન આમળી ગયું, તો તે ત્યાર પછી સંખ્યાવાદ' બહુમતવાદના પ્રેમનો પરપોટો વિસ્ફોટ પામ્યા વિના નહિ રહે. જે વિસ્ફોટ બહુમતિ - એકમતિની નિરર્થકતાના નગ્નદર્શન કરાવી જશે.

અલબત્ત ! બહુમતિ - એકમતિ કેયાવત્ સર્વાનુમતિની નિરર્થકતા અને સત્યપરસ્ત શાસ્ત્રમતિની સાર્થકતાનું અવલોકન કરવા સર્વ પ્રથમતો આપણે સત્યની સમીપ પહોંચવું પડશે, કારણ કે આપણા રોમે રોમ પ્રજ્વળેલા જિનધર્મની ઉત્પત્તિ અને એના અસ્તિત્વને 'સત્ય' સાથે તોડી ન શકાય - કેમેય વિઘટિત ન કરી શકાય તેવો બદ્ધમૂલ સંબન્ધ રહ્યો છે.

યુગોના યુગોથી અર્જિત = એકઠા કરેલા અહોભાગ્યની

અફાટ રશિના પ્રતાપે આપણને આજે સત્ય મૂલક શ્રી સર્વજ્ઞ ધર્મતો સાંપડી ચૂકયો છે. અલબત્ત ! તે શ્રીસર્વજ્ઞ ધર્મનો મર્મ છે : સત્ય આવા સત્યનો સ્પર્શ સુદ્ધા આપણને થઈ શકયો છે કે નહિ ? એ પ્રશ્નતો દહેશતાના ઘૂંટ પીએ છે... બેહાલ ! જૈન દુર્દશાનું નિવારણ કર્યા વિના ચાલી શકે નહિ.....

લાખોની સંખ્યા વળોટતા બૃહદ્ જૈન સમાજ સામે આથી જ એક સર્વગ્રાહી પ્રશ્ન અટ્ટહાસ વેરી રહ્યો છે, કે ''સત્યને વધાવીશું કે વધેરશું ?''

સત્ય જ જેનો શ્વાસ - વિશ્વાસ કહેવાય એવા જૈનધર્મના અનુયાયીઓ સમક્ષ 'સત્યને વધાવીશું કે વધેરશું ?' એવા દર્દનાક પ્રશ્નની પ્રસ્તુતિ પણ ખેર, હૃદયદ્રાવક ગણાય, કિન્તુ આજે તો તે હૃદયદ્રાવકતા સાર્વત્રિક દ્રશ્યમાન બની રહી નથી જણાતી શું ?

ઈતિહાસ એવો અવાજ પાડે છે... શિરોમાન્ય શાસ્ત્રગ્રન્થો તેવો ધનુષ્યટંકાર કરી રહ્યો છે... કે સત્યના શોધન અને ત્યારબાદ સત્યના સેવન વિના કોઈ મહાત્માય કદાપિ જૈન બની શકયુ નથી. વિશ્વસ્તુત શ્રી જિનધર્મની સઘળીય વિધિઓ શ્રી જિનધર્મના સર્વવ્યવહારો શ્રી જિનધર્મના સત્યમૂલ સર્વ વચનો... પૃથ્વીતળપર સત્યનો અપરાજેય પ્રકાશ પાથરનારા પરિબળો બની રહે છે.

પરમસત્ય આ પરમાત્મધર્મનું અસ્તિત્વ ત્યાં સુધી જ સલામત રહી શકે છે, જ્યાં સુધી તેની આધારશિલા અક્ષત અભંગ હોય. શ્રી જૈનધર્મની જો કોઈ આધારશિલા હોય તો તે ને કહેવાય છેઃ સત્ય. સત્યની તે આધારશિલા ભગ્ન-વિભગ્ન બનતાવેંત જ શ્રી જિનશાસનનું અસ્તિત્વ જમીન દોસ્ત બન્યા વિના નહિ રહે. કારણ ? કારણ કે શ્રી જિનધર્મની ઈમારતનો મૂળભૂત આધાર જ ઘટી શકે છે : સત્ય...

બેશક ! શ્રીમદ્ જિનધર્મની સત્યમૂલકતાની ઉદ્ઘોષણાની સાથે જ એ ઉલ્લેખ પણ અનિવાર્ય ગણાશે કે પુરાતનથી અદ્યતન સમય સુધીના... પેઢીઓની પેઢીઓના જૈનો પણ એ જ અફર સત્યને સાધતા આવ્યા છે. જિનધર્મનો અનુયાયી, પછી તે કોઈ પણ હોય, સત્યપરસ્ત રહેતો આવ્યો છે. સત્યપરસ્ત રહેવાનો છે અને તેથી જ તે સત્યપરસ્તજ રહેવો જોઈએ.

આ એક સત્ય હૃદયી 'શાસનયોદ્ધા'ના મનની મનોભાવના છે. ભાવના જ નહિ, કિન્તુ જિનશાસનના રહસ્યને ચીંધતી આ એક પરિભાવના પણ સમજવી પડે... 'સત્યભકિત તેમજ સત્યાગ્રહ'ને ચીંધતી ઉપરોકત ભાવનાને ફકત પરિભાવના જ ન માની શકાય.... કારણ કે તે જરૂરથી એક સંભાવના પણ ગણાય. સત્યપરસ્તી'તો શ્રી જિનશાસનનો પ્રાણ છે. એ પ્રાણને પીંખી નાંખીને કદાચ 'એકમતિ અને ઐકય'ની અંગરચના રચવાય સજજ બનીએ, અલબત્ત ! તેનો શો અર્થ ? શું તેની ફલશ્રુતિ ''

કોઈ શખ્સને શોભા - શણગારના ઉત્તેજક મનોરમ મંડપમાં તખ્તનશીન કરવામાં આવ્યો. તખ્તનશીન થયેલા તે શખ્સે મનમૂકીને મનગમતા પદાર્થોની મસ્તી માણી - મહેફિલના રંગે આબાદ રંગાયેલો તે મદહોંશ પ્રાયઃ બની બેઠો. અરે ! ત્યાર બાદ તે શખ્સને રૂપેરી - રંગેરી અને સોનેરી પરિધાનોથી એ રીતે તો મંડિત કરી દેવામાં આવ્યો કે તેને પહેરેલા ચળકતા પરિધાનોને જોઈ રાજકુંવરોની રાજી તારાજ થઈ જાય... ભારે દબદબા સાથે અને વૈભવી શણગાર સાથે તેની સવારી નીકળી. નીકળેલી સવારીએ જોત જોતામાં તો સરઘસનો આકાર રચી દીધો... સેંકડોની જનતા વચ્ચે તખ્તનશીન બન્યો તો, પેલો શખ્સ. જેની જ તો આજે શાન-બાન ગવાઈ રહી છે. શખ્સની નીકળેલી સવારીએ અને સવારીમાંથી બની બેસેલા સરઘસે શબ્દોચ્ચારો દ્વારા પૂર્ણ ગગનમંડલ ભરી દીધું. અલબત્ત ! આકાશ ગજવતી અને દિશાઓ શોભાવતી તે સવારી પ્રયાણ કરી રહી તી, વધ્યભૂમિ તરફ... સરઘસે એક વળાંક લીધો ત્યાં 'વધ્યભૂમિ'ના દર્દદ્રુતદર્શન સાક્ષાત્ બન્યા... અન્તે વિશાળકાય આ સરઘસ તે વધ્યભૂમિનું મહેમાન બન્યુ... પણ વરરાજ'ની પીઠપર તો તખ્તનશીન હતો જ, પેલો શખ્સ ! આકાશ ગાજતું રહ્યું... જનતા જોતી રહી... હા અફસોસ ! અને આ શખ્સને ફાંસી ના માંચળાની વેદિ પર પ્રદક્ષિણા કરાવવામાં આવી... ફાંસીની દોર સાથે તેનું હસ્તધૂનન જ નહિ જીવનધૂનન થયું... ત્યારે તેના મોઢા પર કેવું ગજબ - અજબ કોટીનું સ્મિત ઉભરાઈ આવ્યું હશે ?... સબૂર ! પણ ઉપસ્થિત જનતા એટલી અભાગણી, કે તે સ્મિત નિહાળી ન શકી, કારણ કે કાળોતરા પડદાના આવરણ પાછળ શખ્સના મુખનું ફાંસી કુંવરી સાથે લગ્ન થઈ રહ્યું તુ...

જ્યારે ફાંસીના માંચળે જીવન ધૂનનની આ ક્રિયા ચાલુ થઈ ગઈ, ત્યારે ચારેકોર સ્તબ્ધતા છવાઈ ગઈ. પેલા આકાશ ચીરતા શબ્દોચ્ચારો સ્તબ્ધતાના એક દંડ-ઘાતે સૂન-મૂન બની ગયા. સોનેરી - વસ્ત્રોના ચીર-હીર ન જાણે પણ સ્તબ્ધતાની એક જ ફૂંકે ફૂંકાઈ ગયા.

બોલો ફાંસીનો દોર જ જો અન્તે ચુંબન કરી જવાનો હોય તો લાખેણા-મોંઘેરા કિંમતી પરિધાનોનું શુ મૂલ્ય ? હૈયે હૈયા દબાઈ જાય તેવી ભીડભર્યા સરઘસોનું પણ શું મૂલ્ય ? ઉત્તરદાન દેવાની ઈચ્છાશકિતનો

જવાબ પ્રસ્તુત પ્રશ્નમાં નકારાત્મક સ્વર પાડી રહ્યો છે...

બસ ! ઉપરોક્ત ઉદાહરણની જ અંશે અંશ તુલના 'સત્ય પરસ્તીને પાણીમાં પરઠવી દઈને સધાઈ રહેલી એકમતિ' સાથે કરવાની લા-જવ બ જરૂરીયાત ઉભી થઈ છે.... અન્તે કે પર્યન્તે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ પ્રભુધર્મના પ્રાણ સમા 'સત્ય'ને જો ફાંસીના દોરનું જ આલિંગન કરવાનુ બચતુ હોય તો સત્યના ભાગે ફાંસીની ફરજ સોંપીને સાધી શકાતી સંઘએકતાને અપનાવવા કરતા તો લાખ ગણુ ચઢેત્તર છે; એકતાના ભોગે પણ આજ્ઞાનુ જ આરાધન...

શિથિલતા એ સ્વયમ્ એક ખ્યાત - કુખ્યાત શખ્સ છે. શખ્સગીરીના વિષયમાં શિથિલતા સાથે સ્પર્ધા કરી શકે એવી એકાદી પણ હીનતા જો વિશ્વમાંથી જડી જતી હોય; તો આપણા નયનો વિસ્ફારિત થવા તત્પર રહ્યાં છે... શિથિલતા એક એવો મોટો શખ્સ છે; કે જે શખ્સની શખ્સગીરીનો સૂર્યાસ્ત જરૂરથી રાતા-વર્ણો જ રહે. અલબત્ત ! શિથિલતા દ્વારા થતો તે સૂર્યાસ્ત સંયમના સૂર્યના અસ્તસ્વરૂપ બની રહે... એથી ય આઘાતજનક વાત તો એ છે કે શિથિલતા દ્વારા પ્રેરાતા તે સૂર્યાસ્તને શોભાવતા રક્તિમવર્ણો સત્યના ખૂનથી રંગાયેલા હોય...

સત્યનું લોહી વહાવી, શ્રમણ સંઘના સૂર્ય શા' તેજસ્વી સંયમને અસ્તાચળ પર ઢળી દઈ પેલી શિથિલતા કદાચ શ્રી જિનશાસનમાં શાન્તિની સવાર કે શાન્તિની સન્ધ્યા સરજી બતાવતી હોય, તોય તે નિન્દનીય છે. જુગુપ્સનીય છે... જેમાં કોઈ શક ને સ્થાન નથી.

શિથિલતાની ઉપરોક્ત વાત કદાચ વાંચકને પ્રસ્તુત વિષયમાં અપ્રસ્તુત બનતી જણાશે. અલબત્ત ! તે અપ્રસ્તુત એટલા માટે નથી કે એ શિથિલતા ના શખ્સની જ શખ્સગીરીએ 'સત્ય'ને વધ્યભૂમિ તરફ પ્રયાણ કરાવ્યું છે. બહુપૂજનીય શ્રી શ્રમણસંઘના ઠીક-ઠીક હિસ્સાપર શિથિલતા નામના શખ્સે પગદંડો જમાવ્યો. તો બહુમાન્ય શ્રી શ્રાદ્ધસંઘના અગ્રણી હિસ્સાપર પણ વિચારોની શિથિલતા એ તરાપ મારી.... આચાર તો શ્રાદ્ધસંઘના બહુપ્રાયઃ ધવલ રહ્યા, પણ વિચારો કથળતા ચાલ્યા... શ્રી શ્રમણ સંઘની આચાર સમેત વિચારોની શિથિલતા અને શ્રી શ્રાદ્ધસંઘની વિચાર શિથિલતા એ શખ્સગિરીનું સ્વરૂપ ધારણ કર્યું... અને હા પાપ ! તેનો ભોગ બની ગયું. સત્ય...

ગુન્હા, કસૂર કે અપરાધ છે, શ્રમણો કે શ્રાવકોના... કિન્તુ તેના દોષારોપણનો કળશ ઢોળ દેવામાં આવ્યો સત્યને શિરે... આતે કેવી ક્રૂર ક્રીડા ...? સ્વનાસ્થાને સત્યને શખ્સ બનાવી દઈ, આ ઉનૂની, શિથિલ તેમજ જમાતે સત્યને જ વધ્યભૂમિ તરફ ધકેલી દેવાનો સર્વાનુમત નિર્ણય કર્યો છે... તેય સત્યનુ હનન છાની-છૂપીથી નહિ પણ સરાજાહેર કરવા તેઓ કૃતસંકલ્પ બન્યા છે.

જે સંકલ્પના અમલીકરણનો અન્તિમ આરંભ વિ. સં. ૨૦૪૨ તેમજ વિ. સં. ૨૦૪૪ ના પટ્ટક તેમજ સંમેલનથી કરવામાં આવ્યો. સત્યને જ વધ્યભૂમિ તરફ લઈ જઈને પોતાની સર્વશિથિલતાને સહી - સલામત રાખવાની તીખી નેમે વડીલોની તો શેહ ભાંગી નાખી... ગુરૂજનોની શેંહ તો તોડી પાડી, અલબત્ત ! શાસ્ત્રોની શેહ શરમ પણ સાગરમાં પધરાવી દીધી...

સબૂર ! મૂઢ અને મુગ્ધજનતા સત્યના આ વધ્યભૂમિ પ્રતિના પ્રયાણને મૂળભૂત સ્વરૂપમાં પીછાણે જ નહિ એટલા માટે શ્રમણો ની આ મંડલીએ 'સંઘ એકતા'ની નયનાકર્ષક સવારી કાઢી... જેને પાછળથી સર્વસહમતિ અને સાર્વત્રિક સમાધાનનું સરઘસ બનાવી દેવામાં આવ્યું. જે સરઘસની બાહ્ય સુન્દરતાના સ્રોતોમાં તણાઈ - ખેંચાઈ સમાજનો બહુજનવર્ગ તેમાંજ ભળી જવામાં પોતાનું શ્રેયઃ સમજવા લાગ્યો. સત્યની આ વધ્ય સવારીના સરઘસમાં જ ઝંપલાવી દેવામાં કેટલાંક અબુઝો પોતાનું આત્મશ્રેયઃ દેખાવા લાગ્યા.

અને સાચ્ચે જ તે બધાએ અદ્‌ભુત 'સંઘ ઐકય'ના સપના સાકાર (!) કરી દઈ ભારતના ગગનમંડલને 'જૈનમ્ જયતિ શાસનમ્' ના બુલંદ જયનાદોથી ભરી દીધુ (!) જેના કારણે એકવાર તો સત્યની આ અન્તિમયાત્રાએ પણ શાસનભક્તિનો જ આભાસ ખડો કરી દીધો...

પણ... ત્યાં 'સંઘ એકતા' અને 'સંઘ ઐકય'ના આ સરઘસે એક વળાંક લીધો... જે વળાંક પર વળી જતાં જ સામે એક સ્થાન આવી પહોંચ્યું. જે સ્થાન હતું... સત્યના હનનનુ... વિ.સં. ૨૦૫૫ની સવંત જાગી ઉઠી. જે સંવત હજી હમણાંજ આથમી છે. તેના ભાદરવા મહિને જ સત્યનું વધસ્થાન આવી ગયું. અને 'તે' એટલે ભા.સુ. કલ્પિત ચોથ, ૨૦૫૫ ને મંગળવાર... જે દિવસે સનાતન સત્યનો વધ થયો. આ સરઘસ ત્યાં એક વિરામ પામ્યું. જ્યારે ચોમેર સત્યપ્રેમીઓમાં સન્નાટો ફેલાયો હતો.

(વધુ ક્રમશઃ)

પોતાના બોલતા પુરાવાનો નાશ પાતેજ કરે ?

સંવત્સરી, સોમવારે જ કેમ ?

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમો નમઃ ॥
॥ અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥

ત્રિકાળ દર્શન
જૈન ધાર્મિક પાસબુક

આશિષદાતા
પ. પૂ. પં. પ્ર. શ્રી ચંદ્રશેખરવિજયજી મ. સા.
પ. પૂ. પં. પ્ર. શ્રી જગવલ્લભવિજય મ. સા.
પ. પૂ. પં. પ્ર. શ્રી રત્નસુંદરવિજય મ. સા.
પ. પૂ. પં. પ્ર. શ્રી હેમરત્નવિજય મ. સા.

નામ : _____
સરનામું : _____
_____
_____
ફોન : _____

પ્રેરણા આપનાર ગુરુદેવ

: પ્રકાશક :

વર્ધમાન સંસ્કૃતિધામ
(ઈરલા, પાર્લા ઉપ.)
શ્રી અખેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ. વી. રોડ,
ઈરલા બ્રીજ, પાર્લા (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦ ૦૫૬.
ફોન નં. ૬૨૦૫૩૫૦

પ્રકાશન તારીખ - ઓક્ટોબર - ૧૯૯૬

કિંમત - ૧૩૫/-

પ્રીન્ટર્સ - અમિષા આર્ટ
બીલે પાર્લા (ઈ).
ફોન: ૬૧૬ ૬૨૨૪ / ૬૨૧ ૧૨૧૯

આર્ટપેપર ટાઈપ સેટીંગ - [illegible]

આ પ્રકાશનમાં કોઈ શાસ્ત્રીય કે માહિતીની ભુલચુક કે અવિનય થયેલ હોય તો ક્ષમા માગીએ છીએ. તેમજ તે ભુલ નિચે મુજબ સરનામે જણાવવાની અમારે, નમ્ર વિનંતી.

એસ્ટ્રાડામ્સ સર્વીસીઝ
૩૦૨, હરિલીલા, આઠ બંગલા રોડ,
પીરામલ પાર્લા (ઈ.) મુંબઈ - ૪૦૦ ૦૫૭

તપાગચ્છ જૈન સંઘની પાટ ગજવનાર ચાર-ચાર પંન્યાસપ્રવરોનું એકી અવાજે

અપાયેલ એલાન

વિ. સં. ૨૦૫૫માં તપાગચ્છની સંવત્સરી સોમવાર તા. ૧૩-૦૯-૧૯૯૯ ના દિવસે જ !

આ જાહેરાત તેર વર્ષ જૂની નથી કે વર્ષ જૂની પણ નથી
૨૦૪૪ ના અમદાવાદ મુનિ સંમેલન થયા બાદ વર્ષો પછી સને ૧૯૯૬માં જ થયેલ છે.
આ એલાન એ મહાત્માઓની કૃપાથી ચાલતા વર્ધમાન સંસ્કૃતિ ધામે એમના આશિષથી જ પ્રસિધ્ધ કરેલ છે. આ રહ્યા એના બોલતા પૂરાવાઓ...
વાંચો વિચારો અને સાચુ સમજી અન્યને સમજાવો.
સોમવાર ખોટો કે મંગળવાર મોટો નો ભ્રમ ભાંગી જશે....
સોમવાર જ સત્ય અને મંગળવાર મિથ્યા સમજતાં વાર નહિ લાગે
જો, પક્ષરાગના ચશ્મા પહેરી લીધાં ન હોય તો !





સોમ કરે શાંતિ મંગળ કરે ભ્રાંતિ

સાંપ્રતના શ્લોકો

સાધર્મિક ભક્તિની શિક્ષા

- શૌર્યવાણી

ભક્તો જ આજે દુનિયામાં ભાળવા મુશ્કેલ હોય ત્યારે તે ભકતોના દિલમાં ચમકતી ભક્તિનો અન્દાજ તો કેમ કાઢી શકાય... સાચો ભક્ત અને સાચી ભક્તિ... સામ્પ્રત વિશ્વની ખોવાયેલી બે ચીજો છે... કે જેની પુનઃપ્રાપ્તિ આવશ્યક હોવા છતાં અગણિત ઉજાગરા કરાવે તેવી છે...

આજે સાક્ષાત્ ભગવાનને પણ સાચા ભક્તો તથા તેમની સાચી ભક્તિથી વંચિત રહેવું પડતું હોય ત્યાં બીજાનો તો કલાસ જ કેમ ઉઘડે ?

આવા કપરા સંયોગોમાં જો સંકુચિતતાનો વિશ્રામ બની ગઇ હોય તો સાધર્મિક ભક્તિ... !

હા...! આપણને આપણો જ ભૂતકાલીન ભવ્ય ઈતિહાસ અવાજ પાડી પાડીને સંભળાવે છે કે એકમાત્ર 'સાધર્મિક ભક્તિ', શેષસર્વ ધર્માચારના ફળ સાથે સબળ પ્રતિસ્પર્ધા કરે છે.... સાધર્મિકની ભક્તિ અતીતના ઈતિહાસ સર્જકો તન-મન ધનનો વ્યય કરીને કરતા સાધર્મિકના સંબન્ધમાં જાણે સાક્ષાત સર્વજ્ઞની જ કલ્પના કરીને... પણ અફસોસ ! આજે તે સાધર્મિક ભક્તિના સંસ્કારો એટલા તો લુપ્તપ્રાય : બન્યા છે કે તેની નવતરૅ શિક્ષા માટે ખાસ જાગૃતિ આણવી પડે...

હા ! પણ વર્તમાન જૈનવિશ્વને સાધર્મિક ભક્તિના શોષાઇ ગયેલા સ્પન્દનોમાં સાધર્મિક ભક્તિની તરોતાજી તસ્વીર દર્શાવી આપશે... જરૂરથી... શ્રીયુત કસ્તુરભાઇ અમરચન્દ જૈન... ! ખંભાતના તે રહીશ ગૃહસ્થ...ગર્ભશ્રીમંત પરિવારના તે મોભી...! જૈનસંઘના શ્રાવકોનું તે ઉમદા ઉદાહરણ... તેમના ગુણો આમ તો અનેક શ્રેણીમાં ગતિ કરે છે... તેમ છતાંય અનેક પૈકિના એકગુણને જો વરિષ્ઠ સાબિત કરવો હોય તો જાહેર કરવું પડે કે શ્રીમાન કસ્તુરભાઇ એટલે સાધર્મિક ભક્તિનું મનોરમ્ય સંગીત....

ખંભાત શહેરના મધ્યગત વિસ્તાર - ટેકરી પર જ તેમનું વિશાળ આવાસસ્થળ... સામે જ સ્વદ્રવ્યનિર્મિત આરાધના ભુવન' - વિશાળ ઉપાશ્રય... તો પાસે જ બારેમાસ ધમધોકાર ચાલતી ધોધમાર વરસતી સાધર્મિક ભક્તિની સત્રશાળા.... જે ખંભાત ગામમાં શેઠના રસોડા'ના પુણ્યનામથી ખૂબ ખૂબ પંકાયેલી... પરગામમાં પણ... પરપ્રાન્તમાં પણ પૂજ્યજનો દ્વારા જે ઠીક - ઠીક પ્રમાણમાં ગવાયેલી....

એ શેઠ શ્રીમદ્ કસ્તુરભાઇ....! ધર્મશાસન, સંઘ, શ્રમણસંસ્થા સંચાલન સંઘો... શાસનના એકેક પરિબળો પરત્વે તેમનું અનુકરણીય ઉત્તરદાયિત્વ રહ્યું છે. ગામ આખામાં નગરાગ્રણી, નગરશેઠના નામે બિરૂદાવેલી પામતાં તે શ્રેષ્ઠિ નાયુકલા શ્રેષ્ઠી હતા.... તેમણે પોતાના પુણ્યના તમામ પરિબળો પ્રભુશાસનના પથપર પુરૂષાર્થશીલ કર્યા હતા...

વિચાર કરીયે જો તેમની સાધર્મિક ભક્તિનો ... તો તેમની ભક્તિ અનેકના ભાલના નમસ્કાર ઝીલી રહે, તેમ ચોકકસ માનવું પડે....

પોતાના ગૈહિક રસોડાને જ તેમણે સાધર્મિક ભક્તિની પુણ્યવન્તી સત્રશાળા બનાવી દીધી હતી.... રોજ નિયમિત એકાશનનો તપ પણ કરનારા તે તપસ્વી શ્રેષ્ઠિરત્નની એ રોજનીશી હતી કે દૈનિક ૬ એ ૬ આવશ્યકોની આચરણા સાથે ત્રણે સન્ધ્યા સાધર્મિક ભક્તિમાં સ્વયં કાર્યરત બને...

ખંભાત રેલ્વે સ્ટેશન પર ઉતારૂઓ ઉતરે... પેસેંજર ટ્રેઈનમાંથી અને જો કોક કેશરીયા તિલકવાળો નવોતરો જૈન ઘોડાગાડીમાં આરોહણ કરવા ઉત્કઠં બને તો તેને અવશ્ય આ શ્રેષ્ઠીની સાધર્મિક પ્રીતિ પીછાણવા મળી શકતી. કારણ કે... ત્યાનો પ્રત્યેક વાહન ચાલક... જૈનરત્ન શ્રેષ્ઠિ શ્રી કસ્તુરભાઇની છબિથી પ્રભાવિત હતો... શેઠના અધ્યાદેશાનુસાર તે આગન્તુક જૈનને પ્રથમ શેઠ શ્રીમાનના રસોડે જ ઉતારતો. અન્ય કોઇ એડ્રેસની તે અપેક્ષા રાખતો નહિ... અને ત્યાં નવ આગન્તુક સાધર્મિક, પ્રકાન્ડ વૈભવ સંપન્ન આ શ્રેષ્ઠિના હસ્તતળે એવી તો સરભરા પામે કે દુનિયામાં સાધર્મિકનો સંબંધ કેવો સંભવવો જોઇઓ તેનો એ બ્રહ્મબોધ ગ્રહી શકે...

તો અનેકો સાધર્મિકોની ભક્તિ માટે નિયમિત ધમધમતી આ સત્રશાળામાં પ્રાચીન શહેર ખંભાતમાં સ્થિરવાસ કે આવાસ કરનાર પૂજનીય શ્રમણવરો - શ્રમણી ભગવન્તોના સુપાત્રદાનની તો જાણે મોસમ ઉઘડી જાતી.... કારણ કે નિર્દોષ આહાર અને ભક્ત અનુયાયી, સંયમીને સાનુકુળ બન્ને પરિબળો અહિં હાજર રહેતા સાધુજનોના સંકોચનું કોઈ કારણ રહેવા પામતું નહિં. તેમની શ્રમણયાત્રાને અનેક જોરાવર લાકડીનો ટેકો મળી રહે તો જેનું સર્વશ્રેષ્ઠ સોભાગી શ્રેયઃ શ્રેષ્ઠી શ્રી કસ્તુરભાઈના કપાળે કુંકુમ છાંટણા કરી જાય....

તો સબૂર ! આ શાસનના સુભટ જેવા શેઠની દિવંગતિ પછી પણ સાપના લીસોટાના ન્યાયે આ સાધર્મિક - ભક્તિ તો વિદ્યમાન જ રહી.... નજીકના જ ભૂતકાળમાં આ શેઠ પરિવારના સફળ અત્યંત સરાહનીય પ્રતિનિધિ થઈ ગયા :- શ્રીયુત રમણલાલ દલસુખભાઈ શ્રોફ, બાબુભાઈ શ્રોફ આદિ પોતાના પ્રતાપી પૂર્વજ શ્રી શેઠ કસ્તુરભાઈનો વીરવારસો તેમણે બરાબર અજવાળી બતાવ્યો. શ્રીયુત રમણલાલ દલસુખભાઈ શ્રોફ પણ શાસનના સ્થંભભૂત શ્રાવકરત્ન બની ગયા. બહુમુખી પ્રતિભાના તેઓ પ્રદ્યોતક હતા. તેમના જીવનમાં ગુણરત્નોનો એક રમણીય શાશી ખડકાયો હતો...

પ્રખર ધર્માચાર્ય ભગવાન્ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના સિદ્ધાંતિક રૂધિરનું દર્પણ તેમના જીવન-કવનમાં દેખા દેતું.

આ ધર્મપુરૂષ મહાપુરૂષે જ તેમને ધર્મની ગળથૂંથી પાઈ હતી... શાસનદાઝના સંસ્કારો સીંચ્યા હતા... પરિણામે શ્રીયુત રમણભાઈ સંપૂર્ણ શાસનને એક પ્રબળ નેતૃત્વ પુરૂ પાડી શકયાં,... સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જે પ્રશ્નને ઉકળતા ચરૂ સમો લેખે છે તે 'શ્રી સમેત શીખરજી' તીર્થ હકકના વિવાદમાં તેમણે ખૂબ જ સૈદ્ધાંતિક ભૂમિકા અદા કરી હતી. તેઓ આ બાબતનો ખાસ કેવાલો સંભાળતા હતા. પોતાની વિદ્યમાનતા સુધીમાં દિગંબરોનો એક કાંકરીચાળો ત્યાં નહોતો ચાલવા દીધો.

જીવનની ઢળતી સન્ધ્યાએ સમેતશિખરજી તીર્થ પરત્વે ચાલતા કાનુની જંગમાં જંગી ફતેહ મેળવી દેખાડી તેમણે... જે શ્વેતાંબરો પરસ્તની હતી... સનાતના સત્યના પક્ષની હતી....

આ શ્રીયુત રમણભાઈની સાધર્મિક ભક્તિ પણ દૃષ્ટાંતરૂપ બની રહેતી.... અદ્‌ભુત તેમની નમ્રતા અને નિરાભિમાન ભાષા...

પ્રતિવર્ષ તેઓ પર્વાધિરાજ પર્યુષણાને સાધવા માદરે - વતન પધારે. તન - મન - ધનથી ઉલટ ભર્યો એમનો સહકાર સંઘને સાંપડે. શેરીમાંથી શેઠ જ્યારે પસાર થાય ત્યારે જૈન જૈનેતર એકેક બાળ - અબાળ તેમની અદપ જાળવી સેલ્યુટ ભરે... પણ સૂબર ! નિરાભિમાનિતાના પ્રતિક સમા આ શ્રેષ્ઠી તો પોતાના બાળસાધર્મિકનેયં સામેથી પ્રેમભરી નજરે નીહાળી પ્રણામ પાઠવતા...

ચોસઠ પ્રહરી પૌષધારાધનાના શિશુઓ સમેતના તપસ્વીઓની કમંડળ ઝાલી સ્વયં ભક્તિ કરી આત્મસંતોષ અનુભવતા એ શ્રેષ્ઠી સંઘના સહુ સદસ્યો માટે અક્ષરો વિનાનો ઉપદેશ બની ગયા.... શબ્દો રહિતનું શાસ્ત્ર રચી ગયા...

હસો : હસવાની ના નથી

બસમાં ફરી રહેલો ટીકીટ ચેકર એક મુસાફર પાસે આવ્યો અને કહ્યું : ચાલો, જલ્દી કરો, ટિકિટ બતાવો !
(એ વખતે મુસાફરે ગજવામાંથી ૧૫ પૈસાની ટપાલની ટિકિટ કાઢીને બતાવી.)
ટી.સી. બોલ્યો : અરે ! આ તો ટપાલ ટિકિટ છે. બસની લાવ !
મુસાફર બોલ્યો : અરે ! સાહેબ ! આ પંદર પૈસાની ટિકિટથી તો કાગળ હિંદુસ્તાન આ નામાં ગમે ત્યાં મુસાફરી કરી શકે છે, તો હું શું માત્ર મુંબઈમાં પણ ફરી ન શકું ?

●✦★✦★●

અર્થશાસ્ત્રના પ્રોફેસર એક મોટું પુસ્તક લઈને વાંચતા હતા. તે જ સમયે તેમના શ્રીમતી દોડતા આવ્યા અને કહ્યું : 'જલ્દી ચાલો, પપ્પૂ એક પૈસો ગળી ગયો છે
પ્રોફેસર : બહાર કાઢી નાખ, એમાં હું શું કરૂં ? શ્રીમતી : જલ્દી ડૉકટરને બોલાવી લાવો.
પ્રોફેસર : તને અર્થશાસ્ત્રનું જરા પણ જ્ઞાન નથી. તું એક પૈસા માટે ડૉકટરને ન બોલાવીશ, ડૉકટર તો પાંચ રૂપિયા લેશે.

●✦★✦★●

સોનું : મોનુ, આજકાલ માખીઓની તાકાત કેટલી બધી વધી ગઈ છે ?
મોનુ : વધે કેમ નહિ ? મિઠાઈઓની રેન્જ પણ કેટલી બધી વધી ગઈ છે!
સોનું : લાગે છે કે મિઠાઈઓ જોઈને મારી જેમ માખીઓના મોઢામાં પણ પાણી આવી જતું લાગે છે.

●✦★✦★●

ઈતિહાસના શિક્ષક : 'મહેશ, ઈ.સ. ૧૬૬૮માં શું બન્યું ?
મહેશ : છત્રપતિ શિવાજીનો જન્મ થયો.
શિક્ષક : ઈ.સ. ૧૭૦૦માં શું બન્યું ?
મહેશ : શિવાજીએ એકવીસ વર્ષ પુરા કર્યા.

સૌજન્ય : જયહિંદ

પૂ. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

જ્ઞાનગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

■ શ્રી નંદીસૂત્રમાં મગશૈલ પાષાણ, ઘટ, ચાલણી, પરિપૂર્ણક, હંસ, મહિષ, મેંઢો, મચ્છર, જલો, બિલાડી, જાહક, વિપ્ર. ભેરી અને આભીરી - એ ચૌદ (૧૪) જાતિના શ્રોતા કહ્યા છે.

સંક્ષેપથી તેમનું સ્વરૂપ નીચે પ્રમાણે છે.

૧. **મગશૈલ પાષાણ** : મગના દાણા જેટલો નાનો પાષાણ તે મગશૈલ પાષાણ. જે પુષ્કરાવર્ત્ત નામના મહામેઘથી અંદર જરાપણ ભીંજાય નહિ, ઉલટો વધુ ચળકાટવાળો થવાથી જાણે મેઘને હસતો હોય - મેઘની મશ્કરી કરતો હોય ! તેમ જે શ્રોતા સદ્‌ગુરુઓના સેંકડો શ્રેષ્ઠ ઉપદેશો સાંભળવા છતાં ય લેશ પણ અસરવાળો ન થાય ઉપરથી ઉપદેશકને અજ્ઞાન માની તેમની મશ્કરી કરે તે મગશૈલ પાષાણ જેવો અયોગ્ય શ્રોતા છે.

૨. **ઘટ** : ઉપદેશ કેનો ઉપદેશ બધો સાંભળે પણ પછી કાંઈ નહિ તે **છીદ્રઘટ સમાન,** થોડું યાદ રાખે તે **ખંડઘટ** સમાન, થોડું સાંભળી તેટલું યાદ રાખે તે **કંઠહીન** ઘટ જેવો, બધો ઉપદેશ સાંભળીને બધો યાદ રાખે તે **સંપૂર્ણ ઘટ સમાન** શ્રોતા જાણવા. એમાં છીદ્ર ઘટ જેવો શ્રોતા અયોગ્ય છે. અને બાકીના ત્રણ શ્રોતા અનુક્રમે અધિકાધિક યોગ્યતાવાળા છે.

૩. **ચાલણી** : ચાલણીમાં રહેલો આટો - લોટ જેમ તરત જ બહાર નીકળી જાય તેમ ઉપદેશ સાંભળે અને તરત ભૂલી જાય, શું સાંભળ્યું તે યાદ રાખવાની જરા પણ દરકાર ન કરે તે ચાલણી જેવો શ્રોતા અયોગ્ય છે.

૪. **પરિપૂર્ણક** : પરિપૂર્ણ એટલે ગરણી અથવા સુઘરીના માલાની જે ઘી ગળાય તે ગરણીમાં અને માળામાં કચરો ઝીલાઈ રહે અને ઘી નીકળી જાય તેમ ઉપદેશમાંથી સાર તજી કેવલ દોષને જ ગ્રહણ કરે તે પરિપૂર્ણક સમાન શ્રોતા અયોગ્ય જાણવો.

૫. **હંસ** : હંસ જેમ દૂધ અને પાણીને જૂદું કરી દૂધ પીએ છે, તેમ જે શ્રોતા દોષગ્રાહી ન હોય પણ ગુણગ્રાહી જ હોય તે હંસ જેવો શ્રોતા યોગ્ય છે.

૬. **મહિષ-પાડો** : પાડો જેમ જલાશય ડહોળી નાખે છે તેમ ઉપદેશ ડહોળી નાખનાર શ્રોતા પાડા જેવો અયોગ્ય જાણવો. આ શ્રોતા ન પોતે સાંભળે કે ન બીજાને સાંભળવા દે.

૭. **મેંઢો** : ભૂમિ ઉપર રહેલા એક ખોબા જેટલા પાણીને પણ મલીન કર્યા વિના પીએ છે, તેમ જે શ્રોતા એક પદ માત્ર પણ વિનયપૂર્વક પૂછે તે મેંઢા સમાન શ્રોતા યોગ્ય ગણાય છે.

૮. **મચ્છર** : ઉપદેશક આચાર્યના જાતિ આદિ દોષ બોલી તિરસ્કાર કરનારો શ્રોતા મચ્છર જેવો અયોગ્ય જાણવો.

૯. **જળો** : જળો જેમ શરીરને દુઃખ આપ્યા વિના રુધિર-લોહી પીએ છે તેમ જે શ્રોતા આચાર્યને દુભવ્યા વિના શ્રુતજ્ઞાન ગ્રહણ કરે તે જળો જેવો શ્રોતા યોગ્ય છે.

૧૦. **બિલાડી** : બિલાડી જેમ પાત્રમાં રહેલી ક્ષીર પણ નીચે પાડીને ખાય છે તેમ જે શ્રોતા સાક્ષાત્ ગુરુ પાસે ઉપદેશ ન સાંભળે પરન્તુ બીજા સાંભળનાર પાસેથી સાંભળી લે તે બિલાડી જેવો શ્રોતા અયોગ્ય જાણવો.

૧૧. **જાહક** : જેમ જાહક નામનું જાનવર થોડી થોડી ક્ષીર પીને પાત્રના પડખાં પણ આસ્વાદે છે. તેમ જે શ્રોતા પ્રથમ ગ્રહણ કરેલા ઉપદેશને પણ બરાબર યાદ રાખીને બીજું પૂછે તે જાહક જેવો શ્રોતા યોગ્ય છે.

૧૨. **વિપ્ર** : કોઈ એક કણબીએ કોઈ પર્વ દિવસે ચાર બ્રાહ્મણ વચ્ચે એક ગાય આપી. તેઓએ વારાફરતી એક એક દિવસ દૂધ દોહવાનો વારો બાંધ્યો. ત્યાં જેનો વારો આવે તે એમ જાણે કે મારે તો આજે જ દોહવાની છે, ને કાલે બીજો દોહશે તેથી હું નિરર્થક ઘાસચારો શા માટે આપું ' એ પ્રમાણે દરેકે વિચારવાંથી ગાય ઘાસ ચારા વિના મરણ પામી. તેમ શ્રોતાઓમાં વિચારવાથી પણ શિષ્યો જાણે કે ગુરુનો વિનય આવેલા અભ્યાસી સાધુઓ અને સાંભળનારા તથા પૂછનારા શ્રાવકાદિ કરશે. શ્રાવકાદિ કે ઉપસંપત સાધુઓ જાણે કે તેમના શિષ્યો કરશે, અમે તો કેટલો સમય રહેવાના ' તો કેવલ આચાર્યને જ કલેશ થાય અને યોગ્ય વાચનાદિની પ્રાપ્તિ થાય નહિ. આવા વિપ્ર જેવા શ્રોતા અયોગ્ય જાણવા.

આ દ્રષ્ટાંતનો ઉપનય આ રીતના પણ ઘટાવાય છે કે ચારે બ્રાહ્મણો વિચારે કે આજે હું ગાયને ઘાસચારો આપીશ તો કાલે તે દૂધ આપશે- આ વિચારથી ચારે વિપ્રો સારી રીતના ગાયને સાચવે તો સુખી થાય છે. તે જ રીતના આચાર્યના શિષ્યો અને ઉપસંપદ્ સાધુઓ પણ વિચારે કે આ મારા ગુરુ છે, મારા જ્ઞાનદાતા ગુરુ છે તો હું તેમનો જેટલો વિનય-સેવા-ભક્તિ કરીશ તો આચાર્ય કલેશ પામશે નહિ અને વધુ જ્ઞાન પ્રદાન કરશે. તો પરસ્પર સૌ આચાર્યનો યથાયોગ્ય વિનયાદિ કરી જ્ઞાનના ભાગી બને છે. આવા વિપ્ર જેવા શ્રોતા આદિ યોગ્ય ગણાય છે. (અનુસંધાન ટાઈટલ-૩)

પાના નં. ૨૫૨ થી ચાલુ...

૧૩. **ભેરી :** કૃષ્ણ વાસુદેવના ગુણગ્રાહીપણાથી ખુશી થયેલા એક દેવે સર્વરોગ-ઉપદ્રવ નિવારક ભેરી આપી. દર છ-છ મહિને તેના નાદથી બધાના રોગાદિ દૂર થતા હતા. પરંતુ તે ભેરીના રક્ષકો પાસેથી અનેક ધનવાનોએ ધન આપી એકેક કટકો ઘરમાં ઘસી પીવા માટે લીધો, જેથી ભેરી કંથા જેવી થઈ ગઈ. તેમ જે શ્રોતા સૂત્રાર્થને વચ્ચે વચ્ચે ભૂલી જઈ બીજા પાસેથી સૂત્રાર્થ ગ્રહણ કરી કરી સંભારે તે ભેરીની કંથા કરનાર રક્ષક જેવા શ્રોતા અયોગ્ય જાણવા.

૧૪. **આભીરી :** ઘી વેચનાર આભીરે - ભરવાડે, ભૂલથી ઘી ઢળી જવાથી આભીરી-ભરવાડણને ઠપકો આપતાં આભીરી તેના સાથે લઢી પડી અને બંન્ને બોલા-ચાલી પર આવી ગયા તો ઘીનો વિનાશ થયો. તેમ **આચાર્યના** ઠપકાથી શ્રોતા ક્રોધી થાય તો તે શ્રોતા આભીરી જેવો અયોગ્ય જાણવો.

■ **શ્રી આચારાંગ સૂત્રાનુસારે જલના દ્રહની ચતુર્ભંગી :**

૧. સંતા-સીતોદાનો દ્રહ - જેમાં પાણી આવે છે અને પાણી બહાર પણ વહે છે, જેથી નદી નીકળે છે.

૨. પદ્મદ્રહ : જેમાં નવીન પાણી આવતું નથી પણ બહાર નીકળે છે.

૩. લવણ સમુદ્ર - જેમાં પાણી આવે છે પણ બહાર નીકળતું નથી

૪. મનુષ્ય લોકની બહાર રહેલા સમુદ્રો - જેમાં બહારથી પાણી આવતું પણ નથી અને તેમાં રહેલ પાણી બહાર પણ જતું નથી.

આ ચતુર્ભંગી શ્રી આચાર્યને આશ્રયીને આ રીતે ઘટાવી છે.

૧. સૂત્રને આશ્રયીને પ્રથમ ભંગ જેવા. પોતે ય શ્રુત ભણે અને બીજાને પણ ભણાવે.

૨. કષાયની અપેક્ષાએ બીજા ભંગ જેવા - કષાયનો ઉદય ન હોય ત્યારે કર્મગ્રહનો અભાવ હોય છે અને કાયોત્સર્ગાદિ તપશ્ચર્યાથી કર્મનો ક્ષય કરે છે.

૩. આલોચનાની અપેક્ષાએ ત્રીજા ભાંગા જેવા-પોતે આલોચના લીધે છે પણ બીજાને જણાવતા નથી. (અર્થાત્ કોઈના દોષ કે આલોચના કોઈને કહેતા નથી. કોઈના ગુહ્ય કે રહસ્યને કોઈને કહે નહિ.)

૪. કુમાર્ગને આશ્રયીને ચોથા ભાંગા જેવા - તેમને કુમાર્ગમાં જવાનો અને નિકળવાનો અભાવ જ છે.

અથવા

કેવલ સૂત્રને આશ્રયીને પણ ચાર ભાંગા ધરાવી શકાય.

૧. સાવિર કલ્પી.

૨. શ્રી તીર્થંકર પરમાત્માઓ.

૩. યથાલંદિક (જેઓને કોઈ નિર્ણય ન થયો હોય તો આચાર્યાદિ ગીતાર્થને પૂછીને નિર્ણય કરે તે.)

૪. પ્રત્યેક બુદ્ધ - તેમને કોઈને કાંઈ કહેવું પણ નથી. (ઉપદેશ આપવો નથી.) અને કોઈને કાંઈ પૂછવાપણું પણ નથી.

■ **ગીતાર્થના ત્રણ ભેદ.**

આયારપકપ્પધરા, ચોદ્દસપુવ્વી અ જે ય તં મજઝા

તન્નીસાઈ વિહારો, સબાલવુદ્ધસ્સ ગચ્છસ્સ

આચાર પ્રકલ્પ ધર - નિશીથ અધ્યયનના જાણકાર તે જઘન્ય ગીતાર્થ; ચૌદ પૂર્વના જ્ઞાતા એવા ચૌદપૂર્વી તે ઉત્કૃષ્ટ **ગીતાર્થ. તે બેની મધ્યના તે મધ્યમ ગીતાર્થ, તેઓ વ્યવહાર** સૂત્ર અને દશાશ્રુતસ્કંધના જ્ઞાતા તો હોય છે. આ ત્રણની નિશ્રામાં જ બાલ-વૃદ્ધ સાધુવાળા ગચ્છે વિહાર કરવો કલ્પે.

■ શ્રી ભગવતી સૂત્રમાં અઢારમા શતકમાં સાતમા ઉદ્દેશામાં મંડુક શ્રાવકને ઉદ્દેશીને કહ્યું છે કે - ''હે મદ્દુઆ (મંડુક) શ્રાવક ! જે કોઈ અર્થ, હેતુ, પ્રશ્ન તથા એક વચનાદિ જાણ્યા વિના, જોયા વિના, સાંભળ્યા વિના, તેના સંપૂર્ણ જ્ઞાનવિના ઘણા લોકોની મધ્યમાં કહે, પ્રકર્ષપણે જણાવે, પ્રરૂપે, 'આ અર્થ આમ જ છે' તેમ દેખાડે, સાક્ષાત્ દેખાડે તે શ્રી અરિહંતની, અરિહંત પ્રરૂપિત ધર્મની, કેવલીની અને કેવલી પ્રરૂપિત ધર્મની આશાતના કરે છે.''

■ શ્રી નંદિસૂત્રમાં પણ શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞાની આરાધના અને વિરાધનાનું ફળ બતાવતાં કહ્યું છે કે - ''દ્વાદશાંગીના ભણનાર છતાં પણ આજ્ઞાના વિરાધક થવાથી ભૂતકાળમાં અનંતા આત્માઓ સંસારમાં ભમ્યા ૧, વર્તમાનમાં પણ આજ્ઞા વિરાધક સંખ્યાતા આત્માઓ ચારે ગતિમાં ભટકે છે. (વર્તમાનમાં સંખ્યાતા જીવો હોય માટે 'પરિમ' શબ્દ કહ્યો છે.) ૨, ભવિષ્યકાળમાં પણ આજ્ઞાના વિરાધક અનંતા જીવો ભમશે. ૩,

તે જ રીતે દ્વાદશાંગીને ભણનારા અને આજ્ઞાનું આરાધન કરનારા અનંતા જીવો ભૂતકાળમાં મોક્ષે ગયા. ૪, વર્તમાનમાં સંખ્યાતા જીવો મોક્ષે જઈ રહ્યા છે ૫, અને ભવિષ્યમાં અનંતા જીવો મોક્ષે જશે. ૬,

(આજ્ઞા વિરાધનાનું આવું કટુ ફળ જાણી મોક્ષાભિલાષી જીવોએ આજ્ઞા મુજબની આરાધનાના પ્રેમી બનવું. **આગમનો અર્થ યથાર્થ જણાવવો પણ મતિ કલ્પનાનો જ જણાવવો.**)

●●●●

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાન
શ્રીમહાવીર જૈન આરાધના કે
કોબા (ગાંધીનગર) પિ

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- આજે આપણને જે સામગ્રી મળી તે પુણ્યથી મળી તેમાં ના નથી પણ પુણ્ય મેલું હોય તેમ લાગે છે. કારણ કે ઘર-પેઢી મારા લાગે છે, મંદિર-ઉપાશ્રય સૌના લાગે છે - આવી મોટાભાગની મનોવૃત્તિ છે.
- આત્માની અશુદ્ધિ તે સંસાર, આત્માની શુદ્ધિ તે મોક્ષ !
- શરીરની સેવા કરવી એટલે માર ખાવાનો ધંધો !
- રાગ કે દ્વેષના પ્રસંગો મન ઉપર અસર ન કરે તેનું નામ સમાધિ !
- લાખો - કરોડોનો જરા ય આનંદ ન હોય અને દરિદ્રતામાં દુઃખી ન હોય તેનું નામ સમાધિ !
- આજે લક્ષ્મીના માલિક કેટલા હશે અને લક્ષ્મીના દાસ-પૂજારી કેટલા હશે ? લક્ષ્મીને જ્ઞાનિની આજ્ઞા મુજબ ખર્ચે તે બધા લક્ષ્મીના માલિક કહેવાય અને ભગવાનની આજ્ઞા મુજબ લક્ષ્મી ખરચવા નું જેને મન ન થાય તે બધા લક્ષ્મીના ગુલામ કહેવાય !
- ધર્મમાં ખરચવાથી લાભ જ થાય તેમ જાણવા છતાંય ધર્મમાં પૈસા ખરચે નહિ તે કોના ભગત કહેવાય ? ભગવાનના ભગત કહેવાય કે પૈસાના ભગત કહેવાય ?
- જે જીવ ભગવાનને માને તેને પૈસાની કિંમત જ ન હોય. તેને તો પૈસો ઈચ્છવા જેવો ન લાગે લેવા જેવો ન લાગે, મેળવવા જેવો ન લાગે, ભોગવવા જેવો ન લાગે પણ છોડી દેવા જેવો જ લાગે. તેને પૈસો રાખવો પડે તો ન છૂટકે રાખે અને ન છૂટકે ભોગવે.
- શ્રી જૈન શાસનમાં પૈસાની કિંમત નથી પણ ભગવાનની પરમતારક આજ્ઞાની કિંમત છે. ધર્મ કરનારાઓ ભગવાનની આજ્ઞા મુજબ બરાબર ધર્મ કરે તો આ કાળમાં ય શાસન દીપી ઉઠે. સાધુએ પણ ગુરુની આજ્ઞા મુજબ જીવવાનું છે, ગુરુએ માર્ગસ્થ આચાર્યોની આજ્ઞા મુજબ જીવવાનું છે અને શ્રી આચાર્યોએ પણ ભગવાનની આજ્ઞા જેમાં છે તે શાસ્ત્રોને નજર સમક્ષ રાખીને જીવવાનું છે. ગમે તેટલું ભણેલો-ગણેલો વિદ્વાન ગણાતો પણ જો ભગવાનની આજ્ઞા મુજબ ન જીવે, આજ્ઞા મુજબ ન જીવાય તેનું દુઃખ પણ ન હોય તો તેની આ શાસનમાં ફુટી કોડિની કિંમત નથી. અભણ પણ જ્ઞાનિની નિશ્રા સ્વીકારી, જ્ઞાનિની આજ્ઞા મુજબ ચાલે તો તે તરી જવાનો છે અને ભણેલો, આજ્ઞાને નહિ માનનારો, મરજી મુજબ જીવનારો ડૂબી જવાનો છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

5548

ગુરૂકુલવાસના ગુણો

णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य ।

धन्ना आवकहाए, गुरुकुलवासं न मुंचंति ॥ ३०॥

गीयावासो रती धम्मे, अणाययणवज्जणं ।

निग्गहो य कसायाणं, एयं धीराण सासणं ॥३६॥ (युग्मं)

ગુરૂકુલવાસમાં રહેતો સાધુ શ્રુતજ્ઞાનાદિનું ભાજન થાય, સમ્યક્ત્વ અને ચારિત્રમાં અતિશય સ્થિર થાય. માટે જેઓ ગુરૂકુલવાસને યાવજ્જીવ છોડતા નથી તેઓ ધન્ય છે અને તેઓ જ ધર્મધનને મેળવનારા છે. ગીતાર્થ-બહુશ્રુત પાસે વસવું, સાધુ ધર્મમાં પ્રીતિ, અનાયતન-સાધુજનોમાં અયોગ્ય સ્થાનોનો ત્યાગ, કષાયોનો નિગ્રહ કરવો-આજ ગુરૂકુલવાસી શિષ્યોને હિતશિક્ષા છે.

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं

उसभाइ महावीर पज्जवसाणाणं

વર્ષ ૧૨

અંક 33/34

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,

જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

જ્ઞાન ગુણ ગંગા

● શુક્લ ધ્યાનના ચિહ્નો અને આલંબન અંગે.

(કાલ લોકપ્રકાશ. સર્ગ-૩૦, શ્લો. ૫૦૫ થી ૫૨૨ના, આધા૨)

અવ્યથ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ : એ ચાર શુક્લ ધ્યાનના ચિહ્નો કહ્યાં છે.

દેવાદિના ઉપસર્ગાદિથી થતો જે ભય, તે વ્યથા કહેવાય છે. તેનો અભાવ તે 'અવ્યથ' નામનું શુક્લધ્યાનનું પહેલું ચિહ્ન છે.

દેવાદિ માયાથી કરેલો અથવા સૂક્ષ્માર્થથી ઉત્પન્ન થયેલો જે સંમોહ-મૂઢતા, તેનો અભાવ તે અસંમોહ નામનું બીજું ચિહ્ન છે.

દેહથી જીવનું તેમ જ સર્વ સંયોગથી આત્માનું શુદ્ધ બુદ્ધિથી ભેદનું ભાવવું તે વિવેચનાથી વિવેક નામનું ત્રીજું ચિહ્ન છે.

જે નિઃસંગપણે અંગનો તેમ જ ઉપધિ માત્રનો પરિત્યાગ, તે વ્યુત્સર્ગ નામનું ચોથું ચિહ્ન છે.

यदाह :- चालिज्जइ बीहेइ व धीरो न परीसहोव सग्गेहिं ।
सुहुमेसु न संमुज्झइ भावेसु न देवमायासु ॥५१०॥
देहविवित्तं पिच्छुइ अप्पाणं तह य सव्व संजोगा ।
देहोवहिवुस्सग्गं निस्संगो सव्व हा कुणइ ॥५११॥

કહ્યું છે કે - ''બીકણ મનુષ્યની જેમ જે ધીર પુરુષ પરિસહઉપસર્ગોથી ચળે નહિ, સૂક્ષ્મભાવમાં કે દેવમાયામાં મૂંઝાય નહિ, દેહથી આત્માને તેમ જ સર્વ સંયોગને જે જુદા જાણે અને દેહ તેમ જ ઉપધિનો નિસ્સંગપણે સર્વથા ત્યાગ કરે તે ચાર શુક્લધ્યાનના ચિહ્નો કહ્યા છે.

ચાર કષાયોના ક્ષયથી ઉત્પન્ન થતા ક્ષાંતિ, માર્દવ, આર્જવ અને મુક્તિ-નિર્લોભતા-એ ચાર શુક્લધ્યાનના આલંબન કહ્યા છે.

આત્માના અનંતવર્ત્તિપણાની અનુપ્રેક્ષા તે પ્રથમ, વિપરિણામની અનુપ્રેક્ષા તે બીજી, અશુભત્વની અનુપ્રેક્ષા તે ત્રીજી અને અપાયની અનુપ્રેક્ષા તે ચોથી - આ ચાર પ્રકારની અનુપ્રેક્ષા જ્ઞાનિઓએ શુક્લધ્યાનની કહેલી છે.

(૧) આ જીવ ભવસાગરમાં અનંતકાળથી ભમે છે એવી જે વિચારણા તે અનંતવર્ત્તિત્વ અનુપ્રેક્ષા કહી છે. તેની ભાવના આ પ્રમાણે છે-

''एसो अणाइनिहणे संसारे सागरुव्वदुत्तारे ।
नारयतिरिअनरामर-भवेसु परिहिंडए जीवो ॥ १ ॥

આ અનાદિ અનંત અને સમુદ્રની જેમ દુસ્તર એવા સંસારમાં નારક, તિર્યંચ, નર અને દેવના ભવોને વિષે આ જીવ ભમ્યા કરે છે.''

(૨) વસ્તુઓના વિવિધ પરિણામો તેની જે જ્ઞાનિઓને પ્રિય વિચારણા તે બીજી વિપરિણામ અનુપ્રેક્ષા કહી છે. તે આ પ્રમાણે-

''सव्वट्ठाणाइं असासयाइं इह चेव देवलोगे य ।
सुर असुर नराईणं रिद्धिविसेसा सुहाइं व ॥

અહીં તેમજ દેવલોકમાં સુર, અસુર અને મનુષ્યોની ઋદ્ધિ વિશેષ અને સુખો વગેરે સર્વ સ્થાનો-પદાર્થો અશાશ્વતા છે.''

(૩) ક્ષણ ભંગુર એવી સંપત્તિની તેમ જ વિરૂપ એવા સંસારની જે વિચારણા તે ત્રીજી અશુભત્વ અનુપ્રેક્ષા કહી છે. તે આ પ્રમાણે -

धिद्धि संसारो जंमि जुआणो परमरूवग वियओ ।
मरिऊण जायइ किमी तत्थेव कलेवरे नियए ॥

આ સંસારને ધિક્કાર છે, ધિક્કાર છે ! કે જેમાં પરમરૂપગર્વિત યુવાન મરણ પામીને પોતાના જ કલેવરમાં કૃમિ તરીકે ઉત્પન્ન થાય છે.''

(૪) કષાયો, આશ્રવો, પ્રમાદ અને વિષયાદિ એ અપાયના કારણો છે, એવી જે ભાવના તે અપાયાનુપ્રેક્ષા ચોથી કહી છે. તે આ પ્રમાણે-

''कोहो य माणो य अणिग्गहिया
माया य लोहा य पव डूढमाणा ।
चत्तारि एए कसिण कसाया
सिंचंति मूलाइं पुणब्भवस्स ॥

અનિગૃહિત-કાબૂમાં નહિ રહેલા અને વધતા એવા ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કાળા કષાયો પુનર્ભવના મૂળને સીંચે છે - સંસારને વધારે છે.''

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061



વર્ષ : ૧૨) ૨૦૫૬ ચૈત્ર સુદ ૧૫ મંગળવાર તા. ૧૮-૪-૨૦૦૦

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

વિનીયોગ પરિવારની વિકૃત કાર્યવાહી

જૈન શાસનની લઘુતા

તાજેતરમાં વિનીયોગ પરિવાર દ્વારા અનેક પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં મોટે ભાગે જૈનો જ હશે ? છતાં એ સંસ્થા દ્વારા જે પ્રવૃત્તિ થાય છે કે તેમાં અનેક રીતે જૈન શાસનની ઉપેક્ષા, જૈન શાસનની અપૂર્ણતા અને જૈન શાસનની લઘુતાના પૈગામ દેખાય છે. રાજકીય પક્ષોની જેમ પોતાનો વ્યાપ વધારવાની ૩ વૃત્તિ કરીને શાસનના અજાણ, જૈન શાસનના રહસ્યને નહિ સમજનાર, સારૂં જોઈને અનુમોદન કરે તેવો દેખાવ, ધર્મ અને દેશનો બધો અધિકાર મળી ગયો હોય તેમ જૈન શાસનને નબળી પામનારી, જૈન શાસસને હીન બતાવનારી, પ્રવૃત્તિઓ થતી દેખાય છે.

પ્રથમ સારૂં સારૂ થાય છે તેવો દેખાવ થયા પછી તે કરે તેજ બરાબર છે. તેવો અધિકાર હાથમાં આવી ગયો હોય તેમ રાને તેવા કાર્યમાં ભલા ભોળા લાગણીશીલ ભાવિક આત્માએ પુન્યાત્માઓને હાથા બનાવી વેગવંતી પ્રવૃત્તિ કરે છે. પણ રાજકીય માણસોને લાલચુ લોભી અને માયાવીને તેમાં પાછા પડે તો પણ શરમ હોતી નથી શાણા સમજુ હિતસ્વી, શાસન રાગી, શ્રમણ ધર્મના રાગી શ્રમણ અને શાસનના વર્ષોથી મહાપુરૂષોની છાયામાં અને શાસન પ્રભાવક કાર્યો કરનાર, ઉદાર, દાતાર એવાની પણ વાત તેમને ગળે ઉતરતી નથી.

ગોબેલ્સના ગોળા જેવી અથવા સો વખત જાઠું બોલો તે સત્ય બની જાય તેવી શૈલી દ્વારા થોડા જ વર્ષોમાં શાસન, શાસનના વિચારો, શાસનની પ્રણાલીઓ અને શાસનના સત્યોને તથા લૌકોત્તર માર્ગને અને લૌકિક માર્ગને સબળો દેખાડવાની નબળી પ્રક્રિયા એ જૈન શાસનને હાનીકર્તા છે.

દરિયામાં પાણી બધે ખારું હોય છે તેમ સંસારમાં બધુ જ અસાર છે ધન, સુવર્ણ આ બધા પદાર્થો પણ અસાર જ છે પણ તેમાંથી કયું અસાર નથી તેમ બતાવવું કે ઓછું અસાર જ છે તે બતાવવું તે દરિયાના પાણીને આદેય કરવા જેવું થાય છે.

તાજેતરમાં આ પરિવાર દ્વારા પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ અને શ્રી મેનકા ગાંધીની જીવદયા આદિની સભા રાખી હતી અને સંદેશ તા.૨૬ના અહેવાલ પ્રમાણે ચર્ચા આગળ વધી અને વિવાદનું રૂપ ધારણ કર્યું સભાના ભાવિકો એ પણ કહ્યું હવે આ વિવાદ બંધ કરો અહેવાલ કહે છે કે પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સભાને છોડી ને ચાલ્યા ગયા.

વિધાન સભાના અધ્યક્ષશ્રી શ્રી ધીરૂભાઈ શાહે પણ કહ્યું કે આજે શનિવારે વિધાન સભામાં રજા હોય છે એટલે હું અહીં આવ્યો પણ અહીં પણ વિધાન સભા જેવું જ વાતાવરણ હતું તેથી મને વિધાન સભાની રજા જેવું ન લાગ્યું.

આ વાત ઉપરથી સાબીત થાય છે વિદ્વાન, શાસનની ઘગશવાળા પૂજ્ય મહાત્માને આ સંસ્થાએ ભેખડે ચડાવી દીધા છે રાજકીય નેતાઓને પોતાના માનવા તે ભૂલ છે તેઓ અનેક રીતે ઘડાયા હોય છે તેમના દ્વારા કામ થાય તેટલું કરાવવું પણ તેવાને આ રીતે મહત્ત્વ આપવું તે જૈન શાસનની લઘુતા છે.

રાજકીય નેતાઓ સાથે વાતચીત કરીને દા પરોપકાર અને બીજા કાર્યો કરાવી લેવા તે જુદી વાત છે અને તેમની સમકક્ષ કે મુખ્ય બતાવવા તે જાુદી વાત છે.

સભા અને વિધાન સભાના વકતવ્યોએ બતાવ્યું છે કે જે કંઈ બન્યું તે બરાબર પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના વિચારો આ સભામાં સ્પષ્ટ અને સત્ય હતા. જ્યારે મેનકા ગાંધીના વિચારો બુદ્ધિ અને અનુભવના અને કેટલાક પશ્ચિમી જીવદયા પ્રેમીઓ દૂધને પણ લોહી માનીને પીતા નથી. તેને મળતા વિચારો હતા.

વિનિયોગ પરિવાર પૂ.શ્રીને પડખે આવીને ઉભો રહી શકે તેવી તાકાતવાળો ન હોય તો પૂ. શ્રી ને ભાખડે ભણવી દેવાનો શો અર્થ છે ? આવા જીવદયા પ્રેમીઓની વચ્ચે જૈન શાસનનો ભગો કરવાની શી જરૂર હતી ?

પૂ. પં. મ. પણ ઉત્સાહી અને સત્કાર્યની ઝંખના વાળા છે જેથી આવા વાચાળ અને દેખાવ કરનારા અને પરોપદેશે પાંડિત્ય માનનારા, સત્ત્વહીન અને શાસન પ્રણાલીના અજ્ઞાન લોકોના વિચારથી આ સભામાં તણાઈ ગયા હોય તેમ લાગે છે.

બાકી તો તેઓશ્રીને પૂર્ણ અનુભવ છે વર્ષો પહેલા પૂ. શ્રીને શ્રી મોરારજી દેસાઈ સાથે જાહેરમાં ટકરામણ થઈ અને વિવાદ વકરી ગયો. પૂ. શ્રીને શ્રી મોરારજીભાઈને જવાબ આપવાની તક પણ ન મળી સંદેશના પાનામાં તે શબ્દે શબ્દ વિવાદ તે વખતે આવ્યો હતો. પછી જાહેરમાં રાજકીય નેતાઓની સાથે બેસાય કેવી રીતે ?

ખેર જે બન્યું તે આપણા હાથની વાત નથી પરંતુ જૈન શાસનને હીણપતભર્યું દેખાવાયું તે દુઃખદ વાત છે. વિનિયોગ પરિવાર આવા વિચાર વેડાની પ્રવૃત્તિ ચાલુ રાખે નહિ તેવી ખાસ ભલામણ છે અને જો વિચાર વેડા ચાલુ રહેશે તો હવે જૈન જગતને આવા તેમના ભગાઉ કામની જાણ થઈ છે તે તેમને હરગીઝ અનુમોદન નહિ આપે, એમ અમને લાગે છે શ્રી સંઘમાં પણ વેવલા વિચારોમાં ફસાતા અને રાજકીય સ્ટંટની જેમ વાતો કરતા લોકોથી સાવધિકોએ અને બીજાઓએ પણ સાવધ થઈ જવાની જરૂર છે. ■■■

રીઝવશો નહિ

ભમતાં ભમતાં એક સર્પને જોયો. ખડખડાટ થવાથી ગભરાયેલો તે સર્પ, બાજુના વિશાળ ઝાડની તળેટીએ આવેલા દર તરફ દોડયો. તેનું દર તેના શરીરની જાડાઈ જેટલું જ જોવામાં આવ્યું. સડસડાટ કરતો સાપ તેના દરમાં પેસી ગયો. જરા વાંકો નહિ, જરા ચૂંકો નહિ.. જો વાંકો-ચુકો થયો હોત તો તેના ઢેકો ઘસાય ગયો હોત, લોહી-લુહાણ થયો હોત. આ જોઈને વિચાર આવ્યો.

સર્પ વાંકો-ચુકો થયા વિના સીધો જ દરમાં પેસી ગયો તેમ આહારને વાગોળીયા વગર સીધો જ ગળે ઉતારી દેવાય ખરો ?

આહારીની પ્રક્રિયા દાંત કરે છે ત્યારે ૩૨-૩૨ ચોકીઓની વચ્ચે રહેલી આ દલાલણ આમથી તેમ હરતી જાય, ફરતી જાય અને રાજી રાજી થતી જાય. આ વચ્ચે રહેલી દલાલણને રાજી થવા દેવી ન હોય તો મિષ્ટાન, લુખ્ખો, સુક્કો આહાર ચાવીને સીધો જ ઉતાળી દેવો જોઈએ. પેટ ભર્યા વિના ચાલતું નથી. તે વાત સાચી પણ, વચ્ચે રહેલી દલાલણને શા માટે અહિંથી ત્યાં રમાડવી ? તેને રમાડયા વિના નહિ ચાલે, જીભને રમાડયા વગર જીવન ટકશે નહિ. એવું કોઈ કહેશે ખરા ? ના, પેટ માટે જે મહેનત થાય છે તેના કરતાં કાંઈક ગુણી મહેનત જીભને રાજી રાખવા માટે કરવી પડે છે.

આપણે ષટ્રસનું ભોજન કરીએ અથવા લુખ્ખુ સુક્કું ખાઈને પેટ ભરીને તો પેટને તેની કાંઈ કિંમત ખરી ? પેટમાં કયાં સુધી ભાર ? ખોરાક પચે અને પોષણ મળે ત્યાં સુધી ભાર. બાકી સઘળા તોફાનો જીભ માટેના છે.

આ દલાલણને રીઝવ્યા વિના ખાવું એટલે પેટને ભાડું આપવું એ રીતે ખાવું. સઘળા ભોજય અને ભોગ્ય પદાર્થો એ રીતે ભોગવાય તો જ વિષયો વિષ જેવા લાગી જાય. વિષયો જ્યારે વિષ જેવા લાગશે ત્યારે જ અનંત ભવની પરંપરા તોટવાનું સત્ત્વ ખીલશે. એ સત્ત્વના કારણે આહાર સીધો ગળે ઉતરી જશે.

વસુ...

હાસ્ય હોજ

મહિલા : ડોકટર ! મારા ધણીને પેટમાં દુઃખે છે.

ડૉ. : બહેન ! કોઈ દવા નથી.

મહિલા : ડૉ. કોઈ ઈલાજ તો બતાવો.

ડૉ. : બહેન ! તો એમ કરો ચમચાઅ ના મોઢેથી વખાણ સાંભળશે તો તકલીફ દૂર થઈ જશે.

રશ્મિકા

પ્રવચન-ઓગણચાલીશમું

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

૨૦૪૩, શ્રાવણ વદિ-૬ શુક્રવાર તા.૧૪-૮-૧૯૮૬
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ-૪૦૦ ૦૦૬

પ્રકીર્ણક ધર્મોપદેશ

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ૦)

अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे निरुवट्ठाणा ।
एवं ते मा होउ, एअं कुसलस्स दंसणं ॥

(શ્રી આચ રાંગ સૂત્ર-૧૬૬, અધ્યયન-૫, ઉદ્દેશો-૬)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા, અત્યાર સુધીમાં એ વાત સમજાવી આવ્યા કે, ભગવાન શ્રી જિનેશ્વર દેવોનો ધર્મ મોક્ષને માટે જ કરવાનો છે. જે જીવો ભગવાનની પરમતારક આજ્ઞા મુજબ મોક્ષની સાધના માટે જ આ ધર્મ કર્યા કરે છે તેઓને કર્મયોગે સંસારમાં જ્યાં સુધી રહેવું પડે છે ત્યાં સુધી મોક્ષની સાધનામાં જરૂરી સારામાં સારી બધી સામગ્રી વગર માગે મળ્યા કરે છે. તમે શ્રી અરિહંત પરમાત્માદિ મહાપુરુષોનાં જીવન ચરિત્રો વાંચ્યાં નથી. શ્રી શાંતિનાથસ્વામી ભગવાનના બાર ભવ થયા છે. એક કરતાં એક ભવ ચઢિયાતો, છેલ્લા ભવમાં તો શ્રી અરિહંતપણાની અને ચક્રવર્ત્તિપણાની એમ બે પદવીઓ પામ્યા છે. દરેકે દરેક ભવમાં સંસારની સુખસામગ્રીનો પાર નથી છતાં પણ તે સુખની સામગ્રીને હેય જ છોડવા જેવી જ માને છે. મોક્ષ માટે ધર્મ કરનારને કોઈ જ ચિંતા કરવાની હોતી જ નથી, વગર માગે બધી જ અનુકૂળ સામગ્રી મળ્યા જ કરે છે.

આ વાત જાણવા છતાં, સમજવા છતાંય જે લોકો એમ જ કહેતા હોય કે - 'ગમે તે માટે ધર્મ થાય' તો તેવાઓની તો દયા જ ખાવા જેવી છે. હજી અણસમજુ જીવ હોય તે સમજી જાય તો છોડી દે પણ જે હઠીલા જ હોય છે અને સાચું સમજાવા છતાં ય માનતા નથી અને ગમે તે ઈરાદે ય ધર્મ થાય એમ કહે છે તે તો દુર્ગતિગામી લાગે છે. તેની સાક્ષીમાં શ્રી આચારાંગ નામના સૂત્રમાં ભગવાન ખુદ શું ફરમાવી ગયા છે તે વાત આ પરમર્ષિ સમજાવે છે કે - કેટલાક જીવો એવા હોય છે કે જેઓને ભગવાનની આજ્ઞા માનવી જ હોતી નથી. તેઓ ધર્મ કરે તે ય પોતાને જે જોઈએ તે મેળવવા માટે કરે છે. તેમને સમજાવવા છતાં ય સમજતા નથી. ભગવાને જેની ના પાડી હોય છતાં ય તે માટે જ ધર્મ કરે, તો ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ વર્તનારા કયાં જાય ? ભગવાને ધર્મ મોક્ષ માટે જ કરવાનો કહ્યો છે અને મોક્ષ માટે ધર્મ કરનારને તે સંસારમાં રહે ત્યાં સુધી મોક્ષની આરાધના માટે જે સામગ્રી જોઈએ તે વગર માગે મળે અને તેને ભૂંઝવે પણ નહિ. જ્યારે પોતાની મરજી મુજબ ધર્મકરનારને જ્ઞાનિઓ દુર્ગતિગામી તરીકે જ ઓળખાવે છે. ભગવાનની આજ્ઞાની જાણી બૂઝીને અવગણના કરનારા સંસારમાં જે રખડે તેમાં નવાઈ છે ? ભગવાનનું એક એક વચન ઉત્થાપ્યું તેમાંથી નિહ્નવો પાકયા છે. જ્ઞાનિઓએ કોઈ પણ બાકાત રાખ્યા નથી.

આ, શ્રી આરારાંગ સૂત્રની સાક્ષી આપી એ વાત સ્પષ્ટ કરે છે કે - સમજદાર જીવ સમજવા છતાં પણ સંસારના સુખ માટે જ ધર્મ કરે તો સમજી લેવું કે તેને ભગવાનની આજ્ઞાની દરકાર નથી. ભગવાનની આજ્ઞા નહિ માનનારા ગમે તેટલો સારો ધર્મ કરે. નવું ગ્રૈવેયક પણ પામે છતાં પણ ત્યાં ય અંતરથી સુખી નહિ. ત્યાંથી મનુષ્યમાં આવી નરકાદિ દુર્ગતિમાં જાય. આ વાત જાણવા છતાં ય સંસારના સુખ માટે ધર્મ કોણ કરે ? સમજદાર કરે ? આપણે બધાય આ વાત સમજીએ છીએ કે - ધર્મ તો મોક્ષ માટે જ થાય ? મોક્ષ માટે જ ધર્મ કરનારને ભૂતકાનાં કોઈ કર્મ ન નડે તો તેના માટે દુર્ગતિનાં દ્વાર બંધ, મોક્ષસાધક ધર્મ સારી રીતે સાધી શકાય તેવી સદ્ગતિ નક્કી જ. આવું જાણવા છતાં પણ સંસારની ચીજ માટે ધર્મ કરવાનું મન થાય ? મન થાય તો આજ્ઞાની બેદરકારીવાળા કહેવાય ને ? ભગવાનની આજ્ઞાની બેદરકારી તે જ મોટામાં મોટું સંસારનું કારણ છે. તેવાનો સારામાં સારો ધર્મ પણ પરિણામે દુર્ગતિમાં લઈ જાય. આપણા બધાની શી ઈચ્છા છે ?

આપણી મુક્તિ ન થાય ત્યાં સુધી દુર્ગતિમાં જવું જ નથી તે ત્યાંના દુઃખથી ડરીને નહિ પણ ત્યાં ધર્મ સાધક સામગ્રી ન મળે અને ધર્મ ન થઈ શકે માટે. અને સદ્ગતિમાં જવું છે તે ત્યાં સુખસામગ્રી છે માટે નહિ પણ ત્યાં મોક્ષસાધક ધર્મની આરાધના સારી રીતે થઈ શકે માટે. જ્ઞાનિઓ કહે છે કે - આ દુનિયાની સુખસામગ્રીમાં જરા પણ લલચાવા જેવું નથી. તેમાં ફસાવા જેવું પણ નથી. તાકાત હોય તો પુણ્યથી મળેલી એવી પણ તે સામગ્રી છોડી દેવા જેવી જ છે અને કદાચ ન છૂટી શકે અને ભોગવવી પડે તો કર્મને ભોગવવા જેવી છે પણ રાજીથી નહિ. આ વાતમાં તમને શંકા છે ખરી ?

જેમ કેટલાક જીવો આજ્ઞા મુજબ ધર્મ નથી કરતા તેમ કેટલાક જીવો આજ્ઞા મુજબ ધર્મ કરે છે પણ તે સંસારના સુખ માટે જ ધર્મ કરે છે : આ બંન્ને ય પ્રકારના જીવો દુર્ગતિગામી છે તેમ ભગવાન શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવે છે. તેવા જીવોને સમજશક્તિ હોવા છતાં સમજવાના પ્રયત્નને અભાવે ધર્મ કરવા છતાં ય પરિણામે દુર્ગતિની જ પ્રાપ્તિ થાય છે તેમ જ્ઞાનિઓ કહે છે. કારણ કે સંસારના સુખની ઈચ્છાથી જે જીવ આજ્ઞા મુજબ ધર્મ કરે તો ધર્મ તેની આબરૂ ખાતર તેને એકવાર તો ધાર્યું સુખ આપી દે પણ ધર્મ ભાગી જાય. તે સુખમાં તે જીવ એવો ગાંડો બને, એવાં એવાં પાપ કરે કે ત્યાંથી દુર્ગતિમાં જ જાય. શ્રીકૃષ્ણ વાસુદેવ આજે ક્યાં છે ?

એકવાર પ્રસંગ પામીને શ્રી કૃષ્ણ મહારાજાએ, ભગવાન શ્રી નેમનાથસ્વામિને પૂછ્યું કે - મારે કયાં જવાનું છે ? ત્યારે શ્રી નેમનાથસ્વામી ભગવાને કહ્યું કે - તારે નરકમાં જવાનું છે. તે સાંભળીને શ્રીકૃષ્ણજીનું લોહી થીજી ગયું. તેઓએ કહ્યું કે- ''છપ્પન ક્રોડ યાદવનો ધણી, જેના માથે શ્રી નેમનાથ સ્વામી ભગવાન છે તેમનો ભાઈ નરકે જાય તેમાં આપની શી આબરૂ છે ?'' ભગવાને કહ્યું કે - ''તું નિયાણું કરીને આવ્યો છું તેથી એકવાર તો નરકે જવું જ પડશે.'' જે પાપ કર્યું હોય તેને ભોગવ્યા વિના ખુદ શ્રી તીર્થંકર પરમાત્માના આત્માનો પણ છૂટકારો થતો નથી. પણ ભવિષ્યમાં તું ય તીર્થંકર થવાનો છે. ત્યારે શ્રી કૃષ્ણજીને કાંઈક શાંતિ થઈ.

નરકનાં દુઃખો જાણે તેને નરક સાંભળી શું થાય ? અહીં નહિ જેવા દુઃખમાં ઊંચા-નીચા થઈ જાવ છો તો નરકમાં જશો તો શું થશે ? નરકમાં એવી એવી પીડા છે કે સમજુ આત્માથી પણ રાડ પડી જાય છતાં ય તે સમજુ આત્મા કહે કે - અંતરથી હું મઝામાં છું. અજ્ઞાનાવસ્થામાં જે જે પાપ રાચી-માચીને કર્યા હોય તેનું ફળ તો ભોગવવું જ પડે ને ? પણ આજે તો ઘણા નરકને ય માનતા નથી. તેઓ કહે છે કે લોકોને ડરાવવા માટે નરકની વાતો કરે છે.

તમે લોકો નરક-સ્વર્ગ માનો છો ? નરકને માનનારો મહારંભ અને મહાપરિગ્રહ મઝેથી, કરવા જેવા માનીને કરે ? કદાચ કર્મયોગે તેને મહારંભ કે મહાપરિગ્રહ કરવા પડે તો દુઃખથી કરે, કદી તેમાં મઝા માને નહિ.

'સંસારના સુખ માટે ધર્મ કરાય જ નહિ' તેમ જાણવા અને સમજવા છતાં ય જે તેના માટે જ ધર્મ કરે તો તે ભગવાનની આજ્ઞાને ભાગનારો જ ગણાય. તેને કદાચ સંસારનું સુખ મળી પણ જાય તો તે, તે સુખમાં ગાંડો થયા વિના રહે નહિ ત્યાંથી તેને નરકાદિ દુર્ગતિમાં ગયા વિના છૂટકો જ નથી. વાસુદેવ અને પ્રતિવાસુદેવ ભગવાનના ભગત હોય તો પણ આયુષ્ય બંધ વખતે તે જો સમકિત પામ્યા હોય તો સમકિત ચાલ્યું જાય અને નરકનું જ આયુષ્ય બંધાય અને નરકમાં જવું પડે તેવી રીતે જે જીવ ચક્રવર્ત્તીપણુ માગીને મેળવે તો તે પણ નરકે જ જાય આ વાત કેટલી વાર સાંભળી છે ? મોટો ભાગ મને આવું આવું મળો તે માટે જ ધર્મ કરનારો હોય છે. જે જીવ અજ્ઞાન અને અણસમજુ હોય તેને એકદમ નિષેધ ન કરાય. અજ્ઞાન જીવ તેવો આગ્રહી નથી હોતો તે તો અણસમજથી કરતો હોય છે. જ્યારે તે સાચું સમજે કે - સંસારના સુખ માટે ધર્મ કરાય નહિ તો તે ઝટ છોડી દે છે. શાસ્ત્રે કહ્યું છે કે - આવા અજ્ઞાની જીવોને સમજાવવા સહેલું છે. પણ જે આગ્રહી હોય અને પાછો પોતાને જ્ઞાની માનતો હોય તો તેને સમજાવવો મુશ્કેલ છે. તે સમજે તો નહિ પણ અનેકને ઉન્માર્ગે દોરે. આજે આવા ઉન્માર્ગે દોરાયેલા ઘણા પૂછે છે કે - 'સંસારના સુખ માટે ધર્મ ન કરીએ તો શું પાપ કરીએ ?' 'ભગવાન પાસે સંસારનું સુખ ન માગીએ તો શું કુદેવ પાસે માગીએ ?' દુનિયાનું સુખ મેળવવા જેવી ચીજ છે ? શાસ્ત્રે તો કહ્યું છે કે - દુનિયાનું સુખ પુણ્યથી મળ્યું હોય તો ય ફેંકી દેવા જેવું છે. કદાચ ભોગવવું પડે તો કર્મને દુઃખથી ભોગવવા જેવું છે. જે ચીજ સ્વયં પાપ છે, પાપને કરાવનાર છે તેવી ચીજ ભગવાન પાસે મંગાય ખરી ? શાસ્ત્રે દુનિયાના સુખને

પાપરૂપ, પાપફલક અને પાપાનુબંધી કહ્યું છે. ભગવાન પાસે તે સુખ મગાય કે નહિ તેમ પૂછો છો પણ કોઈ એવું નથી કહેતું કે - '' હે ભગવન્ ! આ દુનિયાના સુખમાં બહુ રાગ થાય છે તેને લઈને હું એવો પાપી બની ગયો છું કે જેનું વર્ણન ન થાય. મારી પાપબુદ્ધિ નાશ પામો તે સુખ વહેલું છૂટી જાય તેવું મન થાય તેમ કરો.'' આ દુનિયાનું સુખ ભૂંડું, ભૂંડું ને ભૂંડું જ છે.

આજના જેટલા લોભીયા જીવો છે તેની પાસે ઘણા પૈસા હોવા છતાં ય તે સુખી નથી. ઘણા તો પોતે સારું સારું ખાઈ-પી શકતા નથી પણ તેના કુટુંબમાં પણ કોઈ સારું-સારું ખાય-પીએ તે પણ જોઈ શકતા નથી. છોકરા શોખીન થયા હોય તો તેનો બાપ કહે કે - નફફટ પાક્યા છે. તેવો એક શ્રીમંત મેં જોયો છે મોટો આસામી હતો, સંઘનો આગેવાન હતો. તેના દિકરા પરદેશ રહેતા જ્યારે ગામમાં આવે તો તેના ઘેર ન ઉતરે પણ વીશીમાં ઉતરે અને ત્યાં જમે. કોઈ પૂછે તો કહે કે - બાપને ત્યાં જઈએ તો ગણી ગણીને ખાવા આપે છે. તે આસામી કપડાં એવા પહેરે કે ગરીબડો લાગે. ગમે તેટલા પૈસા હોય તેથી સુખી જ હોય તેવું નથી.

નવમી ગ્રૈવેય કે ગયેલા પણ ત્યાં અંતરથી દુઃખી હોય છે. તેને બધું ઓછું જ લાગ્યા કરે. આજે કરોડોના માલિક પણ ભૂતની જેમ ભટકે છે ને ? સુખેથી ખાઈ-પી પણ શકતા નથી. દોડાદોડ કર્યા કરે છે. આવા જીવોને ગમે તેટલું સમજાવો તો પણ સાચા ભાવે દાન કરવાનું મન જ થાય નહિ અને ઘણા તો દાન પણ કરે નહિ. આવા જીવો મરીને ક્યાં જાય ? **આજે લક્ષ્મીના માલિક કેટલા હશે અને લક્ષ્મીના પૂજારી કેટલા હશે ? લક્ષ્મીને જ્ઞાનિની આજ્ઞા મુજબ ખર્ચે તે બધા લક્ષ્મીના માલિક કહેવાય અને ભગવાનની આજ્ઞા મુજબ લક્ષ્મી ખરચવાનું જેને મન ન થાય ને બધા લક્ષ્મીના ગુલામ કહેવાય !** તમે બધા લક્ષ્મીના ગુલામ છો કે માલિક છો ? ધર્મમાં ખરચવાથી લાભ જ થાય તેમ જાણવા છતાં ય ધર્મમાં પૈસા ખર્ચે નહિ તે કોના ભગત કહેવાય ? ભગવાનના ભગત કહેવાય કે પૈસાના ભગત કહેવાય ? જગતના જીવો તો કહે છે કે - 'પૈસો મારો પરમેશ્વર' છે. આવું બોલનારા-માનનારા કેટલા પાપી હોવા જોઈએ ! તેમને પૈસો મળ્યો છે પુણ્યથી પણ એવો પાપોદય છે કે પોતે તો ખાય-પીએ નહિ, ભોગવે નહિ અને બીજાને ય ખાવા-પીવા દે નહિ. ભોગવવા દે નહિ અને તેના ઉપરની મમતા કરી કરીને નરકાદિમાં જાય, ધન ઉપર સાપ થાય.

જે જીવ ભગવાનને માને તેને પૈસાની કિંમત જ ન હોય. તેને તો પૈસો ઈચ્છવા જેવો ન લાગે, લેવા જેવો ન લાગે. મેળવવા જેવો ન લાગે, ભોગવવા જેવો ન લાગે પણ છોડી દેવા જેવો જ લાગે. તેને પૈસો રાખવો પડે તો ન છૂટકે રાખે અને ન છૂટકે ભોગવે. સમકિતીની આવી જ દશા હોય. સમકિતીની મનોદશા કેવી હોય તે અંગે શ્રી ભરતજીની વાત ઘણીવાર કહી છે પણ તમે લોકો યાદ રાખતા નથી. શ્રી બાહુબલિજીએ જ્યારે યુધ્ધભૂમિમાં જ દીક્ષા લીધી ત્યારે શ્રી ભરતજીએ તેમના પગમાં પડીને કહ્યું છે કે - ''આ રાજ્ય તે સંસાર રૂપી વૃક્ષનું બીજ છે આવું જે ન માને તે અધમ છે. આવું જાણવા છતાં ય હું છોડતો નથી માટે હું અધમાધમ છું. તું શ્રી ઋષભદેવ સ્વામિનો સાચો દિકરો છે, હું નથી.'' આખા લશ્કરની સામે આમ બોલ્યા છે, સમકિતી ચક્રવર્તિને ચક્રવર્ત્તિપણું કેવું લાગે તે સમજાય છે ! તમને તમારું આ ઘર કેવું લાગે છે ? સમકિતી બંગલાને જેલ માને જ્યારે તમે તમારા બંગલાને મહેલ માનો છો તેનું શું ? સમકિતી પોતાના બંગલાદિથી ખુશ ન હોય. સાધુ કોણ ન થઈ શકે ? જે કર્મની જેલ છોડીને ભાગી ન શકે તે ઘણા કેદીઓ જેલના બારણાં તોડીને ભાગી જાય છે. જ્યારે તમે તો મઝેથી રહ્યા છો ! ઘરમાં મઝેથી રહે. રહેવા જેવું માનીને રહે તે બધા સમકિતી પણ નથી. એટલું જ નહિ ભગવાનનો ધર્મ પણ પામ્યા નથી. તેવા જીવો કદાચ ડાહી ડાહી વાતો કરે તે પણ બનાવટી છે તેમ માનવું જોઈએ.

આજના સુખી મોટેભાગે લક્ષ્મીના માલિક નથી પણ લક્ષ્મીના ગુલામ છે. તે બધા લક્ષ્મીને મેળવવા માટે, ભોગવવા માટે, સાચવવા માટે કેવા કેવા પાપ કરે છે તેનું વર્ણન થઈ શકે તેમ નથી ! અને પૈસાના સદુપયોગની વાત આવે તો તેમના હૈયામાં ફાળ પડે છે ! જે જીવ ભગવાનનો સાચો ભગત હોય તેને દુનિયાની ગમે તેટલી સુખ-સાહ્યબી, ઋધ્ધિ-સિધ્ધિ મલી હોય તો ય ફેંકી દેવા જેવી જ માને. તેથી જ શ્રી આચારાંગ સૂત્રકારે ભારપૂર્વક કહ્યું કે - ભગવાનની આજ્ઞા જાણવા છતાં, સમજવા છતાં સંસારના સુખ માટે જ ધર્મ કરે-કરાવે તે બધા જ ભગવાનની આજ્ઞાના વિરાધક છે માટે જ દુર્ગતિગામી છે.

ક્રમશ:

સમય : સવારના ૮-૩૦ ક.
સ્થળ : સુ. બકુભાઈ મણિલાલનો બંગલો, પાલીતાણા

આ જીવન સફળ ક્યારે ?

- પૂ. આચાર્યદેવ શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.
૨૦૩૪, પોષ સુદિ-૭ ને રવિવ : ૧૫/૧/૭૮

सम्यग्दर्शनसंशुद्धं, यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दुःख निमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિ વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી મહારાજા ફરમાવે છે કે જન્મ એ જ દુઃખનું મૂળ છે. જન્મ તેને જ લેવો પડે કે જેનું મોહ નામનું પાપ જીવતું હોય. મોહ નામનું પાપ મર્યા વગર જન્મ બંધ ન થાય. આ જન્મ દુઃખનું નિમિત્ત હોવા છતાં અનંત જ્ઞાનીઓએ આ મનુષ્ય જન્મને જ વખાણ્યો છે, કેમ કે આ મનુષ્ય જન્મ એ જ એવો જન્મ છે કે જીવને જન્મરહિત થવાની જે ત્રણ ચીજ મોક્ષ માર્ગ સ્વરૂપ છે તેને જીવ આ જન્મમાં પામી શકે. સમ્યગ્દર્શનથી શુદ્ધ એવું જે જ્ઞાન અને ચારિત્ર તે આ મનુષ્ય જન્મમાં જ મળી શકે છે. બીજા કોઈ જન્મમાં મળતું નથી. આજ સુધીમાં આપણે અનંતાં જન્મ-મરણ કર્યા. અનંતી વાર મનુષ્ય જન્મ મળ્યો હશે, પણ તે દુઃખનું નિમિત્ત જ બન્યો. ત્યાં પાપ કરી નરકાદિ દુર્ગતિમાં ગયા. કવચિત્ દેવ મનુષ્યભવ પામ્યા હોઈશું તો ત્યાં ય પાપ કરી તિર્યંચ નરકાદિમાં ભટકયા હોઈશું.

આ જન્મ સફળ કયારે થાય ? સાંસારિક સુખ જે ગમે છે તે ન ગમતું થાય અને દુઃખ જે નથી ગમતું તે ગમતું થાય તો. પાપના યોગે જનમવું પડયું પણ જેને મોક્ષમાર્ગ મળે તેનો આ જન્મ સફળ થાય. મોક્ષમાર્ગ તો નરક-તિર્યંચ અને દેવમાં પણ મળે છે. પરન્તુ પૂરેપૂરો મોક્ષમાર્ગ જે રત્નત્રયી રૂપ કહ્યો છે તે આ મનુષ્ય જન્મ વિના બીજા જન્મમાં મળે તેમ નથી. આપણને આ જન્મ મળ્યો છે માટે આપણે પુણ્યશાળી છીએ. પણ તે પુણ્યથી મળેલ જન્મ સફળ કરવો આપણા હાથમાં છે.

આપણને હજી આ શરીર પ્રધાન લાગે છે. શરીરના સુખનાં સાધનભૂત ધન પ્રધાન લાગે છે અને તેમાં સહાયક મંડળ સ્વરૂપ કુટુંબ પ્રધાન લાગે છે. તે ગૂંચળામાંથી જ્યાં સુધી બહાર ન નીકળીએ ત્યાં સુધી આ જન્મ સારામાં સારો બની શકે તેવો હોવા છતાં નિષ્ફળ જાય. મહાવિદેહ એ એવું ક્ષેત્ર છે કે, જ્યાં શ્રી તીર્થંકર પરમાત્માઓ અને એ પરમતારકોએ સ્થાપેલો મોક્ષમાર્ગ સદા માટે વિદ્યમાન હોય છે. છતાં ત્યાં જન્મેલા આત્માઓમાંથી જેઓ આ મોક્ષમાર્ગને નથી પામ્યા અને પાપમય જીવન જીવે છે તેઓ નરકાદિ દુર્ગતિમાં જાય છે. જ્યારે આ ભરતક્ષેત્રમાં, ભલે પાંચમો આરો હોય પણ ભગવાનનું શાસન પામે અને આજ્ઞા મુજબ આરાધના કરે તો અહીંથી પણ સદ્ગતિમાં જાય. પરંતુ ભગવાનનું શાસન પમાય કયારે ? જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જ પામવાનું મન થાય, તે ન પમાય તો તેમાં જ જીવ રહ્યા કરે, તે ન પમાયા, જ દુઃખ હોય. જેમ મનગમતું સુખ ન મળે અને તેનું દુઃખ રહ્યા કરે. લાખો રૂપિયા મળવા છતાં જગતના ઘણા જીવો દુઃખી જ હોય છે. તેને પૂછવામાં આવે કે, તારી પાસે આટલા પૈસા હોવા છતાં શા માટે દુઃખી છે. તો તે કહે છે કે - હજી ધાર્યા પૈસા મળ્યા નથી તેનું દુઃખ છે. ઘણાને સારા બંગલા હોવા છતાં હજી આધુનિક સગવડો નથી તેનું દુઃખ હોય છે તેમ તેવું દુઃખ આપણને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ન મળે તેનું હોવું જોઈએ. આ બે મેળવવાનું મન કયારે થાય ? સમ્યગ્દર્શન આવે તો. સમ્યગ્દર્શન કયારે આવે ? મારા શરીર આત્માનું બંધન છે તેમ લાગે ત્યારે. શરીરના સુખનું સાધન-ભૂત ધન તેમજ શરીર સુખમાં સહાયકરૂપ કુટુંબ આત્માને સંસારમાં ભટકાવનાર છે તેમ લાગે ત્યારે. શરીર સુખમાં સહાય કરનાર મંડળ આપણું હિતચિંતક નથી, આપણું શત્રુ જ છે. આપણા શરીરની અને શરીરના સુખની ચિંતા કર્યા કરે તે આપણાં અસલમાં ઉપકારક નથી. આપણા આત્માની ચિંતા કરે તે જ આપણા ઉપકારક છે. તમને તમારા સ્નેહી-સંબંધી સારાં કયાં લાગે ? તમારા શરીરની ચિંતા કરે તે કે તમારા આત્માની ચિંતા કરતા હોય તે. તે તમારા વેપારાદિની ચિંતા કરે તો ગમે ? તમારા આત્માદિની ચિંતા કરે તો ગમે ? તમે પણ તેને એમ જ પૂછોને કે - શરીર સારું છે ને ? કુટુંબ મજામાં છે ને ? વેપાર-ધંધા બરાબર ચાલે છે ને ? આપણને ન પૂછે તોય આપણે તેને પૂછીએ ને ? આપણને કોઈ આવું ન પૂછે તો તમને ન ગમે ને ? તે આપણને પૂછે તો જ આપણો સ્નેહી ને ? તમે કહો કે - 'સંસારના સંબંધની વાત ગૌણપણે પૂછીએ છે,

પણ આત્માની વાત જ પ્રધાનપણે પૂછીએ છીએ.' આ વાત તમારે સમજવી પડશે. પણ તે કયારે બનશે ? સમ્યગ્દર્શન આવે તો કે સમ્યગ્દર્શન પામવાની તાલાવેલી આવે તો, સમ્યગ્દર્શન એ જ જગતમાં મોંઘામાં મોંઘી ચીજ છે. શાસ્ત્ર કહે છે કે - અનંતીવાર ઓઘો લેવા છતાં (સાધુ થવા છતાં) સમ્યગ્દર્શન નથી મળ્યું. કેમ ? સાધુ થયા પછી પણ આ શરીર તો સાથે જ હોય ને ? શરીર સાથે હોય એટલે પાંચે પાંચ ઈન્દ્રિયો પણ સાથે જ હોય ને ? તે પાંચે પાંચને શું શું જોઈએ ? તે પાંચ-પાંચને અનુકૂળ મેળવવાની ભાંજગડમાં જીવે તેને સમ્યગ્દર્શન કયાંથી આવે ? આ સમ્યગ્દર્શન ન આવે ત્યાં સુધી નવપૂર્વ સુધીનું જ્ઞાન ભણે તો ય તે અજ્ઞાનમાં જ પરિણામ પામે. તેનું ચારિત્ર તેને સ્વર્ગ આપે, પણ મોટી દુર્ગતિમાં લઈ જવા માટે, આચાર્યપુંગવ શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ત્યાં સુધી ફરમાવે છે કે - તેવો જીવ નવમા ગ્રૈવેયેક સુધી જાય તો પણ તેના કપાળમાં નરકાદિ દુર્ગતિ લખાયેલી જ છે. તે બહારથી ગમે તેટલો સુખી દેખાતો હોય તો પણ અંતરથી દુઃખી જ છે. તે આ વાત સમજવાનો જ નથી.

જેને સમ્યગ્દર્શન પામવું હોય તેને આ સંસાર કેવો લાગે ? ભૂંડો જ. કર્મયોગે સંસારમાં રહેવું પડે તો રહે પણ સંસારને સારો માને જ નહિ. સમકિતી જીવને દેવલોકમાં બેસાડો તો તેને લાગે કે - હું મોટી જેલમાં બેઠો છું. મારે અહીં પલ્યોપમ અને સાગરોપમનાં આયુષ્ય પૂરાં કર્યા વિના છૂટકો નથી તેનું મન તો કયારે ઝટ મનુષ્ય જન્મ પામું, કયારે ભગવાનનું શાસન પામું તેમાં જ રમતું હોય છે. ઈન્દ્રો પણ ઈન્દ્રસભામાં સિંહાસન પર બેસતાં પહેલાં વિરતિને નમસ્કાર કરે છે. તે વિરતિધરોને ધન્ય માને છે અને પોતાની જાતને અધન્ય માને છે. અહીં આવેલા એવા તમને વિરતિ યાદ આવે છે ? ના. કેમ કે, મોટાભાગને સમ્યગ્દર્શનનો ખપ જ નથી. કેટલાક વિરતિ લઈને બેઠેલા આલોકના સુખમાં જ મજા કરે છે કેમ કે તેમને પણ સમ્યગ્દર્શનનો ખપ નથી. સમ્યગ્દર્શન પામ્યા વગર પણ સાધુ થઈ શકાય છે. શા માટે ? આ લોકમાં મોજ મજા કરવા કે ભવાંતરમાં સારાં સારાં સુખો મેળવવા માટે. આ લોકના કે પરલોકના સુખ માટે સાધુ થવું એ શાસનની ઘોર આશાતના છે, ભયંકર આપત્તિજનક છે, ઘોર અપમાન છે, સાધુપણાનો તિરસ્કાર છે.

આ જન્મ ત્યારે જ સફળ થાય કે સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનની શુદ્ધ એવું જ્ઞાન અને ચારિત્ર મળે તો. તે પામવા શું કરવું તે કોઈ પૂછતું જ નથી. અમે કહીએ કે, નવકાર(પામે) ગણે તે જીવ ગ્રન્થિદેશે આવ્યો કહેવાય. પણ ગ્રન્થિદેશ શું, ગ્રન્થિ શું તે પૂછવાનું કોઈને મન થતું નથી. ઘણાને ગ્રન્થિ ઓળખવાનું મન થયું નથી. જેને ગ્રન્થિ ભેદવાનું મન ન થાય, તે ભેદવા માટે શું કરવું જોઈએ તે જાણવાનું-સમજવાનું મન ન થાય, તે જીવ તેટલી સારી ધર્મક્રિયા કરે તો પણ તે સંસારમાં જ રખડવાનો છે. મોટેભાગે ઘણો કાળ તેનો નરક-તિર્યંચમાં જવાનો છે. કવચિત્ તે મનુષ્યપણું પામે તો તેનો પાપનો પૂરવઠો ઘણો ગયો હશે. ત્યાં આવી પાપ બાંધી પાછો નરકાદિ દુર્ગતિમાં રખડવા જશે.

તમને લાગે છે કે - મોટેભાગે જીવનમાં પાપબંધની જ ક્રિયા ચાલુ છે. !! આ નાશવંતા સુખની પૂંઠે પડી જીવન બરબાદ કરી રહ્યા છીએ ! તમને શરીર યાદ છે, આત્મા યાદ નથી. અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા છે, તમને મોક્ષ કયારે યાદ આવે છે ? મોક્ષ યાદ ન આવે ને ધર્મ કરવો તે ધર્મ નથી, નાટક છે. આવી સારી અવસ્થા પામ્યા છતાં મોક્ષ યાદ ન આવે તો સમજી લેવું કે તેને ધર્મ કરવો જ નથી. જન્મ સારો નથી. પણ આ મનુષ્ય જન્મ એટલા માટે સારો છે કે ભગવાને કહેલો મોક્ષમાર્ગ કે, જે, સમ્યગ્દર્શન, સમ્યગજ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે તે આ જન્મમાં જ મળી શકે તેમ છે, માટે આ જન્મ સારો છે. બાકી આ જન્મ મહાપાપનું કારણ છે, કેમકે પાપ વગર જીવાય તેમ નથી.

આ વાત મગજમાં બેસે, સમ્યગ્દર્શન પામવાનું મન થાય, ગ્રન્થિભેદ વિના સમ્યગ્દર્શન થતું નથી તો તે ગ્રન્થિ ભેદ શી રીતે થાય તે જાણવાનું મન થાય તો કાર્ય સિદ્ધ થાય. શાસ્ત્રે ત્યાં (સમ્યગ્દર્શન પામવામાં) સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મક્રિયા નથી લખી પરંતુ શુધ્ધયથા પ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ક્રમ લખ્યો છે. સામાયિક લાખ કરે પણ આ પામવાનું મન ન થાય તો સમકિત ન આવે. આ પામવું જ ન હોય તો સામાયિક પણ શું કરે ? સામાયિકમાં ય તમે શું કરો ? કાં ઊંઘો કાં વાતો કરો ! સામાયિકમાં પણ આત્માની ચિંતા કરો છો ખરા ?

સમ્યગ્દર્શન પામવાની ખરેખરી સારામાં સારી તક છે. તેને સમજાવનાર સદ્ગુરુ વિદ્યમાન છે. તેમને સમ્યગ્દર્શન પામવાના ઉપાય પૂછો અને કહો કે - સમ્યગ્દર્શન મેળવ્યા વિના મરવું જ નથી. દશપૂર્વધર શ્રી વજ્રસ્વામિજી મહારાજા ફરમાવે છે કે - મનુષ્ય જન્મમાં બુદ્ધિમાને સમ્યગ્દર્શન પામ્યા વિના મરવું જ ન જોઈએ.

અનુસંધાન...પાના નં.૨૬૦

મહાભારતના પ્રસંગો

- શ્રી રાજુભાઈ પંડિત

જયદ્રથ વધ

(પ્રકરણ : ૬૫)

અર્જુને કરેલી જયદ્રથના વધની પ્રતિજ્ઞાથી ભગ્ન હૃદયવાળા બની ગયેલા દ્રોણાચાર્ય ચૌદમા દિવસની સવારે જલ્દીથી સંગ્રામ મોરચે આવીને શકટવ્યૂહ રચી દીધો. અને શકટવ્યૂહ સૂચીપાશમાં જયદ્રથને અતિ ગુપ્ત રહે તે રીતે ગોઠવી દીધો.

આજે કૌરવો સૂર્યાસ્ત સુધી જયદ્રથની રક્ષા કરી લે તો અર્જુનનો અગ્નિ પ્રવેશ નક્કિ હતો અને અર્જુનના ખલાશ થતાં જ નબળા પડી ગયેલા પાંડવોને આસાનીથી જીતી શકાય તેમ હતા. આથી ગુરુદ્રોણે શકટવ્યૂહના અત્યંત દૂર-દૂરના છેડે જયદ્રથને ગોઠવી દીધો હતો. અને તેના પ્રવેશ દ્વારમાં રૌદ્ર રૂપ ધરીને ખુદ પોતે રહ્યા હતા.

બીજી તરફ પ્રચંડ પરાક્રમ સાથે પાંડવોએ શત્રુ સૈન્યને ખળભળાવતા આગળ વધવા માંડયુ હતુ. આગળ વધતાં વધતાં ગુરુદ્રોણ અને અર્જુન સામ સામે આવી ગયા. બન્ને એકબીજાને પરાસ્ત કરી દેવાની ઇચ્છાવાળા હોવા છતાં આવા સમયે પણ બન્ને વચ્ચે દિવાર રૂપ બની ગયેલા સ્નેહે બન્નેમાંથી એકે ય ને શસ્ત્ર ઉગામવા માટે હાથને અટકાવી દીધા..

આથી અર્જુને ગુરુદ્રોણને પ્રદક્ષિણા કરીને તે વ્યૂહમાં પ્રવેશ કર્યો. યુધિષ્ઠિરાદિને અર્જુને વ્યૂહમાં ન પ્રવેશવાની સૂચના કરી રાખી હતી. અને પોતે જેમ જેમ વિજય પામતો જશે તેમ તેમ દેવદત્ત નામનો શંખ ફૂંકતો રહેશે એવા સંકેત કર્યો હતો.

શકટવ્યૂહમાં પ્રવેશી ગયેલા અર્જુને ગાંડીવ ધનુષના ગગન-ભેદી ટંકાર સાથે અગણિત શત્રુઓના પ્રાણો ખેંચી કાઢીને બાણોની તથા પુત્રવધના શોકના સળગી ઉઠેલા અગ્નિની તૃપા શાંત કરી. અને વારંવાર તે દેવદત્ત શંખ ફૂંકતો રહ્યો હતો.

પાર્થના બાણોથી સૈન્યબળ ક્ષીણ - હીણ થતું જોઈને કૌરવેન્દ્ર દુર્યોધન સ્વયં અર્જુન સાથે યુદ્ધ કરવા લાગ્યો. બન્ને વચ્ચે લાંબા સમય સુધી ઘોર સંગ્રામ ચાલ્યો. પણ દુર્યોધન સામે વધુ લડીને સમય બગાડવા જતાં સૂર્યાસ્ત વધુને વધુ નજીક આવી રહ્યો હોવાથી આખરે તેની સાથેના યુદ્ધને આટોપવા અર્જુને દુર્યોધનને બાણવર્ષાથી માત્ર ઘાયલ કરીને આગળ વધ્યો.

ક્રોધથી સળગી ઉઠેલી લાલાશ ભરી આંખે શ્રીકૃષ્ણ વસુદેવે આખરે દૂર દૂર રહેલા જયદ્રથને શોધી કાઢયો. આમ તો કૃષ્ણાર્જુનની આંખો સંગ્રામ આખામાં માત્ર જયદ્રથને જ શોધી રહી હતી, અને શ્રીકૃષ્ણને જયદ્રથ દૂરથી દેખાતાં જ અર્જુનને કહ્યું કે "પાર્થ ! જો પેલો રહ્યો જયદ્રથ ! સંગ્રામમાં તેનો શિરોચ્છેદ કરી નાંખ."

પણ દુઃખની વાત હતી કે દૂર દૂર રહેલા જયદ્રથ સુધી પહોંચવા માટે વચ્ચે સંગ્રામના રસ્તામાં અગણિત શૂરવીર નરેશો આયુધો ઊગામીને ઉભા હતા.

બીજી તરફ જયદ્રથ તરફ જવાની અધીરાઈમાં જ અર્જુન શંખ ફૂંકવાનું ભૂલી જતાં ધર્મપુત્ર યુધિષ્ઠિરને ચિંતા થવા લાગી કે - અર્જુનનો શંખનાદ સંભળાતો અટકી ગયો છે, યોકકસ કંઈક અઘટિત બન્યુ લાગે છે. આથી અર્જુનની ભાળ મેળવવા ધર્મપુત્રે સાત્યકિને મોકલ્યો. પણ અહીં શકટવ્યૂહમાં પ્રવેશ દ્વાર આગળ જ દ્રોણાચાર્ય ઉભા હતા. તેમને ખસેડીને અંદર પ્રવેશવું સાત્યકિ માટે તો અશકય હતું. આથી બળની બદલે કળનો ઉપયોગ કરીને સાત્યકિ ગુરુદ્રોણને નમસ્કાર કરવા વડે છેતરીને અત્યંત ઉતાવળથી તે વ્યૂહમાં પ્રવેશી ગયો.

આગળ અર્જુન સુધી પહોંચી રહેલા તેને ભુરિશ્રવાએ સામે આવીને યુદ્ધ દ્વારા અટકાવવા માંડયો. ત્યારે સાત્યકિએ પણ પ્રચંડ સામનો કરી ભૂરિશ્રવાને પરાસ્ત કરવા માંડયો. બન્ને વચ્ચે ભયંકર ભીષણ સંગ્રામ ચાલ્યો. બન્નેના શસ્ત્રો ખૂટી જતાં બન્ને રથમાંથી નીચે ઉતરી ઢાલ-તલવારથી યુદ્ધ કરવા લાગ્યા. પણ મહાબાહુ ભૂરિશ્રવા આગળ સાત્યકિ ટકી ના શકયો. ભુરિશ્રવાએ સાત્યકિના ઢાલ-તલવાર એક જ ઝાટકે ફંગોળી દીધા. આથી નિઃશસ્ત્ર બની ગયેલા સાત્યકિના માથાના વાળ ખેંચીને તલવારથી તેનું મસ્તક છેદી નાંખવા માટે ભૂરિશ્રવાએ તલવાર ઉગામી કે તરત જ શ્રીકૃષ્ણની નજર તે તરફ જતા જ અર્જુનને કહ્યું "પાર્થ ! પાર્થ ! તારી દેખતાં જ સાત્યકિ મરી રહ્યો છે જો ભૂરિશ્રવાએ તેના વાળ ખેંચીને તલવાર તાણી છે. હમણાં જ તેનુ મસ્તક છેદાઈ જશે. પાર્થ ! જલ્દી કર શરોત્કરથી ભૂરિશ્રવાના હાથને છેદી નાંખ.

અહીં આમ બન્યુ ત્યારે બહાર દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને જીવતો પકડી લેવાની તક મેળવવા પાંડવ સૈન્ય સામે યુદ્ધ શરૂ કર્યુ. પાંડવસૈન્યનો ઘનો સંહાર તથા શકટવ્યૂહમાં પ્રવેશી ગયેલા સાત્યકિના પણ કશા સમાચાર ન મળતા બેચેન બનેલા યુધિષ્ઠિરે ભીમને વ્યૂહમાં ગઈ અર્જુન તથા સાત્યકિના સમાચાર મેળવી લાવવા મોકલ્યો. ભીમે ક્રોધાવેશ સાથે ગદાના પ્રચંડ પ્રહારથી શકટવ્યૂહના પ્રવેશ દ્વાર ઉપર રહેલા દ્રોણાચાર્યના રથને ઉછાળી મૂકીને શૌર્ય સાથે વ્યૂહમાં પ્રવેશ કર્યો. પ્રવેશતાંની સાથે જ તેણે ભટોના માથા ઢાળવા માંડયાં.

પેલી બાજુ ભૂરિશ્રવાએ સાત્યકિના માથાના વાળ ખેંચીને તેનું મસ્તક છેદી નાંખવા તલવાર ઉગામી છે ત્યારે જ વાસુદેવે અર્જુનને ચેતવણી આપતાં ભૂરિશ્રવાના બાહુને છેદી નાંખવા કહ્યું છે.

એવા સમયે અર્જુને જોયુ તો પાંડવો અને કૌરવોના સૈનિકો એક સાથે સૂર્યને નમી રહેલા દેખાયા. પાંડવ સૈન્ય કોયલની જેમ સૂર્યને જલ્દી અસ્તાચલ તરફ ન જવા માટે વિનવતા હતા તો કૌરવ સૈન્ય ઘુવડની જેમ સૂર્યને જલ્દી અસ્તાચલ તરફ જવા વિનવતા હતા.

અર્જુન ઘડીવાર દ્વિધામાં પડયો. એક સાથે એક જ સમયે કરવા યોગ્ય ઘણાં કાર્યો તેની સામે આવી પડયા. એક બાજુ યુધિષ્ઠિરની રક્ષા કરવા જવામાં વિલંબ થઈ રહ્યો હતો, તો બીજી બાજુ જયદ્રથનો વધ પણ હજી સુધી થઈ શકયો ન હતો. ત્રીજી બાજુ સાત્યકિનું રક્ષણ કરવાનું આવી પડયું હતું. અને ચોથી તરફ સૂર્ય અસ્તાચળે જવા ઉત્સુક બની ગયો હતો.

આ રીતે ચિંતાતુર બનેલા અર્જુનને વાસુદેવે ફરી પ્રેરણા કરી કે- અર્જુન ! હજી શું વિચારે છે ? ભૂરિશ્રવાના તલવારવાળા હાથને જલ્દી છેદી નાંખ.

અને અર્જુને એક જ બાણથી ભૂરિશ્રવાના ઉગામાયેલા તલવારવાળા હાથને મૂળમાંથી ખભા પાસેથી ઉચ્છેદી નાંખ્યો. અન્યાયથી જમણો હાથ છેદાઈ જતાં. ભૂરિશ્રવાએ અર્જુન સામે ક્રોધભર્યા વાક્યો કહેવા માંડયા. અને પછી અભ્યાસ દ્વારા બ્રહ્મદ્વારથી પ્રાણવાયુને શરીરમાંથી બહાર કાઢી નાંખીને મૃત્યુ વરવા ઉત્સુક થયેલા ભૂરિશ્રવાને સાત્યકિએ પોતાના સ્થાનેથી ઉઠીને સ્વચ્છંદ રીતે હણી નાંખ્યો.

બીજી તરફ કૌરવ સૈન્યનો સફાયો બોલાવતા ભીમ આગળ વધી રહ્યો હતો પણ ક્રોધારૂણ કર્ણે તેને માર્ગમાં જ અવરોધ્યો. ત્યારે ભીમે કર્ણના રથના ગદાના પ્રહારથી ચૂરેચૂરા કરી નાંખ્યા. આથી તરત બીજા રથમાં ચડી જઈને કર્ણે બાહુની તાકાતથી ભીમના રથના ભૂક્કે ભૂક્કા બોલાવી દીધા. અને બાણોનો પ્રચંડ મારો ચલાવીને ભીમને નિરૂચ્છ્વાસ કરી મૂકયો. હવે કર્ણનું એક જ બાણ ભીમના પ્રાણ સંહાર માટે પુરતુ હતું. પણ કર્ણને પોતે શ્રીકૃષ્ણ દ્વારા માતા કુંતીને યુદ્ધ પૂર્વે આપેલું વચન સાંભરી આવ્યું. તેણે વચન આપ્યું હતું કે "યુદ્ધમાં અર્જુન સિવાય હું કોઈને નહિ હણું." આથી મરણની દશામાં આવી ચડેલા ભીમને કર્ણે જીવતો જ છોડી મૂકયો. આથી તેજોવધ થયેલો ભીમ કર્ણ આગળથી હટી ગયો.

હવે સૂર્ય લગભગ અસ્તાચલ તરફ પહોંચી ચૂકયો હતો. જયદ્રથ સુધીના માર્ગના અવરોધો રૂપ દુર્યોધનાદિને પરાસ્ત કરતા કરતા આખરે અર્જુન જયદ્રથની સામે આવી ચડયો. જયદ્રથને જોતા જ ક્રોધથી ત્રાડ નાખતા અર્જુને કહ્યું "જયદ્રથ ! હવે તું મારી સામે બચીને છટકી નહિ શકે." એમ કહીને ખતરનાક તાકાતથી પ્રચંડ બાણો વરસાવવા માંડયા. આકાશમાંથી ખેચરો ખસી ગયા.

જયદ્રથે પણ અર્જુન સામે ક્રોધથી શસ્ત્ર પ્રહારો કરવા માંડયા. અને દુર્યોનાદિએ પણ અર્જુનના બાણોથી જયદ્રથનું રક્ષણ કરવા માંડયું. અહીં દારૂણ સંગ્રામ શરૂ થયો. આખરે અર્જુને પ્રચંડ બાણોની વર્ષા કરીને જયદ્રથના મસ્તકને છેદી નાંખ્યું. સૂર્યાસ્તની ત્યારે બે-ચાર ક્ષણો જ બાકી રહી હતી.

અર્જુનના બાણના પ્રચંડ વેગ સાથે જયદ્રથનું છેદાઈ ગયેલું માથુ દૂર દૂર ફંગોળાઈ ગયું. જે મસ્તકને ન્હોરો વડે ગીધડાઓએ ગ્રહણ કરીને આકાશમાં ગોળ ગોળ ફેરવ્યું અને પછી ફાડી ખાધું. જયદ્રથનું બાકી રહેલું ધડ લોહીલુહાણ થઈને આખરે ધરતી ઉપર ઢળી પડયું.

યુદ્ધના ચૌદમા દિવસનો સૂર્યાસ્ત થયો. આજ સુધીમાં પાંડવોએ કૌરવોની સાત-સાત અક્ષૌહિણી સેનાઓને સફાચટ કરી નાંખી હતી.

ચૌદમાં દિવસનો સૂર્યાસ્ત થઈ ગયો હતો છતાં સિંધુઘણી જયદ્રથનું અર્જુનથી રક્ષણ કરવામાં ધરાર નિષ્ફળ ગયેલા ગુરૂ દ્રોણના શકટવ્યૂહથી શરમિંદા બની ગયેલા દ્રોણાચાર્યે સૈન્યને રાત્રિ-યુદ્ધ કરવા માટે આદેશ આપી દીધો.

(એક અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ હાથી, ૨૧૮૭૦ રથ, ૬૫૬૧૦ ઘોડા, ૧૦૯૩૫૦ પાયદળ હોય છે.)

ક્રમશ :

લેખાંક :-૨

તિથિ વિવાદનો ઉલ્કાપાત જૈન સમાજને દઝાડી રહ્યો છે..
વિસંવાદોનો વિનિપાત ચોમેર નજર નાંખી રહ્યો છે..
ત્યારે મનને મૂંઝવે છે; એક મૂંઝવણ :

સત્યને વધાવીશું કે વધેરશું ?

- 'સત્યયોધ્ધા'

ધરતીમાતાના પેટમાં રહેલો લાવારસ જ્યારે ખૂબજ ઉકળી ઉઠે છે; ત્યારે તીવ્ર ઉકળાટને અન્તે તે ફાટી નીકળે છે. પૃથ્વીના પેટમાં ઉછરેલો અને ઉકળી રહેલો એ લાવારસ જ્યારે સખ્ત ઉકળાટને અન્તે પૃથ્વીનુ પેટ ચીરી બહાર આવી જાય, ત્યારે સંપૂર્ણ પૃથ્વી પટલ પર ધરતીકંપ નોંધાય છે...

જે ધરતીકંપે નોંતરેલો સૂનકાર એટલો તો સખત હોય છે કે, તે કોઈનેય પોતાના બાહુપાશમાંથી જતા કરી શકતો નથી. સૂનકાર ત્યારે સર્વવ્યાપી બને છે. એકેક ! પદાર્થો તેની હથેળીમાં સમાઈ જાય છે. અલબત્ત ! આ વાતને જેટલી આશ્ચર્યકારી ઘટના લેખવી પડે; તેના કરતાં અગણિત આશ્ચર્ય તો તે ઘટનામાં સમાયેલું છે, કે ધરતીકંપ સાથે જ સર્વવ્યાપી બનેલા તે ક્ષણભરના સૂનકારનો મુકાબલો વિશ્વના કોઈ મલ્લો પણ નથી લઈ શકતા...

વિધિની તે ગણો તો વિચિત્રતા હોય છે અને ગણો તો વિષમતા પણ ખરી.. બે શક ! એ યાદ રાખવું ઘટે, કે પૃથ્વીમાંથી ફાટી નીકળેલો આવો લાવારસ જ ત્યારબાદ પહાડ બની જાય... જે પહાડની અંદર અસંખ્ય રજકણો અને પદાર્થપિંડોનું એકીકરણ થયું હોય છે..

હા ! અફસોસ ! પણ સેંકડો ફૂટ ઉંચા પણ પહાડના આ એકીકરણ પાછળ જે સૂનકાર અને સંહારની વિષમતા દટાઈ પડી છે; તેની તો કલ્પના પણ અવર્ણ્ય બની રહે તેમ છે.

પહાડના એકીકરણની પૂર્વસંધ્યામાં લપાયેલી સંહાર અને સૂનકારની કલ્પનાનો ચિત્રપટ પણ જો દ્રષ્ટિપટ સમક્ષ ખડો કરી દેવામાં આવે, તોય આપણા અંગેઅંગ ધ્રુજી ઉઠે અને હૈયુ હલબલી ઉઠે. પહાડના એકીકરણના અવલોકન દ્વારા લૂંટી શકાતા આનન્દ-પ્રમોદ કરતા તે એકીકરણની પૂર્વક્ષણોની કલ્પના દ્વારા હૈયે સળગી ઉઠતો શોક કઈ ગણો વધુ હોય છે.

એ સૂનકાર.. હૈયામાં આતંકના ધરતીકંપ નોંધાવે છે.

એ સૂનકાર.. કલ્પના માત્રથી જ આપણી રગેરગમાં આતંકબાજી જમાવી દે છે.. હા ! એ સૂનકારમાંથી જ એક ચોકકસ સમીકરણનું નિર્માણ થાય છે. બેશક ! આતંકની આતશ જગવતા એ સૂનકારમાંથી જ એક પહાડનું સમીકરણ પોતાના શરીરની સ્થાપના કરે છે.

અલબત્ત ! ત્યારે મનમાં એક વ્યથા ઉકળી રહી છે : કે જે સમીકરણની રચના પાછળ શાહીશ્યો' કાજલ સૂનકાર છૂપાયો હોય, એવા મહાન પણ સમીકરણને શેં સ્તુત્ય ગણાય ? એવા સમીકરણનો શોં અર્થ ? એ સમીકરણને યથાર્થ કેમ ગણાય ? પૂરા નિરર્થક છે, તે સમીકરણો; ઝેરીલા અભિશ્રાપ છે, તે સમીકરણો; કે જે સમીકરણો સૂનકારના પેટે ઉછર્યા હોય...

સમીકરણની સાધનાનો શ્વાસપણ સર્વવ્યાપી સૂનકાર જ જો બની રહેતો હોય; તો તેવા સમીકરણને તો સચેત શરીર નહિ, યાન્ત્રિક શરીર સાથે જ તોલવું પડે...

બસ ! જરા કાન ખૂલ્લા કરી દેજો.. ! આંખો વિસ્ફારિત બનીવી દેજો...!

સંઘ એકતાની સાધના પણ જો શિથિલાચારના સૂનકારમાં જ શ્વાસોચ્છ્વાસ ભરી રહી હોય, તો તેવી સંઘ એકતાને જાગૃતિ કેમ કહેવી...? તે સળવળાટ કરતી ક્રાન્તિ ભલે હોય, અલબત્ત ! જાગૃતિ તો નહિ જ.. શિથિલાચારની આડમાં આકાર પામતી સંઘએકતા-સમરસતા એ કોઈ ક્રાન્તિ પણ નથી અને નથી તો તે કોઈ પ્રકારની જાગૃતિ.. એને તો કહેવો પડે જ્વાળામુખી. ભડભડતો.. દિશાઓના મુખને કજ્જલ કરતો.. કે જે જ્વાળામુખી સમી સંઘ એકતા સત્ય, સિધ્ધાન્ત અને સત્ય + સિધ્ધાન્તોના ખોળે જ સમાયેલા પ્રભુશાસનનું આહરણ કરી જાય.

સંઘઐક્યની પુન્યપાવની પ્રતિષ્ઠા પણ જો શિથિલાચારની બે-ડોળ વેદી પર જ થતી હોયતો, શિથિલાચારની વિકૃત વેદિ પર થતી સંઘ ઐક્યની પ્રતિષ્ઠાને આવકારવા કરતાં તો બહેત્તર છે, કે સંઘની એકતા જ ન સધાય. કારણ કે દીવો જલાવીને ય જો આગ જ ચાંપવાનું નિયત હોય, તો તે નિયતને પૂરી કરવા કરતાં તો અન્ધકારને જ વ્હાલસોયો બનાવવો ન જોઈએ.

સંઘ-ઐક્ય, સંઘ એકતા- સંઘ સમાધાન, આ બધા શબ્દો કે શબ્દ સમૂહો સમાનાર્થક છે. સબૂર ! આ શબ્દો કોઈ એક ગચ્છની જાગીર નથી. આ શબ્દો તો અસંખ્ય શાસન પ્રેમિઓના હૃદયમાં લબકારા ભરતી શાસનદાઝોની ચાડી ખાય છે. અલબત્ત ! વિચારવું એ રહ્યું કે સંઘ-ઐકય સધાય શી રીતે ?.. સત્યને વધાવીને ? કે સત્યને વધેરીને..

શું તને સત્યને વધેરીને મળી શકતો વિજય શ્રેષ્ઠ ગણશો ? કે સત્ય ખાતર જરૂર પડયે વનવાસ લેવાનું મુનસૂફ માનશો ?

પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજી એ આવાજ સંસ્કૃત્તિ પરસ્ત સત્ય ખાતર ૧૨-૧૨ વરસોનો કાળ-ઝાળ વનવાસ વધાવી લીધો. પણ સત્યને તો અણનમ-અકબંધ જ રહેવા દીધું. હા ! પિતૃ-વચનન સત્યને જો તેમણે વધેરી ખાધું હોત તો પૂરી સંભાવના હતી કે કે રઘુકુળની યાદવાસ્થળી શમી શાય.. ના, પણ તેમણે તો વનવાસનો જ સહવાસ સ્વીકાર્યો. તે દ્વારા તેમણે સાબીત કરી બતાવ્યું કે સત્યને ભૂંસી નાંખીને જ કુટુંબ કલહનો ઉપચાર થતો હોય. તો તો સત્યખાતર કુટુંબ કલહથી જોજનો છેટા પહોંચી જવું અને તે દ્વારા કુટુંબ કલહને સ્થિર રહેવા દેવો પણ ઈષ્ટ દેખાય..

શ્રી રામચન્દ્રજીને એકતા નહિ, સત્ય પર પ્રેમ-સ્નેહ હતો. તેમણે માટે જ અયોધ્યાની જનતાની આંતરડી જલતી રાખીને પણ વનવાસ પસંદ કર્યો ! બોલો ! તમે શુ પસન્દ કરશો ? સત્ય કે સત્યનો છેટુ સમાધાન ?

હવે ના પણ પ્રકાશો, કે વિક્રમની વીસમી સદીના પ્રખર જૈનાચાર્ય શ્રીમદ્ વિજય **'રામચન્દ્ર'** સૂરીશ્વરજી મહારાજે પણ શું કર્યું ?

૧૧,૦૦,૦૦૦ વર્ષ પૂર્વે ઘટેલી રામાયણમાં પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજીના ધન્યપાત્રે જે ભૂમિકા અદા કરી જાણી; એનું જ કંઈક અંશે પુનરાવર્તન વિક્રમના વીસમા સૈકાના યુગપુરૂષ આ રામચન્દ્રજીએ પણ કરી બતાવ્યું.

આ રામચન્દ્રજીને સંઘ સકળનું સુકાનીપદ મળી રહ્યું હતું. સમાધાન સાથે જ તેઓ સંઘનાયક અને સકળ સંઘના યશસ્વી-ઓજસ્વી-માનીતા સૂત્રધાર બની શકે તેમ હતા. અલબત્ત ! તેમણે સંઘથીય અધિક મૂલ્ય સત્યનું આકયું. તેઓ સત્યવિહિન ટોળાથી વિખૂટા પડી ગયા. સત્યને ભેટ્યા રહ્યાં...હા ! આથી જ આ રામચન્દ્રજીને સંઘ એકતા'થી હાથ ધોવા પડયાં. એક મોટા સમુદાયથી વનવાસ લેવો પડ્યો.. પણ એમાં એમનો શો અપરાધ ?

સત્ય ખાતર અયોધ્યાનું અધિનાયક પદ ત્યાગનારા શ્રી રામચન્દ્રજી ભલે વનવાસના શિકાર બન્યા હોય. અલબત્ત ! પછીના લાખ્ખો વર્ષો સુધી તેમના નામ પર ઈતિહાસકારોની કલમ સોનાની શાહી ઢોળતી રહી છે. બસ ! તેમજ કહેવા ઘો! કે સત્યખાતર સંઘના સુકાનીપદને તિલાંજલી દેનારા આ સૂરિરામ' ભલે કોઈની ટીકાનું નિશાન બન્યાં હોય; પણ હજ્જારો વર્ષનું ભવિષ્ય તેમના નામની આરતી ઉતારશે. તેમની પ્રતિકૃતિના ઓવારણા લેશે.

પેલા પુરૂષોત્તમ શ્રી રામચન્દ્રજી, એક ફકત પિતૃવચનનાં સત્યખાતર જો અયોધ્યાની ધાર્મિક જનતાના હૃદયની સંવેદનાનો પણ અનાદર કરી શકતા હોય, તો આ રામચન્દ્રજી કદાચ પરમાત્મવચનની વફાદારીને પુરસ્કારવા સાંપ્રતની અજ્ઞ જૈન જનતાનો અનાદર કરે તેમાં તેમનો શો ગુન્હો ?

અરે ! આપણે ય હવે જાગવું પડશે. આપણે ય આવા રામચન્દ્રજીના વારસદાર બનવું પડશે, જો પરમાત્મવચનની સાચેરી આરાધના કરવી હોય. આપણી આંખ સામે સમસ્યા તકાઈ રહી છે. તે એમ સમજાવે છે કે કાંતો સત્ય ખાતર સમાધાનવાદની પલાયનવાદી વૃત્તિને અરબ સાગરમાં પરઠવી ઘો, અથવા તો સત્યના પ્રાણને કાશ્મીરી ખીણમાં પધરાવી આવો..!

સબૂર ! આ સમસ્યાના સમાધાન માટે પણ આપણે આપણા મૂળભૂત પ્રશ્નને યાદ કરવો પડશે. સત્યને વધાવીશું કે વધેરશું ? આગળ વધી આ સમસ્યાના સમાધાન માટે જ આપણે આપણો પ્રસ્તુત વિષય સમજવો પડશે કે સંઘ એકતાનું સ્વરૂપ કેવું હોય ? કેવી સંઘ એકતા ઉપયોગિની..!

સંઘ એકતા, ચોકકસ [illegible] સત્ય છે સ્તુત્ય છે. પણ સત્ય તેમજ સિધ્ધાન્તની ભોગે [illegible] પ્રતિષ્ઠિત થઈ હોવી ઘટે. સંઘ એકતા પણ [illegible] છે. સંઘ [illegible] ધરાવતું હોય તો એવા [illegible]

એ સૂત્રકાર [illegible]

એ સૂત્રકાર એટલે [illegible]

સર્વજ્ઞ પ્રણીત સંયમની સઘળીય મર્યાદાઓને સાગરના પેટેતારક કરતા શિથિલાચારોના સૂત્રકારમાંથી જે સંઘ એકતાનું સમીકરણ રચાયુ હોય;

સાધુની આંખ જેવા શાસ્ત્રોને મચડી-મસડી નાંખીને સત્યના અંધકાર ભર્યા સૂત્રકારમાં જ જે સંઘ એકતાનું સમીકરણ રચાયું હોય; તે સંઘ એકતા ચોકકસ એક સમીકરણ છે. પણ પહાડ જેવું જ. પહાડનું સમીકરણ કેવું હોય તે તો આપણે લેખના પ્રારંભે જ વિચારી ગયા..

પહાડના સમીકરણની કલ્પના પણ જો આતંકની આગ જગાવી દેવાને સુસમર્થ હોય, તો યાદ રહે કે સત્ય વિહોણા આવા સંઘ એકતાના સમીકરણો પણ મારા-તમારા જેવા શાસનપ્રેમીના હૃદયે પાવક જ પેટાવી જશે.

બેશક ! આવા જ નઠોર અને ઘનઘોર સમીકરણો વિક્રમ સંવત ૨૦૪૨ અને વિક્રમ સંવત ૨૦૪૪માં રચના પામ્યા. જે સમીકરણોએ સંઘ એકતાનુ નયનાભિરામ દ્રશ્ય તો ખડુ કર્યું. અલબત્ત ! તેના ગર્ભની અંદર શિથિલાચારનો લાવારસ ભડ્ ભડ્ જલી રહ્યો તો..

શિથિલાચારના લબકારા લેતા લાવારસે પહાડ જેવું સંઘ એકતાનું સમીકરણ ખડુ કર્યું. પણ એથી કઈ તુષ્ટ ન બની જવાય, કારણ કે આ એકતાને તો પૂરા શાસનવર્ષમાં ભૂ-કંપના આંચકા નોંધાવ્યા. આ આભાસી એકતાના સમીકરણે કેટલાંય સમુદાયોમાં તારાજી સરજી દીધી. હા અફસોસ ! સૌથી દુઃખદ વાત તો એ લેખાય કે આ એકતાએ સત્યની ઈમારતો સ્વાહા' કરી દીધી.

બસ ! આથી જ વિક્રમની તે ૨૦૪૨ + ૨૦૪૪ની સંવત્સરીમાં સર્જાયેલા અને આજે પણ ધબકી રહેલા તે આભાસી એકતાના સમીકરણ માટે તો ડુંગરા દૂરથી રળીયામણા' એવી જ પંક્તિ ઉચ્ચારવી પડે...

સંઘ-એકતાનું આ સમીકરણ માટે જ એક સરઘસ બની ગયું. સર્જન નહિ. સામાન્યતઃ કોઈપણ સમીકરણને માટે 'સર્જન' જેવા શબ્દો લલકારવાના હોય, અબલત ! આ સમીકરણ તેમાં અપવાદરૂપ ઘટના છે. જેના માટે સરઘસ' જેવા શબ્દો ન વપરાય, પણ જેને તો સરઘસ જ કહેવું પડે.

હા ! અને શિથિલાચારની શય્યાગીરીના પ્રતાપે નીકળેલા-પ્રારંભાયેલા સંઘ એકતાના આ સરઘસે ૪ આગળ વધતાં સત્યનું પૂરેપુરૂ હનન કરી નાંખ્યું. સિધ્ધાંતોની તાકાત સામે આજ સરઘસે મોરચાબંધી કરી. જૈન શાસનના મૂળાધાર સમા સત્યવાદને આજ સરઘસે ફાંસીના દોરનું ચુમ્બન કરાવ્યું..

જેની અક્ષરશઃ ગવાહી પૂરે છે વિક્રમ સંવત ૨૦૫૫ની સાલનો ભાદ્રપદ માસ કે જે દરમ્યાન જ એકતાના ભૂતે ઘૂણેલા સરઘસે આગમ માન્ય સંવત્સરી દિનને ફગાવી દીધું.. આગમ બાહ્ય - અનુદયાત્ સંવત્સરીને વધાવી લીધી.

સંવત્સરીની વિષમતાની ભીંતરમાં કેવી- કેવી ભીષણતા ભરાઈ પડી છે; તેનો પરામર્શ આગામી અંકે કરીશું..

- ક્રમશઃ

આત્મ પ્રબોધક પ્રસંગો

મોહને શત્રુ માનનારની મનોદશા

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ચરમ કેવલી શ્રી જંબૂસ્વામિ મહારાજનો આત્મા, તે પૂર્વેના શિવકુમારના ભવમાં સાગરદત્ત મહાત્માથી પ્રતિબોધ પામ્યો. માતા-પિતા સંયમ માર્ગે જવાની રજા આપતા નથી. ' આ સંસાર એ આત્માનું સ્વરૂપ નથી પણ વિરૂપ છે, મોક્ષ એ જ આત્માનું સાચું સ્વરૂપ છે તેનું સાધન સાધુપણું છે' - આ સમજ હૈયામાં પેદા થાય તો દુનિયાની કોઈ તાકાત નથી કે તે આત્માને ઝૂકાવી શકે. ગમે તેટલી અનુકૂળતાઓ તેને આકર્ષી શકતી નથી કે ગમે તેવી પ્રતિકૂળતાઓ તેને ડરાવી શકતી નથી. કોઈનો પણ મોહ તેને મૂંઝવી શકતો નથી.

આ અપાર ઘોર ભયાનક સંસાર સાગરથી તારનાર આજ્ઞા મુજબ કરેલો શ્રી જિનધર્મ જ છે - આ વાત રોમે રોમમાં વસી જાય તેનામાં સાત્ત્વિકતા-મક્કમતા આપો આપ પેદા થાય છે. આ માટે શિવકુમારની વાત વિચારવી ખૂબ જ જરૂર છે. માત્ર એક જ વારની દેશનાના પ્રતાપે આત્મા જાગી ગયો અને મોહ મગ્ન માતા-પિતા ને ધર્મમાં અંતરાયરૂપ બને છે તેમ ધર્માત્મા તેનાથી પણ મૂંઝાતો નથી પણ તેનાથી વધુ મક્કમ બને છે. શિવકુમારે માતા-પિતા સંયમની રજા ન આપે તો ખાવા-પીવાનો ત્યાગ કર્યો. રિસાઈને ખાવા-પીવાનું બંધ કરનારા મળે પણ આત્મ સાધનામાં આવતાં વિઘ્નોને દૂર કરવા ખાવા-પીવાનો સમજણપૂર્વક ત્યાગ કરનારા વિરલ બને. મોહ એ આત્માનો શત્રુ સમજાઈ જાય તેની દશા કેવી સુંદર-મનોહર બને છે તે માટે આ પ્રસંગ ખરેખર પ્રેરણાદાયી છે.

મોહ શત્રુ લાગે તો જીવન બદલાઈ જાય. ધર્મ દેખાદેખી થી નહિ પણ સાચા ભાવે કરવાનું મન થાય. આપણા સૌની આવી દશા થાય તે જ શુભેચ્છા.

■■■

શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ
પૂજ્ય વડિલ શ્રી છગનલાલ ખીમજી ગુઢકા
તથા
શ્રીમતિ કાંતાબેન છગનલાલ ગુઢકા
તથા
શ્રીમતી દેવકુંવરબેન મોતીચંદ ગુઢકાના
સુકૃતની અનુમોદના સાથે જીવંત મહોત્સવ નિમિત્તે
શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર, શ્રી સિદ્ધચક્ર મહા પૂજન, પાંચ છોડના ઉજમણા સાથે પંચાહ્નિકા
જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પ્રસંગે

આમંત્રણ પત્રિકા

શુભ સ્થળ : શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિન મંદિર, ૨-ઓસવાળ કોલોની, જામનગર.

નિમંત્રક

સંઘવી ખીમજી વીરજી ગુઢકા મીઠોઇવાળા પરિવાર

શા. જયંતિલાલ ખીમજી ગુઢકા
ગ્રેન માર્કેટ, જામનગર.
ફોન : ૫૬૨૨૨૪ (રે.) ૫૫૪૯૧૦ (ઓ.)

પ્રભુલાલભાઈ ખીમજી ગુઢકા
જામનગર. ફોન : ૫૬૪૪૬૬ (રે.)
થાનગઢ. ફોન : ૨૦૬૫૧ (ઓ.)

પૂજ્ય વડિલોની અમીવર્ષા કૃપા

સ્વ. શાહ ખીમજી વીરજી ગુઢકા
સ્વ. શ્રીમતિ રાણીબેન ખીમજી ગુઢકા
સ્વ. શ્રી લીલાધર ખીમજી ગુઢકા
સ્વ. શ્રી મોતીચંદ ખીમજી ગુઢકા

જીવન નૈયાને સાધનાની સિદ્ધિએ પહોંચાડતી સુકૃત શ્રેણી

શ્રી છગનલાલ ખીમજી ગુઢકા

શ્રી છગનભાઈ સરળ, ઉદાર અને ઊંડી સૂઝવાળા છે. વિદ્યાર્થી અવસ્થાથી જ ધાર્મિક ભાવના, સુકૃત કરવાની તમન્ના હતી. દેશમાં ધર્મ તથા સેવાના કાર્યમાં ઘણો રસ હતો. પરદેશ નાઈરોબી ગયા પછી તેમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ. **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી** મ. આદિએ તેમાં પ્રાણ પૂર્યા. ઉપધાન, ગુરૂ મંદિર, જિન બિંબ ભરાવી પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા અંજનશલાકામાં ભવ્ય અનુદાન, શંખેશ્વરમાં જંબૂદ્વિપ યાત્રા ટ્રેન, થાનથી શંખેશ્વર મહાતીર્થનો છ'રી પાલક સંઘ, અનેકવાર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, આંબેલની સામુદાયિક ઓળી, સંમેત શિખરની યાત્રા આદિ, જીવદયા અને પરોપકારના કાર્યમાં ઉદાર અને ગુપ્ત સમર્પણ. આ તેમના પ્રગટ ગુણો છે. અંદરથી અનેક ભાવો અને ઉલ્લાસોથી તેમનું હૃદય ઉછળતું રહે છે.

શ્રીમતિ કાંતાબેન છગનલાલ ગુઢકા

સાવ સરલ સાદું જીવન અને નમ્રતાની મૂર્તિ, એ એમની વિશિષ્ટતા છે. તપ તો તેમના પ્રાણ છે. દેશ-પરદેશ જતા-આવતા તેમના તપ ચાલુ હોય, ત્રણ ઉપધાન, નવ્વાણું સિદ્ધગિરિ ચાતુર્માસ, ઓળીઓ, અઠ્ઠમો, અઠ્ઠાઈઓ, સિદ્ધિતપ, શ્રેણીતપ, વરસી તપ, ઉપધાન પ્રથમ માળ, ક્ષીર સમુદ્ર વિ. ઘણા તપ, આ તેમના આરાધના જીવનનો અવિરત પ્રવાહ વહી રહ્યો છે. ઘરમાં, કુટુંબમાં, સંઘમાં સૌના ભાવ છે અને તે માટે કંઈક કરી છૂટવું તે આ દંપતિના રુવાટે-રુવાટે વસ્યું છે.

શ્રીમતિ દેવકુંવરબેન મોતીચંદ ગુઢકા

તદ્દન શાંત, સરલ અને ધર્મજીવનની ભાવનાથી રંગાયેલા, ભક્તિમાં અને સેવામાં સદા તત્પર, કુટુંબને ધાર્મિકતા અને સજ્જનતા તરફ વાળવાના જ. તેઓ છઠ્ઠ અઠ્ઠમ તપ, તેની ધર્મ ક્રિયાઓ, સામાયિક તપ વિ. માં ઉત્સાહ રહે છે. વળી તેઓ કુટુંબ અને પરિવાર સાથે અનેક સુકૃત કરવાની તક ચૂકતા નથી. પોતાના જીવનને મોતીચંદભાઈના સ્વર્ગવાસ પછી ધર્મમાં વધુ રંગી રહ્યાં છે.

સુજ્ઞ ધર્મબંધુ શ્રીમાન મુ.

લિ. શાહ ખીમજી વીરજી ગુઢકા મિઠોઈવાળા પરિવારના પ્રણામ વાંચશો અત્ર આનંદ મંગલ છે તત્ર વર્તો.

વિશેષ જણાવતાં આનંદ થાય છે કે મનુષ્ય જન્મ એ સુકૃતની કમાણીનો જન્મ છે. જે સુકૃતની કમાણી આપણા આત્માને ભવોભવની સહાયક છે અને છેવટે આપણા ભવ ભ્રમણનો અંત કરનારી છે.

અમારા **શ્રી ખીમજી વીરજી ગુઢકા કુટુંબ પરિવાર** ને પરમ શાસન પ્રભાવક હાલારદેશોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર અમારા પરમ ઉપકારી ગુરૂદેવ **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ**ના ઉપદેશ અને માર્ગ દર્શનથી અમો એક આરાધનાની લહેરી માણી શકયા છીએ. મોક્ષ માર્ગનો કદમ માંડી શકયા છીએ. વડિલ **શ્રી છગનલાલભાઈ** અને તેમના ધર્મપત્નિ **શ્રીમતિ કાંતાબેન છગનલાલભાઈ** એ પૂ. શ્રી ઉપદેશથી ઉલ્લાસ વધતાં ધર્મકાર્યો દ્વારા પોતાના જીવનને રંગી દીધું છે. ઓસવાળ કોલોની **શ્રી ચંદ્ર પ્રભુસ્વામીની પ્રતિષ્ઠા** અને **પૂ. શ્રી ની આચાર્ય પદવીના** ઉલ્લાસે અમારા સૌના જીગરમાં ધર્મનાં ચેતન જગાવ્યાં છે. પાલીતાણા ચાતુર્માસ, ડોળીયા, શંખેશ્વર ઉપધાન તથા પ્રથમ માળ, પીયૂષ પાણી, થાણામાં ઉપધાન, દિગ્વિજય પ્લોટ જામનગરમાં ગુરૂદેવ **અમૃત સૂ. મ. નું ગુરૂમંદિર**, શંખેશ્વરમાં ભવ્ય **શ્રી શાંતિનાથજી ૩૧ ઈંચના ઝરમરના** ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા, **શ્રી લીલાધર ખીમજીભાઈની** ભાવનાથી **પૂ. કર્પૂર સૂ. મ. નું ગુરૂ મંદિર** થયું. **થાનથી શંખેશ્વર છરી પાલક** રોજ હજારેકની સંખ્યા સાથે **ભવ્ય સંઘ, ઓસવાળ કોલોનીમાં આસો માસની ઓળી** અનેકવાર **સિદ્ધચક્ર મહાપૂજન,** સમાજને પણ સહકાર, **ચિ. દિનેશ મોતીચંદ** વિગેરે પણ તક ચૂકે નહીં. પૂ. સ્વ. ગુરૂદેવની અગ્નિસંસ્કાર ભૂમિ વીંછીયામાં ફરતો વંડો કરવા ઈશારો થતાં જ સ્વીકાર. આવી અનેક સુકૃતની શ્રેણી એ અમારા કુટુંબ માટે એક ભવ્ય સૌભાગ્ય રૂપ છે.

● પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ●

પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ. પ્રવર્તિની પૂ. સા. સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. અમારા હિતસ્વી પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. આદિ, પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. આદિ તથા પૂ. સા. શ્રી ઈન્દ્રપ્રભાશ્રીજી મ. તથા અમારા કુટુંબના પૂ. સા. શ્રી હર્ષિતશ્રેયાશ્રીજી મ. પૂ. સા. શ્રી સૌમ્યશ્રેયાશ્રીજી મ. આદિના આશીર્વાદના પ્રતાપે સુકૃત કમાણી કરી મોક્ષ માર્ગને સાધી રહ્યા છીએ.

શ્રીમતિ કાંતાબેન છગનલાલભાઈ ને અનેક મહોત્સવમાં વચ્ચે વચ્ચે જીવંત મહોત્સવ કરવાની ભાવના થતં અને **શ્રી છગનભાઈ** એટલે આવા સુકૃત માટે સદા તૈયાર હોય તેમના બન્નેના જીવંત મહોત્સવ માટે ભાવના સાથે ડીસે બરમાં દેશમાં આવ્યાં. પૂ. શ્રીને વાત કરી. જામનગરમાં અમારા ઘર આંગણે અવસર મળે તેવી ભાવના વ્યકત કરી પૂ. શ્રીજીના દીક્ષા આદિ દિવસ આવે તે રીતે કરવાની ભાવના જણાવી. પૂ. શ્રીની આચાર્ય પદવી વૈ. સુ. ત્રીજના છે તેમને **પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.** ની દીક્ષા પણ વૈ. સુ. ત્રીજની છે તેથી તે દિવસોમાં ઉત્સવની વિનંતી કરી ઉપરાંત **શ્રીમતિ દેવકુંવરબેન મોતીચંદ ખીમજી ગુઢકા** પણ આ સુકૃતોમાં સાથે હોય અને તેમને પણ ભાવ થયો અને જીવંત મહોત્સવ ઉજવવા તેમણે પણ નિર્ણય કર્યો.

આ નિર્ણય થતાં પૂ. શ્રીને વિનંતી કરી અને તેઓશ્રીના માર્ગદર્શન મુજબ ભવ્ય રીતે જીવંત મહોત્સવ ઉજવવ નકકી કર્યું. શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સાધર્મિક વાત્સલ્ય વિ. કાર્યક્રમ તેમજ ૫ છોડનું ભવ્ય ઉજમણું અને આકર્ષક રચનાઓ વિ. નું પણ આયોજન કર્યું છે.

આ પ્રસંગે અમારી વિનંતિથી તપોમૂર્તિ **પૂ. આ. શ્રી વિજય કર્પૂર સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર હાલારદેશોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ.** ના પટ્ટધર પ્રાચીન સાહિત્યોદ્ધારક **પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.** પ્રવર્તક **પૂ. મુ. યોગીન્દ્ર વિજયજી મ. પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિજયજી મ. પૂ. મુ. શ્રી અવિચલેન્દ્ર વિજયજી મ. પૂ. બાલ મુ. શ્રી નમ્રેન્દ્ર વિજયજી મ.** તથા **પ્રવર્તિની પૂ. સા. શ્રી સુરેન્દ્ર પ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી સ્વયં પ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી કનકમાલાશ્રીજી મ., પૂ. સા. શ્રી કેવલ્યપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ., પૂ. સા. શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી મ.** આદિ દૂરથી સખત વિહાર કરીને અત્રે પધારશે તેઓશ્રીજીની નિશ્રામાં આ ભવ્ય મહોત્સવ ઉજવાશે.

ઉપરાંત મંત્રે બીરાજમાન શાંતિમૂર્તિ **સ્વ. પૂ. આ. મ. શ્રી વિજય જયંતશેખર સૂરીશ્વરજી મ.** ના તપસ્વી શિષ્ય રત્ન **પૂ. મુનિરાજશ્રી દિવ્યાનંદ વિજયજી મ.** તથા હાલારના હિરલા **સ્વ. પૂ. આ. શ્રી વિજય કુંદકંદસૂરીશ્વરજી મ.** ના શિષ્ય **પૂ. મુ. શ્રી કમલસેન વિજયજી મ.** તથા **પૂ. સા. શ્રી પદ્મયશાશ્રીજી મ.** આદિ પધારશે.

આપને ૨ પરિવાર આ મંગલ મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

卐 મહોત્સવનો મંગલ કાર્યક્રમ 卐

ચૈત્ર વદ ૧૧ રવિવાર તા. ૩૦-૪-૨૦૦૦

■ પૂ. ગુરૂ દેવનો મંગલ પ્રવેશ ■

ચૈત્ર વદ ૧૩ મંગળવાર તા.૨-૫-૨૦૦૦

■ સવારે ૯-૦૦ વાગ્યે પ્રવચન બાદ ૧૦-૩૦ વાગ્યે કુંભ સ્થાપન, દીપક સ્થાપન, જવારારોપણ ■

■ બપોરે ૨-૩૦ વાગ્યે પંચ કલ્યાણક પૂજા ■

● રાત્રે ૮-૩૦ વાગ્યે ભાવના ●

ચૈત્ર વદ ૧૪ બુધવાર તા.૩-૫-૨૦૦૦

■ સવારે ૯-૦૦ વાગ્યે પ્રવચન ■

બપોરે ૧૨-૩૦ કલાકે નવગ્રહ પૂજન દશદિક્‌પાલ પૂજન અષ્ટમંગલ પૂજન

■ રાત્રે ૮-૩૦ વાગ્યે ભાવના ■

ચૈત્ર વદ અમાસ ૦)) ગુરૂવાર તા.૪-૫-૨૦૦૦

■ સવારે ૯-૦૦ વાગ્યે પ્રવચન ■

■ બપોરે ૧૨-૩૯ કલાકે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ■

● રાત્રે ૮-૩૦ વાગ્યે ભાવના ●

વૈશાખ સુદ ૧+૨ શુક્રવાર તા. ૫-૫-૨૦૦૦

■ સવારે ૮-૩૦ વાગ્યે શ્રી જલયાત્રાનો વરઘોડો
પોલીસ ચોકી, ખંભાળીયા ગેઈટ પ્લોટ, વિમલનાથ દેરાસર થઈ ઓસવાળ કોલોની ઉતરશે ■

■ બપોરે ૧૨-૦૦ વાગ્યે ■
શ્રી હાલારી વિશા ઓસવાળ સમાજનું ઓસવાળ સેન્ટરમાં સાધર્મિક વાત્સલ્ય સંઘ જમણ

● રાત્રે ૮-૩૦ વાગ્યે ભાવના ●

વૈશાખ સુદ ૩ શનિવાર તા. ૬-૫-૨૦૦૦

■ સવારે ૯-૦૦ વાગ્યે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર ■

● રાત્રે ૮-૩૦ વાગ્યે ભાવના ●

વૈશાખ સુદ ૪ રવિવાર તા. ૭-૫-૨૦૦૦

■ તપસ્વિરત્ના સ્વ. પૂ. સા. શ્રી મહેન્દ્ર પ્રભાશ્રીજી મ. ની પુણ્ય તીથિ નિમિત્તે સત્તર ભેદી પૂજા ■

દરરોજ પ્રભુજીને ભવ્ય અંગરચના થશે. પાંચ છોડનું ભવ્ય ઉજમાણું થશે. મહાપુરુષોના જીવનને તાદૃશ કરનારી હાલતી ચાલતી દશ રચનાઓ થશે. વિધિ માટે જામનગરના વિધિનિપુણ શ્રેષ્ઠિવર્ય **શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ** પધારશે. પૂજા ભાવના માટે સંગીતકાર **શ્રી દલપતભાઈ તથા શ્રી કાંતિભાઈ મંડળી** પાલીતાણાથી પધારશે.

અત્રે પધારવાથી મહોત્સવ ઉપરાંત જિનદર્શન પૂજન, ગુરુવંદન પ્રવચન શ્રવણ તથા અત્રેના અનેક ભવ્ય જિનમ દિરોના દર્શન, નજીકના પ્રાચીન તીર્થ મોડપર તીર્થ, શ્રી હાલાર તીર્થ આદિની યાત્રાનો પણ લાભ મળશે.

લિ.

સ્વ. શાહ દેપાર વીરજી ગુઢકા ● સ્વ. શાહ ખીમજી વીરજી ગુઢકા

સ્વ. શ્રીમતી રાણીબેન ખીમજી વીરજી ગુઢકા

સ્વ. શાહ લીલાધર ખીમજી ગુઢકા	ગં.સ્વ.નર્મદાબેન લીલાધર (નાઇરોબી)
શાહ છગનલાલ ખીમજી ગુઢકા	શ્રીમતી કાંતાબેન છગનલાલ (નાઇરોબી)
સ્વ. શાહ મોતીચંદ ખીમજી ગુઢકા	ગં.સ્વ.દેવકુંવરબેન મોતીચંદ (નાઇરોબી)
શાહ સોમચંદ ખીમજી ગુઢકા	શ્રીમતી કાંતાબેન સોમચંદ (માહીમ,મુંબઇ)
શાહ જયંતિલાલ ખીમજી ગુઢકા	શ્રીમતી અરૂણાબેન જયંતિલાલ (જામનગર)
શાહ પ્રભુલાલ ખીમજી ગુઢકા	શ્રીમતી અનસુયાબેન પ્રભુલાલ (થાનગઢ,જામનગર)

સ્વ.	લીલાધર ખીમજી	ગુઢકા
ગં.સ્વ.	નર્મદાબેન લીલાધર	ગુઢકા
શાહ	લલિત લીલાધર	ગુઢકા
શાહ	મીનેશ લીલાધર	ગુઢકા
શાહ	નીતિન લીલાધર	ગુઢકા
મીસ્ટર	બીનીત લલિત	ગુઢકા
શ્રીમતી	પ્રીતિ લલિત	ગુઢકા
શ્રીમતી	અનીતા મીનેશ	ગુઢકા
શ્રીમતી	શિલ્પા નીતિન	ગુઢકા
કુમારી	રાધિકા લલિત	ગુઢકા
કુમારી	રૂહી મીનેશ	ગુઢકા
પુત્રી	પ્રજ્ઞા બકુલ	હરિયા
શાહ	બકુલ ગુલાબચંદ	હરિયા

શાહ	છગનલાલ ખીમજી	ગુઢકા
શ્રીમતી	કાન્તાબેન છગનલાલ	ગુઢકા
શાહ	ઉમેશ છગનલાલ	ગુઢકા
શાહ	કલ્પેશ છગનલાલ	ગુઢકા
શ્રીમતી	સેજલ કલ્પેશ	ગુઢકા
માસ્ટર	ઋષભ કલ્પેશ	ગુઢકા
પુત્રી	કૈલાસબેન પ્રફુલ	સાવલા
શાહ	પ્રફુલ પ્રેમચંદ	સાવલા

સ્વ.	મોતીચંદ ખીમજી	ગુઢકા
ગં.સ્વ.	દેવકુંવરબેન મોતીચંદ	ગુઢકા
શાહ	દિનેશ મોતીચંદ	ગુઢકા
શાહ	વીલેશ મોતીચંદ	ગુઢકા
શાહ	રસીક મોતીચંદ	ગુઢકા
શ્રીમતી	નયના દિનેશ	ગુઢકા
શ્રીમતી	તરલા વીલેશ	ગુઢકા
શ્રીમતી	જયશ્રી રસીક	ગુઢકા
માસ્ટર	રૂનીષ દિનેશ	ગુઢકા
માસ્ટર	યશ દિનેશ	ગુઢકા
માસ્ટર	હર્ષ વીલેશ	ગુઢકા
માસ્ટર	ધ્રુવ રસિક	ગુઢકા
કુમારી	હર્ષની વીલેશ	ગુઢકા

શાહ	સોમચંદ ખીમજી	ગુઢકા
શ્રીમતી	કાન્તાબેન સોમચંદ	ગુઢકા
શાહ	અમીશ સોમચંદ	ગુઢકા
શ્રીમતી	સંગીતા અમીશ	ગુઢકા
માસ્ટર	મીત અમીશ	ગુઢકા
પુત્રી	સરોજબેન કિશોર	સાવલા
શાહ	કિશોર ચુનીલાલ	સાવલા
પુત્રી	રશ્મિતા પંકજ	જાંખરીયા
શાહ	પંકજ શામજી	જાંખરીયા
પુત્રી	નીતા હિતેશ	ગડા
શાહ	હિતેશ નાથાલાલ	ગડા

શાહ	જયંતીલાલ ખીમજી	ગુઢકા
શ્રીમતી	અરૂણાબેન જયંતિલાલ	ગુઢકા
શાહ	મયૂર જયંતિલાલ	ગુઢકા
શ્રીમતી	નીતા મયૂર	ગુઢકા
માસ્ટર	ખીલન મયૂર	ગુઢકા
પુત્રી	શિલ્પાબેન મયૂર	ગુઢકા
શાહ	મયૂર ઝવેરચંદ	સુમરીયા
પુત્રી	અક્ષાબેન હનીશ	ચંદરીયા
શાહ	હનીશ કેશવલાલ	ચંદરીયા

શાહ	પ્રભુલાલખીમજી	ગુઢકા
શ્રીમતી	અનસૂયાબેન પ્રભુલાલ	ગુઢકા
માસ્ટર	અંચિત પ્રભુલાલ	ગુઢકા
કુમારી	અવની પ્રભુલાલ	ગુઢકા
કુમારી	મીરલ પ્રભુલાલ	ગુઢકા

સ્વ.જીવરાજ કરમણ વોરા
ગં. સ્વ. રતનબેન જીવરાજ વોરા

જયંતિલાલ વેલજી ગડા
શ્રીમતી મંજુલાબેન જયંતિલાલ ગડા

લેખાંક :-૨

■ સામ્પ્રતના શ્લોકો ■

દૃષ્ટિની દીર્ઘતા' - શ્રી કસ્તૂરભાઈ

- પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી મ.

પૂરા છ અબજના આંકની માનો તો સીમિત.. માનો તો વિરાટ વસતિ ધરાવતાં વર્તમાન વિશ્વમાં જ્યાં 'દ્રષ્ટિ' નો જ દુષ્કાળ પડયો છે.. તેય દુષ્કાળ પાછો કાળી ધમ્મર કાળ-ઝાળ ઓકી રહ્યો હોય. દ્રષ્ટિની બરખાસ્તીથી કકળતા કરડાતા અને ઉકળતા આ વિશ્વમાં દ્રષ્ટિની દીર્ઘતાની તો ઝંખના જ કેમ રખાય..?

દ્રષ્ટિની દીર્ઘતાનો આજે ઘોર દુષ્કાળ પડયો છે..! દ્રવ્ય કે ભાવ, બહિરંગ કે અન્તરંગ દ્રષ્ટિઓ અને તેની દીર્ઘતા પોતાની જીજીવિષા જ ગુમાવી બેઠી છે.. હા ! ત્યારે વિશ્વની રંકડો મેડીકલ સીટીઓ છાશવારેને છાશવારે 'ચક્ષુદાન શેબિરો' યોજિત કરી માનવજાતની વહારે ધાવાનો દંભ કરે છે.. પણ અફસોસ..! તે આકારની આંખ તો મનુષ્યને આજીવનમાંય સાચો રાહ નથી ચીંધી શકતી.. જરૂર છે આજે આંતરદ્રષ્ટિની અને તેની દીર્ઘતાની.. જે દ્રષ્ટિ જ આ ભવ અને પરભવના વૈભવોનો પથ ચીંધી શકવા સક્ષમ છે..

દ્રષ્ટિ તેને કહેવાય કે જે ભીતરી દર્શન કરાવે.. દીર્ઘદ્રષ્ટિ તેને કહેવાય કે જે ભીતરના તળ-વમળ સુધી ખોજ ચલાવે.. આવી દ્રષ્ટિ એકમાત્ર આધ્યાત્મિક જ હોઈ શકે છે.. કે જે ધર્મની પરાયણતા દ્વારા પ્રગટે છે હૃદયમાં જ્યારે વિચાર સિંહાસન પર ધર્મની એકમેવ અધિષ્ઠાયક તરીકે સ્થિરપ્રતિષ્ઠા થઈ ચૂકી હોય ત્યારે એવી અણમોલદ્રષ્ટિ-દીર્ઘદ્રષ્ટિ આત્મા આત્મસાત કરે છે સાધારણ મનુષ્ય મનુષ્યના માનસની ભીતર પર તરાપ લગાવી શકે છે.. અધ્યાત્મની આંખનો ધારક તે ધર્માત્મા પોતાની દીવ્યદ્રષ્ટિ દ્વારા સાવ સહજમાં સન્મુખ વ્યક્તિઓના ચામડા ભેદી ચિત્તના ચંચળ ચિત્રોને સાક્ષાત્ કરી લે છે.

જે દીર્ઘદ્રષ્ટિના દર્શનદર્પણમાં ભેદી પાત્રતા કે પામરતા, પંગુતા કે પ્રબળતા, યોગ્યતા કે અયોગ્યતા એકી સાથે તરવરી આવે છે આવાં જ એક અભિનન્દનીય દીર્ઘદ્રષ્ટા હતા.. શ્રીયુત કસ્તૂરચંદ અમરચંદ જૈન...

ખંભાત-સ્થંભનપુરીના તેઓ નગરાગ્રણી હતા.. તો સમસ્ત જૈનસમાજની તે આધારશીલા હતી.. તેમના રોમ-રોમમાં શાસનદાઝની જ્યોત ઝલકારા ફેંકતી હતી.. તો તેમના માનસમાં આસ્તિકતા ખંભાતી અખાતની વિશાળતાનું કલ્પનાચિત્ર દોરી રહી હતી.. ધર્મમાં પરાયણ અને શાસનની રખેવાળીમાં પ્રવિણ. તેમજ ધર્મની દોમ-દોમ પ્રભાવના પ્રકાંડયોગી શ્રીયુત કસ્તૂરભાઈને મહાન સદ્ભાગ્યયોગે એવા એક ગુરૂમહારાજનો ભેટો થઈ ગયો કે ત્યારથી તેઓ શાસનના ચરણે શિરસાવન્ત બની બેઠા.

જિનશાસનના જ્વલન્ત-જ્વલન્ત જ્યોતિર્ધારી પરમ શ્રધ્ધેયપાદ શ્રીમાન આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો જે પુણ્યપળે પરિચય થયો તેજ ઘડીયે તે શાસન રક્ષક'ની પ્રાણપ્રતિષ્ઠા તેમના દિલમાં થઈ ગઈ.. જે જીવનના અંતિમશ્વાસ સુધી અવિચલ રહી.

ખંભાત જૈનસંઘમાં સુકૃતની સરવાણી તરતી મૂકનારા શ્રીમાન્ કસ્તૂરભાઈએ વિશ્વવન્દ્ય શ્રીધર્મશાસનના સંરક્ષણ-સંવર્ધન કર્મ આ મહાપુરૂષના છત્રતળે એક ઝાંબાજ જવામર્દની અદાએ શૌર્યની સરવાણી વહાવી હતી.. જે ગરમ શોણિતે શાસનની સુરક્ષાના મધ્યકાલીન સમયના સત્કર્મમાં પોતાનો સિંહફાળો નોંધાવ્યો.. ઈતિહાસ તેની સાક્ષી છે અને ઈતિહાસવિદોની આંખો તેના ઓવારણા ઉતારે છે.. જેની ચર્ચા અપ્રસ્તુત રાખી.. બસ ! જે શાસનરક્ષા'ના સત્કર્મના મૂળમાં એમની દૂરંદેશી ધર ચૂકી ગઈ.. તેને સમજવા સહેજ કોશીશ કરીએ..

અમોઘવક્તૃત્વના પુરસ્કારક સૂરિ પુરન્દર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના એક વિનેય શિષ્યરત્ન હતા.. પન્યાસ શ્રી કાન્તિવિજયજી મહારાજ.. અલખની ધૂનના તે ધ્રુવગાયક પુરૂષ..

અણિશુધ્ધ આચારોના હિમાયતી તે અવધૂત..

ધરાના સદ્ભાગ્યે એક અવસરે ખંભાત નગરીમાં તેમની પધરામણી થઈ.. સંયમને સાધી રહેલા તે

શરણાગતો-શિષ્યોનું ક્ષેત્ર-કુશળ કરી રહેલાં તે પૂજ્ય મહાપુરૂષની છાયાથી ત્યાનાં જૈનપરિવારો સંવેદના ભરપૂર બન્યા.. ખંભાત શહેર અને શહેરી જનતામાં પૂજ્યશ્રીના સંગમથી આરાધનાના ઉલ્લાસોમાં અરબી સાગરની ભરતી ભરાવા માંડી..

યોગાનુયોગ એકદિવસ આ રાજહંસ જેવા અવધૂત પાસે એક એવી કાળાકાચબા જેવી જ વ્યક્તિ ચઢી આવી.. ચરણોમાં તે ઝૂકી પડી.. કંઠમાં કરગરાટ હતો.. તો તેના શબ્દોમાં સંયમ ઝંખનાનો તરવરાટ દૃશ્યમાન બનતો હતો.. પણ.. અફસોસ !.. બધું જ એક આભાસની જાળા સમું હતું.

દીક્ષાને પ્રાર્થતા તે મુમુક્ષુ (!) આત્માને કૃપાસાગર પૂજ્યવર પન્યાસ શ્રીમદ્ વિજય કાન્તિવિજયજી મહારાજે કરૂણા વહાવી આશ્રય આપ્યો.. સ્વચ્છહૃદયી પન્યાસજી મહારાજ મુમુક્ષુના માનસમાં લપાઈ બેઠેલી માયાના ભરમ ભાળી ન શકયા..

હા ! સબૂર ! ભોજનના ભણકારા પડઘાતાં જ મધ્યાહ્ન સમયે આ આગન્તુક મુમુક્ષુ (!) ને પન્યાસજી મહારાજે શેઠ કસ્તૂરભાઈના રસોડે રવાના કર્યો. પન્યાસજી પૂજ્ય તો હજી આગન્તુક મુમુક્ષુની દ્રવ્ય-ભાવ આરાધકતા પ્રતિ પૂર્ણતઃ આશ્વસ્ત જ હતા..

બારેમાસ પૂરેપૂરા અદય-પાલનસાથે પણ નિઃશુલ્ક જમણની ઉત્કૃષ્ટભક્તિ, સાધર્મિક ભક્તિ શેઠ કસ્તૂરભાઈના રસોડે થતી.. તેજ રસવતીઘરમાં આગન્તુક યજમાનની નવોઢરી પધરામણી થઈ.. સર્વપ્રથમ વખતના યજમાન હોવાથી આ મુમુક્ષુની પૂરતી આગતા થઈ.. અદપભેર તેમની ભક્તિ કરવામાં આવી.. મહાનુભાવે ભક્તિને મન મૂકીને માણી.. અલબત્ત ! ગીધદ્રષ્ટિના માલિક શેઠ કસ્તૂરભાઈની નજરેથી આગન્તુકનું અંતર બાકાત ન રહી શકયું.. શેઠ શ્રી કસ્તૂરભાઈએ કાંઈક વિચાર્યું.. તેના પર ટૂંકુ મનોમંથન કર્યું.. એક નિર્ણય પર આવ્યા.. અને તે પૂજ્ય મહાત્માને નિવેદિત કરવા શેઠ તત્પર બન્યાં..

બીજા દિવસના પ્રાતઃ સમયે પન્યાસજી શ્રી કાન્તિવિજયજી મહારાજને વન્દનાદિક કરવા ઉપસ્થિત થયેલા શેઠ કસ્તૂરભાઈએ ટકોર કરી.. સાહેબ ? આગન્તુકને દીક્ષા આપશો નહિ.. લક્ષણ બરાબર નથી.. પન્યાસજી મહારાજ વિચારોમાં ગરક થયા.. સાથે જ પન્યાસજી મહારાજ પોતાના પ્રવ્રજ્યાપથના પ્રાણરક્ષક વીરપુરૂષ'ની વાણીના સારને સમજવા મથી રહ્યા..

એકવાર તો તે આગન્તુક મુમુક્ષુને પુનઃ પરત કર્યો.. હાં ! ત્યાંજ દંભનો પડદો ચીરાયો.. અને સત્ય પ્રગટયું કે આ મહાભાગે પૂર્વ જીવનમાં બેવાર સંયમ સ્વીકારી બન્નેવાર ત્યાગ્યું છે.. ત્રીજીવાર પણ દિલની સાચ ભાવના તો નથી જ.. દીક્ષાર્થી જનના દંભ રચવામાં હજી પારંગત છે. શેઠ કસ્તૂરભાઈ ઉપરોકત હરકતોથી વિદિત નહોતા.. છતાં તેમની આગાહી અક્ષરશઃ સાકાર થત તેમની દીર્ઘદ્રષ્ટિ પર સહુ ઓવારી ગયા..

દ્રષ્ટિ તેને કહેવાય.. જે દર્શકને સ્વરૂપનું દર્શન કરાવે.. જ્યારે દીર્ઘદ્રષ્ટિ તેવી હોય છે કે જેનો દર્શક નમાત્ર સ્વરૂપ, તેના સત્યનું પણ મૂલ્યાંકન કરતો રહે છે..

વ્રતખંડન કે વ્રતત્યાગની દુર્ઘટનાઓ કલયુગના પ્રભાવે આજે ધર્મશાસનના ધોરી માર્ગ પર વધતી ચાલી છે ત્યારે ઉપરોકત ઉદાહરણ શું વિરતિધરો માટે વિચાર પ્રેરક અને નિતિ નિર્માપક નહિ બને રહે..?...૦૦૦

પાના નં...૨૫૯ થી ચાલુ....

પામવાનો અભ્યાસ કરશો તો અંશે ય આ જન્મ સફળ થશે. આપણે કહેવું છે કે નરક તિર્યંચ રૂપ દુર્ગતિમાં અમારે નથી જવું કેમ કે ત્યાં દુઃખથી અમે ગભરાતા નથી પણ ધર્મની સામગ્રી મળતી નથી માટે. અમારે દેવ-મનુષ્ય ગતિ જ જોઈએ છે, ત્યાં સુખની સામગ્રી મળે છે માટે નહિ પણ ધર્મની સામગ્રી મળે છે માટે. આ વિચારમાં જ લીન બનો. આ ભાવનાથી જ ભગવાનના દર્શન-પૂજનાદિ કરો.

માટે મારી ભલામણ છે કે - આ ભાવનાવાળા બની, પુરૂષાર્થશીલ બની, સમ્યકૃત્વને પામવામાં ઉદ્યમશીલ બની આ જન્મને સફળ કરો અને તેમ કરતાં કરતાં વહેલામાં વહેલા પરમપદને પામો એ જ શુભાભિલાષા...■■■

વિનય છે કે મોટાઈ છે ..?

શિક્ષક : એય રશ્મિ ! તું તારા માતા-પિતા નું કહેવું માને છે ?

રશ્મિ : હાજી ! હું મારા માતા-પિતા કહે તેના કરતા વધુ માનું છું.

શિક્ષક : રશ્મિ ! એ કઈ રીતે ?

રશ્મિ : સાહેબજી ! તેઓ કહે છે કે તારે એક લાડુ ખાવો તો હું બે લાડું ખાઈ જાઉં છું.

રશ્મિકા...

ત્રિ-વેણી...

- શૌર્યવાણી

વહેણ-૧ : સુવાક્ય

ચિન્તામણિ રત્નને ચીંથરે વીંટવાથી ચિન્તામણિ' શું કાચ બની જાય ? તેમજ, દ્રષ્ટિરાગ'ના ચીંથરા વીંટી સત્યની જુગુપ્સા કરવાથી સત્ય શું અસત્ય બની જાય ? દ્રષ્ટિરાગનો રોગ વ્યક્તિની દ્રષ્ટિને નિસ્તેજ બનાવી શકે છે; સત્યને તો નહિ જ..!

વહેણ-૨ લઘુ ચિંતન :

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महान्रिपुः ।

नास्त्युद्यमः समोबन्धुः कृत्वायं नावसीदति ।।

એક પ્રશ્ન મનને પીડી રહ્યો છે. તે જ પ્રશ્ન કઈ કેટલાંય અધ્યાત્મ પંડિતોના દમકતા બદનને નિસ્તેજ બનાવી રહ્યો છે અને તે એકે વિશ્વસમુદાયની અંદર મનુષ્યનો સૌથી મહાન્ શત્રુ કોણ ? આ પ્રશ્નની પીડા એવી તો કારમી અને પ્રત્યાઘાતી છે કે એકવાર જેને ઉપરોક્ત પ્રશ્ન પીડી ગયો, તેવી વ્યક્તિને આગળ ચાલતા સમસ્યાઓ ની ઉભી આલમ કરડવા લાગે છે.

વિશ્વમાં મનુષ્યનો સૌથી મોટો શત્રુ કોણ ? આજ એક પ્રશ્ન અન્ય અનેકાનેક શંકાઓનું જનન કરશે. જેમ કે : તે શત્રુ કયે ? તે શત્રુનો વસવાટ કયાં ? તે શત્રુની હેસિયત શી ? તે શત્રુની રાજધાની કઈ ? તે શત્રુનો પ્રત્યુપાય કયો ?

પ્રશ્નોની જાગી ઉઠતી આવી ગિરિમાળામાં જે અટવાઈ જાય છે, તે જ મહાનુભાવ ત્યારબાદ તેના સમાધાનની તલાશ કરે છે. શત્રુજનોના જુલમથી જલી ઉઠેલું તેનું માનસ ત્યારબાદ પોતાના પ્રેયસ્ની, પોતાના મિત્રની શોધખોળ મચાવવા તૃષાતુર બને છે અને અનહદ ઉત્કંઠા સેવે છે. મિત્રતાની પરિશોધ કાજે ના આ પ્રાણાન્ત પ્યાસ જરૂરથી પોતાના ખોવાયેલા મિત્ર-સ્વજનનો સંકેત કરી જાય છે અને લપાયેલા છૂપાયેલા પેલા શત્રુજનના મોઢા પરનો નકાબ ચીરી લે છે..

હા ! જાગી ઉઠી છે સમસ્યા, અન્તરના ઉદરે જલી ઉઠી છે પ્યાસ, શોધની ગિરિમાળાઓમાં ઝૂલી રહી છે તલાસ; બસ ! મારો-મનુષ્યનો સૌથી મોટો શત્રુ કોણ ? અને સદાનો સંગાથી મિત્ર કયો ?

સબૂર ! આ સમસ્યા અને પ્યાસા સામેના સંગ્રામમાં આપણે પરાજિત બન્યાં છીએ.. ત્યારે આપણા ભાથામાં 'બુધ્ધિબાણો' ના દાન-વરદાન દેવા આવી ઉભા છે સંસ્કૃત સુભાષિત..!

સાહિત્યના ભાથે ભંડારાયા સુભાષિતોના બુધ્ધિ બાણો એવા તો અમોઘ છે; કે જે આપણા સર્વાધિક કનિષ્ઠ શત્રુની તેમજ સર્વાધિક શ્રેષ્ઠ સ્વજનની શોધ સફળતા તરફ લઈ જાય.

સુભાષિતોના બુધ્ધિબાણે શિરમોર શત્રુ તથા શિરમોર સ્વજનને ખોળવા ચાલી પડેલા વિદ્વજ્જનો ભોળી-ભલી-ભૂલી જનતાને જગાડવા સાદ પાડી રહ્યાં છે :

■ મનુષ્યનો અજેય દુશ્મન કોઈ હોય તો તે આળસ છે ! હા અફસોસ ! આળસ માનવનો કાતિલ દુશ્મન છે. એથી ય સ્ફોટક વાત તો એ છે, કે તે શિરમોર શત્રુ માનવના દેહબિંબમાં સંતાયો છે ! જાણે બુંદ-બુંદ સાથે સંક્રમિત્ત થઈ ગયો છે..

■ તો મનુષ્યનો સર્વસ્વદાતા સ્નેહિ જો કોઈ તો તે છે; ઉદ્યમ ! પણ બેશક ! તે સુહૃદ એટલો તો મોંઘેરો છે કે તેનું આરાધન કરવું હોય તો પ્રતિક્ષણ સાવધ-સજાગ-સજ્જ રહેવું પડે. એક્ષણના ઝોકાથી પણ તે રીસે ચડવાની દહેશત છે.

જો શત્રુના શરણે પહોંચ્યા તો જીવન તારાજ બનશે.

જો સુહૃદના શરણે દોડ્યાં, તો જીવન શૂરીલો વનરાજ બનશે..

હવે, તારાજીના શિરપાવ નીચે કાટમાળ થવું, કે વનરાજના ઝૂંઝાર સત્ત્વના દીપ પ્રગટાવવા; એનો નિર્ણય આપણી ઈચ્છાશક્તિને આધીન પડ્યો છે..

નિશ્ચય કરીએ, કે કાટમાળ નહિ, પણ કેશરી (સિંહ) બનશું..!

વહેણ-૩ : લઘુ દ્રષ્ટાન્ત

એક મુમુક્ષુનો મહાભિગ્રહ :

ચારિત્ર જ નહિ, આકાશમાંથી અવનિ પર ખરી પડેલો તે એક ચાંદનો ટુકડો જ હોવો જોઈએ. તેનું

શુભાભિધાન હતું : પન્યાસ શ્રીમાનૂકાન્તિ વિજયજી મહારાજ.. એમનું ચારિત્ર્ય એવું તો અત્યુજ્જવલ હતું, જેને જોઈને એમ કહ્યા વિના રહી શકાય નહિ કે ચન્દ્રમાની ધવલતાને જેમ આકાશના કોઈ તરંગો ખરડી શકે નહિ; તેમ આમના અન્તરને આશા-આશંસાના મેલ સ્પર્શ સુધ્ધા કરી શકે નહિ.

અલબત્ત ! 'સૂરિરામ'ના આ પ્રભાવી-મહાપ્રભાવી શિષ્યરત્નની ચાંદશી' ચારિત્રોજ્જવલતાએ સૌરાષ્ટ્રવાસી ભવ્યસમૂહને આકર્ષણનું એવું તો ઘેલું લગાડી દીધું તું' કે આ વિરલ વિભૂતિ દૂર દૂર ભાગે તોય શિષ્યો-ભક્તોની સંપદા તેમને અદક્ષિણા દેતી કરે.

આવાજ એક કિસ્સાની વાત છે.

હળવદ ગામ ઝાલાવાડની ધરતી પર વસ્યું છે. માદરે હળવદના એક પ્રખ્યાત પરિવારના નરરત્નના તન-મન પર આ 'ચારિત્ર્યચન્દ્ર'નું તેજ છવાઈ ગયું. તેના જ પ્રતાપે આ નરરત્ન મુમુક્ષુ બની ગયો. તેનુ માનસ પન્યાસજીના પદસ્તલમાં જીવન સમર્પણ કરવા લાલાયિત બની બેઠું.

સબૂર ! પણ સ્વજનો-સ્નેહિઓનો વધુ પડતો સ્નેહ આ તરૂણના માર્ગમાં અવરોધક બનવાની ભીતિ તરૂણને જ સતાવી ગઈ. અલબત્ત ! આ મુમુક્ષુની શિષ્યવૃત્તિ બે - જવાબ હતી. તેણે ચોપાસ ઘેરાયેલા વિરોધ-વાદળોને વિખેરવા સત્યાગ્રહના મંડાણ કર્યા.

''દીક્ષા જીવનના મોંઘેરા પ્રતીક સમા રજોહરણ (ઓઘો) નો સ્વીકાર ન કરી શકું ત્યાં સુધી આયંબિલ તપ નહિ જ છોડું..''

દીક્ષાર્થીની ઉપરોક્ત પ્રતિજ્ઞાએ સ્વજનોની ચોપાસ સન્નાટો ફેલાવ્યો. જેણે જ જાદુગરની ભૂમિકા અદા કરી. ફલત : વિરોધો મુમુક્ષુના ચરણે પડ્યાં.. સ્નેહિજનો સમ્મત થયા. ગુરૂત્વ નકારતા પન્યાસજી મહારાજ આ શિષ્યને સ્વીકારવા ફરજવાન બન્યાં.. અંતે મુમુક્ષુએ પન્યાસ શ્રી કાન્તિવિજયજી મહારાજના ચરણે જીવન સમર્પણ કર્યુ તે સંયમિત બન્યો.

બેશક ! મે મુમુક્ષુ એટલે જ શ્રી નગીનકુમાર.

જેઓ જ આજે પૂજ્ય આચાર્યવર્ય શ્રીમદ્ વિજય નરચન્દ્ર સૂરિમહારાજ'ના નામ સાથે ગુરૂનું નામ રોશન કરી રહ્યાં છે.

■■■

જીવદયા માટે પ્રકાશભાઈ (ડીસા)ની શહાદત

આજે તા. ૧૧-૪-૨૦૦૦ પેપરમાં ડીસા વાળા જીવદયા પ્રેમી પ્રકાશભાઈ અમૃતલાલ શાહના અવસાન સમાચાર વાંચેલ છે. તેમણે જીવદયા માટે પોતાના પ્રાણનું બલીદાન આપેલ છે. આ એક ખૂબ જ મોટું બલિદાન છે. દરેક જીવદયા પ્રેમી માટે આ એક પડકાર છે. જો આવી જ રીતે ચાલતું રહેશે તો કોણ અબોલ જીવ માટે આગળ આવશે. પ્રકાશભાઈની શહાદત એળે ન જાય તે માટે સમસ્ત ગુજરાત તેમજ ભારતભરના સંઘોએ સખત વિરોધ કરી પ્રતિભાવ દર્શાવવો જોઈએ. આ એમની શહાદત એક ચીનગારી બની રહે અને સમસ્ત ભારતમાં ગૌવધ પ્રતિબંધ ધારો લાગુ પડે તેવો નક્કર પ્રયાસ થવો જોઈએ. એક એક જૈનત્વ માટે આ પડકાર રૂપ કહેવાય.

કેશુભાઈ પટેલની સરકાર જીવદયા માટે સક્રીય છે તો સમસ્ત ગુજરાત સરકાર પાસેથી દરેક સંઘોએ બાંહેધરી લેવી જોઈએ કે ફરીથી આવું નહી થાય. આ એક અભૂતપૂર્વ ઘટના છે. પ્રકાશભાઈને ભાવભીની શ્રધ્ધાંજલિ છે. જૈનોએ ભાજપ સરકારને પૂરો ટેકો દીધો છે તો આ કેમ ચલાવી લેવાય આની સામેની જેહાદ ઉગ્ર બનવી જોઈએ.

ઇ. હેમેન્દ્ર મનસુખલાલ શાહ - રાજકોટ.

જ્ઞાન ગુણ ગંગા

'ઉપદેશ સપ્ત તેકા' ગ્રન્થના આધારે શ્રી શુક પરિવ્રાજક અને શ્રી થાવચ્ચાચ ર્યનો સંવાદ :

શુક પરિ. - ં. ભગવન્ ! તમારે જાત્રા છે ? જવણિજ્જ છે ? અવ્યાબાધ છે ? ફાસુ વિહાર છે ?

થાવચ્ચા.-સર્વ છે

શુ. ૫. - કેવી રીતે ?

થા. - તપ-ં ાયમ કરવો, છ કાયની જયણા - રક્ષા કરવી તે અમારી **યાત્રા** છે. પાંચ ઈન્દ્રિય અને મન અમારે વશવર્તી છે તે અમારું **જવાં ણિજ્જ** છે. અમારા શરીરમાં કોઈપણ પ્રકારના વ્યાધિની પી ા નથી તે **અવ્યાબાધ** છે. અને સ્ત્રી, પશુ, નપુંસકથી ર હેત આરામાદિ-ઉદ્યાનાદિ સ્થાનોમાં દોષરહિત પીઠ-ફલકાદિ લઈને વિચરવું તે **પ્રાસુક-ફાસુ-નિર્દોષ** વિહાર છે.

શુ. ૫. - હે ્ાનિ ! તમે સરસવ ખાઓ છો કે નહિ ?

થા. -ખાઈએ છીએ અને નથી પણ ખાતા.

શુ. ૫. - આ ન કેમ બને ?

થા.- સરસવ બે પ્રકારના છે.

૧- સમાન વયના તે મિત્ર સરસવ અને

૨ - ધાન્ય ારસવ. મિત્ર સરસવ પંચેન્દ્રિય મનુષ્યાદિ માટે તે ભક્ષ્ય નથી.

ધાન્ય સરસ ા પણ બે પ્રકારના. ૧-શસ્ત્રાદિકથી છેદન-ભેદન થયેલા અચિ ત તે ભક્ષ્ય અને ૨-સચિત્ત તે અભક્ષ્ય,

શસ્ત્રપરિણા ના પણ બે ભેદ છે.

૧-બેંતાલીશ દોષ રહિત માટે ભક્ષ્ય.

૨-બેંતાલીશ દોષ સહિત માટે અભક્ષ્ય.

જે દોષરહિ ા ભક્ષ્ય તેના પણ બેપ્રકાર છે.

૧-માંગેલા અને ૨ - નહિ યાચેલા. માગ્યાના પણ બે ભેદ છે. ૧-મળેલા અને ૨-નહિ મળેલા. નહિ મળેલા માટે અભક્ષ્ય છે અને મળ્યા ે ભક્ષ્ય છે. માટે કહ્યું કે ભકખેયા વિ અભકખેયા વિ.

શુ. ૫. -કુ ાત્થ તમારે ભક્ષ્ય છે કે નહિ ?

થા. - ખાવા અને નહિ ખાવા લાયક એમ બન્ને પ્રકારે છે.

શુ. ૫. - એમ કેમ ?

થા. - કુલત્થ બે પ્રકારના છે. ૧-સ્ત્રી કુલત્થ. અને ૨-ધાન્ય કુલત્થ.

તેમાં પણ સ્ત્રી કુલત્થ ત્રણ પ્રકારના છે. ૧-કુલ માતા, ૨-કુલવધુ અને ૩-કુલપુત્રી આ અમારે અભક્ષ્ય છે.

જે ધાન કુલક છે તેના સરસવની જેમ ઉપર જણાવ્યા પ્રમાણે ભેદ જાણી લેવા. તેમાં જે મલ્યા તે અમારે કલ્પનીય છે. માટે કહ્યું કે કુલત્થ અભક્ષ્ય અને ભક્ષ્ય એમ બંને પ્રકારે છે.

શુ. ૫.- માસા ભક્ષ્ય છે કે અભક્ષ્ય છે ?

થા.- ખાવા લાયક છે અને નથી પણ.

શુ. ૫. - એમ કેમ ?

થા.- માસા ત્રણ પ્રકારના છે. ૧ - કાલ માસા, ૨-અત્થ માસા અને ૩- ધાન્ય માસા.

તેમાં કાલમાસા તો શ્રાવણ આદિ બાર માસ છે માટે તે અભક્ષ્ય છે.

અત્થ માસા બે પ્રકારે છે. ૧-સુવર્ણ તો લવાના અને ૨-રૂપું તો લાવાના આ બન્ને પ્રકાર અમારે અભક્ષ્ય છે.

ધાન્ય માસા ફાસુ-એષણીય મળે તે મારે ભક્ષ્ય છે.

શુ.૫.- હે ભગવાન ! તમે એક છો કે બે ? અનેક છો ? અક્ષય છો ? અવ્યય છો ? અવટ્ઠિય છો ? પૂર્વે જેવા હતા, અત્યારે જેવા છો અને ભવિષ્યમાં થશો તેવા છે.

થા.-''હે મહાનુભાવ ! હું એક છું, બે પણ છું. ઈત્યાદિક તેં જે પ્રશ્નો પૂછ્યા તે સર્વ છું. તેનું કારણ સાંભળ - દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ જીવ દ્રવ્ય એકલું છે. તેથી હું એક છું. જ્ઞાન અને દર્શન એ બે જીવ દ્રવ્યથી જુદા નથી તેથી હું બે પણ છું. જીવ દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે તેથી હું અનેક છું. કોઈપણ પ્રદેશનો ક્ષય થતો નથી તેથી હું અક્ષય છું. કોઈ પ્રદેશનો વિનાશ નથી માટે અવિનાશી છું. જીવ કોઈપણ દિવસે નૂતન-નવો થતો નથી તેથી શાશ્વત-નિત્ય છું. ભૂતકાળમાં અનેક ઉપયોગ કર્યા છે વર્તમાનમાં કરી રહ્યો છું. અને ભવિષ્યમાં થશે તેની અપેક્ષાએ તેવો પણ છું.''

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- જેને આ સંસાર ગમે તે જૈન જ નહિ.
- સંસાર ન ગમવો એટલે સંસારનું સુખ ન ગમવું, તે સુખનું સાધન સંપત્તિ ન ગમવી પણ ભૂંડી લાગવી.
- જેમ જેમ બહુ લક્ષ્મી મળે અને ગમે તે સમજી લેવું કે તે દુર્ગતિનો મહેમાન થવાનો છે, દુર્ગતિમાં જવાની તૈયારી કરી રહ્યો છે.
- આ દુનિયાનું સુખ અને તેનું સાધન પૈસો છોડવા જેવો જ છે તેમ જે હૈયાથી માને તે નું નામ સાચો જૈન !
- પ્રમાદ એટલો ભયંકર છે કે જીવની સાચી સમજને પણ ખલાસ કરી નાંખે.
- આજનો સુખી એટલે મોટેભાગે ધર્મમાં 'પાંગળો' અને સંસારમાં 'બહાદુર' !
- ઉપદેશની અસર પણ લઘુકર્મી આત્માને થાય, ભારે કર્મી જીવ તો ઉપદેશમાંથી પણ ફાવતું લે.
- જ્ઞાનિ કહે છે કે, સમાધિવાળા જીવને સુકુળ, સિદ્ધક્ષેત્રનો યોગ અને ચતુર્વિધ સંઘનો યોગ ફળે. બાકી બીજા તો સુકુલ પામીને સંસાર વધારે, સિદ્ધક્ષેત્રમાં અનેક પાપ બાંધે અને સમાધિને તેને તો જન્મથી વૈર હોય !
- જ્યાં આળસ કરવામાં નુકશાન નથી લાગતું ત્યાં જ આળસ કરીએ છીએ.
- સંસારમાં રહેવા છતાં પણ સંસાર કરવા જેવો નથી તેમ જે માને અને સંસારમાં આસકત ન બને તેનું નામ અનાસકત યોગી ! અનાસકત યોગની પ્રવૃત્તિ દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય ને તોડનારી છે.
- સંસારમાં રહેલા ધર્માત્માને જેમ સંસારની પ્રવૃત્તિ અકરણીય લાગે તેમ સાધુને શરીરની પ્રવૃત્તિ અકરણીય લાગે.
- મિથ્યાત્વ, અવિરતિ અને કષાય : સંસારમાં રહેવાની ઈચ્છાવાળા જીવના સાક્ષી છે.
- મોક્ષનું સાચું અર્થીપણું ન જાગે તેને નવકાર ભણાવવો તે પણ પાપ !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर)

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૩૫/૩૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

લક્ષ્મીના ગુણાભાસો (દૂષણો)

निम्नं गच्छति निम्नगेव नितरां
निद्रेव विष्कंभते,
चैतन्यं मदिरेव पुष्यति मदं धूम्येव
दत्तेन्धताम् ।
चापल्यं चपलेव चुम्बति दवज्वालेव
तृष्णां नयत्युल्लासं
कुलटांगनेव कमला स्वैरं
परिभ्रम्यति ॥१॥
(श्री सिन्दूर प्रकरण गा. ७३)

લક્ષ્મી નદીની જેમ નીચે (નીચ તરફ) જાય છે, નિદ્રાની જેમ ચૈતન્યનો વિનાશ કરે છે, દારૂની જેમ અહંકારનું પોષણ કરે છે, ધૂમની જેમ અંધપણું આપે છે, વિજળીની જેમ ચપળાને ચૂંબે (ભજે) છે, દાવાનલની જ્વાલાની જેમ તૃષ્ણાને વધારે છે, અને કુલટા સ્ત્રીની જેમ સ્વૈરીપણે - ઈચ્છા મુજબ પરિભ્રમણ કરે છે.

માતા-પિતાની સેવા શા માટે ?

-પૂ. આચાર્ય શ્રી વિજય કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજ

આજે પરમોપકારી માતા-પિતાની સેવાનું કર્તવ્ય ઘણું ખરું વિસરાતું જાય છે. માતા-પિતાએ પોતાના સ્વાર્થ ખાતર જ અમને જન્મ આપ્યો ને ? એમની સેવાની શી જરૂર ? એ માટે જાતનો ભોગ આપવાની કોઈ આવશ્યકતા ખરી ? હા, જરૂર પડયે થોડું ઘણું સાચવી લઈએ પણ એમણે તો સેવાની અપેક્ષા ન જ રાખવી જોઈએ ને ? આ અને આવા બીજા ઘણા પ્રશ્નો આજે ભણેલા-ગણેલા (!) સમાજને મુંઝવી રહ્યા છે ત્યારે એ અંગે થોડોક વિચાર કરી લેવો અસ્થાને તો નહિ જ ગણાય.

સૌથી પહેલા એમણે કેટલો ઉપકાર કર્યો છે, તેને યાદ કરો, તો જ જો યાદ ન આવે તો જે કાંઈ પણ સેવા કરાય તે વાસ્તવિક સેવા બનતી નથી. 'મા-બાપને નભાવવા પડે', 'કેટલા દા'ડાના હવે ?', 'નભાવી લો ત્યારે' એમ થાય અને સેવા કરાય તે ભક્તિ નથી પરંતુ વેઠ છે.

એમણે જન્મ આપ્યો-દેહ આપ્યો-ભીનામાં પોતે સૂઈ સુકામાં સૂવડાવ્યા, આખી રાત જાગતાં રહીને જાળવ્યાં, ગમે તેવા સારાં કપડા પહેરીને સારા પ્રસંગે લઈ ગયા, એમના કપડા બગડયાં, ઊલટી કરી તો પણ ગુસ્સે ન થયાં, પોતાના પગનો ચૂલો કરીને બેસાડયા, મોઢામાં દાંત ન હતા ત્યારે પણ અનાજને નરમ બનાવી ખવડાવ્યું, પીવડાવ્યું; છોક સાવ નાના હતા તેમાંથી આવડા મોટા કર્યા; આજે તો જન્મ મળે એ પહેલા જ સંતાનને મારી દેતા મા-બાપના જમાનામાં જન્મ આપ્યો એ જ મોટામાં મોટો ઉપકાર કર્યો !

એમાંયે દેવગુરુનો ભેટો કરાવ્યો, ધર્મના સંસ્કાર આપ્યા. આવાં મા-બાપને તો પોતાની ચામડીનાં જૂતાં કરીને પહેરાવાય તો પણ તેમના ઉપકારનો બદલો ન વળે. આ શરીર તેમણે આપ્યું માટે આ શરીર ઉપર પહેલો હક્ક તો તેમનો ! આ શરીર, આ ઈન્દ્રિયો એમની સેવામાં જ વપરાવી જોઈએ. કયાં સુધી ? એ જીવે ત્યાં સુધી, અખંડ !

એમની ઉંમર થાય તેમ તેમ સ્વભાવમાં પરિવર્તન આવે, સ્વભાવ બદલાય; યુવાવસ્થાના જોરે જીવનારને કદાચ એનો ખ્યાલ નહિ આવે 'આખો દા'ડો એકની એક વાત કેમ કરે છે ?' 'ગમે તેવી વાતમાં હસ્તક્ષેપ કેમ કરે છે ?' એમ થતું હશે, પણ એમ વિચારવું યોગ્ય નથી. કારણ કે ઉંમર થતાં જ્ઞાનતંતુઓ નબળાં પડી જાય, મગજ પૂરતું કામ ન કરી શકે, તેથી જ એકની એક વાત વારંવાર કરે તેમ બને મગજમાં પડેલા સંસ્કાર જલદી છૂટે નહિ. વિચારવાનું માધ્યમ-મગજ નબળું પડી જાય છે તેથી જ એકના એક વિચાર ફરી ફરી થયા કરે છે. આવી અવસ્થામાં એમના ઉપકારને યાદ કરી કરી ખૂબ જ કોમળતાથી એમની પરિસ્થિતિ સમજવી જોઈએ. જ્યાં સુધી મા-બાપને વાસ્તવિક રીતે સમજાય નહિ ત્યાં સુધી તેમની ભક્તિ વાસ્તવિક કરી શકાય નહિ.

તમે પોતે વિચારો કે અમે સાવ નાના હતા ત્યારે એકની એક વાત કેટલી વાર કરતા હતા ? 'પપ્પા, પપ્પા' કહી એકની એક વાત સંભળાવતા હતા છતાં મા-બાપ કયારેય ગુસ્સે થયાં ? 'હા બેટા-હા બેટા !' કહીને પ્રેમથી સાંભળતાં. એમણે બધું સહ્યું છે હવે સહવાનો વારો કોનો ? માટે એમને જે પ્રેમથી સાંભળવાનું રાખે તે જ એમની સાચી સેવા કરી શકે.

દેરાસરમાં જઈ પરમાત્માને **રીઝવવાનો** દેખાવ કરનારા જો ઘરે જઈ પોતાનાં મા-બાપને **રીસવતા** હોય તો પરમાત્માને રીઝવવાનો એ દેખાવ દંભરૂપ છે. સાચા અર્થમાં પરમાત્માને રીઝવવા જો પ્રયત્ન કરનાર પોતાના ઐહિક સ્વાર્થ માટે કયારેય મા-બાપને રોકાવવાનાં પાપ ન જ કરે.

આજે તો મા-બાપ જેવાં મા-બાપને ઘરડાંઘરમાં મોકલી દેવાયા છે. આ ઘરડાંઘરો તો હિંદુસ્તાન માટે કલંક છે, શાપ છે. સ્વધુઓ માટે પણ આજે જે 'વૃદ્ધાશ્રમ-ઘરડાંઘર' ઊભાં થવા માંડયાં છે, લોકો એમાં દાન આપે છે, તેનું પરિણામ ઘણું જ અનિષ્ટ આવવાનું છે. અમે જ્યારે એનો નિષેધ કરીએ ત્યારે કેટલાકો અમને થોડાક પ્રેકટીકલ થવાની સલાહ આપે છે. પ્રેકટીકલ થવાનો મતલબ એ કે ખોટાં કામોને સાચાં કાર્યો તરીકેની મહોરછાપ મારી આપવી. કોઈ પણ માર્ગનો વિચારક એમાં સંમત નહી બની શકે.

ઘણાં એમ પણ કહેતા હોય છે કે, ઘરમાં રહીને રોજ દીકરાનું અપમાન વેઠે એનાં કરતાં ઘરડાઘરમાં જાય તો સુખી તો થાય ને ? એમને મારે કહેવું છે કે દીકરો મા-બાપનું ઘરમાં અપમાન કરે તે કલંક નથી ? શું આવા કલંકો છાવરવા જ આ ઘરડાંઘરો છે બાકી તો દીકરો લાત મારતો હોય તોય એ મા-બાપને જઈ પૂછી આવો ઘરમાં. એ 'મારો દીકરો-મારો દીકરો' કરીને એ દીકરાને જ યાદ કરતા હોય છે. ઘણાને આવી વસ્તુસ્થિતિની કલ્પના પણ નહિ આવે. વૃદ્ધાવસ્થામાં જે હુંફ જોઈતી હોય છે, તે ઘરડાંઘરમાં કયાં મળે ? આમ છતાં પણ ત્યાં એમની રીતે જીવી જાય પરંતુ મા-બાપને ઘરડાંઘરમાં મૂકી આવનારાં એ દીકરાઓના દિ'ફર્યા છે. આજે આનાં ભયંકર પરિણામો આવવા લાગ્યાં છે. કેટલાક સાધુઓ પણ ગમે તેને મૂંડશે-દીક્ષા આપશે અને પછી રખડતાં મૂકી દેશે, ઘરડાં ઘરમાં ! એ કોઈ સંયોગમાં ન ચલાવી શકાય. જેનામાં દીક્ષિતનો યોગક્ષેમ કરવાની ક્ષમતા ન હોય એમના માટે 'માર્ગ પરિશુદ્ધિ' નામના ગ્રંથરત્નમાં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ તો લખે છે કે 'परप्रतिपः जिनशासनस्य !' એ જૈન શાસનનો મહાનશત્રૂ છે.

છેવટે એક વાત યાદ રાખશો કે આજે ઘરડાંઘરમાં જેઓ મા-બાપને મૂકશે, આવતીકાલે તેમનો પણ વારો નિશ્ચિત છે. તેમનાં સંતાનો આજે તેમનું આ કૃત્ય જોઈ રહ્યા છે ને એ જોઈ તેમના ભાવિનું આયોજન કરી જ રહ્યાં છે.

'મુજ વીતી તુજ વીતશે' માટે સમયસર ચેતી જવા જેવું છે.

●●●

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

ઢાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

વર્ષ : ૧૨) ૨૦૫૬ ચૈત્ર વદ ૧૩ મંગળવાર તા. ૨-૫-૨૦૦૦ (અંક : ૩૫/૩૬

વાર્ષિક રૂા. ૧૧૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

જીવદયા માટે પશુ ધન શબ્દ અધર્મ્ય છે

ભારત ભરમાં નિરાધાર પશુને અને ખોડા ઢોર વિ.ને સાચવીને જીવદયા પૂર્વક પાલન કરવાનું કાર્ય ચાલે છે આ કાર્યમ મોટે ભાગે જૈનોનો પ્રાણ રેડાયેલા છે અને જૈન શાસનનં વિધિ પ્રમાણે શાસ્ત્રમાં ઉલ્લેખ છે કે જ્યારે મહાપૂજા-શાંતેસ્નાત્ર આદિ કરે ત્યારે સાધર્મિક વાત્સલ્ય અને જીવદયાની ટીપ થાય છે અને રીતે હજારો ટીપો-ફંડો જૈનોમાં દર વર્ષે થાય છે.

આ લાખોની રકમોનો ઉપયોગ ખોડા ઢોર નિરાધાર ઢોરને પાળવા પોષવામાં થાય છે. કતલખાને જતા ઢોરોને છોડાવીને પળવા પોષવામાં થાય છે પંખીઓને ચણ નાખવામાં આવે છે.

આ મોટે સેંકડો પાંજરાપોળો ચાલે છે અને સેવા ભાવી કાર્યકરો તે માટે સખ્ત મહેનત કરીને કાર્ય કરે છે.

જીવદયા એ જૈનોનો પ્રાણ છે પરંતુ તેને ધન માનવું તે જૈનોનો શબ્દ નથી પાંજરાપોળવાળા જ્યારે તૂટો હોય ત્યારે કાર્યકર્ત ઓ ફાળો કરવા જાય તો એમ કહેનારા પણ મલ્યા છે કે પાંજરાપોળ માટે આવ્યો છે પણ મને એમાં રસ નથી. જો ડેર કરો તો લાખ રૂા. લખી લો.

ત્યારે કાર્યકર્તાએ કહ્યું છે અમે તે માટે આવ્યા નથી. પાંજરાપોળનું એ કામ નથી. આ જીવદયા ખોડા ઢોર માટે જે આપવું હોય તે આપો તો તે વખતે ૫ કે ૧૧ હજાર લખાવીને વિદાય કરે છે.

ભાવિકો લાખો રૂા. આપી પાંજરાપોળ કરવા કહે છે તે વખતે અનુભવી કહે છે રૂપિયાથી પાંજરાપોળ ન થાય પણ ખોડા, બિમાર પશુઓને પશુ જેવા બનીને સાચવે તો પાંજરાપોળ થાય.

આમ પશુ દયા જીવદયા એ શબ્દ જૈન શાસનમાં પ્રચલિત છે અને તેને ધન માનવું કે કહેવું તે જીવદયાના ધર્મ્ય શબ્દથી વિપરીત છે. ધન તો રૂપિયા, સોનું, ચાંદી, હીરા, જમીન, મકાન વિ. છે જે કંઈ સેવાની ચીજ નથી ત્યારે અબોલ નિરાધાર લંગડા પશુ પંખીઓ અને માનવો પણ દયા અનુકંપાને પાત્ર છે.

પશુધન શબ્દનો પ્રયોગ પશુ જીવ છે અને તેને સાચવાની વાત ઉડી જાય છે જેમ ઘરમાં ઘડીયાળ, પલંગ કબાટ વિ. તૂટી ફૂટી ગયા હો તો તેને ધન ન કહેતા ભંગાર કહે છે.પશુ ધન એ શબ્દ જીવદયા શબ્દને લાગુ થતો નથી કેમ કે લૂલા લંગડા નિરાધાર પશુ પાલવા તે જીવદયા છે.

પશુધનને બચાવો, ગોચર હશે તો પશુધન બચશે, છાણ હશે તો સંસ્કૃતિ ટકશે. આ બધા શબ્દો અને વાકયો ઉપજાવી કાઢેલા છે અને જાહેરાતોમાં હેન્ડબીલોમાં અને પરબીડીયા ઉપર પશુધન બચાવો વિ. છપાવીને ભલાના ભાવને નીચોવી લેવાનું થાય છે.

જ્યારે સુકાળ હોય છે ત્યારે પશુધનની વાત કરનારને કંઈ કરવાનું રહેતું નથી. પણ જીવદયાની વાતને માનનારને લૂલા લંગડા અને નિરાધાર પશુ પંખીઓની દયા અને તેવા માનવીઓની અનુકંપા ચાલુ જ રહે છે.

ગુજરાતમાં દુષ્કાળ છે તો પાણી ઘાસ વિ. ની અછત છે તેના અભાવે ગમે તેના પશુઓ નિરાધાર બન્યા

છે ત્યારે જીવદયા પ્રેમીઓએ તે માટે મેદાને મૂકીને જીવદયાનું કાર્ય કરવું જોઈએ.

બિહાર જેવી જગ્યાએ જ્યાં એટલો વરસાદ હોય કે પાણી પાણી થઈ જાય છે અને અનેક માનવો પશુઓ તેમાં સપડાઈ જાય છે ત્યાં પણ તેવા માનવી કે પશુઓ પ્રત્યે દયા અનુકંપા વરસાવવાની હોય છે.

જીવદયાનું હાર્દ સમજીને જે પાંજરાપોળ કે સંસ્થાઓ ચાલતી હોય તેમનું લક્ષ આજ હોય છે બાકી જગતમાં જાહેરાત કરવા, માન મેળવવા અને અમે જ કરીએ છીએ તેવી બુદ્ધિવાળા કે સંસ્થાવાળા માત્ર સભા સ્ટેજ કે આડંબરમાં હાજરી આપે છે.

કસાયો પાસેથી જીવ છોડાવવા માટે કેવા પ્રાણ સટોસટના પ્રસંગ ઉભા થાય છે તે તો જે જીવ છોડાવવા જતા હોય તેમને ખ્યાલ છે અને તેમાં પ્રાણની પણ આહૂતિ આપી દેનારા પ્રકાશ શાહ જેવાને માન પાન કે મોટાઈની જરૂર રહેતી નથી અને તેમની શહીદીને નામે મોટાઈ અને મહત્વ મેળવવાવાળાને જગત પણ ઓળખી જાય છે.

જીવ દયાના હજારો ફંડ કરનારા અને લાખોના દાન દેનારા સંઘો કે જીવદયા પ્રેમીઓને એક બાજુ મુકીને માંગીને પૈસા ભેગા કરનારા કે તેવી સંસ્થાનો જાણે જીવદયાના પ્રાણ હોય તેવો દેખાવ કરે છે ગેસ અને પ્લેટફોર્મ પોતાના બનાવીને બેસી જાય છે તે દંભ છે અને જીવદયા અને તેની ભાવનાને નબળી પાળનાર છે અને જીવદયાના પાયા હચમચાવી દેનારા છે.

વર્ષોથી સંઘોમાં જીવદયાના ફાળા થાય છે કદી બંધ થયા નથી દુષ્કાળના કાળમાં ઘણા ઉત્સાહથી સંઘમાં ફાળા થાય છે બજારોમાં પણ ફાળા થાય અને ભાવિકો છૂટે હાથે તેમાં ધન વેરે છે આ એ જીવદયાનો મહિમા છે માટે પશુધનના પ્રયોગથી જીવદયાના ભાવને ઠોકર વાગે છે એ માટે સમજુ શાણા અને દયાળુ જીવોએ સાવધાન થઈ ધર્મની ભાવનામાં જીવદયાની ભાવનાઓમાં રંગાઈ જવું એજ જરૂરી છે.

પહેલવાનનો પરાભવ

તેનાલીરામના ગામમાં એકવાર એક પહેલવાન આવ્યો. ભરબજારમાં પોતાની તાકાતનું પ્રદર્શન કરવા માંડયું. રસ્તાની એક બાજુએ ઉભેલી બળદગાડીને બે હાથે ઊંચકી રસ્તાની બીજી બાજુએ મૂકી દીધી. એક મોટો પથ્થર રસ્તાની એક તરફ પડયો હતો તેને એક ઠોંસો મારી તોડી નાખ્યો. રસ્તાની એક તરફ સમારકામ ચાલતું હતું. ત્યાં મોટી પરઈ પડી હતી. તે ઊંચકી તેણે બે હાથે ગોળ વાળી દીધી. પછી તે પહેલવાન ગર્જયો.

'જોઈ મારી તાકાત ? મારું લોખંડી શરીર લોખંડનેય ગોળ વાળી દે છે, મને પડકાર આપે એવો કોઈ મરદ માણસ છે આ ગામમાં ?

આવા અડબંગ પહેલવાનને પડકાર કોણ આપે ? એકત્ર થયેલા લોકોમાંથી એક દૂબળો પાતળો સામાન્ય માનવી આગળ આવ્યો. એની સામે જોઈ પહેલવાન બોલ્યોઃ શું સળી પહેલવાન તમે મારી સાથે લડશો ?'

'જરાય નહી પણ હું મારી શકિતનો એક ખેલ બતાવીશ. તમે તે કરી બતાવશો ?'

'અવશ્ય કરી બતાવીશ.'

'અને તમે એ ન કરી શકો તો ?'

'તો તમે મારા મોંઢા પર ડામર લગાડજો. જિંદગીમાં ફરી કયારેય શકિતનું પ્રદર્શન કરીશ નહી.'

'સારું, ચાલો, મારો આ હાથ રૂમાલ લો અને સામેની ભીત પર જોરથી મારો.' ભીત દશ - બાર ફૂટ દૂર હતી એની તરફ આંગળી દર્શાવી તે સામાન્ય માણસે પહેલવાનને કહ્યું.

પહેલવાને હાથરૂમાલ લીધો. તેને ગોળ વાળ. ભીતની દિશામાં જોરથી ફેંકયો. ૩-૪ ફૂટ દૂર જઈ તે રૂમાલ ભીન પર પડયો.

પહેલવાન મુંઝાયો. તેણે દબાયેલા અવાજે કહ્યું: 'મહાશય, આ પ્રયોગ તમને કરતાં આવડશે ?'

'જરૂર કરી શકીશ' કહી એ સામાન્ય માનવીએ જમીન પરથી એક નાનકડો પથ્થર હાથ રૂમાલમાં મૂકી રૂમાલ ગોળ વાળ્યો અને એ હાથ રૂમાલ જોરથી ભીત પર ફેંકયો. રૂમાલ ભીત સાથે અથડાઈ બે ફૂટ પાછો આવી પડયો.

પહેલવાનને હાર કબૂલી લીધી. સર્વ લોકો એકત્ર થયા. તેમણે પહેલવાનને મોંઢે કાળો ડામર ચોપડયો. પહેલવાન નીચું માથું કરી ચાલવા માંડયો.

ત્યારે જતાં જતાં તેણે રૂમાલ ફેંકનાર એ સામાન્ય માણસને પૂછયુંઃ મહાશય તમે મને હરાવ્યો તમારું નામ મને કહેશો ?'

'તેલીરામન' સામાન્ય માનવીએ જવાબ આપ્યો.

સૌજન્ય : રાહ સંદેશ

પ્રવચન-ઓગણચાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૬ શુક્રવાર તા.૧૪-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ.....

પ્ર.- વર્તમાનમાં એક આજ્ઞા રહી છે ?

ઉ.- બધા ધર્મ કરનારા મોક્ષ માટે જ ધર્મ કરે છે તેમ કહું ? મોક્ષ વિના બીજાું કશું જોઈતું નથી ? જેને પીળીયો થયં હોય તેને બધું પીળું જ દેખાય. જેને કશું કરવું નથી તે તો આ બચાવ છે.

તમને બધાને આ દુનિયાનું જે સુખ મળ્યું છે તે ફેંકી દેવા જેવું લાગે છે ? પૈસા-ટકાદિ છોડવા જેવા લાગે છે પણ મેળવવા જેવા લાગતા નથી ને ? તે બધું 'કયારે છૂટે' 'કયારે છૂટે' તેની જ ચિંતામાં છો ને ? ધર્મી જીવ દુનિયામાં સુખી હોઈ શકે છે, મોટામાં મોટો શ્રીમંત હોઈ શકે છે, રાજા-મહારાજા હોઈ શકે છે, ચક્રવર્ત્તી પણ હોઈ શકે છે. પણ તે બધી સુખ સાહ્યબીને ફેંકી દેવા જેવી જ માને છે. દુનિયાની પુણ્યથી મળેલી સુખ-સાહ્યબી-સંપત્તિ આદિને ફેંકી દેવા જેવી જ માને તેનું નામ ખરેખર જૈન ! જૈન ધર્મને પામેલો રંક હોય તો ય મઝામાં હોય. તેને રંકપણું ખટકે નહિ. તે તો માને કે - મારે બહુ લહેર છે. બધી ઉપાધિથી પર છું. તે તો મોટાશ્રીમંતની પણ દયા ખાય છે. ગજભદ્ર શેઠનું દ્રષ્ટાંત સાંભળ્યું નથી ? તે ગરીબ બ્રાહ્મણ હોવા છતાં ય હૈયાનો શ્રીમંત હતો. તે ઘણો બુદ્ધિશાળી હતો તેથી સારા સારા લોકો અવસરે તેની પાસે સલાહ લેવા આવતા હતા. તે બધા શ્રીમંતોની દયા ખાતો હતો. તેને લક્ષ્મી મેળવવા જેવા લાગતી ન હતી. દરિદ્રી જૈનને પણ લક્ષ્મીની તેવી ઈચ્છા ન થાય. તેને આજીવિકા માટે મેળવવી પડે તો મેળવે. તે પણ હેય માનીને મેળવે પણ અનીતિને કદી ન કરે. ભૂખ્યો સૂઈ જાય લુખ્ખું ખાય પણ ચોપડયું ખાવા મરી જાય તો ય અનીતિ ન કરે. માર્ગાનુસારી જીવ પણ અનીતિથી સારી સારી મોજમઝા કરવી તેના કરતાં ઝેર ખાઈને મરવું સારું તેમ માને. ઝેર તો આ એક જ ભવમાં મારે જ્યારે અનીતિ ધન તો અનંતીવાર મારશે તે વાત બેસે છે ? જે જીવ ભગવાન શ્રી જિનેશ્વરદેવનું શાસન સમજે તેને ઊંચા જ વિચાર આવે.

આપણે દુર્ગતિગામી છીએ કે સદ્‌ગતિગામી તે જાતે નકકી કરી શકીએ છીએ. જૈન કુળાદિમાં જન્મેલા, આવી સુંદર ધર્મસામગ્રી પામેલા, દુનિયાના સુખને ભૂંડું જ માનનારા, છોડવા જેવું માનનારા, અને દુઃખમાં મઝા કરનારા જીવો તો કહી શકે કે - અમારી દુર્ગતિ થાય જ નહિ. ભૂતકાળનું કોઈ પાપ નડે અને જવું પડે તે જુદી વાત. જૈનકુળના આચાર પ્રમાણે જીવનારો જૈન પણ કહે કે - હું તો સદ્‌ગતિમાં જ જવાનો છું.

શ્રી કાલિકસૂરિજી મહારાજાને, ઘણા યજ્ઞો કરાવતો અને યજ્ઞને જ ધર્મ માનતો એવા દત્ત રાજાએ પૂછયું કે યજ્ઞનું ફળ શું ? તો શ્રી આચાર્ય મહારાજે કહ્યું કે નરક. તે સાંભળીને રાજાને ગુસ્સો આવ્યો અને પૂછયું કે 'હું કયાં જઈશ ? ' તો ય શ્રી આચાર્યે બેધડક કહ્યું કે - નરકે. તેથી એકદમ વધુ ગુસ્સામાં આવીને તે રાજા પૂછે કે - તમે કયાં જશો ? તો શ્રી આચાર્ય ભગવંતે કહ્યું કે - સ્વર્ગે. આવું ખુમારીવાળું કોણ બોલી શકે ? ભગવાનના શાસનને સમજેલા માર્ગસ્થ જીવો આવું મઝેથી બોલી શકે.

તમે બધા મરીને કયાં જવાના તેમ રોજ પૂછું છું છતાં ય ઉત્તર કેમ આપતા નથી ? શાસ્ત્રે કહ્યું છે કે - દરિદ્રી એવા પણ જૈન ઘરમાં જન્મ થવો તે ય મોટું પુણ્ય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ એવા શ્રીમંતના ઘરમાં જન્મ થવો તે મોટો પાપોદય છે. આ વાત તમારા હૈયામાં ઉતરે તેવી છે? **શ્રી જૈન શાસનમાં પૈસાની કિંમત નથી પણ ભગવાનની આજ્ઞાની કિંમત છે. ધર્મ કરનારાઓ ભગવાનની આજ્ઞા મુજબ બરાબર ધર્મ કરે તો આ કાળમાં ય શાસન દીપી ઉઠે. સાધુએ પણ ગુરુની આજ્ઞા મુજબ જીવવાનું છે. ગુરુએ માર્ગસ્થ આચાર્યોની આજ્ઞા મુજબ જીવવાનું છે. અને બધી આચાર્યોએ ભગવાનની આજ્ઞા જેમાં છે તે શાસ્ત્રોને નજર સમક્ષ રાખીને જીવવાનું છે. ગમે તેટલું ભણેલો-ગણેલો વિદ્વાન ગણાતો પણ જો ભગવાનની આજ્ઞા મુજબ ન જીવે આજ્ઞા મુજબ ન જીવાય તેનું દુઃખ પણ ન હોય તો તેની આ શાસનમાં કુટિ કોડિની કિંમત નથી.** અભણ પણ

જ્ઞાનિની નિશ્રા સ્વીકારી, જ્ઞાનિની આજ્ઞા મુજબ ચાલે તો તે તરી જવાનો છે અને ભણેલો, આજ્ઞાને નહિ માનનારો, મરજી મુજબ જીવનારો ડૂબી જવાનો છે. આ જ વાતને શ્રી આચારાંગ સૂત્રની સાક્ષી આપીને વધુ સ્પષ્ટ કરે છે.

'ભગવાનનો ધર્મ શત્રુથી જય અપાવનારો છે, લક્ષ્મી આપનારો છે, માગો તે સુખ આપનારો છે' આટલું અધૂરું પકડી લોકો માત્ર સંસારની સુખ-સંપત્તિને જ માગનારા ન થાય તે માટે બહુ જ ઉપકાર બુદ્ધિથી આ ગ્રન્થકાર પરમર્ષિએ આ 'પ્રકીર્ણ ધર્મોપદેશ'નામનો ગ્રન્થ બનાવ્યા લાગે છે. આ વાત સમજાઈ જાય તો કામ થઈ જાય.

આ જગતમાં અમે અને તમે જેવા પુણ્યશાળી છીએ એવા બીજા કોઈ નથી આ વાતની તમને શ્રદ્ધા છે ? દરિદ્રીના ઘરમાં જન્મેલો જૈન પણ કહે કે- 'હું મહાપુણ્યશાલી છું. મને જૈનનું ઘર મળ્યું છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા સમજવાનું અને પાળવાનું મન થાય તો તે પ્રમાણે કરી શકું છું. મારી શક્તિ મુજબ શ્રી જિનપૂજા-ભક્તિ કરી શકું છું.' જૈનના ઘરમાં કઈ વાત થાય ? ' આ સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે તે માટે સાધુ જ થવા જેવું છે. ભગવાનનો ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે. ધર્મ કરતાં દુનિયાની કોઈ ચીજ ઇચ્છવા જેવી નથી ' આ વાત તમારા ઘરમાં રોજ ચાલુ છે ? આ વાત જે ઘરમાં ન હોય તે ઘર નામનું જૈન ઘર કહેવાય ! આ વાત તમારા ઘરોમાં બંધ થવાથી ઘણું જ નુકશાન થયું છે. જૈનત્ત્વનું તો દેવાળું નીકળી ગયું છે. આજે તમારા જ છોકરાઓ નવકારશી-ચોવિહાર ન કરે, ભગવાનની પૂજા-ભક્તિ ન કરે, સાધુ પાસે પણ ન જાય, રાત્રે ય મઝેથી ખાય તેનું પણ તમને દુઃખ છે ખરું ? મારા ઘરમાં આ બધા દુર્ગતિમાં જ જવા આવ્યા છે તેવું પણ થાય છે ખરું ? રાત્રિભોજનને શાસ્ત્રે નરકનું કારણ કહ્યું છે તે ખબર છે ? જેના છોકરા મઝેથી રાતે ખાય તેના મા-બાપ જૈન નહિ હોય તેમ કહું તે ખોટું નહિ ને ? જેના મા-બાપ જૈન હોય તેના છોકરા રાતે ખાય નહિ અને કદાચ રાતે ખાવું પડે તો દુઃખથી ખાય, કયારે આ પાપ છૂટે તેમ માનીને ખાય. તમારા છોકરાઓથી તમે સુખી છો કે દુઃખી છો ? આજે છોકરા ધર્મ ન કરે, રાતે ય મઝેથી ખાય તો મા-બાપ જ તેનો બચાવ કરે છે કે - તેને ઘણા કામ હોય છે. આ બધું જૈનકુળ પામ્યાનું ફળ છે ? આ વાત જો સમજાઈ જાય તો કામ સરસ થઈ જ ય.

જૈન શ્રીમંત લક્ષ્મીને ભૂંડી જ માને, છંડી દેવા જેવી જ માને, તેનો થાય તેટલો સદુપયોગ કર્યા જ કરે. છતી લક્ષ્મીએ આજીવિકાનું સાધન હોય ને વેપાર કરવાનું મન થાય તો તેને થાય કે- ''હું લોભી છું, પાપી છું' મારે વેપારની જરૂર નથી, છોકરા પણ વેપારાદિ ન કરે તો ચાલે તેમ છે છતાં પણ હજી મને વેપારાદિ છોડવાનું મન થતું નથી તો હું મરીને કયાં જઈશ ? છોકરા પણ ક્યાં જશે ?'' આવી ચિંતા જેને ન હોય તે જૈન હોય ખરા ? આવા નામના જૈનોનું જોર વધી ગયું તેથી શાસન આજે બગડી ગયું છે. ડહોળાઈ રહ્યું છે. આજના સુખી જૈનોને પોતાના બંગલા બાંધ્યા છે પણ શક્તિ હોવા છતાં ય જરૂર હોય ત્યાં પણ એક મંદિર કે ઉપાશ્રય બાંધ્યો નહિ હોય ! જૈનના ઘરમાં જન્મેલા જીવો જૈનત્ત્વ પામ્યા વિના મારી જાય તે મા-બાપના જ પાપે ! જે મા-બાપ સમજાવી સમજાવીને થાકયા હોય છતાં પણ દિકરા કપૂત પાકે તે, દિકરાઓની અયોગ્યતા. પણ મોટાભાગના મા-બાપ પોતાનાં સંતાનોને સાચું સમજાવ્યું જ નથી. ભગવાનની આજ્ઞા નહિ માનનારા છોકરા જેને ગમે અને તેનું દુઃખ પણ ન થાય તે મા-બાપ જૈન નથી.

આજે આપણે સૌ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં છીએ. આ શાસન કે દરેકે દરેક શ્રી તીર્થંકર પરમાત્માનું શાસન આ જ વાત ફરમાવે છે કે - 'ધર્મ મોક્ષ માટે જ થાય, બીજા કોઈ ઈરાદે થાય નહિ.' જેને સંસાર ન ગમે, છોડવા જેવો લાગે તે જીવ મોક્ષને માટે મહેનત કરે. જેને આ સંસાર ગમે તે જૈન જ નહિ. સંસાર ન ગમવો એટલે સંસારનું સુખ ન ગમવું, તે સુખનું સાધન સંપત્તિ ન ગમવી પણ ભૂંડી લાગે. જેમ જેમ બહુ લક્ષ્મી મળે અને તે ગમે તેમ તેમ નરકમાં જવાની તૈયારી કરવી. તમારી પાસે પૈસા વધવા માંડે તો તમને આનંદ આવે કે ભય લાગે ?

આજના મોટા શ્રીમંતોને ધર્મ સાથે કંઈ લેવા દેવા નથી. તેમને પૂજામાં લાવવા હોય તો આમંત્રણ આપવું પડે. લેવા જવું પડે, મૂકવા જવું પડે અને તે નામદાર પધારે એટલે પૂજા જલ્દી પતાવવી પડે. આવાઓ આવે તેથી

મારી પૂજ શોભે આવું જે માને તેઓ પણ ધર્મ પામેલા નથી. તેઓ ખરેખર જૈનપણું પામ્યા નથી તે જ સૂચવે છે. જેને ભગવાનના દર્શન પણ ગમે નહિ, દર્શન કરવાથી શું ફાયદો એમ જે માને તેનામાં જૈનપણું હોય ખરું ? ખરેખર જૈનને તો પૈસો મેળવવાનું મન થાય નહિ. જરૂર પડે અને મેળવવો પડે તો દુઃખથી મેળવે; અધિક પૈસાનું મન થાય તો તરત જ દુર્ગતિ યાદ આવે તે જૈનપણાનું લક્ષણ છે. જૈન શાસનમાં આવા શ્રીમંતો હોય તો શાસન ઝળહળી ઊઠે. આપણા રાજાઓ, શ્રીમંતો આવા હતા. રાજાઓ રાજ્યને, શ્રીમંતો શ્રીમંતાઈને પાપ માનતા હતા, કયારે છુટે તેમ માનતા હતા. જ્યારે તમે પૈસાને છોડવા જેવા પણ નથી. માનતા તો તમને જૈન પણ શી રીતે કહું ? આ દુનિયાનું સુખ અને તેનું સાધન પૈસો છોડવા જેવો જ છે તેમ જે હૈયાથી માને તેનું નામ ખરેખર જૈન ! તેવા જૈનો જો હોત તો આજે આટલા પાપ પણ વધ્યા ન હોત ! આજે ઘણા પૂછે છે કે - મહારાજ ! તમારા જૈનો કયો પાપ વ્યાપાર છોડે છે ? અમારે કહેવું પડે છે કે - તે બધા નામના જૈનો છે. તે ખરાબ હોય તેથી કાંઈ ધર્મ ખરાબ ન કહેવાય. ધર્મ પામેલા પણ ધર્મ ન કરે તેમાં કોઈ શું કરે ? આજે તમારા યોગે દેવ-ગુરુ અને ધર્મ નિંદાય છે.

તમે બધા ઘરમાં બેઠા છો તે દુઃખથી કે આનંદથી ? 'અમે ઘરમાં ન રહીએ તો કયાં રહીએ ? અમારા પુણ્યે મળેલા સુખમાં અમે લહેર કરીએ તેમાં તમારા બાપનું શું જાય ?' આવું જૈન બોલે ? તમે રોજ આવવા છતાં ય સંસારમાં મઝેથી રહો તે અમને ગમતું નથી. તમે હૈયાથી કહો કે અમે સંસારમાં કમને, મઝા વગર રહીએ છીએ તો મને આનંદ થાય. તમે બધા કમમાં કમ જૈનપણાને તો પામો. તે માટે શું કરવું તે હવે પછી...

• પૂ. ગુરુદેવોને વિનંતિ •

ચોમાસા પછી વિહાર થાય ત્યારે સરનામું જણાવવા વિનંતી છે. ચોમાસાના સરનામે અંક જતા હોય અને આપને ન મળતા હોય તેથી મુશ્કેલી પડે. ચોમાસા પછી સરનામા આવશે અગર કાયમી સરનામા હશે તો અંક રવાના થશે.

એજ તંત્રીઓની વંદના.

• પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરિશ્વરજી મ. નો વિહાર ક્રમ •

ચૈત્ર વદ ૧૧ જામનગર શાહ છગનલાલ ખીમજી શ્રીમતી કાંતાબેન છગનલાલ, શ્રીમતી દેવકુંવરબેન મોતીચંદજીના જીવંત મહોત્સવ પ્રસંગે ૨- ઓસવાળ કોલોનીમાં પ્રવેશ.

અશાંતિનું મૂળ શું ?

- ગુણ પરાગ.

હે આત્મન્ ! તું બહુ જ શાંત ચિત્તે વિચાર કે અશાંતિનુ મૂળ શું છે ? અશાંતિના સ્ત્રોતનું ઉદ્‌ભવસ્થાન કયું છે ? અશાંતિનું મૂળ બીજા નથી પણ આપણી પોતાની જ વૃત્તિ - પ્રવૃત્તિ છે. બીજાનો ક્રોધ અશાંતિનું કારણ નથી પણ આપણી અસહિષ્ણુતા અશાંતિનું કારણ છે બીજાની નારાજગી અશાંતિની જનની નથી પણ આપણી ગેરસમજ છે. બીજાની ઉન્નતિ - ગૌરવ અશાંતિના મૂળ નથી પણ આપણી ઈર્ષ્યા - અદેખાઈ છે. બીજાનો વ્યવહાર નહિ પણ આપણો પોતાનો સ્વાર્થ અને અપેક્ષાઓ અશાંતિનું કારણ છે. બીજાની સંપત્તિ નહિ પણ પોતાનો અંસતોષ એજ અશાંતિનું કારણ છે. બીજાનું જ્ઞાન નહિ પણ આપણું અભિમાન અશાંતિનું કારણ છે. માટે જો તારે ખરેખર શાંતિ અને સમાધિની જ ઈચ્છા હોય તો અસમાધિ - અશાન્તિના આ કારણોનો વિચાર કરી તેનો ત્યાગ કરીશ તો સાચી શાંતિ તારા ચરણો ચૂમશે ! સુજ્ઞેષુ કિં બહુના ?

■ ■ ■

મહાભારતના પ્રસંગો

પ્રકરણ : ૬૬

-શ્રી રાજુભાઈ પંડિત

❖ દ્રોણ વધ - હતાશ અશ્વત્થામા ❖

ચૌદમા દિવસની જયદ્રથની રક્ષા ન કરી શકવાની એક માત્ર શરમથી માન ઘવાયા આચાર્ય દ્રોણે તદ્દન અન્યાયપૂર્ણ ભરી રીતે સૈન્યને રાત્રિયુદ્ધ ચાલુ રાખવાનો આદેશ ફરમાવી દીધો.

આખા દિવસના યુદ્ધથી થાકી ગયેલા સૈનિકો સાંજે ભોજન કરી રાતે આરામ કરતા હોય છે જ્યારે અહીં યુદ્ધવિરામ થયા વગર જ યુદ્ધ ચાલુ રહ્યું.

સુભટોના અથડાતા ખાંડાના ઘર્ષણથી અંધારભર્યા તે કુરૂક્ષેત્રમાં અગ્નિના વારંવાર ચમકારા દેખાવા લાગ્યા. પોતપોતાના રાજાની કીર્તિગાનના આધારે શત્રુને ઓળખીને તેના ઉપર પ્રહાર થતો હતો. અને અવાજના સીસકારાઓના આધારે શત્રુ તરફ શબ્દવેધી બાણો છૂટતા હતા. અને કયાંક પોતાના જ સુભટને ઓળખી નહિ શકવાથી પોતાના જ સુભટો નિર્ઘૃણ પ્રહાર કરતાં હતા. દિવસ દરમ્યાન પડેલા વીરોના મડદાના ખડકલા આગળ સુભટો વારંવાર સ્ખલના પામી પડી જતા હતા ત્યારે ઘણીવાર પોતાના જ શસ્ત્રથી પોતે જાતે જ હણાઈ જતા હતા.

યુદ્ધ મેદાનમાં અર્ધરાત વીતી ત્યારે કૌરવ સૈન્ય ઉપર એકાએક વૃક્ષોનો - સળગતી શિલાઓનો-સળગતા આગના ભડકાઓનો વરસાદ વરસાવી વરસાવીને ભીમપુત્ર પ્રચંડ બાહુબળી ઘટોત્કચે કૌરવ સૈન્યનો કીડોની સંખ્યામાં કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. મોઢામાંથી આગના ભડકા કાઢી કાઢીને શત્રુને સળગાવી માર્યા. આથી સમરાંગણ ચારેકોર આગના ભડકાઓથી પ્રકાશમય બની ગયું. એકલા ઘટોત્કચે જ અનેક પ્રકારે માયાયુદ્ધ ખેલીને કૌરવપક્ષનો દાટ વાળી દીધો. આથી યુધિષ્ઠિરાદિના હર્ષનો કોઈ પાર ન રહ્યો અને કૌરવો કકળાટ કરતા રહ્યા.

બેકાબુ બનેલા બેરોકટોક પ્રહારો કરી રહેલા ઘટોત્કચને એકાએક કર્ણે રોકયો અને લલકાર્યો. આથી બન્ને મહાબાહુઓનો ઘોર સંગ્રામ શરૂ થયો.

કર્ણે બાણોની કરેલી પ્રચંડ વર્ષાને ઘટોત્કચે પત્થરની એક એક શિલાથી વેરણ-છેરણ કરી નાંખવા માંડી. અને ઘટોત્કચે મૂકેલા પત્થરોને કર્ણે બાણો દ્વારા ભેદી નાંખતા શત્રુના રૂધિરથી સમરાંગણની રજ શાંત થઈ ગઈ હોવા છતાં ચૂર્ણ થયેલા શિલાની રજ દશેદિશામાં ફેલાવા લાગી. ભીમપુત્રે રમતથી જ ફેંકેલા વૃક્ષને કર્ણના બાણો છેદી શકયા નહિ. હવે ક્રીડાથી જ ઘટોત્કચે બાણોનો મારો ચલાવતા કર્ણ કંપી ઉઠયો. કર્ણે જવાબમાં બાણોનો વરસાદ વરસાવ્યો તો ઘટોત્કચે તેને અધવચ્ચે જ બાણોથી તોડી નાંખ્યા. કર્ણ જેટલા બાણો ઓકતો હતો તેટલા જ બાણો સામે પક્ષેથી તેનાથી હજારગણા થઈને બાણો આવી રહ્યા હતા. ઘટોત્કચના ધનુષ ઉપર ચડયા વગરના આવતા હજારો લોઢાના તીક્ષ્ણબાણોએ કર્ણના ધનુષ્કાંડને, ધજાકાંડને, સારથિને, ઘોડાઓને તથા કર્ણને સતત વિંધતા જ રહ્યા.

આથી શત્રુની શરવર્ષાથી આકુળ-વ્યાકુળ થઈ ગયેલા કર્ણને હવે લાગ્યું કે - આ ઘટોત્કચ સામાન્ય બાણોને યોગ્ય નથી. આથી તેણે પહેલા દેવે આપેલી અને ખાસ અર્જુનના જ વધ માટે અનામત રાખી મૂકેલી દિવ્ય શક્તિનો ઘટોત્કચના વધ માટે પ્રયોગ કર્યો. કર્ણે ફેંકેલી દિવ્ય શકિતથી ઘવાયેલો ઘટોત્કચ આકાશે હણાઈ ગયો. ઘટોત્કચના પડતા મરેલા શરીરે પણ અસંખ્ય શત્રુ સૈન્યને પોતાના વિરાટકાય શરીર નીચે ચગદીને મારી નાંખ્યા.

ઘટોત્કચના વધથી પાંડવપક્ષે થોડો શોક થયો, અને કૌરવપક્ષે ઘણી ખુવારી થઈ હોવા છતાં ઘણો આનંદ થયો.

ચાર ચાર પ્રહર સુધી ચાલેલા ભીષણ યુદ્ધને જોઈને રાત્રિ તો થંભી ગઈ. પરંતુ યુદ્ધ અવિરતપણે ચાલતુ જ રહ્યું.

પંદરમાં દિવસનું પ્રભાત થયું.

આજે દ્રોણાચાર્ય અપૂર્વ પરાક્રમ દાખવીને યુદ્ધ કરી

રહ્યા હતા. ચ ૨-ચાર દિવસ થયા છતાં દ્રોણાચાર્યે હજી કોઈ મહાબાહુનો વધ કર્યો ન હતો.

આમ જોઈએ તો આ ચૌદ દિવસ સુધીમાં પાંડવપક્ષે ઉત્તરકુમાર, અભિમન્યુ તથા ઘટોત્કચ જેવા ધૂરંધરોને ગુમાવ્યા હતા. તો કૌરવપક્ષે ભગદત્ત, ભૂરિશ્રવા, જયદ્રથ જેવા મહાયોધ્ધાઓને ગુમાવ્યા હતા. છતાં કૌરવ પક્ષની ખુવારી પાર વગરની હતી. હજી યુદ્ધ કોણ જીતશે તે કહેવું અશક્ય હતું. ધર્મ તથા ન્યાય જેવા યોધ્ધાઓ પાંડવપક્ષે જરૂર હતા માટે તેમનો વિજય નિશ્ચિત હોવા છતાં હાલ તો વાતાવરણ વિજય માટે ધૂંધળુ જ રહ્યું હતું.

હજી સુધી યુધિષ્ઠિરને પકડી લેવાની પ્રતિજ્ઞા ગુરૂ દ્રોણ પૂરી કરી શકયા ન હતા. પરંતુ આજનું તેમનું તેજ પ્રચંડ પરાક્રમથી અતિ ભયાનક બની ગયું હતું. જોતજોતામાં દ્રોણાચાર્યે પાંડવસૈન્યનો સારો એવો સંહાર કરી નાંખ્યો.

હવે યુદ્ધ કરતા કરતાં દ્રુપદ રાજા તથા વિરાટ રાજાએ પણ પાંડવપક્ષ તરફથી અતિ રૌદ્ર રૂપ ધારણ કરીને કૌરવોની સેનાનો ઘોર સંહાર આદરી દીધો અને યુદ્ધ કરતાં કરતાં તે બન્ને નરેશો ગુરૂ દ્રોણની સામે આવી ગયા. ગુરૂ દ્રોણને બન્ને એ વારા ફરતી મહાત કરવા માંડયા. અપમાનથી ઉકળી ઉઠેલા ગુરૂ દ્રોણે ક્રોધ સાથે શર-સંધાતના સંધાન કરી કરીને જોત જોતામાં બન્ને નરેન્દ્રોને એક સાથે હણી નાંખ્યા. અરૂણોદય સમયે પાંડવ પક્ષે આમ ઘટોત્કચ સહિત ત્રણ ત્રણ શૂરવીર યોધ્ધા હણાઈ ગયા હતા.

પંદરમાં દિવસનો સૂર્યોદય થયો.

બન્ને પક્ષના સૈન્યો પૂરા ઉત્સાહથી ભીષણ-સંગ્રામ કરી રહ્યા હતા. ગુરૂ દ્રોણાચાર્યના લોઢાના બાણોએ કૈંક શત્રુ સૈન્યને સફાચટ કરી નાંખ્યું હતું. ગુરૂ દ્રોણ આજે વિપ્ર મૂર્તિ રૂપધારી યમરાજ બની ચૂકયા હતા. અત્યંત બેકાબૂ બની ગયેલા દ્રોણને દ્રુપદ રાજાના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને સ્ખલિત કર્યા. બાણોની ભીષણ વર્ષાથી ધૃષ્ટદ્યુમ્ને ગુરૂને લગામ લગાવી દીધી.

બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ જામી ગયું. ગુરૂ દ્રોણના બાણોને ધૃષ્ટદ્યુમ્ને વળતા બાણપ્રહારો કરી કરીને તોડવા માંડયા. રાથી ક્રમે-ક્રમે બાણધારાની વૃદ્ધિ કરતાં આચાર્યે તીવ્રવેગી બાણધારા છોડવા માંડી. જે ધૃષ્ટદ્યુમ્ન માટે અસહ્ય થઈ પડી.

બરાબર આ જ સમયે માલવરાજનો અશ્વત્થામા નામનો હાથી મદોન્મત્ત બનીને પાંડવ સૈન્યનો કચ્ચરઘાણ કાઢવા માંડયો. તે હાથીને પાંડવ સૈનિકોએ તીવ્ર પ્રહારો કરીને હણી નાંખ્યો હાથી હણાતા જ પાંડવ સૈન્યો વારંવાર મોટે મોટેથી બોલવા લાગ્યા કે - 'અશ્વત્થામા હણાયો. અશ્વત્થામા હણાયો.'

પાંડવ સૈન્યે મચાવી મૂકેલા હર્ષના અત્યંત કોલાહલને સાંભળીને 'અશ્વત્થામા હણાયો' આ શબ્દો સાંભળતા દ્રોણચાર્યને પોતાનો પુત્ર અશ્વત્થામા હણાઈ ગયાની મનમાં શંકા પડી. આ તકનો લાભ ઉઠાવીને અર્જુનને છોડીને ભીમ - વાસુદેવ આદિએ તે જ વચન વારંવાર બોલીને ગુરૂદ્રોણને અતિ દુઃસહ દશામાં મૂકી દીધા.

સત્ય જાણવા માટે યુધિષ્ઠિર તરફ વળેલા ગુરૂ દ્રોણને યુધિષ્ઠિરે નીચા અવાજે અસ્પષ્ટ રીતે કહ્યું કે- ''અરે રે ! અશ્વત્થામા હણાયો, અરે રે ! હણાયો.''

યુધિષ્ઠિરના આવા શબ્દોએ ગુરૂ દ્રોણના કાનના પડદા તોડી નાંખ્યા. કેમ કે દ્રોણાચાર્યને યુધિષ્ઠિર સત્ય જ બોલે છે તેવો વિશ્વાસ છે. હવે પુત્ર મરણના શોકથી તદ્દન હતાશ થઈ ગયેલા ગુરૂ દ્રોણ એક પછી એક એમ સર્વ આયુધો તજવા માંડયા.

આ જ સમયે શ્રીકૃષ્ણના કહેવાથી ધૃષ્ટદ્યુમ્ને ગુરૂ દ્રોણને બાણો વડે રથમાંથી નીચે પછાડી દીધા. ત્યારે નજીક પહોંચી ગયેલા યુધિષ્ઠિરે કહ્યું- ''અશ્વત્થામા હણાયો છે તે હાથી હણાયો છે પણ તમારો પુત્ર નહિ' આ વાકય સાંભળતા જ ક્રોધાયમાન થઈ ગયેલા દ્રોણાચાર્ય બોલ્યા-''તારા વડે હે રાજન્ ! જન્મથી માંડીને આજ સુધી સત્યવ્રત ધારણ કરાયું હતું તે કેવળ તારા આ વૃદ્ધ બ્રાહ્મણ ગુરૂના મૃત્યુ માટે થયું.'' આ સિવાય પણ ભારદ્વાજ - ગુરૂ ક્રોધથી ઘણું બધું કહી રહ્યા હતા.

ત્યાં જ.. આકાશવાણી થઈ. હે બ્રહ્મન્ ! રોષ તજી દો. શમભાવને ધારણ કરો આ સમયને અનુચિત એવા આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરો. હે ધીમાન્ ! ધર્મધ્યાનમાં મનને જોડો. આજે તમારા આયુષ્યનો ક્ષય જ છે. જુઓ હવે તમારૂ મૃત્યુ આવ્યું છે.

આ આકાશવાણીથી દ્રોણાચાર્યે રોષાદિનો ત્યાગ કર્યો. પંચ નમસ્કાર મંત્રનું ધ્યાન કરવા માંડયુ. છેવટે બ્રહ્મદ્વારથી પ્રાણ નીકળતા મૃત્યુ પામેલા દ્રોણાચાર્ય બ્રહ્મલોકમાં દેવ થયા.

હવે ધૃષ્ટદ્યુમ્ને દ્રોણાચાર્યને વાળથી બરાબર ખેંચીને કૃપાણ વડે તેમનું મસ્તક છેદી નાંખ્યું.

પંદરમા દિવસના મધ્યાહ્ન સમયે ગુરૂ દ્રોણને હણાયેલા જાણીને કૌરવ સૈન્યએ કરૂણ-આક્રંદન કરવા માંડયું. જ્યારે પાંડવ સૈન્ય હર્ષોન્મત્ત બનીને આનંદ કરવા લાગ્યું.

ભીષ્મ-પિતામહ તથા દ્રોણાચાર્ય વિહોણું કૌરવબળ હવે નિસ્તેજ થઈ ગયું હતું. શલ્યની જેમ દ્રોણને ઉખાડી નંખાતા હવે પાંડવોને આ વિગ્રહ શત્રુના પરાજય માટે અત્યંત આસાન લાગવા માંડયો.

ક્રમશઃ

દુઃખ-સુખ, સુખ-દુઃખ

અ. સૌ. અનિતા આર. શાહ

જગતના જીવ માત્રને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. કીડાથી માંડી ઈન્દ્ર સુધીના બધા જ જીવોની મહેનત પોતે ઈચ્છેલ સુખને માટે છે. જીવ માત્રને સુખ ઈષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે. બધાની માન્યતા પણ એજ છે કે આ જીવનનો સાર સુખ જ છે. ઈચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય તો ફુલ્યો ફુલાતો નથી અને અનિષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય તો સાવ જ રાંકડો બની જાય છે. ભગવાનને કે પોતાના ઈષ્ટ દેવની આગળ પણ તે જ પ્રાર્થના કરે છે કે મને ડગલે-પગલે સુખ-સમૃદ્ધિ મળો, દરેક ક્ષેત્રમાં સફળતા મળો. જેમ ફૂલોની પાછળ કાંટા રહેલા છે. ફૂલના સૌંદર્યનું-સુવાસનું પાન કરનારાએ કાંટાથી ડરવું નહિ કે ફરિયાદ પણ કરવી નહિ પણ વિચારવું કે ફૂલની મહત્તા કાંટાથી છે. ફૂલને ખીલવવા, બાગની રોનક વધારવા કાંટા પણ જરૂરી છે. તેમ સુખનો સ્વાદ કરવા દુઃખ જરૂરી છે. દુઃખ છે તો સુખની કિંમત છે. જો ભૂખ કે તૃષાનું દુઃખ ન હોત તો ખાન-પાનની તૃપ્તિ કયાંથી થાત. એક કવિએ કહ્યું છે કે-

''गुलशन की फकत फूलों से नहीं, कांटो से भी जीनत होती है
ईस दुनियामें जीने के लिये, गम की भी जरूरत है''

જેમ આંસુ ન હોય તો હાસ્યનું મૂલ્ય જ નથી રહેતું એકલા સુખમાં તો જીવ મૂંઝાઈ જાય છે. સુખનો અતિરેક પણ પ્રાણહર બની જાય છે.

દુઃખ છે તો આત્મા જાગતો રહે છે. માટે જ સુખને 'અંધાપા' જેવું કહ્યું છે. વિવેકી અને સમજુ આત્માને માટે દુઃખ આંખો ખોલનારું છે, પાપથી બચાવનારું છે. પાપને પાપ મનાવનારું છે. તત્ત્વ ચિંતકો નહિ પણ ભાવુક આત્માઓ પણ કહે છે કે, 'દુઃખ વિના સુખ નહિ.' સ્વાનુભવજન્ય વાત છે કે - દુઃખના કાળમાં જ મનુષ્યના ધૈર્યની, સહનશીલતાની પરખ થઈ જાય છે. જો આકુલ-વ્યાકુલ થઈ જાય તો સમજવું કે ધર્મ પચ્યો નથી. ધર્મ જેને પચે તેને દુઃખ સારું લાગે અને સુખ જરાય સારું ન લાગે. જેમ સુવર્ણ અગ્નિમાં તપે પછી શુદ્ધ થઈને બહાર નીકળે તેમ દુઃખ આત્માને શુદ્ધ કરનાર છે. વાસ્તવમાં તો દુઃખ એ આત્માની વોશીંગ કંપની છે જે કર્મમલિન આત્માને નિર્મલતમ બનાવી ભગવાન બનાવે છે. દુઃખ રૂપી અગ્નિમાં તપેલો આત્મા કર્મવિજય રૂપી કંચનને પ્રાપ્ત કરે છે. દુઃખ આત્મિક શક્તિનો આવિર્ભાવ કરે છે અને સહનશીલતા રૂપ રૂપી તપથી આત્માને ભાવિત કરે છે. સુખના સ્ત્રોતનું ઉદ્‌ગમ સ્થાન સમજપૂર્વક દુઃખ વેઠવું તે છે. કથાનક ચરિત્રોથી પણ નિશ્ચિત કરાય છે કે માનવ જીવન મંગલમાગે દુઃખ-વેદના-આંસુ અને કાંટાઓની કલમથી લખાયું છે. દુઃખ જીવનને જાગતું રાખે છે, પાપથી બચાવે છે અને આત્મિકસુખથી ભરપૂર બનાવે છે. સૌ પુણ્યાત્મા પાપથી આવતા દુઃખને સહન કરનારા બની શાશ્વત ધામના સાચા યાત્રિક બનો તેજ ભાવના સહ વિરમું છું.....

CHARITY begins is home
- Sir Thomas Browine

CLEVER men are good, but they are not the best.
- Cariyle

શેફાલી (વાસણા)માં ધર્મપ્રભાવક ચાતુર્માસ અને મહોત્સવ

ગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પ્રભાવક પટ્ટાલંકાર સુપ્રસિદ્ધ વકતા સ્વ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ના પ્રશિષ્ય-શિષ્ય પૂ. મુનિરાજશ્રી શાંતિભદ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી યશકીર્તિવિજયજી મ. ને શેફાલીમાં ચાતુર્માસ કરાવવા શ્રી સંઘ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા પાસે આગ્રહ ભરી વિનંતિ કરતો રહ્યો તેના ફળ સ્વરૂપ પૂજ્યોનું ચાતુર્માસ અન્યત્ર થનાર હોવા છત પૂ. ગચ્છાધિપતિશ્રીએ પરમ કરૂણા વરસાવીને આજ્ઞા ફરમાવી. અ.સુ.દ્વિ. ૧૦ ના ચાતુર્માસ પ્રવેશ થયો ત્યારથી આરંભીને અનેકવિધ આરાધનાઓ શ્રી સંઘમાં ચડતે રંગે થઈ અ.સુ.૧૩ થી ચાર્તુમાસ સુધીના સાંકળી અઠ્ઠમ, દરેક તપસ્વીનું ત્રીજા દિવસે વ્યાખ્યાનમાં ૧૬૨ રૂા. થી બહુમાન, વર્ધમાન દેશના ગ્રંથ પર પ્રવચન, સંઘપ્રમુખ શ્રીયુત રમણભાઈ તરફથી રોજ વ્યાખ્યાનમાં ૧ રૂા. ની પ્રભાવના તેમજ અવારનવાર થતાં સંઘપૂજનો રોજ પ્રભાતે સામુહિક પરમાત્મ ભક્તિ, રવિવાર આદિમાં ગુરૂભક્તિ, ગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. ની ૮મી સ્વર્ગતિથિ ઉજવણી અરિહંતપદ આરાધના અને ખીરના એકાસણા સાથે ૮૨ની સંખ્યામાં અ.વ. ૧૪ના થઈ ૨૧ રૂા. બહુમાન થયું. ગુણાનુવાદ-ભવ્ય આંગી થયેલ.

શ્રા. સુ. ૮ ના શ્રી પાર્શ્વપ્રભુના મોક્ષ કલ્યાણક નિમિત્તે લાવણ્ય વિરાસરે સમેતશિખરજી ગિરિરાજનો ભવ્ય પુષ્પ શણગાર, દીપક રોશની, સાંજે સંધ્યાભક્તિ, ૧૦૮ દીવાની આરતી, ગુણભાવના આદિ થયેલ. શ્રા.સુ. ૧૧ ના સિદ્ધપદની આરાધના સાથે કોઈપણ એક વસ્તુના ચીઠ્ઠીમાં આવેલા ત્યાગ મુજબ ઈચ્છાનિરોધ એકાસણા ૧૦૬ થયા અને ૫૧ રૂા. પ્રભાવના થઈ. શ્રા. વ. ૫ ના તપસ્વી સમ્રાટ સ્વ. પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મ. ની પ્રથમ સ્વર્ગતિથિ નિમિત્તે આચાર્યપદ આરાધના સાથે ચણાના એક ધાનના આયંબિલ ૧૧૯ થયા અને ૫૩ રૂા. પ્રભાવના થઈ. ગુણાનુવાદ-ભવ્ય આંગી થયેલ. શ્રા.વ. ૮ ના ઉપાધ્યાયપદની આરાધના અને પરમાત્માની એક સ્તુતિ કંઠસ્થ કરવ પૂર્વક જ્ઞાનદીપક એકાસણા ૧૪૭ થયા અને ૧૭ રૂા. પ્રભાવના થઈ એ સિવાય શત્રુંજય તપ, ચૌદ પૂર્વતપ, વીશ વિહરમાન તપ અઠ્ઠાઈ, અઠ્ઠમ, છઠ્ઠ આદિ અનુષ્ઠાનો તેમજ પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ ખૂબ ઉલ્લાસભેર ઉજવાયા.

શેફાલીના પ્રાંગણમાં વિશાળ મંડપ ખડો કરવામાં આવેલ. પ્રવચન-પ્રતિક્રમણમાં સારી સંખ્યા રહેતી. રોજ પ્રભાવનાઓ થતી. ઉછામણીઓ પણ સુંદર થઈ. ભા. સુ. ૪ ના સાધુપદની આરાધના ઉપવાસ સહિતના પૌષધથી ૯૫ ની સંખ્યામાં સંઘમાં સર્વપ્રથમવાર થઈ. ૧૩૦ રૂા. થી બહુમાન થયું. ભા. સુ. ૫ મંગળવારે ૪૫૦ આરાધકોના પારણા અને દૂધથી પગ ધોઈ ૫ રૂા. નું સંઘપૂજન થયેલ.

સુ. ૮ના સ્વ. પૂ. શ્રીના પટ્ટશિષ્ય શ્રુતોપાસક સ્વ. પૂ. ઉપાધ્યાયજી શ્રી મહિમાવિજયજી ગણિવરની ૧૦મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણાનુવાદ આંગી વગેરે થયેલ. વ. ૧ના સાત જિનાલયોની ચૈત્યપરિપાટી અને સ્વામીવાત્સલ્ય થયેલ. શ્રી સંઘમાં બહેનોની આરાધના માટે સ્વ. પૂ. આ. શ્રી કનકચન્દ્ર સૂ. મ. ના બહેન મહારાજ ૨૫૦ ધમણીગણ નાયક પ્રવર્ત્તિની સ્વ. પૂ. સા. શ્રી દર્શનશ્રીજી મ. ના પરિવાર વતી પૂ. સા. શ્રી સૂર્યમાલાશ્રીજી મ. ના પ્રશિષ્યા-શિષ્યા પૂ. સા. શ્રી નિર્મલદર્શનાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી કૌશલદર્શનાશ્રીજી મ. ઠાણા ૪, પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞાનુસાર પધારતાં શ્રાવિકાઓમાં પણ સારી જાગૃતિ આવી. હવે રાજનગર ઝવેરી વાડના મહાન શાસનરત્ન સ્વ. પૂ. ગુરૂદેવ શ્રી આ.ભ. શ્રી વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની આસો સુદ ૯ ના ૧૬મી સ્વર્ગારોહણ તિથિ આવતી હોવાથી શ્રી સંવત્સરી દિને ભા. સુ. ૪ સોમવારે શ્રી સંઘમાં ભવ્ય મહોત્સવ ઉજવવાની મંગળ જાહેરાત થયેલ. અને શ્રી શાંતિસ્નાત્ર-પાટલા પૂજન-પાર્શ્વનાથ પૂજન આદિ એ દિવસે જ અપાઈ ગયેલ. પ્રભુજીની પ્રતિષ્ઠા બાદ સાત વર્ષે આ પ્રથમવાર મહોત્સવનું આયોજન હતું એટલે સંઘમાં ઉલ્લાસનું વાતાવરણ સર્જાયેલ. અનેક ભાવિકોની લાભ લેવાની ભાવના હોવા છતાં આયોજન ૯ દિવસનું ગોઠવવામાં આવેલ. આમંત્રણ પત્રિકા પાઠવવામાં આવેલ.

આસો સુદ ૨ના મંગળ પ્રભાતે મહોત્સવનો મંગળ પ્રારંભ થયો. સવારે વહેલા પ્રવચનો ત્યારબાદ સવારે જ રોજ અલગ -

અલગ પૂજાઓ અલગ-અલગ સંગીતકારો દ્વારા ભણાતી ત્યારે ભક્તિનું વાતાવરણ છવાઈ જતું. સુ. ૫ના પરમાત્માના ૧૮ અભિષેક થયા. આ. સુ. દ્વિ. ૭ ના રંગસાગરથી પૂ. આ. શ્રી સોમસુંદર સૂ. મ. પધારતા શ્રી સંઘે સામૈયું કરેલ. પ્રવચન-સંઘપૂજન અને મંગળ મુહૂર્તમાં શ્રી કુંભસ્થાપનાદિ થયેલ. બપોરે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન, ૧૦૮ પાર્શ્વપ્રભુની સ્તુતિઓ સાથે ફોટા સમક્ષ વંદના કરતાં અપૂર્વ ભાવવાહી રીતે ભણાવવામાં આવેલ. લાડુની પ્રભાવના થયેલ. સુ. ૮ ના શ્રી નવગ્રહાદિ પાટલા પૂજન અને સુ. ૯ના સ્વ. પૂજ્યશ્રીની ૧૭મી સ્વર્ગારોહણ તિથિ આવી જતાં સવારથી સાંજ સુધી ભરચક કાર્યક્રમ રહ્યો.

સુ.૯ની પ્રભાતે શરણાઈઓના સૂર રેલાયા બરાબર સામે 'મણિરત્ન' ગ્રાઉન્ડમાં રાજદરબાર ખડો થયો હોય તેવું દ્રશ્ય સર્જાયું. પાટ પર વચમાં પૂ. શ્રીની પ્રતિકૃતિ ગોઠવવામાં આવી. અલગ ગોઠવાયેલા સમવસરણ ગઢ ઉપર આજે વિમોચન થનારા સ્વ. પૂજ્યશ્રીના 'પર્યુષણપર્વના પ્રેરક પ્રવચનો' પ્રતાકારે ત્રીજી આવૃત્તિને જરીયન વસ્ત્ર અને દોરી સાથે પાંચ પ્રતો સાપડા ઉપર પધરાવવામાં આવી હતી. એક બાજુ ટેબલ ઉપર શ્રી સરસ્વતી દેવી તેમજ પૂ. શ્રીનું રંગસાગર સમાધિ મંદિર ગોઠવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ. આ. શ્રી મિત્રાનંદ સૂ. મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ. આદિ પધાર્યા હતા. પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ. મંગલાચરણ ફરમાવ્યું અને શ્રીયુત નરેશભાઈ નવનીતલાલના સભા સંચાલન હેઠળ કાર્યક્રમની શુભ શરૂઆત થઈ. સૌ પ્રથમ દેવ-ગુરુની સ્તુતિ કરી સ્વ. પૂ. શ્રીનું વિરહ ગીત શ્રી હિરેનભાઈએ બુલંદ સ્વરે ગાયું હતું. તે પછી શ્રેણિકભાઈ ગાંધી તથા બાળશ્રાવક આશયકુમારે લાક્ષણિક છટાથી પૂ. શ્રીના ગુણોને વર્ણવ્યા હતાં. પૂ. મુ. શ્રી શાંતિભદ્ર વિ. મ. તથા પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ. પૂ. શ્રી ના વિરાટ ઉદાત્ત જીવનને અનેક પાસાઓથી વર્ણવેલ. ત્યારબાદ પ્રત વિમોચન વિધિની શુભ શરૂઆત થઈ. પાંચ દીપક પ્રગટાવાયા. શ્રી સરસ્વતીદેવીની પ્રતિકૃતિને ફૂલહાર ચડાવાયો અને સ્તુતિઓ ગવાઈ તે પછી જયનાદ સાથે પ્રત વિમોચન વિધિ સંઘપ્રમુખ શ્રીયુત રમણલાલ રતિલાલ શાહના શુભહસ્તે થવા પામી. વિમોચન પ્રતનું જ્ઞાન પૂજન અને પૂજ્યોનું ગુરુપૂજન રમણભાઈએ કરેલ. અન્ય પ્રતો પૂજ્યોને તેમ જ એક પ્રત રમણભાઈને અર્પણ કરાયેલ. તેમનું તથા પ્રતને સુંદરતાથી સજનારા એમ. બાબુલાલ પ્રિન્ટરીના શ્રીયુત કિર્તિભાઈ મફતલાલ ગાંધીને મોતીનો હાર-ચાંદલો આદિથી સન્માનિત કરાયેલ. કીર્તિભાઈએ સુંદર વકતવ્ય કરેલ. ત્યાર બાદ પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ. પ્રતની ઉપયોગિતા અંગે સુંદર ઉદ્‌બોધન કરેલ. છેલ્લે પૂ. શ્રીના અંતિમ શિષ્ય પૂ. મુ. શ્રી યશકિર્તિ વિ. મ. ગુણાનુવાદ પ્રવચન કરી પૂ. શ્રી ને ભાવાંજલિ સમર્પી હતી. આજના પ્રસંગે ૧૧ રૂા.નું સંઘપૂજન થયેલ. લગભગ પોણા બારે પ્રસંગ પૂર્ણ થયો હતો.

બપોરે શ્રી શાંતિસ્નાત્ર સ્વ. પૂ. શ્રીના સંસારી સ્વજન પરિવાર તરફથી ભણાવવામાં આવ્યું. સાટાની પ્રભાવના થઈ. જીવદયાની ટીપ પણ સુંદર થઈ પ્રભુજીને રોજ ભવ્ય અંગરચનાઓ થતી. બે દિવસ ભાવનાઓ થઈ. રોજ આરતી આદિના ચઢાવા થતા. વિધિકારક શ્રી રોહિતભાઈ આર. શાહે સુંદર વિધિવિધાન કરાવેલ. રાત્રે ધારાવડી સહ મહોત્સવની સમાપ્તિ થયેલ. સવારે સ્વ. પૂજ્યશ્રીના સમાધિ સ્થળે પાલડી રંગસાગર ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે પધારેલ. રંગસાગર આદિ બે જિનાલયોના દર્શન-ચૈત્યવંદન કરી પૂ. શ્રીની સમાધિભૂમિ પર આવેલ. શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-કનકચંદ્રસૂરિ જૈન પંચાધશાળામાં પૂ. આ. શ્રી સોમસુંદર સૂ. મ. ની નિશ્રામાં ગુરુ ગુણ સ્તવના અને ગુણાનુવાદ સભા થયેલ. ૫ રૂા. સંઘપૂજન થયું હતું. કાયમી ગુરુસ્મૃતિ મહોત્સવમાં સ્વ. પૂ. શ્રીના મામાના દિકરી માન ઉષાબેન વેદપ્રકાશ પરિવારે પ્રતિવર્ષ મહોત્સવમાં લાભ લેવાની જાહેરાત કરેલ. પૂ. આ. ભ. ને પર્યુષણ પ્રત શેફાલી સંઘના આગેવાનોનો બકુભાઈ તથા વિનોદભાઈએ તેમજ સંઘને રાજુભાઈએ પ્રત અર્પણ કરેલ. પૂ. આ. ભ. સાથે ચતુર્વિધ સંઘે પૂજ્યશ્રીની ગુરુમૂર્તિને સ્તુતિ કરી ગુરુવંદન કરેલ. શેફાલી સંઘની નવકારશીનો લાભ રંગસાગર શ્રી સંઘ તરફથી લેવાયો હતો. શેફાલી સંઘે રંગસાગરના સાધારણ ખાતે રકમ અર્પણ કરેલ આજરોજ રંગસાગરમાં પંચાહ્નિકા મહોત્સવના ચોથા દિવસે શ્રી શાંતિસ્નાત્ર અને સ્વામી વાત્સલ્ય થયેલ. પાંચે દિવસ વિશાળ હાજરીમાં શ્રી સંઘે ભાગ લઈ આ ભૂમિના પૂ. ઉપકારી ગુરુદેવને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પ્રસંગ પરાગ

પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી શ્રી ચિંતામણરાવ દેશમુખ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ થયા ત્યારે એ જગ્યાનો ભારે પગાર લેવાને બદલે એમણે માત્ર માસિક ૧ રૂપિયો લેવાની ઈચ્છા વ્યક્ત કરી. એ જોઈ એમના કેટલાક સાથીઓએ આશ્ચર્ય દર્શાવ્યું. એથી તેઓએ હસતાં હસતાં કહ્યું : 'પગાર એક રૂપિયો લઈશ, પણ કામ તો સોળ આની કરીશ !'

શ્રી શાંતિનાથ જિનેન્દ્રાય નમઃ
હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

મૂલનાયક શ્રી શાંતિનાથજીની ૪૪ મી વર્ષગાંઠ તથા જમીનમાંથી પ્રગટ થયેલા ૭૦૦ વર્ષ ઉપરના પ્રાચીન શ્રી શાંતિનાથજીની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે તથા ધર્મશાળા ખાતમુહૂર્ત પ્રસંગે

આમંત્રણ પત્રિકા

શુભ સ્થળ : શ્રી લાખાબાવળ-શાંતિપુરી (વાયા-જામનગર)

સુજ્ઞ ધર્મબંધુ _____ મુ. _____

લિ. **શ્રી લાખાબાવળ મૂર્તિપૂજક જૈન સંઘ**ના સબહુમાન પ્રણામ વાંચશો અત્રે શાતા છે તત્ર વર્તો

વિ. અત્રેના શ્રી સૌભાગ્યને કારણે વિ. સં. ૧૯૭૨માં **ગૃહ મંદિર**માં શ્રી સુમતિનાથજી પ્રભુજી પધરાવેલ. વિ. સં. ૨૦૧૧માં **શ્રી શાંતિનાથજી પ્રભુજી** આદિ બેંગલોર કેન્ટ અંજન શલાકા કરાવેલા જિનબિંબો લાવ્યા અને નૂતન મંદિર બનાવીને તપોમૂર્તિ પૂ. આ. **શ્રી વિજયકર્પૂર સૂરીશ્વરજી** મ. ના પટ્ટધર હાલાર **દેશોદ્ધારક** પૂ. આ. **શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી** મ. તથા પૂ. આ. **શ્રી વિજયભુવન સૂરીશ્વરજી** મ. આદિની નિશ્રામાં ૨૦૧૧ જેઠ સુદ ૨ ની ભવ્ય રીતે પ્રતિષ્ઠા થઈ.

હાલમાં વિ. સં. **૨૦૫૪માં** ગામની ઉત્તર દિશાના ટીંબામાંથી **શ્રી શાંતિનાથજી** આદિ ત્રણ બિંબો પ્રગટ થયા. શ્રી **શાંતિનાથજી** માં વિ. સં. ૧૨૮૮નો લેખ છે. આ ત્રણ બિંબોની ભવ્ય રીતે સં. ૨૦૫૫ જેઠ સુદ ૧૧ ના પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી** મ. આદિ પૂ. પં. **શ્રી જિનસેન વિજયજી** મ. આદિની નિશ્રામાં થઈ અને સંઘમાં ઘણો ઉત્સાહ વર્તો. **વર્ષગાંઠની ઉજવણી માટે વિ. સં. ૨૦૫૬** નો આદેશ **શેઠ શ્રી કાલીદાસ હંસરાજ નગરીયા પરિવારે** લીધો છે અને તે ઉત્સવ તેમના તરફથી ઉજવાશે. ધર્મશાળા માટે જમીન અને દાન આપનાર **શાહ લાલજી કુંભા નાગડા જૈન ધર્મશાળા** નું ખાત મુહૂર્ત દાતા પરિવારના હસ્તે થશે.

જોગાનુજોગ ઉપકારી ગુરૂદેવ પૂ. આ. શ્રી વિજય **જિનેન્દ્રસૂરીશ્વરજી** મ., પૂ. પ્રવર્તક મૂ. **શ્રી યોગીન્દ્રવિજયજી** મ., પૂ. મુ. **શ્રી હેમેન્દ્રવિજયજી** મ., પૂ. મુ. શ્રી **અવિચલેન્દ્રવિ.મ.**, પૂ. **બાલમુનિશ્રી નમેન્દ્રવિજયજી** મ. તેમજ પ્રવર્ત્તિની પૂ. સા. શ્રી **સુરેન્દ્રપ્રભાશ્રીજી** મ., પૂ. સા. **શ્રી સ્વયંપ્રભાશ્રીજી** મ. પૂ. સા. **શ્રી કનકમાલાશ્રીજી** મ., પૂ. સા. **શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી** મ., પૂ. સા. **શ્રી પ્રશમપ્રભાશ્રીજી** મ., પૂ. સા. **શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી** મ. આદિ પણ આ પ્રદેશમાં પધાર્યા છે. અમારા શ્રી સંઘે તથા પ્રસંગનો લાભ લેનાર શ્રી કાલીદાસ હંસરાજ પરિવારે પૂજ્યશ્રીજીને વિનંતી કરતા વિનંતીનો સ્વીકાર કર્યો છે. તેઓશ્રી ઉપરાંત પૂ. તપસ્વીરત્ન મુ. **શ્રી દિવ્યાનંદ વિજયજી** મ., પૂ. મુ. **શ્રી કમલસેન વિજયજી** મ. તેમજ પૂ. સા. **શ્રી પદ્મયશાશ્રીજી** મ. આદિને પણ આ પ્રસંગે પધારવા આગ્રહભરી વિનંતી કરી છે.

મહોત્સવનો મંગલ કાર્યક્રમ

જેઠ સુદ ૧ શનિવાર તા. ૩-૬-૨૦૦૦

પૂજ્ય ગુરૂદેવનો પ્રવેશ : સવારે ૮-૦૦ વાગ્યે ● બપોરે પ્રવચન તેમા ૧૮ અભિષેકની બોલી થશે.

જેઠ સુદ ૨ રવિવાર તા. ૪-૬-૨૦૦૦

■ **સવારે ૮-૩૦ કલાકે** નૂતન ધર્મશાળાનું ખાત મુહૂર્ત ■

■ **સવારે ૯-૩૦ કલાકે** પ્રભુજીને ૧૮ અભિષેક ■

■ **સવારે ૧૧-૩૦ કલાકે** ધ્વજારોપણ થશે. ■

જામનગરથી વિધિ માટે **શ્રી સુરેશચંદ્ર હિરાલાલ શાહ** તથા ભક્તિ માટે **વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ** પધારશે.

સવારે ૧૨-૦૦ કલાકે સંઘ જમણ ઉત્સવનો તથા સંઘ જમણનો લાભ
શાહ કાલિદાસ હંસરાજ નગરીયા (થાન - બેંગલોર - રાજકોટ) પરિવાર તરફથી થશે.

લાખાબાવળ નિવાસી સર્વે ભાવિકોને ખાસ પધારવા વિનંતી છે. તથા સકલ શ્રી સંઘને પણ આ પ્રસંગે પધારવા નમ્ર વિનંતી છે.

તા. ૨૫-૪-૨૦૦૦
લાખાબ વળ - શાંતિપુરી, વાયા : જામનગર (સૌરાષ્ટ્ર)

લિ. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ
ના પ્રણામ.

વફાદારી

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

એક ગામમાં એક બહુરૂપી હતો. તે ભિન્ન ભિન્ન રૂપ કરી લોકો પાસેથી ઈનામ મેળવતો પણ તે ગામના જે નગર શેઠ હતા તેમની પાસેથી તેને ઈનામ મળતું નહિ. તેણે પણ નક્કી કર્યું કે તેમની પાસેથી હું ઈનામ મેળવું તો જ સાચો બહુરૂપી ! ખરેખર માન કષાયની પરવશતા કેવી છે ! માન કષાયને આધીન બનેલા જીવોને પ્રાપ્તિનો આનંદ નથી હોતો પણ અપ્રાપ્તિની ઝંખનાને ઝંખનામાં બિચારા દુઃખી દુઃખી થાય છે. આ તો અનુભવગમ્ય છે.

ઘણા સમયથી ગામમાં આવેલા એક સંન્યાસીએ આખા ગામને ગાંડું કર્યું. ગામ બહાર મોટા વૃક્ષ નીચે નાની મઢૂલી બનાવી આવાસ કર્યો. મસ્તરામ ફકીરની જેમ મસ્તીથી રહેવા લાગ્યા. પ્રભાવિત વાણીથી લોકોને આકર્ષિત પણ કર્યા અને એક - બેની રોગાદિ આપત્તિ દૂર થવાથી ગામમાં ચમત્કારિક તરીકે તેમની નામના પણ ફેલાઈ ગઈ.

તેમાં તે ગામના નગરશેઠની પત્ની બિમાર પડી. ઘણી દવા કરાવવા છતાં ય સારું ન થયું. એકપણ ઉપાય કામયાબ ન થયા. અશુભ કર્મનો ઉદય જોરમાં હોય તો સારામાં સારા ડોકટર - દવા આદિ પણ લાભદાયી ન બને અને શુભ કર્મનો ઉદય શરૂ થાય તો સામાન્ય ડોકટર - દવા પણ અસરકારક બને. ખરેખર જો આ કર્મના વિજ્ઞાનની સાચી શ્રદ્ધા થઈ જાય તો ગમે તેવો સારો કે નરસો પ્રસંગ અશાંતિ - અસમાધિ આપનારો ન બને. શ્રદ્ધાળુના હૈયામાં લખાયું જ હોય છે કે, ''મારા જીવનમાં જે કંઈ સારું કે નરસું થાય છે તે મારા જ કરેલાં કર્મોના ઉદયથી થાય છે, બીજા તો નિમિત્ત માત્ર જ છે.'' ઘણા બધા સ્નેહી - સ્વજનાદિના આગ્રહથી તે શેઠ, શેઠાણીને લઈ સન્યાસી પાસે ગયા. બધી વાત કરી. સંન્યાસીએ પણ પોતાની લઘુતા બતાવવા પૂર્વક રાખની પડીકી આપી અને કહ્યું કે- '' ભગવાનની મરજી હશે તો સાત દિવસમાં બહેન બાને સારું થઈ જશે.'' તે દવાથી ધીમે ધીમે સારું થઈ ગયું.

પછી તો શેઠ પણ પ્રભાવિત બની સંન્યાસીના ભગત બની ગયા. રોજ તેમની પાસે કથા શ્રવણાદિ માટે પણ આવવા લાગ્યા. એક વાર દાન - ત્યાગની મહત્તા અને ધનની અસારતા એવી સમજાવી છે બધાના માથા ડોલી ગયા. 'આ પૈસો એ જ પાપનું મુળ છે, અનર્થકારી છે ઝઘડાનું બીજ છે'- વગેરે વાતો એવી યુક્તિ - પ્રયુક્તિ અને દાખલા - દલીલોથી સમજાવી કે બધા ચકિત બની ગયા. શેઠને પણ તે વાત રૂચી ગઈ. બીજા દિવસે ગાડું ભરીને ધન લઈને આવ્યા અને સંન્યાસીના ચરણોમાં ધરી કહે કે આનો આપ જ્યાં સદુપયોગ કરવો ત્યાં કરજો. મારે જોઈતું નથી ત્યારે સંન્યાસી -'' આપ વળી આ માયાનું વળગણ મને કયાં વળગાડો છો. જો હું પણ આ માયામાં મૂંઝાઉં તો મારું શું થાય ? આપના હાથે જ તેનો સદુપયોગ કરો. મારે તો આ બધુ ધન-કંચન માટી સમાન છે.'' તેમની આ નિસ્પૃહતાથી બધા આનંદિત થયા.

બીજા દિવસે સંન્યાસીની મઢૂલી ખાલી જોઈ બધાને કારણ ન સમજાયું પણ તે બહુરૂપી મૂળવેશે તે શેઠની પાસે જઈ ઈનામ માગે છે અને હું જ સંન્યાસી હતો તે બધી વાત કરે છે. ત્યારે શેઠ - ''ગઈ કાલે આટલું ધન આપતો હતો તો કેમ ન લીધું અને આજે દાન માગવા કેમ આવ્યો ?''

ત્યારે તે સંન્યાસીએ જે જવાબ આપ્યો તે આજે ઘણા બધાની આંખ ઉઘાડે તેવો છે અને વફાદારીનું મહત્ત્વ સમજાવે તેવો છે. જો હૈયામાં તે જવાબ જચી જાય તો આજે વેષના વિશ્વાસ - વફાદારીમાં જે નિમકહરામી આવી છે તે ન આવતા નિમકહલાલી જળવાઈ રહે. જે વેષનું ગૌરવ ઘટયું છે તે ગૌરવ પણ વધી જાય.

સંન્યાસીએ જવાબ આપતા કહ્યું કે - '' કાલે હું સંન્યાસીના વેષમાં-પાઠમાં હતો. જો તમારું ધન ગ્રહણ કરું તો વેષ લજવાય વેષની વફાદારી જાળવવા મેં કાલે ધન લીધું ન હતું. આજે મૂળરૂપમાં છું માટે માગવા આવ્યો છું.''

વાચકમિત્રો ! વિશ્વાસ – વફાદારીનુ મહત્ત્વ સમજી તેનું ગૌરવ વધારો તેજ ભાવના. ■■■

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા, (ગાંધીનગર, ઉત્તર ગુજરાત)

''સુખ''

પૂ. મુ. શ્રી રમ્યદર્શનવિજયજી મ.

સુખ શબ્દ સાંભળવામાં આવે કે બોલવામાં આવે કે અનુભવવામાં આવે તો આનંદિત સહુ થઈ જાય છે. સુખને પોતાના કબ્જે કરી લેવા માટે સહુ કોઈ પ્રયત્ન કરતા હોય છે. વીજળીના ઝબકારા સમાન અલ્પ અને ક્ષણિક સુખની અભિલાષા માટે મુગ્ધ જીવાત્મા પોતાના જીવનને હોડમાં મૂકી દે છે. પોતે કલ્પેલા અને ધારેલાં સુખની પ્રાપ્તિ માટે રાત-દિવસને જોયા વગર અતિશય ઉત્સાહથી, તે મેળવવા તનતોડ મહેનત કરતા હોય છે. સુખ પ્રાપ્તિના રસ્તે સ્નેહી-સ્વજનો પણ આવે તો તેઓનો પણ ત્યાગ કરતા વાર લાગતી નથી. અહર્નિશ એજ ધ્યાનમાં આરૂઢ થયેલો મૂઢાત્મા પોતાની સમજ મુજબ તે માટે તડપતો હોય છે.

તાત્ત્વિક દ્રષ્ટિથી પુદ્ગલોના સંયોજનથી પ્રાપ્ત થયેલ 'સુખ' તે સુખ તો નથી જ, પણ સુખાભાસ પણ નથી. પંચભૂતના સમ્મીલનથી ઉત્પન્ન થયેલ 'સુખ'માં દુઃખ સિવાય કાંઈ હોવાની શકયતા નથી. તેમ છતાં સંયોગથી ઉત્પન્ન થયેલ સુખમાં સુખની કલ્પના કરીને અંતે દુઃખી થાય છે.

સુખની અપેક્ષા સંપૂર્ણ નાબૂદ કરવી જ્યારે અશકય લાગે ત્યારે પ્રાપ્ત થયેલ સુખનું સન્નિપાત ન થઈ જાય, તે માટે નીચે મુજબ આત્મ જાગૃતિપૂર્વક સાવચેત રહેવું જોઈએ. .

(૧) અપેક્ષિત કે અનપેક્ષિત સુખની પ્રાપ્તિ થાય તે વખતે વિચારવા યોગ્ય સુવિચાર :-

મને જે કાંઈ પ્રાપ્ત થયું છે, તેમાં મારી હોશિયારી કે પુરૂષાર્થ કે વ્યવહાર કુશલતા કે તાર્કિક બુદ્ધિ ઈત્યાદિ કારણભૂત નથી. જો આમ હોય તો દુનિયામાં હોશિયાર વ્યકિત સદા સુખી જ હોવા જોઈએ, પુરૂષાર્થ કરનારને ઇચ્છિત સુખ મળવું જ જોઈએ. વ્યવહારકુશલને સમસ્તજનો તરફથી આવકાર મળવો જોઈએ, તાર્કિક બુદ્ધિશાલી વ્યકિત પોતાની બુદ્ધિ કૌવતથી સહુને પોતાની વિચારધારા મુજબ શીશામાં ઉતારી દીધેલા હોવા જોઈએ, તાકાતવાન વ્યકિત હમેંશા અજેય જ રહેવો જોઈએ. પરન્તુ દુનિયામાં આવું બનતું દેખાતું નથી. હોશિયાર વ્યકિત પણ બુદ્ધુ - ઠોઠ વ્યકિતની શુશ્રૂષા કરતો દેખાય છે. કાલી મજૂરી કરવા દ્વારા વિપુલ પુરૂષાર્થ કરવા છતાં બે ટાઈમના રોટલાં પણ પામતો નથી. સહુની વાતમાં હાજી-હાજી કરનારો ખુશામત કરવા છતાં પોતાના પેટનો ખાડો પૂરી શકતો નથી. અનેકને પોતાની શીશીમાં ઉતારવાની ભાવનાથી તાર્કિક શિરોમણી કહેવાતો તાર્કિક કેટલાંના શીશામાં નાછૂટકે પોતે ઉતરી જતો હોય છે. તાકાતવાનની ખ્યાતિ પામેલ વ્યકિત પોતાના શરીરનો ભાર ઉંચકવામાં કયારેક અસમર્થ બની જતો હોય છે. તો આથી ફલીભૂત થાય છે કે મને મળેલ સુખમાં ન તો હોશિયારી કારણભૂત છે, ન તો પુરૂષાર્થ કારણભૂત છે, ન તો વ્યવહાર કુશલતા કારણભૂત છે, ન તો તાર્કિક બુદ્ધિ પણ કારણભૂત છે અને ન તો તાકાત પણ કારણભૂત છે. આ સુખની પ્રાપ્તિમાં કોઈ **અન્ય જ** કારણ ભૂત છે.

તે અન્યની વ્યાખ્યા કરતા શાસ્ત્રકાર પરમર્ષિઓ જણાવે છે કે ''જીવાત્માએ આ ભવ અને ગત ભવમાં જિનેશ્વર પરમાત્માના વચનો પ્રત્યે કેળવેલી આદરભાવના અને બહુમાનભાવના સાથે કરેલા સદ્અનુષ્ઠાનોના કારણે ઉપાર્જિત કરેલ શુભકર્મોના કારણેજ સુખી થવા પામ્યો છે. તે વચન પ્રત્યે સદા શ્રદ્ધા રાખવી જોઈએ...''

ઉપરોકત ભાવનાથી હૃદયને પવિત્ર કરવાથી પોતાની હોશિયારી આદિ પ્રત્યે ખોટા આડંબરનો ત્યાગ થઈ જાય છે. શુભ કર્મથી પ્રાપ્ત થયેલ નાશ્વંત સુખને નાશ્વંત પદાર્થમાં આશકિત કેળવવાના બદલે યથાશકય શુભકર્મોમાં ફરી પ્રવૃત્ત થાય છે. તેથી સુખનું અજીર્ણ થતા અટકાવી શકાય.

(૨) મારી લાયકાતથી અધિક સુખ મને મલ્યું છે :-

આ વિચારધારામાં મગ્ન રહેવાથી 'વધારે જોઈએ' ની અપેક્ષાનો નાશ થાય છે. પૂર્વોપાર્જિત શુભકર્મોના

પ્રભાવે પ્રાપ્ત થયેલ સુખ - સાહીબી, તે મારી પાત્રતા - લાયકાતથી કાંઈ અધિક જ મલ્યું છે. અણધાર્યા આકસ્મિક સંજોગોના કારણે પ્રાપ્ત થયેલ સુખથી ક્યાંય છકી ન જવાય, તે માટે ઉપરોક્ત સદ્‌વિચારણા સહાયક બને. મારામાં રહેલા દુર્ગુણોની અપેક્ષાએ તેમજ સદ્‌ગુણો પ્રત્યેની ઉપેક્ષાના કારણે વર્તમાનમાં જે સુખ મારે આધીન થયું છે, તે ઘણું કહેવાય. મારી લાયકાત મુજબ મને આટલું બધું સુખ ન મળવું જોઈએ. જો તે મારી પાસે આવી ગયેલ છે, તો મારી લાયકાતને વિકસાવવા મારે પ્રયત્ન કરવો જોઈએ. આ વિચારણા 'સુખ' જેઓને આધીન થયેલ છે, તે વ્યક્તિ વિશેષને પોતાની ઉન્નત્તિ માટે કરવાનો છે. પણ અન્યો પાસે 'સુખ' ને જોઈને લાયકાત - નાલાયકાતની વિચારણા કરવાની નથી. જો આ મુજબ ન કરવામાં આવે તો અન્યો પ્રત્યે દુર્ભાવ ઉત્પન્ન થયા વગર ન રહે અને તે દુર્ભાવ સઘળાય દોષોની માતા સમાન છે. તેથી આત્મહિતકર વિચારણાનો ઉપયોગ ફક્ત 'સ્વ' (પોતાના) માટે કરવો પણ ભૂલેચૂકે પણ 'પર' માટે કરવાની કુચેષ્ટા ક્યારેય પણ કરવી નહિ.

ઉપરોક્ત સદ્‌વિચારણાથી સંતોષ નામનો ગુણ કેળવાય છે અને અન્યોના વૈભવ પ્રત્યે ઈર્શ્યાભાવનો નાશ થાય છે. તેથી ખાસ વિચારણા કરવી.

(૩) અન્યો કરતાં મારી પાસે ઘણું છે :-

''અરે ... રે મેં આટલી બધી મહેનત કરી તો પણ ઈચ્છા મુજબ વળતર ન મલ્યું. તે અપેક્ષાએ ઓલા સામેવાળાને અલ્પ મહેનતમાં જ કેટલું બધું મલી ગયું. મારામાં એવી શું ખામી રહી ગઈ કે હું ખાલીખમ રહી ગયો અને તે માલદાર બની ગયો. હવે, બીજીવાર જરૂર પ્રયત્ન કરી તેને દેખાડી દઈશ...'' ઈત્યાદિ માનસિક વિચારણાઓમાં વ્યસ્ત સુખરસિક મૂઢાત્મા પોતાને મલેલ સુખની સામે નજર સુદ્ધા કરવાના બદલે બીજા કરતાં મને કેટલું ઓછું મળ્યું, તે વિચારમાં મગ્ન બની જાય છે. કેમકે પોતાના સુખની તુલના તે અન્યને નજર સામે રાખીને કરતો હોય છે. '' મારું તે નકામું, બીજાનું તે સારું...'' આ વિચારમાં મગ્ન હોવાના કારણે પોતાને આધીન પ્રત્યે ઉપેક્ષા અને પરાધીન પ્રત્યે અપેક્ષાનો પાયો દ્રઢ થાય છે તેનાથી સઘળાય અનર્થોનું સર્જન થાય છે.

તે કારણે અનર્થોને ઉગતા પહેલા જડમૂળથી નાશ કરવા માટે ઉપરોક્ત વિચારણા ઘણી સહાયક બને તેમ છે. મારી પાસે રહેલ સુખ અન્યોની અપેક્ષાએ ઘણું વધારે છે. મારા કરતાં ઘણા અલ્પ - અંશે સુખ પ્રાપ્ત હોવા છતાં તેઓ ખૂબ મજેથી જીવનનિર્વાહ કરતા હોય છે. કોઈપણ જાતની અપેક્ષા વગર કાયાકસીને મળેલ વળતરથી એક ટાઈમ ખાઈને પણ મજેથી રાત વિતાવે છે. રહેવા માટે મજબૂત ઘર નથી, પહેરવા માટે અખંડવસ્ત્ર નથી, ખાવા માટે પૂરતો અન્ન પણ નથી, હરવા - ફરવાની વાત જ ક્યાં રહે... તેમ છતાં સ્વાભિમાનથી કેવી સુનેરી સાથે જીવન વિતાવે છે. સુખની માત્રા અલ્પ કે વિશેષથી માનવ સુખી નથી કહેવાતો, પણ જે મલ્યું તેમાં સંતોષથી સુખી કહેવાય છે.

મારી પાસે રહેલ 'સુખ' અન્ય દુઃખીજન કરતાં અધિકાંશે છે. તો ખોટા વિચારો કરીને સ્વાધીનની ઉપેક્ષા કરવાથી શું લાભ ? અન્યોની ઉન્નત્તિ આદિ જોઈને બળ્યા કરવાથી મને શું ફાયદો ? અર્થાત્ 'સુખ' ની પ્રાપ્તિ વખતે વિશેષ સુખીને નજર સમક્ષ રાખવાના બદલે અલ્પસુખીને નજર સમક્ષ રાખી સંતોષ ગુણ કેળવવો જોઈએ. અને અન્યો પ્રત્યેના દુર્ભાવનો નાશ કરવો જોઈએ.

અન્ત !! નાશ્વંત સુખ ભવપરંપરા વધારવામાં સહાયક બનતાં અટકાવવા ઉપરોક્ત ત્રણ સુવિચાર રત્નોને જીવનમાં અમલીકરણ બનાવીએ અને તેના ફલસ્વરૂપે શાશ્વત સુખ (મોક્ષ) ને પામનારા બનીએ એવી મનોકામના સાથે વિરમું છું...

હાજર જવાબ

બાપ -
દિકરા કે તું ક્યારેય લગ્ન કરતો નહિ.
લગ્નથી આઝાદીનો ભોગ લેવાય છે. બરબાદી થાય છે.
એ સિવાય પણ માનવી અનેક મુસીબતોમાં મુકાય છે.

હાજર જવાબી દિકરો -
પિતાશ્રી ! હાજી આપશ્રીની વાત તદ્દન સાચી છે
આપશ્રીની શિખામણ મસ્તકે ચઢાવું છું કે હું ક્યારેય
લગ્ન નહિ કરું અને આજ શિખામણ હું મારા છોકરાઓ-
નેય આપતો રહીશ.

- રશ્મિકા.

... આરાધના ભવન (સાઉથ) પિ. ૧૮૫...

શું આ ''જૈન સમાચાર'' કે અસત્યનો અંધકાર...?

તો એ 'સમાચાર પત્ર' ને સ્થગિત કરો...!

ત્રી મહોદયશ્રી... ''જૈન સમાચાર''...

ીયુત રોહિતભાઈ શાહ યોગ...

ાતશ : ધર્મલાભ સહ...

વિશેષમાં, આજરોજ જ 'જૈન સમાચાર' નો દસમો અંક સાંપડયો. જે દ્વારા જાણી શકાયું, કે 'ચતુર્વિધ જૈન સમાચાર' નામનું કોઈક સામયિક જૈન સાહિત્ય ક્ષેત્રે પગરણ પાડી રહ્યું છે...

જૈન સાહિત્ય ક્ષેત્રમાં સ્ફુરણ પામી રહેલું આ સામયિક વિશ્વપાવની શ્રી જિનાજ્ઞાને પૂર્ણતઃ સાપેક્ષજ હોવું જોઈએ અને હશે; એવી પૂર્વ કલ્પના; આ સામયિકના પ્રથમ દર્શનેજ મનમાં સ્થિર થઈ હતી; અલબત ! કલ્પનાનો તે મિનારો આપના આ સામયિકે ધ્વસ્ત - વિધ્વસ્ત કરી નાખ્યો. એ પણ પાંચજ પળોની અંદર..

પ્રસ્તુત સામયિકના આ અંકનુ સાદ્યન્ત પરિશીલન કર્યુ છે. જે પરિશીલન બાદ તો હૃદય અત્યન્ત તરફડાટ વેરવા માંડયું. કારણકે 'ચતુર્વિધ જૈન સમાચાર' સામયિક, પોતાના શીર્ષકથી માંડીને એકેકી વાતે જૈન સિધ્ધાન્તોની નિર્મમ હત્યા કરી રહ્યું છે. શાસ્ત્રીયકથનોને મચડી રહ્યું છે. મારી રહ્યું છે.

શાસ્ત્રોને તે સાપેક્ષ નથી અલબત્ત ! શાસ્ત્રનિરપેક્ષતા તેના સર્વાંગ અને સર્વોપાંગ ને બે - ડોળ બનાવી ગઈ છે.

સામાન્યતઃ પ્રકાશિત થતા સર્વ સામયિકો પોતાના ધર્મ અને સંપ્રદાયના સૈધ્ધાન્તિક બન્ધનોને શિરસાવન્દ્ય ગણતા હોય છે. કોઈપણ ધર્મના કોઈપણ સામયિકોના અવલોકન પરથી એ જાણી શકાશે કે તેમાં સૈધ્ધાન્તિક સીમાઓનું ક્યાંય અતિક્રમણ નથી કરાયું.

હા ! એટલું જરૂર કહી શકાય કે અન્ય ધાર્મિક સિધ્ધાન્તોની ટીકા અને ટીપ્પણ પણ આ માટે આવશ્યક ન ગણાય.

બેશક ! કોઈપણ ધર્મનું નામ જેની સાથે સંયોજવામાં આવ્યું હોય, તે સંસ્થા કે સામયિકની તો એ સૈધ્ધાન્તિક તેમજ સંવૈધાનિક ફરજ થઈ પડે છે કે તે સૂચિત ધર્મની મર્યાદાનું સજાગ પણે રક્ષણ કરે.

ભારતીય સંવિધાન પણ ઉપરોકત સત્યમાં 'હકાર'નો ધ્વનિ પૂરે છે.

અભિવ્યકિત હક્કોના નિયમો પણ ધાર્મિક આમન્યનું અતિક્રમણ નથી જ કરી શકતા...

ઈતિહાસ જેની ગવાહી પૂરે છે.

અફસોસ ! પણ તમારા આ પ્રસ્તુત સામયિકની અન્દર કયાંય સૈધ્ધાન્તિક સલામતી જોઈ શકાતી નથી. બલ્કે આ સામયિકના પ્રયાસો વિશ્વવન્દ્ય શ્રી વિરશાસનના નિર્ભેળ સત્ય સામે ખૂંખાર દહેશતવાદ પેટાવશે; તેવી ભીતિ મનમાં સળગી રહી છે.

આ સામયિકના નામ - કામ પણ શ્રી જિનાજ્ઞાથી પરાડ્મુખ બન્યા છે. તેનું શીર્ષક તેનું સ્વરૂપ, તેના સિધ્ધાન્તો, તેના શબ્દ સંયોજનો, દરેક વિષય જિણોધ્ધાર માંગી લે તેમ છે.

જૈન સમાજની અન્દર, સૈધ્ધાન્તિક મતભેદોને લઈને જે ચાર સંપ્રદાયો દ્રષ્ટિગોચર બને છે; એ ચારેય સંપ્રદાયોના એકીકરણ, તેઓ પ્રતિ સર્વત્ર સમાન સ્નેહનો તદ્દન મિથ્યા પ્રયાસ આ સામયિકે આદર્યો છે.

જે પ્રયાસોને સસ્તી પ્રસિધ્ધિ માટેનું કેવલ નાટક જ લેખવા પડે. ઉપરોકત આક્ષેપમાં મીનને પણ મેખ મારી શકાય તેમ નથી.

ચારે ફિરકાના ઉંબરે ભિક્ષાપાત્ર ધરીને પ્રસ્તુત સામયિક પોતાનો વ્યાપ વધારી શકશે, પોતાની દક્ષિણા-ઝોળી છલકાવી શકશે, અલબત્ત ! છેલ્લી અઢી - અઢી સહસ્રાબ્દીઓથી શ્રી જિનશાસનને જયવન્ત અને જ્વલન્ત રાખનારા અસંખ્ય પૂર્વ પુરુષોનો અભિશ્રાપ પણ આથી તે વ્હોરી રહ્યું છે; એ પણ યાદ રાખવું ઘટે.

આ સામયિકની પહેલી ભૂલ જ પહાડ જેવી એ થઇ છે, કે તેણે ચારે સંપ્રદાયોનો 'શંભુમેળો' કર્યો. ત્યારબાદ આ પહેલી ભૂલે તો ક્ષતિઓની હારમાળા સર્જી દીધી છે.

આથી જ આ સામયિક ક્ષતિઓની ગિરિમાળામાં અટવાઈ પડયું છે. એમ સુજ્ઞ અને શાસ્ત્રપરસ્ત માનસ હૃદયથી પુકારી શકે તેમ છે.

અન્યાન્ય ક્ષતિઓની સાથોસાથ 'આપણો સંગાથ' કોલમ તરફ પણ દ્રષ્ટિપાત કરીએ આ કોલમ તો ઉત્સૂત્રના ઉકરડા જેવી જણાઈ રહી છે.

કાશ ! ખેદ તો એ વાતે થાય છે કે શબ્દે - શબ્દેથી ઉત્સૂત્રની બૂ-છાંડતી આ કોલમ 'આપણો સંગાથ'ને આ સામાયિકે શીર્ષ લેખનો શિરપાવ દઈ દીધો.

સમજી શકાય એવુ છે; કે આ લેખનો જ તંત્રી લેખ ના સ્થાને જામી પડયાં છે.

જેના તંત્રી લેખો પણ વિપર્યાસના વિષથી ભર્યા - ભર્યા હોય, અજ્ઞાનનું પ્રદર્શન બની બેસતા હોય અને અસત્યની વાચા બની જતા હોય; તે સામયિકના અન્યતો કયા લેખો પણ શ્રધ્ધેય બની શકશે ? તે સામયિકના અન્ય તો કયાં લેખોમાં સત્ય અને શાસ્ત્રીયતાનું પ્રતિબિમ્બ પડછાયુ હોઈ શકે ?

'જૈન સમાચાર' વર્ષ - ૧ ના દસમા અંકનો આદ્ય લેખજ ઉપર્યુકત ભવિષ્યની ઉદ્‌ઘોષણા કરી જાય તેમ છે. પ્રસ્તુત લેખમાં વિશ્વગુરૂ ભગવાન શ્રી વર્ધમાન સ્વામીજીને બિરદાવવાનો પ્રયાસ કરનાર લેખક તંત્રીવર્યએ ભગવાન મહાવીરના જીવન વૃત્તનું તો માત્ર છદ્મ જ પકડયું છે.

વાસ્તવિકતા તો એ છે કે ભગવાન મહાવીરના છદ્મ તળે આ પ્રપંચજ્ઞ લેખકે પોતાની કપોળ - કલ્પનાઓને પ્રભુ જીવનમાં મઢી દીધી છે.

ઉદા.

(૧. ''ભગવાન મહાવીર પર્યાવરણવાદી હતા..?

અઢી હજાર વર્ષ પહેલા પ્રદૂષણની સમસ્યા કોઈને પજવતી નહોતી ત્યારે મહાવીરે કહ્યું હતું કે દરેક નગરને એક ઉદ્યાન હોવું જોઈએ અને દરેક ઘરને એક વૃક્ષ હોવું જોઈએ...'')

તંત્રી શ્રી રોહિત શાહે આલેખેલા આ પેરેગ્રાફનો એકાદો અક્ષર પણ એવો નથી, કે જે સાધાર, સાપેક્ષ હોય. જેના સમર્થનમાં પ્રમાણોની હાજરી પૂરી શકાય તેમ હોય.

આ પેરેગ્રાફસ દ્વારા તંત્રી પ્રભુ વર્ધમાનને પણ 'પર્યાવરણવાદી'ની પાઘડી પહેરાવવા માંગે છે. ચાલબત્ત ક્ષમાશ્રમણ શ્રી મહાવીરદેવે ત્રણ - ત્રણ દશાબ્દીઓ સુધી નિરન્તર વરસાવેલી પ્રતિદિનની ૬ - ૬ કલાકની ધર્મવાણીએ કયાંય પર્યાવરણનું પ્રસ્થાપન નથી કર્યુ

તે વિશ્વનાયકે તો પરમપદનો, માત્રને માત્ર પરમપદનો પ્રબોધ ઉપદેશ્યો છે નહિ કે પર્યાવરણવાદનો.

ભગવાન મહાવીર ન હતા, પર્યાવરણવાદી ન હતા અર્થશાસ્ત્રી કે ન હતા વૈજ્ઞાનિક.

એવું પણ ન હતું કે ભગવાન મહાવીર વિશ્વના કોઈ શાસ્ત્રથી અજાણ - અણપીછાણ હતા. તેમ. છતાં એટલુ પણ ચોક્કસ હતું; કે તે તારક ફકત ધર્મશાસ્ત્રના પ્રહરી હતા.

વિશ્વ ગુંબજની અન્દર સર્વત્ર ધર્મશાસ્ત્રનો જ ધ્વનિ ગુંજતો કરનારા શ્રી તીર્થંકર પ્રભુઓ તો ધુરન્ધર ધર્મશાસ્ત્રી હોય છે. અરે ! સ્વયંસિધ્ધ ધર્મયોગી હોય છે. તેઓ માત્ર અપવર્ગ ભુકિતા માર્ગના શિલ્પી બને છે.

ભગવાન શ્રી મહાવીર દેવ પણ આવા અરિહન્તો પૈકીના જ એક હતા. આમ છતાં પ્રભુ મહાવીરને

૧. પર્યાવરણવાદી...

૨. અર્થશાસ્ત્રી...

૩. વૈજ્ઞાનિક...

૪. જ્યોતિષી...

૫. સાધક...

જેવી ઉપાધિઓ કશાંજ અનુસન્ધાન વિના આપી દેવી એ સર્વથા નિન્દ્ય, તિરસ્કાર્ય અને પ્રતિકરપાત્ર પ્રવૃત્તિ ગણાય.

જે પાપ પ્રવૃત્તિના ભોગ તંત્રી શ્રી રોહીત શાહ બની રહ્યા છે. (૨) આ સિવાય પણ આ જ લેખમાં તંત્રીશ્રીએ કંડર્યુ છે; કે ''જળમાં અસંખ્ય જીવો છે અને ક્ષણે ક્ષણે અસંખ્ય નવા જીવો પેદા થતા રહે છે આ વાત મહાવીરે શી રીતે કહી હશે ? ××મહાવીર વૈજ્ઞાનિક હતા ?...××

લાગે છે કે વિદ્વાન ગણાતા પણ આ લેખક જૈન ધર્મની મૂળાક્ષર માળાનુ પુનઃ વાચન કરી જવું જોઈએ.

ઉપરોક્ત વાત પરથી પણ આ સામયિકની અશાસ્ત્રજ્ઞતા તેમજ શાસ્ત્ર અપ્રતિબધ્ધતા જાહેર બને છે.

શાસ્ત્રોતો બોલે છે કે તીર્થંકરો પાસે કેવળજ્ઞાનનો મહાન પ્રકાશ હોય છે. જેના બળે તેઓ વિશ્વ વસ્તુનું પ્રકાશન કરે છે.

*તેઓને વિદ્યોપાર્જન માટે કોઈ યત્ન કરવો પડતો નથી.

*તેઓને વિદ્યાસિધ્ધિ માટે કોઈ પ્રયોગો કરવા પડતા નથી.

(૩) ભૂલોની હારમાળા રચતા જતા લેખકે પ્રભુ શ્રી મહાવીર દેવને અક્ષમ્ય અન્યાય તો ત્યાં કરી દીધો છે; કે જ્યાં પ્રભુ મહાવીરે પ્રજ્વળતા દીપકને બૂઝવીને અને તેને પુન પેટાવીને આદ્ય ગણધર મહારાજ શ્રી ગૌતમ સ્વામીજીને ઉપદેશ આપ્યાનું તેઓ લખી રહ્યાં છે.

(×××''મહાવીર સાધક હતાં ? પળનોય પ્રમાદ નહિ કરવાનો ઉપદેશ તેમણે પોતાના શિષ્ય ગણધર ગૌતમને આપ્યો. શિષ્ય ગૌતમે પ્રતિ પ્રશ્ન કરેલો, 'પ્રભુ, આટલા મોટા જીવનમાં એકપળની શી વિષાત ? ××× મહાવીરે પ્રજ્વેલી રહેલા દીપકને ફૂંક મારીને બૂઝવી દેતા કહ્યું કે એક પળમાં અન્ધકાર થઈ શકે છે. પછી ફરીથી દીપક પેટાવતાં કહ્યું કે માત્ર એક જ પળમાં અજવાળુ પણ થઈ શકે છે.'' ×××)

લેખકની ઉપરોક્ત કેફિયત તો તમામ મર્યાદાઓને વળોટી જાય છે; પ્રભુ શ્રી મહાવીર દેવના વિશ્વપાવક જીવનને કાળાહળ અન્યાય ફટકારે છે.

મારે એ પૂછવું છે કે જૈન ધર્મના ઉપલબ્ધ ૪૫ આગમો પૈકીના કયા આગમશાસ્ત્રીની કઈ પ્રેક્ષાના આધાર પર તમે એમ લખી શકો છો, કે વિશ્વવલ્લભ શ્રી વર્ધમાન સ્વામીજીએ ગણધર શ્રી ગૌતમ સ્વામીજીને પ્રમાદની કનિષ્ઠતા સમજાવવા, પહેલા દીપક બૂઝવ્યો તો ફરીને પાછો તે પેટાવ્યો તો.

ઉપરોક્ત વિધાનની વ્હાર કોણ સંભાળી શકશે ?

છે કોઈ પ્રમાણ ? ...

છે કોઈ આધાર ?...

છે કોઈ ઈતિહાસ ગ્રન્થ ? ...

જવાબ નકારનું નાક મરડી ખાશે.

'ચતુર્વિધ જૈન સમાચાર' માં પ્રકાશિત થયેલા આ અત્યન્ત ઘૃણાસ્પદ ઉલ્લેખને અન્તિમ ૨૫૦૦ વર્ષનો ઈતિહાસ વખોડી નાંખશે જૈનો પાસે પ્રાપ્ય ૧,૦૦,૦૦,૦૦૦ નું શાસ્ત્ર સાહિત્ય પણ આ ઉલ્લેખ પર કાળી શાહી ઢોળશે.

આ, આ, અને આવા - આવા કેઈ ઉત્સૂત્રો અને અનિષ્ટો પ્રસ્તુત સામયિક ''જૈન સમાચાર'' ના પૃષ્ઠોમાં વિશ્રામ પામ્યા છે.

*શું આવકારપાત્ર બને, ઉત્સુત્રોની આ ભરમાર ?

*શું પ્રશસ્ય ગણાય, અનિષ્ટોનો આ મુદ્રાલેખ?..

લગ્નવિષયક વિજ્ઞાપનો માટેનો જાહેર આહ્વાન, શું આ પત્રના મુદ્રાલેખને મલિન નહિ બનાવી જાય ?..

આટલા દીર્ઘ અભ્યાસ પછી હવે તો એકજ તરણોપાય સુઝે છે. અને તે એકે આ 'ચતુર્વિધ જૈન સમચાર' પત્રને શીઘ્રાતિ શીઘ્ર ' Expier ' કરી દેવામાં આવે..

પ્રસ્તુત સમાચાર પત્રના તંત્રવાહકો,

પ્રસ્તુત સમાચાર પત્રના લેખકો તેમજ વાચકો,

જો કોઈનો પણ આત્મા વિશ્વ શ્રેયસ્કર શ્રી જિન શાસનને સાચા અર્થમાં સેવવા ચાહતો હોય તો યેન કેન પ્રકારેણ પણ આ સમાચાર પત્રને સ્થગિત કરવાના અભિયાનમાં તેઓ એ મચી પડવું જોઈએ..

૪-૪-૨૦૦૦ એજ

મહારાષ્ટ્ર ભવન, **હિતવર્ધન વિજયો મુનિ**

પાલીતાણા **જયઉ સવ્વણ્ણૂ સાસણ**

શ્રી જૈન શાસન
શ્રી મહાવીર શાસનના
લવાજમના ચેક મનીઓર્ડર વિ. હવે નીચેના સરનામે મોકલવા વિનંતી.
શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર
C/o.શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર - ૩૬૧ ૦૦૫. (ગુજરાત)

લેખાંક :-૩

તિથિ વિવાદનો ઉલ્કાપાત જૈન સમાજને દઝાડી રહ્યો છે..
વિસંવાદોનો વિનિપાત ચોમેર નજર ઘૂમાવી રહ્યો છે..
ત્યારે મનને મૂંઝવે છે; એક મૂંઝવણ :

સત્યને વધાવીશું કે વધેરશું ?

- 'સત્ય યોધ્ધા'

● સત્યની જય પતાકાને સદૈવ ગગન ગામિની રાખવા જ તો પેલા ધર્મરાજ યુધિષ્ઠિરે ૧૩-૧૩ વર્ષો સુધી વનવગડાના દુઃસહ દુઃખો પણ પોતાના શિરે લાદી દીધા. સુમારે ૮૪૦૦૦ વર્ષોના સમયપટની પાછળ થયેલા તે ધર્મરાજને હસ્તિનાપુરના સ્વામિત્વથીય અધિક સત્ય તત્ત્વ વ્હાલું હતું.

● સત્યના જયનાદને અજેય રાખવા માટે જતો પેલા સત્યવાદી હરિશ્ચંદ્રે ૧૨-૧૨ વર્ષો સુધી એક શૂદ્રજાત-ભંગીને ઘેર પણ સહર્ષે વદને દાસત્વ' અદા કર્યું.

''ભંગી જેવા ભંગી ને ઘેર દાસત્વ સ્વીકારવું પણ તેથી લાખગણું બહેત્તર ગણાય; જો સત્યનું નિર્મૂલન કરીને જ સમ્રાટ બની શકાતું હોય..''

આવી સાફ સાફ માન્યતા હતી પેલા સત્યવાદિની.. હરિશ્ચન્દ્રની..

● સત્યના સ્વામિત્વને જ સાર્વભૌમ બન્યું રાખવા માટે પેલા પુરુષોત્તમ શ્રીરામચન્દ્રજીએ ૧૪-૧૪ વર્ષનો દીર્ઘજીવી, દુર્વાસ, દુઃખમય, દર્દનાક વનવાસ પણ પોતાના લલાટે ઝીંકી દીધો..

એ પુરુષોત્તમને અયોધ્યાનું સાર્વભૌમત્વ નહિ, બેશક ! સત્યનું સાર્વભૌમત્વ મનપસંદ હતું..

એ પુરુષોત્તમ, અયોધ્યાના સિંહાસન ને હજી શૂન્યનો સાક્ષાત્કાર કરાવી શકતા તા, અલબત્ત ! અયોધ્યાના સિંહાસન ખાતર, અયોધ્યાના સાર્વભૌમત્વના સંરક્ષણ ખાતર સત્યના સાક્ષાત્કારને ભૂંસી નાંખવા જોગી હામ-હિમ્મત કે હેંશિયતની તેમના હૃદય ભંડારમાં ગેરહાજરી વરતાતી તી.

તે પુરુષોત્તમ શ્રી રામચન્દ્ર, તે સત્યશિરોમણિ હરિશ્ચંદ્ર અને તે ધર્મરાજ યુધિષ્ઠિર.. આ સર્વના જીવનનું ચરિત પુકારી-પુકારીને કહી જાય છે; કે સત્યના મૂલ્યની સામે સ્પર્ધા લઈ શકે, તેવી સત્યથીય અધિક મૂલ્યવંતી એકાદી ચીજ આ પૃથ્વી પર નથી હોઈ શકતી.

ભારતવર્ષ સજ્જનોનું નન્દનવન હતું એમ નહિ પણ તમામ શિરોમાન્ય રાજવીઓ સત્ય શિરોમણીઓ' બની રહેતા. આ સર્વ હકીકત એમ જ કહી જાય છે; કે સિવાય સત્ય; સાચો સાધુ આત્મા અન્ય કોઈનેય ગુલામ નથી હોતા.. સિવાય સત્ય; સાચો સાધુ આત્મા અન્ય એકેય પદ કે પદાર્થનો પ્રાર્થક નથી હોઈ શકતો.

સિવાય સત્ય; સાચો સાધુ આત્મા અન્ય એક અંશ માત્ર પણ પદાર્થને રાહબર બનાવવા તત્પર નથી બની શકતો. સ્વપ્નમાં પણ... જાગૃત દશામાં પણ...

- સત્યની સામે પૂરી સૃષ્ટિની અપેક્ષાઓ અને આમન્યાઓ હારી જાય છે.

સત્યની સામે સમ્રાટ રાવણની ભુજાઓ પણ કમ્પિત-પ્રકમ્પિત બની જાય છે. સત્યની સામે જીવાદોરીમાં વહેતા પ્રાણવાયુને પણ વિષાત્ ગણવો રહ્યો.. સત્યની સામે વિશ્વશાન્તિ અને પ્રાણીમૈત્રીના ગીતો પણ કર્કશ ગણવા રહ્યાં.

એકતા-સમરસતા-શાન્તિ-સમાધિ કે એખલાસ.. આ એકેકા તત્ત્વો અવશ્ય પણે આવકાર્ય અને ઉપાસ્ય બની શકે છે. બનવા પણ જોઈએ. એટલું જ નહિ એકતા સમરસતા -શાન્તિ-સમાધિ કે એખલાસનું વાયુમાન જો વ્યક્તિગત દૂષણોથી દૂષિત બનતું હોય; તો યેન કેન પ્રકારેણ પણ તેનું શુધ્ધિકરણ તેમજ પુનઃસ્થાપન પણ થવું જ જોઈએ.

બેશક ! પણ એક વાત ખાસ કોતરી લઈએ; હૃદયમાં ભંડારાયેલી શ્રધ્ધાની તકતી પર.. કે એકતા- સમરસતા

-શાન્તિ-સમાધિ કે એખલાસ જેવા પરમ વન્દનીય તત્ત્વો પણ જો સત્યની સામે મોરચાબન્ધી કરી જવા ધસી રહ્યાં હોય, તો તે સમયે સાધુજનો અને સજ્જનો એકતા-શાન્તિ જેવા પરિબળોનો ભંગ અને તેનું ભંજન કરીને પણ સત્યને વધાવી લેવાનું જ મુનાસીબ લેખે.

એકતા અને એખલાસનો જંગ પણ જો સત્યથી વિરોધમાં જઈ રહ્યો હોય; તો એકતાનું વિભંજન કરી અને શાન્તિનો વિધ્વંસ કરીને પણ સત્યની વ્હાર'ને સાચવવી જ શ્રેષ્ઠ ગણાય.

સાધુજનોની પહેલી અગ્રીમતા 'સત્ય' હોવી જોઈએ. સત્ય પછીની બીજી અગ્રીમતાનો કળશ કદાચ એકતા-શાન્તિના શિરે ઢોળાતો હોય તો તેની સામે કોઈ વિરોધી સૂર નથી કાઢી શકાતો.

હજારોની જનતાએ તેઓને પોતાના હૃદયનો જ એક અવિભાજ્ય હિસ્સો બનાવી દીધા હતા. જન સમુદાયનો સાગર તેઓના જ નામ પર ઘૂ-ઘૂ કરી રહ્યો તો. આમ છતાં પણ પેલા પુરુષોત્તમ શ્રી રામચન્દ્રજીએ, પેલા ધર્મરાજ યુધિષ્ઠિરે અને પેલા સત્યવાદ શિરોમણિ હરિશ્ચંદ્રે સત્તા, સામ્રાજ્ય કે જનતાપ્રેમનો ઘરાર અનાદર કર્યો. તે સર્વથીય ચડિયાતું મૂલ્ય સત્યનું આંકયું.. આ ઘટના સાચે જ ઘણી પ્રેરણાસ્પદ બની રહે તેમ છે.

આથી જ મારા-અમારા જેવાના માનસમાં તો પ્રશ્નોનું આવું કૈક તુમુલ યુધ્ધ ફાટી નીકળ્યું છે.

૧. એક ફકત પિતૃવચનના સત્યની આરક્ષા માટે પુરુષોત્તમ રામચન્દ્રજી એ અયોધ્યાનું સામ્રાજ્ય ત્યાગ્યું. લાખ્ખોની જનતાને નિરાશ-હતાશ કરી. લોકોનો અનાદર કર્યો. તો શું સાક્ષાત્ શ્રીમદ્ સર્વજ્ઞ પ્રભુઓએ પ્રરુપેલા પ્રભુવચનોના સત્ય માટે તે વચનોના જ ઉપાસક સમા જૈનો શું એકતાનું હાથે ચોંટાડી દીધેલુ ઠીકરુ પણ ન ત્યાગી શકે ? હૈયે પ્રતિષ્ઠિત થઈ બેસેલી શાન્તિની ધૂન (મહેચ્છા નહિ) પણ શું ન ત્યાગી શકે ?

૨. પરમાત્મવચનોના સત્યને આરક્ષવા જૈનો આંખ અને અંતરમાં બાજી પડેલા શેહ-શરમના કાજળ પણ શું ન ઘોઈ શકે ?

૩. ધર્મરાજ શ્રી યુધિષ્ઠિર, ભાઈ દુર્યોધને ખેલેલા કપટી દ્યૂત જેવા દ્યૂત (જુગાર) ની જુબાનીની સચ્ચાઈ માટે ૧૨-૧૨ વર્ષનો વનવાસ અને એક વર્ષનો કારાવાસ સમો ગુપ્તવાસ જો સસ્મિત નયને અપનાવી શકતા હોય, તો વિશ્વપૂજ્ય શ્રી જિનધર્મના પ્રહરીઓ-જૈનો સાક્ષાત્ પ્રભુવચનોની રક્ષા માટે સત્યે દીધેલો લઘુમતિ- અલ્પમતિવાસ શું નહિ જ સ્વીકારી શકે ?

૪. અન્યાયી દંડથી દંડિત બનેલા યુધિષ્ઠિર દ્યૂત વાક્યની વિશ્વસનીયતા માટે પોતાના ન્યાય પ્રાપ્ત રાજ્યનો બલિ ધરી શકતા હોય, હસ્તિનાપુરનું પ્રમાણિત રાજ્ય ત્યાગી શકતા હોય, અરે ! સ્વભુજા અર્જિત સંપત્તિઓ પણ ખોઈ શકતા હોય. તો કાશ ! સાક્ષાત્ શ્રી વિતરાગ પ્રભુના વચન માટે બહુમતિની ચાને બહુમતિવાદે પ્રસ્થાપિત કરેલી સ્મશાનની સહોદરસમી શાન્તિની સત્તાને શું બરખાસ્ત ન કરી શકાય ?

ન્યાયપૂર્ણ નહિ, અન્યાય પૂર્ણ; શાસ્ત્ર સાપેક્ષ નહિ, શાસ્ત્ર નિરપેક્ષ શક્તિઓ દ્વારા રચાયેલી એકતા-શાન્તિ અને સમજૂતીની લાલશા શું સર્વજ્ઞ વચનની રક્ષા માટે પણ ન દફનાવી શકાય ?

ઉઠો ! જાગો ! જૈનો ! પૂછી જૂવો તમારા અન્તરાત્માને ?

- શું એકતા મહત્વની કે અરિહન્ત ભગવંત મહત્ત્વની ?
- શું શાન્તિ-સમાધિ જ સર્વોપરિ ગણાય કે શાસ્ત્રીયતા ને શાન્તિ સમાધિથી પણ સર્વોપરિ ગણવી પડે ?
- શું સંખ્યાને બલિષ્ઠ-ગરિષ્ઠ લેખાય કે સત્યને જ બલિષ્ઠ-ગરિષ્ઠ લેખી શકાય ?
- કાં સત્યની પૂજા થઈ શકશે. નહિતર પછી સંખ્યાના નાગપાશોમાં વીંટળાવું પડશે.
- કાં શાસ્ત્રીયતાનું પાલન અને રક્ષણ કરી શકાશે અને જો શાસ્ત્રીયતાથી બેડગ પણ પાછા ફર્યા તો એક એવી શાન્તિના જંગલમાં પ્રવેશ મળશે કે જે જંગલની શાન્તિ જ સ્વયમ્ અશાન્તિરૂપ બની રહે.
- કાં અરિહન્તદેવની આરાધના થઈ શકશે, અથવા તો પછી; એકતાની ધૂનમાં સબડવાનું જ ભાગ્યમાં બદશે.

બોલો શું પસંદ કરશો ? એકતા કે અરિહન્ત ? શાન્તિ કે શાસ્ત્રીયતા ? સંખ્યા કે સત્ય ?.. પ્રશ્ન તમારો

મનસૂફીના ગગનમાં ઝૂલી રહ્યો છે. અલબત્ત ! ત્રૈકાલિક વિશ્વની સાચ્ચી માતા સમા અરિહન્ત દેવોએ તો એકતાના પ્રતિપક્ષીને, શાન્તિના વિરોધમાં શાસ્ત્રીયતાને અને સંપના મુકાબલે સત્યને જ ઉપદેશ્યું છે. આટલી નોંધ મનના દસ્તાવેજમાં અચૂક કરી લેજો.

શ્રીરામચન્દ્રજી કે સત્યવાદી શ્રી હરિશ્ચંદ્રજી તો માત્ર ભારતવર્ષના જ શિરોમણિ હતા. જ્યારે ત્રિભુવનપૂજ્ય શ્રી તીર્થંકરો તો ત્રૈલોક્ય શિરોમણિ કહેવાય. તે દેવાધિદેવની આજ્ઞાના અનુપાલન માટે બહુમતીનો, સંખ્યાનો, સ્વજનોનો કે ભીસ્તાનો માત્ર લોભ ન પરઠવી શકાય ?

આ ત્રૈલોક્ય શિરોમણિ પાછા એવા તો કરુણા નિધાન છે; કે તેમના વચનોની આરાધના ખાતર નથી તો કોઈ રાજપાટના બલિદાન દેવા પડતા, કે નથી તો સુખસમૃધ્ધિના ફૂલનું કયાંયેય તર્પણ કરવું પડતું; તે ત્રૈલોક્ય શિરોમણિના વચનો યાચે છે માત્ર એક જ ચીજ; અને તે એક એટલે લોકસંજ્ઞાનો પરિહાર.

- બહુમતવાદનું દાસત્વ સ્વીકારતી માનસિક પીડા, એ પણ લોકસંજ્ઞાનો ખૂલ્લો નાચ લેખાય. જે નૃત્ય લોકોનું રંજન ભલે કરી જતું હોય અલબત્ત ! શાસ્ત્રાદેશોનું તો તે ભંજન જ કરે છે.
- મહાજનો યેન ગતઃ સપન્થાઃ 'જેવી પંક્તિઓનો પંક્તિબધ્ધ તેમજ યુક્તિ (કુયક્તિ) પૂર્વકનો ઉપયોગ, એને પણ લોકસંજ્ઞાનું જ રણકતું સંગીત લેખવું રહ્યું.
- ગતાનુગતિક ક્રિયાઓનો પક્ષપાત અને બહુસંખ્યા પરત્વેના આકર્ષણને પણ લોકસંજ્ઞાની જ પીડા અણવી પડે.
- તો એજ રીતે શાસ્ત્રવચનોની ઘોર ઉપેક્ષા પણ લોકસંજ્ઞાની ઉદરે ઉછરેલી વિષકન્યા જ લેખાય. ચાહી ભલે ને તે શાસ્ત્ર વચનોની ઉપેક્ષા સંઘની એકતા અને સમાધિ માટે અપેક્ષિત પણ ગણાતી હોય..

શાસ્ત્રો એ જૈનમાત્રનું હૃદય ગણાય. અરે ! વિશ્વપૂજ્ય શ્રી જિનધર્મનો અભ્યુદય પણ આ શાસ્ત્રોને જ આભારી છે.

બીજબુધ્ધિ નિધાન શ્રી ગણધર પ્રભુઓ દ્વારા જ્યાં સુધી દ્વાદશાંગશ્રુતની રચના નથી થતી, ત્યાં સુધી શ્રીમદ્ જિનધર્મનો ઉદય સંભવતો નથી. આથી નિઃશંક પણે એટલું તો કહેવું જ રહ્યું કે શાસ્ત્રવચનોને જ શ્રી સર્વજ્ઞ શાસનના સાચા સૂત્રધાર ગણાય.

શિરોમાન્ય શ્રી શાસ્ત્રગ્રન્થોમાં વર્ણવાયેલી અપેક્ષાથી શેષ જૈનશાસનની કે જૈન શાસનના ઉપાસક જૈનોની કોઈ એકાદી પણ મહત્ત્વાકાંક્ષા ન હોવી ઘટે. શાસ્ત્રો એટલા બધા તો વંદનીય અને પૂજનીય ગણાય કે તે શાસ્ત્રોને તો શિરસાવન્દ્ય જ કરવાના રહે. તે શાસ્ત્રો સર્વ કોઈને માટે એક સમાન રીતે બંધન કર્તા બની રહે છે.

પદસ્થ હોઈ કે પદાધિકારી, આચાર્ય હોય કે ઉપાધ્યાય, ગણનાયક હોય કે ગણિવર.. જૈન ધર્મની ઈમારતમાં આવાસ પામતાં સર્વ કોઈને શાસ્ત્રો નું બન્ધન એક સમાન પધ્ધતિએ અભિભૂત કરે છે.

તેથી જ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે ગર્જના કરી છેઃ

शासनात् त्राणशक्तेश्च बुधैश्शास्त्रं निरुच्यते
वचनं वीतरागस्य तत्तुनान्यस्य कस्यचित् ''
शास्त्रे पुरस्कृते तस्माद् वीतरागः पुरस्कृतः
पुरस्कृते पुनस्तस्मिन् नियमात् सर्व सिध्धयः ॥

- શ્રી જ્ઞાનસાર પ્રકરણ અષ્ટક ક્રમાંક-૨૪

''શાસ્ત્ર, એ તો સાક્ષાત્ ભગવાન્ છે. શાસ્ત્રોમાં અંકિત થયેલા ઉપદેશો બ્રહ્મવાકયની જેમજ વન્દ્ય અને માન્ય ગણાય. શાસ્ત્રોનો આદર કરનારો પ્રત્યક્ષપણે શ્રી વિતરાગ પ્રભુની પૂજા કરે છે. શ્રી વીતરાગ મહારાજા વિષમ યુગમાં ભલે અપ્રત્યક્ષ હોય; પણ તેમના પ્રતિનિધિ સ્વરુપ શાસ્ત્રો આજે, આજે જ નહિ સદાકાળ સજીવન રહેશે. તે શાસ્ત્રોના સત્કારમાં જ શ્રી સર્વજ્ઞ ભગવંતનો સત્કાર નમવતાર પામે છે. બેશક ! આ વિતરાગ સમર્થિત શાસ્ત્રો જ લોક સમૂહનું સર્વાંગીણ રક્ષણ અને શિક્ષણ કરી શકવામાં સુસમર્થ નીવડે શકેઃ આવા શ્રી સર્વજ્ઞ ભગવંત દ્વારા સમર્થન પામેલા શાસ્ત્રોનું શરણું તો સ્વીકારવું જ રહ્યું, કારણ કે ''साधवः शास्त्रचक्षुषः '... શાસ્ત્ર તો સાધુની આંખ ગણાય.

મહોપાધ્યાયજી મહારાજાનો આ ધનુષ્ય ટંકાર શું આપણા હૃદયના બંધપ્રાયઃ બનેલા ધબકારને પુનઃ ગતિશીલ નહિ બનાવી જાય ? એ માટે પણ લોકસંજ્ઞાને તો ત્યાગવી જ રહી.

શતાબ્દીઓની શતાબ્દીથી અવિચ્છિન્ન પણે વહેતી આપણી પ્રાચીન પ્રણાલી પણ શાસ્ત્રમતપરક રહી છે, નહિ કે બહુમતવાદપરક.

વિશ્વભરમાં અનુપમ કહી શકાય તેવા શ્રી જૈન શાસ્ત્રો પણ એક જ સિંહનાદ વ્યક્ત કરે છે. જે નાદની ભાષા પણ એમ જ કહી જાય છે કે લાખ્ખોની મનઃકામનાને અસમાધિની આગમાં ખાખ થવા દેવાય અલબત્ત ! પૂજનીય શ્રી શાસ્ત્રોની આમન્યાનું તો તસુમાત્ર પણ ઉલ્લંઘન થઈ શકે નહિ જ નહિ.

આમ છતાં લોકસંજ્ઞાનો વ્યાધિ આજે એટલો તો વ્યાપક બની જાય છે, કે જેની ચિકિત્સા અસંભવપ્રાયઃ બની રહે. ત્યારે મનમાં એક સંશય સળવળાટ વેરી રહ્યો છે કે લાખ્ખોના સખાવતો એક સેકંડના સાતમાં ભાગમાં ધૂધવતી કરી દેનારા જૈનો શું લોકવાંછા, લોકહેરી, અને લોકાનુકરણ જેવી તુચ્છતમ ચીજનું બલિદાન દેતા કાયર અને કૃપણ બની જતા હશે..?

જવાબ 'હકાર' ના શરમિંદા વદન પર આજીજી ભરી રહ્યો છે. આ લોકસંજ્ઞાના વ્યાધિને જ 'કુતર્ક'ની ઉપાધિનં ઉપહાર ભેટ ધર્યો છે. જે કોઈ શાસ્ત્ર વચનોથી નિરપેક્ષ બનીને લોકસંજ્ઞાના ઉન્માદમાં નશાચૂર બન્યા, કુતર્કની ઉપાધિ તેમને ભેટી પડી છે. જે કુતર્કો એટલા બધા તો કાતિલ હોય છે, કે તેની કાતિલતાની તુલનામાં ભોરિંગના વિષ પણ કરુણાપાત્ર બને.

બેશક ! પણ સ-ખેદ અંતરે ઉદ્‌ઘોષણા કરવી જ પડે તેમ છે, કે લોકસંજ્ઞાનો શિકાર બની ગયેલા નિષ્પુણ્યકો ત્યારબાદ પોતાની શાસ્ત્રાસાપેક્ષતા ગુમાવી બેસે છે. અલબત્ત ! શાસ્ત્રોના સમર્થનથી વિકલ બની જવા છતાં તેઓ શાસ્ત્રીયતા અને શાસ્ત્ર સાપેક્ષતાનો બુરખો ત્યજવા જરી કેય તૈયાર નથી હોતા.

પોતાના ઉત્સૂત્ર પ્રરુપણાના પાપને છૂપાવી દેવા અને શાસ્ત્ર નિરપેક્ષ વિચારણાઓનું પણ વ્યાપક બંધારણ રચી દેવા તેઓ ત્યારબાદ 'કુતર્ક' નામની મહાશક્તિ (!) નો પ્રયોગાન્વીત કરે છે.

જે કુતર્કોને મહાશક્તિનું વિશેષણ તો ન જ લૂંટી જવા દેવાય. કુતર્કોની શક્તિને તો મિથ્યાશક્તિ જ લેખવી પડે, કારણ કે એ કુતર્કોનો પણ એક એકસૂત્રી કાર્યક્રમ હોય છે. અને તે માત્ર ને માત્ર સત્યના વિધ્વંસનો સત્યની પુષ્ટિ માટે જેનો ઉપયોગ થતો હોય તેને તો જરૂરથી તર્ક કહી શકાય. અલબત્ત અસત્યની પુષ્ટિ માટે જ જેનો ઉપયોગ થતો હોય તેને તો કુતર્ક જ કહેવા પડે.

બસ ! છેલ્લી એક શતાબ્દીથી જૈન સંઘની ચામને દઝાડનારા, જૈનના ઘરે ઘરની આંતરિક દિવાલને શ્યામળ કરી દેનારા આંતરસંઘર્ષોની જો કોઈ પૂર્વભૂમિકા હોય, તો તે છે કુતર્કો. આ કુતર્કોની ક્રૂર શક્તિએ જ યુગોપુરાણી પરંપરાનું થતું પુનઃ પ્રસ્થાપન ખંડિત બનાવ્યું. અને તિથિઓની ક્ષય-વૃધ્ધિના વિષયમાં પ્રચલિત બનેલી અપવાદિક અને કાલ્પનિક પ્રણાલીને ઝેરીલી બનાવી દીધી.

વિક્રમની ઓગણીસમી શતાબ્દીનો સૂર્ય જ્યારે ઢળી રહ્યો તો, ત્યારે ૧૯૯૨ની સંવત્‌માં શાસનવર્ષાપણી સૂરિસમ્રાટ 'શ્રી સૂરિ રામે' તિથિ માર્ગના લુપ્ત બનેલા સત્યનો પુનરૂધ્ધાર કર્યો.

પૂર્વ પુરુષોએ પ્રસ્થાપેલો તે માર્ગ જ સત્યનો હતો. અફસોસ ! પણ મધ્યયુગની અંદર સામાજિક અસામંજસ્યને કારણે તે મહામાર્ગ ખંડિત બન્યો. તે માર્ગનો જિર્ણોધ્ધાર કરવાની સાચે જ જરૂર હતી. જે જરૂરીયાત જિનવાણીના મશહૂર જાદુગરે પૂર્ણ કરી. ખરેખર ! સત્યને વરેલા ધર્મિજનોએ ત્યારે વિજય સરઘસ કાઢવાની જરૂરત હતી.

પણ અફસોસ ! કુતર્કોની કરાલ શક્તિએ તે પૂર્વ પ્રણાલીના પુનરૂધ્ધાર કાર્યને સાર્વત્રિક બનતા સ્થગિત કરી દીધું. ન્યાયમંદિરમાં ભલે તેઓના તર્ક કાગળના શેર સાબિત થયા, પણ મુગ્ધ જનતાની અંદર તેમણે જાતિભેદ ઉભો કર્યો. જે મતિભેદની કિલ્લેબંધીથી પુષ્ટ બનેલો મતભેદ પાછળથી જાણે કે સનાતન બની ગયો.

હા ! તિથિ વિષયક મતભેદ જ શું, વર્તમાનમાં વિવાદિત સર્વમતભેદોનો ઉકેલ અવશ્ય નીકળી શકે, પણ પ્રતિપક્ષીઓએ મતભેદની ચોફેર મતિભેદની, એવી તો કિલ્લેબંધી ચણી દીધી, કે તે જ્યાં સુધી ધરાશાયી ન થાય ત્યાં સુધી સંઘની શાતા, સંઘની સમતા અને સમરસતા માત્ર કોરા કાગળ પર લખાયેલો આશાવાદ જ બની રહે.

માટે જ ખાસ ખાસ પ્રેરણા તો એની જ કરવી રહી, કે કુતર્કોની શક્તિને સર્વપ્રથમ જલશરણ કરી ધ્યો..! કુતર્કોને જલશરણ કરવા હશે, તો તેથી પણ પૂર્વે કુતર્કોને જાણવા-પીછાણવા પડશે. સુગુરુ-નિશ્રાએ, સુજ્ઞગુરુજનો

અને સાધર્મિકજનોના સત્સંગ દ્વારા અને સાથો સાથ સત્યપરક સન્દર્ભ ગ્રન્થોના અધ્યયન દ્વારા સત્ય તત્ત્વની માહિતી એવી તો જડબેસલાક મળી જશે, કે મનમાં ભરાયેલા કુતર્કોના બુરખા ત્યાં જ શિરચ્છેદ પામી જાય. કુતર્કનો શિરચ્છેદ થયા પછી તેની ભીતરમાં રહેલી નિતાન્ત અસત્યતા પોતાનું વરવું પ્રદર્શન કર્યા વિના નહિ રહે...

- આ જ કુતર્કોના સહારે નવાંગ ગુરૂપૂજનની સપ્રમાણ, સાધાર, શાસ્ત્ર સાપેક્ષ માન્યતાને નિષ્કારણ અપ્રમાણિત ઠેરવવાની કોશિષ કરાય છે.
- આ કુતર્કોના દળોએ જ શ્રી શત્રુંજય તીર્થાધિરાજની સત્યપરક ચાતુર્માસિક યાત્રાના અત્યંત ઉપયોગી કાર્યને નાહક્ક અવરોધ્યું છે.
- આ કુતર્કોના બળોએ જ સ્વપ્નદ્રવ્યના સુવિશુદ્ધ દેવદ્રવ્યનો 'જિનભક્તિ સાધારણ' ક્ષેત્રમાં વ્યય કરાવ્યો છે. વ્યય નહિ દુર્વ્યય કરાવ્યો છે. કારણ કે તેના દ્વારા તો દેવદ્રવ્ય જેવા દેવદ્રવ્યના દુરૂપયોગને પ્રોત્સાહન મળ્યું છે.
- આ કુતર્કોની તાકાતે જ શ્રદ્ધાથી ભીના ભીના શ્રાવકોને દેવાના પૈસે દેવની પૂજા કરવાના પાપી પાઠ શીખવ્યા છે.

  સ્વદ્રવ્યથી જ જિનપૂજાના કર્તવ્યને મંદ પાડી દેવાનું કલંક પણ આ કુતર્કોના જ કપાળે ચોંટે છે.
- આ કુતર્કોની શક્તિએ જ ભગવાનના પૈસે ભગવાનની પૂજા-અર્ચનાના ભ્રામક પ્રચારો કરીને કેઈ લોકોને અસત્યની વાટ ચીંધી છે.
- આ કુતર્કોની મારકણી શક્તિએ જ શુદ્ધ ગુરૂદ્રવ્યનો વૈયાવચ્ચમાં પ્રક્ષેપ કરાવ્યો છે. અને તે દ્વારા પરમાત્મા શ્રી અરિહંતોના પ્રહરી સમા સાધુના પેટે દેવદ્રવ્યના ભક્ષણથી ખરડાયેલું ધાન પહોંચાડ્યું છે.
- આ કુતર્કોની ક્રૂરતાએ જ બહુમત શ્રી સંઘને અસત્યનો ઉન્માદ ચઢાવ્યો છે. મહામૃષાવાદનો અંધકાર આ આ જ કુશક્તિએ પ્રસાર્યો છે.

હા ! હા ! હા ! કુતર્કોની તાકાતે જાણે સર્વત્ર હાહાકાર મચાવી દીધો.. સત્યના સનાતન રાત્ ને પણ હતપ્રભ બનાવી દીધું. આવા કુતર્કોના દળ અને બળનો તો પડછાયો પણ પાપી ગણાય. ચાલો ! તેની દિશા પણ પરિહરવાનો સંકલ્પ કરીએ...

જે સંકલ્પ પછીની જ પળ હશે- સિંહનાદની !

જે સિંહનાદ શિથિલતાના પાપને દેહાંત દેવા ઘસમસતો હશે.

જે સિંહનાદ સંઘ એકતાની ભ્રામક ભ્રમણાઓને ઉઘાડી કરી દેશે.

જે સિંહનાદ બહુમતવાદની શ્રધ્ધેયતાને નામશેષ કરી દેશે.. અને જે સિંહનાદ ત્યારબાદ પુકારી ઉઠશે કે સત્યને તો વધાવીશું જ સત્યને કદાપિ ન જ વધેરી શકાય. જીવનને વધેરીને પણ સત્યને તો વધાવીશું જ વધાવીશું..

(પૂર્ણ)

પ્રેરક પ્રસંગ

૫૦, ૦૦૦ લોકો માટે એક જ લાડુ

ચેનનઈની એક કંપનીના ચેરમેને સન ૧૯૯૨માં દીવાળી પર એક મહાકાય લાડુ બનાવડાવ્યો લાડુનું વજન ૩.૫ ટન તથા વ્યાસ ૬ ફૂટ (૧.૮૯ મીટર) હતું. આ લાડુ ૩૫ રસોઈયાઓ ભેગા મળીને તૈયાર કર્યો હતો. લાડુ બનાવવામાં ૩૦,૦૦૦ કિલોગ્રામ ખાંડ, ૮૦૦ કિલો લોટ તથા ૩૦૦ કિલો તેલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ લાડુ ૫૦,૦૦૦ લોકોએ ૫૦ ગ્રામ પ્રતિ વ્યક્તિના હિસાબથી આરોગ્યો હતો. *(સૌજન્ય - જયહિન્દ)*

સમાચાર સાર

● **રતલામ ગોપીપુરા :** પૂ. ગણિવર્યથી શ્રી નયવર્ધન વિજયજી મ ની નિશ્રામાં શાહ અનિલકુમાર ચુનીલાલજી જોધાવત મુંબારા (રાજ.) તરફથી ચૈત્ર મા.ની ઓળી તથા નવનિમિત્તે જૈનચૈત્યમાં જિનબિંબ પ્રવેશ તથા ચલપ્રતિષ્ઠા તથા પૂ. પિતાશ્રી ચુનીલાલજી દેવીચંદજી તથા માતુશ્રી શાંતાબેન ચુનીલાલજી જીવન શ્રેયોનિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ ચૈત્ર સુદ ૯ થી ચૈત્ર સુદ ૧૩ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

● **રંભટ (જી. પાલી) :** પૂ. આ. શ્રી વિજયકમલ રત્ન સૂ. મ., પૂ. આ. શ્રી દર્શન રત્ન સૂ. મ. ની નિશ્રામાં જિનબિંબ અંજન શલાકા પ્રતિષ્ઠા નિમિત્તે ચૈત્ર સુદ ૬ થી ચૈત્ર સુદ ૧૫ સુધી ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

● **સોલાપુર :** ગોડવાડના ગૌરવ પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. તથા પૂ. તપસ્વી મુ. શ્રી ઉદયરત્ન વિજયજી મ તા.૨૫ દિસંબરના દિવસે સ્વાગત સહ સોલાપુર પધાર્યા હતા

પ. પૂ. સાહિત્યકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. સા. ના સમાધિપૂર્ણ કાલધર્મ નિમિત્તે તા.૨૬ થી ૨ જનવરી સુધી અષ્ટાહ્નિકા મહોત્સવ થયેલ.

પૂજ્યશ્રીની પ્રબલ પ્રેરણાથી પાર્શ્વનાથ પ્રભુના જન્મ અને દીક્ષા કલ્યાણક નિમિત્તે શ્રી સંઘમાં સામુદાયિક અઠ્ઠમ તપની આરાધના થયેલ. જેમાં ૧૧૫ આરાધકો અઠ્ઠમ તપમાં જોડાયા હતા. ત્રણેય દિવસ પ્રભુજીની ભવ્ય અંગ રચનાઓ થયેલ અને ૭૨ કલાક માટે અખંડ ભવ્ય જાપ થયેલ.

તા. ૨ જાન્યુઆરીના દિવસે પૂ. જ્ઞાનસુંદરજી મ. લખેલ અને પૂ. ગણિવર્ય શ્રી રત્નસેન વિજયજી મ. સંપાદિત કરેલ ભગવાન પાર્શ્વનાથ શ્રી પરંપરા કા ઈતિહાસ ભાગ-૧ નું ભવ્ય વિમોચન શા ઈન્દરમલજી હરજી નિવાસીના વરદ્ હસ્તે થયેલ

યુવા પેઢીમાં જૈનત્વ જાગરણ અને સંસ્કારસિંચન માટે રવિવારીય પાઠશાળાનું પણ આયોજન કરેલ છે.

દાંતરાઈ (રાજ.) નિવાસી શા મૂલચંદજી માણેકચંદજી મહેતાની કુલ દીપિકાઓ કલ્પનાકુમારી અને વિદ્યાકુમારીની ભાગવતી દીક્ષા મહા સુદ ૧૩ તા.૧૭-૨-૨૦૦૦ ના દિવસે થયેલ. તે નિમિત્તે દીક્ષા મહોત્સવ આયોજક મહેતા પરિવાર તરફથી ભવ્ય મહોત્સવનું આયોજન રાખવામાં આવેલ.

પંચાહ્નિકા મહોત્સવ દરમ્યાન સુપ્રસિદ્ધ ગાયક અનિલ ગેમાવતે પોતાની પાર્ટી સાથે પ્રભુ ભક્તિમાં રમઝટ જમાવેલ. દીક્ષા મહોત્સવ સુધી પૂ. ગણિવર્યશ્રીએ સોલાપુરમાં સ્થિરતા કરી હતી.

● **તપોવન નવસારી :** અત્રે પૂ. આ. શ્રી વિજયગુણરત્ન સૂ. મ. ની નિશ્રામાં શ્રી નવપદ આરાધક સમાજ મુંબઈના ઉપક્રમે શિવગંજ નિવાસી શા. ભુરમલ ત્રીકમચંદજી વલદરીયા પરિવાર મુંબઈવાળા તરફથી ચૈત્રી શાશ્વતી ઓળીનું આરાધન સુંદર થયું હતું.

આરાધના ધામ-હાલારમાં અત્રે ચૈત્રી ઓળીની આરાધના પૂ. આ. શ્રી વિજયરત્નભૂષણ સૂ. મ. આદિની નિશ્રામાં થઈ. ચાતુર્માસ રાજકોટ પ્રહલાદ પ્લોટમાં નકકી થયું છે.

● **માણેકપુર :** અત્રે તપસ્વી રત્ન પૂ. આ. શ્રી વિજય હિમાશુ સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી સિદ્ધાચલ તીર્થ ધામ અલૌકિક સુવર્ણ ગુફાયુક્ત બન્યું છે તે માટે અંજન શલાકા મહોત્સવ તેઓ પૂજ્યશ્રી તથા પૂ. તપસ્વીરત્ન આ. શ્રી વિજય પ્રભાકર સૂ. મ. આદિની નિશ્રામાં ચૈ.સુ.૬ થી ચૈ. સુ. ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો. ચૈ.સુ.૧૪ના પ્રતિષ્ઠા ઘણા ઉત્સાહથી થઈ હતી.

● **જોધપુર :** ભેરૂબાગ જૈન તીર્થમાં પૂ. આ. શ્રી વિજય સુશીલ સુરીશ્વરજી મ. આદિનું ચાતુર્માસ નકકી થયું છે. જુલાઈના બીજા સપ્તાહમાં પ્રવેશ થશે.

● **વઢવાણ શહેર :** પૂ. આ. શ્રી વિજય વિબુધપ્રભ સૂરીશ્વરજી મ.ના સમુદાયના પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી ચંપકલતાશ્રીજી મ. ના કાલધર્મ પછી અત્રે ઉત્સવ કરવાનો હતો તે પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ.આ. શ્રી વિજય માનતુંગ સૂરીશ્વરજી મ. પૂ. તપસ્વીરત્ના સા. શ્રી નંદનશ્રીજી મ. પૂ. સા. શ્રી ચંપકલત્તાશ્રીજી મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે ચૈત્ર વદ ૭ થી શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ ઉત્સાહથી ઉજવવામાં આવ્યો હતો.

● **હુંકાર ગિરિ (ઈંદોર) તીર્થ :** અત્રે પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. સા. શ્રી ગીર્વાણ સુધાશ્રીજી મ., પૂ. સા. શ્રી તત્ત્વ રક્ષિતાશ્રીજી મ., પૂ. સા. શ્રી કારુણ્ય સુધાશ્રીજી મ. પૂ. સા. શ્રી હિત રક્ષિતાશ્રીજી મ. તથા માતુશ્રી શાંતાબેન હીરાચંદજી કાકીની મીનાબેન ચંપાલાલજીના વરસી તપના પારણા નવાણું

અભિષેક પૂજા વિ. કાર્યક્રમ તથા વરસીતપના પારણાનો પ્રસંગ ખૂબ ઉત્સાહથી ઉજવાયો.

● **પીપાડ સીટી :** અત્રે પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂ. મ. ની નિશ્રામાં કાંતિલાલજી બોહરાના માતુશ્રીની ભાવના મુજબ બોયલ અને કાપરડા તીર્થનો છ'રી પાલક સંઘ સાકાર કર્યો કાપરડાજીમાં સાધારણની ટીપ સારી થઈ. શાંતિલાલજી જાંગડાએ ઘરે પૂ. શ્રી ને પધરાવી ચતુર્થવ્રત સ્વીકારેલ.

● **નવસારી તપોવન :** પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. આદિ અમદાવાદ બારડોલીથી ઉગ્ર વિહાર કરી પધારતાં સ્વાગત થયું. પૂ. શ્રી એ બાળકોને ઉદ્‌બોધન કર્યું હતું.

● **પરાસલી તીર્થ :** અત્રે પૂ. પં. શ્રી હર્ષ સાગરજી મ. ની નિશ્રામાં ફા. સુ. ૧૩ નો મેળો ભરાયો હતો. ઉત્સાહ ઘણો હતો.

● **માનપુર (આબુ) :** પૂ. આ. શ્રી વિજય મલરત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી અજિતરત્ન સૂ. મ. ની વર્ધમાન તપની ૫૫ થી ૫૮ સળંગ ઓળીની પૂર્ણાહુતિ તથા પ. પૂ. સા. ના વર્ષીતપની પૂર્ણાહુતિ તથા શ્રાવક શ્રાવિકાના પણ પારણા પ્રસંગે ૯૯ અભિષેક મહાપૂજન આદિ કાર્યક્રમ શા. જેસીંગલાલ ચોથાલાલ મેપાણી જુના ઉ સાવાળા (મુંબઈ) તરફ ઉત્સાહથી થયું.

● **મુંબઈ વાલકેશ્વર :** શ્રી ચંદનબાલા એપા ર્ટમેન્ટમાં પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વરજી મ. ની નિ ામાં પૂ. સા. શ્રી કિરણરેખાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સા. શ્ર નમ્ર હર્ષાશ્રીજી મ. ની વડી દીક્ષા ચૈત્ર વદ-૩ ના થઈ ત નિમિત્તે શ્રીમતિ લલિતાબેન લલ્લુભાઈ ઝવેરી પરિવાર તરફથી વીશ સ્થાનક પૂજન આદિ રાખેલ હતું.

■ ■ ■

કૈલાસનગર (રાજસ્થાન)ના આંગણે ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવાયો

પૂજ્યપાદ વાત્સલ્યનિધિ પંન્યાસપ્રવરશ્રી હર્ષ વિજયજી ગણીવર્યશ્રીના શિષ્યરત્ન તપસ્વીરત્ન પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મલ્લિષેણ સૂરીશ્વરજી મહારાજ સાહેબની શુભનિશ્રામાં કૈલાસનગરમાં મુમુક્ષુરત્ન કાંતિભાઈની દીક્ષાનો ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો. પૂજ્યશ્રીની કૈલાસનગરમાં પાવન પધરામણી પોષ સુદ ૧૧ના થવા પામી હતી. મહા સુદ ૧૩ થી દીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો હતો. તેજ દિવસથી પૂ. આચાર્ય ભગવંતશ્રીએ નવ ઉપવાસના પચ્ચક્ખાણ શરૂ કરેલ. આવા તપ અને તપસ્વીનો પુણ્યપ્રભાવે હર્ષોલ્લાસપૂર્વક ઉજવાતા દીક્ષા મહોત્સવમાં મુમુક્ષુ પરિવારની વિનંતિથી ચતુર્વિધ સંઘ સાથે પૂજ્ય ગુરુભગવંતોની પધરામણી દીક્ષાર્થીના ઘરે થતાં પૂ. ગુરુભગવંતોનું ગુરુપૂજન તેમજ દીક્ષાર્થી પરિવાર તરફથી ચાંદીની ગીનીની તથા અન્ય સગા - સંબંધી અને સંઘ તરફથી રૂા. ૧૩૧ નું સંઘ પૂજન થયું હતું. દરેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતને કામળી વહોરાવીને લાભ લેવાયો હતો. મહાવદ ૪ ને સવારે ભવ્યવર્ષીદાનયાત્રામાં પ્રભુજીનો ચાંદીનો રથ, ચાંદીની ઈન્દ્ર ધ્વજા, હાથીની અંબાડીએ બેસી મુમુક્ષુ કાંતિભાઈએ મનમૂકીને વરસીદાન આપ્યું હતું.

રાત્રે સન્માન સમારંભનું ભવ્ય આયોજન થયેલ. મહા વદ ૫ ના સવારે ૯-૦૦ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થતાં જ સૌ એ 'દીક્ષાર્થીનો જયજયકાર, દીક્ષાર્થી અમર રહો' ના નારાથી દીક્ષા મંડપ ગજવી મૂક્યો હતો. શુભમુહૂર્તે મુમુક્ષુને રજોહરણ અર્પણ કરવામાં આવેલ, રજોહરણની પ્રાપ્તિ થતાં મુમુક્ષુ આનંદિત બની નાચી ઉઠયા હતા. તરતજ મુમુક્ષુને સ્નાન મુંડન માટે લઈ જવાયા, તે સમયે ઉપકરણના ચડાવામાં ભાગ્યવાનોએ ઉદારતાથી લાભ લેતાં રેકોર્ડ બોલી થવા પામી હતી. વેશ પરિવર્તન કરીને આવતાંજ 'નૂતન દીક્ષિત અમર રહો' ના નાદથી સૌએ તેમને વધાવી લીધા હતા. ત્યારબાદ મુહૂર્તના સમયે લોચ કર્યા બાદ નાણ આદર્શભૂત કાળજી લેવામાં આવેલ. પ્રસંગનારૂપ જીવદયાની ટીપ સારી થઇ હતી તેમજ કૂતરાને રોટલા, બકરીને ઘાસ, કબૂતરને ચણ નાંખીને જીવદયાનું પાલન કરેલ.

પૂ. શ્રી આદિનાથ શ્વેતાંબર જૈન તીર્થ પેઢી કોલારગઢ (સીરોહી) ચૈત્ર (ગુજરાતી ફાગણ) વદ ૮ પ્રભુ આદિનાથ જન્મ દિક્ષા કલ્યાણક મહોત્સવ પતાવી. ગુજરાત વિહાર કર્યો છે. ચાતુર્માસ પાલીતાણા થશે.

કબૂતરને ચણ નાંખીને જીવદયાનું પાલન કરેલ.

પૂ. શ્રી આદિનાથ શ્વેતાંબર જૈન તીર્થ પેઢી કોલારગઢ (સીરોહી) ચૈત્ર (ગુજરાતી ફાગણ) વદ ૮ પ્રભુ આદિનાથ જન્મ દિક્ષા કલ્યાણક મહોત્સવ પતાવી. ગુજરાત વિહાર કર્યો છે. ચાતુર્માસ પાલીતાણા થશે.

જ્ઞાનગુણ ગાંગા

ચાર પ્રકારે ચા રેત્રના ફળનો વિનાશ-અપધ્વંસ-કહેલો છે (શ્રી સ્થાનાંગ, સૂ.-૩૫૪)

તે આ પ્રમાણે-

૧. આસુરી ાવના જન્ય તે આસુર.
૨. આભિયો ા ભાવના જન્ય તે આભિયોગ.
૩. સંમોહ ભ વના જન્ય તે સંમોહ.
૪. દેવ કિલ્બિ ષ ભાવના જન્ય તે દેવકિલ્બિષ.

(૧) ચાર કાર ણ વડે જીવો અસુરપણાનું આયુષ્યાદિ કર્મ કરે-બાંધે છે

૧. ક્રોધી સ્વ ાવ વડે, ૨-કલહ કરવાના સ્વભાવ વડે.
૩. આહારાદિ માં આસક્તિ સહિત તપ કરવા વડે.
૪. નિમિત્તાદિ પ્રકાશીને આજીવિકા ચલાવવા વડે.

આજ ભાવ આ ોતના પણ કહ્યો છે.

अणुबद्धविग्गहो य, संसत्ततवो निमित्तमाएसी ।
निक्किवणिराणुतावी, आसुरियं भावणं कुणइ ॥ २०४॥

સાધુ અને શ્રાવકને વિષે નિરંતર કલહ કરનાર, આહારાદિમાં આસક્તિ સહિત તપ કરનાર, નિમિત્તનો પ્રકાશનાર, અને નિશૂક અને અનુકંપા રહિત અર્થાત્ દુઃખી પ્રાણીને જોઈને જેના હૃદયમાં કંપારી ય ન આવે તે પ્રાણી આસુરી ભાવના કરે છે.

■■■■■■■■

(૨) ચાર કારણ વડે જીવ આભિયોગતાને અર્થે આયુષ્યાદિ કર્મ કરે છે.

૧. આત્માનો ઉત્કર્ષ-ગર્વ કરવા વડે.
૨. બીજાની નિંદા કરવા વડે.
૩. ભૂતિકર્મ-તાવવાળા વગેરેને રાખ વિગેરેથી રક્ષા કરવા વડે
૪. કૌતુક કરણ-સૌભાગ્યાદિને માટે બીજાના શિર ઉપર હસ્તના ભ્રમણ વિગેરેથી મંત્રવા વડે.

આ વાત આ રીતના પણ બીજે જણાવી છે.

कोउय भूईकम्मे, पसिणा इयरे निमित्तमाजीवी ।
इड्ढिरससायगरुओ, अभिओगं भावणं कुणइ ॥२०५॥

૧. અનિષ્ટની શાંતિ માટે થુ થુ વગેરે કરવું તે કૌતુક,
૨. મંત્ર વડે મંત્રીને રાખ વગેરેનું દેવું તે ભૂતિકર્મ,
૩. અંગુષ્ઠ મનને આરીસા વિગેરેમાં દેવનું આકર્ષણ કરીને પ્રશ્નનું પૂછવું.
૪. સ્વપ્ન-વિદ્યા વડે કહેવું,
૫. નિમિત્ત વગેરે પ્રકાશીને આજીવિકા ચલાવવી તથા
૬. ઋદ્ધિ, રસ અને શાતા ગૌરવ સહિત ઉક્ત-ઉપરની પ્રવૃત્તિને કરતો થકો પ્રાણી આભિયોગ્ય ભાવના કરે છે.

(૩) ચાર કારણો વડે જીવ સંમોહપણાને અર્થે આયુષ્યાદિ કર્મ કરે છે.

૧. ઉન્માર્ગની દેશના વડે.
૨. સન્માર્ગનો અંતરાય કરવા વડે.
૩. કામ ભોગની આશંસા-ઈચ્છા કરવા વડે.
૪. લોભથી નિયાણુ કરવા વડે.

આ ભાવના અન્યત્ર આમ પણ જણાવી છે-

उम्मग्गदेसओ मग्गनासओ मग्गविप्पडीवत्ती ।
मोहेण य मोहेत्ता, संमोहं भावणं कुणइ ॥२०६॥

૧. ઉન્માર્ગનો કહેનાર
૨. માર્ગનો નાશ કરનાર-પોતાના અને બીજાના બોધિબીજનો નાશ કરનાર.
૩. વિપરીત માર્ગને સ્વીકારનાર એવો જીવ સ્વયં મૂઢ થયો થકો બીજાને મોહ ઉપજાવીને સંમોહ ભાવના કરે છે.

(૪) ચાર કારણો વડે જીવો દેવકિલ્બિષપણાનું આયુષ્ય કર્મ કરે બાંધે છે.

૧. અરિહંતોના અવર્ણવાદને બોલતો થકો.
૨. અરિહંતે કહેલા ધર્મના અવર્ણવાદને બોલતો થકો.
૩. આચાર્ય-ઉપાધ્યાયના અવર્ણવાદને બોલતો થકો.
૪. ચતુર્વિધ સંઘના અવર્ણવાદને બોલતો થકો.

આ અર્થ અન્યત્ર આ રીતના કહ્યો છે.

नाणस्स केवलीणं, धम्मायरिआण सव्वसाहूणं ।
माइं अवन्नमाई, किब्बिसियं भावणं कुणइ ॥२०७॥

૧-જ્ઞાનની, ૨-કેવલીઓની, ૩-ધર્માચાર્યોની, ૪-સર્વ સાધુઓની નિંદાનો કરનાર અને ૫-માયાવી એવો પ્રાણી કિલ્બિષિકી ભાવના કરે છે.

(૫) કંદર્પ ભાવના.

कंदप्पे कुक्कुइए, दवसीले यावि हासणकरेय ।
विम्हावितो य परं, कंदप्पं भावणं कुणइ ॥ २०८ ॥

૧-કામની કથા કરનાર, ૨-કુકુચિત-ભાંડના જેવી ચેષ્ટા કરનાર, ૩-દ્રવશીલ-ગર્વથી શીઘ્ર ગમન અને ભાષણાદિ કરનાર, ૪-વેષ અને વચનાદિ વડે સ્વ-પરને હાસ્ય ઉત્પન્ન કરનાર, ૫-બીજાને ઈન્દ્રજાલાદિ વડે વિસ્મય કરાવનાર એવો જીવ કંદર્પી ભાવના કરે છે. ■■■

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

પ.પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

પ.પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

- ધર્મ કરનારા જીવને સુ-કુ ઓળખવાનું મન ન થાય ? 'સુ' નું સાચું સેવન કરું અને 'કુ'માં ફસાઈ ન જાઉં - આવી તેને ઈચ્છા ન થાય ? આવી ઈચ્છા જેને ન થાય તે ધર્મ સાચા ભાવે કરી ન શકે !
- આજે લાંચ આપીને છૂટી જાવ છો ને ? આજે લાંચ રૂશ્વતના પ્રતાપે સારા માણસો પણ પૈસા લઈ સાચાને ખોટું અને ખોટાને સાચું કહેતા થયા. આજના જગતની હાલત કેવી છે ? સારા ગણાતા પણ કહે છે કે, આજે જીવવું હોય તો ખોટું કર્યા વિના ચાલે જ નહિ-આવું જેનું હૈયું હોય તે ધર્મ સાંભળવા ય લાયક છે ? કોઈ ને ય લાંચ આપી અહીં બચી ગયા પણ પછી શું તેનો વિચાર સરખો પણ કર્યો છે ખરો ?
- દશે સંજ્ઞા અને પરલોકના સુખની ઈચ્છાથી થતો ધર્મ અશુદ્ધ કોટિનો કહેવાય.
- સંસારની જેટલી પ્રવૃત્તિ, શરીરના ધર્મો કરણીય કોટિના નથી, આ મનોવૃત્તિ થાય ત્યારે આત્મામાં રહેલી આ બધી સંજ્ઞાઓ ઢીલી પડી જાય !
- આહારમાં આસકત બનેલા કયારે કઈ ઈન્દ્રિયમાં આસક્ત બને તે કહેવાય નહિ.
- 'તપ મેં કર્મ કાટવા માટે તપ કરનારા ઘણા પણ આહારસંજ્ઞાને જીતવા માટે તપ કરનારા થોડા !
- આહારાદિ દશે સંજ્ઞાઓ ચંડાલણી જેવી છે. તેનો સ્પર્શ થાય તોય નુકશાન કરે. અમારે સદા આઘી રાખવાની, તમારે ધર્માનુષ્ઠાન વખતે આઘી રાખવાની, બાકીના વખતમાં તેને દૂર કરવાની મહેનત કરો તો ચારિત્ર મોહનીય કર્મ તૂટે.
- અવિરતિના રાગથી ય ચારિત્ર મોહનીય કર્મ બંધાય !
- દુનિયાનું સુખ બહુ ગમે અને પાપ ન ગમે તો ય ચારિત્ર મોહનીય કર્મ બંધાય !
- આહારાદિ દશે સંજ્ઞાઓ સાથે રોજ ઝઘડા કરો તો ચારિત્ર મોહનીય કર્મ તૂટે.
- સંસાર, છોડવો તે કઠીન નથી. સંસારનું સુખ, સુખનો રાગ-છોડવો તે કઠીન છે.
- જેને પરની આશા છોડી દીધી, જેને કોઈની આશા નથી, જેને કોઈ જાતની વાસના નથી તે આ જીવને મોક્ષનો અહીં અનુભવ થાય.
- જેને સંસારનું સુખ ભૂંડું લાગ્યું. આત્મ સુખની સાધના માટે બધું છોડયું તે જ આત્મા શ્રી વીતરાગ દેવનું સાધુપણું ખરેખર પામે. પામવાના અભ્યાસ માટે ય છોડે તે ય ખરેખર સારો જીવ છે. દુનિયાનું સુખ મૂંઝવે, દુઃખ પણ મૂંઝવે ત્યારે પોતાને પામરતા સમજે તે ય ઉંચો જીવ છે.
- આપણને સામગ્રી સારામાં સારી મલી છે હવે સારા ન થઈએ તો ખામી આપણી છે. આપણા પુણ્યનો કે પુણ્યે મળેલ વસ્તુનો દોષ નથી.
- અમારે સંયમ જીવન જીવવા જે જોઈએ તે અનંત જ્ઞાનિની આજ્ઞા મુજબ મળે તો લેવાનું મને તેનો ઉપયોગ કરવાનો નહિ તો ચલાવી લેવાનું અને તમારે જીવવા માટે ધન જોઈએ તે નીતિ માર્ગે આવે તો લેવાનું- આ વિચાર નકકી થાય તો સમાધિ સ્થિર થઈ જાય.
- અશુભ ઉદયે વિપત્તિ આવે તો આનંદ થવો જોઈએ, સંપત્તિનો ખપ નથી, સંપત્તિમાં હર્ષ થી- આ સમાધિને પામવાનો સહેલામાં સહેલો ઉપાય છે.

જન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
25/04/2000

શાસન અને સિધ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं

उसभाइ महावीर पज्जवसाणाणं

પ.પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

વર્ષ ૧૨ | અંક ૩૭/૩૮

લક્ષ્મીનું સત્ફળ ગ્રહણ કરો !

लक्ष्मी : सर्पति नीचमर्णवपयः संगादिवाजभोजिनी,
संसर्गादिव कंटकाकुलपदा न कवापि धमे पदम् ।
चैतन्यं विषसन्निधेरिव नृणामुज्झासयत्यंजसा,
धर्मस्थान नियोजनेन गुणिभिर्ग्राह्यं तदस्यः फलम् ॥
(શ્રી સિન્દુર પ્રકરણ ગા. ૭૬)

લક્ષ્મી સમુદ્રના પાણીના સંગથી જ જાણે નીચ તરફ જાય છે, કમલિનીના સંસર્ગથી જ જાણે કાંટાથી યુકત પગવાળી તે કયાંય પણ સ્થિર સ્થાનને પામતી નથી. અને ઝેરના નજીકપણાથી જાણે મનુષ્યોના ચૈતન્યનો એકદમ નાશ કરે છે. તેથી ગુણવાન મનુષ્યોએ ધર્મસ્થાનમાં વાપરવા વડે જ આ લક્ષ્મીના ફળનો ગ્રહણ કરવું જોઈએ.

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

શ્રી સુમતિનાથસ્વામિને નમઃ

શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મુક્તિચંદ્ર-મહોદયસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ

મહારાષ્ટ્રનું માન્ચેસ્ટર મંચર

મંચર જૈન સંઘ આપનું ભાવભીનું સ્વાગત કરે છે

આરાધના ભવનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે

અમારું આંગણું પાવન કરો

ઉદ્‌ઘાટન દિન : વૈશાખ સુદ-૧૧ તા.૧૪-૫-૨૦૦૦ રવિવાર

● આજ્ઞા - આશીર્વાદ દાતા ●

મહારાષ્ટ્ર દેશોદ્ધારક - વ્યાખ્યાનવાચસ્પતિ - સુવિશાલગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ના પટ્ટાલંકાર

સુવિશાલગચ્છાધિપતિ - પરમશાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા

● નિશ્રા દાતા ●

મંચરસંઘના પરમોપકારી ગુરુદેવો

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજા

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા

પૂ. મુનિપ્રવર શ્રી અક્ષયવિજયજી મહારાજ

મુખ્ય ઉદ્‌ઘાટક :

શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શેઠ-અમદાવાદ

શ્રી મહારાષ્ટ્ર દેશોદ્ધારક પેઢીના પ્રમુખ મનસુખભાઈ રીખવચંદ શાહ- માલેગામ

● ગીત-સંગીત ભક્તિ કાર્યક્રમ : સંગીત સમ્રાટ અશોક ગેમાવત પાર્ટી - મુંબઈ

● ઉદ્‌ઘાટન નિમિત્તે ભવ્ય રથયાત્રા : વૈશાખ સુદ-૧૦ તા.૧૩-૫-૨૦૦૦ શનિવાર

■ નિમંત્રક ■

શ્રી મંચર જૈન સકલ સંઘ

સુમતિનાથ જિનાલય

મુ. પો. મંચર (જી. પૂના) પિન-૪૧૦ ૫૦૩ (મહારાષ્ટ્ર)

તા. ક. : પુના - નાસિક રોડ ઉપર પુનાથી ૬૦ કિ. મી. મંચર છે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061



વર્ષ : ૧૨) ૨૦૫૬ વૈશાખ વદ ૫ મંગળવાર તા. ૨૩-૫-૨૦૦૦ (અંક : ૩૭-૩૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

ઉત્પત્તિદોષ

વર્ત્તમાનમાં; 'કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરવાથી તે વસ્તુની ઉત્પત્તિથી માંડીને વસ્તુની પ્રાપ્તિ સુધીના બધા જ આરંભ-સમારંભનો દોષ લાગે છે'- એ પ્રમાણે ખૂબ જ વ્યવસ્થિત રીતે જણાવાય છે. એ અંગે થોડું સમજી લેવાનું ખૂબ જ આવશ્યક હોવાથી તે અંગે અહીં થોડી વિચારણા કરી છે.

પૂ. મુનિભગવન્તાદિ ચારિત્રસમ્પન્ન આત્માઓ અને ગૃહસ્થો : આ બે વિભાગને આશ્રયીને એ અંગે વિચારવું જોઈએ. ચારિત્રસમ્પન્ન આત્માઓ પોતાના માટે બનાવેલી કે ખરીદેલી કોઈ પણ વસ્તુનો ઉત્સર્ગમાર્ગે ઉપયોગ કરતા નથી. અપવાદે પણ કોઈ વાર પોતાના માટે બનાવેલી કે ખરીદેલી વસ્તુનો ઉપયોગ કરે તો પણ તે શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાની રક્ષા માટે કરતા હોય છે. માત્ર જૈનદર્શનકારે જ નહિ, જૈનેતરદર્શનકારોએ પણ સ્વીકાર્યું છે કે- વચનની આરાધનામાં જ ધર્મ છે અને વચનની અનારાધનામાં અધર્મ છે.

કોઈ પણ વસ્તુના, શ્રી વીતરાગપરમાત્માની પરમતારક આજ્ઞાથી વિહિત એવા ઉપયોગમાં પૂ. સાધુભગવન્તાદિને કોઈ પણ દોષ નથી. સર્વ સાવદ્યયોગથી વિરામ પામેલા ચારિત્રસમ્પન્ન આત્માઓ માટે વિહિત માર્ગ અને સર્વ સાવદ્યયોગથી વિરામ નહિ પામેલા ગૃહસ્થો માટે વિહિત માર્ગ : એ બન્ને એક પ્રકારના ન જ હોય - એ આપણે સમજી શકીએ છીએ. પૂ. સાધુભગવન્તો ગમે તેવા કપરા સંયોગોમાં પણ પોતાના શરીર નિર્વાહ માટે રાંધવા વગેરે જેવી કોઈ પણ પ્રકારની અર્થદંડની પણ પ્રવૃત્તિ કરતા નથી. તેથી તેઓશ્રીને પરમતારક શ્રી અરિહન્તપરમાત્માની આજ્ઞા મુજબ, પોતાના માટે નહિ બનાવેલી કે નહિ ખરીદેલી અને જીવાદિથી અસંસક્ત અચિત્ત એવી જ વસ્તુનો ઉપયોગ કરવાનો છે. એ વખતે વસ્તુ અનન્તકાયાદિ સ્વરૂપ નિષિદ્ધ ન હોય-એનો ખ્યાલ રાખવો જોઈએ. સામાન્ય રીતે કહીએ તો સાધુપણાની મર્યાદાદિનો વિચાર કરી ભગવાન શ્રી જિનેશ્વરદેવે વિહિત અશનાદિ અને વસ્ત્રપાત્રાદિનો ઉપયોગ કરવો જોઈએ. વસ્તુની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે.. ઈત્યાદિ જોવાનું પૂ. મુનિભગવન્તો વગેરે માટે વિહિત નથી. સામાન્યથી પણ સમજી શકાય છે કે સર્વથા આરંભાદિનો ત્યાગ કરનારા પુણ્યાત્માઓને, તેમના માટે નહિ કરેલા આરંભાદિનો દોષ ન લાગે. શ્રી વીતરાગપરમાત્માની આજ્ઞાની અપેક્ષા રાખ્યા વિના જેઓ નિર્દોષાદિ પણ વાપરતા હોય તે મહાત્માઓને તો તેનો (આરંભાદિનો) દોષ લાગે જ છે. કારણ કે આજ્ઞાની નિરપેક્ષતા સમગ્ર દોષની જનેતા છે.

વસ્તુના ઉપયોગમાત્રથી વસ્તુના આરંભાદિનો દોષ લાગે તો નિર્દોષ વસ્તુના ઉપયોગથી પૂ. મુનિભગવન્તાદિને પણ એ બધો દોષ લાગે એટલું જ નહિ, શ્રી કેવલીપરમાત્માને પણ એ દોષ લાગે. સર્વથા રાગાદિ દોષો જેમના ક્ષય પામ્યા છે તેઓશ્રીને તેમ જ

સર્વથા રાગાદિને આધીન બન્યા વિના આજ્ઞાનુસાર પ્રવર્ત્તનારા પૂ. મુનિભગવન્તોને વસ્તુની ઉત્પત્તિથી માંડીને તેના પરિભોગ સુધી કોઈ દોષ નથી. આજ્ઞાનિરપેક્ષપણે રાગાદિપરવશ બની કોઈ પ્રવૃત્તિ સુધી કોઈ દોષ નથી. આજ્ઞાનિરપેક્ષપણે રાગાદિપરવશ બની કોઈ પ્રવૃત્તિ કરે તો પ્રતિજ્ઞાભંગાદિ અનેક મુખ્ય દોષો લાગે. આવા વખતે આરંભાદિ દોષો તો ગૌણસ્વરૂપે આવી જતા હોય છે, એની અપેક્ષાએ પ્રતિજ્ઞાભંગાદિ દોષો ખૂબ જ મોટા છે.

સર્વથા આરંભ-સમારંભથી નિવૃત્તિને નહિ પામેલા એવા ગૃહસ્થોનો આચાર થોડો જુદો છે. અભક્ષ્ય અને અપેયનો ત્યાગ કરવાનું ગૃહસ્થો માટે વિહિત હોવાથી એવા ત્યાગી ગૃહસ્થોએ અભક્ષ્ય કે અપેયનો ત્યાગ કરવા માટે, પોતાના માટે રાંધવા વગેરેની પ્રવૃત્તિ કરવા દ્વારા ભક્ષ્ય અને પેય સ્વરૂપ વસ્તુ મેળવી લેવાનું જરૂરી બને છે. કારણ કે તેણે અભક્ષ્ય કે અપેય વસ્તુનો ત્યાગ કર્યો છે, અને પોતાના માટે રાંધવા વગેરેનો આરંભ નહિ કરવાની તેણે પ્રતિજ્ઞા કરી નથી. સર્વથા આરંભ-સમારંભથી નિવૃત્ત નહિ બનેલા ગૃહસ્થોને જેમ પૂજા, સાધર્મિક વાત્સલ્ય, શ્રી જિનાલય કે ઉપાશ્રયાદિના નિર્માણની આજ્ઞા છે તેમ પોતાના માટે રાંધવા વગેરેની પ્રવૃત્તિથી તે વિરામ પામેલા નહિ હોવાથી તેમને પોતાના માટે રાંધવાની પ્રવૃત્તિ કર્યા વિના છૂટકો નથી. તેમને ભિક્ષા માંગીને પૂ. મુનિભગવન્તોની જેમ નિર્વાહની આજ્ઞા નથી.

આવા સંયોગોમાં ગૃહસ્થોએ અભક્ષ્ય કે અપેયના વર્જન માટે પોતાના ઘરે જયણાપૂર્વક વસ્તુ બનાવીને જીવનનિર્વાહ કરવો જોઈએ. આથી વધારે આરંભ-સમારંભ કરવાનો તેમના માટે નિષેધ છે. રોટલી, દાળ, ભાત, શાક વગેરે ખાવાપીવાની સામગ્રી બનાવવી અને અનાજ, કરિયાણું, શાકભાજી વગેરે માટે ખેતી વગેરે આરંભ-સમારંભ કરવા : એ બેમાં ઘણું અંતર છે. ગૃહસ્થોને ખેતી વગેરે કરવાનો નિષેધ છે. ગૃહસ્થોને ખેતી વગેરે કરવાનો નિષેધ છે, જ્યારે રાંધવા વગેરેનો નિષેધ નથી. એ બે વચ્ચેની મર્યાદાનો ભેદ સમજ્યા વિના ખેતી વગેરે કરવાનું જણાવવું - તે શ્રી વીતરાગપરમાત્માના પરમતારક વચનાનુસાર નથી.

ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેય વગેરેના વિવેક માટે રસોઈ રાંધવા વગેરેની વ્યવસ્થાનો વિચાર કરતાં કરતાં ધાન્યાદિની ઉત્પત્તિ સુધીની વિચારણા કરવી ખૂબ જ અનુચિત છે. આવી જ વ્યવસ્થા, વસ્ત્ર, પાત્ર અને ઘર આદિ અંગે વિચારવી જોઈએ. પહેરવા માટે; કાપડ ખરીદવું પડે, વસ્ત્ર સિવરાવવાં પડે અને ધોવરાવવાં પણ પડે એનો અર્થ એ નથી કે એ માટે કપાસની ખેતી કરવી, સુતર કાંતવું અને કાપડ વણવું. વાપરવા માટે ચીજ-વસ્તુ ભરવા પાત્રની જરૂર પડે તે તે માટે ખરીદવાં પણ પડે. પરન્તુ એનો અર્થ એ નથી કે એને બનાવવાનું શરૂ કરવું. એ વસ્તુ તૈયાર હોય અને અકલ્પ્ય ન હોય તો તેનો તે તે રીતે ઉપયોગ કરી લેવાથી તે તે વસ્તુની ઉત્પત્તિનો દોષ લાગતો નથી. એ ગમી જાય એટલે એનાં વખાણ કરીએ, એને બનાવવાનું જણાવીએ તો ચોકકસ દોષ લાગે. આવી જ રીતે ઘર વગેરેમાં પણ સમજવું જોઈએ. રહેવા વગેરે માટે ગૃહાદિની જરૂર તો પડે પરન્તુ જ્યાં સુધી તૈયાર મળતું હોય ત્યાં સુધી નવું બનાવવાનો આરંભ-સમારંભ ન કરે.

વસ્તુનો ઉપયોગ કરવાથી દોષ લાગે જ- એ વાત બરાબર નથી. એ માન્યતા મુજબ તો શ્રી કેવલી પરમાત્માદિને પણ એવો દોષ લાગ્યા કરશે. 'તેઓ સર્વથા રાગ-દ્વેષથી રહિત છે અને પરમજ્ઞાની છે તથા સર્વથા આરંભાદિથી રહિત છે તેથી તેમને દોષ લાગતો નથી.' -આ પ્રમાણે કહેવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ છે કે રાગ, દ્વેષ, અજ્ઞાન અને આરંભાદિની અનિવૃત્તિ એ જ દોષનું કારણ છે, માત્ર વસ્તુનો ઉપયોગ કરવાથી દોષ લાગતો નથી. ડામરની સડક, રેલવે લાઈન કે નેળિયાં વગેરેમાંથી ચાલીએ તો તેની ઉત્પત્તિનો દોષ લાગે છે એમ માનીને રસ્તો છોડીને ચાલવાનું શરૂ કરવું પડશે. ભારે અજ્ઞાન છે ! આવો જ આગ્રહ હોય તો સાક્ષાદ્ વનસ્પતિકાયાદિ હોવા છતાં ત્યાં ચાલવાનું, પરન્તુ રોડ ઉપર નહિ ચાલવાનું ! નદી ઉપર પુલ બંધાયેલો હોય તો પણ નદીમાંથી જવાનું, કારણ કે પુલ ઉપરથી જવામાં તેની ઉત્પત્તિનો દોષ લાગે !! ભારે વિચિત્ર માન્યતા છે !.....

(નિર્વાણ પથ)

ADVICE is seldom welcome, and those who want it most always like it the least. **-Lord Chester field**

ANGER is short madness **-Horace**

All that glitters is not gold. **-Cervantes**

પ્રવચન - ચાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૭ શનિવાર તા.૧૫-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(શ્રી જૈનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અ.વ.)

अणाणाए एगे सोवट्ठाणा, आणाए एगे निरुव ट्ठाणा ।
एवं ते मा होउ, एअं कुसलस्स दंसणं ॥

(શ્રી આચારાङ्ग સૂ. ૧૬૬, અધ્યયન - ૫ ઉદ્દેશક - ૬)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલ શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવંત શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા અત્યાર સુધીમાં જે જે વાતો ફરમાવી આવ્યા તે તમે બરાબર સમજી જાવ તો કામ થઈ જાય. શ્રી અરિહંત પરમાત્માએ જે ધર્મ સ્થાપ્યો છે તે આ સંસારથી છૂટવાને અને મોક્ષને મેળવવાને માટે જ સ્થાપ્યો છે. આ વાત જેને સમજાય નહિ તેવા જીવો ધર્મ કરીને પણ સદ્ગતિમાં સદ્ગુરુનો યોગ મળે અને સમજાઈ જાય તો તેનું ઠેકણું પડી જાય પણ જે એ જાણવા છતાં પણ સંસારના સુખ આદિ માટે ધર્મ કરે તો સંસારમાં જ રખડે છે અને ધર્મ કરવાની ઈચ્છાવાળા પણ પ્રમાદમાં પડેલા જીવો પણ ધર્મ નહિ આચરીને અને ધર્મના નામે ઘણો ઘણો અધર્મ આચરીને સંસારમાં રખડે છે.

આ વાતમાં શ્રી આચારાંગ સૂત્રની સાક્ષી આપતાં ફરમાવે છે કે - કેટલાક એવા જીવો હોય છે કે જે પોતાની મતિ મુજબ ચાલે ચે. અને ઈન્દ્રિયોને આધીન બનેલા, વિષય-કષાયને પરવશ બનેલા જીવો ગમે તેટલું સાંભળે, સમજે તો પણ એમ જ કહે છે કે- મોક્ષ કોને જોયો છે ? માટે જે મળ્યું તે ખાઈ - પી, ભોગવી લો, મોજ-મઝાદિ કરી લો. માટે જ કહી આવ્યા કે- સમજવા છતાં પણ કેટલાક આ લોકના સુખ માટે અને પરલોકના સુખ માટે ધર્મ કરનારા ઉન્માર્ગગામી છે. તેઓ પણ તે માટે ધર્મ કરી કરીને સંસારમાં રખડવાના છે.

તે માટે સમજાવી આવ્યા કે - વાસુદેવપણું, પ્રતિવાસુદેવપણું નિયાણા કરનારને જ મળે. તેઓ સારામાં સારો ધર્મ કરે પણ કોઈ એવું નિમિત્ત પામીને ઈચ્છે કે - 'મેં જે ધર્મ કર્યો હોય તેનું ફળ હોય તો હું અધિક બળવાન થાઉં, આખી પૃથ્વીનો માલિક થાઉં...' તેના પ્રતાપે તે પદવી પણ મળે, વાસુદેવાદિપણામાં તેમને ભગવાન પણ મળે ભગવાનનો ધર્મ પણ સમજે, સમ્યક્ત્વને પણ પામે, પણ આયુષ્યબંધ વખતે તેમના પરિણામ બદલાઈ જાય અને નરકનું આયુષ્ય બંધાય અને નરકમાં જવું પડે. વાસુદેવાદિપણાની પદવી તે ઉત્તમ ગણાય છે છતાંય તેમને નરકમાં જ જવું પડે છે. તેવી રીતે ધર્મનું ફળ માગીને ચક્રવર્ત્તિપણાને પામેલો જીવ પણ નરકે જ જાય. આ વાત બરાબર સમજાય તો તમને ય સમજાઈ જાય કે - દુનિયાનાં સુખ જે આલોકનાં હોય કે પરલોકનાં હોય તેના માટે ધર્મ કરાય જ નહિ.

તેવી રીતે આ લોકના સુખ માટે ધર્મ કરનારાને જો આ લોકમાં જ ધાર્યું સુખ મલી જાય તો ધર્મ છોડી દે છે અને સંસારમાં લહેર કરી દુર્ગતિમાં જાય છે. મેં એવા જીવો જોયા છે જે જ્યારે સામાન્ય સ્થિતિવાળા હતા ત્યારે ધર્મ કરતા હતા, ધર્મ સમજવા મહેનત કરતા હતા. પણ સુખ પામ્યા પછી ધર્મની સામેય નથી જોતા. આજે જેઓ બહુ સુખી છે તેઓ ભૂતકાળમાં ધર્મ કરીને આવ્યા છે તેમાં શંકા નથી. જેને ધર્મ ન કર્યો હોય તેને દુનિયાનું સુખ પણ મળે જ નહિ. શાસ્ત્રે કહ્યું છે કે - 'दुःखं पापात्, सुखं धर्मात्' 'દુઃખ પાપથી, સુખ ધર્મથી' ભુતકાળમાં ધર્મ કર્યો હોય તેથી પૈસા મળે, ધાર્યું સુખ મળે, ઊંધા પાસા પણ સવળા થાય. પણ તેવા ઘણા સુખીઓને આજે ધર્મની વાત સાંભળવી પણ ગમતી નથી. તેવા બધા અહીંથી મરીને દુર્ગતિમાં જાય તેમાં નવાઈ છે ?

તેવી રીતે કેટલાક જીવો ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરવા ઈચ્છે પણ પ્રમાદી એવા હોય કે કશું કરે નહિ અને દુર્ગતિમાં જાય. ચૌદપૂર્વી પણ પ્રમાદી થયા તો જ્ઞાન ગુમાવ્યું ચારિત્ર ગુમાવ્યું, સમકિત પણ ગુમાવ્યું અને નરક - નિગોદમાં ગયા. આવા અનંતા ચૌદપૂર્વીઓ આજે નરક - નિગોદમાં છે. આ વાત બરાબર યાદ રાખો તો કામ

થાય. જે ધર્મ કરનારા ભલે આજ્ઞા મુજબ ધર્મ કરવા ઇચ્છતા હોય પણ જો તે ય ખાવા - પીવાદિમાં પડી જાય તો ધર્મ કરી શકે નહિ અને અધર્મ ઘણો ઘણો કરે. તેથી તેને ય દુર્ગતિમાં જવું પડે. પ્રમાદ એટલો ભયંકર છે કે જીવની સાચી સમજ પણ ખલાસ કરી નાખે.

ઘણાને ધર્મ ગમે ખરો પણ કરી કેટલા શકે ? પર્વતિથિ એ ઉપવાસાદિ તપ કરી શકો ને ? શાસ્ત્રે પર્વતિથિએ તો ખાસ તપ કરવાનો કહ્યો છે તો કેટલા જણા તપ કરે છે ? આજે માટાભાગને તિથિ તો યાદ જ નથી. તારીખ અને વાર બધાને યાદ હોય છે પણ તિથિ - ! ઘણા તો કહે છે કે - બે દા'ડા જાય ને તિથિ આવે તો તેની પંચાતમાંજ શું કામ પડીએ આપણે બધા ધારીએ તો તિથિએ તપ કરી શકીએ ને ? વિષય અને કષાય એ બે એવા મોટા પ્રમાદ છે જે બધા જીવોને વળગ્યા છે. તે બે જીવની પાસે ધર્મ કરાવે જ નહિ અને ધર્મ ન કરે તો ડહાપણ મનાવે. 'તપ તો અમારાથી થાય જ નહિ, તપ કરીએ તો આવું થાય.. તેવું થાય...' તેવું તમારી પાસે કોણ બોલાવે છે ? આવું જૂઠ તમારી પાસે કોણ બોલાવે છે ? તમે તપ ન કરવા માટે શક્તિ હોવા છતાં ય શક્તિ નથી તેમ બોલો ને ? આ કેટલું મોટું જૂઠ કહેવાય ? તમે ટીપ ભરવામાં પણ શક્તિ જેટલી ટીપ ભરો ખરા ? શક્તિ હોવા છતાંય શક્તિ નથી તેમ કહો ને ? કોઈ બહુ દબાણ કરે તો 'આવા બધાં કામમાં હું માનતો નથી' તેમ પણ કહો ને ? જેમ મોટાભાગમાંથી દાન ગયું, શીલ પણ ગયું તેમ તપ પણ ગયો છે. આજે મોટાભાગ નવકારશી અને ચોવિહાર રોજ તો નથી કરતો પણ પર્વતિથિએ પણ નથી કરતો.

તેથી આ ગ્રન્થકાર પરમર્ષિ શ્રી આચારાંગ સૂત્રની સાક્ષી આપીને સમજાવી રહ્યા છે કે - બે પ્રકારના જીવો હોય છે. તેમાં એક પ્રકાર એવો હોય છે જે ભગવાનની આજ્ઞા માનતો જ નથી અને જે બીજા પ્રકારના જીવો હોય છે. તે ધર્મ તો કરે છે પણ ભગવાને ના પાડી હોય તે રીતે કરે છે; તેથી તે બન્ને પ્રકારના જીવો ઉન્માર્ગગામી હોવાથી દુર્ગતિમાં જ જાય છે. તમારો અમારો નંબર શેમાં આવે છે ? આપણે આપણી જાતને તો તેમાંથી બાકાત કરવી છે તે માટે આ વાત ચાલે છે.

જે જીવ આ લોકના કે પરલોક ના સુખ માટે ધર્મ કરે- તે પણ સારામાં સારો ધર્મ કરે- તો પણ તે ઉન્માર્ગગામી છે તે વાત સમજાય છે ? તે ધર્મના પ્રતાપે જો નહીં સંસારનું સુખ મલી જાય તો આ લોકમાં પણ તે જીવો ધર્મ છોડી દે. પરલોકમાં તે સુખ પામે તો ત્યાંથી દુર્ગતિમાં જાય. દુર્ગતિમાં ગયા પછી કેટલો કાળ ભટકે તે કહી શકાય ખરું ? આવો મનુષ્યભવ હારી ગયા તો ફરી ક્યારે મળશે તેવી પણ તમને ચિંતા થાય છે ?

આપણને ખબર છે ને કે - આપણે મરી જવાનું છે. ઘણા સ્નેહી - સંબંધી - કુટુંબી આદિને મરતાં જોઈએ છીએ. તો મરીને ક્યાં જવું છે તેનો નિર્ણય કર્યો છે ? મરવાનું નક્કી હોવા છતાં મારે મરીને ક્યાં જવું છે તેનો નિર્ણય ન કરે તો માણસ કહેવાય ? તે ભણેલો કહેવાય કે બેવકૂફ કહેવાય ? જ્ઞાની કહેવાય કે મૂરખના સરદાર કહેવાય ? અહીં મનુષ્યોમાં પણ દુઃખી કેટલા છે અને સુખી કેટલા છે ? અહીં મનુષ્યોમાં પણ દુઃખી કેટલા છે અને સુખી કેટલા છે ? અહીં મનુષ્યોમાં પણ ઘણા ભુખે મરે છે, મહેનત મજુરી કરે તો પણ પૂરતો પગાર તો નથી મળતો પણ ઉપરથી માર ખાવો પડે છે. જ્યારે તમને બધું જ મલી ગયું છે. ખાવા - પીવા મળે છે, આટલી આટલી સંસારની સુખ- સામગ્રી મળવા છતાંય ધર્મ કરવાનું મન કેટલાને થાય છે ? ધર્મ નથી કરી શકતા તેનું દુઃખ પણ કેટલાને થાય છે ?

માટે જ મહાપુરુષો સમજાવી રહ્યા છે કે પોતાની મતિ મુજબ ચાલનારા, વિષય - કષાયને પરવશ પડેલા જીવો આ લોકમાંય સુખી થાય તો ય ધર્મની અવગણના જ કરે. આજનો મોટાભાગનો ધર્મી ગણાતો સુખી વર્ગ ધર્મની અવગણના કરનારો છે. તે જો બરાબર ધર્મ કરનારો હોત તો તેને જોઈ જોઈને બીજાને ધર્મ કરવાનું મન થાત. પણ આજનો સુખી એટલે માટેભાગે ધર્મમાં પાંગળો અને સંસારમાં બહાદુર ! વેપારાદિ માટે ભુખ્યા તરસ્યા રહે, અપમાન તિરસ્કાર વેઠે તેવો તમને અનુભવ છે. અને શક્તિ છતાંય ધર્મ નહિ કરનારા ય જીવંત છે તે બધો પ્રમાદનો પ્રતાપ છે. અને કદાચ કોઈ સારી રીતે ધર્મ કરે તો તે ય સંસારના સુખ માટે, માન-પાનાદિ માટે ધર્મ કરે છે. તેથી તે ઉન્માર્ગે ચાલે છે અને સંસારમાં રખડે છે. એક તો ઉન્માર્ગી છે અને બીજો સન્માર્ગી હોવા છતાં પણ પ્રમાદથી ધર્મ સેવે જ નહિ તેથી તે બન્ને ય દુર્ગતિમાં જાય છે.

આજના બહુ મોટા સુખી શ્રીમંતો તો મોટેભાગે ધર્મને માનતા જ નથી. આજે જેને ધર્મનો ટાઈમ નહિ તે મોટા કહેવાય ! આજના સુખી ધારે તો ત્રિકાળપૂજા, ઉભયકાળ આવશ્યક, સ્વાધ્યાયાદિ કરી શકે તેવા છે. પણ

તે સુખીનો મોટોભાગ આ બધો ધર્મ કરનારો છે ખરો ? જે ધર્મ કરનારા છે તે મોટે ભાગે શેના માટે ધર્મ કરે છે ? જે દુઃખી હોય છે તે અહીં સુખી થવા માટે ધર્મ કરે છે અને જે સુખી હોય છે તે પરલોકમાં સુખી થવા માટે ધર્મ કરે છે. તમને બધાને ખરેખર ધર્મ કરવાનું મન થાય છે કે શ્રીમંત થવાનું મન થાય છે ? તમે બધા પુણ્યયોગે શ્રીમંત થાવ તેનો વાંધો નથી. તમારી શ્રીમંતાઈથી અમે બળતા નથી પણ તમે અનીતિથી શ્રીમંત થાવ છો. તે અમને ખરાબ લાગે છે. તમે ભયંકર દુર્ગતિમાં જશો તે જોઈને અમે પણ જો તમને રોકવીએ નહિ, તમારી દયા ખાઈએ નહિ તો અમે પણ ભગવાનના સાચા સાધુ કહેવરાવવા યોગ્ય નથી. તમે દુનિયામાં સુખી થાવ તેમાં અમે રાજી નથી પણ તમે ડાહ્યા થાવ, જ્ઞાની થાવ, સમજુ થાવ તો અમને આનંદ થાય. ગમે તેમ કરીને સુખી જ થવુ છે આવી દશા હોય તે જૈન પણાંનું લક્ષણ નથી પણ કલંક છે; ભૂષણ નથી પણ દૂષણ છે. તેથી તમને ચેતવવા રાડો પાડીએ છીએ.

તમે કહો કે - 'અમારે આ દુનિયાનું સુખ જોઈતું નથી સંપત્તિ પણ જોઈતી નથી. તે બે જ અમારી પાસે પાપ કરાવનાર છે, અમને પાયમાલ કરનાર છે. તે બેથી કયારે છૂટા થઈ તે જ ભાવનામાં છીએ. અમારે તો વહેલામાં વહેલા મોક્ષે જવું છે તે માટે સાધુ જ થવું છે. અને જે કાંઈ દર્શન - પૂજન - સામાયિકાદિ ધર્મક્રિયા કરીએ છીએ તે સાધુપણું પામવા માટે જ કરીએ છીએ.' આવી ઈચ્છાવાળા જીવો કેટલા હશે ? ચારે પ્રકારના શ્રી સંઘમાં આવી ભાવનાવાળા જીવો બહુ ઓછા છે તે ખૂબ જ ખરાબ હાલત છે. અહીં આવાનારો વર્ગ તો આવી ભાવનાવાળો હોય તો અમને ગમે.

જે જીવોને ભગવાનની આજ્ઞાની દરકાર નથી, આજ્ઞા મુજબ કરવાનું મન થતુ નથી, આજ્ઞા સમજવાની ઈચ્છા પણ થતી નથી તે બધા જીવો તો સંસારમાં રખડવા જ સર્જાયેલા છે. મોટાભાગને આ વાત જ ગમતી નથી. કદાચ જાહેરમાં વિરોધ ન કરે પણ મનમાં ને મનમાં બબડયા કરે કે- 'સાધુઓને કશું ભાન નથી દેશ - કાળ સમજતા નથી, કેટલી વીશીએ સો થાય તે ખબર નથી.' આજે શ્રાવકમાં વ્રતધારી કેટલા મળે ? શક્તિ મુજબ તપ કરનારા કેટલા મળે ? સમકિત ઉચ્ચરનારા પણ કેટલા મળે ?

શ્રી આચારાંગ સૂત્રની વાત અર્થથી તો અસલમાં ભગવાને જ કહી છે. આપણે ત્યાં દરેકે દરેકે સૂત્રો આગમો અર્થથી શ્રી જિનેશ્વરદેવો જ કહે છે અને તેને 'શ્રી ગણધરભગવંતો શબ્દથી ગૂંથે છે. માટે દરેકે દરેક ધર્મ કરનારા આત્માએ સદ્‌ગુરુને પૂછી પૂછીને ધર્મ કરવાનો છે. ધર્મ ભગવાનની આજ્ઞા મુજબ કરે તો જ લાભ થાય. ભગવાનની આજ્ઞા શાસ્ત્રોમાં લખાયેલી છે માટે ગુરુના માથે પણ શાસ્ત્ર છે. સાધુની આંખ જ શાસ્ત્ર છે એમ કહ્યું છે. જેને માટે શાસ્ત્ર નહિ, શાસ્ત્ર મુજબ કરવાની ઈચ્છા નહિ અને શાસ્ત્ર મુજબ ન થાય તેનુ દુઃખ નહિ તે બધા વેષધારી છે તેમ શાસ્ત્રે કહ્યું છે, તેવાઓની તો છાયામાં પણ ન જવું જોઈએ એમ કહ્યું છે. જેને ખરેખર ધર્મ કરવો હોય તેને વાત વાતમાં ગુરુને પૂછવું જોઈએ ગુરુ કહે કે - આ આ ન થાય તો તે ન કરવું જોઈએ. ધર્મ કરવામાં પ્રમાદ પણ ન કરવો જોઈએ. જે ચીજ આપણાથી ન બની શકે તે કરવાની શ્રદ્ધા તો પૂરેપૂરી જોઈએ.

ધર્મ શા માટે કરવાનો છે ? મોક્ષ મેળવવા માટે, તે માટે સાધુ થવા માટે કે ઘર - પેઢી સારા ચાલે, સારી રીતે ખાઈ - પી શકાય તે માટે ? આખો દિવસ ખા ખા કરો તો તમને થાય કે 'હું અનાજના કીડા જેવો થયો છું, મારા જેવો અધમ બીજો છે કોણ ?' આવો પણ વિચાર તમને આવે છે ખરો ? ઘણા તો જેટલી વાર મળે તેટલી વાર ખાય, ચા પીએ તે બધા કેવા કહેવાય ? આજના મોટાભાગના જીવોનો સમય આ રીતે પસાર થાય છે. તેને ધર્મ કરવો ફાવતો નથી. તે ભગવાનનાં દર્શન- પૂજનાદિ પણ કરતા નથી. સુસાધુનો યોગ હોય તોય વ્યાખ્યાન સાંભળતા નથી અને કામ પડે તો ફુલની માળા પહેરવા આવી જાય છે ગમે તેવો મોટો શ્રીમંત હોય તો પણ તેને ધન કમાયા વિનાનો દા'ડો જાય તો દુઃખ થાય પણ ધર્મ ન થાય તેનું દુઃખ થાય ?

ક્રમશઃ

એક મિનિટ

'આ મોંઘા સેન્ડલ દેખાય છે તો સરસ પણ પહેરીને ચાલતા નથી ફાવતું.'

'બહેનજી, જેમણે સેન્ડલ પહેરીને પગે ચાલતા જવું પડે છે એમના માટે આ સેન્ડલ નથી.

-મુંબઈ સમાચાર

મહાભારતના પ્રસંગો

પ્રકરણ : ૬૭

-શ્રી રાજુભાઇ પંડિત

❖ દુઃશાસન વધ ❖

અને પંદરમાં દિવસના મધ્યાન્હ સમયે સૂર્યના આકરા તાપથી તપી ગયેલો હોય તેમ ક્રોધથી લાલચોળ થઈ ગયેલા દ્રોણપુત્ર અશ્વત્થામાએ ભયાનક ત્રાડ સાથે બોલવા માંડયું કે-

''જેમણે જેમણે મારા પિતાનો વધ કર્યો છે, કરાવ્યો છે અને કરનારને અનુમોદયા છે અને જેણે પણ મારા પિતાના વધને તેની સગી આંખેથી જોયો છે અને કાનથી સાંભળ્યો છે તે બધાંય સમજી લેજો કે આ અશ્વત્થામાના બાણો પાંચેય પાંડવો સહિત તે દરેકને મારા ક્રોધની ભડભડતી આગમાં બાળી નાંખીને ભડથા કરી નાંખશે. '' હું કોઈને પણ જીવતા છોડીશ નહિ''

આમ કહીને ભયાનક ધનુષ્ટંકાર સાથે રોષારક્ત અશ્વત્થામાએ ક્રોધ સહિત તીવ્ર વેગી બાણવર્ષા શરૂ કરી. તેના બાણના માર્ગમાં જેટલા સુભટો આવ્યા તે દરેકના એક સાથે એક જ બાણ તીવ્રવેગથી શિર્ષોચ્છેદ કરવા માંડયું. પાંડવ સૈન્યમાં હાહાકાર મચી ગયો.

આથી સફાચટ થઈ રહેલા સૈન્યને જોઈને તીવ્ર ઝડપથી અર્જુન અશ્વત્થામાની સામે ટકરાયો. ગાંડીવ પર ચડેલા અર્જુનના બાણોએ અશ્વત્થામાના બાણોનો ભાંગીને ભૂક્કો બોલાવી દીધો અને ઉપરા ઉપરી બાણો ચલાવીને અર્જુને શત્રુના રથ, સારથિ, ધજાને છેદી નાંખ્યા. આથી બન્ને વચ્ચે ભીષણ-સંગ્રામ શરૂ થયો. પણ પાર્થ આગળ અશ્વત્થામાના હાથ હેઠા પડયા.

આથી ક્રોધાયમાન થઈ ગયેલા તેણે આખા વિશ્વને સળગાવીને સાફ કરી નાંખનારૂ નારાયણાસ્ત્ર ફેંકી દીધું. ચારેકોર ભડભડ બળતી આગના ભયાનક ભડકા ફેલાતા ફેલાતા પાંડવ સૈન્ય તરફ આવવા માંડયા. પાંડવ સૈન્ય ચારેકોર નાસભાગ કરવા માંડયું. બચવાનો કોઈ આરો ન હતો.

આવા સમયે બન્ને હાથ ઉંચા કરીને શ્રીકૃષ્ણ વાસુદેવે મોટે મોટેથી કહેવા માંડયું કે- અરે ! સુભટો શસ્ત્રો તજી દો. રથ તજી દો. અને ભક્તિભાવથી આવી રહેલા આ નારાયણાસ્ત્રને નમન કરો. તો જ આ અસ્ત્ર તમને કશું કર્યા વિના શાંત થશે. અન્યથા તમને જીવતા સળગાવી દેશે.''

શ્રીકૃષ્ણ વાસુદેવની વાણીને એક એક સુભટ અનુસર્યો. આથી તે દરેક તરફથી નારાયણાસ્ત્ર શાંત થવા માંડયું. પરંતુ એક ભીમ કે જે ઘમંડનો પહાડ હતો તેણે કહ્યું- આ અસ્ત્ર મને શું કરી શકવાનું છે. મારી ગદાના એક જ પ્રહારથી હું તેને છિન્ન-ભિન્ન કરી નાંખીશ. જેને સમુદ્રો જેવા સમુદ્રો એક કોગળા જેવા છે, આ ઉંચા ઊંચા પર્વતો જેને મન એક માટીનું ઢેફું છે, અને આ આખી પૃથ્વી જેને માટે એક દડા જેવી છે એવા મને આ નારાયણાસ્ત્ર કરી શું શકવાનું છે ? હું તેને નહિ નમુ તે નહિ જ નમુ. શસ્ત્રો હેઠા નહિ મૂકું અને રથમાંથી નીચે પણ નહિ ઉતરૂં.'

આમ વિચારીને શસ્ત્ર સાથે રથમાં જ અક્કડ ઉભા રહેતા ભીમ તરફ તે નારાયણાસ્ત્રની અગ્નિ જવાળાઓ ધસમસતી આવવા લાગી. ધીમે ધીમે ભીમને ઘેરવા લાગી. ત્યારે કૃષ્ણ તથા અર્જુનનું તે તરફ ધ્યાન જતાં તરત જ બન્નેએ ભીમને બળાત્કારે રથમાંથી નીચે ખેંચી કાઢયો, શસ્ત્રો ઝૂંટવી લીધા અને અક્કડ રહેલા તે ભીમના માથાને બહુ જોર કરીને નમાવી દીધું. આમ થયું ત્યારે જ તે નારાયણાસ્ત્ર શાંત થયું.

આ રીતે પાંડવ સૈન્ય ઉપર નારાયણાસ્ત્રનો થયેલી નિષ્ફળતાથી વધુ જલદ બનેલા અશ્વત્થામાએ અગ્નિ-અસ્ત્ર ફેંકયું. ચારેકોર ફરી પાછો અગ્નિ પ્રસરવા માંડયો. પણ તરત જ અર્જુને વરૂણાસ્ત્ર ફેંકીને પાણીના પ્રચંડ ઘોધથી અગ્નિને શમાવી દીધો.

પોતાના દરેક અસ્ત્રોને શ્રીકૃષ્ણ તથા અર્જુને નિષ્ફળ કરી દેતાં અશ્વત્થામા અત્યંત ખેદ પામ્યો. તેને કૃષ્ણાર્જુનને જોતા જ મનમાં અનહદ રોષ વ્યાપી ગયો. તે જ સમયે રોષવ્યાપ્યા અશ્વત્થામાને કોઈ દેવ એ કહ્યું -''હે દ્વિજોત્તમ : નકકામો રોષ શું કરે છે ?'' આ તે કૃષ્ણ અર્જુન છે જેનો વિશ્વમાં કોઈ સામનો કરી શકતું નથી. દેવીની વાણીથી નિરાશ થઈને દુઃખી દુઃખ થયેલો દ્રોણપુત્ર સૂર્યાસ્ત થતા છાવણીમાં પાછો ફર્યો.

સતત બાર બાર પ્રહરના યુદ્ધથી થાકીને લોથપોથ થઈ ગયેલા ઉભયપક્ષના સૈન્યએ પંદરમા દિવસની રાતે ઘસઘસાટ ઉંઘ લીધી.

દ્રોણ વધ પછી કૌરવોએ કર્ણને સેનાપતિ બનાવ્યો

સોળમા દિવસની સવારે અર્જુન સાથે સંગ્રામ ખેલવા જઈ રહેલા રાધેય-કર્ણે યાચકોને ઈચ્છા મુજબ દાન દીધું. દાન દેતા દેતા જ કર્ણ શસ્ત્ર સજ્જ થઈને રથારૂઢ બનીને પાંડવો તરફ વેગથી ધસવા માંડ્યો. કર્ણના કાર્મુક = ધનુષે શત્રુનો સંહાર કરવા માંડ્યો. ત્યારે પાંડવ સૈન્યના હજી એના એ જ રહેલા સેનાપતિ ધૃષ્ટદ્યુમ્નને આગળ કરીને પાંડવો કર્ણ સામે જઈ રહ્યા હતા.

બીજી બાજુ ભીષણ રૌદ્ર બનીને દુઃશાસને પાંડવો સૈન્યનો સફાયો કરવા માંડ્યો. આથી રોષારૂણ ભીમ દુઃશાસનની સામે ટકરાયો બન્ને વચ્ચે ઘોર-સંગ્રામ શરૂ થયો. બન્ને એકબીજાને પરાસ્ત કરી રહ્યા હતા ત્યારે યુધિષ્ઠિર અને દુર્યોધન મનમાં પીડા પામતા હતા.

દુઃશાસનને જોઈને ભીમને દિવ્યસભામાં દ્રૌપદીના વાળ ખેંચીને વસ્ત્રો ખેંચીને પરેશાન પરેશાન કરી મૂકતો દુઃશાસન નજર સામે તરવરવા લાગ્યો. ભીમના ક્રોધના અનલને ભડકાવી મૂકવા આટલી જ ચિનગારી પૂરતી (કાફી) હતી.

ક્રોધથી ધમધમતા ભીમે બાણોનો પ્રચંડ મારો ચલાવીને દુઃશાસનના સારથિને આખા શરીરે વિંધિ નાંખ્યો. અને દુઃશાસનના રથના ચૂરેચૂરા કરી નાંખ્યા. પછી રથમાંથી નીચે ઉતરીને ભીમે તલવાર ખેંચી કાઢીને આગળ ધરી રાખીને રોષથી દુઃશાસનને જીવતો ઝડપી લઈને હાથ વડે રથમાંથી જમીન ઉપર ખેંચી કાઢ્યો. અને ભીમ બોલ્યો - ''કર્મ ચંડાળ ! મેલી દાનતના ! દૃષ્ટ ! કુરૂરાજના ઝેરી ઝાડવા ! નીચ ! દ્રૌપદીના વાળને ખેંચી નાંખનારો તારો એ કયો હાથ હતો ? બતાડી દે, મને નરાધમ ! લાવ તારો તે પાપી હાથ ! એમ કહીને દુઃશાસનના જમણા હાથને ભીમે પોતાના બન્ને હાથથી ખૂબ મચકોડયો અને પછી એક જ ઝાટકે છેક ખભા આગળથી તે હાથને જોરથી ખેંચીને ઉખાડી નાંખ્યો. દુઃશાસનની પીડાનો કોઈ સુમાર ન રહ્યો ખભા આગળથી ખેંચાયેલા દુઃશાસનના હાથમાંથી નીતરતી લોહીની ધારાથી ભીમ આખા શરીરે લોહી લોહી થઈ ગયો. દુઃશાસનના હાથ ખેંચી નાંખીને ઉખાડીને ફેંકી દીધા પછી દુઃશાસનના બાકીના શરીરના રૌદ્ર ભીમે ટૂકડે ટૂકડા કરી નાંખતા ત્રાહિમામ્ પોકારી ગયેલું કૌરવ સૈન્ય દિશે દિશામાં ભાગી છૂટયું.

આ સાથે જ સોળમા દિવસનો સૂર્યાસ્ત થતા યુદ્ધ અટકયું. દુઃશાસનના વધથી વધુ ખુશ - ખુશાલ થઈ ઉઠેલી દ્રૌપદી સમરાંગણમાંથી આવી રહેલા ભીમને અનિમેષ નજરે જોઈ રહી હતી ભીમે આવીને દ્રૌપદીને આલિંગન કરીને પોતાના હાથ દ્રૌપદીના માથાના વાળની વેણીને અડાડયોઃ

પછી ભીમે પહેલેથી છેક સુધીનો દુઃશાસનના વધનો વૃત્તાંત દ્રૌપદીને કહી સંભાળવ્યો. પરિવાર પાસેથી દુઃશાસનના વધનો સંપૂર્ણ વૃત્તાંત દ્રૌપદીએ જાણ્યો હોવા છતાં દિવ્યસભામાં પોતાની આબરૂ સામે થયેલા ચેડાની અંદરમાં ધગધગતી આગ કંઈક શાંત થતી હોવાથી દ્રૌપદી વારંવાર ભીમને તે વૃત્તાંત પૂછતી હતી અને ભીમ પણ પ્રસન્નતાપૂર્વક દ્રોપદીને તે વૃત્તાંત વારંવાર સંભળાવતો હતો.

દુઃશાસનના વધનો જે આનંદ પાંડવોને હતો તેનાથી કંઈ ગણો આનંદ આજે દ્રૌપદી માણી રહી હતી.

ક્રમશઃ

હાસ્ય લોજ

પંડિત (પ્રેમથી) - અરમાન ! ઉભો થા અંગ્રેજી કક્કાનો પંદરમો મુળાક્ષર કયો છે.

અરમાન - પંડિતજી હું એ જાણતો નથી.

(સાંભળીને ગુસ્સે થયેલા) પંડિત - અરમાન ! આટલું પણ નથી આવડતું એમ કહીને કેડમાં ચૂંટલો લીધો.

અરમાન - પંડિતજી ! ઓ... ઓ... અરમાનથી ચૂંટલાની વેદનાથી હળવી ચીસ પડી ગઈ

(સ્મિત કરતાં) પંડિત - હં હવે કેવું આવડયું પંદરમો અક્ષર ''ઓ'' છે.

રશ્મિકા.

બોધકથા

વૈરનો વિપાક

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રી જૈન શાસન જ્ઞાન - ક્રિયા ઉભયમય છે. એકલું જ્ઞાન પણ તારક બનતું નથી તેમ એકલી ક્રિયા પણ તારનારી બનતી નથી. જ્ઞાન અને ક્રિયાનો હૈયાપૂર્વકનો આદર જ આત્માનું કલ્યાણ કરનાર બને છે. માટે જ 'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ' કહ્યો. જ્ઞાની ક્રિયાના આદર - બહુમાનવાળો જોઈએ અને ક્રિયાવાન્ જ્ઞાનમાં ઉદ્યમિત જોઈએ. જ્ઞાનનું ફલ જ આચરણ છે. સાચો જ્ઞાની, જ્ઞાનનો જીવનમાં અમલ કર્યા વિના રહે નહિ.

આપણે ત્યાં શ્રી નયશીલસૂરિજી મહારાજાની વાત આવે છે. જેઓ બહુશ્રુત - ગીતાર્થ હતા પણ ક્રિયામાં શિથિલ હતા. તેમનો એક શિષ્ય ગીતાર્થ પણ હતો અને ક્રિયાની રૂચિવાળો પણ હતો. જ્ઞાની અને ક્રિયા સંપન્ન એ બેનો યોગ સોનામાં સુગંધ જેવો કહેવાય. શાસ્ત્રીય પરિભાષામાં જ્ઞાની અને ક્રિયાવાનની ચતુર્ભંગીમાં આ ભાંગો જ સર્વ શ્રેષ્ઠ ગણાય. તેની પાસે ધર્મના અર્થીઓ ધર્મ સમજવા આવતા. તે પણ આગમના રહસ્યોને ગંભીર પદાર્થોને સુંદર રીતે સમજાવતો તેમજ તેનું પાલન પણ કરતો તેથી ધર્માત્માઓ બધી રીતે માન -પાન, આદર - સત્કારથી તેની વધુને વધુ પૂજા કરતા, જ્ઞાન જેને પચે તે નમ્ર બને માટે તો જ્ઞાનીને પણ કલ્પવૃક્ષ કહ્યો જે વિનયી હોય તો. લોકોમાં થતી તેની વાહવાહ પૂજા - સત્કાર તે આચાર્ય શ્રી નયશીલસૂરિજી મહારાજાથી સહન થઈ શકી નહી ખરેખર ઈર્ષ્યા - અસુયા - મત્સર મહાત્માઓને પણ મૂંઝવે છે અને મતિનો વિપર્યાસ કરે છે. શિષ્યના ગૌરવમાં પોતાનું જ ગૌરવ વિચારવાને બદલે તેઓ માત્સર્યથી એવા ગ્રસિત થયા કે સાચું વિચારવા પણ શક્તિમાન ન બન્યા પણ હૃદયથી પોતાના તે સુશિષ્ય અને શ્રાવકો ઉપર દુર્ભાવ-મત્સર ધરવા લાગ્યા અને સંક્લિષ્ટ ચિત્તવાળા બની અશુભ ધ્યાન અને સંકલ્પ - વિકલ્પોથી દુઃખી થવા લાગ્યા. જો શિષ્યને રોકું તો શ્રાવકોમાં મારી નિંદા થાય તેથી મનમાંને મનમાં બળી, અર્ત્તધ્યાનથી પીડિત થઈ, તેમાં જ કાળ પામી તે જ જંગલમાં ભયાનક સર્પ તરીકે ઉત્પન્ન થયા.

ફરતા ફરતા એકવાર પોતાના શિષ્યોની સ્વાધ્યાય ભૂમિમાં આવી ગયા અને ત્યાં ફરવા લાગ્યા. જે શિષ્ય ઉપર હૈયામાં મત્સરભાવ રાખેલો તે સ્વાધ્યાય ભૂમિમાં જવા નીકળ્યો તો તેને અપશકુન થયા. સ્થવિરો ને વાર્યો. બે-ત્રણ વાર આવું બન્યું બધાને આશ્ચર્ય થયું. બધા તેની સાથે ચાલ્યા તેમાં તે જ સર્પની નજરે તે શિષ્ય પડ્યો તો ભયાનક ફણાટોપ કરી ગુસ્સાથી લાલચોળ થઈને શિષ્યને ડંખવા દોડયો. બીજા સાધુઓએ કોઈ પણ રીતે તેને રોકી લીધો. બધાને લાગ્યું કે - કોઈ સંયમનો શત્રુ અને વિરાધક શ્રામણ્યવાળો આત્મા હોવો જોઈએ.

કેટલાક સમય પછી તે પ્રદેશમાં કેવલજ્ઞાની પધાર્યા. તેમના શિષ્યો તેમને વાંદવા ગયા અને અવસર પામી તે સર્પની વાત કરી. કેવલીએ યથાર્થ વાત જણાવી તો બધાને આશ્ચર્ય થયું કે - આવા જ્ઞાનીની પણ આવી કારમી દશા, ખરેખર વૈરનો વિપાક કેવો વેદનાકારક છે આનાથી બચવાનો ઉપાય પૂછ્યો. કેવલી ભગવંતે કહ્યું કે - તમો બધા તે સર્પની પાસે જઈ વારંવાર ક્ષમાપના કરો તેથી તેમને જાતિ સ્મરણ થશે અને હૈયાથી પશ્ચાતાપ થશે અને તે વખતે ઉચિત ધર્મ કરે તે પણ સદ્ગતિનો ભાગી થશે.

તે બધા શિષ્યોએ પણ તે સર્પની પાસે જઈને તે પ્રમાણે કર્યું. સર્પને જાતિ સ્મરણ જ્ઞાન થયું. પોતાની ભૂલ સમજાઈ ખરેખર ઈર્ષ્યા - માત્સર્ય - અદેખાઈએ મારી કેવી અધોગતિ કરી. સાચા ભાવે ગહો - નિંદા - પશ્ચાતાપ કર્યો સર્પયોનિમાં વિશેષ તો કંઈ ધર્મની આરાધના કરું પણ અનશનનો સ્વીકાર કરી તેઓ પણ

અનુસંધાન :૩૦૬

કવિ ધનપાળ

પં. ચન્દ્રશેખર વિજયજી

રાજ ભોજની સભામાં બિરાજતા પંડિતોમાં કવિ ધનપાળ હતા. જન્મે બ્રાહ્મણ હતા. તેમના ભાઈ શોભનને જૈનાચાર્ય સર્વદેવસૂરિજીએ પિતા પાસેથી મેળવી લઈને જૈન દીક્ષા આપી દેતાં ધનપાળ બ્રાહ્મણ ખૂબ વિફર્યા. તેને જૈન ધર્મ ઉપર ભયંકર દ્વેષ થયો. ભોજરાજાની ધારા નગરીમાં જૈન સાધુઓના પ્રવેશ ઉપર સખ્ત પ્રતિબંધ મુકાવી દીધો.

ભાઈ શોભન, મુનિ શોભન બન્યા પછી ખૂબ ભણ્યા. કવિઓમાં શ્રેષ્ઠ તરીકે પંકાયા. તેમણે મોટાભાઈ ધનપાળનો ક્રોધ અને જૈન ધર્મ પ્રત્યેનો ધિક્કારભાવ દૂર કરવાનો વિચાર ગુરુદેવ સમક્ષ મૂકીને ધારાનગર જવાની અનુમતિ માંગી ગુરૂદેવે શુભ સ્વરોદય જોઈને સંમતિ આપી.

જે સમયે કવિ ધનપાળ રાજસભામાં ઘોડા ઉપર જતા હતા તે જ સમય પસંદ કરીને શોભન મુનિ તે જ માર્ગે આગળ વધ્યા. ધારણા મુજબ કવિવર સામેથી આવ્યા. જૈન મુનિને જોતાં જ તે ભડકી ગયા. તેમની બરોબર ઠેકડી ઉડાડવા કવિવરે તેમને કહ્યું, ''ઓ ગધેડા જેવા દાંતવાળા સાધુ ! તું સુખી છે ?'' (ગર્દભદન્ત ભદન્ત સુખં તે ?)

શીઘ્રકવિ શોભન મુનિએ તેવી જ નબળી ભાષામાં ધનપાળને તરત જવાબ દીધો, ''ઓ વાંદરો જેવા મોંવાળા મૈત્ર ! તું સુખી છે ને ? (મર્કટકાસ્ય વયસ્ય પ્રિયં તે ? ''

આવો જડબાતોડ જવાબ વળતા જોરદાર ફટકારૂપે આપનાર એ જૈનમુનિ ઉપર ધનપાળને સ્નેહ ઉત્પન્ન થયો. ઘોડા ઉપરથી નીચે ઉતરીને તેમના ખબર-અંતર પૂછતાં જાણવા મળ્યું કે એ મુનિ પોતાના સંસારી સગા ભાઈ શોભન પોતે છે.

હવે ધનપાળ કવિ સાવ ઠંડા ગયા. રાજસભા તરફ વિદાય લીધી.

ભિક્ષાનો સમય થતાં શોભન મુનિ ધનપાળને ઘરે જ ભિક્ષા થૈ ગયા. રાજનું કામ પતાવીને ધનપાળ ઘરે ભોજન માટે આવી ગયા હતા. હીંચકે બેસીને આરામ ફરમાવતા હતા.

ઘરે આવેલા ભાઈ - મુનિને તેમણે રસોડામાં પ્રવેશતા જોયા. પણ... ના કશો વિનય ન કર્યો, ઊભા પણ ન થયા.

ધનપાળનાં પત્નીએ ડબ્બામાંથી ચાર મોદક લીધા. મુનિના પાત્રમાં નાંખવાની તૈયારી કરી તે વખતે મુનિએ કહ્યું, ''આ મોદક મને ન ખપે.''

આ સાંભળીને રસોડામાં ધસી આવેલા ધનપાળે તેમને પૂછ્યું, ''શું લાડુમાં ઝેર નાખ્યું છે ? તે ના પાડો છો ?''

''હા... બેશક, એમાં વિષ મિશ્રિત કરાયું છે; તેથી જ ના પાડું છું.'' મુનિએ કહ્યું ધનપાળે પાળેલી બિલાડીને લાડુના બે કણ નાખ્યા. ખાતાંની સાથે બિલાડી બેભાન થઈ જતાં ધનપાળના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે મુનિને ભારે આદરથી પૂછ્યુ કે તમને આની કઈ રીતે ખબર પડી ?

મુનિએ રસોડાની બરોબર સામે આવેલા વૃક્ષ ઉપર ઉદાસીન બેઠેલું ચકોર પક્ષી બતાડીને કહ્યું કે, ''જ્યારે વિષમિશ્રિત અન્નને આ પક્ષી જુએ છે ત્યારે તે બેબાકળું બનીને આર્તસ્વર કરવા લાગે છે. એ સ્વર ઉપરથી મેં લાડુને વિષમિશ્રિત કહ્યા.''

(દૃષ્ટ્વાન્નં સવિષં ચકોરવિહગો ધત્તે વિરાગં દશઃ

ધનપાળ હંચમચી ઊઠયા. આજે આ જૈન મુનિએ પોતાનો જાન બચાવ્યાની કલ્પનાથી તેઓ તેમના અત્યંત ઋણી બની ગયા.

હવે ધનપાળનાં પત્નીએ દહીં આપવાનો વખત કર્યો, મુનિએ 'કેટલા દિવસનું દહીં છે ?' તેમ પૂછતાં ત્રણ દિવસનું કહ્યું. તરત મુનિએ તે લેવાની ના પાડી. ધનપાળ બોલી ઊઠયા, ''શું આની અંદર તમારા મહાવીરનાં જીવડાં ખદબદી રહ્યાં છે ? તેમ કહો છો ? ''

શોભન મુનિએ હકારમાં ઉત્તર દઈને અળતાનો રસ મંગાવ્યો. દહીં ઉપર તે રેડતાંની સાથે અંઢળક જીવો ખદબદતાં તેમાં દેખાવા લાગ્યા. ફરી ધનપાળ સ્તબ્ધ બની ગયા. તેમને જૈન ધર્મ ઉપર અસીમ માન થઈ ગયું

તેમણે જૈન ધર્મનો સ્વીકાર કર્યો.

હવે ધનપાળ સમ્યદૃષ્ટિ જ ન બન્યા; શ્રાવક થયા. જિનશાસનના પરમાર્હત્ શ્રાવક બન્યા. (ગૂર્જરેશ્વર કુમારપાળની જેમ.)

એક વાર તેમણે આદિનાથ ભગવંતનું ચરિત્ર આલેખતું આદિનાથ કાવ્ય તૈયાર કર્યું.

આ કાવ્યની રાજા અને પંડિતસભા ખૂબ કદર કરશે એવી ખાતરીથી ધનપાળ તે કાવ્ય રાજાને બતાવવા ગયા. ખરેખર સહુએ તેનું કેટલુંક વાચન કરીને ''અદ્‌ભૂત ! અદ્‌ભૂત !'' એવું એક અવાજે જણાવ્યું.

પણ રાજા ભોજે ત્રણ માંગણીઓ મૂકી. જો ધનપાળ તે સ્વીકારે તો લાખો સોનામહોરનું ઈનામ દેવાનું જણાવ્યું. તે ત્રણ માંગણી આ પ્રમાણે હતી (૧) ઋષભની જગાએ શંકર શબ્દ મૂકવો (૨) ભરતની જગાએ ભોજ શબ્દ મૂકવો (૩) વિનીતાની જગાએ ધારા નગરી મૂકવી.''

આ સાંભળતા જ ધનપાળ ખૂબ આવેશમાં ગયાં. તેમણે રાજાનું ભારોભાર અપમાન કરતાં કહ્યું કે, ''આવી સરખામણીને તમે કોઈ તલભર પણ લાયક નથી.''

આ સાંભળીને ક્રોધથી ધુંવાકુંવા થયેલા રાજાએ બાજુમાં સળગતા તાપણામાં તે આખુ કાવ્ય નાખી દઈને સળગાવી નાખ્યું.

ધનપાળ ઘરે ચાલ્યા ગયા. જે કાવ્યની એક જ કોપી હતી તે સ્વાહા થઈ જતાં અતિશય આઘાતથી તે કણસતા હતા. જમવા બેઠા પરંતુ કોળિયાનું ડચૂરો વળતો હતો. આંખો વારંવાર અશ્રુભીની થતી હતી.

પિતાને ભોજન પીરસી રહેલી દીકરી તિલકમંજરીની નજરમાં કશું અજ્ઞાન ન રહ્યું સઘળી વાત પિતા પાસેથી જાણી ત્યારે તે બોલી, ''પિતાજી ! જરા ય ચિંતા ન કરો. કાવ્યની કોપી તો મેં જ ઉતારી છે ને ? આપ બોલતા જતા હતા; હું લખતી જતી હતી આમને આમ આખું કાવ્ય કંઠસ્થ થઈ ગયું છે. થોડા જ દિવસોમાં હું તે કાવ્ય અક્ષરશઃ લખી આપું છું.''

દીકરીના આ તીવ્રતમ ક્ષયોપશમથી ધનપાળ સ્તબ્ધ બની ગયા. તેમના હૈયે હાશકારો થયો.

થોડા દિવસોમાં ફરી તે કાવ્ય કાગળો ઉપર ઊતરી ગયું દીકરીનું નામ અમર કરવા તે માટે તે કાવ્યનું નામ પિતાએ તિલકમંજરી રાખ્યું, જે આજે પણ ઉપલબ્ધ છે.

- મુક્તિદૂત

પાના નંબર..૩૦૪ થી ચાલુ

દેવલોકમાં ગયા. સાચાભાવે ભૂલોનો સ્વીકાર, ફરી નહિ કરવાનો એકરાર, અપરાધીને પણ પાવન કરી સદ્‌ગતિગામી બનાવે છે. ઈર્ષ્યા - અદેખાઈનો આવો અંજામ જોઈ તેને તો સો ગજના દૂરથી જ નમસ્કાર કરવા જોઈએ. આજે તો ઈર્ષ્યા - અદેખાઈ - મત્સરભાવના કારણે સારા સારા શાસન પ્રભાવક - રક્ષક મહાપુરુષોને પણ કેવા કેવા ચીતરવામાં આવે છે તે કોઈથી અજાણ્યું નથી. આપણે તેમાં ન આવી જઈએ અને આપણા આત્માની અધોગતિ ન થાય, આ મનુષ્યભવ હારી ન જઈએ માટે આપણે જ ખુબ સાવધ - સાવચેત રહેવાની જરૂર છે. પડતો કાળ છે, ઘણી બધી ખરાબીઓનું સામ્રાજ્ય ફેલાયું છે તો તે ખરાબીઓમાં મૂઝાવું નથી અને તે ખરાબી આપણાને અડી ન જાય તેની કાળજી રાખવી છે. આવું જો આપણું અંતઃકરણ થઈ જાય તો આપણા માટે આત્માકલ્યાણ છેટુ નથી. સુજ્ઞેષુ કિં બહૂના ?

પાના નંબર..૩૦૭ થી ચાલુ

સદ્‌ભાવનાઓને સાથી બનાવીશ તો તું શાશ્વત સુખનો સ્વામી બનીશ. માટે મારા વહાલા આતમરાજા ! તારે જો ઉર્ધ્વીગમન કરવું છે તો મનને સ્વવશ કર, સ્વાધ્યાય રૂપી અંકુશને ધારણ કર. ઈન્દ્રિયોની વાસનાને બાળી ખાખ કરવા માટે મનને સ્વાધ્યાયરૂપી સુધાના પાનથી તરબોળ કર. માટે જ આર્ષવાણી છે કે **'સ્વાધ્યાય સમો તવો નત્થિ'** - સ્વાધ્યાય સમાન કોઈ જ તપ નથી. સંસારથી તપ્ત જીવને ચંદનની અનુપમ શીતલતા બક્ષનાર આ સ્વાધ્યાય છે. સ્વાધ્યાયથી શ્રુતની આરાધના થાય છે, તેથી વિશિષ્ટ કર્મક્ષય થાય છે અને નવો નવો સંવેગનો રંગ પેદા થાય છે. સમકિત ગુણ નિર્મલ થાય છે, આત્મરંજન થાય છે. અને અનાદિથી રાગાદિથી પેદા થનારા સંકલેશનેપણ જીવ પામતો નથી. તેથી કર્મનો નાચ મટી જાય છે. તો નિર્મલ પ્રજ્ઞાના પટુ પ્રકાશના માર્ગે પ્રયાણ કરી, સ્વાધ્યાય મગ્ન બની આત્મગુણ સમૃદ્ધિને પામ. તે જ મંગલ ભાવના સહ સૌ સ્વાધ્યાય મગ્નતા પામી આત્મ ભાવનામાં લયલીન બનો તે જ શુભેચ્છા.

સંકલેશ મુક્ત : સ્વાધ્યાય પ્રીતિ

- ગુણ પરાગ

અનાદિથી આ સંસારરૂપી રંગભૂમિમાં વિવિધ સ્વાંગોને સજી આ જીવ નાચ કરી રહ્યો છે. કર્મ જ તેનો મુખ્ય સૂત્રધાર છે. કર્મને જ પોતાના ગાઢ કલ્યાણમિત્ર માની તેની આજ્ઞામાં જ ઇતિશ્રી માની જીવ તેના નચાવ્યો નાચ નાચી રહ્યો છે. જેમ મદારી મર્કટની પાસે ભિન્ન ભિન્ન ખેલ કરાવી આજીવિકા ચલાવે છે તેમ કર્મ જીવ પાસે વગર પૈસાનો ખેલ કરાવી ચાર ગતિ રૂપ સંસારમાં ચોર્યાશી લાખ જીવા યોનીમાં નાચ નચાવે છે. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર્યે શ્રી વીતરાગ પરમાત્મા આગળ આપણા સૌની પામરમાં પામર દશાને પણ વાચા આપી ગાયું કે- 'કર્મ નચાવત તિમહી જ નાચત.'

અવી રીતના સ્વાંગ સજતો જીવ કોઈ પુણ્ય યોગે મનુષ્ય ગતિ રૂપ ચૌટામાં આવે છે. સદ્‌ગુર્વાદિના સુયોગે કાંઈક ચેતના જાગે છે, શ્રદ્ધા પણ થાય છે અને આ સંસાર એ મારું સ્વરૂપ નથી પણ વિરૂપ છે. મારું શુદ્ધ - નિર્મલ સ્વરૂપ તો મોક્ષ છે. કર્મની પરવશતા કર્મની આધીનતા, કર્મનો જ કલ્યાગરો કંથ બનવાથી મારી આવી દુર્દશા થઈ. કર્મની આધીનતા એ મારી સ્વભાવ દશા નથી પણ એ તો મારી વિભાવ દશા છે. - આ વાતની પ્રતીતિ થયા પછી તે જીવ વિભાવ દશાથી વિમુખ થાને સ્વભવા - દશાની સન્મુખ બને છે. કર્મને પરમમિત્ર નહિ માનતા કર્મ જ આત્માનો દુશ્મન લાગે છે. તેની નાગચૂડ પક્કડમાંથી છૂટવા પ્રયત્ન કરે છે. ત્યારે આ કર્મનો નાચ કાંઈ મંદ પડે છે. પછી તેને આ સંસાર ખારે સાગર જેવો, ભયાનક દાવાનલ જેવો, કેદખાના જેવો લાગે છે.

સદ્‌ગુર્વાદિના યોગે આ મનુષ્યજન્મમાં આવ્યા પછી ભગવાનના વચન પર અવિચલ શ્રદ્ધા જન્મે છે. આ મનુષ્યભવ એ જ મુક્તિનું સાધન છે તેમ સમજાય છે. પા પા પગલી રૂપે પાપ સ્થાનકોનો પરિત્યાગ કરી વ્રતનિયમધારી બને છે. શ્રદ્ધાલુ આત્મા એ વાત તો સારી રીતના સમજે છે કે, સંયમી જીવનને પુષ્ટ કરવા, સફળ - સાર્થક કરવા તેમજ સંયમી જીવનને પામવા જો અદ્‌ભૂત રસાયણ હોય કે પરમ આલંબન હોય તો શ્રી વીતરાગ દેવની વાણી જેમાં ગુંથાયેલી છે તે પરમ તારક શાસ્ત્રોનો શાસ્ત્રોના પરમાર્થનો સ્વાધ્યાય કરવો તે જ છે. વ્રતનિયમાદિની સફલતા માટે સ્વાધ્યાય અનિવાર્ય જરૂરી છે. જીવવા માટે અન્ન એ ખોરાક છે તેમ આત્મા માટે સ્વાધ્યાય એ ખોરાક છે. જીવવા માટે પાણી - પ્રકાશ અને પવનની જરૂર પડે છે તેમ આત્મા માટે સ્વાધ્યાય જરૂરી છે. વ્રત - નિયમાદિને સફળ કરવા અને સર્વવિરતિને પામવા સ્વાધ્યાય એ શ્રેષ્ઠ સંજીવની છે. સંયમને ઉજ્જવલ કરવા અને આત્માનું સાચું હિત-કલ્યાણ કરવા માટે સ્વાધ્યાય એ પરમાન્ન આહાર છે, સાચી જડીબુટ્ટી છે.

સ્વાધ્યાયથી સંયમ શોભે છે, વિરતિના ગુણો વૃદ્ધિ પામે છે. સ્વાધ્યાય વિનાનું જીવન તો સંયમને ય બદતર બનાવે છે અને દૂષિત કરી દુર્ગતિના ખાડામાં નાખી આવે છે, પતનના પંથે પ્રયાણ કરાવે છે. ખરેખર તો ઇન્દ્રિયોરૂપી ચંચલ ઘોડાની લગામ, મન મર્કટને જ્ઞાનીની સ્વેચ્છાનું કૂળ વર્તાવનારી સાંકળ, વચન બળને નિરવદ્ય કરનાર પુણ્ય રૂપ સિદ્ધ યંત્ર, કાયાની કંચનની નફો મેળવવાની મોસમ હોય તો આ સ્વાધ્યાય જ ઉત્તમોત્તમ ઉપાય છે, જેમાં ખોટનો જરા પણ ડર નથી અને નફાનો પાર નથી. ગમે ત્યારે ગમે તે અવસ્થામાં ચિત્તને પ્રસન્ન બનાવવાનું સાધન સ્વાધ્યાય છે.

મનને મનન કર્યા વિના ચાલતું નથી પછી ચાહે તેને દુર્ભાવનાનું મેદાન મળે કે ચાહે સદ્‌ભાવનાનું સુરદ્રુમ મળે. જો મન દુર્ભાવનાના દુર્દાન્ત દાવાનલમાં દગ્ધ બને તો એની આજ્ઞાવર્ત્તી પાંચે ય ઇન્દ્રિયો છૂટી બની વાસનાના વિકટ વેરાન વનમાં ત્રેવીશ વિષયોના વિવરમાં વિલસે છે. પછી તો એવું તોફાન જામે - જાગે છે કે તેનો કાબુ તો દૂર રહો પણ બેકાબૂ બનેલી તે આતમરાજાને દરિદ્રીમાં દરિદ્રી બનાવી દુર્ગતિના દુર્ગના દરવાજા બતાવી દે છે. માટે જ કહ્યું કે - ઇન્દ્રિયોની આધીનતા દુર્ગતિનો માર્ગ છે અને ઇન્દ્રિયોનો વિજય સદ્‌ગતિની કૂંચી છે. જો તારે દુર્ગતિમાં ન જવું હોય અને સદ્‌ગતિની પરંપરા સાધી શિવસુંદરીના સાથી બનવું હોય તો સ્વાધ્યાયરૂપી રસાયણનું પાન કરી ઇન્દ્રિયોને તારી દાસી બનાવ માલીક બનેલી ઇન્દ્રિયોએ તારી જે દુર્દશા કરી છે, હજી કરી રહી છે તે સારી રીતના જો

અનુસંધાન : ૩૦૬

સાંપ્રતના શ્લોકો

શાસનનો એક ભડવીર સુભટ

- શૌર્યવાણી

સાધક બનવુ તોય સરળ છે. જ્યારે સુભટ થવા માટે તો સાધક બનવાની સાધનાનાય નોખમાં શરમના કાજળ આંજે તેવી એક અઘોર સાધના આવશ્યક બને છે. કારણ કે સાધકની સાધના પરિણામ ભાળીની હોય છે; જ્યારે એક સુભટ પોતાના જ પ્રાણનાશ ભાળી કૂચ કરી જાય છે. માટે જ સાધક બનવુ તોય સરળ ગણાય અલબત્ત ! સુભટ બનવુ સરળ નથી.

સાધક અને સુભટ, સમાન પ્રાયઃ શબ્દ ગઠન પામેલા આ બે શબ્દો છે. સાધક અને સુભટ, બન્ને પોતાના લક્ષ્ય તરફ ઝઝૂમે છે. બન્નેને અઢળક બલિદાન દેવા પડે છે. તફાવત તે બલિદાનના પરિણામનો નોંધાવા પામ્યો છે.

સાધક ! એક લક્ષ્યબધ્ધ સિધ્ધિને સર કરવા સાધનાના યજ્ઞ જલાવે છે.

સુભટ ! સિધ્ધિ નહિ, શહિદીની કુર-કાતિલ કંઠીને ભેટવા દોડે છે.

પોતાના પ્રાણપ્યારા લક્ષ્યની સિધ્ધિ માટે સાધકે જાતના સુખ-સૌન્દર્ય તેમજ સૌષ્ઠવનો બલિ ચઢાવવો પડે છે; પોતે જ પેટાવેલા સાધનાના યજ્ઞ પર... પણ સુખ-સૌષ્ઠવના બલિદાન પછી તો અવશ્ય તે પોતાની મનોરમા સિધ્ધિને ભેટી શકે છે. જ્યારે સુભટની કથા જ ન્યારી છે... તેના લક્ષ્ય સુધી તે પહોંચી શકે કે ન પહોંચી શકે, તે આદર્શોના આભ આંબવામાં સફળ નીવડે કે વિફળ, કિન્તુ જાતના 'સર્વસ્વ'નો બલિ વહોરી દેવો પડે છે, તેને પોતાની જ છાતી પર...

કેમ ન કહી શકાય ? સાધક કરતા સુભટને ચડિયાતો ?

હા ! વિશ્વના, સંસારના એકાદ સામ્રાજ્યનું સુભટપદ પણ જ્યારે આટ-આટલું બલિદાન માંગી લેતુ હોય, ત્યારે સંપૂર્ણ સંસાર પર જેનુ આજ્ઞાચક્ર ધરરાટ ઘૂમી રહ્યું છે, તેવા ત્રૈલોક્યેશ્વર શ્રી જૈનશાસનના સુભટ પદને પાત્ર બનવા તો કેટકેટલા લાખલાખોણા બલિદાન દેવા પડતાં હશે.

કોક વિરલ આત્માજ આ મહાશાસનનું સુભટપદ શોભાવી શકે છે.

કોક વિશિષ્ટ પ્રતિભા જ આ મહાશાસનનું સુભટ્ પદ ખોડી જાણે છે. તે એવો આત્મા, કે જેના અંગે અંગે આરાધનાની સુરભિ લહરતી હોય અને જેનુ અન્તર ઔદાર્યનો અફાટ બન્યું હોય...

આવા વીર સુભટો એ જ આ મહાશાસનની શાન બઢાવી જાણી છે. આ મહાશાસનને સલામત રાખી જાણ્યું છે. હા ! શાસનના તે વીર સુભટો એય ઈતિહાસના પટાંગાણ પર પોતાની સેના-શ્રેણિ ખડકી દીધી છે.

કશાંય હિચકાટ વિના જેને શાસનના સુભટપદની નવાજેશ અર્પી શકાય; તેવા નજદીકના જ ભૂતકાળ માં થઈ ગયેલા અનેક વીરાત્માઓમાં તેમનુ પણ અસ્તિત્વ હતુ

તે શાસન સુભટનું શુભાભિધાન હતુ. શેઠ અમરચંદ કુંવરજી શેઠ ન માત્ર તેઓ નામના હતા. કિન્તુ સ્વનામ ધન્ય તે શ્રેષ્ઠિના સત્કર્મો એ સમાજના સર્વ વર્ગોમાં પોતાની ધાક-ધાઈની પક્કડ મજબૂત રીતે જમાવી જાણી હતી. આ શેઠે માત્ર અટક પૂરતુ જ મર્યાદિત ન રાખતા શેઠપદને પોતાના જીવનમાં જીવંત બનાવ્યું હતું.

આથી જ તો તેમના નગરની અઢારે આલમોનાં આલાપમાં તેમનુ નામ કોક કાવ્ય પંક્તિની જેમ ચમકતુ રહેતું.

સૌરાષ્ટ્રની સંતભૂમિ પર સોહામણા શત્રુંજય તેમજ ગરવા ગઢ-ગિરનારની ગિરિમાળાઓમાં મધોમધ વિસ્તર્યું છે. સાવરકુંડલા.. ઈતિહાસ જેને કુંડલપુર નામે પોંકારે છે; તે અદ્યતન સાવરકુંડલાની ધીંગાણી ધરતી ઉદ્‌ભવેલા અને ઉછરેલા આ શ્રેષ્ઠીએ ધર્મને પણ પોતાના જીવનમાં પાટી પર કોતરાયેલા એકડાની જેમ ઘૂંટી કાઢયો હતો.

શ્રેષ્ઠિનું શ્રેષ્ઠત્તમ સૌભાગ્ય એ હતુ કે એમને જન્મજાત જૈનત્વ મળ્યુ પણ હતુ અને તેનુ જતન પણ થયુ હતુ. તો તે શ્રેષ્ઠિની શ્રેષ્ઠતમ શ્રેષ્ઠતા તે હતી કે જન્મ જાત સાંપડેલુ પણ જૈનશાસન તેમણે પોતાની રગ-રગમાં જલાવી જાણ્યુ હતું.

સાવરકુંડલાની વિશાળ વસતિના બરાબર મધ્યસ્થળે પૂર્ણજૈન સંઘના પ્રતિષ્ઠાનો વસ્યાં છે. તે જૈનશેરીના પણ શૃંગ સ્થળે આકાશમાં ઓપતા ચાંદની જેમ ચમકાટ વેરી રહ્યું છે; પંદરમાં તીર્થપતિ શ્રી ધર્મનાથ પ્રભુનુ ગગનચુંબી - શિખરબધ્ધ અને સંગેમરમરનું જિનાલય...

પી ધ્યાલયો-પાઠશાળા-આયંબિલભવન-ધર્મશાળા જેવી સ્થાવર અકસ્માયતો આ નાનકડા સંઘમાં પણ વિશાળ કદની સંપ ા બની રહી છે. સ્થાવર સહ જંગમ અકસ્માયતોની દૃષ્ટિએ નાનકડો પણ આ સંઘ અબાળ કથનને પાત્ર ઠરે છે.

બર ! શેઠ અમરચંદ કુંવરજી બાલ્યસમયથી જ ધર્મના મજીઠિયા રંગે રંગાયા હતા. તેમણે પોતાના તારુણ્યની કાર્યશક્તિ ધર્મશાસનની સેવામાં સમર્પી તેમણે સદ્‌ભાગ્યે સાંપડેલી પોતાની સંપદાને ધર્મશાસનની સંપદા બનાવી અને તેમણે પોતાના જીવનના ઉત્તરાર્ધને સંઘભક્તિનું અર્ઘ્ય રચી જાણ્યો.

વ્યાપારી આલમમાં પણ તેમનું અગ્રગણ્ય સ્થાન-માન હતું. સાવરકુંડલા માત્રમાં અને વિશેષતયા તેમાંય તત્રસ્થ શ્રી જૈન સંઘમાં વિશેષ સમૃધ્ધિમાન ગણાતું હતું. શેઠ કુટુંબ શ્રી અમરચંદ કુંવરજી શેઠ કુટુંબના અગ્રણી હતા.

શા ીનતા અને શ્રીમન્તતા તો તે કુટુંબનું ગર્ભગત વરદાન રહ્યું છે. તેથી શેઠ અમરચંદભાઈ પણ શ્રીમન્ત ધનિક બની રહે; તેમાં વિસ્મય શું ? સબૂર ! પણ તેમણે પોતાની શાલીનતાનો ઉપયોગ ધર્મયોગમાં સીંચી દીધો હતો; તેજ અનુમોદનીય વૃત્તાન્ત ગણાય.

યુગ પહેલાના તે સમયમાં સાવરકુંડલા જૈનસંઘ દ્વારા અજ્ઞાનવશ દેવદ્રવ્યનો દુર્વ્યય થઈ રહ્યો હતો. સંઘના કપાળે એક સમષ્ટીગત દોષનુ તિલક ચોંટયુ હતુ. દોષ પાછો સામાન્ય નહિ; દેવદ્રવ્ય જેવા અતિમાન્ય વિષયનો હતો. હા ! પણ સંઘના આ દોષાચરણમાં તત્કાલીન અજ્ઞાન જ પ્રમુખ કારણ બન્યુ હતુ.

સદ્‌ગુરૂદેવોનો સમાગમ પણ જ્યાં તે સંઘને સાંપડયો અને તેમની દેશનાનુ દર્પણ જ્યા તેમને જોવા મળ્યુ.. સંઘને પોતાના દોષનો પૂરે પૂરો ખ્યાલ આવી ગયો અને તે દોષ શુધ્ધિ માટે સજ્જ પણ બન્યે .

અ ત્તબત્ત ! દોષ શુધ્ધિ માટે જેવી-તેવી નહિ, હજારોની રકમ સંઘે ભરપાઈ કરવી પડે તેમ હતી. હજારોની શુધ્ધ સખાવત વિના દોષ શુધ્ધિ સંભવિત ન હતી. હજ્જારો પણ તે યુગના, જ્યારે ૧૧૦ રૂપિયાના મૂલ્યમાં ૧ તોલો સોનુ સાંપડતુ. જે મૂલ વર્તમાનનં દૃષ્ટિએ તો પાણીના ભાવ લેખાય. જે દશાબ્દીઓ પહેલાં ૧૧૦ રૂપિયામાં મળી શકતું. ૧-તોલાભાર સુવર્ણ આજે ૫૦૦૦ ન કેન્દ્રવર્તિ અંક પર રમે છે.

આવા સમયમાં હજ્જારો રૂપિયાની શુધ્ધ સખાવત સાંપડવી સુલભ તો કયાંથી ગણાય ? સુલભ્ય ન હતી; તે કાળમ સંપદાઓ અને તેથી જ તેની સખાવતો પણ સુલભ્ય હતી તેન કાળમાં શાસનના સૈનિકો, તેમની સેવા અને તેથી જ તે સેવાન સખાવતો.

બહુ મૂલ્ય ધરાવતા વર્તમાનકાલિન દાનવીરોન અલ્પપ્રાય: દાનની સામે પ્રતિપક્ષે ચઢેલુ અલ્પધનિક ભૂતકાલીન દાનવીરોનું બહુમૂલ્ય એવુ દાન સાચ્ચેજ શ્રધ્ધેય બની રહે તેવું છે

પોતાની જન્મભૂમિ સાવરકુંડલા જૈન સંઘના દેવદ્રવ્ય દોષને દૂર કરવામાં આવી જ શ્રધ્ધેયતા પોતાનો સિંહ ફાળ નોંધાવી ગઈ. જે સિંહફાળો નોંધાવનારી શ્રધ્ધેયતા અન્ય કો નહિ, શેઠ અમરચંદ કુંવરજી સ્વયમ હતા. આ શ્રેષ્ઠી તે સમયમ પુષ્કળ સુવર્ણ ધરાવતા હતા. પોતાના ઘરના તે સુવર્ણભંડાર અને આભૂષણાગારો તેમણે શ્રી સંઘના દોષને નામશેષ કરવ ઉઘાડી દીધા. સ્વયમ્‌ના અને સ્વ-પરીવારના તમા સોના-ચાંદીના રત્નમઢ્યા આભૂષણોનો વિક્રય કરી નાંખી તેન અકસ્માયતો તેમણે સંઘના ચરાણે ધરી. જે પૂરી રૂપિયા ૪૫,૦૦૦ નો આંક વળોટતી હતી. એજ ૪૫,૦૦૦ ની બહુ પુણ્ય અકસ્માયતોના કળશાઓ સાવરકુંડલા - સંઘની દોષભૂમિ પર ઢોળાઈ ગયા અને સુકૃતનાતે સલિલે સંઘસમસ્તનો દોષ દૂર કર્યો

ગણિત બુધ્ધિને જરા પ્રયોગાન્વીત કરીએ, કે ચાર-પાં દશાબ્દીઓ પૂર્વે પૂરા ૪૫,૦૦૦ નું દાન અને તેય પોતાન મંજૂષાના ભૂષણોની વેચાણનાની પજનુ.. શદ કે સામાન્ય મનીષા ન જ કરી શકે આવા દાન... તે તો શાસનના સુભટને જ પ્રણામ કરે.

શાસનના આ સુભટે ન માત્ર સીમાડા સંભાળ્યા, સ્વ-જીવનની આન્તરિક રક્ષાપણ એવી જ કરી છે. તેઓ મગનીદાળ અને રોટલી'એ બેજ દ્રવ્યો આરોગતા. અન્તના કેટલાંય વર્ષો સુધી તેમણે-અન્ય દ્રવ્યોનો પણ સોત્સાહ ત્યા કર્યો હતો.

જ્યારે આ શાસન સુભટના શરીરિ સન્ધ્યાની શીત ત્રાટક, ત્યારે તન-મન-ધનના સર્વસ્વનું તે સુભટે સમર્પણ કરી દેખાડ્યું, શાસનના ચરાણે માત્ર જીવન નિર્વાહ પૂરતા સાધનો સ્વાધિકર તળે રાખી, તેથી શેષ તમામ સંપદા તે શાસન ભક્તે સંઘની હથેળીમાં રમતી કરી દીધી.

આઘાતના નવા દ્વારો પ્રતિબન્ધિત કરી આરાધનામાં તેઓ કંટમાળ બન્યા. હા ! પણ ત્યારે સંઘના ઘરે ઘરમાં તેમની પ્રતિષ્ઠા થઈ ચૂકી. એકેકા સાધર્મિકની આંખે તેમના પ્રતિની અહોભાવના ઉભરી આવી.

સંઘના નાના-મોટા કોઈપણ આયોજનની ટહેલ પડે, ત્યારે સંઘાગ્રણીઓ ચોપડાના શ્રી ગણેશ આજ મહાનુભાવના નામ સાથે કરવા કટિબધ્ધ બન્યા હતા. એક ગ્રીષ્મના સમયમાં સંઘ-મહાજન તેમના નિવાસે પધાર્યું. લાખ્ખોનું બજેટ ધરાવતુ એક આયોજન સંઘ સમક્ષ પ્રસ્તુત બન્યુ હતું. અનેક દાન વંદનાની આહુતિ યા ચીલે તેવુ તે અફાટ કાર્ય હતું.

.....

મહાજનની સામાન્ય સભાએ અફાટના આકારો-અરમાનો અને તેની આરાધનાને કલ્પવા એકત્રિત થઈ. સકળસંઘ અલાયા સમુદાયમાં ઉપસ્થિત થયો. આગેવાનોએ એક શુભકાર્યના અરમાનો તરતા મૂક્યાં સંકલસંઘે તે અરમાનોને ઝીલી લીધા. તરતા કાર્યને ત્વરિત સ્થાયી બનાવવા સહુ કોઈ સંકલ્પ બધ્ધ બન્યા. કાર્યારંભના સંકલ્પને સાકાર કરવા કટિબધ્ધ કેટલાંય દાનવીરો સખાવતોની ગંગોત્રી વહેવડાવવા સજ્જ બન્યા.

અલભ્યત્ત સુકૃતનો શુભારંભ કરવા સંકલ્પિત બનેલી સભાને ત્યારે તે શાસનનો સુભટ સાંભરી આવ્યો. તેના ત્યાગ અને સંયમ, દાન અને માન બધાને ચમત્કારિક માન્યા. સહુના હૃદયમાંથી એક સમષ્ટીગત સાદ સરી પડયો, કે કાર્યપૂર્તિ-ભંડોળપૂર્તિનુ વરદાન મેળવતુ હોય તો, પહોંચી જાવ શેઠ અમરચંદ્રજી પાસે. તેમની પાઈ પાઈ એવી પ્રભુશક્તિ ધરાવે છે; કે તે જેનું નેતૃત્વ સ્વીકારે, તે સાધના સફળતાને સ્પર્શીજ રહે. તેમનુ ધન-ધર્મના ધ્રુવથી સીંચાયુ છે.

ઉગતે જ પ્રભાતે આગેવાનોનું પ્રતિનિધિ મંડળ પહોંચ્યું ; શેઠ અમરચંદ્રજીના સાનિધ્યમાં ગાદી-તકીયે ગોઠવાયેલા મહાજને એક વિરાટ કાર્ય માટે પોતાનો ખોળો પાથર્યો. શેઠ અમરચંદભાઈ વિચારોની કોક ઉંડાઈ પર પહોંચી ગયા. જ્યાંથી શબ્દો સરી પડયા કે "ભાઈ ! પાણ મારૂ પાઈએ પાઈનું ધન સત્ક્ષેત્રમાં વપરાઈ ગયુ છે. શી રીતે પહેલુ નામ નોંધાવુ ? મહાજન ! બીજા મુરબ્બીઓના મોટા આંકડા ૪ આ કાર્યને આરંભે એ ઈચ્છનીય છે.

શેઠ અમરચંદનો અવાજ રૂંધાયો ત્યાંજ મહાજનના હોઠ ફફડયા... "ઓ શેઠ શાસનના સુભટ ! તમારા નામના નેતૃત્વની અમારે જરૂર છે, નહિ કે નાણાની, તમારુ અલ્પ ધન પાણ જો નેતાપદે હશે, તો શાસનનું આ ઝોલક થતુ કાર્ય કાર્યાન્વીત બનીને અટકશે"

મહાજનના મુખ પર સ્મિત સહ શ્રધ્ધા તરી આવી

શેઠઅમરચંદ કુંવરજીની આંખોમાં કોક અગમના આંસુ ધસી પડયા. શેઠે બાંધી મૂઠીએ તે ઉઘડવા ઈચ્છતા કાર્યની મંજૂષામાં ગુપ્તદાન કરી તેના શ્રી-ગણેશ કર્યા, અને નરેશ્વર સાચા ભાવે લચી પડયા તે ધન કાર્યમાં પ્રાણ પૂર્યા.

ધન્ય તે શેઠ અમરચંદ કુંવરજીને.

ધન્ય તે શેઠની આન્તરિક અમીરીને...જે અમીરીના અંશની પણ ઉપલબ્ધિ આજે દહેશતના ઘૂંટ પીએ છે.

ઉખાણુ

(૧) અડ અડ કહેતાં અડું નહીં અડમા કહે તો અડું
છું હસતો સાથે હસું છું ને રડતા સાથે રડું છું.

(૨) પંદર દિવસ નાનો થાઉં પંદર દિવસ મોટ. થાઉં
રાત આખી દેખા દઈને સવાર પડતાં ભાગી જાઉં
આમ ભલે ને ઠંડો છું પણ, તો યે સુખ-દુઃખનો
જોડીદાર

(૩) પડી પડી પણ ભાંગી નહીં કટકા થયા મારા ચાર
ઝગમગતી ચૂંદડી ઓઢીને આવું છું કાળા નાર
આંખ ખૂલે ત્યાં ઉડી જાઉં મારી પાછળ મૂઠ ને
સવાર

જવાબ : (૧) હોઠ (૨) ચાંદો (૩) રત

સૌ. મુંબઈ ૨ માયાબ

શ્રધ્ધાનું સંશોધન

સમ્યગ્દર્શનને શતશત પ્રણામ:

ઘેઘૂર વટવૃક્ષના ગજકાય થડો તેની સામ્બેલાકાર શાખાઓ, તેની ફૂંડી બન્દેડાળીઓ, તેના સંખ્યાતીત પલ્લવભર્યા પાર્ણો, તેની કોમળતાના અવતાર સમી સેંકડો કુંપળો અને તે સર્વની વીંધારોની વસુધાપર વિસ્તરી એક ઘટાટોપ શીતળ અને શીળી છાયા... સુખ-શાન્તિના આ સર્વ અંગોને વૃક્ષ કહેવાય છે.. અલબત્ત ! એ વૃક્ષના અસ્તિત્વનો આધાર તો જમીનમાં છૂપાયેલા તેના મૂળો પર મીટ માંડી બેઠો છે.

બસ ! તેમજ સંયમની શાખાઓ ભર્યા.. પરીષહોના પાન ભર્યા કરૂણાનું કુંપળો ભર્યા અને સમતાની છાયા ધર્યા મોક્ષમાર્ગ સ્વરૂપ એક મહાતરૂનો જો કોઈ મૂલાધાર હોય તો તે છે શ્રી સમ્યગ્દર્શન. શ્રી સમ્યક્ત્વના મૂલાધાર ભણી પૂર્ણ-પરિપૂર્ણ મોક્ષમાર્ગ મીટ માંડીને બેઠો છે. માટે જ તો કલિકાલના શ્રુત કેવલી ભગવન્ત સમા શ્રી યશોવિજયજી મહોપાધ્યાયે પોકાર્યું... ''તે સમકીત રે તાજુ સાજુ મૂળ છે... તો વ્રતતરૂ રે દીએ શિવફળ અનુકૂળ રે...''

એજ મહાપુરુષે એક સ્થળે જણાવ્યું છે : સડસઠ બોલે જે અલંકરિયો, જ્ઞાન ચારિત્રનું મૂળ; સમકીત દર્શન તે નિતપ્રણમુ, શિવપંથનુ અનુકૂળ... ભવિકા ! સિધ્ધચક્રપદ વંદો.

શાસ્ત્રકારોના સેંકડો શબ્દોનો શ્વાસ બની બડભાગી બનેલા અને સાધકોના અન્તરમાં સંકલ્પ તરીકે સુપ્રતિષ્ઠિત બનેલા શ્રી સમ્યગ્દર્શનને શત-શત પ્રણામ... શત શત પ્રણામ...

શ્રદ્ધાનું સત્ય

જેમનું અનન્તજ્ઞાન વિશ્વવિજ્ઞાનની અગાધતાનુ સાક્ષાત્ કેન્દ્ર મંદિર હતું ; વિશ્વવાત્સલ્યમ શ્રી વીતરાગ ભગવન્તોએ ૧ જીવ. ૨ અજીવ. એમ બે મુખ્ય તત્ત્વોને આશ્રયીને નવવિધ તત્ત્વોનું સ્વસ્થાપન કર્યું, પ્રતિષ્ઠાપન કર્યું અને પ્રરૂપણ કર્યું.

તે સત્કથિત જીવોદિ તત્ત્વો, તે નવવિધ તત્ત્વોના મહર્ષિરચિત ભેદો, વિધાનોના સાક્ષાત્ પ્રબોધને જ તત્ત્વજ્ઞાન કહેવાય છે. જે તત્ત્વજ્ઞાનનો સમાનાર્થક શબ્દ તત્ત્વાર્થ' પણ હોઈ શકે. બસ ! આવા પરમ સત્ય અને પરમ પરમાર્થશીલ સનાતન સત્યો સિધ્ધાન્તો અને ત્રિકાલાબાધ તત્ત્વો પરત્વેની અવિચલ-અવિકાર્ય શ્રધ્ધાને જ જ્ઞાની ભગવન્તો શ્રી સમ્યગ્દર્શન' કહે છે.

માટે જ ભાષ્યકાર શ્રી ઉમાસ્વાતિજી વાચકવરે તત્ત્વાર્થાધિગમના બીજા જ સૂત્રમાં ગુમ્ફન કર્યું, કે ''तत्त्वार्थ श्रध्धानं सम्यग्दर्शनम्...'' ત્રિકાલજ્ઞાતા, ત્રૈલોક્યવિજ્ઞાત શ્રી ત્રિજગદીશ્વરોએ ચીંધેલા સર્વ તત્ત્વોની એકમેવ અને અખંડ શ્રધ્ધેયતના હાર્દિક એકરારને જ 'સમ્યગ્દર્શન' કહેવામાં આવે છે. શ્રી સમ્યગ્દર્શન કોઈ વ્યાપાર નથી. વાણિજ્ય નથી વિક્રય નથી કે અવકીય નથી. અલબત્ત ! તે તો છે અલખની ધૂને ચઢેલા નિર્મળતમ અન્તરનો વિશ્વાસ અને આશ્વાસ. જે વિશ્વાસના એક એક આશ્વાસમાં અરિહન્ત વાક્ય માત્રનો પરમાદર મૂર્તિમંત બને છે. શ્રીમદ્ અર્હદ્ભગવન્તો માત્રની જ પરમ શ્રધ્ધેયતા સજીવન બને છે. હા ! અને અન્તરના અવિચલ વિશ્વાસના એક એક આશ્વાસમાં જ્યારે આવી એકમેવ વીતરાગ વચનોની શ્રધ્ધેયતા સમીરણ બનીને ફૂંકાવા મંડે, ત્યારે સમ્યગ્દર્શનના ગુંજની સર્વશ્રેષ્ઠ ઉન્નતતા ભાણી આત્મા હરણ ફાળ ભરે છે. ત્યારે તે મહાત્માના મનને, તેના વચનને, તેના જીવનને, તેના સર્વસ્વ સંકલને સૃષ્ટિમાત્રનો જાણ જણાય છે. શ્રી સર્વજ્ઞ સંભાષણો... પ્રાણીમાત્રના પ્રયોજનોનો એક એવો પરમાર્થ, કે જે પરમાર્થની પૂજ્યતા અને પ્રબળતા અપરાજેય બની રહે; બસ ! તે પરમાર્થના નગ્ન દર્શન થાય છે ત્યારે તે મહાત્માને માત્ર પરમાત્મ પ્રવચનમાં... આત્માના અજર-અમર અર્થોના અક્ષર દેખાય છે તેને કેવલ કેવલી પ્રવચનોમાં...

હા ! અલખની વાટે કેસરિયા કરવા કદમ માંડતા તે કુશલાત્માનું મન, સ્તવન આર્થી જ તો આગમધરો એ ઉચ્ચાર્યું છે. આ રહ્યા તેના પડઘંદાઓ. एसे अट्ठे..एसे परमट्ठे..सेसे अणट्ठे હે નાથ ! હે પ્રિયપ્રીતમ ! આપની અગમ-આગમ વાણી જ સાચે બ્રહ્માંડનો અર્થ છે... પરમાર્થ છે... સીવાય આગમવાણી, સંસાર સઘળોય અર્થશૂન્ય બનતો દેખાય છે.

અધ્યાત્મના મારગડે ડગભરતા સાધકના અન્તરનો આ આદ્ય એકરાર છે.. સાધના જીવનમાં પાણ માંડતા નવોતરા સાધકની વિચારધારાને વાર્ણવવા તો કેટલાંય શ્લોકો ઉતરી આવ્યા છે; આગમધરોના અન્તરામ્બરમાંથી અક્ષરોની ઉર્વી પર... ચાલો ! વધુ એક શ્લોકામૃતનું પાન કરીએ.

त्रिकाल विदिभस्त्रिजगच्छरण्यै - जीवादयो येऽभिहिताः पदार्था, श्रध्धान मेषां परया विशुद्ध्या तद्दर्शनं सम्यगुदाहरन्ति "सुभाषितम्"

અર્થ : પૂજ્ય પુરૂષો શ્રી સમ્યગ્દર્શનના તેવા પ્રકારનું સ્વરૂપનું દિગ્દર્શન કરાવી રહ્યા છે, કે જે નિશ્ચલ શ્રધ્ધા સ્વરૂપ હોય, અને તે શ્રધ્ધા એટલે ત્રણેકાળના સર્વપર્યાયક- સર્વવિષયક વિજ્ઞાતા તેમજ ત્રણે જગતના જગજ્જન્તુઓ માટે શરણાધાર સમા શ્રી સર્વજ્ઞદેવોના વાક્યો પરત્વેનો અવિનાશ વિશ્વાસ.

અધ્યાત્મના પરમપન્થના પ્રારંભપાઠ 'શ્રધ્ધા' બને છે... ને.. ત્રિભુવનનાયક તીર્થંકરોના વચન વિશ્વાસથી જ શ્રધ્ધા સત્ય બને છે.

तत्त्वनुं तत्त्वचिह्नोत्सुकित सुकृतात्मः

શ્વાસે શ્વાસ ધબકારા ભરતી તત્ત્વોની શ્રધ્ધાને જ સમ્યગ્દર્શન કહેવાય છે... નિર્ભેળ સત્ય છે આ... નિર્દમ્ભ વૃત્તાન્ત છે આ... નિર્મળ ઉદ્બોધ છે આ... અલબત્ત ! તત્ત્વ એટલે ? તત્ત્વ કોને કહેવાય ? તત્ત્વો કેટલા ? આવી સમસ્યાઓ ત્યારે મનને મૂંઝવી મારશે. તેમાંય ખાસ કરીને તત્ત્વોની સત્યતાનો નિશ્ચય શું ? આ જ એક પ્રશ્ન અત્યન્ત અગત્યનો અને આપિજનક બની રહેશે.

ચાલો ! સમ્યગ્દર્શનના શ્વાસ સમા તત્ત્વોની તાત્ત્વિકતાની ઝલક સાંભળીએ. 'તત્ત્વ સાચુ તો તેને જ કહી શકાય કે છલાન્વેષી તથા છિદ્રાન્વેષી દૃષ્ટિ પાણ જેને દૂષિત કે દગ્ધ ન સાબીત કરી શકે'

પ્રત્યન્તકો અને પ્રાણવિરોધિ પરીક્ષકોની પ્રાણવેધી ચિંતનજર પાણ જેમાંથી પ્રાણ કે વમળનું એક ચિહ્ન ન ભાળી શકે તેને કહેવાય સત્ય તત્ત્વ ! કે જે ખંડ-ખંડ વિભાગ પામવા છતા યુક્તિઓ અને સંવાદોથી કિંચ માત્ર પાણ ખંડિત ન બને.

તત્ત્વ એટલે સ્વરૂપ. જે કોઈપાણ વિષય કે કોઈપાણ વસ્તુમાં અનિવાર્ય પાણે ઘરબાયેલુ હોય છે. સર્વ વિષયો-સર્વ પદાર્થો-સર્વ પ્રાણીઓની ભીંતરને જ કહેવાય છે તત્ત્વ ! પાણ એ ભીંતર જ્યારે શબ્દના બિબામાં તસવીર' બની આવિર્ભાવ પામે ત્યારે તેને આપાણે તત્ત્વ સ્વરૂપે ઓળખી છીએ. જે હકીકતમાં શબ્દ નહિ એક નિયત સ્વરૂપ હોય છે.

શબ્દોમાં સૂચવાતુ તત્ત્વ સત્ય અને સંપૂર્ણ ત્યારે જ બને કે એક સુજાત પુરુષના લાલિત્ય પૂર્ણ રૂપની જેમ જે મૂળભૂત અને મૌલિક હોય. મિથ્યાત્વનો અંશ પાણ જેને ન સ્પર્શી જાય. માટે જ તો શબ્દોમાં ગુમ્ફન પામતા તત્ત્વોની ભીંતરી તાત્ત્વિકતાને તપાસવા તેની પાણ ત્રિવિધ પરીક્ષા દર્શાવવામાં આવી છે.

तापच्छेद कषैः शुध्धं सुवर्णमिवयद् भवेत्;

युक्ति - सिध्धान्त युक्त त्वात्तत्तत्त्व मभिधीयते.. ॥ न्यायसूत्र ॥

ખાણમાંથી હાથવગા થયેલા કે ખોદાણ કરતા જડી ગયેલા પીળાપાટ પીતવર્ણી પદાર્થને સુવર્ણ નથી ગણવામાં આવતો. અલબત્ત ! સુવર્ણના ગિરિભાગમાંથી પ્રગટ થયેલા પાણ કંચનની કસોટી લેવામાં આવે છે. એય પાછી એક નહિ ત્રાણ ત્રાણ પ્રકારે. કસોટીની ત્રાણ-ત્રાણ એરાણો પર ચડીને ઉત્તીર્ણ પૂરવાર થઈ શકતુ દ્રવ્ય જ સુવર્ણ લેખી શકાય છે. બસ ! તેમજ શબ્દમાત્ર શાસ્ત્ર નથી બની જતા. શબ્દોમાં છૂપાયેલા તત્ત્વ સ્વરૂપ શાસ્ત્રને ખોળી કાઢવા માટે તો પરીક્ષાના ત્રાણ-ત્રાણ પ્રકરો સજ્જ બનાવવા પડે છે.

૧. કષ, ૨. છેદ, ૩. તાપ જેવી ઉતરોત્તર આકર પરીક્ષામાં કષાઈને છેદાઈને અને ભુંજાઈને પાણ જે ધાતુ શુધ્ધતાનો અંશ ન ત્યાગે તે સોનુ બને છે. બસ ! તેમજ તેવી જ ત્રાણ પરીક્ષામાં કષન - છેદન અને દહન પામ્યા પછી પાણ અવિચલ અને અખંડ ઉભા રહી શકતા પદાર્થને તત્ત્વ કહી શકાય છે.

ઉપરોક્ત ત્રિવિધ તત્ત્વપરીક્ષાના ખંડો- પાસાંમાં શાસ્ત્રોના ઢેરમાં ઠેર-ઠેર પ્રકાશ પામ્યા છે. વિષય વિસ્તારની ભીતિથી તેનુ અવલોકન નિષિધ્ધ રાખીએ. અલબત્ત ! તેના સામૂહિક સારનો વિચાર જરૂર કરી શકાય છે.

શાસ્ત્રોના શબ્દોમાં રહેલા તત્ત્વ કાંચનની કાયાની મૌલિકતા-મર્તિતા તપાસતી ત્રિવિધ પરીક્ષાનો સ મૂહિક સાર જો કોઈ હોય તો તે છે. વિસંવાદનું સંશોધન અને વિસંગતિનું પરિમાર્જન.

આદર્શ, આચાર, અનુષ્ઠાન કે અપવાદની દૃષ્ટિઓ પૈકી કોઈપણ દૃષ્ટિના એકસ-રેથી ઝડપાવા છતા જેનું તસ્વીરમાં વિસંવાદ-વિસંગતિની કલથરી ન પડી ગઈ હોય તે સાચુ ફલુ તત્ત્વ છે.

વાચક ! એકમાત્ર શ્રી જૈન દર્શન અડીખમ ઉભુ છે. વિસંવાદ અને વિસંગતતાઓના વાયરા સામે ઉરસ્પર્ધીને.. તેના એકાદ અંગ કે અવયવમાં પણ પારસ્પરીક વિરોધ નથી જડી શકતો. તત્ત્વ વ્યવસ્થાના પરિપકવ પ્રબન્ધની બાબતમાં શ્રીમજ્જૈનેન્દ્ર શાસન બે જોડ છે.

અલબત્ત ! શ્રી જૈનેન્દ્રમત સીવાય પણ અનેક દર્શનવિદોએ તત્ત્વ વ્યવસ્થાપનના પ્રાસાદ તો ચણ્યા છે. પરન્તુ તે પ્રાસાદો પોતાની જ વિસંગતિઓના ભાર તળે કાટમાળ થઈ જતા કાલીપણનોય સમય નથી લેતા. જ્યારે ત્રિવિધ પરીક્ષાની એરણે ચઢેમને બિરાજમાન કરવામાં આવે.

સાંખ્ય-બૌધ્ધ-કણાદ-કાંપીલ્ય-વેદાન્ત-શૈવ જેવા દર્શનોનો ધર્મો તત્વ પરીક્ષાના મેદાન પર પરાભૂત બને છે. જ્યારે એક જે સ્યાદવાદ મત,ત્રિવિધ પરીક્ષાના પાણીપતમાં તેના પરાક્રમનું એવુ પ્રદર્શન થયુ છે; જે વિશ્વ સમસ્ત મૂક સાક્ષી ભરીને પણ તેને 'પ્રમાણિત' જાહેર કરી દે.

જૈન દર્શન એકમાત્ર, પ્રમાણપ્રાપ્ત દર્શન છે. કારણ કે તેના એકેય પેરેગ્રાફમાંથી વિસંવાદની બૂ' આવી શકતી નથી.

માથી જ તો કલિકાલ સર્વજ્ઞભગવાન અન્તરના અફાટ પર ધૂધવાટ વેરતી સંવેદનાઓને 'અન્યયોગ વ્યવચ્છેદિકા' નામક સ્તુતિ સર્જિત દ્વાત્રિન્શિકામાં શબ્દ દેહ આપ્યો છે.

अपक्षपाते न परीक्षमाणाः द्वयं द्वयस्याऽप्रतीमं प्रतीमः ;
यथास्थित र्थ प्रथनं तवैत - दस्थान निर्बन्ध रसं परेषाम् ... ॥

-अन्ययोगव्यवच्छेदिका

' પક્ષપાત નામના પબિતને પીંરમાં પોઢાડી દઈને જ્યારે પરીક્ષાના પ્રવાસ પ્રારંભીએ છીએ... જૈન દર્શન અને અન્યદર્શનોનો... ત્યારે બન્ને પક્ષ તરફથી એક સમાન અનુભૂતિનો અહેસાસ થાય છે અને તે અપ્રતીમતાનો - અજોડતાનો ,અલબત્ત ! જૈન દર્શનની યથાર્થતા અપ્રતીમ બની છે તો ઇતર સર્વ મતોની નિરર્થકત અપ્રતીમ બની છે.''

તો સમ્યગ્દર્શનનો સૂર્ય મિથ્યાત્વના ઘનઘોરમાંથી પ્રગટ થઈ ને રહે, જો કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચન્દ્રાચાર્યનો ઉપર્યુકત ઘોષ આપણા અન્તરનો અવાજ બની રહે.

એ વિસંવાદ એ તત્ત્વોનો સજાગ-સચેત આત્મા છે. જ્યારે વિસંવાદ અને વિસંગતિ એ તત્ત્વોનું અવસાન છે. યુક્તિયુક્તતાથી ભ્રષ્ટ બનેલા તત્ત્વદેહો નિષ્પ્રાણ - નિશ્ચેષ્ટ - નિશ્ચેત કલેવર ગણાય છે. જેને પીંખવાની જેને પૂજવાની કે જેને પામવાની મનઃ કામના અને મહાસાધના આત્માની અધમાધમ ગીધવૃત્તિનું નગ્નતાંડવ ગણાય. જ્યારે અવિસંવાદ પૂર્ણ અને યુક્તિ યુકત તત્ત્વોના સજાગ-સચેત શરીરની સાધના - સેવા શરણાગતિ અને સ્વીકૃતિ, આત્માનો અજર - અમર પ્રણય બને છે. આત્માની તે સાચી સ્નેહ પ્રકૃતિ છે.

કઈ છે મનસૂફી ? જરા આત્માની ભીંતરને ઢંઢોળીને જાણી લઈએ. તેને અધમગીધવૃત્તિ વ્હાલી છે ? કે ઉત્તમ સ્નેહ પ્રકૃતિ ? આશા રાખીએ કે મૃતક નહિ, મૂર્ત પ્રકૃતિ પર તે પ્રણય કરશે, અને પછી દોટ મૂકીએ, શ્રી સર્વજ્ઞ વાક્યના વૈભવની શરણાગતિ તરફ.

શ્રી જિનશાસનામૃત

— શ્રી જૈનશાસન પ્રમાણ પ્રતિબધ્ધ શાસન છે. તે પ્રજ્ઞાની પ્રેરણા ને નકારી કાઢે છે અને પ્રમાણની પ્રેરણાને ઝીલતા જ વચનોનું પ્રકાશન કરે છે.

— શ્રી જૈનશાસન એક મહામન્દિર છે. મહામન્દિરનું તે સંગેમરમરનુ સ્થાપત્ય સત્યોના સ્થંભોને આભારી બન્યુ છે. સત્યોની સુદૃઢ આધારશિલા નષ્ટ બની જતા તે મહાસ્થાપત્ય અચૂક ધરાશાયી બની જાય છે. સીધાય સત્યોના આધાર સ્થંભ, શ્રી જૈન શાસન સ્વરૂપ મહાકાયમન્દિરનું સંગઠન કરવાની શક્તિ અન્ય કોઇમાં નથી જ સંભવી શકતી.

— શ્રી જિનશાસનનો આરાધક ભોગ નહિ, ત્યાગનો પ્રેમી હોવો ઘટે, પ્રભાવ નહિ પ્રમાણનો પૂજારી હોવો ઘટે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.નું જામનગરમાં ચાતુર્માસ

પૂ.શ્રી જામનગર શેઠ છગનલાલ ખીમજી ગુઢકા,શ્રીમતી કાંતાબેન છગનલાલ ગુઢકા, શ્રીમતી દેવકુવરબેન મોતીચંદ ગુઢકાના જીવિત મહોત્સવ પ્રસંગે ચૈત્રવદ ૧૧ રવિવાર તા. ૩૦-૪-૨૦૦૦ નાં ઓસવાળ કોલોનીમાં સામૈયા સાથે પધાર્યા. પ્રવચન વખતે જામનગરનાં સંઘોએ ચાતુર્માસ માટે વિનંતી કરતા જામનગરની જય બોલાવ હતી. પૂ.શ્રી પર્યુસણ સુધી ઓસવાળ કોલોનીમાં અને પર્યુસણ પછી દિગ્વિજય પ્લોટ પધારશે.

પત્ર વ્યવહાર : C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૧-દિગ્વિજય પ્લોટ, જામનગર

ત્રિ-વેણી

વહેણ : ૧ - સુવાક્ય

(૧) વાયદાખોરી, જેના શબ્દ કોષનુ મુખપૃષ્ઠ પણ ન ઉઘાડી શકે, તેને કહેવાય - સાચ્ચો વ્યાપારી... !

(૨) વાંછાવૃત્તિ જેન મનના એકાદ અંશને પણ ખરડી ન શકે; તેને કહેવાય - સાચ્ચો વિરાગી-વિરતિધારી... !
બસ ! તેમજ

(૩) વિકૃતિઓ જેના પડછાયા પર પણ પગરણ પાડી ન શકે; તેવી હોવી ઘટે-શીલવન્તી નારી... !

વહેણ : ૨ - લઘુચિન્તન

वासांसि जीर्णानि यथा विहाय, नवानि गृहणाति नरोऽपराणि ;
था शरीराणि विहाय लोके, अन्यानि संयाति नवानि देही... ॥

સર્જન, જો સૃષ્ટિનો શ્વાસ લેખાય તો વિસર્જનને સૃષ્ટિનો ચ્છવાસ કહેવો રહ્યો. સૃષ્ટિની અન્દર સર્જન અને વિસર્જન ાણથક ગતિએ દોડતા જ રહે છે. નથી તો એકાદી પળ પણ એવી જડી શકતી; કે જે પળ પર સર્જન' નામના સૃષ્ટિના એક ધ્યાયે પોતાનુ પ્રભુત્વ ન પ્રસ્થાપિત કર્યું હોય. તો નથી તો એકાદી પળ એવી પણ મળી શકતી; કે જે પળ પર વિસર્જન' નામના સૃષ્ટિના જ બીજા અધ્યાયે પગદંડો ન જમાવ્યો હોય.

કાળના મહાકાય ચક્રની ઘૂમતી રહેતી એકેકી ધરી પર સર્જન તેમજ વિસર્જન બન્નેયના રણકારો વણથંભ્યા વેગે રણકયાં જ કરે છે.

સૃષ્ટિની પૂર્વક્ષાણ જે સર્જનને ગાણવી પડે;
તો સૃષ્ટિની પશ્ચિમ ક્ષાણનો તાજ પણ વિસર્જન'ના શિરે ચોક્કસ ચઢાઈ રહે.

સૃષ્ટિનો ઉદયાચલ જો 'સર્જન' નામના કાર્યને માનવામાં આવતો હોય;
તો તેજ સર્જન નામના ઉદયાચલનો પ્રતિસ્પર્ધી અસ્તાચલ પણ આજ સૃષ્ટિમાં વિદ્યમાન હોય છે. જેનું નામ છે વિસર્જન.

સૃષ્ટિમાં ધબકતી રહેતી ગતિ વિધિઓનો પૂર્વ પર્યાય જો સર્જન બની શકે,
તો સાથે જ એ પણ નોંધવુ રહ્યું કે, તેજ સર્જન પછીનો પણ એક ઉત્તર પર્યાય હોય છે. જેનુ નામ છે : વિસર્જન.

સર્જન અને વિસર્જન, સૃષ્ટિ સ્વરૂપ શરીરના જ બે પાસા-પડખા છે. એ બન્નેયનું સંયોજન સૃષ્ટિના એકેકા અવશેષ રૂપે એ રીતે તો થવા પામ્યું છે કે સર્જન અને વિસર્જન વિહોણી સૃષ્ટિની ક્ષણભર પણ કલ્પના ન થઈ શકે. સર્જન પણ સૃષ્ટિનું અવિભાજ્ય અંગ છે.
- તેમ વિસર્જન પણ સૃષ્ટિનુ અવિભાજ્ય અંગ છે.
સૃષ્ટિના શ્વાસ અને ઉચ્છવાસ સમી,...
સૃષ્ટિના ઉદયાચલ અને અસ્તાચલ સમી,...
સૃષ્ટિના અંગ અને ઉપાંગ સમી,...
સૃષ્ટિના પૂર્વ અને પશ્ચિમ પર્યાયો સમી,...

સિક્કાની બે બાજુઓ જેવી સર્જન અને વિસર્જનની વણથંભી યાત્રા પ્રતિક્ષાણ આગેકદમી' ભરી રહી છે. જેના એક કાંઠે મૃત્યુના તાંડવ મચે છે. તો સામે કાંઠે જન્મ ના વાજિંત્રો બજે છે.

જે - જન્મ અને મૃત્યુ એટલે બીજુ કશું જ ના ? અલબત્ત ! સર્જન અને વિસર્જનની યાત્રાનુ તે એક સાહજિક પરિણામ.

જ્યારે અવસાન અને ઉદ્‌ભવ બન્નેય સૃષ્ટિની જ એક સાહજિક વિલક્ષાણતા લેખાતી હોય; ત્યારે અવસાનના કાંઠે પહોંચી રડારોળ કરવાનો અને જન્મના કાંઠે આવી ઉભા રહી ઓળઘોળ થઈ જવાનો કોઈ સરસવ જેવડોનાનક પણ અર્થ ખરો ?... ના...ના...ના... જવાબ શતાંશેશતાંશ ના નકારનો પક્ષ સ્વીકારે છે.

હા ! અફસોસ ! તો પણ પૃથ્વીની વાસ્તવિકતા ભાગી દૃષ્ટિપાત જ્યારે કરી લઈએ, ત્યારે ચિત્ર કઈક અલગ જ ઉપસી આવે છે.

જન્મ, કે જેને સર્જન'ની પ્રક્રિયાનો જ એક ભાગ ગાણી શકાય; તે જન્મનો અવસર ઉપસ્થિત થતા મોહિત જનતા ઉન્માદન તોફાની અશ્વપર આરૂઢ બની જાય છે.

મરણ; કે જેને વિસર્જન'ની પ્રક્રિયાનો જ એક ભાગ ગાણી શકાય; તે મરણનું સ્મરણ થતા વેંત પણ મૂઢ માનવી શોકના સાગરમાં ગરક થવા માંડે છે.

સબૂર ! પણ તે બેય ચેષ્ટાઓ બાલચેષ્ટામાં જ ખપી જાન પામી જશે. જ્ઞાની ભગવન્તો એવો રણટંકાર ટંકારી રહ્યાં છે.

પ્રસ્તુત સુભાષિત પણ એજ વાતનુ સમર્થન કરે છે. સુભાષિતના શબ્દો માનવ મનની વણહકકની જ થા તેમજ પ્રીતિના નકાબને ચીરી ખાતા ગરજી રહ્યા છે. કે જેને મઢેલા અને હિરા-મણિ મુક્તા ફળથી જડી દીધેલા પણ પર્યાયોનો એક

દિવસ જીર્ણ થાય છે. અને એ જ્યારે જીર્ણ થાય છે ત્યારે લાખોગણાં પણ તે પરિધાનોનું વિસર્જન એક અનિવાર્ય કાર્ય બની રહે છે. અલબત્ત ! કપડાને બદલવાની કે કપડાનુ વિસર્જન કરવાની ચેષ્ટા પર કોઈ જ ભરત પણ આસુંના બે ટીપાંય પાડતો નથી.

બસ ! એજ રીતે મૃત્યુ અને જન્મ વસ્ત્રોના સર્જન-વિસર્જન જેવી જ એક ઘટના લેખાય. શરીર ધારી જ્યારે પોતાના વર્તમાન શરીર પરનો અધિકાર નાબૂદ થઈ રહે; ત્યારે ત્યાંથી વિદાય લે છે. અન્યત્ર કોક સ્થાને પહોંચી જઈને, પાછી તેવી જ કોઈ શારીરિક રચના તે રચી દે છે.

તો પછી બુઝ ! જન્મ અને મૃત્યુ પાછળ શો આનંદ લૂંટવો રહ્યો ? કેશે અફસોસ મહેસુસ કરવો ? ...

વહેણ : ૩ - લઘુદૃષ્ટાન્ત

પ્રતિજ્ઞા જ પારમેશ્વરી

તેનું નામ હતુ, ભૂષણ. અલબત્ત ! તેના જીવનમાં જો ડોકિયુ કરીએ તો ક્યાંય એકાદાય ભૂષણનો પડછાયો પણ ઉપલબ્ધ થતો નહિ. સૂકા બાવળ જેવો કદરૂપો અને કાંટાળો સંસાર તેના શિરે લદાયો હતો. તે શિર પાવ નહિ; શિરોદર્દ જ બની ગયો તો.

તેનં પત્ની એવી તો કર્કશા હતી, કે રળીયામણા મહાલયની ભીંતો પણ તેનાથી ભયભીત રહે. સાર્વત્રિક અશાન્તિનું વિષચક્ર ભૂષણના જીવનની જાણે ધરોહર બની ગયુ તુ. વિશ્રામની આશાએ ભૂષણ જ્યાં પાંખે ઝૂંકાવે; પ્રતિકૂળતાનો પવન તેનો પીછો કરીને રહેતો.

અલબત્ત ! એક પ્રભાત તેના માટે સોનાવર્ણુ ઉગ્યુ. ભૂષણ એક ત્યાગી સાધુજનના પાવન પરિચયમાં આવ્યો. પરમેશ્વરના ત્યાગી-વૈરાગી સાધુના મુખમંડલ પર અપૂર્વ સમતા તરવરી રહી હતી. તેથી જ ભૂષણ એ સમતાપ્રતિ લલચાયો. પોતાની આપવીતી કહેતાં કહેતાં તે પોક પોકે રડી પડયો. સાન્ત્વના ભર્યા શબ્દોના રૂમાલથી મુનિવરે તે આંસુને લૂછી નાંખ્યા. ભૂષણનું જીવન નિયમહીન હતું.

ભૂષણના જીવનમાં જલતી પ્રતિકૂળતાના પાવકને ઠારી દેવા મુનિવરે તેને એક ઉપાય બતાવ્યો.

પ્રકાશની ગેરહાજરીમાં કાંઈ જ ખાવું પીવું નહિ. એટલે કે રોજના નવકારશી તેમજ રાત્રિભોજન ત્યાગનો અભિગ્રહ. આ અભિગ્રહ પાછળ મુનિવરની તીવ્રદૂરંદેશી સમાઈ હતી.

પ્રતિજ્ઞા સ્વીકારી ધન્યાત્મા ભૂષણ પાછો ફર્યો. અલબત્ત તેના જીવનની વિષમતા પણ પારોઠ ભરી ગઈ. થોડાક જ દિવસોમાં પતિદેવની આ પ્રતિજ્ઞાથી અભિભૂત બનેલી પત્ની પણ ફરેલા અંગારા જેવી શાન્ત બની ગઈ.

પ્રતિજ્ઞા જ સાચે પરમ શાન્તિનો ઉપાય ગણાય. લાખ્ખો વન્દન તે પારમેશ્વરીને... !

ચોકઠા - ચતુર

(૧) ગુરુવંદનાનો એક પ્રકાર	બરસાવત
(૨) દંડાતા જીવનો એક પ્રકાર	અસુર
(૩) મોટી આશાતનાનો એક પ્રકાર	સળેખળ
(૪) વીશ સ્થાનકનું એક પદ	પવયણ
(૫) અણાહારી એક વસ્તુનું નામ	અંબર
(૬) એક સ્વપ્નનું નામ	ગજપર
(૭) એક ભયનું નામ	આજીવિકા
(૮) એક પ્રકારની ભાવના	સંપર
(૯) એક ચક્રવર્તિનું નામ	અરનાથ
(૧૦) એક પ્રકારની બુદ્ધિ	કાર્મકી
(૧૧) શાશ્વતા એક જિનનું નામ	વર્ધમાન
(૧૨) દાનનો એક પ્રકાર	કીર્તીદાન
(૧૩) એક પ્રાતિહાર્યનું નામ	ભામંડલ

❐ સમાચાર સાર ❐

જૈનશાસનના જગવિખ્યાત જ્યોતિર્ધર પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ.ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની પાવન આજ્ઞા આશિષથી સદ્‌ગત પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીજીના પ્રવચન પ્રભાવક શિષ્યરત્નો પૂજ્ય મુનિપ્રવર શ્રી મોક્ષરતિ વિજયજી મ.સા. તથા પૂજ્ય મુનિપ્રવર શ્રી તત્વદર્શન વિજયજી મ.સા.ની તારક નિશ્રા પ્રાપ્ત થઈ ત્યારથી શ્રી સ્તંભતીર્થ - ખંભાતનગરને આંગણે મહોત્સવોની શ્રેણી મંડાઈ છે. અવિસ્મરણીય ચાતુર્માસ અને ઐતિહાસિક અનુષ્ઠાનોથી ખંભાતનગર ભાવિત, પ્રભાવિત અને અહોભાવિત બન્યુ છે. પ્રસ્તુત છે કેટલીક ચાતુર્માસિક ઝલક :

(૧) અષાઢ સુદ ૬ ભવ્ય ચાર્તુમાસ પ્રવેશમાં ૧૪ જ્ઞા. સંઘપૂજન અને શ્રીફળની પ્રભાવના.

(૨) રવિવારીય અનુષ્ઠાનોમાં અકલ્પનીય સંખ્યા અને દશ વિધયતિ ધર્મતપના સમૂહ આરાધનામાં સામૂહિક બિયાસણા સાથે મોટી સંખ્યા.

(૩) પ્રવચનમાં ભરચક સભાઓ અને પૂજ્યપાદ પરમગુરુદેવ શ્રીની સ્વર્ગતિથિ નિમિતક અષ્ટોતરી શાંતિસ્નાત્ર સહ ભવ્યમહોત્સવ.

(૪) શ્રી શત્રુંજ્ય મહાતીર્થની અભૂતપૂર્વ ભાવયાત્રા સળંગ ૪ કલાક સુધી હકડેઠઠ મેદની.

(૫) ખંભાતના ઈતિહાસમાં સુવાર્ણ પૃષ્ઠો ઉમેરતું વિક્રમસર્જક શ્રી સુભાગ પાર્શ્વનાથ પ્રભુના અક્રમતપનું સમૂહ આયોજન ! શ્રીમતી ચંપાબેન સવંતીબેન વીરચંદ દોશી પરિવાર વડોદરા-મુંબઈ- આયોજિત આ અનુષ્ઠાનમાં ૩૧૪ વિક્રમી સંખ્યામાં આરાધકો જોડાયા હતા. સવારે સાજે વાજતે ગાજતે જુદા જુદા જિનાલયે પોગો એક કલાક શ્રી પાર્શ્વપ્રભુની ભક્તિ સવારે દોઢ કલાક, બપોરે એક કલાક પ્રવચન, બપોરે આયોજક પરિવાર દ્વારા સમર્પિત અષ્ટપ્રકારી પૂજાના ઉત્તમ દ્રવ્યોથી સૌ તપસ્વીઓ દ્વારા ત્રણ કલાક સામુહિક પ્રભુ પૂજા, સાંજે સમુહ દેવવંદન, પ્રતિક્રમણ અને છેલ્લે ભાવના: એકેક કાર્યક્રમમાં આરાધકોનો અપૂર્વ ઉત્સાહ વરતાતો હતો. સમુહ અષ્ટપ્રકારી પૂજામાં શ્રી નરેશભાઈ નવનીતલાલ શાહે અને સંગીતકાર કર્ણિક શાહે ભક્તિનું અદ્‌ભુત વાતાવરણ ખડુ કર્યુ. અક્રમના તપસ્વીઓ મન મૂકીને નાચ્યા. ૭ વર્ષથી માંડીને ૧૫ વર્ષ સુધીના ૭૦ આરાધકો જોડાયા હતા. કોઈ અગમ્ય પ્રેરણાથી મોટાભાગના આરાધકોએ જીવનમાં પ્રથમવાર અક્રમ કર્યો. અનુમોદનીય પ્રભાવના થઈ. આ અનુષ્ઠાને સંખ્યા અને ખાસ તો ઉચ્ચત્તમ આરાધના દ્વારા એક અનોખો વિક્રમ પ્રસ્થાપિત કર્યો. ઉત્તર પારણા-પારણા ઉદારતાપૂર્વક થયા. પર્યુષણા-રાંધના અને ભવ્ય ઉપધાન તપનાં બીજ અહીં રોપાયાં...

(૬) પર્યુષણા પ્રવચનોમાં અંત સુધી ચિક્કાર ઉપાશ્રય રહ્યો. કાળઝાળ ગરમીને મચક આપ્યા વગર ફરીવાર નાનકડા બાલિકાઓએ તપસ્યામાં ઝુકાવ્યું. અઠ્ઠાઈ કે તેથી વધુ તપસ્યામાં પંદર વર્ષથી અંદરના ૪૯ આરાધકો હતા. રથયાત્રાનો અતિભવ્ય વરઘોડો સ્વયંભૂ ઉત્સાહપૂર્વક યોજાયો.

(૭) અને હવે શ્રી ઉપધાનનો માહોલ સર્જવા લાગ્યો. શ્રી બાબુભાઈ ફૂલચંદ શાહ પરિવાર, ખંભાત આયોજીત ઉપધાન આ.સુ.૧૧ થી શરૂ થતાં હોઈ સમુહ નવપદ આરાધનાની એક વ્યક્તિની ભાવનાને સ્વીકારી ન શકાઈ.

હવે પ્રસ્તુત છે ખંભાતના ઈતિહાસમાં અવિસ્મરણીય સુવાર્ણ પૃષ્ઠો ઉમેરનાર અને ભારત વર્ષમાં ઐતિહાસિક સ્વયંભૂ વિક્રમ પ્રસ્થાપિત કરનાર ભવ્યાતિભવ્ય શ્રી ઉપધાન તપની અનુમોદનીય, અભિનંદનીય અને અતિરમણીય અલપ ઝલપ :

(૧) અતીવ ઉત્સાહ અને ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે ૨૬૮ આરાધકો જોડાયા.

(૨) ૨૩૭ પ્રથમ ઉપધાનના આરાધકોમાં ૭ થી ૧૦ વર્ષની વયના ૨૧ આરાધકો ૭ થી ૧૫ વર્ષની વયના ૯૮ આરાધકો અને ૭ થી ૨૫ વર્ષની વયના ૧૬૧ આરાધકો હતા.

(૩) ૯૮ બાલુડાઓને ચપળતા પૂર્વક સર્વ ક્રિયાઓ કરતા જોવાનો લહાવો જીવનમાં માણ્યો છે, તે જીંદગીભર આ દશ્યોને ભૂલી નહીં શકે. માની ગોદ, બાદલા પલંગ, પંખો, એ.સી., સ્નાન, ટી.વી. ચોકલેટ પીપર, દીવાળીના ફટાકડા, મઠિયા ફાફડા અને ખંભાતી મનોરંજન ચગડોળ મેળો છોડીને આટલી વિરાટ સંખ્યામાં જોડાયેલા ટાબરિયાઓના ચહેરા પર ચળકતું તેજ અને તરવરતો આનંદ સૌને આશ્ચર્યમાં ગરક કરી દેતા હતા. લાડ લડાવીને માંડ માંડ ભાડવા પેટ અને જમતાં જમતાં હજાર નાખરા કરે એવા લાડકવાયા અહીં ૪૭ કલાકે ડાહ્યાડમરા બનીને જે મળે તે ચાપરી લેતા હતા. બેકઝામના દિવસોમાં પણ જેની પાસે ટી.વી. છોડાવી શકાતું નહોતું તે ઉગતી પ્રજા અહીં ટી.વી. ચુધ્ધા વીસરી ગઈ હતી. મોટા ભાગનાએ જીવનમાં કદી પૌષધ કર્યો ન હતો. એવા પાણ ટાબરિયા હોંકે જીવનમાં કદી એકાસણા બેસણાં નહતા કર્યા. "આંબેલમાં દૂધ મળશે કે નહીં ?" એવું પૂછવાવાળા નિર્દોષ ટેણિયા પાણ આ ઉપધાનમાં હતા ! શરૂઆતમાં પડેલી સખત ગરમી, ભારે પડેલું આંબેલ, ઉલટી ઉબકા વગેરે વિઘ્નોને વેઠી લઈનય "ઉપધાન તો કરવા જ છે." એવા

સંકલ્પધારી નાના આરાધકોએ મોટાઓનેય મજબૂત બનાવી દીધા.

(૪) જેમાં ક્રમસર પાંચ ઉપ. આઠ આંબિલ, અઠ્ઠાઈ, આઠ આંબિલ, ચાર ઉપ. વગેરે આવે અને જેમાં નીવી એકેય ન આવે તેવા મૂલવિધિના ઉપધાન બે બહેનોએ કર્યા. ઘરે ઝાડુ પણ ન ફેરવી શકાય એવી પગની તકલીફને ભુલી જઈને તમામ ક્રિયાઓ તેમણે ઉભા ઉભા કરી... તેમની ક્ષમતા ઉડીને આંખે વળગે એવી હતી.

(૫) દિવસરાત એ.સી.માં રહેનારા અને દિવસમાં દસવાર વસ્ત્રો બદલતા આરાધકોએ સહનશીલતા વધારીને આરાધના અંબાધિત રાખી.

(૬) કદી એકાસણા બેસણા નહીં કરી શકનાર ૭૦ વર્ષના આરાધકે ઉપધાન હર્ષપૂર્વક પૂર્ણ કર્યા.

(૭) સંઘમાંબંધ આરાધકોએ ૧૨ વ્રત ઉચ્ચર્યા, પુદ્‌ગલ વોસિરાવ્યા, ભવાલોચના લીધી.

(૮) માતા પિતાને દરરોજ પગે લાગવાથી માંડીને દીક્ષા ન લેવાય ત્યાં સુધી અમુક વસ્તુ-ત્યાગના નિયમો સૌએ સ્વીકાર્યા.

(૯) એ અદ્‌ભુત અને અપૂર્વ દશ્ય સજાર્યું ઉપધાનમાંથી નીકળવાના દિવસે ! સ્વયંભુ ઉત્સાહથી જુદી જુદી ખડકીના શ્રાવકો પોતાના આરાધકોને બેન્ડવાજા, ઢોલ, શરણાઈ લઈને તેડવા આવ્યા હતા. જૈનશાસનનો હોલ ખીચોખીચ ભરાઈ ગયો. નાના બાળકોને રીતસર તેડીને લઈ ગયા. આખા ગામમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો.

(૧૦) ૬૮ આરાધકોને ૧૦૦૦ રૂા. રોકડા, ૧ ધાબળો, ૧ બેગ, બે પાઉચ, ૧૦૦ ગ્રામ ચાંદીનો સિક્કો, ૧ વોલ ક્લોક, ૧ નેપકીનની પ્રભાવના થઈ. નાના ૯૮ આરાધકોને સવા બે મીટરનું શર્ટપીસ અને ૧૦૧ રૂા. રોકડા પ્રભાવના થઈ.

(૧૧) પાલીતાણાના ઈતિહાસમાં સદાય યાદગાર રહે એવો, અપૂર્વ કહી શકાય એવો, ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. ત્રણ રથ, ત્રણ ઈન્દ્રધ્વજ, હાથી, ઘોડા, બગી, ઊંટ ગાડી અને મોટરકાર જેવા ૧૩૦ વાહનો તથા બેન્ડવાજા, ઢોલ, શરણાઈ દ્વારા સુશોભિત વરઘોડો નિહાળી રહેલા સૌના મુખમાંથી અહોભાવભર્યા ઉદ્‌ગારો સરી પડતા હતા.

(૧૨) માલા રોપણની બોલી અકલ્પનીય થઈ

પહેલી માળ :- ઊંચી રકમ બોલીને સાવરકુંડલાના શેઠ પરિવારમાંથી છોટાલાલ માણેકલાલ શેઠ પરિવારે આદેશ લીધો. સુપુત્ર ચીમનલાલના ધર્મપત્ની જયશ્રીબેન (પૂ.મુ.શ્રી મોક્ષરતિ વિ.મ.ના સંસારીપણાના ફઈબાની દીકરી બહેન) માટે આ આદેશ લીધો, તે પૂર્વે આ પરિવારે પિતા શ્રી છોટાલાલભાઈ માટે પહેલી માળનો ચઢાવો લીધો હતો. હસ્તગિરિ તીર્થે પૂ.આ.ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ તેઓને મોક્ષમાલા પહેરાવી હતી. માતુશ્રી શાંતાબેનને પણ પૂ.આ.ભ. શ્રી માનતુંગ સૂ.મ.સાહેબે પહેલી માળ પહેરાવી હતી.

બીજી માળ:- શ્રી નીરૂબેન ઉત્તમચંદજી માટે ઉત્તમચંદજી હિંમતમલજી (પુખરાજ રાયચંદ આરાધના ભવન, સાબરમતીના ટ્રસ્ટી) ચઢાવો બોલ્યા.

ત્રીજીમાળ :- ચઢાવો થયો તેટલી રકમ બન્ને માટે અલગ અલગ આપીને હુકમીચંદજી શાંતિલાલજી (પુખરાજ રાયચંદ આરાધના ભવન-સાબરમતીના ટ્રસ્ટી) અને કુસુમબેન હુકમીચંદજી માટે શાંતિલાલજી ગમનાજી શકા મંડારવાળા પરિવારે આદેશ લીધો.

ચોથી માળ :- આણંદ જૈન સંઘના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી મનુભાઈ વાડીલાલ શાહ માટે તેમના ધર્મપત્ની પદમાબહેન મનુભાઈએ ચઢાવો લીધો.

પાંચમી માળ :- ઓંકાર તીર્થના મંત્રી પ્રકાશભાઈ હંસરાજભાઈ છાણીવાળાએ પોતાની સુપુત્રી અવની માટે આદેશ લીધો.

છઠ્ઠી માળ :- મહુવાના નામાંકિત વ્રજલાલ પોપટલાલ ઝવેરી પરિવારના ત્રણ સભ્યો સરલાબેન, દક્ષાબેન (પૂ.મુ.શ્રી મોક્ષરતિ વિ.મ.ના સંસારીપણાના બહેન) અને હીરલકુમારી માટે ચઢાવાની અલગ-અલગ રકમ અર્પણ કરીને ત્રણ આદેશ લીધા.

સાતમી માળ :- નિધિ માટે છાણી નિવાસી હીરાલાલ હરગોવિંદદાસ શાહ પરિવારે બોલી લીધી.

આઠમી માળ:- સરયૂબેન ચંદુલાલ વોરા (વડોદરા) માટે તેમના પરિવારે લાભ લીધો.

નવમી માળ:- ચીમનલાલ માણેકચંદ જરીવાલા પરિવારે સુપુત્ર જ્યેશ (પૂ.મુ.શ્રી તત્વદર્શન વિજય મ.ના સંસારીપણાના ફઈબાના દીકરા) માટે ચઢાવો લીધો. સાથે ઉપધાનતપ આયોજક શ્રી બાબુભાઈ ફૂલચંદ શાહ પરિવારે પોતાના ત્રણ પૌત્રપૌત્રીઓ રાહુલ, રિશ, પીંમલ માટે અલગ અલગ રકમ આપીને લાભ લીધો.

દશમી માળ :- હરેશકુમાર માણેકલાલે ધર્મ પત્ની જ્યોતિકાબેન માટે ચઢાવો લીધો. એટલી જ રકમ અલગ અલગ આપીને સાથે જોડ્યા. અલકાપુરી જૈનસંઘ-વડોદરાનાં ટ્રસ્ટી શ્રી ડાહ્યાભાઈ અને તેમના ધર્મ પત્ની શ્રી રમાબેન માટે લાભ લીધો.

અગિયારમી માળ :- બાબુભાઈ સોમચંદ પરિવારના અનિલકુમારે પોતાના લાડકા મેહૂલ માટે અને લાડકી પ્રાચી માટે અલગ અલગ

રકમ આપીને લાભ લીધો. (નિઝામપુરા વડોદરા જૈનસંઘના કમીટી મેમ્બર શ્રી મનહરભાઈ પણ ધર્મપત્ની સાથે ઉપધાનમાં જોડાયા હતા)

(૧૬) માલારોપણનો પ્રસંગ પણ સ્વયં એક ઈતિહાસ બની ગયો. ત્રણ દરવાજા પાસે રોડ ઉપર આખો રસ્તો રોકીને અતિ વિશાળ મંડપ અને વિશાળ સ્ટેજ બાંધવામાં આવ્યા હતા. જૈનશાળાની ચાંદીની મનોહર નાણ સમક્ષ ઉપસ્થિત વિશાલ સંખ્યક તપસ્વીઓને ક્રિયા કરતાં નિહાળવા હજારોની મેદની ઉભરાઈ હતી. પહેલી માળનો ચઢાવો લેનાર જયશ્રીબેનને પૂ.મુ.શ્રી મોક્ષરતિવિજયજી મહારાજે માળા પહેરાવી અને જૈનમ્ જયતિ શાસનમ્ના નાદથી મંડપ ગુંજી ઉઠ્યો.

(૧૭) છોટાલાલ માણેકલાલ શેઠ પરિવારનાં જ્યેષ્ઠ સુપુત્ર અને સાબરકુંડલા જૈનસંઘના પ્રમુખ શ્રી નવીનભાઈએ પૂ.મુ. શ્રી મોક્ષરતિવિજયજી મહારાજ લિખિત 'બરસત અમ્રિતબુંદ' પુસ્તકનું વિમોચન કર્યું અને પુસ્તકમાં સંપૂર્ણ લાભ લીધો.

(૧૮) શ્રી હૂકમીચંદજીને માલારોપણ કરવા જગવિખ્યાત અદાણી એક્સપોર્ટસના શ્રી ગૌતમભાઈ અદાણી ખાસ ઉપસ્થિત થયા હતા.

(૧૯) બપોરે સવા બે વાગ્યા સુધી ભરચક મેદની ઉપસ્થિત હતી. આયોજક પરિવાર તરફથી નાતજમણ હતું.

(૨૦)ઉપધાન દરમિયાન અને અંતે દર રવિવારે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શ્રી સિદ્ધચક્ર, શ્રી બૃહદ્ અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર વગેરે પૂજનો યોજાયા હતા.

(૨૧) છેલ્લાં બે દિવસ ઘેર-ઘેર તોરણ બંધાયા રોશની થઈ. મંડપો રચાયા. ખંભાતના જૈનવિસ્તારોએ નવો શણગાર સજ્યો.

(૨૨) જુદા જુદા જિનાલયે અંગરચનાઓ થઈ. માલારોપણનાં આગલે દિવસે નાગરવાડે ભવ્ય ભક્તિ ભાવનાં આયોજાઈ.

(૨૩) ૨૫ છોડનું ભવ્ય ઉજમણું થયું.

(૨૪) માણેકચોકમાં અક્ષાઈ ઉત્સવ યોજાયો.

હવે પો.સુ.૩ તા. ૯-૧-૨૦૦૦ રવિવાર થી પો.વ.૬ તા. ૨૬-૧-૨૦૦૦ બુધવાર સુધી કેટલાક ભાગ્યશાળીઓ દ્વારા શ્રી સ્તંભતીર્થ-ખંભાતનગરથી શ્રી શત્રુંજય મહાતીર્થ છ'રી પાલક યાત્રા સંઘનું આયોજન થયું હતું.

ખંભાતથી સૌપ્રથમવાર શ્રી વટાદરા તીર્થનો પદયાત્રા સંઘ મા.સુ. ૯ શુક્રવારે નીકળ્યો હતો. શ્રી વટાદરા જૈન સંઘ આયોજિત આ પદયાત્રામાં ચાલુ દિવસે પણ ૩૫૦ થી ૪૦૦ જેટલા યાત્રિકો જોડાયા હતા. નવકારશી, પદયાત્રા, સામૈયું, પ્રભુભક્તિ સ્નાત્ર, સાધર્મિક વાત્સલ્ય, પ્રવચન આદિ તમામ પ્રોગ્રામ સુવ્યવસ્થિત અને સુંદર રીતે યોજાયા. પ્રસંગ અવિસ્મરણીય બની રહ્યો.

મૌન એકાદશી પર્વ પ્રસંગે સમૂહ અતિથિ સંવિભાગ વ્રતની આરાધનામાં ૧૪૦ જેટલી સંખ્યા પણ અભૂતપૂર્વ રહી.

મા.વ.૪ રવિવારે શ્રી રાળજ તીર્થનો પદયાત્રા સંઘ શ્રી કાંતિલાલ સોમચંદ ચોકસી પરિવારે અત્યંત ઉલ્લાસપૂર્વક યોજ્યો હતો. છેલ્લા કેટલાક વર્ષોના પ્રમાણમાં પ્રયાણ પ્રસંગે અભૂતપૂર્વ મેદની ઉમટી પડી. નાનકડા ભુલકાઓનાં ટોળાં સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યા. તમામ કાર્યક્રમો રંગે ઉમંગે યોજાયા. પ્રસંગ યાદગાર રહ્યો.

પો. સુ. ૩ તા. ૯-૧-૨૦૦૦ રવિવાર થી પો. વ.૬ તા. ૨૬-૧-૨૦૦૦ બુધવાર સુધી કેટલાક ભાગ્યશાળીઓ તરફથી શ્રી સ્તંભતીર્થ-ખંભાત નગરથી શ્રી શત્રુંજય મહાતીર્થ છ'રી પાલક યાત્રા સંઘનું આયોજન થયું હતું.

.....

વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યપાદ આ.ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પ્રવચન પ્રભાવક શિષ્યો પૂજ્ય મુનિ પ્રવર શ્રી મોક્ષરતિ વિ.મ.અને પૂજ્ય મુનિપ્રવર શ્રી તત્વદર્શન વિ.મ.ની પાવન નિશ્રામાં ખંભાતનગરે યાદગાર ચાતુર્માસિક આરાધનાઓની શાનદાર શ્રેણીમાં ભવ્યાતિભવ્ય વિક્રમસર્જક ઉપધાન તપ પછી શ્રી શત્રુંજય મહાતીર્થની ઐતિહાસિક સંઘયાત્રાનું સુસફલ અને સંસ્મરણીય આયોજન સાનન્દ સંપન્ન થયું... વિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ.ભ.શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. પ્રદત્ત પ્રશસ્ત મુહૂર્તાનુસાર પો.સુ.૩ ના મંગલદિને મનોહર આંગણેથી અલંકૃત શ્રી સ્થંભણ પાર્શ્વપ્રભુને પ્રાગણેથી પ્રાતઃ સમયે જ્યારે શ્રી સંઘ ભક્તિપૂર્વક શુભપ્રયાણ કર્યું ત્યારે આખુ ખંભાત હિલોળે ચઢ્યું હતું... પ્રસ્તુત છે, સંઘયાત્રાની કેટલીક અનુમોદનીય ઝલકો :

- ખંભાતથી પાલિતાણા સંઘનું આયોજન વર્ષો પછી થયું હોવાથી અદમ્ય ઉત્સાહ હતો.

- યાત્રાસંઘનું આયોજન ૬ મુખ્ય સંઘપતિઓએ અને ૩ સહાયક સંઘ-પતિઓએ મળીને કર્યું હતું.

(૧)કંચનબેન હીરાલાલ કાપડીયા (૨) છોટાલાલ ઝવેરચંદ દંતારા (૩) બંસીલાલ ભીખાભાઈ કાપડીયા (૪) કેશરીચંદ શની ચાલ શાહ (૫) મનુભાઈ વાડીલાલ શાહ (આણંદ) (૬) બંસીલાલ શાંતિલાલ દલાલ : આ ૬ મુખ્ય સંઘપતિઓ હતા. (૧) જીતુભાઈ કેશવલાલ

બારદાન વાલા (૨) દિલિપભાઈ બાપુલાલ ચોકસી (૩) નટવરલાલ વાડીલાલ ચોકસી (૪) જંબુભાઈ વાડીલાલ ચોકસી (૫) પુંડરીકભાઈ ભીખાભાઈ શાહ (૬) નવીનચંદ્ર મોહનલાલ વૈદ્ય (૭) કનકરાજ શોભરાજ ચોઢા (સરીગામ) આ ૭ સહાયક સંઘપતિ હતા.

-બે મહાવૃક્ષોથી ઘેરાતા રમણીય આમાં બિરાજમાન અતિરમણીય ઋષભદેવ ભગવાનની દરરોજ ઉત્તમ દ્રવ્યોથી અત્યંત આકર્ષક અંગ રચનાઓ થતી.

- સવારે, બપોરે ખાસ તો સાંજે પ્રભુભક્તિમાં ચૈત્યવંદન - સ્તુતિઓ દ્વારા દિવ્ય વાતાવરણની અલૌકિક અનુભૂતિ સૌ સાથે મળીને માણતા.

- શ્રી સિધ્ધગિરિના વિશાલ પટ સમક્ષ રોજ ગિરિવંદના થતી.

- ભવસાગર તરવા નીકળેલા યાત્રિકોએ લથપથ એકાસણા છોડીને આંબિલોનો વરસાદ વરસાવી દીધો. ચૌદશે તો અડધા ઉપરાંત યાત્રિકોએ આયંબિલ કર્યા !

- સાંકળીનો અક્રમમાં પણ ત્રણ-ચાર પચ્ચખાણ સાથે સાથે થયા.

- યાત્રાનું અનોખું આકર્ષણ જેવા રોચક અને રોમાંચક પ્રવચનોમાં તીર્થમહિમા, તીર્થ સ્વરૂપ, તીર્થોધ્ધાર અને યાત્રા ફલશ્રુતિનાં વર્ણનો સાંભળીને ભાવોલ્લાસમાં ભવ્ય અભિવૃધ્ધિ થતી.

-આસપાસના વિસ્તારોમાં ભયાનક વેગથી ચાર પાંચ દિવસ સતત ફુંકાતો રહેતો પવન યાત્રાસંઘને જરા પણ નડયો નહીં.

-ખરાબ ડામર રોડને કારણે કેટલાકને પગમાં છાલાં પડ્યાં તોય અડવાણે પગે ચાલવાનો નિયમ અખંડ રાખ્યો.

- ૬ વર્ષથી માંડીને ૭૬ વર્ષ સુધીના કુલ ૨૭૫ યાત્રિકો છ'રીના પાલન કાજે કટિબધ્ધ હતા...

-દરરોજ મોટી સંખ્યામાં સંઘપૂજનો -પ્રભાવનાઓ થતા...

-વલ્લભીપુર પાસે ગિરિદર્શન કરીને સૌના મનમા, અને યુવાનોના તો તનમાં પણ થનગનાટ વ્યાપી ગયો હતો.

-પ્રભાત મંગલા મુકામે ગિરિ સન્મુખ રથ સ્થાપીને કરેલી સાયંભક્તિ અત્યન્ત આનંદ પૂર્ણ અને અવિસ્મરણીય રહી.

-રોજ ભાવના થતી છેલ્લા મુકામે મુંબઈ શ્રી પાલનગરના નામાંકિત સંગીતકાર દક્ષેશભાઈએ સૌને ભકતિગંગામાં ડૂબાડયા.

-સંઘ માલારોપણની ઉછામણી સમયાનુસાર સુંદર થઈ.

-લગભગ રોજ પાંચ સાત પૌષધ પણ થતા.

-વીરમગામના ઢોલ શરણાઈના મંગલ સૂરો સાથે રોજ સવારે તમામ યાત્રિકો સમૂહમાં પ્રયાણ આદરતા...

- પીયૂષભાઈ શિવલાલભાઈ (વડોદરા) દ્વારા રાજકોટવાળા શ્રી શશિકાંતભાઈ મહેતાએ ટેમ્પો ભરીને મોકલેલા કપડાં ગરીબોને વહેંચવામાં આવ્યા. આ અનુકંપાના સત્કાર્યથી અતિ સુંદર શાસન પ્રભાવના થઈ.

-શ્રાવિકા વર્ગને પૂજ્ય સાધ્વીજી શ્રી સૂર્યપ્રભાશ્રી જી-પૂજ્ય સાધ્વીજી શ્રી રમ્ય ફચન્દ્રાશ્રીજી આદિ એ સુંદર આરાધના કરાવી.

-યાત્રાસંઘ એવો તો સફલ રહ્યો કે બીજા કેટલાક ભાગ્યશાળીઓને સ્વયં પ્રેરણાથી સંઘપતિ થવાના સંકલ્પો કર્યા અને નિયમો લીધા.

-સંઘપતિ શ્રી સુંદરભાઈ, શ્રી કીકાભાઈ, શ્રી કાંતિભાઈ, અમૃતભાઈ, જીતુભાઈ, પ્રકાશભાઈ, હેમુભાઈ, નીતીશભાઈ વગેરેએ રાતદિવસ જોયા વગર ભારે જહેમત ઉઠાવી હતી.

- પાલિતાણામાં પ્રવેશ અને તળેટી સુધીની પ્રવેશ યાત્રામાં બે ગજરાજ, ૬ બગી, બે બેન્ડ, શરણાઈવાદક અને ઉમટેલી માનવમેદનીથી સ્થાનિક પ્રજા આશ્ચર્યાન્વિત બની.

-આ ભવ્ય સુકૃતની અનુમોદનાર્થે સંઘપતિઓ તરફથી ખંભાતનગર, પાલિતાણા ખાતે અને અન્યત્ર સવાલાખ રૂા. નું દાન જાહેર કરાયું.

-પો.સુ. તેરસે શ્રી વલ્લભીપુર તીર્થે દીક્ષા યુગપ્રવર્ત્તક પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ.શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજનો દીક્ષા સ્મૃતિદિન અને પૂજ્ય મુ.શ્રી તત્વદર્શન વિ.મ.સાનો સત્તરમો દીક્ષાદિન ગુણાનુવાદ-પ્રભાવના-અંગરચના, ૩૦ રૂા. નું સંઘપૂજન આદિ દ્વારા ભવ્યતાથી ઉજવાયો.

- વિઘ્નો વગર અઢાર દિવસ હસતા રમતા પસાર થઈ ગયા.

-પૂરા જીવનને ધર્મમય બનાવી દે એવી અસરકારક આરાધનાનો જીંદગીભર યાદગાર બની રહે એવો સ્વાદ સૌએ માણ્યો.

સાબરમતીમાં પ્રતિષ્ઠા :

માલારોપણ પછી બીજા જ દિવસે વિહાર કરીને પૂજ્ય મુનિપ્રવરો મહા સુદ ૪ સાબરમતી પધાર્યા. પુખરાજ રાયચંદ આરાધના ભવનથી સિદ્ધાચલ વાટિકા સુધી પૂજ્યોનું સામૈયું થયું. ત્યાં મંડાર નિવાસી સ્વ. શાંતિલાલજી ગમનાજી બાલાજી રાંકાના સુપુત્રો હુકમીચંદ છો, નરેન્દ્રભાઈ, રાકેશભાઈ અને પૌત્ર જિજ્ઞેશ કુમારે પોતાના નિર્માણ બંગલાનાં ગૃહાંગણમાં શ્વેત ઉજ્જવલ સંગેમરમરથી નિર્મિત સામરાણાપાર્શ્વ જિનાલયમાં શ્રી ઋષભદેવ પ્રતિષ્ઠાનો ત્રિદિવસિય મંગલ મહોત્સવ

મ.સુ. ૪ થી આરંભાયો. સાબરમતી રામનગરના પૂ.આ.ભ.શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના સ્મૃતિમંદિરની બાજુમાં આવેલી સિદ્ધાચલ વાટિકાને જાજરમાન ડેકોરેશનથી શણગારવામા આવી હતી. ઘાસની ઝૂંપડી જેવી પ્રવચનપીઠ અને રાત્રે ઝુમ્મરોમાં ઝગમગતા સેંકડો દીવડાઓથી મંડપ શોભી ઉઠતો હતો. જિનાલય પર મૂકેલા દીવડાઓ ''ઝગમગતા તારલાનુ દેરાસર હોજે,'' એવી ભાવનાને યત્કિંચિત્ સાકાર બનાવતા હતા. પૂજા પૂજન ભાવનામાં ત્રણે દિવસ સંગીતકાર રૂપેશ શાહ અને વિધિકાર સુશ્રાવક શ્રી બંધુભાઈએ સૌને ભક્તિમાં ભીંજવ્યા. પંચકલ્યાણક પૂજા, સ્તુતિઓની સંગત સાથે ભક્તિની રંગત અને શ્રી શાંતિસ્નાત્રથી રળિયાણુતા આ મહોત્સવે કોઈ સંઘ દેરાસરની પ્રતિષ્ઠા હોય એવું વાતાવરણ સર્જ્યું હતું. મ.સુ. ૬ ઠે ધર્મનગર, શ્રી ચિન્તામણી પાર્શ્વનાથ જિનાલય થઈને આવેલી ભવ્ય સ્વાગતયાત્રામાં રસ્તે થોડા થોડા અંતરે પ્રભુજીને અભિનવ મોટીમોટી રંગોળીઓથી વધાવવામાં આવ્યા. મલપતો ગજરાજ, બગીઓ, બેન્ડ, ઢોલ શરણાઈ, વિશાળ સજ્જન માજન સાથે શોભતી સ્વાગતયાત્રા સમયસર જિનાલય દ્વારે આવી પહોંચી હતી. પોતાના મનોરથોનુસાર રમણીય જિનાલય અને જ્ઞાનશાળા- ખંભાતથી પ્રાપ્ત અત્યંત રમણીય ૨૩૦૦ વર્ષ પ્રાચીન સમાટ સંપ્રતિ નિર્મિત શ્રી ઋષભદેવ પ્રભુને નિહાળીને નિર્માતા પરિવારનો ઉલ્લાસ સમાતો ન હતો.

મહિનાઓના મહિનાઓથી જેની ચાતક નજરે રાહ જોવાતી હતી તે મંગલ ઘડી અત્યારે આવી પહોંચી હતી. નિર્માતા પરિવારે પ્રભુજીને અંતરના ઉમંગથી પોંખ્યા, વધાવ્યા, આમંત્ર્યા અને ૐ પુણ્યાહં પુણ્યાહં, પ્રીયન્તાં પ્રીયન્તાંના ગગન ગજવતા મંગલ ઘોષ સાથે સંગેમરમરના ઋષભદેવ પ્રભુને અને સુવર્ણ મઢ્યા શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી શીતલનાથ પ્રભુ અને શ્રી સિધ્ધચક્રજીનો નિઝાદીતા મુનિવરો પૂ. તપસ્વીરત્ન મુ. શ્રી સત્યવિજયજી, પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ., પૂ. મુ. શ્રી તત્ત્વદર્શન વિ.મ., પૂ. મુ. શ્રી પ્રીતિવર્ધન વિ. મ. આદિ ચતુર્વિધ શ્રી સંઘના શુભ સાન્નિધ્યમાં અત્યંન્ત આનન્દોલાસ પૂર્વક જિનાલય પ્રવેશ કરાવવામાં આવ્યો.

દૃષ્ટિ મેળવ્યા બાદ એવા જ મંગલઘોષ, આનન્દોલ્લાસ અને વિશુધ્ધ મંત્રોચ્ચાર પૂર્વક શ્રી ઋષભદેવ પ્રભુને ગાદીનશીન કરવામાં આવ્યા. અતિ સુંદર પરિકરથી અલંકૃત પ્રભુજીના દર્શનાર્થે હજારો દર્શનાર્થીઓ ઉમટી પડયા. પ્રતિષ્ઠા પછી નિર્માતા પરિવાર તરફથી ગોળનો રવો અને શ્રી શાંતિલાલ ભૂદરમલ અદાણી પરિવાર (શ્રી ગૌતમભાઈ અદાણી) તરફથી ૫ રૂપિયાની પ્રભાવના થઈ. મંગલ પ્રવચન દરમ્યાન શ્રી ચન્દ્રકાંતભાઈ (સી.બી.સોમપુરા) અને તેમના પુત્ર નિખિલભાઈ, જિનાલય નિર્માણમાં માર્ગદર્શક શ્રી બાબુભાઈ કકલદાસ ભોરોલવાળા, મંચ સંચાલક શ્રી નરેશભાઈ અને શિલ્પી વગેરેનું બહુમાન કરવામાં આવ્યું. બપોરે સમગ્ર સાબરમતી જૈનસંઘ (૧૫૦૦૦ જૈનો) નું સ્વામીવાત્સલ્ય થયું. શાંતિસ્નાત્રમાં જીવદયાની મોટી ટીપ થઈ. અનુકંપના કાર્યો પણ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યા. શ્રી સંઘે અને પુખ્તરાજ રાયચંદ આરાધના ભવનનાં આરાધકોએ નિર્માતા પરિવારનું બહુમાન કર્યું. પ્રતિષ્ઠા પ્રસંગ ભવ્યાતિભવ્ય રહ્યો.

આગલોડ - શ્રી વાસુપૂજ્ય સ્વામીની સાલગીરા તથા સુમતિલાલ બબલદાસ વાધા તથા સુભદ્રાબેન સુમતિલાલ વાધાના જીવનમાં કરેલા સુકૃત અનુમોદના તથા જીવીત મહોત્સવ નિમિત્તે તથા પૂ.સા.શ્રી મુક્તિધન વિ.મ. ની સંયમના ૨૬ વર્ષ, પૂ. મુ. શ્રી પુણ્યધન વિ.મ.ના સંયમના ૨૫ વર્ષ પૂર્ણાહુતિ નિમિત્તે નવાહ્નિકા મહોત્સવ વ.સુ. ૧૦ થી સુદ ૧૫ સુધી ઉજવાયો વિધિ માટે નવીનચંદ્ર બાબુલાલ શાહ અને સંગીતકાર મુકેશભાઈ નાયકની પાર્ટી પધારેલ.

ચિકમગ્લુર કર્ણાટક :

પૂ. આચાર્ય શ્રી વિજય ભુવનાતિલક સૂરીશ્વરજી મ. ના. શિષ્ય પૂ.આ.શ્રી અશોકરત્ન સૂ.મ., પૂ.આ.શ્રી અમરસેન સૂ.મ ઠા.૫ અને પુ.સા.શ્રી જિતેન્દ્રશ્રીજી મ. શ્રી ૮ ચૈત્ર શુદ ૧ના સાસ્વા ાત પધાર્યા હતા. શ્રી નમિનાથ આદિ જિનેશ્વર ભજારાતોની અંજનશલાકા પ્રતિષ્ઠા નિમિત્તે ચૈત્ર સુદ ૮ થી પ્રારંભ થયો હતો. વિધિ નના માટે બેંગ્લોરથી લબ્ધિસૂરિ જૈનપાઠશાળાના અધ્યાપક શ્રી નરેન્દ્રભાઈ સી.શાહ ભક્તિભાવના માટે જ્ઞાની એન્ડ પાર્ટીનું રાજકોટ થી બસવ રાજ બેન્ડ પાર્ટીનુ આગમન થયું હતું. મહોત્સવના દરેક પ્રોગ્રામમાં અને દીક્ષા કલ્યાણકના વરઘોડામાં ગામના ચેરમેન વ્યાપાર વર્ગ અને અન્ય પ્રજાજન સામેલ થયા હતા. વરઘોડામાં કંટાર્લ ના ઢોલી ગજરાજ, ઘોડા સુશોભિત ભગવાનનું વાહન આદિ હતુ. ચૈત્ર શુદ ૧૩ ના શુભ સમયે શ્રી જિનેશ્વર ભગવંતોની પ્રતિષ્ઠા થઈ હતી. પૂરા ગામનું જમાણ થયું હતું. કર્ણાટકના નવ ઘરના ગામ પ્રમાણે ઉપજ રેકર્ડરૂપ થઈ હતી. પૂ.આ.મ. અને પૂ.સા.મ. નું ચોમાસુ બેંગ્લોર રાજાજીનગર નક્કી થયું છે. પુ. આ. મ., પૂ.સા.મ. વિહાર કરી લબ્ધિપાર્શ્વ તીર્થ ધામમાં વૈશાખ શુદ ૧૫ ના પધારી દ્વજા લહિમાં યાત્રાર્થ પધારી પછી બેંગ્લોર પરાઓમાં વિહાર કરશે.

P.P. Ahmedabad Gyanmandir

જ્ઞાનગુણ ગંગા

● બાવીસ પરિષહના બે વિભાગ કહ્યા છે. ૧ - શીત પરિષહ અને ૨ - ઉષ્ણ પરિષહ. શ્રી આચારાંગસૂત્રથી નિર્યુક્તિમાં કહ્યું છે કે-

''દોત્તીસક્કારપરીસહા ય, દો ભાવસીયલા એ એ।
સેસા વીસં ઉણ્હા, પરીસહા હોન્તિ ણાયવ્વા ॥''

સ્ત્રી પરિષહ અને સક્કાર પરિષહ એ બન્ને પરિષહ શીત-ઠંડા છે. એટલે તે શરીરાદિને કષ્ટ ઉપજાવતા નથી; પરંતુ ચારિત્રમાં સ્ખલના પમાડે છે. જ્યારે બાકીના વીશ પરિષહ ઉષ્ણ છે એટલે તે ચારિત્ર તથા શરીરને દુઃખ ઉપજાવે છે. જો ચારિત્રથી ચલાયમાન થાય તોય દુઃખ અને ચલાયમાન ન થાય તો પણ શરીરને તો દુઃખ છે.

હવે બીજી રીતે પણ વાત સમજાવે છે કે-

''જે તિવ્વ પરિણામા, પરીસહા તે ભવન્તિ ઉણ્હાઓ.
જે મંદ પરીણામા, પરીસહા તે ભવે સીયા.''

જેનાથી રાગ-દ્વેષાદિ અધિક થાય તે ઉષ્ણ પરિષહ અને જેનાથી મંદ કષાય થાય તે શીત પરિષહ.

× × × × × × ×

● શ્રી નિશીથસૂત્રના અગિયારમા ઉદ્દેશામાં અઢાર પ્રકારના પાત્રોનો ત્યાગ ઉપદેશ્યો છે. તે આ પ્રમાણે.

૧-લોઢાના, ૨-કાંસાના, ૩-તાંબાના, ૪-તરવાના, ૫-સોનાના, ૬-રૂપાના, ૭-સીસાના, ૮-કથીરના, ૯-હીરપુટ (લોહપુટ), ૧૦-મણિના, ૧૧-કાચના, ૧૨-શંખના, ૧૩-શીંગડાના, ૧૪-દાંતના, ૧૫-ચેલ એટલે નેત્ર પ્રમુખના, ૧૬-પાષાણ - પત્થરના, ૧૭ - ચામડાના અને ૧૮- વજરત્નના.

આવા અઢાર પ્રકારના પાત્રો સાધુ પોતે રાખે, બીજા પાસે રખાવે, અને રાખનારને સારો કહે અથવા પોતે ભોગવે, બીજા પાસે ભોગવાવે અને ભોગવનારને સારો કહે તેને પ્રાયશ્ચિત્તનો ભાગી કહ્યો છે.

વળી જે પાત્રાને લોઢાના, તાંબાના, કાંસાના આદિ ઉપર કહ્યા તે અઢારે પ્રકારના બંધનથી બાંધ્યાં હોય તેવા કાષ્ટના પાત્રને પોતે રાખે, બીજા પાસે રખાવે અને રાખનારની અનુમોદના કરે તેને પણ પ્રાયશ્ચિતનો ભાગી કહ્યો છે.

× × × × × × ×

● ચાર પ્રકારની કટ (સાદડી) અને ચાર પ્રકારના રાગ

(શ્રી સ્થાનાંગ સૂ. ૩૪૯)

ચાર પ્રકારના કટ - પાથરવાની વસ્તુ વિશેષ કહેલ છે.

૧. સુંબ - તૃણ વિશેષથી બાંધેલી કટ.
૨. વાંસની સળીઓથી ગુંથેલ કટ.
૩. ચામડાથી ગુંથેલ કટ.
૪. કંબલ કટ.

આ પ્રમાણે ચાર પ્રકારના પુરુષો સુંબથી કંબલ કટ સુધીના કહ્યા છે જેઓને ગુર્વાદિ ઉપર અલ્પ, વિશેષ, વિશેષતર અને વિશેષતમ પ્રતિબંધ - રાગ વાળા હોય છે.

શ્રી મહાવીર શાસનના તંત્રી : સ્વ. શ્રી મગનલાલ ચત્રભુજ મહેતા

શ્રદ્ધાંજલી વિશેષાંક

તા. ૧-૭-૨૦૦૦ ના પ્રગટ થશે તે માટે અનુમોદના લેખ તથા શ્રદ્ધાંજલી વિ. તા. ૧૦-૬-૨૦૦૦ સુધીમાં મોકલી આપશો.

ટાઈટલ : ૨-૩-૪ લંડનથી આવી ગયા છે.
આપની શ્રદ્ધાંજલી મોકલી આપો.

એક પેજ રૂા. ૫૦૦/- અડધું પેજ રૂા. ૩૦૦/-
ચોથા ભાગ (પા પાનું) પેજ ૧૫૦/-

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર)

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુરુદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

JAIN VIDYAT

- જે આપણને કદી છોડી ન જાય, સદા સાથે રહે , જ્યાં જઈએ ત્યાંય સાથે રહે- તેવા ધર્મને માટે પ્રાણની શું કિંમત છે. ?
- ધર્મ કરનારો તો સંસારના સુખનો અર્થી ન હોય અને દુઃખને વેઠનાર હોય !
- તમને આમંત્રણ આપે પૈસા જોઈને, અમને આમંત્રણ આપે પૈસા નથી રાખતા તે જોઈને ?
- આત્માના સંપૂર્ણ ધર્મની પ્રાપ્તિ તેનું નામ જ મોક્ષ !
- ધર્મ એટલે ગુણઠાણાનો પરિણામ. જે જે ગુણઠાણે જે જે પરિણામ કહ્યા તે પેદા થાય તેનું નામ ધર્મ !
- સુખના બધા જ સંયોગો દુઃખનું ઘર - કારણ લાગે તો વિરાગ આવે.
- આત્માને દમો તો જ ઠેકાણે આવે. સુખમાં નાખો તો પાગલ થઈ જાય. દુનિયાના સુખથી છોડાવી દુઃખમાં જોડવો તે આત્મા પર બળાત્કાર છે.
- ધર્મ તો મનને ઘસે, વચન સુધારે અને કાયાને બહાદુર બનાવે, ધનને તો કાંકરા મનાવે.
- આખો સંસાર ખારાપાણી જેવો છે, તત્ત્વશ્રુતિ મીઠાપાણી જેવો છે. આત્મામાં પડેલા ધર્મના બીજ હૈયામાં ઉગાડવા હોય તો હૈયામાંથી સંસારને કાઢી મીઠા પાણી રૂપી તત્ત્વની શ્રુતિ ઘુસાડવી પડશે.
- સુખની લાલચ અને દુઃખની કાયરતા તે બે પાપના મૂલ છે.
- સમકિતીને અવિરતિ ડાકણ જેવી લાગે અને વિરતી દેવી જેવી લાગે. તેથી તે ડાકણને કાઢવા અને દેવીને મેળવવા મથે છે.
- છતી શક્તિએ પારકી વસ્તુ લઈ પૂજા કરવી તે નુકશાનકર્તા તો છે પણ **પૈસાનો મોહ પોષનાર છે.**
- આ શરીર પણ પુણ્યથી મળે, સાથે ને સાથે રહે છતાં પણ જો સાથે ધર્મ ન હોય તો શરીર નુકશાન જ કરે. શરીર નુકશાન કરે તો આજુબાજુ વળગેલ ચીજો નુકશાન જ કરે છે.
- મિથ્યાત્વ અવિરતિ અને કષાયરૂપ સંસાર એ જ મોટો રોગ છે. આ રોગ મીઠો લાગે છે. માર પડે તો મારથી બચવાનો વિચાર, માલ મળે તો ભોગવવાનો વિચાર - તેવો આ રોગ છે.
- ધર્મલાભ એટલે સાધુ થવું તે. દુનિયા ગમે તેટલા આશીર્વાદ આપતી હોય પણ શ્રી વીતરાગ દેવના સાધુને 'ધર્મલાભ' સિવાય બીજો એક પણ આશીર્વાદ આપવાનો નથી. આપે તો તે શ્રી વીતરાગદેવનો સાધુ મટી જાય.
- વસ્તુને સમજવા વિચારણા કરવી તે ચિંતન ! જીવનમાં ઉતારવા વિચારવું તે ભાવના !
- આજે ઘણા શ્રાવકોને સાધુ આગળ સ્થાન જમાવવું છે ઘણાને સાધુ પાસે કામ કરાવવું છે આવી માન્યતાથી ઘણું જ નુકશાન થયું છે.
- ગમે તેવા પ્રસંગોમાં મજાથી જીવે અને [redacted] લોભામણા પ્રસંગની જેને અસર ન થાય તે ધર્મ પામવા લાયક છે.
- આખા સંસારનું નાટક મોહથી ચાલે છે.
- અનુકૂળતા મળે તે પુણ્યોદય અને ગમે તે પાપોદય !
- મરજી આવે તેમ સ્વતંત્રતા - સ્વરછંદતા ભોગવે તે બધા મોટેભાગે એકેન્દ્રિયમાં જાય.
- ભવનો ઉદ્વેગ જૈનકૂળમાં જન્મેલાને માટે ગળથૂથીમાંથી હોય.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
9/8/2000

આ શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨ **અંક ૩૯/૪૦**

મનુષ્ય જન્મરૂપી વૃક્ષના કિંમતી ફળો.

जिनेन्द्र पूजा गुरुपर्युपास्ति, सत्त्वानुकंपा-
शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य
फलान्यमूनि ॥

(શ્રી સિન્દૂર પ્રકરણ ગા. ૯૩)

શ્રી જિનેન્દ્રદેવની પૂજા, સુગુરુની સેવા - ભક્તિ, પ્રાણીઓ ઉપર દયા, સુપાત્રમાં દાન, ગુણોનો (ગુણીજનો ઉપર) અનુરાગ - પ્રીતિ, આગમનું (સદ્‌ગુરુ મુખે) શ્રવણ - આ મનુષ્ય જન્મરૂપી વૃક્ષનાં ફળો છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

વાંચો... વંચાવો...

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્વામિને નમો :

અવશ્ય વસાવો...

આત્મશ્રેય પ્રકાશનનું નવલું નજરાણું

વચને બાંધી પ્રીત

(વિશંગદ - સુમિત્ર ચરિત્ર)

સચિત્ર ...

કિંમત રૂા. ૯૦-૦૦

સંપાદક : મુનિરાજ શ્રી કુલશીલ વિજયજી મ.
લેખક : પૂ. મુનિરાજ શ્રી હર્ષશીલ વિજયજી મ.

બે મિત્રોની અપૂર્વ મૈત્રી ! સાચી અને શાશ્વત મૈત્રીનો મિજાજ માણવો હોય તો આપને આ પુસ્તક અવશ્ય વસાવવું જ રહ્યું

વિવિધરંગી ચિત્રો, મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટ, અત્યાકર્ષક ટાઈટલ, રસાળ શૈલી, રોમાંચક ચરિત્ર, મોટા ટાઈપ ઇત્યાદી વિવિધતાઓથી સભર...!

અમારા અન્ય સચિત્ર પ્રકાશનો

	કિંમત રૂા.
● એક મજેની વાર્તા (ધન્યકુમાર ચરિત્ર)	૫૦-૦૦
● એક સરસ વાર્તા (સમરાદિત્ય ચરિત્ર)	૮૦-૦૦
● એક રસમય વાર્તા (રૂપ અને સુનંદા ચરિત્ર)	૬૫-૦૦
● એક મનગમતી વાર્તા (અંજના સુંદરી ચરિત્ર)	૬૦-૦૦
● મહેરામણના મોતી (વિવિધ વાર્તાઓ)	૮૦-૦૦
● નયને તોરણ મોતીના (સાગરદત્ત ચરિત્ર)	૮૦-૦૦
● પાલવે બાંધી પ્રીત (સુરસુંદરી ચરિત્ર)	૮૦-૦૦
● પૂણ્યે બાંધી પ્રીત (આરામ શોભા ચરિત્ર)	૮૦-૦૦

પ્રકાશક

આત્મશ્રેય પ્રકાશન

ઉમેશચંદ્ર ભોગીલાલ શાહ

એચ. ભોગીલાલ એન્ડ કંપની
દુકાન નં. કે - ૭/૮, નવમી ગલી,
મંગલદાસ માર્કેટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

તા.ક. : મુંબઈ, અમદાવાદ, શંખેશ્વર, પાલીતાણાના વિવિધ બુકસેલરો પાસેથી પુસ્તક પ્રાપ્ય થશે.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061

તંત્રીઓ:
પ્રેમચંદ મોહનલાલ મુકડમ (મુંબઈ)
ભરત મુલચંદભાઈ અજમેરા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
પ્રાણલાલ પદમશી મુકડમ (વિરમગામ)

વર્ષ : ૧૨) ૨૦૫૬ જેઠ સુદ ૫ મંગળવાર તા. ૬-૬-૨૦૦૦ (અંક : ૩૯/૪૦

વાર્ષિક રૂા. ૪૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પર પીડા જાણે તે ધર્મ છે કેફ નથી

આત્મ વત્ સર્વભૂતાનિ યઃ પશ્યતિ સ પશ્યતિ - (ગીતાજી) આત્મનિ પ્રતિકૂલીનિ પરેષાં તૈવ સમાયચરેત્ (ગીતાજી) મા હિંસ્યાત્ કોપિ ભૂતાનિ (જૈન ધર્મ)

આવા પરિહિતના પવિત્ર વાક્યો વિશ્વમાં જય પામે છે અને તેથી જ જગતમાં જીવદયા ધર્મ જયવંત વર્તે છે. છતાં જેમને માત્ર બુદ્ધિ પરિપક્વ બની હોય અને સમજણ પરિપક્વ ન બની હોય તેમને જીવદયા કરનારની વાત મગજમાં ન બેસે તેમ બને છે.

આવું જ એક વાત સમકાલીન તા. ૨૪-૪-૨૦૦૦માં સંદર્ભ વિભાગમાં આરતી પ્રભુએ લખેલ 'નાનો દારૂનો, દારૂબંધીનો અને તંત્રનો' એ લેખમાં છે.

તેમાં તંત્રના કેફ તરીકે કુમારપાળ મહારાજની વાત લખી છે એ આશ્ચર્ય છે. તેમનો વિષય તેમાં વિપરીત બને છે. જેમાં લખ્યું છે કે -

'રાજા કુમારપાળ જૈન ધર્મી હતા. તેણે રાજ્યમાં ઘોષણા કરી કે જે કોઈ જીવ હિંસા કરશે તેને સખતમાં સખત સજા થશે. રાજ્યના સિપાઈઓ ચોકી કરતા. કોઈ જીવ હિંસા કરતું નથી ને ? એક દિવસ પાટણમાં એક મહિલાના ઘરને ઓટલે બેસી પોતાની દીકરીનું માથું ઓળતી હતી. ત્યાં વાળમાંથી એક જૂ જડી આવી. પેલી સ્ત્રીએ પોતાના બે નખ વચ્ચે ભીંસને એ જૂ-ની હત્યા કરી. કુમારપાળના ચોકીદારો આ ઘોર હિંસાકૃત્ય જોઈ ગયા તત્કાળ સ્ત્રીની અટક કરી કારાગારમાં પૂરી દીધી અને ઘરબાર જપ્ત કરવામાં આવ્યા. સ્ત્રીના નિરાધાર બાળકો બાપડા રખડી પડ્યા આને કહેવાય તંત્રનો કેફ.'

'કુમારપાળના કાયદા કરતાં દારૂબંધીનો કાયદો વધારે ઝનુની કહેવાય કારણ કે તેમાં જીવજંતૂને જીવાડવા માટે માણસને મારવામાં આવે છે. એ ધર્મનો આદેશ છે. જ્યારે દારૂબંધીમાં જે લોકોની સ્થિતિ સુધારવાનું ધ્યેય રાખવામાં આવે તેને જ મારવામાં આવે છે આને કહેવાય તંત્રનો નશો.'

તંત્રનો કેફ કહીને કુમારપાળની દયાને લેખમાં વગોવવામાં આવી છે. અને તે વગોવવા માટે બાળકો બાપડા રખડી પડયા તેવું કરૂણ ચિત્ર રજુ કર્યું છે. પરંતુ જીવહિંસા કરનારને છૂટ મળી જાય અને જીવહિંસા રાજમાર્ગ થઈ જાય તે અટકાવવા માટે જે વાત થઈ છે તેને નિર્દયતામાં ઘટાવવી તે લેખકનો પણ કેફ બની જાય છે. વળી જૈન કથા શેઠને તેના પ્રાયશ્ચિત રૂપે ઠેકઠેકાણે વિહાર બંધવવાનું કહેવામાં આવે છે. પરંતુ મારી નાખવામાં આવતા નથી.

લેખકે કુમારપાળના કાયદા તરીકે તેમાં જીવજંતૂને જીવાડવા માટે માણસને મારવામાં આવે છે તે ધર્મનો આદેશ છે. તેવું લખીને મારવાનો આદેશ તે ધર્મ છે. તેમ લખીને વિકૃતિ કરી છે. જીવને મારવાનો નિષેધ સમજાવવાને બદલે મારવાની વિધિ બતાવીને જીવદયાની હાંસી કરી છે.

ખરેખર કુમારપાળ મહારાજા ગુર્જર નરેશ હતા જૈન ધર્મમાં તેમને આર્હત્ કુમારપાળ કહ્યા છે. તે તેમને જૈન ધર્મની પ્રાપ્તી થઈ તે થયા છે. જૈન ધર્મ કોઈ જીવને હણે નહિ.

સવ્વે જીવા ઈચ્છંતિ જીવિઉં ન મરિઉં।
તમ્હા ઘોરવહં ઘોરં નિગ્ગંથા વજ્જયંતિણ ॥

સર્વ જીવો જીવવાને ઈચ્છે છે મરવાને નહિ તે માટે જૈન મુનિઓ સર્વથા જીવહિંસા તજે છે

આવા જૈન ધર્મને માટે માણસને મારવાનો તેમાં આદેશ છે. આવું લખવું તે લેખકનું અજ્ઞાન છે. સમજણની વિકૃતિ છે. એમ લાગ્યા વગર રહેતું નથી.

■ ■ ■ ■

પહેલો ઉપદેશ

સાધુ ચલતા ફીરતા એ ન્યાયે એક સિદ્ધ મહાત્મા એક ગામથી બીજે ગામ અને એક નગરથી બીજે નગર વિચરતા હતા. જ્યાં જાય ત્યાં તેમની સિદ્ધવાણીથી અનેક નગરજનો તેમના પ્રવચનમાં જોડાતા. અનેક ભક્તોથી વીંટળાયેલા એક નગરમાં એમની વ્યાખ્યાનમાળાનું આયોજન થયું.

આમ તો આ સિદ્ધ મહાત્મા બે દિવસથી વધારે કોઈ જગ્યાએ રોકાતા નથી પણ પ્રવચનનું અમૃતપાન કરીને જીવન ધન્ય બનાવવાની તીવ્ર ભાવનાને લક્ષમાં લઈને વધુ રોકવાની વિનંતી સ્વીકારી.

આયોજન ભક્તોએ કર્યું એ પ્રમાણે નિયમિત પ્રવચન થવા લાગ્યા પ્રવચનના ટપકતાં બિંદુઓ ઝીલીને મોતી સદૃશ જીવન બનાવવાની ભાવનાથી અનેક નગરજનો ઘર છોડી મહાત્માના પ્રવચનનો લાભ લેવા દોડ્યાં.

થોડા દિવસો બાદ કેટલાક ભક્તજનો ખિન્ન મને આ સિદ્ધ મહાત્મા પાસે આવ્યા વિલા મોઢે બેઠેલા ભક્તોને જોઈને મહાત્મા બોલ્યા ભાઈઓ શું વ્યથા છે ? વ્યથાનું કારણ શું ?

એક ભક્તે કહ્યું હે મહાત્મન્ ! ''તમારા પ્રવચનથી ઘણા બધા પ્રભાવિત થયા છે. સારુય નગર આપશ્રીના પ્રવચનનો લાભ લે છે. પરંતુ, પ્રવચનના મંડપની નજીક બેઠેલા એક ભિખારી પર તેની કોઈ અસર પડતી નથી.'' પ્રવચનમાં આવીએ અને પાછાં વળીએ ત્યારે એકજ વાત તેના મુખમાંથી સાંભળવા મળે છે.

તરત જ સિદ્ધ મહાત્મા સ્મિત સાથે બોલ્યા, કાલે એ ભિખારીને મારી પાસે લઈ આવજો. હું તેને ઉપદેશ આપીશ.

બીજે દિવસે પ્રવચન પછી એ જ ભક્તો પેલા ભિખારીને મહાત્મા પાસે લઈ આવ્યા સિદ્ધ મહાત્માએ ભક્તજનોને કહ્યું. ''આને પેટ ભરીને જમાડો અને જવા દો''

ભક્તોએ એ મુજબ કર્યું. જમાડીને પાછા વળેલા ભક્તોએ આશ્ચર્યપૂર્વક મહાત્માને પૂછયુ. ગુરુદેવ ! ઉપદેશ આપવાને બદલે આમ કેમ કર્યું ?

ખીલખીલાટ હસતા સિદ્ધ મહાત્માએ કહ્યું, હે ભાગ્યવાનો, ઘણા દિવસથી ભૂખ્યા આ ભિક્ષુક માટે ભરપેટ ભોજન જ આજનો પહેલો ઉપદેશ હતો. આના પછી હવેથી તેના પર બીજા ઉપદેશોનો પ્રભાવ પડવા લાગશે.

વાસવંતી (વસુ)

પાના નં. ૩૩૯ થી ચાલું

શનિવારે જ સંવત્સરી કરવાનો છે. જ્યારે મુનિશ્રીનો એકતિથિવાળા તરીકે ઓળખાતા પક્ષે આ વર્ષે (ભા. સુ. ૩નો ક્ષય માની) શુક્રવારે સંવત્સરી કરવાનો છે, જે ઉપર પૂ. નન્દન સૂ. મ. ના જણાવેલા બન્ને સિદ્ધાન્તોથી વિરૂદ્ધ છે.

વાસ્તવમાં એ બન્ને સિદ્ધાંતો - શ્રી સંઘમાન્ય પંચાંગ છોડીને બીજું પંચાંગ સ્વીકારવાનો અને બેસતા વર્ષના વાર સાથે શ્રી સંવત્સરીના વારને જોડવાનો - કોઈપણ જાતના શાસ્ત્રીય આધાર વગરના હોવાથી શાસ્ત્ર વિરુદ્ધ જ છે, અને એક તિથિપક્ષના સમર્થકોના કપોલકલ્પિત તુક્કાઓ છે. જેનો ઉપયોગ, ''ગાજરની પીપુડી, વાગી તો વાગી; નહિ તો ખાવાને કામ લાગી''

જેવી તકવાદી રીતે જ થતો આવ્યો છે. પરંતુ જ્યારે આવા ગપ્પાંઓને મુનિશ્રી ''દસ્તાવેજી'' જેવી પદવી આપવા લલચાયા છે. ત્યારે મુનિશ્રીની ફરજ તો તેને અનુસરવાની જ રહે છે ! અને તેથી મુનિશ્રી પોતાના પક્ષને અથવા ન બને તો છેવટે પોતાની જાતને, એ ''દસ્તાવેજી'' પુસ્તિકાનુસાર ચાલવા જેટલી નિખાલસ બનાવે, પછી શાસ્ત્રાર્થ કરવાની તત્પરતા બતાવે એ ઉચિત ગણાય. કારણકે જે પક્ષ પોતાની જાહેર કરેલી માન્યતાને ય અનુસરે નહિ, એ પક્ષને શાસ્ત્રાર્થનો પડકાર ફેંકવાનો કોઈ નૈતિક અધિકાર છે જ નહિ.

કાંતિલાલ ચુનિલાલ શાહ - મુંબઈ.

પ્રવચન - ચાલીશમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૭ શનિવાર તા.૧૫-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલુ....

તમને બધાને ધનનું દાન કરવું ગમે કે ધનનો ભોગવટો કરવો ગમે ? આજે તો ખાવા - પીવા, મોજ - મઝાદિમાં કશું બાકી રાખતા નથી અને ધર્મની વાત આવે તો 'મારાથી ન બને' તેમ કહેનારો મોટો વર્ગ છે તેવાઓ તો કો'કવાર અહીં દેખાડ માટે આવી જાય બાકી તેવા પાસે ધર્મની આશા રાખવાની નહિ. આજે તો એટલું ખરાબ થયું છે કે - ધર્મના વહીવટ માટેનો ટ્રસ્ટી સુખી થઈ શકે અને આજનો સુખી મોટેભાગે ધર્મ ટ્રસ્ટની ખબર ન રાખે તેવો હોય છે. મુનીમ જે કાગળ બતાવે તેમાં સહી કરી આપે. તેવી રીતે ઘર અને પેઢીનો વહીવટ કરે તો શું થાય ? ગમે તેવો મોટો શેઠીયો હોય પણ ઓફીસના ટાઈમે ઓફીસે જાય ને ? અને અહીં ?

તેથી શ્રી શાસ્ત્રાકાર પરમર્ષિ કહેવા માગે છે કે- આવા જીવો વિદ્યમાન છે માટે સાધુ એટલા પૂજનીક તેમ નહિ. અને ધર્મ કરતા હોય તે બધા જ ધર્મી તેમ કહેવાય નહિ. ધર્મ કરનારા પણ અધર્મી હોઈ શકે છે માટે રોજ આત્માને પૂછવું પડે કે- 'તું ધર્મ કેમ કરે છે ? ધર્મ કરનાર તને અધર્મ ગમે છે ?' તેથી જ શાસ્ત્રે કહ્યું કે - 'ધર્મ કરે તેને ય સંસાર જ ગમતો હોય, સંસારને સારો રાખવા માટે ધર્મ કરતો હોય તો તેનો ધર્મ પણ અધર્મ જેવો જ છે. અધર્મ દુઃખ આપીને મારે, ધર્મ સંસારનું સુખ આપી આપીને મારે તેવો અજ્ઞાની જીવ ધર્મને બનાવે છે. તેની પાસે એવા એવા પાપ કરાવે કે બૂરી હાલતે મરીને દુર્ગતિમાં જાય. તેથી જ આપણે જે કાંઈ ધર્મ કરીએ છીએ તે શા માટે કરીએ છીએ તે રોજ આત્મા સાથે વાત કરવી પડે. દુનિયાનું સુખ મેળવવા, ભોગવવા, માનપનાદિ મેળવવા ધર્મ કરીએ છીએ કે તે બધાથી છૂટવા માટે ધર્મ કરીએ છીએ. ?

શ્રાવકને સાધુ થવાની ઈચ્છા હોય તેમ સમ્યક્ત્વ પામેલાને પણ ઘર - બારાદિ છોડવાની ઈચ્છા થયા વિના ન રહે તેવું ન બને. સંસારમાં દરિદ્રી કે શ્રીમંત બધાને પૈસા મેળવવાનું મન ખરું ને ? પૈસા મેળવવા ગરીબો પણ કેટલી દોડાદોડ કરે છે. તેમ ધર્મી જેટલા હોય તેને સંસાર છોડવાનું અને મોક્ષ મેળવવાનું મન હોવું જોઈએ. આ વાત મંજુર છે ? ધર્મ કરનારને ઘર - બારાદિ છોડવાનું મન છે ? ધર્મ કરનારો ઘરમાં રહ્યો છે તેને પાપ માને છે ? શક્તિમાન મોટી પેઢી ખોલે તો તે મહાપાપી કહેવાયને ? આજીવિકા મઝેથી ચાલે તેમ હોય તો શા માટે પેઢી ખોલે ? પેઢી ખોલનારાને નોકર કેવા જોઈએ ? કામ ઘણું કરે અને પૈસા ઓછા લે ! નોકરને કેટલી જરૂર છે તેનો શેઠ વિચાર કરે ખરો ? પૈસા વગરના જ પૈસાના લોભી હોય કે પૈસાવાળા પણ પૈસાના લોભી હોય ? પૈસાવાળાને ય પૈસાનો બહુ લોભ હોય તો તે મહાપાપી છે. તેને તો દુઃખિનું દુઃખ દૂર કરવાનું, સાધર્મી જરૂરવાળાને સહાય કરવાનું મન થાય તો તે સાચો સુખી છે. પૈસાવાળો દાનનો પ્રસંગ આવે છતાં ય દાન ન કરે તો શાસ્ત્રે કહ્યું કે - તે ધર્મ સમજતો નથી તે ગરીબડો શું ધર્મ કરવાનો છે ? કોઈ ભુખ્યો છે તેમ ખબર પડે તો સુખી આત્માઓ તેને ભુખ્યો રહેવા દે ખરા ? આજના પૈસાવાળા જે રીતે જીવે છે તે જોઈને તેમની દયા આવે તો તે કહેવા કરનારને મૂરખા કહે છે. આજના શ્રીમંતોને મોટા મોટા વેપાર - ધંધાદિ કરવાનું હરવા - ફરવાનું મન થાય છે. પણ વધારેમાં વધારે ધર્મ કરવાનું મન થાય ખરું ? આજના સુખી લોકોને જો ધર્મ કરવાનું મન થતું હોત તો ધર્મની જાહોજલાલી કેવી હોત ! જૈન ધર્મમાં સુખી લોકો નથી કે છે ? આજના સુખી ભૂતકાળમાં ધર્મ કરીને આવ્યા છે પણ તે ધર્મ દુનિયાના સુખ માટે જ કર્યો હોય તેમ લાગે છે તેથી તેમની હાલત આવી છે કે - ધર્મ જરાપણ ગમતો નથી અને દુનિયાનું સુખ બહુ ગમે છે.

ધર્મ તો ભગવાનની આજ્ઞા મુજબ જ કરવો જોઈએ આ દુનિયાના સુખના પંજામાંથી છૂટાય, લક્ષ્મીના લોભમાંથી છૂટાય, ઝટ ભગવાનનું સાધુપણું પામીને અને સારી રીતે સાધુપણું પાળીને મારે ઝટ મોક્ષે જવું છે આવી ઈચ્છાવાળા ધર્મ કરનારામાં પણ કેટલા મળે ? તેવી રીતે સાધુ થયેલાઓએ પણ મારે અપ્રમત્ત રહેવું જોઈએ, એ પણ દોષ ન લાગવો જોઈએ અને શક્તિ મુજબ તપ - જપ સ્વાધ્યાય કરવા જ જોઈએ આવી ઈચ્છાવાળા પણ સાધુમાં કેટલા મળે ? માટે સાધુમાં પણ પાંચ પ્રકારના વંદનીક કહ્યા અને પાંચ પ્રકારના અવંદનીક કહ્યા. સાધુ તેટલા બધા વંદનીક તેમ નહિ. સાધુને જોઈને સાધુવેષનું બહુમાન કરવા હાથ જોડે તે વાત જુદી પણ વંદન તો પ્રતીતિ આ પછી જ કરે.

વિશેષ હવે પછી....

મહાભારતના પ્રસંગો

પ્રકરણ : ૬૮

-શ્રી રાજુભાઇ પંડિત

☼ કરણ - અર્જુન ☼

''આ મસ્તક હે મિત્ર ! તને અર્પણ. અને આ ધરા હે બંધુઓ તમને સુપ્રત. હું જાઉ છું, અલવિદા... અલવિદા.''

દુઃશાસનના હાથને ખેંચીને ઉખાડી નાંખ્યા પછી બાકીના શરીરના ભીમે ટૂકડા - ટૂકડા કરીને કરી નાંખેલાં વધથી દુર્યોધન અનહદ દુઃખાધીન બન્યો.

સોળમા દિવસની એ રાત્રે કર્ણે આવીને દુર્યોધનને કંઈક સાન્ત્વન આપતા કહ્યું કે- કુરૂક્ષેત્રના આ સમરાંગણમાં અર્જુન માથુ છે. અને ચાર પાંડવો બાકીનું ધડ છે. એક માથુ છેદાયુ નથી ને બાકીનું શરીર મડદુ બન્યું નથી. માટે હું આવતી કાલે મારા બાણોના પાવક (અગ્નિમાં)માં અર્જુનના મસ્તકની આહુતિ ધરી દઈશ.

પરંતુ... પરંતુ મિત્ર ! અર્જુનના સારથિ શ્રીકૃષ્ણ જેવો મને સારથિ મળે તો જ આ શકય છે. અન્યથા નહિ. અને તેવો સારથિ સિવાય મદ્રરાજ કોઈ નથી. બસ, મને મદ્રરાજ સારથિના રૂપમાં આપ પછી તું સંગ્રામ જો.''

તરત દુર્યોધને મદ્રરાજ શલ્યને કર્ણના સારથિ બનવા પ્રાર્થના કરી પણ મદ્રરાજે કહ્યુ- ''એક સૂતપુત્રનો સારથી એક રાજા થઇને હું બનું ? નહિ, એ નહિ બને દુર્જન્ !''

શલ્યની ધરાર ના હતી છતાં દુર્યોધને એક મિત્ર તરીકે મારી ખાતર આટલું કરો. હાલ ઉંચ - નીચના ભેદભાવો ન જાુઓ ' ઈત્યાદિ અતિ આગ્રહથી કહેતા તેને પોતાના ભાણેજ નકુલ - સહદેવની વાત યાદ આવી જતા શલ્યે કર્ણના સારથી બનવાનું સ્વીકાર્યું અને પોતે જે બોલશે તે કર્ણે સાંભળી લેવું પડશે તેવું તે બન્ને પાસે કબૂલ કરાવ્યું.'

એ જ સમયે કર્ણે પ્રતિજ્ઞા કરી કે- 'આવતી કાલે સવારે અર્જુનનો ઉચ્છેદ ના કરૂ તો હું અગ્નિ પ્રવેશ કરીશ.'

સતરમાં દિવસનું પ્રભાત થયું. બન્ને સૈન્યો સામ સામા ટકરાવા લાગ્યા. મદોન્મત્ત થયેલા હાથીની સૂંઢને કાપી નાંખીને કેટલાક તલવાર રાખવાની મ્યાન બનાવવા લાગ્યા. તો કેટલાક દંતશૂળ ઉપર પ્રહાર કરીને દંતૂશળ કાપવા લાગ્યા. બન્ને પક્ષે મારા - મારી અને કાપા કાપી શરૂ થઈ ગઈ.

શસ્ત્ર સજજ થઈને રથારૂઢ થયેલો કર્ણ - ''અર્જુન કયાં છે ? અર્જુન કયાં છે ?'' એ રીતે ત્રાડો પાડવા લાગ્યો.'' ત્યારે મદ્રરાજે કર્ણનો તિરસ્કાર કરતાં કહ્યું.-

''કર્ણ ! તારા માથામાં કાન નથી લાગતા. તારા હૈયામાં વિવેકનો છાંટો ય નથી. અને તારા આત્મામાં ચૈતન્ય નથી લાગતું કે જેથી તું તારા જ આત્માનું અહિત કરનારી 'અર્જુનનો વધ ન કરૂ તો હું અગ્નિમાં બળી મરીશ.'' આવી પ્રતિજ્ઞા લઈને બેઠો છે. કર્ણ જાણે છે, તે અર્જુન છે, છે કોઈની તાકાત તેને પરાસ્ત કરવાની ? વિરાટનગર તરફ ગોધણ લેવા ગયેલા તારી શું વલે થયેલી તે ભૂલ ગયો ? અને અર્જુનના જ દિવ્ય ગંધર્વેન્દ્ર સામે તારે લડતા લડતા ભાગી જવું પડેલ. અને તારો મિત્ર બેડીઓમાં બંધાઈ ગયેલો ત્યારે તમને છોડવવા કોણ આવેલું ? કંઈ યાદ છે કે ભૂલી ગયો ? અને અત્યારે મોટે ઉપાડે અર્જુનને તું આહ્વાન કરી રહ્યું છે. શરમા શરમા. મને તો તારો વિનાશકાળ જ લાગે છે જેથી તને અવળી બુદ્ધિ જ સૂઝી છે.''

આથી રોમ - રોમ રોષથી સળગી ઉઠેલા કર્ણે કહ્યુ- મ્લેચ્છોને શોભે તેવી જ હે મદ્ર ! તારી વાણી છે. પણ હું તને કર્ણ અને અર્જુન વચ્ચેનું અંતર હમણાં જ દેખાડી દઈશ. અર્જુનને આવવા તો દે મારી સામે. મદ્રરાજે કહ્યું-- કર્ણ તારા શિર્ષોચ્છેદ થયા પહેલા તું અર્જુનને બરાબર ઓળખી નહિ શકે. જો જરા અર્જુન તો આ તારી સામે જ છે અને શત્રુનો સંહાર કરતો કરતો આવી રહ્યો છે.'

મદ્રરાજની આવી સ્વમાન હણી નાંખતી વાણીથી ક્રોધાયમાન થયેલા કર્ણના ઉત્સાહને નબળો કરી નાંખ્યો.

હવે બાણો વડે વરસતો કર્ણ અર્જુન તરફ ધસ્યો. અર્જુનને હણી નાંખવાના બચપણથી પાળો પોષીને

ઉછરેલા સંસ્કારો સળવળાટ સાથે બેઠા થયા અને કર્ણ બાણો વરસાવતો અર્જુન ઉપર તૂટી જ પડ્યો.

સામે પક્ષે અર્જુને પણ કર્ણનો પ્રચંડ સામનો કર્યો. વળતા પ્રહારો કર્યા. બન્નેએ એકબીજાના શરીરને રુધિર નીતરતું કરી નાખ્યું.

હવે અર્જુનને છોડીને કર્ણ યુધિષ્ઠર તરફ વળ્યો. કર્ણે યુધિષ્ઠિરનુ તો બાણ જ ખેંચતા બાણ તોડી નાંખ્યુ. ધનુષ ઉપર ચડાવવા ધનુષ તોડી નાંખ્યું. અને કર્ણ સુધી ખેંચતા જ ખેંચેલું બાણ તોડી નાંખ્યુ. આથી યુધિષ્ઠિર એક પણ બાણ છોડી ન શકતા આકુળ - વ્યાકુળ થઈ ગયો.

આ રીતે યુધિષ્ઠિરની દુર્દશા જોઈને શ્રીકૃષ્ણે અર્જુનને ઉપાલંભ દેવા માંડ્યો કે - ''તારી ધનુષ્કળાને, તારી બાહુબળની પ્રચંડતાને, તારા પુરુષત્વને, ધિક્કાર છે અર્જુન ! કે જેના દેખતાં જ વડિલબંધુ પ્રાણના સંશયમાં મૂકાઈ ગયો. ઈન્દ્રસભામાં ગુરુદ્રોણ તારી કાયરતાને જોઈ લજ્જા પામશે. તારા ઉપર જ અતિવત્સલ મુમુક્ષુ ભીષ્મ પણ શરમ પામશે. અને તારી કાયરતાથી લોકો સારથિ થઈને તમે શું ઉકાળ્યુ તેમ મારી હાંસી ઉડાડશે. અર્જુન ! કુંતીએ તારા બદલે કોઈ પુત્રીને જન્મ આપ્યો હોત તો તેનો પતિ પણ તારા વડિલબંધુની શત્રુથી રક્ષા કરત.''

આ રીતે તર્જનાથી ઉશ્કેરાયેલો અર્જુન સાક્ષાત્ કાળ બની ને કર્ણ તરફ દોડ્યો. પણ કર્ણ તરફ જતાં અર્જુનને કર્ણપુત્ર વૃષસેને વચમાં જ આંતર્યો અભિમન્યુના વધની યાદે અર્જુનમાં ઉછળેલા ક્રોધે વૃષસેનને હણી નાંખ્યો.

પુત્ર વધના સમાચારથી શોકમગ્ન અને ક્રોધાતુર બનેલો કર્ણ યુધિષ્ઠિરને છોડીને અર્જુન તરફ દોડ્યો. શ્રીકૃષ્ણે અર્જુનને સાવધ કર્યો.

આખરે ફરી પાછા બન્ને સામસામે આવી ગયા.

કર્ણે કહ્યું - ''અર્જુન ! દુનિયા આખી મને શ્રેષ્ઠ ધનુર્ધર ગણે છે. પણ તને હણ્યા વિના સર્વશ્રેષ્ઠ ધનુર્ધર ગણાવતા હું શરમાઉં છું . માટે અગર જો તારા ભુજદંડમા કંઈ પણ તાકાત છે તો ધનુષ પર બાણ ચડાવ. હવે તું ઘડી બે ઘડીનો જ મહેમાન છે. મારી સામે હવે તું ટકી શકીશ નહિ. મારો પ્રતાપનો પ્રલય સૂર્ય તારા બાહુબળના સમુદ્રને શોષવી નાંખીને પાંડુના કુળને અને પાંડુના વિશ્વને સળગાવી દેવા ઉદ્યત બન્યો છે. આ પૃથ્વીતલ ઉપરથી પાંડુપુત્રોના કાંટાઓને ઉખેડી નાંખીને નિષ્કંટક ધરતી મારે કૌરવોને ભેટ ધરવી છે.''

જવાબમાં અર્જુને કહ્યું - પરાક્રમીઓની તાકાત તેના હાથમાં હોય છે. બબડાટ કરવામાં નહિ. શરસંધાન કરો, કર્ણ ! ''આમ કહીને અર્જુને ગગનભેદી ગાંડીવ ટંકાર કર્યો.

બન્નો વચ્ચે ભીષણ - સંગ્રામ છેડાઈ ગયો.

કર્ણે પ્રચંડ શર - વર્ષાથી અર્જુનને સંપૂર્ણ ઢાંકી દીધો. ત્યારે અર્જુને કર્ણના બાણના ચૂરેચૂરા કરી નાંખ્યા. બાણોના પડેલા ઘાથી બન્નેના શરીર રુધિર વહાવવા લાગ્યા. અર્જુને હવે ક્રોધના ધમધમાટ સાથે શર - શ્રેણિ છોડીને કર્ણને હેરાન - હેરાન કરી મૂકયો.

આથી વ્યાકુળ બનેલા કર્ણે છેવટે પન્નગાસ્ત્ર = સર્પાસ્ત્ર છોડ્યું. ચોમેર સર્પો આવીને સર્વને ગાઢ રીતે વીંટળાવા લાગ્યા. અર્જુનના છેક રથ સુધી આવી ગયેલા સર્પો અર્જુનનો ભરડો લેવા જતા જોઈને કૃષ્ણ ભયાતુર બની ગયા. પણ તે જ વખતે અર્જુને ગરુડાસ્ત્રથી સર્પાસ્ત્રને પરાસ્ત કર્યું. ગરુડોને જોતા જ સર્પો નાસી છૂટ્યા.

અર્જુનના વધ માટેની આ સર્પાસ્ત્રની એક જ શકિત હવે તો કર્ણ પાસે શેષ રહી હતી. બાકીની તો ઘટોત્કચના વધમાં વપરાઈ ગઈ હતી. છેલ્લી શકિત પણ નિષ્ફળ ગઈ ત્યારે કર્ણે અર્જુનથી પોતાનું મૃત્યુ નિશ્ચિત કરી લીધુ અને કૌરવોનો વિનાશ અને પાંડવોનો વિજય પણ નક્કી થઈ ગયો.

આથી હવે મૃત્યુ જ નક્કિ કરીને કર્ણે ભીષણ શરવર્ષા શરૂ કરી. સામે અર્જુને પણ બરાબર વળતા પ્રહારો કર્યા. બન્નેના યુદ્ધથી ફફડી રહેલા અશ્વોને શલ્ય તથા શ્રીકૃષ્ણ વારંવાર કાબુમાં લેતા હતા.

ભીષણ સંગ્રામ ચાલતો હતો ત્યાં જ કર્ણના રથના પૈડા જમીનમા ખૂંપી ગયા. કર્ણનું મુખ શ્યામ થઈ ગયુ. મન ખિન્ન થયુ. બાહુબળ મંદ પડી ગયુ. શલ્યે ઘોડાઓને ઘણા પ્રેર્યા પણ રથ બહાર ના નીકળ્યો આખરે કર્ણ જાતે જ રથને બહાર કાઢવા નીચે ઉતર્યો. બીજી તરફ બાણોની વર્ષા ચાલુ જ હતી.

કર્ણે અર્જુનને કહ્યું - ''અર્જુન ! અત્યારે હું નિઃશસ્ત્ર છું, નિઃશસ્ત્ર ઉપર પ્રહાર કરવો ક્ષત્રિયનો ધર્મ નથી. જરા થંભી જા અર્જુન ! મારો રથ બહાર કાઢી લેવા દે.'' આથી અર્જુને ધનુષને મ્યાન કરી દીધું.

આ રીતે કૃપણ આલાપ કરતાં કર્ણને - મદ્રરાજે કહ્યું - વાહ કર્ણ ! તે તારા સૂતકુળનું નામ ઉજાળ્યું ક્ષત્રિય તો પ્રાણના સંદેહમાં પણ શત્રુ સામે હીન વચનો ના કાઢે. હરણ જેવો કાયર તને સિંહ સમજીને સૂકાન સોંપીને દુર્યોધને ભયાનક ભૂલ કરી છે. જો તારી જગ્યાએ દુર્યોધન હોત તો મરી જવાનું પસંદ કરત પણ તારી જેવી કાયરતા તો કદિ ના બતાવત.''

મદ્રરાજ શલ્યની શલ્ય જેવી વાણીથી કર્ણ હતોત્સાહ થઈ ગયો.

હર્ષે શ્રીકૃષ્ણે કર્ણને હાંસીપૂર્વક કહ્યું - ''કર્ણ ! ધર્મનું તત્ત્વ તો જાણે અત્યારે તારામાં જ આવી ગયું છે. સ્મૃતિના રહસ્યો પણ જાણે તું જ જાણતો હોય તેમ લાગે છે. એકલવીર અભિમન્યુ ઉપર બધાંયે ભેગા મળીને તલવાર - ભાલા - તીર - ક્ષુરપ્રના ઘા વીંઝ્યા હતા ત્યારે ધર્મ કયાં ભૂલાઈ ગયો હતો ? ત્યારે પણ તું ક્ષત્રિય જ હતો ને ? પોતે આફતમાં ફસાતા સામાને ધર્મ યાદ કરાવનારો શત્રુને હણી નાંખવામાં ધર્મને જલાંજલિ દઈ દે છે.''

આ રીતે કર્ણને કહ્યા પછી કર્ણના વચનથી ધનુષ્કાંડને મ્યાન કરી દીધેલ અર્જુનને શ્રીકૃષ્ણે કહ્યું - અર્જુન ! અર્જુન ! બાણોને ચડાવ. આવા અન્યાયી પુત્રહત્યારા શત્રુ સામે દયા બતાવવાની ના હોય. ફરી રથારૂઢ થશે તો તે તારા માટે અત્યંતદુર્જય બની જશે. આવા અધર્મી સામે આ સ્થિતિમાં બાણ ચલાવવા કોઈ પણ રીતે અક્ષાત્રવટ નથી.

અને વાસુદેવના વચનથી અર્જુને ગાંડીવધનુષ ફરી ધારણ કર્યું, શર - સંધાન કર્યા અને તીવ્રવેગી બાણથી કર્ણનું મસ્તક ઉચ્છેદી નાંખ્યુ.

કર્ણના ધડ ઉપરથી મસ્તક કુંડળો સહિત ઉંચે ઉંચે ઉછળ્યું ત્યારે - હે મિત્ર ! મારૂ આ મસ્તક તને અર્પણ. હે બંધુઓ ! આ ધરા તમને સુપ્રત. હવે હું જાઉ છું અલવિદા... અલવિદા... એમ થોડીવાર નાચતુ નાચતુ ધડ નિશ્ચેષ્ટ બનીને ઢળી પડયું.

કર્ણના શિર્ષોચ્છેદ સાથે જ સૂર્ય અસ્ત થયો.

ભીમે કર્ણના ઝળહળતા કુંડલો માતા કુંતીના ચરણે ભેટ ધરીને માતૃચરણની પૂજા કરી ત્યારે માતા કુંતી આ તે જ કુંડળો છે જે મેં જ તેને પહેરાવ્યા હતા. એ યાદ આવતા અશ્રુભીના બન્યા.

યુધિષ્ઠિરે માતાને ઉત્સવ સમયે રૂદનનું કારણ પૂછતાં શ્રીકૃષ્ણે બધુ કહેતા યુધિષ્ઠિરાદિ ભ્રાતૃવધથી દુઃખી થયા. શ્રીકૃષ્ણે એમ પણ કહ્યું કે ભાઈ સમજીને અર્જુને બાણ ચલાવ્યા ન હોત પણ મિત્રના માટે પ્રાણાર્પણ કરવા તૈયાર થયેલા કર્ણે અર્જુનને હણી નાંખ્યો હોત તો શું થાત ?

પછી પાંડવોએ કર્ણના દેહની અંતિમક્રિયા કરી. અને વડિલ-બંધુના મૃત્યુથી શોકમગ્ન જ રહ્યા.

'આ જ સમયે દિવ્ય પુરૂષે આવીને કહ્યું - હે રાજન્ ! કાલે તું કૌરવનો વિનાશ કરી વિજય પ્રાપ્ત કરીશ. અમે સરોવરમાં તમારો અપરાધ કરવાથી નાગેન્દ્રએ કાઢી મૂકતા આજે કર્ણના રથના પૈડાને ખેંચી રાખીને તમારા ઉપર ઉપકાર કર્યો છે તો હવે અમને નાગેન્દ્ર પાસે જવાની અનુજ્ઞા આપો.'

આમ કહેતા તેમને સત્કારપૂર્વક નાગેન્દ્ર પાસે જવાની અનુજ્ઞા આપી.

॥ શ્રી સુમતિનાથાય નમઃ ॥

॥ પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમ ॥

દુષ્કાળમાં મજુરોને રાહત માટે સુખડી વહેંચવા માટે લાભ લેવા ભાવિકોને વિનંતી

સુજ્ઞ મહાશય,

પ્રણામ સાથ જણાવવાનું જે હાલ ગુજરાતમાં તેમાંય સૌરાષ્ટ્ર- કચ્છમાં ભારે દુષ્કાળ વર્તી રહ્યો છે. રાહત મજુરીના કામો ચાલે છે તેમાં અમારા વિસ્તારમાં રૂા. ૨૮ - જેટલી રોજ મજુરી ચાલે છે. આવા મજુરોને સુખડી,અનાજ, ખાંડ-ચા વિગેરે સહિત રૂા. ૨૦૦/- નું એક પેકેટ એવા ૨૦ ગામમાં ૫૦૦ પેકેટ દરરોજ અપાય છે. આ માટે એક દિવસના રૂા. ૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર) નો ખર્ચ થાય છે. બીજા ૨૦ ગામો લઈએ તો બીજા દશ હજાર થાય છે.

આમાં ભાવિકોને ખાસ ઉદાર હાથે લાભ લેવા વિનંતી છે.

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજે પણ આ કાર્ય માટે શુભાશિષ અને પ્રેરણા આપી છે.

ડ્રાફટ અથવા ચેક થી રકમ મોકલવાનું સરનામું

માનવ સેવા કેન્દ્ર

C/o. **રામજી લક્ષ્મણ મારૂ**

તરણેતર રોડ, ઓસવાળ કોલોની, થાનગઢ. (જી. સુરેન્દ્રનગર)

ફોન : ઓ. ૨૦૭૨૮ રે. ૨૦૮૨૮ ફેક્સ : ૦૦૯૧-૨૭૬૧-૨૦૭૨૮

૧૧ (દોઢ) માસની જરૂરીયાત છે. અવશ્ય આપ ધર્મ પામી જાવશો.

વધુ લાભ લેશો તો વધુ ગામોના દુઃખીઓના આંસુ લૂછી શકાશે.

આત્મ પ્રબોધક પ્રસંગો
અનાસક્ત આત્માઓની મનોદશા

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ચરમ કેવલી શ્રી જંબુસ્વામિ ભગવાનનો આત્મા, ભવદેવના ભવમાં પોતાના મોટાભાઈ ભવદત્ત મહામુનિના આગ્રહથી; હૃદયમાં નાગિલાનું જ ધ્યાન કરતાં સંયમ જીવનને પાળતા હતા. અને શ્રી ભવદત્ત મહામુનિના કાળધર્મ બાદ નાગિલા સાથે પુનઃ સંસાર ભોગવવાની ઇચ્છાથી પોતાના ગામ આવે છે અને નાગિલાની સાથે જ મેળાપ થાય છે અને બન્ને વચ્ચે જે વાર્તાલાપ થાય છે તેથી નાગિલા તેમની ઓળખી પાછા સંયમમાં સ્થિર કરે છે. તે વખતે બ્રાહ્મણ બટુક જમેલી ખીરને વમન કરી બીજી ખીર દક્ષિણાના લોભે ખાવાની ઈચ્છા કરે છે. વમન કરેલું ખાવું તે તો કૂતરા કરતાં પણ હલકો છે- આવા ભાવનું મુનિ ભવદેવ તે બ્રાહ્મણ બાલકને સમજાવે છે ત્યારે ભગવાનના શાસનના પરમાર્થને પચાવેલી અને ભોગોને ભોરીંગ કરતાં પણ ભયાનક ડંખીલા ઝેરીલા માનનારી શ્રાવિકા નાગિલા જે વાત કરે છે તે આત્માને સદાચારમાં - ધર્મમાં વધુને વધુ સ્થિર કરે તેવા છે. તે નાગિલા મુનિને કહે છે કે - ''વમેલાને ચાખવું તે તો કૂતરા કરતાં કપણ હીન દશા છે આ વાત આપ જાણો છો અને બીજાને જાણવો પણ છો તો પછી આપના પોતાના આત્માને કેમ સમજાવતા નથી. નરકની - દુર્ગતિની - દુઃખની ખાણ, વમન કરેલી એવી મને ફરથી ચાટવા કેમ આવ્યા છો ? દુનિયામાં પુરૂષ પણ તે જ કહેવાય કે જે પોતાના આત્માને સમજાવે. જે પોતાના આત્માને સમજાવે નહિ અને પરોપદેશે પાંડિત્ય રાખે તેની તો પુરૂષનો આકાર હોવા છતાં પુરૂષમા ગણના થતી નથી. હું પણ દીક્ષા જ લેવાની છું માટે આપ સ્થિર થઈ મારા પર કરેલા રાગાદિ પાપોની આલોચના કરી સંયમની સુંદર આરાધના કરી આત્મકલ્યાણને સાધો'' રાગાદિ પાપો, રાગાદિની આસકિત કેવી છે તે સમજાય છે કે સમજાને - પંડિતને પણ મૂંઝવે સારા આત્માને પણ ખરાબ કરનાર હોય તો આ રાગાદિ નાસકિત છે આપણા જીવનમાં રાગાદિની આધીનતાથી શું શું થાય છે તે બધાએ શાંત ચિત્તે વિચારવાની જરૂર છે. બધા પાપોમાં રાગ એ જ ખરાબમાં ખરાબ છે પણ રાગની ગલપચી જીવને આ ભાન થવા દેતું નથી. રાગને શત્રુ માને તેની કેવી સાવધગિરિ હોય છે જે પોતે પણ અસ્થિર થતા નથી અને અસ્થિર થયેલાને સ્થિર કરે છે. કોઈના પતનમાં નિમિત્ત બનતા નથી પણ ઉત્થાનમાં જ સહાયક બને છે.

વળી ભવદેવમુનિએ સંબંધીઓને મળવાની ભાવના બતાવી ત્યારે સંસારી છતાં સમજુ અને વિવેકી એવી તે શ્રાવિકા નાગિલાએ કહ્યું કે- ''સંબંધીઓ બધા સ્વાર્થના સગા છે, આત્મ કલ્યાણના શત્રુ છે, સદ્ ધર્મમાં સહાયક તો નથી બનતા પણ મોટે ભાગે વિઘ્ન - અંતરાયરૂપ જ બને છે.'' આ વાતનો આજે ચારે પ્રકારના ધર્માત્માઓએ વિચારવાની જરૂર છે. ભગવાનનું તારક શાસન જે પુણ્યત્માઓના હૈયાના રોમેરોમમાં વસ્યું છે તેવા જીવોને સંસારમાં પણ રહેવું પડે તો ય રાગાદિને આધીન થતા નથી, રાગાદિમાં આસકત બનતા નથી પણ રાગાદિની સામગ્રીમાં પણ વિરાગી રહી પોતાના આત્માગુણોને જાળવી રાખે છે. રાગાદિની સાથે રહેવા છતાં પણ રાગાદિને શત્રુ માનનારા જીવોની મનોદશાનો અભ્યાસ કરવા આ નાનકડો પ્રસંગ પણ માર્મિક અને પ્રેરણાદાયી છે. આ પ્રસંગનો પરમાર્થ જો હૈયામાં જચી જાય - પચી જાય- વસી જાય તો આત્માનો બેડો પાર. સૌ આવી ઉત્તમ દશાને પામો તે જ ભાવના.

પાના નં. ૩૨૮ નું ચાલુ

નાસિક - કલ્યાણ - મુરબાડ - પિંપળગામ - પૂના વગેરેથી ધાર્યા કરતાં મોટી સંખ્યામાં અન્તિમયાત્રામાં જોડાવા માટે ભાવિકો અત્રે આવી ગયા. બપોરે ત્રણ કલાકે રમણલાલ છગનલાલ આરાધના ભવનથી સ્મશાનયાત્રાનો પ્રારંભ થયો હતો. સુવિશાલ જનસમુદાયની ઉપસ્થિતિમાં બપોરે ૪-૧૫ ની આસપાસ સ્વ. પૂજ્યશ્રીના નશ્વરદેહનો અગ્નિસંસ્કાર કરાયો. એ વખતે અગ્નિસંસ્કારાદિ સંબંધી ઉછામણી પણ સારી થઈ. જેમણે જોયું તેમના હૈયામાં એક જ વાત અંકિત થઈ. અદ્‌ભુત સંયમ ! અદ્‌ભુત સમાધિ અને અદ્‌ભુત મૃત્યુ !

અન્તે સ્વ. પૂ. ગુરુદેવશ્રીના પરમાત્મસ્વરૂપ આત્માને પોતાના એ શુદ્ધ સ્વરૂપને પ્રગટાવવા શાસનદેવ સહાય કરે એજ એક અભ્યર્થના.

પૂ. આ. શ્રી વિજય અમરગુપ્ત સૂરીશ્વરજી મ. નો નવસારીમાં સમાધિપૂર્વક કાલધર્મ

પૂ. પૂજ્યપાદ આ. ભ. શ્રી વિ. અમરગુપ્ત સૂ. મ. ચૈત્ર વદ - ૭ બુધવારની રાત્રે ૪-૧૦ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. ૮૬ વર્ષના જીવન દરમ્યાન સંયમ જીવનના ૪૪ વર્ષ પૂર્ણ કરી હજી હમણાં જ ફાગણ સુદ ૩ ના દિવસે ૪૫મા વર્ષમાં તેઓશ્રીએ પ્રવેશ કર્યો હતો. જીવનની છેલ્લી અવસ્થામાં તેઓશ્રીને પ્રાપ્ત થયેલી સમાધિને નજરે જોનારાને સ્વ. પૂજ્ય આચાર્ય ભગવન્તશ્રીની સુદીર્ઘ સંયમજીવનની પવિત્ર સાધનાનો સારી રીતે પરિચય થયો.

છેલ્લા બે વર્ષથી પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય નરમ હતું. સમયાનુસાર કરાતા ઉપચારોથી થોડી રાહત થયેલી જણાતી પરંતુ દિવસે દિવસે શરીર ક્ષીણ થતું ગયું આ વખતે પૂ. પરમારાધ્યપાદશ્રીની પરમતારક આજ્ઞાથી ચાતુર્માસ માટે નવસારી રહેવાનું હોવાથી એ મુજબ સુરતથી વિહાર કરી મ. સુ. ૫ ના અત્રે સુખરૂપ પહોંચ્યા. તે વખતે પણ શારીરિક પ્રતિકૂળતા વધતી જ હતી. વચ્ચે ત્રણેક દિવસ હોસ્પિટલમાં તેઓશ્રીને લઈ ગયા. તે સમયના ઉપચાર પછી સોજા ઊતરી ગયા. પરંતુ બીજો કોઈ સુધારો જણાયો નહિ. છેલ્લા મહિનામાં પ્રતિકૂળતા થોડી વધારે જ થતી ગઈ. અશક્તિ ઘણી જ હતી. શરીરનું હલન - ચલન પણ તેઓશ્રી કરી શકતા નહિ. પાણી કે પ્રવાહી જેવી વસ્તુ પણ તેઓશ્રી ઉતારી શકતા નહિ. તેથી છેલ્લા છ દિવસથી પાણી પણ તેઓશ્રીએ વાપર્યું ન હતું. છેલ્લા દિવસે ચૈત્ર વદ ૭ બુધવાર તા. ૨૬/૨૭-૪-૨૦૦૦ની રાત્રે બાર વાગ્યા સુધી સારું હતું. ત્યાર પછી ધીરે ધીરે તકલીફ વધતાં સવારે ૪-૧૦ કલાકે ખૂબ જ સુંદર સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. સવારનું શાન્ત વાતાવરણ હતું. મૃત્યુસમયની વેદના હતી. તેઓશ્રી ત્યારે સમાધિમાં લીન હતા. સ્થાનિક ડો. હેમન્તભાઈ, ડો. અશોકભાઈ, ડો. પી. સી. શાહ અને ડો. દિલીપભાઈ સારી રીતે સેવા કરતા હતા. બહારગામથી ડો. વિપુલભાઈ, ડો. પત્રાવાલા, ડો. બી. સી. મહેતા, ડો. આર. સી. શાહ અને ડો. સતીષભાઈ... આદિ પણ યોગ્ય સૂચન કરવા પૂર્વક પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય અંગે ચિંતિત હતા. શ્રીસંઘના ટ્રસ્ટી અને આરાધક ભાઈઓ પણ અપ્રમત્તપણે ઉલ્લાસપૂર્વક સેવામાં તત્પર હતા. પરંતુ અંતે થવાનું થઈને રહ્યું. પૂ. ગુરુદેવશ્રીની અદ્‌ભુત સાધના અને અદ્‌ભુત સમાધિની સાથે પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂ. મ., મુ. શ્રી સુભદ્ર વિ. અને મુ. શ્રી અનંતયશ વિ. એ કરેલી અદ્‌ભુત સેવા પણ; કોઈ પણ રીતે વીસરી શકાય એમ નથી. મુનિરાજ શ્રી દર્શનવિ. ગણિવર્ય આદિ તેમના વિહારક્રમે વ. ૭ ની સવારે અત્રે આવી ગયા હતા. તેઓ બધા પણ આ પ્રસંગે સેવામાં તત્પર હતા.

વિ. સં. ૨૦૧૨ ના ફાગણ સુદ ૩ ના દિવસે પોતાના પરિવાર સાથે તેઓશ્રીએ ઘાટઘર (જિ. થાણા) માં પૂજ્યપાદ મુ. શ્રી (હાલ આચાર્ય) વિચક્ષણ વિજયજી મ. સા. ના વરદ હસ્તે પરમપારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી પૂજ્યપાદ મુ. શ્રી મુક્તિવિજયજી મ. સા. (પછીથી આચાર્ય) ના શિષ્ય તરીકે સંયમની સાધનાનો મંગલ પ્રારંભ કર્યો હતો. ગુરુપારતન્ત્र્य, ૧૫-૧૭ કલાકનો સ્વાધ્યાય, નિત્ય એકાસણાનો તપ અને ગ્લાન સાધુઓની વૈયાવચ્ચ વગેરે ગુણોને આત્મસાત્ કરી પોતાની સંયમની સાધનાને તેઓશ્રીએ ખૂબ જ નિર્મળ બનાવી હતી. વિનયાદિ પૂર્વક સંપાદન કરેલ જ્ઞાનાદિ ગુણ-વૈભવાદિને લઈને સ્વ. પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીના વરદ હસ્તે તેઓશ્રીએ ગણિ-પદ અને પંન્યાસ-પદ પ્રાપ્ત કરેલું. અને તેઓશ્રીની પરમતારક આજ્ઞાથી જ પિંપળગામમાં પૂજ્યશ્રીને આચાર્યપદે બિરાજમાન કરાયા હતા. ૪૪ વર્ષની સંયમજીવનની વિશુદ્ધ આરાધના સાથે પરમતારક શ્રી જિનશાસનની સુંદર પ્રભાવનામાં પણ તેઓશ્રી પ્રયત્નશીલ હતા. અવિચલ શ્રદ્ધા, અપ્રતિમ સત્ત્વ અને હૃદયને વૈરાગ્યથી વાસિત બનાવે એવી વાણી... વગેરેના સામર્થ્યથી અનેકાનેક ભવ્ય જીવો ઉપર તેઓએ અનુગ્રહ કર્યો છે. બાજી હાથમાં છે... ખોડો નીકળી જશે... હાડકાં ભાંગી જશે... વગેરે વચનો આજે પણ કાનમાં ગુંજ્યા કરે છે. આજથી ૮૬ વર્ષ પૂર્વે મુરબાડ (જિ. ઠાણે) માં જન્મેલા પૂ. ગુરુદેવશ્રી આ રીતે નવસારીમાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા, એ સમાચાર મળતાં અમદાવાદ - સુરત - વાપી - મુંબઈ -

અનુસંધાન પાના નં. ૩૨૭ ઉપર જોવું...

ત્રિ – વેણી

''શૌર્યવાણી''

વહેણ : ૧ = એક સંવેદના

દહેશત અને કરોળિયાના તન્તુઓ વચ્ચે શી તરમતા ? કંઈજ નહિ. કરોળિયાના તન્તુઓ જેવું જ સ્વરૂપ અને કરોળિયાના તન્તુઓ સમોજ વિપાક માનવ મનમાં સળવળતી પેલી દહેશત ધરાવતી હોય છે.

મોંમાંથી લાળ ઓંકી ઓંકીને કરોળિયો સૌ પહેલા અસંખ્ય તન્તુઓનું સર્જન કરતો હોય છે. કરોળિયાનાં મોંમાંથી પ્રસરેલા જે તન્તુઓજ ત્યારબાદ એક જંજાળનું સ્વરૂપ ધારી લે છે. અફસોસા પણ કરોળિયો તો એમજ માનતો રહે છે; કે તેની આ જંજાળજ તેનું કવચ બની જશે. એ પણ પાછું અભેદ્ય. અલબત્ત ! કરોળિયાની માન્યતાનો ભ્રમ થોડાકજ સમયમાં ઓગળી જાય છે. કરોળિયાએ જાતે જણેલી તન્તુઓની જંજાળ એ તેનું કવચ તો નથી જ બનતી; કાશ ! પણ જંજાળ તો કરોળિયાની ચોતરફ અભેદ્ય કિલ્લેબંધી રચી દે છે. એ પણ એવી કે કરોળિયો ત્યારબાદ એ જંજાળમાંથી કયારેય આઝાદ જ ન બને. એ જંજાળની અંદર જ તે જન્મટીપની સજા ભોગવતો રહે.

બસ દહેશતનું કાર્ય પણ મહદંશે આનેજ મળતું આવે છે. વ્યકિતના માનસમાં એકવાર ચંપાયેલી દહેશત, એક અને એકત્ર નથી રહેતી, એ દહેશત તો કરોળિયાની જંજાળની જેમ ઉત્તરોત્તર વધતી અને વિસ્તરતી જ રહે છે. મનમાં ભરાયેલી એક દહેશત, દહેશતોની અસંખ્ય જવાળાઓ ઓકાવ્યા વિના નથી રહેતી.

અને દહેશતની દુનિયામાં આગળ વધી ગયેલી વ્યકિત ત્યારબાદ જાતેજ જણેલી કુશંકાઓની કિલ્લેબંધી વચ્ચે સબડયા કરે છે. કુસંશયો તેની ચેતનાને સતત કરડતા રહે છે. અલબત્ત ! વ્યકિત ત્યાં મજબૂર બને છે. કારણ કે તેણે પોતે જ કુશંકાઓની કરોળિયા સમી જંજાળ ખડી કરી હોય છે.

■ કરોળિયાનો જ એક તન્તુ જંજાળ બનીને પ્રસરી જાય છે. આખરે કરોળિયાજ તે જંજાળના વરવા વિપાકમાં ગબડયા વિના નથી રહેતો.

■ બસ ! મનમાં જલી ગયેલી એક કુશંકા, કરોડો કુશંકાઓને પેટાવીને રહે છે. આખરે માનવી પોતે દહેશતોના તે દાલાગ્નિમાં ભડથું બન્યા વિના નથી રહેતો.

વહેણ : ૨ = એક ચિનગારી, ચિન્તનની

पितृ - भ्रातृ - सहत्पुत्रा हतास्ते विगतवयः ।

आत्माच जरया ग्रस्तः परगेहमुपाससे ॥

– મહાભારત વિદુરોપદેશ.

આ જન્મના ક્ષણજીવી સુખોમાં કીટની જેમ લુબ્ધ અને લીન બનેલા મૂઢ - માનવને ભાગ્યેજ એની ખબર હશે, કે આ એક જન્મજ તેની ભવયાત્રાનું ક્ષેત્રફળ નથી. અલબત્ત ! પુનર્જન્મોની આસમાન જેવી વિરાટ હારમાળા હજી તેને ભેટવાની અને વેઠવાની રહે છે.

વર્તમાનની એકક્ષણ પર મરક મરક હસી રહેલા માનવને ત્યાર પછીના ભવિષ્યની અસંખ્ય-અસંખ્યક્ષણો લલકાર ભરી રહી હોય છે. જે લલકારનો કેન્દ્રવર્તી ધ્વની એકજ પ્રગટ થયો છે અને થશે કે આજે ભલે તું પૂનમના ચન્દ્રમાં સમું મરકતું હાસ્ય વેરી શકતો હોય. અલબત્ત ! યાદ રાખજે, કે આજનું એજ હાસ્ય આવતીકાલની ભીષણ હોનારત બની શકે છે. જે હોનારત જ્યારે તારા શિરે લદાઈ જશે ત્યારે તારા મુખ પરનું પેલું પૂર્ણિમાના ચંદ્ર સમું હાસ્ય તો કયાંય વેરાન થઈ ગયું હશે; એનુ સ્થાન લીધુ હશે કાળી ઘોર અમાવાસ્યા જેવા જ આક્રંદે.

આ જન્મના સુખો નથી તો શાશ્વતકાળના આપણા સંગાથી બની જતા કે નથી તો સંપૂર્ણપણે આપણી સેવા કરી શકતા.

પુનર્જન્મનો ગોઝારો ભય માનવના નિર્ભીક, કદી તો નિર્લજ્જ માનસને ભલે ન થીજવી જતો હોય; સત્વર પણ તે ભય માનવીના એકેકા સુખોને અને સાધનોને ચોક્કસ સ્થગિત કરી દે છે. સંસારની આ અનુભવસિદ્ધ હકીકત છે.

વ્યકિતનું વિચારતંત્ર તેથી ચલાયમાન બને કે ન બને, પરન્તુ પુનર્જન્મ અને પૂર્વજન્મની ભીષણ

ઘટમાળોથી વ્યકિતનો સંસાર તો જરૂરથી પ્રકમ્પિત બની ઉઠે છે. સંસારના એકેકા સાધનો પર પુનર્જન્મ અને પૂર્વજન્મની આ ઘટમાળાનો ભયાવહ ભય જડબેસલાકપણે અંકીત બની ગયો છે.

એથી જ તો આખોય સંસાર કાંતો પૂર્વજન્મની છડી પોકારતો જોઈ શકાશે. કાંતો પુનર્જન્મની તૈયારીમાં ભડ્ભડ્ બળી મરતો જોઈ શકાશે.

જન્મથી પ્રારંભીને વ્યકિતના દેહાન્ત સુધીમાં સીમિત બનેલો આ ભવનો સંસાર પણ પૂર્ણતઃ સ્થિર, સુદ્રઢ અને શાલીન નથી બની શકતો. કારણકે પૂર્વજન્મ અને પુનર્જન્મના સતત ઘૂણી રહેલા ડાકલાઓ તેને થર્ થર્ કંપાવતા રહે છે.

વ્યકિત હજી તો જન્મ પામી ન પામી, તેની વયોવૃદ્ધિ થઇ ન થઈ, તેનાં સ્વપ્નોની ચાદર વિસ્તરી ન વિસ્તરી, પૂર્વજન્મોના પાપોની પસ્તાળ ત્યાંજ તેના અભાગણા શિરે ઝીંકાઈ જાય છે. અને તે જીવનના પ્રારંભ સાથે જ સંકટો, સમસ્યાઓ અને સંઘર્ષોની ત્રિવિધ અગ્નિમાં સેકાવા માંડે છે.

આ છે જીવનની વિષમતા અને વક્રતા...

માનવ ભલે પોતાના જીવનને જાજરમાન બનાવવા ઝઝૂમતો હોય; પણ તેનું જીવન જાજરમાન તો નહીજ બનતું; ઉપરથી અડાબીડની ઝાડીઓ જેવું જાલીમ બનીને તે માનવને ભારે હતાશાની ભેટ ધરે છે.

જીવતરના ઉદય સાથેજ સળગી ઉઠેલી સમસ્યાઓ અને તોળાતા રહેલા સંકટો બસ ! આપણા પોતાનાજ પૂર્વજન્મના દુષ્કર્મોનું પ્રતિબિંબ પૂરું પાડે છે. વળી, પૂર્વકૃત પાપોથી જાગી ઉઠેલા અનિષ્ટોને વેરવિખેર કરવા માટે કટિબધ્ધ બન્યો માનવ હજી, વિજેતા બન્યો ન બન્યો, ત્યાંજ પુનર્જન્મના વાદળા તેના શિરે ઘેરાવા લાગે છે.

આથીજ કહેવું રહ્યું કે આ જન્મ પૂર્વજન્મ સમેત પુનર્જન્મની પીડાઓનું પ્રતિબિમ્બ. એ સિવાય કશું જ નહિ.

આ જીવનમાં કાંતો પૂર્વજન્મના પાપો ડોકિયું કરતા રહેશે કાંતો પુનર્જન્મની તૈયારીઓ આજીવનને ગૂંચળાવતી રહેશે.

પૂર્વકૃત પાપોનો પ્રતિકાર અને પુનર્જન્મ કેમેય ન વળોટ્યો જાય તેવો પડકાર, બસ ! આ બેની અસહ્ય પીડામાં આજીવન સેકાતું રહે છે. અન્તે શંકિત સન્તપ્ત હૃદયે સમાપ્ત બને છે.

જીવનની આ અસહ્ય પીડા અને જીવનના આ અજેયભયોને નાબૂદ કરવા માટે ન તો આપણને સ્વજનો સહકાર પૂરો પાડી શકે છે કે ન તો આપણને આપણી સંપત્તિ શકિત પૂરી પાડી શકે છે.

આપણે જેમની પર ગર્વનો શ્વાસ લઈ શકીએ છીએ અને આપણે જેઓ પ્રતિ સદાય પ્રેમના પીયૂષ વહાવતા રહીએ છીએ; તે સ્વજનનો શું ? તે સંપદા શું ?

અરે તે શરીર પણ શું ? આપણા દર્દમાં ભાગીદાર બનવા તે પૈકીના એકેય તૈયાર નથી.

આથી જ તો વિરકૃતાત્મ શ્રી વિદુરજીએ પૂરી મહાભારતનું મૂળ બની રહેનારા જાત્યન્ત જ્યેષ્ઠભ્રાતા શ્રી ધૃતરાષ્ટ્રના પોંઢેલા આત્માને ઢંઢોળત ઉપરોકત શ્લોક લલકાર્યો.

(૧) પિતૃ - ભ્રાતૃ - સહ્રત્પુત્રાઃ હતાઃ હે મહાન્ધ ! તારા માત - તાત, મિત્રો - પુત્રો અને કઈ સ્વજનો હણાઈ ગયા. હજી આ જીવન પરની હેરત નથી ઓછી થતી.

(૨) વિગતંવયઃ હે મૂર્ખમતે ! જે દેહ પર તું અટ્ટહાસ્ય વેરી શકતો તો, તે માદકલી કાયા પણ આજે સૂકા બની રહેલા પાન જેવી થઇ રહી છે. હવે તારી પાસે તારો દેહ પણ નથી રહ્યો... અન્ય તો શું ?

(૩) આત્મા ચ જરયા ગ્રષ્તઃ હે દુરાત્મન્ ! જીવનભર તે સંસાર ખેડયો. જે સંસારના ભીષણ સંગ્રામમાં લડતાં રહી આજે તારો આત્મા ઘાવ જર્જર બની ગયો. હા ! પાપ ! પણ તારી ગુમાની નથી હટતી...

(૪) પરગેહ મુપાસસે : અરે મહાસકત ! હવે તો તું પોતે પરભવના દ્વાર ભણી ઢસડાઈ રહ્યો છે. શકિત, સ્વજનો તો ગયા. શરીર પણ ગયુ. હવે તારૂ અસ્તિત્વ પણ અસ્તાચલ તરફ ઝૂકી રહ્યું છે. મૂઢ ! જાગ ! જાગ.

નીતિચતુર અને વિદ્વાન વિરકતાત્મા શ્રી વિદુરજીની ઉપરોકત ગર્જના શું આપણા ચૈતન્યને પણ નહિ કરડી ખાય ?

સાચ્ચેજ જીવનમાં અને જન્મમાં, પાપ અને પીડા છલોછલ ભર્યા છે. હતાશાનો ત્યાં કોઈ સુમાર નથી.

વહેણ : ૩ = એક પ્રેરક પ્રસંગ

''વિરતિ જ એક ભવતારણી...''

વિરતિ તો જૈન માત્રના હૃદયનો વિશ્વાસ ગણાય. શ્વાસોચ્છ્વાસ લેખાય... શરીર જેમ શ્વસન પ્રક્રિયાથી જીવન્ત રહે છે. બસ ! તેમજ જૈન વિરતિના સર્વાંશ કે શક્યાંશ પાલન દ્વારા જીવન્ત રહે છે.

વિશ્વમાતા શ્રી વીતરાગ ભગવન્તોએ તો સર્વાંશ વિરતિને આત્મસાત્ કરી. સર્વાંશ વિરતિનું જ જગજ્જન્તુઓ સમક્ષ શૂરતાપૂર્વક પ્રતિપાદન પણ કર્યું.

આ વિરતિની ગાઢપ્રીતિ વિના અને યથાશક્તિ સ્વીકૃતિ વિના એકાદોય આત્મા શ્રી વીતરાગની વાટે સંચરી શકતો નથી.

બસ ! વિરતિ તેમના હૃદયમાં જડબેસલાક પ્રતિષ્ઠિત થઈ ગઈ.

આપણે તેમને 'સાધુદાસ'ના શુભ નામે પહેંચાનું શું...

જૈનત્વ તેમને જન્મજાત સાંપડેલી સોગાદ હતી. શિશુકાળ થી જ ધર્મપ્રાણ માતા-પિતા અને પરિવારજનો દ્વારા સુસંસ્કારિત બનેલો તે સાધુદાસ જ્યારે પોતાના સંસારનું પણ દૌરાન હસ્તગત કરી બેઠો, ત્યાર પછી તો તેનાં હૃદયમાં ધાર્મિકતાની વસન્ત ખીલી ઉઠી. જેના કેન્દ્ર સ્થાને હતી વિરતિ.

પૂર્વસંચિત અગાધ સૌભાગ્યના કારણે આ સાધુદાસને સંપત્તિ તો અઢળક મળી હતી. સંપદાઓ અને શુશ્રુષાઓ તો તેના ઘરમાં દોમ્ દોમ્ પુકારી રહ્યા'તાં. તે સૌભાગ્યશાળી પણ હતો. વધુમાં ગર્ભશ્રીમંત પણ ખરો.

કરોડોની જાગીર તેને વારસે ભેટાતી હતી. તો પોતાના બુદ્ધિકૌશલ્ય દ્વારા પણ તે સાધુદાસે વડવાઓની જાગીરથી ચારગણી ઝાઝેરી સંપત્તિઓ આસપાસમાં ખડકી દીધી.

આમ છતાં તેના અન્તરમાં સંસ્કારિત બનેલા ધર્મના સંસ્કારો એટલાંજ સજીવન રહ્યા હતા. જે તેનું આગવું ઘરેણું પાસું હતું.

તે સાધુદાસ એક વખત એક અવધૂતના સંપર્કમાં આવ્યો.

તે અવધૂત પૂરો અવધૂત હશે. અલખનો સંત હશે.

તે અરિહન્તના અણગારની જીવન છાયા આગન્તુક સાધુદાસ પર વડલાની જેમ છવાઈ ગઈ.

સાધુદાસના તે ગુરુદેવ વિરતિધર્મના ચુસ્ત હિમાયતી હતા. આથી જ પ્રવચન સભાઓમાં વ્રત - નિયમ અને ત્યાગની ઘોષણા તેમનું મુખ્ય લક્ષ્ય રહેતું. આગળ વધી તેઓ 'સામાયિક' ધર્મ પર તો ભારે પ્રકાશ પાથરતા.

માત્ર ૪૮ મીનીટસ્ માટેનું સામાયિક અને તે પણ ક્યારેક જ લોકભાગ્ય વિરતિ બની શકવા પણ સક્ષમ ગણાય. તે મહાત્મા આથી જ સામાયિક પર ખૂબજ ભાર મૂકતાં.

આગમોમાં ગવાયેલી અને અસંખ્ય - અસંખ્ય વર્ષોના સ્વર્ગ સુખોનું સાગમટે વરદાન દેતી સામાયિક સાચેજ શ્રાવકની નિત્ય સાધના ગણાય.

તે મહાત્માના સામાયિક ધર્મ માટે ઉચ્ચારાયેલા અત્યન્ત વજનદાર વચનોની ભક્ત સાધુદાસ ઉપર ભારી અસર થઈ. તેણે નિત્ય એક સામાયિકના આરાધનનું પચ્ચક્ખાણ સ્વીકાર્યું.

અલબત્ત ! પ્રતિજ્ઞાના સ્વીકાર સાથેજ પ્રમાદનો ઉદય પણ ધસમસતો થયો. સબૂર ! પણ સામાયિક ધર્મની પ્રીતિ આ સાધુદાસના રોમે રોમે એવી તો જલી ઉઠીતી, કે સામાયિક વિના તે એક દિવસ પસાર કરી શકતો નહિ.

સામાયિક ન થાય ત્યાં સુધી દિવસમાં સતત અધૂરપની અનુભૂતિ તેને થયા કરતી. બસ ! સામાયિક પ્રત્યેનો આ સ્નેહ પછી તો એવો ગાઢ બની ગયો કે તે સાધુદાસે ગુરુભગવન્ત પાસે અભિગ્રહ સ્વીકાર્યો.

''ગમે તેવા સંયોગોમાં પણ એક સામાયિક તો નિયમિત કરવી જ.

કોઈ આસમાની-સુલતાનીના અન્તરાયો પણ એમાં અપવાદ રૂપ બને એ મને માન્ય નથી. આથીજ મારે મારી જાત પર દંડ ઝીંકવો છે, કે જો એક પણ સામાયિક દિવસ દરમ્યાન ન થઈ શકે, તો બીજે જ દિવસે પૂરા રૂપિયા દસ હજાર દેવદ્રવ્યના ભંડારમાં ભંડારી દેવા...''

તેની શાલિનતા અને શ્રધ્ધાને ખ્યાલમાં લઈ ગુરુદેવે પણ અભિગ્રહનું પ્રદાન કર્યું. નત મસ્તક સાધુદાસે તેનો સ્વીકાર કર્યો.

અહા ! અભિગ્રહ. અહા ! વિરતિની રતિ.

પ્રતિજ્ઞા સ્વીકાર બાદ પણ તે સાધુદાસ સ્વીકૃત પ્રતિજ્ઞાના પાલનમાં એટલોજ ઉત્સાહ ભરપૂર અને કટિબધ્ધ બન્યો રહેતો.

તે અત્યન્ત ધનિક વણિક હતો. તેના વ્યવસાય દેશ - દેશાવરમાં પણ પથરાયા હતા. આથી જ વ્યવસાયની ફરજોથી તે સાધુદાસને કઈ કેટલીય વાર યુરોપના દેશમાં પણ સફર કરવાનું બનતું.

અલબત્ત ! કસોટીની એરણ જેવા પણ સમયમાં તેની ઉકત પ્રતિજ્ઞા શતશઃ અણિશુધ્ધ રહી. કેટલીવાર તેણે એરોડ્રામ પર તો કેટલીવાર તેણે હોટેલોમાં પણ ૪૮ મીનીટનું સાધુજીવન જીવ્યું હશે.

એક વખત તેની, તેના અભિગ્રહની અગ્નિ પરીક્ષા પણ થઈ. એવા વિષમ અને નાદુરસ્ત સંયોગોમાં તે સાધુદાસ ત્યારે મૂકાઈ ગયો; કે ૪૮ - ૪૮ કલાકની આંતરા વિનાની હવાઈ મુસાફરી તેને કરવી પડી. જે દરમ્યાન એકાદું પણ સામાયિક થવું સંભવિત ન હતું.

બરોબર ૨ દિવસ પછી તે વિમાનની કેદમાંથી મુક્ત થયો. તેણે હવાઈ મથક પરજ સૌ પ્રથમ સામાયિક કર્યું. જે દ્રશ્યના દર્શનથી ત્યાંના વિલાયતીઓ પણ આશ્ચર્યચકિત બની ગયા. અને જ્યારે તેમણે સાધુદાસના મુખે તેની સામાયિક સંબંધક પ્રતિજ્ઞાની વિગત જાણી, સામાયિક ધર્મનું સ્વરૂપ જાણ્યું ત્યારે તો તેઓ અવાક્ બની ગયા હતા.

અને સાચ્ચેજ ત્રીજા દિવસે પણ સામાયિક કરીને રહેલા તે સાધુદાસ મોંમા પાણીનો ઘૂંટ લીધા પહેલા દેવદ્રવ્યના ભંડારમાં બબ્બે દિવસના દંડસ્વરૂપ રૂપિયા ૨૦,૦૦૦ ભંડારીને રહ્યો...

■■■■

Catch then, O catch the transie uhontr; improve each moment as it flies, life's a short summerman aflower - He dies - alas how soon he dies.

Cowards die many times before their deaths; the valiant never taste of DEATH but once.

વેદનાઓના આક્રન્દને સમાવતી...
પીડાઓના ઉપતાપને પખળતી...
દુર્ધ્યાનના વંટોળનું ભેદન કરત....
પોઢેલા પથિકને ઢંઢોળત ા...

।। સામાધિ - ધારા ।।

પૂ. મુ. શ્રી હિતવર્ધન વિજયજી મ.

(રાગ : મૈત્રીભાવનું પવિત્ર ઝરણું...)

અરિહન્તોના શરણે જઈએ પરમેષ્ઠિ પદને ભજીએ...
પ્રભુ શરણે સ્થિર થઈને મનની મુગ્ધમતિ સઘળી ત્યજ એ...
ગહન બન્યુતું વિકૃતિ વનથી યૌવન પણ તુજ અવિચારા...
યૌવનની સન્ધ્યાએ મનની શક્તિ સકળ ગઈ છે હારી .. (૧)

ગુંજન કરતું મૃત્યુ કાને તરવરતું વળી નયનોમહિ...
યમને શરણે દોડી રહી છે પળ પળ પણ આ જીવનમહિ...
રોગ અને વૃધ્ધાવસ્થાએ સુખ સંપદા તાહરા ઘેર્યા...
કષ્ટ ભયંકર જાણી આંખે ઝરમર ભરતાં ઝળહળીયા.. (૨)

ચિત્ત કરી અતિશાન્ત હવે તું પ્રભુનું ગ્રહી લે હા ! શર ણું...
ખળખળ વહેશે તુજ અંતરમાં શાંત સુધારસનું ઝરણું..
ધ્યાન ધરી નવકાર મંત્રનું ચપલ ચિત્તને સ્થિર કરીને..
જાગ જાગ રે ચેતન ! આજે અંતિમ સમય સ્મરણ ધરી ા... (૩)

સુખ સંપદને શરીર સ્વજન સહુ સાથે વિનાશને પામે અહિ...
તન-મન ધનને જીવનભરની ક્ષણભંગુરતા સાચે કહી..
તૃણના શિરે ઝગમગ ભરતા બાષ્પતણી જે ચંચલતા..
જીવન સાથે જોખી ચેતન ! અંતરમાં ધર નિર્મળતા... (૪)

મૃત્યુતાંડવ માથે ઘૂમતું પ્રલય બનીને જનગણના
મેઘધનુષના રંગો જેવી જીવનભરની સહુ ઘટના
વિકૃતિને વિહ્વલતા કેરી ઝબૂકી રહી વીજળી જ્યારે
ભિન્નદશા આ દેહ - આતમની સાંભરતું ! વરવી ત્યાં ... (૫)

લાખ્ખો વ્યથા ઘનઘોર બનીને ઝીંકી રહી તુજ આતમને
કેઈ વિકલ્પો ઝૂંડ બનીને પીંખી રહ્યાં તાહરા મનને
સંકલ્પોના તેજલ દાહે વિષમ બની છે તુજ જીવની
અલખ જગાવી સફળ રચી દે અન્તિમપળ હવે જીવનની... (૬)

સુખતણાં કેઈ સામ્રાજ્યોને દિલડું ઢૂંઢવા ઘૂમી રહ્યું
પવનતણા સૂંસવાટા સરીખું ચંચળ ચિત્ત ઝઝૂમી રહ્યું
શરીર સડયું અને દેહ ગળયો પણ નિજ આતમ જરીના સુઘરે
ત્યાગ અને સમતાની જ્યોતિ પ્રગટે નહિ કેમે ઉરે... (૭)

ક્રમશ ..

સદ્‌વિચાર, સહિષ્ણુતા, સદાચાર અને ઉદારતા

આ ચાર ગુણો દ્વારા પોતાના આત્મસત્વને ખીલવવા માટે વાસ્તવિક રૂપે સૌ કોઈએ પ્રયત્ન કરવો જોઈએ. આ ચાર સદ્‌ગુણો જેનામાં આવ્યા યોગ્ય પાણે આવી જાય તે આત્માની અધોગતિ થતી નથી, અને થોડા કાળમાં ઉન્નતિ થયા વગર રહેતી નથી. આત્માની ઉન્નતિ કરવાનો પ્રબળ ઉપાય તો જ્ઞાની ભગવંતોએ બતાવેલી વિધિ મુજબ સર્વ પૌદ્‌ગલિક પદાર્થોનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

આ જ્ઞાની ભગવંતોના ટંકશાળી વચનોનું પાલન કરવામાં આપણે શક્તિમાન નથી એવું કદાચ કહીએ તો તે માની લેવાય પણ આ ચાર સદ્‌ગુણો તો જીવનમાં ઉતારવા ધારો તો જીવનમાં જરૂર ઉતારી શકાય તેમ છે. માત્ર એ માટે થોડો પણ યોગ્ય પુરુષાર્થ જોઈએ. આ ચાર ગુણો આવ્યા વિના જીવનમાં શાંતિ થવાની નથી. આના વિનાનું જીવન, એ જીવન ગણાતું નથી. આમાંથી દૂર રહેલા માનવીનું જીવન ખુબ જ ખરાબ રીતે પસાર થાય છે.

જે આત્મામાં બીજાનું ભલું ઈચ્છવાનો સદ્‌વિચાર નથી હોતો તે આત્મામાં બહુ ખરાબ વિચારો હોય છે. આપણામાં સદ્‌વિચાર છે? જો સદ્‌વિચાર હોય તો આજે આપણા તરફથી જે અન્યાય અને આડી પ્રવૃત્તિઓ ચાલી રહી છે તે ચાલી શકે ખરી?

જ્યાં ચાલતું ન હોય ત્યાં સહિષ્ણુતા રહે; આ સહિષ્ણુતા વાસ્તવિક કોટિની કહેવાય! ના...! તે તો એક પ્રકારની કાયરતા છે. આત્મા કષાયાધીન બને નહિ અને ફક્ત આત્માના હિતનો વિચાર જ કરીને જે સહન કરે તે સાચી સહિષ્ણુતા, આપણું બગાડનાર, ખરાબ કરનાર, આફતોની વણઝાર લાવનાર, ઉંડા ખાડામાં ઉતારનાર આદિ અનેક પ્રસંગોમાં પણ આપણો દુર્ભાવ ઉભો થાય નહિ ને!

બીજો ગુણ છે સદાચાર. એ ક્યાં સુધી ટકે? આપણા આત્માને પૂછી આપણે નક્કી કરીએ.

સદાચાર પણ સાચી ઉદારતા હોય તો જ ટકે ને!

ઉદારતા - ઉદાર માનવી કોઈ દિવસ લોભી ન હોય રસ્તે ચાલતાં ગમે તેવી ચીજ જોઈને લોભાય નહિ.

આ ચાર સદ્‌ગુણોને ખીલવવા માટે આત્મસત્વને વિકસાવવું પડશે. ધીમે-ધીમે આત્માની ઉન્નતિ સાધવી હોય તો દુનિયાની બધી અહિતકર પૌદ્‌ગલિક વસ્તુઓને પોતાનાંથી જુદી માનવી જોઈએ. જ્યાં સુધી એ માન્યતા દૃઢ ન થાય અને નાશવંત પદાર્થોનું આંધળું મમત્વ રહેશે ત્યાં સુધી જીવનમાં શાંતિ અને સમાધિ રહેશે નહિ. જીવનમાં સમાધિ નહીં હોય તો મરણ પણ સમાધિપૂર્વક થશે નહિ.

જન્મ્યા રોતા રોતા, જીવવાનું પણ રોતા રોતા અને મરવાનું પણ રોતા રોતા કે મરવું પડે તો આ રીતે રોતા રોતા જ મરવું છે? રોતા જન્મ્યા એમાં તો નિરૂપાય હતા. પરંતુ જન્મ્યા પછીનું જીવન હસતા હસતા પસાર કરવું હોય અને હસતા હસતા સર્વ દુઃખોને સમાધિમય ભોગવતા ભોગવતા મરવું હોય તો દુનિયાના પૌદ્‌ગલિક પદાર્થોને જુદા માનીને એ બધાનો સર્વથા ત્યાગ કરવાનું બની શકે નહિ તો છેવટે સદ્‌વિચાર, સહિષ્ણુતા, સદાચાર અને ઉદારત્વ એ ચાર સદ્‌ગુણો ખીલવવા જોઈએ.

ઓછામાં ઓછું આટલુય કરીએ તો હસીને સમભાવે જીવાય અને હસીને સમાધિપૂર્વક મરાય. જન્મ્યા ત્યારે બીજા હસ્યા અને આપણે રડ્યા; હવે આ ચાર ગુણોને ખીલવી એવી રીતે જીવીએ અને એવી રીતે મરીયે કે આપણે હસીયે અને બીજા બધા રડે.

આનો સરળ અર્થ એ છે કે જીવનને વધુમાં વધુ આ ચાર સદ્‌ગુણોથી શુશોભિત અને સુંદર બનાવીએ કે જેથી મૃત્યુ વખતે જાણનારાઓને લાગે કે "એક મહાન ઉપકારી આત્મા આપણી વચ્ચેથી ચાલ્યો ગયો." આવા સમયે એ આપણા સમાધિમય મરણને ન રડે, આપણા સમાધિમય મરણની પ્રશંસા જ કરે. પણ તે યાદ કરી કરીને રડે કે હવે મારી ઉપર ઉપકાર કોણ કરશે? મારો ઉપકારી ગયો? ઉપકારના અભાવથી તે રડે?

આજે તો હસી હસીને ભરપુર પેટે પાપ કરાય છે. એથી જીવાય છે પણ રડતાં એને મરાય છે પણ રડતાં? માટે છેવટે એટલું તો જરૂર કરવું જોઈએ કે...

બીજાનું ભલું ન થાય તો કાંઈ નહિ પણ કોઈનું ભૂંડું ચિંતવશો નહિ કે ઈચ્છશો પણ નહિ.

પ્રતિકૂળ સંયોગોને સમભાવે સહન કરવાની શક્તિ કેળવવી. દરેક મુશ્કેલીઓને આપણે હસીને સહન કરી કે રડીને સહન કરીએ પણ સહન કર્યા વગર આપણો છૂટકારો નથી આવતી સઘળી આફતો આપણે જ ઉભી કરી છે. હસતા હસતા એવા કર્મો બાંધ્યા છે કે રોવા છતાં પણ છૂટતા નથી અને ભોગવવા પડે છે માટે સહિષ્ણુ બની આવેલા દુઃખો મઝેથી ભોગવવા પ્રયત્નશીલ બનો.

સદાચારી બનવું જોઈએ અને દુરાચારનો જેમ બને તેમ ત્યાગ કરવો જોઈએ.

ઉદારતાનો ગુણ પણ કેળવવો જોઈએ.

જો આપણે આ ચાર સદ્‌ગુણોને ખીલવવા પ્રયત્નશીલ બનીએ તો આપણો આત્મા ઉન્નતિને પંથે પ્રયાણ કરે. જો આ ચાર ગુણોને ખીલવવાનો પ્રયત્ન ન કરીએ તો મનુષ્યપણું પામ્યા હોવા છતાં પશુ જેવા અને આર્ય હોવા છતાં અનાર્ય જેવું જીવન જીવતાં થઈ જઈએ. આમાંથી આપણને કોણ બચાવે. કોણ આપણું કલ્યાણ સાધાવી શકે ? આજે ચોવીસેય કલાક આત્મસત્વને ખોવાની પ્રવૃત્તિઓ ચાલે છે. આત્મા ભૂલાયો છે.

આના બદલે ચોવીસે કલાક આત્મા યાદ આવે અને સ્વપરનો વિવેક કરીને યોગ્ય રીતે વર્તતા થઈએ તો દુર્લભ માનવજીવન સારામાં સારી રીતે સફળ બનાવી શકીએ. આ રીતે આ જીવનને ઉજાળનારા બનો એ જ કલ્યાણ કામના.

— રશ્મિ

પાલીતાણા જૈન સંઘમાં શાનદાર આરાધના

દેવેન્દ્રો પણ જેને સમર્પિત બને છે અને મુનિવરેન્દ્રો પણ જેના ધ્યાનમાં તન્મય બને છે; ત્રણે લોકમાં જેનુ સામ્રાજ્ય છવાયુ છે અને ત્રણે કાળમાં જેનો પ્રકાશ પથરાયો છે તે શ્રી સિધ્ધચક્રજી ભગવન્તની ચૈત્રમાસીય આરાધના પાલીતાણા જૈન સંઘની અન્દર શાનદાર રીતે સંપન્ન થઈ હતી.

જૈન વિશ્વની અન્દર નવપદજી' નામે ખૂબ-ખૂબ પંકાયેલા અને પ્રશંસાયેલા શ્રી સિધ્ધચક્રજી ભગવન્તનું આરાધન મુખ્યતયા આસો તેમજ ચૈત્રમાસમાં; એમ વર્ષ દરમ્યાન બે વાર થતું હોય છે.

આગમ શાસ્ત્રો જે પર્વને શાશ્વત' કહીને બિરદાવે છે, તે નવપદજીની ઓળીની આરાધના ભારત વર્ષના અસંખ્ય જૈન સંઘોની જેમ શ્રી પાલીતાણા જૈન સંઘમાં પણ વર્ષોના વર્ષોથી પ્રણાલિબધ્ધ રીતે થતી આવી છે.

અલબત્ત ! સામ્પ્રત વર્ષે શ્રી પાલીતાણા જૈન સંઘમાં શ્રી નવપદજીની ઓળીનું આરાધન એવું તો ભવ્યાતિભવ્ય થયુ તું; કે જેને 'અભૂતપૂર્વ' સીવાય એકેય શબ્દની નવાજેશ ઝાંખી પડે.

પ્રશાન્તમૂર્તિ પૂ. આ. શ્રી. વિ. રવિપ્રભ સૂરીશ્વરજી મહારાજએ તેમજ પ્રખ્યાત પ્રવચનકાર પૂ. ગણિવર્ય શ્રી નયવર્ધન વિ. મહારાજના વિનયવન્ત શિષ્યરત્ન પૂ. મુનિવર્ય શ્રી ભવ્યવર્ધન વિ. મહારાજે પોતાના મુનિમંડલ સાથે પ્રસ્તુત પ્રસંગે નિશ્રાનું પ્રદાન કર્યું હતું.

ઓળીના શુભારંભ પૂર્વે જ શ્રી સંઘની અન્દર પૂજ્યોનું પાવન પદાર્પણ, પ્રવચનોની પ્રભાવકતા અને તપસ્યાની તત્પરતા; આ ત્રણ તત્વો માટે ભારે આકર્ષણ અને અહોભાવના જાગરણ થઈ ચૂક્યાં હતા.

હા ! એકવાત નોંધવી રહી; કે પાલીતાણા જૈન સંઘમાં સ્વર્ગીય સૂરિદેવ 'સૂરિરામ'નુ તેમજ તેમના અનુયાયી શ્રમણોનું આગમન નહિવત્ થયું હશે. તેમાંય ઓળી જેવા પર્વની આરાધના તો તે પૂજ્યોની નિશ્રાતળે ક્યારેય આયોજાઈ જ ન હતી. આથી શ્રી સંઘના સભ્યો પણ અપરિચિત શ્રમણો અને તેમની કાર્યશૈલી - વર્ણીશૈલી તરફ ઉત્સુક નયને જોઈ રહ્યાં તા.

સંઘના ખાસ્સા આગ્રહ પછી પધારી રહેલા નિશ્રાદાતા પૂજ્યોનો પ્રવેશ ચૈત્ર સુદિ બીજના મંગલદિને નિર્ધારિત થયો તો. તે પૂર્વે જાગૃતિ માટે ફાગણ વદી ૧૩ના દિને સંઘમાં એક જાહેર પ્રવચનનું પણ સફળ આયોજન થયું તુ.

જે પ્રવચનમાં પૂજ્યોના આદેશથી પધારેલા પૂજ્ય યુવામુનિવર શ્રી હિતવર્ધન વિજયજી મહારાજે અસ્ખલિત વાકપ્રવાહ વહેવડાવી સભાને પ્રબોધિત કરી હતી.

ત્યારબાદ ચૈ. સુ. ૨ના દિને પૂ. આચાર્ય ભગવન્ત સમેત ૧૦ મૂનિવરોનો સ્વાગત સહ પ્રવેશ થયો હતો. પ્રવેશ દિનથી ઓળી પ્રારંભના પૂર્વ દિવસોમાં પૂજ્ય પ્રવચનકાર શ્રી એ 'પાપોને પડકાર' વિષય પર વિશદ છણાવટ કરી હતી.

ઓળીની પૂર્વ સન્ધ્યાની પધરામણી સુધીમાં તો સંઘના ઘેર ઘેર શ્રી સિધ્ધચક્રજી ભગવન્ત પ્રસરી ગયાં હતા. આબા ૧-વૃધ્ધો સહુ કોઈ આ પર્વને યથોચિત સન્માની આરાધી લેવા થનગનાટ અનુભવી રહ્યાં હતા.

ચૈ. સુ. ૬ થી ત્યાં તો શ્રી સિધ્ધચક્રજી ભગવન્તના સહસ્રરશ્મિનો ઉદય પ્રારંભાયો. ચૈત્ર સુ. ૧૫ સુધી અવિરત દમકતા અનીદીપતા રહેલા તે સૂર્યે સંઘમાં તપસ્યાનું અભિયાન જગવી દીધું. પ્રવચનોનું વાયુમાન ફેલાવી દીધું.

નાનકડા પણ પાલીતાણાં સંઘમાં સવારાશ ૨૦૦ જેટલી કદાવર સંખ્યામાં ઓળીની આરાધના થવા પામી હતી. તેમાંય પર્વ પ્રારંભદિન, અષ્ટમી, ચતુર્દશી અને પૂર્ણિમા જેવા મહાન દિવસોમાં તો આયંબિલના તપસ્વીઓની સંખ્યામાં ભરપૂર ભરતી નોંધાતી. જે ૪૦૦-૫૦૦ સુધીના આંકને આંબી જતી.

કોઈપણ જાતના ભૌતિક આકર્ષણો વિના આરાધાતી આ આરાધના હા ! કુદરતની વિરુધ્ધમાં જતી હતી. કાળઝાળ ગરમી અને દુષ્કાળની આફતો ઉપરોક્ત આરાધનાનું સમર્થન તો નહતી જ કરતી. તેમ છતાં સિધ્ધ બનવાના સંકલ્પને વરેલા સાધકોએ પોતાની સાધના અખંડપ ે જાળવી જાણી તી.

પર્વ દરમ્યાન પ્રવચનનો સમય ૩-૩૦ થી ૪-૩૦ સુધીનો નિયત થયો તો. ા ! આ પ્રવચનોમાં શ્રી નવપદના અનિર્વચનીય રહસ્યોનો કતિપિત્ રસાસ્વાદ રજૂ થતો. જેને માણવા ભાવિકો નિર્ધારિત સમય ગાઉ જ પોતાનુ સ્થાન સંભાળી લેતા.

રોજ સાં ે સમૂહ ચૈત્યવન્દનનું પણ આયોજન રહેતું.

આમ ઉ સાહ અને ઉલ્લાસના માહોલ વચ્ચે જ ત્રિલોકગુરુ પરમાત્મા શ્રી વર્ધમાન સ્વામીજીનુ પવિત્ર જન્મ કલ્યાણક પણ આવી પહોંચ્યું.

વિશ્વપ્રમોદપ્રદ પરમાત્માના પવિત્ર જન્મપર્વને શ્રી સંઘે જાજરમાન રીતે જ ાવ્યું. પ્રભુના પ્રભાવ વિસ્તાર હેતુથી જ આ દિને આયોજાયેલી રથયાત્રા પ્રાત: ૮ થી ૧૧ સુધી શહેરમાં વિહરી હતી. જે રથયાત્રામાં સર્વ સમુદાયોના પૂજ્યોએ અનુકૂળતાનુસાર હાજરી આપી હતી. રથયાત્રામાં કેન્દ્ર સ્થાને વિરાજતા પ્રભુના બબ્બે રથોનુ ઉદ્વહન યુવાનો સ્વયં કરતા હતા અને કંઈ યુવાનો મન મૂકીને નૃત્ય કરી પ્રભુને રીઝવવાનો યત્ન કરતાં હતા.

રથયાત્ર પૂર્વે શહેરભરમાં ખાસ સ્ટીકર્સો દ્વારા તેનો પ્રચાર કરવામાં આવ્યો હતો. આ રથયાત્રાના સમાપન સાથે જ ઉપાશ્રયમાં 'પ્રભુવીર કીર્તન સભા' નો શુભારંભ થયો હતો.

પૂ. આ.ભ.શ્રી વિ.રવિપ્રભ સૂ.મ.ના ધવલ સાનિધ્યમાં પૂ. મુનિવર શ્રી હિતવર્ધન વિ.મ.એ. ૪૦ મીનીટ પ્રમાણના પોતાના પ્રવચનમાં પ્રભુવર્ધમાનના અન્તિમ ભવનો ભાવ ભરપૂર ચિતાર વ્યક્ત કર્યો હતો, અને તે તારકના વિશ્વવિજયી સિધ્ધાન્તો યુગોના યુગો સુધી અજર અમર રહે' તેવી હૃદયભાવના વ્યક્ત કરી હતી.

આ સાંજ મુનિશ્રીએ દુષ્કાળની શાન્તિ માટે જીવદયાનું ભગીરથ કાર્ય ઉપાડી લેવા પણ જૈનોને અનુરોધ કર્યો હતો. જે અનુરોધને ઉપસ્થિત સભાએ ત્વરિત પ્રતિભાવ આપી વધાવી લીધો પણ ખરો. જેના અનુસન્ધાનમાં ત્યાં જ જીવદયાનુ સુંદર ભંડોળ એકત્રિત થવા પામ્યું.

સૌથી હર્ષોલ્લાસની વાત તો એ રહી; કે પ્રભુવર્ધમાનના પવિત્રતમ જન્મકલ્યાણક દિને પાલીતાણા શ્રી સંઘના મુખ્ય જિનાલય 'આદીશ્વર જિનપ્રાસાદ'માં ભૂ-ગર્ભમાંથી પ્રકટ થયેલા સંપ્રતિકાલીન શ્રી યુગાદિદેવના બિમ્બનો મંગલમય પ્રવેશ પણ ઉજવાયો હતો.

શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના સ્થાનિક કાર્યકરો દ્વારા ત્રણ વર્ષ અગાઉ શ્રી શેત્રુંજી નદીના સૂચિત સ્થળેથી આ પ્રતિમાજીનું પ્રકાશન થયુ હતુ. ત્યારબાદ આ વર્ષે પ્રસ્તુત પ્રતિમાજીને પાલીતાણાસ્થ, આણંદજી કલ્યાણજી પેઢી સંચાલિત મુખ્ય જિનાલયમાં જ વિરાજિત કરવાનો નિર્ણય લેવાયો હતો. અત્યાર સુધી, રાજ્યી સંપ્રતિએ ભરાવેલુ આ બિંબ, શેત્રુંજી નદીમાંથી પ્રકટ થયા બાદ પાંચ બંગલામાં વિરાજતું હતું.

ચૈ.સુ. ૧૩ ની જાહેર રથયાત્રામાં પણ આ બિમ્બને જન દર્શનાર્થે રજૂ કરવામાં આવ્યું હતુ. અને પૂજ્યોના ખાસ આગ્રહનો અવલંબીને પેઢીએ ચૈ.સુ.૧૩ ના દિને રથયાત્રા વિરામ બાદ મળેલી પ્રવચન સભામાંજ ભગવન્ત શ્રી યુગાદિદેવના આ નયનાભિરામ બિમ્બનો મન્દિર પ્રવેશ કરાવવાની ઉછામણી બોલાવી હતી. જેનો ભવ્યલાભ શ્રીયુત અનંતરાય પોપટલાલ દોશી-મોખડકા પરિવારે લીધો હતો.

ચૈ.સુ. ૧૫ ના દિને પ્રાય: સર્વ આરાધકોએ ગિરિરાજની યાત્રા કરી હતી. મધ્યાહ્ને પૂ.ગુરુદેવે વ્યાખ્યાન દરમ્યાન ત્રિભુવનશૃંગાર શ્રી સિધ્ધાચલનો અપરંપાર મહિમા વર્ણવ્યો હતો.

આ ઓળીની આદિથી અન્ત સુધીની સર્વ વ્યવસ્થા શ્રી પાર્શ્વ-લબ્ધિ ભક્તિ મંડળના થનગનતા યુવાનોએ સંભાળી લીધી હતી. ઉદારદાનની ઘોષણા સાથે ઓળીના મુખ્ય આયોજક બનવાનો લાભ હુબલી નિવાસી શા.હરખજી ભીમાજી કટારીયા (ધાનશા) એ લીધો હતો.

ઓળીના પારણા પણ શ્રી પાર્શ્વ-લબ્ધિ ભક્તિ મંડળ તરફથી કરાવાયા હતા. ઓળી દરમ્યાન સંઘના યુવા વર્ગમાં સારી એવી ચેતના પ્રસરતાં વડીલો હર્ષિત બન્યા હતા. આમ, પાલીતાણા માટે ચૈત્રમાસની આ ઓળી યાદગાર સંભારણું બની ગઈ.

.....

મુનિ અગ્નિદત્ત

શાહ રતિલાલ દેવચંદ ગુઢકા

મુનિ અગ્નિદત્ત શ્રી ભદ્રબાહુ સ્વામીના શિષ્ય હતા મિથીલા નગરમાં પ્રતિમા ધારણ કરી અને તપ કરી રહ્યા હતા. આ બાજુ ઉદ્યાનમાં ૧ સાધુ તપ કરી રહ્યા હતા - બીજી બાજુ ૨૨ યુંવાનો કામલતા વેશ્યા સાથે ઉદ્યાનમાં જઈ અને સૂરા અને સુંદરી સાથે સૌ મન ફાવે તેમ વર્તી રહ્યા હતા. તેમણે મુનિની ઈર્ષા થઈ અને મુનિની હત્યા કરવા વૈરથી દોડયા દોડતાં ખ્યાલ ન રહ્યો વૈરમાં અંધ બધા એક કુવામાં ગબડી પડયા અને તેઓના હાથમાં તિક્ષણ ખડ્ગ હતું તે દરેકના દેહમાં ખૂંચી ગયુંને કરમી ચીસો પાડી બધાજ મરણ પામ્યા.

મુનિ અગ્નિદત્તે ચિસો સાંભળીને તે બોધ દેવા દોડયા તે પહેલા જ બધાજ મૃત્યુ પામ્યા હતા.

આવી ગુરૂ મહારાજને પૂછયું આ બાવીસે મિત્રોની શી ગતિ થઈ હશે; ''શ્રુત કેવળી ભદ્રબાહુ સ્વામીએ જ્ઞાનનો ઉપયોગ મૂકીને કહ્યું'' હે અગ્નિદત્ત ! એ બાવીસે મિત્રો અશુભ આધ્યવસાયને કરતાં અંતિમ ક્ષણોમાં તે બધા કામલતા વેશ્યાને ઈચ્છતા હતા, જેથી મરીને બધા એક સાથે વેશ્યાના જમણા સ્તનમાં કૃમિપણે ઉત્પન્ન થયા છે. એ વેશ્યાને સ્તનની અસહ્ય વેદના થવા લાગી. અને તેનું ભેદન કરાયું અને તેમાંથી હાડમાંસ ખદબદતા ૨૨ બેઈન્દ્રીય કીડાઓને બાર કાઢીને પાણીના પાત્રમાં મૂકયાં

વેશ્યાએ તે કીડાઓ જોયા તો પૂર્વ ભવના સ્નેહના કારણે એના પર દયા આવી - મરેલા કૂતરાના શબમાં મૂકી આવી. એ કૂતરાના શબ તાપ ક્ષુધા અને તૃષાથી રીબાઈને તરતજ મૃત્યુ પામ્યા.

ત્યાંથી તે સાધારણ વનસ્પતીમાં - ત્યાંથી મરીને પૃથ્વીકાયમાં - ત્યાંથી મરીને ફરી કામલતા વેશ્યાના ઉદરમાં કરમીઆ થશે. ત્યાંથી જુલાબ વિરેચનથી મરણ પામીને વેશ્યાની વિષ્ઠામાં તેઈન્દ્રીયપણ ઉત્પન્ન થશે. - મરીને ફરીથી તેજ વિષ્ટમાં ચૌરેન્દ્રીય પછી વેશ્યાની વિષ્ટામાં, મૂત્રમાં, થૂંકમાં, બળખામાં, સરખમમાં સાત સાત વાર ૨૯ ભવ પૂરા કરશે. ૩૦ માં ભવે વેશ્યાના ઘરની ખાળ ગટરમાં સમૂચ્છિમ દેડકા થશે ત્યાં કોઈ ૨ થી ૯ દિવસનું આયુષ્ય પૂરિ કરી ૩૧માં ભવે - વેશ્યાના ઘરમાં ઉંદર થશે. ૯ દિવસનું આયુ. ૩૨માં ભવે આંગણામાં ભૂંડ થશે. બે થી ૯ દિવસ ૩૩ મા ભવે ચાંડાળકૂળમાં.

એ અરસામાં વૃદ્ધ થયેલ વેશ્યા તાપસ દીક્ષા લઈ કાશી દેશ ગંગા નદીના કાંઠે આવશે પછી એ તાપસી જૈન ધર્મથી વિરૂદ્ધ અવળો શૌધ ધર્મ સમજાવશે તેમાં ૨૨ ચાંડાળો પૂર્વભવના રાગથી ચાંડાલો રાગી થશે. અવળુ બોલશેને બધા તાપસી દીક્ષા લીએ છે.

૫ વર્ષ બાદ મરણ પામી ૩૪મા ભવે જૈન મુનિ સાધુની હીલના કરશે. આર્તધ્યાનમાં વીંળી પડશે. મૃત્યુ પામી ૩૫માં ભવે જાુદા જાુદા બ્રહ્મણ કૂળમાં જન્મ થશે. યજ્ઞમંડપના દ્વાર બંધ કરશે હોમ કરશે જવાળાથી બળી જશે. અને આર્તધ્યાનમાં તેઓ મૃત્યુ પામશે.

ત્યાંથી સીપ્રા નદીના પ્રવાહમાં મત્સ્યાદિણે ઉત્પન્ન થશે. આવી રીતે તે સાત સાત વાર જળચર યોનિમાં ઉત્પન્ન થશે. ત્યાર બાદ ૯ વખત પક્ષીઓ માં ઉત્પન્ન થશે. ૧૧ વાર પશુઓમાં - બધા મળી ૪૨માં ભવે મૃગપણું પામશે.

ત્રેસઠમાં ભવે તે બાવીસ ગોઠીલા પુરૂષો મદય પ્રદેશમાં શ્રાવકના કૂળમાં જાુદા જાુદા ઉત્પન્ન થશે ને તેઓ ધર્મના દેવગુરૂના નિંદક થશે. લોકોને કહેતા ફરશે કે '' પથ્થર તથા ધાતુ વગેરેની બનાવેલ પ્રતિમાનું પૂજન હિંસા થાય છે. ધર્મ તથા ચૈત્યના આગમોના ઉત્થાપક થશે.

વેશ્યા તાપસી કુલ ૧૦૪ વર્ષનું આયુષ્ય ભાગવી ૭ દિવસનું અનશન કરી મૃત્યુ પામશે. ત્યાંથી વાણ વ્યંતર દેવી થશે. ત્યાં બાવીસ મિત્રોને જોઈને હર્ષ પામશે. ખોટી અફવા ફેલાવશે જૈન ધર્મની નિંદા - અંતે ૨૨ ભ્રષ્ટ શ્રાવકો આયુષ્યના અંતે ૧૬ પ્રકારના મહારોગોથી રીબાઈ રીબાઈ આર્તધ્યાન કરતાં કરતાં મૃત્યુ પામી ધમ્મા નામની પહેલી નરક હજાર આયુષ્યવાળા નારકી થશે.

સિધ્ધાંત તથા ચૈત્ય આદિનો લોપ કરનારા અને મિથ્યાત્વ ગુણસ્થાનમાં રહેલા તે ૨૨ પ્રાણીયાઓ સંસારરૂપી કૂળમાં ચિરકાળ સુધી ભટકશે. માટે કદાપિ તેમ કરવું નહિ.

■ ■ ■ ■

આત્માજ અટવાયો છે !!!

અ. સૌ. અનિતા શાહ

મહાપુ યોદયે આવો સુંદર મનુષ્યભવ મલ્યો. સાચું સમજવ ની સદ્‌બુદ્ધિ મલી અને હેય - ઉપાદેયનો સાચો યથાર્થ વિવેક કરવાની શકિત મલી. પરંતુ આજના વિલ સી અને વૈભવી વાતાવરણે આત્માનું તો ભાન ભૂલાયું આત્મા તો જડતો નથી પણ માણસ પણ જડતો નથી. આજે જેમ સાચા ધર્મી જડવા મુશ્કેલ છે તેમ સાચો માણસ પણ જડવો મુશ્કેલ છે. નામના માણસો ડગલેને પગ ે ટોળે ટોળામાં દેખાય છે તેમ નામના ધર્મી પણ ઠેર ઠેર મલશે.

એક ે ર એક ફકીર ભર બપોરે હાથમાં સળગતું ફાનસ લઈને જતો હતો અને લોકોના ટોળા આગળ ફાનસ બતાવ તો. બધાને ને પાગલ જેવો લાગ્યો. પણ જે સમજ્યું અને ડાહ્યા વિવેકી હતા તેમને લાગ્યું કે આની મુખાકૃતિ ભ ય - શાંત - તેજસ્વી છે તેથી આ પાગલ જેવું કામ તો ન જ કરે પણ આની પાછળ કાંઈ કારણ હશે. તે એક ઓટલા પર આરામ કરવા બેઠો હશે ત્યારે થોડા સમજ્યું માણસો તેની પાસે ગયા અને નમસ્કારાદિ કરી વિનયપૂ ક પૂછયું કે અમારા મનમાં એક શંકા છે. જો તમારી ર નુજ્ઞા હોય તો જણાવીએ. તેણે - ખુશીથી જણાવો. તેમ ોએ ભરબપોરમાં સળગતું ફાનસ લઈ કેમ ફરો છો ? ને બધાને કેમ બતાવો છો ? ત્યારે તેણે શાંતિથી કહ્યું કે - ''મહાનુભાવો ! હું માણસ શોધું છું'' બધા - આટ ા બધા માણસના ટોળે ટોળા દેખાય છે તો તેમાં માણસ જડતો નથી ? ત્યારે માર્મિક રહસ્ય પ્રગટ કરતાં કહ્યું કે ''આ બધા માત્ર નામના માણસો છે પણ માણસાઈન ગુણોથી યુકત માણસ જડતો નથી.'' ખરેખર માણ સ ખોવાયો છે તેમ લાગતું નથી !

આપ ા તો જૈન શાસનને પામેલા અને સમજેલા તથા આત્મા ને માનનારા પણ આપણું જીવન જોતાં લાગે છે કે આપણ ા આત્મા જ ખોવાઈ ગયો છે, વર્તમાનની જીવનશૈલી ાતભાત જોતાં ચોર્યાશીના ચક્કરમાં આપણે એવા અટવ ઈ ગયા છે કે લગભગ 'હું આત્મા છું તે જ ભૂલી ગયા છીએ.' ખરેખર હું આત્મા છું તેનું ભાન થાય, અનાદિકાળથી મારો આત્મા સંસારમા ભટકી રહ્યો છે અને હવે મારે ભટકવું નથી તેમ ભય પેદા થાય તે જ આત્મા, આત્માને માનનારો કહેવાય. બીજા તો માત્ર જડના જ પૂજારી કહેવાય. જો આપણે આત્માના - ચેતનના સાચા પૂજારી બનીએ તો આ સંસાર આપણા માટે ભયંકર છે નહિ તો ભયંકર બન્યા વિના રહેશે નહિ શું કરવું તે આપણા હાથમાં છે. વિવેકી સુજ્ઞો વિચારી લેજો !

પૂજ્ય આચાર્યશ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. નો સંભવિત કાર્યક્રમ

જામનગરમાં ઓસવાળ કોલોનીમાં શાહ છગનલાલ ખીમજી તથા કાંતાબેન છગનલાલ તથા દેવકુંવરબેન મોતીચંદભાઈનો ભવ્ય જીવંત મહોત્સવ ઉજવાયો, પછી હરખચંદ જીવરાજ દોઢિયા તથા રાયચંદ રણમલ શાહ તરફથી શ્રી અમૃતબેન કાનજી તથા શાહ રમેશચંદ્ર હરખચંદના શ્રેયાર્થે શાંતિસ્નાત્ર મહોત્સવ ઉજવાયો દેરાસરજીની ૧૮મી વર્ષગાંઠ ઠાઠથી ઉજવાઈ બાદ સ્વાગત દિગ્વિજય પ્લોટ પધાર્યા છે. જેઠ સુદ ૨ લાખાબાવળ વર્ષગાંઠ પછી જામનગર પ્લોટમાં પૂ. શ્રીજીની ૪૬મી દીક્ષા દીન નિમિત્તે જેઠ સુદ ૧૧ ઉપર મહોત્સવ છે. બાદ શાંતિભવન આણંદાબાવાના ચકલા, બાદ ડી. કે. વી. કોલેજ દેરાસર, બાદ કામદાર કોલોની પધારશે. પૂ. આ. શ્રી તથા પૂ. પ્રવર્ત્તક મુનિ શ્રી યોગેન્દ્રવિ. મ. દિગ્વિજય પ્લોટ ચાતુર્માસ પ્રવેશ જેઠ વદ આઠમ થશે તથા પૂ. આ. શ્રી નો ઓસવાળ કોલોનીમાં ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ ના થશે.

ચોથ ચૌદશ વિરાધાય નહિ

શ્રી જૈન શાસનમાં ઉદયંમિ જા તિહિ૦ એ વિધાન મુજબ સુર્યોદય વખતે જે તિથિ હોય તે જ તિથિની તે દિને આરાધના કરાય અને સૂર્યોદયને જે તિથિ સ્પર્શ ન કરતી હોય તે તિથિ જે દિવસે સમાપ્ત પામે તે દિને તે તિથિની આરાધના કરવી જોઈએ અને એથી વિવેકી આત્માઓ તે રીતે આરાધના કરે છે.

ભાદરવા સુદ ૫ ની ક્ષય વૃધ્ધિ વખતે ચોથને કંઈ સંબંધ નથી તેથી છતી ઓદયિકી ચોથની વિરાધના કરાય નહિ તેથી વિવેકી આત્માઓ સંઘમાન્ય પંચાંગની ભા. સુ. ૫ ના ક્ષય વખતે ક્ષયે પૂર્વા મુજબ પૂર્વ તિથિ ચોથમાં પંચમીની આરાધના કરે છે અને ભા. સુ. ૫ ની વૃદ્ધિ વખતે વૃદ્ધૌ તથોત્તરા૦ મુજબ બીજી પાંચમે પંચમીની આરાધના કરે છે અને એ જ શાસ્ત્ર માન્ય સાચી પરંપરા છે.

અને એથી પૂર્વના મહા પુરુષોના મુખેથી **'ચોથ ચૌદશ વિરાધાય નહિ'** એ આરાધના ભાવનુ વાકય સરૂ પડતું હતું અને એથી જ્યારે જ્યારે ભા. સુ. ૫ ની ક્ષય વૃદ્ધિ આવી ત્યારે ત્યારે છતી ચોથની વિરાધના ન થાય તે વાત હૃદયમાં રાખવામાં આવતી હતી.

સં. ૨૦૦૪ સુધી ભા. સુ. ૫ ના ક્ષય વખતે અપવાદ સિવાય સકલ સંઘે છતી ઉદયાતે ચોથે સંવત્સરી કરી છે. ૨૦૧૩માં એક વર્ગે તેમાં ભેદ કર્યો અને ગુરૂવારની છતી ચોથની વિરાધના માટે તૈયાર થયો અને પૂ. આ. ભ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર પૂ. આ. ભ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મહારાજાને તેમાં ભળવા ગોડીજીના ટ્રસ્ટીઓ આદિ તરફથી ખૂબ દબાણ થતાં તેમણે વખતો વખત ગુરૂવારની છતી ઉદયાત્ ચોથની વિરાધના ન થાય તે વાત સમજવી. પોતાના ગુરૂદેવશ્રીની પણ એ જ માન્યતા હતી તે સમજાવ્યું છતાં પૂર્વ ગૃહથી ગ્રહિત થયેલા વર્ગનુ દબાણ વધ્યું અને પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજે તે વર્ષ માટે માત્ર બુધવારે સંવત્સરીની તેમની વાત સ્વીકારવી તે અંગેનું નિવેદન તા. ૧૫-૪-૫૭ ના 'મુંબઈ સમાચાર' માં તે પ્રગટ થયું છે જે નીચે મુજબ છે.

પૂ. આચાર્ય દેવશ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ. નું નિવેદન

''અમારા પૂજ્ય વડિલોની આચારણા પ્રમાણે અન્ય પંચાંગના આધારે છઠ્ઠનો ક્ષય માનીને ચોથને ગુરૂવારની સંવત્સરીની અમારી વ્યાજબી માન્યતા હોવા છતાં આ વર્ષે અમારી એટલે ગોડીજીના ટ્રસ્ટીઓની તથા દેવસુર સંઘના અન્ય આગેવાન ગૃહસ્થોની આગ્રહભરી વિનંતીથી પ્રાચિન પરંપરાવાળા સમસ્ત શ્રી દેવસુર સંઘની એક આરાધના થાય અને એકતા સચવાય તે માટે આ વર્ષે ચોથને બુધવારની આરાધનામાં અમે સંમતિ આપીએ છીએ.''

ઉપર મુજબના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે સંઘમાન્ય પંચાંગની ચોથના સંવત્સરી કરવી જોઈએ પરંતુ ૨૦૧૩ ના એક વર્ષ માટે તેમણે તે વાતને જતી કરેલી તેથી પૂ. ઉદય સૂ. મ. સા. ની વાત પણ ઉદયાત્ ચોથની સંવત્સરી કરવામાં છે તેમણે જે કરેલ તે એક વર્ષ માટે જ કરેલું તેવું સ્પષ્ટ વિધાન તેમણે કર્યું છે. જેથી તેમને પૂજ્ય માનનાર અને તેમની વફાદારી સ્વીકારનાર સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા વર્ગે ઉદયાત્ ચોથની જ સંવત્સરી કરવી જોઈએ જેમાં પૂ. નેમિસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. ઉદયસૂરીશ્વરજી મહારાજ ની સંમતિ છે પરંતુ ઉદયાત્ ચોથને છોડીને ત્રીજને દિવસે સંવત્સરી કરવામાં તેમનું અનુમોદન નથી.

સં. ૨૦૩૩ માં સંઘમાન્ય જન્મ ભૂમિ પંચાંગમાં ભાદરવા સુદ ૪ શનિવારે છે. માટે શનિવારની સંવત્સરી જ શાસ્ત્ર માન્ય પરંપરા મુજબની છે જ્યારે ગુરૂવારની સંવત્સરી કરનાર છતી ચોથ વિરાધે છે. પાંચમ જે માસિક પર્વ તિથિ છે તેને સાચવવાને બહાને વાર્ષિક પર્વ ચોથને ખસેડે છે જે નગરની સ્ત્રી માટે રાણીને ખસેડવા જેવું ગણાય. તેથી વિવેકી આત્માએ તે દોષથી બચવા ચોથને શનિવારે જ સંવત્સરી કરવી યોગ્ય છે.

પોતાના વિધાનને વળગી રહીને શાસ્ત્રાર્થની વાત કરવી ઉચિત છે.

''મુંબઈ સમાચાર'' (તા.૨૮-૬-૧૯૭૭) ના અંકમાં મુનિશ્રી શીલચંદ્રવિજયજીએ જે સ્પષ્ટતા કરવાનો

પ્રયાસ કર્યો છે તે અંગે જ કેટલીક સ્પષ્ટતા થવી જરૂરી છે. કારણ કે આ લખાણ જ એકતિથિ પક્ષવાળા પોતાની જવાબદારીમાંથી છટકવા કેવા પ્રયાસ કરે છે તેનો નમૂનો છે.

(૧) આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ કે તેમનો પક્ષ શાસ્ત્રાર્થ કરવા તૈયાર છે, આવી દીવા જેવી વાસ્તવિકતાને મુનિશ્રી ''લેખિત'' શબ્દ (શાસ્ત્રાર્થ આગળ) ઉમેરીને ઢાંકી નહિ શકે. પૂ. આચાર્યશ્રી તથા તેમનો પક્ષ તો લેખિત કે મૌખિક બધી જાતના શાસ્ત્રાર્થ માટે તૈયાર છે. ૧૯૯૯ માં લેખિત તથા મૌખિક બેય જાતનો શાસ્ત્રાર્થ થયો છે, એ વાત મુનિશ્રી કેમ ભૂલાવે છે ? તથા ૨૦૧૪ માં તો પૂ. આ. શ્રી નંદનસૂરીજી મ. આદિ સાથે પણ મૌખિક શાસ્ત્રાર્થ થયો જ છે, જેમને દરેક વખતે પૂ. આ. શ્રી રામચન્દ્રસૂ. મ. જ સફળ થયા છે, ખરી વાત તો એ છે કે એક તિથિવાળા પક્ષની માન્યતા જ એવી સિદ્ધાન્તહીન અને ઢંગધડા વગરની છે કે તે પક્ષ પોતાની માન્યતા લખી શકે એમ છે જ નહિં, જ્યારે જ્યારે લખવાનો પ્રયાસ કરે છે ત્યારે ત્યારે નવા નવા છબરડા વળતા હોય છે. લેખિત શાસ્ત્રાર્થ તરફનો એક તિથિપક્ષનો ગભરાટ, આ મુશ્કેલીને કારણે જ છે. મૌખિકમાં તો ફરી જવાની-ફેરવી તોળવાની - તક મળી શકે, એવી આશાએ પડકાર કરવાની બહાદુરી એ પક્ષ બતાવે છે.

(૨) મુનિશ્રી લખે છે કે ''લેખિત શાસ્ત્રાર્થ કરવાનું કડવું ફળ જૈન સંઘે સં. ૧૯૯૯ માં કયાં નથી ચાખ્યું ? '' આ વાત બરાબર નથી. સં. ૧૯૯૯ નો શાસ્ત્રાર્થ, લેખિત જ હતો એવું નથી; મૌખિક ચર્ચા પણ થઈ હતી. બીજું એ શાસ્ત્રાર્થનું ફળ કડવું નહિં, પરંતુ ઘણું મીઠું આવ્યું હતું. કયો પક્ષ, શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે સારો છે, એનો સ્પષ્ટ નિર્ણય શ્રીસંઘે એ શાસ્ત્રાર્થના પરિણામે જ જાણ્યો હતો. આ મીઠું ફળ, અપ્રમાણિક પુરવાર થયેલા પક્ષને કડવું લાગે તો તેની જીભનો દોષ છે. એ માટે લેખિત (કે મૌખિક) શાસ્ત્રાર્થ જવાબદાર નથી. આ વાત તે વખતે શેઠશ્રી કસ્તુરભાઈ તથા ''મુંબઈ સમાચાર'' ના તે વખતના અધિપતિ શ્રી સોરાબજી કાપડીયાના નૈતિક હિંમતભર્યા નિવેદનોથી જાહેરમાં પૂરવાર થઈ ચૂકી છે.

(૩) ૨૦૧૪ માં થયેલા શાસ્ત્રાર્થમાં તો પૂ. આ. શ્રી નંદનસૂ. મહારાજે શાસ્ત્ર હાથમાં લેવાની જ ના પાડેલી ! અને અંતે સામા પક્ષના આવા કદાગ્રહને કારણે જ એ સંમેલનનો એવો દુઃખદ અંત આવેલો કે જે યાદ કરતાં ય શરમ આવે એવું છે. આ પરિણામ, મુનિશ્રીને ગમતા ''મૌખિક શાસ્ત્રાર્થ''નું આવ્યું ગણાય ખરું.

(૪) મુનિશ્રી જણાવે છે કે ''પૂ. આ. શ્રી નંદનસૂ. મહારાજે તપાગચ્છીય તિથિ પ્રણાલિકા નામની દસ્તાવેજી ચોપડીમાં પૃ. ૨૮ થી ૩૪ સુધીમાં આ સંબંધી મનનીય નોંધ કરી છે'' આ અંગે જણાવવાનું કે એ ''મનનીય નોંધ'' કરતાં વધુ મનનીય નોંધ એ જ પુસ્તિકામાં શ્રી સંવત્સરી મહાપર્વ અંગે કરેલી છે, એનું મનન કરીને મુનિશ્રી પોતાનો નિર્ણય જાહેર કરે -એવી વિનંતી છે. જુઓ - પૃ. ૧૦ પંકિત ૨૨ થી પૃ. ૧૧ પંકિત ૧૦ સુધિનું લખાણ, જે પૂ. આ શ્રી નંદન સૂ. મ. ને માન્ય એવા બે સિદ્ધાંત રજુ કરે છે.

(૧) (શ્રી સંઘ માન્ય) પંચાંગમાં ભા. સુ. ૫ નો ક્ષય હોય ત્યારે અન્ય પંચાંગનો આધાર લઈને ભા. સુ. ૬ નો ક્ષય માની, ભાદ સુ. ૫ ને અખંડ રાખીને, ચોથના દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના કરવી. પરંતુ પાંચમ કે ત્રીજનો ક્ષય માનવો નહિં.

(૨) આગામી બેસતા વર્ષનો જે વાર હોય તે જ વારે (ચાલુ વર્ષની) સંવત્સરીની આરાધના આવવી જોઈએ.

ઉપરના બન્ને સિદ્ધાન્તો પૂ. આ. શ્રી નંદનસૂ. મ. ના અભિપ્રાય પ્રમાણે ''તિથિની શુદ્ધ પ્રણાલિકા'' અને ''શાસ્ત્ર અને શ્રી વિજયદેવસૂરિય પરંપરા'' ને અનુસરનારા છે. હવે આ દિવ્ય સિદ્ધાન્તોના પ્રકાશમાં વિ. સં. ૨૦૩૩ નું શ્રી સંવત્સરી મહાપર્વ કયારે આરાધવું જોઈએ, એ વિચારીએ ચાલુ વર્ષે જન્મ ભૂમિ પંચાંગમાં ભા. સુ. પાંચમનો ક્ષય છે, તેથી સિદ્ધાન્ત (પહેલા) પ્રમાણે અન્ય (કલકત્તા આદિ સ્થળના) પંચાંગનો આધાર લઈ ભા. સુ. ૬ નો ક્ષય કરવો જોઈએ. રવિવારે પાંચમ અખંડ રાખી તેની પહેલાના દિવસે **શનિવારે** શ્રી સંવત્સરી મહાપર્વનું આરાધન કરવું જોઈએ. સિદ્ધાન્ત બીજા પ્રમાણે પણ વિ. સ. ૨૦૩૪ નું બેસતું વર્ષ શનિવારે જ હોવાથી વિ. સ. ૨૦૩૩ ની સંવત્સરી **શનિવારે**જ આરાધવી જોઈએ. બે તિથિવાળા તરીકે ઓળખાતો પક્ષ, આ વર્ષે શ્રી સંઘમાન્ય પંચાંગ પ્રમાણે ભા. સુ. ૫ નો ક્ષય માની (૪+૫ ભેગા માનીને

અનુસંધાન પાના નં. ૩૨

સમાચાર સાર

ડોળીયા તીર્થ વર્ષગાંઠ ઉજવણી

સં. ૨૦૪૬માં ફા. સુ. ૧૧ પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. ના ઉપદેશથી તૈયાર થયેલ આ તીર્થની અંજનશલાકા પ્રતિષ્ઠા થઈ હતી.

સં. ૨૦૫૬ ફા. સુ. ૧૧ ની વર્ષગાંઠ ઉજવણી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં યોજાઈ હતી. ફા. સુ. ૧૦ ના પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મ. ની ૩૩મી સ્વર્ગતિથિ નિમિત્તે ગુણાનુવાદ તથા પૂજા ભણાવાઈ. સુદ ૧૧ ના પ્રભુજીને ૧૮ અભિષેકની તથા ૧લી પૂજાની સારી બોલીયો થઈ. ૧૮ અભિષેક બાદ ધ્વજ પૂજા ભણાવી ઉત્સાહથી ધજા ચડાવાઈ હતી. મહેમાનો ૪૦૦ જેવી સંખ્યામાં હતા. અને ગામ જમણ થયું હતું ગામ જમણ તથા સાધર્મિક વાત્સલ્ય શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા રાજકોટ તથા શાહ દેવરાજ નરશી શાહ ખેતશી વીરપાર મુલુંડવાળા તરફથી થયા હતા. જીવદયાની ટીપ પણ સારી થઈ હતી.

થાનગઢ - અત્રે ઓસવાળ કોલોનીમાં પૂ. શ્રી ફા. વ. ૧ ના પધાર્યા. ફા. વ. ૩-૪ ગામમાં જિન મંદિર જીર્ણોદ્ધાર નિમિત્તે ૧૮ અભિષેક તથા સાધર્મિક વાત્સલ્ય યોજાયા હતા ઉત્સાહ સારા હતા. ફા. વ. ૬ ના સ્મૃતિ લીમીટેડમાં સવારે ૯ વાગ્યે શ્રી સિદ્ધચક્ર પૂજન તથા સાધર્મિક વાત્સલય થયું જીવદયાની ટીપ ૩૫ હજાર ઉપર થઈ હતી સારી સંખ્યા થઈ હતી.

શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળામાં વર્ષગાંઠની ભવ્ય ઉજવણી અને ખાત તથા શિલા સ્થાપન મુહૂર્તો

૨૫ ફૂટની પદ્માસન મૂર્તિનું આયોજન

શંખેશ્વર મહાતીર્થમાં હાલારી ધર્મશાળામાં દેરાસરજીની ૧લી વર્ષગાંઠ શાંતિસ્નાત્ર આદિ મહોત્સવ પૂર્વક પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મહા સુદ ૫ ના ઉજવાઈ આ વખતે નૂતન ભોજનશાળા તથા ધર્મશાળા ત્રીજી ઉત્તર વિભાગ તથા જલધારાનું પણ ખાત મુહૂર્ત ઉત્સાહથી થયું હતું

નૂતન જિન મંદિરના સામેના ભાગમાં ૨૫ ફુટની પદ્માસન પ્રતિમા પધારવાનું નક્કી થતાં મુખ્યદાતા રમેશચંદ્ર કાનજી વજા માલદેના હસ્તે તથા સહયોગી દાતાઓ સંઘવી પોપટલાલ વીરપાળ દોઢીયા હ. મનસુખલાલભાઈને હસ્તે તથા શ્રીમતી દેવકુંવરબેન કુલચંદ લાલજી નગરીયાના હસ્તે થયું હતું.

આરસનો મંડપ થશે તેનું તથા મૂર્તિનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. ૨૭॥ ફૂટ મોડલ તૈયાર થઈ ગયું છે હવે ઢાળવાનું કામ થશે. ભોજનશાળા તથા ઉત્તર વિભાગ ધર્મશાળાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. પહેલા માળનો સ્લેબ ભરાઈ ગયો છે અને ઉપરના માળનું કામ પણ થોડા દિવસોમાં ચાલુ થશે ફણા સહિત ૨૭॥ ફૂટની મૂર્તિની પ્રતિષ્ઠા તથા ભોજનશાળા તથા ઉત્તર વિભાગ ધર્મશાળા તથા જલધારાનું ઉદ્‌ઘાટન વિ. ૨૦૫૭ મહા સુદ ૫ ની વર્ષ ગાંઠ પ્રસંગ મહોત્સવ પૂર્વક ઉજવાશે.

નૂતન પાર્શ્વનાથ પ્રભુજીનો ગભારો ૩૦ ફૂટ ૫ ઈંચનો થશે આગમ ૩૦×૬૦ ફૂટનો રંગ મંડપ થશે અષ્ટપ્રકારી પૂજા માટે વિમાન થશે જે ૧૯ ફૂટ ઉંચું થશે ગમે ત્યારે પૂજા કરી શકાય તે માટે સીડીઓ થશે ૪૦ ફૂટના પિલ્લર અને ૨૦ ફૂટનું સામરણ થશે ૬૩ ફૂટે કળશ અને તેના ઉપર ધજા આવશે.

આ કાર્યક્રમ માટે ૩ મુખ્ય દાતાઓ અને ત્રીશેક સહયોગી દાતોઓ લેવાશે. મુખ્યદાતાઃ મુખ્યદાતાનો નકરો ૧૫ લાખ અને સહયોગી દાતાનો નકરો ૨ લાખ ૨૨ હજાર ૨૨૨ છે.

લાભ લેનારા મુખ્યદાતાઓ (૧) શાહ રમેશચંદ્ર કાનજી વજા માલદે કાકાભાઈ સિંહણવાળા-મોંબાસા (૨) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મૂળચંદ શાહ મોટા માંઢાવાળા-લંડન.

લાભ લેનારા સહયોગી દાતાઓ

(૧) સંઘવી પોપટલાલ વીરપાળ દોઢીયા નવાગામવાળા-મુંબઈ (૨) શ્રીમતી દેવકુંવરબેન

ફુલચંદ નગીના લાખાબાવળવાળા - લંડન (૩) શાહ રમણિકલાલ જેસંગભાઈ દેવશી વોરા લંડન. (૪) શાહ પ્રીમજી વીરજી ગુઢકા પરિવાર મીઠોઈવાળા (૫) શાહ લખમણ વીરપાર માડુ પરિવાર સોળસલાવાળા (૬) શ્રીમતી રતનબેન શામજી લખમશી જાંબરીયા લાખાબાવળવાળા હ. પંકજ મુંબઈ (૭) શાહ ઝવીબેન મેઘજી સામત ધનાણી ચેલાવાળા - લંડન (૮) શાહ સતીષભાઈ કેશવલાલ માલદે મુંગણાવાળા - મોંબાસા.

આ ક્રમો વહેલા તે પહેલાના ધોરણે લખાય છે. મહાન પ્રતિષ્ઠાજી પધારી ગયા પછી તો લાઈન લાગશે આ યોજનામાં માત્ર હાલારી વીશા ઓસવાળ મહાજનને જ લાભ અપાશે.

રોહિટનગરના સૈકડો વર્ષોના ઈતિહાસમાં સર્વપ્રથમ ઉજવાયેલ અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ

શાસન પ્રભાવક પ. પૂ. તપસ્વી આ. દે. શ્રીમદ્ વિજય કંચનરત્ન સૂરીશ્વરજી મ. સા., પૂ. દર્શનરત્નસૂ. મ., આદિની નિશ્રામાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. ચૈત્ર સુદ ૪ શનિવાર દિ. ૮-૪-૨૦૦૦ ના પૂ. ગુરૂદેવનો નગર પ્રવેશ વાજતે ગાજતે થયેલ. ચૈત્ર સુદ ૬ દિ. ૧૦-૪-૨૦૦૦ થી ચૈત્ર સુદ ૧૫ દિ. ૧૮-૪-૨૦૦૦ અઠ્ઠાઈ મહોત્સવ. આઠ દિવસ ત્રણે ટંકની નૌકારશી - જમણ થયેલ. બહારગામથી મફત બસો છોડવામાં આવેલ. ચૈત્ર સુદ ૧૩ દિ. ૧૬-૪-૨૦૦૦ના અંજન શલાકા તથા ચૈત્ર સુદ ૧૪ દિ. ૧૭-૪-૨૦૦૦ના પ્રતિષ્ઠા થયેલ. પૂ. તપસ્વી ગુરૂદેવશ્રીની નિશ્રામાં ચૈત્ર વદ ૧૩ ના આબુ રોડમાં અઠ્ઠાઈ મહોત્સવ હોવાથી પૂ. ગુરૂદેવે ચૈત્ર સુદ ૧૪ની સાંજે જ વાજતે ગાજતે વિહાર કરેલ. ચૈત્ર સુદ ૧૫ ને ૧૮-૪-૨૦૦૦ ને સાંજે દ્વારોઘાટન પછી પૂ. દર્શનરત્ન સૂ. મ. આદિ એ વિહાર કરેલ, વિહાર વખતે બોલી બોલીને નવાંગી ગુરૂ પૂજનનો લાભ અશોકકુમાર બાબુલાલજી પરિવારે લીધેલ.

પ્રતિષ્ઠા વખતની બોલીયોની શુભ નામાવલી

(૧) **મૂલનાયકની ધજા** - શા. ઈન્દરમલજી પારસમલજી પારેખ, રોહટ (૨) **મોબણ** - શા. પદમચંદજી હુકમીચંદજી ભંસાલી (૩) **તોરણ** - શા. મોહનલાલજી ચંદનમલજી વિનામકિયા, રોહટ (૪) **મૂલનાયક નો દંડ** - શા. જેઠમલજી સુભાષચંદજી લુનિયા, રોહટ (૫) **મૂલનાયકનું ઈંડુ** - શા. ઈન્દરમલજી પારસમલજી, રોહટ (૬) **મૂલનાયક ગાદીનશીન** શા. મોહનલાલજી ચંદ્રપ્રકાશ બોહરા (૭) **મૂલનાયકની જમણી બાજુ ગાદીનશીન** શા. પદમચંદજી હુકમીચંદજી ભંસાલી (૮) **ડાબી બાજુ ભગવાન ગાદીનશીન** - શા. હમીરમલજી સુખાજજી મુથા, રોહટ (૯) **પૂર્વ દિશામાં મંગલમૂર્તિ** - શા. ધેવરચંદજી ઓમપ્રકાશજી પારેખ, (૧૦) **દક્ષિણ દિશામાં મંગલમૂર્તિ** - શા. જયંતીલાલ માંગીલાલજી કાંકરીયા, રોહટ. - **પશ્ચિમ દિશામાં મંગલમૂર્તિ** - શા. હાલોમલજી રાજેશકુમારજી વિનાયકિયા, રોહટ. (૧૧) **મૂલનાયકની જમણી બાજુ ગોખલામાં ગરૂડયથી** - શા. પદમચંદજી હુકમીચંદજી ભંસાલી (૧૨) **ડાબી બાજુયાક્ષિણી** - શા. પદમચંદજી હુકમીચંદજી ભંસાલી, રોહટ (૧૩) **રંગમંડપમાં ઈંડું** - શા. મોહનલાલજી મહાવીરકુમારજી પારેખ (૧૪) **સભામંડપમાં ઈંડું** - શા. જેઠમલજી સુભાષચંદજી લુનિયા (૧૫) **શણગાર છત્રી ઈંડું** - શા. બાબુલાલજી ચંપાલાલજી, રોહટ (૧૬) પ્રાચીન મૂલનાયક માટે ચતુર્મુખ કમલાકાર દેરાસર જુદુ બાંધવામાં આવેલ. તેમાં **પ્રાચીન મૂલનાયક આદિનાથ ગાદીનશીન** - શા. પદમચંદજી હુકમીચંદજી, રોહટ (૧૭) **પ્રાચીન મૂલનાયકની ધજા** શા. બાબુલાલજી શાંતિલાલજી મુથા, રોહટ (૧૮) **પ્રાચીન મૂલનાયક ઈંડું** - શા. બાબુલાલજી શાંતિલાલજી મુથા (૧૯) આ **ચતુર્મુખ દેરાસરમાં પૂર્વદિશામાં શીતલનાથ** - શા. ભીમરાજજી પૂનમચંદજી (૨૦) **દક્ષિણ દિશામાં પાર્શ્વનાથ** - શા. જવેરીલાલજી ધેવરચંદજી પારેખ હસ્તે રાજુ (૨૧) **પશ્ચિમમાં દિશામાં મહાવીર સ્વામીજી** - શા. હમીરમલજી પ્રેમરાજજી મુથા, રોહટ (૨૨) **ભંડાર ભરવાનો**- શા. હાસ્તેમલજી રાજેશકુમારજી વિનામકિયા ખાંડપ (૨૩) **પ્રથમ ઘંટનાદ** - શા. દેવીચંદજી મદનલાલજી મુથા (૨૪) **સવા લાખ ચાવલ સાથીયા**- શા. રતનલાલજી પારસમલજી (૨૫) **માણેકલાડુ** - જવેરીલાલજી ધેવરચંદજી પારેખ (૨૬) **કેશરીસિંહ પ્રતિષ્ઠા** - શા. મહાવીરરાજજી પારેખ

(૨૭) **જુના ઉપાશ્રયમાં ચક્રેશ્વરી** પ્રતિષ્ઠા સોહનલાલજી મહાવીરલાલજી પારેખ (૨૮) **જુના ઉપાશ્રયમાં મણિભદ્ર પ્રતિષ્ઠા** - જેઠમલજી સુભાષચંદજી લુનિયા (૨૯) **જુના ઉપાશ્રયમાં ક્ષેત્રપાળ** જેઠમલજી સુભાષચંદજી લુનિયા (૩૦) **જુના ઉપાશ્રયમાં પાર્શ્વનાથ પ્રતિષ્ઠા** - સોહનલાલજી મહાવીરજી પારેખ (૩૧) **કંકુથાળ** - જવેરીલાલજી ઘેવરચંદજી પારેખ (૩૨) **આજે આરતી** - ઈન્દરમલજી ભેવરલાલજી પારેખ (૩૩) **પ્રતિષ્ઠા પછી મંગલદીવો** - ચોપડા પરિવાર હ. ઈન્દરમલજી; બપોરે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર થયેલ બીજા દિવસે દ્વારોઘાટનનો લાભ શા. પદમચંદજી હકમીચંદજી પરિવારે લીધેલ. વાજતે ગાજતે હાથીના હોદે ઉપાશ્રયે આવી ગુરૂજી સાથે પધરાસર આવી. પૂજારીને ખુશ કરી દ્વારોઘાટન કરેલ. આવતા વર્ષના અઠ્ઠાઈ મહોત્સવ પ્રથમ વર્ષગાઠ ભવ્ય રીતે ઉજવવાનું પણ સંઘે ઠરાવ કરેલ. આ પ્રતિષ્ઠાએ આજુ બાજુના ગામોના ઈતિહાસમાં નવું રેકોર્ડ સ્થાપિત કરેલા રામનગરીમાં શાસ્ત્રીય નિયમ મુજબ (બુફે નહિ) સાધર્મિક ભકતોની વ્યવસ્થાની તો લોકોએ દિલમાં આંગળા મૂકી પ્રસંશા કરેલ. ૪૦૦ ઉપર તો પ્રતિષ્ઠામાં બેનરો બનાવરાવેલ ઘર ઘરમેં ખુશિયા આઈ હૈ, પ્રતિષ્ઠાની ઘડિયા આઈ હૈ, પૂજ્ય ગુરૂદેવકે ચરણોં મેં કોટિ કોટિ વંદન.

નરોલી નગરે ઉજવાયેલ ઐતિહાસિક પ્રતિષ્ઠા મહોત્સવ

કેન્દ્રશાસિત દાદરા નગર હવેલી સંઘપ્રદેશના દીક્ષાની ખાણ તરીકે પ્રસિદ્ધિને પામેલા નરોલી નગરને આંગણે નવનિર્મિત શ્રી મુનિસુવ્રતસ્વામી જિનપ્રાસાદનો પ્રતિષ્ઠા મહોત્સવ સુવિશાળ - ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરિશ્વરજી મહારાજાની આજ્ઞા આશીર્વાદથી પધારેલ પૂ. આ. શ્રી જયકુંજરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. શ્રી મુકિતપ્રભસૂરિશ્વરજી મ. તેમજ પૂ. મુ. શ્રી રક્ષયવિજયજી મ. આદિની નિશ્રામાં ખૂબ જ શાસનપ્રભાવક - ઐતિહાસિક ઉજવાયો. મહા વદ ૧૨/૨ ના રોજ પૂજ્યોના સસ્વાગત નગર પ્રવેશ બાદ વલ્લભવાડીમાં પ્રવચન બાદ નૂતન શ્રી ગૌતમસ્વામી યક્ષ-યક્ષિણી-મંગલમૂર્તિ આદિ ભરાવવાના ચઢાવા થયેલ. જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૫નું સંઘપૂજન થયેલ. પ્રતિષ્ઠા નિમિત્તે ભવ્ય નવાન્હિકા મહોત્સવનાં આયોજનમાં ફાગણ સુદ ૬ના રોજ ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળેલ. જેમાં રાજસ્થાન - ખીમાડાનું સુપ્રસિદ્ધ પ્રતાપબેન્ડ, નાસિકના ઢોલીઓ, વિરમગામના શરણાઈવાદકો મધ્યપ્રદેશની રાસમંડળીઓ, અંકલાસના ત્રાંપા - ગારાજ, પૂના (જેજુરી) ના મયૂર નૃત્યકાર આદિ અનેકવિધ સામગ્રીઓએ ખૂબ જ આકર્ષણ જમાવ્યું હતું. પ્રતિષ્ઠા આદિના ચડાવા સુંદર થયા હતાં. વિજયમુહૂર્તે શ્રી સિદ્ધચક્રમહાપૂજન ભણાવાયેલા. રાત્રે ૯-૦૦ કલાકે પ્રતિષ્ઠા સમારોહ સન્માનનો કાર્યક્રમ શાહ હીરાલાલ ગણેશમલજી ઘુડાજી રાઠોડ પેઠ - વડગાંવવાલાના પ્રમુખપદે ખૂબ જ યાદગાર થવા પામેલ. તા. સુ. ૭ ને ૯-૩૦ કલાકે ખૂબ જ આનંદોલ્લાસ સાથે પ્રતિષ્ઠાવિધિનો કાર્યક્રમ થયેલ. ત્યારબાદ અષ્ટપ્રકારી પૂજા-ગુરુપૂજનાદિના ચઢાવાઓ પણ સુંદર થયેલ સામુદાયિક ચૈત્યવંદન કર્યા બાદ પૂજ્યશ્રી વાજતે ગાજતે સંઘ સાથે વલ્લભવાડીમાં પધારેલ. ત્યાં પ્રવચન બાદ દ્વારોઘાટનનો ચઢાવો બોલાયેલ. મૂળનાયકની પ્રતિષ્ઠાનો લાભ લેનાર કોલ્હાપૂર પેઠ (વડગાંવ) નિવાસી શાહ હીરાલાલ ગણેશમલજી ઘુડાજી રાઠોડ પરિવારે બોલીની સંપૂર્ણ રકમ પ્રતિષ્ઠા કરતાં પૂર્વેજ સંઘમાં જમા કરાવીને પ્રતિષ્ઠા કરાવી હતી. જે ખૂબ જ અનુમોદનીય પ્રસંગ બની જવા પામ્યો. વિજયમુહૂર્તે શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયેલ.

મહોત્સવના ૯ દિવસ દરમ્યાન ત્રણે ટાઈમ નવકારશી - સ્વામીવાત્સલ્યનું આયોજન શ્રી સંઘ તરફથી તેમજ જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી થયેલ. આ નિમિત્તે સમગ્ર નરોળીના જૈનેત્તરોના બધા જ ઘરોમાં તથા સ્કુલોમાં તમામ વિદ્યાર્થીઓને કુલ ૩ હજાર જેટલા મીઠાઈઓના પેકેટ પ્રતિષ્ઠા પ્રસાદરૂપે આપવામાં આવેલ. વિધિકાર શ્રાદ્ધવર્ય શ્રી મનસુખભાઈ (માલેગાંવ), શ્રાદ્ધવર્ય શ્રી નવિનભાઈ (જામનગર), શ્રાદ્ધવર્ય શ્રી કાંતિભાઈ નહાર (વાપી) તથા શ્રી કૌશિકભાઈ (નવસારી) અને સંગીતકાર શ્રી જીતુભાઈ નવસારીવાલા પધારેલ. નરોલી સંઘમાથી ૬ દિક્ષિત થયેલ. પૂ. મુ. શ્રી ધર્મક્ષિતવિજયજી મ., પૂ. મુ. શ્રી પુણ્યપ્રભવિજયજી મ., પૂ. મુ. શ્રી પુણ્યરક્ષિત વિજયજી

તથા પૂ. મુ શ્રી આત્મરક્ષિતવિજયજી મ. તેમજ પૂ. સા. શ્રી મુક્તિપ્રજ્ઞાશ્રીજી મ., પૂ. સા. શ્રી જયપ્રજ્ઞાશ્રીજી મ., પૂ. સા. શ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી મ., પૂ. સા. શ્રી તત્વદર્શનાશ્રીજી, પૂ. સા. શ્રી અક્ષયરસાશ્રીજી મ., પૂ. સા. શ્રી હંસપ્રજ્ઞાશ્રીજી મ. આદિની ઉપસ્થિતિ આ પ્રસંગે ખૂબ જ આનંદપ્રદ બની જવા પામી હતી. તેમજ સંઘની વિનંતી સ્વીકારીને આ પ્રસંગે પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી હંસશ્રીજી મ. આદિ ઠાણા-૨૧, પૂ. સાધ્વીજી શ્રી મુક્તિપ્રજ્ઞાશ્રીજી મ. આદિ ઠાણા-૯, પૂ. સાધ્વીજી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ. આદિ ઠાણા - ૪ પધારેલ આ પ્રસંગે રાજગૃહિનગરી નિર્માણનો તથા મંડપ ડેકોરેશન આદિનો પુણ્ય લાભ વિરલ ડેકોરેશનવાળા શાહ જયંતિલાલ ઓકચંદજી બાફના નરોલીવાલાએ લઈને પ્રસંગને ખૂબ જ દીપાવ્યો હતો.

ફા. સુ. ૮ મંદિરના દ્વારોદ્‌ઘાટનનો લાભ સંઘવી શા. માંગીલાલજી ચંદ્રમલજી ધનરેશા નરોલીવાલાએ લીધા બા. સામુદાયિક ચૈત્યવંદન પછી પ્રવચન દરમ્યાન અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીના વાર્ષિક ચઢાવાઓ બોલાયેલ આજે નરોલીના દીક્ષિત તપસ્વી પૂ. મુનિરાજ શ્રી આત્મરક્ષિતવિજયજી મ. ને ૬૪મી ઓળીની મંગલમય પૂર્ણાહુતિ થયેલ. સંઘપ્રદેશના જૈન ઈતિહાસમાં આ પ્રતિષ્ઠા મહોત્સવ અવિસ્મણીય -ઐતિહાસિક બની જવા પામ્યો હતો. પ્રતિષ્ઠા પ્રસંગની નોંધ દૈનિક પત્રોએ પણ સારી લીધેલ. પૂજ્યશ્રી સેલવાસ ફા. સુ. ૧૦ના સાલગીરી પ્રસંગે પધારેલ. વાપી-ચણોદ કોલોનીમાં શા. પ્રવિણચંદ્ર વીરચંદજી આયોજિત પંચાન્હિક મહોત્સવ તેમજ વાપી ગામમાં શાહ પૃથ્વીરાજ ઉત્તમચંદજી બાફના પરિવાર આયોજિત પંચાન્હિક મહોત્સવમાં નિશ્રા આપીને પૂજ્યશ્રી મંચર (મહારાષ્ટ્ર) ગુરુમૂર્તિપ્રતિષ્ઠા તેમજ નૂતન ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે પધાર્યા હતા. આ ચાતુર્માસ પૂ. ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં રતલામ - મ. પ્ર. ખાતે કરવાની પૂજ્યશ્રી ભાવના ધરાવે છે.

तरुण संस्करण वाचन श्रेणी सोत्साह संपन्न

ગોડવાડના ગૌરવ પૂજ્ય ગણિવર્યશ્રી રત્નસેનવિજયજી મ. સા. આદિની શુભ નિશ્રામાં મનમોહન પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ, ટિંબર માર્કેટ - પૂનામાં અગ્યાર દિવસીય તરૂણ સંસ્કરણ વાચના શ્રેણી તા. ૨૪ એપ્રીલથી ૪ મે સુધી ખૂબ જ ઉત્સાહપૂર્વક સંપન્ન થયેલ છે. આ વાચના શ્રેણી - શિબિરમાં ૧૨ થી ૨૦ વરસ સુધીના ૧૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. ખૂબ જ સરસ, સરલ અને બાલ ભોગ્યશૈલીમાં જૈન તત્વજ્ઞાન જૈન આહાર પદ્ધતી, જૈન ઈતિહાસ, જૈન ભૂગોલ, જૈન આચાર આદિ આદિ વિષયો ઉપર સુંદર છણાવટ કરેલ. વાચના શ્રેણી દરમ્યાન વકતૃત્વ સ્પર્ધા, વાર્તા સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા, સ્તુતિ સ્પર્ધા, નવકાર લેખન સ્પર્ધા આદિ અનેકવિધ સ્પર્ધાઓ થયેલ. છેલ્લી પરીક્ષા પણ રાખવામાં આવેલ.

તા. ૫ મે ના દિવસે શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મ. સા. આદિની શુભ નિશ્રામાં વાચનાશ્રેણી સમાપન સમારોહ અને ઈનામી વિતરણ પ્રોગ્રામ રાખવામાં આવેલ. આ પ્રસંગે પૂજ્ય આચાર્ય ભગવંત અને પૂજ્ય ગણિવર્યશ્રીએ બાલકો અને વડિલોને ખૂબ જ સુંદર હિત શિક્ષા ફરમાવેલ વાચનાશ્રેણીને સફળ બનાવવા માટે ટિંબર માર્કેટ જૈન સંઘનો સુંદર સહકાર મળેલ અને પ્રે. હરેશભાઈ, સતીશભાઈ, અશોકભાઈ આદિએ સુંદર સેવા આપેલ.

પૂજ્ય ગણિવર્યશ્રીની શુભનિશ્રામાં ટિંબર માર્કેટ - પૂનામાં તા. ૧૪ મે થી ૨૨ મે સુધી ભીમરાજ જોરાજી મેડતિયાના જીવિત મહોત્સવ નિમિત્તે પરમાત્મભક્તિ મહોત્સવ ઉજવાયેલ.

પૂજ્ય ગણિવર્યશ્રીનું આગામી ચાતુર્માસ ચિંચવડ સ્ટે. પૂના નક્કી થયેલ છે.

साण्होदा (दहेगाम) - અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી ધર્મદાસવિજયજી ગણિવર્ય પૂ. મુ. શ્રી કુમુદ ચંદ્રવિજયજી મ. આદિ તથા પૂ. સા. શ્રી જિનલેખાશ્રીજી મ. ની નિશ્રામાં વૈશાખ વદ ૭ તા. ૨૫-૫-૨૦૦૦ ના શ્રી ઘનજીભાઈ શિવલાલ, શ્રીમતી આદિતબેન ઘનજી, શ્રીમતી યશોદાબેન ઘનજી પુત્રવધુ શિલ્પાબેન રાજેશકુમારના આત્મ શ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાવાયું હતું. સાધર્મિક ભક્તિ સારી હતી.

બારેજા બારે ઉપવાસે ૨૫ મહોત્સવ

પ. પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન વિ. મ. ને ૨૬ વર્ષ સંયમ પર્યાય તથા પૂ. મુનિપ્રવર શ્રી પુન્યધન વિ. મ. ને ૨૫ વર્ષ સંયમ પર્યાય નિમિત્તે ૧૩ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો તેમાં તેમની નિશ્રામાં સ્વ. હસમુખલાલ મહાસુખરામનાં આત્મશ્રેયાર્થે ચૈત્રી ઓળીની સામુદાયીક ઓળીની આરાધના પણ કરવામાં આવેલ તે માટે.

■ ચૈત્ર સુદ ૧ ના ભવ્ય પ્રવેશ વાજતે ગાજતે થયેલ પ્રવેશ બાદ સકલ સંઘની નવકારશી રાખવામાં આવેલ.

■ ચૈત્ર સુદ ૪ ના સવારે ૬ કલાકે પ્રભાતિયા તેમાં વાસક્ષેપની પ્રભાવના વ્યાખ્યામાં સંઘ પૂ. અને શ્રી વિસસ્થાનક પૂજન ભણાવેલ પૂજન બાદ સકલ સંઘની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ કાંતિલાલ સાકરચંદ શાહ (મુંબઈ) નાં પરિવારે લાભ લીધો હતો રાત્રે - ભાવના.

■ ચૈત્ર સુદ ૫ ના સવારે પ્રભાતિયા તેમાં બરાસની પ્રભાવના - વ્યાખ્યાન બાદ શ્રી અર્હદ અભિષેક મહાપૂજન ભણાવેલ પૂજન બાદ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ રાત્રે ભાવના હસમુખલાલ મહાસુખરામ શા (બારેજા) નાં પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૬ ના સવારે - પ્રભાતિયા તેમાં અગરબત્તીની પ્રભાવના, વ્યાખ્યાન બાદ શ્રી ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન સાંજે સાધર્મિક ભક્તિ, રાત્રે ભાવના શાહ લાલચંદ પોપટલાલ (અમદાવાદ) તરફથી રાખેલ.

■ ચૈત્ર સુદ ૭ + ૮ ના સવારે પ્રભાતિયા તેમાં ગરણેની પ્રભાવના વ્યાખ્યાન. બપોરે - સમુહ સામાયિકની આયોજન થયેલ તેમાં ૨૦૦ સામાયિક થયેલ અને તેઓને પેટી - કટાસણુ - મુપત્તિ - ચરવળો-સ્થાપનાજી - નવકારવાળી બે પ્રતિક્રમણની ચોપડી વિગેરેની પ્રભાવના થયેલ રાત્રે ભાવના શાંતિચંદ્ર બાલુભાઈ ઝવેરી (સુરત) તથા ઉમેદમલજી કુંદનમલજી (મુંબઈ) પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૯ ના સવારે પ્રભાતિયા તેમાં ૧૦ રૂા. ની પ્રભાવના - વ્યાખ્યાન. બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન. સાંજે સકલ સંઘની સાધર્મિક ભક્તિ રાત્રે ભાવના કાશ્મીરાબેન (મુંબઈ) નાં પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૧૦ નાં પ્રભાતિયા તેમાં રૂમાલની પ્રભાવના વ્યાખ્યાન. બપોરે શ્રી નવપદજીની પૂજા બાદ નાળીયેરની પ્રભાવના રાત્રે ભાવના વિનુભાઈ શાંતિલાલ શાહ (મલાડ) નાં પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૧૧ ના પ્રભાતિયા - તેમાં પાંચ રૂા. ની પ્રભાવના વ્યાખ્યાન. બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા બે રૂપિયાની પ્રભાવના રાત્રે ભાવના ચંચળબેન બાબુલાલ શાહ (મુંબઈ) ના પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૧૨ ના પ્રભાતિયા તેમાં બરાસની પ્રભાવના વ્યાખ્યાન. બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા સાટાની પ્રભાવના. રાત્રે ભાવના બબલદાસ પાનાચંદ શાહ (પાંચોર) લાભ લીધો હતો.

■ ચૈત્ર સુદ ૧૩ સવારે પ્રભાતિયા - પાંચ રૂા. ની પ્રભાવના - સવારે ૯ કલાકે મહાવીર પ્રભુનાં જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો જસોદાબેન નગીનદાસ શાહ (વડોદરા) તરફથી નીકળ્યો હતો વરઘોડા બાદ મહાવીરનાં જીવન ચરિત્ર પર વ્યાખ્યાન બાદ પેંડાની પ્રભાવના. બપોરે ૧ કલાકે છપ્પન દિક્કુમારીકા સાથેનો ભવ્ય સ્નાત્ર મહોત્સવ હીરાલાલ ચોખાવાળા (પુના) તરફથી ભણાવાયેલ રાત્રે ભાવના. સાંજે - સ્વામીવાત્સલ્ય બારેજા સંઘ તરફથી.

■ ચૈત્ર સુદ ૧૪ સવારે પ્રભાતિયા પૂંજણીની પ્રભાવના. સવારે - કુંભ સ્થાપના વિગેરે થયેલ બાદ વ્યાખ્યાન. બપોરે પાટલા પૂજન રાત્રે ભાવના શા. ચંપાલાલજી સાગરમલજી (મુંબઈ) પરિવારે લાભ લીધેલ.

■ ચૈત્ર સુદ - પૂનમ સવારે - પ્રભાતિયા - વાસક્ષેપની પ્રભાવના વ્યાખ્યાન બાદ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સુરેશકુમાર હિંમતમલજી (મુંબઈ) તરફથી સાંજે સાધર્મિક ભક્તિ રમેશભાઈ ચંદુલાલ પરિખ (આણંદ) તરફથી રાત્રે ભાવના તથા તપસ્વીનું બહુમાન તેમાં મોટી ઘડીયાલની પ્રભાવના ઓળી કરાવનાર તરફથી તથા સંઘ તરફથી ૧) રૂા. ની પ્રભાવના.

■ ચૈત્ર વદ ૧ નાં પૂ. મુ. પુન્યધન વિ.મ. ને ૨૫ વર્ષ સંયમ પર્યાય પૂર્ણાહુતિ પ્રસંગે સવારે ભવ્યાતિભવ્ય ચૈત્ય પરિપાટી અમદાવાદથી મિલન બેંડ સાથે તે દિવસે મુંબઈથી તેમનાં સંસારી કુટુંબીજનો ૮૦ માણસને લઈ આવ્યા હતાં. ચૈત્યપરિપાટી કરતાં પછી વ્યાખ્યાનમાં તેમનાં જીવન પ્રસંગો વર્ણવ્યા હતા. પછી ૫૧ રૂા. નું સંઘ પૂજન થયેલ (૧) મણીબેન મુલચંદજી સંઘવી મુંબઈ (૨) ચંચળબેન બાબુલાલ શાહ (મુંબઈ) (૩) અરૂણાબેન જયંતિલાલ શા (U.S.A.) (૪) રેખાબેન નરેશભાઈ શા. (વડોદરા) (૫) દિનેશભાઈ પોપટલાલ શા. (આગલોડ) આ પાંચ ભાઈઓ તરફથી સંઘ પૂજન હતું અને બારેજા સંઘ તરફથી નાળીયેરની પ્રભાવના હતી. અને મહેસાણાવાળા પ્રવિણચંદ તરફથી લાડવાની પ્રભાવના હતી. ત્યાર બાદ સકલ સંઘની નવકારશી તથા ઓળીના આરાધકોનાં પારણા. બપોરે વિંધ્યમુહૂર્ત શ્રી અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર હતું તેમાં નાળીયેરની પ્રભાવના રાજુભાઈ પ્રવિણચંદ શા. (વિસનગર) તરફથી તથા પ્રકાશભાઈ મુલચંદજી સંઘવી તરફથી અગરબતીનાં મોટા પેકેટની પ્રભાવના સાંજે સકલ સંઘનું સ્વામીવાત્સલ્ય સાંજે લોક કલાકારોનો પ્રોગ્રામ તથા ભાવના આ સઘળો લાભ લેનાર પૂ. પૂન્યધન વિ. મ. ના સંસારી પિતા (મુંબઈ) સંઘવી મુલચંદજી હીરાચંદજીનાં પરિવારે લાભ લીધો હતો.

■ ચૈત્ર વદ ૨ નાં સવારે ૯ કલાકે શ્રી સત્તર ભેદી પૂજા અરવિંદભાઈ છોટાલાલ ચોકસી (બીલીમોરા) તરફથી રોશનીથી ત્રણે જિન મંદિરમાં ભવ્યાતિભવ્ય પ્રભુજીને અંગરચના થતી હતી.

વિધિકાર જામનગરથી નવિનભાઈ, અમદાવાદથી નરેન્દ્રભાઈ, વસંતભાઈ વકીલ વિગેરે પધારેલ સંગીતકાર મુકેશ નાયક, માધુપુરા મંડળ, બારેજા મંડળ, કીરીટ યાત્રિક, પેટલાદ મંડળ, દિલીપ એન્ડ પાર્ટી આવેલ. ■ ■ ■

* જ્ઞાનગુણ ગંગા *

- પ્રજ્ઞાંગ

'सावेक्खो बुड्डइ निरवेक्खो तरइ'
અપેક્ષા - ઈચ્છ વાળો ડૂબે છે. અપેક્ષા વિનાનો તરે છે.

नहि ज्ञानेन सदृशं परित्रमिह विधते-
આ સંસારમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કાંઈ જ નથી.

ज्ञाना देव ही ससार विनाशः नैव कर्मणा-सम्यग्
જ્ઞાનથી જ સંસારના બંધનો તૂટે છે પણ માત્ર પ્રયત્નથી નહિ.

णाणं ण रस्स सारो - જ્ઞાન મનુષ્ય જીવનનો સાર છે.

णाणं अंकूसभूतं मत्तस्स हू चित्त हत्थिस्स
મન રૂપી મદોન્મત્ત હાથીને વશ કરવા જ્ઞાન એ અંકુશ સમાન છે.

क्लेशे हि शरणं भिषग् -
રોગ રૂપી ક્લેશમાં શરણ વૈદ્ય છે.

निर्वेद आशापाशानां पुरुषस्य यथा ह्यसिः
આશારૂપી બંધનોને કાપવા માટે પુરૂષના માટે નિર્વેદ - વૈરાગ્ય એ તલવાર સમાન છે.

विरागा विमुच्यति - વિરાગથી જ મુક્તિ મળે છે.

अशान्तस्य कुतः सुखम् ?
અશાન્ત આત્માને સુખ કયાંથી હોય ?

तत् सुखं यत्र निर्वृत्तिः
ત્યાં સુખ છે જ્યાં નિવૃત્તિ હોય છે.

जितं जगत् केने ? मनो हि येन -
જગત કોણે જીત્યું ? જેણે મનને જીત્યું તેને.

मनसि स्वस्थे रम्यानां रमणीयता-
જ્યાં મન સ્વસ્થ હોય તો મનોહર વસ્તુ રમણીય લાગે.

तन्मंगलं यत्र मनः प्रसन्नम् -
મન પ્રસન્ન છે ત્યાં મંગલ છે.

कः स्नेहः ? सद्भाव -
સ્નેહ શું ? સદ્ભાવ.

विरागं स्त्वे हीं गच्छिज्जा महया खुड्डएहि य -
મોટો હોય કે નાનો, સારો હોય કે ખરાબ હોય, બધા વિષયોના સાધકે વિરકત રહેવું જોઈએ.

દયા ધર્મનું મૂળ છે. **શ્રી મહાવીરાય નમઃ** **અહિંસા પરમો ધર્મ**

શ્રી જીવદયા મંડળ - રાપર કચ્છ

સ્થાપના - સંવત ૨૦૨૮

ઠે. લોહાણા બોર્ડીંગ સામે, પોષ્ટ બોક્ષ નં. ૨૩, મું. રાપર-કચ્છ. પીન ૩૭૦૧૬૫. ફોન : (૦૨૮૩૦) ૨૦૦૪૦ પ્રમુખ : ફોન : (૦૨૮૩૦) ઓ. ૨૦૦૭૯ ■ ઘર : ૨૦૩૫૭

ધર્મપ્રેમી ભાઈ શ્રી,

શ્રી જીવદયા મંડળ સંચાલિત રાપર પાંજરાપોળને મદદ માટે નમ્ર અપીલ

દુષ્કાળના કપરા સમયને લઈ શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર પાંજરાપોળમાં હાલ ૯૦૦૦ (નવ હજાર) આસપાસ ગાય, બળદ, ભેંસ, પાડા, ઘેટાં, બકરાં વગેરે પશુઓ આશ્રય લઈ રહેલ છે. આટલી વિરાટ સંખ્યાના પશુઓનો નિભાવ કરવો ખૂબજ કઠિન કાર્ય છે. જેથી આ સંસ્થા ખૂબ જ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહેલ છે. સંસ્થાની તમામ બચતોનો વપરાશ થઈ ચુકેલ છે. હાલ કંઈ પણ બચત નથી તમામ અનામત ભંડોળ વપરાઈ ગયેલ છે. સંસ્થાને રોજનું દૈનિક ખર્ચ રૂા. ૧ લાખ વીશ હજાર આસપાસ લાગે છે. સરકારી સબસીડી બાદ કરતાં પણ ૯ થી ૧૦ લાખનો માસિક તોટો પડે છે. તો સૌ દાતાઓ શ્રી સંઘો તથા સેવાભાવી સંસ્થાઓને આ સંસ્થા ને મદદ કરવા નમ્ર વિનંતી.

સંસ્થાનું ખાતું દેના બેંક રાપર શાખામાં સેંવીંગ ખાતા નાં. ૪૬૪ મુજબનું છે.

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી જીવદયા મંડળ - રાપર
રાપર વાગડ કચ્છ - ૩૭૦૧૬૫
ફોન : ઓ. ૨૦૦૪૦, ૨૦૦૭૯, ૨૦૦૭૭
. ઘર ૨૦૩૫૭, ૨૦૫૨૯

લી.
ટ્રસ્ટી મંડળ તથા કાર્યવાહક કમીટી
શ્રી જીવદયા મંડળ - રાપર (કચ્છ)

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ મોક્ષ જોઈતો હોય તો મોક્ષ કઠીન નથી. ન જોઈતો હોય, તેને મોક્ષ કદિ ન મળે.

■ સાધુને કોઈ અધર્મ કરવાની જરૂર નથી. તમારે અધર્મ કર્યા વિના ચાલે તેમ નથી. માટે જ ધર્મ સમજેલાંને ગૃહસ્થપણું ગમે જ નહિ. સાધપણું જ ગમે.

■ આ મનુષ્યપણું પામ્યા પછી, આટલી સામગ્રી પામ્યા પછી પણ ગૃહસ્થપણું જ ગમે છે તે સૂચવે છે કે ધર્મ સમજાયો નથી.

■ દેવ-ગુરુ-ધર્મ- ધર્મી અને ધર્મની સામગ્રી ધર્મ કરાવનાર છે અને અધર્મથી બચાવનાર છે.

■ આ જે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે, સંસારની - પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે.

■ સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને ખપ નહિ તે બધા પાપી.

■ આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જ જાય. ઘંઘો પાપ તો ઠીક પણ ઘંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.

■ દુઃખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય સુખ જેને સારા લાગે તેવો આદમી ગમે તેટલું ભણે - ગણે તો ય પાગલ ગણાય.

■ સાધુપણું મૂળમાં સારું છે. ગૃહસ્થપણું મૂળમાં ખરાબ છે.

■ તું કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.

■ ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ શ્રીમંત જેવા પાકે.

■ સંસાર સારો લાગવો - માનવો તે મિથ્યાત્વ. આ - આ બધું મને મેળો તેનું નામ અવિરતિ. તેના ક્રોધ - માન - માયા - લોભ ખીલેલા જ હોય. તેને લઈને તે ન કરવાના કામ કરી કરીને સંસારમાં રખડે.

■ જીવનને ખરાબ કરનાર પ્રમાદ છે.

■ ભગવાનના વચનથી ભગવાનની આજ્ઞાથી કદી વિરૂદ્ધ બોલે નહિ, કોઈની પણ શરમમાં પડે નહિ, કોઈના પણ તેજમાં અંજાય નહિ તે જ ભગવાનના માર્ગનો સાચો ઉપદેશક છે.

■ જેના વિચાર, જેની વાણી અને વર્તન ભગવાનની આજ્ઞાને અનુસરનારું હોય પણ આજ્ઞાથી વિરૂદ્ધ કદી હોય નહિ તે ભગવાનનો સાચો સાધુ !

■ દુઃખને ટાળવા પાપ કરે તે ય ખરાબ અને ધર્મ કરે તે ય ખરાબ !

■ પ્રમાદ સામે આંખે લાલ થાય નહિ ત્યાં સુધી ધર્મ સામે મીઠી આંખ થાય નહિ.

■ વર્તમાન સુખમાં મૂઝાઈને ભવિષ્યની દુઃખરૂપ સ્થિતિ ન જોવી એનું નામ જ મિથ્યાત્ત્વ.

■ ધર્મ કરવા માટે પૈસા મેળવવાની ઈચ્છા એ પાપ છે. મળેલી લક્ષ્મીને મૂર્ચ્છા ઉતારવા માટે દાન છે પણ લોભ વધારવા માટે દાન નથી.

■ મુક્તિના સાધનભૂત માનવજીવનને જે ભોગનું સાધન સમજે તેને માનવજીવની કિંમત જ નથી.

■ સંસારનો પ્રેમી આત્મ, ધર્મક્રિયા કરતાં યે દુનિયા સામે દ્રષ્ટિ દોડાવે, જ્યારે સમ્યગ્દ્રષ્ટિ આત્મા જેમ જેમ ધર્મક્રિયા કરે તેમ તેમ સંસારથી પરાઙમુખ થતો જાય.

■ આવેશ એ ભયંકર વસ્તુ છે, આવેશમાં આવેલા કદી જ સુંદર વિચાર નથી. કરી શકતો.

■ ભૂત ભૂલે, ભવિષ્ય અવગણે અને કેવળ વર્તમાનમાં રચ્યાં પચ્યા રહે એ બધા બહિરાત્મા છે.

■ આગમ આધું મૂકીને શ્રી જૈન શાસનમાં એક કણ સુધારો નથી, થતો નથી. અને થશે પણ નહિ.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

Received
22/6/2000
~~૪૫૬૫~~

આ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाए

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૪૧/૪૨

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

મુક્તિ આવા ગુણવાનોને વરે છે.

भोगान् कृष्णभुजंगभोग विषमान्,
राज्यं रजः सन्निभं; बंधुन् बंधनिबंधनानि
विषयग्रामं विषान्नोपमम् ।
भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा
त्यजन्, तेष्वासकित मनाविलो विलभते
मुक्तिं विरकतः पुमान् ॥

(શ્રી સિન્દૂર પ્રકરણ ગા. ૯૨)

ભોગોને કૃષ્ણ સર્પના શરીર જેવા ભયંકર, રાજ્યને ધૂળ સમાન, સગાઓને કર્મબંધના કારણરૂપ, શબ્દાદિ વિષયોના સમૂહને ઝેરી અન્ન સમાન, આબાદીને રાખ સમાન, સ્ત્રીઓના સમૂહને તૃણ સમાન સમજીને તેઓને વિષે તીવ્રાભિલાષને તજતો સરળ અને વૈરાગી પુરૂષ મોક્ષને પામે છે.

સદ્‌ગુરુની સાચી શીખ

પૂ. મુ. પ્રશાન્ત દર્શન વિજયજી મ.

અનાદિથી અજ્ઞાનના અંધકારમાં અથડાતા - અફળાતા આત્માને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ આપી સન્માર્ગે ચઢાવી. સ્થિત કરી ઉર્ધ્વ ગતિના માર્ગે પ્રયાણ કરાવે તેનું નામ સદ્‌ગુરુ છે. ગુરુ શબ્દ ભારે અર્થમાં પણ વપરાય છે તો આત્મામાં જેમ જેમ ગુરુતા પેદા થાય તેમ તેમ તેની જોખમદારી અને જવાબદારી વધે છે. ગુરુ-ભારે વસ્તુનું જો સાવચેતીથી જતન ન કરાય તો પતનનો ભય વધારે છે. તે પડે તો માત્ર પોતાને નહિ પણ અનેકને પોતાના ભાર નીચે દબાવી દે. સદ્‌ગુરુનું એ જ કર્તવ્ય છે કે પોતાની પાસે આવતા આત્માઓના આત્મહિતનીજ ચિંતા કરવી. આવા સદ્‌ગુરુની ગુણ ગૌરવ ગાથાઓ આગળ હજારો સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ પણ ફિક્કો લાગે. ગુરુ વિના જીવન પ્રાંગણમાં સદૈવની અમાવાસ્યાનો અંધકાર છે.

દુનિયામાં પણ લોકો કહે છે કે- ''ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે અને ગુરુ મહેશ્વર છે. જગતે બ્રહ્મ, વિષ્ણુ અને મહેશને દેવ માન્યા છે અને માને છે કે બ્રહ્મા એ જીવોની ઉત્પત્તિ કરે છે, વિષ્ણુ એ રક્ષણ કરે છે. અને મહેશ એ વિનાશ કરે છે. જ્યારે સદ્‌ગુરુએ આ ત્રણે કામ કરે છે. ભવ્યાત્માઓના જીવનમાં સદ્‌વિચાર - ભાવનાઓનું સર્જન કરે છે, દુર્ગતિથી રક્ષાનો માર્ગ બતાવે છે અને વિષય વિકારોની વાસનાનો વિનાશ કરે છે. સદ્‌ગુરુ સંપત્તિ નહિ પણ સન્મતિ આપે છે. જગત અને જીવનું વાસ્તવિક સાચું સ્વરૂપ સમજાવી આત્માને જડના સંયોગથી છૂટવાનો સરલ રસ્તો બતાવે છે. આવા સદ્‌ગુરુના ચરણ શરણમાં શ્રદ્ધા અને ભક્તિથી સમર્પિત થાય તેનું કલ્યાણ સુનિશ્ચિત બને અને તે આત્મા સકલ કર્મોનો ક્ષય કરી નિરૂપાધિ એવી મુક્તિને પામે.

આવા જ એક સદ્‌ગુરુ વર્તમાનમાં થઈ ગયા. જેમનો જોટો જડવો મુશ્કેલ છે. જેઓ આકૃતિએ સરલ હતા, પ્રકૃતિએ સરલ હતા, પ્રવૃત્તિએ સરલ હતા, વૃતિઓથી સરલ હતા અને હૃદયથી એકદમ સરલ હતા. જેમની વાણીમાં જે મીઠાશ - મધુરતા હતી જે હજી પણ કર્ણપટમાં ગુંજ્યા કરે છે. જીવ માત્ર પર જે કરૂણતા હતી જેનો અનુભવ અનેક ભવ્યાત્માઓએ કર્યો છે. સ્વાધ્યાયમાં અપ્રમત હતા અને સંયમની જે સુવાસ ફેલાવી જે આજે ય તેવી જ સુવાસિત છે. અને વ્યાધિમાં જે સમાધિ - સમતા રાખી તે અપૂર્વ હતી.

આકાશમાં તારાઓનો ઉદય અને અસ્ત થાય છે પણ તેનું મહત્ત્વ નથી પરંતુ મહત્ત્વ અમાવાસ્યાની કાજલ સમાન શ્યામ રાત્રિમાં જે તેજ રેખા ફેલાવે તેનું છે. જન્મ અને મૃત્યુ અનાદિથી ચાલુ છે પણ જન્મ - મરણથી રહિત થવાનો પુરૂષાર્થ કરવો તેમાં જ જીવનની મહત્તા છે જે જીવનને સફલ બનાવે છે. જન્મ કયાં લેવો તે કર્મને આધીન છે પરંતુ જન્મ મળ્યા પછી જીવન કેવું બનાવવું તે જીવની સમજને આધીન છે. આવી સાચી સમજ આપવાનું કામ સદ્‌ગુરુઓ કરે છે. જન્મરહિત થવાનો જે માર્ગ બતાવ્યો તે જ તેમનું સાચી હિત શિક્ષા છે.

શરીરનો ખોરાક અન્ન છે તેમ આત્માનો ખોરાક સ્વાધ્યાય છે. સ્વાધ્યાય સમાન કોઈ તપ નથી અને તપ તે આત્મવિશુદ્ધિનું મુખ્ય કારણ છે. સંયમ જીવન શરીરની પુષ્ટિ માટે નથી પણ આત્માની પુષ્ટિ માટે છે. આવા સંયમની સફલતા સદ્‌ગુરુના ચરણમાં સાચા ભાવે સમર્પણભાવ કરવાથી થાય છે. તારક ગુરુદેવ પ્રતિ હૈયાની સાચી શ્રદ્ધા - ભક્તિ અને શરણાગત ભાવ આવે તો આત્માનું કલ્યાણ સુનિશ્ચિત છે. અને ગુરુદેવને પોતાના હૃદયમાં વસાવે તેના માટે આ સંસાર કાંઈજ બગાડવા સમર્થ બનતો નથી.

આવા સદ્‌ગુરુ એટલે સન્માર્ગ સંદર્શક, સુવિહિત શિરોમણિ પૂજ્યપાદ પરમગુરુદેવેશ **શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા** ! જેઓના ચરણ કમલમાં અનન્તશઃ વન્દનાદિ કરું વિરમું છું.

અદત્તાદાનનો દોષ

પાણી, પાણીના જીવોના (અપ કાયના) જીવોની સંપત્તિ છે. અજ્ઞાની જીવ તેની પાસેથી જબરદસ્તીથી છીનવી લે છે. સચિત પાણીનો ઉપયોગ કરનારને અદત્તાદાનનો દોષ લાગે છે.

અમી આર. શાહ

આઠ જણા અભવી

(૧) સંગમદેવ (૨) કાળકસાય (૩) કપીલા દાસી (૪) અંગારમર્દક આચાર્ય (૫) રોહગુપ્ત (૬) પાલક મુનિ (૭) પાલક રાજપુત્ર (કૃષ્ણ સુત) (૮) વિનયરત્ન મુનિ ઉદાયી રાજાને મારનાર.

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061

તંત્રીઓ:
પ્રભવંદ મણજી ગુડકા (મુંબઈ)
ભરત મુકુંદભાઈ મહેતા (રાજ...
હેમેન્દ્રકુમાર મનુભાઈ શાહ (...
પ્રાણલાલ પદમશી ગુડકા (જામનગર)

વર્ષ : ૧૨) ૨૦૫૬ જેઠ વદ ૩ મંગળવાર તા. ૨૦-૬-૨૦૦૦ (અંક : ૪૧/૪૨

વાર્ષિક રૂા. ૧૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

એવોર્ડથી સન્માન લેવા - દેવાની ઘેલછા

શ્રી મુક્તિપંથ પથિક

જૈન શાસનમાં ગુણસમ્પન્ન આત્માઓનું મહત્વ ગણાયુ છે. ...વલ ધનસમ્પન્ન કે સુખસમ્પન્ન માનવોની કોઈ કીંમત અંકાઈ નથી. ગુણસમ્પન્ન આત્માઓનું જ જૈનશાસનમ બહુમાન-સન્માન કરાય છે. જૈનશાસનમાં સન્માન-બહુમાન કરવાની રીતરસમો અનેક પ્રકારની અને અનુપમ કોટીની છે. ગુણસમ્પન્ન આત્માઓનું સન્માન - ...હુમાન જૈનશાસનની મર્યાદામાં રહીને જ કરવાનું હોય છે. શ્રાવક શ્રાવિકાએ જૈનશાસનનું કોઈપણ વિશિષ્ટ અ...ુષ્ઠાન કર્યુ હોય તો જૈનશાસનની મર્યાદા પ્રમાણે તિલક કરી હારતોરા અને શ્રીફળ આદિનું પ્રદાન કરવા પૂર્વક પહેરામણી કરીને એમનું બહુમાન કરાય છે પૂર્વકાળમાં એવોર્ડ કે પદવી આપવા દ્વારા શ્રાવકાદિનુ લગભગ ...હુમાન-સન્માન કરાતુ ન હતું કદાચ પૂર્વકાળમાં ...ોઈકનું બહુમાન-સન્માન કરાયુ હોય તો પણ જૈનશાસન...ા મર્યાદાઓને જાળવીને કરાયુ છે.

કલિ...ાલસર્વજ્ઞ આ. ભ. શ્રી હેમચંદ્ર સૂ. મહારાજે કુમારપાલ ...હારાજાને ''પરમાર્હત'' પદનુ બિરૂદ આપ્યુ હતું એ પદ ને કુમારપાલ મહારાજા લાયક જ હતા એ પુણ્યોત્મા જૈનશાસનની અનુપમકોટીની આરાધના કરતા હતા શ્રાવક ધર્મનુ કટ્ટરતા પૂર્વક પાલન કરતા હતા ૧૮ દેશમાં તથા અન્ય દેશના રાજાઓ પાસે પણ જીવદયાનું જોરદાર ...તે પાલન કરાવ્યું હતું દેવવિમાન તુલ્ય અનેકાનેક જૈન મંદિરોનુ તથા આગમાદિ સાહિત્ય સમૃદ્ધ જ્ઞાન ભંડા...નું નિર્માણ કરાવ્યુ હતુ સાધર્મિકોની ભક્તિ પણ વિપુલ પ્રમાણમાં પોતાના ધનનો સદ્વ્યય કરીને કરી હતી શાસન પ્રભાવક સંઘ કાત્યા હતા વધારે શું કહીએ ધર્મની ખાતર પોતાના પ્રાણનું બલિદાન દેવાની પણ તૈયારી વાળા હતા પરન્તુ કુમારપાલ રાજાને જૈનશાસનની ''જિનરાજરત્ન'' મર્યાદા બહારનો ''જીવદયા રક્ષક જિનરાજ'' એ પ્રમાણે એવોર્ડ આ. શ્રી હેમચંદ્ર સૂ. મ. એ આપ્યો ન હતો.

આજે જૈનસમાજમાં પણ ગૃહસ્થોને એવોર્ડ (પદવી) આપી સન્માન કરવાની અને સન્માન લેવાની ઘેલછા દિન પ્રતિદિન વધતી આવી છે. આવોજ એક પ્રસંગ નજીકના દિવસોમાં બની ગયો. જે અમદાવાદથી બહાર પડતાં ૩૦ એપ્રિલ ૨૦૦૦ના જિનેન્દ્ર સાપ્તાહિકમાં તથા સમકાલિન દૈનિક વગેરે પત્રમાં જાણવા મળ્યો એમાં ખરેખર એવોર્ડથી સન્માનિત કરવાની અને સન્માન લેવાની ઘેલછા છતી થતી દેખાઈ.

અમદાવાદ સરદાર પટેલ સ્ટેડીયમમાં મહાવીર જન્મ કલ્યાણકની ભજન સંધ્યા યોજાઈ હતી તેમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી સુંદરસિંહ ભંડારીના હસ્તે શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈને ''જિનરાજ રત્ન'' એવોર્ડ શ્રીમતી શારદાબેન મહેતાને ''શ્રેષ્ઠ શ્રાવિકા'' એવોર્ડ, શ્રી ઉત્તમભાઈ શાહને ''આર્ય સંસ્કૃતિ રક્ષક જિનરાજ'' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા એમાં ખરેખર તારક તીર્થંકર ભગવન્તની ઘોર આશાતના કરાઈ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી તો બિચારા જૈનશાસનની મર્યાદાના અણજાન છે પણ શ્રેણીકભાઈ તથા ઉત્તમભાઈ તો જાણકારીવાળા છે એમણે અરિહંત પરમાત્માની આશાતના થાય એવા એવોર્ડ કેમ લીધા.

જિન = સામાન્ય કેવલી ભગવન્તો વગેરે એઓમાં રાજા એટલે શ્રેષ્ઠ તો અરિહંત ભગવંતોજ હોય છે.

જિનરાજ રત્ન એવોર્ડ (પદવી) શ્રેણીકભાઈ કસ્તુરભાઈને અપાયો જિનરાજ - અરિહંતો તેમાં 'રત્ન' એટલે શ્રેણીકભાઈ અરિહંતો કરતા ચઢિયાતા થયા.

ઉત્તમભાઈને ''આર્ય સંસ્કૃતિ રક્ષક જિનરાજ'' એવોર્ડ આપવાથી ઉત્તમભાઈ જિનરાજ - અરિહંત બની ગયા.

જેમ આચાર્ય પદવી આપવાથી આચાર્ય કહેવાય તેમ જિનરાજની પદવી આપવાથી એ જિનરાજ - અરિહંત કહેવાય.

શ્રેણીકભાઈ તથા ઉત્તમભાઈએ ''જિનરાજ રત્ન'' એવોર્ડ અને ''જિનરાજ'' એવોર્ડ અસ્વીકૃત કરવો જોઈતો હતો એવોર્ડની લાલચમાં તણાઈને એ એવોર્ડ લીધા એથી તારક દેવાધિદેવ તીર્થંકર ભગવંતની ભયંકર આશાતના થઈ છે.

આર્ય સંસ્કૃતિની રક્ષા માટે ઉત્તમભાઈ જે મુ. રા. શ્રી હિતરુચી વિ. મ. પાસે માર્ગદર્શન મેળવે છે એઓએ પેથીવાડી આદિ કર્માદાનના કામો કરવા દ્વારા આર્યસંસ્કૃતિની રક્ષા કરવાના બાને ધર્મ સંસ્કૃતિનો વિનાશ કરનાર ઉત્તમભાઈને ''જિનરાજ'' એવોર્ડ લેતા અટકાવવા જોઈતા હતા. અને લીધા પછી પણ આ બરોબર નથી કર્યું, તારક તીર્થંકર ભગવંતની આશાતનાનું પાપ કર્યું છે એમ જણાવવાની પોતાની ફરજ અદા કરવી જોઈતી હતી કેમ ન કરી ?

ઉત્તમભાઈને ''આર્ય સંસ્કૃતિ રક્ષક જિનરાજ'' એવોર્ડ આપવા દ્વારા એ ફલિત થયું - જિનરાજ એટલે અરિહંત અને એ (અરિહંત) આર્ય સંસ્કૃતિન. રક્ષક હતા પણ ધર્મતીર્થના રક્ષક ન હતા.

જૈનશાસનમાં અરિહંત ભગવંતો ધર્મ તીર્થના સ્થાપક-રક્ષક તરીકે હતા એમ કહેવાય છે પરંતુ આર્યસંસ્કૃતિના રક્ષક તરીકે કયારેય પણ કહેવાયા નથી. મહાવીર જન્મકલ્યાણક ને બદલે મહાવીર જયંતી બોલવામાં ભગવાન મહાવીર પરમાત્માની આશાતના થાય છે તેમ જિનરાજતીર્થંકર ભગવાન આર્ય સંસ્કૃતિ રક્ષક છે એમ બોલવામાં પણ તીર્થંકર ભગવાનની આશાતના થાય જ છે ઉત્તમભાઈને ''આર્યસંસ્કૃતિ રક્ષક જિનરાજ'' એ પ્રમાણેનો એવોર્ડ આપવા દ્વારા તીર્થંકર ભગવાનની આશાતના જ થઈ છે અનંતા તીર્થંકરોની આશાતના થઈ છે. ઉત્તમભાઈએ એ એવોર્ડ સ્વીકારવા દ્વારા પણ તીર્થંકરોની આશાતનાનું પાપજ કર્યું છે ધર્મતીર્થની સ્થાપના અને રક્ષા કરવાની ઉચ્ચકક્ષામાં રહેલ જિનરાજ (તીર્થંકરો)ને આર્યસંસ્કૃતિની એકદમ નીમ્નકક્ષામાં ઉતારી દીધા એથી જિનરાજ (તીર્થંકરો) ની મહા આશાતના કરી કહેવાય.

ભગવાન મહાવીરના જન્મકલ્યાણકની ઉજવણીમાં ભજન સંધ્યા વગેરેનું આયોજન કરવું એ સુધારક ગણાતા માણસોનું એક નર્યું નાટક છે એમને કલ્યાણકની આરાધના કરવાનું તેમજ એ નિમિત્તે અરિહંત પરમાત્માની પૂજા ભક્તિ મહોત્સવ વરઘોડા, તપ-જપ વગેરે કરવાનું મૂળ્તુ નથી. પરંતુ ભવાઈ જેવા તારક તીર્થંકર ભગવાનની આશાતના કરનારા નાટકો કરવા સૂઝે છે અને આવા નાટકોમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ તરીકે ગણાતા શ્રેણિકભાઈ તથા આર્યસંસ્કૃતિના રક્ષક ગણાત. ઉત્તમભાઈ જેમાં કેમ ઉપસ્થિત રહેતા હશે ? શું એમને બધે માનપાન મેળવવાની લાલસા એમને તીર્થંકર ભગવાનની આશાતના કરાવનારા આવા નાટકોમાં દોરી જતી હશે કે શુ ?

સહુ આવી તીર્થંકર પરમાત્માની આશાતનાના પાપથી બચો એવી એકની એક શુભકામના-

■ ■ ■ ■ ■

■ પ્રસંગ પરાગ ■

ભયંકર તોફાનમાં સપડાએલા એક વહાણમાંનાં કેટલાંક માણસો દરિયામાં ફેંકાઈ પડેલાં જોઈને વહાણ પરના એક હબસી ગુલામે તત્કાલ દરિયામાં કૂદી પડી જીવસટોસટની એવી તો ઝહેમતે પાંચ જણને બચાવ્યા કે કપ્તાને આફરીન પોકારી તેને છઠ્ઠી વાર કૂદતો અટકાવી કહ્યું , 'બસ બસ; તારા પરાક્રમથી તને હું મુક્તિ બક્ષું છું.' 'પણ હજી એક છઠ્ઠો ત્યાં ગળચવાં ખાય છે તેને બચાવવાની પહેલી જરૂર છે. પહેલો એનો જીવ, પછી મારી મુક્તિ.' અને એટલું કહીને એ હબસી ફરી પેલાને બચાવવા દરિયામ કૂદી પડયો.

પ્રવચન-એકતાલીસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૯ સોમવાર તા.૧૭-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂધ્ધ કાંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના - અવ.)

वेसो वि अप्पमाणो, असंजमपएसु वट्टमाणस्स ।
किं परिऊत्तिअवेसं, विसं न मारेइ खज्जंतं ? ॥
(ઉપદેશમાળા દોઘટ્ટી ગા. - ૨૧)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજા હવે એ વાત સમજાવી રહ્યા છે કે- ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ધર્મ સાચી રીતે કોણ કરી શકે ? જેને આ આખો સંસાર - ભલે તે સુખમય હોય તે પણ છોડી વહેલામાં વહેલા મોક્ષે જવાનું મન હોય તેવો જ આત્મા આ ધર્મની સાચી આરાધના કરી શકે. બાકીનો આત્મા તો સમજવાની શક્તિ હોવા છતાંય તેની પરવા કર્યા વિના ધર્મની આરાધના કરતો જાય અને તેનો ધર્મ નિષ્ફળ જાય અથવા સંસારમાં ભટકવાનું વધારતો જાય. જેને મોક્ષ જોઈએ તેને શું કરવું તે વાત સમજાવી આવ્યા કે- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે સંપૂર્ણ રીતે ભેગા થાય તો મોક્ષ મળે. તે ત્રણેને ભેગા કોણ કરે ? આપણને ઈચ્છા થાય તો તે ત્રણેને ભેગા કરી શકીએ તેવી બધી સામગ્રી આપણને મળી છે. પણ તે માટેની આપણી મહેનત છે ખરી ?

તે માટે સમ્યગ્જ્ઞાન મેળવવું પડે. ભગવાનની આજ્ઞા મુજબ સંયમ પાળવું પડે અને તપ પણ કરવો પડે. જગતમાં ઘણા જ્ઞાની છે પણ તે બધા સાચા જ્ઞાનથી મોટેભાગે ઊંધા વર્તે છે. ઘણા સંયમી છે. પણ આજે સંયમના વેષમાં ય સંયમી ન હોય તેવા ઘણા છે અને એવા તપસ્વી છે જે માત્ર દેખાવ કરે છે. તપસ્વી ઉપર પણ ચોકી જોઈએ. મોટા તપસ્વી મોટેભાગે ઉપાશ્રયમાં રહે તો સારું તે જ્યાં ત્યાં રહે તો ઘણાને શંકા પડે. સમ્યગ્જ્ઞાન પામવાનું અને સંયમ લેવાનું મન પણ કોને થાય ? સંયમ લીધા પછી બરાબર પાલન પણ કોણ કરે ? અનંતીવાર સાધુ થવા છતાં ય હજી રખડે છે. તેવી રીતે મહિના મહિનાના તપ કરનારા પણ સંસારમાં રખડે છે. તેમનું સંયમ ફોગટ ગયું, નુકશાન કરનાર પણ થયું તેમ તેમનો તપ પણ નકામો ગયો. આ બધા દ્રષ્ટાન્તો શાસ્ત્રોમાં આવે છે. આપણે તેમાંથી આપણી જાતને બચાવવી છે.

સમ્યગ્જ્ઞાન પામવું તે આપણા હાથની વાત છે. સંયમ લેવું અને સારી રીતે પાળવું તે પણ આપણા હાથની વાત છે. સમ્યક્તપ કરવો તે પણ આપણા હાથની વાત છે. તપ કરનારાને ખાવાની મઝાની છૂટ છે ? તપ પણ કરે ખાવા પીવાદિમાં મઝા પણ કરે તે બેનો મેળ જામે ખરો ? સંયમના વેષમાં રહેવું અને અસંયમ કરવો તે ચાલે ? આ સમ્યગ્જ્ઞાન, સંયમ અને તપ એ ત્રણનો સાચો યોગ કોણ કરે ? જેને આ સંસારથી છૂટી વહેલા મોક્ષે જવાનું મન હોય તે. વેપાર કોણ કરે ? નોકરી પણ કોણ કરે ? જેને પૈસાનો ખપ હોય તે. બાકી તો મોટી પેઢી ઉપર બેસાડો તો પેઢીને ય ડૂબાડે તેવા પણ હોય છે.

જેટલા સાધુવેષમાં હોય તે બધા સાધુ જ હોય તેમ નહિ તે વાતને હવે સમજાવે છે. દુનિયામાં પણ જેટલા શાહ લખાવે તેટલા શાહ હોય ? શેઠ લખાવે તેટલા શેઠ હોય ? સાહેબ લખાવે તેટલા સાહેબ હોય ? આજે મોટેભાગે શાહમાં ચોર, શેઠમાં શઠ અને સાહેબમાં શેતાન વધી ગયા છે. આજે સારો માણસ સત્તા ઉપર આવી શકે નહિ અને કદાચ કોઈ સત્તા ઉપર આવી જાય તો તેને ભાગી જવું પડે તેવી સ્થિતિ છે. આજે તો જેને સારા માન્યા હોય તે પણ ત્યાં જઈને સ્વાર્થી બની જાય છે તેવું પણ બને છે ને ? દુનિયામાં સારા થવું હોય તે સૌના હાથમાં છે ને ? લાખ રૂા. મળતા હોય તો પણ જૂઠ ન જ બોલે તેવા કેટલા મળે ? 'સાચું જ બોલવું જોઈએ' તેમ બધા બોલે છે પણ અવસર આવે ખોટું ન જ બોલે તેવા કેટલા મળે ? સાચા કહેવાતા પણ અવસરે સાચું જ બોલે તેમ પણ બને ખરું ? સત્યવાદી હરિશ્ચંદ્રની કથા લખાઈ કે- રાજ્ય ગયું, ચાંડાલને ત્યાં નોકરી કરવી પડી તો કરી પણ અસત્ય ન જ બોલ્યા. તેમ તમારી કથા લખવી હોય તો શું લખુ ?

આ સંયમ, જ્ઞાન અને તપની જરૂર પણ કોને પડે ? નવપૂર્વ સુધી ભણેલા પણ અજ્ઞાની હોય છે. નવપૂર્વમાં મોક્ષની વાત આવતી હોય કે ન આવતી હોય ? જેને

મોક્ષની ઈચ્છા ન થાય તે ગમે તેટલું ભણ્યો હોય તો પણ જ્ઞાનિઓએ તેને અજ્ઞાની જ કહ્યા છે. તેને સમ્યક્‌રૂપે જ્ઞાન પરિણામ પામે જ નહિ. તેના ઉપદેશેલા- પ્રતિબૂઝેલા બીજા જીવો મોક્ષે જાય પણ તેને મોક્ષ જવાનું મન થાય નહિ. માટે ધર્મ કરે તે બધાને પૂછું છું કે- તમે ધર્મ શા માટે કરો છો ? 'મારે વહેલામાં વહેલા મોક્ષે જવું છે, ઝટ આ સંસારથી છૂટી જવું છે અને સાધુ થવું છે' આવો ભાવ જેના હૈયામાં ન હોય તેને ગમે તેટલું ભણાવો તો પણ તે કદી સારો ન બને. સારા બનવું તેય આપણા હાથમાં છે, ખરાબ બનવું તેય આપણા હાથમાં છે. સારા પણ ખરાબ બની જાય. કારણ ? લોભ પેદા થાય, આસક્તિ પેદા થાય તો સારો પણ ખરાબનો ભાઈ બની જાય. ધર્મ સારી રીતે કોણ કરે ? જેને મોક્ષ જોઈતો હોય તે. જેને મોક્ષ ન જોઈતો હોય તે ધર્મને પણ અધર્મ જેવો કરીને કરે.

માટે સમજાવે છે કે- મુનિનો વેષ હોય તેથી મુનિ જ હોય તેમ માની લેતા નહિ. અસંયમના માર્ગે ચાલતો હોય તે સંયમી પણ સારો કહેવાય ખરો ? વેષ પહેરવાથી સારા થઈ શકાય છે પણ તે કોણ થાય ? વેષની જેને કિંમત હોય તે. નાટકીયા રાજાનો વેષ ભજવે તો તે રાજા હોય કે નોકર હોય ? નાટકીયા ગમે તે વેષ લે તો તે તેવા થઈ જાય ? વેષ ભજવવા ય સારા રહેવું પડે નહિ તો સાચી રીતે વેષ પણ ભજવી શકાય નહિ. આપણે ધર્મ કરીએ છીએ, આપણી જાત ધર્મી છે તેમ છાતી ઠોકીને કહેવું હોય તો કહી શકીએ ખરા ? ધર્મીને અધર્મ કરવાનું ગમે નહિ, કદાચ અધર્મ કરવો પડે અને કરે તો દુઃખ પૂર્વક કરે. સાચુ સમજનારને ખોટું કરવું ગમે ?

તમને કોઈ જમવા બોલાવે અને અનેક ચીજો પીરસે તેમાં એક ચીજ બરાબર ન હોય તો મોં બગડે ખરું ? જેને સાધુપણું જોઈતું હોય તેને ગમે તેવી સારી ચીજ ઉપર રાગ ન થવો જોઈએ અને ગમે તેવી ખોટી ચીજ આવે તો તેના ઉપર અરૂચિભાવ ન થવો જોઈએ. સંયમ પાળવું હોય તે અસંયમથી કેટલો ગભરાય ? પગ ઉપાડવો હોય તો જ્યાં પગ મૂકવો હોય તે જગ્યા જોયા વિના પગ મૂકે ? તમે પણ પૌષધમાં ઈરિયાસમિતિ પાળો છો ? આજે ગમે તેટલું કહેવામાં આવે તો પણ ઘણાને પોતે અસંયમ કરે તેમ હું અસંયમ કરું છું તેમ પણ લાગતું નથી.

તમારે ત્યાં ય રાત્રિભોજન ચાલુ છે ને ? રાત્રે ન જ ખવાય તેમ પણ લાગે છે ? જેને રાત્રે ન ખવાય, રાત્રે ખાવું પડે તે હું ખોટું કરું છું, દુઃખપૂર્વક રાતે ખાતો હોય - તેવું ન થતું હોય તો તેનામાં જૈનપણું પણ નથી આવ્યું. આજે ઘણા જૈનોમાં જૈનપણું પણ નથી. તેમ ઘણા જ્ઞાનીમાં સમ્યગ્ જ્ઞાન પણ દેખાતું નથી. જ્ઞાની દેખાય પણ જ્ઞાનનું ફળ તેનામાં હોય નહિ. ધર્મ કરનારા ધર્મી જ હોય તેવો એકાંત નિયમ નહિ. ધર્મ કરનારનો ધર્મી માનીને વિશ્વાસ કર્યો તો તેના વિશ્વાસથી ઘણા ઠગાયા. આજે તો લોક કહે છે કે- ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ. આવું બને ખરું ? પણ આવું કેમ બન્યું ? જે માટે ધર્મ કરવાનો છે તે હેતુથી મોટોભાગ ધર્મ કરતો નથી માટે. ધર્મ માટે જેમ બાહ્ય વેષની જરૂર છે તેમ અંતર પણ ફરવું જોઈએ.

જૈનપણું પામેલો જીવ કર્મયોગે સંસારમાં રહે તો પણ દુઃખથી જ રહે પણ મઝાથી રહે નહિ. કોઈ શ્રાવક સંસારમાં રહ્યો તો તેની મરજીથી રહ્યો છે તેમ કહેવાય ? શ્રાવક પોતાની મરજીથી સંસારમાં રહે ? જે લોકો અસંયમના માર્ગે ચાલે છે, અસંયમ સારી રીતે જીવાય માટે સંયમ લે તેને વેષ શું કરે ? વેષની પણ લજ્જા કોને હોય ? આગળ પાઘડીવાળાઓની આબરૂ હતી કે - તોફાનમાં પાઘડીવાળા હોય નહિ. તેને ખબર પડે કે- તોફાન થવાનું છે તો ફાળિયું પહેરીને જતા હતા. પાઘડીવાળાથી તોફાન થાય નહિ તેમ તે સમજતા હતા. આજની બધી વાત જુદી છે. આજે તો શાહ કહેવરાવનારા મોટેભાગે મઝેથી ચોરી કરે છે, શેઠ કહેવરાવનારા શઠતા ય કરે છે અને સત્તાધીશો શેતાનીયત પણ કરે છે. તેથી આ કાળમાં આ વેષાદિની લજ્જાની વાતોની તમને ખબર નહિ પડે. આજના શેઠીયાઓની પણ આબરૂ રહી નથી. આજના સાહેબો કહેવાતા પણ મોટેભાગે અનેકનું ભૂંડું કરે છે, જેના પૈસા ખાય છે તેનું પણ ભલું કરતા નથી.

આ ધર્મ કોણ કરી શકે ? જેને આ સંસાર છોડવાનું અને મોક્ષે જવાનું મન હોય તે. જેને આ સંસારમાં - સંસારના સુખમાં જ મઝા આવતી હોય તેને સાચી રીતે ધર્મ કરવાનું મન જ થાય નહિ. જેને મોક્ષે ન જવું હોય. તે બધા દેખાડનો જ ધર્મ કરે છે, તેના અંતરમાં બીજી જ ઈચ્છા હોય, સારી રીતે જીવાય મોજમઝાદિ થાય તે માટે પણ સાધુ થનારા હોય. આજે તો ઘણા સાધુઓને પણ તત્ત્વનું જ્ઞાન નથી અને તે જ્ઞાન ભણવાની ઈચ્છા પણ નથી સમ્યગ્દર્શન શું તે પણ સમજતા નથી. મોટોભાગ કેમ ચલાય, કેમ બેસાય, કેમ ઉઠાય તે પણ સમજતો નથી. આજે લગભગ યતના ભાગી ગઈ છે ! તમારા ઘરોમાં પણ જયણા છે ? અંધારામાં ચૂલો ન સળગે તેવા ઘર કેટલા બળે ? ચૂલો પ્રકાશ થાય પછી પૂંજણીથી પૂંજ્યા પછી સળગાવાય તે જાણો છો ?

ક્રમશ..

મહાભારતના પ્રસંગો

પ્રકરણ : ૬૯

-શ્રી રાજુભાઈ પંડિત

ઉડ ગયા પંછી પડ રહા માલા

હવે કર્ણના વધથી અત્યંત દુઃખી દુઃખી થઈ ગયેલો દુર્યોધન પલંગમાં ઊંધો પડીને કયાંય સુધી સૂનમૂન થઈ ગયો. હા કર્ણ ! અરે કર્ણ ! હવે મારૂ શું થશે ? એ રીતે કર્ણના શોકમાં ડૂબી ગયેલા દુર્યોધનને જોઈને આખુ કૌરવ સૈન્ય પણ દુઃખી થયું.

આથી અશ્વત્થામાએ દુર્યોધનને સાંત્વન આપ્યુ કે- શું કર્ણના વધ માત્રથી તું સત્ત્વહીન થઈ ગયો છે ? હજી પણ ખુદ તારામાં એ જ તાકાત છે. અને હજી મદ્રરાજ શલ્ય જેવો ધુરંધર યોધ્ધો તારા પક્ષે છે તે એકલો જ પાંડવોને ઉચ્છેદી નાંખીને તને વિજયી બનાવશે.

અશ્વત્થામાની વાતથી ઉત્સાહિત થઈને અઢારમાં દિવસે મદ્રરાજ શલ્યને સેનાપતિ બનાવીને દુર્યોધનાદિએ યુદ્ધ શરૂ કર્યું મદ્રરાજે સંગ્રામમાં આવતા જ શત્રુ-સંહાર કરવા માંડયો ત્યારે નકુલે નોળીયાની જેમ જ શત્રુ રૂપી સર્પોને વધેરવા માંડયા. નકુલે શત્રુના વેરેલા વિનાશથી ક્રોધારૂણ બર્ને મદ્રરાજ શલ્ય પાંડવ સૈન્યને સંહારવા માંડયા.

આ સમયે શ્રીકૃષ્ણ વાસુદેવે યુધિષ્ઠિરને રાણી સુદેષ્ણા પાસે લીધેલી મદ્રરાજની પ્રાણવધની પ્રતિજ્ઞા યાદ કરાવતા કહ્યું :- 'વિનાશ પામતા સૈન્યને તારી પ્રતિજ્ઞાના કારણે અર્જુન બચાવી શકતો નથી હવે જલ્દી કર શલ્યને હણી નાંખ.'

વાસુદેવની વાતથી યુધિષ્ઠિરે મધ્યાહ્ન સુધીમાં મદ્રરાજનો વધ કરી નાંખવાની પ્રતિજ્ઞા કરી. બન્ને વચ્ચે ભીષણયુદ્ધ શરૂ થયું. બન્ને એકબીજાને પરાસ્ત કરતા હતા. મદ્રરાજે યુધિષ્ઠિરને સાવ નિષ્ફળ કરી મૂક્યો ત્યારે ક્રોધથી યુધિષ્ઠિરે અમોઘ શકિત દ્વારા હણી નાખ્યા. આથી કૌરવ પક્ષમાં મધ્યાહ્ને હાહાકાર મચી ગયો. ભીમે પણ ઘણા વીરોને હણી નાખ્યાં.

હવે ક્રોધાયમાન થતા મામા શકુનિએ સહદેવને પ્રચંડ બાણવર્ષાથી અવરોધી નાંખ્યો પણ સહદેવે શકુનિના બાણોને ભાંગી નાંખ્યા અને દિવ્યસભામાં લીધેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ક્ષુરપ્ર વડે શકુનિનો સંહાર કરી નાંખ્યો.

શકુનિનો સંહાર થતાં જ હવે વિજયની તો નહિ પણ જીવિતની પણ આશા દુર્યોધને છોડી દીધી. આથી અચાનક ઉઠેલી વંટોળની રજકણના સથવારે કોઈ જાુએ નહિ તેમ દુર્યોધન રણ છોડીને નાસી ગયો. કૃપાચાર્ય- કૃતવર્મા અને અશ્વત્થામાએ દુર્યોધનને ન જોતાં તેઓ તેને શોધવા નીકળ્યા અને પગલાના આધારે બાજાુમાં રહેલા વ્યાસ સરોવરમાં છૂપાયેલા દુર્યોધનને શોધી કાઢયો.

બીજી બાજાુ પાંડવો દુર્યોધનને શોધવા નીકળ્યા ત્યારે અહીં બેઠેલા અમને જોઈને પાંડવો દુર્યોધનને પકડી પાડશે માટે કૃપાચાર્યદિ ત્રણેય ત્યાંથી બાજાુમાં રહેલા વૃક્ષ પાછળ સંતાઈ ગયા.

પાંડવો દુર્યોધનને શોધતા શોધતા આવ્યા. અને વનેચરની વાણીથી સરોવરમાં છૂપાયેલા દુર્યોધનને પકડી પાડયો. પાંડવ પક્ષે બાકી રહેલી એક અક્ષૌહિણી સેના સરોવર ફરતે ઉભી રહી.

યુધિષ્ઠિરે દુર્યોધનને કહ્યું તને આજ સુધી અમે સિંહ સમજતા હતા પણ તું તો શિયાળ જેવો બીકણ નીકળ્યો. અમારા કુળને તે સંગ્રામ છોડીને સંતાઈ જઈને કલંકિત કર્યુ છે. તને ધિક્કાર છે. સર્વે સંબંધિ - બંધુઓને રણમાં મરાવી નાંખીને તારો જીવ બચાવવા પાણીમાં ડૂબી ગયો છે, પણ યાદ રાખજે પાણી પણ તને બચાવી નહિ શકે. અર્જુનનું અગ્નિ અસ્ત્ર એક મુહૂર્તમાં જ સરોવરને શોષી નાંખશે. તારી જાતને પણ ઓળખ્યા વગર તે ત્યારે માત્ર પાંચ ગામ આપવાની વાસુદેવની માંગણીને શા માટે અવગણેલી ? રણ માટે અટકાવતા વડિલોની અવજ્ઞા કરનારા તારૂ હવે મૃત્યુ બહુ છેટું નથી. તું એકલો અમારા બધા સાથે યુદ્ધ કરી ન શકે તો અમારામાંથી ગમે તે એકની સાથે યુદ્ધ કર. એકને પરાજય પમાડીશ તો અમે બધા પરાજીત ગણાઈશું. રાજ્ય કરજે.'

યુધિષ્ઠિરની વાણીથી - ભીમ સાથે ગદાયુદ્ધ નક્કી કરીને દુર્યોધન બહાર આવ્યો.

બન્ને વચ્ચે થનારા ગદાયુદ્ધને જોવા ખુદ બલરામ પણ ત્યાં આવ્યા. ગદાયુદ્ધ શરૂ થયું. ગદાઓ ગદા સા

ટકરાવવા લાગી. બન્ને એકબીજાને મહાત કરવા લાગ્યા બન્ને ગદાના ફટકાથી જમીન પર પટકાવા લાગ્યા.

હવે નજર ચૂકાવીને દુર્યોધને ભીમના માથામાં પ્રચંડ પ્રહાર કરતાં ભીમને તમ્મર આવવા લાગ્યા. થોડીવાર પછી કળ વળેલા ભીમે દુર્યોધને છાતીમાં પ્રચંડ ગદા પ્રહાર કર્યો પણ તેની દુર્યોધનની કશી અસર ના થઈ. પછી ફરીથી દુર્યોધને ભીમના માથામાં પ્રહાર કરતા ભીમને આંખે તમ્મર આવતા થોડીવાર ભીમ અંધ જેવો થઈ ગયો.

આથી દુઃખી થયેલા અર્જુને કૃષ્ણને પૂછયુ - શું એક થોડીક માટે થઈને અમે યુદ્ધ હારી જઈશું ?

શ્રીકૃષ્ણે કહ્યું- 'તને ખબર નથી, અર્જુન ! દુર્યોધન તો ગદાની વ્યાયામ શાળામાં રોજે લોઢાના ભીમના પૂતળાને ગદા પ્રહારો કરીને ભસ્મસાત્ કરતો આવ્યો છે. માટે કદાચ ભીમ કાળ બનીને આવે તો પણ દુર્યોધનને જીતી શકે તેમ નથી. હા જો દુર્યોધનના ઉરૂ પ્રદેશ પર પ્રહાર થાય તો જ દુર્યોધન હણાય. અન્યથા નહિ.'

શ્રીકૃષ્ણની આ વાત દુર્યોધન ચાલાકીથી સાંભળી ગયો પણ જડ જેવા ભીમને તેની ખબર ના પડી. આથી દુર્યોધન ભીમના થતા પ્રહારોથી ઉરૂસ્થળની રક્ષા કરવા ઉંચે દેડકાની જેમ ઉછળતો રહ્યો. તેમાં એકવાર ઉંચે કૂદેલા દુર્યોધનને તે નીચે આવે તે પહેલા જ ભીમે સાથળ ઉપર પ્રચંડ પ્રહાર કરી દીધો અને તરત જ પીડાથી કણસતો દુર્યોધન જમીન ઉપર મૂર્ચ્છા ખાઈને ઢળી પડયો.

થોડીવાર પછી જમીન ઉપર તરફડતા દુર્યોધન તરફ આવીને ભીમે દુર્યોધનની સાથળને પગ દબાવીને કચડવા માંડી. આથી બલરામ અત્યંત રોષાયમાન થઈ ગયા. અને કહ્યું કે- 'મલેચ્છો પણ નીચે પડી ગયેલા શત્રુના મુગટને પગ નથી લગાવતા. જો તમારી સાથે મારો જ્ઞાતિ સંબંધ ન હોત તો તમને પાંચેયને કયારના પતાવી દીધા હોત. પણ હવેથી તમારા મોઢા જોવા મારે મન પાપ છે.' આ રીતે રોષાયમાન થઈને બલરામ ત્યાંથી ચાલ્યા ગયા.

એજ સમયે સૂર્યાસ્ત થયો.

શ્રીકૃષ્ણે ચાલાકીપૂર્વક પાંચે પાંડવોને બલરામને મનાવવાના બહાને યુદ્ધની છાવણીમાંથી ગૂઢ કારણસર પોતાની સાથે બલરામના આવાસ તરફ ખેંચી લીધા.

બીજી તરફ અશ્વત્થામાએ કણસી રહેલા દુર્યોધનને કહ્યું કે- રાજન્ ! તું જ એક વીર છો કે જેથી આવી દશામાં પણ શત્રુ સામે હિનતા ધારણ ના કરી તે ના જ કરી. અમે વડવૃક્ષ નીચે ઉભા હતા ત્યારે જોયુ કે એકલું જ પુવડ સૂતેલા કાગડાઓને મારી નાંખતું હતું ! આથી અમને થયું કે- રણ જીત્યાના આનંદમાં સૂઈ ગયેલા પાંડવોને રાત્રે હણી નાંખવા આસાન છે. હું પાંચેયના માથા હે દુર્યોધન ! તારી આગળ મૂકી દઈશ.'

દુર્યોધન કણસતો હોવા છતાં પાંડવ વધની વાતથી ખુશ થઈને સૂતો સૂતો પણ અશ્વત્થામા આદિને ભેટયો અને કહ્યું તમે જલ્દી જાવ. મારા પ્રાણ જઈ રહ્યા છે. પાંડવોના માથા જોઈશ તો તમે મને પરલોકનું પાથેય આપ્યુ સમજીશ.'

આ બાજુ ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડી એ બન્ને ભાઈઓને સૈન્ય રક્ષણનું કામ સોંપીને પાંડવો ગયા હતા.

અશ્વત્થામા આદિએ રાત્રિએ યુદ્ધ મા ટે લલકાર કરતાં સુભટો સામે આવ્યા પણ અશ્વત્થામાએ આખા એક અક્ષૌહિણી સૈન્યનો સફાયો બોલાવી દીધો. આથી ધૃષ્ટદ્યુમ્ન તથા શિખંડીએ સામનો કર્યો પણ તે બન્નેને પણ અશ્વત્થામાએ હણી નાંખ્યા. પછી તે બન્નેના માથા વાઢવા જતાં અશ્વત્થામાને પાંચ પાંડવોના પુત્ર પાંચ પાંચાલોએ લલકાર્યો. અશ્વત્થામા પરાસ્ત થવા માંડયો હતો. પણ પરાક્રમ બતાવીને તેણે પાંચેયને હણી નાંખ્યા પાછી પાંચેયના માથા ઉતારી લઈને હર્ષપૂર્વક દુર્યોધન પાસે આવ્યો. દુર્યોધન તો તડફડતો પડયો હતો પણ પાંડવોના માથા જોવા બેઠો થયો. તેણે બરાબર જોયું તો પાંડવો નહિ પાંચાલો હતા. અને તરત જ ધરતી ઉપર પડી ગયો. તે બબડતો રહ્યો કે- 'મારૂ એવું ભાગ્ય કયારે આવશે કે તે દુષ્ટ પાંડવોને હું હણાયેલા જોઈશ. પાંડવો અખંડ જ રહી ગયા.' આવું બબડયા કરતો તે આખરે પાંડવોના મૃત્યુના ધ્યાનમાં જ મૃત્યુ પામ્યો.

હવે પાંડવોના ભયથી ફફડી ઉઠેલા અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા ત્યાંથી પલાયન થઈ જીવતા ભાગી ગયા.

બીજી બાજુ બળદેવને મનાવીને યુદ્ધ ભૂમિ તરફ આવી રહેલા પાંડવોને સાત્યકિએ પાંચાલોના તથા ધૃષ્ટદ્યુમ્ન અને સૈન્યના કરેલા સંહારની વાત કરતાં જ પાંડવો શોકાતુર બની ગયા.

અનુસંધાન પાના નં. ૩૬૫

તત્ત્વનિર્ણયાભાસ

પૂ. પં. શ્રી યોગતિલક વિ. મ.

પ્રસ્તાવના

અનંત ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માએ શાસનની સ્થાપના કરી મહાન ઉપકાર કર્યો છે. જીવો સંસારના સુખના રાગને કારણે અનંતકાળથી આ સંસારમાં ભટકી રહ્યા છે. અને દુઃખોથી રીબાય છે. તેથી સંસારના સુખનો રાગ નાશ પામે અને સંસારના બંધનોથી મુકત બને તો જ દુઃખોનો અંત આવે.

શાસ્ત્રોમાં કામરાગ, સ્નેહરાગ કરતાં પણ દ્રષ્ટિરાગને મહાભયંકર કહ્યું છે. મતનો અભિનિવેશ ખડો થાય છે ત્યારે કેવી-કેવી રીતે જુઆત થાય છે ? કુતર્કો અને વિચિત્ર રીતે દ્રષ્ટાંત ઘટાવવાનો પ્રયત્ન થાય છે તે બધું તત્ત્વનિર્ણય પુસ્તક અને તે પૂર્વેનું ''તત્ત્વાલોકન સમીક્ષા'' પુસ્તક વાંચતા જ સ્પષ્ટ થયું. તત્ત્વનો નિર્ણય કરવામાં પણ તત્ત્વ જોડે કેવા ચેડાં કર્યા છે ? તેમજ કુતર્કોનો આશરો લઈ દ્રષ્ટાંતને દાર્ષ્ટાન્તિક સાથે મેળ વગર સરખાવવાનો પ્રયત્ન કરી ભદ્રિક જીવોને ગેરમાર્ગે દોરવાનો કેવો પ્રયત્ન કર્યો છે ? તે આ પુસ્તિકા વાંચવાથી ખ્યાલમાં આવી જશે.

અનુભવજ્ઞાનનો અનુભવ કર્યા વિના કુતર્કોમાં રમવાથી આત્મસંતોષ પામનારાઓ કેટલું મોટું નુકશાન ઉભું કરે છે !

જેમ કોઇ એક પંડિત ન્યાયશાસ્ત્રમાં નિપુણ બની તાર્કિકશિરોમણી ની ડીગ્રી પ્રાપ્ત કરી એક નગરમાં પ્રવેશ કર્યો છે. તેવામાં જ એ નગરનો હાથી ગાંડો થયો છે અને જે અડફેટમાં આવે તેને યમના મુખમાં મોકલી દે છે. બરોબર એ પંડિત જે રસ્તે ચાલતો હતો તે જ રસ્તે યમ જેવો આ હાથી સામેથી આવી રહ્યો છે. ઉપર બેઠેલો મહાવત બૂમરાણ મચાવે છે, 'બધાં દૂર ખસી જાઓ નહિ તો આ હાથી મારી નાખશે' લોકોએ દોડાદોડ કરી મૂકી તે વખતે આ તાર્કિકશિરોમણી પ્રોતાનો તર્ક લડાવે છે કે 'હાથી અડેલાને મારે છે કે અડયા વગરનાને મારે છે ? જો અડેલાને મારે છે તો સૌથી પહેલા મહાવતને જ મારી નાખે અને જો અડયા વગરનાને મારે છે તો ગમે ત્યાં ભાગી જવા છતાં પણ મારવાનો જ છે.' એમ તર્ક કરતો એ માર્ગમાં જ રહ્યો અને હાથીએ આવીને તેને મારી નાખ્યો.

તેમ કહેવાતા તાર્કિકશિરોમણી પોતાનો તર્ક લડાવે છે. ''સંસારના સુખ માટે ધર્મ કરવો કે અધર્મ કરવો'' પણ ખબર નથી કે હાથીની જેમ સંસારના સુખનો રાગ સંસારમાં પરિભ્રમણ કરાવી દેશે. અનેક મરણ ઉભા કરશે. કારણકે શાસ્ત્રકારોએ સંસારના સુખને કયાંય ઉપાદેય કહ્યું નથી. પણ હેય (છોડવા યોગ્ય) જ કહ્યું છે. જે વસ્તુ છોડવા યોગ્ય છે તેને માટે શું કરવું ? આ પ્રશ્ન જ અયોગ્ય છે મોક્ષ મેળવવા યોગ્ય છે. માટે મોક્ષ માટે શું કરવું ? આ પ્રશ્ન જ યોગ્ય છે. મોક્ષ મેળવવા માટે ધર્મ કરવાનો છે. અને ધર્મ નિર્વિઘ્ને થાય તે માટે જરૂરી સામગ્રી માટે શું કરવું ? તો આ પ્રશ્ન પણ યોગ્ય છે અને તે માટે ધર્મ જ કરાય અધર્મ નહિ એ વાત સ્પષ્ટ છે.

આટલી સીધી વાત જો હૈયામાં બેસી જાય તો આપણી સાધના અખંડ બન્યા વગર ન રહે.

આપણે સૌ સંસારનો રાગ સર્વથા નષ્ટ કરી વહેલામાં વહેલાં મુકિતગતિને પામીએ તે માટે જિનોકત ધર્મ આચરી મનુષ્યજન્મને સફળ કરીએ એ જ એકની એક અને સદાની શુભાભિલાષા.

અનંત ઉપકારી પરમ તારક પરમાત્માનું શાસન અવિચ્છિન્નપણે ૨૧૦૦૦ વર્ષ ચાલવાનું છે જેને પામીને અનેક આત્માઓ આત્માનું કલ્યાણ સાધી પરમપદને પામ્યા છે, પામે છે અને પામશે. સર્વ જીવોને સુખી કરવાની ભાવનાથી તીર્થંકર નામકર્મ બાંધી તેના વિપાક સમયે અરિહંતો શાસનની સ્થાપના કરે છે. સંસારના સુખ (અર્થ-કામ)થી અલિપ્ત બની શાસનની આરાધના કરવાથી જ સાચા સુખની પ્રાપ્તિ થાય છે. તેથી શાસનની સ્થાપના પણ એ માટે જ કરવામાં આવી છે અને ઉપદેશ પણ તે માટેનો જ આપવામાં આવ્યો છે. આ જ વાતનું સમર્થન થાય તેવું જ લખાણ ગણિ અભયશેખર વિ. લિખિત તત્ત્વનિર્ણય પુસ્તકના પેજ નં. ૧ ના પ્રશ્ન નં. ૧ ના જવાબમાં કર્યું છે.

''પ્રભુએ તીર્થસ્થાપના જીવોને મોક્ષમાં પહોંચાડવા માટે જ કરી છે. ને એ માટે જ ઉપદેશ આપ્યો છે એમાં કોઈ શંકાને સ્થાન જ નથી આમે ય જીવો અનાદિકાળથી અર્થ - કામ માટે તો વગર ઉપદેશે પણ ઉદ્યમ કરતા જ આવ્યા છે એ માટે કોઈ ઉપદેશની જરૂર છે જ નહિ. તેથી પ્રભુએ ધર્મનો ઉપદેશ મોક્ષ માટે આપ્યો છે.''

અર્થ - કામ માટે ઉપદેશની જરૂર છે જ નહિ એમ નિશ્ચત કર્યા પછી ''અર્થ કામ માટે ધર્મ કરવો'' એવો ઉપદેશ કઈ રીતે આપી શકાય ? ન જ આપી શકાય અને છતાં તેવો ઉપદેશ આપવામાં આવે તો ઉન્માર્ગ સર્જક બન્યા વગર ન રહે.

વિવાદ, દેશના - પદ્ધતિનો છે અને પ્રભુએ દેશના તો મોક્ષ માટે જ આપી છે એવું ગણિશ્રીએ સ્વીકાર્યું જ છે તેથી ઉપદેશમાં ''ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ'' એવો ધ્વનિ જ નીકળવો જોઈએ. અને અર્થ-કામ માટે પણ ધર્મજ કરવો જોઈએ એવો ઉપદેશ ન આપી શકાય. અર્થ-કામ માટે પણ ધર્મ જ કરવો જોઈએ એવો ઉપદેશ આપવો જ હોય તો સૌ પ્રથમ અર્થ - કામ પણ મોક્ષની જેમ ઉપાદેય (સ્વીકારવા યોગ્ય) છે તેમ સિદ્ધ કરવું પડે. અર્થ - કામ ઉપાદેય છે એવું જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી અર્થ - કામ માટે શું કરવું ? એ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને તેના જવાબ રૂપે અર્થ - કામ માટે પણ ધર્મ જ કરવો એ જવાબ પણ અસ્થાને છે. જેમ જગતમાં વિષ્ટા હેય (છોડવા યોગ્ય) છે તો વિષ્ટા માટે ઘરના સંડાસમાં જવું કે ઉકરડે ? આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ શાસ્ત્રકારોએ અર્થ-કામ ને હેય કીધા છે. માટે અર્થ-કામ માટે ધર્મ કરવો કે પાપ ? એ પ્રશ્ન જ અનુપસ્થિત રહે છે.

''ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ'' એ વાત સ્વીકાર્યા પછી અને શાસ્ત્રકારોએ અર્થ-કામને હેય કહ્યા પછી ''અર્થ-કામ' માટે પણ ધર્મ જ કરવો'' એવું બોલવાથી પરસ્પર વિરોધ જ ઉભો થઈ જાય છે. છતાં પુસ્તકના પાને - પાને એવાં વિધાન કરી કેવું ભયંકર નુકશાન ઉભું કર્યું છે ! આમાં વિરોધ નથી એવું જણાવવા માટે ગણિશ્રીએ પેજ નં. ૨ ઉ. ૪ માં ડોકટર, દવા, બેહોશી વગેરે દ્વારા દ્રષ્ટાન્તનો ઉપયોગ કર્યો છે. એમાં કેવી ભયંકર ભૂલ કરી છે તે આપણે વિચારીએ...

ગણિશ્રી લખે છે કે **''ડોકટરને કોઈ પૂછે : દવા શા માટે લેવાની ? ડોકટર એમ જ કહેશે કે દવા આરોગ્ય માટે જ લેવાય. દવા રોગ માટે ના લેવાય બેહોશી એ આરોગ્ય નથી રોગ છે. છતાં 'બેહોશી માટે શું કરવું ? આવો પ્રશ્ન આવે ત્યારે પણ ડોકટર 'બેહોશી માટે પણ દવા (ક્લોરોફોમ વગેરે) જ લેવાય.' એમ જ કહેશે બીજા માળેથી ભૂસકો મારવો વગેરે ઉપાય નહીં દર્શાવે.**

પ્રસ્તુતમાં ગીતાર્થ ગુરુ એ ડોકટરના સ્થાને છે. ધર્મ એટલે દવા,મોક્ષ એટલે આરોગ્યને બેહોશી (રોગાવસ્થા) એટલે અર્થ - કામ. 'દવા આરોગ્ય માટે જ લેવાય.' એવું 'જ' કારપૂર્વક કહેવાતું હોવા છતાં 'બેહોશી માટે પણ દવા જ લેવાય' એવું જેમ કહી શકાય છે એમાં કોઈ વિરોધ નથી. તેમ 'ધર્મ મોક્ષ માટે જ થાય' એવું 'જ' કારપૂર્વક કહેવાતું હોવા છતાં 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરાય' એવું કહેવામાં કોઈ વિરોધ નથી.

આવા લૌકિક દ્રષ્ટાંત આપતાં પહેલા જે લોકમાં આવા કાર્ય ચાલતાં હોય તેનો એક વખત સંપર્ક કરી લેવો જરૂરી હતો. ગણિશ્રી બેહોશીને રોગ તરીકે વર્ણવે છે. તો જેમ ડોકટરને પૂછીએ કે દવા શા માટે લેવાની ? અને જવાબ 'દવા આરોગ્ય માટે જ લેવાય' એવો મળે, ત્યારે પછી તમે બેહોશી અને રોગને એક જ સમજતા હો તો ડોકટરને એમ જ પૂછવું જોઈએ કે રોગ મેળવવા માટે શું કરવું ? ત્યાં રોગ શબ્દ ન મૂકી 'બેહોશી' શબ્દ મૂકવાથી મનમાં કંઈ ફેર પડે છે નરો ! શાંત ચિત્તે વિચારીએ તો રોગ અને બેહોશી વચ્ચે કંઈક ઘરખમ ફેરફાર ચિત્તમાં આવ્યા વગર ન રહે. અને જો ગણિશ્રી રોગ અને બેહોશીમાં કોઈ ફેર ન માનતા હોય તો એમણે એકવાર ડોકટરને જઈને પૂછવું જોઈએ કે 'રોગ મેળવવા માટે શું કરવું ? ડોકટર જે જવાબ આપે તે ધ્યાનમાં રાખીને ફરી ડોકટરને એમ પૂછવું કે 'બેહોશી માટે શું કરવું ? એનો જવાબ આવે તે બન્નેને સરખાવવાથી ગણિશ્રીને પોતાને કેવી ભ્રમણા થઈ છે. તેનો સાચો ખ્યાલ આવી જશે. દ્રષ્ટાંતમાં ઓપરેશનની વાત વગરજ બેહોશીની વાત લખી છે. તે પણ અનુચિત છે.

દ્રષ્ટાન્ત	**દાર્ષ્ટાન્તિક**
આરોગ્ય	મોક્ષ
આરોગ્ય સાધક ઓપરેશન	મોક્ષ સાધક ધર્મ - સાધુપણું, શ્રાવકપણું વગેરે...
આરોગ્ય સાધક ઓપરેશન માટે જરૂરી બેહોશી...	મોક્ષ સાધક ધર્મ સાધવા માટે જરૂરી સામગ્રી - મનુષ્યભવ, પંચેન્દ્રિયપણું વગેરે...
બેહોશી માટે દવા ક્લોરોફોમ	મનુષ્યભવ વગેરે માટે ધર્મ - સારો આચરો વગેરે ..
રોગ	અર્થ - કામ....

અહીં ઉપનયમાં અર્થ-કામ રોગ છે. તો હવે એના દવા રૂપ ધર્મ કઈ રીતે બતાવાય ? ડોકટર પણ રોગ માટે દવાનો ઉપાય બતાડતો નથી. પણ જ્યારે બેહોશી માટે શું કરવું ? એમ પૂછાય છે ત્યારે ડોકટરને બેહોશી રોગ રૂપે નથી ભાસતી પણ ઓપરેશન માટે આવશ્યક છે એવું જ ઉપસ્થિત થાય છે.

ડોકટરો રોગને હેય (છોડવા યોગ્ય) કીધા પછી બેહોશીને - આરોગ્યસાધક ઓપરેશન માટે આવશ્યક માને છે. તે જ રીતે અર્થ-કામને હેય (છોડવા યોગ્ય) કીધા પછી એ અર્થ-કામ મોક્ષસાધક ધર્મ સાધવા માટે આવશ્યક છે એ સિદ્ધ કરવું જોઈએ. તેને સિદ્ધ કર્યા વગર દ્રષ્ટાંત અને દાર્ષ્ટાંતિકનો ઉપનય ઘટી શકતો નથી.

શાસ્ત્રોમાં આખા સંસારને (ચારે'ય ગતિને) હેય (છોડવા યોગ્ય) કીધા પછી મોક્ષમાં જવા માટે ધર્મ સાધવા મનુષ્યપણું, પંચેન્દ્રિયપણું વગેરે આવશ્યક છે એવું કહ્યું છે. પણ અર્થ - કામને સર્વસામાન્ય રીતે આવશ્યક કહ્યા નથી. તેથી બેહોશી તરીકે મનુષ્યપણું વગેરે લઈએ તો જ ઉપનય ઘટી શકે. સર્વસામાન્ય અર્થ - કામ બેહોશી તરીકે લઈએ તો ઉપનય ન જ ઘટી શકે.

છતાં પણ ગણિશ્રીએ બેહોશી તરીકે સર્વસામાન્ય અર્થ-કામ (જે હકીકતમાં રોગ તરીકે જ ગ્રહણ કરી શકાય) લઈને પાને - પાને અર્થ-કામ માટે શું કરવું ? ધર્મ જ કહી મોટો ઉન્માર્ગ ઉભો કરી દીધો છે.

મોક્ષ એ આરોગ્ય છે.

આરોગ્ય પામવા ઓપરેશન માટે બેહોશી આવશ્યક છે.

મોક્ષ પામવા સાધુપણા માટે મનુષ્યપણું વગેરે આવશ્યક છે.

જગતના ચોકમાં ''રોગ મેળવવા માટે શું કરવું ? આ પ્રશ્ન ટકી શકતો હોય તો જ જૈન શાસનમાં અર્થ - કામ માટે શું કરવું ? આ પ્રશ્ન ટકી શકે.

''ધર્મ અર્થ - કામ માટે પણ કરાય'' કે ''અર્થ - કામ માટે પણ ધર્મ જ કરાય'' આ બે વાક્યોની રમત કરી ભોળા જીવોને ભોંભળવવાનો ગણિશ્રીએ પ્રયત્ન કર્યો છે. વાસ્તવિકમાં તાત્ત્વિક (પરમાર્થિક) રૂપે કોઈ ભેદ રહેતો નથી. તેમણે તત્ત્વ. નિ. ના પે. ૪, ઉ. ૬ માં આ બે વાક્યોના ભેદને ઉપસ્થિત કરવા બે દ્રષ્ટાંતો આપ્યા છે.

''પ્રભુનું નામસ્મરણ કરતાં કરતાં ચા પીવાય ? તો જવાબમાં 'ના' જ કહેવી પડે. પણ જો કોઈ એમ પૂછે કે 'ચા પીતાં પીતાં પ્રભુનું નામ સ્મરણ કરાય ?' તો જવાબમાં 'હા' જ કહેવી પડે. બીજુ દ્રષ્ટાંતઃ 'ઉપધાન કરનારે રાત્રિભોજન કરાય ?' આ રીતે પ્રશ્ન ઉઠાવાયા તો જવાબ 'ના' માં જ આવે. પણ 'રાત્રિભોજન કરનારો ઉપધાન કરી શકે ?' આ રીતે પ્રશ્ન ઉઠાવાયો હોય તો જવાબ 'હા' માં જ આપવો પડે. આમાં 'ના' ને 'હા' પરસ્પર સાવ વિરોધી હોવા છતાં જેમ વિરોધ નથી એમ પ્રસ્તુતમાં જાણવું. 'ધર્મ અર્થ - કામ માટે કરાય ?' એમ પૂછાય તો જવાબ 'ના'માં આવે પણ 'અર્થ-કામ માટે પણ ધર્મ જ કરાય ?' એમ પ્રશ્ન આવે ત્યારે 'હા' માં જ આવે.''

દ્રાષ્ટાન્તિક સાથે મેળ ન બેસે તેવા દ્રષ્ટાંતો આપીને ભોળા જીવોને ભ્રમમાં નાંખવાનું કામ ગણિશ્રીએ કર્યું છે.

દ્રષ્ટાંતના વાક્યમાં તદ્દન બે જુદી ક્રિયા રહેલી છે જ્યારે દ્રાષ્ટાન્તિકના વાક્યમાં એક જ ક્રિયા રહેલી છે. જ્યારે બીજો ભાગ તો આશય કે ઈચ્છા રૂપે જ રહેલો છે. જ્યારે દ્રષ્ટાંત આપવાનું હોય ત્યારે દ્રાષ્ટાન્તિક સાથે સમન્વય સાધી શકે તેવું જ આપવું જોઈએ.

એમણે આપેલા દ્રષ્ટાંત વાક્યના એક ભાગને ઈચ્છા કે આશય રૂપે લઈને વાક્યમાં એક ક્રિયા રાખવામાં આવે તો દ્રષ્ટાંતના બંને પ્રશ્નોનો એક જ જવાબ આવ્યા વગર ન રહે. - ''પ્રભુનું નામ સ્મરણ ચા પીવાની ઈચ્છાથી કરાય ?'' જવાબમાં 'ના' જ કહેવી પડે. હવે આ પ્રશ્ન ફેરવી દઈએ- ''ચા પીવાની ઈચ્છાથી પ્રભુનું નામ સ્મરણ કરાય ?'' જવાબમાં ''ના'' જ કહેવી પડે.

બીજું દ્રષ્ટાંત : ''પ્રભાવના મેળવવા ઉપધાન કરાય ?'' તો જવાબમાં 'ના' જ પાડવી પડે અને 'ઉપધાન પ્રભાવના મેળવવા માટે કરાય ?'' એમ પ્રશ્નના જવાબમાં પણ ''ના'' જ કહેવી પડે.

આના પરથી દ્રાષ્ટાન્તિકના વાક્યમાં પણ એક ભાગ આશય રૂપે અને એક ક્રિયા રહેલી હોવાથી જવાબ એક સરખો જ આવે એમણે જે બે દ્રષ્ટાંત આપ્યા છે તેમાં એમણે પોતાના મનમાં બેઠેલી વાત સિદ્ધ કરવા જતાં કેવા ગોટાળા કર્યા છે. તે સ્પષ્ટ થઈ ગયું છે.

એમણે ઘણા શાસ્ત્રપાઠોથી ''અર્થ-કામ માટે પણ ધર્મ જ થાય'' એવું સિદ્ધ કરવા માટે પ્રયત્ન કર્યો છે. પણ સાથે સાથે શાસ્ત્રોમાં સંસારના આશયથી કરાતો ધર્મ તો મોહની પ્રવૃત્તિ કરાયેલ હોવાથી અધર્મ છે એવા અનેક પાઠો આવે છે તો તેનો તેઓશ્રીએ સમન્વય કેમ ન કર્યો ?

તત્ત્વનિર્ણય - પે. ૪૩, ઉ. ૩૩ માં ઈષ્ટફળસિદ્ધિના અર્થનું વિવેચન કર્યું છે તેમાં 'પ્રશ્નોત્તર ચિન્તામણિ' નો પ્રશ્નોત્તર લખ્યો છે.

''પ્ર. जयवीयरायमध्ये 'इस्टफलसिद्धि' इति वाक्येन किं मुक्तिफलं मार्गितं वाऽन्यदिति ?

उ. वृन्दास्ववृत्त्याद्यनुसारेण ज्ञायते धर्मानुष्ठानाचरण-निर्विघ्नहेतुभुतमिहलोकनिर्वाहकरं द्रव्यदिसुखं मार्गितमिति ।

અર્થ : પ્ર. જયવીરાયસૂત્રમાં 'ઈષ્ટફળસિદ્ધિ' એ વાક્યથી શું મોક્ષની માગણી કરી છે કે બીજી કોઈ વસ્તુની ?

ઉ. વૃન્દાસ્વવૃત્તિ વગેરેને અનુસરીને જણાય છે કે ધર્માનુષ્ઠાનોનું આચરણ નિર્વિઘ્નપણે થઈ શકે એમાં કારણભૂત આ લોકમાં નિર્વાહ કરી આપે એવું દ્રવ્યાદિ = પૈસા વગેરેનું સુખ માંગ્યું છે.

'ભવ નિર્વેદ' = સુખમય સંસારનો વિરાગ અને તે માટે ''માર્ગાનુસારિતા'' = મોક્ષમાર્ગનું અનુસરણ, મોક્ષમાર્ગની આરાધના રૂપ ધર્માનુષ્ઠાન કરવામાં વિઘ્ન ન થાય અને સુખપૂર્વક ધર્મ થઈ શકે એ માટે જરૂરી નિર્વાહકર સામગ્રી (છોડી એ જે હોય તે)ની માગણી ઈષ્ટફળસિદ્ધિમાં અંતર્ગત છે. એ માનવામાં જરાય વાંધો નથી. પણ જ્યાં સુધી **''મોક્ષસાધક ધર્મ નિર્વિઘ્નપણે સાધવા આવશ્યક એવી સામગ્રી''** - આવી સ્પષ્ટતા કર્યા સિવાય માત્ર 'અર્થ-કામ માંગી શકાય'' કે 'અર્થ-કામ માટે પણ ધર્મ કરાય' વગેરે નિરૂપણ કઈ રીતે કરી શકાય ?

તેથી જો મોક્ષસાધક ધર્મ સાધવા જરૂરી સામગ્રી મેળવવા માટે પણ ધર્મ જ કરાય. ધર્મનો જ ઉપદેશ દેવાય'' આવા પ્રકારનો સ્વીકાર કરવામાં આવે તો ઉભય પક્ષે સમાધાન થઈ જ જાય.

ગણિશ્રીએ પે. ૪૪-૪૫ ઉ. ૩૪ માં લખ્યુ છે.

''બહુ સુંદર પ્રભુભક્તિ થઈ. જો કરોડ રૂપિયા મળી જાય તો કોટયાધિપતિ બની જાઉં'' આવી ઈચ્છા પેદા થઈ. તેથી કરોડ રૂપિયા પ્રભુ પાસે માગી લઉં... આવી માગણી 'ઈષ્ટફલસિદ્ધિ' પદથી અનુજ્ઞાત નથી. કરોડ રૂપિયાની ઈચ્છા આવશ્યકતાના કારણે પેદા નથી થઈ. પણ લોભના કારણે થઈ છે. માટે એ માગી ન શકાય.

વળી, લોભ માટે તો એવું છે કે ''જહા લાહો તહા, લોહો, લાહા લોહો પવડ્ઢઈ'' જેમ જેમ પ્રાપ્તિ થતી જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. એટલે કદાચ કરોડ રૂપિયા મળી જાય તો પછી દસ કરોડની ઈચ્છા જાગે છે ને તેથી મન વધુ અસ્વસ્થ બનવાથી નિર્વિઘ્નતયા ધર્મ આચરણની વાત તો દૂર રહી જાય છે. તેથી એવી ચીજ માગવાની અહીં વાત નથી એ જાણવું, એટલે, શ્રાવક આત્મહિત માટે જે અનેકવિધ આરાધનાઓ કરતો હોય છે. એમાંનું એક પ્રભુની દ્રવ્ય - ભાવ ભક્તિ કરવાના અંતે આવતા આ જયવીયરાય સૂત્રના 'ઈષ્ટફલસિદ્ધિ' પદથી કરોડ રૂપિયા વગેરે જેવી ચીજની માગણી કરે તો એ માગણી દ્વારા એનું સંસારભ્રમણ થાય એમ સમજવું યોગ્ય લાગે છે.''

આ રીતે સમન્વય કર્યો છે. એના પરથી એટલું નક્કી થાય છે કે કરોડો રૂપિયા જોઈતા હોય તો પણ ધર્મ જ કરવો જોઈએ કે ધર્મ જ ઉપાદેય છે એવી વાત ન રહી. માત્ર મોક્ષસાધક ધર્મ સાધવામાં આવશ્યક કે જેં ચીજ ન મળવાથી ધર્મ નિર્વિઘ્નપણે ન થઈ શકે તેવી ચીજની માગણી કરી શકાય.

લોભને કારણે જે ઈચ્છા થાય તેની માગણી 'ઈષ્ટફળસિદ્ધિ'થી અનુજ્ઞાત નથી. પણ નિષેધ છે. આવશ્યકતા (કે જેના વગર ધર્મ નિવિઘ્ને ન થઈ શકે) ને કારણે જે ઈચ્છા થાય તે જ 'ઈષ્ટફળસિદ્ધિ'થી અનુજ્ઞાત છે. કારણકે લોભને કારણે કરોડો રૂપિયા વગેરેની ઈચ્છા માગણી દ્વારા તો સંસારભ્રમણ થાય એ વાત તો એમણે પણ લખી જ છે.

આ પ્રશ્ન ઉત્તરમાં લખેલી વાત ગણિશ્રીને સ્વીકૃત હોય તો કોઈપણ વસ્તુની વિશેષ ચોખવટ કર્યા વગર અર્થ - કામ સામાન્યનું ગ્રહણ કરી ''અર્થ - કામ માટે શું કરવું ? ધર્મ જ '' આવું પાને - પાને કે સ્ટીકરો વગેરેમાં જે ઉપદેશનનું કાર્ય કર્યું છે તે ઉત્સૂત્ર કે ઉન્માર્ગ કહેવાય કે નહિ ? તે વિચારી લેવું જોઈએ. નહિ તો ''સ્વરૂપ હિંસાનો નિષેધ નથી'' એવા શાસ્ત્રીય વચન પરથી કોઈ સ્વરૂપહિંસા વગેરે ચોખવટ કરે નહિ અને ''હિંસાનો નિષેધ નથી'' આવું નિરૂપણ કરે તો ઉત્સૂત્ર કહેવાતું હોય તો પ્રસ્તુતમાં પણ વિશેષ ચોખવટ કર્યા વિના 'અર્થ-કામ માટે પણ ધર્મ જ થાય'' આવું નિરૂપણ - ઉપદેશ ઉત્સૂત્ર બન્યા વગર ન રહે. તે શાંતિથી વિચારવું જોઈએ.

વળી ''તત્ત્વાલોકન સમીક્ષા'' પુસ્તકના પ્રસ્તાવનાના પેજ નં. ૭ ઉપર ગણિશ્રી જણાવે છે કે **''વિષયસુખ, શરીરસુખ, ધનવૈભવ આદિ માટે ધર્મ કરવો એ મહાભૂંડો છે.''** એવું જેઓ માને છે તેઓના મતે નીચે જણાવેલી જે બાબતો ફલિત થાય છે. તેમાં શું તેઓ સંમત છે ખરા ?

(૧) 'બજારમાં પેઢી જામી જાય અને લાખોની આવક થાય, તે માટે પણ નીતિ - પ્રામાણિકતા તો જાળવવી જ જોઈએ' આવા વિચારથી નીતિ - પ્રામાણિકતા જાળવવારૂપ માર્ગાનુસારી કક્ષાનો કરાતો ધર્મ એ મહાભૂંડો છે. એટલે કે લાખો કમાવા માટે કરાતી અનીતિ, ભેળસેળ, લૂંટફાટ વગેરે મહાપાપ કરતાંય એ વધુ ભૂંડો છે ! (?)

આ લખાણ કર્યા પછી તત્ત્વનિર્ણય પુસ્તકમાં ઉપર જણાવ્યા પ્રમાણે લાખો - કરોડો રૂપિયાની માંગણી કે ઈચ્છાપૂર્વક ધર્મ કરવાથી સંસારભ્રમણ વધે એ જણાવ્યું છે તો તે જ રીતે લાખોની આવક માટે નીતિ વગેરે ધર્મ કરે તો એ પણ સંસાર વધારનારો બને તો સંસાર વધારનાર ધર્મ મહાભૂંડો કહી જ શકાય ને ! લાખો રૂપિયા માટે અનીતિ કરે કે નિતી કરે, બન્ને સંસાર વધારનારા થાય છે. કડવું ઝેર અને મીઠું ઝેર બન્ને મારનારા છે છતાં મીઠા ઝેરથી વધુ સાવધાન રહેવું પડે, મીઠું બોલનાર અને કડવું બોલનાર બન્ને પ્રકારના દુશ્મનો નુકશાન કરનારા છે. છતાં મીઠું બોલનાર દુશ્મનથી વધારે સાવધાન રહેવું પડે. તેમ લાખો કરોડો રૂપિયા માટે ધર્મ કરવો કે અનીતિ આદિ પાપ કરવું બન્ને સંસાર વધારનારા છે. છતાં લાખો કરોડો માટે ધર્મ કરવા રૂપ પરિસ્થિતિથી વધારે સાવધાન રહેવું પડે કારણ કે તેમાં આત્મસંતોષ હોય છે. હું સારું કરું છું. એવી બુદ્ધિ હોય છે. દુનિયાના લોકો પણ તેને ધર્મી તરીકે ઓળખતા હોય છે. તેથી સંસાર વધારનાર કાર્ય હોવા છતાં તેમાં તેને સાવધાની આવતી નથી માટે એના પર વધારે ભાર આપવો પડે. લાખો રૂપિયા માટે અનીતિ વગેરે પ્રગટ પાપ છે અને સંસાર વધારનાર છે, એમ સૌ સમજે છે, એને કોઈ વખાણતું નથી તેથી તેમાં છેતરાઈ જવાનો ભય નથી. ''કપટી મિત્ર કરતાં દાનો દુશ્મન સારો'' એ કહેવત જે આશયમાં પ્રસિદ્ધ બની છે. (બન્ને નુકશાન કરનારા છે. છતાં અપ્રગટ નુકશાન કરનાર વધારે ખરાબ છે. એમ જ જગતમાં કહેવાતું હોય છે.) તે જ આશય અહીં પણ સમજવો.

ગણિશ્રીએ તત્ત્વનિર્ણય પુસ્તક પે. નં. ૨૪-૨૫-૨૬ ઉપર પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી

મહારાજા પ્રત્યેનો પોતાનો રોષ ઠાલવ્યો છે. આવા મહાપુરુષ પ્રત્યે કરેલો દ્વેષ કેવા કર્મ બંધાવશે ? તે ખરેખર ચિંતાજનક છે. તેમને કરેલું લખાણ.... **''જુઓ, જૈન શાસનમાં દેવ - ગુરુ અને ધર્મ આ ત્રણે તત્ત્વ સમાન રીતે ઉપાસ્ય છે. એટલે જે વાત ધર્મને લાગુ પડે એ દેવ - ગુરુને પણ લાગુ પડે એ સહજ છે. એટલે ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા દેવને (અહીં ધર્મને શબ્દ હોવા જોઈએ) અમે ભૂંડા ન કહેતા હોવાથી ભૌતિક અપેક્ષાથી ગુરુ અને દેવને ભૂંડા કહેવાની જરૂર અમને ઉભી થતી નથી. પણ જેઓ ભૌતિક અપેક્ષાથી આરાધાયેલા ધર્મને ભૂંડો કહે છે. તેઓ પોતાના ગુરુ અને દેવને ભૂંડા કહેશે ? અર્થાત્ તેઓ**

'ભૌતિક ઈચ્છાથી આરાધાયેલો ધર્મ ભૂંડો છે' એની જેમ 'ભૌતિક ઈચ્છાથી આરાધાયેલા ગણિશ્રી અભયશેખર વિ. મ. ભૂંડા છે, સંસાર વધારનારા છે, રીબાવી રીબાવીને મારનારા છે ..' (અહીં એમણે તો પૂ. રામચન્દ્રસૂરિ મ. એવું લખ્યું છે પણ તે મારાથી કેવી રીતે લખાય ?) **આવો બધો પ્રચાર કરવો ખરા ? ને એ જ રીતે... ભૂંડા કહેશે ખરા ?** (એમને પરમાત્માને પણ ભૂંડા લખવાનું કામ કર્યું છે ?)

આ લખાણ કરીને એમની કહેવાતી વિદ્વત્તા તો ધૂળમાં જ મળી ગઈ છે. સાથે સાથે જૈન શાસનના સામાન્ય પદાર્થો પ્રત્યેનું અજ્ઞાન પણ સુચિત થાય છે પણ આવા સામાન્ય પદાર્થોથી અજ્ઞાત હોય એવું તો માનવાને કારણ લાગતું નથી. પણ ખરેખર ! ખોટી માન્યતા પકડાઈ જાય, અભિનિવેશ આવી જાય ત્યારે પરપક્ષના વ્યક્તિ પ્રત્યેના દ્વેષને કારણે પેદા થયેલા આવેશમાં અનેક ઉત્સૂત્રો બોલાઈ જાય એમાં જરાય આશ્ચર્ય નથી .

જૈન શાસનમાં દેવ - ગુરુના કોઈ પ્રકાર બતાવ્યા નથી જ્યારે ધર્મના બે પ્રકાર બતાડ્યા છે. (૧) શ્રુતધર્મ (૨) ચારિત્ર ધર્મ - જે સંબંધી લખાણ ગણિશ્રીએ તત્ત્વલોકન સમીક્ષાના પે નં. ૯૫ ઉપર કર્યું છે તે આ પ્રમાણે

''આ રીતે ધર્મને પણ 'અમલ', 'નિર્મલ', 'શુદ્ધ' વગેરે જે વિશેષણ લાગ્યુ હોય છે તેના શાસ્ત્રકારોએ જ બે અર્થો બતાવ્યા છે.

(૧) કષ - તાપ - છેદ પરીક્ષામાં પાસ થઈ જતો એવો કેવલીભાષિત જે ધર્મ છે તે 'શુદ્ધ' અને એ સિવાયના અન્ય બધા વૈદાદિક ધર્મો 'અશુદ્ધ'

(૨) ધર્મ કરનારને જેના બદલામાં ભૌતિક ચીજ મેળવવાની ઈચ્છા નથી, તેવો ધર્મ અથવા તો પૂ. મુનિસુંદરસૂરિ મહારાજે શિથિલતા વગેરે જે ૧૩ દોષો કહ્યા છે તે દોષોથી શૂન્ય વ્યક્તિએ કરેલો ધર્મ એ અમલ - શુદ્ધ ધર્મ અને એનાથી વિપરીત જીવે કરેલો ધર્મ એ અશુદ્ધ ધર્મ.

આ બન્ને વ્યાખ્યાઓમાં પણ ઉપર કહ્યા મુજબનો તાત્ત્વિક ભેદ રહ્યો છે. પ્રથમ વ્યાખ્યા ધર્મનો સ્વામી (ધર્મી) કેવો છે, (શિથિલતા વગેરે દોષવાળો કે એ દોષોથી રહિત) એની વિવક્ષા વગર માત્ર ધર્મના સ્વરૂપની અપેક્ષાએ જ કરવામાં આવી છે. જ્યારે બીજી વ્યાખ્યા ધર્મના સ્વરૂપને ગૌણ કરીને એનો સ્વામી કેવો છે એની અપેક્ષાએ કરવામાં આવી છે એટલે કે પ્રથમ વ્યાખ્યામાં ધર્મીના આશય વગેરેને મહત્તા આપવામાં આવી નથી અને બીજી વ્યાખ્યામાં ધર્મીના આશય વગેરેની મહત્તા છે.

આના પરથી એટલું સ્પષ્ટ થયું કે પરમાત્માએ બતાવેલો ધર્મ તે શુદ્ધ, સારો (જે શ્રુતધર્મ તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.) અને નિર્મળ આશયથી કરાતો ધર્મ શુદ્ધ, સારો (જે ચારિત્ર ધર્મ તરીકે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.) એમ બે પ્રકાર છે, તે જ રીતે પરમાત્માએ ન બતાવ્યો હોય તે ધર્મ અશુદ્ધ, ખરાબ અને **ભૌતિક આશંસાથી (સંસારના સુખ મેળવવાની ઈચ્છાથી) કરાતો ધર્મ તે અશુદ્ધ, ખરાબ.**

ગણિશ્રીએ ધર્મના બન્ને પ્રકારના અર્થની ભેળસેળ કરી તત્ત્વનિર્ણય પુસ્તકમાં લખાણ કર્યું છે. જેઓ આવી ગરબડ કરીને લખતાં હોય તેઓ તત્ત્વનિર્ણય શું કરી શકે ? તેઓ તો આવા તત્ત્વનિર્ણય કરી પોતે ડૂબે અને અનેક ભદ્રિક જીવોને ડૂબાડે.

દેવ - ગુરુ - ધર્મ આ ત્રણે તત્ત્વ ઉપાસ્ય છે. અહીં ધર્મ પ્રથમ પ્રકારના અર્થવાળો (શ્રુતધર્મ) લેવો જ્યારે ભૌતિક અપેક્ષાથી આરાધાયેલો જેને અશુદ્ધ કે મહાભૂંડો કહેવો છે તે બીજા પ્રકારના અર્થવાળો (ચારિત્રધર્મ) છે. જે એમણે પણ ''તત્ત્વાલોકન સમીક્ષા'' પે. નં. ૯૫ પર અશુદ્ધ કહ્યો જ છે.

ભૌતિક આશંસાથી ભગવાનને પૂજે, ગુરુને વંદન કરે કે દાન - શીલ - તપ વગેરેની આરાધના કરે એ બધો જ બીજા અર્થ પ્રમાણે ધર્મ કહેવાય તે બધા અશુદ્ધ અને ખરાબ કહેવાય.

આના પરથી શ્રુતધર્મ (કષ - છેદ - તાપથી શુદ્ધ પરમાત્મ પ્રરૂપિત તત્ત્વ) ને ક્યારે પણ ખરાબ, ભૂંડો કે મહાભૂંડો કહી શકાય નહિ. જ્યારે ચારિત્ર ધર્મ (જે દેવ - ગુરુ - ધર્મની ઉપાસના કરનાર વ્યક્તિની આચરણા રૂપ) ને વ્યક્તિના આશય પ્રમાણે શુદ્ધ - સારો અથવા તો અશુદ્ધ - ખરાબ કહી શકાય. તેથી જ્યારે કોઈ પણ વ્યક્તિ ભૌતિક આશંસાથી દેવ - ગુરુ કે ધર્મ (શ્રુત ધર્મ)ની આરાધના - આચરણા (જે ચારિત્ર ધર્મ રૂપ છે.) ને અશુદ્ધ - ભૂંડી કે મહાભૂંડી કહેવામાં જરાય વાંધો નથી. જે ગણિશ્રીએ પણ ''તત્ત્વલોકન સમીક્ષામાં'' જણાવ્યું છે.

હવે જો ''તત્ત્વનિર્ણય પુસ્તક પ્રમાણે વિચારીએ તો - ભૌતિક આશંસાથી કરાયેલો ધર્મ ભૂંડો કહેવાથી, ભૌતિક આશયથી પૂજાયેલા દેવ - ગુરુ પણ ભૂંડા કહેવાય'' એવું

અર્થઘટન એમણે કર્યું છે. માટે તે રીતનું અર્થઘટન એમને માન્ય છે એમ આપણે માનવું પડે. અમારી માન્યતા તો તેવી છે જ નહિ કારણકે ઉપાસ્યરૂપ ધર્મ અને આચરણા રૂપ ધર્મના બે ભેદ શાસ્ત્ર પ્રમાણે અમને માન્ય છે. માટે ઉપાસ્ય રૂપ ધર્મને અમે કયારેય ભૂંડો કહેતા નથી તેથી ઉપાસ્યરૂપ દેવ - ગુરુને ભૂંડા કહેવાની વાત ટકતી નથી.

જ્યારે એમણે તત્ત્વલોકન સમીક્ષામાં ભૌતિક આશંસાથી કરાયેલ ધર્મ અશુદ્ધ છે એમ જણાવ્યુ છે. અને તત્ત્વનિર્ણયમાં કરેલા અર્થઘટન અનુસાર ભૌતિક આશંસાથી આરાધાયેલા ગણિશ્રી અભયશેખર વિ. અશુદ્ધ (કુગુરુ) છે એવું તો એમણે સ્વીકારવું પડે છે અમારે નહિ.

આ વાત દ્રષ્ટાંતથી પણ સમજી શકાય છે.

જેમ 'ચણ નાખવું' એ ધર્મ કયારે'ય ભૂંડો ન કહી શકાય, પણ જ્યારે પારધી ચણ નાખવાની ક્રિયા કરી રહ્યો છે તે દેખીતી ધર્મક્રિયાને મહાભૂંડી કહેશું કે નહિ ? મહાભૂંડી કહેવી જ પડશે. કારણકે - ભલે 'ચણ નાખવા' રૂપ ધર્મ પરમાત્મપ્રરૂપિત શુદ્ધ ધર્મ જ છે છતાં ચણ નાખવાની ક્રિયા ખરાબ આશયપૂર્વક કરવામાં આવી રહી છે તેથી તે ક્રિયાને ખરાબ કહેવાય છે. જે આબાલ - ગોપાલ પ્રસિદ્ધ છે. તેવી જ રીતે અર્થ - કામ મેળવવાના આશયથી કરાતો ધર્મ મહાભૂંડો કેમ ન કહેવાય ? અર્થ - કામનો આશય એ સારો આશય છે એમ સિદ્ધ કરી શકાતું હોય તો ન કહેવાય. પણ અર્થ-કામનો આશય ખરાબ છે. અશુદ્ધ છે એ સિદ્ધ જ છે.

તેથી જેમ મારી નાખવા માટે ચણ નાખવાની ક્રિયા ન કરાય કારણકે ચણ જીવાડવા માટે નાખવાનું છે તેમ સંસારના સુખ માટે ધર્મક્રિયા ન કરાય કારણકે ધર્મ સંસારના સુખથી વિરકત (વૈરાગ્ય પામવા) થવા માટે કરવાનો છે.

જૈન શાસનમાં શાસ્ત્રનો અર્થ કરવામાં પદાર્થ, વાકયાર્થ, મહાવાકયાર્થ ઐદપર્ય રૂપે વિચાર કરવાનો હોય છે. પણ જ્યારે મતાગ્રહ બંધાઈ જાય છે. અભિનિવેશ આવી જાય છે ત્યારે કેવી અણછાજતી રજુઆત થાય છે. જેમકે 'તત્ત્વનિર્ણય'' પુસ્તકમાં પે. નં. ૨૭ ઉપર લખ્યુ છે કે **'જેઓ 'અર્થ - કામ માટે પણ ધર્મ જ કરવો' આવા વાકયનો વિરોધ કરતાં હોય તેઓને પૂછવું કે 'તો, અર્થ-કામ માટે શું અધર્મ કરી શકાય ?' (આ પ્રશ્નના ઉત્તરમાં બીજી - ત્રીજી વાત પર ચડી જવાબ ઉડાડી ન દે એ માટે હા કે ના માં જવાબ મેળવવાનો જ આગ્રહ રાખવો. 'હા' માં જવાબ આપી નહીં શકે ને 'ના' માં જવાબ આપે એટલે 'ધર્મ જ કરવો' એ વાત સ્વીકારી લીધેલી જ જાણવી.)**

આનો જવાબ હા કે ના માં પણ આપી શકાય જો તમે અર્થ-કામને ઉપાદેય તરીકે સિદ્ધ કરો તો ! જે વાત આ પુસ્તકમાં અન્યત્ર રજુ કરી જ છે.

અમારે ગણિશ્રીને પણ એક પ્રશ્ન પૂછવું છે; કે ભૌતિક આશંસાથી કરાયેલા ધર્મથી કેવા પ્રકારનું પુણ્ય બંધાય ? પુણ્યાનુબંધિપુણ્ય કે પાપાનુબંધિપુણ્ય ? આનો પણ આડી - અવળી વાત પર ચડયા વગર બેમાંથી કય પ્રકારનું પુણ્ય બંધાય ? તેનો જ જવાબ આપશો.

સુતેષુ કિં બહુના ? હોશિયારોને વધારે શું કહેવું ? અને જેનામાં સમજવાની જ તાકાત નથી કે મતાગ્રહ બંધાઈ ચૂકયો છે તેને પણ વધારે કહીને શું ફાયદો ?

પ્રાન્તે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કે એમને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય અને ભદ્રિક જીવોને ઉન્માર્ગે દોરવાના કામ કરતાં અટકે અને ભવ્યજીવો પણ પરમાત્માએ જણાવેલ ધર્મના સ્વરૂપને સમજી હૃદયમાંથી સંસારના સુખનો રાગ સર્વથા નષ્ટ કરે અને વહેલામાં વહેલી મુકિતને પામે એ જ એમની પાસે એકની એક અને સદાની શુભાભિલાષા.

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કંઈ પણ લખાઈ ગયું હોય તો મિચ્છામિદુક્કડમ્ માંગું છું. વિદ્વજ્જનો ધ્યાન દોરવા કૃપા કરશો.

■ ■ ■ ■

● ત્રસકાયનો સંસાર ●

અંડયા	-	ઈંડા રૂપ ઉત્પન્ન થનારા કબુતર-કુકડા આદિ
પોતાયા	-	બચ્ચા રૂપ ઉત્પન્ન થનારા હાથી-વલ્ગુલા આદિ
જરાયુજ	-	પાતળી ચામડીથી વેષ્ટિત થઈને ઉત્પન્ન થનારા-ગાય-ભેંસ-આદિ
રસયા	-	પરસેવાથી ઉત્પન્ન થનારા - જૂ માંકડ આદિ
સમ્મુચ્છિમ	-	માત - પિતાના સંયોગ વિના ઉત્પન્ન થનારા
ઉદ્‌ભિજ	-	જમીન ફોડીને ઉત્પન્ન થનાર પતંગિયા
ઔપપાતિક	-	શય્યામાં ઉત્પન્ન થનારા દેવ-નારક

આ આઠ પ્રકારે ત્રસકાયનો સંસાર છે.

અમી ૨.શાહ

મુંબઈ શ્રીપાલનગર

પૂજ્યપાદ પરમ શાસન પ્રભાવક તપાગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટાલંકાર સુવિશાલ ગચ્છાધિપતિ વાત્સલ્યવારિધિ પૂ. આચાર્યદેવ **શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાવર્તી નિશ્રાવર્તી **મુનિરાજશ્રી પુરંદરવિજયજી વૈશાખ સુદ ૧૧ રવિવાર તા. ૧૪-૨-૨૦૦૦ના રોજ રાત્રે ૮-૧૦ કલાકે** પ્રતિક્રમણ કરતાં કરતાં સમાધિ પૂર્વક સ્વર્ગવાસી થયા છે.

જે મહાત્મા સંસારીપણે પટણા નગરમાં જન્મેલ, લખનૌના વતની, બાબુ પૂનમચંદ નગીનચંદજી ઝવેરી તરીકે ઝવેરાતના વ્યવસાયમાં ખુબ મોટી નામના અને કામના પામેલ તેઓ પરમ ગુરુદેવના પાવન પરિચયથી સંયમ વિના નહિ ઉદ્ધારના ધ્યેયને સફલ કરવા કાજે વિ. સં. ૨૦૩૫ વૈશાખ સુદ ૩ના શુભ દિવસે મલાડ મુકામે શાંતતપોમૂર્તિ પૂ. આ. ભ. **શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા**, પૂ. આ. ભ. **શ્રી ભુવનભાનુસૂરિશ્વરજી મ. સા.** ના વરદહસ્તે સંયમ સ્વીકારી તેઓનું શિષ્યત્વ સ્વીકારી સંયમ જીવનની આરાધના કરતા પરમ તારક પરમાત્માની આજ્ઞાની એકમેવ આરાધના કરવી છે એવા એકમેવ ભાવને ધરતા મુનિરાજશ્રી વિ. સં. ૨૦૪૨ થી પરમ ગુરુદેવ સ્વ સ્થવિર પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના સાનિધ્યમાં સંયમ સાધના કરતા હતા

વિ. સ. ૨૦૫૦ની સાલમાં પૂ. તપસ્વી સમ્રાટ, પૂ. ગચ્છાધિપ તેશ્રીજી સાથે ગુજરાતથી વિહાર કરતા મુંબઈ પધાર્યા ત્યારે કમરની તકલીફમાં વધારો તેમજ પૂર્વે થયેલ કમ્મરના ઓપરેશન બાદ અમુક સમયે થયેલી તકલીફોને ઉપલક્ષ્યમાં લઈ પ્રસિદ્ધ ચિકિત્સકોની સલાહનુસાર ઓપરેશન આદિ થયેલ, જોઈએ તેવી સફળતા ન મળી ઉપરથી તકલીફનો વધારો થતો ગયો ને અનુક્રમે ૭ વર્ષથી શ્રીપાલનગર ઉપાશ્રયમાં રહી અપૂર્વ સમતાથી મહાત્મા કમ્મરની અસહ્ય વેદનાને હસતા હસતા સહન કરતા હતા. તેમાં છેલ્લા કેટલાક માસથી હાડકાના ટી. બી. એ દેખા દેતા તેમાં રોડજીને થયેલ નુકશાન આદિને જોતા બધી દ્રષ્ટિએ જોખમ છતાં મહાત્માને વધુને વધુ સમાધિ મળી રહે તે વાતનું લક્ષ્ય રાખી નીકટના સ્વજન અને ડો. એવા માનમલજી બેગાનીની સલાહ મુજબ પ્રસિદ્ધ ડો. ભગવતી, ડો. સિંગાલની સૂચના મુજબ ડો. પ્રધાનના હાથે બોમ્બે હોસ્પીટલમાં ઓપરેશન થયુ. પરંતુ મહાત્માનું દ્રવ્ય આરોગ્ય માટે એ ઓપરેશન સફળ ન બન્યુ. મહાત્મા ભાવ આરોગ્યમાં લયલીન હતા. મહાત્માનું ભાવ આરોગ્ય વધુને વધુ દ્રઢ બની રહે તે માટે ઈંદોર બીરાજમાન **પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજી** તેમજ પૂ. આ. ભ. **શ્રી હેમભૂષણસૂરીશ્વરજી મ. સા.** મુંબઈ બિરાજમાન આ. **શ્રી વિચક્ષણસૂરીશ્વરજી મ. સા.** આદિ સતત ચિંતિત રહી સમાધિ સાધનાને વેગ આપવા શકય પ્રયત્નો આદરતા તેમજ દિવસ અને રાતને જોયા વિના સ્વ. પૂજ્યપાદશ્રીજીના શિષ્યરત્ન પરમતપસ્વી મુનિવર **શ્રી વિશ્વદર્શનવિજયજી મ. સા.**, મુનિરાજ **શ્રી વિશ્વસેનવિજયજી મ. સા.** તથા મુનિરાજ **શ્રી ઋજુદર્શનવિજયજી મ. સા.** આદિએ જે અપૂર્વ ભક્તિ કરી છે ખરેખર ખુબજ અનુમોદનીય છે અને મુનિરાજશ્રીના **સંસારી પક્ષે પુત્રો અશોકબાબુ - દીલીપબાબુ** બન્નેએ અને સમગ્ર પરિવારે તથા **સુ. શ્રી જયંતિભાઈ શ્રી ચંદ્રકુમારભાઈ અરવિંદભાઈ તથા સમસ્ત આરાધકોએ** તન - મન - ધનથી બધા કાર્યોને એકબાજુ મુકી લગાતાર ૪૮ - ૪૮ દિવસ જે વૈયાવચ્ચ કરી છે તે પણ અપૂર્વ કહી શકાય તેવું છે તેમજ મુ. **શ્રી જિનદર્શન વિ.** આદિ, મુ. **શ્રી હિતદર્શન વિ.**, મુ. **શ્રી દિવ્યકીર્તિ વિ.** આદિ મુ. **શ્રી નંદભદ્ર વિ.** આદિ તથા મુ. **શ્રી આત્મરતિ વિ.** આદિ મુનિરાજશ્રીની સમાધિની સાધનાની જ્યોતને જાળવવામાં સહાયક બન્યા. આ રીતે ૨૧ વર્ષની પૂર્ણાહુતિના દિવસે જ મુનિરાજશ્રીનું સ્વાસ્થ્ય વધુ બગડ્યું ને જેના લીધે તબિયત કથળતી ગઈ ક્રમશઃ વૈશાખ સુદ ૧૧ ના રોજ રાતે ૮-૧૦ મિનીટે મુનિરાજ**શ્રી વિશ્વદર્શનવિજયજી** દ્વારા કરાતા પ્રતિક્રમણની આરાધના કરતા કરતા મહાત્મા પરલોકની વાટે પધારી ગયા.

બાદ મહાત્માના અંતિમવિધિ આદિપણ ખુબજ ઊલ્લાસપૂર્વક સમયાનુરૂપ સુંદર ઉછામણીઓ પૂર્વક થવા પામી. જીવદયાની ટીપ પણ સુંદર થયેલ. મહાત્મા પોતાના જીવનને ધન્ય બનાવી ગયા મરણને મહોત્સવ બનાવી ગયા ને સૌને અપૂર્વ સમાધિનો આદર્શ બતાવી ગયા.

વૈ. સુ. ૧૫ના મુનિરાજશ્રીની ગુણાનુવાદ સભાનું આયોજન કરાયેલ, ટુંક સમયમાં શ્રીપાલનગર સંઘમાં તેઓના સંયમ જીવનની અનુમોદનાર્થે અર્હદ્ભક્તિ મહોત્સવ ઊજવાશે

યૌવને ! કયા માર્ગે જ્વું છે ?

બરબાદીના કે આબાદીના !

અ. સૌ. અનિતા આર. શાહ

જીવનની ત્રણે અવસ્થા માનવામાં આવી છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃધ્ધાવસ્થા. બાલ્યાવસ્થા વિવેકથી વિકલ હોય છે. બાલ્યાવસ્થાની રેતીના ઘર બનાવવાની ક્રિયા યુવાવસ્થામાં લજ્જાસ્પદ ગણાય છે. જીવનની સફળતા અને નિષ્ફળતાનો આધાર મુખ્યત્યા યુવાવસ્થા પર નિર્ભર છે. શક્તિ, શૌર્ય અને સાહસનું બીજું નામ છે યુવાવસ્થા. યુવાવસ્થાનો સદુપયોગ કરવામાં આવે તો જીવન સાર્થક બને, તેનો જો દુરૂપયોગ કરવામાં આવે તો આ જ જીવન ચોર્યાશીના ચક્કરમાં ચઢાવી દે. ઇન્દ્રિયોનો સંયમ એ યુવાવસ્થાનો સદુપયોગ છે, ઇન્દ્રિયોનો અસંયમ એ યુવાવસ્થાનો ભયાનક દુરૂપયોગ છે. ઈન્દ્રિયોનો સંયમ એ સદ્‌ગતિનો માર્ગ છે, ઇન્દ્રિયોનો અસંયમ એ દુર્ગતિનો માર્ગ છે. કયા માર્ગે તારે જવું છે તે તું જ નક્કી કરી લે.

ચાણક્યે પોતાના નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે - ''કોઈપણ દેશની પ્રજાને વગર યુદ્ધે જીતવી હોય તો તે પ્રજાને મોજ - મજામાં, રંગ - રાગમાં, વૈભવ - વિલાસમાં જોડી દેવી. જેથી જે પ્રજોત્પત્તિ થશે તે નિસ્તેજ, નિર્બલ, નિરૂત્સાહી અને નિવીર્ય.'' આ આર્ષવાણી આજે અક્ષરશઃ સત્ય બની રહી છે. વર્તમાનનું વિલાસી - વિકારી વાતાવરણ, વૈભવનું આકર્ષણ, મોજ - શોખનાં સાધનોનો અતિરેક માણસને, જનજીવનને કયાંથી કયાં - કેટલો બધો પતનાભિમુખ બનાવ્યો છે તે અનુભવસિદ્ધ છે. તેથી જ સારા સારા સાક્ષરો, તજજ્ઞો પણ તેની તરફ 'રેડ સિગ્નલ' ધરે છે. પણ આજે દેખાદેખીનો સ્ટેટસનો એવો વાયરો વાયો છે કે તેનું શું પરિણામ આવશે તે કલ્પવું પણ મુશ્કેલ છે.

આજે ખરાબ કુટેવો, ખોટી સંગતિ, ખરાબ વ્યસનોના કુછંદે ચઢેલો નવયુવક રાહ ભૂલ્યો છે. રાહબર વિજ્ઞાપનો પણ તેને સન્માર્ગદર્શકને બદલે વધુને વધુ વકરાવી રહ્યા છે. મદ્ય - દારૂપાન, માંસાહાર, શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રીગમન અને વેશ્યાગમન આ સાત વ્યસનોને ઉભયલોક વિરૂદ્ધ કાર્ય તરીકે કહ્યા છે. આમાંનુ એકપણ વ્યસન જો જીવનમાં આવી ગયું તો જીવન બરબાદ થઈ ગયું સમજો, આબાદી પણ બરબાદી થયા વિના ન રહે. વર્તમાનમાં એટીકેટ જાળવવા વ્યસનની પાછળ જે હરિફાઈ રૂપ આંધળી દોટ ચાલી છે, પરિણામો જોવા છતાં પણ અટકતી નથી તે જગતની 'અજાયબી' છે !

યૌવનશક્તિને વધુમાં વધુ જો બગાડનાર કોય તો પાન - મસાલા, તંબાકુ, સીગારેટ - બીડી, શરાબ, ધુમ્રપાન, માંસાહાર અને નશીલા પદાર્થો આદિ વ્યસનો ! જેણે યુવાનીને જાળવવી હોય, યુવાની દિવ્ય ના બનાવવી હોય તેણે આ વ્યસનોના ચાળે પણ ચઢવા જેવું નથી, વ્યસનોનો પડછાયો પણ લેવા જેવો નથી. માત્ર વ્યસનના પૂતળા બાળવાથી કામ ન થાય પણ વ્યસનને જીવનમાંથી દેશવટો આપવાથી જ કામ સરે.

શાસ્ત્રકારોએ પાંચે ઇન્દ્રિયોના વિષયમાં ચક્ષુના 'રૂપ' વિષયને પહેલા જીતવાનો કહ્યો છે કારણકે આકર્ષણીય ચીજ-વસ્તુ પર તરત જ નજર ચોટે છે. વર્તમાનમાં બધાનો અનુભવ છે કે - પેકીંગ આકર્ષણીય પણ માલમાં 'માલ' ન હોય. તેની ગુણવત્તામાં પોલંપોલ કે ગોટાળા. રૂપ - રંગમાં મૂંઝાય તેને અંતે પસ્તાવાનો વખત આવે. આજના વિજ્ઞાપનોમાં તો આ અંગે હોડ જ ચાલી છે. દેખાવ એવો કરે કે માણસ ખેંચાઈને આવે અને પછી ઠગાઈને જાય. 'ધુમ્રપાન એ સ્વાસ્થ્યને હાનિકારક છે' એવી ચેતવણી આપે અને પાછી જાહેરાતો એવી કરે કે તેનાથી દૂર થવાને બદલે તેની સંખ્યામાં વધારો જ થાય.

જેણે જીવનનું નૂર ગુમાવવું ન હોય તેણે વ્યસનના ગુલામ બનવું નહિ. વ્યસનનો પ્રારંભ કરનાર પહેલા માલીક હોય છે અને પછી ધીમે ધીમે વ્યસનનો પૂરેપૂરો ગુલામ બને છે. જેમ એક ટેવ માણસ પાડે છે પછી ટેવ માણસને પાડે છે. પહેલા બીડી - સીગારેટ તમે પીઓ છો પછી તે બીડી - સીગારેટ તમને પીએ છે. પહેલા શરાબ ને તમે પીઓ છો અને પછી શરાબ તમને પીએ છે. જેના વિના જરા પણ ચાલે નહિ તે ગુલામ કહેવાય. ગુલામ વ્યક્તિની પ્રગતિમાત્ર રૂંધાઈ જાય છે. આવી ગુલામીની જવાની ખુદ શરમાય છે અને જવા માંડે છે. આજે તો વ્યસનોમાં ખૂંપેલાની જવાની દબાઈ ગઈ છે. વ્યસનોનો બોજ તેને

બોજ નથી લાગતો પણ જવાનીના બોજથી તે બિચારો બોજલ થઈ ગયો છે. વ્યસનોનો ગુલામ બનેલો મનુષ્ય ન રહેતા મશીન બની જાય છે. બટન દબાવો તો મશીન ચાલુ તેમ વ્યસન કરે તો કાંઈ જોમ આવે બાકી મુડદાલની જેમ પડયા રહે. અને આજે 'ટેસ્ટ'માં પડી હાથે કરીને ગુલામીખત લખી આપનારા ઘણા છે. તેમાં પાછા 'ગૌરવ' માને છે. જીવનને નંદનવન સમું બનાવવું હોય તો આ વ્યસનોની ગુલામીની જંજીરો-સાંકલો તોડવી જ પડશે.

ખેંટી ટેવોને પાડયા પછી, વ્યસનોની ચુગાલમાં ફસાયા પછી તેનાથી બચવું ઘણું જ મુશ્કેલ છે, પણ અસંભવ - અશક્ય તો નથી જ. જેમ નેપોલિયન માટે સંભળાય છે કે તેના જીવનકોષમાં 'અશક્ય' શબ્દ જ ન હતો. તેમ જો આજના યુવાનોના જીવનમાં આવી જાય તો આ જ યુવાની અનેકને રાહબર બનનારી બને. વ્યસન પહેલા કરોળિયાની જાળના તંતુ જેવી હોય છે અને પછી લોખંડના તારના તંતુ જેવી બની જાય છે. સામાન્યથી શરૂઆત મામેલ એવી બને છે જેને રોકવી અશક્ય છે. એક વિનય ગુણ આત્માની મુકિત માટે સમર્થ બને છે તેમ એક નાનું વ્યસન આત્માનો ભયાનક વિનાશ વેરવા સમર્થ છે. મજબૂત એવા કિલ્લાની તૂટેલી એક જ ઈંટ આખા કિલ્લાને નબળો પાડી પાડવા સમર્થ બને છે.

વ્યસનોથી પરલોક તો બગડે છે પણ આ લોક પણ બગડે છે. જેમકે, પાન - પરાગ, તંબાકુ - મસાલાદિ ખાવાથી શરીરની શકિત ક્ષીણ થાય છે, મોંઢામાં ચાંદા પડે છે, ઘણીવાર તો બોલવું પણ બંધ થાય છે, મોં પણ ખુલતું નથી. કેન્સર પણ થાય છે. મનની બિમારીનો પાર નથી પણ શરીરમાં ભિન્ન ભિન્ન વ્યાધિઓ થાય છે. ફેફસા પણ નબળા પડે છે.

જીવનને બરબાદ થતું બચાવવું હોય તો હજી પણ ચેતવું - સાવધાન થવું સારૂં છે. વર્તમાનની અનુકૂળ સગવડતાઓએ જીવનશૈલી બદલી નાખી છે, સુંદર શકિતઓનો હ્રાસ કર્યો છે. સ્વાવલંબી અને સ્વાધીનતાથી છોડાવી બધાને પરાવલંબી અને પરાધીન બનાવી દીધા છે, તેના વિના સાવજ 'પાંગળા' બનાવી દીધા છે. બેઠાડું જીવન થવાથી સુસ્વાસ્થ્યપણાનું સ્વપ્ન પણ દુર્લભ બની ગયું છે. જ્યારથી ટેલીફોન આવ્યા તો લખવાનું બંધ, ટી.વી. વીડીયો આવવાથી ભણવાનું બંધ. આજે તો ટી.વી., વી.સી.આર. ના અતિરેકની બૂમરાણ મચી છે. તેના વિનાશક પરિણામો જોવા છતાં પણ આંખ ખૂલતી નથી કે કાન ઉઘડતા નથી. ખરેખર શું થશે ? દરેક વસ્તુના બે પાસા હોઈ શકે પણ જેનો ખરાબ પાસો વધુમાં વધુ હોય, તેનું પડખું કેમ સેવાય છે તે જ સમજાતું નથી ! કલિકાલનું મોટું કૌતુક તો એ છે કે જીવન જરૂરિયાતની ખાવા - પીવાદિની ચીજોની મોંઘવારી છે અને આવા વિનાશક સાધનોની સોંઘવારી છે !! ટી.વી. આદિના કારણે નાના નાના બાળકોનું ભણતર બગડી રહ્યું છે. તે તો ઠીક છે પણ જીવનના સુંદર સંસ્કારો સળગી રહ્યા છે અને હિંસા - ચોરી - જૂઠ - બદમાશી ફુલીફાલી નીકળી છે તો આવતીકાલના રખેવાલ એવા બાલકનું શું થશે તેની ચિંતા નથી મા - બાપાદિ કરતા કે નથી શિક્ષણકારો પણ કરતા !

આ લોકમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બરબાદી તથા પર લોકમાં ભયાનક દુર્ગતિના દુઃખોનો શાંતચિત્તે વિચાર કરવામાં આવે અને ગમે તેમ મારે બચવું છે તેવો દ્રઢ નિર્ધાર કરાય તો આત્મા જરૂર વ્યસનોથી બચી શકે, મુકત થઈ શકે.

જેમ રાજમાર્ગો પર "STOP, LOOK & GO." 'થોભો - જૂઓ અને પછી આગળ વધો'- ના માર્ગદર્શક પાટીયા હોય છે. તેને અનુસારે વાહન ચાલક - રાહબારીઓ ચાલે તો એકસીડન્ટથી બચે. તેમ આપણા જીવનની ગાડીને વ્યસનોના વળાંકથી બચાવવા ટી.વી. વ્યસનોનો ત્યાગ કરીએ તો ભાવિ ભદ્રંકર બને નહિ તો ભયંકર બને જ. તન - મન - ધનની તબાહી. જીવનનો સર્વનાશ ! વિચારો કયા માર્ગે ચાલવું છે. !!!

આદર્શ ગૃહિણી

મને પતિ સંગે સુખ છે બહુ;
સખિ ! જોયું સાસરીએ સુખ સહુ.
પ્રભુ સમ ગુણું હું સસરાજીને, માતસમું સાસુને ગણતી;
ઈશ્વરમારા સ્વામિ સમજુ, લોભ મોહને હણતી.
ભાવે વિધ વિધ રસોઈ બનાવી, સહુને સ્નેહે જમાડું;
ઘર કામ કરૂ કટુ વચન ન કહું, વૃથા સમયના ગાળું.
મીઠી જીભે સહુને બોલાવું કરૂ ન કો'થી વિરોધ;
સહનશીલ બની રહી સદા હું, કરૂ ન કદિય ક્રોધ.
''જિનેન્દ્રસૂરી'' અરિહન્ત ગુણ ગાવું, વંદન હું નિત કરું,
પરણેતરને પ્રભુ માનીને, ભવસાગર આ તરું.

નૃસિંહ પ્રસાદ નારાયણ ભટ્ટ જામનગર.

કોર્ટના કઠેડામાં છેલ્લા બે વર્ષમાં બે તિથિ પક્ષનો

સળંગ છઠ્ઠી વાર વિજય

હાઈકોર્ટના ચૂકાદાનું તારણ

- બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનને અટકાવતા ઠરાવો ગેરકાયદેસર અને ગેરબંધારણીય.
- ટ્રસ્ટને એક તિથિ અને એકાંગી ગુરૂપૂજન પક્ષમાં બદલી શકાય નહીં.
- બે તિથિ અને નવાંગી ગુરૂપૂજન માનતા સાધુઓ પ્રત્યે ભેદભાવવાળું વલણ ટ્રસ્ટ ન રાખી શકે.
- બે તિથિ અને નવાંગી માન્યતા મુજબ આરાધના કરવાનો લઘુમતિને પૂરો હક છે.
- નીચલી કોર્ટોએ આપેલા દરેક ચૂકાદા બરાબર અને કાયદેસરના છે.
- ભારતીય બંધારણના આધારે બે તિથિ અને નવાંગી માન્યતા મુજબ આરાધના કરતા આરાધકોને સંપૂર્ણ હકો મળે છે.
- માટુંગા ટ્રસ્ટ - ટ્રસ્ટીઓએ અહંથી આ બાબતને એક પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો છે અને એથી દરેક નાના મુદ્દે પણ છેક સુપ્રીમ કોર્ટ સુધી લડી રહ્યા છે.

મુંબઈ હાઈકોર્ટે ગત ૨ જી મે ના દિવસે એક મહત્વનો ચૂકાદો આપી જૈન શ્વે. મૂર્તિપૂજક તપાગચ્છ સંઘમાં બે તિથિ - નવાંગી ગુરૂપૂજનની માન્યતા મુજબ આરાધના કરતા આરાધકોને એક તિથિ - એકાંગી ગુરૂપૂજનની માન્યતાના આરાધકો તરફથી કરાતા અવરોધનો કાયમી અંત લાવવાનો સુંદર નિર્ણય આપ્યો છે. મુંબઈ ટ્રાયલ કોર્ટે જો કે બે તિથિ નવાંગીની તરફેણમાં ગત વર્ષે એક વિસ્તૃત ચૂકાદો આપી જ દીધો હતો; છતાં એને માટુંગાના ટ્રસ્ટે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. એ અપીલ આ સાથે ડીસમીસ કરાઈ છે.

આ અંગે શ્રી જૈનસંઘોને પ્રસ્તૃત ન્યાય કાર્યવાહીની પ્રારંભિક ભૂમિકા સાથેની માહિતિ સાથોસાથ છેલ્લા ચૂકાદામાં વિદ્વાન ન્યાયમૂર્તિએ કાઢેલા તારણો અને આપેલા આદેશો અંગેની મહત્વપૂર્ણ જાણકારી આપવામાં આવી છે, જેથી ન્યાયનું ત્રાજવું કોના પક્ષમાં ઝૂકે છે તેનો કોઈ પણ જિજ્ઞાસુને ખ્યાલ આવી જાય. સૌ કોઈ અસત્ય પ્રચારથી બચી આત્મકલ્યાણકારક સત્યની જ ઉપાસના કરતા થાય એ જ એક આશયથી આ પ્રકાશન કરાય છે.

શ્રી માટુંગા જૈન મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના એકતિથિને માનનારા વર્ગે સન ૧૯૯૮ માં કરેલ વિવાદાસ્પદ ઠરાવોને રદબાતલ કરવા માટે સંઘના ઔદયિક તિથિ અને નવાંગી ગુરૂપૂજનને માનતા કેટલાક સભ્યોએ સીટી સીવીલ કોર્ટમાં દાખલ કરેલા 'નોટીસ ઓફ મોશન' નો ચૂકાદો એમના પક્ષમાં આવતાં માટુંગા સંઘના ટ્રસ્ટીઓએ અનેક ગંભીર આક્ષેપો કરવાપૂર્વક એ ચૂકાદાને મુંબઈ હાઈકોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટીસ શ્રી કોચરની બેંચ સમક્ષ બંને પક્ષ તરફથી વિસ્તૃત રજુઆતો થયા બાદ છેલ્લી ૨ જી મે ૨૦૦૦ના દિવસે વિદ્વાન જજે ૫૭ પાનાનું એક વિગતવાર જજમેંટ આપ્યું છે, જેના અન્વયે માટુંગા સંઘની અપીલ ડીસમીસ કરવામાં આવી છે. વિદ્વાન જજ શ્રી કોચરે પોતાના ચૂકાદામાં નવાંગી ગુરૂપૂજન અને બે તિથિ માન્યતા ધરાવતા સભ્યોના પોતાની માન્યતા મુજબ નવાંગી ગુરૂપૂજન તેમજ બે તિથિ આચરવાના અધિકારને કાયદેસર, ભારતીય બંધારણની ૨૫મી આર્ટીકલ હેઠળ તેમજ ધાર્મિક પૂજા-વિધિ અધિકાર તરીકે સંપૂર્ણ માન્યતા આપી છે. **વિદ્વાન જજે સંઘના ટ્રસ્ટીઓની આકરી ઝાટકણી કાઢી સીટી સીવીલ કોર્ટના જસ્ટીસોએ આપેલા આ કેસ અંગેના વિવિધ ચૂકાદાઓને તદ્દન વ્યાજબી અને કાયદેસરના ઠેરવ્યા છે. વધુમાં પૂર્વમાં હાઈકોર્ટે આ અંગે આપેલા ચૂકાદા સાથે પણ જજશ્રીએ આદરપૂર્વક સહમતિ જણાવી છે.**

આ સ્થળે યાદ રહે કે સને ૧૯૯૮માં માટુંગા સંઘના ચોક્કસ વર્ગે એક સભા કરી કેટલાક વિવાદાસ્પદ ઠરાવો કહેવાતી બહુમતિના જોરે પસાર કર્યા હતા. જે હેઠળ સંઘના સ્થાનોમાં બે તિથિની માન્યતાને માનનારા તેમજ નવાંગી ગુરૂપૂજનની માન્યતાને શાસ્ત્રીય ગણનારા આરાધકોને એમના એ શાસ્ત્રીય અધિકારોની આચરણા કરવાની મનાઈ ફરમાવી હતી. વધુમાં 'ગોડીજી દેવસૂર સંઘની માન્યતા મુજબના સાધુ સાધ્વીજી આ ઉપાશ્રયનો ઉપયોગ કરી શકે' એવા આશયનો બોર્ડ લગાડી બે તિથિ અને નવાંગી પૂજન માન્યતા માનનારા પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતોને ટ્રસ્ટના સ્થાનોમાં આવવા - રહેવા - પ્રવચન કરવા આદિની મનાઈ ફરમાવી હતી. જો કે આજ સુધીમાં ગોડીજી દેવસૂર સંઘની માન્યતા - આચરણા શું ? અને એનો પાયો શું ? એને તેઓ આજ સુધી કયારેય સ્પષ્ટ કરી શકયા નથી.

સીટી સીવીલ કોર્ટમાં એ અંગે ફાઈલ થયેલ નોટ.સ ઓફ

મોશનની સુનવણી વખતે પણ સંઘના ટ્રસ્ટીઓએ ઘણી ભળતી વાતો કરી હતી. તપાગચ્છના જ એક વાસ્તવિક ભાગસ્વરૂપ બે તિથિ માન્યતાના પૂજ્ય પુરૂષો ઉપર પણ અત્યંત નિંદ્ય કહી શકાય એવા કેટલાક આક્ષેપો પણ સંઘના ટ્રસ્ટીઓ દ્વારા લેખિત જવાબ અને એફિડેવીટમાં કરાયા હતા. ટ્રસ્ટીઓ દ્વારા ઉઠાવવામાં આવેલ મુખ્ય હથિયાર તરીકે ૧ - આ કેસ સીટી સીવીલ કોર્ટની અખત્યારીમાં આવતો નથી. ૨- આ કોર્ટને આ કેસ ચલાવવાનો અધિકાર નથી. ૩- ચેરીટી કમિશનરની મંજૂરી મેળવવામાં આવી નથી - આ મુદ્દાઓ રજૂ કરાયા હતા. જે અંગે સીટી સીવીલ કોર્ટમાં જસ્ટીસ મલીકે સુંદર ચૂકાદો આપી બધા મુદ્દાઓના જવાબ આપી કેસ સીટી સીવીલ કોર્ટની અખત્યારીમાં જ આવતો હોવાનું જણાવી એ અંગે નિર્ણય આપવાનો પોતાની કોર્ટનો અધિકાર હોવાનું સ્પષ્ટ કર્યું હતું. તેમજ ચેરીટી કમિશનરની મંજૂરીની જરૂર ન હોવા અંગે પણ તેમણે સંમતિ દર્શાવેલ. જસ્ટીસ મલિકે વધુમાં ખૂબજ સ્પષ્ટ રીતે જણાવ્યું કે -

PAGE 9 - The defendants made it clear that the plaintiffs must worship, they must in accordance with the defendants interpretation of the religion. The plaintiffs are only free to act in accordance with the dictates of the defendants. **This is no freedom. This is an attack on right to worship.**

ભાવાર્થ - ડિફેન્ડન્ટોએ (માટુંગા ટ્રસ્ટે) સ્પષ્ટ કર્યું કે પ્લેન્ટીફોને (બે તિથિ પક્ષ) જો પૂજાભક્તિ કરવીજ હોય તો તેમણે ડિફેન્ડન્ટોએ ધર્મના કરેલા અર્થઘટન મુજબ જ કરવી જોઈએ. ડિફેન્ડન્ટોના હુકમો મુજબ કરવા માટે જ પ્લેન્ટીફો મુકત છે.' **'આ સ્વતંત્રતા નથી. આ પૂજાભક્તિ કરવાના અધિકાર પર એક હુમલો છે.'**

એની વિરૂદ્ધમાં ટ્રસ્ટીઓએ હાઈકોર્ટમાં ઘા નાખતાં પ્રથમ જસ્ટીસ સાવંત અને ત્યારબાદ જસ્ટીસ મિસેસ બામે બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનના પક્ષકારોની ફેવરમાં નિર્ણય આપી જસ્ટીસ મલિકના ચૂકાદાને વ્યાજબી ઠેરવ્યો હતો. ઉપરાંત જસ્ટીસ બામે ચેરીટી કમિશનરને આ કેસમાં એક બચાવકર્તા તરીકે સામેલ કરવાનો નિર્દેશ આપેલ. આ ચૂકાદાની સામે માટુંગાના ટ્રસ્ટીઓએ સુપ્રિમ કોર્ટમાં સ્પેશ્યલ સમર લીવ પીટીશન દાખલ કરી. આ બાજુ માટુંગાના ટ્રસ્ટીઓ બે તિથિના આગેવાનો સાથે 'સમાધાન વાર્તા' ચલાવી 'અમે સુપ્રિમમાં જવાના નથી' એમ જણાવતા હતા અને બીજી બાજુ સુપ્રિમમાં અપીલ દાખલ કરી દીધી હતી. સુપ્રિમના ચીફ જસ્ટીસ સહિત ત્રણ જજોની બેન્ચે ટ્રસ્ટની અરજીને ફગાવી દીધી અને એ રીતે હાઈકોર્ટે બાંધી આપેલ સમય મર્યાદામાં સીટી સીવીલ કોર્ટમાં માટુંગાના ટ્રસ્ટ - ટ્રસ્ટીઓએ સંમત થવું પડયું. ત્યાં જસ્ટીસ કામડીની બેંચ આગળ સવિસ્તર સુનવણી થઈ. બને પક્ષે મૌખિક દલિલો બાદ લેખિત સ્ટેટમેંટો પણ આપ્યાં. જેમાં બે તિથિ પક્ષ તરફથી બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનની શાસ્ત્રીયતા અને પ્રાચીનતા પૂરવાર કરતા પ્રાચીન અનેક ધર્મગ્રંથો સાથે લેખિત સ્ટેટમેંટ આપ્યું હતું, જેને કોર્ટે રેકોર્ડ પર દાખલ કર્યા. જસ્ટીસ કામડીએ પોતાના વિસ્તૃત ચૂકાદામાં બે તિથિ પક્ષની ત્રણે માંગણીઓનો સ્વીકાર કરી માટુંગા ટ્રસ્ટના ઠરાવો મૂલતઃ ગેરબંધારણીય, ગેરકાયદેસર અને વ્યર્થ ઠેરવ્યા. એ ચૂકાદામાં વિદ્વાન જજે અનેક પૂર્વના હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચૂકાદાઓ ટાંકી બે તિથિ અને નવાંગી પૂજનને માનતા ટ્રસ્ટના સભ્યોના પૂજાહક્કોને કાયદેસર અને વ્યાજબી ગણાવ્યા હતા.

ટ્રાયલ કોર્ટના વિદ્વાન જજ શ્રી કામડીએ બંને પક્ષની રજુઆત સાંભળ્યા બાદ જે ચૂકાદો આપ્યો હતો તેમાં અનેક મહત્વપૂર્ણ વાતોને પ્રકાશિત કરી છે. એમણે કાઢેલા નિષ્કર્ષો ખૂબ જ અગત્યના છે. તેમણે નિર્ણિત કર્યું છે કે-

PAGE 9/10 "It is also not in dispute that Be tithi and Navangi Guru Poojan and Ek tithi and Ekangi Guru Poojan is recognised forms of worship of respective groups and they are worshipping according to their faith from age old time."

ભાવાર્થ - બે તિથિ અને નવાંગી ગુરૂપૂજન તથા એક તિથિ અને એકાંગી ગુરૂપૂજન એ તે તે વર્ગની પૂજા ભક્તિના માન્ય પ્રકારો છે અને તે તે વર્ગ તેમની શ્રદ્ધા મુજબ ખૂબ પ્રાચીન સમયથી તે તે પૂજાભક્તિ કરી રહેલ છે.

PAGE 12 - So far observance of Be tithi and Navangi Gurupooja by the plaintiffs is recognised by the Jain Religion, may be by minority but defendants have not produced any religious books or grantha to show that Betithi or Navangi Gurupoojan are against the Tapagachha Jain Tenets.

ભાવાર્થ - પ્લેન્ટીફો (બે તિથિ વર્ગ) ભલે લઘુમતિમાં હોય પરંતુ એમના દ્વારા કરાતી બે તિથિ અને નવાંગી ગુરૂપૂજા એ જૈન ધર્મ દ્વારા પ્રમાણિત છે. એવું હોવા છતાં 'બે તિથિ અથવા નવાંગી ગુરૂપૂજા એ તપાગચ્છ જૈન સિદ્ધાંતોથી વિરુદ્ધ છે' એવું બતાવવા માટે ડિફેન્ડન્ટોએ (માટુંગા ટ્રસ્ટે) કોઈ પણ ધાર્મિક પુસ્તકો કે ગ્રંથો રજુ કર્યા નથી.

PAGE 12 - So far balance of convinience is concerned there is no inconvenience to the defendants if plaintiffs and their groups follow Be tithi and Navangi Gurupoojan because such worship do not interfere in any way with the right o

worship of the defendants.

On the contrary if the resolution is not interferred, it will be caused irreparable loss to the plaintiffs because they will be prevented and restrained from practicing their religion according to their faith and rituals and this will cause irreparable loss to the plaintiffs which can not compensated in terms of money.

ભાવાર્થ - ન્યાયની સમતુલાનો જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી પ્લેન્ટિફો (બે તિથિ નવાંગી પક્ષ) જો બે તિથિ અને નવાંગી ગુરૂપૂજન કરે તો ડિફેન્ડન્ટો (માટુંગા ટ્રસ્ટ - ટ્રસ્ટીઓ - એકતિથિ - એકાંગી આરાધકો) ને કોઈ અસુવિધા થતી નથી. કારણ કે એવી પૂજાભક્તિ કોઈ પણ રીતે ડિફેન્ડન્ટોના પૂજા ભક્તિના અધિકારમાં હસ્તક્ષેપ કરતી નથી. એની સામે જો આ ઠરાવમાં હસ્તક્ષેપ કરવામાં નહિ આવે તો પ્લેન્ટિફોને ભરપાઈ કરાય નહિ એવું નુકસાન થશે કારણ કે તેઓની શ્રદ્ધા અને ક્રિયા મુજબની તેમના ધર્મની આચરણા કરવાથી તેઓને રોકવામાં અને નિષેધિત કરવામાં આવશે. અને એથી પ્લેન્ટિફોને ભરપાઈ ન થાય એવું નુકસાન થશે, જેની પૈસાથી ભરપાઈ કરી શકાશે નહિ.

ડીવીઝન બેંચ કોર્ટના જસ્ટીસ શ્રી કામડીએ બે તિથિ પક્ષની માંગણીઓ મંજુર કરી આપેલ આદેશ :-

(૧) પ્રતિવાદીઓને ટ્રસ્ટની મિલકતમાં શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘના કોઈપણ સભ્યને પોતાની માન્યતા મુજબની કોઈપણ ધાર્મિક ક્રિયા કરતા રોકવા, અંતરાય કરવા અને વિરોધ કરવા સામે અટકાવવામાં આવે છે.

૨) પ્રતિવાદિઓએ તા. ૧ જુલાઈ ૧૯૯૮ ની વાર્ષિક સામાન્ય સભામાં અથવા ટ્રસ્ટીઓની અગાઉની મિટિંગમાં જે ઠરાવો નવાંગી ગુરૂપૂજન અને એક તિથિની માન્યતા વિશે પસાર કર્યા છે તેને બોર્ડ ઉપર લખતા, દર્શાવતા, પ્રદર્શન કરાતા કે છાપતા અટકાવવામાં આવે છે.

૩) પ્રતિવાદીઓને કોઈ પણ જૈન સાધુઓને આવતા, રહેતા, વ્યાખ્યાન આપતા કે ટ્રસ્ટની સંપત્તિમાં કોઈ પણ ધાર્મિક વિધિ કરતા રોકવા સામે મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે.

જસ્ટીસ કામડીએ આપેલા મહત્ત્વપૂર્ણ ચૂકાદાથી ટ્રસ્ટે ઉભા કરેલા વિવાદનો અંત આવવો જોઈતો હતો અને માટુંગા સંઘે પોતાના જ બે તિથિ - નવાંગી ગુરૂપૂજનની માન્યતા માનનાર સભ્યોની ધાર્મિક ભાવનાઓનો આદર કરી તેમની શાસ્ત્રીય માન્યતાને અનુસરતી આચરણા કરવાની તેમને સુવિધા આપવી જોઈતી હતી. તેમ ન કરતાં એ ચૂકાદા સામે અનેક ગંભીર આરોપ કરવાપૂર્વક હાઈકોર્ટમાં પડકાર્યો હતો, જસ્ટીસ કોચરના આ મહત્વના ચૂકાદા (જુઓ - જસ્ટીસ કોચરના જજમેંટનું પેજ ૨૪) થી તેમણે મૂકેલા તમામ આરોપો સંપૂર્ણપણે ખોટા પૂરવાર થયા છે.

વિદ્વાન હાઈકોર્ટ - જજ શ્રી કોચરે જે મહત્વ પૂર્ણ નિષ્કર્ષો કાઢી આ કેસ અંગે નિર્ણયાત્મક દિશાસૂચન કર્યું છે તે જોતા માટુંગાના ટ્રસ્ટે એક યા બીજા કારણે લંબાવેલ આ વિષચક્રનો અંત આવવો જોઈએ છતાં ટ્રસ્ટના વકીલ ટ્રસ્ટવતી આ ચુકાદા સામે પણ સુપ્રિમમાં અપીલ કરવા સમયગાળો મા તાં ટ્રસ્ટના ઈરાદાનો ખ્યાલ આવી જાય છે.

જસ્ટીસ શ્રી કોચરનાં અંગત મંતવ્યો અંગે :

જૈન ધર્મની મૂળભૂત પૂજા - અર્ચા પદ્ધતી અંગે (જસ્ટીસ શ્રી કોચરની કોર્ટ સમક્ષ બંને પક્ષના વકીલોએ વાત નહિ કરેલી હોવા છતાં) '1 - As far as I Know,' 2- 'It appear that', 3 - 'I have considered the issue from different angle not posed by either counsel'

ભાવાર્થ - ૧ - 'જ્યાં સુધી હું જાણું છું,' ૨- 'આવું દેખાય છે કે', ૩ - 'બંને પક્ષના વકિલોએ વાત નહિ કરી હોવા છતાં મેં આ બાબત અલગ દ્રષ્ટિકોણથી વિચારી છે'

આ રીતનાં વિધાનો કરવા દ્વારા જસ્ટીસ શ્રી કોચરે ચૂકાદાના પેજ ૩ થી ૫ અને ૫૫ થી ૫૭ માં વ્યક્તિગત અભિપ્રાયો મંતવ્યો આપ્યા છે તેથી તેનું ખાસ કોઈ મહત્વ રહેતું નથી માટે એ અંગે એત્રે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

મુંબઈ હાઈકોર્ટના જજ શ્રી કોચરે આપેલ તા. ૨-૫ ૨૦૦૦ના ચુકાદાના મહત્વપૂર્ણ નિર્ણાયક નિષ્કર્ષો

PAGE 18 - It is no where found in the Scheme that the Trust and the Trustees are enabled, much less empowered to frame any rule and regulation in the form of any resolution or otherwise to prescribe or proscribe, permit or prohibit any form of religious practices, prayers, rites, ceremonies which are recognised and accepted as the religious principles tenets, practices and usage followed by the Jains.

ભાવાર્થ - જે ધાર્મિક આચરણા, પ્રાર્થના, પૂજાવિધિ, સમારંભો વગેરે જૈનો દ્વારા માન્યત પ્રાપ્ત સિદ્ધાંતો, નિયમો, આચારો, રૂઢી, પરંપરાઓ પ્રમાણે હોય તેને કોઈ પણ ઠરાવ કે અન્ય રીત કરવા દ્વારા રોકવા વગેરેનો ટ્રસ્ટીઓને ટ્રસ્ટ ની સ્કીમ

મુજબ કોઈ જ અધિકાર નથી.

PAGE 19 - Every Jain member of the Trust is entitled to use the property of the Trust for performing Pooja or worship either of the idol or the Guru in accordance with the Jain religious principles enshrined and accepted as universally established in the Jain Shastra and scriptures.

ભાવાર્થ - જૈન શાસ્ત્ર અને ગ્રંથોમાં બતાવેલ વૈશ્વિક સ્થાપિત જૈન ધાર્મિક સિદ્ધાંત મુજબની વિધિ પ્રમાણે મૂર્તિની કે ગુરૂભગવંતની પૂજા કે ભક્તિ કરવાનો ટ્રસ્ટના દરેક જૈન સભ્યને અધિકાર છે.

PAGE 19 - I do not find anything illegal or wrong or contrary to the Jain principles, if a devotee performs Gurupooja in the manner of Navangi Pooja or Ekangi Pooja. If the Guru accepts such pooja I do not find how the Trust can prevent or prohibit the Gurupooja in the manner the devottee does, which is acceptable to the Guru.

ભાવાર્થ - ભકત નવાંગી ગુરૂપૂજા કરે યા એકાંગી, એમાં હું કશું જ ગેરકાયદેસર, ગલત કે જૈન સિદ્ધાંત વિરૂદ્ધ જોતો નથી ગરૂને સ્વીકાર્ય એવી પૂજા, ગુરૂ જો સ્વીકારતા હોય તો ભકત જે રીતે ગુરૂપૂજા કરે તેને ટ્રસ્ટ કઈ રીતે પ્રતિબંધિત કરી શકે ?

PAGE 19/20 - It may be as in our case that the Navangi Pooja of a Guru is being performed by a microscopic minority amongst the Jains, and it is not a universally accepted and established form of Gurupooja and the defedants have not pointed out any Jain Shashtra of Scripture to show that such navangi Gurupooja is not in accordance with the Jain religious tenets, practices and usages.

ભાવાર્થ - ગુરૂની નવાંગી પૂજા ભલે ખૂબજ નાની લઘુમતિવાળા જૈનો કરે છે અને ભલે એ સર્વસંમત અને સ્થાપિત ગુરૂપૂજનનો પ્રકાર ન હોય છતાં બચાવપક્ષ (માટુંગા ટ્રસ્ટ - ટ્રસ્ટીઓ) 'નવાંગી ગુરૂપૂજા એ જૈન ધાર્મિક સિદ્ધાંત આચાર અને પરંપરા પ્રમાણે નથી' એવું બતાવવા કોઈપણ જૈન શાસ્ત્ર કે ગ્રંથ રજુ કરી શકયો નથી.

PAGE 21 - The Trust can not choose to invite only such Gurus who follow either Ekangi Guru Pooja way or Navangi Guru Pooja way. The Trust has to treat all of them equal without any discrimination.

ભાવાર્થ - એકાંગી યા નવાંગી ગુરૂપૂજનને અનુસરતા કોઈપણ એક જ ગુરૂઓને આમંત્રિત કરવાની ટ્રસ્ટ પસંદગી ન કરી શકે. ટ્રસ્ટે એ બધા સાધુઓમાં કોઈપણ ભેદભાવ કર્યા વિના વ્યવહાર કરવાનો છે.

PAGE 22 - The trustees having passed the impugned resolutions putting total ban on the Navangi Pooja have virtually dismembered all such members who believe in Navangi Guru Poojan. The trust by the impugned resolutions narrowed and shrunk the definition of a member of the trust to the extent of the Jains who perform Ekangi Gurupooja in the Pathshala. The Turst has permitted the membership of the trust only to such Jain who belive in Ekangi Gurupooja and who follow Ektithi Calender. This is an indirect method of restrictiong the Trust membership, which cannot be per mitted and which is not contemplated by the Scheme. The Trust has no business to discriminate and divide its membership on such irrational basis.

ભાવાર્થ - ટ્રસ્ટીઓએ આવા વિવાદાસ્પદ ઠરાવો કરીને નવાંગી ગુરૂપૂજન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા દ્વારા ખરેખર નવાંગી ગુરૂપૂજનમાં માનતા એવા બધા જ સભ્યોને સભ્યપદેથી ગેરબાતલ કર્યા છે. આ રીતે ટ્રસ્ટે ટ્રસ્ટના સભ્યની વ્યાખ્યા સાંકડી અને સંકુચિત કરીને એને માત્ર એકાંગી ગુરૂપૂજન કરવાળાઓ માટે જ રાખી છે.

ટ્રસ્ટે એકાંગી ગુરૂપૂજા અને એક તિથિ પંચાંગ માનવાવાળા જૈન માટે જ સભ્ય બનવાની સજા આપી છે. આ કાર્ય ટ્રસ્ટના સભ્ય બનવાથી રોકવાની એક અપ્રત્યક્ષ - આડકતરી રીત છે, જેની મંજૂરી આપી શકાય નહિ એને ટ્રસ્ટ સ્કીમની મંજૂરી પણ નથી. ટ્રસ્ટનો એ ધંધો નથી કે એના સભ્યોમાં આવા ગેરવ્યાજબી મુદ્દાના આધારે ભેદભાવ કરીને ભાગલા પાડે.

PAGE 23/24 - **In view of the discussion above I hold and declare that the impugned resolutions are not only illegal but are null and void and are ultra vires the scheme governing the Trust and being in controvention of the Article 25 of the costitution of India. I also clarify that this is not a prima facie view of mine but is based on my considered opinion judicially arrived on the basis of the material on record and the Jain scriptures and Jain philosophy. Nathing more was necessary for me to come to the conclusion.**

ભાવાર્થ - ઉપરની ચર્ચાના આધારે હું નક્કી કરીને જાહેર કરું છું કે માટુંગા ટ્રસ્ટે પસાર કરેલા સદર વિવાદાસ્પદ

ઠરાવો માત્ર ગેરકાયદેસર છે, એટલુંજ નહિ પણ શૂન્ય અને વ્યર્થ છે અને તે ઠરાવો ટ્રસ્ટની સ્કીમની વિરૂદ્ધ છે તેમજ ભારતીય બંધારણની ૨૫ મી આર્ટીકલની વિરૂદ્ધ છે. હું સ્પષ્ટ કરૂં છું કે આ મારો માત્ર પ્રથમદર્શી નિષ્કર્ષ નથી પરંતુ રેકોર્ડના તેમજ જૈન શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના આધારે ન્યાયપૂર્વકનો નિર્ણિત કરેલો અભિપ્રાય છે. આ નિષ્કર્ષ સુધી આવવા માટે મને વધુ કશાયની જરૂર ન હતી.

PAGE 24 - The learned Trial Judge has also considered the facts and the law placed before him and according to me, he has rightly granted the Notice of Motion in terms of prayer clames a (i), a (ii) and a (iii). I do not find any illegality or perversity in the impugned Judgment and order of the learned Judge. There is absolutely no infirmity or illegality in the impugned Judgment. I also agree with the learned Judge that the balance of convenience would be in favour of the plantifits.

ભાવાર્થ - વિદ્વાન ટ્રાયલ જજ (શ્રી કામડી) એ એમની આગળ મૂકાયેલ હકિકતો અને કાયદાઓનો બરાબર વિચાર કર્યો છે અને મારા મતે એમણે પ્રાર્થના ક્રમાંક a (i), a (ii) અને a (iii) ની બાબતમાં નોટીસ ઓફ મોશનની સુયોગ્ય રજા આપી છે. **એ વિવાદગ્રસ્ત ચૂકાદામાં અને વિદ્વાન જજના આદેશમાં હું કશું જ ગેરકાયદેસરપણું કે ખોટાપણું જોતો નથી. એ ચૂકાદામાં કોઈપણ રીતે કચાશ કે ગેરકાયદેસરતા નથી. ન્યાયની અનુકૂળતા પ્લેન્ટીફના (બે તિથિ માન્યતા) પક્ષમાં છે. એ બાબતમાં હું વિદ્વાન જજ સાથે સંમત થાઉં છું.**

PAGE 29 - I cannot take any other different view as I am in respectful agreement with the view taken by the learned Single Judge (Smt. K. K. Baam, J.) I do not find any infirmity or illegality in the order passed by the Trial Judge (R. B. Malik) on the priliminary issue.

ભાવાર્થ - હું વિદ્વાન એકલ જજ શ્રીમતી કે. કે. બામે લીધેલા દ્રષ્ટિકોણ સાથે આદરપૂર્વક સંમત છું તેથી બીજો જુદો અભિપ્રાય ધરાવી ન શકું. પ્રાથમિક મુદ્દાઓ ઉપર ટ્રાયલ જજ આર. બી. મલિકે પસાર કરેલા આદેશમાં હું કશી કચાશ કે ગેરકાયદે[illegible] જોતો નથી.

PAGE 29/30 - It appears that unfortunately the defendants have made it a prestige poin out of their ego and are therefore litigating on each and every small point at every stage upto the Supreme Court, though technically they are entitled to do so.

ભાવાર્થ - **એવું દેખાય છે કે કમનસીબે બચાવપક્ષે (માટુંગાના ટ્રસ્ટ-ટ્રસ્ટીઓએ) આ બાબતને એમના અહંથી એક પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યો છે એને એથી તેઓ દરેક નાના મુદ્દે પણ છેક સુપ્રિમ કોર્ટ સુધી ઝગડી રહ્યા છે; જો કે ટેકનીકલી તેમને તેવું કરવાનો હક્ક છે.**

PAGE 31/32 - According to me, the aforsaid Judgement of the Supreme Court fully Supports the case of the plaintiffs to perform Navangi Guru Pooja and to observe Be Tithi both from part of the Jain religion and it is the form or manner of practice of their faith in the religion.

ભાવાર્થ - મારા મતે, બે તિથિ પક્ષના વકીલ શ્રી અ[illegible]નેએ રજુ કરેલ સુપ્રીમ કોર્ટનો ઉપર દર્શાવેલ ચૂકાદો, પ્લેન્ટીફ (બે તિથિ નવાંગી ગુરૂપૂજા પક્ષ) ના પક્ષને; જૈન ધર્મનો એક ભાગ હોવાને લીધે અને એમના ધર્મની એમની શ્રદ્ધા મુજબની આચરણાની રીત હોવાને લીધે નવાંગી ગુરૂપૂજા અને બે તિથિ કરવાની બાબતમાં સંપૂર્ણપણે ટેકો આપે છે.

PAGE 38 - In my opinion the plaintifts have protected the interest of similarly situated Jain people following the practice of Navangi Guru Pooja.

ભાવાર્થ - મારા મતે, પ્લેન્ટીફોએ (બે તિથિ પક્ષ - કાંતિલાલ ચુનીલાલ શાહ વગેરેએ) પોતાના જેવી જ સ્થિતિમાં રહેલા નવાંગી ગુરૂપૂજનને આચરતા જૈનોના હિતોનું સંરક્ષણ કર્યું છે.

PAGE 52 - The civil court was well within its jurisdiction to grant appropriate interim orders and I do not see any wrong committed by the Trial Court. If the final result of the suit would be to permanently injecting the defendants from enforcing and implementing the impugned resolutions I fail to understand why the Trial Court cannot temporarily grant such an injuction.

ભાવાર્થ - **સુયોગ્ય વચગાળાના આદેશો આપવાની બાબતમાં સીવીલ કોર્ટ, બરબર પોતાની અધિકાર ક્ષેત્રમાં રહી છે અને ટ્રાયલ કોર્ટે કશું ખોટું કર્યાનું હું જોતો નથી.**

જ્યારે આ સ્યુટનો છેલ્લો ચૂકાદો ડિફેન્ડન્ટને (માટુંગા ટ્રસ્ટ - ટ્રસ્ટીઓને) આવા વિવાદાસ્પદ ઠરાવો ને ઠોકી બેસાડતાં કે અમલ કરતાં હમેશ માટે

રોકવામાં જ આવવાનો હોય ત્યારે હું સમજી શકતો નથી કે ટ્રાયલ કોર્ટ અલ્પકાલીન આવો મનાઈ હુકમ શા માટે ન આપી શકે ?

જસ્ટીસ કામડી અને જસ્ટીસ કોચરે નિર્ણિત કરેલી બાબતો ઉપર તટસ્થપણે વિચાર કરતાં જણાય છે કે બે તિથિ અને નવાંગી ગુરૂપૂજનની માન્યતા એ શાસ્ત્રીય તેમજ તપાગચ્છ જૈન સંઘમાં પ્રવર્તમાન માન્યતા છે, તેથી જૈન કેન પ્રકારેણ એ શાસ્ત્રીય માન્યતાને આચરતા પુણ્યાત્માઓનો વિરોધ કરવા કે એમની આચરણા આચરતાં અવરોધ ઉભો કરવો તદ્દન અનુચિત છે. એટલું જ નહિ સંઘમૈત્રી અને સંઘ એકતાનું ઉમદા સંકલ્પનાને અનુરૂપ નથી.

સંઘ એકતા અને મૈત્રીને ખરેખર જીવંત બનાવી સકલ સંઘનું શ્રેય હાંસલ કરવું હોય તેણે સંઘમાં ભાગલા અને વિદ્વેષ વધે એવા કોઈ પર ઠરાવો કરવા આદિ કાર્યવાહીથી તદ્દન અલિપ્ત રહેવું જોઈએ અને સંઘમાં પ્રવર્તતા શાસ્ત્રીય અનુષ્ઠાનોને આચરતા આરાધક વર્ગની ભાવનાઓનો હાર્દિક આદર કરવા પૂર્વક સાંમજસ્યનું વાતાવરણ ઊભું કરવું જોઈએ.

વર્તમાન શ્રીસંઘ સમક્ષ ડોકિયું કરીને ઉભી રહેલ જમાનાવાદ, નાસ્તિકવાદ વગેરે અગણિત સમસ્યાઓને સુલઝાવવામાં જૈન સંઘની શક્તિઓ ખર્ચવાના સ્થાને શાસ્ત્રીય અનુષ્ઠાનો અને ક્રિયા વિધિના અવરોધ અને નાશમાં સંઘની અતિ મહત્વની શક્તિઓનો વ્યય કરવો સર્વથા અયોગ્ય અને અહિતકારક છે. સૌ કોઈ આ પવિત્ર આશયને સમજી સંઘહિતમાં પ્રવર્તે એજ આશયથી આ લખાણ રજૂ કરાયું છે.

■ પ્રકાશક ■

સદ્ધર્મ સંરક્ષક સમિતિ

C/o. શ્રીજી દર્શન, ૨૦૫, ટાટા રોડ નં. ૨,

ઓપેરા હાઉસ, મુંબઈ - ૪૦૦ ૦૦૪.

સંઘ - એકતાની ભાવનાનો જવલંત વિજય

પાના નં. ૩૫૦ થી ચાલુ...

શ્રીકૃષ્ણે કહ્યું - મને અશ્વત્થામા રાત્રિયુદ્ધનું કપટ કરશે તેવી ગંધ હતી જ. માટે જ બલરામને મનાવવાના બહાને તમને ત્યાં ખસેડી લીધા હતા. હવે તમે તો હાજર છો તેથી પુત્રોનો શોક કરવાની જરૂર નથી. હવે આપણે દ્રૌપદીને સમજાવીએ.

એમ કહી છાતીફાટ રૂદન કરી રહેલી દ્રૌપદીને શ્રીકૃષ્ણે આશ્વાસન આપતા કહ્યું કે- તને અખંડ સૌભાગ્ય દેનારા પુત્રોના તથા બે ભાઈના મૃત્યુને રડીને અમંગળ ના કર. સંસારનું સ્વરૂપ જાણનારને પુત્રમરણના શોક હોવા ન જોઈએ.

આ રીતે દ્રૌપદીને કલ્પાંતમાંથી ધીમે ધીમે સ્વસ્થ બનાવી.

હવે પાંચે પાંડવો ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી પાસે આવીને નમન કર્યુ પણ રોષથી તેમણે તેમની સામે ના જોયું.

આથી શ્રીકૃષ્ણે કહ્યું - 'રાજન્ ! આ જ તમારા સાચા પુત્રો છે. માત્ર પાંચ ગામ દેવાથી આ સંહાર અટકી શકતો હતો. તે અભિમાની દુર્યોધને સંધાન નહિ કરીને સંહાર વેર દીધો છે. માટે પાંડવોનો જરાય અપરાધ નથી તેથી તમે તેમને આશીર્વાદ આપો. !

શ્રીકૃષ્ણની વાણીથી સત્ય સમજીને - તમારો આમાં કોઈ દોષ નથી ભાગ્ય જ રૂઠયુ હોય ત્યાં તમારો દોષ શો ગણાય ? આમ કહી દરેકને માથે દુઃખથી હાથ ફેરવ્યો.

પછી ગાંધારીએ કહેતા તેને રણભૂમિ ઉપર લઈ ગયા. ત્યાં દરેક સ્ત્રી પોત પોતાના પતિના શબને શોધી શોધીને તેની આગળ કરૂણ કલ્પાંત કરવા લાગી.

છેવટે યુધિષ્ઠિરની આજ્ઞાથી અર્જુને આગ્નેયાસ્ત્રથી અગ્નિ પેટાવી દરેકનો અગ્નિ સંસ્કાર કર્યો. અને ગાંધારી આદિને સાત્યકિની સાથે હસ્તિનાપુર મોકલ્યા અને પિતાને પ્રણામ સાથે કહેવડાવ્યું કે જરાસંધનો વધ કરીને પછી અમે આવીશું.

અઢાર - અઢાર દિવસ સુધી ચાલેલા કુરૂક્ષેત્રના સમરાંગણમાંથી પાંચ પાંડવો, કેશવ, સાત્યકિ સિવાય કોઈ જીવતું પાછું ના ફર્યુ. પહેલા દિવસનું પડેલું મડદુ છેલ્લા દિવસના મડદાની સાથે જ બળીને ખાખ થયું. કૌરવો તો કુરૂક્ષેત્રની રાખ બનીને ઉડી ગયા.

બાકી રહેલા પાંડવો શ્રીકૃષ્ણની સાથે જ કુરૂક્ષેત્રથી જ સીધા હસ્તિનાપુર ના જતાં દ્વારકા નગરી તરફ ગયા.

ક્રમશઃ

સમાચાર સાર

અમદાવાદ - સમ્રાટનગરમાં ડેમોલ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા મહા સુદ પાંચમના પૂજ્યપાદની નિશ્રામાં ખૂબજ ધામધુમથી ઉજવાઈ. આ પ્રસંગે જલયાત્રાના વરઘોડામાં હાથી ઘોડા, રથ અને સાજન માજનથી અભૂતપૂર્વ વરઘોડો સમ્રાટનગરમાં થયેલ સાધર્મિક વાત્સલ્ય શંખલપુરવાળા દીલીપભાઈ તરફથી થયેલ. પ્રતિષ્ઠાના ચઢાવો તથા ગુરુગૌતમ સ્વામિના ચઢાવા પૂજ્યશ્રીના સંસારી કાકાના દિકરા ભાઈ જગદીશ ચીમનલાલ ભૂરાલાલે લીધેલ પૂજ્યશ્રી રાધનપુરના વતની છે. પ્રતિષ્ઠાના દિવસે રાધનપુરમાં ઘર દીઠ બે લાડવાની પ્રભાવના થયેલ સમ્રાટનગરમાં અગ્યારસો ઘરમાં જગદીશ ચીમનલાલ તરફથી લાડવાની લ્હાણી થઈ કાયમી ધજાદંડનો લાભ ગળીવાળા કુટુંબે લીધેલ ગુરુમૂર્તિ રામચંદ્ર સૂ. મ. ની પ્રતિષ્ઠા રીખવચંદ છોગાજીએ લીધેલ આમ અમદાવાદ નિવાસી માટે સમ્રાટનગર એક જાત્રાનું ધામ બનેલ છે. પૂજ્યશ્રીની નવરંગપુરા મંગલ મૂર્તિ તથા જ્ઞાન મંદિર આદિ ઠેર ઠેર જગ્યાએ સ્વાગત યાત્રા સુંદર નીકળેલ

અંકેવાળીયા – પૂ. આ. પ્રભાકર સૂ. મ. આવતા પૂ. આ. જિનેન્દ્ર સુ. મ. તથા પૂ. આ. પ્રભાકર સૂ. મ. ની નિશ્રામાં ચંપાપૂરી તીર્થની પ્રતિષ્ઠા સાત ગુરૂમૂર્તિની પ્રતિષ્ઠા મહા વદ સાતમના અનુમોદનીય ઉજવાઈ ગયેલ. ચૈત્રી ઓળીમાં માણેકપુરમાં પૂ. આ. હિમાંશુ સૂ. મ. તથા પૂ. આ. પ્રભાકર સૂ. મ. ની નિશ્રામાં માણેકપુરમાં પૂજ્ય તપસ્વી સમ્રાટ આ. હિંમાશુ સૂ. મ. ના ઉપદેશથી તૈયાર થયેલ શંત્રુજ્ય અવતાર આદિની પ્રતિષ્ઠા અંજનશલાકા મહોત્સવ ખૂબજ ધામધુમથી ચૈત્ર સુદ તેરસ અને ચૌદસ ની પ્રતિષ્ઠા ખૂબ ધામધુમથી થયેલ છે સુધર્મ ગુરૂની ૫૧ ઈંચની પ્રતિમા અતિ સુંદર અને આત્માને માટે પરમ શાંતિનું ધામ છે. આત્મા રામજી મ. થી માંડી પૂ. આ. રામચંદ્ર સુ. મ. આદિ દશ જનના ગુરુ પગલા તથા તેઓના ફોટાની પ્રતિષ્ઠા પણ થયેલ છે.

ઈડર - તલોદ - પોષીના - હરસોળ – આદિ અનેક ઠેકાણેથી પૂજ્યશ્રીની સ્વાગત યાત્રા અનુમોદનીય નિકળી હતી.

પોષીના ૪૫૦ માણસોનું સાધર્મિક વાત્સલ્ય થયેલ બુફે બંધ રાખેલ.

તલોદમાં પૂજ્યશ્રીની નિશ્રામાં દેરાસરની વર્ષગાંઠની ઉજવણી - સાધર્મિક વાત્સલ્ય સાથે થઈ. વર્ષોથી ઉઝેણીની પ્રથા બંધ કરીને બેસીને અને સહુએ થાળી ધોઈને પૂર્વક કરેલી છે. ૧૪ આતી વર્ગે આ રીતે થાળી ધોઈને પીધેલ તેને કાયમ માટે સંઘે બુફે બંધ કરેલ પાઠશાળાની શરૂઆત થયેલ. ધાતુના શાંતિનાથ ભગવાનનો પ્રવેશ મહોત્સવ મોટી પ્રતિષ્ઠા જેવો વૈ. સુદ ૧૧ નો થયેલ સકળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ પૂ. આ. મનોહર સુ. મ. ને વૈ. સુદ ૧૧ ના ભવ્ય ઉજવણી થયેલી બધાને અલ્પ આહાર અપાયેલ.

હરસોળ – મૌક્ષરક્ષિત વિ. ૬૬ + ૬૭ મી ઓળી ઉપર પાંચ ઉપવાસ નિર્મિતે તેમજ દેરાસરની વર્ષગાંઠ નિમિતે દસ દિવસનો ભવ્ય મહોત્સવ યોજાયેલ હતો.

તલોદ ગામમાં અનેરી શાસન પ્રભાવના પૂર્વક પૂ. આ. પ્રભાકર સુ. મ. આદિ પધાર્યા હતા. વૈ. સુદ સાતમના ભવ્ય સ્વાગતયાત્રા પૂર્વક હરસોળ ગામમાં પધારેલ અને ગુરુ પૂજનનો ચઢાવો અનુમોદનીય થયેલ સઘળા પૈસા સ્વદ્રવ્યમાં જશે તે વાત નક્કિ કરાયેલ પૂજ્યશ્રીની હરસોળમાં ચાર દિવસ સ્થિરતા દરમ્યાન ચારે દિવસ ત્રણેય ટાઈમ સાધર્મિક વાત્સલ્ય થયેલ, બુફે બંધ રાખેલ. સિધ્ધચક્ર મહાપૂજન, થાળી ધોઈને પીવાનું આદિ સમજાવટથી કામ સુંદર થયેલ, બહારગામથી આ પ્રસંગે ૪૦૦ (ચારસો) માણસો ઉમટી પડેલ હતુ. મૌક્ષરક્ષિત વિ. મ. નુ વૈ. સુદ ૧૦ ના પારણું જ્ઞાનપૂર્વક સુંદર થયેલ. પ્રભાવના સુંદર થયેલ. પૂજ્યશ્રી અહીંથી વિહાર કરી અમદાવાદ તરફ પધારશે.

નવસારી - પૂ. આ. શ્રી વિજય અમરગપ્તસૂરીશ્વરજી મ. ના સંયમ અનુમોદનાર્થે પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વૈ. વદ ૩ થી વૈ. વદ ૭ સુધી શેઠ રમણલાલ છગનલાલ આરાધના ભવન દ્વારા શ્રી આદિનાથ જિનાલય ઉજવાયો.

વદ ૩ પૂજા છગનલાલ ખીમચંદ માચીસવાળા વાપી તરફથી
વદ ૪ પૂજા સરેમલ દેવાજી વાંકણ્યા વડગામવાળા તરફથી
વદ ૫ પૂજા પ્રવિણભાઈ કોફીવાળા ભવાનીપેઠ, પુના તરફથી
વદ ૬ પૂજા મુકુંદભાઈ રમણલાલ અમદાવાદ તરફથી
વદ ૭ સિદ્ધચક્ર મહાપુજન રામલાલ વીરચંદ, ન્યુ, ટીમ્બર માર્કેટ, પુના વાળા તરફથી થયા.

મહોત્સવના શુભેચ્છકો દ્વારા પૂરક સારો લાભ લેવાયો.

જામનગર ઓસવાળ કોલોનીમાં શ્રી છગનલાલ ખીમજી ગુઢકા, શ્રીમતી કાંતાબેન છગનલાલ, શ્રીમતી દેવકુંવરબેન મોતીચંદના સુકૃત અનુમોદના રૂપ

ભવ્ય જીવીત મહોત્સવ

શાહ છગનલાલ ખીમજી ગુઢકા પરિવારના શ્રી છગનલાલભાઈ શ્રીમતી કાંતાબેન શ્રીમતી દેવકુંવરબેનના જીવીત મહોત્સવ માટે તેઓ પોષ માસમાં આવેલા ત્યારે પૂ. આ. શ્રી વિ. ય જિનેન્દ્ર સૂરીશ્વરની મ. આદિને અનુકુળતા હોય તે મુજબ મહોત્સવ કરવા ભાવના કરી. પૂ.શ્રીના દીક્ષાદિન કે આચાર્યપદ દિન સાથે લેવાનો તેમનો ભાવ હતો અને તે મુજબ અખ ત્રીજના પૂ. શ્રી આચાર્યપદ દિન તથા પૂ. પ્રવર્તક મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. નો દીક્ષા દિન હોવાથી તે દિવસ નક્કી કર્યો.

શ્રી ત્યંતિલાલ ખીમજી ગુઢકા શ્રી પ્રભુલાલ ખીમજી ગુઢકા એ ભ ય તૈયારી કરી અને શ્રી છગનભાઈ પણ સમયસર આફ્રીકાથી દેશમાં આવી ગયા. ખૂબ ઉત્સાહ વર્તાતો હતો.

ચૈત્ર વદ ૧૧ તા. ૩૦ રવિવારે પૂ. શ્રી આદિનો ભવ્ય પ્રવેશ થયો. તે દિવસે શ્રીમતી કાંતાબેનને શ્રી ચંદનબાળાના અઠ્ઠમનું પાર ગું હતું. વિશાળ સામૈયું રણજીતનગર તેમને ઘેર ગયું ત્યાં પાર ણાનો વિધિ ગુરુપૂજન આદી કરવા પૂર્વક અડદના બાકુળા વહો ાવ્યા. માંગલિક તથા સંઘપૂજન થયું. દર્શન કરી ઉપાશ્રયે અ વતાં પ્રવચન થયું. અને સંઘોની ચાતુર્માસ વિનંતિઓ થઈ. પૂ. શ્રીએ જામનગર ચાતુર્માસની હા પાડતાં સૌ ઉત્સાહમ ાં આવી ગયા અને જય બોલાવી જયજયકાર કર્યો. ગુરુપૂજ ન કરી શ્રીફળની પ્રભાવના થઈ.

બૈ. વદ ૧૩ કુંભર પાવન આદી તથા બપોરે પંચકલ્યાણક પૂજા ભણાવાઈ પૂજા ભાવની માટે શંખેશ્વરથી દિલીપભાઈ ઠાકુરની મંડળી આવી હતી. ભાવનામાં પણ રસ જમાવ્યો

ચૈત્ર વદ ૧૪ ના સવારે પ્રવચન,બપોરે નવગ્રહાદિ પૂજન થયું. વદ ૦)) ગુરુવાર સવારે પ્રવચન, બપોરે ભવ્ય મંડપમાં ઠાઠ ી શ્રી સિધ્ધચક્ર પૂજન ભણાવાયું. જીવદયાની ટીપ મોટી થ ઈ એક લાખ એક હજાર ખીમજી પરિવાર તથા વાલીબેન જેઠાભાઈ નાગડા તરફથી ૩૫ હજાર જેટલા થ્યા અનેક ભાવિકો ૧૧ હજાર વિ. લખાવીને લગભગ ૨ લ ખ સુધી ટીપ પહોંચી ગઈ ટ્રસ્ટી શ્રી રામજીભાઈએ આ દુકાળમાં તરત વાપરી નાખવાની જાહેરાત કરી.

સુદ ૧+ ૨ શુક્રવાર તા. ૫ ના ભવ્ય રથયાત્રાનો વરઘોડો ચડયો બગીઓ મોટરો રથ વિ. ની શુભ અને સારી ન મહાજન પણ સારૂં હતું. ખંભાળીયા ગેટ પ્લોટ દેરાસર પોલીસ ચોકી થઈ ઓસવાળ કોલોની ઉતર્યો.

ઓસવાળ સેન્ટરમાં જામનગર તથા બાવન ગામ હા.વી.ઓ. સમાજનું સંઘજમણ થયું. છગનભાઈ આદિનું બહુમાન થયું.તેમણે પણ ઉદારતાથી ખુશી ભેટ આપી. મીઠાઈ ખુબ વધી તે અનેક સંસ્થાઓમાં કાર્યકરોએ પહોંચાડી.

સુદ-૩ સવારે ૯-૦૦ વાગ્યે ઠાઠથી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું. શ્રીફળની પ્રભાવના થઈ. શ્રીફળ, લીલાશ્રીફળ, સાકર વિ. ની પ્રભાવનાઓ રોજ થતી. વિધિ મટે શ્રાધ્ધવર્ય-શ્રેષ્ઠીવર્ય શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ તથા સુરેશભાઈ પધાર્યા હતા. ત્યાં પ્રવચનમાં તથા પૂજન આદિમાં રંગ જામતો અને ખુશી ભેટની છોળો ઉછળતી.

સુદ-૪ રવિવાર પૂ. તપસ્વી રત્ના સા.શ્રી. મહેન્દ્રપ્રભાશ્રીજી મ. ની પુણ્ય તિથિ નિમિત્તે સત્તર ભેદી પૂજા ઠાઠથી ભણાવાઈ, વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે ભક્તિ રસમાં મગ્ન કરી દીધા. ખીમજી વિરજી ગુઢકા તથા સાધ્વીજી મ. ના સંસારી પુત્ર વેલજી હીરજી ગુઢકા તરફથી એક- બે શ્રીફળની પ્રભાવના થઈ.

રચનાઓ ૧૦ નું આકર્ષણ હતું. તથા જીવંત મહોત્સવ નિમિત્તે પાંચ છોડનું મોટા ઉપકરણ આદિ સાથે સારી ઉદારતાથી કર્યું હતું.

જીવદયાની ટીપમાંથી હાલારના બાવન નામમાં ૧-૧ ગુણી ચણ ૨-૨ હજાર રૂા. નિરણ માટે અને બીજે દ્વારા આદિ ખાતે મોકલાયા હતા. શ્રીમતી વાલીબેન જેઠાભાઈ ધરમશી તરફથી ૧-૧ ગુણી ચણ બાવન ગુણી અપાયું હતું. તથા ખીમજી વીરજી ગુઢકા તરફથી બારાડીમાં ૬૧ ગુણી ચણ અપાયું હતું.

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા શંખેશ્વર

વિ.સં. ૨૦૫૫ મહા સુદ ૫ ના અત્રે દેરાસરની વર્ષગાંઠ ઉજવાઈ ત્યારે ભોજનશાળા, ધર્મશાળા ઉત્તરવિભાગ જલધારા અને ૨૫ ફૂટની પ્રતિમાના મંદિરનું શીલાસ્થાપન થયું હતું. ભોજનશાળા ધર્મશાળાના પ્રથમ માળના સ્લેબ ભરાઈ ગયા છે. ૨ માસમાં ઉપરનું કામ ચાલુ થશે.

ધર્મશાળાની ૩૪ રૂમ લખાઈ ગઈ છે કુલ ૩૭ રૂમ થશે. રૂમ લખાવનાર ભાગ્યશાળીમાં જેમની રકમ બાકી હોય તે પણ અવસરે મોકલવા પ્રયત્ન કરે.

૧૨૫ નવી વીંગ ઉત્તર વિભાગ

રૂમોના નકરાના નામની યાદી

(૧) શ્રી મોતીચંદ દેવરાજ ચંદરીયા હ. કેશવલાલ રાવલસર- નાઈરોબી
(૨) શ્રી નરસી દેપાર માલદે ચંગા - લંડન
(૩) શ્રીમતી કંચનબેન મોતીચંદ પરબત ગુઢકા ગાગવા-લંડન
(૪) શ્રી મુલજી રાણમલ નરસી જંખરીયા મીઠોઈ-નાઈરોબી
(૫) શ્રીમતી ચંદ્રાબેન રતીલાલ વીધુભાઈ પેથરાજ માલદે ડબાસંગ-લંડન
(૬) સ્વ. મેપાભાઈ દેવરાજ સુમરીયા શાહ આરબલુસ
શ્રી મુનરાજભાઈ મડાગાસર
શ્રી વેરસીભાઈ કેન્યા
શ્રી પ્રેમચંદભાઈ ત્થા હેમચંદભાઈ મુંબઈ
(૭) શ્રીમતી જયાબેન ગુલાબચંદ મુલચંદ શાહ મોટા માંઢા-લંડન
(૮) શ્રીમતી હર્ષાબેન નીલેશત્થા રાજેશ ગુલાબચંદ લંડન
(૯) શ્રીમતી જડાવબેન રતીલાલ એચ. શેઠીયા નવાગામ-થીકા
(૧૦) શ્રીમતી જયાબેન અમૃતલાલ જેઠાલાલ શેઠીયા તરઘરી દેવરીયા-લંડન
(૧૧) શ્રીમતી રતનબેન જુઠાલાલ હરીયા પડાણા-લંડન
(૧૨) શ્રીમતી ઝવીબેન મેઘજી સાંમત ધનાણી ચેલા-લંડન
(૧૩) શ્રી દેવરાજ મેઘણ ગડા નાઘેડી-જામનગર.
(૧૪) શ્રી મહેન્દ્રભાઈ સોજપાર કચરા ગોસરાણી લાખાબાવળ-જામનગર
(૧૫) શ્રી પોપટલાલ રાજા ત્થા મેઘજી રાજાભાઈ લાખાબાવળ-મુંબઈ
(૧૬) શ્રીમતી કસ્તુરબેન નરશી વીરજી જંખરીયા વ.સીંહણ-મુંબઈ
(૧૭) શાહ હીરા મેઘણ નાચડા
હ. કેશવજી ત્થા અમૃતલાલ નરસી વાવબેરાજા-સુરત
(૧૮) શ્રીમતી સરોજબેન શશીકાંત લંડન
(૧૯) શ્રી પુંજાભાઈ દેવરાજ સુમરીયા ડબાસંગ-લંડન
(૨૦) શ્રીમતી શાંતાબેન રતીલાલ દેવચંદ ગુઢકા રાસંગપર-લંડન
(૨૧) શ્રી હીરજી હેમરાજ પાંચા જખરીયા
હ. મહેન્દ્ર,મહેશ,રજનીકાંત ત્થા નીલેશ હીરજી શાહ રાસંગપર-લંડન
(૨૨) રમણીકલાલ જે. શાહ લંડન
(૨૩) કેશવજી ભારમલ સુમરીયા ગોઠેજ-મુલુંડ
(૨૪) શાહ મનસુખલાલ નરશી માલદે
(૨૫) શ્રીમતી રંભાબેન લીલાધર નથુ નાગડા
પુત્રો રસીક ત્થા જીતેન્દ્ર
(૨૬) શ્રી ઝવેરચંદ કચરા ગલેયા
પ્રેરણા કિશોર ઝવેરચંદ માલદે લાખા મારવળ-મુંબઈ
(૨૭) શ્રીમતી મોંઘીબેન હેમરાજ હીરજી
હ. સુશીલાબેન શાંતિલાલ તરઘર દેવરીયા
(૨૮) શ્રીમતી વિજયાબેન ગુલાબચંદ બીદ
હ. શ્રીમતી અમૃતબેન કાંતિલાલ ત્થા
સુનીલ ત્થા વિમલ કાન્તીલાલ કીશોર
ત્થા કેતન ગુલાબચંદ સેવક ણીંગા-લંડન
(૨૯) શ્રી દયાળજી રાજપાર શેતાર સ-લંડન
(૩૦) શ્રીમતી વેજીબેન મેરગ કુંભાણી ગુઢકાના શ્રેયાર્થે
હ. મોતીબેન પ્રભુલાલ પરિવાર ગાગવા-લંડન
(૩૧) પાનીબેન મોકર માયા
લખમશી મોકર ગુઢકા લંડન
(૩૨) જયાબેન તેજપાર લાલજી પરિવાર લંડન
(૩૩) દેવચંદ લાલજી જંખરીયા લંડન
(૩૪) હીરૂબેન ઝવેરચંદ દેપાર ડબાસંગ

હવે ૨-૩ રૂમ બાકી છે. વિશેષમાં જ નકરા અપાયા છે અને બાકી છે તેની વિગત નીચે મુજબ છે.

(૧) ભોજનશાળા ટાઈટલ : શાહ પૂનમચંદ કેશવ જી, શ્રીમતી મણિબેન પૂનમચંદ હ: શ્રીમતી જયાબેન ગુલાબચંદ પૂનમચંદ,ડબાસંગ -દારેસલામ.
(૨) ભોજનશાળા હોલ : શ્રીમતી ગંગાબેન નથુભાઈ નરશી વોરા, ચેલાવાળા - નાઈરોબી.
(૩) જલધારા : સંઘપતિ પોપટલાલ વીરપા દોઢીયા, નવાગામ વાળા - મુંબઈ
(૪) ભોજનશાળા રસોડુ : શ્રીમતી વાલીબેન જેઠાભાઈ ધરમશી, હ. શ્રી કાનજીભાઈ જેઠાભાઈ -જામનગર.
(૫)
- સ્ટોર બે રૂા. ૧ લાખ
- સ્ટોર મોટો રૂા. ૨ લાખ
- સેલર બે સ્ટોરની નીચે રૂા. ૧ લાખ
- ધર્મશાળામાં સ્ટોર રૂા. ૧ લાખ
- ઓસરી નંગ ૪ દરેકના રૂા. ૧ - ૧ લાખ
- સીડી નંગ ૩ દરેકનો નકરો રૂા. ૫૧-૫૧ હજાર
- સીડી રૂમ રૂા. ૫૧ હજાર

કામ ઝડપથી ચાલે છે. સં. ૨૦૫૭ મહા સુદ ૫ ના ૩૩૩ ઈંચના પ્રતીમાજીના અંજન શલાકા પ્રસંગે આ ભોજનશાળા, ધર્મશાળા તથા જલધારા તૈયાર થઈ જશે. જલ્દી આપનો લાભ લખી મોકલો.

શ્રી હાલારી વીશા ઓસવાળ શ્વે. મૂ. તપા. જૈન ધર્મશાળા
C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.

પરિમલ

- જીવને ખરેખર મજા ત્યારે જ આવે કે વારંવાર સતત મોક્ષ જ યાદ આવ્યા કરે દુનિયાના પદાર્થો પરનો રાગ પણ ન રહે આ શરીરનો પણ મોહ ઉતરી જાય, દુઃખ વેઠવામાં આનંદ આવે તો !
- શરીરનો જ પૂજારી ધર્મ માટે અયોગ્ય. કોઈપણ પ્રતિજ્ઞા ભાંગતા ક્ષણ પણ લાગે નહિ.
- જેને સંસારનું સુખ માત્ર મજેનું લાગે છે, સુખનું સાધન શરીર સારું લાગે છે. તે માટે જે કરવું પડે તે કરવા તૈયાર છે. તે બધા સંસારમાં જ ભટકવાના છે.
- આ શરીર 'મિત્ર' જેવું લાગે છે તે 'શત્રુ' જેવું ન લાગે અને દુનિયાનું સુખ જ મોટામાં મોટુ, દુઃખનું કારણ છે આ પણ ન લાગે ત્યાં સુધી શાસનનો રસ પેદા થાય નહિ.
- સંયોગના સુખ હંમેશા દુઃખ આપનારા છે. એકપણ સંયોગની ઈચ્છા ન હોય તે બધા સુખી !
- સાંભળેલું સમજ્યા વગર ચેન ન પડે અને સમજ્યા પછી તે ભૂલાય નહિ તેનું નામ શ્રોતા !
- દોષ ઉપર તિરસ્કાર જરૂર કરવાનો પણ દોષિત પર નહિ. દોષિતને તો બચાવવાની કોશિશ કરવાની.
- દુઃખ તે સુધરવાની ચાવી છે સુખ તે બગડવાનો ધંધો છે.
- વિરાગના વૈરીને ધર્મ ન આવે. રાગના વૈરીને ધર્મ આવે.
- સંસારના સુખ માટે જ ધર્મ કરનારા કયારે કેવો અધર્મ કરે તે કાંઈ કહેવાય નહિ. સંસાર સુખનું જ અર્થીપણું એટલે પાપનું અર્થીપણું તેથી તે જીવ જે કાંઈ ધર્મ કરે તે બધી પાપસ્વરૂપ બને.
- અમારે જીવતે છતે શાસનની વિરાધના થતી હોય તો તે અટકાવવા સમજાવવા માટે પુરૂષાર્થ ન કરીએ તો અમે પણ પાપના ભાગી બનીએ.
- જે જીવ પાપ ન કરે તે તો સારો છે. જ પણ જે જીવ પાપ કરતો પણ હોય છતાં પણ તેનું પાપ જો તેને ખટકયા કરતું હોય તો તેનો ય નંબર રાખવો છે. પછી તો ભગવાન પાસે જઈને તે રોતો કે- 'હે પ્રભુ ! હું પાપી છું, તારી પાસે આવવા ય લાયક નથી, પણ આપ તો 'પતિત પાવન' છો માટે હું આપની પાસે આવ્યો છું. આપના દર્શનથી મારી સુખની લાલચ નાશ પામે. ખોટો લોભ ઘટી જાય. ખોટી લાલસાઓ મરી જાય મારી દુર્બુદ્ધિ નાશ પામે તે માટે હું આપની પાસે આવ્યો છું ' આવી વૃત્તિવાળા જીવોનો પણ આજે દુષ્કાળ પડયો છે.
- આજે મોટો ભાગ પરલોકને માનતો. માટે તેને મરવાનો ભય છે. જીવવાનો લોભ છે, સુખનો - પૈસાનો તો અતિલોભ છે. તેને જ કારણે તેને એક પાપ, પાપ નથી લાગતું, પાપના ફળની માન્યતાનો અભાવ છે, મારૂં પાપ કોઈ ન જાણે તો વાંધો આવવાનો નથી, પણ કદાચ કોઈ મારૂં પાપ જાણે તો તેનું મોં બંધ કરી દઈએ- આવી દુષ્ટ માન્યતાઓને કારણે જ અમારી વાત તમારા હૈયામાં પેસતી નથી.
- અમારૂં કામ તો તમને બધાને ધર્મમાં જોડવાનું છે, મોક્ષમાં જોડવાનું છે, સંસારમાં જોડવાનું નથી. તમે બધા સંસારના કામ કરો તેમાં અમારી સંમતિ હોય નહિ. તમને બધાને સંસારમાં સુખી જોઈને અમે આનંદ પામીએ તો અમારા હાથમાં ઓઘો શોભે નહિ.
- જેને ભગવાન મલી જાય, ભગવાનનો માર્ગ ગમી જાય તેણે જ આ કલ્યાણક બરાબર ઉજવ્યા કહેવાય. ભગવાન આપણા હૈયામાં આવવા જોઈએ ભગવાનની એક એક આજ્ઞા આપણા હૈયામાં અંકિત થવી જોઈએ. તેમાં પહેલાં મિથ્યાત્વને કાઢવાનું છે, સમ્યકત્વ મેળવવાનું છે, મિથ્યાત્વ પર ગુસ્સો આવવો જોઈએ અને સમ્યકત્વ પર પ્રેમ થવો જોઈએ.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

જ્ઞાન ગુણગંગા

- પ્રજ્ઞાંગ

(જ્ઞાનબિંદુમાંથી)

प्राचां वाचां विमुखविषयोन्मेष सूक्ष्मेक्षिकायां, येऽरण्यानीभयमधिगता

नव्यमार्गाऽनभिज्ञाः ।

तेषामेष समयवणिजां सन्मतिग्रन्थ गाथा, विश्वासाय स्वनयविपणिप्राज्यवाणीज्यवीथी ॥१॥

પ્રાચીન વચનોથી કૈંક સામી બાજુના વિષયની ઉત્પ્રેક્ષારૂપ સુક્ષ્મ વિચારણામાં, નવીન વિચાર માર્ગથી અનભિજ્ઞ એવા જે લોકો અરણ્યતુલ્ય ભ ને અનુભવે છે, તે શાસ્ત્ર વ્યાપાર નિમગ્ન લોકો માટે, પોતપોતાના ન ાત્મક અભિપ્રાયો રૂપી દુકાનોથી અલંકૃત વ્યાપાર બજાર જેવી આ સંમતિ ંથની ગાથા વિશ્વાસ કરાવનારી છે. ॥૧॥

भेदग्राहि व्यवहृतिनयं संश्रितो मल्लवादी, पूज्याः प्रायः करणफलयोः सी न शुद्धर्जुसूत्रम् ।

भेदोच्छे ान्मुखम धिगतः सङ्ग्रहं सिद्धसेनस्तस्मादेते न खलु विषमाः सूरिपक्षत्रयोऽपि ॥२॥

પૂ. શ્રી મલ્લવાદીસૂરી મહારાજે ભેદગ્રાહી વ્યવહાર નયનો આશ્રય કર્યો છે તેથી તેઓ જ્ઞાન - દર્શનમાં કાળભેદે ભેદ માનતા નથી, પરંતુ સ્વરૂપભેદ અવશ્ય માને છે. પૂ. શ્રી જિનભદ્રગણિ મહારાજાએ કાર્ય - કારણભાવની મર્યાદા અંગે લગભગ શુદ્ધ ઋજુસૂત્ર નયનું અવલંબન કર્યું છે. તેથી તેઓ ક્ષણભેદથી પણ જ્ઞાન - દર્શનમાં ભેદ માનીને ક્રમવાદ નું નિરૂપણ કરે છે. જ્યારે પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીજી મહારાજા ક્ષણ ભેદ કે સ્વરૂપ ભેદ બન્નેનો ઉચ્છેદ કરવામાં અભિમુખ એવા સંગ્રહ નયનો આશરો લે છે. તેથી તેઓ દર્શનને જ્ઞાનથી અભિન્ન માને છે. આ રીતે પૂ. આચાર્યોના મતમાં પરસ્પર વૈમુખ્ય દેખાતું હોવા છતાં પણ નયભેદના કારણે તેમાં કોઈ વૈષમ્ય નથી, વિરોધ નથી. ॥૨॥

चित्सामान्यं पुरुषपदभाक्केवलाख्ये विशेषे, तद्रूपेण स्फुटमभिहितं साद्यनन्तं यदेव

सुक्ष्मैरंशैः क्रमवदिदमव्युच्यमानं न दुष्टम् तत्सूरीणामियमभिमता मुख्यगौणव्यवस्था ॥३॥

અદ્વૈતવાદમાં પુરુષ શબ્દથી સંબોધવામાં આવેલી શુદ્ધ ચિદ્રૂપતા એ સામાન્ય પદાર્થ છે કેવલ નામના તેના બે વિશેષ પર્યાયો છે. (જ્ઞાન અને દર્શન) આ બન્ને પર્યાયો સામાન્ય ચિદ્રૂપથી અભિન્ન હોવાથી, શાસ્ત્રમાં પ્રગટપણે તેને આદિ અનંત કહ્યા છે. (કેવલ સ્વરૂપ ચિત્ સામાન્ય તો અનાદિ અનંત છે જ) પણ જ્યારે તેમાં ક્ષણાત્મક સૂક્ષ્મ અંશોથી ભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે તે બન્નેને ક્રમિક કહેવામાં પણ કોઈ દોષ નથી. આ રીતે તે તે પૂ. આચાર્યોને પોત - પોતાની વિવક્ષા મુજબ મુખ્યગૌણ વ્યવસ્થા અભિપ્રેત છે. તાત્પર્ય એ છે કે પૂ. શ્રી સિદ્ધસેનસૂરીજી મહારાજાના મતે સામાન્યની મુખ્યતા હોવાથી સ્વરૂપભેદ અથવા ક્રમિકતા ગૌણ છે. પૂ. શ્રી મલ્લવાદિસૂરીજી મહારાજાના મતે સ્વરૂપભેદ મુખ્ય છે અને ક્રમ ગૌણ છે, ત્યારે પૂ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના મતે ક્રમ મુખ્ય છે અને અભેદ ગૌણ છે.

तमोऽगम्यज्ञानुः क्षणभिदानिदानोद्भवाः, श्रुताबहुतराः श्रुते नयविवादपक्षा यथा ।

तथा क इव विस्मयो भवतु सूरिपक्षत्रये, प्रधानपदवी धियां त्विह तु दवीयसी दृश्यते ॥६॥

આવરણક્ષયની ક્ષણ અને જ્ઞાનોત્પત્તિક્ષણમાં ભેદ હોવાની માન્યતાના કારણે શાસ્ત્રની અંદર નિશ્ચય - વ્યવહારનયના વિવાદરૂપ પક્ષો અનેક છે. નિશ્ચયનય આવરણક્ષય અને જ્ઞાનોત્પત્તિ એક સાથે એકજ ક્ષણે માને છે. જ્યારે વ્યવહારનય આવરણક્ષય પછીની ક્ષણમાં જ્ઞાનોત્પત્તિ માને છે. તેથી શાસ્ત્રમાં આ વિષયમાં અનેક નયના વિવાદો પ્રસિદ્ધ છે. તો એ જ રીતે અહીં પણ જુદા જુદા આચાર્યોના ત્રણ જુદા જુદા પક્ષમાં શું આશ્ચર્ય કરવાનું હોય ? છદ્મસ્થ બુદ્ધિઓમાં પોતપોતાના અભિપ્રાયમાં પ્રધાનપદવી અર્થાત્ પ્રાધાન્યનું અવલંબન તે કયા ક્રમે દેખાય છે ? અર્થાત્ પ્રાધાન્યને અવલંબીને પ્રવર્તતા અભિપ્રાયો પ્રસિદ્ધ છે ॥૪॥

प्रसह्य सदसत्त्वयोर्नहि विरोधनिर्णायकं विशेषणविशेष्यतोरपि नियामकं यत्र न ।

गुणाऽगुणविभेदतो मतिरपेक्षया स्यात्पदात्, किमत्र भजनाजितं स्वसमयेन सङ्गच्छते ॥५॥

જે સ્યાદ્વાદરૂપ જૈન સિદ્ધાંતમાં સત્ત્વ અને અસત્ત્વના વિરોધને સિદ્ધ કરી આપનાર કોઈ બલવત્ સાધન જ નથી તથા જેમાં વિશેષણ-વિશેષ્ય ભાવમાં પણ કોઈ નિયામક મનાયેલું નથી, તથા જેમાં 'સ્યાદ્' પદને અવલંબીને અપેક્ષાએ ગૌણ-મુખ્ય-ભેદે બુદ્ધિ પ્રવર્તે છે તેવા અનેકાન્તવાદથી ઝળહળતા જૈન સિદ્ધાંતમાં કઈ વાત એવી છે કે જે અસંગત હોય ! ॥૫॥

प्रमाणनयसङ्गता स्वसमयेऽप्यनेकान्तधीर्नयस्मयतटस्थतर-ङ्गसदुपाधिकिमीरिता ।

कदाचन न बाधते सुगुरु सम्प्रदायक्रमं, समञ्जसपदं वदन्त्यपि धियो हि सद्दर्शनम् ॥६॥

જૈનસિદ્ધાન્તમાં પણ જુદા જુદા નયોના અભિપ્રાયોના તટસ્થભાવરૂપી ઉછળતાં તરંગોથી અલંકૃત એવી અનેકાંતબુદ્ધિ એ પ્રમાણ અને નય ઉભયથી સંગત હોવાથી સદ્ગુરુના સંપ્રદાયના અભિપ્રાયને ક્યારે પણ ઘોખો પહોંચાડનારી હોતી નથી. કારણકે વિશાળ બુદ્ધિવાળા શાસ્ત્રકારોએ સદ્દર્શનને સમંજસપદસ્વરૂપ કહ્યું છે. તાત્પર્ય, જુદા જુદા નયોના અભિપ્રાયમાં તટસ્થ ભાવ રાખીને સામંજસ્ય નિહાળવું તે જ સદ્દર્શન છે. ॥૬॥

रहस्यं जानन्ते किमपि न नयानां हतधियो विरोधं गायन्ति विविधबुधपक्षे यत खलाः ।

अमी चन्द्राऽऽदित्यप्रकृतिविकृतिव्यत्ययगिरः, निराङ्काः कुत्राऽप्यहह न गुणान्वेषणपराः ॥७॥

બુદ્ધિ હણાઈ ગઈ હોય તેવા ખલ-દુષ્ટ લોકો કાંઈપણ નયોનું રહસ્ય જાણતા નથી, અને એમને એમ જ જુદા જુદા પંડિતોના મતોની 'વિરોધ.. વિરોધ...'ની બૂમો મારે છે. ખરેખર ક્યાંય પણ જેઓને ગુણ જ જોવા નથી, તેવા તે નિરંકુશ વાણીવાળા લોકો ચંદ્રને સૂર્ય, સૂર્યને ચંદ્ર, પ્રકૃતિને વિકૃતિ, અને વિકૃતિને પ્રકૃતિ - આવું ઉલટું બોલનારા હોય છે. ॥૭॥

પ.પૂ. કીર્તિસાગરસૂરિ જ્ઞાનમન્દિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨
અંક ૪૩/૪૪

સાધુપણાનું સ્વરૂપ

दशविधयति धर्म्मरताः,
समवगणितशत्रु मित्रतृणमणयः ।
जीवादि तत्त्वविज्ञाः
तीर्थंकरैः साधव प्रोक्ताः ॥

જેઓ ક્ષમાદિ દશે પ્રકારના યતિધર્મમાં રકત છે, જેમને મન શત્રુ કે મિત્ર, તૃણ કે મણિ સમાન છે, જેઓ જીવાદિ તત્ત્વોના યથાર્થ જ્ઞાતા છે તેમને શ્રી તીર્થંકરદેવો વડે સાધુઓ કહેવાય છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જ્ઞાનગુણ ગંગા

-- પ્રજ્ઞાંગ

સંજ્ઞા અંગે (શ્રી સ્થાનાંગ સૂ. ૩૫૭ના આધારે)

સંજ્ઞાનં સંજ્ઞા - જાણવું તે સંજ્ઞા અર્થાત્ ચૈતન્ય - ચેતના શક્તિ ચાર પ્રકારે કહેલી છે. તે અસાતા વેદનીય અને મોહનીય કર્મના ઉદયજન્ય વિકાર યુક્ત ચૈતન્ય, આહારાદિ ચાર સંજ્ઞાથી કહેવાય છે.

(૧) **આહાર સંજ્ઞા** - આહારની ઈચ્છા તે અસાતા વેદનીય કર્મના ઉદયજન્ય ચૈતન્યરૂપ છે. ચાર કારણ વડે તે ઉત્પન્ન થાય છે.

(i) ઉદર - પેટ ખાલી થવાથી.

(ii) ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી.

(iii) આહારની કથા સાંભળવા વગેરેથી થયેલ મતિ વડે.

(iv) નિરંતર આહારની ચિંતના કરવાથી.

(૨) **ભય સંજ્ઞા** - ડરવું. તે ભય મોહનીય કર્મના ઉદયજન્ય ચૈતન્યરૂપ છે તે પણ ચાર કારણ વડે ઉત્પન્ન થાય છે.

(i) હીન સત્ત્વ - ધૈર્યપણાથી - હિંમતના અભાવથી.

(ii) ભય વેદનીય - મોહનીય - કર્મના ઉદયથી.

(iii) ભયજંનક કથા સાંભળવા વગેરેથી ઉત્પન્ન થતી મતિ વડે.

(iv) ભયની જ - ઈહલોકાદિ સાત પ્રકારના ભય રૂપ અર્થની વિચારણા કરવા વડે.

(૩) **મૈથુન સંજ્ઞા** - વેદના ઉદયથી થયેલ મૈથુનનો અભિલાષ - વિષાયોની ઈચ્છા. તે વેદ મોહનીય કર્મના ઉદયજન્ય ચૈતન્ય રૂપ છે. તે પણ ચાર કારણથી ઉત્પન્ન થાય છે.

(i) માંસ અને રકતની વૃદ્ધિ થવાથી.

(ii) (વેદ) મોહનીય કર્મના ઉદયથી.

(iii) કામની કથા સાંભળવવા વિગેરેથી ઉત્પન્ન થયેલ બુદ્ધિ વડે.

(iv) નિરંતર વિષયનું - મૈથુનરૂપ અર્થનું ચિંતન કરવાથી.

(૪) **પરિગ્રહ સંજ્ઞા** - ધન વગેરેના સંચયની ઈચ્છા. તે ચારિત્ર મોહલોભ મોહનીય કર્મના ઉદયજન્ય ચૈતન્ય રૂપ છે. તે પણ ચાર કારણ વડે ઉત્પન્ન થાય છે.

(i) પરિગ્રહ સહિત હોવાથી.

(ii) લોભ વેદનીય કર્મના ઉદયથી.

(iii) સચેતનાદિ પરિગ્રહ - ધન વગેરેને જોવા વગેરેથી થયેલ મતિ વડે.

(iv) પરિગ્રહનું અનુચિંતન - સતત ધન વગેરેનું ચિંતન કરવા વડે.

ચાર પ્રકારના કામો કહેલા છે. સંજ્ઞાઓ કામગોચર છે માટે કામનું નિરૂપણ કરે છે. શૃંગાર, કરૂણ, બિભત્સ અને રૌદ્ર. કામ એટલે શબ્દાદિવિષયો

(૧) શૃંગાર- દેવોને શૃંગારરૂપ કામ છે. કેમકે, એકાંતિક અને આત્યંતિક મનોજ્ઞપણાને લઈને અત્યંત રતિરસનું સ્થાન હોવાથી રતિરૂપ જ શૃંગાર છે કહ્યું છે કે - ''અન્યોન્ય આસકત થયેલ પુરૂષ અને સ્ત્રી સંબંધી રતિ સ્વભાવ - વ્યવહાર તે શૃંગાર.''

(૨) કરૂણ- મનુષ્યોને કરૂણ કામ હોય છે કારણ કે તુચ્છપણાથી ક્ષણમાં જોયેલ નષ્ટ થવા વડે અને શુક્ર, શોણિત વગેરેથી થયેલ દેહના આશ્રિતપણાએ શોચનાત્મક હોવાથી તથા પ્રકારનું મનોજ્ઞપણું નથી હોતું. આશ્રિતપણાએ શોચનાત્મક હોવાથી તથા પ્રકારનું મનોજ્ઞપણું નથી હોતું

''करुणः शोक प्रकृति'' रिति वचनात् करૂણરસ શોક સ્વભાવ જ છે.

(૩) બિભત્સ : તિર્યંચોને બિભત્સ કામ હોય છે, કેમકે તે જુગુપ્સાનું સ્થાન હોય છે. કહ્યું છે કે-''भवति जुगुप्सा प्रकृतिर्बीभत्सः'' બિભત્સ રસ જુગુપ્સાત્મક જ છે.

(૪) રૌદ્ર - નૈરયિકોને અત્યંત અનિષ્ટપણાએ ક્રોધનો ઉત્પાદક હોવાથી રોદ્ર -દારૂણ કામ હોય છે. કહ્યું છે કે- रौद्रः क्रोध- प्रकृत्ति'' रिति- રૌદ્ર રસ જ ક્રોધરૂપ છે.

■ ■ ■

આજ્ઞાવિરુદ્ધા વિરુદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061

વર્ષ : ૧૨) ૨૦૫૬ અષાઢ સુદ ૩ મંગળવાર તા. ૪-૭-૨૦૦૦ (અંક : ૪૩/૪૪

વાર્ષિક રૂા. ૧૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

જલ રક્ષા, પૃથ્વી રક્ષા, વનસ્પતિ રક્ષા એ જૈન સિદ્ધાંતના દ્રોહી શબ્દો છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિની વિરાધનાથી બ ો એ ધર્મ્ય શબ્દો છે.

જૈન શ ાસન એ જીવમાત્રની કરુણાનું શાસન છે. જીવો અને ◌વવા દો એ વાકય પણ કરુણામાંથી પેદા થયું છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિની વિરાધનાથી દૂ રહેવું જોઈએ એ મુખ્ય સિદ્ધાંત છે. સાધુ સર્વથા વિરાધ ા છોડે છે. શ્રાવકો આજીવિકા આદિ જરૂરીઆત પુ ા આરંભ રાખે છે. પરંતુ તે બધુ પણ છોળવા જેવું મ ને છે.

સાધુના પાંચ મહાવ્રતો છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય એમ કોઈ પણ જીવની વિરાધ ા છોડવાની છે. જીવ વિરાધના થાય તેવી પ્રવૃત્તિ કરવા ◌ તેથી જીવ વિરાધના થાય તેવા પ્રેરણા કે ઉપદેશ દેવા ◌ નથી શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં પૃથ્વીકાય આદિની પ્રવૃ ◌ સંરંભ, આરંભ અને સમારંભ એ ત્રણે દોષના પાપન કારણ બતાવ્યા છે. તેમાં કરવું, કરાવવું અને અનુમોદ ◌ કરવું તે પાપ જણાવ્યું છે. આત્માને પાપ બંધના કારણો જણાવ્યા છે. 'મહારંભયાએ' શબ્દ લખીને નરકગતિના ◌ધ માટે તે મુખ્ય કારણ બતાવ્યું છે.

દશ ◌કાલિક સૂત્રમાં પઢમે ભંતે મહવ્વએ પાણાઈવાયા ◌ વરમણ સવ્વં ભંતે પાણાઈવાયં પચ્ચક્ખામિ, સે સુહુમં વા બાયરં વા ત સેવા થાવરેવા, નેવ સયં પા ◌ અઈવા ઈજ્જા, નેવન્નેહિં પાણં આઈ વાયાવિજ્જા, પાણે અઈવાયંતેવિ અન્ને ન સમણુજાણામિ, જાવજ્જીવાએ તિવિહ તિવિહેણં મણેણં વા◌ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતપિ ન અન્નં ન સમણુ જાણામિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ, પઢમે ભંતે મહવ્વસે ઉવટ્ઠિઓમિ સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણં ॥૧॥ (સૂ.-૩)

અહિ પ્રથમ હિંસા ત્યાગ રૂપ મહાવ્રતમાં બતાવ્યું છે કે- જીવો સૂક્ષ્મ હોય કે બાહર હોય ત્રસ (બેદ્રિય, તે ઈન્દ્રિય, ચઉરિંદ્રિય, પંચેંદ્રિય) સ્થાવર (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ) જીવ હોય તે હું હણું નહિ, હણાવું નહિ, અને બીજા હણતા હોય તેને અનુમોદન આપુ નહિ. તે જીવોની વિરાધનાનું પ્રતિક્રમણ કરૂં છું, નિંદુ છું અને ગુરુ સાક્ષએ ગર્હ કરૂ છું, આ રીત જીવની વિરાધનાથી બચવાનું કહ્યું છે.

જ્યારે જલ રક્ષા, ભૂમિ રક્ષા, વનસ્પતિ રક્ષાનો પ્રયોગ કે પ્રચાર જૈન સાધુ કે શ્રાવક દ્વારા થાય તો તે ભયંકર પાપ રૂપ બની જાય છે.

જલ કેટલું ? તેની રક્ષા કેટલી થાય છે તે માટે માત્ર તળાવ આદિનું જલ એ જલ ન ગણાય જલ તત્ત્વમાં તો નદી, તળાવ, ડેમ, કુવા, સરોવર, ખાડીઓ, સમુદ્ર વિગેરે બધું જલ ગણાય તેની રક્ષા કરવી એ અશકય છે પરંતુ તેની વિરાધનાથી બચવું તેજ શકય છે.

સાધુ સર્વથા બચે છે અને શ્રાવકો દેશથી એટલે અમુક અંશે બચે છે.

જલરક્ષા એ તો દુકાળ આદિના શબ્દ પ્રયોગો છે પાણી ઘૂટ હોય ત્યારે ડેમના ડેમ ખાલી કહે છે ૪ ડોલન

જરૂર હોય ત્યાં ૧૪ ડોલ વાપરે છે. જેથી ધર્મ તરીકે જલ રક્ષા નથી પણ જલની વિરાધનાથી બચવું તે છે. માટે જૈન ધર્મના સિદ્ધાંતોને જલ રક્ષા શબ્દ લગાડયે તે ધર્મના સિદ્ધાંતનો દ્રોહ બની જાય છે.

તેવી રીતે પ્રથમ રક્ષા એ પણ ધર્મ્ય શબ્દ નથી પણ ધર્મ વિરાધના મહારંભ આદિના શબ્દો છે.

વનસ્પતિ રક્ષા એ પણ ઉપર જણાવ્યા મુજબ વનસ્પતિની વિરાધનાથી બચવું એ ધર્મ છે. પરંતુ વનસ્પતિની રક્ષા કરવી તે તો આરંભ મહારંભ છે જે સર્વથા ત્યાજય છે સાધુ તજે છે શ્રાવકો જરૂર પૂરતો તે પણ ન છૂટકે આરંભ કરે છે.

જલ રક્ષા, ભૂમિ રક્ષા, વનસ્પતિ રક્ષાની વાતો કે પ્રચાર વિ. થાય છે. તેઓ શું વાયુને જીવ નથી માનતા ? અગ્નિને જીવ નથી માનતા ?

વનસ્પતિ અગણિત છે વરસાદ થાય ત્યારે લીલી વનરાજી થઈ જાય છે તેની રક્ષા કેવી રીતે કરે ? શું ખાય નહિ ? ખાવા દે નહિ અને બધાને આરંભથી નિવૃત કરી દે. ?

પાણીની રક્ષા કેવી રીતે કરે ? પીએ નહિ ? પીવા દે નહિ ? પાણી પીતા હોય તેમને અટકાવે ?

સંસારીઓના આરંભ સમારંભને બિરદાવવાના ન હોય ? પરંતુ તેમને જીવદયા માટે વિરાધનાથી શકય બચવાનો ઉપદેશ દેવાનો હોય સંસારીઓ પોતાના આરંભ કરવાના છે. તેમા અનુમોદન આપવું, પ્રેરણા કરવી કે ઉપદેશ આપવો તે અનર્થ દંડ થાય છે. સાધુ તો તેવું કહી શકે નહિ પણ શ્રાવક પણ તેવું કરે નહિ.

શ્રી તીર્થંકરના છ પુત્રની કથા આવે છે. તેમાં પૃથ્વીકાય, અપકાય, તેઉવાય, વાઉકાય વનસ્પતિકાય, ત્રસકાય આ છ પુત્રો છે. એ છ પુત્રો તીર્થંકર દેવોના છે.

તીર્થંકરોના ઉપદેશ સાંભળ્યો માન્યો તે આ છ કાય રૂપ તીર્થંકરના પુત્રોના પુત્રોની હિંસા છોડી સાધુ બની જાય છે.

જ્યારે શ્રાવકને તીર્થંકર કહે છે મારા છ પુત્રોને છોડી દે ત્યારે શ્રાવક ના પાડે છે મને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાય વિના ચાલે નહિ.

પ્રભુજી તે પુત્રોને છોડવા કહે છે શ્રાવક ના પાડે છે. પ્રભુજી ચાર પુત્રોને એક, ત્રણ, બે પુત્રોને છોડવા કહે છે ત્યારે શ્રાવક કહે છે મને તેના આરંભ વિના ચાલે નહિ.

છેવટે તીર્થંકર કહે મોટા ત્રસકાય પુત્રને છોડી દે ત્યારે કહે છે. તેમાં પણ કાળજી રાખીશ અને તેથી સર્વથા ત્રસકાય ન છોડતાં શ્રાવક દેશથી - અમુક અંશે ત્રસકાય છોડે છે.

આ કથાથી પણ સમજાય કે શકય તેટલી જીવ વિરાધનાથી બચ્ચે તે શ્રાવક કહેવાય. પણ જીવ વિરાધનાના કાર્યો કરે, કરાવે અને ઉપદેશે તે મહાદોષ છે.

આથી આને જલરક્ષા, ભૂમિરક્ષા અને વનસ્પતિ રક્ષાના સિદ્ધાંતો જૈનોમાં જૈન સાધુઓમાં પ્રચાર માટે તે જૈન ધર્મના સિદ્ધાંતોનું નિકંદન કાઢનારું છે. ઉપરથી રળિયામણા શબ્દોથી કંઈ ભ્રમમાં પડે તે ખામી છે જીવે શ્રી જિનેશ્વર દેવનો સિદ્ધાંત બરાબર સમજવો જોઈએ.

શ્રાવકો પણ પૌષધ કરે છે ત્યારે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિને અને ત્રસકાયની વિરાધના કરતા નથી જૈન શાસન સુવિહિત વાત છે.

કલ્પસુત્રમાં એક વૃદ્ધ સાધુની વાત આવે છે તેને ઈરિયાવહીના કાઉસ્સગ્ગમાં વાર લાગી. ગુરુએ પૂછયું તો કહે મેં દયા ચિંતવી ગુરુ કહે શું દયા ?

તે કહે છે હું ગૃહસ્થપણામાં હતો ત્યારે વરસાદ પહેલા વરસાદ પછી ઘાસ વિગેરે કાઢી નાખતો હતો તો સારૂ અનાજ પાકતું હતું. હવે મારા પુત્રો આળસુ છે તે વરસાદ પહેલા વરસાદ પછી ઘાસ બાવળીયા વિગેરે નહિ કાઢે તો અનાજ પાકશે નહિ અને દુઃખી થશે. આ દયા મેં ચિંતવી છે.

ત્યારે ગુરુએ કહ્યું આ દયા નથી પણ દુર્ધ્યાન છે. તે પાપ છે. તે સાધુએ પણ ભૂલની માફી માંગી અને સાચી દયા તરફ વળ્યા. સાચી દયા જીવની વિરાધના થાય તેવું વિચારવું નહિ કરવું નહિ, કરાવવું નહિ અને કરતા હોય તેની અનુમોદના કરવી નહિ.

માંસાહારનો ત્યાગ કરવાનો છે પણ શાકાહારમાં અનુમોદન આપવાનું નથી. માંસાહાર ત્યારે કરે તેમને શાકાહાર માટે પ્રેરણા કરવાની રહેતી નથી. શાકાહારની પ્રેરણા કરો તો તેમાં બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય આદિના પણ ભક્ષણની પ્રેરણા આવી જાય છે માટે શાકાહાર તે પ્રચાર કે ધર્મ નથી પરંતુ માંસાહાર ત્યાગ એ ધર્મ છે. શાકાહાર કરનારા તે છોડે, પર્વ દિવસે તજે વિગેરે ધર્મ છે. પણ શાકાહાર કરો તે પ્રચાર એ ધર્મ નથી

આટલી વિચારણા પછી સરંભ, આરંભ અને સમારંભના વિચારથી સૌ નિવર્તન પામે એ ભગવાન જિનેશ્વરના માર્ગને નિર્મળ ભાવે સેવી નિર્મળ બનો એજ અભિલાષા.

પ્રવચન-એકતાલીસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૯ સોમવાર તા.૧૭-૮-૧૯૮૭
શ્રીપાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ-૪૦૦ ૦૦૬.

ગતાંકથી ચાલું...

શ્રાવકના કુળમાં જન્મે તેથી શ્રાવક થાય કે શ્રાવક થવું હોય તો શ્રાવક થવાય ? ભગવાનનો ધર્મ કરે તેને આ સંસાર કેવો લાગે ? સારો લાગે ખરો ? તમે બધા આ સંસારના સુખની ઈચ્છાથી ધર્મ કરો છો કે મોક્ષની ઈચ્છાથી ધર્મ કરો છો ? મોક્ષની ઈચ્છાથી જ ધર્મ કરનારા કેટલા મળે ? 'આ સંસારથી છૂટી મોક્ષે જવા માટે જ અમે ધર્મ કરીએ છીએ; આ સંસાર છૂટશે તો ઘણોજ આનંદ થશે' આવું હૈયાથી બોલનારા પણ કેટલા મળે ? આજે તો જેટલા પૂજા કરનારા છે તેમાંનો ઘણાનો ખિસ્સા ખરચો મોટો છે પણ પૂજાનો ખર્ચો કશો નથી. જે લોકો પોતાની સામગ્રીથી પૂજા કરે છે તે અગરબત્તી સળગાવે તો કેવી હોય ? અને મંદિરની અગરબત્તી સળગાવે તો ચાર ભેગી લો ને ? માટે જ વારંવાર પૂછવું પડે છે કે - ભગવાનનો ધર્મ સાચો કોણ કરે ?

માટે સાધુમાં પણ સુસાધુ શોધવા પડે, શ્રાવકમાં પણ સુશ્રાવક શોધવા પડે. દુનિયામાં જેટલા દેવ કહેવાય તે બધા દેવ નહિ. ગુરુ કહેવાય તે બધા ગુરુ નહિ અને ધર્મ કહેવાય તે બધા ધર્મ નહિ. ઘણા કહેવાતા ધર્મની સામે પણ જોવા જેવું નથી તેમ ઘણા ગુરુના ચરણે પણ જવા જેવું નથી તેમ ઘણા દેવ પણ માનવા જેવા નથી. ઘણા દેવાદિ એવા હોય છે જે તુષ્ટ થાય તો આશીર્વાદ દે અને રૂષ્ટ થાય તો શ્રાપ પણ દે. પણ શાસ્ત્રે તો કહ્યું છે કે - સતી શ્રાપ દે નહિ અને શંખણીના શ્રાપ લાગે નહિ. માટે જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે સુદેવ-સુગુરુ અને સુધર્મને ઓળખવા જોઈએ તેમ કુદેવ - કુગુરુ અને કુધર્મને પણ જાણવા જોઈએ. તે પછી સુદેવાદિનો આદર કરવો જોઈએ અને કુદેવાદિનો ત્યાગ કરવો જોઈએ. પણ આ વાત આજે મોટાભાગના હૈયામાં બેસતી નથી, તેને તો આ બધી ભાંજગડ લાગે છે.

સુધર્મ કરવો હોય તો આપણે સારા થવું પડે. તમે બધા ભગવાનની પૂજા કરો છો તે શા માટે કરો છો ? 'અમે આટલી પૂજા કરી, આટલો ધર્મ કર્યો, પણ ભગવાનમાં ય કાંઈ માલ રાખ્યો નથી, ધર્મમાં ય કાંઈ રહ્યું નથી' એમ માની ઘણાએ પૂજા બંધ કરી, ઘણાય પૂજાના વિરોધી થયા. તમારું ઈચ્છિત ન ફળે, ધાર્યું ન મળે, તમે દુઃખી થાવ તો ધર્મ ખોટો...! તમારું ઈચ્છિત થાય ધાર્યું મળે, સુખી રહો તો ધર્મ સારો...! જે ભૂતકાળમાં મહાપાપ કરીને આવ્યો હોય તેને દુઃખ ન આવે તેવી ગેરંટી ધર્મ આપે ખરો ? ધર્મ તો કહે છે કે ભૂતકાળના કર્મયોગે સાધુને પણ દુઃખ આવે, શ્રી તીર્થંકર પરમાત્માઓને પણ દુઃખ આવે. કરેલા કર્મ કોઈનેય છોડે નહિ. સારા માણસે પણ ભૂતકાળમાં ખોટાં કામ કર્યાં હોય તો તેને પણ અહીં આપત્તિ આવે - દુઃખ આવે ધર્મી જીવ તો એમજ કહે કે- 'મારા જ પાપે મને આપત્તિ આવી, દુઃખ આવ્યું પણ મેં અહીં ધર્મ કર્યો તેથી આપત્તિ આવી કે દુઃખ આવ્યું તેમ કહે.' જે જીવ સાચી રીતે ધર્મ કરે તે આમ બોલી શકે. સાચી રીતે ધર્મ પણ કોણ કરે ? જેને આ સંસારથી છૂટવું હોય અને ઝટ મોક્ષે જવું હોય તે.

તમારે બધાએ આ સંસારથી છૂટવું છે ? વહેલા મોક્ષે જવું છે ? જે શ્રાવકો ઘર - બારદિ છોડી સાધુ થઈ શકયા નથી તેમને ઘર - બારાદિ છોડવા છે પણ કર્મ ઘર - બારાદિ છોડવા દેતું નથી. આમ હું તમારા માટે કહું તો સાચો પડું ને ? 'સાધુ બધાને બાવા બનાવવા માગે છે' આવું આજે ઘણા બોલે છે પણ ધર્મી જીવ આવું બોલે ખરો ? ખરેખર ધર્મી જીવ તો તેનું ચાલે તેમ હોય તો ઘર પણ ન માંડે. તમે બધા આજ સુધી સાધુ નથી થયા તેનું દુઃખ છે ? અને જે સાધુ થયા છે તેઓને જોઈએ તેવું સંયમ પળાતું નથી તેનું પણ દુઃખ છે ? જો આવું દુઃખ હોય તો તે બધા હજી માર્ગે છે. આવું દુઃખ નહિ થવા દેનારે પણ આ સંસારના સુખનો પ્રેમ જ છે.

માટે જ જ્ઞાનિઓ કહે છે કે - 'જેને આ સંસારનું સુખ ગમે તે બધાજ દુઃખી થવાના છે.' સંસારનું સુખ ભોગવતી વખતે દુઃખ થાય તે હજી બચી શકે. દુનિયાનું સુખ મળે પુણ્યથી જ પણ તે ગમે તે પાપથી જ. 'હું બહું સુખી છું તે યાદ છે પણ મારો ભારે પાપોદય છે તે યાદ છે ?' સુખીને પુણ્યશાલી કહીએ તે ગમે પણ દુનિયાની સુખ સામગ્રી જ ગમે, સારી લાગે તો તારો ભારે પાપોદય વર્તે છે તેમ કહીએ તે ગમે ? આપણી જાત કયાં છે તે વિચારો. શ્રાવક બનવા માટે પણ પહેલો આ ગુણ જોઈએ. જ્યારે સાધુ બનવા માટે તો ઘણા ઘણા ગુણ જોઈએ.

સાધુથી અંધારામાં ચલાય નહિ. અંધારામાં ચાલવું પડે

તે માટે દંડાસણ નામનું ઉપકરણ વધાર્યું. જલ્દી જલ્દી ચલાય નહિ, ડાફોળિયા મારતા ચલાય નહિ. કોઈપણ ચીજ લેવી-મૂકવી હોય તો પૂંજી - પર્માજીને લે અને મૂકે. ઊંઘમાં પડખું ફેરવવું હોય તો ય પૂંજી - પર્માજીને ફેરવે. સાધુની બોલ - ચાલ જ એવી હોય કે - સામો જીવ સાધુના આચાર જોઈને જ ધર્મ પામી જાય. શાસ્ત્રે સાધુને મૂર્તિમંત ધર્મ કહ્યો છે. સાધુ બધી ક્રિયા ઉપયોગ પૂર્વક કરે. તમને બધાને સત્તર સંડાસા આવડે છે ? પંચાંગ પ્રણિપાત દેતાં પણ આવડે છે ? ધર્મ ધર્મની રીતે પણ કોણ કરે ? આજના ચારે પ્રકારના સંઘમાં ધર્મક્રિયા કરનારાઓને જોઈને બહુ દયા આવે તેવું છે. મોટોભાગ ધર્મ કરવામાં જ ઘણો અધર્મ કરી રહ્યો છે. આજે રોજનું પ્રતિક્રમણ કરનારા કેવા છે ? તેમને જોઈને કહેવું પડે કે - મોટાભાગને વિધિનો ખપ નથી અને અવિધિનો ડર નથી.

શાસ્ત્રે જે જે વિધિઓ બાંધી છે તે બધી સાચી રીતે પણ કોણ કરી શકે ? જેને આ સંસાર ન જોઈતો હોય, આ શરીરથી પણ છૂટવું હોય તે. આપણે બધા આત્માની સેવા વધારે કરીએ કે આ શરીરની સેવા વધારે કરીએ ? જેને શરીરની ચિંતા હોય અને આત્માની ચિંતા ન હોય તેને ધર્મી કહેવાય ખરો ? આ શરીરની મમતાએ તો ઘણાને અધર્મી બનાવ્યા છે. જે આ શરીરની સામે થાય તે જ જીવ ધર્મી બની શકે. આપણને આ શરીર કિંમતી છે કે આત્મા કિંમતી છે ? શરીરના પૂજારી જીવો ધર્મ કેવી રીતે કરે ? શરીરને સાચવી સાચવીને કરે. આજે વિધિપૂર્વક ધર્મ કરનારા જીવો કેટલા મળે ? વિધિપૂર્વક એક સાચું ખમાસમણું દેનાર પણ કેટલા મળે ? તમારા ઘરમાં રખડતા છોકરા, મા-બાપને જેમ ટકટક કરનારા કહે છે તેમ ધર્મ કરનારાને ય કોઈ ભૂલ બતાવે તો તેય તેને ટકટક કરનાર કહે છે. જેને સાચી રીતે ધર્મ કરવો હશે તેને કોઈ ટોકનાર ન મળે તો તે સારી રીતે ધર્મ કરી શકે જ નહિ. જેને શરીરના કારણે, બહુ માંદગી આદિના કારણે બેઠા બેઠા ધર્મક્રિયા કરવી પડે તે જુદી વાત છે. પણ સાજાએ તો ઊભા થવાનું હોય ત્યાં ઊભા થવું જોઈએને ? ન થાય તો કેવો કહેવાય ? જે જે ધર્મક્રિયામાં જ્યાં જ્યાં ઊભા થવાનું હોય ત્યાં ત્યાં ઊભા થવાની જેની શક્તિ હોવા છતાંય જે ઊભો ન થાય તો તેની તે ધર્મક્રિયા દૂષિત થાય છે તેમ માનવા તૈયાર છો ? વિધિપૂર્વક ધર્મ કરવા માટે ન સમજાય તો કોને પૂછો ખરો ? આજે ધર્મક્રિયાની બાબતમાં બહુ બેદરકારી ચાલે છે. મોટાભાગને વિધિ - અવિધિ સમજવાનું મન નથી અને કોઈ સમજાવે તો કહે છે કે - 'આ તો નવરાનું કામ છે.' આવા જીવો ધર્મ કરી શકે ?

જેને આ સંસાર છોડવાનું અને મોક્ષે જ જવાનું મન હોય તે જીવ જ સાચો ધર્મ કરી શકે. હજી મોટાભાગને સંસારથી છૂટી વહેલા મોક્ષે પહોંચવાની ઉતાવળ નથી તો મોક્ષ જવું હશે તો જવાશે ખરું ? પૈસા મેળવવા તમે કેવી મહેનત કરો છો ? તેવી મહેનત ધર્મ માટે કરો છો ખરા ? જેને ધર્મની સાચી કિંમત ન સમજાઈ હોય તે ધર્મી કહેવાય કે મિથ્યાદ્રષ્ટિ કહેવાય ? જે મિથ્યાદ્રષ્ટિ હોય તેના ધર્મમાં માલ હોય ખરો ? એ તો ગમે તેને દેવ માને, ગમે તેને ગુરુ માને, ગમે તેને ધર્મ મા ને. તમને પણ સાધુ ઘર-બારાદિ છોડાવે તે ગમે કે 'સારી રીતે ચલાવો' તેમ કહે તે ગમે ?

તમે તમારા સંતાનોને વ્યવહારનું બધું ભણાવો છો પણ ધર્મનું કશું જ્ઞાન આપતા નથી. દુનિયામાં સારામ સારું ભણેલા તમારા છોકરાઓને સામાયિક લેતાં ચૈત્યવંદન કરતાં કે ગુરુવંદન કરતાંય નથી આવડતું તે બધા વેપારાદિમાં હોંશીયાર છે, હજારો રૂા. કમાય છે, પણ અહીં દેવાળું ! આજે તો તમારા ઘણાના છોકરા પણ કહે છે કે- 'મારા બાપાને ય કાંઈ આવડતું નથી, તે પણ ધર્મ કરતા નથી. અમાર બાપ જેટલા પાપ કરે છે તેવાં પાપ તો અમે પણ નથી કરત . 'તો તમને ધર્મી કહેવાય ખરા ?

સાધુવેષ પણ અપ્રમાણ બને તે વાત સમજાવી રહ્યા છે. જેને અસંયમમાં પ્રવૃત્તિ કરતાં લેશ પણ કંપારી ન થાતી હોય તેને સાધુવેષ શું લાભ કરે ? વેષ બદલે અને ઝેર ખાય તો ન મરે તેવું બને ? વેષ પહેરવાથી જ સાધુપણું આવી જ જાય તેવું નથી. આજે ઘણાએ સાધુવેષ પહેર્યો છે પણ સાધુધર્મ તેમને આવ્યો નથી. સાધુપણું પામવું હોય તેને સાધુધર્મની ચોવીશેય કલાક ચિંતા હોવી જોઈએ. આ વાત સમજાઈ જાય તો ઘણા કામ કાઢી શકે તેવા છે પણ આજે ગમે તે કારણે ઘણા સાધુઓને પણ સંયમ પ્રત્યે દરકાર જ નથી.

શ્રાવકમાં જેમ ભગવાનની ભક્તિ હોય, સાધુની સેવા હોય, ધર્મની આરાધના હોય તેમ પ્રાણિ માત્ર પ્રત્યે અનુકંપા અને જીવદયા જોઈએ. જેનામાં અનુકંપા અને જીવદયા ન હોય તે ધર્મી કહેવાય ખરો ? શ્રી જિનશાસનમાં અનુકંપા અને જીવદયા વિનાની એકપણ ધર્મક્રિયા કહી નથી. કોઈ પણ ધર્મનું અનુષ્ઠાન કરો તો પહેલું 'અમારિ પ્રવર્ત્તન' જોઈએ. જ્યાં ધર્માનુષ્ઠાનો ચાલતા હોય ત્યાં બધા જ સુખી જોઈએ., કોઈ જીવ દુઃખી ન રહેવો જોઈએ. એક કાળે આ વિધિ ચાલતા હતો ત્યારે બહુ મઝા હતી. આગળ આપણા શ્રી પર્યુષણા પર્વમાં

કસાઈઓની પ સે હિંસા બંધ કરાવવા જઈએ તો તે ય રાજી થતા. કહેતા કે · આટલા દિવસ આ પાપના ધંધાથી છૂટયા ! તેને બીજો ધંધા અપાવો તો તે ય પાપનો ધંધો છોડી દેવા તૈયાર થતા હતા. આજે તે 'અમારિ પ્રવર્ત્તન'નો રિવાજ ગયો ને ? આજે તો દયા પળાવવી હોય તો કેટલા પાળે ? દયાની બુદ્ધિ હોય તે પાળે.

બીજાની હિંસા કરવી તે આપણી પોતાની જ હિંસા છે. મઝાથી હિંસા કરનારા નરકે જ જવાના છે. પંચેન્દ્રિય ઘાત કરનારા માંસાહારી, મહારંભી અને મહાપરિગ્રહી નરકે જ જાય તેમ શાસ્ત્રે કહ્યું છે. તેમાંથી પંચેન્દ્રિય ઘાત કરનારા અને માંસાહારી નરકે જાય તે યાદ છે પણ મહારંભી અને મહાપરિગ્રહી તથા તે બેને સારો માનનારા અને મઝેથી કરનારા નરકે જાય તે યાદ છે ? તમારે મહારંભનાં પચ્ચક્ખાણ છે ? મહાપરિગ્રહનાં પચ્ચક્ખાણ છે ? તમારી પાસે કેટલા પૈસા હોય તો તમે વેપારાદિ કરતા, બજારમાં જતા બંધ થાવ ? તમારો પૈસો ધર્મમાં વધારે જાય કે સંસારમાં વધારે જાય ? નાની ઝુંપડીવાળાને મોટા બંગલામાં રહેવા જતા રોયા છે પણ પૈસા વધે તો ભગવાનનું નાનું મંદિર બંધાવતા એક જોયો નથી.

ભગવાનનો આ ધર્મ કોણ બરાબર કરે તે વાત સમજાવવી છે. શ્રાવક શ્રાવકપણાને અને સાધુ સાધુપણાને બરાબર પાળે તે ક્યારે બને ? જેને આ સંસાર ભયંકર લાગે, સંસારનું સુખ ભયંકર લાગે, ઝટ મોક્ષે જવાની ઈચ્છા હોય તે સાચો ધર્મ કરી શકે. તમે બધા કમમાં કમ મોક્ષની ઈચ્છાવાળા થઈ જાવ તો ય કામ થઈ જાય.

'અમારાં પુણ્યે અમને સંસારનું જે સુખ મળ્યું તે અમે મઝેથી ભોગવીએ તેને ખોટું કેમ કહેવાય ?' આવું કોણ બોલે ? મિથ્યાદ્રષ્ટિ કે સમ્યગ્દ્રષ્ટિ ? સંસારના સુખમાં લહેર કરતાં જૈનો કેવા લાગે ? આ સંસાર સારો છે કે ખરાબ છે ? તમારાથી આ સંસાર નથી છૂટતો તેનું દુઃખ છે ? 'આ સંસાર ક્યારે છૂટે' તેવું મન પણ છે ? આવું મન પણ નહિ હોય તો શ્રાવકપણું પણ નહિ આવે. માત્ર સાધુ વેષ પહેરવાથી ગુણ નથી આવી શકતા. વેષની ખરેખરી કિંમત હોય તો ઉન્માર્ગે ગયેલા પણ સન્માર્ગે આવી જાય છે. તે માટે શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે. તે દ્રષ્ટાંત યાદ વાળો સાધુ કે શ્રાવક કેવી ચિંતામાં હોય ?

સાધુને સતત યાદ હોવું જોઈએ કે મારાથી અસંયમ જરા પણ ન થઈ જાય. પૂંજયા પ્રમાર્જ્યા વિના મારાથી કોઈ પણ ચીજ - વસ્તુ લેવાય નહિ. મૂકાય નહિ. માત્ર વેષ પહેરવાથી અને અસંયમની પ્રવૃત્તિ ચાલુ રાખવાથી કદી સાધુપણું આવતું નથી. તેમ તમને સંસાર ભૂંડો લાગ્યા વિના અને મોક્ષની ઈચ્છા થયા વિના શ્રાવકપણું પણ આવવાનું નથી. 'આ સંસાર કયારે છૂટે' 'કયારે છૂટે' તેમ તમને થાય છે ? જેને આવો વિચાર પણ ન આવે તે શ્રાવક કહેવાય ખરો ? આજના લોકોને હડતાલનો દિવસ ભારે પડે છે. રજાના દિવસે પણ ખાનગી વેપાર ચાલુ રાખે છે તેમ તમને સંસાર છોડવાનો વિચાર પણ આવતો નથી. શ્રાવકને સંસાર છોડવાનો વિચાર કાયમી હોય કે કો'ક વારનો હોય ? ભગવાનનો ભગત કેવા વિચારનો હોય ? ભગવાન થવાની ઈચ્છાવાળો હોય, તે માટે સાધુ થવાની ઈચ્છાવાળો હોય, તે માટે જે વખતે જે ધર્મ કરવાનો જરૂરી હોય તે કર્યા વિના રહે નહિ, ન કરી શકે તો તે કરવાની તાકાત કેળવે. શકિત મુજબ ધર્મ કરવાની ભાવના રાખો, તે ભાવનાને ખીલવતા જાવ તો કલ્યાણ થશે. તે માટે શું કરવું હવે પછી--

पाप भिरुताका एक अनूमोदनिय अनुभव

मालेगांव (नासिक) शहरमे अेक विशाल कुटुंब परिवार है । जो भागचंद दगडुसा शाह के नामसे सुपरिचित है । सं. १९७१ सालमे उन्होने व्यापार के हिसाब से अपनी दुकान पर चांदवड के जैन पंच महाजन के रु. १०६०/- जमा रखे थे । यह रकम सं. २००६ तक यांनी ३५ साल तक वापस दी गई नही. और २००६ मे उनके ध्यानमे यह बात आने पर उनके पेढीने व्याज के साथ रु. ५२०१/- चांदवड के पंच महाजन को दे कर चुकते पावती लेली । उसके बाद उनके दिल मे खटकने लगा की यह रकम देव द्रव्य की थी व्याज का हिसाब करके उन्होने कुछ कम रकम दी है । यह थोडा भी पाप उनसे सहा नही गया । तब उनहोनें प. पूज्य गच्छाधिपति आ. वि. रामचंद्र सूरीश्वरजी महाराज के सामने अपने दिलकी खटक स्पष्ट की और अन्य मुनिवरोसे भी पृच्छा की, तब गुरुदेवश्रीने उन्हे आदेश दिया की रु. १०६० की रकम जीस दिनसे तुम्हने जमा रखी उस दिनसे आज दिन तक ४८ पैसे के बजाय ५० पैसे से व्याज का चक्री व्याज से हिसाब करके जितनी भी रकम होगी उतनी तुम भरपाई करो तो दोष से बच जाओंगे.

तब भागचंदभाई और उनके भाई भोगीलाल भाईने वैसाही हिसाब करवाकर रु. १०६० के व्याज के साथ पूरे ३०३०२/- रुपये चांदवड जैन श्वे. पंच के ट्रस्टीयोके घर पहुचाये तब उनके दिल को शांति मिली। भागचंदभाई की मृत्यु हो गई ।

अैसा देव द्रव्यके लिये पापका डर क्वचितहि देखनें मे आता है । सचमुच यह अनुमोदनिय है !!

(सत्यार्थ प्रकाश अंतरीक्ष पार्श्वनाथ तीर्थ बुलेटीनमांथी साभार)

મહાભારતના પ્રસંગો

પ્રકરણ : ૭૦

-શ્રી રાજુભાઇ પંડિત

❋ જરાસંધ સંહાર ❋

હે કૃષ્ણ ! દુર્યોધનના વધથી રોષાયમાન થયેલા ત્રિખંડેશ્વર જરાસંધ તને કહેવડાવે છે કે- ''કૌરવકુળના સંહારથી તું સ્હેજ પણ ઘમંડ કરતો નહિ. હજી જરાસંધ જીવતો બેઠો છે. ને તારા પેટને ચીરી નાંખીને તેમાંથી કંસને અને દુર્યોધનને ખેંચી કાઢશે. હમણાં તો આ કુરૂક્ષેત્ર અનેક અક્ષૌહિણીના કબંધો (ધડ) અને માથાઓથી વિષમ બની ગયું છે માટે કુરૂક્ષેત્રને તજીને સનપલ્લીના મેદાનમાં આપણો સંગ્રામ થશે.''

અવજ્ઞા પૂર્વક દૂતને શ્રીકૃષ્ણે કહ્યું - અમારા બાહુને હજી તો કંસ અને કૌરવના સંહારથી તૃપ્તિ નથી થઈ તે જરાસંધ ! તારે જ કરવી પડશે અમે સનપલ્લીના સંગ્રામમાં આવ્યા જ સમજ. તું પણ વિલંબ વિના સજ્જ થઈને ચાલ્યો આવ. '' જા દૂત ! તારા રાજાને મારા આ વાક્યો સંભળાવજે.''

કૃષ્ણના વચનથી સંગ્રામ સજ્જ થયેલા જરાસંધે સોમક દૂતને પૂછ્યુ- 'દૂત ! તે ગોવાળીયો હક્કિતમાં છે કેવો ?' દૂતે અભય વચન મેળવીને કહ્યું- રાજન્ ! બલદેવ જેનો વડીલબંધુ છે અને અરિષ્ટ નેમિ જેના નાના બંધુ છે ''તેની સામે સંગ્રામ ખેડવાનું આ દુઃસાહસ તમારા અનર્થને પેદા કરશે માટે આવા સંગ્રામથી અટકી જાવ.''

આથી રોષારૂણ થઈને જરાસંધે કહ્યું- દૂત ! જરા જીભને સંભાળીને બોલ. એ કાચબા જેવડો ગોવાળીયો ભરતાર્ધના ધણી જેવા મારી આગળ કોણ માત્ર છે ? આ ગોવાળીયાને તો હું રણમાં ઉચ્છેદી નાંખીશ ! આમ કહીને પ્રચંડ - વિરાટ સૈન્ય સાથે જરાસંધ સનપલ્લીમાં આવી પહોંચ્યો.

બીજી બાજુ શ્રીકૃષ્ણ પણ શુભ શુકનો પૂર્વક વડિલો તથા બંધુઓ સહિત શસ્ત્ર સજ્જ થઈને આવી પહોચ્યાં.

વૈતાઢયની શ્રેણિના વિદ્યાધરોને પરાસ્ત કરવા માટે શ્રીકૃષ્ણે પોતાના પિતા વસુદેવ તથા પુત્ર શાંબ-પ્રદ્યુમ્નને મોકલ્યા વસુદેવના હાથ ઉપર શ્રી અરિષ્ટ નેમિ કુમારે જાતે જ મેરૂ ઉપરના જન્માભિષેક વખતે દેવોએ બાંધેલ રક્ષા ઔષધિ બાંધી.

બન્ને પક્ષના સૈન્યો સામસામે ગોઠવાઈ ગયા, જરાસંધે ચક્રવ્યૂહ રચ્યો હતો, તો શ્રીકૃષ્ણ વાસુદેવે ગરૂડવ્યૂહ રચ્યો હતો. શ્રી નેમિકુમારને સંગ્રામમાં આવેલા જાણીને ઈન્દ્રએ માતલિ સારથિ તથા શસ્ત્ર સજ્જ દિવ્ય રથ મોકલ્યા હતા.

શ્રીકૃષ્ણે પાંચજન્ય અને અર્જુને દેવદત્ત શંખ ફૂંકીને સંગ્રામ શરૂ કર્યો.

જરાસંધના શકિતશાળી સુભટોએ કૃષ્ણના સુભટોને પરેશાન કરી મૂકતા તેઓ ભાગીને કેશવના શરણે ગયા. કેશવ તેમને આશ્વાસન આપ્યુ.

હવે બલરામે કૃષ્ણને કહ્યું- ''શત્રુનો ચક્રવ્યુહ લાંબા કાળે પણ દુર્ભેદ છે.'' માટે દક્ષિણ તરફથી નેમિનાથકુમારને, ડાબી તરફથી અર્જુનને અને આગળના ભાગે અનાધૃષ્ટિને મોકલીને ચક્રવ્યૂહને ભેદી નાખ્યો અને તરત જ યાદવ સૈન્યે તેમાં પ્રવેશ કરીને જરાસંધના સૈન્યને ખળભળાવી મૂક્યુ.

હવે શ્રી નેમિકુમાર સામે રૂકિમ રાજા ટકરાયા પ્રચંડ પરાક્રમથી તેણે કુમારને પરેશાન કરવા પ્રયત્ન કર્યો પણ આખરે તે રૂકિમ હાંફી ગયો. ત્યારે એક સાથે લાખો રાજાઓ નેમિકુમાર સાથે યુદ્ધ કરવા લાગ્યા. ત્યારે કરૂણાસાગર પ્રભુએ હણવાની જરાય ઈચ્છા ના હોવાથી માત્ર દૈવી શંખ ફૂંક્યો. તે શંખનાદથી ત્રાસી ઉઠેલા લાખ્ખો રાજાઓ શસ્ત્રો ફેંકી - ફેંકીને ભાગવા ગયા પણ ત્યાં ને ત્યાં જ સ્તંભિત થઈ ગયા.

બીજી તરફ જરાસંધના સેનાપતિ હિરણ્યનાભને હણી નાંખવા શ્રીકૃષ્ણના સેનાપતિ અનાધૃષ્ટિ તે તરફ ધસી ગયો પણ હિરણ્યનાભ આદિએ ભેગા થઈને અનાધૃષ્ટિને પરાસ્ત કરવા માંડયો. ત્યારે કુરૂક્ષેત્રમાં સામે પક્ષે કૌરવો બંધુ હોવાથી દુશ્મનાવટથી બરાબર યુદ્ધ કરી ન શકાયુ હોવાથી અર્જુને હવે ગાંડીવ ધનુષના પોતાના મૂળભૂત ટંકાર સાથે બાણો ચડાવી - ચડાવીને ચલાવવા માંડતા શત્રુ સૈન્ય ભાગવા માંડયુ. ભીમે ગદાથી શત્રુ સૈન્યને દળવા માંડયું તો યુધિષ્ઠરે કૈંક રાજાઓને હતપ્રભ કરી નાંખ્યા. નકુલે

જરાસંધના રાજાઓને સર્પની જેમ ખાવા માંડયા તો સહદેવે શસ્ત્રો વડે શત્રુસૈન્યને રૂંધવા માંડયુ.

આ રીતે પાંડવોના પ્રચંડ ભુજબળના પરાક્રમથી શત્રુસૈન્યના મડદા થવા લાગ્યા, અને બાણથી ઘવાયેલાઓ રુધિરની નદીમાં આળોટતા થતા રહ્યા ત્યારે હિરણ્યનાભે વળતો પ્રહાર કરીને યદુસૈન્યમાં ભાંગફોડ મચાવી દીધી.

આ જોઈને ભીમે હિરણ્યનાભને લલકાર્યો. આથી બન્ને વચ્ચે ઘોરયુદ્ધ થયું બન્નેના શસ્ત્રો ખલાશ થયા ત્યારે મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ત્યારે ભીમે હિરણ્યનાભને ઊંચકીને જમીન પર પટકી દેતા તેના પ્રાણ ખલાસ થઈ ગયા.

યદુસૈન્યના આનંદ સાથે જ જરાસંધ પક્ષે શોક છવાઈ ગયો. અને સૂર્યાસ્ત થયો.

બીજે દિવસે જરાસંધે ચેદિ દેશના રાજા શિશુપાલને સેનાપતિપદે સ્થાપન કરી યુદ્ધ શરૂ કર્યુ.

'કૃષ્ણ ક્યાં છે ? કૃષ્ણ ક્યાં છે ?' એમ મોટેથી બોલતો જરાસંધ યુદ્ધમાં આવ્યો. શિશુપાલે યાદવ સૈન્યને હણવા માંડયુ ત્યારે અનાધૃષ્ટિએ વેગથી આવીને શિશુપાલના દશ હજાર રક્ષા કરનાર રાજાઓને એક સાથે અવરોધી લીધા અને તેમનો વધ કરવા માંડયો.

આ વખતે શિશુપાલ જલ્દી કૃષ્ણ તરફ ધસ્યો અને કહ્યું - કૃષ્ણ ! હવે આયુધ ઉઠાવ કે જે આયુધ મારાથી તારૂ રક્ષણ કરી શકે !

શ્રીકૃષ્ણે હસતા હસતા કહ્યું- શિશુપાલ ! તારા દુઃસહ પણ વચનના અપરાધને સો સુધી જ સાંખી લઈશ. સોની ઉપરનો એકપણ અપરાધ તારું મોત બનશે. આવું મેં મારા પિતાની બેન એવી તારી માતાને વચન આપેલું છે. હવે તેનો અપરાધની અવધિપૂર્ણ થાય છે. હજી તો શ્રીકૃષ્ણ આમ બોલી રહ્યા છે ત્યાં જ શરમ વગરના શિશુપાલે બાણવર્ષા શરૂ કરી દીધી. શ્રીકૃષ્ણે તેને ભાંગી નાંખીને, શિશુપાલના ધનુષ પણછ, બાણ, ધજાદંડ, રથ, સારથિ અને ઘોડાઓને વિંધી નાખ્યા.

આથી ઢાલ તલવાર લઈને શિશુપાલ કૃષ્ણ તરફ ધસ્યો તો શ્રીકૃષ્ણ પણ તેની સામે ધસ્યા. ભીષણ યુદ્ધ થયું. એકબીજાના પ્રહારોથી એકબીજા શસ્ત્ર વગરના થયા. શિશુપાલ નિઃશંકપણે પ્રહારો કરતો હતો જ્યારે કૃષ્ણ ફઈન દીકરાના નાતે કરૂણાપૂર્વક માત્ર સામનો કરતા હતા. હવે શિશુપાલે કૃષ્ણનું માથુ છેદી નાંખવા આકાંક્ષા કરી ત્યારે શ્રીકૃષ્ણે 'આ હવે શિર્ષોચ્છેદ' છે તેમ નક્કિ કરી લઈને ખડ્ગધારના એક જ ઝાટકે શિશુપાલનો શિરોચ્છેદ કરી નાંખ્યો.

શિશુપાલના વધથી ક્રોધાયમાન થઈ ઉઠેલા જરાસંધે સંગ્રામમાં આવીને યદુસૈન્યનો વિનાશ વેરવા સજ્જ થઈને ચાલવા માંડયું. સોમક દૂતે યદુવંશના યોદ્ધાઓનો પરિચય આપ્યા પછી જરાસંધે અનરાધાર બાણવર્ષાથી યદુવંશનો વિનાશ વેરવા માંડતા માતલિએ શ્રી નેમિકુમારને સૈન્યની રક્ષા કરવા વિનંતી કરતા. શ્રીનેમિકુમારે ધનુષ્ટંકાર અને શંખધમન વડે શત્રુ પક્ષના રાજાઓને સ્થિર કરી દીધા.

માતલિએ કહ્યું - તો પ્રભુ ! આ મદાન્ધ જરાસંધની ઉપેક્ષા શા માટે કરો છો ? ત્યારે શ્રી નેમિકુમારે કહ્યુ - આ યુદ્ધ મોહનું કારણ છે. બંધુના જ આગ્રહથી જ હું તો આવ્યો છું બાકી એવો નિયમ છે કે, પ્રતિવિષ્ણુનો વધ વિષ્ણુ જ કરે છે. અને તું હમણા જ તે પણ જોઈશ.'

હવે જરાસંધે યવનાદિપુત્રના ક્ષયને જોઈને કૃષ્ણ તરફ શસ્ત્રો ઉઠાવ્યા. ઓગણસિત્તેર પરાક્રમી જરાસંધ પુત્રો પિતાની આગળ આગળ કૃષ્ણ તરફ ધસ્યા તો એઠ્ઠાવીસ પુત્રો બલરામ તરફ આગળ ધપ્યા. અને કૃષ્ણ તથા બલરામને તેઓએ ઘેરી લીધા. આથી ક્રોધાયમાન થયેલા બલરામે જરાસંધના ૨૮ - ૨૮ પુત્રોને મચ્છરની જેમ મસળી નાંખ્યા.

પુત્રવધથી રોષારૂણ થઈને જરાસંધે બલરામ તરફ નિર્દયપણે ગદાનો પ્રહાર કરી બલરામની છાતી લોહી નીતરતી કરી મૂકી અને લોહીની ઉલ્ટી કરાવી દીધી. ફરી બલરામ ઉપર તીક્ષ્ણ તલવારનો પ્રહાર કરવા જરાસંધે તલવાર તાણી પણ એજ સમયે ચાલાકીપૂર્વક અર્જુને બાણ છોડીને ખડ્ગના ટૂકડા કરી નાંખ્યા અને બાણોની વર્ષા કરીને જરાસંધને હતપ્રભ કરી મૂક્યો.

ગદા પ્રહારથી વિધુર બનેલા રાજાને જોઈને કૃષ્ણે જરાસંધના દરેકપુત્રોને યમસદન પહોંચાડી દીધા. સમસ્ત પુત્ર વધના રોષથી જરાસંધ કૃષ્ણની સામે આવીને કહ્યું - ગોવાળીયા ! હવે તારો કાળ તારે માથે ભમે છે. તું જો, હમણાંજ તારા પેટમાંથી કંસાદિને ખેંચી કાઢું છું કે નહિ. આયુધ વગરના અને સજ્જ થયેલા શત્રુનો હું સંહાર કરતો નથી માટે ગોવાળ ! આયુધ ગ્રહણ કર કે જે તને મારાથી મરતો બચાવી શકે. તારા વધ સાથે જ મારી પુત્રી જીવયશાની પ્રતિજ્ઞા પૂરી થશે. કંસના હત્યારાને ન હણુ તો તે અગ્નિપ્રવેશ કરવાની છે.

શ્રીકૃષ્ણે કહ્યુ- રાજન્ ! તારી પુત્રીની પ્રતિજ્ઞા મોક્કસ પૂરી થશે જ પણ તેના અગ્નિપ્રવેશથી જ પૂરી થશે એટલું સમજી રાખજે.

અને બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ શરૂ થયુ. જરાસંધે મૂકેલા એક એક શસ્ત્રને કૃષ્ણે છેદી નાંખ્યા. આથી જરાસંધે ચક્રરત્નને યાદ કર્યુ. આગના ભડકા ઓકતા ભયાનક ચક્રને હાથની આંગળીથી ઘુમાવીને જરાસંધે શ્રીકૃષ્ણનો શિરોચ્છેદ કરવા છોડી મૂકયુ અને કહ્યું કે- ગોવાળીયા હવે આ ચક્ર તારૂ મોત લેશે

ભીષણ ભડકા વેરતા આવી રહેલા ચક્રને જોઈને યાદવોમાં હાહાકાર મચી ગયો આવતા ચક્રને અવરોધવા બલરામે મુશળ તથા હળ ફેંકયા, અનાધૃષ્ટિએ પરિઘ ફેંકયુ, સમુદ્રવિજયે પોતાના બધા શસ્ત્રો ફેંકયા, યુધિષ્ઠિરે શક્તિપ્રહાર કર્યો, ભીમે ગદા ફેંકી, અર્જુને બાણવર્ષા વરસાવી, નકુલે ભાલો ફેંકયો, સહદેવે અસ્ત્રો ચલાવ્યા દરેક યાદવોએ પોત પોતાના શસ્ત્રોથી ચક્રને તોડી પાડવા પ્રયત્ન કર્યો પણ ચક્ર દરેક શસ્ત્રાસ્ત્રોનો કચ્ચરઘાણ કાઢીને શ્રીકૃષ્ણ તરફ આગળને આગળ જ ચાલ્યુ.

આથી વિશ્વ હવે કેશવ વગરનું થઈ જશે તેમ માનીને યદુવીરોની આંખો આંસુ વહાવવા લાગી. બીજી તરફ જરાસંધ ભયાનક અટ્ટાહાસ વેરી રહ્યો હતો. જ્યારે શ્રીકૃષ્ણ તો સ્હેજ પણ અસ્વસ્થ બન્યા વિના આવતા ચક્રને નિહાળી રહ્યા હતા.

વેગથી આવેલા તે ચક્રે શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળમાં પ્રહાર કર્યો. પણ શ્રીકૃષ્ણની પોલાદી - વજ્ર જેવી છાતી અથળ ટકરાઈને તુંબડાની જેમ તે ચક્ર શ્રીકૃષ્ણના પગમાં પડી ગયું.

પછી સ્હેજ વાંકા નમીને શ્રીકૃષ્ણે ચક્રને હાથમાં લઈને કહ્યું - જરાસંધ ! ચાલ્યો જા હજી જીવન જીવી લે. હજી કશુ બગડયુ નથી મારી આજ્ઞાથી જા મગધનું રાજ્ય સંભાળ. હવે તારી ભાગ્યદશા અવળી થઈ છે નહિતર તારૂ પોતાનુ શસ્ત્ર મારૂ કેમ બની શકે ? રાજન્ હજી વિચારી લે જીવતો નર ભદ્રા પામે.

આથી રોષારૂણ થઈને જરાસંધ બોલ્યો - 'ગોવાળીયા એક લોઢાનો ટૂકડો તારા હાથમાં આવ્યો તેથી વાચાળો કેમ થઈ ગયો છે ? હાડકાના ટૂકડાને મેળવીને કૂતરો ઘમંડી બને છે.'

જરાસંધના આ તીક્ષણ વચનોથી છંછેડાયેલા કૃષ્ણે ચક્ર છોડી દીધું અને ભડકા ઓકતા ચક્રે આવીને જરાસંધનું માથું છેદી નાંખ્યુ. અને ચક્ર પાછુ સેવકની જેમ શ્રીકૃષ્ણના હાથમાં આવી ગયુ.

શ્રીકૃષ્ણ અને બલરામ નવમા વાસુદેવ બને બળદેવ છે એ રીતે દેવોએ પુષ્પવૃષ્ટિ પૂર્વક ઘોષણા કરી.

પછી ત્રણ ખંડનો વિજય કરવા શ્રીકૃષ્ણ ચાલ્યા. વૈતાઢયની શ્રેણિમાં વિદ્યાધરોને પરાસ્ત કરીને વસુદેવ - શાંબ - પ્રદ્યુમ્ન પાછા ફર્યા. છ મહિનાને અંતે ત્રણ ખંડ જીતીને અને કોટિશિલાને ચાર આંગળ જેટલી ઉંચી કરીને વાસુદેવ પાછા દ્વારકા પધાર્યા.

દરેક સ્વજન - રાજન વર્ગ કૃષ્ણનો અર્ધચક્રી પદે અભિષેક કર્યો. પછી યુધિષ્ઠિરને હસ્તિનાપુર ઉપર સ્થાપન કરવા વાસુદેવ સ્વયં વિશાળ પરિવાર સાથે આવ્યા.

છેલ્લે વિદાય થતા શ્રીકૃષ્ણને યુધિષ્ઠિરે કહ્યું- આ સમૃદ્ધિ આપના પ્રભાવે જ છે તમારા વિના પરાક્રમીના તે યુદ્ધને અમે કેમ જીતી શકત ? માટે તમારી ચરણરજ ગણાતાઓમાં આ યુધિષ્ઠિરને પણ ગણજો.

ક્રમશ..

પેઈજ નં. ૩૮૩ થી ચાલુ (તિરસ્કારની આગ આપણનેજ ભસ્મ કરી દેશે.)

વિશ્વની એકાઈય તાકત ને નૂકશાનને પરાજીત નથી કરી શકતી. તે આગ વ્યકિતના અન્તરને તોડે છે. ફાડે છે. બળી ગયેલી ઈમારતો બહુ બહુ તો રાખનો ધુમાડો કરી શકે. જ્યારે દાઝી ગયેલુ અન્તર ઠેર ઠેર રમખાણોની ભિજબાની પણ ઉડાડી શકે.

- અંગ દાઝી જાય તો મલમ ચોંપડી શકાય.
- ઈમારત બળી જાય તો તેનું નવનિર્માણ કરી શકાય.
- પણ અંતર બળી જાય પછી તે કયારેય પુનર્જીવન નથી પામતું

અન્તર બળે છે; તિરસ્કારથી. અન્તર વધે છે; તિરસ્કારથી. અન્તર ઉભુ થાય છે; તિરસ્કારથી.

આગથી ધૂમાડો પ્રસરે. બસ ! તેમજ તિરસ્કારથી સામાપાત્રની ધૃષ્ટતા પણ આગેકૂચ કરતી રહે. એટલું આપણે અવશ્ય યાદ રાખી લઈએ.

તિરસ્કારની આગ, અન્યને તો બીજા કોઈ ભડકાવી શકશે. સૌ પહેલા તે આપણને જ વધેરી ખાશે.

તિરસ્કારથી મળી શકતા વિજય કરતા સત્કારથી સાંપડી શકતો વિજય સંખ્યાતગણો અધિક બળવાન હોય છે.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમ સૂ. મ. ની જૈન શાસનની મર્યાદામાં આવશો ખરા ?

વર્તમાન ગચ્છાધિપતિ આ. શ્રી જયઘોષ સૂ. મ. ને વિનંતી

■ લે. પ્રેમસપૂત

પ.પૂ. સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્ય નિષ્ણાત સચ્ચારિત્ર ચુડામણિ પ. પૂ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. પોતે કરેલા વીલમાં અન્તિમ ગચ્છના નાયક તરીકે આ. શ્રી જયઘોષ સૂ. ને નીમી ગયા હતા. તેઓ અનુસારે પૂ. આ. દે. શ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ. સા. બાદ એમના સુમદાયનો ગચ્છાધિપતિ તરીકે આ. શ્રી જયઘોષ સૂ. મ. બન્યા. લાંબી નજરે નિહાળીએ ત્યારે એમ લાગે છે કે ક્યાં પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા. અને ક્યાં એ વખતના મુ. શ્રી જયઘોષવિજયજી અને ક્યાં ગચ્છાધિપતિ બન્યા બાદના આ. શ્રી જયઘોષ સૂ. મ. આભગાભ જેવું અંતર પડેલું દેખાય છે.

પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. ક્યારેય પણ પોતાનો ફોટો પડાવ્યો નથી કોઈ ફોટો પાડે ને પોતાને ખબર પડે કે તરતજ મોઢા પર આડુ કપડુ રાખી લેતા હતા કેમકે ફોટા રાગાદિનું પોષણ કરનારા છે અને એમાં આરંભ સમારંભ થતો હોવાથી અગ્નિકાય, વાયુકાયાદિ જીવોની હિંસા થાય છે. પોતે ફોટો પડાવે તો તેમા થતી જીવહિંસાનું પાપ પોતાને લાગે અને એના કારણે પોતાના મહાવ્રતો હિંસાદિના દોષોથી દુષિત બને ગચ્છાધિપતિ બન્યા બાદ આ. શ્રી જયઘોષ સૂ. પૂરેપૂરા પરિવર્તન પામી ગયા છે. શ્રી જિનશાસનની તથા પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ મ. સા. ની ઘણી માન્યતાઓ અને મર્યાદાઓને ઓલંઘી ગયા છે આ. શ્રી જયઘોષ સૂ. મ. ની નેશ્રામાં થતા દીક્ષા વગેરેના પ્રોગ્રામોમાં ફોટાની તો શું વાત કરીએ પણ ટી. વી., વિડીયો વગેરેની પણ ગોઠવણ થાય છે. એમાં આખો દીક્ષા વગેરેનો પ્રોગ્રામ આવે તેમ પોતે પણ એમાં ઉતરી જાય છે. વિડીયો, ટી. વી. માં પોતાના ફોટા આવી જાય છે. એઓની વધારે વિચિત્રતા તો એ છે કે ધાર્મિક પ્રોગ્રામોમાં ચલાતા ને ઉતરાતા ટી.વી., વિડીયો વગેરેની પુષ્ટી કરે છે. એવુ પણ જાણવા મળ્યુ છે.

પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા.ની તથા સંયમ જીવનની મર્યાદામાંથી કેટલા બહાર આવી ગયા છે લોક હેરીમાં તણાઈ જવાથી મર્યાદાઓનું ખરેખર ભાન ભૂલાઈ ગયું હોય એમ લાગે છે.

પીંડવાડાની અંજન શલાકા - પ્રતિષ્ઠા વખતે વિડીયો ઉતરાયો એનું આલંબન લઈને આ. શ્રી જયઘોષ સૂ. મ. પોતાની નિશ્રામાં થતા પ્રોગ્રામોમાં ટી. વી., વિડીયો આદિની છૂટ આપતા હોય. લાવનાર શ્રાવકોની ઉપેક્ષા કરતાં હોય તો ખરેખર પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ની ઘોર આશાધના કરી રહ્યા છે. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. ને વિડીયો ફિલ્મ લેવાની પ્રવૃત્તિની ખબર ન હતી અને ખબર પડી હોત તો એનો નિષેધ કર્યા વગર ન રહેત. જેને ફોટા પડાવવો પસંદ ન હતો તેમને વળી વિડીયો ફિલ્મમાં ઉતરવાનું કઈ રીતે પસંદ હોય અને અંજન શલાકા પ્રતિષ્ઠા વખતે વિડીયો ઉતરતી હોય એ પણ કઈ રીતે પસંદ હોય એટલે આ. ભ. શ્રી પ્રેમ સૂ. મ. સા. ના નામે આવી પ્રવૃત્તિઓ (વિડીયો-ટી.વી. વગેરે પ્રવૃત્તિઓને) ચલાવી રખાતી હોય અને એને પુષ્ટિ અપાતી હોય એ ગચ્છાધિપતિ તરીકે ગણાતા આ. શ્રી. જયઘોષ સૂ. મ. માટે શોભાસ્પદ ન ગણાય.

પીંડવાડામાં એક વખતે પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. વાંચના આપી હતી તેમાં ઉપસ્થિત બધા સાધુઓને (તમને પણ) ત્રણ નિયમો આપ્યા હતા તમે લીધા કે ન લીધા એની ખબર નથી તમને યાદ ન હોય તો યાદ કરશો પૂજ્યશ્રીએ ત્રણ નિયમો આપ્યા હતા એ વાત સુનિશ્ચિત છે.

(૧) નિયમ :- કોઈપણ સાધુએ પોતાનો ફોટો પડાવવો નહિ.

૨) નિયમ :- પોતાના નામનું જ્ઞાનમંદિર વગેરે બનાવરાવવું નહિ

૩) નિયમ :- માઈકમાં બોલવું નહિ.

આના ઉપરથી પણ એ નિશ્ચિત થાય છે કે પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. ને ફોટા પડાવવાનુ પસંદ ન હતુ તો વિડીયો, ટી.વી. વગેરે તો કયાંથી પસંદ હોય ?

પૂજ્યશ્રી અન્તર્મુખ દશામાં રમણતા કરતા હતા બહિર્મુખતા (ફોટા પડાવવા) લાઈટમાં આવવું, બહાવરા કરાવવા છાપા વગેરેમાં જાહેરાતો અપાવવી વગેરેના) થી અત્યન્ત વેગળા રહેતા હતા, પોતાના સાધુઓ પણ આવી બહિર્મુખ પ્રવૃત્તિઓમાં ન પડી જાય તે માટે અવાર નવાર ટકોર કરતા હતા.

ઘાટકોપરમાં આ. શ્રી જયઘોષ સૂ. મ. ની નિશ્રામાં થતા પંચાચાર પરિમલ મહોત્સવની પત્રિકા વાંચવામાં આવી એમાં વૈ. વ. ૫. મંગલવાર તા. ૨૩-૫-૨૦૦૦ તપ પરિમલ ઉત્સવના કાર્યક્રમ - "જૈનશાસનની-રાષ્ટ્રની ઉન્નતિ, દુષ્કાલ નિવારણ - સર્વ દુઃખ નિવારણ માટે વિશિષ્ટ આરાધના કરાવવામાં આવશે.

જેમાં આયંબીલનો તપ - નમો જિણાણં જિઅભયાણં મહામંત્રનો ૨૦૦૦ નો જાપ. સામુહિક પ્રાર્થના ભક્તિ આદિ રહેશે. ''ઈત્યાદિ કાર્યક્રમ જોઈને આશ્ચર્ય દુઃખ થયું આખા મહોત્સવમાં કેટલાક કાર્યક્રમો જૈન શાસનની મર્યાદા બહારના છે. છતા રાષ્ટ્રોન્નતિ માટે આ. શ્રી જયઘોષ સૂ. મ. આદિના નિશ્રામાં તપ જાપ આદિ કરવાનું જણાવ્યું તે તે જોઈને આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. ના સપૂત તરીકે આ લખાણના લેખકને ભારે દુઃખ થયું કેમકે એમાં ૫. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. - જૈન શાસન તથા સાધુની મર્યાદાનો આ. શ્રી જયઘોષ સૂ. મ. લોક પ્રવાહમાં તણાઈ લોપ કરી રહ્યા છે. આગળ જતા એના પરિણામે ઉપાશ્રયાદિ ધર્મસ્થાનોમાં રાજકારણ આવી જવાની શક્યતા રહે છે.

મારે આ. શ્રી જયઘોષ સૂ. મ. ને પૂછવું છે કે રાષ્ટ્રની ઉન્નતિ કેવા પ્રકારની લેવા માંગો છો ? આધ્યાત્મિક ઉન્નતિ કે ભૌતિક ઉન્નતિ અર્થાત તપ જપાદિ કરાવવા દ્વારા આધ્યાત્મિ ઉન્નતિ રાષ્ટ્રની કરવા માંગો છો કે ભૌતિક ઉન્નતિ કરવા માંગો છો ?

રાષ્ટ્રોન્નતિ શબ્દથી ભૌતિક દ્રષ્ટિએ રાષ્ટ્રોન્નતિ લેવા માંગતા હો તો ભૌતિક રાષ્ટ્રોન્નતિ કેવા પ્રકારની છે ? રાષ્ટ્રનીઉન્નતી ભૌતિક દ્રષ્ટિએ તો એને કહેવાય કે રાષ્ટ્રમાં ઠેકાણે ઠેકાણે રોડો સારા થઈ જાય, બહુમાળી બીલ્ડીંગો થઈ જાય, ઘરખમ કમાણી કરાવી આપનાર કારખાના - મીલો વગેરે થઈ જાય, ખેતીવાડી આદિ તથા લોકો સારી કમાણી કરી શકે એવા વ્યાપારન મથકો ઉભા થાય અને સારા ચાલે. ઘરે ઘરે ફોન - ફેક્ષ - ફીયાટ - ફ્રીજ - ટી.વી. વગેરે ભૌતિક સાધનો વસી જાય અને લોકો ભૌતિક સુખમાં મજા માણતા થઈ જાય. આવી જ લગભગ ભૌતિક રાષ્ટ્રની ઉન્નતિ મનાય છે આવી રાષ્ટ્ર ની ઉન્નતિ જૈન સાધુથી ઈચ્છાય જ નહી અને જૈન સાધુઓની નિશ્રામાં આવી રાષ્ટ્રની ઉન્નતિ માટે પંચાચાર પરિમલ પર્વોત્સવમાં તપ - જપ - પાર્થનાદિના પ્રોગ્રામ પણ ન રાખી શકાય. આવા પ્રોગ્રામ રાખવામાં એ મહોત્સવ પાપ રૂપ બની જાય છે. સાધુઓના પંચાચારનો એમા વિનાશ થાય છે. પંચાચારના ભૂક્કા બોલાઈ જાય છે. અને આવા પ્રોગ્રામ કરવામાં જૈન શાસનની તથા સાધુની મર્યાદાઓનું ઉલ્લંઘન થાય છે.

જૈન શાસનનો સાધુ લોકોત્તર જીવન જીવનારો હોય છે એ આવા લૌકિક કાર્યમાં ન પડે પોતાની નિશ્રામાં આવા (ભૌતિક દ્રષ્ટિએ રાષ્ટ્રોન્નથી વગેરેના કાર્યો ન ગોઠવાવે કોઈએ ગોઠવ્યા હોય તો તેમાં નિષેધ કરે અને આવા કાર્યક્રમો વખતે હાજરી પણ ન આપે - હિતર રાષ્ટ્ર ઉન્નતિ મા પાપને ટેકો આપવાનું થાય. જૈન સાધુનું સાધુપણું એ પાપથી દુષિત થાય.

જૈન શાસનનો સાધુ પોતે સાધુ બનતા પહેલા ઘરનો ત્યાગ કરે છે, ગામનો ત્યાગ કરે છે દેશ અને રાષ્ટ્રનો પણ ત્યાગ કરે છે એ જૈન શાસનના સાધુને રાષ્ટ્ર દેશ કે ગામની ઉન્નતિનો વિચાર તો બાજુમ રહ્યો પણ પોતે જે ઘર છોડી આવ્યો છે એની ઉન્નતિનો પણ વિચાર કરવાનો નથી સાધુને તો પોતાના આત્માની ઉન્નતિનો પણ વિચાર કરવાનો નથી સાધુને તો પોતાની આત્માની ઉન્નતિનો અને પોતાના સંપર્કમાં જે આવે તેન આત્માની ઉન્નતિનો જ વિચાર કરવાનો હોય છે અને તેને લગતી

જ ઉપદેશાદિની પ્રવૃત્તિ કરવાની હોય છે. રાષ્ટ્રાદિની ભૌતિક ઉન્નતિ કરવાનો વિચાર કરવો એ તો દુર્ધ્યાન રૂપ છે અને એને લગતી કોઈ પણ પ્રવૃત્તિ કરાય એ પણ સાવદ્ય પાપ રૂપ છે.

કલ્પસૂત્ર નામના આગમશાસ્ત્રમાં તારક તીર્થંકર પરમાત્મ શ્રી ઋષભદેવ ભગવાનના શાસનમાં ઋજુ અને જડ જીવોના સ્વરૂપનું વર્ણન કરતા એક દ્રષ્ટાન્ત આપ્યું છે એમાં સ્પષ્ટ જણાઈ આવે છે કે સાધુ પોતાના સંસારી ઘર કુટુંબની ચિંતા ન કરે.

એક વણીકે વૃદ્ધા અવસ્થામાં દીક્ષા લીધી એકવાર એ મહાત્મા બહિર્ભૂમિએ જઈને આવ્યા અને ગુરૂ મહારાજ પાસે ઈરિયાવહી કરવા લાગ્યા ઈરિયાવહીનો કાઉસ્સગ કરતાં ઘણીવાર થઈ ગુ. મ. ને થયું કે ઈરિયાવહીના નહાના કાઉસ્સગમાં આટલી વાર કેમ થઈ ? કાઉસ્સગમાં પાર્યા બાદ ગુ. મ. પુછયું કાઉસ્સગમાં આટલી વાર કેમ લાગી ત્યારે તે વૃદ્ધ સાધુએ કહ્યું કે કાઉસ્સગમાં ''જીવદયા'' ચિન્તવી ગુ. મ. કહ્યું કઈ રીતે ? ત્યારે વૃદ્ધ સાધુએ કહ્યું કે જ્યારે હું સંસારમાં હતો ત્યારે ખેતીવાડીનો ધંધો કરતો હતો ચોમાસું બનાવતા પહેલા ખેતરને બરોબર ખેડતો હતો ખાતર નાખતો હતો ખેતરને વાડ વ્યવસ્થિત કરતો હતો બીજ બરોબર વાવતો હતો ઉભા પાકને નુકશાન ન થાય માટે પશુ પક્ષીઓથી રક્ષણ કરતો હતો વરસાદ સારો આવવાના કારણે અનાજનો પાક સારો પાકતો હતો. એનાથી અમોને સારી કમાણી થતી હતી હું અને અમારૂં કુટુંબ સુખ પૂર્વક જીવતા હતા બધાનું જીવન મજેનું ચાલતુ હતું અત્યારે મારા દિકરાઓ આ બધુ કરતા હશે કે નહિ, જો નહિ કરતા હોય તો બીચારા દિકરા વગેરે ભૂખ્યા મરી જશે. આ રીતે જીવદયા ચિંતવી. ત્યારે ગુરૂ મહારાજે કહ્યું કે આ રીતે ચિંતવન કરવા દ્વારા દુર્ધ્યાન કર્યુ છે આવું ચિંતન પાપ રૂપ છે એમાં ખેતીવાડી આદિમાં થતી હિંસાના પાપને અનુમોદન મળે છે અનુમોદનાનું પાપ બંધાય છે જો વાસ્તવિકતા આજ છે કે પોતાના ઘરની - કુટુંબની ભૌતિક ઉન્નતિ કરવાના વિચાર પણ કુધ્યાન રૂપ છે. તો પછી તેના માટેની પ્રવૃતિ તો પાપ રૂપ બને એમાં પુછવું જ શું ? સાધુએ તો પોતાનું ઘર છોડી દીધુ છે અગાર - ઘર છોડીને અણગાર બન્યા છે એને પોતાના ઘરની પણ ઉન્નતિનો વિચાર કે પ્રવૃતિ ન કરાય તો ગામ, દેશ કે રાષ્ટ્રની ભૌતિક ઉન્નતિ આરંભ સમારંભાદિના પાપ રૂપ હોય જૈન શાસનના સાધુથી કાંઈજ કરાય નહી. એના માટે આયંબિલનો તપ નમો જિણાણં આદિનો જાપ વગેરે કાંઈ પણ કરાય નહી ને પોતાની નિશ્રામાં કરાવાય પણ નહી, એમાં જૈન શાસન અને સાધુની મર્યાદાનો ભંગ થાય.

જૈન શાસનના પૂર્વાચાર્યો અને વર્તમાનકાળના આચાર્ય ભગવંતો વગેરે કે જેઓ શાસ્ત્ર - શાસન ને સાધુતાની મર્યાદામાં રહેલા છે તેઓએ રાષ્ટ્રની ઉન્નતિ નિમિતે આવા તપ - જપ આદિના કાર્યક્રમો પોતાની નિશ્રામાં ક્યારેય પણ કરાવ્યા નથી અને કરાવવામાં માનતા પણ ન હતા. પૂ. આ. ભ. શ્રી ભુવનભાનુ સૂ. મ., પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ. મ., પ. પૂ. આ. ભ. શ્રી દાનસૂ. મ., પૂ. આત્મારામજી મ. વગેરે કોઈ મહાપુરૂષોએ પણ રાષ્ટ્રની ભૌતિક ઉન્નતિ માટે તપ - જપ આદિના અનુષ્ઠાનો કરાવ્યા નથી અને કરાવવામાં માનતા પણ ન હતા.

જો આધ્યાત્મિક ઉન્નતિ રાષ્ટ્રની કરવા માંગતા હો તો આનો સમાવેશ શાસનની ઉન્નતિમાં થઈ જાય છે. એથી ''પંચાચાર પરિમલ પર્વોત્સવ'' ની પત્રિકામાં ''રાષ્ટ્રોન્નતિ'' શબ્દ લખવાની જરૂર ન હતી અને એના માટે તપ - જપાદિ કરાવવાનું જરૂરી ન હતું.

ખરેખર સાધુને સાવદ્ય પ્રવૃત્તિ આદિના પાપ ન લાગી જાય એટલા માટે આચારાંગ સૂત્ર નામના આગમ શાસ્ત્રમાં તેની ટીકાની અંદર જણાવ્યુ છે કે ''ક્ષેમંકરવતુ સુભિક્ષં શસ્યં નિષ્પદ્યતાં'' ઈત્યાદિ શ્લોક સાધુથી સભાદિમાં ન બોલાય. આ શ્લોક બોલવાથી અનાજ આદિના ઉત્પાદનમાં જે જીવોની હિંસા થાય તેની અનુમોદનાનું પાપ સાધુને લાગે.

તો પછી જેમા મહારંભ સમારંભ થાય એવી રાષ્ટ્ર ની ભૌતિક ઉન્નતિ સાધુથી કેમ ઈચ્છાય અને એના માટે આયંબીલ - જાપ વગેરે પોતાની નિશ્રામાં કેમ કરાવાય અથવા કેમ કરવા દેવાય. કોઈ આગમાદિ શાસ્ત્રમાં દેશ - રાષ્ટ્ર વગેરેની ભૌતિક ઉન્નતિ કરવા માટે આયંબિલ આદિ જાપ કરવા કરાવવાનું વિધાન નથી જૈન શાસનનો સાધુ

ગામ - દેશ - રાષ્ટ્રાદિની ભૌતિક ઉન્નતિ કે અવનતિને ઇચ્છે નહી એના માટે કાંઈ કરે નહી અને કરાવે પણ નહી. જૈન શાસનનો સાધુ બન્નેમાં મધ્યસ્થ દ્રષ્ટિવાળો હોય સાધુની અને ધર્મીઓની મર્યાદાજ જુદા પ્રકારની હોય છે. એને તો દરેક પ્રવૃત્તિઓ શાસ્ત્રના કહ્યા પ્રમાણે કરવાની છે.

આ. શ્રી જયઘોષ સૂ. મ. ગચ્છાધિપતિ બન્યા બાદ જૈન શાસનનું સુકાન જાણે પોતાના હાથમાં જ આવી ગયું છે એમ માની ને તારક તીર્થંકર પરમાત્માના આગમાદિ શાસ્ત્રોને માન્ય નહી એવી નવી નવી રાષ્ટ્રોન્નતિ વગેરેની પ્રવૃત્તિઓ કરાવતા થયા હોય એમ લાગે છે. માત્ર લોકો રાજી કેમ થાય કે પોતાના બને એ માટેની રાષ્ટ્રોન્નતિ આદિ માટે તપ જપાદિની પ્રવૃત્તિઓ કરાવે અથવા પોતાની નિશ્રામાં કરવા દે તેનું પરિણામ શું આવશે ? એમના સાધુઓ પણ આવી પ્રવૃત્તિઓ કરાવતા થઈ જશે અને શાસનમાં આવી પ્રવૃત્તિઓ વ્યાપક થઈ જશે જેના કારણે જૈન શાસનને ભારોભાર નુકશાન થવાની શક્યતા છે. રાષ્ટ્રોન્નતિના નામે ધર્મસ્થાનોમાં રાષ્ટ્રની ભૌતિક ઉન્નતિના કાર્યો સાધુ - શ્રાવકો કરતા થઈ જશે એના કારણે ધર્મસ્થાનો રાજકારણના અખાડા થઈ જશે અને ધર્મ - જૈન શાસન ખાડામાં જશે.

જૈન શાસનમાં જેઓ શાસ્ત્રવિરૂદ્ધ કે શાસનની મર્યાદા વિરૂદ્ધની પ્રવૃત્તિઓ કરે છે અને કરાવે છે એમની પાસે પણ પોતાની પ્રવૃત્તિઓને વ્યાજબી ઠરાવવા માટે ખોટી દલીલો પણ હોય છે અને શાસ્ત્રપાઠો આપે છે અને એ શાસ્ત્રપાઠોનું અર્થઘટન પોતાની વાતની પુષ્ટી કરવા ખોટી રીતે કરે છે અને ઉન્માર્ગને જોરશોરથી પ્રવર્તાવે છે.

આચાર્યશ્રી જયઘોષ સૂ. મ. એમની નિશ્રામાં રાષ્ટ્રની ઉન્નતિ માટે તપ જપાદિ જે થયા તેની સિદ્ધિ કરવા માટે અને હું જે આ લખાણ દ્વારા વિરોધ કરી રહ્યો છું એ વિરોધને ખોટો સાબીત કરવા માટે દલીલ - યુક્તિ પણ કદાચ આપે અને શાસ્ત્ર પાઠ પણ આપે મને ખબર છે કે રાષ્ટ્રની ભૌતિક ઉન્નતિ કરવાના લૌકિક કાર્યની પુષ્ટિ કરવા માટે ''મોટી શાન્તિ'' સૂત્રમાં ''રાજાધિપાનાં શાંતિર્ભવતું પૌર જનસ્ય શાન્તિર્ભવતું વગેરેના પાઠોની સાક્ષી આપશે અને એ પાઠનું અર્થઘટન રાષ્ટ્રોન્નતિ માટે તપ જપ આદિ થઈ શકે એને સાબીતી થઈ શકે એવુંજ કરશે જેમ બીજાઓ (આ માન્યતાવાળા) જે રીતે કરે છે રાજાધિપાનાં શાન્તિર્ભવતું ઈત્યાદિ પાઠમાં શાન્તિનો અર્થ ઉન્નતિ કરે છે. એ પાઠથી રાષ્ટ્રની ઉન્નતિ લે છે આ રીતનો અર્થ કરવા દ્વારા પોતે રાષ્ટ્રોન્નતિ કરવા માટે જે પોતાની નિશ્રામાં તપ જપાદિ કરાવી રહ્યા છે કે થઈ રહ્યા છે તે બરોબર છે એ વિરોધ કરવા આવનાર શ્રાવકના મગજમાં બેસાડે. દેશે અને વિરોધ કરનારાના મગજમાં બેસી જશે કેમકે વિરોધ કરવા આવનાર શ્રાવકને એ પાઠના અર્થની પૂરેપૂરી જાણકારી ન હોય. રાષ્ટ્રોન્નતિની વાતો કરનારાઓની વાત કઈ રીતે ખોટી છે એ જાણતો ન હોવાથી એમની રાષ્ટ્રોન્નતિની વાત શાસ્ત્રવિરૂદ્ધ તરીકે સમજવાના બદલે એમની વાત એને સાચી લાગી જશે આ. શ્રી જયઘોષ સૂ. મ. બરોબર કરે છે એમ એના મગજમાં ઠસી જશે અને પૂરેપૂરો ભ્રમિત થઈ જશે. અને જેમને એમના પ્રત્યે શ્રદ્ધા છે તે લોકો આંખ મીચીને એમની રાષ્ટ્રોન્નતિ માટે તપ - જપ આદિ કરવા કરાવવાનો સ્વીકાર કરીને પ્રચારકાર - પ્રચાર અને પ્રવૃતિઓ તે માટેની કરાવતા - કરતા થઈ જશે એના કારણે મોટો ઉન્માર્ગ જૈન શાસનમાં ચાલશે.

એવુ ન બને એ માટે રાષ્ટ્ર ઉન્નતિ અને મોટી શાન્તિ સૂત્રના પાઠમાં કહેલી ''રાજાધિપાનાં શાન્તિર્ભવતુ'' ઈત્યાદિ વાતની ભેદરેખા સમજવી પડશે.

રાષ્ટ્રની ઉન્નતિ એટલે રાષ્ટ્રમાં ઠેકાણે ઠેકાણે ડામરાદિના રોડો થવા આલીશાન બહુમાળી બીલ્ડીંગો બને - કારખાનાઓ સ્થપાય, બજારના પીઠાઓ સ્થપાય, ખેતીવાડી વગેરે સારી થાય, લોકો શ્રીમંત અને ભૌતિક સુખ પામી મોજ મજા કરતા થઈ જાય.

ત્યારે ''રાજાધિપાના શાન્તિર્ભવતું વગેરે જે માટે શાન્તિમાં પાઠ છે તેમાં શાન્તિનો અર્થ ઉપદ્રવનો અભાવ થવો થાય છે અર્થાત્ રાજા - રાષ્ટ્ર કે રાષ્ટ્રના લોકો પર દુષ્ટરાજાઓ વગેરે દ્વારા યુદ્ધાદિ કે લુટારાદિના ઉપદ્રવો તથા મારી મરકી વગેરેના ઉપદ્રવ ના આવે અને આવેલા આવા ઉપદ્રવો શમિત થઈ જાય. જેથી ધર્મ સંસ્કૃતિ ધર્મસ્થાનો અને ધર્મીઓ વગેરે સુરક્ષિત રહે દુષ્ટરાજાઓનું આક્રમણ વગેરે આવે ત્યારે આ બધુ નાશ

પામી જાય ધર્મી લોકો પોતાનો ધર્મ ન કરી શકે અનેક માનવો આદિ યુદ્ધાદિમાં કપાઈ જાય. આવુ બધુ ન બને એ માટે રાજાધિપોની - દેશોની - નગરલોકોની શાંતિ ઈચ્છાય છે અને એ માટે મોટી શાન્તિમાં રાજાધિપાનાં શાન્તિર્ભવત્ વગેરે પદો બોલાય છે.

''પંચાચાર પરિમલ પર્વોત્સવ'' પત્રિકા વાંચી કોઈ વ્યકિત આ. શ્રી જયઘોષ સૂ. મ. પાસે જઈને કહે કે આપશ્રીની નિશ્રામાં રાષ્ટ્રોન્નતિ માટે આયંબિલનો તપ - નમો જિણાણં વગેરેનો જાપ કરવાનું પત્રિકાના કાર્યક્રમમાં જણાવાયું છે તે બરોબર છે ? તેના જવાબમાં પણ તેઓ કેવી દલીલ કરશે તે પણ લેખકને ખબર છે કેમ કે એઓ જેવી દલીલ કરે છે એવીજ દલીલો આવાજ પ્રોગ્રામો રાખનારા બીજાઓ કરતા જાણવા મળે છે એઓ એવું કહેતા હોય છે કે ભાઈ આ તો ગૃહસ્થોનું કામ છે ગૃહસ્થો કરે છે પત્રિકાઓ લખે - છપાવે છે અમે કાંઈ કરતાં નથી.

આચાર્ય શ્રી જયઘોષ સૂ. મ. પણ પોતાની નિશ્રામાં થત પંચાચાર પરિમલ પર્વોત્સવના કાર્યક્રમમાં રાષ્ટ્રની ઉન્નતિની બાબતમાં આવી દલીલો કરે તો તે દલીલો પોકળ જ છે કેમકે મહોત્સવ વગેરેની પત્રિકાઓ મોટાભાગે સાધુઓજ લખી આપતા હોય છે શ્રાવકોને મોટાભાગે પત્રિકા લખતા આવડતી હોતી નથી પત્રિકામાં કાર્યક્રમો પણ સાધુઓ ગોઠવતા હોય છે શ્રાવકોએ કોઈ અનુચિત કાર્યક્રમ ગોઠવ્યો હોય તો સાધુઓ સુધરાવી દેતા હોય છે.

પંચાચાર પરિમલ પર્વોત્સવની પત્રિકા પણ લખી આવેલી હોવી જોઈએ તેમાં કાર્યક્રમ પણ સાધુએજ ગોઠવેલો હોવો જોઈએ અને એ પત્રિકા આ. શ્રી જયઘોષ સૂ. મ. ની નજર તલેથી પસાર થયેલીજ હોવી જોઈએ એટલે આ પત્રિકા ગૃહસ્થે લખેલી છે વગેરે વાતો ખરેખર વાહીયાત છે કદાચ માનો કે ગૃહસ્થે પત્રિકા લખી હોય અને એના કાર્યક્રમમાં કોઈ અનુચિત કાર્યક્રમ રાખ્યો હોય તો સાધુ તેમાં ફેરફાર પણ કરાવે ખરોને ? અને કદાચ ગૃહસ્થ અનુચિત કાર્યક્રમનો ફેરફાર ન કરે તો તે અનુચિત કાર્યક્રમના પ્રોગ્રામમાં હાજરી ન આપવા દ્વારા સાધુ પોતાનો વિરોધ પણ દર્શાવે ખરો કે નહી ?

એમ રાષ્ટ્રની ઉન્નતિ માટે તપ - જપાદિનો જે પ્રોગ્રામ રાખ્યો તેમાં ફેરફાર (બંધ) કરાવવો જોઈતો હતો અને બંધ ન કરે તો એ પ્રોગ્રામમાં હાજરી ન આપીને કે એ પ્રોગ્રામમાંથી નીકળી જઈને પોતાના વિરોધ પણ દર્શાવવો જોઈતો હતો ને ? લોક હેરીમાં એવા તણાઈ ગયા છે કે હવે લોકો ને ગમે એવું કરવું છે પ. પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂ મ. સા. તથા જૈન શાસનની મર્યાદા તરફ નજર જ રહી નથી એમ લાગે છે.

સુરતમાં પણ તપસ્વીઓના બહુમાનના પ્રસંગે ઉપસ્થિત વિશાળ જનમેદનીને ધર્મોપદેશ સંભળાવવાના બદલે આ. શ્રી જયઘોષ સૂ. મ. ની નિશ્રામાં જાદુગરના ખેલ વગેરે રાખ્યા હતા. ગીતાર્થ અને સિદ્ધાન્ત દિવાકર કહેવાતા આ. શ્રી જયઘોષ સૂ. મ. જાદુગરના ખેલ વગેરેના પાપાચારો પોતાની સભામાં ચલાવે રાખ્યા. ખરેખર ખેદની વાત છે કે આ. શ્રી જયઘોષ સૂ. મ. સુધારકતાના ઘોડાપૂરમાં કેવા અને કયાં સુધી તણાઈ ગયા છે ?

આવી બધી પ્રવૃત્તિઓથી જૈન શાસનને કેટલું નુકશાન થશે કે જેની ભરપાઈ ભાવિમાં કરવી મૂશ્કેલ થઈ પડશે.

આ. ભ. શ્રી પ્રેમસૂ. મ. સા. ના સપૂત તરીકે આ બધુ લખવા પ્રેરાયો છું મને કોઈ પણ પ્રકારનો તમારા પ્રત્યે દ્વેષભાવ નથી. એ વાત ધ્યાનમાં લેશો.

કોણે શું કર્યું કે કોણ શું કરે છે એ તરફ નજર કર્યા વગર સંયમ અને શાસનની મર્યાદામાં રહીને શાસનના કામ કરવા છે એ નિર્ણય કરીને શાસનના કાર્યો કરશો અને કરાવશો તો શાસનની ઉન્નતિ કરવા દ્વારા અનેકના કલ્યાણ કરનારા બની શકશો પ. પૂ. આચાર્ય દેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ. ની અસ્મિતાને ચાર ચાંદ લગાડનારા બનશો.

અન્તે મારી તમોને એકજ વિનંતિ છે કે રાષ્ટ્ર ઉન્નતિ વગેરેના રવાડે ચઢયા વગર અને ફોટો, ફીલમ વગેરેની બાહ્ય પ્રવૃત્તિમાંથી ખસીને અન્તર્મુખતામાં લયલીન બની શાસનની મર્યાદામાં આવી જાઓ

બસ આટલુ દિશાસૂચન કરીને વિરામ પામુ છું.

■ ■ ■

પરમારાધ્યપાદ પ. પૂ. આ. દેવ શ્રી મદ્વિજય કમલરત્નસૂરીશ્વરજી મ. સા. ની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે પિણ્ડવાડાની પુણ્ય ધરા પર સંઘવી કિસ્તૂરચંદજી હંસાજી પરિવાર તરફથી થયેલ ૫૧ + તેમજ અન્ય ભાગ્યશાળી તરફથી થયેલ ૫૮ કુલ ૧૦૯ છોડનાં ઉજમણાં સહિત જિનેન્દ્ર ભક્તિ સ્વરૂપ

પંચાહ્નિકા મહોત્સવની આછેરી ઝલક

પો. વ. ૧૦ તા. ૩૦-૧-૨૦૦૦ ના રોજ શુભ મુહૂર્તે જૈન બેન્ડ અને પિણ્ડવાડાનો પ્રસિદ્ધ બેન્ડ વાજાના મધુર નાદ તેમજ ભવ્ય સામૈયા સાથે નગર પ્રવેશ થયેલ, ત્યારબાદ ગુરુ ભગવંતે માંગલિક પ્રવચન ફરમાવેલ ત્યારબાદ સંઘવી કિસ્તૂરચંદ હંસાજી પરિવાર તરફથી ગુરુપૂજન તેમજ પ્રભાવના થયેલ.

પો. વ. ૧૨ ના દિવસે - મહોત્સવની શુભ શુરૂઆત થયેલ. ૯૦ વાગ્યે પૂજ્યશ્રીજીએ પ્રવચન ફરમાવેલ. ત્યારબાદ પિણ્ડવાડા નિવાસી મહેતા અમૃતલાલજી ચુનીલાલની સુપુત્રી શાલિનીબેન દીક્ષાનું મુહૂર્ત લેવા માટે પરિવાર સાથે વાજતે ગાજતે ગુરુ ભગવંત પાસે વ્યાખ્યાન મંડપમાં આવેલ, ગુરૂ ભગવંતે તેમને જેઠ સુદ ૧૦ તા. ૧૧ જૂન ૨૦૦૦ નું શુભ મુહૂર્ત પ્રદાન કરેલ. ત્યારબાદ શાલિનીબેને પૂ. ગુરુ ભગવંતોનું સોનાની ગિની વિગેરેથી ગુરુ પૂજન કરેલ ત્યારબાદ સંઘવી કિસ્તૂરચંદ હંસાજી પરિવાર તેમજ મહેતા અમૃતલાલ ચુનીલાલ અને એક ભાગ્યશાળી તરફથી જુદા જુદા સંઘ પૂજન થયેલ. બપોરે પંચ કલ્યાણક પૂજા થયેલ.

પો. વ. ૧૩ ના શુભ દિવસે ૧૦ વાગ્યે ગુરુ ભગવંતે જિનવાણી ફરમાવેલ. બપોરે નવાણું પ્રકારી પૂજા થયેલ.

પોષ વદ ૧૪ ના શુભ દિવસે ૧૦ વાગ્યે ગુરુ ભગવંતે પ્રવચન ફરમાવેલ. તેમાં સંઘવી કિસ્તૂરચંદજી હંસાજી, શા. મેલાપચંદજી સૂરચંદજી, શા. મીઠાલાલજી રાયચંદજી, શા. વીરચંદ માણેકચંદજી આદિ ભાગ્યશાળીઓ તરફથી ૫/- રૂપિયાનું સંઘપૂજન થયેલ બપોરે પૂજા થયેલ.

પો. વ. ૩૦ ના શુભ દિવસે ગુરુ ભગવંતે જિનવાણી રૂપી સુધાનું પાન કરાવેલ ત્યારબાદ - ૧) સંઘવી કિસ્તૂરચંદજી હંસાજી. ૨) કાલિદાસ ગોમાજી બે રૂપિયા. ૩) રાજેન્દ્રકુમાર જેંસીંગલાલ પાણી ડીસાવાળા. ૪) રતિલાલ કુન્દનમલજી. ૫) ચંપાલાલજી ચુનીલાલજી. ૬) માણેકચંદ દલીચંદજી. ૭) લલીતકુમાર સુરમલજી. ૮) જયંતિલાલ કુંદનમલજી. ૯) હિમ્મતલાલજી મયલદાસજી નાંદિયાવાળા આદિ તરફથી એમ કુલ ૧૦ રૂપિયાનું સંઘ પૂજન થયેલ. બપોરે સર્વ સિદ્ધિદાયક સિદ્ધચક્ર મહાપૂજન થયેલ.

મહા સુદ ૧ ના શુભ દિવસે સંઘવી પરિવાર સંઘ સાથે વાજતે ગાજતે પૂજ્યશ્રીજીને પધારવા માટે વિનંતી કરવા ગયેલ. સંઘવીની વિનંતીને માન આપી પૂજ્યશ્રીજી સકલ શ્રી સંઘની સાથે વાજતે - ગાજતે સંઘવી ધર્મચંદજી કિસ્તૂરચંદજીને ત્યાં પધારેલ. ત્યાં ગુરુ ભગવંતે માંગલિક પ્રવચન ફરમાવેલ ત્યાર બાદ સંઘવી શા. ધર્મચંદજી કિસ્તુરચંદજી પરિવાર તરફથી ગુરુ પૂજન તેમજ સંઘપૂજન કરેલ ત્યાર બાદ ગુરુ ભગવંત સકલસંઘ સાથે સંઘવી પુખરાજજી કિસ્તૂરચંદજી ને ત્યાં પધારેલ, ત્યાં ગુરુ ભગવંતે માંગલિક પ્રવચન ફરમાવેલ ત્યાર બાદ સંઘવી પુખરાજજી કિસ્તૂરચંદજી પરિવાર તરફથી ગુરુ પૂજન તેમજ જ ૪/- રૂપિયાનું સંઘપૂજન થયેલ અને સંઘવી પરિવારે ગુરુ ભગવંતે કપડા પાત્રા વિગેરે વહોરાવેલ તેમજ પરમાત્માની આંગી માટે ચાંદીના ટીકડા અર્પણ કરેલા ત્યાર બાદ બૈન્ડવાજા મંગલ કળશથી સુશોભિત કુમારિકાઓ, ઘોડા, ઈન્દ્રધ્વજા, પરમાત્માથી સુશોભિત રથ, પૂ. આ. દેવ શ્રી મદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં ફોટા સહ ૪૫ આગમનો ભવ્ય વરઘોડો નીકળેલ ત્યાર બાદ બપોરે સંઘવી પરિવાર તરફથી રાઈ પરગણાનું સ્વામિવાત્સલ્ય થયેલ. બપોરે પરમાત્માની સત્તર ભેદી પૂજા થયેલ.

મહા સુદ ૨ના શુભ દિવસે ગુરુ ભગવંતે પ્રવચન ફરમાવેલ ત્યારબાદ પૂજ્યશ્રીજીની ૧૦૦ ઓળીની અનુમોદનાર્થે અલગ ભાગ્યશાળીએ તરફથી ૫ રૂપિયાનું સંઘપૂજન થયેલ.

મહા સુદ ૩ ના શુભ દિવસે પ્રભાતે પૂજ્યશ્રીજી સકલ સંઘ સાથે વાજતે - ગાજતે શા. સંતોકચંદજી હીરાચંદજી મરડિયાનાં ઘરે પધારેલ ત્યાં ગુરુ ભગવંતે માંગલિક પ્રવચન ફરમાવેલ, ત્યાં શા. સંતોકચંદજી હીરાચંદજી પરિવાર તરફથી ગુરુપૂજન થયેલ. તેમજ સંઘપૂજન થયેલ, ત્યારબાદ ત્યાંથી પૂજ્યશ્રીજી સકલસંઘ સાથે શા. સંતોકચંદજી હીરાચંદજી મરડિયા પરિવાર તરફથી આયોજિત ''પિણ્ડવાડાથી સીવેરા તીર્થની'' ચૈત્ય પરિપાટી કરવા પધારેલ, ગુરુ ભગવંતે માંગલિક પ્રવચન ફરમાવેલ પ્રવચન પશ્ચાત્ આબુરોડ નગરે સુશોભિત વાસુપૂજ્ય જિન પ્રાસાદની વર્ષગાંઠ નિમિત્તે ''શા. ધનજીભાઈ મંશાજી પરિવાર તરફથી આયોજિત અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રસંગે પધારવા માટે આબુરોડ નિવાસી શા. ધનજીભાઈ મંશાજી પરિવાર તરફથી વિનંતી કરવામાં આવેલ, પૂજ્યશ્રીજીએ લાભ જાણીને તેમની વિનંતીનો સ્વીકાર કરેલ ત્યારબાદ અલગ-૧ ભાગ્યશાળીઓ તરફથી પૂજ્યશ્રીજીની ૧૦૦ ઓળીની અનુમોદનાર્થે ૫ રૂપિયાનું ગુરુ પૂજન તેમજ સંઘપૂજન થયેલ ત્યારબાદ થયેલ, મરડિયા પરિવાર તરફથી સંઘની સાધર્મિક ભક્તિ થયેલ.

તિરસ્કારની આગ આપણનેજ ભસ્મ કરી દેશે.

- શૌર્યવાણી

- તે આગનું અટ્ટહાસ્ય વિશ્વને તો પછીથી દઝાડશે...
- તે આગની જવાળાઓ વિશ્વને તે પછીથી સળગાવશે...
- તે આગનો મહાદાહ વિશ્વમાં તો પછીથી સન્તાપ વેરશે ..
- તે આગની ધુમઘટા વિશ્વને તો પછીથી કજ્જલ કરી શકશે...
- તે આગની ચીનગારીઓ વિશ્વમાં તો પછીથી ફેલાશે...

અલબત્ત ! તે જ્વાળામુખી સૌ પહેલા આપણને જ ભડથુ કરી દેશે. તે જ્વાળામુખીનું નિ ઘનામ હોય છે 'તિરસ્કાર'

તિરસ્કારની આગ એવી તો અને એટલી તો જ્વલન્ત હોય છે; કે તેની તુલનામાં પ્રલયકાળની અગનવર્ષાને પણ કમજોર કહેવી પડે.

ગગનચુંબી ઈમારતોને પણ ભસ્માવશેષ કરી દેતી દુનિયાની આગ તો હજીય શાન્ત લેખાય. તે પાપિણી કમસેકમ પાણીથી તો સાન્ત્વના પામી જશે. અફસોસ ! પણ તિરસ્કારના પાતકે પેટાવેલી આગ એટલી બધી તો અસહ્ય અને અશાન્ત બની રહે કે તેને કોઈ કાળે ઠારી શકાય નહિ. તે પાપિણીની સાન્ત્વની માટે થતા બધાજ પુરૂષાર્થો વ્યર્થ બને છે. સાન્ત્વનાના નીરથી તિરસ્કારની આગ ઓર ભભૂકી ઉઠશે.

''સરોવરના નીરથી દુન્યવી આગ હજી શમી શકશે. બેશક ! પણ યાદ રહે કે સાન્ત્વનાના નીરથીય તિરસ્કારની આગ તો નથી જ શમી જતી.''

''દુન્યવી આગ ગગનચુંબી ઈમારતોને ક્ષણ - બેક્ષણમાં ભસ્મસાત્ કરી દેશે. તિરસ્કારની આગ પરસ્પરના એખલાસને ક્ષણવારમાં દહી જશે.''

''જમીનદોસ્ત બનેલી ઈમારતનું હજીય પુનર્નિર્માણ થઈ શકે છે. સબૂર ! પણ પ્રણષ્ટ બનેલા એખલાસનું પુનઃ સ્થાપન કદાચ શતાબ્દીઓની શતાબ્દી સુધી પણ નથી થઈ શકતું.''

આગની લપેટમાં લપેટાઈને જલી ઉઠેલી ઈમારત ભલે ભસ્મસાત્ બની જતી હોય; પણ એ ભસ્મમાંથી જ ઈમારતના ભવ્યભવિષ્યનું પણ સર્જન થઈ શકે છે.

અફસોસ ! પણ તિરસ્કારની જ્વાળાઓમાં લબકારા લઈને લાશ બની ગયેલી સદ્‌ભાવના પ્રાયઃ કયારેય પુનર્જીવન નથી પામતી. પરસ્પરની સદ્‌ભાવના જો એકવાર પણ તિરસ્કારની આગમાં લાશ બની ગઈ; તેનુ પુનર્જીવન તો શકય નથી જ અલબત્ત ! ત્યારપછી તે લાશમાં પ્રદ્વેષના જેવા પલિત - પ્રેતનું આગમન થાય છે. કે જે પ્રદ્વેષનો પ્રેત ચિરકાળ સુધી હુલ્લડ મચાવતો રહે. તે એટલો બધો તો ઉચ્છૃંખલ બન્યો હોય; કે તેને સ્પર્શસુધ્ધા ન કરી શકો તે એટલો બધો તો અશાન્ત હોય કે તેના આંગણે આવનારી વ્યકિત પણ પ્રદ્વેષના પ્રેતથી પ્રેતિત બની જાય. તે જીવનભર ઝૂઝતો રહે. ઝઝૂમતો રહે. પોતાના ભીંતરમાં સળગતા પ્રદ્વેષનો ચેપ ઠેર ઠેર ચોંટાડતો રહે. અસહકાર અને ઈર્ષ્યાના રમખાણ સર્વત્ર પ્રસારતો રહે. તેજોદ્વેષના તાંડવો પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપમાં વ્યકત કરી - કરી ને તે પ્રેત પોતાની પ્રેત કથા આલેખતો રહે.

અસહકારના રમખાણો અને તેજોદ્વેષના તાંડવો યોજી-યોજી ને જ પ્રદ્વેષનો આ પ્રેત ક્રૂર મનઃ શાન્તિને મહેરબાન કરી શકે છે. માનસિક શાન્તિની પ્રાપ્તિ માટે ત્યાર પછી તેની આંખો સામે અન્ય કોઈ માર્ગ જ ઉપસ્થિત થતો નથી તોફાન અને તાંડવના ક્રૂર માધ્યમો દ્વારા જ તે શાન્ત બને છે.

હા ! પાપ પણ આ બધાના ઉદ્‌ગમસ્થળ તરીકે જોઈ શકશે તિરસ્કારને.

તિરસ્કાર એક અશામ્ય અને અજેય કક્ષાની આગ ગણાય. જો આગ જ ચાંપવી હોય તો હજી લખલૂટ ખજાનો પસંદ કરાય. ભવ્યતમ સ્થાપત્યોને પસંદ કરી શકાય. આભ અડકયા દુર્ગો કે મિનારાઓને યાદ કરી શકાય. તે બધા ખાખ બની જશે તો માત્ર રાખનો ફેલાવો થશે એટલુ જ અનિષ્ટ.

સબૂર ! પણ તિરસ્કાર' નામની આગ જો ચાંપી બેઠા તો યાદ રહે કે એ મહતી આગ એવું ક્રૂર નૂકશાન થોડીક પળોમાં વેરી દેશે; કે જે નૂકશાન ક્રોડો સોનૈયાઓ દ્વારા પણ ન ભરપાઈ થઈ શકે. ચક્રવર્તિપણાનું સિંહાસન પણ તે નૂકશાનને પહોંચી ન શકે. પ્રતિકારની તો શી વિષાત્ ?

અનુસંધાન પેઈજ નં. ૩૭૬

તપોવન સંસ્કારધામના ૨૧ ટ્રસ્ટીઓનાં સામૂહિક રાજીનામાં

અનિલ શાહ

વાપી તા.૨ : નવસારી નજીક આવેલા અને પંન્યાસ ચંદ્રશેખરવિજયજી મ. સા. ની પ્રેરણાથી બનેલા તપોવન સંસ્કારધામમાંથી એકાએક ૨૧ ટ્રસ્ટીઓએ રાજીનામા ધરી દેતાં દાતાઓ અને સંનિષ્ઠ કર્મચારીઓમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

બનાવની વિગત મુજબ જૈન મુનિ પંન્યાસ ચંદ્રશેખરવિજયજી દ્વારા જૈન બાળકોને વિશિષ્ટ રીતે તૈયાર કરી શકાય તે માટે તપોવન નામની સંસ્થા સ્થાપી હતી, પરંતુ સ્થાપનાકાળથી જ વિવાદમાં સપડાયેલું આ તપોવન આજ પર્યંત વિવાદમાં રહ્યું છે અને વિવાદના કેન્દ્રમાં પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી રહ્યા છે.

થોડા વખત પહેલાં લલિતભાઈ ધામીને ટ્રસ્ટી મંડળે દૂર કર્યા હતા. ત્યાર બાદ ફરી લલિતભાઈ ધામીને સમાવવા ભારે દબાણ થયું, પરંતુ કેટલાક ટ્રસ્ટીઓના ભારે વિરોધને કારણે તે શકય ન બનતાં બાકીના ૧૧ જેટલા ટ્રસ્ટીઓમાં ખાસ કરીને નવસારીના મનુભાઈ ત્રિકમલાલ શાહ, ભરતભાઈ શાહ વગેરેનાં રાજીનામા માગવા પંન્યાસ ચંદ્રશેખરવિજયજીએ ભારે દબાણ લાવ્યા. પરંતુ તેમાં ન ફાવતા તેમણે આમરણાંત ઉપવાસનો આશરો લીધો હતો.

છતાં પણ ટ્રસ્ટીઓ એકના બે ન થયા આખરે હાલમાં છેલ્લા એક વર્ષથી ચાલતા વિવાદનો અંત લાવવા હિંમતભાઈ બેડાવાલા, મનુભાઈ ત્રિકમલાલ સહિત તમામ ૨૧ ટ્રસ્ટીઓએ રાજીનામા આપી દીધાં હતાં (અથવા લઈ લેવામાં આવ્યા) આમ તો અગાઉના ૧૧ ટ્રસ્ટીઓનાં જ રાજીનામાનો પંન્યાસ ચંદ્રશેખરવિજયજીનો આગ્રહ હતો, પણ કહેવાય છે કે પંન્યાસજીનું તપોવનમાં સીધું ઈનવોલ્વમેન્ટ દેખાતાં તમામ ટ્રસ્ટીઓએ સાગમટે રાજીનામા ધરી દીધા હતાં. ત્યારે હાલમાં આવનારી નવી ટર્મના પ્રારંભથી નવા ટ્રસ્ટીઓ તરીકે અરવિંદભાઈ શાહ (વિનિયોગ), પ્રકાશભાઈ (દાઢી), દેવચંદભાઈ (નવસારી), મુકેશભાઈ પટેલ (અમદાવાદ), ભદ્રેશભાઈ (અમદાવાદ) આમ પાંચ નવા ટ્રસ્ટીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. એમ કે પાંચમાંથી ચાર ટ્રસ્ટીઓ સીધા વિનિયોગ પરિવાર, મુંબઈ સાથે જોડાયેલા હોઈ તેમની વિચારસરણી સાથે પંન્યાસજીની વિચારસરણીનો કેટલો મેળ જામે તે તો સમય કહેશે, પણ હાલમાં તો પાછલા દરવાજેથી વિવાદી એવા લલિતભાઈ ધામીનો પ્રવેશ થશે તેવી વાતો આવતાં કેટલાક સંનિષ્ઠ કર્મચારીઓમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે અને છેલ્લા કેટલાક સમયથી વિવાદમાં સપડાયેલું તપોવન ફરી ચર્ચાનો વિષય બન્યું છે. (સમકાલીન ૩/૫/૨૦૦૦)

ભોગ દ્વારા સ્વચ્છંદીપણાનું ફળ

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

ગંગદત્ત નામના મહાત્મા હતા. આ મનુષ્યપણાનું ફળ સાધુપણું પામ્યા અને સાધુપણાનું ફળ આરાધનાનો સાર અનશનને આદરવાનો ભાવ પેદા થયો. સ્થવિરોએ તેમને કહ્યું કે શાસ્ત્રકારોએ આરાધનાનો સ્વીકાર કરવા પૂર્વે દ્રવ્ય - ભાવ સંલેખનાદિ કરવાના કહ્યા તે સંલેખનાથી આત્માને ભાવિત કરી પછી તમો અનશનનો સ્વીકાર કરો. નહિ તો આરાધનાથી હારવાનો વખત આવશે. ''જે આત્માઓનો સંસાર ઘણો લાંબો હોય છે તેમને સ્થવિર ગીતાર્થોની સારી - આત્મહિતકર વાત પણ રૂચિકર બનતી નથી. તેથી સ્થવિરોની આ હિતકર વાતનો પણ અનાદર કરી તેમણે અનશનનો સ્વીકાર કર્યો. નિર્જીવ ભૂમિમાં સંથારો કરીને રહ્યા. તે વખત એક વિદ્યાધર પોતાની સુરૂપ દેવાંગના સમાન અનેક સ્ત્રીઓથી પરિવરેલો, શાશ્વત તીર્થોની યાત્રા કરી પોતાના નગરમાં જતો હતો અને આ ગંગદત્ત મહાત્માને

અનશનનો સ્વીકાર કરેલા જાણી પોતાના પરિવાર સાથે વંદન કરવા આવ્યો. બહુમાન પૂર્વક પરિવારથી પરિવરેલા તેણે તે મહાત્માને વંદનાદિ કરી પોતાના સ્થાને ગયો.

ત્યારે આ ગંગદત્ત મહામુનિને આવી સુંદર દેવાંગના સમાન સાક્ષાત લાવણ્યની મૂર્તિ સમાન સુરૂપ સ્ત્રીઓને જોઇ, પૂર્વાવસ્થામાં સ્ત્રીઓથી થયેલ પોતાનો પરાભવ યાદ આવ્યો અને ત્યાંજ નિયાણું કર્યું કે, ''મારા આ ધર્મનું જો ફળ હોય તો ભવાંતરમાં સ્ત્રીઓને પ્રિય થાઉં.'' આ પ્રમાણે નિયાણું કરી તે દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્યભવમાં આવી રાજપુત્ર થઈ સ્ત્રીઓને પ્રિય બની અનેક સ્ત્રીઓની સાથે લગ્ન કરી, વિષયસુખમાં મગ્ન બની સંસારમાં ભટકવા ગયા. જે આત્મા સ્વચ્છંદી બની ગુર્વાદિ વડિલોની હિતશિક્ષાનો અનાદર કરે છે તેમનો સંસાર વધે છે. આજ્ઞામાં રહેવું આજ્ઞા મુજબ જીવવું તેમાં જ કલ્યાણ છે.

મનન મોતી

સંગ્રાહક - **અ.સૌ. અનિતા આર. શાહ** માલેગાંવ

■ શ્રદ્ધા, વિવેક અને ક્રિયા તે શ્રાવકનું લક્ષણ છે. શ્રી જિનેશ્વર દેવોના વચન પર વિશ્વાસ રાખવો અને વચન પ્રમાણે કરવાની રૂચિ કેળવવી તેનું નામ શ્રદ્ધા. હેયના ત્યાગની અને ઉપાદેયના આદરની બુદ્ધિ તેનું નામ વિવેક. આજ્ઞા પ્રમાણે આત્મહિતકર પ્રવૃત્તિ કરવી તેનું નામ ક્રિયા.

■ 'પોતાના કર્મ પ્રમાણે જ જીવને શુભાશુભ ફલની પ્રાપ્તિ થાય છે' માટે જીવનમાં બનતા સારા કે નરસા પ્રસંગોમાં સુખી કે દુઃખી ન થવું તે જ દુર્ધ્યાનથી બચવાનો ઉત્તમ ઉપાય છે.

■ ભાવભક્તિપૂર્વક શ્રી અરિહંત પરમાત્માદિનું સાચા ભાવે શરણ સ્વીકારનારને કયારેય અરતિ અકળાવર્ત નથી અને થાય તો તરત દૂર થઈ જાય છે.

■ સદ્‌ગુરૂ પ્રત્યેનો સાચા ભાવનો સમર્પણભાવ કર્મ રોગના સંતાપને હરનારો છે.

■ જન્મ જેવો રોગ નથી, મોક્ષ જેવું આરોગ્ય નથી અને સદ્‌ધર્મ જેવું શ્રેષ્ઠ ઔષધ નથી.

■ વિરાગ ભાવ રૂપી નિર્મલ પાણીનો સ્ત્રોત ક્રોધરૂપી દાહને દૂર કરે છે, વિષય તૃષ્ણાને શમાવે છે અને મમતા રૂપી કાદવને સાફ કરે છે માટે વિરાગ ભાવમાં ઝુલો. અનુકૂળતામાં ઔદાસીન્ય અને પ્રતિકૂળતામાં પ્રસન્નતા તે જ વિરાગભાવનો જનક છે.

■ સુખ માત્રની રાગાદિ જન્ય આસક્તિઓ જ બધા પાપનું મૂળ છે.

■ મોહજન્ય ઈચ્છાઓની આધિનતા જ બધા દુઃખોની જડ છે.

■ સમતા તારે, મમતા મારે આ જાણવા છતાં સમતાનું સખીપણું નથી ગમતું અને મમતાની મૈત્રી ગમે છે - આ આશ્ચર્ય નથી !

■ પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ વિષયોની આસક્તિ ઘટયા વિના શીલ ધર્મની સૌરભ કયાંથી ફેલાય ?

■ આજે કે કાલે ચોક્કસ નાશ પામનારૂં, વિવિધ રોગોનું ઘર એવા નાશવંતા શરીરને માટે અધર્મની પ્રવૃત્તિમાં આનંદ કરવો નહિ.

માટુંગા સંઘના ટ્રસ્ટીઓની સંઘમાં બે ફાટ પાડવાની રીતની કોર્ટ દ્વારા કરાયેલી સખ્ત ટીકા

લેખક : સુબોધચન્દ્ર શાહ

કેટલાક સ્વાર્થી લોકો કે જેમને શાસ્ત્રો કે શુધ્ધ પરંપરા શી છે ? તે જોવું જ નથી, તેમની ચઢામણીમાં આવી માટુંગા સંઘના ટ્રસ્ટીઓએ પોતાના અણઆવડતનું પ્રદર્શન કરી, સંઘમાં બે ભાગના પાડવાનું જે કામ ઉપાડેલું અને તેમાં સંઘના (કે દેવદ્રવ્યના ?) લાખો રૂપિયા હોમી, આ મામલો કોર્ટ કચેરીએ લઈ જઈ, પોતાની જીતના આજ લગી જેઓ બણગા ફૂંકતા હતા તેમને મુંબઈ હાઈકોર્ટે સખત લપડાક મારી છે.

મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ કોચરે માટુંગા બે તિથિ વિવાદના પોતાના ચૂકાદામાં જણાવેલ છે કે **''બે તિથિની આરાધના અને નવાંગી ગુરૂપૂજન જૈન ધર્મ અનુસાર છે.** અને **દરેક ભાવિકો તેને અનુસરી શકે છે.** આગળ ચાલતાં તેમણે કહ્યું છે કે **'બે તિથિને આધારે જૈન ધર્મમાં ઉભી ફાટ પાડવાના અને માટુંગા જૈન સંઘના ભાવિકોમાં ભેદભાવ ઉભો કરવાના માટુંગાના ટ્રસ્ટીઓના વલણની આ કોર્ટ સખત ટીકા કરે છે. અને તેમણે કરેલા ઠરાવો રદ કરે છે.''**

આટલું થયા પછી પણ, જેમના ખુદના ગુરૂઓનાં નવાંગી ગુરૂપૂજન થયા છે અને જેમણે પોતે પણ આજ દિન સુધી બે ચૌદસ અને પાંચમ આચરી છે તે ગુરૂઓના ચેલકાઓ શાન્ત બેસશે ખરા ?

'રામચન્દ્રસૂરિ દ્વેષ' નામના અસાધ્ય રોગથી પીડાતા તેમને શાસનદેવ સદ્‌બુદ્ધિ આપો. માટુંગા સંઘના ટ્રસ્ટીઓ તો બિચારા દયાપાત્ર છે કે જેમને આવા ઉંધે રવાડે ચઢાવનારા ગુરૂઓ મલ્યા છે. મહાન પુણ્યથી માનવ જન્મ મળવા છતાંય ઘણા આત્માઓ જમાલિની જેમ તેને હારી જાય છે તેનો આ પ્રત્યેક્ષદર્શી પૂરાવો નથી તો બીજું શું છે ?

■ ■ ■

કલિકુંડ તીર્થથી સમેતશિખરજી તીર્થનો છ'રીપાલક મહાયાત્રાસંઘ

કલિકુંડ તીર્થોદ્ધારક પૂજ્યપાદ આ. વિ. શ્રી રાજેન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના ઉપદેશથી તીર્થાધિરાજ સમેત શિખરજીની યાત્રા કરવી અને શ્રમણ શ્રમણી સમુદાયને પણ આ મહાતીર્થ અને અનેક કલ્યાણક ભૂમિઓને સ્પર્શના રૂપ કલિકુંડ તીર્થથી સં. ૨૦૫૬ માગસર વદ ૨ તા. ૨૪-૧૨-૧૯૯૯ના પાવન દિવસે હજારોની માનવમેદની સાથે આ મહાસંઘનું શુભ પ્રયાણ થયું. આ સંઘની સૌથી મોટી એક વિશેષતા હતી કે ૨૫૦ સાધુ સાધ્વીજી મ. સા. આ સંઘમાં જોડાયા હતા. ૧૩ સમુદાયના આ સાધ્વીજી મહાત્માઓની ઉપસ્થિતિથી આ સંઘયાત્રાનું દર્શન એક લહાવો બની ગયો. ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, બિહાર, વિરમગામ, ભાંભર, સાંચોર, ઝાબ, બ્યાવર, પાલી, આહોર, લખનૌ, કાનપુર, આગ્રા, પટના આદિના સ્વાગત એક ઐતિહાસિક સંસ્મરણો બની ગયા હતા. ઉત્તરપ્રદેશમાં તો સંઘના દર્શનાર્થે જૈનેત્તર હજારો ભાવિકો દર્શનાર્થે ઉમટી પડતા હતા. પાંચ પાંચ માસની ૨૫૧૩ કિ.મિ. ની આ પદયાત્રાના દર્શનથી તેઓ આશ્ચર્ય અનુભવતા હતા. પ્રવચન સભામાં પ્રતિદિન આ ભાવિકો માંસ દારુ આદિના ત્યાગના નિયમો સેંકડોની સંખ્યામાં ઉભા થઈને ગ્રહણ કરતા હતા. ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, ઈન્ટરનેટ આદિ સમાચારના માધ્યમોએ માત્ર ઉત્તરપ્રદેશ નહિ પણ ભારત તથા વિશ્વમાં આ ઐતિહાસિક સંઘના સમાચાર પ્રસરાવી દીધા હતા. કુમારપાળભાઈ વિ. શાહના કાબીનરપણા હેઠળ એલર્ટ ગ્રુપ, ખેડાના ભાઈઓ તથા બીજા અનેક કાર્યકરોએ આ કાર્યમાં અનુપમ યોગદાન આપ્યું હતું.

ગુજરાત, રાજસ્થાન, આદિની પાંજરાપોળમાં જીવદયામાં લાખોની રકમ ભાગ્યશાળીઓને નામ વગર જાહેર આપી હતી. ૪૫ સંઘવીઓ તથા સહસંઘવીઓએ આ આયોજનમાં ભાગ લીધો હતો. અઠ્ઠમ, આયંબિલ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ, છઠ્ઠથી વર્ષીતપ આદિ અનેક વિધ આરાધના થવા પામી હતી. સહસંઘવી શ્રી રમણિકભાઈ વિરવાડીઆએ તો આઠ અઠ્ઠાઈઓ કરી એક રેકોર્ડ સર્જ્યો હતો.

વૈશાખ વદ ૩ ના દિવસે સમેતશિખરમ ઐતિહાસિક પ્રવેશ બાદ પાંચમના દિવસે કાર્યકર્તાઓનું તથા સંઘવીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું વૈશાખ વદ ૬ તા. ૨૪-૫-૨૦૦૦ના દિવસે સંઘમાળનો કાર્યક્રમ સુંદર સંપન્ન થયો આજે જીવદયાના ફંડમાં ભાગ્યશાળીએ લાખોના દાન આપ્યા હતા. સોનાના ભૂષણોનો વરસાદ થયા હતો. સાત મહિના સુધી અનુકંપાદાનનો લાભ ઘણા ભાગ્યશાળીઓએ લીધો હતો.

સમેતશિખરમાં ચાતુર્માસ તથા ઉપધાન તપ: પ. પૂ. આ. વિ. રાજેન્દ્ર સૂરિ.મ.સા., પ. પૂ. આ. વિ. શ્રી રાજશેખરસૂરિ મ. સા. તથા પ. પૂ. આ.વિ. રત્નાકર સૂરિ મ. સા આદિ તથા વિશાળ સાધુ સાધ્વી ના સમુદાય સાથે વીશ તીર્થંકરોની નિવાર્ણભૂમિના સાંનિધ્યમાં ચાતુર્માસિક આરાધનાનું આયોજન કરવામા આવ્યું છે. આ આયોજનમાં મુખ્ય સહયોગ ભીનમાળ નિવાસી શા. અશોકકુમાર કસ્તુરચંદભાઈ કોઠારી પરિવારનો પ્રાપ્ત થયો છે.

પૂજ્ય ગુરુદેવોની પાવનનિશ્રામાં આગમ વાચના, તાત્ત્વિક પ્રવચનો, ધાર્મિક અભ્યાસ આદિ તથા તીર્થાધિરાજ સમેત શિખરની શિતળ છાયામાં આરાધનાનો અપૂર્વ અવસર એટલે સમેતશિખર તીર્થમાં ચાતુર્માસ આ આરાધનાકરવાની ઈચ્છાવાળા ભાવુકે 'શ્રી સમેતશિખરજી ચાતુર્માસિક આરાધના સમિતિ શ્રી નયા ભોગિયાજી ભવન જૈન ધર્મશાળા, સમેત શિખરજી 'મધુવન' જિ. ગિરડીહ (બિહાર) પિન - ૮૨૫ ૩૨૬ ફોન : ૦૬૫૩૨ / ૩૨૨૦૩' આ સરનામે સંપર્ક કરવો.

શ્રી સમેતશિખરજી મહાતીર્થમાં ઉપધાન તપની આરાધના કરાવવાનો મહાન લાભ શ હ ધેવરચંદ ઈશ્વરલાલજી નાગફણાવાળા (હાલ ઉંઝા) ને પ્રાપ્ત થયો હતો. આ આરાધનામાં જોડાવા ઈચ્છનારે ઉપરોકત સરનામે સંપર્ક કરવો.

ઉપધાન તપનો પ્રથમ પ્રવેશ આસો સુદ ૧૪

ઉપધાન તપનો બીજો પ્રવેશ આસો વદ ૧

■ ■ ■ ■ ■

पिंडवाडा में आचार्य श्री प्रेमसूरिश्वरजी महाराज का गुणानुवाद

जेठ वदी ११ को पूज्य आचार्य भगवंत श्री प्रेमसूरिश्वरजी महाराज साहेब की स्वर्गारोहण तिथी के उपलक्ष में उनकी जन्म भूमि पिंडवाडा में मुनि श्री चरणगुणविजयजी की निश्रा में गुणानुवाद के कार्यक्रम में प्रातः एक भव्य विशाल रैली जिसमें पूज्यश्री का बहुत बडा चलचित्र के साथ जिसमें बैंड पार्टी एवं अपने समाज के ही बच्चों द्वारा निर्मित बैंड पार्टीने मधुर धार्मिक गीतों के साथ गुरुवर्य की जय जयकार करते हुए निकाली गई ।

प्रातः नौ बजे गुरु मंदिर में गुरुवर्य श्री प्रेमसूरिश्वरजी की मूर्तिका पक्षाल एवं भव्य अंगरचना हुई तथा दस बजे गुणानुवाद को लेकर मुनि गंभीररत्न विजयजीने अपनी सरल भाषा में प्रवचन देकर उनके जीवन चरित्र पर प्रकाश डाला ।

आप श्री बीसवीं सदी के एक महान ज्योतिर्धर और तपागच्छ रूपी गगन में सूर्य के समान चमकते हुए तथा नवीन कर्म साहित्य के सूत्रधार संयममूर्ति सिद्धान्त महोदधि एवं भगवान महावीर स्वामी की पाट परम्परा में बीसवीं सदी के छींयोत (७६) वें चारित्र नायक स्व. पू. आचार्य श्री प्रेमसूरिश्वरजी महाराज साहेब थे । आप श्री ने सिद्धान्त महोदधि, कर्म साहित्य निष्णांत आदि विशेषणों को सार्थक कीया है ।

आपश्री के पट्टधर व्याख्यान वाचस्पति आचार्य श्री रामचंद्रसूरिश्वरजी एवं आगम प्रज्ञ आचार्य श्री जंबूसूरिश्वरजी, वर्धमान तप की दो बार ओली एवं तीसरी ओली पीचोतर से अधिक करने वाले आचार्य श्री राजतिलक सूरिश्वरजी तथा वर्धमान तप की १०८ ओली पूर्ण करने वाले आचार्य श्री भूवनभानू सूरिश्वरजी म. सा. आदि अपने शिष्य परिवार सहित उस समय पांच सौ से अधिक परिवार वाले हुए ।

श्रद्धेय और आराध्य गुरुदेव जिन शासन के तत्त्वज्ञान की एक शाखा कर्म साहित्य में जिस तरह अद्वितिय विद्वान थे, पारंगत थे उसी तरह आगमिक साहित्य की उनकी अनुप्रेक्षा भी असाधारण थी । उत्सर्ग मार्ग और अपवाद मार्ग की उनकी सूझ अद्‌भूत थी ।

आचार्य श्री कई महान गुणों के धनी थे, जीवन निर्मल और पवित्र था, विद्वता के महासागर होते हुए भी महान गंभीर थे । सर्वोच्च स्थान पर बिराजमान होते हुए भी उनमें अत्यधिक नम्रता थी । संयम की अत्यधिक जागृति रखते थे । आश्रितो के आत्माका श्रेय होवे इसके लिये रात दिन ध्यान रखते थे । उनके अंदर संयम भरपूर था एवं वे स्वयं संयम की जीति जागती मूर्ति थे । संयम उनका प्राण था । संयमके साथ वे अपार वात्सल्य के सागरथे । सैकडों साधुओं के जीवन उधान को उन्होने नव पल्लवित रखकर सुरक्षित रखा एवं गुण रूपी पुष्पों से समृद्ध कीया । कभी भी उनके अंदर अभिमान का स्पर्श नहीं हुआ तथा उनको कभी भी लोभ परिग्रह का भी स्पर्श नहीं हुआ । कभी भी स्वप्रशंसा नहीं करी तथा कभी भी पर निंदा की बात नहीं करी । उन्होंने जीवन पर्यन्त गंगा बनकर बहते रहना पसंद कीया । इस गंगा में पतितों को स्नान करा दिया । अनेकों को तृषा - ज्ञान गंगा का पान कराया, लेकिन अब यह गंगा पाताल गंगा बन गई है ।

उनकी गंभीरता में तत्त्वचिंतन रहता था, उनकी उदासीनता में शासन चिंता रहती थी । उनके अंदर संयम पालन का आनंद अभिव्यक्त होता था, उनके आग्रह में संयम पालन का पक्ष रहता था तथा उनकी प्रेरणा में सम्यग्ज्ञान की प्राप्ति का रणकार सूनाई देता था । छोटे बडे सभी को उनके हृदयका निर्मल स्नेह मिलता था । जीवन जीने का शास्त्रीय मार्गदर्शन मिलता था । सभी इनके पावन चरणोमें स्वयं का हृदय खोल सकता था और पश्चाताप, प्रायश्चित कर निर्मल हो जाते थे ।

जैन संघ में और जिन शासन में मतभेद और मन भेद न रहे इसकी वे हमेशा चिंता करते थे और उपाय भी ढूंढते थे । संघ में मतभेद और मन भेदो से वे दुःखी रहते थे ।

वे एक महान तपस्वी थे तथा अभ्यंतर तप के भी आजीवन साधक रहे थे । अपने पास रहे हुए श्रमणों के सम्यग्ज्ञान और सम्यग्चारित्र के पालन के लिये वे हमेशा जागृत पहरेदार थे ।

आपके उच्चतम जीवन से हमें उन्नत जीवन जीने की प्रेरणा मिलती है एवं आत्म साधना करने का बल प्राप्त होता है ।

ધર્મ જાગરિકા

- અ. સૌ. અનિતા શાહ

મહાપૂણ્યોદયે ચિંતામણિરત્ન સમાન આવી ર્લભતમ સુદેવ - સુગુરુ અને સુધર્મની સામગ્રી સહિત નુષ્યભવ મલ્યો. તો આત્મહિતૈષીએ રોજ આત્મહિત ંતા સ્વરૂપ ધર્મજાગરિકા કરતાં વિચારવું જોઈએ કે-

''અનાદિકાલીન કર્મ સંયોગના કારણે હું આ ચાર ાતિરૂપ સંસારમાં ભટકી રહ્યો છું હવે મારે વધુ ભટકવું થી. જન્મમરણાદિના ચોર્યાશી લાખમાં ફેરા ફરવા થી. આ સંસાર એ મારૂં શુદ્ધ સ્વરૂપ નથી પરન્તુ ર્માધીન એવા મારા આત્માનું વિરુપ છે. મારું શુદ્ધ સ્વરૂપ ો સચ્ચિદાનંદ સ્વરૂપ મોક્ષ છે. અનંતજ્ઞાનાદિ ગુણોમાં મણતા કરવી તે જ સાચી સ્વભાવ દશા છે. આ સંસાર ો વિભાવ દશા છે. ભોગતૃષ્ણા, ઈન્દ્રિયોની આધીનતા ને કષાયની પરાધીનતા મારી વિભવ દશાને ધારનારી, ખીલવનારી અને પુષ્ટ કરનારી છે. તેનાથી વે મારે બચવું છે. કદાચ સર્વથા તેનાથી મુકત ન બનું ણ હવે તેની આસકિત તો મારે કાપવી જ છે. વિષય - ષાય જન્ય સુખો તે વાસ્તવમાં સુખ નથી પણ સુખાભાસ . મોહ મગ્નતા જ તેમાં જ આનંદ મનાવે છે પણ તે ાનંદ ક્ષણજીવી અને પરિણામે કટુ દુઃખોને આપનારો . કર્મજન્ય બધા જ સંયોગો ચાહે તે ચેતન વ્યકિતના ોય કે જડ વસ્તુના હોય તો પણ તે બધા જ વિયોગવાળા . સંસારના બધાજ પદાર્થો વિનશ્વર અને રિવર્ત્તનશીલ છે. જે સારું દેખાય તે ખરાબ રૂપે પરિણામ ામે અને જે ખરાબ દેખાય તે સારા રૂપે પણ પરિણામ ામે. આપણા સૌના અનુભવગમ્ય આ વાત છે કે ારામાં સારા ભક્ષ્ય પદાર્થો અને વિરસરૂપે પરિણામ પામે અને વિરસ પદાર્થમાંથી સરસ ધાન્યાદિની પણ ઉત્પત્તિ ાય છે. આ જાણ્યા પછી કોણ એવો સકર્ણ વિચક્ષણ પંડિત પુરૂષ) હોય જે વિનશ્વર અને પરિવર્ત્તનશીલ દાર્થોમાં મારા પોતાના જ પણાની બુદ્ધિ કરે !

દરેકે દરેક પદાર્થો પરનો રાગ એ જ દુઃખદાયી છે ાશવંતી ચીજોના વિનાશમાં દુઃખ આપવાની શકિત નથી ણ તે ચીજો પ્રત્યેનું મમત્ત્વ - મોહ - આસકિત - રાગ જ દુઃખનું કારણ છે **માટે રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ** કેળવવો જોઈએ.

સન્માર્ગ રૂપી પ્રજ્ઞાના નિર્મલ પ્રકાશમાં કર્મબંધનો કારણોથી બચી દૂર રહેવા પ્રયત્ન કરવો જરૂરી છે. વિષય - કષાયથી મુકત થઇ તેની આસકિતને કાપી સંસારના પદાર્થોમાં સુખમાત્રમાં ઉદાસીનતાભાવે રહેવું જેથી સ્થિર વૈરાગ્યભાવની પ્રાપ્તિ થાય. રાગીપણું નહિ પણ વિરાગીપણું જ જીવને બચાવનાર છે માટે સંસારથી ઉદાસીન બની આત્માની પ્રત્યે ઉલ્લસિત બની દુઃખમાત્રના કારણ રૂપ મોહ - મમતા - મત્સરાદિથ દૂર રહેવું જોઈએ. અથવા સંયમનો રાગ અને અસંયમનો વિરાગ કેળવવો જોઈએ. વિભાવ દશાથી બચી સ્વભાવદશાની સન્મુખ બનવું.

મૃગતૃષ્ણા સમાન સંસારના સુખ માત્રો જ બંધનનું મોટામાં મોટું પ્રલોભન છે માટે તે બધા જ છંડવા જેવા છે. માટે આત્મગુણો - સુખોના પૂજારી બનો પણ જડસુખોના પૂજારી ન બનો, સંસાર જન્ય ઉપાધિથી બચો તે જ સાચી આત્મશાંતિ - સમાધિ તે પામે. આ ભવરૂપી રોગને ઓળખી સાચું આરોગ્ય રૂપ મોક્ષને પામવા પ્રયત્ન કરવો જોઈએ. સંસારરૂપી રોગના નાશ પામે સદ્ધર્મરૂપી ઔષધનું સંસાર સુખ માત્રની ઈચ્છારૂપ કુપથ્યથી દૂર રહી, આજ્ઞા મુજબની આરાધનારૂપ પથ્યના પાલન પૂર્વક - સેવન કરવું જોઈએ.

તે માટે સદ્‌ગુર્વાદિ મુખે શ્રી જિનવાણી નું પાન કરવું, શ્રવણ - વાંચન - મનન કરવું. આ રીતે વિવેકદ્રષ્ટિ કેળવી શ્રી વીતરાગની વાણી રૂપ નિર્મલ ગંગામા સ્નાન કરી પોતાના આત્માને પાવન - પવિત્ર — નિર્મલ બનાવવો જેથી આત્મા સ્વયં કર્મમલથી મુકત બની પરમાનંદધામ રૂપ મોક્ષ પદને પામે.''

આ રીતના ધર્મ જાગરિકાથી આત્માને ભાવિત કરવાથી આસકિત ઘટશે અનાસકિત પેદા થશે જે વિરકિતને પમાડી મુકિતને વરાવશે. સુજ્ઞેસુ કિં બહુના ?

બુરાઇ બોલનાર તિરસ્કારને પાત્ર છે



એક સંત હતા. તેમનો એક પાળેલો પોપટ હતો. પોપટ ઘણો વિચિત્ર હતો. તે માણસની ભાષામાં વાત કરતો હતો. તેની એક વિશેષતા હતી કે તે બધાના મનની વાત જાણી જતો હતો. એટલું જ નહિ. તે દરેકને વિશે સાચી વાત પણ જણાવી દેતો.

ધીરે ધીરે પોપટની ખ્યાતિ વધતી ગઈ. સંત પાસે અનેક માણસોની ભીડ રહેવા લાગી. પોપટને પોતાના ભવિષ્ય અંગે અનેક પ્રશ્નો પૂછતા. ધીરે ધીરે પોપટ અભિમાની થઈ ગયો. તે વિચારવા લાગ્યો કે હું જ મોટો વિદ્વાન છું. ઘમંડના પરિણામે બધા લોકો તેને નીચ લાગવા માંડ્યા. હવે તે બીજાના ગુણ, કર્મ, દોષ, વધુ જોવા લાગ્યો. તેને બધામાં બુરાઈ જ બુરાઈ દેખાવા માંડી હતી.

એક વખત કોઈ રાજાએ સંતને બોલાવ્યા. સંત પોતાની સાથે પોપટને પણ લઈ ગયા. જ્યારે તે જવા લાગ્યા ત્યારે રાજાને પોતાના પોપટનો પરિચય કરાવ્યો. તેની વિશેષતાઓ જણાવી બધાના પ્રશ્નોના જવાબ આપે, બધાને અંગે ઠીકઠીક જણાવે એ જાણીને બધાને આશ્ચર્ય થયું. રાજાએ સૌથી પહેલાં પોતાને અંગે પૂછ્યું પોપટે કહ્યું : "રાજા તમે રાણી સાથે લડ્યા કરો છો." રાજા ચુપ થઈ ગયા પછી તેમણે પોતાના દરબારીઓ અંગે પૂછ્યું. દરેકને વિશે જણાવવાનું પોપટને કહેવામાં આવ્યું. બીજાની બુરાઈ જોવાની જ પોપટને ટેવ પડી ગઈ હતી. દરેક મંત્રીઓના કંઈ ને કંઈ દોષ બતાવ્યા. કોઈને રાજાની બુરાઈ કરનાર બતાવ્યા. કોઈને પ્રજાને સતાવનાર તરીકે ઓળખાવ્યા. કોઈને રાજ્યનું ધન ચોરનાર તરીકે ઓળખાવ્યા.

રાજાએ પોપટની વાતનો વિશ્વાસ કરી લીધો. તેને ઘણો ગુસ્સો આવ્યો કે તેના મંત્રીઓ સારા નથી. રાજા પોતાના સેનાપતિ વગેરેના વિષયમાં પણ પોપટ પાસેથી જાણવા ઇચ્છતો હતો પરંતુ ત્યારે રાત પડવાની તૈયારી હતી. દરબાર પૂરો થવાનો સમય હતો. રાજાએ સંતને વિનંતી કરી કે આજની રાત તેમના મહેમાન બને. સંત ખુશીથી રોકાઈ ગયા.

રાત્રે જ્યારે સંત સુવા ગયા ત્યારે બધા મંત્રીઓએ અંદરોઅંદર મસલત કરી, તેમણે વિચાર્યું કે ખાનગીમાં પોપટને મરાવી નાખવો જોઈએ. એ તો જ્યારથી આવ્યો છે ત્યારથી અમારી બુરાઈ જ કર્યા કરે છે. અમોને રાજ્યમાંથી કઢાવી મૂકશે. પ્રધાનમંત્રીએ એક નોકરને સંતના ઓરડામાં મોકલ્યો. તે ભરઊંઘમાં હતા. નોકરે શાંતિથી જઈને પોપટને મારી નાખ્યો.

સંત સવારે જાગ્યા. તેમણે પોપટને મરેલો જોયો. આ જોઈને તેઓ ઘણાં દુઃખી થયા. પછી તેમણે વિચાર્યું કે પોપટને શા માટે મારી નાખવામાં આવ્યો છે ? તેઓ સમજી ગયા કે પોપટને દરેકની ખરાબી જોવાની જ ટેવ હતી. કાલે રાતે પણ તેણે બધાની બુરાઈ જ કરી હતી. જે બીજાની બુરાઈ કરે છે તેને કોઈ ચાહતું નથી. આ કારણે તેને મારી નાંખવામાં આવ્યો હશે. બાજાની નિંદા કરનાર બધાની ઘૃણા અને તિરસ્કારને પાત્ર જ હોય છે.

(શાન્તિકુંજ હરિદ્વાર. લોકસત્તા-જનસત્તા)

આચાર્ય દર્શનરત્ન સૂરિજી અલવરના જૂના બસ સ્ટેન્ડ સ્થિત પાર્શ્વભવનમાં ધર્મસભાને સંબોધિત કરી રહ્યા છે.

સમાચાર સાર

છાણી - અત્રે પ્રવચનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. સા. ની પુનીત નિશ્રામાં પૂ. આ. ભ. શ્રી વિ. અશોકરત્ન સૂ. મ. દ્વારા પ્રેરિત સૂરીભુવનતિલકકૃપાના ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે ફાગણ સુદ ૩ તા. ૯-૩-૨૦૦૦ થી ફાગણ સુદ ૮ તા. ૧૩-૩-૨૦૦૦ પર્યંત બૃહદ્ અષ્ટોત્તરીસ્નાત્ર સમેત ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ ઉજવાઈ ગયો. ફાગણ સુદ ૩ ના પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું થયેલ. સમગ્ર મહોત્સવનું આયોજન બેંગ્લોર નિવાસી શ્રીમતી સુંદરબેન ઘેવરચંદજી પરિવાર તરફથી થયેલ આયોજક પરિવારની ઉદારતા અદ્‌ભુત હતી.

ફાગણ સુદ ૭ રવિવાર તા. ૧૨-૩-૨૦૦૦ ના અત્યંત ઉલ્લાસપૂર્વક સૂરીભુવનતિલકકૃપાનું ઉદ્‌ઘાટન થયેલ સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય ફાગણ સુદ ૬ અને ફાગણ સુદ ૭ બંને દિવસોએ થયેલ. વિધિવિધાન માટે બેંગ્લોરથી પંડિતજી સુરેન્દ્રભાઈ તેમજ સંગીતકાર શાસ્ત્રીજી બેંગ્લોરથી આવેલ - પાંચ દિવસના મહોત્સવમાં પ્રતિષ્ઠા મહોત્સવ જેવો સુંદર માહોલ હતો. પૂજ્યશ્રીના પ્રવચનોથી છાણી સંઘમાં સુંદર જાગૃતિ આવી. ફાગણ સુદ ૮ ના પૂજ્યશ્રીજી સ્વાગત અમીનગર પધારેલ ત્યાં પણ પ્રવચનમાં વિશાલ સંખ્યા હતી. ૧૦ રૂા. નું સંઘપૂજન થયેલ. ફાગણ સુદ ૯ ના પૂજ્યશ્રીજી નિઝામપુરા - વડોદરા ખાતે પધારેલ ફાગણ સુદ ૧૦ ના ત્યાંના ભવ્ય જિનાલયની સાલગિરીની ઉજવણી ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયેલ. ત્યાંથી પૂજ્યશ્રીજી જાની શેરી, વાડી હરણિ, પુણ્ય પવિત્ર જૈન સંઘ, અકોટા, અલ્કાપુરી, સુભાનપુરા આદિ વડોદરાના વિવિધ વિસ્તારોમાં એક-એક દિવસની સ્થિરતા કરેલ. બધા સ્થાનોમાં પ્રવચન આદિમાં સુંદર સંખ્યા થતી હતી.

પૂજ્યશ્રીજીની વડોદરા સ્થિરતા દરમ્યાન મુ. પ્રવીણભાઈ દલાલ પરિવારે તથા વિજયભાઈ ભોગીલાલ પરિવારે સુંદર લાભ લીધેલ. ત્યાંથી ઉમેટા, આંકલાવ થઈ પૂજ્યશ્રીજી ફાગણ વદ ૪ ના બોરસદ પધાર્યા, ભવ્ય સામૈયું થયેલ. ફાગણ વદ ૫ ના શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાનના પરિકરની પ્રતિષ્ઠાની ઉછામણી સુંદર થયેલ. ફાગણ વદ ૧૧ ના પરિકર પ્રતિષ્ઠાનો પ્રસંગ તથા સંઘની શ્રી આદિનાથ પ્રભુ જૈન દેરાસર ટ્રસ્ટની નૂતન પેઢી ના ખાતમુહૂર્તનો પ્રસંગ ભારી ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ - નૂતન પેઢી ઉપર નામ આપવાનો આદેશ માટી રકમમાં શ્રી ભરતકુમાર કેશવલાલ વાસણાવાળા પરિવારે લીધેલ. પરિકર પ્રતિષ્ઠા વિધિવિધાન માટે શ્રી નવિનભાઈ જામનગરવાળા પધારેલ.. પ્રતિષ્ઠા બાદ સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂજ્યશ્રીની બોરસદની આઠ દિવસની સ્થિરતા દરમ્યાન ફરી ચાતુર્માસની આરાધના જેવો સુંદર માહોલ સર્જાયેલ, ત્યાંથી આણંદ, ઓડ, ચકલાસી, નડીયાદ, મહેમદાવાદ થઈ પૂજ્યશ્રીજી ચૈત્ર સુદ ૫ ના અમદાવાદ પધારી ગયેલ. રંગસાગરમાં પૂજ્યશ્રીની નિશ્રામાં ચૈત્રી ઓળીની આરાધનાનો પ્રસંગે સુંદર રીતીરે ઉજવાયેલ.

વૈશાખ સુદ ૩ ના અ. સૌ. દિપ્તીબેન કુમારપાળભાઈના વર્ષીતપના પારણા પ્રસંગે શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં ચૈત્યપરિપાટી નવાણુ પ્રકારી પૂજાનો પ્રસંગ સુંદર ઉજવાયેલ, વૈશાખ સુદ ૧૧ના રંગસાગરમાં શ્રી હિંમતભાઈ જીવચંદ ખંભાતવાળાના વર્ષીતપની અનુમોદનાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઉલ્લાસપૂર્વક ભણાવાયેલ.

પૂજ્યશ્રીજીએ અમદાવાદમાં જેઠ સુદ ૧૦ સુધી સ્થિરતા કરેલ જેઠ સુદ ૫ માં તપસ્વીરત્ન પૂ. પ. શ્રી ભદ્રશીલ વિજયજી મ. ની સાતમી સ્વાર્ગારોહણ તિથિ પ્રસંગે ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયા બાદ પૂજ્યશ્રીનો વાંકાનેર તરફ વિહાર થશે અષાડ સુદ ૫ માં વાંકાનેરમાં ચાતુર્માસ પ્રવેશ થશે.

રતલામ - આગમોદ્ધારક પૂ. આ. શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ. ની સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ સ્મરણાંજલિ મહોત્સવ વૈશાખ વદ ૩ - ૪ - ૫ ત્રણ દિવસનો પૂ. પં. શ્રી હર્ષસાગરજી મ. સા. તથા પૂ. સા. શ્રી અમીત ગુણાશ્રીજી મ. આદિની નિશ્રામાં યોજાયો.

એક કુટુંબના ૬ દીક્ષાર્થીની દીક્ષાનો ભવ્ય મહોત્સવ

ભાભર - અત્રે પૂ. આ. શ્રી વિજય સોમસુંદર સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ સુદ ૧૦ ના એક કુટુંબના ૬ દીક્ષાર્થીની દીક્ષા યોજાયેલ છે તે નિમિતે સિદ્ધચક્ર મહાપૂજન, શાંતિસ્નાત્ર, સાથે પંચાહ્નિકા મહોત્સવ યોજાયો છે દીક્ષાર્થી શ્રીમતી નીરૂબેન ચીનુભાઈ મુકતિલાલ ત્રણ પુત્રીઓ રક્ષાકુમારી

ઉ.૧૮, હેતલકુમારી ઉ. ૧૭, મુમુક્ષાકુમારી ઉ. ૧૬, અજીતકુમાર ઉ. ૧૩, સ્વસ્તિકકુમાર ઉ. ૧૧, દીક્ષાર્થીને અભિનંદન સ થે અભિવંદન.

દક્ષિણ મહારાષ્ટ્રમાં શાસનપ્રભાવના

પ. પૂ. ૐકારતીર્થ માર્ગદર્શક આચાર્યદેવશ્રી પુણ્યાનંદ સૂરીશ્વરજી મ. સા. પૂ. પં. મહાસેનવિ. મ., ગણિ વિક્રમસેન વિ. મ. આદિ ઠા. ૬ તથા સાધ્વી ઉદયપ્રભાશ્રીજી ઠા. ૪ ની પાવન નિશ્રામાં ચિકોડી - કુરુંદવાડ - પન્હાળા - કોલ્હાપુરના ચારે સંઘોમાં પ્રતિષ્ઠા મહોત્સવ - ગૃહમંદિર - શીલાસ્થાપન - નૂતનશિખરબંધી જિનાલયમાં પ્રતિષ્ઠા મહોત્સવ - ૩ મહામહોત્સવો - કુંભોજતીર્થમાં વર્ષીતપ પારણા મહોત્સવ - અનુમોદનીય ભાવોલ્લાસ રૂપે છેલ્લા ૪ માસમાં ઉજવાયા. દરેક ઠેકાણે સંઘ સ્વામીવા સલ્યો - સંઘપૂજનો જીવદયા - અનુકંપાના કાર્યો વિશિષ્ટ રીતે થયા, પૂજ્યશ્રીને ગુરૂપૂજન તથા કાંબળી વ્હોરાવવાના પડાવા રેકર્ડરૂપ થયા, રૂઈકર કોલોની શાહુપુરી પ્રતિષ્ઠા મહોત્સવમાં સોનામાં સુંગધ ની જેમ સૂરીમંત્ર આરાધક આ. જયશેખરસૂરિજી મ. સા. આદિ ઠાણા પધારવાથી શ્રી સંઘમાં ઉલ્લાસ વધી ગયેલ. આયંબિલના મહાન માંગલિકરૂપે ૩૨૫ આયંબિલ થયેલ તેઓનું સન્માન ૧૦ ગ્રામના ચાંદીના સિક્કા આપી સંઘ તરફથી થયેલ અને બચુભાઈ - રાજકમલ વાળાના હસ્તે અર્પણ થયેલ વિધિવિધાન માટે અરવિંદભાઈ સી. શહા - નિપાણી, પંડિત વિક્રમભાઈ ઘારામતી, પંડિત મહેશભાઈ શેઠ પધારેલ, ભક્તિભાવનામાં ભૂપેન્દ્રભાઈ દવે, શાંતિભાઈ શાહ, હસમુખ દિવાન, અનિલ ગેમાવત, હિતેશ પરમાર, જ્ઞાની એન્ડ પાર્ટી તથા કોલ્હાપુરના સુપ્રસિદ્ધ - ભાવેશ શહા પધારેલ. પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારું છે. પૂજ્યશ્રી કુંભોજથી વિહાર કરી સાંગલી થઈ સામૈયાસહ વિટા પધારેલ તા. ૧૫ થી ૧૮ સ્થિરતા તા. ૧૯ મે ના વિહાર કરી બારામતી તા. ૨૯ ના પધારેલ ત્યાં પૂ. દાદાગુરૂદેવશ્રીની પુણ્યતિથિ ની ઉજવણી તથા પ્રવચનો થયા. જેઠ સુદ કાત્રજતીર્થે પધારેલ અને ચોમાસુ પૂના શહેરમાં ગોટીવાલા ઓસવાલ સંઘમાં નક્કી થયેલ છે. અષાઢ સુદમાં પ્રવેશ થશે.

અમદાવાદ - પૂજ્યપાદ ધર્મતીર્થપ્રભાવક સિદ્ધાંતસંરક્ષક આચાર્યદેવ શ્રીમદ્ વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાની પ્રભાવક નિશ્રામાં, પૂજ્યપાદ સ્વ. તપોગચ્છાધિપતિ વ્યા. વા. સંઘસ્થવિર આ. ભ. શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન તપસ્વી પૂ. મુનિરાજશ્રી વિશ્વકીર્તિવિજયજી મ. ના ૩૧ વર્ષના સંયમજીવનની અનુમોદનાર્થે તથા પૂ. તપસ્વી મુનિરાજના સંસારી ભત્રીજી અને વાગડસમુદાયના તથા પૂ. ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી અસ્સ્રાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અરવિંદાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અર્હદ્જ્યોતિશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અર્હદ્યશાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી મોક્ષરસાશ્રીજી મ. ના વર્ષીતપની પૂર્ણાહુતિ પ્રસંગે શા. રાયચંદ કલ્યાણજી પરિવાર તરફથી ત્રિદિવસીય મહોત્સવ ઉજવાયો.

પૂ. તપસ્વી મુનિરાજે પોતાના **જીવન દરમિયાન સળંગ ૪૭ વર્ષીતપ કર્યા છે.** ૨૦ સ્થાનકની આરાધના માટે ૬૦૦ થી વધુ અઠ્ઠમ કર્યા છે સંસારીપણામાં જેઓ વેલચંદભાઈના નામથી શુદ્ધ ક્રિયાકારક હતા. ચારિત્ર ઉદયમાં આવે માટે જેઓએ ૨૦ વર્ષીતપ તો છ વિગઈના ત્યાગવાળા કર્યા તેઓશ્રીના પગલે તેઓશ્રીની પ્રેરણા પામીને સંસારી ભત્રીજી પૂ. સા. શ્રી મોક્ષરસાશ્રીજી મ. કે જેઓએ સં. ૨૦૪૫ માં ગંધાર મુકામે સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીના વરદ્ હસ્તે દીક્ષા અંગીકાર હતી તેઓએ વર્ષીતપની આરાધના અનેક શારીરિક વિઘ્નો વચ્ચે પણ મક્કમતાથી કરી છે તે નિમિતે દશાપોરવાડ સોસાયટી, પાલડી માં વૈશાખ સુદ ૩ ના રોજ સવારે ૬-૩૦ કલાકે પૂ. આ. ભ. મિત્રાનંદસૂરીશ્વરજી મ. સાથેયા સાથે શણગાર હોલમાં પધાર્યા હતા.

૮-૪૫ કલાકે શ્રી સિદ્ધાચલની ભાવયાત્રાનો પ્રારંભ થયો હતો. એમાં નરેશભાઈ નવનીતલાલે ભાવયાત્રા કરાવી વચ્ચે વચ્ચે દુહાઓ, સ્તવનો વગેરે સંગીતકાર જયેશભાઈએ ગાયા હતા ભાવિકોથી હોલ ભરાઈ ગયો હતો. ખૂબ આનંદ આવ્યો ૧૧-૪૫ કલાકે ભાવયાત્રા પૂર્ણ થઈ. રાત્રે ૯ કલાકે શ્રી એલીસબ્રીજ જૈન યુવક મંડળ દ્વારા ભક્તિભાવના ભણાવવામાં આવી હતી.

વૈશાખ સુદ ૪ રવિવાર સવારે ૯-૦૦ કલાકે તપતેજ સંયમ સુવાસનું ગીત ગવાયા બાદ પૂ. મુનિરાજ શ્રી હિતરુચિવિજયજી મ. તથા પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ. નું 'તપધર્મનો મહિમા' વિષય ઉપર પ્રવચન થયું પ્રવચન બાદ ગુરૂપૂજન વગેરે તથા ૪૦ રૂ. નું સંઘ પૂજન થયું. ત્યારબાદ જિનાલયમાં ૯૯ અભિષેકની પૂજા ભણાવવામાં

આવી હતી. આમંત્રિત મહેમાનોની ભક્તિ રાખવામાં આવી હતી.

આગલોડ તીર્થે ઉજવાયેલ ભવ્ય મહોત્સવ

પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ., પૂ. મુ. શ્રી પુન્યધન વિ. મ. ની પાવન નિશ્રામાં આગલોડ તીર્થમાં સુમતિલાલ બબલદાસ વાઘા, સુભદ્રાબેન સુમતિલાલ વાઘાના જીવીત મહોત્સવ પ્રસંગને અનુરૂપ તેમના તરફથી નવ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવવામાં આવેલ તેમાં વૈશાખ સુદ ૩ થી વૈશાખ સુદ ૧૧ સુધી સાત મહાપૂજનો સાથેનો ઉજવાયો હતો. મુંબઈથી અનેક ભક્તોએ લાભ લીધો હતો તેમાં વૈશાખ સુદ ૩ ના ભવ્ય પ્રવેશ થયો હતો અને વૈશાખ સુદ ૬ ના શ્રી વાસુપૂજ્ય સ્વામીની ૧૦ મી સાલગિરી ઉજવાઈ હતી. અને વૈશાખ સુદ ૧૦ ના પૂ. મુ. મુક્તિધન વિ. મ. ને ૨૬ વર્ષ સંયમ પર્યાય નિમિતે તથા પૂ. મુ. પૂન્યધન વિ. મ. ને રનીંગ ૨૬ વર્ષની શરૂઆત નિમિતે વ્યાખ્યાન માં ૧૨૬) રૂા. નું સંઘ પૂજન થયેલ અને ગુરુ પૂ. ની બોલી પણ મોટો આંક વટાવી ગઈ હતી અને નવે દિવસ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ રોજ ૪૦૦ થી ૫૦૦ માણસની સાધર્મિક ભક્તિ બેઠા બેઠા કરવામાં આવતી હતી મહોત્સવની શરૂઆત અને પૂર્ણાહુતી પણ જોરદાર થયેલ. વિધિકાર જામનગરથી નવિનચંદ્ર બાબુલાલ પધારેલ તથા સંગીતકાર મુકેશ નાયક એન્ડ પાર્ટી રોજ મહોત્સવમાં બધાને ભક્તિમા તરબોળ કરી દીધા હતા...

જયપુર – પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂ. મ. ઠા. ૪ જયપુર પધારેલ ત્યાં દર્શન નગર, શેઠ કોલોની, જવાહર નગર, માલવીય નગર, તા. ૨૨ મે થી ૩૧ મે સુધી પ્રવચનો આદિનો લાભ આપ્યો.

પીંડવાડા - પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂ. મ. ની નિશ્રામાં વિહાશકુમાર પ્રકાશમલ તથા શાલિનીકુમારી અમૃતલાલ તથા સોનમકુમારી પારસમલની દીક્ષા જેઠ સુદ ૧૦ના યોજાઈ. તે નિમિત્તે જેઠ સુદ ૨ થી સુદ ૧૧ સુધી ઉત્સવ યોજાયો હતો.

પુના - ટીંબરમારકેટ - પૂ. ગણિવર્યશ્રી રત્નસેનવિ. મ. ની નિશ્રામાં ગેનમલજી સંઘવી તથા શ્રીમતી સુંદરબાઈ ગેનમલજીના જીવીત મહોત્સવ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજા, શાંતિસ્નાત્ર આદિ જેઠ (વૈશાખ) વદ ૪ થી વદ ૧૦+૧૧ યોજાયો.

દીલ્હી - અત્રે કિનારી બજારમાં પૂ. આ. શ્રી વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. ના પટ્ટધર મૂ. ના. શ્રી વિજય દર્શનરત્ન સૂરીશ્વરજી મ. આદિનું મુનિરાજો તથા પૂ. સાધ્વી મ. નું ચાતુર્માસ નક્કી થયું છે ૩ જુલાઈના ચાતુર્માસ પ્રવેશ થયેલ. ઠે. આત્મ વલ્લભ જૈન શ્વેતાંબર સંઘ ૨૦૪૯ કિનારી બજાર દિલ્હી - ૧૧૦ ૦૦૬.

અલવર - અત્રે પૂ. આ. શ્રી વિજય દર્શનરત્ન સૂ. મ. તા. ૬ જુન પ્રવેશ કર્યો અત્રે વિવિધ સ્થાને પ્રવચનો થયા. તેઓશ્રી દિલ્હી કિનારી બજાર ચાતુર્માસ જઈ રહ્યા છે.

ભાભર - અત્રે પૂ. આ. શ્રી વિજય સોમચંદ્ર સૂરીશ્વરજી મ. ની આઠમી પુણ્ય તિથિ નિમિત્તે પૂ. આ. શ્રી સોમસુંદર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજયજિનચંદ્ર સુરીશ્વરજી મ. આદિની નિશ્રામાં જેઠ સુદ ૧૧ ના સવારે સાધર્મિક ભક્તિ ગુણાનુવાદ બપોરે સંઘ જમણ ૨–૦૦ વાગ્યે નવપદજી પૂજા તથા ભવ્ય આંગી થયેલ, સંગીતકાર શ્રી બલવંતભાઈ ઠાકુર મુંબઈથી પધારેલ.

રાજનગર - રંગ સાગર - અમદાવાદ - અત્રે પૂ. પં. શ્રી ભદ્રશીલ વિજયજી મ. ની ૭મી સ્વર્ગતિથિ નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ,શાંતિસ્નાત્ર સમેત પંચાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય ગુણશીલસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં જેઠ સુદ ૧૨ થી જેઠ વદ પ્ર. ૧ સુધી ઉજવાયો. જેઠ સુદ ૧૪ 'વચને બાંધી પ્રીત' એ સચિત્ર પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યુ.

શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર - પ્રબોધ ટીકા

ભાગ ૧-૨-૩ પ્રગટ થાય છે તે ત્રણે માગના અગાઉથી મૂલ્ય રૂા. ૩૦૦/- છે.
તા. ૧૫-૭-૨૦૦૦ સુધી નોંધાવી શકાશે.

(૧) **જૈન શ્વે. એ. બોર્ડ**
ગોડીજી બિલ્ડીંગ બીજે માળે, ૨૧૯ એ, કીકા સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૩૪૬૩ ૨૬૩

(૨) **સેવંતીલાલ વી. જૈન**
૨૦,મહાજન ગલી, ૧લે માળે, ઝવેરી બજાર,
મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૦૬૬ ૭૧૭

॥ શ્રી ચંદ્રપ્રભ સ્વામિને નમઃ ॥

॥ હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ ॥

ચાતુર્માસ પ્રવેશ તથા તપસ્વી પૂ. મુનિરાજશ્રીના ૧૦૮ અઠ્ઠમની પૂર્ણાહુતિ નિમિત્તે
શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા ૧૦૮ સામુદાયિક અઠ્ઠમની આરાધના નિમિત્તે

ॐ શ્રી સંઘ આમંત્રણ પત્રિકા ॐ

શુભ સ્થળ : ઓશવાળ શ્વે. મૂ. જૈન ઉપાશ્રય, ૨, ઓશવાળ કોલોની, જામનગર.

૨ જ્ઞ સાધર્મિક બંધુ,

૩ ાનમ સાથ જણાવતાં આનંદ થાય છે કે ઓશવાળ કોલોની દેરાસરને આંગણે **શાહ ખીમજી વીરજી ગુઢકા** પરિવારના **શ્રી છગનલાલ ભાઈ, શ્રીમતી કાંતાબેન છગનલાલ, શ્રીમતી દેવકુંવરબેન મોતીચંદ**ના જીવીત મહોત્સવ પ્રસંગે હાલારદેશોદ્ધારક પૂ. આ. **શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી** મ. ના પટ્ટધર પૂ. આ. **શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી** મ. આદિ જામનગર પધાર્યા અને ભવ્ય પ્રવેશ વખતે જ જામનગર ચાતુર્માસ ા જય બોલાઈ તે જામનગર શ્રી સંઘનું સૌભાગ્ય બન્યું છે.

૧ . આચાર્યદેવશ્રી આદિનો ઓશવાળ કોલોની શ્રી **સંઘમાં ૨૦૫૬ અષાઢ સુદ ૬ શુક્રવાર તા. ૭-૭-૨૦૦૦ના ચાતુર્માસ** પ્રવેશ થશે. તે પ્રસંગે ની મુજબ કાર્યક્રમ યોજાયો છે.

(રાંત પૂ. આચાર્યદેવશ્રીના તપસ્વી શિષ્યરત્ન **પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ.** ના **૧૦૮ અઠ્ઠમ**ની આરાધના અઢી વર્ષથી ચાલે છે તેજ વિ. સં. ૨૦૫૬ **અષાઢ સુદ ૧૩-૧૪-૧૫નો છેલ્લો ૧૦૮મો અઠ્ઠમ** આવે છે તે તપની પૂર્ણાહુતિ ઉદ્યાપન પ્રસંગે તેમના સંસારી પિતાશ્રી **શ્રી લીલા ર રામજી શેઠ** બીડ (મહારાષ્ટ્ર) વાળા તરફથી **શ્રી સિદ્ધચક્ર મહાપૂજન** થશે તેમજ શ્રી સંઘમાં **સામુદાયિક ૧૦૮ અઠ્ઠમ**ની આરાધના કરવાનું નક્કી કર્યું છે. તો અઠ્ઠમ તપમાં જોડાવા સૌ ભાવિકોને નમ્ર વિનંતી છે.

૧ . આ. **શ્રી વિજય જિનેન્દ્રસુરીશ્વરજી** મ., પૂ. પ્રવર્તક મુ. **શ્રી યોગીન્દ્રવિજયજી** મ., પૂ. શ્રી **હેમેન્દ્રવિજયજી** મ., પૂ. મુ. શ્રી **અવિચલે દ્રવિજયજી** મ., પૂ. બાલ મુનિ **શ્રી નમેન્દ્રવિજયજી** મ. તથા સ્વ. તપસ્વીરત્ના પૂ. સા. **શ્રી મહેન્દ્રપ્રભાશ્રીજી મ.** ના શિષ્યા પ્રવર્તિની પૂ. સા. **શ્રી ૂ.રેન્દ્રપ્રભાશ્રીજી મ.**, પૂ. સા. **શ્રી સ્વયંપ્રભાશ્રીજી** મ., પૂ. સા. શ્રી **કનકમાલાશ્રીજી** મ., પૂ. સા. **શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી** મ., પૂ. સા. શ્રી **પશમપ્રભ શ્રીજી** મ., પૂ. સા. **શ્રી કૌશલ્યપ્રભાશ્રીજી** મ. નો ચાતુર્માસ પ્રવેશ થશે.

૨ ા પ્રસંગે તપસ્વીરત્ન પૂ. મુ. શ્રી **દિવ્યાનંદવિજયજી** મ., પૂ. મુ. શ્રી **કમલસેનવિજયજી** મ., પૂ. મુ. શ્રી **મુક્તિધનવિજયજી** મ., પૂ. મુનિ **પુણ્ય નવિજયજી** મ. તેમજ પૂ. સા. **શ્રી નિર્વેદગુણાશ્રીજી** મ. ઠા. ૪ તથા પૂ. સા. **શ્રી હિતપૂર્ણાશ્રીજી** મ. ઠા. ૪ પણ આ પ્રસંગે પધારશે.

● પ્રવેશ મહોત્સવનો મંગલ કાર્યક્રમ ●

સં. ૨૦૫૬ અષાઢ સુદ ૬ શુક્રવાર તા. ૭-૭-૨૦૦૦ સવારે ૮-૩૦ કલાકે

દિગ્વિજય પ્લોટ પોલીસ ચોકીથી સામૈયું શરૂ થશે, સામૈયું ઉતર્યા બાદ માંગલિક પ્રવચન

● ૧૦૮ અઠ્ઠમનું ઉદ્યાપન તથા સામુદાયિક ૧૦૮ અઠ્ઠમ ●

પૂ. તપસ્વી મુનિરાજ **શ્રી હેમેન્દ્રવિજયજી મ.** ને અષાઢ સુદ ૧૩-૧૪-૧૫, ૧૦૮માં અઠ્ઠમ તથા તે નિમિત્તે **સામુદાયિક ૧૦૮ અઠ્ઠમ**
અષાઢ સુદ ૧૨ ગુરૂવાર તા. ૧૩-૭-૨૦૦૦ : અઠ્ઠમ તપના અન્તરવાયણા, સાંજે ૪-૦૦ કલાકે આંબેલ ભવનમાં

---------- તરફથી

અષાઢ સુદ ૧૫ રવિવાર તા. ૧૬-૭-૨૦૦૦ના રોજ બપોરે ૧૨-૩૯ કલાકે **પૂ. મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ.** ના ૧૦૮ અઠ્ઠમ, પૂ. સા. **શ્રી પ્રશમપ્રભાશ્રીજી મ.** ની ૧૭ **વીશ સ્થાનક ઓળી**ની પૂર્ણાહૂતિ નિમિત્તે પૂ. મુનિરાજશ્રી ના સંસારી પિતા **શ્રી લીલાધર રામજી શેઠ** બીડ (મહારાષ્ટ્ર) વાળા તરફથી **શ્રી સિદ્ધચક્ર મહાપૂજન.** વિધિ માટે ભાઈ **શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહ** તથ પૂજા ભક્તિ માટે **શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળ** પધારશે. **અષાઢ વદ ૧ સોમવાર તા. ૧૭-૭-૨૦૦૦ સવારે ૮-૦૦ કલાકે** સામુદાયિક ૧૦૮ અઠ્ઠમના પારણા **શાહ સુરેશચંદ્ર રાયચંદ વોરા** હ. **શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર વોરા** તરફથી.

સકલ સંઘને આ સર્વ પ્રસંગોમાં લાભ લેવા નમ્ર વિનંતી છે.

જૈન ઉપાશ્રય
૨, ઓશવાળ કોલોની, સુમેર કલબ રોડ,
જામનગર. ફોન : ૫૬૪૭૩૧

લિ.
ઓશવાળ મૂર્તિપૂજક જૈન સંઘના પ્રણામ

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- દોષ રહીત જીવવું અધર્મ રહિત જીવવું, ધર્મ સહિત જીવવું, મઝેથી મરવું તે આપણા હાથની વાત છે આ રીતે જીવે તેની સદ્‌ગતિ નિયમા થાય અને તે પણ ધર્મવાળી હોય.
- સંસારની સાધના કરવી પડે તો ન છૂટકે કરે પણ તે કરવાનું જેનું હૈયું નહિ તેનું નામ ધર્મી !
- સંયમનો અર્થી અને સંસારમાં ન છૂટકે રહેનાર જીવ માટે દુર્ગતિ છે જ નહિ.
- આજે જે જીવો દુઃખી દેખાય છે તે અસલમાં દુઃખી નથી પણ તેમના મન ખરાબ છે માટે દુઃખી છે. જો તેમની મનોવૃત્તિ સુધરે તો કાલથી સુખી થઈ જાય.
- ઘણા નિર્ભાગી જીવોને ધર્મની સામગ્રી વધુ પાપ કરાવવા જ મળે છે.
- જે જીવોને સંસારમાં જ મઝા આવે છે, ધર્મ કરવાનું મન જ થતુ નથી, કદાચ ન છૂટકે દેખાવ માટે થોડો ઘણો ધર્મ કરે છે તે બધાનું પુણ્ય પાપનુબંધી છે !
- પૈસા કમાવવા એટલે નવાં દુઃખ ઉભા કરવા.
- સંસારમાં અક્કલનો ઉપયોગ કરવો એટલે અનેકને ઉન્માર્ગે દોરી સત્યનાશ કાઢવું.
- પુણ્યથી મળતી અનુકુળતા ભોગવવાથી આપણું પુણ્ય પરવાય છે અને એવા પાપ બંધાય છે કે ભવાંતરમાં ભીખ માગતા ય ખાવા - પીવા, પહેરવા - ઓઢવા ય ન મળે.
- સંયમનું સારી રીતે પાલન કરવા માટે વિહાર છે.
- કર્મસત્તા તો છુપી પોલીસ કરતા ય છુપી પોલીસ છે તે એવી રીતે જીવને પકડી લે છે કે જીવ ગમે તેટલી માયા - પ્રપંચાદિ કરે તો ય તેને તરત ચોંટી જાય છે.
- સાધુપણાનો સ્વાદ પરિષહ વેઠવામાં છે.
- મિથ્યાત્વ મોહની સત્તા ઉઠે તો જ અધ્યાત્મ ભાવ આવે. તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત ગમે, નહિ તો પૈસા - ટકા, દુનિયાની મોજ મજાદિ માટે જ ધર્મ થાય.
- જેને અધર્મનો ડર ન લાગે, ધર્મનો પૂરેપૂરો પ્રેમ ન જાગે તે જીવ સાચો ધર્મ કરી શકે નહિ. તે સાધુ થાય તો ય સત્યનાશ કાઢે.
- દુનિયાના પૈસાદિ માટે મંદિરમાં જવું તે ય પાપ !
- શાસનના સિદ્ધાંત પ્રેમી જીવો કદી કજીયો કરતા નથી, આવે તો વેઠી લે છે, નવું પણ કશું કરતા નથી. આપણે કશું નવું પ્રતિપાદન કર્યું નથી. જે કર્યું છે તે જુનાનો ઉદ્ધાર કર્યો છે.
- સમ્યગ્દ્રષ્ટિ તેને જ કહેવાય જે જેની દ્રષ્ટિ આત્મ સ્વરૂપ તરફ હોય. એને સંસાર અસાર જ લાગે મોક્ષ તરફ એની દ્રષ્ટિ અવિચલ હોય, ભોગની સાધનામાં એ લેપાય નહિ.
- જે ભવને ભયંકર ન માને અને ભદ્રંકર માને તે ધર્મને લાયક નથી, ધર્મ માટે તે અનધિકારી છે, ધર્મીપણું એનાથી વેગળું છે. માણસાઈ વિનાના માણસ જેમ નકામા છે તેમ ધર્મ વગરના કહેવાતા ધર્મી પણ નકામા છે.
- સ્યાદ્વાદના નામે અસત્ય સ્વીકારાય નહિ અને સત્ય છોડાય નહિ - છોડાવાય નહિ. બીજાને સમજાવવાની કોશિશ કરાય, ન સમજે તો ત્યાગ પણ કરાય પણ સિદ્ધાન્તની વાતમાં ઘાલમેલ તો કરાય જ નહિ
- જ્યારે જ્યારે નવી વાત આવે ચાલે ત્યારે સત્ય શું છે, અસત્ય શું છે તે જાણવાનું મન ન થાય, સમજવાનું મન ન થાય, સમજ્યા પછી સાચું કરવાનું અને ખોટું છોડવાનું મન ન થાય તે બધા મિથ્યાત્વના પ્રેમ છે !

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

જૈન શાસન

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणं

શાસન અને સિધ્દાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

અઠવાડિક

વર્ષ ૧૨

અંક ૪૫/૪૬

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન,
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

દાનનું માહાત્મ્ય

दानेन सत्त्वानि वशीभवन्ति,
दानने वैराण्यु पयान्ति नाशम् ।
परोऽवि बन्धुत्वमुपैति
दानात्तस्माद्धि दानं सततं प्रदेयम् ॥

દાનથી પ્રાણીઓ વશ થાય છે, દાનથી વેર પણ નાશ પામે છે, દાનથી શત્રુ પણ બન્ધુપણાને પામે છે. તે કારણથી આજ્ઞા મુજબ સારા ભાવે હંમેશા દાન આપવું જોઈએ.

(સમ્યકત્વ સપ્તતિકા)

કોણ કોને કહે છે ?

કેમ મસ્તક ડોલોવો છો ? શી હકીકત છે. ?	● સનતકુમાર દેવને
પહેલા મને પીલી નાખ, પછી આ ક્ષુલ્લક મુનિને પીલ !	● સ્કન્દકાચાર્ય - પાલકના મારાઓને
આજે ગોચરી માં જે કાંઈ સચિત્ત કે અચિત્ત મળે તે લઈ આવજો.	● સિંહગિરિસૂરિ - ધનગિરિને
તમે નલિનીગુલ્મ વિમાનનું સ્વરૂપ જોયું છે ?	● અવંતિસુકુમાલ - આર્યસુહસ્તીસૂરિને
એ ! તું અમારા ધર્માચાર્યને કેમ નિંદે છે ?	● સુનક્ષત્રમુનિ - ગોશલકને
તમારા વડે સંથારો કરાયો તેવું ખોટું શા માટે બોલો છો ?	● જમાલિ - શિષ્યોને
હે શ્રુતજ્ઞાની ! આવા વર્ષતા વરસાદમાં તું આહાર કેમ લાવી !	● અર્જિકાપુત્રાચાર્ય પુષ્પચુલા સાધ્વીને
તમારો પુત્ર તમે ગ્રહણ કરો	● સુનંદા - ધનગિરિમૂનિને
સુર - અસુરોથી પુજાતા એવા આપના ગુરુ કેવા હશે ?	● કૃષીધીલમુનિ - ગૌતમસ્વામીને
હું તો નપુસંક છું શા માટે ફોગટ પ્રાર્થના કરે છે	● સુદર્શન શેઠ - કપીલાદાસીને
કોઈપણ જો આ વૃત્તાંત જાણશે તો આપણો વ્રત ગ્રહણ કરી લઈશું ?	● વિજય શેઠ - વિજયા શેઠાણીને
તમને બન્નેને છોડી બધાને હણી નાખીશ	● દ્વૈપાયન - કૃષ્ણ - બલરામને
જો તમે રાણી હોય તો મારી મા સમાન છો હું જાઉં છું.	● વકંચૂલ - રાણીને
મારો પુત્ર માખણ જેવો કોમલ છે તે કયારેય બહાર નીકળતો નથી માટે આપ મારા આંગણે પધારો	● ભદ્રા માતા - શ્રેણિક મહારાજને
ભગવંત, હું આપના જેવો થઈશ	● અઈમુત્રાકુમાર - ગૌતમ સ્વામિને
હે માતાજી તમારા પુત્રની રિદ્ધિ-સિદ્ધિ જોવા ચાલો	● ભરત - મરુદેવી માતાને
જે પુરુષો ગજેન્દ્ર ઉપર ચઢે તેઓને શું જ્ઞાન પ્રાપ્ત થાય ?	● બ્રાહ્મી - બાહુબલીને
સ્વામી ! પ્રસન્ન થઈ આ નિર્દોષ આહારને ગ્રહણ કરો.	● શ્રેયાંસકુમાર - ઋષભદેવને
દેવી ! આ વખતે તમારે ચરણો બલિ નહિ ધરાય	● કુમારપાળ મહારાજા - અંબિકાદેવીને
શું આપ સોમનાથના દર્શનાર્થે પધારશો ?	● કુમારપાળ - હેમચંદ્રસૂરિશ્વરજી.

''વૈભવમાં વીટાએલાને''

જો જો, વૈભવમાં અરિહન્ત ના વિસરાય; વિત્તે વિમળતા વિખરાય-
ચતુર ચિત્ત ચતુરામાં ચોંટે, ચિત્ આનંદ ચૂકાય; ભોગ રોગભુંધર સમઝે પણ, મનથી ભવ મૂકાય -
સંપતિ સાંપડતા સહુને સ્વાર્થે સુખ સમજાય; વિપતિ વ્હાલાઓને, વ્હાલે યાદ કરાય-
''જિનેન્દ્ર'' સદ્‌ગુરૂ કૃપાએ નિર્મળ નીરમાં ન્હાય; વૈભવના વાદળ વિખરાતાં, થાતા અરિહન્ત સહાય

- નરસિંહપ્રસાદ નારાયણ જામનગરી

ઉપકાર

ઉર્દુ કવિ જિગર મુરાદાબાદીને ત્યાં એક ગરીબ બાઈએ કાકલૂદી કરી કહ્યું, 'મારા નિર્દોષ છોકરાને ખોટા આળને કારણે પોલીસ પકડી ગઈ છે તેને છોડાવો.' જિગરસાહેબે પોલીસ અમલદારોને ટેલી ફોન કરી પોતાની ખાતરી આપીને છોડી મૂકવાની પાકી ભલામણ કરી. છતાં એ કોમળ હૃદયના કવિને આખી રાત તેને વિષે બેચેની રહી, એટલે સવારે પોતાના એક મિત્રને સાથે લઈ ખાતરી કરવા એનું ઘર શોધતા નીકળ્યા. પણ ઘર નજીક પહોંચતા બહારથી જ એના છૂટી આવવાની ખબર મળતાં જિગરસાહેબ વચ્ચેથી જ તરત પાછા વળી ગયા. મિત્રે એનું કારણ પૂછતા કહ્યું : 'કોઈને મદદ કર્યા પછી એને શરમાવો ન જોઈએ.

अविरुद्धा विराद्धा च. शिवाय च भवाय च

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન
(અઠવાડિક)

1061

તંત્રીઓ:
પ્રેમચંદ પ્રેમજી મુક્ત (મુંબ
ભરત મુકુંદભાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ (રાજકોટ)
ધનચંદ પદમશી મુક્ત (

વર્ષ: ૧૨) સંવત ૨૦૫૬ અષાઢ વદ -૨ મંગળવાર તા. ૧૮-૭-૨૦૦૦ (અંક : ૪૫/૪૬

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

શ્રી શ્રમણ સંઘની માવજત

શ્રી જૈન શાસન એ મોક્ષનું શાસન છે શ્રી તીર્થંકર દેવોએ આ શાસન સ્થાપી તેમાં મોક્ષના અભિલાષી જીવોને સમાવ્યા છે. મોક્ષ માર્ગનો ઉપદેશ આપી ને સંસાર અને મોક્ષનો ભેદ સમજાવ્યો છે. લઘુકર્મી જીવો તે સમજે છે અને મોક્ષ શાસનમાં જોડાય છે.

મોક્ષ શાસનના બે અંગો છે સાધુ અને શ્રાવક. સાધુ સર્વવિરતિના ધારક છે તે માટે પંચ મહાવ્રતનું પાલન જરૂરી છે. મોક્ષ શાસનમ જોડાયેલા સાધુ કે શ્રાવકને એટલે સર્વવિરતિ અને દેશ વિરતિ ધારે છે તેમને શ્રી જિન શાનનની આજ્ઞાનું શિરછત્ર તો પ્રથમ જ હોય છે. જિન આજ્ઞાનું શિરછત્ર ધારણ ન કરે તેની સર્વ વિરતિ કે દેશ વિરતિની કશી કિંમત જિન શાસનમાં નથી.

સર્વવિરતિ ધારણ કરનાર બે અંગ છે સાધુ અને સાધ્વી. આ મુખ્ય છે તેને દેશ વિરતિધારણ કરનાર બે અંગ છે શ્રાવક અને શ્રાવિકા- આ ચારે અંગો ભેગા થઈને શ્રી સંઘ બને છે. આ સંઘમાં શ્રમણ પ્રધાન છે અને તેથી શ્રી શ્રમણ પ્રધાન સંઘ કહેવાય છે.

શ્રી સંઘ મુખ્ય અંગ શ્રમણ છે તો તે શ્રમણના ભાવો, કર્તવ્યોનો આધાર ગુરૂ છે. ગુરૂ એ માતા તુલ્ય છે માતા જેમ બાળકનું ઉત્તમ હિત બુદ્ધિથી કરે છે. તેની ગરમીમાં પણ વાત્સલ્ય ભરેલું છે. કેમકે માતાને વ્યકિતગત પુત્રના હિતની ચિંતા હોય છે

પુત્ર ઉત્તમ માર્ગે ચાલે અને ઘર કુટુંબ સંઘમાં ઉત્તમ સ્થાન પામે તેવી ઝંખના હોય છે.

તે જ રીતે શ્રમણ શ્રમણી બનેલા ઘર કુટુંબ છોડીને ઉત્તમ સ્થાન પામ્યા છે તે ઉત્તમ સ્થાનને યોગ્ય તેમનું જીવન હોય તો આ ભવની સાધના એ ભવોભવની પ્રગતિ છે અને છેવટે આત્મા ભવ જંજાળથી મુકત થઈને શિવપદને પામે છે.

જ્ઞાન દર્શન ચારિત્રની સાધના એ તેમનું જીવન છે અને તે જીવન જ આત્માને પરમાત્મા બનાવનારૂ છે. તેમ જ્ઞાનીઓએ જોયું છે અને ઉપદેશ્યું છે.

તે સાધના સિવાયની પ્રવૃત્તિઓમાં માન-પાન, સન્માન કિર્તિ, મંત્ર તંત્ર, જ્યોતિષ વિ.ની પ્રવૃત્તિઓએ મોક્ષ માર્ગની તોડનારી છે. તેવી પ્રવૃત્તિથી તેમની આરાધના સાધના ખુવાર છે અને આ લોકમાં પણ કોઈનો સ્વાર્થ સધાય તે કાલાવાલા કરે છે બાકી તો અપકિર્તિ, અપભ્રાજના, ધર્મની લઘુતા અને પોતાનું પતન નોતરે છે. આવા પતનના માર્ગમાં ટેકો આપે તેનું પણ પતન થાય છે.

શ્રમણની સાધનામાં સહાયક થવું તે પણ મોક્ષ માર્ગનું અંગ છે. શ્રમણને સાધનાથી ભ્રષ્ટ કરવામાં સહાયક બનવું તે શ્રમણને અને પોતાની જાતને પણ પતનના માર્ગે ધકેલવાનું થાય છે.

મોંઘેરા માનવ જન્મમાં શ્રમણપણું તે અતિ દુર્લભ છે પણ શ્રમણના દર્શન અને તેમનો યોગ પણ દુર્લભ છે આવી દુર્લભ વસ્તુઓને પામીને મોક્ષ માર્ગે આગળ વધવું જોઈએ. જે વિના જીવનની સાર્થકતા નથી. એમ સૌ વિવેકી વિચારે અને સ્વપરના શ્રેયને સાધે. શ્રમણ ભગવંતોની માવજત તેમના સંયમમાં સહાયક બનવું તેમના જ્ઞાનદર્શન ચારિત્રમાં સહાયક બનવું. તેઓ શાસનને દીપાવે, શ્રી સંઘને ઉન્નતિને માર્ગે લઈ જાવ તે રીતે સદા તત્પર રહેવું એ એક કર્તવ્ય છે મહા કર્તવ્ય છે સૌ તે પ્રમાણે સાધનામાં ઉજ્જવળ બને એ જ શુભેચ્છા..

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમન્દિર

પ્રવચન - બેંતાલીસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૧૦, મંગળવાર ૮..૧૮-૮-૧૯૮૬
શ્રી પાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કે સ્વ. પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમાપના. - અવ.)

[illegible] जाणतरस्स समओ हवइ दोसो ।
[illegible] चेयसाणि नाऊण वंदमाणं पयं दोसो ॥१॥
[illegible] एक्कं चिअसमाहं अक्खरं नवि य रुअओ छअओ ।
[illegible] सद्दहंत समाआगं रुअं छअणमंदर ॥२॥

અનંત ઉપકારી શ્રી અરિહંતપરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ આચાર્ય ભગવાન શ્રી મુનિસુંદર સૂરીશ્વરજી મહારાજા ફરમાવી રહ્યા છે કે- આત્મા પોતે આ સંસારની અસારતા સમજે નહિ તો તેને સંસારથી છૂટવાનું મન થાય નહિ. અને જ્યાં સુધી તેને મોક્ષે જવાની ઈચ્છા પેદા થાય નહિ ત્યાં સુધી સમજુ હોવા છતાં સમજવાની પરવા કર્યા વિના તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તેનો ધર્મ વાસ્તવિક દીન ધર્મ કહેવાય નહિ. તે ધર્મ કરીને પણ સંસારમાં જ ભટકે. આપણે એ વાત જોઈ આવ્યા કે- સાધુવેષ પહેરવાથી ચારિત્ર આવે તેમ નહિ. ચારિત્ર તો જેને જોઈતું હોય તેને આવે, જેને ન જોઈતું હોય તે અનંતીવાર દ્રવ્ય ચારિત્ર લે, સાધુવેષ પણ પણ સાધુપણું પામે નહિ. આ વાત જો આપણા મનમાં વસી જાય તો થોડો ઘણો પણ જે ધર્મ કરીએ છીએ તે લેખે લાગે. આ સમજવાની શક્તિ હોવા છતાં પણ આ લક્ષ વગરના જીવો સાધુ થઈને પણ સાધુવેષની વિટંબણા કરે છે. આ સાધુવેષમાં રહીને પણ સંસારની પુષ્ટિ થાય તેવી જ વાતો કરે. જે લોકો મોક્ષને યાદ પણ ન કરાવે, સંસારમાં જ મઝા છે, 'સંસાર માટે ય ધર્મ થાય' તેમ કહે તે બધા વેષ વિડંબક કહેવાય. જે સાધુવેષમાં રહી ભગવાને જે કહ્યું હોય તે ન બોલે, ન સમજાવે તે ચાલે ? જે સાધુપણું બરાબર ન પાળી શકે તે પોતાની ખામી કહે, ખામી સુધારવા મહેનત કરે, હજી મારામાં ભગવાને કહ્યા મુજબનું આવ્યું નથી આવ્યું એમ કહે- માને તો તે બચી પણ જાય. ભગવાને કહ્યા મુજબનું સાધુપણું પામવા માટે તો ઘણો પુરૂષાર્થ કરવો પડે. શાસ્ત્ર કહ્યું છે કે- જે ચારિત્રથી હિન હોય પણ શુદ્ધ પ્રરૂપક ગુણવાળા હોય, યથાર્થપણે સત્ય માર્ગનું નિરૂપણ કરે તો તે ઉત્તમ જીવ છે. તે સાધુ તરીકે પૂજાવા કદી ન ઈચ્છે. સાધુવેષમાં રહીને મોક્ષ માર્ગની મશ્કરી થાય તેવી વાતો કરે, સંસારની પુષ્ટિ થાય તેવી વાતો કરે તે ચાલે ? આ સાધુ વેષવિડંબક છે એમ જાણીને વંદન કરે તો તેને પણ દોષ લાગે. શાસ્ત્રે જે વેષને વંદનીક કહ્યો છે તે વેષને પણ અવંદનીક કહ્યો તે શા માટે તે સમજવું પડે ને ? જે સાધુવેષમાં રહીને પણ માત્ર સંસારની જ વાતો કરે અને મોક્ષને યાદ પણ ન કરાવે તો શું થાય ? તેને કેવો કહેવાય ?

દુનિયાનાં જેટલાં સુખ છે તે બધાં જ ધર્મથી જ મળે તેની ના નથી પણ સમજદાર આત્માથી તે સુખને માટે ધર્મ કરાય જ નહિ. આ વાત સમજવા છતાં પણ તે સુખને માટે જ ધર્મ કરે તો તેને સમજુ કેમ કહેવાય ? જે જીવ અણસમજુ હોય, આ વાત ન સમજતો હોય અને અજ્ઞાનના યોગે દુનિયાનાં સુખને માટે ધર્મ કરતો હોય પણ તેને જો સમજાવવામાં આવે તો તે સમજી પણ જાય અને હજી બચી પણ જાય કેમ કે, શાસ્ત્રે કહ્યું છે કે, અજ્ઞાની જીવને સુખેથી સમજાવી શકાય છે, તેને તેવી પકડ પણ નથી હોતી.

શાસ્ત્રે કહ્યું છે કે- ધર્મ તો માત્ર મોક્ષને માટે જ થાય, સંસારને માટે તો થાય જ નહિ. આલોકનાં કે પરલોકનાં સુખ માટે પણ થાય નહિ. આ વાત સાંભળીને જે સમજી જાય અને ચેતી જાય તો બચી જાય. આ વાત સાંભળવા અને સમજવા છતાં પણ દુનિયાનાં આલોકનાં કે પરલોકના સુખ માટે જ ધર્મ કરે, 'તે માટે ધર્મ ન થાય તો શું પાપ થાય ?' આમ કહીને ધર્મ કરવાનું સમજાવે તો તે સાધુવેષમાં રહ્યો હોય તો ય સાધુવેષનો વિડંબક છે તેમ કહ્યું છે. શાસ્ત્રે પાંચ વંદનીક કહ્યા છે અને પાંચ અવંદનીક કહ્યા છે.

માટે સમજાય છે ને કે - ભગવાનનો ધર્મ પામવો સહેલો છે કે કઠીન છે ? અનંતીવાર સાધુવેષ પહેરે પણ સાધુપણાની પ્રાપ્તિ ન થાય તેવા કેટલા જીવો મળે ? અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો અને ભારેકર્મી ભવ્ય જીવો અનંતીવાર સાધુ થાય. સારામાં સારૂં એક દોષ ન લાગે તેવું સાધુપણું પામે, તેના પ્રતાપે ઘારેલ સુખ - નવમું ગ્રૈવેયક - પણ મેળવે પણ પહોંચી જાય ક્યાં ? દુર્ગતિમાં. નવમાં ગ્રૈવેયકમાં પણ તે સુખી ન હોય. આજે શ્રીમંતો વધારે સુખી છે કે સમજુ દરિદ્રી જીવો વધારે સુખી છે ? આજના શ્રીમંતોને ખાવા-પિવાની, કુટુંબ આદિ શાંતિથી વાત કરવાની પણ ફુરસદ નથી. પૈસાદિ માટે દોડાદોડ કરતા હોય છે. જ્યારે ધર્મી એવો પણ ગરીબ હજી શક્તિ મુજબ ધર્મ કરી શકે છે. તેના ઉપરથી પણ સમજાય છે કે સુખ આપવાની શક્તિ કોમાં છે ?

શાસ્ત્ર કહે છે કે - ધર્મ હોય તે જ જીવ સાચો સુખી છે. આખી દુનિયાની ઉપર તેટલી સુખ-સાહ્યબી હોય પણ જો તે ધર્મી ન હોય તો અંતરથી દુઃખી જ હોય. તેને દુનિયાનું ગમે તેટલું સુખ મળ્યું હોય તો ય ઓછું જ લાગ્યા કરે. તે સુખ પણ ધર્મથી જ મળે અને તે સુખને સારી રીતે ભોગવી પણ ધર્મી જ શકે. આજના ધર્મ કરનારા પણ જેમ જેમ વધુ સુખી બને તેમ તેમ વધારે દુઃખી જણાતા છે. તેમાં દૃષ્ટાંતભૂત તમે લોકો છો. તમને જેમ જેમ વધારે પૈસા મળે તેમ તેમ વધારે મજૂરી કરો છો. તમારા નોકરને આઠ કલાકનો કાળ કરવાનો સમય અને શેઠને ! તમારા નોકરો મજેથી ખાય છે પીએ છે અને શેઠે શું ખાવું અને શું પીવું તેની ય તેમને ખબર નથી હોતી ! તે વખતે ય તેમનું ધ્યાન વેપારાદિમાં જ હોય છે. દુનિયાનું સુખ પણ ધર્મથી જ મળે અને ધર્મી હોય તે જ જીવન સુખના કાળમાં સુખ અનુભવી શકે. જ્યારે બીજા જીવો તો તે સુખના કાળમાં ય દુઃખ અનુભવે અને અસંતોષના યોગે પાપ કરી કરીને દુર્ગતિમાં જાય. તેવા જીવો કદાચ સદ્ગતિમાં ય જાય તો ય ત્યાં સુખી નહિ અને ત્યાંથી વધારે મોટી દુર્ગતિમાં જાય માટે સમજી રાખો કે- સાધુવેષ વિડંબક છે તેમ જાણ્યા પછી વંદન કરે તો તેને ય દોષ લાગે.

જે જીવ સારામાં સારું ચારિત્ર પાળે પણ 'સંસાર માટે સંસારના સુખ માટે ય ધર્મ થાય તેમાં શું વાંધો?' એમ લોકોને સમજાવે તો તે ઉસૂત્રભાષી છે, મહાપાપી છે. શ્રી આનંદઘનજી મહારાજાએ કહ્યું છે કે- ઉત્સૂત્ર સમાન બીજું એકે પાપ નથી અને સૂત્ર જેવો ધર્મ નથી'. ચૌદમા શ્રી અનંતનાથ સ્વામિભગવાનના સ્તવના કરતાં કહ્યું છે કે-

"પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યું",
"ધર્મ નહિ કોઈ જગ સૂત્ર સરિખો"

શ્રી જૈનશાસન જેવું નિષ્પક્ષ શાસન એક નથી. આપણે ત્યાં માસક્ષમણ કરનારા ય રખડી ગયા અને નવકારશી કરનારા મોક્ષે ગયા. આ વાત તમે જાણતા નથી ? શ્રી કુરગડુ મુનિની કથા વાંચી નથી ? તેઓ જે ક્ષુધાવેદનીયનો ઉદય એવો હતો કે નવકારશી ય મોડી મોડી કરે. એક વાર મહા પર્વના દિવસે નવકારશી માટે ભિક્ષા લઈને આવ્યા છે અને માસક્ષમણના તપસ્વી મહાત્માઓને જે કાંઈ વહોરેલી ભિક્ષા બતાવે છે તો તેઓને ગુસ્સો આવ્યો છે કે- આજના મહાપર્વના દિવસે પણ ખાય છે ! તેથી તેમના પાત્રામાં થૂંકે છે. પછી તે મહાભાગ વિચારે છે કે "હું પાપી છું માટે તેઓ આવું વર્તન તો શું કરે ? મને તે મહાત્માઓનું આમ મળ્યું." હાથમાં ભાણીયો રહી ગયો અને તે મહામુનિ કેવળજ્ઞાન પામી ગયા. પછી તે માસક્ષમણના તપસ્વી મહાત્માઓને ય પોતાની ભૂલ સમજાઈ અને પશ્ચાત્તાપ કર્યો તો તેઓ પણ કેવળજ્ઞાન પામી ગયા. મુક્તિ કોને મળે ? ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરે તેને કે મરજી મુજબ ધર્મ કરે તેને ? સમજવા જેવો સંસારના સુખ માટે ધર્મ કરે તેને તો ઘણું ઘણું રખડવું પડે. માટે જ ખુલાસો કરે છે કે- સાધુવેષમાં રહીને પણ અસાધુપણું સેવનારા જીવો આ છે. તેમાં ય આ પાંચમાં આરામાં તો તેવા જીવો વધારે મળવાના જે સૂત્રવિરુદ્ધ બોલે, ભગવાને જેની ના પાડી હોય તે જ કરે, સંસાર જોઈએ તેવો ભૂંડો ન કહે, મોક્ષની ઇચ્છા ન કરાવે, સંસારમાં આગળ વધવાનું કહે, સંસારનું જ પોષણ કરે, સંસારને જોડે તે બધા જ વેષવિડંબક છે. તેવાને ઓળખ્યા પહેલાં વંદન કરવું તો તે વંદન પણ પરિણામે દોષરૂપ થાય.

સભા : તેવાને વંદન કરવું તે દોષ તો એવાને આપણે ઓળખાવો તો દોષ લાગે ખરો ?

ઉ. આજનો કાળ બહુ ખરાબ છે. આજે આ માણસ આવો છે તેમ પણ કહેવાય નહિ. તે સમજવાનું કામ તમારું છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું સાધુનું સ્વરૂપ વાંચીએ તો ય કહે છે કે સાધુની નિંદા કરે છે. વસ્તુસ્થિતિ સમજાવવી તે જુદી વાત છે અને આ આવો છે અને તેવો છે તેમ કહેનારો સાધુ પણ નિંદક છે. 'આવો આવો હોય તે સાધુ કહેવાય, આવો આવો ન હોય તે સાધુ ન કહેવાય' આમ કહીએ તે નિંદા થઈ કહેવાય ? આપણે વેષને પૂજનીક માનનારા છીએ પણ વેષમાં રહીને જે ખરાબ કામ કરે તો ?

એકવાર એક દેવે શ્રી શ્રેણિક મહારાજાના સમ્યક્ત્વની પરીક્ષા કરવા સાધુનું રૂપ લઈને માછલાં પકડતો બતાવ્યો. અને શ્રી શ્રેણિક મહારાજાએ તેને પૂછ્યું કે- સાધુ થઈને આ શું કરો છો ? ત્યારે તે કહે કે- હું એકલો ઓછો આવું કરું છું ? ભગવાન શ્રી મહાવીરદેવના બધા જ સાધુ આવું કરે છે. ત્યારે શ્રી શ્રેણિક મહારાજાએ વિચાર્યું કે - આ તો મહાપાપી છે. ઉપદેશને પણ લાયક નથી. આગળ જતાં એક ગર્ભિણી સાધ્વીને બતાવી કે તેને પોતાના ઘેર લઈ જઈને એકાંતમાં રાખી. અને કોઈ ન જાણે તે રીતે તેની પ્રસૂતિ કરાવી. સમ્યગ્દૃષ્ટિ આત્મા સાધુ કે સાધ્વીને ઓળખનારો હોય. ભૂલ થાય તો વિનય - વિવેકપૂર્વક કહે પણ ગામમાં તેમની નિંદા ન કરે. એક કાળે સાધુ અંધારે જતા હોય તો શ્રાવકો હાથ જોડીને પૂછતા હતા કે, અંધારે ઊતાવળા ઊતાવળા કેમ ચાલો છો ? સાધુથી અંધારે ચલાય ? સાધુ કહે કે સાધુ બિમાર છે કે શાસનનું મહત્ત્વનું કામ આવી પડ્યું છે માટે જલ્દી જાઉં છું. આગળ આવી રીતના અમારી ચિંતા કરનારા હતા. સાધુવેષ પૂજનીક છે. તેમાં જે વેષવિડંબક પાકે તેની વાત છે.

(ક્રમશઃ)

પ્રકરણ : ૭૧

મહાભારતના પ્રસંગો

- શ્રી રાજુભાઈ પંડિત

ભીષ્મ મુનિવરનો અંતિમ ઉપદેશ

કુરૂક્ષેત્ર અને સનપલ્લીના સમરાંગણમાં કૌરવકુળનો તથા જરાસંધકુળનો સર્વસંહાર કરીને શ્રીકૃષ્ણ સાથે હસ્તિનાપુર પાછા ફરેલા પાંડવો ન્યાય-ધર્મપૂર્વક પ્રજાનું પાલન કરી રહ્યા હતા.

એક દિવસ ધર્મપુત્ર યુધિષ્ઠિરે સમગ્ર રાજા તથા નાગરજનોને ભીષ્મ-મુનિ પાસે જવા માટે આદેશ કર્યો. હર્ષોલ્લાસ સાથે સંપૂર્ણ પરિવાર સાથે યુધિષ્ઠિર ભીષ્મર્ષિ પાસે પહોંચી ગયા.

દૂરથી યુધિષ્ઠિરે જોયું તો બાણશય્યા (શરશય્યા) ઉપર પર્વત પાસે રહેલા ભીષ્મ મહામુનિવરની સાધુ ભગવંતો પરિચર્યા કરી રહ્યા હતા. અને ખેચરો - દેવો આવીને મહાસંયમી ભીષ્મઋષિને વંદના કરી રહ્યા હતા.

પિતામહ-મુનિવરની પાસે આવતાં જ યુધિષ્ઠિર આદિ પાંડવોને પૂર્વના દિવસો સાંભરી આવ્યા. શરશય્યા ઉપર રહેલા પિતામહ મુનિના જખ્મી શરીરને જોતાં પાંડવો ગળગળા થઈ ગયા. અને કહેવા લાગ્યા કે ''મુનિવર ! આપે તો અમને જન્મથી વાત્સલ્ય આપી આપીને આટલી વૃદ્ધિ પમાડી. જ્યારે તેના બદલામાં અમે તમારી સામે શસ્ત્રો ઉગામ્યા. અને કુરૂક્ષેત્રમાં આપની આ દશા કરી નાંખી તેની અમને હે ક્ષમાવીર ! ક્ષમા કરો અને પૂર્વ ગૃહસ્થપણામાં આપે મને રાજધર્મ સંભળાવ્યો હતો. તો હવે પણ મને ઉચિત કંઈક ઉપદેશ આપો.''

ભીષ્મ-પિતામહે કહ્યું - 'મહર્ષિ હવે રાજધર્મ કે અર્થકામનો પુરૂષાર્થ સમજાવીના શકે માટે રાજન્ ! તને ધર્મ અને મોક્ષ પુરૂષાર્થ સમજાવું છું.' આમ કહી મુનિવરે દાન-શીયલ-તપ-ભાવ એ ચારે ભેદે ધર્મ સમજાવ્યો.

એમાં તપ ધર્મનો મહિમા સમજાવતાં કહ્યું કે - તપ તો દરેક ઈષ્ટની સિદ્ધિ માટે સમર્થ છે. જયદ્રથ આ અંગે દૃષ્ટાંત છે.

જ્યારે તમે વનવાસ હતા. ત્યારે જયદ્રથે તમારી ગેરહાજરીમાં દ્રોપદીનું હરણ કર્યું હતું. આથી તમે તેને પાંચ ઘડીનો વાળો કરીને અપમાન પૂર્વક જીવતો જવા દીધો હતો. ત્યારથી તમારા વધની ઈચ્છાથી તેણે ઘોર તપસ્યા શરૂ કરી હતી. તપસ્યાથી પ્રસન્ન થયેલી દેવીએ વરદાન માંગવા કહ્યું ત્યારે જયદ્રથે કહ્યું કે - 'આ તપસ્યાનું જો કંઈ ફળ હોય તો હું પાંચેય પાંડવોને હણનારો બનું તેવી શકિત આપો.'

દેવીએ કહ્યું 'પાંડવો તો શ્રી નેમિનાથ પ્રભુના શાસનમાં મોક્ષે જનારા છે. ચરમ શરીરી પાંડવોનો વધ તો આખંડલ (ઈન્દ્ર)થી પણ અશકય છે. માટે પાંડવોના વધના મનોરથો કાઢી નાંખ. આ તપથી તને એવી શકિત મળશે કે માત્ર એક દિવસ માટે તું કુરૂના વ્યૂહમાં પાંડવોનો પ્રતિકાર કરી શકીશ.''

રાજન્ ! ચક્રવ્યૂહમાં એકલો અભિમન્યુ આગળ વધી ગયો અને પાંડવો જયદ્રથ સામે અત્યંત સ્ખલના પામ્યા હતા તે તો તેં સ્વયં અનુભવ્યું છે. માટે ચારે પ્રકારના ધર્મને જીવનમાં આદરવામાં આદર કરજે.'

ભીષ્મ મુનિ દેશના દઈ રહ્યા પછી ત્યાં ભદ્રગુપ્તાચાર્યે આવીને કહ્યું - ''મુનિવર ! હવે તમારો અંતસમય સાવ નજીક છે.'' આ વાત સાંભળી ભીષ્મ મુનિએ મુળથી ફરી આરાધના શરૂ કરી પંચાચારમાં ત્રણ ગુપ્તિમાં લાગેલા અતિચારોની આલોચના કરી સર્વેને ક્ષમાપના કરી.

આ સમયે યુધિષ્ઠિરે ફરી પોતાની અપરાધની ક્ષમા માંગી. અને અર્જુને કહ્યું - રાજર્ષિ ! મારા નામથી અંકાયેલા આપના શરીરના આ બાણો મને અત્યંત વેદના ઉપજાવે છે. મારા આ નરકગામી પાપથી મારો કેમ છૂટકારો થશે ? મારા અપરાધની મને ક્ષમા કરો તાત !

આ સાંભળીને વેદના વિધુર અર્જુન તથા પાંડવો ઉપર મહામુનિવરે ક્ષમાપના સૂચક હાથ ફેરવ્યો.

એક માસના અનશનપૂર્વક ભીષ્મમુનિવર બાણશય્યા ઉપર જ ધર્મધ્યાનમાં આરૂઢ થઈને અંતે કાળધર્મ પામ્યા અને અચ્યુત દેવલોકમાં ગયા.

પાંડવો - ખેચરો અને દેવોએ ગોશીર્ષ-ચંદનની ચિતા ઉપર મુનિવરનો અગ્નિ સંસ્કાર કર્યો.

પછી ધર્મરાજ યુધિષ્ઠિરની રજા મેળવીને શ્રી ભદ્રગુપ્તાચાર્ય અન્યત્ર વિહરી ગયા.

(ક્રમશઃ)

ચાલો ! 'સૂરિરામ' ના પવિત્રજીવનની તે સજળ સ્મૃતિઓને પુનર્જીવિત કરીએ...

તેમણે જૈનશાસનના ભાગ્યનું પુનર્લેખન કર્યું...

વિ' મતાઓનું વાયુમાન ચોફેર ઘૂમરાતું રહ્યું. તેમ છતાં તેમની સંધ્યા તેકતા અંશમાત્ર પણ કમ્પન નહતી પામી. ઝંઝાવતો જીવનભર ફૂંકાતા રહ્યા. તેમ છતાં તેમની તપશ્ચર્યાનો મહાદીપ સતત જલતં રહ્યો; ઝંઝાવતો સામે સંઘર્ષ કરતાં રહીને પણ.

■ ૮ મહાદીપે કેઈની ભીતરને ઝળાહળા બનાવી.

■ ૮ મહાદીપે કેઈના જીવનપથપર બાજી પડેલા અન્ધારા ઉલેચ્યા.

■ ૮ મહાદીપે વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનનો જિર્ણોદ્ધાર કર્યો.

અન ાધુન્ધીના અન્ધકારોને મહાત કર્યો. ઉજ્જવળતાને પુનઃ પ્રગટ કરી.

તે હતા; સિધ્ધાન્તોના ધનુર્ધારી. દુનિયા જે ધનુર્ધરપુરૂષને 'વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા'ના પુન્યનામે બિરદાવતી રહી.

વિક્રમની ઓગણીસમી અને વીશમી શતાબ્દીના મધ્યકાલીન સમય દરમ્યાન સિધ્ધાન્તોના તે પ્રખર અને પ્રકાંડ ધનુર્ધારી મહાપુરૂષે સત્યોના એવા તો ચંડ-પ્રચંડ ટંકારો કર્યા તા; કે જે ધનુષ્ય ટંકારો એ સર્વત્ર પોતાનું સ્વામિત્વ સ્થાપિત કરી દીધું. ધર્મશાસનનાં ખૂણે- ખાંચડે પણ ભરાઈ પડેલા દુશ્મનો અને દુષ્ટોની મેલી મુરાદોને ચીરી ખાધી. અધર્મીઓની અનિષ્ટ તાકાતનો યમ શરણ બનાવી દીધી.

તે હતા; સિધ્ધાન્તોના ધનુષ્યટંકાર.

સિધ્ધાન્તોના પ્રકાંડ ધનુર્યોગી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજીના કુશળ શબ્દો દ્વારા શર-સન્ધાન પામતાં તે એકેકા ટંકારે ત્યારે દિશાન્ત સધી જયવન્તા જિનશાસનનો જયનાદ ગુંજવી દીધો. શિથિલાચારના કાળઝાળ શત્રુને શિરે દેહાન્તદંડ ફટકારી દીધો

શત શત વન્દન કરીએ સિધ્ધાન્તોના તે ધનુર્ધારીને...

શત શત પ્રણામ કરીએ સિધ્ધાન્તોના તે પ્રકાન્ડ ધનુર્યોગીને..

'વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ'ના રાજમાન નામે જૈનજગતની ઘટઘટમાં વ્યાપી ચૂકેલા અને જૈન જગતના એકેકા દિલમાં વસવાટ પામી ગયેલો તે ધન્યપુરૂષ સાચ્ચે જ એક સુવર્ણયુગના સર્જનહાર બની ગયા. તેમનું ઉદાત્ત જીવન અને તેમના સત્યપ્રસ્ત વચનો; સાચ્ચે જ નિરાળા હતા.

આર્ષ જ સ્તો 'સાહિત્ય રત્ન' શ્રી જુગરાજજી રાઠોડ જેવાએ ગાયુ :

"રામ તુમી હો ધર્મધામ સૂરી પ્રેમ કે પ્યારે...
જીવનીથી અદ્‌ભુત તુમારી સબ સે તુમ ન્યારે..
બડા અચંબા હોતા દેખ કે અન્તર ભીજે...
ઈસ ઝહરીલી વાયુ મેં કોઈ મોતી નીપજે...
રામ તુમારા નામ સ્વયમ્ હી કાવ્ય હૈ..."

■ તેમનું વ્યકિતત્વ અદ્‌ભુત હતું. ઉજ્વલ હતું; પૂર્ણિમાના ચન્દ્ર જેવું જ

■ તેમનું વકતવ્ય અમોઘ હતું. વેધક અને વિદ્વત્તાપૂર્ણ પણ ખરૂ જ;- સાક્ષાત્ મા બ્રાહ્મીના વરદાન સમુજ...

ઉજ્જવલ વ્યકિતત્વ અને અમોઘ વકતૃત્વના મૂર્તિમન્ત ઈતિહાસ સમા જિનશાસનના તત્કાલીન ભાગ્યનાયક સૂરિપુરન્દર શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના પ્રેરણાપૂર્ણ જીવનની સ્મૃતિઓને ચાલો ! પુનઃ સતેજ બનાવીએ.

❁ ❁ ❁

તેમના બાલ્યકાળની પણ બલીહારી....

આક્રન્દની કળગતી આતશો વચ્ચે તેમના જીવનનો 'શ્રી ગણેશ' મંડાયા હતા. આર્થિક આપત્તિઓ અને સાંયોગિક વિષમતાઓની નાગચૂડમાં જકડાયેલા પાદરાના તે ભાગ્યવન્તા કુટુંબની પરિસ્થિતિ સાચે જ ભીષણ હતી.

ચન્દન-કાષ્ઠની ઘૂણીમાં ફસાઈ ગયેલા કોક ફણિધર જેવીજ દયા-પ્રેરક દશા તે કુટુમ્બની થઈ. અલબત્ત! તે ધૂણીમાં હોમાઈ ભલે ગયો હોય; તેમ છતા ચન્દનીયા ફણિધરના લલાટેથી જ જેમ એક વિશ્વ પ્રકાશ મણિ પ્રાદુર્ભાવ પામે; બસ! પાદરાના તે પનોતા કુટુંબમાં ત્યારે એક પુન્યવન્તા પુત્રરત્નનો જન્મ થયો જેનું નામ ગવાયું: ત્રિભુવન પાળ.

- જનેતા સમરથ બહેનની કુખને તેણે યશસ્વિની બનાવી.

- પિતા શ્રી છોટાલાલભાઈની શાખને તેણે ચિરંજીવી બનાવી.

વિક્રમની તે ઓગણીસ્સોને બાવન (૧૯૫૨)મી સાલ હતી. ગુજરાતની ગરવી ભૂમિ પર અને વડોદરા પ્રાંતના પાલવ પર વસેલા તે ગામનું નામ હતું; દહેવાણ. જે દહેવાણની ધરતી પર મામાના માદકલા ઘરે અગાધ આત્મ ઉર્જાઓને પોતાના દેહ-બિમ્બમાં સંક્રમિત કરી ત્રિભુવન નરાવતાર ધારણ કર્યો.

અફસોસ! પણ જયવન્તા જિનશાસનને સાત-સાત દાયકાઓ સુધી સૂર્યથીય સવાયા તેજે ઝળાહળ કરનારા તે ત્રિભુવનપાળના જીવનનો હજી સૂર્યોદય થાય ન થાય; ત્યાં જ તેને ઢાંકી મારવા વિઘ્નોની કેઈ વાદળીઓ ઉભરાઈ આવી.

વડોદરા રાજ્યમાં ત્યારે પ્લેગની 'મરામારિ' ભગડી ઉઠી હતી. જે મહામારિ' પિતાશ્રી છોટાલાલભાઈની કાયાનેય ભડકો ચાંપીને ભરખી ગઈ. આવાજ કશાંક અમંગળના પૂર્વ એન્ધાણ પાદરાથી દહેવાણ આવી પહોંચ્યા અને માતા સમરથ બહેને પોતાના નવજાત-વ્હાલસોયાને ચાદરના ચંદરવે વીંટ્યો. એક ડાગરના સથવારે તેને સાથે લીધો. પતિની પરિચર્યા માટે ધીઘાજ તેઓ શ્વસુરગૃહે - પાદરા ધસી આવ્યા.

હા! દહેવાણથી પાદરા સુધીની તે વનયાત્રા - દયાત્રામાં ત્યારે બાળ-ત્રિ-ભુવનના મામાનો જ માત્ર સથવાર હતો. એ વાતની નોંધ લેવી રહી; કે તે યુગ યાન્ત્રિક વાહનોની ઝડપાટીથી હજી અપરિચીત જ હતો.

હજ્જારો અનાથ જીવનોને સનાથ બનાવનારો અને કેકડો સંયમીઓનો શક્તિશાળી નાથ બનનારો પણ આ ત્રિભુવન પોતે આમ, અત્યારે તો સ્વયમ્ અનાથ બની ગયો. પિતાજીનું તે મુખ દર્શન પણ ન પામી શકયો.

તેને માતાના જ શિરચ્છત્રનું સાનિધ્ય મળ્યું. માતા સમરથ બહેને પોતાના લાડકવાયાને ન માત્ર જન્મ આપ્યો; જીવનના લાખેણા પાઠો પણ તે માતા શીખવી જાણી. તે માતા માત્ર મમતાની જ નહિ, મહત્તાની પણ મૂર્તિ હતી.

હા પાપ! પણ દુર્ભાગ્યનું દુશ્ચક્ર આ ત્રિભુવનના પરિસરમાં સતત ઘૂમતું જ રહ્યું; જીવનનાં સૂર્યોદયથી પ્રારંભીને સૂર્યાસ્ત સુધી; મહાસૌભાગ્યની સાથોસાથ... બસ! જેના પરિણામે આ શિશુ હજી સાત વર્ષનોય માંડ થયો હશે; ત્યાંજ તેની જનેતા દિવ્યધામ દોડી ગઈ.

■ ઉગતાં જ તેણે પિતાનું શિરચ્છત્ર ગુમાવ્યું.

■ ઉછરતા જ તેણે માતાની હૂંફ ગુમાવી

વિત્રાસનું વાતાવરણ ત્રિભુવનપાળની ચોફેર કિલ્લેબંધી કરવા ઉત્સુક જ હતું ને ? એ જ્યારે મુનિરામ વિજય બન્યો; ત્યારે તો આ પ્રતીતિ સારીય દુનિયાને થઈ ગઈ.

હજી તો બાળ-ત્રિભુવનના કંઠેથી અને દાંતેથી ધાવણના ધૂંટ પુરા ભૂંસાણાય નહિ હોય; ત્યાંજ તેને સંસારની અસ્થિરતા અને અસારતાની દ્વાદશાંગી શીખવા મળી જાય; તેવા કારમા સંજોગો તેની આંખ સામેથી ઝપાટાબન્ધ પસાર થવા લાગ્યા.

એક જમાનામાં જે કુટુંબ દોઢ-સદી જેટલા પરિવાર પંથીઓના માળા જેવું જાજરમાન ગણાતું હતું; તે કુટુંબની આજે તો ચોકવતી અવનતિ થઈ ગઈ. મોટાભાગના કુટુમ્બીઓ દિવંગત બની ગયા હતા. જીવન્ત હતા; માત્ર બા-રતન. ત્રિભુવનના કાકાજી અને ત્રિભુવનપાળ તે બાળકનો સંસાર હવે રતનબા પૂરતો સીમિત બન્યો.

વીતરાગીના રાગને રગ-રગમાં ધાતો અને ગુંજતો રાખનારા તે રતન-બા જ હવે બાળ-ત્રિભુવનપાળના રખવૈયા બચ્યા તા. આધાર અને ઓવાર પણ એજ. બા-રતને જિનશાસનના આ ભાગ્ય સુકાનીનું જીવની જેમ જતન કર્યું.

■ અરિહન્તની આજ્ઞા બાળકના આત્મા સાથે આત્મસાત્ કરી.

■ શાસનની દાઝ તેના માનસમાં-નસ-નસમાં પેટાવી.

■ સંયમનો અનુરાગ તેને ત્રણેય સન્ધ્યાએ સંભળાવતી રહી તે રતન-બા. તે ત્રિભુવનપાળ.

બહુ ઝૂઝ સમયની અન્દરજ ત્રિભુવન બાળ પૂરાય પાદરા પન્થકમાં છવાઈ ગયો. પોતાની કૃતિ-પ્રકૃતિ અને પ્રવૃત્તિ દ્વારા તમામ ક્ષેત્રોમાં તેણે આસન જમાવ્યું.

'સબૂડા' ના પ્યારઝૂલા નામે તે અઢારે અઢાર આલમોમાં અભિન્દાતો રહ્યો. શાળાના શિક્ષકો પણ તેને સન્માનતા.

ગામના વડીલો પણ તેની પર વિશેષ વાત્સલ્યની વૃષ્ટિ વરસાવતા. કારણ કે તેની બુદ્ધિ પ્રતિભા પ્રૌઢ હતી. તેની છણાવટ વિવેકપૂર્ણ હતી. તેનું જીવન પણ વિચાર અને વિનયથી ભર્યું ભર્યું હતું. ભલે તે બાળ રહ્યો.

બુદ્ધિ અને વિદ્યાના વરદાન તેને જન્મજાત સાંપડ્યાં હોવાથી વ્યાવહારિક અને ધાર્મિક; બન્નેય અભ્યાસોમાં તે સિંહફાળ ભરી શકયો. જેમ જેમ તેની ઉમર અને તેનું અધ્યયન વધતું ચાલ્યું; તેમ તેમ તેને સાંપડેલા નૈસર્ગિક વરદાનો પણ વિકસતા ચાલ્યાં. ફળી ઉઠેલા વટવૃક્ષની જેમ.

તેણે વ્યાવહારિક અભ્યાસ સાત ધોરણોનો કર્યો. અલબત્ત! તે દરમ્યાન હંમેશાં તે અગ્રીમ હરોળમાં જ શોભતો રહ્યો. તેની મતિશકિત જોઈને શાળાના પ્રાધ્યાપકો ખૂબ જ પ્રસન્ન-પ્રફુલ્લ બન્યા તા. એથી જ શાળાના શિક્ષકોનો એવો મનસૂબો રહ્યો તો; કે ત્રિ-ભુવનપાળને તૈયાર કરી છેક અનુસ્નાતક કક્ષા સુધી પહોંચાડી દેવો. શાળાનું નામ તે રોશન કરશે....

સબૂર ! પણ ત્રિભુવનપાળતો શાળાનો નહિ; શાસનનો શણગાર બનવા ચાહતો તો. તેણે સાત ધોરણોના અભ્યાસ બાદ વ્યાવહારીક શિક્ષણને તિલાંજલી આપી દીધી ત્યારે શાળાના પ્રિન્સીપાલ સ્વયમ્ ખિન્ન બન્યા. મજબૂર ! પણ ત્રિભુવનની સંયમભાવના બળવત્તર હતી.

નવ વર્ષની ઉમર થી જ ઉકાળેલા પાણીનો જ આગ્રહી તે ત્રિભુવન ત્યારબાદ તો નખ-શિખ ધર્માત્મા બની ગયો.

ઉપાશ્રયને જ તેણે પોતાની કુટિર બનાવી દીધી. ભોજન અને શયનના સમય સિવાય તે ઉપાશ્રયમાં જ અધિષ્ઠાયક બની આરાધના કરતો.

ધર્મ-શિક્ષણ તરફ હવે તે પરો તન્મય બન્યો. એકતાન બનીને ધર્મજ્ઞાનને તે સંપાદિત કરતો. પાદરાની પાઠશાળાનો તે જ્ઞાનહીરો અને સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થિ બની ગયો.

માસ્તર શ્રી ઉદયચન્દભાઇએ જ્યારે પાઠશાળામાં શ્રી સમ્યગ્દર્શનના ૬૭- બોલો પરની છણાવટ ચલાવી તેની મૌખિક પરીક્ષા લીધી. ત્યારે સમ્યક્ત્વ જેવા તત્ત્વસાર વિષયમાં પણ આ ત્રિભુવને પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો. એટલું જ નહિ; અલબત્ત ! સમ્યગ્દર્શનની તેની મૌખિક વિશ્લેષણા શિક્ષકસમેત વડીલોનેય ચકિત બનાવી ગઈ.

સમ્યગ્દર્શન તો તેનો પ્રાણ હતો. તેનું જીવન જ સમ્યક્ત્વમય હતું.

આગળ વધતાં વધતાં તે ત્રિભુવનપાળે પાદરાના સંપૂર્ણ જ્ઞાનભંડારનું સંકલન - સુકાન પણ સંભાળી લીધું. જ્ઞાનભંડારમાં ભંડારાયેલા ગુજરાતી ભાષા પરક સર્વ ગ્રન્થોનું તેણે એક કે એકથી વધુવાર તલસ્પર્શી અવગાહન કર્યું. જાણે જીવન્ત જ્ઞાનભંડાર જ તેના માનસમાં રચાવા માંડ્યો.

હજુ તેની ઉમર સોળ વર્ષની જ થઈ હશે.

આમ, બાલ્યકાળના બાળજીવનને પણ તે બલિહારી બનાવી સફળ કરી ગયો.

❁ ❁ ❁

સંયમ સ્વીકાર : સીતમોના સેજ પર...

તારુણ્યની અટારીને તે અડી ચૂક્યો તો.

આમ છતાં ત્રિ-ભુવનપાળના સંવેદનશીલ માનસમાં તારુણીજન્ય કશા જ તોફાનો નહતા મચ્યા. કે ન તો સંસારની તંગદીલી તેના દીલમાં છવાઈ ગઈ.

બાલરતને તેને બાળપણમાં જ પ્રતિજ્ઞા અપાવી તી; ઘેબરની. સંયમ ન સ્વીકારાય ત્યાં સુધીની. કાશ! પણ મોહિત રતન-બા એ એટલું પણ સાથે જ ઘૂટાવે રાખ્યું તું; કે દીક્ષા જરૂર લેવાની, અલબત્ત! મારા મૃત્યુ પછી. મારી હયાતીમાં તો નહિ જ.

પિતાના પણ દાદીમા અને પાંચ-પાંચ પેઢીઓની તે ધર્મમાતાની વાત સહજરીતે જ ત્રિ-ભુવનના ગળે ઉતરી જતી. સીરાની જેમ જ.

દીક્ષા માટે ત્રિ-ભુવને ભગીરથ પુરૂષાર્થ કરવો પડ્યો. જેનું વર્ણન અત્રે અપ્રસ્તુત રાખીશું; સ્થળ સંકોચની ભીતિથી જ

એક વખત મુનિરાજ શ્રી દાન વિજયજી અને મુનિરાજ શ્રી પ્રેમવિજયજીની ગુરૂ-શિષ્યની અલબેલી - બેલડીનું ચાતુર્માસ પાદરા ગામમાં થયું.

ચન્દ્રમા જેવું જ તેઓનું ધવલ ચારિત્ર્ય હતું. જૈન દર્શને-પરિચયે મુમુક્ષુ શ્રી ત્રિ-ભુવનપાળ ખૂબ રંજિત - મોહિત અને સંમોહિત બન્યો.

પરમત્યાગી મુનિવર શ્રી પ્રેમ વિજયજીએ આ ત્રિભુવનને એટલો જ પ્રશ્ન પૂછ્યો તો : ''તું પહેલા વિદાય લઈ જઈશ કે તારી બા ? કોઈ વિશ્વાસ ખરો ?'' બસ આ રાત્રિ વાર્તાલાપના આ એક પ્રશ્ને ત્રિભુવનપાળનો રહ્યો સહ્યો મોહ જર્જરિત બની બેઠો.

તેણે મનોમન નિશ્ચય કર્યો; કે પળનાય વિલમ્બ વિના ભાગવતી દીક્ષાનો સ્વીકાર કરી લેવો.

તેને જેવી ગુણિયલ ગુરૂ-મા અપેક્ષિત હતી, તે પણ હવે સાંપડી ગઈ. દીક્ષા સ્વીકાર માટેના પોતાના પુરૂષાર્થને વેગ તેણે તે જ બનાવ્યા. ભગીરથ બનાવ્યા. અલબત્ત ! એ યુગ અન્ધાધૂન્ધીનો હતો. અણગાર બનવું ત્યારે લગીરેય સરલ ન હતું.

તે ઝેરીલા સમયમાં જો દીક્ષા સ્વીકારવી હોય; તો માથે દંડાઓ ઝીલવાની, કોર્ટના પીંજરે પૂરાવાની, કારાવાસમાં નાચીઝ કેદી બની જવાની, અસહ્ય આક્ષેપોને ગળી જવાની, તોફાનીઓનો મુકાબલો કરવાની અને દિવસોના દિવસો સુધી ભૂખે ટળવળવાની તૈયારી રાખવી પડતી.

તે યુગ અધઃપતનનો હતો.

પાશ્ચાત્યનો વા-વંટોળ ત્યારે લાખ્ખો સુધારકોને અન્ધાધૂન્ધ બનાવી ગયો હતો.

ત્રિ-ભુવનની પ્રાણપ્યારી દીક્ષા ત્યારે તેના માટે દુષ્પ્રાપ્ય બની ગઈ. રાજકીય - સામાજિક અને કૌટુંબિક; એ ત્રિ-પાંખિયા મોરચાબન્ધી વચ્ચે જકડાયેલા ત્રિભુવનપાળે સંયમકાજે પોતાના સર્વસ્વને કસોટીની એરણ પર ચડાવી દીધું.

વકીલો દ્વારા કેઈ સમજાવટો થઈ. જજો દ્વારા તે ધમકાયો ય ખરો. સ્વજનોએ તેની દીક્ષાની સંભાવના સામે દૈનિકપત્રોમાં પૂર્વ નોટિસો પણ ફટકારી દીધી. ત્રિભુવનને નજરકેદ પણ બનાવાયો. વ્યક્તિગત નોટિસો આપી. ધર્માચાર્યોના હાથ પીઠ પાછળ પછાડી દેવાનાય પ્રયાસો થયા... અલબત્ત ! તેમ છતાંય ત્રિ-ભુવનપાળ એક ઈંચ જેટલીય પારોઠ ભરવા તૈયાર ન થયો તે નજ થયો.

પોતાની જાજરમાન જુબાને તે જજોના ય દિલ જીતી લેતો. દલીલોની દિલધડક રમત રમીતે વકીલોનેય વિમાસણમાં ગૂંચવી મારતો.

ત્રિભુવનપાળ હતો : સિંહબાળ. મેરૂમનો જ. પોતાના ધ્યેય માટે પ્રાણોને પણ ન્યોચ્છાવરીની નાગણના ગળે ઘૂંટી નાખનારો.

તે દીક્ષા માટે પલાયન પણ થયો. કાશ ! પણ પકડાઈ ગયો. બબ્બે વખતના તેના મુહૂર્તો તેને યારી ન આપી શક્યાં.

અન્તે સખત તૈયારીઓ કરી તેણે અન્તિમપ્રયાણ કર્યું. મુહૂર્તની આડમાં માત્ર ૪૮ કલાકનો પડદો બચ્યો. તો એકબીજા વચ્ચેલ ગુરૂદેવોના આશિષ માટે ગામોગામની તેણે મુસાફરી કરવી પડી.

સ્વજનોના ભયે મુસાફરીની રાત પણ ટ્રેનની સીટના પાટિયા નીચે સન્તાઈને - લપાઈને વ્યતીત કરવી પડી. ત્યારપછી તે માતાના ઈષ્ટક્ષેત્ર સુધી પહોંચી શક્યો.

હા ! પાપ ! ત્યાંય સંકટોની ધૂળ ઘૂમરાવા લાગતાં પાછી એક કષ્ટમય યાત્રાનો પ્રારંભ કરવો પડ્યો. તે ક્ષેત્ર હતું આમોદ. વતન-પાદરાથી નીકળી જંબૂસર જઈ ગુરૂદેવના મંગલ આશિષપામી દીક્ષા માટે પહોંચ્યા. આમોદ. ઉપાધ્યાય શ્રી વીર વિજયજી પાસે.

મુહૂર્તની આડમાં હવે ૨૪ કલાકનો પડદો બચ્યો તો. ત્યાં આફતો ઉભરાવા માંડી. સાંજો સાંજ આમોદથી ૧૪ માઈલ દૂર રહેલા ગન્ધાર તીર્થ તરફ વિહાર કરવો પડ્યો.

દીક્ષા સ્વીકારની પૂર્વ સન્ધ્યાએ જ ૭-૭ માઈલની લાંબી દડમજલ વળોટી તે દીક્ષાદાતા મુનિરાજ શ્રી મંગલ વિજય મહારાજ સાથે પગપાળા ગંધારની નિરવ - નિર્જન ભૂમિ પર પહોંચ્યો.

■ વા - વંટોળ ત્યારે વીંઝાતો રહ્યો.

■ દરિયો ત્યારે તોફાને ચઢ્યો.

■ વિઘ્નના દીપકો ત્યારે અસ્તિત્વ માટે ઝઝૂમતા રહ્યા.

જ્યારે ત્રિભુવનપાળની દીક્ષા વિધિની વિધિવત્ આરંભ થયો વિક્રમ સંવત ૧૯૭૯ની સાલ અને પોષ સુદ ૧૩નું નિરભ્ર પ્રભાત. ગન્ધારની તે તીર્થભૂમિ અને મુનીમ અને પૂજારી માત્રની સાક્ષી તે સભા. મન્દિરોની દિવાલો પણ જ્યાં ભાંગી ગઈ તી. ત્યાં પ્રભુ ચિન્તામણી પાર્શ્વનાથના સામ્રાજ્યમાં આસમાન ના શિરછત્ર તળે જ તેની દીક્ષાની સંવેદનામય વિધિ સંપન્ન બની.

❁ ❁ ❁

દીક્ષાના નવયુગનું સર્જન

આખરે ત્રિ-ભુવનપાળે મહાભિનિષ્ક્રમણ કરી જ નાંખ્યું. જેહાદ કર્યું. જુલ્મથી ઉભરાતું અલબત્ત ! લાખ્ખો વેદનાઓનું આતિથ્ય કર્યા પછી અણગારના અહિંસા પ્રતિબધ્ધ ધવલ ચીવરો ધરનાર તે મુનિરામવિજયે પછીના દાયકાઓમાં મા-ગુર્જરીના પાલવે જનજાગૃતિનો એવો તો જંગી જુવાળ ખડો કર્યો; કે જંગલના કોક ખૂણે પણ ડૂસકા ખાતી થઈ ગયેલ આર્હતી પ્રવ્રજ્યા ત્યારબાદ મહાનગરોના મહામાર્ગ પર અને હજારો માનવોની સાક્ષી સમક્ષ રૂમઝુમ - રૂમઝુમ નૃત્ય કરતી થઈ ગઈ.

મુનિરામ વિજયે પ્રભુપ્રણીત પ્રવ્રજ્યા ધર્મનું પુનઃસ્થાપન કર્યું.

દીક્ષાધર્મનો પુનરૂધ્ધાર કર્યો. મહાભિનિષ્ક્રમણની ભાવનાઓને સર્વત્ર મંડિત કરી. જે જુવાળે ધ...ધ..ધ..ધ..! સેંકડોના સેંકડો સૌભાગી આત્માઓ ને સંયમિત બનાવ્યા. કેઈ શ્રેષ્ઠીઓને શ્રમણ બનાવ્યા. કેઈ ધનિકો ઘર ધનથી ધનાઢ્ય બનાવ્યા...

'મુનિરામ વિજય' નામની તે મહામનીષાએ આઠ - આઠ દશાબ્દીઓની લાંબી લચ દડમજલ વળોટીતી; સંયમજીવનની, શ્રમણપણાની તેમના દીર્ઘજીવી સંયમજીવન દરમ્યાન ઘટનાઓ તો સતત ઘૂમરાતી રહી. ક્યારેક દોહરાતી પણ રહી. તે પણ પાછી અવનવી અને ઈતિહાસમાં સ્થાન પામી રહે તેવી. બેશક ! તેઓ શ્રીમદ્ના જીવનકાળ દરમ્યાન રચાયેલા અનેકવિધ ઈતિહાસોમાં જો કોઈ એક પ્રકરણને સર્વોપરિ તરીકે સ્થાપિત કરવાનું જ હોય; તો તે માટે પસંદગીનું કળશ ઢોળવો પડે; 'દીક્ષા નવયુગ સર્જન' ના પ્રકરણ પર.

દીક્ષા જ એકમેવ મોક્ષનો રાજમાર્ગ લેખાય. જે રાજમાર્ગની રચના અને આરાધના સાક્ષાત્ અરિહન્તો કરી ગયા. અફસોસ ! પણ વિષમયુગના ઝેરીલા પ્રતાપે અને સ્થાનીય વિશેષતો પાશ્ચાત્ય સંસ્કૃતિના ફાલ્યા - ફૂલ્યા પ્રચારે વિક્રમની વિગત સદીમાં મોક્ષનો ધોરીમાર્ગ જર્જરિત બની બેઠો. લુપ્તપ્રાયઃ દશા તરફ ધકેલાતો ચાલ્યો.

વિશ્વકલ્યાણકર શ્રી જિનશાસનનો તે સૌથી અધિક દુઃખપૂર્ણ ઘટનાકાંડ હતો. અલબત્ત! તે કાળની ને તે યુગની મોંઘામાં મોંઘી માંગ પણ એજ હતી; કે જિનશાસનની જીવાદોરી સમા સંયમમાર્ગનો પુનરૂધ્ધાર થાય.

સબૂર ! નામશેષ બની ચૂકેલા મોક્ષના તે ધોરીમાર્ગનો જિર્ણોધ્ધાર આખરે થઈને રહ્યો. કહેતાં રોમ -રોમ પુલકટ પામી રહ્યાં છે; કે જે જિર્ણોધ્ધાર ના ધુરન્ધર શિલ્પી બન્યા : 'વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ..'

- તેમણે તો સંયમની શ્વેતકાંન્તિનું સર્જન કરી દીધું..

- તેમણે સર્વત્ર સંયમના શંખનાદ ફૂંકી દીધા.

''તેમની અન્તરેચ્છા એક જ હતી; કે ખાંડાની ધાર પર વિહરણ કર્યા બાદ ભલે મને સંયમ સાંપડી શકયુ હોય; મારે એવી પરિસ્થિતિનું સર્જન કરી દેવું છે, કે સંયમમાર્ગ પૂરેપૂરો નિષ્કંટક બની જાય. નિર્વિરોધ બની જાય.''

■ ભારત વર્ષના વન-વગડે પણ દુર્લભ બનેલી દીક્ષા તેમણે સુલભ બનાવી.

■ તેમણે જંગલોના ખંડિયેરમાં ખોવાઇ ગયેલી દીક્ષાને રાજમાર્ગ પર ફરફરતી કરી. પાંચ સભ્યોના પંચ સમક્ષ પણ ન આપી શકાતી દીક્ષાને હજારોના હૃદયમાં ચિરપ્રતિષ્ઠિત કરી.

આ માટે તેમણે પોતાની જાદુગરી જિનવાણી ને કામે લગાડી. પ્રચંડ પુન્ય પ્રતિભાના તે સ્વામીની પ્રવચન શક્તિ પણ પ્રકાંડ હતી. તેય પાછી તેમની યુવાવસ્થા દરમ્યાન તો મધ્યાહ્ન કાલીન સૂર્યની જેમ તરખરાટ મચાવી રહીતી.

બસ ! તેમની વૈરાગ્યનો દિવ્યપટહ વગાડતી ધર્મવાણીએ વૈરાગ્યનો પ્રચંડ વા-વંટોળ જગાવ્યો. જે વા-વંટોળ ભારતવર્ષના દિગ્પ્રાન્ત સુધી પ્રસરી ચુકયો. વૈરાગ્યના તે વાયરામાં ખેંચાઇ - ખેંચાઇને, તણાઇ-તણાઇને કઇ કેટલાય વિકૃતિગ્રસ્તો, વિલાસીઓ ને સંયમદ્વેષિઓ છેક ધર્મસભા સુધી આવી પહોંચ્યા. જે ધર્મસભામાંની એકવારની જ ઉપસ્થિતિએ તેમના જીવનનો જીણોધ્ધાર કરી દીધો. તેમની શકલ જ બદલાઇ ચૂકી. તેમના દેહારમ આમુલચુલ પરિવર્તન ફરી વળ્યું.

બેશક ! એ યાદ રાખવું ઘટે; કે મહાભિનિષ્ક્રમણની પ્રતિષ્ઠાને સાર્વત્રેક સ્વરૂપ આપવા માટે મુનિરામવિજય ઓછો પુરૂષાર્થ નથી કર્યો, એ માટે તો એમણે જાન પણ ફેસાન કરવાની ઘડીને સત્કારવી પડી છે. સર્વસ્વને સમર્પિત કરી દેવું પડયું છે.

જેહાદના જવાળામુખીની ટોચ પર કુટિર ચણીને વસવું પડયું છે. મુનિ રામવિજયે પેટાવેલા દીક્ષાધર્મના મહાભિયાનને ચોકરદમ ઠારી દેવા, દેહાન્તદંડ ફટકારી દેવા વિરોધીઓએ કરવામાં કશુંજ બાકી નથી રાખ્યું.

■ વિરોધિઓએ ગલીચ ગાળોની અગનવર્ષા પણ વરસાવી.

■ વિરોધિઓએ કાળા-વાવટા પણ ફરકાવ્યા ઠેર ઠેર.

■ વિરોધિઓએ જાસા-ચિઠીઓના દારૂગોળા ભર્યા, નાળ્યા પણ ઘણાઘણાવ્યા.

■ વિરોધિઓએ હત્યારાઓના ખડ્ગ પણ ઝીંકાવ્યા.

■ અરે વિરોધિઓએ ૫૦ - ૫૦ વાર કોર્ટના પગથિયા પણ ચઢાવ્યા. સાત-સાત કેસોની મોરચાબન્ધી રચી દઈને મુનિરામવિજયને ગૂંગળાવી નાંખવાના કઈ-કેટલાંય પેતરા તેમણે રચ્યા. એક યા બીજા, પણ તદ્દન વાહિયાત અને બે-બુનિયાદ તહોમતનામા ફટકારી-ફટકારી વિરોધીઓ મુનિરામ વિજયની ચોતરફનો ગાળિયો મુશ્કેરાટ બનાવવા સતત ઝઝૂમતા રહ્યા.

સંયમધર્મની પુનઃ પ્રતિષ્ઠા માટે પ્રાણાન્ત પણ કષ્ટોનું સહર્ષ ચુમ્બન કર્યું; મુનિ રામવિજયે.

''આક્રમણોની ઘગ્ ઘગ્ થતી વેદિ પર તેમણે પોતાની હસ્તિને છાતીસરસી ચાંપી હતી. એકમેવ શ્રી શ્રમણધર્મના પુનરૂત્થાન માટે.''

''વિરોધો અને ઉપદ્રવોના ભડ્ ભડ્ થતા અગ્નિકુંડમાં તેમણે સૌ-પ્રથમ પોતાની આહુતિ આપી હતી. એક માત્ર શ્રી સંયમધર્મના અભ્યુદય માટે.''

લાખ - લાખ વન્દન તે વિજય રામચન્દ્ર સુરિજીને... સંયમનવયુગના સર્જનહારને.....

હા! કહેતા પુલકે પુલક મુલકિત બની જાય છે; કે આટ આટલા તહોમતનામાના ગાઢ ગાળિયાઓ વચ્ચે પણ મુનિરામવિજયનું મસ્તક સદૈવ ઉન્નત રહ્યું. બદનક્ષીઓ થવા છતાં તમામ કેસોમાં તેમનો ન્યાયપૂર્ણ વિજય થયો તેય પાછો સોના જેવોજ ઉજ્જવલ.

વિરોધિઓથી તેઓ જરાય જલ્યાં નહિ. અધર્મો સામે તેઓ ત્રણકાળમાં ઝૂકયાં નહિ. તેઓ સદૈવ વિજયની વરમાળાને વર્યા.

આથી જ સ્તો કવિએ પુકાર્યું :
અહિતોને ઉત્સૂત્રોના આફતને ઉન્માર્ગોના....
કટકોને ઝીંપ્યા સમરમાં હાર્યો ના જીવનભરમાં...
શાસનનો તું અધિનેતા દીક્ષા નવયુગનો પ્રણેતા....

❁ ❁ ❁

શ્વેત કાંતિ :

તે સમયમાં ગુજરાતની કાનૂની આલમમાં મુનિરામ વિજયનું નામ એક અનેરી ચર્ચાનું કેન્દ્ર બની ગયું હતું. જૂઠાણાઓના આ જાજરમાન યુગમાં એક સત્યવાદી ફિરસ્તાનાં દર્શન પામીને વકીલો અને બેરિસ્ટરો પણ ચકિત બની ગયા.

શ્રી કાન્તિકુમારની ઝંઝાવતી દીક્ષા, ગર્ભશ્રીમન્ત શ્રી જસવન્તલાલની હૃદયદ્રાવક પ્રવ્રજ્યા, કેઇ પુરા પરિવારનું મહાભિનિષ્ક્રમણ, કનક - મનક જેવા બાળવીરોનો સંયમ સ્વીકાર.... જેવા ઇતિહાસો સાચ્ચે જ મુનિરામ વિજયે ફૂંકેલી તે સંયમપરક વિચારધારાને 'શ્વેતકાન્તિ'નું જ બિરૂદ આપી જાય.

ઇતિહાસના પૃષ્ઠો આજેય ગર્જી રહ્યાં છે; કે સંયમધર્મની તે 'શ્વેતકાન્તિ' તેના પ્રણેતા વિજયરામચન્દ્રસૂરીશ્વરજીને ભારત વર્ષના સ્તર પર પ્રતિષ્ઠા આપનારી નીવડી.

❁ ❁ ❁

મા - બાલીનું વરદાન

■ તેમની વાણીમાં જાણે વાચસ્પતિના વરદાન પ્રગટ થતા...

■ તેમના શબ્દોમાં જાણે - મા સરસ્વતીની કૃપા પ્રગટતી.

ગૃહસ્થાવાસ દરમ્યાન જ જેમની મનીષા પાદરા ગામના ગુરુ જ્ઞાનભંડારની અધિષ્ઠાત્રી બની ચૂકી તી; તે ત્રિભુવન પા અને ત્યારપછીના સમયમાં તે મુનિરામ વિજયે બહુજ અ કાલીન અભ્યાસ દરમ્યાન જ સ્તો.

પોતાના ચિત્તમાં જંગમ જ્ઞાનભંડાર રચી દીધો.

અણગાર્યના અંગીકારબાદ તેમણે શકવર્તી અભ્યાસનો 'અ નકુંડ' પેટાવ્યો. અભ્યાસના તે અગ્નિકુંડમાં તેમણે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાની આહુતિઓનું અર્ઘ્ય સમર્પ્યું જેના પરિણામે તેઓ જૈનશાસનના પ્રખરજ્ઞાતા, આગમોના રહસ્યવેતા અને પ્રખરવકતા બની શકયા.

''સ્વાધ્યાય તેમનો સંગીન હતો.''

''સયંમ તેમનું સમુજ્જવલ હતું.''

''અને સમર્પણ પણ તેમનું સર્વાંગીણ હતું.''

આવા અત્યુચ્ચગુણોના ત્રિ-વેણી સંગમનું સ્થાન બની રહેલા મુનિરામ વિજયજી પર આથી જ તેમના સર્વ પૂજ્યો ખૂબ જ પ્રસાદવૃષ્ટિ વરસાવતા.

તેઓનું પ્રથમ ચાતુર્માસ થયું, શિનોર ગામમાં, પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજાના સુભગ સાનિધ્ય તળે ત્યા તેઓ 'અધ્યાત્મસાર' ગ્રંન્થને કંઠસ્થ કરી રહ્યાં તા.

ચાતુર્માસ દરમ્યાન જ ઘટેલી આ રોમાંચક ઘટના છે. ચાતુર્માસ દરમ્યાન વ્યાખ્યાતા મુનિરાજ શ્રી દાન વિજયજી મહારાજાનું સ્વાસ્થ્ય નાદુરસ્ત બન્યું. તેમને દાઢનો દુઃખાવો ઉપડ્યો. તે સમયે અન્ય અનેક પૂજ્યો ઉપસ્થિત હોવા છતાં વડીલ શ્રી ઉપાધ્યાયજી મહારાજે વ્યાખ્યાનની ખાલી પડેલી જવાબદારી નવદીક્ષીત મુનિરામ વિજયને શિરે સમર્પી.

પિતામહ ગુરુદેવની ફરમાયશ આખરે શિરસાવન્દ્ય કરવી પડી. અને વડોદરા જિલ્લાના તે ટબૂકડા ગામ શિનોરની નાનકડી સભા સમક્ષ ભાવિના સમર્થવકૃતાની વકૃતવ્ય યાત્રાનો પુનઃ પ્રારંભ થયો.

ત્યારે સૌ પહેલા વ્યાખ્યાનમાં મુનિ રામવિજયે શ્રોતાપણની ઘૂંટેલી સમકીતની સમજણને મેઘધ્વનિના પડઘાઓમાં પ્રગટ કરી.

જે નિરૂપણને ઉપાશ્રયની ગેલેરીમાં બેઠાં બેઠાં સાંભળી રહેલા તેમના પૂજ્યો અત્યન્ત પ્રસન્ન બની ગયા.

વ્યાખ્યાનનું સમાપન કરી પૂજ્ય ઉપાધ્યાજી મહારાજાના ચરણોમાં પુનઃ ઉપસ્થિત થયેલા મુનિરામ વિજયની પીઠ ઉપર બન્ને હાથે કરૂણાકૃપાની અપારવૃષ્ટિ વરસાવતા પૂજ્ય ઉપાધ્યાય શ્રી વીર વિજયજી મહારાજ ત્યારે ગર્જી ઉઠ્યા : ''શાબાશ ! કીતના અચ્છા નિરૂપણ કીયા ?

બિબા ! લેકીન ગભરાતા કયોં થા ? ''જબ્બર શાસન પ્રભાવક હોગા''

વચન સિધ્ધ શ્રી ઉપાધ્યાયજીના આ આશીર્વાકય સાચ્ચેજ મુનિરામ વિજયજી મહારાજાના જીવનકાળ દરમ્યાન શતાંશ સત્ય પૂરવાર થયાં.

હા ! ઉપાધ્યાયજી જ નહિ, સંપૂર્ણ વડીલવૃન્દે મુનિરામ વિજયને **''વિજયીભવ''** ના આશીર્વાકયોથી વધાવ્યા. જે પૂજ્યોની કૃપાના બળે જ તેઓની વાકપટુતાના પડઘમ દિશાન્ત સુધી પ્રસરી ગયા.

મુનિરામવિજયજીનો સંયમ પર્યાય હજી સાત વર્ષનો થયો. તેમની અવસ્થા સુમારે ચોવીશ વર્ષની હતી. ત્યારે તો તેઓશ્રીના ગુરૂદેવે તેમના પર ધર્મદેશનાની ધુરાની વિધિવત્ પ્રતિષ્ઠા કરી દીધી.

❁ ❁ ❁

આહ્વાન; અહિંસાને... !

અમદાવાદનું લબ્ધપ્રતિષ્ઠિત મન્દિર. 'પાંજરાપોળ'ઓનું તે પ્રખ્યાત શ્રધ્ધા કેન્દ્ર. 'ભદ્રકાળી મંદિર' ની ખ્યાતિ ત્યારે ઠીક ઠીક પ્રમાણમાં પ્રસરેલી હશે. અફસોસ ! પણ શ્રધ્ધાના આ કેન્દ્રમાં જ 'વિજયાદશમી'ના પર્વ પર પ્રતિવર્ષ સંહારનું દુશ્ચક્ર ઘુમી વળતું.

લોહી તરસ્યા પૂજારીઓ ત્યારે 'બલિ' ના નામે બોકડાઓના વધ કરતા. પાશવી મિજબાની ઉડાડતા. આ બલિપ્રથા'માં ધર્મનો તો માત્ર નકાબ ઢંકાયો હતો. સબૂર ! તે નકાબ તળે આતતાયીઓ પોતાની ક્રૂરતાને રમાડવાનું કાર્ય કરતાં.

વસ્તુસ્થિતિ તો એમ બોલે છે કે; હિન્દુસ્થાનના એકાદાય સંપ્રદાયે પ્રાણિવધની પ્રથાને મૂળભૂતરીતે માન્યતા નથી જ આપી.

આ બલિપ્રથા, અહિંસાના ધ્યેયને વરેલા આર્યાવર્ત માટે તો કલંક કથા લેખાય. બસ! ભદ્રકાળીની આ કલ કકથા ને ભૂંસી નાંખવાનું ભગીરથકાર્ય મુનિરામવિજયે કર્યું.

તેમનો સંયમપર્યાય માંડ સાતવર્ષનો થયો હતો. અલબત! તેમનું આગમન ગુરૂદેવ શ્રી પ્રેમ વિજયજી પન્યાસજી મહારાજ સાથે કર્ણાવતીની ધરાપર થયું.

ભોગવાદનો વંટોળ ત્યારે ચોપાસ ! ફૂંફાડી ચૂકયો હતો. જે વંટોળે કઈ - કેટલાંયની જ્ઞાનેન્દ્રિયોને ગૂંગળાવી મારી. પરિણામે સુધારકવાદ'નો ખારો સાગર ત્યારે જૈન સમાજમાં પણ રેલમછેલ થઈ ગયો. એ ખારા સાગરે જગવેલા જૈનમતના પુરાતન સિધ્ધાન્તો વિરૂધ્ધના વિદ્રોહથી જૈનમત ધીંધરેહાલ થઈ જાય; એ પૂર્વે જ મુનિરામવિજય નામની જાજ્વલ્યમાન પ્રતિભા અભ્યુદય પામી ગઈ.

■ તેમણે સુધારક વાદના ખારા સાગરને શોષવી નાખ્યો.

■ તેમણે વિદ્રોહના વાવટાઓને ઝૂકાવી જાણ્યા.

■ તેમણે ભૌતિકતા ના વા - વંટોળને મહાત્ કર્યો.

કર્ણાવતી - વિદ્યાશાળાના પ્રવચનખંડની વ્યાસપીઠ પરથી મુનિરત્ન વિજયે જિનવાણીના એવા તીવ્ર તાપ-પ્રતાપ પાથરવા શરૂ કર્યા; કે જે પ્રતાપના પરિણામે જનસમુદાયમાં જબ્બર મનોમંથન પ્રગટી ઉઠે. સ્વયંભૂ વૈચારિક આન્દોલન જાગી ઉઠે.

ચન્દ્ર વેલાસ અને લક્ષ્મીવિલાસ જેવી અમદાવાદની માતબર હોટલો ત્યારે પંખીહીણા માળા જેવી બનવા લાગી. તેમની સંસ્કૃતિ ઘરક વાણીના પ્રભાવે.

સિનેમા અને ગોરખધંધા ચલાવનારી હાટડીઓ ત્યારે હાડપિંજરશી બનવા લાગી. મુનિરામવિજયે શંખનાદ ફૂંકયા તો. સંસ્કૃતિના મૂલ્યોને તેમણે પુનર્જીવન બક્ષ્યું તું. પાશ્ચાત્યનો ઝેરી પ્રવાહ તેથી અવરોધાતો ચાલ્યો. સેંકડોના સેંકડો જૈન - જૈનેતરોએ તેમની પાસે વ્યસન ત્યાગની પ્રતિજ્ઞા લીધી.

- તેમના પ્રવચનની અસર આશ્ચર્યકારી સાબિત થઈ.
- તેમની અદાકારી પણ અદ્ભૂત હતી.
- તેમની મનીષા પણ મોહક થઈ પડી.

ભદ્રકાળીની બલિપ્રથાના અહેવાલ સાંપડતા જ તે વ્યાખ્યાન વિશારદ પુરૂષે કુપ્રથા સામે ગાંડિવ ટંકાર કર્યો. અહિંસાની મોકલતા વ્યકત કરી. જેથી જાગી ઉઠેલી કર્ણાવતીની પ્રજાએ 'બલિ' ની હિંસક પ્રથા સામે આગ વેરતું આન્દોલન જગવી દીધું. અમદાવાદ મહાનગરની અઢાર અઢાર આલમે તે આન્દોલનની આગમાં ઈંધણ બની ઝૂકાવી દીધું

મૌલવીઓ સુધ્ધા તે અહિંસક અભિયાનમાં કુદી પડ્યા.

અમદાવાદની પોળે પોળ પ્રવચનો યોજીને લોકજાગૃતિનો જબ્બર જુવાળ ઉભો કરાયો. જે જુવાળના અગ્રણેતા હતા : મુનિરામ વિજય.

એક પળ ઈતિહાસની આવી ગઈ. જ્યારે અમદાવાદના માણેકચોક પર પુરી ૫૦,૦૦૦ ની મેદની જમા થઈ તી. જુવાળ ઉગ્ર હતો. મુનિરામ વિજયે તે જુવાળને પાષાણનેય પીગાળી દેતી વાણીમાં ઉદ્બોધ્યો. જનતાએ સંકલ્પ કર્યો; હિંસાને હટાવી મારવાનો અને અહિંસાને અણનમ રાખવાનો.

આ તરફ ભદ્રકાળી'ના સત્તાનશીનોની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. જોકે પૂજારીઓ પોતાની બદદાનતનો નાનકડો પણ બલિ આપવા ઘરાર ઈન્કારી રહ્યાં તા. ધનની લાલચ તેમની આંખે આંબી બની ગઈ તી. જે તો હરગીજ ન જ સંતોષી શકાય.

હવે એક જ ઉપાય હતો; આન્દોલનનો.

આખરે વિજયાદશમી'નો સંવેદનશીલ દિવસ ઉગી નીકળ્યો.

પ્રભાત થયું ન થયું; મન્દિરનું પટાંગણ અહિંસકોની ફોજથી ઉભરાઈ ગયું. સમય થોડોક આગળ વધ્યો... અહિંસકોનો નદીના પૂર જેવો પ્રવાહ ત્યાં ઘસ-મસતો આવવા માંડયો.

જેમા થયેલી હજ્જારોની ભીડ એક જ મુળમાં હતી : કેશરીયા કરીને ય બલિ-પ્રથાનો મૃત્યુઘંટ વગાડી દેવો.

આખરે, મન્દિરના ભૂગર્ભમાં પલાયન થયેલા પૂજારીઓ ગભરાયા. જાન-જોખમાતા ધ્રુજી ગયેલા તે આતતાયીઓને છેવટે નાકલીટી તાણવી પડી. ઝૂકવું પડયું. બલિપ્રથા પર સ્વઘોષિત પ્રતિબન્ધ જાહેર કરવો પડ્યો.

કશી જ શરત વિના તેમણે પાટિયા ઉંચા કરી જાહેરાત કરવી પડી; કે ''આજથી બલિપ્રથા બન્ધ છે'' પાટીયા બન્ધાયા તે બન્ધાયા. સદાય ને માટે તે અવિલોપ બની ગયા.

બસ ! અહિંસા માતાનો એક પ્રચંડ જયધ્વનિ ત્યારે હજારો ના કંઠેથી પ્રગટ્યો. ગગન પણ ચીરાઈ ગયું. હિંસાની જ હિંસા થઈ ગઈ.

[illegible]
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा, (गांधीनगर) पिन [illegible]

ગાંધીની આંધી સામે જેહાદ :

કર્ણાવતી તેમની કર્મભૂમિ હતી. જિનશાસનના [illegible] કુશલ કર્ણધાર હતા.

પોતાની યુવાવસ્થા દરમ્યાન સત્યોના તે ગાન્ડિવ ધારીએ સત્યરક્ષા અને સત્ય પ્રચારણા માટે કર્ણાવતીની ધરાને પોતાનું કેન્દ્ર સ્થળ બનાવી દીધું.

તે હતો ગાંધીયુગ...

ગાંધી યુગની આંધી ત્યારે કરાળ-વિકરાળ બનતી ચાલી.

ગાંધીવાદની વિચારધારા આન્ધીની જેમ જ ત્યારે ફુદકે ને ભુસકે વિસ્તરતી જતી તી. અફસોસ ! પણ તે ગાંધીવાદની વિચારણાઓ અને માન્યતાઓ જિનશાસનના ત્યાગમૂલક ચારિત્ર્યધર્મ સામે ઝનૂને ચડી તી. જંગે ચડી તી.

રાષ્ટ્રના તે ગણાતા પિતા શ્રીયુત મોહનલાલ કરમચન્દ ગાંધીની અહિંસા સંબન્ધક અવધારણાઓ એટલી બધીતો વિકૃત હતી; કે ભદ્રકાળીની બલિપ્રથા' સામે મુનિરામવિજયે જગવેલી જેહાદને શ્રીયુત ગાંધીજી 'પૂજારીના પેટે પાટુ માર્યું...' જેવા અપશબ્દોમાં નિન્દી શકતા.

દેશદ્રોહીઓ અને આક્રાન્તાઓ સામે શસ્ત્રો ઉપાડવા, એ એમને મન હિંસા બનતી. અફસોસ ! પણ સંવત્સરી પર્વ જેવા સર્વોચ્ચ ક્ષમા દિવસ પર સેંકડો કૂતરાઓને કમોતે મોતને

ઘાટ ઘતારવારની ઘૃણિત ક્રિયા ને તેઓ હર્ષપૂર્વક નવાજી શકતા.

'ગાંધીજી લખી શકતા તા, કે અમને કૂતરાઓની આંખમાં આપઘાતની ઇચ્છા વંચાય છે. આથી કૂતરાઓને શોટ આપવા એ પાપ નથી.

આવી નિન્દ્ય કક્ષાની હતી ગાંધીજીની અહિંસા....

વિશ્વની સર્વોચ્ચ આચાર સંહિતાને જીવન્ત બનાવનારા જૈનધર્મના શ્રમણ - શ્રમણી સંઘને તે ગાંધીજી 'સમાજનો બોજ' લેખતા અને સાધુ - સાધ્વીજીઓ ડોક્ટર અને નર્સ બની સમાજ સેવાના નામે સ્વાર્થ સેવાના ગોરખધંધા ચલાવે; તેની તેઓ હિમાયત કરતા.

શ્રીયુત્ત મોહનલાલ કરમચન્દ ગાંધી, જૈનશાસન સામેનો જીવતો પડકાર બનવા ઘસી રહ્યા તા. વિશેષતઃ જૈન સાધુ સંસ્થાના અસ્તિત્વનું જ નામ નિશાન ભૂંસાઈ જાય, એવી તેમની નેમ હતી. હિમાયત હતી.

ખાદીના નામે તેઓ ત્યાગ અને અત્યાગની માન્યતાઓમાં પહાડ જેવો મોટો ભ્રમ ફેલાવતા. પ્રભુ મહાવીરની સૂક્ષ્મતિ સૂક્ષ્મ અહિંસાની પણ એમણે ક્રૂર મશ્કરીઓ કરી તી.

હા ! પણ ત્યારે ગાંધીજીની હસ્તી એવી તો આંભ આંબી ગણાતી. કે તેના અસત્યોનું ઉન્મૂલન કરવાની હામ ત્યારે કોઇ ધરાવી શકતું નહિ.

સબૂર ! પણ એ કાંટાળું કાર્ય મુનિ શ્રી રામવિજયજીએ વધાવી લીધું.

વિઘ્નોની વરસતી ઝડીઓ નીચે સમભાવે સ્નાન કરતાં રહીને પણ તેઓ શ્રીમદ્ ગાન્ધીવાદની અન્ધારી આન્ધીને નામશેષ કરી. ગાંધીની ભ્રમભરી અહિંસાનું આગ ઝરતું ખંડન કર્યું. જૈન શાસનની શ્રમણસંસ્થાની ત્યાગ પ્રતિબધ્ધતાનું વેધક મંડન કર્યું.

ગાન્ધીજી પણ આ મહાન પ્રતિભાના પડકારથી ચકકર ખાઈ ગયા તા. ગાન્ધીના સ્વતન્ત્ર વિચારો - મનઘડન્ત વિચારો ના પાણી ત્યારે ઓસરી ગયા.

અરે ! મુનિરામવિજયજીની પ્રવૃત્તિઓ સામે પોતાના 'નવજીવન' સામાયિકમાં સત્તર લેખો લખવાનો સંકલ્પ જાહેર કરી-લમના મંડાણ કરનારા તે ગાંધીજીને માત્ર ચાર લેખામાં જ પોતાનો લેખમાળા આટોપી લેવાની ફરજ પડી.

મુનિરામવિજયજી, પ્રતિદિન પ્રવચનોમાં તેમનું નવજીવન હાથમાં લઈને તેમાં પીરસાયેલા અસત્યોનું એવું તો સચોટ જાહેર ખંડન કરતાં, કે કર્ણાવતીનું વાતાવરણ ત્યારે ધગધગતું બની ગયું. આગ જેવું જ.

ગાંધીવાદીઓની મોટી ટીમ મહાત્માના પ્રવચનમાં ઉતરી પડતી. મહાત્માને ઘેરી લેવા. અલબત્ત! તીખા - તમતમતા પ્રશ્નોના નિરાકરણ પણ હૃદયવેધી શૈલીમાં એકધારી રીતે પીરસતા જોઇ તે ગાંધીવાદીઓનું પણ હૃદય પરિવર્તન થઈ ગયું.

મુનિ શ્રી રામવિજયજીના પડકારને કારણે એક તબકકે તો ગાંધીજીના સાર્વજનિક ટ્રસ્ટને મળતી સખાવતોમાં ખાસ્સી ઓટ આવવા માંડી...

ગાંધીજી ખુદ, પ્રચ્છન્ન રીતે પ્રવચનમાં પણ આવી ગયા. બસ પૂજ્યશ્રીનું પાણી' માપી લઇ તેમણે ત્યાં જ માંડવાળ કરવાની ફરજ પડી.

❀ ❀ ❀

રાષ્ટ્રનેતાઓ દ્વારા પણ સન્માન :

જિનશાસનની ક્ષિતિજે ઝગમગતી થયેલી મુનિરામવિજય નામક નવોદિત પ્રતિભાના પડઘમ ત્યારે રાષ્ટ્રના ધુરન્ધર રાજનેતાઓના કાન સુધી પ્રસરી ચૂકયાં તા.

રાષ્ટ્રના લોહપુરૂષ' ગણાતા શ્રીયુત વલ્લભભાઇ પટેલ પણ તેમના પ્રવચનમાં પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહ્યા તા. તેમની વાકપટુતા નીહાળી ઉત્સાહિત બનેલા સરદારશ્રીએ તેમને આમંત્રણ પણ આપ્યું : 'અસહકારની રાષ્ટ્રવ્યાપી ચળવળમાં આપના જેવા સન્તો જો ઝૂકાવી દે, તો લોક જાગૃતિનો જુવાળ જબ્બર બની જશે....''

અલબત્ત ! સરદારશ્રી જેવી જ લોકનાયી પ્રતિભા ધરાવતા પૂજ્યશ્રીએ સાફ સાફ શબ્દોમાં ત્યારેય સંભળાવી દીધું; કે જે દિવસે મને આઝાદીની જેહાદમાં ધર્મના દર્શન થશે. ત્યારે તમારા આમંત્રણની રાહ નહિ જોઉ.

આઝાદીની રાષ્ટ્રિય ભૂમિકા સાથે સંકળાઈ ગયેલી ગંભીર ભૂલો પ્રતિ તેમણે સરદારશ્રીને પણ સાવધ કર્યા તા.

રાષ્ટ્રના આદ્ય પ્રધાન મન્ત્રી શ્રી જવાહરલાલ નહેરૂની ય તેમણે આંખો ઉઘાડી તી; રાષ્ટ્રની ઉન્નતિમાં અપનાવાઈ રહેલી દિશાભૂલ માટે.

દેશના સર્વપ્રથમ રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ બાબુજીએ તો પૂજ્યશ્રીના વિચારો સાથે ખૂલ્લં ખૂલ્લા સહકાર વ્યકત કર્યો તો.

રાષ્ટ્રપતિ જ્ઞાની-ઝૈલસિંઘજી પણ 'આચાર્ય વિજય રામચન્દ્ર સુરીશ્વરજીના પ્રવચન પુસ્તકોથી પ્રેરિત અને પ્રભાવિત બન્યાં તા.

આવો હતો; તેઓશ્રીનો રાષ્ટ્રીય પ્રભાવ

❀ ❀ ❀

વિવાદો અને વિસંવાદોના પાણીપતમાં

(૧) પાશ્ચાત્યવાદ

(૨) સુધારકવાદ

(૩) ભૌતિકવાદ અને

(૪) સમન્વય વાદ... જેવા કઈ કેટલાંક વીતરાગના વાદ વિવાદો ત્યારે સમાજમાં ફેલાઈ ચૂકયાં તા. રોગગ્રસ્ત શરીરમાં ફેલેલા અને ફૂલેલા કીટાણુઓ જેવા જ બેહદ અને ઉગ્ર તેમનો પ્રચાર રહેતો. અલબત! તે પ્રચાર જ્યાં જ્યાં પગરણ પાડતો વિવાદના ધમસાણ ત્યાં ત્યાં પડઘાઈને રહેતો.

કાળ ! વિવાદની તે વિચિત્ર ગંગોત્રી જૈન સંઘનેય ખરડી ગઈ. તરહ તરહના નવસર્જિત સિધ્ધાંતો ત્યારે જૈન સમાજની ભીતરમાં ધિંગાણખોરી કરી ગયા. એટલું જ નહિ, ધમસાણ પણ ફેલાવવા માંડ્યા.

બેશક ! તે ધમસાણો સામેનો પૂજ્યશ્રી 'અનુત્તર પડકાર' બની રહ્યા.

ધુરન્ધર ધર્માચાર્ય વિજય શ્રી રામચન્દ્ર સૂરીશ્વજી મહારાજા'નો જ્વાળામુખી' જાગ્યો, બરોબર જામ્યો પણ ખરો અને તે છેક મધ્યાહ્ન સુધી પહોંચી ગયો. તેના ભીષ્મ તેજ અને તેનો ભીષ્મ પ્રભાવ એવા તો લાલચોળ બન્યા તા, કે ન માત્ર જૈનશાસન આર્યાવર્તની મોક્ષમૂલક સંસ્કૃતિના તત્કાલીન વિરોધીઓનો ચામ તેની દાઝથી રાતીચોળ બનવા લાગી. સંઘ અને શાસનના વિદ્રોહિઓ માટે અસ્તિત્વનો પ્રશ્ન ઉભો થઈ આવ્યો.

પોતાના અસ્તિત્વની રક્ષાનો પ્રશ્ન લમણે ઝીંકાઈ જતાં તે વિરોધીઓ વધુને વધુ ઉગ્ર બનતા ચાલ્યાં. કરોળીયાની જેમ જ જંજાળ તૂટવા માંડતા જ કરોળિયો જેમ બે-બાકળો બની ઉઠે. તેમ જ ઉગ્ર તરફડાટ શરૂ કરે. બસ! તેવી જ મનોદશાનું પ્રદર્શન વિરોધીઓએ પણ પ્રારંભ્યું.

■ હા ! એક સમય એવો પણ ત્રાટક્યો, જ્યારે 'જાસાચિઠ્ઠિ' અને ખૂનની ધમકીઓ દ્વારા વિજયરામચંદ્ર સુરી'ના ધબકાર મૂંગ મન્તર બનાવી દેવાની તરકીબો રચાઇ ગઇ.

■ હા ! એક સમય એવો પણ ધસી આવ્યો, જ્યારે ઝનૂને ચઢેલા વિરોધીઓ ઉગ્રવાદ'નો માર્ગ અખત્યાર કરી હિંસક શસ્ત્ર સરંજામ સાથે વિજયરામચંદ્ર સૂરી પર આક્રમણ કરી ગયા હોય. તેમનું જાસળ કાઢી નાંખવા. કચડી નાંખવા.

■ હા ! એક સમય એવો પણ ઝીંકાયો,જ્યારે ભયની સતત તોળાતી સમશેરથી ધ્રુજી ઉઠ્યાં વડીલ ગુરૂદેવોને વિજયરામચન્દ્રસૂરીની રક્ષા માટે રાત્રે સ્વયમ્ ચોકીયાત બનવું પડ્યું.

■ હા ! એક સમય એવો પણ આવ્યો, જ્યારે આત્મરક્ષામાટે વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને રાતે કલાકે કલાકે ઓરડા બદલવા પડ્યાં.

■ હા ! એક એવો પણ ગોઝારો સમય ત્રાટકયો; જ્યારે રાજમાર્ગો પરથી પસાર થતી વિજયરામચન્દ્રસુરીશ્વરજીની શાહી સ્વાગત યાત્રા પરજ ઝનૂનીઓએ કાચની બોટલો, પેશાબની પીચકારીઓ અને પોલાદની છત્રીઓનો વરસાદ વરસાવ્યો.

■ હા ! એક સમય એવો પણ હતો, જ્યારે જંગલી આદિવાસીની ભાષામાં વિજયરામચન્દ્રસુરીશ્વરજીના જીવનપર આક્ષેપોની ઝડી વરસાવાઇ.

સાંભળતાંજ આપણું હૃદય સ્થંભિત બની જાય, અન્તર ક્રન્દન કરવા મંડે, એવી અસહ્ય પરિસ્થિતિઓ તેમની ચોફેર ઘેરાતી રહી. ઘૂમરાતી પણ રહી.

અલબત્ત ! તેમ છતાં વિજયરામચન્દ્રસરીશ્વરજીની હૃદયભૂમિમાં એકાદ અંશ જેટલો પણ ધરતી-કમ્પ ન સંધાયો. તેમની હૃદય શિલા વિઘ્નોની ઝડીઓ વરસવા છતાં ભેદન ન પામી. તેમનું હૃદય મેરૂનું બન્યું તું. પહાડ થયું. પુરેપુરૂ અચલ અને અકમ્પ.

આથી જ સ્તો કવિઓ ગર્જના કરી :
ફૂંકાયા દશે દિશાએ છો વિગ્રેધના વંટોળા...
ભક્તોના કે દુશ્મનના ઉભર્યા છો ટોળેટોળા..
તુજ મનના મેરૂ પહાડે પણ કમ્પ નહિરે લગારે..
દીક્ષાના હે દાનેશ્વર !.....

■ વિ. સં. ૧૯૮૫ના તે મુંબઈગરાઓના આક્રમણો....

■ વિ. સં. ૧૯૭૬ માં વડોદરા પ્રાન્તના દીક્ષા વિરોધીઓએ મચાવેલા તે તોફાનો...

■ વિ. સં. ૧૯૯૨માં જાગેલો તિથિ - વિવાદ અંગે જ્વાળામુખી...

■ વિ. સં. ૧૯૯૦ અને તેની પૂર્વાપરમાં રાધનપુર, પાટણ અને કર્ણાવતીમાં ઘટેલા તે અત્યંત સંવેદના પૂર્ણ ઘટના ક્રમો.

■ વિ.સં. ૧૯૯૯ની તે જાજરમાન તિથિ-લવાદી ચર્ચા અને વિક્રમી વિજય.

■ વિ. સં. ૨૦૧૪ ના મુનિ સંમેલનનો તે 'રામ વિરોધી' વાયરો.

■ વિ. સં. ૨૦૨૮-૨૯ દરમ્યાનની તે પચ્ચીસોની અશાસ્ત્રીય ઉજવણી સામેની જલદ જેહાદ.'

■ વિ. સં. ૨૦૩૦ નો તે સાવ તરો તાજો નવાંની ગુરૂ પૂજા વિરોધનો ફૂંફાડો. તેનો પ્રચંડ પ્રતિકાર.

■ વિ.સં. ૨૦૪૨ નો તે શાસ્ત્રોના ગળે ફાંસડો બાંધતો તઘલખી પટ્ટક તેનો મજબૂત મુકાબલો.

■ વિ.સં. ૨૦૪૪ ના ગેરમાન્ય મુનિ સંમેલને કરેલા

તે શાસ્ત્ર મર્યાદાઓને 'જલશરણ' કરતાં સત્ય લોપક ૨૨-૨૨ ઠરાવ્યો. તેનો કલ્પનાતીત વિરોધ. ભારતવર્ષીય સ્તર પર તેનો આર્થિક બહિષ્કાર..

છેલ્લી એક શતાબ્દીનો આ આંસુઝરતો અગન વરસાવતો ઇતિહાસ રડમસ રડી રહ્યો છે. તેનું રૂદન સિધ્ધાંતોની સત્ય કાજેનું જ અને સિધ્ધાંતો ના રખવૈયા માટેની શુભેચ્છા કાજેનું જ.

જીવનના આદિ સમયથી સિંહ બનીને સિધ્ધાંતોના ધ્વંસ સામે ત્રાડ' પાડતા રહેલા તે સૂરીસિંહ 'સુરિરામ ૯૨ અને ૯૬ વર્ષ જૈફવયે પણ એવું જ વીર્ય એવું જ કૌવત અને એવું જ શૌર્ય ધરાવતા હતા.' વૃધ્ધસિંહની જેમજ.

જિનશાસનના જ્યોતિર્ધારીની સિંહગર્જનાઓ આઠ-આઠ દશાબ્દીઓ સુધી પ્રસવતી રહી. પડઘાગતી રહી. શાસન ભૂમિમાં ગુંજેલા જેના પડછંદાઓ એ જિનશાસન ગદ્દારોની કેડ કચરી નાખી. શાસનના આન્તર-બાહ્ય આક્રમણોના ચીર-હીર તેણે ચીરી જાણ્યા.

❁ ❁ ❁

સલ્તનતી સન્માનો :

સમ્રાટ અશોક ચક્રવર્તી અને જહાંપનાહ જહાંગીરના શાહી ઠાઠ-માઠની સ્મૃતિ કરાવે તેવા જ વૈભવી સ્વાગતો પણ તેમના થતા રહ્યાં.

રજવાડી માહોલ ને પુનર્જીવિત કરી દે, એવા ભવ્ય આતિથ્ય તેમના થતા. તો સલ્તનતી'જ કહેવા પડે. તેવા અદ્‌ભુત સામૈયાના પણ તેઓ યજમાન બન્યા.

લાખ્ખોના અનુષ્ઠાનો તે મહાપુરૂષનો સહવર્તી પડછાયો બન્યા રહેતા.

વિશ્વવિજયી શ્રી વર્ધમાનશાસનનું સાચુકલું અને સુસજ્જ ઉત્તરદાયિત્વ અદા કરનારા તે ધન્યપુરૂષનો અનુયાયી વર્ગ આંબ્યો ન જાય તેવો ઉદાત્ત હતો. વિશાળ અને વિરાટ્ હતો.

શાસન પ્રભાવના તેમના ડગલે ને પગલે પીછો કરતી. તેમ છતાં ભક્તોથી ઘેરાયેલા પણ સુરિરામ કયારેય ભક્તવર્ગની ભક્તિમાં ન લેપાયા. ન ખરડાયા.

❁ ❁ ❁

પરમ સમાધિ : પરિ નિર્વાણ :

(૧) સત્ય ખાતર જ તેઓ જીવન્ત રહ્યા.

(૨) જીવનભર તેઓ માત્ર મોક્ષની જ અક્ષમાળા ફેરવતા રહ્યાં.

(૩) કરૂણા અને કૃપાની મન્દાકિનીને તેઓએ સર્વત્ર વહેતી મુકી.

(૪) એકમેવ શ્રી જિનાજ્ઞાને અખંડ રાખવા તેમણે જાનને પણ ફેસાનીની ઝાળમાં ઝંપલાવી..

(૫) ઉપકારોનો તેમણે અરબી સમુદ્ર વહાવ્યો

(૬) ભારતની આ ધર્મભૂમિ પર ધર્મની તેમણે રેલમછેલ રેલાવી.

(૭) પ્રવચનની મીણબત્તી દ્વારા તેમણે ઘરઘરને અજવાળ્યા.

(૮) ઘટ-ઘટમાં તેમણે સંયમધર્મનો 'સુઘોષા' ઘગડાવ્યો.

(૯) સમ્યગ્‌દર્શનનો મહાદીપ' તેમણે હજારો અન્તરોમાં પ્રગટાવ્યો.

બસ ! જીવનની પળેપળને જિનશાસનના ચરણે સમર્પિત કરી દેનારા ધુરન્ધર ધર્મપુરૂષ પ્રાતઃસ્મરણીય પરમશ્રધ્ધેયપાદ પૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્‌ વિજયરામચન્દ્ર સુરીશ્વરજી મહારાજાનો તે દેહાન્ત સમય હતો.

■ સેંકડો શિષ્યોના વૃન્દની તે વાત્સલ્યમય ગુરૂમાતા...

■ હજારો ભક્તોની તે પરમ શ્રધ્ધેય મૂર્તિ....

■ અને જિનશાસનની તે ધબકતી જીવા દોરી... ત્યારે પોતાના પર્યન્ત સમયની સમીપ પહોંચી તી.

આઠ આઠ દશાબ્દીઓ સુધી મહાભિનિષ્ક્રમણના મેરૂભારનું સંવહન કરી પતિતપાવન બનેલી તેમની દેહયષ્ટિ જર્જરિત બનતી ચાલી.

પાંચ - પાંચ દશાબ્દીથી પણ ઝાઝેરા સમય સુધી અવિરતપણે પ્રભુશાસનની ભારેખમ ધુરાનું ઉદ્‌વહન કરનારૂ તેમનું હૃદય ધીરે ધીરે મન્દ પડે જતું તું....

પોતાના પર્યન્ત સમયને આંખ સામેના અક્ષરોની જેમ જાતે જ વાંચી ચુકેલા તે પુન્યપુરૂષ સમાધિમાં સ્વયમ્ જ તન્મય હતા.

■ લગીરે તેમને મૃત્યુનો ભય નહોતો. તેઓ ભયભીત હતાં; મમતાના સેવનથી.

■ અંશમાત્ર પણ ત્યાં વેદના નહતી. તેઓ વ્યથિત હતાં; પ્રભુશાસનમાં જાગી ઉઠેલા અનિષ્ટોથી...

■ જીવનની કોઇ જીજીવિષા નહતી. તેમની એક જ અન્તરેચ્છા હતી; યુગોના યુગો સુધી જિન શાસનને અવિચ્છિન્ન રાખવાની...

■ તેમના કોઇ અરમાન નહતા. તેમનો એક જ અન્તર્જલ્પ હતો; ઝટ શ્રી સ્વામી સીમન્ધરને ભેટી પડવાનો.

■ તેમને કોઇ તમન્ના ન હતી. તેમની તમન્ના એટલી

જ હતી: કે દે ભવમાં પહોંચ્યા પછી પણ પોતાના વિરોધીઓને શાંત પાડવાન .

■ તેમને કોઈ સંકલ્પ નહતો. હા ! એટલો સંકલ્પ જરૂર ત્યાં રમતો (છરતો, ભવાન્તરોમાં પણ શાસનના પ્રકાશમાં ઓગળી જવ નો.

■ તેમની કોઈ યાતના ન હતી. યાતના હતી તો એટલી જ કે જયવન્તુ-જિનશાસન સંકટો અને કંટકોની ચક્રચુડમાંથી ક્યારે મુકત થશે?

બસ ! આવું ઉચ્ચતમ મનોબળ ધરનારા તે ધર્માચાર્ય અન્તસમયે ત પરબ્રહ્મના અજપાજપમાં એકતાન બન્યાતા.

દેહત્યાગની પૂર્વરાત્રીના એક જ નિશાના ટૂંકા સમય દરમ્યાન ૧૧-૧૧ વખત હૃદયરોગના કાતિલ અને જીવલેણ હુમલાઓ ઝે કાઈ ગયા. અલબત ! ભીરૂતાનીતો એકાદ રેખા પણ તેમના મુખ મંડલ પર ચમકી શકી નહિં.

કેઈ ાયરોની કાયરતાને ખંખેરનારો તે વીર પુરૂષ પર્યન્તે પણ સ્વસ્થ હતો. મૃત્યુદિનની પર્વ સન્ધ્યાએ જ તેમણે સાગારિક અનશનનો સ્વીકાર કર્યો તો. સ્વયમ જ. સ્વ-પ્રેરણાને પામીને.

રોગ નો ગ્રાફ વધુને વધુ ઉગ્ર બનતો ચાલ્યો.

તેની કલ્પના પણ કરપીણ બની જતી. બેશક ! રોગો જેમ જેમ વધુને વધુ ઉગ્ર બનતા ગયા, તેમણે યોગોની શક્તિને પણ એટલી (અજેય અને ઉગ્ર બનાવી.

■ ૌષધોનું સ્થાન અર્હમ્' ના જપે ગ્રહણ કર્યું.

■ (પચારોના આસન પર હાર્દિક આલોચનાએ પગદંડો જમાવ્યો.

■ પરિચર્યાને તેઓ વિસરી બેઠા. તેમનો હૃદયમન્દિરમાં પરિણીતિની પૂર્ણપ્રતિષ્ઠા થઈ ગઈ.

હજારો ભોગરસિકોની સુષુપ્ત ચેતનાને વાચાળ કરનારો પા તેમનો મેઘધ્વનિ મુક બની ગયો; અલખની પરિશોધ મા ...

અને , હા ! હા ! હા ! આક્રન્દ ! સિધ્ધાંતોના ધનુર્ધારી, જિનશાસનના જયોતિર્ધારી, મોક્ષૈકલક્ષિતાના વીર પ્રહરી અને દીક્ષાધર્મના ભેખધારી પરમશ્રધ્ધેય તાતપદ શ્રીમદ્ વિજયરામચન્દ્ર સુરીશ્વરજી મહારાજાનો જીવન દીપ ત્યારે... બુ...ઝા...' .... ગયો.

જિનશાસનના ગગને આઠ - આઠ દાયકા સુધી ઝગમગતા રહેલા તે ઝળહળતા સૂર્યનો સૂર્યાસ્ત થયો.

સર્વત્ર ત્યારે આક્રન્દ પથરાઈ ગયો. એકેકા હૃદયમાં ત્યારે અકથ્ય વેદન ઓ જલી ઉઠી. પાષાણ શ્યાં અન્તરો પણ પીગળીને ચિત્કારી ઉઠ્યાં. સંપૂર્ણ જૈન સમાજ ત્યારે શોકના દાવમાં સન્તપ્ત બન્યો.

તે કરૂણાન્તિક દિવસ હતો : વિક્રમ સંવત્ ૨૦૫૭ના અષાઢ વદ ચૌદશનો.

શિષ્યવૃન્દથી સેવાતા - સેવાતા, ભક્તવૃન્દથી પૂજાતા પૂજાતા અને અરિહન્તદેવનું ધ્યાન એકતાનપણે ધરતા ધરતા તે ધુરન્ધર ધર્મપુરૂષ પ્રાતઃ ૧૦ કલાકે અને ૧૦ મીનીટે પ્રાણોને ત્યાગી ગયા. પરલોકના પન્થપર પ્રયાણ કરી ગયા.

આ દુઃખદ સમાચાર સંપૂર્ણ ભારતવર્ષમાં ગણતરીની પળોમાંજ ગુંજતા થઈ ગયાં. વહેતા વાયુ સાથે અને વરસતા વાદળો સાથે તેમની પરમસમાધિની માહિતી જ્યાં જ્યાં પહોંચી; ત્યાં ત્યાં કન્દનનો મહામેધ બારે ખાંખ તૂટી પડયો.

તેમનો પાર્થિવ દેહ જનસમુદાયના દર્શનાર્થે ગોઠવવામાં આવ્યો. તે કર્ણાવતી નગરી. શ્રેયસ ક્રોસિંગ પાસેનો 'દર્શન' બંગલો. તેમના પાર્થિવદેહના દર્શનાર્થે લાખ્ખો માનવો મહેરામણ બનીને ઉમટી પડયા.

દર્શનાર્થીઓનો ધસારો સતત ૨૦ વીસ જેટલા કલાકો સુધી ધસમસતો રહ્યો. પ્રત્યેક દર્શનાર્થીના હૃદયમાં અકથ્ય દર્દ હતું. શબ્દોમાં પ્રચંડ સહાનુભૂતિ તરવરતી હતી.

જીવનભર 'સમ્યગ્દર્શન'નો ધોધમાર ઉપદેશ આપનારા 'વિજય રામચન્દ્ર સુરીશ્વરજી મહારાજા' લોક હૃદયમાં કેવી ચિરન્તર પ્રતિષ્ઠા પામી શકયાં તા, તેના દર્શન સાયુકતાં તો ત્યારે જ થયા.

■ સુમારે ૨૦ લાખ લોકોએ તેમને પ્રત્યક્ષરૂપે શ્રધ્ધાંસુમન સમર્પ્યા.

■ એક કરોડ જેટલા અનુપસ્થિત જૈનોએ પણ અન્તરથી તેમને વન્દના કરી.

કીલોમીટરના કીલોમીટર સુધી લંબાઈ ગયેલી દર્શનેચ્છુકોની તે શ્રેણીએ તેમની મરણોત્તર ક્રિયાની પ્રત્યેક પળને અત્યંન્ત સંવેદનશીલ બનવી દીધી.

એકેકો ભક્ત આંખમાં આંસુ ભરીને, અન્તરમાં આરજુને ભંડારીને તેમના પાર્થિવ દેહ સમક્ષ ઉપસ્થિત થતો. જે દૃશ્ય પણ કરૂણ હતું. જેવી કરૂણતા અન્યત્ર શોધીન જડે.

સબૂર ! ૨૦૪૭ની આષાઢી અમાસ વળતે જ દિવસે જાગી ઉઠી. આજે પૂજ્યશ્રીની નશ્વર કાયા પંચમહાભૂતમાં વિલીન બનવાની હતી. તેમની અન્તિમયાત્રા 'દર્શન' બંગલાથી પ્રાતઃ ૯.૦૦ આસપાસ પ્રારંભાઈ હશે.

એ પૂર્વે તો ભારતભરમાંથી લોકસમૂહ નો પ્રચંડ પ્રવાહ કર્ણાવતીમાં ઠલવાઈ ગયો. કર્ણાવતી તરફની તમામ ટ્રેનો, ફલાઈટો અને સરકારી વાહન સુવિધા ત્યારે રામભરોસે

ઉભરાઇ ગઈ.

રાજ્યતન્ત્રના રાજનેતાઓ પણ આ મહામનીષી માટે જનહૃદયનો આટલી બધી તીવ્ર સંવેદનાઓને નિહાળી દિગ્મૂઢ રહી ગયા.

રાષ્ટ્રીય અને રાજ્યસ્તરીય કેઈ અગ્રણીઓએ સ્વયમ્ભૂ પ્રેરણાથી પ્રેરાઈ તેમના દર્શન કર્યા. અંજલિ અર્પી.

તે અષાઢી અમાવાસ્યાએ તેમની અન્તિમ યાત્રાનો જાજરમાન પ્રારંભ થયો.

■ કર્ણાવતીની ગલીએ ગલી માનવ મેદનીથી ઉભરાઇ ઉઠી.

■ તેમની અન્તિમ યાત્રા ૨૫ કી.મી. જેવડી વિરાટ મઝલ પર દિવસભર ફરતી રહી.

■ સંગીતની કરૂણ શૂરાવલીઓ આકાશમાં રેહેલા મેઘના પાણીને ભૂંસી નાંખી લોક નયનોમાંથી અશ્રુની વૃષ્ટિ કરાવતી રહી.

■ સેંકડો મિલેટ્રી જવાનો અને પોલિસ કર્મચારીઓ પણ આ હૃદયવેધક દ્રશ્ય ન નિહાળી શકયા. પીગળી ગયા. રડમસ્ બની બેઠા.

■ મહાનગરના ખાટકીઓએ પણ હિંસા - મચ્છીમારીને સ્વેચ્છાએ એક દિવસ માટે તિલાંજલી અર્પી. પાણીની પરબો તેમણે ઠેર ઠેર ઉઘાડી દીધી.

■ દસ દસ કલાકો સુધી નર નારીઓ તેમની અન્તિમયાત્રામાં વેગ પૂર્વક ઘૂમતાં રહ્યાં. તેમના દર્શનાર્થે ઠેર ઠેર પ્રતીક્ષા કરતાં રહ્યાં.

કર્ણાવતીના ભિન્ન - ભિન્ન માર્ગો પર દિવસભર ઘૂમતી રહેલી તે અન્તિમયાત્રામાં જામનગરના કસબીઓએ એક જ રાતમાં રચેલી નવ-શિખરીય જરીયન શિબિકા, સ્વયમ્ જ વહેતી રહી. જે શિબિકામાં લાખ્ખોનો હૃદય શિરતાજ પર્યન્ત સ્વરૂપે વિરાજતો હતો.

પાણીમાં વહેતી નૌકાની જેમ હજારો લોકોના સ્કન્ધો પરથી સ્વયમેવ પસાર થયેલી તે શિબિકા અન્તિમ યાત્રાને સાથે લઈ સુમારે - સૂર્યાસ્તના સમયે સાબરમતી વિસ્તારમાં આવ પહોંચી.

જ્યાં પૂજ્યશ્રીના પાર્થિવદેહની અન્ત્યેષ્ઠિ થઈ, તે વિસ્તારનું નામ પણ 'રામનગર' હતું.

માર્ગોને અને મેદનીને ગુલાલના રંગે રંગતી-રંગતીતે ઐતિહાસિક અને અભૂતપૂર્વ અન્તિમયાત્રા 'રામનગરના સમાધિસ્થળ' પર આવી વિરામ લે, તે પર્વે તો ત્રણ લાખ માનવો એ એ સ્થળની રજે રજને સંકીર્ણ બનાવી દીધી.

નગરાગ્રણીઓના એ ઉચ્ચાર હતા : ''અન્તિમ ૩૦૦ વર્ષમાં આવી ઐતિહાસિક અન્તિમ ક્રિયા નથી જોવા મળી.''

લશ્કરી મેજરના ઉચ્ચાર હતા : ''દેશના તમામ સર્વોચ્ચ નેતાઓની સભાની સલામતી અમે સંભાળી છે. અલબત્ત ! આવડી જંગી મેદની તેમજ પૂર્ણ શિસ્તના દર્શન કયાંય નથી કર્યા.

સૂર્યાસ્તની થોડીક જ ક્ષણો પૂર્વે તે અપૂર્વ અન્તિમયાત્રા વિરામ પામી. પૂજ્યશ્રીના પાર્થિવદેહની છેલ્લામાં છેલ્લી અન્તિમ ક્રિયાઓનો ભારે કરૂણતા વચ્ચે પ્રારંભ થયો.

અગ્નિદાહ માટે બોલાયેલી ઉછામણી લાખ્ખોમાં રમતી - કૂદતી ક્ષણભરમાં તો વિક્રમી અંક પર પ્રતિષ્ઠિત બની. આદેશ અપાયો.

ગુરૂભક્ત પરિવારો (૧) શ્રી જયંતિલાલ આત્મારામ (૨) અને શ્રી કલ્યાણજીભાઇ રાવ. બન્નેય પરિવારોના સહિયારો લાભ લઇ કર્ણાવતીની યશોગાથાને સજીવન રાખી.

ભારેખમ હૈયે અને અર્ધમૂર્ચ્છિત બની ગયેલા અન્તર સાથે તેમણે પોતાના હૃદયાધિષ્ઠાયક'ના પાર્થિવદેહને અગ્નિનો પવિત્ર સ્પર્શ કરાવ્યો. બસ ! ૧૦૦૦ કિલો શુધ્ધ ચંદન કાષ્ઠની ભવ્ય વેદી પર રચાયેલી તેમની દેહયષ્ટિની અન્ત્યેષ્ઠિ ત્યારે પ્રારંભાઈ ચૂકી.

અગ્નિના સ્પર્શ સાથે જ શુધ્ધ અને સુગંધીત તે ચન્દન કાષ્ઠો ચોફરદમ જલી ઉઠયાં. ગુરૂ-મા નો પુન્યદેહ તે જ્વાળાઓ ભસ્મ બન્યો.

■ એકેકી આંખ ત્યારે અશ્રૂના પૂર ઉમટ્યા

■ વિષાદ ત્યાયે સર્વત્ર ઘૂમી વળ્યો.

■ બસ ! જે કરૂણ દૃશ્યને નિહાળી પણ ન શકનારો સૂર્ય તે જ ક્ષણે અસ્તાચલ પર ઢળી પડ્યો.

દિવસભર સ્થગત પામી ગયેલા મેઘના બન્ધ ત્યારે ક્ષણ માટે ખૂલી ગયાં. જેણે અમીની ઝરમર વરસાવી.

તેમના દેહની ભસ્મને પામવા માણ જંગી જનમેદની ઉભરાઇ આવી. ૧૦૦૦ કિલો ચન્દનની તે ભસ્મ તો ળવારમાં લોક મસ્તકે સ્થપાઇ ગઇ. અલબત્ત ! તે સ્થાને એક ઉંડો ખાડો થઇ ગયો; ભસ્મકાજેની પડાપડીમાં...

શિષ્યોની અને ભક્તોની તે વ્હાલસોયી ગુ.-મા ભલે પ્રત્યક્ષ સ્વરૂપે વિદાય પામી ગઇ. બેશક ! તેની પવિત્રતા તો જનહૃદયમાં અવિલોપ્ય જ બની રહેશે.

શત શત વન્દના...! સિદ્ધાંતોના ધનુર્ધારીને....

❀ ❀ ❀

લઘુ બોધ કથા

ચેતન ! મોહનિદ્રાનો ત્યાગ કર

પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

જન્મનો સાથે મરણ નિયત છે. જન્મેલાએ અવશ્ય મરવાનું છે. મરણ કયારે આવે તે ખબર નથી. મરણને વય સાથે કોઈ જ સંબંધ નથી. તેમ સાચી સમજવાળાને વૈરાગ્ય પામવા વય સાથે પણ કોઈ સંબંધ નથી. જે આત્મા જાગી ઊઠે તેને માટે વૈરાગ્ય સહજ છે. માટે કયારેય એવો વિચાર કરવો નહિ કે- ''અમારૂં આયુષ્ય લાંબું છે. હમણા તો ખાઈ-પી મોજમજા કરી લો પછી બુઢાપામાં ધર્મ કરીશું.'' એકવાર એક નાનો બાળક દોડતો - દોડતો ગુરૂ નાનક દેવની પાસે આવ્યો અને તેમના ખોળામાં બેસી ગંભીરતા - પ્રૌઢતાથી કહેવા લાગ્યો કે - ''ગુરૂદેવ! મને તમારી દીક્ષા આપો અને તમારો શિષ્ય બનાવો.'' નાના બાળકની આ વાત સાંભળી આશ્ચર્ય પામેલા તેમને કહ્યું કે- 'આટલી નાની ઉમરમાં હે બેટા ! તને સંસાર ત્યાગ કરવાની ભાવના કેમ થઈ ?'' ત્યારે બાળકે જે માર્મિક જવાબ આપ્યો તે સૌ સમજુ અને વિચારકોની આંખ ખૂલે તેવો છે.

તે બાળક- ''ગુરૂજી ! આજે મારી મા ચૂલા ઉપર દાળ બનાવી રહી હતી. તે વખતે ચૂલામાં સળગતી લાકડીઓ પર મારી અચાનક નજર ગઈ અને મેં જોયું કે નાની નાની લાકડીઓ જલ્દી સળગી ગઈ અને મોટી મોટી લાકડીઓ ધીમેથી સળગતી હતી. તેથી મને વિચાર આવ્યો કે- હું પણ નાનો છું. આ નાની લાકડી સમાન કયારે મહાકાલ મૃત્યુ રૂપી અગ્નિમાં બળી જાઉ તો મારૂં શું થાય ? તો જલ્દી દિક્ષા લઈ ગુરૂ નિશ્રામાં આત્મકલ્યાણ કેમ ન કરૂં ?'' નાના બાળકની આ તાત્ત્વિક વાત સાંભળી ગુરૂનાનક અને ત્યાં બેઠેલા સૌ તાજુબ થઈ ગયા. આનો સાર સારી રીતના સમજી શકાય છે કે ''समयं गोयम ! मा पमायम्'' મળેલી પુણ્યક્ષણોનો સદ્ધર્મમાં સદુપયોગ કરવો તે જ માનવ જીવનનો સાર છે

મનન મોતી

સંગ્રાહક : અ.સૌ. અનિતા આર. શાહ - માલેગાંવ

- જીવનમાં સાચાં સુખ - શાંતિ - સમાધિનો અનુભવ કરવો હોય તો સદાચારી આત્માઓની સોબત કરવી, વિચક્ષણ પુરૂષોની વાતો કરવી અને નિસ્પૃહ આત્માઓની પ્રીતિ કરવી.
- આશ્રવથી છોડાવી સંવરમાં જોડે તે સુસાધુ ! સંવરથી ખસેડી ધર્મના નામે ય આશ્રવમાં જોડે તે કુસાધુ !
- અર્થીપણાના અભાવથી આત્મા બાહ્ય પદાર્થો - સુખોમાં લટકે છે, ફાંફા મારે છે, મુંઝાય છે. મળે તો નાચે, ન મળે તો રોવે.
- શ્રાવક કુલોમાં અર્થ-કામની ચિંતા પ્રધાન ન હોય પણ મોક્ષને માટેના ધર્મની જ ચિંતા પ્રધાન હોય.
- અગવડમાં સગવડ માને તે સાધુ !
- આપત્તિને સંપત્તિ માને તે ધર્માત્મા !
- મોક્ષને જે હણે તેનું નામ મોહ !
- તત્ત્વજ્ઞાનની પરિણતિ તેનું નામ તપ !
- ભગવાનને સ્વામી તરીકે સ્વીકારે તેને બીજો સ્વામી કરવો ન પડે.
- મોહ - અજ્ઞાનથી ઇચ્છા થાય. મોહજન્ય ઇચ્છાઓ - કામનાઓ સઘળાય દુઃખની જનની છે.
- દુઃખનો ઉદ્વેગ, સંસારિક સુખોની સ્પૃહા, વિષયોની લાલસા, અપયશાદિનો ભય, અનિષ્ટાદિ દુઃખો, આત્મિક આનંદમાં અંતરાય કરે છે.
- સ્વ પ્રશંસા અને પરનિંદા આત્માના પતન અને અધોગતિનું કારણ છે. વિષની મૂર્ચ્છાની જેમ સારા પણ મનુષ્યને વિવેકહીન બનાવે છે.
- રાગાદિથી સંકિલષ્ટ ચિત્તવાળાનો ધર્મ નિષ્ફળ છે, નિર્મલ ચિત્તવાળાનો ધર્મ સફળ બને છે.
- બીજાના ગુણોમાં મત્સર-ઇર્ષ્યા ભાવ, પોતાના જ ગુણોની પ્રશંસા સ્પૃહાલુતા અને અવિનીતપણું મોટાને પણ લઘુ કરે છે.
- બીજાની નિંદા માત્રનો ત્યાગ, સ્વ પ્રશંસાથી લજ્જા પામવી. નિસ્પૃહપણું અને સુવિનીતપણું લઘુ-નાનાને પણ ગુરૂ - મોટા બનાવે છે.
- મજેથી દુઃખ વેઠવું તે પણ તપ છે.
- અપરાધીનું પણ ખરાબ ન ચિંતવવુ તે ય તપ છે.
- કર્મે આપેલી સ્થિતિમાં મજેથી જીવે અને કોઈપણ લોભામણા પ્રસંગની મન પર અસર ન થાય તે સમજુ જીવ છે.

આત્માનુશાસન કરીએ

પૂ. મુનિરાજ
શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

અનાદિ-અનંતકાળથી આપણો આત્મા સંસારમાં ભટકી રહ્યો છે. જેને 'હું આત્મા છું, અનાદિકાળથી આ દુઃખરૂપ, દુઃખફલક, દુઃખાનુબંધી સંસારમાં ભટકી રહ્યો છું.' તેનું 'ભાન' થાય અને હવે મારે ભટકવું નથી તેવો 'ભય' પેદા થાય-તેને જ પોતાના આત્માનું અનુશાસન કરવાનું મન થાય. જેને પોતાના આત્માની સાચી અનુકંપા પેદા થાય, અનુગ્રહ કરવાનું મન થાય તે જ પોતાના આત્માનું અનુશાસન કરવા તૈયાર થાય. દુનિયામાં પણ અનુશાસન ખૂબજ જરૂરી અને અનિવાર્ય ગણાય છે તો આત્માના રક્ષણ માટે આત્માનું અનુશાસન તો અનિવાર્ય જરૂરી છે જ. આત્મા જ આત્માનો મિત્ર છે અને આત્માનો શત્રુ છે. બાહ્ય શત્રુઓના વિજયથી આત્મા મહાન નથી પણ આત્માના અંતરંગ શત્રુઓના વિજયથી આત્મા મહાન બને છે. પોતાના મન, ઇન્દ્રિય અને કષાયને જે જીતે તે જ આત્માનો વિજેતા બને.

માટે જ

આસન્નોપકારી, ચરમતીર્થપતિ, વર્તમાન શાસનનાયક શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેવીશમાં શ્રી કેશી ગૌતમીય અધ્યયનમાં આત્માના અનુશાસનને માટે સુંદર સચોટ સ્પષ્ટ ઉપાય બતાવ્યો.

શ્રી કેશી મહારાજા શ્રી ગૌતમ મહારાજાને પૂછે છે અને પ્રત્યુત્તર પણ પામે છે કે-

'એગે જિએ જિઆ પંચ, પંચ જિએ જીઆ દશ.
દસહા ઉ જિણિત્તાણં, સવ્વસત્તુ જિણામહં ॥૩૬॥
એગપ્પા અજિએ સત્તુ, કસાયા ઈંદિયાણિ અ।
તે જિણીત્તુ જહાનાયં, વિહરામિ અહં મુણી ॥૩૮॥

શ્રી કેશી મહારાજાના પ્રશ્નનનો પ્રત્યુત્તર આપતા શ્રી ગૌતમસ્વામિ મહારાજા કહે છે કે- ''એક શત્રુને જીતવાથી પાંચ શત્રુઓ જીતાયા અને પાંચ શત્રુઓને જીતવાથી દશ શત્રુઓ જીતાયા, તેમજ દશ શત્રુઓને જીતીને અનેક હજારો શત્રુઓ-સઘળા શત્રુઓને હું જીતું છું.'' ત્યારે શ્રી કેશી મહારાજા પૂછે છે કે - 'તે શત્રુઓ કોણ છે ?''

તેના જવાબમાં - શ્રી ગૌતમ મહારાજા કહે છે કે- ''અજિત એટલે નહિ જીતાયેલ એવો જે આપણો આત્મા જેના જીવ-મન એવા પર્યાયવાચી નામો પણ છે - તે આપણો શત્રુ છે. કેમકે તે અનેક અનર્થની પ્રાપ્તિનો હેતુ છે. નહિ જીતાયેલા કષાયો શત્રુ છે. અર્થાત્ આત્મા - જીવ કે મનની સાથે ચાર કષાયો ગણાતા પાંચ શત્રુઓ છે. તેમજ નહિ જીતાયેલી પાંચ ઇન્દ્રિયો પણ શત્રુ છે. આમ આ દશ શત્રુઓ છે. આ દશ શત્રુઓને જીતવાં હાસ્યાદિ નવ નોકષાય પણ જીતાયેલા સમજી લેવા. અર્થાત્ ૧-મન, ૫-ઇન્દ્રિયો અને ૪-કષાય આ દશના વિજેતા બનવાથી આત્માનુશાસન થાય છે.

આત્મવિજયમાં સૌ પ્રથમ મનનો વિજય કરવો - મનને જીતવું ખુબ જ જરૂરી છે. મન જીત્યું તેણે સઘળું જીત્યું જે સાત્ત્વિક આત્મા પોતાના મનને જીતે છે તે પાંચે ઇન્દ્રિયોને જીતી લે છે. મનને જીત્યા વિના ઇન્દ્રિયોને જીતવી અસંભવ છે. પણ મન દુરારાધ્ય છે, મનને જીતવું અતિ કઠીનમાં કઠીન કામ જરૂર છે પણ અસંભવ તો નથી જ.

મન એવું અવળચંડું છે, અતિસાહસિક છે અને દુષ્ટ ઘોડાની જેમ ઉન્માર્ગે દોડનારું છે. બેઠા હોઈએ મંદિર - ઉપાશ્રયમાં અને જાય ઘર-પેઢી - બજારમાં હાથમાં નવકારવાલી હોય અને ચારે બાજુ ભમ્યા કરે. જે હિત કે અહિતનો વિચાર કર્યા વિના પ્રવૃત્તિ કરે તે સાહસિક કહેવાય છે. તેમ મન પણ ઉચિત કે અનુચિતનો વિચાર કર્યા વિના જ પ્રવૃત્તિ કરે છે. આવા દુર્જય મનને જીતવા માટે જ જ્ઞાનિની આજ્ઞા મુજબ ધર્મ કરવાનો છે. એક કવિએ પણ મનની દુર્જયતા બતાવતાં કહ્યું છે કે -

''ઘગઘગતી મધ્યાહ્ને મહાલે, સાંજ પડે ચકળાતું,
કંટક સાથે પ્રીત કરે ને પુષ્પોથી શરમાતું
ઓ મન ! તું જ નથી તમજાતું. ૧
લોહતણી સાંકળના બંધે, પળભર ના બંધાતું,
લાગણીઓના કાચા દોરે, જીવનભર જકડાતું,
ઓ મન ! તું જ નથી સમજાતું... '' ૨

મન એવું વિલક્ષણ છે કે જેઓ પોતાના મનની ગતિવિધિને સક્ષ્મ દૃષ્ટિથી જોવામાં સાવધ છે અને ઉન્માર્ગે જતાં મનને રોકે છે તેમને પણ મન અવસર મળે ઠગે છે. જે યોગીપુરૂષો પણ મનને સ્થિર કરવા ઉદ્યમિત છે તેમને પણ છળીને અનિષ્ટ વિષયો તરફ દોડી જાય છે. કેટલાંક મનને જીતવા કાય કલેશ કરે છે તેમનું મન પણ ભોગો તરફ દોડી જાય છે. જે સાધક સાવધાન થઈને પોતાના મનને સમતા સુધાથી સીંચે છે તેમનું મન પણ બેકાબુ બનીને રાગ-દ્વેષના મલથી આત્માને મલીન કરે છે. જેઓ અનાચારથી દૂર રહેવા સંકલ્પ કરે છે તેમનું મન પણ

તેમને અનાદારના કીચડમાં ફસાવી દે છે. જેઓ મનને આધીન બની તેના કહ્યા પ્રમાણે જીવે છે તેમની વાત જવા દો પણ જેઓ મનને સ્વાધીન કરવા પ્રયત્નશીલ છે તેમની આ વાત છે. માટે જ આત્માનુશાસન કરવા ઈચ્છનારા સાધકે મન પર વિજય કરવો જરૂરી છે.

કારણ કે, પરમહિતૈષી પુરૂષો ફરમાવે છે કે ''मन एव मनुष्याणां कारणं बंध मोक्षयो : '' મન એ જ મનુષ્યોને માટે બંધન અને મુક્તિનું પ્રધાન કારણ છે અને આ અંગે શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિનું દૃષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે.

મનોનિગ્રહ ને શાસ્ત્રીય પરિભાષામાં 'મનોગુપ્તિ' પણ કહી છે. જે મનોગુપ્તિ પ્રવૃત્તિ અને નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. મનોગુપ્તિથી જીવને શું લાભ થાય છે ? તે માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ માં અધ્યયનમાં ખુદ શ્રી મહાવીર પરમાત્માએ પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામિ મહારાજાને કહ્યું છે કે - ''હે ગૌતમ ! મનોગુપ્તિથી જીવને એકાગ્રતાની પ્રાપ્તિ થાય છે.'' એકાગ્ર મનવાળો જીવ સંયમનો આરાધક બને છે. સમાધિમાં મગ્ન મન જ્યારે એકાગ્ર બને છે ત્યારે જીવને જ્ઞાનની અપૂર્વ જ્યોતિના પ્રકાશ થાય છે અને આત્મજ્ઞાનની શક્તિને પામેલો જીવ સમ્યક્ત્વ મોહનીય મિશ્રમોહ અને મિથ્યાત્વની નિર્જરા કરે છે.'' વળી વિવિધ શાસ્ત્રકાર પરમર્ષિઓએ મનની એકાગ્રતાના જે ફલ બતાવ્યા તથા વિવિધ રીતના સમજી શકાય છે કે સંયમની આરાધના, આત્મજ્ઞાનની પ્રાપ્તિ, સમ્યક્ત્વની નિર્મલતા અને મિથ્યાત્વની નિર્જરા માટે પણ મનોગુપ્તિ, મનોનિગ્રહ કેટલો જરૂરી છે. દુર્જય એવા મનને જીતવું કઠીન - કપરૂં જરૂર છે પણ અસંભવ તો નથી જ. કારણ ઉપકારી ભગવંતો કયારેય પણ અશક્ય - અસંભવિત વાતનો ઉપદેશ આપે. જ નહિ, હંમેશા શક્ય - સંભવિત વાતનો જ ઉપદેશ આપે માટે તો મનને વશ કરવા નવપદનું આલંબન લેવાનું પણ જણાવ્યું છે. મનની એકાગ્રતા વિના જીવને કયારે પણ સાચી શાંતિ કે સમાધિનો અનુભવ થવાનો નથી. મનની એકાગ્રતા અપૂર્વ આત્મસુખની વાત્સલ્ય - ગમાળ જનની છે. મનની એકાગ્રતાને માટે કષાયનો વિજય અને ઈન્દ્રિયોનો સંયમ પણ ખૂબ જ જરૂરી છે.

માટે જ મહાપુરૂષો ભારપૂર્વક આપ્તભાવે સોનેરી શિખામણ આપે છે કે - ''ઈન્દ્રિયોનો સંયમ સદ્ગતિનો માર્ગ છે અને ઈન્દ્રિયોનો અસંયમ દુર્ગતિનો માર્ગ છે.'' બેકાબુ બનેલી પાંચે ઈન્દ્રિયોના ત્રેવીશ વિષયો રૂપી વાસનાના વેરાન વનમાં મદોન્મત્ત બનેલા વનહસ્તીના જેવી જીવની દયાનીય હાલત થાય છે. માટે તો ઈન્દ્રિયોને મોહની દૂતી કહી છે જે જીવને સંસારમાં જ જકડી રાખે છે. ઈન્દ્રિયોને આધીન બનેલાની વાતો લખતાં લખતાં પણ લેખીની લાજે, સાંભળતાં કાન પણ શરમાય. એક એક ઈન્દ્રિયને વશ થયેલા શ્રવણમાં હરણિયા ચક્ષુ રૂપમાં પતંગિયા, ઘ્રાણમાં ભ્રમર, રસનામાં મીન, માછલાં અને સ્પર્શમાં હાથી વિનાશને પામે છે. તો પાંચે પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં તીવ્ર આસક્તિ ને રાખનારા મનુષ્યોની તો કેવી દુર્દશા થાય તે સ્વયં વિચારવું જોઈએ.

પાંચે ઈન્દ્રિયોના વિષયમાં તિર્યંચોનું દૃષ્ટાન્ત આપ્યું છે તે જ સૂચિત કરે છે કે, બિચારા તિર્યંચો તો અજ્ઞાન અને વિશિષ્ટ વિવેકથી રહિત છે. જ્યારે મનુષ્યો તો જ્ઞાની અને વિશિષ્ટ વિવેકથી વિભૂષિત છે. વિવેકને ત્રીજું લોચન પણ કહ્યું છે. શાસ્ત્રકાર પરમર્ષિઓ જેમને પ્રશસ્ત પથ પ્રદર્શિત કરી રહ્યા છે તે મનુષ્યો પણ જો ઈન્દ્રિયોની આધીનતાના કારમા ગુલામ બની પશુ - પક્ષીની જેમ પોતાના મરણને સાદર આમંત્રિત કરે તો તેના જેવી આશ્ચર્યની વાત બીજી કઈ ! જે ખાઉધરો - એકલપેટો હોય, કામ ભોગમાં જ આસકત હોય તેને પશુની પણ ઉપમા અપાય છે તે આ કારણે !

ઈન્દ્રિયોનો નિગ્રહ કરવાનો આશય એ નથી કે રોગની જેમ તેને દબાવવામાં આવે કે વિષયોમાં તેની પ્રવૃત્તિ ન જ થાય. પણ ઈન્દ્રિયોને જીતવાનો અર્થ એ છે કે ઈન્દ્રિયોના વિષયોમાં અનુકૂળ વિષયો મળે તો રાગ ન કરે અને પ્રતિકૂળ વિષયો મળે તો દ્વેષ ન કરે પણ વસ્તુના યથાર્થ સ્વરૂપનું ચિંતન કરી ઈન્દ્રિયોને જીતે. ઈષ્ટ - અનુકૂળ અને મનોજ્ઞ ભોજન મળે તો વખોડે નહિ અને અનિષ્ટ - પ્રતિકૂળ અને અમનોજ્ઞ ભોજન મળે તો વખોડે નહિ પણ સમતાનું અવલંબન લઈ સ્થિરતાને પામે તે રસનેન્દ્રિયનો વિજય કહેવાય. તે જ રીતના દરેક ઈન્દ્રિયોનો વિચાર કરવો જોઈએ. અર્થાત્ ઈન્દ્રિયોના વિષયમાં મનની રાગાત્મક કે દ્વેષાત્મક પરિણતિ ન થાય તેનું નામ જ ઈન્દ્રિયનો વિજય કહેવાય.

ઈન્દ્રિયોની પરાધીનતા અને સ્વાધીનતાનું ફલ બતાવતાં 'શ્રી સંવેગ રંગ શાળા' ગ્રન્થમાં (ગા. ૪૦૫૯ થી ૪૦૬૬માં) પણ કહ્યું છે કે -

''एक्केक्को य इमेसिं विसेयाण, विणासमाण हवेण्ण पमो।
केमं पुण तस्स कहं, पंच वि जो सेवए जुंगवं ॥४०६८॥

વિષની ઉપમાવાળો એક એક ઈન્દ્રિયનો વિષય પણ જો તે તે જીવનો નાશ કરવા સમર્થ છે તો જે આત્મા એક સાથે પાંચે ઈન્દ્રિયોના વિષયોને (મજેથી, તીવ્ર આસકિતથી) સેવે તો તેનું ક્ષેમ-કુશળ કલ્યાણ કયાંથી થાય ?

આજ્ઞામાં મુક્તિ

વહાણવટું કરવામાં હોશીયાર અને દેશ-પરદેશ ફરી ધંધો - વેપાર કરવામાં પાવરધા એવા એક પરદેશીને અવનવા પક્ષીઓ પાળવાનો સંગ્રહ કરવાનો શોખ હતો. જ્યાં જ્યાં વેપારઅર્થે જતો ત્યાંથી અનેક નાના પ્રકારના પક્ષીઓને પકડી મંગાવતો અને પાંજરામાં પુરી રાખતો. એકવાર વેપારઅર્થે ભારત આવવાનું થયું સાથે લાવેલા કરીયાણા, મરી-મસાલાદિના વેપારનું કાર્ય પૂર્ણ થયા બાદ એક જંગલવાસીનો ભેટો થયો. પક્ષીઓ પાળવાની, સંગ્રહ કરવાની અને અવનવા પક્ષીઓ નીરખવાની ભાવના વ્યકત કરી આથી જંગલવાસી તે પરદેશીને જંગલમાં લઇ ગયો. ભોમિયા જંગલવાસીએ તેને જુદા જુદા પ્રકારના અનેક પક્ષીઓ દેખાડયા. અનેકનો પરિચય પણ કરાવ્યો. તેમાંથી મનગમતા એક પક્ષીને પકડી લાવવા માટે તે જંગલવાસીને વિનંતી કરી ભોમિયો પણ પળ બે પળમાં તે પક્ષીને પકડી લાવ્યો.

પક્ષીને ગ્રહણ કરતાં વેપારીએ તે જંગલવાસીના હાથમાં ભેટણું મુકયું. વેપારી અને જંગલવાસી બન્ને એક બીજાના ઉપકારોની પ્રશસ્તિ ગાતાં ગાતાં પાછા વળ્યાં. પરદેશી પણ પક્ષીને લઈને પોતાના દેશમાં ગયો. સુંદર મજાનું પારણું બનાવ્યું. સર્વ પક્ષીઓની સાથે તેને ભેળવી દીધું. નવા આંગતુક પક્ષીની સારી એવી સાર સંભાળ લેવા માંડયો. પ્રેમ પૂર્વક તેનુ પોષણ કરવા લાગ્યો. પરદેશી પક્ષીઓની ભાષા જાણતો હોવાથી તેની સાથે કલાકના કલાકો ગાળતો. પક્ષી પોતાના અનુભવની વાતો સંભળાવીને પરદેશીને ખુશ કરતો પરંતુ પક્ષીને ચેન પડતું નથી. જાણો છો ને ? કેમ તે સુખી નહોતું ?

થોડો કાળ પસાર થયો ન થયો ને ફરી પાછો પરદેશી વેપાર કરવા જવાની તૈયારી કરવા લાગ્યો. દરેક પક્ષીઓની સાર સંભાળ રાખવા માટે એક અંગત માણસની નિયુકિત કરી. દરેક પક્ષીઓ પાસે જઇ જઇને તેની રૂચિ અરૂચિ જણાવવા લાગ્યો.

ભારતના પક્ષીને વાત્સલ્યથી પંપાળતા બોલ્યો હે પક્ષીરાજ ! હું મારા દેશમાં જાઉં છું. તમારે તમારા મિત્રોને બંધુઓને કાંઇ કહેવરાવવું છે ? મારા મિત્રોને - બંધુઓને કહેજો કે 'મારા માલિક મને પ્રેમથી રાખે છે. અલક મલકની વાતોથી મારા દિવસો આનંદથી પસાર થાય છે. પરંતુ તમારા સૌની યાદ સમયે અને હર પળે આવે છે. હરકોઇ પ્રવૃતિની શુભ શરૂઆતે તમારી યાદ ખૂબ જ સતાવે છે. યાદ આવતા પૂર્વે કરેલી મોજમઝા નજર સમક્ષ ખડી થઇ જાય છે.''

પરદેશી ભારત આવ્યો. પોતાનો વ્યાપાર-ધંધો અને અન્ય કામો પૂર્ણ કર્યા બાદ પેલા જંગલવાસીને લઇ પરદેશી તે જ સ્થાને ગયો. જે સ્થાનેથી પક્ષીને મેળવ્યું હતું તે સ્થાને આવી, ગેલ કરતાં પક્ષીઓને ઉદ્દેશી પરદેશીએ પાંજરાના પક્ષીનો સંદેશો સંભળાવ્યો.

આ સાંભળી એક વૃદ્ધ પક્ષી વૃક્ષ પરથી ધડામ દઈને નીચે પડયું. પરદેશી અને જંગલવાસી બન્ને સમજ્યા પેલા મિત્ર-બંધુ પક્ષીના સમાચાર - સંદેશાને સાંભળીને આ પક્ષીને આઘાત લાગ્યો છે. તેના કારણે જ તે ઝાડ પરથી નીચે પડયું લાગે છે. કદાચ મરણ પામ્યું હશે.

ચૂપચાપ કાંઇપણ બોલ્યા ચાલ્યા વગર સૌને મનમાં ખેદ કરતાં બન્ને પાછા ફર્યા. જંગલવાસીને રજા આપી પરદેશી પાછો ફર્યો. પરદેશ જઇ સર્વે પક્ષીઓની સાર-સંભાળ લેવાનું કાર્ય હાથ ધર્યું. પ્રેમ પૂર્વક પોષણ કરતો કરતો એ પરદેશી ભારતીય પક્ષી પાસે આવીને ઉભો રહ્યો. વાત્સલ્ય ભર્યા સ્પર્શે તેને પંપાળ્યો ત્યાં જ પોપટે તેને પ્રશ્ન કર્યો ?

તમે સુખેથી આવી ગયા ? મારા મિત્રો - બંધુઓ મજામાં છે ? મારો સંદેશો મારા મિત્રો-બંધુઓને પહોંચાડયો હતો ? પરદેશીએ બનેલી હકીકત કહી ! હકીકત સાંભળતાં જ પેલા વૃદ્ધ પક્ષીની જેમ પિંજરાનું પક્ષી પણ બેસવાની નળી પરથી ધડામ દઈને નીચે પડયું.

પરદેશી આશ્ચર્ય પામ્યો. સાલું આ શું ? દુઃખી થતાં તેણે પાંજરાનું બારણું ખોલ્યું. પક્ષીને નિશ્ચેટ થઈને, પડેલું જોયું. પરદેશી વિચારે છે કે પેલા વૃદ્ધ પક્ષીની જેમ આને પણ જબરો આઘાત લાગ્યો હશે આથી તેને પણ પડતું મુકયું.

પ્રાણ વગરનું પક્ષી જાણીને પરદેશીએ તેને પાંજરામાંથી બહાર કાઢયું. અવકાશ પ્રાપ્ત થતાં જ પાંખો ફફરાવતું તે નીલગગન તરફ ઊડી ગયું.

પેલા વૃદ્ધ પક્ષીને કાંઇ આઘાત લાગ્યો નાતો, કાંઇ તે પડયું નહોતું, કે કાંઇ તે મૃત્યુ પામ્યું નહોતું. એણે તો મુકત થવાનો મુક સંકેત આપ્યો હતો. આ સંકેતના ભાવાર્થને પાંજરાના પક્ષીએ તરત જ અમલી બનાવી દીધો.

જેવું પરદેશીએ કહ્યું, એક વૃદ્ધ પક્ષીએ તારી વાત સાંભળી કે તું એમની યાદમાં બેચને છે. એમની યાદમાં તું ઝુરે છે ત્યારે તે વૃક્ષ પરથી નીચે પડયું અને મરી ગયું. ને શબ્દોનું ઉચ્ચારણ થતાંની સાથે જ આ પક્ષીએ પણ તે જ ક્રિયા કરી અને મુકત થયું.

વૃદ્ધ પક્ષીની આજ્ઞાનો સંકેત હતો કે તારે મુકત થવું હોય તો મારી જેમ કરજે. એમ, સદ્‌ગુરૂની આજ્ઞાનો સંકેત જે સમજે તે મુકત થાય છે.

''આજ્ઞા'' ભય, જન્મ, જરા અને મરણોના કારણોને પ્રતિબંધ છે. માનવી પોતાની કલ્પનાથી ત્યાગ, નિયમ, સંયમ

એ સમત ભાવ કેળવવાનો પ્રયાસ કરે છતાં પણ પોતાનું બળ અતિ અલ્પ હો થી તેમાં શિથિલતા કે પ્રમાદ આવી જાય છે. અથવા વિસ્મૃતિ પણ થઈ જાય છે. પરંતુ જો સદ્‌ગુરૂઓના પરિચયમાં આવ્યા હ દ, તેઓની વાણી સાંભળ્યા બાદ, સમજાવ્યા બાદ કદાચ તેઓ નિ કામભાવે આજ્ઞા કરે - વત્સ, નિરપરાધિ જીવને મારશો નહિ, ખ ટું બોલશો નહિ, પૂછ્યા વગર કોઈની પણ ચીજ લેશો નહિ, અબ્રહ્મ સેવશો નહિ, પરિગ્રહ રાખશો નહિ, રાખવો પડે તો પરિમાણ કરજો. આહાર સંજ્ઞાને કાબુમાં રાખજો, વ્યસનથી મુકત રહેજો, મોહનીય કર્મથી પાછા ફરજો, રાગદ્વેષથી દૂર રહેજો, સર્વ જીવો પ્રત્યે ક્ષમા ભાવ રાખજો, આત્મા ભાવમાં રા જો આદિ આજ્ઞાઓ રોમેરોમમાં વ્યાપી જાય તો ભવનો પ્રતિબંધ થાય અને મુકિત જલ્દી પામી જવાય.

- પ્રી વિરાગ

આત્મ પ્રબોધ પ્રસંગો

'ધર્મજ પ્રધાન' માનનારાની મનોહર મનોદશાઃ

પૂ. સા.શ્રી અનંતગુણાશ્રીજી મ.

શ્રાવક મા-બાપ હંમેશા પોતાનાં સંતાનોના આત્માના હિતની ચિંતા પ્રધાન કરતાં હોય છે. કર્મ સંયોગે સંસાર મંડાવવો પણ પડે, લગ્ન કરાવવા પણ પડે તો પણ પોતાના સંતાન ધર્મથી હિત ન બને તેની કાળજી રાખતા હોય છે. ધર્મજ જીવનમ પ્રધાન માને તેવા આત્મા ધન-વૈભવ-સુખસાહાબી સગવડ ને પ્રધાનતા નથી આપતા પણ ધર્મના વારસાને જ પ્રધાનત આપે છે. દુન્યવી સુખ સાહાબી મળે કે જાય તેની ચિંતા નથી હો ી પણ માંડ માંડ ચિંતામણિ રત્નથી પણ દુર્લભ એવો જે ધર્મ મલ્યો તે ન જવો જોઈએ. ધર્મ આગળ બધું જ તુચ્છ લાગે છે.

આપણે ત્યાં સુભદ્રા સતીની વાત સુપ્રસિદ્ધ છે. આજે તો આપ ણ માત્ર પ્રાસંગિક વાતનો વિચાર કરવો છે. લગ્ન યોગ્ય વયને થ યા છતાં હજી તેના લગ્ન કર્યા નથી. સખીઓ સાથે મધ્યાહ્ન સમયે પોતાના વૈભવને ઉચિત વેષભૂષા સામગ્રી સાથે પૂજા કર વા જઈ રહી છે.

એક બૌદ્ધમતના અનુયાયી યુવાને તેને જોઈ તેના ઉપર ગાઢ રાગ ઉત્પન્ન થયો. તેના પિતા પાસે તેની માગણી કરી. પણ આ મેથ્યાદૃષ્ટિ છે તેથી તેના પિતા શ્રાદ્ધવર્ય જિનદાસ શ્રાવકે ના આપ . ભાગ્યશાલીઓ ! વિચારો, ધર્મ હૈયામાં પરિણામ પામે તેવ પુણ્યાત્માની મનોદશા કેવી સુંદર હોય છે. જે આજના પસંદગી ના કાળમાં આપણા હૈયામાં સમજાશે નહિ. આપણને આ વાત ગાહિયાત લાગશે. ધર્માત્મા સંસારમાં રહેવા છતાં પણ સંસારથી પર હોય છે તેનું કારણ વિચારતા સમજાય તેવી આ વાત છે.

બલાને આના ઉપર એવો ગાઢ રાગ પેદા થયેલો તેથી નકકી ક ્યું કે 'પરણું તો આને જ !' રાગના કારણે કપટથી શ્રાવક બ ન્યો અને સાધુઓ પાસે શ્રાવકના આચારો બરાબર શીખી લ ધા. જો દુન્યવી વસ્તુનો રાગ આત્માને આવો ઉદ્યમિત બનાવે ત ખરેખર મુકિતનો રાગ પેદા થાય તો આત્માને ઉત્તમતા આપોઆપ ખીલી ઊઠે તેમાં નવાઈ છે ખરી ?

ખરેખર તો આ કપટથી શ્રાવક થયેલો પણ જેમ જેમ સમજતો થયો તેમ તેમ સાચે સાચું ભાવથી શ્રાવકપણું પરિણામ પામ્યું આનો અર્થ એવો ન કરાય કે **મનગમતી મહારાણી મેળવવા કપટથી પણ શ્રાવક થવાય!! કે દુન્યવી ચીજ - વસ્તુના રાગથી પણ ધર્મ કરાય** ! અજ્ઞાની-અવિવેકી જીવો ભલે આવું રાગનું નાટક કરે પણ જ્ઞાની - વિવેકી - સમજુ આત્મા તો આવા રાગથી સેંકડો જોજન દૂર જ રહે ! આવા રાગને નવગજના નમસ્કાર કરે. તેઓ તો પોતાની રાગની આધીનતાથી રડતા હોય છે અને રાગને રડાવવાની મહેનતમાં હોય છે તેમાં કાંઈ રાજીપો માનતા નથી.

આને સાચો શ્રાવક જાણી મહાસતી સુભદ્રાના પિતા શ્રી જિનદાસ શ્રાવકે સુભદ્રાના લગ્ન તેની સાથે કર્યા અને એક જ સલાહ આપી કે, ''તારે ત્યાં મારી દીકરીને જુદા ઘરમાં રાખજે કેમકે, વિધર્મી સાસરામાં મારી દિકરી પોતાના ધર્મની આરાધના સુખરૂપ સારી રીતના શાંતિથી કરી શકે !''

સુજ્ઞ વાચકો ! સમજાય છે ને કે, શ્રાવક સલાહ પણ કેવી આપે છે! મોજમજા કરવા, સાસુ, સસરાદિની સેવા ન કરવી પડે માટે જુદા રહેજો તેમ કહે છે કે ધર્મની આરાધના સારી રીતના કરાય માટે જુદા રહેવાની સલાહ આપે છે ! તે પણ અન્ય ધર્મી હતા માટે. વર્તમાનમાં આપણે શું કરી રહ્યા છે તેને જોવા - વિચારવા અને તેને જ પુષ્ટ કરવાને બદલે ખરેખર આપણે શું કરવાની જરૂર છે તે વિચારવાની તાતી જરૂર છે. ધર્મ જીવનમાં પ્રધાન આવે ત્યારે આવી માર્ગસ્થ દશા આવે. કમમાં કમ આવી દશાને પામીએ, પામવા પ્રયત્ન કરીએ તો જ આપણા કથાનકો, મહાપુરૂષોના પાત્રો, આપણને લાભદાયી બનશે. બાકી આપણે તેમાંથી ફાવતી વસ્તુ લઈ તેમના નામની પણ આશાતના કરીશું. આવી દશા ન થાય માટે આ પ્રયત્ન છે.

પૂ. તપસ્વી મુ. શ્રી વિશ્વકિર્તી વિજયજી મ.નો સમાધિપૂર્વક કાળધર્મ

પરમ પૂજ્ય પરમશાસન પ્રભાવક - વ્યાખ્યાન વાચસ્પતિ - સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સુવિનીત શિષ્યરત્ન તપસ્વીરત્ન અપ્રમત્ત આરાધક મુનિરાજ **શ્રી વિશ્વકીર્તિવિજયજી** મ. ગત જેઠ વદ પ્ર.૧, શનિવાર તા. ૧૭-૬-૨૦૦૦ના રોજ અમદાવાદ - પાલડીયાની પોળમાં આરાધના ભવન ઉપાશ્રયમાં સાંજે ૫-૦૫ કલાકે અપૂર્વ સમાધિ સાથે કાળધર્મ પામ્યા છે.

સ્વ. મુનિશ્રીનું શ્રાવકજીવન તથા સાધુજીવન ઉત્કૃષ્ટ કોટિનું અને અનુમોદનીય હતું. મુનિશ્રીના જીવન ઉપર પૂ. સ્થવિર શાંતતપોમૂર્તિ, દીર્ઘચારિત્રી, આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજાનો (બાપજી મ.) તથા પૂ. પરમશાસન પ્રભાવક સુવિશુદ્ધ મોક્ષમાર્ગના પ્રરૂપક પ્રવચન પ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો અવર્ણનીય ઉપકાર પથરાયેલો હતો. તે પૂજ્ય પુરૂષોના પ્રતાપે જ તેઓને સદ્ધર્મની પ્રાપ્તિ અને સદ્ધર્મની પરિણતિ પ્રાપ્ત થઈ હતી. પૂ. આ. શ્રી વિજયકર્પૂર સૂ.મ., પૂ. આ. શ્રી વિજયઅમૃત સૂ.મ. પાસે દિક્ષા ન લેવાય ત્યાં સુધી છ વિગઈનો ત્યાગ કર્યો હતો. ૨૦૨૦માં પેટક થયો ત્યારે પકખી વખતે પૂ. શ્રી પાસે ખાસ પ્રતિક્રમણ કરવા આવ્યા હતા એવા શ્રદ્ધાળુ હતા.

માત્ર ૩૦ વર્ષની વયે સજોડે ચતુર્થવ્રત સ્વીકાર, લગાતાર ૮૩ વર્ષીતપ, તેમાંય ૨૦ વર્ષીતપમાં ૬ વિગઈઓનો ત્યાગ, લગભગ સળંગ ૬૮૦ અઠ્ઠમો, શ્રી અંજનશલાકા - પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના સુવિશુદ્ધ વિધિવિધાનો કરાવવા, પરમતારક ગુરૂદેવશ્રીજીની નિશ્રામાં વતન રાજપરા (ભાવનગર)થી શ્રી શત્રુંજય ગિરિરાજનો છ'રીપાલક સંઘ ઇત્યાદિ અનેકાનેક કાર્યો દ્વારા તેમણે જીવન ઉત્કૃષ્ટ બનાવ્યું હતું અને એના જ પરિપાકરૂપે ચારિત્ર મોહનો ક્ષયોપશમ થતાં ૫૯ વર્ષની વૃદ્ધ વયે સં.૨૦૨૬ કારતક વદ ૪ના તમણે સંયમ જીવનનો સ્વીકાર કર્યો હતો.

છેલ્લા અમુક વર્ષોથી વાર્ધકયની અસર ઠીક-ઠીક દેખાવાથી તેઓ અમદાવાદ, પાલડીયાની પોળના આરાધના ભવનમાં સ્થિરતા કરીને રહ્યાં હતાં. તેમાં જૂનો ટી.બી., ન્યુમોનીયાની અસર, કફનો ભરાવો, શરીરના આંતરિક તંત્રોમાં ભયજનક ઘસારો વગેરે વ્યાધિ - રોગોથી તેમનો દેહ ઘેરાયો હતો. અમુક સમય પૂર્વે જીવન દીપ બુઝાતાં બુઝાતાં રહી ગયો હતો, તેમાં છેલ્લાં ૨૦-૨૫ દિવસમાં તો શારીરિક સ્થિતિ ગંભીર વળાંક લઈ રહી હતી. છતાં ય ત્યારે તેઓની આંતરિક જાગૃતિ અનુમોદનીય કોટિની હતી.

સતત જેઓની ટ્રીટમેન્ટ ચાલી હતી એવા ડૉ. કીર્તિભાઈ શાહ (M.D.) ને અવારનવાર તેઓ કહ્યા કરતાં કે 'મારા સાધુ જીવનને વાંધો આવે એવું કશું જ તમે કરતાં નહિ.' જેઠ વદ પ્ર.૧ના સાંજે ૫-૦૫ કલાકે વિશાળ સંખ્યામાં ચતુર્વિધ શ્રીસંઘની હાજરીમાં ૩૧ વર્ષનો સંયમ પર્યાય પાળીને ૯૯ વર્ષની વયે શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતાં કરતાં અપૂર્વ સમતારસમાં નિમગ્ન બનીને તેઓએ સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો.

તેઓની સમાધિને જીવંત રાખવામાં મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી તથા પંન્યાસશ્રી જિનયશવિજયજી ગણિવર, મુનિરાજ શ્રી મુકિતયશવિજયજી, મુનિરાજશ્રી નયનવર્ધનવિજયજી ગણિવર, મુનિરાજશ્રી બોધિરત્નવિજયજી, મુનિરાજશ્રી ખ્યાતદર્શન વિજયજી, મુનિરાજશ્રી ચૈતન્યદર્શન વિજયજી વગેરે અનેક મુનિવરોએ તેમની સેવા-ભક્તિ અને નિર્યામણામાં જરાય કચાશ રાખી ન હતી.

છેલ્લે તેમનો કાળધર્મ થતાં - સમાચાર સર્વત્ર ફેલાયા હતા. તેમના સંયમપૂત-દેહના દર્શન કરવા લાંબા સમય સુધી ભાવિકોનો પ્રવાહ ચાલુ રહ્યો હતો. બીજા દિવસે ૧૧-૦૦ કલાકે જરીયન પાલખીમાં તેમને પધરાવી અંતિમયાત્રા નીકળી હતી. તે પ્રસંગે સમયાનુરૂપ ઉછામણી પણ સુંદર થવા પામી હતી.

તેઓના કાળધર્મના સમાચાર મળતાં જ પૂ. આ. ભ. શ્રી સુદર્શનસૂરિ મ.સા. પધાર્યા હતા. આ.શ્રી વિજય પ્રભાકરસૂરિજી બીજા કાર્યો પડતા મૂકીને આવી પહોંચ્યા હતાં. પૂ. આ. ભ. શ્રી મિત્રાનંદ સૂરીશ્વરજી મ.સા. તરફથી મુનિરાજશ્રી ભવ્યદર્શનવિજયજી ગણિવર આવ્યા હતા. મુનિરાજશ્રી હિતરૂચિવિજયજી પણ આવ્યા હતા. તેઓના અંતિમ દર્શને સુશ્રાવક શ્રેણિકભાઈ કસ્તુરભાઈ શેઠ વગેરે ઘણા ઘણા ભાવિકો આવ્યા હતા. તા. ૧૯-૬-૨૦૦૦ના, જેઠ વદ-૨ના રોજ આરાધના ભવન ખાતે ગુણાનુવાદની સભા યોજાઈ હતી.

આવા એક અજોડ આરાધક મહાત્માનો વિદાય થતાં આપણે એક અનુપમ આરાધક આત્મા ખોયો છે.

અંતે તેઓના ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદના....

સમાચાર સાર

દિલ્લી, માનસરોવર (મંડાર સોસાયટી)માં અષ્ટપ્રકારીમાં અભૂતપૂર્વ ઉછામણી

અત્રે મહની સ્થાપના ભદ્રંકરનાથ તીર્થ (પૂ. પી.) જૈન દેરાસરના [illegible] પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **દર્શન રત્નસૂરીશ્વરજી** મહારાજ, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી **ભાવેશરત્ન વિજયજી મ.**, પરમ પૂજ્ય મુનિરાજ શ્રી **પ્રશમરત્ન વિજયજી મ.** તથા બાલમુનિની નિશ્રામાં સંઘે ભૂજ ખાતે કરેલ. સામૈયું, ગહુલી, પોખણા, અષ્ટપ્રકારી પૂજા ઉછામણી પૂર્વક કરેલ. તેમાં પણ દિલ્લી માનસરોવર (મંડાર સોસાયટી)માં તો અષ્ટપ્રકારી પૂજાનો જ દોઢ લાખની ઉછામણી [illegible] કેર્ડ સ્થાપિત થયેલ. પછી **ગુજરાત એપાર્ટમેન્ટ** તથા રોહિણી સોસાયટી દિલ્લીમાં પણ પૂજ્યપાદ શ્રીની નિશ્રામાં અપૂર્વ આનંદ સાથે [illegible] થયેલ. પૂજ્યશ્રીનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ - ૧ તા.૨-૭-૨૦૦૦ને ચાંદની ચોક, દિલ્લીમાં થયો.

આચાર્યશ્રી વિજય ભુવન તિલક સુરિજી મહારાજ પુણ્યતીથિ સમારોહ

અમદાવાદ : તપસ્વી આચાર્ય ચારિત્રેણસુરિજી ઠાણા પાંચ [illegible] યમો વાગીન્દ્રપૂણ કવિ કુલ કૌટિટ સંસ્કૃત વિશારદ વિદર્ભ [illegible] આચાર્ય શ્રી વિજય ભુવન તિલક સુરિજી મ.ની ૩૦મી સ્વર્ગ [illegible] નગર લકિભાઈની વાડી, બન્ને સ્થળે ભક્તિ ભાવથી [illegible] ઉજવણી નમસ્કારમ્ સમુહ સામાયિક આયંબિલ બહુમાન પ્રભુ [illegible] ભાવનાથી ઉજવવામાં આવેલ.

[illegible] જિનાલયે ધ્વજા ઉત્સવ અત્રે અઢાર અભિષેક [illegible] નવ દિવસી જમણ, આંગી ભાવના સહસ્ત્રત્નત્રયી, ઉત્સવ [illegible] થયેલ. ચાણીનગર જિનાલયે ધ્વજા પ્રસંગે નવકારશી જમણનું [illegible] કરવામાં આવેલ. મહાસુખનગર પૂજ્યશ્રી ચાતુર્માસ [illegible]

સિરોહી : પૂ. આ.શ્રી વિજય કમલરત્ન સુરીશ્વરજી મ.નું [illegible] ચાતુર્માસ છે. ઠે. સુમારબાગ.

ઉમેદાબાદા : (રાજસ્થાન) પૂ. મુ. શ્રી પ્રાજ્ઞરતિ વિજયજી [illegible] ચાતુર્માસ છે.

નાગપુર : ઈતવારી ગુણબ ગલીમાં પૂ. મુ. શ્રી વૈરાગ્ય [illegible] પૂ. શ્રી પ્રશમરતિ વિજયજી મ.નું ચાતુર્માસ પ્રવેશ [illegible] તા. ૯-૭-૨૦૦૦ના ઠાઠથી થયેલ છે.

જોધપુર : સરદારપુરામાં પૂ. આ. શ્રી વિજય સુશીલ [illegible] પૂ. આ. શ્રી વિજય જિનચન્દ્ર સૂરીશ્વરજી મ. આદિનો પ્રવેશ અષાઢ સુદ-૯ તા. ૧૦-૭-૨૦૦૦ના થયેલ છે.

અમદાવાદ : કૃષ્ણનગર મહાસુખનગરમાં પૂ. આ. શ્રી વિજયવારિષેણ સૂરીશ્વરજી મ. આદીનો પ્રવેશ અષાઢ સુદ ૨ સોમવાર તા. ૩-૭-૨૦૦૦ના ઠાઠથી થયો. સામુદાયિક આંબેલ. પંચ કલ્યાણક વિ. થયા.

ઉજ્જૈન (મ.પ્ર.) : ખારાકુવા શ્રીપાલ માર્ગમાં પૂ. પં. શ્રી હર્ષસાગરજી મ. આદિ તથા પૂ. સા. શ્રી અમિતગુણાશ્રીજી મ. આદિ ઠા. ૩૨નો પ્રવેશ અષાઢ સુદ-૨ના ઠાઠથી થયો.

જામનગર : શાંતિભવન આણંદ બાવા મહલ્લામાં પૂ. મુ. શ્રી મુકિત ધનવિજયજી મ. પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. નું ચાર્તુમાસ છે. પ્રવેશ અષાઢ સુદ-૬, શુક્રવાર સવારે ૯ વાગ્યે થશે. તે નિમિતે સામુદાયિક આંબેલ તથા પૂજા રાખેલ છે.

અમદાવાદ : નવરંગપુરા - અ શ્રી પૂ. ગુણિવર શ્રી નયવધનવિજયજી મ. આદનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૬ શુક્રવારે ૮-૧૫ કલાકે થી એન. શાહના બંદાબા નિવાસ થી થશે આ નિમિતે સામુદાયિક આયંબિલ રાખેલ છે.

ભેરૂબાગ જોધપુર : અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ. ઠા. ૭ તથા વિશાળ સાધ્વીવૃંદ અષાઢ સુદ ૯ તા. ૧૦-૭-૨૦૦૦ના મહોત્સવ સાથે પ્રવેશ કરેલ છે.

બાપલામાં ચાતુર્માસ પ્રવેશ

બાપલા (બનાસકાંઠા) : અત્રે પૂ. આ. શ્રી વિજય જિનચંદ્ર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી સંયમરતિ વિજયજી મ., પૂ. પં. શ્રી યોગતિલક વિજયજી મ. ઠા. ૮નું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૨ સોમવાર તા. ૩-૭-૨૦૦૦ના ઠાઠ-માઠથી યોજાયેલ.

ચિંચવડ સ્ટેશન : અત્રે પૂ. ગુણિવર શ્રી રત્નસેન વિજયજી મ. નું ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ-૨ના થયો. અને આગમ તત્વજ્ઞાન શીબ્રે તથા માતાપિતા પુસ્તકનું વિમોચન થયું.

મુરબાડ (કલ્યાણ) : અત્રે પૂ. [illegible] મ. શ્રી વિજયરામચંદ્ર સૂ. મ. ની મૂર્તિનો નગર પ્રભાવ તથા [illegible] આ. શ્રી વિજય અમર ગુપ્ત સૂરીશ્વરજી મ. ના સમાધિપુર્વક કાલધર્મ તથા તેઓશ્રીના સંયમ જીવનની અનુમોદનાર્થે મુરબાડમાં દીક્ષિત થયેલા પૂ. આ. શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મ., પૂ. આ. શ્રી વિજય કિર્તિયશ સૂરીશ્વરજી મ. ૨૫ વર્ષ બાદ મુરબાડ પધારતાં તેઓનો નિશ્રામાં ત્રણ દિવસનો ભક્તિ મહોત્સવ વૈ. વદ ૦)) થી જેઠ સુદ ૨ સુધી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદીપૂર્વક ઉજવાયો.

જામનગર : શાંતિભવન, આણંદબાવા ચકલામાં પૂ.મુ. શ્રી મુકિતધન વિજયજી મ., પૂ.મુ. શ્રી પુણ્યધન વિ.મ.નું ચાતુર્માસ છે, પ્રવેશ અષાઢ સુદ ૬ શુક્રવારે સવારે ૯.૦૦ કલાકે થયો. તે નિમિતે સામુદાયિક આયંબીલ તથા પૂજા રાખેલ.

અમદાવાદ : નવરંગપુરા અત્રે પૂ. ગણીવર શ્રી નયવર્ધન વિ. મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ શુક્રવારે ૮.૦૦ કલાકે સી.એમ. શાહના નિવાસ સ્થાનેથી થયો આ નિમિત્તે સામુદાયિક આયંબીલ રાખેલ.

જામનગર : ઓસવાળ કોલોની - અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિ. મ. આદિ તથા પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિનો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૬ ના થયેલ છે. પૂ. તપસ્વી મુ. શ્રી હેમેન્દ્રવિજયજી મ. ના ૧૦૮ અઠ્ઠમ નિમિત્તે સામુદાયિક અઠ્ઠમ અષાઢ સુદ ૧૩ - ૧૪ - ૧૫ ના થશે પુનમના તેમના સંસારી પિતાશ્રી તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થશે.

લાખાબાવળ : અત્રે શ્રી શાંતિનાથજી જિનમંદિરની ૪૬ મી વર્ષગાંઠ તથા અત્રે જમીનમાંથી મળેલ શ્રી શાંતિનાથજી આદિ ત્રણ બિંબોની પ્રતિષ્ઠા ૧લી વર્ષગાઠ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિ.મ. આદિ તથા પૂ. પ્ર. સા. સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. આદિની નિશ્રામાં ઠાઠથી ઉજવાઈ. ઉત્સવ તથા સાધર્મિક વાત્સલ્ય વિ. વર્ષગાંઠ ઉજવણીનો લાભ શાહ કાલિદાસ હંસરાજ નગરીયા પરિવાર તરફથી હતો. ૧૮ અભિષેક થયા ધજા ચડાવવાનો લાભ (૧) શાહ વીરપાર ઘરમશી ચંદરીયા (૨) શાહ કાલિદાસ હંસરાજ નગરીયા એ લીધો. શાહ લાલા કુંભાણી નાગડા જૈન શ્વે. મૂ. ધર્મશાળાનું ખાત મુહુર્ત તેમના પરિવાર શ્રી દેવચંદભાઈ, હરખચંદભાઈ, વિનોદભાઈ હાથે ઘણા ઉત્સાહથી થયું. સાકરની પ્રભાવના થઈ ૪૫૦ ઉપરાંત સંખ્યા આ બધા પ્રસંગમાં થઈ હતી. જીવદયાની મોટી ટીપ થઈ હતી.

જામનગર : અત્રે જેઠ વદ ૮ રવિવાર તા. ૨૫-૬-૨૦૦૦ ના પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ ઠા. ૫ તથા પૂ. પ્ર. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા - ૬ નો ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે રમણિકલાલ કેશવજી શાહને ત્યાંથી પૂ. શ્રી પધાર્યા ત્યાં તેમણે સંઘપૂજન કર્યુ, સામૈયું દેરાસરે આવી ઉપાશ્રય ઉતર્યુ સામૈયાનો લાભ શ્રી જયંતિલાલ પ્રેમચંદ ચંદરીયા તરફથી લેવાયો. પ્રવચન બાદ જયંતિલાલ પ્રેમચંદ ચંદરીયા, મોતીબેન જેઠાલાલ ચંદરીયા, રળિયાતબેન વેલજી પોપાચંદ તથા ગુલાબચંદ પોપટભાઈ તરફથી શ્રીફળની અને રત્નબેન જુઠાલાલ હરિયા, મોંબાસા તરફથી ૧ રૂપિયાનું સંઘ પૂજન થયું ૫૯૦ ની સંખ્યા થઈ ૧૧ કલાક શાંતિથી પ્રવચન સાંભળ્યું.

બપોરે શાહ જયંતિલાલ પ્રેમચંદ ખીમજી ચંદરીયા પરિવાર તરફથી દાદીમા લક્ષ્મીબેન માતુશ્રી પ્રમીલાબેન જયંતિલાલના શ્રેયાર્થે તથા પૂ જિનેન્દ્ર સૂ. મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. ની દીક્ષા તિથિ તથા શ્રી દીપક જયંતીલાલના જન્મદિન નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાયું. જીવદયાની ટીપ સારી થઈ વિધિકાર શ્રી નવિનભાઈ તથા સંગીતકાર વિમલ જિનેન્દ્ર મંડાવેલ. ૫/- રૂપિયાની પ્રભાવના થઈ ૫૦૦ ઉપર સંખ્યા થઈ હતી.

લાખાબાવળ શાંતિપૂરી : અત્રે પૂ આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિ ઠા -૫ તથા પૂ. પ્ર. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. ઠા - ૬ ની નિશ્રામાં જેઠ સુદ ૨ ની શ્રી શાંતિનાથજી દેરાસરની ૪૬ મી તથા જમીનમાંથી પ્રગટ થયેલા શ્રી શાંતિનાથજીની ૧લી વર્ષગાંઠ શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર થાન-બેંગ્લોર તરફથી ઠાઠથી ઉજવાઈ સુદ - ૧ બપોરે પ્રવચન થયું. સુદ - ૨ સવારે શાહ લાલા કુંભાણી નાગડા પરિવાર તરફથી જૈન ધર્મશાળા ખાતમીન અત્રે દાન મળેલ છે. તેમના પરિવારમાં દેવચંદભાઈ, હરખચંદભાઈ, વિનોદભાઈ આદિને હસ્તે ધર્મશાળાનો પાયો નંખાયો હતો બાદ દેરાસર ૧૮ અભિષેક થયા અત્રે ધજાની બોલી બોલાઈ મૂલ ધજા શ્રીમતી પાનીબેન વીરપાર ઘરમશી ચંદરીયાએ અને પ્રાચીન પ્રતિમાજીની ધજા શાહ કાલિદાસ હંસરાજ નગરીયાએ લાભ લીધો. જીવદયામાં ૧૦ હજાર શાહ કાલીદાસ હંસરાજ નગરીયા પરિવાર, ૫ હજાર શાહ પદમશી વાઘજી ગુઢકા પરિવાર તરફથી લખાયા. ૨૮ હજાર કુલ ટીપ થઈ સાધર્મિક વાત્સલ્યમાં ૨૭૫ સંખ્યા થઈ હતી.

સ્પષ્ટતા

તત્ત્વ નિર્ણયાભાસ લેખ જૈન શાસન અંક નં ૪૧/૪૨ તા. ૨૦-૬-૨૦૦૦માં છપાયેલ છે. તે લેખ લેખકે જોવા મોકલેલ તે તેમની સંમતિ અને જાણ વિના છપાયેલ છે.

- તંત્રી

અશોકભાઈ પુનાવાલા (કાકા) ને રકમ આપશો નહિ

આ ભાઈ ડોળીયા આવેલા અને ત્યાં રહેવા ની દ્રષ્ટિએ વાત કરી પછી જ્ઞાન પ્રચારની વાત વધુ ફાવ. તે માટે રાજકોટ જામનગરના અને પુનાની ઓળખ આપી જામનગરથી પુસ્તકો પહોંચ બુકો લઈને માર્ચમાં ગયા પછી એક બે વખત થાન ફોન આવેલા પરંતુ રકમ કે પહોંચો કે પત્ર કે કંઈ જવાબ નથી કાવીઠાથી પત્ર આવતા ત્યાં તેમણે લવાજમ લીધું છે. તેમ ખ્યાલ આવ્યો માટે લવાજમ કે કોઈ રકમ તેમને આપશો નહિ.

જામનગર
તા. ૨-૭-૨૦૦૦

શ્રી મહાવીર શાસન પ્રકાશન ટ્રસ્ટ

બોધની બોધ

બીજા ધર્મકથી શ્રી નંદિશેષ મુનિ - મુનિપણું છોડી વેશ્યાના ઘરે રહ્યા. ત્યાં રહીને પણ દરરોજ દસ જીવને ધર્મકથા ઉપદેશથી પ્રતિબોધી અને પ્રભુ મહાવીર પાસે મોકલતા આમ ૧૨ બાર વર્ષ (લગી) વીતી ગયાં ૧૨ વર્ષમાં ૪૨ હજાર ૨૦૦ પુરૂષો કે જેઓ વિલાસ માટે વેશ્યાને ત્યાં આવતા તેમને પ્રતિબોધી ભગવાન પાસે મોકલતા તેમનો એવો નિયમ હતો કે કર્મવશે હું તો પતન પામ્યો પણ દશ જણને જ્યાં લગી પ્રતિબોધ ન પમાડું ત્યાં સુધી જમું નહિ અને આ અભિગ્રહ તેમણે પરિપૂર્ણ પાળ્યો.

તેમની પ્રભાવકતાના પ્રતાપે તેમનો પ્રત્યેક્ષ દોષ પણ કોઈ ગ્રહણ ન કરતું કે પોતે તો રંગ - રાગમાં મશગુલ છે ને બીજાને ઉપદેશ આપે છે. ઉલ્ટાનું સહુ એમ વિચારતા કે ખરેખર આ કોઈ અસામાન્ય મહાત્મા છે જે મોહજાળમાં પડવા છતાં આત્માને સાચવીને બેઠા છે પોતાના ગુણોનો નાશ કર્યો નથી માટેજ આવો અપૂર્વ બોધ આપે છે. કાજળની કોઠળીમાં રહેવા છતાં આત્મ સ્વભાવને ઉજળો રાખ્યો છે તેમના આત્માને વારંવાર ધન્યવાદ છે કોઈ સંયોગવશાત આવી ચડયા છે - પણ આમણે તો અમારા જ્ઞાન નેત્રો ઉઘાડી મહાપ્રકાશ આપ્યો છે મોહ સાગરમાં પડયા છતાં તેઓ ડૂબી નથી ગયા આમની તુલના કરી શકાય એવા કોઈ મહાત્મા જણાતા નથી. ખરી વાત તો એમ લાગે છે કે અમ જેવા પાપીઓને તારવા માટેજ આ વેશ્યાના ઘરમાં અમારા માટે નાવ જેવા થઈ આવી ચડયા છે આ સિવાય તો બીજું કારણ જણાતું નથી આમ બધા નંદિશેણની સ્તુતિ કરતા હતા.

- રતિલાલ ડી. ગુઢકા - લંડન

ક્ષણીકમ્

ભૌતિક સુખ કેવું ?	મધુબિંદુના સુખ જેવું.
ભૌતિક સુખ કેવું ?	ભિખારીના સ્વપ્ન જેવું.
ભૌતિક સુખ કેવું ?	વિજળીના ચમકારા જેવું.
ભૌતિક સુખ કેવું ?	આગિયાના તેજ જેવું.
ભૌતિક સુખ કેવું ?	કાગળની નાવ જેવું.
ભૌતિક સુખ કેવું ?	બદ્દુકના દારૂગોળા જેવું.
ભૌતિક સુખ કેવું ?	સંધ્યાના રંગ જેવું.
ભૌતિક સુખ કેવું ?	કાચી માટીના ઘડા જેવું.
ભૌતિક સુખ કેવું ?	અંજલીમાં પાણી જેવું.
ભૌતિક સુખ કેવું ?	ઝાકળના બિન્દુ જેવું.
ભૌતિક સુખ કેવું ?	રેતીના મકાન જેવું.
ભૌતિક સુખ કેવું ?	નદીના પ્રવાહ જેવું.
ભૌતિક સુખ કેવું ?	વિષ્ટાના કીડા જેવું.
ભૌતિક સુખ કેવું ?	પત્તાના મહેલ જેવું.
ભૌતિક સુખ કેવું ?	કાચના શીશા જેવું.
ભૌતિક સુખ કેવું ?	જલમાં રેખા જેવું.
ભૌતિક સુખ કેવું ?	પાણીના પરપોટા જેવું.
ભૌતિક સુખ કેવું ?	સમુદ્રના મોજા જેવું.

શું આવા સુખને માણવાની ઈચ્છા કરશો.

- વિરાગ

જાણવા જેવું

૧ શ્વાસોચ્છવાસમાં કેટલા ભવ થાય ?	એક શ્વાસોચ્છોવાસમાં ૧૭॥ ક્ષુલ્લક ભવ
૭ સ્તોક બરાબર કેટલા ભવ ?	૭ ભવ થાય.
૧ કાળચક્ર એટલે કેટલો સમય ?	૧ અવસર્પિણી + ૧ ઉત્સર્પિણી ભેગી થાય એટલે એક કાળચક્ર.
સુષમ સુષમ કાળમાં મનુષ્યો કેટલો આહાર કરે ?	તુવેરના દાણા જેટલો.
સુષમ સુષમ કાળમાં માનવને શું આવતાં તેઓ મૃત્યું પામે છે ?	છિંક
દુષમ દુષમ કાળમાં મનુષ્ય ક્યાં રહેશે ?	ગંગા - સિન્ધુ નામની નદીના બિલોમાં.
હરિવર્ષ નામના ક્ષેત્રની દક્ષિણ દિશાએ કયો પર્વત છે ?	મહાહિમવંત પર્વત આવેલો છે.
હિમવત નામના ક્ષેત્રની વચ્ચે શું આવેલું છે ?	શબ્દાપાતી નામનો ગોળાકાર પર્વત છે .

(વાંચનમાંથી) - રશ્મિ

પૂજ્યશ્રી કહેતા હતા કે- ી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

- સાધુઓનું કામ તો જનતાને આશ્રવથી છોડાવી સંવરની ક્રિયામાં જોડવાનું છે, પણ સંવરની ક્રિયામાંથી છોડાવી આશ્રવની ક્રિયામાં જોડવાનું નથી.
- 'પોતાના સ્વરૂપને ભૂલી વિષયાશક્તિમાં પડેલા લોકો જેવો માગે તેવો ઉપદેશ આપવો' એ તો માર્ગ ભ્રષ્ટતાની પરાકાષ્ટા જ ગણાય.
- બાળ દીક્ષા એ જૈન શાસનની સાથે જ જન્મેલી છે અને સાથે જ રહેવાની છે, એટલે કે- જૈન શાસનની હયાતિમાં તેની હયાતિ છે જ ! કારણ કે- જે આત્માઓ વિષય-કષાયથી ખરડાયા નથી, એ આત્મામાં શાસ્ત્ર વધુ યોગ્યતા માને છે.
- સજ્જન જાણે બધું જ પણ આચરે યોગ્ય જ, જ્યારે દુર્જન જાણે બધું પણ અમલ અયોગ્યનો જ કરે. સજ્જન અને દુર્જનમાં આ અંતર છે.
- ત્યાગ વિના સમ્યગ્દર્શન સમજાવનારા મિથ્યાદ્રષ્ટિ છે. ત્યાગ વિના સમ્યક્જ્ઞાન સમજાવનારા અજ્ઞાની છે. અને ત્યાગ વિના સમ્યક્ચારિત્ર સમજાવનારા પ્રપંચીઓ છે.
- માર્ગની રક્ષા વિના નથી સ્વનો ઉપકાર થતો કે નથી પરનો ઉપકાર થતો જેને પરોપકાર કરવાની ભાવના હોય તેણે પોતાનો ઉપકાર ભૂલવો જોઈએ નહિ. જે આત્મા પોતાના ઉપકારને ભૂલે છે તે પારકાના ઉપકારને ભૂલે જ છે.
- જે સમુદાય શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા મુજબ નહિ વર્તતાં પોતાની મરજી મુજબ વર્તે એ સંઘ ન કહેવાય અને આજ્ઞાનો વિરોધ કરે એ તો સર્પ કરતાં પણ વધુ ભયંકર કહેવાય.
- જેને હું સારો છું તેમ જગતને બતાવવાની ઈચ્છા થાય તે અસલમાં સારો હોતો નથી.
- તમે બધા ચુનંદા સૈનિકો બનો ? ચુનંદા એટલે દંડ વાપરનારા નહિ હો ! ચુનંદા એટલે શાસ્ત્રની માન્યતામાં એકતાન ! શાસ્ત્રનું કવચ ધારણ કરનાર ! વાણી પર અંકુશ રાખનાર! અને સત્ય પ્રકાશનમાં જરા પણ આંચકો નહિ ખાનાર ! આજ્ઞાપાલક થોડા પણ સારા અને આજ્ઞાની સામે થનારા ઘણા પણ ભયંકર છે, માટે સંખ્યાનો હાઉ ધરીને આજ્ઞારૂચિને ઉડાડવી એ કોઈપણ રીતે યોગ્ય નથી.
- શરીરના જ પ્રેમી બધા મૂડદા સમાન છે.
- જેને સંસારના ઉદ્વેગ નહિ, મોક્ષની તીવ્ર લ લસા નહિ તેને જ્ઞાન કદિ ફળે નહિ.
- શરીરનાં સુખની ઈચ્છા મરે અને ગમે તે દુઃખ વેઠવાની તૈયારી હોય તો જ ભગવાનની આ જ્ઞા પળે.
- જેને સંસાર પર ઉદ્વેગ થયો નથી. મોક્ષની ઈચ્છા જાગી નથી તે પાપ ન કરતો હોય તો ય પાપી છે.
- આહારની (ખાવા-પીવાદિની) જેટલી ચીજો છે તેમાં જે 'સ્વાદ' તે જ મોટામાં મોટું ઝેર છે.
- સંસારનું સુખ ભોગવતાં જે આત્માને થાય કે, 'હું હાથે કરીને મારા આત્માની હિંસા કરી રહ્યો છું મારા આત્માનો ઘાત કરી રહ્યો છું, મારા આત્માને દુઃખમાં નાંખી રહ્યો છું' તેનું નામ જ વિરાગ છે.
- ધર્મ એવો છે કે, ધારે તેટલો કરી શકાય. જ્યારે અધર્મ તો મરી જાય પણ ધારે તેટલો કરી શકાય જ નહિ. કેમ કે, ધર્મ તો એકલો ય કરી શકાય, જ્યારે અધર્મ કરવામાં તો અનેક સાધનોની જરૂર પડે. અને બધા જ સાધનો બધાને ઓછા મળે !
- જેને શરીરને જ સાચવવાનું મન હોય તેનો મોક્ષ કદિ થાય નહિ. જે ધર્મ સાચવવા શરીરને સાચવે છે તે શરીર નથી સાચવતો પણ ધર્મ જ સાચવે છે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ)
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી, મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.

શાસન અને સિધ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર

નમો चउविसाए तित्थयराणं
उसभाइ महावीर पज्जवसाणाणं

ભાવથી - નિશ્ચયથી શ્રાવક કોણ !

सामग्गि अभावे वि हु, वसणे वि
सुहे वि तह कुसंगे वि ।
जस्से न हायइ धम्मो,
निच्छयओ जाण तं सड्ढं ॥
(उप[illegible] तरंगिणी)

[illegible]ગ્રીનો અભાવ હોવા છતાં પણ, [illegible] - દુઃખ આપત્તિમાં પણ, સુખમાં પણ, કુસંગમાં પણ જે પોતાનો સદ્ધર્મ ગુમાવતો નથી તેને નિશ્ચય-ભાવથી શ્રાવક જાણો.

વર્ષ ૧૨
અંક ૪૭/૪૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN -361 005

જૈન શાસન

અઠવાડિક

પધારો .... પધારો .... પધારો ....

''શ્રી વાંકાનેર મંડનૂ શ્રી અજીતનાથ શ્રી ચન્દ્રપ્રભુસ્વામિને નમઃ''
''અનંત લબ્ધિ નિધાનાય શ્રી ગૌતમ સ્વામિને નમઃ''
''નમામી નિત્યં ગુરૂ રામચન્દ્રમ્''

વાંકાનેર નગરની ધન્ય ધરા ઉપર

શ્રી પંચમંગલ મહાશ્રુત સ્કંધ સ્વરૂપ
શ્રી ઉપધાન તપની મહાન આરાધના

દિવ્યાશીષ

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક, જિનશાસસનના મહાન જ્યોતિર્ધર તપાગચ્છાધિપતિ
આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ

શુભાશીષ

પૂજ્યપાદ વાત્સલ્યવારિધિ સુવિશાલ ગચ્છાધિપતિ **આચાર્યદેવ શ્રીમદ્ વિજયમહોદય સુરીશ્વરજી મહા ાજ**

મંગલ નિશ્રા

તપસ્વીરત્ન વૈરાગ્યનિધિ પૂ. પંન્યાસપ્રવર **શ્રી ભદ્રશીલ વિજયજી ગુણિવંદ**ના વિનિત
શિષ્યરત્ન સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સમારાધક
પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયગુણશીલ સૂરીશ્વરજી મહારાજ
પૂ. મૂનિવર શ્રી કુલશીલ વિજયજી મ. સા.
પૂ. મૂનિરાજ શ્રી હર્ષશીલ વિજયજી મ. તથા
પૂ. સા. મ. શ્રી નિર્મમાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. આદીઠાણા ૮

આયોજક

જેતપુર નિવાસી હાલ રાજકોટ શ્રીમતી લાભકુંવરબેન જયંતિલાલ હીરાચંદ વસા
શ્રી રમેશભાઈ જયંતિલાલ વસા
શ્રી ભરતભાઈ જયંતિલાલ વસા
શ્રી ભાવેશભાઈ જયંતિલાલ વસા
વિશાલ, ધર્મેશ, શ્રેય, વિરલ આદિ પરિવાર

પ્રથમ મુહૂર્ત
વિ. સં. ૨૦૫૬ આ. સુ. ૧૦ રવિવાર
તા. ૮-૧૦-૨૦૦૦

દ્વિતિય મુહૂર્ત
વિ. સં. ૨૦૫૬ આ. સુ. ૧૨ મંગળવા
તા. ૧૦-૧૦-૨૦૦૦

નિમંત્રક

શ્રી જૈન શ્વે. મુ. પૂ. તપગચ્છ સંઘ
દેરા શેરી, ચાવડી ચોક, વાંકાનેર. ૩૬૩ ૬૨૧ (સૌરાષ્ટ્ર)
ફોન : (૦૨૮૨૮) ૨૦૮૩૧

તા.ક. પ્રથમ ઉપધાન વાળાને પ્રથમ પ્રવેશ અપાશે. પ્રથમ, દ્વિતિય, તૃતીય ઉપધાનની આરાધનાને ઈચ્છુક
ભાગ્યશાળીઓ ભાદરવા સુદ ૫ ને રવિવાર તા. ૩-૯-૨૦૦૦ સુધીમાં નામ નોંધાવી પ્રવેશ પત્ર મેળવી લેવા વિનંતી

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

હાલાર દેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

(અઠવાડિક)

1061

તંત્રીઓ :
પ્રમોદ મેઘજી મુદ્રા (મુંબઈ)
ભરત સુરેન્દ્રનાથાઈ મહેતા (રાજકોટ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
ધનાનંદ પદમશી મુદ્રા (થાનગઢ)

વર્ષ : ૧૨) સંવત ૨૦૫૬ શ્રાવણ સુદ ૨ મંગળવાર તા. ૧-૮-૨૦૦૦ (અંક : ૪૭/૪૮

વાર્ષિક રૂા. ૫૦ આજીવન રૂા. ૫૦૦ પરદેશ રૂા. ૩૦૦ આજીવન રૂા. ૬,૦૦૦

પાંજરાપોળની પ્રાણપ્રતિષ્ઠા ? પાંજરાપોળનું પ્રાણ વિસર્જન ??

શ્રી જૈન શાસન એ સર્વ જીવોનું હિત કરનાર છે જેની જેટલી યોગ્યતા હોય તે મુજબ ધર્મમાં આગળ વધે. પરંતુ સંસાર અસાર છે અને મોક્ષ જ એક સાર છે. અને તે મોક્ષની સાધના કરો જિનેશ્વર દેવના વચન દ્વારા શક્ય છે. આશ્રવો સર્વથા હેયઃ એટલે હિંસા, જુઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ આ આશ્રવ છે તેને માટેના કષાયો વિ. પણ આશ્રવ છે. ઉપાદેય સંવારો, સંવર એ સદા ઉપાદેય છે. સંવર એટલે હિંસા ત્યાગ, જુઠ ત્યાગ, ચોર ત્યાગ, મૈથુન ત્યાગ, પરિગ્રહ ત્યાગ.

આ મહાન તત્ત્વ જ્ઞાનથી જન્મેલી અને ખીલેલી જૈન સંસ્કૃતિને સદા આદર અને સન્માન હોય.

શાલિભદ્રજી અને ધનાજીના બંગલા, વ્યવસ્થા અને વૈભવ ગમે તેટલા હોય અને ગમે તેટલા સુંદર કે કિંમતી હોય પણ તે સંસાર જ છે. એને ધર્મ કે ધર્મના કારણ કે ધર્મના હેતુ કે ધર્મના આધાર કે ધર્મના પ્રાણ બની શકે નહિ, કોઈપણ સાધુ કે શ્રાવક તેને ઉપાદેય કહી શકે નહિ.

સાધુ ધર્મ રાને શ્રાવક ધર્મ બંને ધર્મના આરાધનાના સાધન છે. તે ન બને તો પણ તે સાધનને જ ધર્મના સાધન માટે, અને આશ્રવ છે તેને ધર્મના સાધન ન માને તો જે જિન શાસનનો અનુયાયી સમ્યક્ત્વનો સાધક કહી શકાય.

જૈનો એ ભાવ દયાથી ભરેલા છે કોઈપણ જીવ પાપ ન કરો, પાપથી હટો એ તેમના આત્મિક સાધનાના ભાવો છે. જ્યારે દ્રવ્ય દયામાં કોઈ દુઃખ આપત્તિમાં આવી પડેલાને સહાય કરવી, આશરો આપવો તેના ભૂખ અને દુઃખ દૂર કરવા, આ દ્રવ્ય દયા છે દ્રવ્ય દયાથી તે જીવોના આલોકના, ક્ષણિક અને નાશવંત એવા દુઃખને ક્ષણ માત્ર કે જીવનભર દૂર કરી શકાય.

પરંતુ તેમાં તેની પીડા તારવાનો જ મુખ્ય આશય છે. તેમની પીડા ટાળવા માટે જે શક્ય ભોજન આપે, આશ્રય આપે. આ જ હેતુથી જગતમાં જૈનોએ પાંજરાપોળ સ્થાપી વિકસાવી અને સાચવી છે. ગમે તેવા કષ્ટો વચ્ચે પણ આ નિરાધાર, દુઃખી, ખોડા તજાએલા એવા પશુ પંખીઓને આ પાંજરાપોળ કે ખોડા ઢોરની સંસ્થા એક મહાન કરુણાનું કામ કરે છે.

આ સંસ્થા પીડિત જીવો શાંતિથી જીવી શકે તેના મૂળમાં રચાયેલી છે.

આ સંસ્થાને ખોડાઢોરની સંસ્થા મટાડીને ડેરી જેવી, ગોકુળ જેવી કે દૂધની નદીઓ, છાસની નદીઓ અને ઘીની નદીઓ વહેરાવવાની વાત કરવી તે પાંજરાપોળ કે ખોડા ઢોર સંસ્થાના આશયનો છેહ દેનારી છે. તેના દયા સિદ્ધાંતોને ફગાવીને સંસારીઓના સ્વાર્થના, વેપારના અને તે દ્વારા આ દુનિયાને સમૃદ્ધ કરનારા, એ વિચારો છે.

આરંભ સરંભ અને સમારંભના મહાન અનર્થો અનર્થ દંડોનું મૂળ બને છે. આ માટે જીવદયા શૂન્ય અને અર્થ કમાણી, વિકાસ વિ. નું લક્ષ તે જીવદયાનો ઘાત કરનારૂ છે પછી ગાયોની ઓલાદ સુધારવા તે માટે ઘણખૂંટની પસંદગી કરવી વિ. વિચારણા એ મહારંભ અને મહાપરિગ્રહ મૂળની બની જાય છે. શ્રાવક ન છૂટકે, આજીવિકા માટે, વહેવાર ચલાવવા માટે ખેતી પશુપાલન

કે બીજા આરંભ કરતા હોય તો તેને પણ તજવા યોગ્ય માને છે.

જ્યારે પાંજરાપોળ કે ખોડા ઢોરની સંસ્થા એ જીવદયા માટે છે શ્રાવકોની પણ પોતાના સ્વાર્થ આજીવિકાના આરંભને ખરાબ માને છે તો પછી જીવદયા સંસ્થાને શ્રાવકો જેટલી નહિ પણ મહારંભ જેવા કાર્યોમાં લઈ જવી તે પાંજરાપોળની પ્રાણપ્રતિષ્ઠા કઈ રીતે રહેશે ? આ પરિસ્થિતિનો પાંજરાપોળના વિસર્જન નામ યોગ્ય પેદા કરશે.

ડેરી, ગોકુલ, માલઘારીપણું, તબેલાવાળાપણું, દૂધ ઘીની નદીઓ કરવાપણું વિગેરે શબ્દો કે સંસ્થા કે આચારણ એ જીવદયા સંસ્થાનુ નથી પ્રાસંગિક જીવદયા આદિની કરાયેલી સિદ્ધાંતની વાતોને સદાને માટે આરંભ અને તેના ક્રમમાં અમર્યાદા રીતે મૂકી અને તેને જીવદયાની પ્રતિષ્ઠા માનવી તે એક જાતનો ભ્રમ છે.

આવી વાતોના સેમિનાર, મિલન, આ એક જૈન ધર્મના દયાના સિદ્ધાંતને છેહ દેનારા છે. અને સાધુ, શ્રાવકના આચારની ઉપેક્ષા કરનારા છે. આવા સેમિનારો કષાય વિષય અને વ્યસનની મુક્તિ માટે યોજાય તો કંઈક અંશે સફળ બને તેમાં ભવ મુક્તિ, ભવ વિરામનો આશય ભળે તો આ સેમિનારોની દેખાતી સફળતાએ વિફળતા છે.

આ જૈન સંઘમાં આ કુવિચારનો પ્રચાર અને વિકૃત સિદ્ધાંત કે અપસિદ્ધાંતને સિદ્ધાંત તરીકે રજુ કરી અને ફેલાવવામાં આવે છે. આવા વિચારવાળા મુખ્ય બનીને પોતાની, પોતાની પેઢીની, પોતાની કાર્યવાહીની છાપને પોતાના વિચારો દ્વારા બીજા ઉપર પ્રભાવ પાડીને ધર્મની, જીવદયાની સંસ્થાઓને પેઢી જેવી કે, ડેરી જેવી કે હોટલ જેવી બનાવી દેવાની વૃત્તિ પેદા કરે છે, અને ભદ્રીક, સરળ, ઉદાર, ધનવાન, અને ભણેલા પણ આ પ્રચારને યોગ્ય માનીને ફસાય છે અને જીવદયાને અને જૈનધર્મના સ્વરૂપને પલટીને સારૂપ્ય એટલે સમાન જેવા બનાવી છીપ અને ચાંદી, મણી અને કાચને સમાન જેવા બતાવી ભ્રમમાં નાંખી દે છે, સત્ય અને અસત્યની સૂઝ ગુમાવી છે.

આવી પ્રચારની વાતો સાધુ કહે છે તે હળાહળ જુઠ બની જાય છે. અને ખરેખર સાધુ તેમ કહેતો હોય તે પરલોક લક્ષી, મોક્ષલક્ષી જૈન સંસ્કૃતિ છે. એને તે માર્ગની ફંગોળી દેનારી, જે કાઢવું તેને જ પેસાડી દેવાની વિકૃતિ બની રહેશે.

યુવાનો, પણ સમજે વિચારે અને વિકૃત વાતો છે' 'લાપસીમાં છૂપાયેલ સુક્ષ્મ હિંસા' 'શંકર ગાયને ગામમાં આવવા દેશો નહિં' વિ. વિકૃત વાતો જીવદયાના મૂળમાં ઘા કરનારી છે. ઢોરને લાપશી આપનારને મુર્ખ ઠરાવવા તેણે ઘરે ઘરમાં ઘી દૂધ મિષ્ટાન ખાનારાને પ્રથમ મૂર્ખ કહી તેમાં જાતે આવતા હોય તેણે પણ સુધરીને બીજાને સુધારવાની ઝુંબેશ કરવી પડે, શંકર ગાયને ગામમા નહીં આવવા દેવાની વાતમાં તે ગાયનો શું ગુન્હો છે. તે ગાયને ન આવવા દે તો રંજાડતી રાખે, કતલખાને જાય તેમ કરે ? દૂધ પીને માંદા પડે તો દવા કરાય પણ દારુ પીને માંદા પડે તો દવા ન કરાય એમ ? શું તેને સ્મશાને મોકલી દેવો ? ચાંડાળ પાડે મોકલી દેવો ?

યાદ રાખો, પાંજરાપોળ એ જીવદયાની સંસ્થા છે તેને નામે આવા વૈભવી કે ભૌતિક વિચારો ફેલાવવા તે સજ્જનતાનો, સદ્‌બુદ્ધિનો પણ નાશ કરે છે અને આવાઓ દૂધને માંસ કહેનારા પણ અનુયાયીઓ બની જાય છે સદ્‌ગુણ જુઓ વિ. કહીને તેવાની મહત્તા ઘટવા દેતા નથી.

આ પ્રાસંગિક વિચારણાથી વિવેકી સૌ સાચા જીવદયા પ્રેમી બનો એ જ અભિલાષા.

બાકી તો આવા વિચારોની ફૂટી નીકળેલી વણઝારને વિકૃતિ કરતી રોકવા બહુ વિશાળ પ્રયત્નની જરૂર રહે સુજ્ઞેશુ કિં બહુના ?

અમારી પાસે ૧૦ બોક્ષ જેટલા ધાર્મિક પુસ્તકો છે. તે જ્ઞાનભંડારને સાદર ભેટ આપવાના છે તો જે કોઈ જ્ઞાનભંડાર માટે જોઈતા હોય તેમને સંઘનો લેટરપત્ર લઈને રૂબરૂ આવવું નવાજ્ઞાન ભંડારને પહેલા ચાન્સ અપાશે, વહેલો તે પહેલો.

તો જે કોઈને ભાવનાં હોય તેમણે તુરત જ રૂબરૂ સંપર્ક સાધવો

વિક્રમભાઈ જી. કોઠારી
ઘીના વેપારી
ધાન બજાર, રાધનપુર. જી. પાટણ. ફોન : (૦૨૭૪૬) ૭૭૯૦૨

અગત્યની જાહેરાત

હાલમા પંડિત પ્રવરશ્રી હસમુખ વી. દોશી .. પૂ. સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્ય ભગવંત શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મહારાજાની શુભ નિશ્રામાં ભાભર મુકામે ચાતુર્માસની આરાધના કરી રહ્યા છે. સંઘોને નમ્ર વિનંતી કે પર્યુષણા પર્વની આરાધના કરાવવા માટે બોટાદ કે કારીયાણીના સરનામે પત્રવ્યવહાર ન કરતા નીચેના સરનામે કરવા નમ્ર વિનંતી તેમજ બીજા ભાગ્યશાળીઓ પણ પત્ર વ્યવહાર નીચેના સરનામે કરે.

પંડિત હસમુખ વી. દોશી.
દેરાં શેરી, જૈન ઉપાશ્રય, ભાભર-૩૮૫ ૩૨૦
બનાસકાઠા (ઉત્તર ગુજરાત) ફોન : (૦૨૭૩૫) ૨૨૪૮૬

પ્રવચન - બેંતાલીસમું

પ્રકીર્ણક ધર્મોપદેશ

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

૨૦૪૩, શ્રાવણ વદિ-૧૦, મંગળવાર તા.૧૮-૮-૧૯૮૭
શ્રી પાલનગર, જૈન ઉપાશ્રય, મુંબઈ - ૪૦૦ ૦૦૬.

(ગતાંકથી ચાલુ)

તમે બધા કહો છો કે - મેરૂ જેટલા ઓઘા કર્યા તેનો શો અર્થ સમજો છો ? સાધુવેષ પહેરીને તે વેષની મર્યાદા મુજબ પણ જીવે નહિ. મરજી મુજબ જીવે, ધર્મ સાચો બતાવે નહિ, ધર્મ સંસાર માટે ન થાય પણ મોક્ષ માટે જ થાય તેમ કહેવાને બદલે ધર્મ સંસાર માટે પણ થાય તેમ કહે તો તમને આનંદ થાય ને ? આજે સંસારના સુખના ભીખારી જીવોને આવું કહેનારા જ ગમે છે. ત્યાગ અને તપની વાત કરનારા ગમતા નથી. 'બધા સાધુ થશે તો ગોચરી-પાણી કોણ વહોરાવશે' એમ કહે છે. તમે બધા સાધુ નથી થયા ને અમને જીવાડવા માટે ને ? ભગવાનની આજ્ઞા મુજબ જીવનારને બધું મળી રહેવાનું છે તેની ચિંતા તમે કરતા જ નહિ. આજે તો ઘણા ભગત અમને એવો આહાર આપે છે કે- અમારી સંયમશક્તિ જ નાશ પામી જાય ! સાધુને વહોરાવવા માટે તમે સારી ચીજ બનાવો ને ? અમને ખબર પડી જાય તો હજી ય બચી શકીએ. પણ ખબર પડ્યા પછી પણ લઈને અને વાપરીએ તો સંયમબળ નાશ પામે. તેવી ભિક્ષાને શાસ્ત્રે સંયમબળ હરણ ભિક્ષા કહી છે. તમને સાધુના સંયમપાલનની ચિંતા છે ખરી ? સાધુને નિર્દોષ આહાર-પાણી મળે, બધી જ જરૂરી ચીજો નિર્દોષ મલી જાય તેવી ચિંતા કરનારા કેટલા મળે ? તમને સાધુના મા-બાપ કહ્યા છે પણ તેમના નિર્દોષ સંયમની સાચી ચિંતા કરો તો આજે તો. ઘણા ભાગ્યશાલિઓ સાધુને સાધુપણું પણ સારી રીતે જીવવા દેતા નથી. જે સાધુ તેમની- સમાજની ચિંતા કરે તો તે સાધુ તેમને 'કલ્પતરૂ' જેવા લાગે છે. વેષ ભજવનારો પણ વેષ સારો કયારે ભજવી શકે ? વેષને અનુરૂપ જીવે તો. નાટકિયો સાધુવેષ લે તો સામે ગમે તેવી સારી ચીજ આવે તો ય ઊંચું ન જુવે. તે ચીજ જો લઈ લે તો સાચો વેષ ભજવ્યો ન કહેવાય ! વેષ ભજવનારો પણ જો સારી ચીજ સામે નજર ન નાખે તો સાધુ નાખે ? તમને અમારામાં ખામી દેખાય અને તમે અમને વંદન ન કરો તો અમને - સાચા સાધુને દુઃખ પણ ન થાય ! તમારે વંદન તમારા કલ્યાણ માટે કરવાનું છે અને અમારે આ ઓઘા ખાતે જમા કરવાનું છે.

જ્ઞાની કહે છે કે - સાધુવેષ પહેરવા માત્રથી કે ચાંલ્લો કરવા માત્રથી સાધુપણું કે શ્રાવકપણું આવતું નથી. આજે તો ચાંલ્લો કરનારા નોએ ધર્મને નિંદાવ્યો છે. ચાંલ્લો કરનારા પેઢી ઉપર મજેથી જૂઠ બોલે છે. અનીતિ આદિ કરે છે તેથી લોક કહે છે કે 'ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ' આજનો મોટોભાગ માને છે કે - વેપારાદિમાં તો જૂઠ બોલવું પડે, અનીતિ કરવી પડે, ચોપડા ખોટા રાખવા પડે, જૂઠ બોલ્યા વિના, અનીતિ કર્યા વિના, ચોપડા ખોટા રાખ્યા વિના વેપારાદિ થાય જ નહિ એવું માને અને બોલે તે જૈન તો ન જ કહેવાય ને ? તે શ્રાવક પણ ન હોય ને ? 'લોભનો માર્યો હું આ બધું કરું છું' તેવું દુઃખ પણ જેને હોય તે હજી બચી જાય. 'અમે અનીતિ ન કરીએ તો ભુખ્યા જ મરીએ' આવું કહે તો તે સાચું છે ? પૈસાના લોભી જ જૂઠ બોલે છે અને સંસારસુખના લાલચુ જ બધાં પાપ મજેથી કરે છે.

જે લોભી ન હોય અને સંતોષી હોય તેને લાખ રૂપિયા મળતા હોય તો ય તે જૂઠ ન બોલે. આગળ વેપારી કહેતા હતા કે - વેપારી જૂઠું બોલે ! લખે ! આજે તમે કેવા વેપારી છો ? જૂઠ બોલનારા કે સાચું બોલનારા ? તમે ચોપડા ખોટા લખાવો કે નહિ ? આજે તો ચોપડા સારી રીતે ખોટા લખી શકે તેવાને સારો પગાર મળે છે. તે અડધી રાત્રે શેઠની પાસે ઘાર્યા પૈસા પડાવે છે.

સાધુવેષ પહેરવા માત્રથી જ સાધુપણું આવી ગયું એમ માને તે સાધુપણું પામતા જ નથી. 'સંસારનું સુખ માત્ર ભૂંડું છે. એવું સમજવા છતાં પણ તેની ઇચ્છાએ ધર્મ કરીએ તો તે ધર્મ પણ ભૂંડો જ- ખોટો જ કહેવાય' આવું સમજો તો કામ થાય.

નાણું કે ચાંદીનો ટુકડો આપે તો ય બરાબર તપાસ કરીને લ્યો કે એમને એમ લ્યો ? આજે તો ખરેખર ચાંદી પણ રહી નથી લગભગ બધી બનાવટ ચાલે છે. તમારા રૂપિયાની પણ ખરેખરી કિંમત કેટલી છે ! આજે બનાવટનો યુગ છે. માણસ માત્ર બનાવટી સારા માણસ શોધવા તો મહેનત પડે ! તેમ સાધુમાં પણ સારા સાધુ શોધવા પડે તેવું છે. માટે જ શાસ્ત્રે સાધુમાં પણ પાંચ વંદનિક અને પાંચ અવંદનિક કહ્યા. ગુરૂવંદન ભાષ્ય ભણ્યા છો ? ચૈત્યવંદન ભાષ્ય ભણ્યા છો ? આ ભણવાની મોટાભાગને ફુરસદ નથી. આજના શ્રાવકોને ધર્મનું જ્ઞાન મેળવવાની ઇચ્છા નથી. ઘણીવાર કહે કે- સાધુને શી રીતે ઓળખીએ ? પગ ઉપરથી ગ્રાહકને ઓળખનારી જાત આમ બોલે તે સાચું છે ? જેવો ગ્રાહક તેવો માલ કાઢે. આગળનો વેપારી મોટેભાગે કોઈથી ઠગાતો ન હતો: કેમ કે આજના જેવો લોભીયો ન હતો. આજે તો દિ ઉગે ને એકાદ બે આસામી તુટે તેથી ઘણાની દિવાળી પણ હોળી જેવી થાય છે. પૈસા માટે ગમે તેવાં પાપ કરે છે પણ પુણ્ય કમાતો નથી. પુણ્યશાળી હોય તે કમાય પણ તેવું પુણ્ય પણ હોવું નથી. વર્તમાનમાં જેમ વેપારી હરામખોર બન્યા છે તેમ ગ્રાહકો પણ બરાબર માથાના બન્યા છે. બન્ને ય પરસ્પર એકબીજાને ઠગવા માગે છે.

અનંતીવાર સાધુવેષ પહેરે, ધર્મક્રિયા કરે તેથી ઇચ્છિત સુખ મળે પણ પછી શું થાય ? તમે બધા થોડો ઘણો ય ધર્મ કરો છો પણ તે શા માટે કરો છો તે જાણવું છે ? 'મારો આત્મા નિર્મલ થાય, હું સાધુપણું પામું, ઝટ આ સંસારથી છૂટી વહેલામાં વહેલો મોક્ષે જાઉં' આવી ભાવનાથી ધર્મ કરનારા કેટલા મળે ? ધર્મથી બીજું જ મળે પણ ઇચ્છાય શું ? 'મોક્ષ અને મોક્ષસાધક સામગ્રી' તે વિના સમજુથી બીજું કશું જ ન ઇચ્છાય. આ વાત સમજાય તેવી હોવા છતાં ય સમજવાની મહેનત ન કરે તેનો ધર્મ નકામો છે. તેવા જીવનો ધર્મ અનનુષ્ઠાનમાં જાય. આલોકના સુખ માટે ધર્મ કરે તો તે વિષાનુષ્ઠાનમાં જાય અને પરલોકના સુખ માટે ધર્મ કરે તો તે ગરાનુષ્ઠાનમાં જાય. ધર્મ સમજી શકે તેવા ય જીવો ધર્મ બરાબર સમજે છે ખરા ? ધર્મક્રિયાનાં સૂત્રો ભણ્યા છો ? તેનો અર્થ સમજ્યા છો ? સમજવાની અને ભણવાની પણ ઇચ્છા થાય છે ખરી ? શા માટે સામાયિક - પ્રતિક્રમણ - પૌષધાદિ કરો છો ? તમે તપ પણ કરો છો તો શા માટે કરો છો તે જાણવું છે ? કોઇને તો તપ ફાવી ગયો છે ? તપના પારણે ખાવામાં જે મઝા આવે છે તે રોજ ખાવામાં નથી આવતી. આવી તપસ્વિનો તપ તો ચટણી થઇ જાય છે. આવા તપસ્વિને શાસ્ત્ર વખાણે ખરું ? આજનો તપ કરનારો મોટોભાગ આવો હોય છે. સારી રીતે ઇચ્છાનિરોધ કરવા, ઇન્દ્રિયોને રોકવા અને સંસારથી છુટવા તપ કરનારા ઓછા છે.

તમારે વેપાર કરવા જવું હોય, પરદેશ જવું હોય તો માંગલિક સાંભળવા આવો ને ? જવું છે તો પાપ કરવા તો પછી કેમ આવો છો ?

સભા : સફળતા મળે માટે.

ઉ. મંગલ શબ્દના અર્થની ખબર છે ? મને સંસારથી બહાર કાઢે, ધર્મને પમાડે, ધર્મને સારી રીતે પળાવે તેનું નામ મંગલ.

વેપારાદિ કરવા જનારો માંગલિક સાંભળવા આવે તે એટલા માટે કે- પાપ કરવા જાઉં છું તો અધિક પાપ ન થઇ જાય, ધર્મને ન ભૂલી જાઉં અને ધર્મ જીવતો રહે ! આ માટે આવે ?

સભા : લગ્ન કરીને ય આવે તેને ય માંગલિક સંભળાવો ને ?

ઉ. હા. પણ તે એટલા માટે કે 'પરનારી સહોદર' બને અને 'સ્વ સ્ત્રી'માં પણ ગાઢ આસક્તિવાળો ન બને. જેથી દુર્ગતિમાં ન જાય તે માટે સંભળાવીએ છીએ.

સભા : સંસાર મઝેથી ચાલે તે માટે સંભળાવો ખરા ?

ઉ. ના તે માટે સંભળાવીએ તો અમને ય પાપ લાગે.

આવા તો ઘણા નંગો આવે છે. અને કહે છે કે - આપનું માંગલિક સાંભળીને જઇએ તો બધા પાસા સીધા પડે છે. લીલા-લહેર થાય છે. બીજા ખોટ ખાઇને આવે છે અને હું કમાઇને આવું છું. આવા વખતે આવું સાંભળીને હું રાજી થાઉ તો મારું શું થાય ?

આ માંગલિકના કારણે આજે તો ૬ સતા વર્ષનો ધર્મ પણ બગડી ગયો. સવારના ચાર વાગ્યામાં મંદિર ખોલવું પડે. વહેલો તે પહેલો. આજના સંસારના સુખના ભુખ્યા જીવોએ એટલી અવિધિ ફેલાવી છે કે જેનું વર્ણન ન થાય ! વર્ષ સારું જાય એટલે શું ? વર્ષમાં પાપ ન થાય અને જે પાપ કરવું પડે તે દુઃખી હૈયે કરે અને ધર્મ સારી રીતે થાય તે જ ને ? તમારી આવી હાલત જાણવા છતાં ય અમે માંગલિક સંભળાવીએ અને સ્પષ્ટતા ન કરીએ તો અમને ય પાપ લાગે. તમારા બાર મહિના ધર્મની આરાધનામાં જાય, સંસારમાં ઝાઝું પાપ ન થાય અને જે પાપ થાય તે ય કમને થાય તે માટે અમે માંગલિક સંભળાવીએ છીએ. તે માટે જે ન સાંભળે તે માંગલિક સાંભળીને ય મિથ્યાત્વને પામે, મિથ્યાત્વને મજબૂત કરે.

ધર્મ કરનારો સાવચેત થાય તો ધર્મ જેવી ઉત્તમ ચીજ એક નથી. અને સમજવાની શક્તિ છતાં આંખો મીંચીને જેમ તેમ કરે તો ધર્મ જ પરિણામે ભયંકર નુકશાન કરનારો થાય છે. સમજુને માટે તો તેનાથીય મહા નુકશાન કરનારો બને. માટે જ જ્ઞાની કહે છે કે - અણસમજુને સમજાવવો સહેલો છે, સમજુને સમજાવવો સહેલો છે પણ દોઢડાહ્યાને સમજાવવો કઠીન છે. ભગવાન પણ તેવાને ન પહોંચે. જમાલિ જેવા માટે ભગવાનને પણ કહેવું પડ્યું કે- હવે આ સમજાવવાને ય લાયક રહ્યો નથી. આગળના શ્રાવકો તો સારા હતા. સાધુ ભૂલ્યા તો સમજાવીને માર્ગમાં લાવતા હતા. જ્યારે આજના શ્રાવકો તો સારા સાધુને પણ ભૂલાવનારા છે- બગાડનારા છે. તમે બધ સંસારમાં સારી રીતે મોજ-મઝાદિ કરો, તમારો પરિગ્રહ વધે તેવા અમારો ઇરાદો હોય ? શાસ્ત્રે તો કહ્યું છે કે શ્રાવકથી ધર્મ ન પળાય તો તે દુઃખી દુઃખી થઇ જાય. શ્રાવક ગૃહસ્થપણામાં રહે તે મઝાથી જીવે કે રોતે રોતે જીવે ? તેનાથી સારો ધર્મ ન થાય તે તે રોવે. જ્યારે તમને પૈસા ન મળે તો રોવો છો. આજે શ્રાવક પણું પાળે તેને ય ઘર-પેઢી છૂટતા નથી તેનું દુઃખ તો નથી પણ ઉપરથી વહાલા લાગે છે. સંસાર ગમે છે તો મારું શું થશે તેવી ચિંતા તમને ચિંતા થાય છે ખરી ?

તમને દેવ-ગુરૂ અને ધર્મ વહાલા લાગે છે કે સંસાર વહાલો લાગે છે ? તમારો પ્રેમ કોના ઉપર છે ? શ્રાવક ખરેખર હોય તો તે કહે કે - 'સંસાર ઉપર તો પ્રેમ શેનો હોય ? તેના ઉપર તો દ્વેષ છે અને આ સંસારથી કયારે છૂટીએ તેની ચિંતામાં છીએ' પણ આજના મોટાભાગને સાધુને જોઇને સાધુ થવાનું મન થતું નથી પણ મોટા શ્રીમંતને જોઇને તેના જેવા થવાનું મન થાય છે. ભગવાનની પૂજા કરવા છતાં ય ભગવાન થવાનું મન ન થાય, સાધુની સેવા કરવા છતાં ય સાધુ થવાનું મન ન થાય. ધર્મ કરવા

છતાં ય અધિકનું અધિક ધર્મ કરવાનું મન ન થાય તે બધા કેવા કહેવાય ? તમને બધાને મન પૈસો વહાલો છે. 'વસુ વગરનો નર પશુ' તે યાદ છે પણ ધર્મ વગરનો નર શિંગડા અને પૂંછડા વિનાના પશુ જેવા છે તે યાદ છે ? જનાવર પણ સમજે તો સાધુપણું ન પામે પણ ચોથે પાંચમે ગુણઠાણે જઈ શકે છે અર્થાત્ શ્રાવકપણું પામી શકે છે. અને તમે બધા મરતા સુધી સાધુપણું ન પામો અને તે પામવાની ઈચ્છા પણ ન થાય તો શ્રાવકપણું પામ્યા કહેવાય ? શ્રાવક મરવા પડે તો દુઃખ શું હોય ? જે શ્રાવકનો મનુષ્યપણું પામીને હું સાધુપણું ન પામી શક્યો, મારે ઘરમાં મરવું પડે છે' તેનું દુઃખ હોય તે સમાધિથી મર્યો કહેવાય. 'મારું ઘર, મારી પેઢી, મારા છોકરા, મારો પરિવાર' આમ કરતો કરતો મરે તે અસમાધિથી મર્યો કહેવાય. તમે બધા મોક્ષે જવાની ભાવનાવાળા કેટલા ? સાધુપણું પામવાની ભાવનાવાળા છો ? કે સંસારમાં મઝેથી રહેવાની ભાવના વાળા છો ? તમને સંસારમાં મઝા આવે છે માટે નથી નીકળતા કે નીકળાતું નથી માટે નથી નીકળતા ? રોજ સાધુ થવાનું મન થાય છે પણ સાધુ થવાતું નથી આવું હૈયાથી જે કહે તે સારા છે. શાસ્ત્રે કહ્યું છે કે - જેને સાધુ થવાનું મન નહિ તે શ્રાવક નહિ, સમકિતી નહિ પણ મિથ્યાદૃષ્ટિ જ. આમ કહું તો ગુસ્સો નહિ આવે ને ?

સભા : આમ બોલો અને અમને ગુસ્સો ન આવે તો તે અમારો ઉપશમભાવ ખરો ?

ઉ. : ઉપશમભાવ નહિ પણ જાતવાન ખરા કે સાધુની સામે બોલાય નહિ. તેથી તમને જાતવાન કહું પણ ઉપશમ કે ક્ષયોપશમભાવ થયો છે તેમ ન કહું ! આમ કહું અને તમને ગમે તો કો'કવાર પણ જાગી જશે તે માટે પાટે બેસું છું.

મારી આ વાત સાંભળી જે કોઈ એમ કહે કે- 'અમારે તો સંસારમાં જ રહેવું છે, સંસાર જ ખેડવો છે' તો તેને કહું કે તમને નથી સંભળાવતો પણ ખૂણે ખાંચે બેસેલાને સંભળાવું છું કે જેને આ વાત ગમે છે અને તેવાને જ લાભ થવાનો છે.

આજે તમે બધા વ્યવહાર.. વ્યવહારની વાતો કરો છો પણ લૌકિક વ્યવહાર પણ બરાબર પાળતા નથી. શ્રીમંતોના માથે મોટી જવાબદારી છે. શ્રીમંતનો પાડોશી દુઃખી ન હોવો જોઈએ. તમે કોઈ માંદાને ઘેર જોવા જાવ તો માંદાને અને તેના સંબંધીને દુઃખી કરીને આવો ને ?

જેને ધર્મ કરતા પણ નથી આવડતો તેને સંસારમાં પણ જીવતા નથી આવડતું. તમે સંસારમાં પણ સારું જીવો છો તેમ અમારાથી પણ કહેવાય નહિ. આજે મોટાભાગના હૈયામાંથી ધર્મ જ નીકળી ગયો છે. ધર્મ કરવા છતાં ય ધર્મ પામવાની ભાવના નથી. તમે સમકિત ઉચ્ચર્યું છે ? વ્રતો ઉચ્ચર્યા છે ? તમારી સાધુ થવાની શક્તિ નથી પણ વ્રતો લેવાની ય શક્તિ નથી, સમકિતનીય શક્તિ નથી તેમ કહેવા માગો છો ?

પ્ર. : ભગવાને સ્ત્રીઓની ૭૨ કલા અને પુરુષોની ૬૪ કલાઓ ભણાવી. તમે ય ભણાવો.

ઉ. : ભગવાને કઈ અવસ્થામાં ભણાવી ? રાજા હતા ત્યારે કે સાધુ થયા પછી ? તમે તો અમારું પણ સત્યનાશ કાઢો તેવા છો. સાધુથી શું થાય અને શું ન થાય તે ય ખબર નથી !

અમે આ જે ધર્મકલા સમજાવીએ છીએ તે સમજવી છે ? ૭૨ અને ૬૪ કલા ભણાવનારા ધર્મકલા ભણાવ્યા વિના રહેતા ન હતા. જ્યારે તમે તો ધર્મ મરતા સુધી ય ભણાવતા નથી. શ્રી ઋષભદેવ સ્વામી ભગવાને કહ્યું છે કે- 'આ સંસાર ખોટો છે, રહેવા જેવો નથી, છોડવા જેવો છે. મોક્ષ જ મેળવવા જેવો છે તે માટે સાધુ જવા જેવું છે.' ભગવાનના ૯૮ પુત્રો દીક્ષિત થયા તે ખબર છે ? તમારો દિકરો ધર્મ જ પ્રધાન છે તેમ માને ખરો ? અને તમે બધા દુનિયાની કળા અમારી પાસે શીખવા માગો છો. અમારો પાપોદય હોય તો અમે શીખવીએ ! અમે તમારો દીકરો ધર્મનું કેટલું ભણ્યો તે પૂછીએ પણ દુનિયાનું કેટલું ભણ્યો તે ન પૂછીએ ! અમારા છોકરા ધર્મ કરી શકે તેમ નથી અને તેને કમ એટલું હોય છે કે રાતે ખાધા વિના ચાલે તેમ નથી તેમ જે બાપ કહે તે બાપને કેવા કહેવાય ? ધર્મી કહું કે અધર્મી કહું ?

સભા : બાપ બગડેલો અને છોકરાને બગાડનારો.

ઉ. : આ સાચું કહે છે.

આજના જૈન મા-બાપ મોટેભાગે આવા છે. દીકરા ધર્મ ન કરે તો પણ વખાણ કરે છે. તમે સંતાનોને ડીગ્રીધર બનાવ્યા છે. પણ ધર્મ ભણાવનાર કેટલા ? આજનો મોટોભાગ અમને કહે છે કે - માત્ર દીક્ષાની જ શી વાત કરો છો ? વેપારાદિ કેમ થાય તે સમજાવવો ને ? તે અમે સમજાવીએ તો અમારું સાધુપણું કયાં રહે ?

અમે તો મરતા સુધી આ જ વાત કહેવાના છીએ કે 'આ સંસાર ભૂંડો જ છે માટે છોડવા જેવો છે. મોક્ષ જ મેળવવા જેવો છે તે માટે સાધુધર્મ કરવા જેવો છે. અધર્મ કરવો પડે તો છૂટકે રોતે હૈયે કરવા જેવો છે.' આ વાત સાંભળવી ગમે છે ? આ વાત સાંભળવી ગમતી હોય તો આ જૈનકુળ ફળ્યું છે. બાકી હજી તો જૈનપણું પણ પામ્યા નથી. પણ સાધુપણું ગમતું હશે તો ભવાંતરમાં ય પામશો. અને તેના વૈરી હશો તો નહિ પામો અને આ જન્મ હારી જશો તો ફરી કયારે મળે તે જ્ઞાની જાણે. માટે સમજાવી રહ્યા છે કે- સાધુ પણ જો અસંયમમાં પ્રવૃત્તિ કરે તો તે પણ વેષવિડંબક છે. નાટક કરનારો પણ બરાબર પાઠ ભજવનારો જોઈએ, સિક્કા ઉપર પણ સરકારી છાપ જોઈએ અને ચાંદી પણ લેવી તો તપાસીને લેવાય. તેવી રીતે સાચા પરીક્ષક બનો તો કલ્યાણ થશે. તમે બધા સાચા પરીક્ષક બની જાવ તેટલી ભલામણ. તે માટે શું કરવું તે હવે પછી.

મહાભારતના પ્રસંગો

પ્રકરણ - ૭૨ - શ્રી રાજુભાઇ પંડીત

પાંડવોનો દેશ-નિકાલ

''તમને તો દુશ્મનોએ ત્યારે જ જીતી લીધા હતા કે જ્યારે તમે એમ બોલ્યા કે - યુદ્ધમાં કાં તો એ જીતશે કાં તો અમે જીતીશું''

એક દિવસ નારદમુનિ અચાનક દ્રૌપદિના ભવનમાં ગયા પણ અવિરતિધર હોવાથી શ્રાવિકા હોવાના નાતે દ્રૌપદિએ નારદમુનિની કોઈ આગતા સ્વાગતા ના કરી. તેથી રોષથી નારદમુનિ વિચાર્યુ કે- 'આને મારે ભયંકર દુઃખ સાગરમાં ફેંકવી જ પડશે.' આમ વિચારીને તે ત્યાંથી ચાલ્યા ગયા.

એક દિવસ રાતના સમયે ધર્મપુત્ર સાથે સુખ સૂતેલી દ્રૌપદિનું કોઈકે અપહરણ કર્યુ સવારે જાગેલા ધર્મપુત્રને પલંગમાં દ્રૌપદિના દેખાતા દ્રૌપદિની શોધખોળ શરૂ થઈ. પણ દ્રૌપદિનો કયાંય પત્તો ના લાગ્યો.

આથી તરત માતા કુંતાને દ્વારકામાં શ્રીકૃષ્ણને દ્રૌપદિહરણના સમાચાર આપવા મોકલ્યા. માતા પાસેથી દ્રૌપદિહરણના સમાચાર જાણી વાસુદેવ પોતે કેટલોક સમય કિંકર્તવ્યમૂઢ બની ગયા.

''એક દિવસ આવેલા નારદને સત્કારીને પૂછતાં નારદે કહ્યું ધાતકીખંડ દ્વીપની અપરકંકા નગરમાં પદ્મનાભ રાજાના અંતઃપુરમાં મેં દ્રૌપદિ જેવી જ કોઈ સ્ત્રીને જોઈ છે.''

આ સાંભળીને શ્રીકૃષ્ણે નારદનું જ આ પરાક્રમ છે તેમ નક્કી કરીને તેમણે માતા કુંતીને જલ્દીથી પાંડવોને પૂર્વ લવણ સમુદ્ર તીરે મોકલવા જણાવ્યુ.

પાંડવો શ્રીકૃષ્ણને મળ્યા શ્રીકૃષ્ણે હવે લવણપતિ સુસ્થિત દેવને અઠ્ઠમની આરાધનાથી પ્રસન્ન કરતા તેણે શ્રીકૃષ્ણને પૂછતાં શ્રીકૃષ્ણે દ્રૌપદિના હરણની વાત કરી. તેથી સુસ્થિત દેવેજ હમણાં જ- 'સૈન્ય સહિત પદ્મનાભને હણીને સમુદ્રમાં ફેંકી દઈને તમારી દ્રૌપદિ લાવી દઉ છું' એમ કહેતા શ્રીકૃષ્ણે કહ્યું- તું બધુ કરી શકે છે પણ આ રીતે દ્રૌપદિનું પ્રત્યાહરણ અમને અયશસ્કર છે. માટે અમારા છ રથો આ લવણ સમુદ્રને પાર કરી ધાતકીખંડમાં જઈ શકે તેમ તું કર' આમ કહેતા તે દેવે પાંડવ સહિત શ્રીકૃષ્ણને લવણાર્ણવ પાર કરાવી દીધો પછી તે છએ મહાનુભાવો ધાતકીખંડની અપરકંકા નગરીના બાહ્ય ઉદ્યાનમાં ગયા.

અને શ્રીકૃષ્ણે પોતાના દારૂક સારથિને પદ્મનાભ રાજા પાસે મોકલ્યો. ભયંકર આહુતિધર દારૂકે રાજસભામાં પદ્મનાભની પાદપીઠ ઉપર પગ મૂકીને ભાલાની અણિએ રાજાને પત્ર આપ્યો.

અને કહ્યુ કે- મદોન્મત્ત થયેલા ! નરેશાધમ ! ભરતાર્ધનો ધણી કૃષ્ણ-મુરારિ તને કહેવડાવે છે કે- પાંડવો કે જે મારા બંધુ છે તેની પ્રિયા દ્રૌપદિને હરણ કરતા પહેલા મારા બાહુબળને તે વિચાર્યુ નહિ ? હવે તારો વિધ તા તારા ઉપર રૂઠયો સમજ. અગર તારા પંડમાં તાકાત હોય તો તારા હોય એટલા સુભટો સાથે યુદ્ધ કરવા આવી જજે. અમે માત્ર છ જ જણા તારા બહારના ઉદ્યાનમાં તારી રાહ જોત ઉભો છીએ.'

દારૂકની ધ્રૂજાવી દેનારી વાણીથી પ્રકોપ કરતા પદ્મનાભે તે પત્ર ફાડીને ફેંકી દીધો. અને કહ્યુ- મુકુંદ ભરતાર્ધના નહીં જંબુદ્વિપમાં ભલે તેની તાકાત બતાવતો હોય પણ આ ધાતકીખંડ છે. અહીં તો એની જેવા કેટલાં ય મારી સામે આવી ગયા. સૈન્ય સહિત આવે તો ય તે મારી આગળ કોણ માત્ર છે ?'' દૂત તું જલ્દી જઈને પાંડવો સાથે તેને મારી સામે યુદ્ધ કરવા સજ્જ કર. હું આ આવ્યો ૪ સમજ. પણ યાદ રાખજે દૂત ! કે એ છએને સંગ્રામમાં એક જ ઝાટકે ખલાસ કરી ના નાખુ તો હું પદ્મનાભ નહિ. જા તારા માલિકને કહેજે, અને તરત જ સૈન્ય સાથે પદ્મનાભ ક્રોધના ઘૂઘાટ સાતે આવી પહોંચ્યો.

શ્રીકૃષ્ણે પાંડવોને પૂછયુ- 'આની સામે યુદ્ધ તમે કરશો કે હું કરું ?

પાંડવોએ કહ્યું- 'વાસુદેવ ! આવા મગતરા ઉપર તમારે પ્રહાર કરવાની જરૂર નથી. અમે જ યુદ્ધ કરીશ. યુદ્ધમાં કાં તો તેનો જય થશે કાં તો અમારો થશે' આમ કહીને પાંડવો યુદ્ધ કરવા ગયા અને કેશવ યુદ્ધ જોવા કુતુહલથી ઉભા રહ્યા.

પાંડવોએ પ્રચંડ પરાક્રમ દાખવીને શત્રુ સૈન્યને ભાંગી નાંખ્યું. આથી ક્રોધાટોપ સાથે ખુદ પદ્મનાભ રાજા યુદ્ધ

લાગ્યો. તેણે બાણોથી પાંડવોને એ રીતે ભાંગી નાંખ્યા કે જેથી યુદ્ધ છોડીને સીધા શ્રીકૃષ્ણ પાસે આવી ગયા અને કહ્યુ- 'હરિ ! તમે જ તેને પરાસ્ત કરી શકશો અમારાથી તે દુર્જેય છે. અમે તેને જીતી નહિ શકીએ.'

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું- 'દુશ્મનોથી તો તમે ત્યારે જ જીતાઈ ગયા હતા જ્યારે તમે એમ કહ્યુ કે કાં તે જીતશે કાં અમે જીતીશું' જુઓ હવે હું એકલો જ તેમને યુદ્ધમાં પરાજીત કરી દઈશ. હું જીતીશ પણ જીતાઈશ નહિ.'

આમ કહીને ગયેલા વાસુદેવે સંગ્રામમાં પાંચજન્ય શંખ ફૂંક્યો આથી શત્રુનું ત્રીજા ભાગનું સૈન્ય ભાગી ગયું. અને ધુનષ ટંકાર કરતાં બીજુ એટલું સૈન્ય નાસી ગયુ. આથી રણમાંથી ભાગી જઈને પદ્મનાભ રાજા નગરીમાં ભરાઈ ગયં. ત્યારે રથમાંથી ઉતરીને શ્રીકૃષ્ણે વ્યોમાન્તર્વ્યાપ્ત એવું વિકરાળ નરસિંહનું રૂપ ધારણ કર્યુ. ધરતી ધ્રુજી ઉઠી, સમુદ્રો ખળભળી ઉઠયા. પર્વતો ચળી ઉઠયા. આથી ફફડી ગયેલો પદ્મનાભ રાજા દ્રૌપદિના ચરણોમાં પડી કે હે દેવી ! મારી આ યમ જેવા વાસુદેવથી રક્ષા કરો' તેમ કહેતા દ્રૌપદિએ કહ્યું કે તું જો વહુનો વેષ ધારણ કરીને મને આગળ કરીને શ્રીકૃષ્ણના શરણે જઈશ તો હું તને તેમના હાથી છોડાવીશ નહિતર તારું મોત જ થશે.'

આથી પદ્મનાભ વધૂના વેષથી શ્રીકૃષ્ણના શરણે આવતા શ્રીકૃષ્ણે તેને કહ્યું ડરીશ નહિ. તને અભય છે પણ તે દ્રૌપદિનું હરણ કેમ કર્યુ તે કહે ?

જવાબમાં પદ્મનાભે કહ્યુ- એક વખત મારે ત્યાં આવેલા નારદને મેં પૂછયુ મારી પત્નીઓ જેવી સ્ત્રી ક્યાંય છે ? તો નારદે હસ્તિનાપુરમાં પાંડવ પત્ની દ્રૌપદિ કહી. આથી મેં ભવનપતિ મિત્રદેવની સહાયથી દ્રૌપદિને અવસ્વાપની નેદ્રા દ્વારા હરણ કરાવ્યુ. મિત્ર દેવે મને કહેલું કે- દ્રૌપ દેને શ્રેષ્ઠ સતી છે તે અન્યને ઈચ્છતી નથી. પછી સંભ્રમ સાથે જાગેલી દ્રૌપદિને મેં કહ્યું- આ ધાતકીખંડ છે. મે તારૂ હરણ કરાવ્યુ છે હું તારો દાસ છું તું મને તારા પતિ તરીકે સ્વીકારી લે. ત્યારે તેણે કહ્યું કે- એક મહિના સુધી કોઈ નહિ આવે તો હું તારૂ વચન કરીશ.' મને પણ એમ કે આવો ભયાનક સમુદ્ર ઉલ્લંઘીને કોણ આવશે. માટે મેં મહિનાની મર્યાદા માન્ય રાખી. અને તમે આવી પહોચ્યા.'

આટલું સાંભળીને દ્રૌપદિને લઈને શ્રીકૃષ્ણ પાછા ફર્યા અને યુધિષ્ઠિરને અર્પણ કરી.

યુદ્ધ સમયે થયેલા પાંચજન્ય શંખનાદ અંગે ચંપક ઉદ્યાનમાં શ્રી મુનિસુવ્રત સ્વામી સમોસર્યા હતા ત્યારે ત્યાંના કપિલ નામના વાસુદેવે ભગવાનને પૂછતા ભગવાને દ્રૌપદિ હરણથી મુકિત સુધીની તમામ વાત કહેતા કપિલે કહ્યું પૂછયુ કે- મારે કૃષ્ણને મારા અતિથિ બનાવવા છે. ત્યારે ભગવાને કહ્યુ- રાજન્ ! એવું કયારેય બન્યુ નથી. બનતુ નથી કે બનશે પણ નહિ કે એક સાથે બે તીર્થંકરો, ચક્રવર્તીઓ, અર્ધચક્રીઓ પરસ્પરને મળી શકે. છતાં તું તેની રથની ધજાને જોઈ શકીશ.''

આ રીતે પ્રભુની વાણી સાંભળીને સમુદ્ર પાસે આવીને કપિલે જોયુ તો છેક મધ્ય સમુદ્રમાં રથ પહોંચી ગયો હતો. તેથી તેની માત્ર રથ - ધજા જ જોઈ શકાઈ. તેથી 'મારા સ્વાગતને લઈને જવું જોઈતુ હતુ' આવા સ્પષ્ટ અક્ષર બોલતો કપિલે શંખ ફૂંકતા 'તમારા આ પ્રણયથી તમારું સ્વાગત આવી ગયું' આવા વિસ્પષ્ટ શબ્દો બોલતો શ્રીકૃષ્ણે સામો શંખ ફૂંક્યો આથી તે શંખધ્વનિ સાંભળીને કપિલ વાસુદેવ પાછા ફર્યા.

પાછા ફરીને- 'દુષ્ટ ! આવા નરાધમ કામ કરીને તે મારા પ્રતાપને મલિન કરી નાંખ્યો' આમ કહીને પદ્મનાભને કાઢી મૂકીને તેના પુત્રને તેના સ્થાને સ્થાપન કર્યો.

સમુદ્ર ઉતરતા રથમાં રહેલ દ્રૌપદિને યુધિષ્ઠિરે કહ્યું- દેવી ! તમે એક મહિનાની અવધિ શા માટે આપી હતી ? ત્યારે દ્રૌપદિ બોલી - જો કોઈ એક માસ સુધીમાં ન આવતા તો હું અનશન કરીને મરી જઈશ તેમ વિચારીને માસની અવધિ આપી હતી.

હવે લવણ સમુદ્ર ઉતરી ગયા પછી કૃષ્ણે કહ્યુ- હું સુસ્થિત દેવને બોલાવુ ત્યાં સુધી તમે ગંગા નદીને ઉતરી જાવ. આ રીતે આદેશ થતાં પાંડવો કોઈ નાવ દ્વારા ૬૨ યોજન લાંબી તે ભયાનક નદીને ઉતરી ગયા. અને કૃષ્ણનું 'બાહુબળ તો જોઈએ' તેમ વિચારીને પાંડવોએ નાવ મોકલી નહિ. ત્યારે સુસ્થિત દેવની રજા લઈને ડાબા હાથ ઉપર રથને રાખીને જમણા હાથ વડે શ્રીકૃષ્ણ મહામુશ્કેલીએ પ્રચંડ પ્રવાહવાળી ગંગા નદી ઉતર્યા.

ગંગા નદી ઉતર્યા પછી શ્રીકૃષ્ણે પૂછયુ- આવી પ્રચંડ નદી તમે શી રીતે ઉતર્યા ? ત્યારે પાંડવો કહ્યુ નાવથી. તો નાવ કેમ પાછી મોકલી નહિ ? તેના જવાબમાં પાંડવો બોલ્યા- તમારા બાહુબળની પરીક્ષા કરવા માટે.

આ સાંભળતાં જ ક્રોધાયમાન બની ગયેલા શ્રીકૃષ્ણે કહ્યુ- કંસ - કેશિ - જરાસંધ - ચાણૂર આદિના વધમાં પહેલા અને હમણાં જ પદ્મનાભના વિજયમાં તમને મારા બાહુબળની ભાન ના પડી ? કે જેથી હમણાં જ જોવાનું સૂઝયુ ? આમ

કહીને શ્રીકૃષ્ણે લોહદંડથી પાંડવોના પાંચેય રથોને એક એક જ પ્રહાર દ્વારા ચૂરેચૂરા કરી નાખ્યા.

અને કહ્યું- ''મારી પૃથ્વીમાં જો હવે પછી તમને રહેતા સાંભળીશ તો પુત્રો - બંધુઓ તથા સૈન્ય સહિત તમે હવે જીવી નહિ શકો.'' આમ ક્રોધ સહિત કહીને શ્રીકૃષ્ણ દ્વારકા ચાલ્યા ગયા.

દુઃખી દુઃખી થઈ ગયેલા પાંડવોએ બધી વાત માતા - પિતાને કરતાં માતા કુંતી ગજારૂઢ થઈને દ્વારકા આવ્યા. પણ દૂરથી જોયું તો ભગવાનનું સમવસરણ હતુ તેથી હાથી ઉપરથી ઉતરીને સીધા દેશના સાંભળવા ગયા.

દેશનાને અંતે દેવકીએ કહ્યું- સ્વામિન્ ! ગઈકાલે મારા ઘરે છ મુનિવરો પધાર્યા હતા તે દેખાવમાં કૃષ્ણ સમાન કેમ હતા ? ત્યારે પ્રભુએ કહ્યું- ભદ્રિલ નગરમાં નાગશ્રેષ્ઠિની પ્રિયા સુલસાને ૬ મૃત બાળકો જન્મ્યા હતા તે દરેક નૈગમેષિ દેવે લઈને તારા પુત્રના સ્થાને મૂકયા હતા અને તારા પુત્રોને સુલસા પાસે મૂક્યા હતા. માટે કંસે મારેલાને જ માર્યા છે અને આ છ એ તારા જ પુત્રો મારા વડે દીક્ષિત થયેલા મોક્ષે જનારા છે. તારા પુત્રો હોવાથી જ તે કૃષ્ણ સમાન છે.' આ સાંભળતા દેવકીના સ્તન દૂધ ઝરાવવા લાગ્યા.

બીજે દિવસે શ્રીકૃષ્ણે ભગવાનને પૂછતા ભગવાને કહ્યું તે- 'દ્વૈપાયન મુનિથી આ નગરીનો દાહ થશે. જરાકુમારથી તારૂ મૃત્યુ થશે. અને યદુવંશના ક્ષયમાં મદ્યપાન એ મૂળ કારણ હશે' આ સાંભળી દ્વૈપાયન નગર ક્ષય ન થઈ જાય માટે તથા જરાકુમાર ભ્રાતૃવધ ન થઈ જાય માટે જંગલમાં ચાલ્યા ગયા અને શ્રીકૃષ્ણે આખી નગરીમાં મદ્યપાન ઉપર પ્રતિબંધ મૂકી દીધો. અને જુની મદિરા દૂર દૂર કુંડમાં ફેંકાવી દીધી.

હવે અવસર મળતા કુંતીએ કહ્યું- ભરતાર્ધ છોડીને પાંડવો કયા રહે ? શ્રીકૃષ્ણે કહ્યું- દક્ષિણ સમુદ્ર તરફ પાડું મથુરા નગરી વસાવીને રહે. આથી પાંડવો ત્યાં ચાલ્યા જતાં શ્રીકૃષ્ણે ઉત્તરા તથા અભિમન્યુના પુત્ર પરીક્ષિતને હસ્તિનાપુરની ગાદીએ સ્થાપ્યો.

ક્રમશઃ

ચિંતન ગોષ્ઠી

સંગ્રાહક - અ.સૌ. અનિતા આર. શાહ - માલેગાંવ.

- પરસ્ત્રીને જોવા માટે 'આંધળા', બીજાના મર્મને બોલવા 'મૂંગા', અસત્ય - ખોટું સાંભળવા 'બહેરા', દુરાચારમાં 'પાંગળા' અને પ્રમાદની પ્રવૃત્તિમાં - અશિષ્ટ ચેષ્ટાઓમાં 'આળસુ' બનવું તે જ આત્મકલ્યાણનો માર્ગ છે.
- આત્માના જ્ઞાન - દર્શન - ચારિત્ર ગુણનો નાશ કરે તેનું નામ 'આશાતના'.
- દુઃખનો ભીરૂ અને સુખનો લાલચુ બધા અપલક્ષણોથી પૂરો હોય.
- કુટુંબને પાળવું તે ધર્મ નહિ પણ કુટુંબને માર્ગે રાખવું તે ધર્મ !
- સુખ અને દુઃખ શુભાશુભ કર્મથી, આત્માને સાચી સુખ - શાંતિ - સમાધિ ધર્મથી.
- જે આત્માને પાડે, પાશની જેમ વીંટે - બાંધે તેનું નામ પાપ !
- મન - વચન - કાયાની એકાકાર રૂપ ક્રિયાથી ચારે બાજુથી ગ્રહણ કરાય તેનું નામ પરિગ્રહ !
- હૈયાથી પરમપ્રીતિ તેનું નામ અનુરાગ !
- આત્માની મલિન ભાવનાઓથી થતી અશુદ્ધિ તે જ સંસાર ! આત્માની નિર્મલ ભાવનાથી થતી વિશુદ્ધિ તેનું નામ મોક્ષ !
- રાગ - દ્વેષના પ્રસંગો મન પર અસર ન કરે તેનું નામ સાચી સમાધિ.
- અર્થ - કામની આસક્તિ તે અશાંતિ-અસમાધિનું મૂળ !
- વીતરાગદેવની ભક્તિનું સાચું ફળ મોક્ષ ! મોક્ષ ન મળે ત્યાં સુધી સંયમ ! સંયમ ન મળે ત્યાં સુધી વિરાગ - સમાધિ !
- સંસાર ન ગમવો એટલે સંસારનું સુખ માત્ર ન ગમવું અને તેનું સાધન સંપત્તિ ન ગમે પણ ખરાબ જ લાગે.
- પ્રમાદ એટલો ખરાબ છે કે જીવની સાચી સમજ પણ રોળી નાંખે.
- લક્ષ્મીના 'માલિક' કેટલા અને લક્ષ્મીના 'દાસ' કેટલા ? જ્ઞાનીની તારક આજ્ઞા પ્રમાણે સાત ક્ષેત્ર - જીવદયા - અનુકંપામાં લક્ષ્મીનો સદુપયોગ કરે તે લક્ષ્મીના માલિક. મોહની આજ્ઞા મુજબ લક્ષ્મીનો ઉપયોગ કરે તે બધા લક્ષ્મીના દાસ કહેવાય.

'जीवितं तस्य शोभते'

-પૂ. સા. શ્રી અનંતગુણાશ્રીજી મ.

આ સંસારમાં જન્મ - મરણની ઘટમાળ ચાલુ છે. જન્મેલાને મરવાનું નિયત હોવા છતાંય મોટોભાગ જાણે મારે મરવાનું છે જ નહિ અને સદૈવ અહીં જ રહેવાનું છે તેમ માનીને જીવે છે. ખરેખર તો તે પુણ્યાત્માઓનું જીવન સાર્થક છે જેઓ પોતાના જન્મને પણ કૃતાર્થ કરે છે અને પોતાના પરિચયમાં આવનારા પુણ્યવાનોના જન્મને પણ કૃતાર્થ કરે છે. આવા મહાપુરૂષોના પુણ્યબળે આ ધરા ધીકતી છે. પૃથ્વી પરનું સ્વર્ગ છે.

જેમ ઉત્તમ નારી માટે કહેવાય કે જે પોતાનું જીવન ગુલાબના પુષ્પની જેમ સુવાસિત કરે છે, પોતે સહીને પણ પોતાના પરિવારમાં ત્યાગ - સમર્પણ બલીદાનની ભાવના જન્માવે છે, પોતાના સહનશીલતા ગુણથી, વાણીની મીઠાશથી કુટુંબને એક તાંતણે બાંધે છે અને પોતાના સંતાનોને ધર્મના સંસ્કારથી સુવાસિત કરે છે અને આખા કુટુંબ - પરિવારને સન્માર્ગે, સદ્ધર્મમાં જોડે છે. સ્થિર કરે છે. તેમ સદ્ગુરૂઓ સદ્ધર્મનો પ્રચાર કરી અર્થી ધર્માત્માઓને સન્માર્ગમાં સ્થિર કરે છે. જેમનું જીવન કર્ત્તવ્ય પરોપકારમાં જ રકત હોય છે. જેમના નયનો વાત્સલ્યથી પૂર્ણ હોય છે, હૈયામાં સદૈવ સર્વના હિતની કામના હોય છે, વાણીમાં સત્યનો રણકાર - સન્માર્ગના રક્ષણની ખુમારી હોય છે, સૌ સદ્ધર્મને સમજી, આચરી વહેલામાં વહેલા શાશ્વતપદને પામો અને સાચા સુખ - શાંતિ - સમાધિના ભોકતા બનો તે જ ભાવનાથી ભાવિત અંતઃકરણ હોય છે. જેમાંથી કરૂણાનો જે અસ્ખલિત સ્ત્રોત ઝરે છે, જેમાં ડૂબકી મારી પાપાત્માઓ પણ પુનીત બને છે. શરીરની શુદ્ધિ કદાચ લેટેસ્ટ સાબુથી થતી હશે પણ મનની શુદ્ધિ કરવાનું પુણ્ય કામ તો સદ્ગુરૂઓ કરે છે જે મલીન વાસનાઓ, ખોટી કામનાઓનું શમન કરવા સદ્વિચારના વિજળી પ્રવાહથી આત્માને નિર્મલ કરે છે. જેમની યાદી રોમાંચિત કરે છે, જેમનું પુણ્ય નામસ્મરણ આત્માને પુલકિત કરે છે, જેમનું જીવન જીવવાના માર્ગસ્થ આદર્શોનું પ્રતિબિંબ બને છે. ભૂતકાળમાંથી બોધપાઠ લઇ, ભાવિના ખોટા શમણા જોવાનું મૂકી, વર્તમાનની વાસ્તવિકતાનો વિચાર કરી જીવતા શીખવવાની મૂક પ્રેરણા કરે છે. વર્તમાન સારો તેનું ભાવિ સારું વર્તમાન ખરાબ તેનું ભાવિ પણ ખરાબ.

મહાપુરૂષોનું જીવન પ્રેરણાનો દિપક છે. જીવન કેવું જીવવું તે આપણા હાથની વાત છે. જેમકે ત્રણ માણસો સરખે ભાવે સમાન માટી લાવ્યા. તો તેમાંથી એકને એક રૂા. જેવી એકને પાંચ રૂા. જેવી અને એકને ૨૫ રૂા. જેવી કમાણી થઈ. કારણ ! સ્પષ્ટ છે. એક મજુર હતો, એક કુંભાર હતો અને એક કારીગર હતો. મજુરે લાવેલી માટી વેચી તો એક રૂા. મલ્યો. કુંભારે ઘડો કરી વેચ્યો તો પાંચ રૂા. મલ્યા. કારીગરે તેમાંથી જ સુંદર કલાકૃતિનું સર્જન કર્યું તો ૨૫ રૂા. મલ્યા. આપણને સૌને આવી ધર્મ સામગ્રી સંપન્ન માનવભવ મલ્યો તો તેને કેવો ઘાટ આપવો છે ? શેતાન બનવું છે ? માનવ - ઈન્સાન બનવું છે ? કે ભગવાન બનવું છે ? લાકડાનો ટૂકડો રસોઈયાના હાથમાં જાય તો બળતણમાં ઉપયોગ કરે અને કોઈ કારીગરના હાથમાં જાય તો કલાકૃતિનું સર્જન કરે. મહાપુરૂષો આ માનવ જીવનને ભગવાનનો ઘાટ ઘડવાનું કામ કરે છે. પત્થર ટાંકણા અને હથોડાના ઘા ઝીલે - સહે તો પરમાત્માની મૂર્તિ બને. તેમ આપણે મહાપુરૂષોની માત્ર વાતો કરી પેટ ભરવું છે કે વાતનો અમલ કરવો છે ? શીખવું એટલે બધી વાતોનો સંગ્રહ કરવો અને સાધવું એટલે શીખેલી વાતોનો જીવનમાં અમલ કરવો.

મહાપુરૂષોનું જીવન અમલી હોય છે.

આવા જ એક મહાપુરૂષ વર્તમાનમાં થઈ ગયા સદેહે અવિદ્યમાન છે પણ યશદેહે યુગોના યુગો સુધી વિદ્યમાન છે. જેમનું જીવન કવન કલમનો પણ વિષય નથી, લખતા લેખીની પણ થાકી જાય, બોલતાં મોઢું થાકે પણ.. જેમનું નામ જૈન જગતનમાં પ્રસિદ્ધ છે મુનિશ્રી રામવિજયજીના નામથી આરંભાયેલી અને પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના નામે પૂર્ણ થયેલી ! તેમના ગુણગીત ગાઈ આપણા જીવનને પણ પુનીત કરીએ અને એક કવિના શબ્દોમાં વિરામ પામીએ.

''यस्मिन् श्रुतिपथं प्राप्ते, द्रष्टे स्मृतिमुपागते ।
आनन्दं यान्ति भूतानि, जीवितं तस्य शोभते ॥''

જેમનું વૃત્તાન્ત સાંભળીને તથા જેમનું સ્મરણ કરવાથી જીવોને આનંદ થાય છે એવું જેનું જીવન શોભે છે.''

''स जीवति गुणा यस्य धर्म यस्य च जीवति ।
गुणधर्म विहीनो यो, निष्फलं तस्य जीवनम् ॥

જે ગુણવાન છે તે જીવે છે, જે ધર્મી છે તે જીવે છે જેઓ ગુણ અને ધર્મથી હીન છે તેનું જીવન નિષ્ફળ છે.

આવા ભવોદધિ તારક સુગૃહીત પુણ્યનામધેય પૂ. પરમ તારક ગુરૂદેવેશશ્રીજીના ચરણા કમલોમાં અનન્તશઃ વન્દનાવલી !

■ ■ ■

આત્માનુશાસન કરીએ

પૂ. મુનિરાજ શ્રી પ્રશાન્ત દર્શન વિજયજી મ.

ગતાંકથી ચાલુ

જહ કિર દુદંતેહિં, તુરયેહિં રણંડગણમ્મિ સારહિણો ।
વિણડિજ્જંતિ તહ ઈહં, પરત્થ વિ ઈંદિયેહિં પિ ॥૪૦૬૦॥

જેમ દુર્દાન્ત એવા ઘોડાઓ વડે યુદ્ધાભૂમિમાં સારથીનો વિનાશ કરાય છે તેમ દુર્દાન્ત એવી ઈન્દ્રિયો વડે પણ જીવનો આ લોક અને પરલોકનો પણ વિનાશ કરાય છે. બન્ને લોક બગાડાય છે અને ચારે ગતિમાં ભટકવા મોકલી આપે છે.

અન્ને વિ બહુવિહા ઈહ મુક્કમહાપુરિસ સેવિયક્કમાણ ।
ઈંદિય નિગ્ગહ રહિયાણ, હોંતિ દુહ દારૂણા દોસા ॥૪૦૬૧॥

ઈન્દ્રિયોના નિગ્રહથી રહિત અને મહાપુરૂષોએ આચરેલા માર્ગથી મૂકાયેલા - ભ્રષ્ટ થયેલા જીવોને આ લોકમાં બીજા પણ ઘણા પ્રકારના દારૂણ દુઃખોને આપનારા દોષો પ્રાપ્ત થાય છે.

એવાડઈ દૂર વિવાગં, સમ્મં પરિભાવિઉં નિયમઈએ ।
વિસયરસિ ઈંદિયાણં, ધીરો સંલીણયં કુજ્જા ॥૪૦૬૨॥

ઈન્દ્રિયોની આધીનતાના આવા પ્રકારના દુઃખદાયી કટુ વિપાકોને પોતાની મતિથી સારી રીતના વિચારીને ધીર પુરૂષે વિષયોમાં આસક્ત ઈન્દ્રિયોની સંલીનતા કરવી જોઈએ. ઈન્દ્રિયો પર વિજય મેળવવો જોઈએ.

સુ પુણ તેસિં ઈટ્ઠેયરેસુ વિસએસુ સમ્મભાવેણં ।
રાયદોષ પસજ્જણ - વજ્જણ રૂવા મુણેયવ્વા ॥૪૦૬૩॥

સારી રીતે ઈષ્ટ વિષયોમાં રાગના અને અનિષ્ટ વિષયોમાં દ્વેષના ત્યાગ સ્વરૂપ તે ઈન્દ્રિયોની સંલીનતા જાણવી જોઈએ.

સોચ્ચા દટ્ઠું ભોત્તૂણ, જિંઘિત્તું ફાસિઊણ તહ વિસએ ।
જસ્સ ન રઈ ન અરઈ, ઈંદિયસંલીણયા તસ્સ ॥૪૦૬૪॥

અનુકૂળ કે પ્રતિકૂળ સાંભળીને, જોઈને, સુંઘીને, ખાઈને, અને સ્પર્શીને જેને રતિ કે અરતિ થતી નથી તેનું નામ તેની ઈન્દ્રિય સંલીનતા કહેવાય.

તારૂવિલવિસયરણ્ણે, અણિબદ્ધમિઓતઓ ય વિયરંતં ।
નાણંકુસેણ કુજ્જા, અપ્પવસં ઈંદિય ગઈંદં ॥ ૪૦૬૫ ॥

તે જ કારણથી ગાઢ વિષયરૂપી વનમાં નિરંકુશપણે આમ તેમ ફરતા ઈન્દ્રિયરૂપી ગજેન્દ્રને જ્ઞાનરૂપી અંકુશ વડે આત્મવશ કરવો જોઈએ.

ઈહલોયવેણ ધીરા દમેજ્જ મણકુંજરંપિ તહ કહવિ ।
જહ જિણવિજય પડિવક્ખો, ગિણ્હેજ્જાડડરાહણપડાયં ॥ ૪૦૬૬ ॥

તે જ રીતે ધીર પુરૂષોએ સદ્‌બુદ્ધિના બળ વડે મનરૂપી હાથીને કોઈપણ રીતે દમન - સ્વવશ કરવો જોઈએ જેથી જીતી લીધા છે શત્રુઓને જેને એવો તે આરાધનાની જયપતાકાને પામે.''

આનાથી સારી રીતના સમજી શકાય છે કે સમ્યગ્જ્ઞાનની સાચી સમજથી આત્મા દુર્દાન્ત એવી પણ ઈન્દ્રિયોને જીતી શકે છે. માટે સદ્‌ગુરૂની સાચી સેવા - ભક્તિથી સમ્યગ્જ્ઞાનને મેળવવા પ્રયત્ન કરવો જરૂરી અને હિતાવહ છે. વાસ્તવમાં તો અનુકૂલ કે પ્રતિકૂલ, ઈષ્ટ કે અનિષ્ટ, મનોજ્ઞ કે અમોનોજ્ઞ કોઈપણ ઈન્દ્રિયજન્ય વિષય સ્વભાવથી પ્રિય કે અપ્રિય નથી. ગમો કે અણગમો, પસંદગી કે નાપસંદગીનો ભેદ મનની કલ્પના અને તરંગોના ઘોડાપુર છે. જેમ અપશબ્દ - ગાળ સાભળતાં માનવ લાલ પીળો થઈ જાય છે પણ સસુરાલમાં અપાતી ગાળ પણ ગમે છે. વેપારીને મન ગ્રાહકની ગાળ કે ઘીની નાળ લાગે છે. જેમ કોઈ તીર્થભૂમિની ભોજનશાળામાં દાળ - ભાત - શાક અને રોટલી જેવું સીધું - સાદું સાત્ત્વિક ગરમા ગરમ ભોજન મનને પ્રસન્ન કરે છે. તેવું જ ભોજન જમાઈને સસુરાલમાં મળે તો મનને અપ્રસન્ન - નારાજ કરે છે. ચીજ - વસ્તુ માં પ્રિયત્વ કે અપ્રિયત્વની બુદ્ધિ મનના કારણે છે. માટે જ 'શ્રી પ્રશમરતિ' ગ્રન્થમાં પણ વાચકપ્રવર પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિજી મહારાજે ફરમાવ્યું કે- જે વસ્તુ આજે પ્રિય લાગે છે તે કાલે અપ્રિય પણ બને અને જે આજે અપ્રિય લાગે છે તે પ્રિય પણ બને. માટે જ ઉપકારી પરમાર્ષિઓએ સંસારી જીવોની નાડ પારખી કહ્યું કે - જગતના જીવ માત્રને કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પર રાગ કે દ્વેષ નથી પણ જે પોતાને અનુકૂળ હોય તેના પર જ રાગ હોય છે અને જે પ્રતિકૂળ હોય છે તેના પર જ દ્વેષ હોય છે. બધાની જડ અનુકૂળતા નો રાગ અને પ્રતિકૂળતાનો દ્વેષ છે. આ રીતે જે પુણ્યાત્મા આનનો વિજેતા બને છે તે ઈન્દ્રયોનો પણ વિજેતા બને છે. માટે જ કહ્યું કે- 'એગે જિઆ જિઆ પંચ'.

આ રીતે પાંચે ઈન્દ્રિયોને જીતવાથી દશ પર જીત થાય છે. મન, પાંચ ઈન્દ્રિયો અને ક્રોધ - માન - માયા અને લોભ રૂપ ચાર કષાયોનો વિજય થાય છે. કષ નામ સંસાર તેનો આય નામ લાભ જેનાથી થાય તેનું નામ કષાય છે. કષાયોનું મૂલ પણ મન છે. જ્યારે મન સ્વાધીન - કાબૂમા હોય છે ત્યારે રાગ - દ્વેષ રૂપ ચારે કષાય પણ કાબૂમાં રહે છે. જ્ઞાતિઓએ ક્રોધ અને માનને દ્વેષના ઘરના અને માયા અને લોભને

રાગના ઘરના કહ્યા છે. કેટલેક ઠેકાણે ક્રોધને દ્વેષના ઘરનો અને માન - માયા - લોભને રાગના ઘરના પણ કહ્યા છે. દ્વેષની યોનિ ગણ રાગ કહેલ છે. જેના પર અતિ ગાઢ રાગ હોય અને કયારેક રાગની પૂર્તિ ન થાય તો તરત જ તેના પર દ્વેષભાવ આવી જાય છે. જ્ઞાનિઓએ આત્મહિતકર જે જે નિદાન કર્યા છે તેના પર શાંતચિત્તે વિચારીએ તો પણ બધું સ્પષ્ટ સમજાય છે. આ બધું આપણે આત્માના વિજેતા બનવા, આત્માનું અનુશાસન કરવા સમજવું છે. જે આત્મા કષાયોનો વિજેતા બને છે તે સમતારૂપી અમૃતના સરોવરનું અવગાહન કરી પરમ સુખ - શાંતિ અને સમાધિનો અનુભવ કરે છે. સમતા સુધાનો પરમ પ્રકાશ જ્યાં પ્રકાશિત હોય છે ત્યાં રાગ દ્વેષના પ્રવેશનો અવકાશ પણ નથી હોતો. તેથી પ્રશમ - પ્રશાન્ત - સમતાભાવને પામવાને માટે ચારે કષાયોને જીતવા અતિ આવશ્યક અને અનિવાર્ય છે.

કષાય એ જ આત્માનો મોટામાં મોટો શત્રુ છે. અનિગૃહિત કષાયો એ પુનર્જન્મ રૂપી વૃક્ષનું મૂળ બીજ છે. આત્માનો સંસાર વધારનારા, દુર્ગતિના દુઃખોના દરિયામાં ડૂબાડનારા આત્માને પોતાના યથાર્થ સ્વરૂપનું સાચું ભાન નહિ કરાવનાર હોય તો આ કષાયો જ છે. છેક અગ્યારમાં ગુણઠાણાનો અનુભવ કરનાર આત્માનું અધઃપતનનું કારણ હોય તો આ કષાયો છે. કષાયના સદ્‌ભાવમાં સમ્યક્ ચારિત્રની પૂર્તિ કે પમાતી નથી. અનંતાનુબંધીના કષાય આત્માના સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે છે. અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિગુણની પ્રાપ્તિમાં અવરોધક છે, પ્રત્યાખ્યાની કષાય સર્વવિરતિગુણનો વિઘાત કરે છે. અને સંજ્વલનતા કષાય વિતરાગતા ગુણનો વિનાશ કરે છે.

આત્માનું અનિષ્ટ કરનાર તે જ આત્માનો શત્રુ છે અને તે છે કષાય. બાહ્ય શત્રુ જેવું - જેટલું અને જે નુકશાન નથી કરતા તેના કરતાં કૈંક ગુણું નુકશાન આ અભ્યંતર શત્રુઓ કરે છે. જે મિત્રના રૂપે ઘેરી વળી આત્માની ભયાનક પાયમાલીમાં જ આનંદ પામે છે. જરાપણ રહેમનજર પણ રાખતા નથી. આત્માના મૂળ શત્રુ તો રાગ - દ્વેષ - અજ્ઞાન - મોહ આદિ છે. કષાયની કુશલતા તો જૂઓ જે શત્રુ નથી પણ આત્માના સાચા હિતકર મિત્ર છે તેને શત્રુ મનાવે છે અને તેનાથી આત્માને દૂર - સુદૂર રાખે છે. જે ખરેખર આત્માના સાચા શત્રુ છે તેને મિત્ર મનાવે છે. આત્માને એવો અંધાપો આપ્યો છે, એવા ભ્રમમાં નાખ્યો છે કે આત્માની વિવેક શક્તિ જ નષ્ટ થઈ જાય છે અને આત્મા પોતાના જ સાચા શત્રુ અને મિત્રને ઓળખવામાં ભયાનક થાપ ખાય છે. જેના કારણે પોતાને જે દુઃખ આપે તેને પોતાનો શત્રુ માને છે અને જે કષાયો કર્મબંધનું મુખ્ય કારણ છે તેને શત્રુ તો માનતો નથી પણ પ્રાણપ્યારો દિલોજાન દોસ્ત માને છે. આ રીતે કષાયના મૂળને ઓળખી જે આત્મા કષાયોનો વિજેતા બને છે તે બધાને જીતનારો બને છે અને આત્માનો વિજેતા બની આત્મા પર સાચું અનુશાસન કરી મોક્ષને પામનારો બને છે. આ રીતે મન અને ઇન્દ્રિયોને જીતી, કષાયોને જીતવા પ્રયત્ન કરવો જરૂરી છે. આ દશેને જીતનારો પુણ્યાત્મા જગત્‌પૂજ્ય બને છે.

કષાયોનું સ્વરૂપ સમજાવી કષાયોને જીતવાનો સુંદર ઉપાય 'શ્રી સંવેગ રંગ શાળા'માં (ગા. ૪૦૭૯ થી ૪૦૯૦) માં ગ્રન્થકાર પરમર્ષિએ જે બતાવ્યો તેની પણ વિચારણા કરી તેની દુષ્ટતાથી આપણા આત્માને પણ બચાવીએ.

''अज्झवसाणविसुद्धी, कसाय कलुसीकयस्स यन अत्थि ।
ता तस्स सुद्धिहेउं संलिहई द्रढं कसायकलिं ॥४०७९॥

કષાયથી કલુષિત બનેલા આત્માને અધ્યવસાયની વિશુદ્ધિ થતી નથી. તેથી તેની વિશુદ્ધિને માટે પણ કસાય રૂપી કલિને સારી રીતના જીતવો જોઈએ. અર્થાત્‌ની કષાયની સંલીનતા કરવી જોઈએ. કષાયનો પ્રસંગોમાં પણ કષાય પેદા ન થાય અથવા તો પેદા થયેલા કષાયને નિષ્ફળ કરવો તેની નામ કષાયની સંલીનતા કહેવાય. ॥

कोहं खमाए माणं च मद्दवेणऽज्जवेण मायं च ।
संतोसेणं च लोभं, संलिहई लहुं लहुलब्भूओ ॥४०८०॥

ક્રોધને ક્ષમા વડે, માનને નમ્રતા વડે, માયાને સરલતા વડે અને લોભને સંતોષ વડે, હલકા બનીને જલ્દીથી સંલિહિત કરવો જોઈએ - જીતવા જોઈએ.

कोहस्स य माणस्स य, माया लोभाण सोन एई वसं ।
जो ताणं मूलाओ, उप्पत्तिं चेव वज्जेई ॥ ४०८१॥

જે પુણ્યાત્મા કષાયોની મૂલ ઉત્પત્તિનો જ ત્યાગ કરે છે અર્થાત્ કષાય પેદા થાય તેવા પ્રસંગો જ ટાળે છે તે આત્મા ક્રોધ-માન-માયા અને લોભને વશ બનતો નથી.

तं वत्थुं मोत्तव्वं, जं पई उप्पज्जए कसायऽग्गी ।
तं वत्थुमाऽऽयरेज्जा, जेण कसाया न उट्ठिंति ॥४०८२॥

જેનાથી કષાયરૂપી અગ્નિની ઉત્પત્તિ થાય તે વસ્તુનો ત્યાગ કરવો જોઈએ- તેવા સ્થાનથી દૂર રહેવું જોઈએ. અને જેનાથી કષાયો પેદા જ ન થાય તેવી વસ્તુનો આદર કરવો જોઈએ.

जं अज्जियं चरित्तं, देसूणाए वि पुव्वकोडीए ।
तं पि कसाईयमेत्तो, हारेई नरो मुहुत्तेण ॥ ४०८३॥

દેશોનપૂર્વકોડિ સુધી આચરેલા ચારિત્રને પણ કષાય માત્રથી મનુષ્ય મુહૂર્તમાં ગુમાવી દે છે.

માટે તો ગુજરાતી ભાષામાં પણ ક્રોધની સજ્ઝાયમાં કવિરત્ન શ્રી ઉદયરત્નવાચકે પણ કહ્યું કે- 'ક્રોધ ક્રોડ પૂર્વતણું સંજમ ફલ જાય.'

जलिओ हि कसायडग्गी, चरित्तसारं डहेज्ज कसिणं पि ।
संभूयं पि विराहिय, अणंत संसारियं कुज्जा ॥ ४०८४ ॥

સળગતો એવો કષાયરૂપી અગ્નિ સંપૂર્ણ ચારિત્રસારને પણ બાળી નાખે છે અને સમ્યક્ત્વની પણ વિરાધના કરીને તે જીવને અનંત સંસારી પણ બનાવે છે.

धन्नाणं खु कसाया, जगडिज्जंता वि परकसाएहिं ।
न उट्ठंति उट्ठिउं जे, सुनिविट्ठो पंगुलो चेव ॥ ४०८५ ॥

બીજાના કષાયો વડે ઉત્પન્ન - જગાડાતા એવા પણ કષાયો, સારી રીતના બેઠેલા પાંગળાની જેમ ઉભા થવા જેઓ સમર્થ બનતા નથી તેમને ધન્ય છે. અર્થાત્ બીજા વડે કષાયની ઉત્પત્તિના કરતા બધા જ ઉપાયો નિષ્ફળ જ જાય છે.

जई जलई जलउ लोओ, कुसत्थ पवणाडडहतो कसायडग्गी ।
तं चोज्जं जं जिणवयण सलिल सित्तो वि पज्जलई ॥ ४०८६ ॥

લોકમાં કુશાસ્ત્ર રૂપી પવનથી વિસ્તારાયેલો કષાયરૂપી અગ્નિ બળતો હોય તો ભલે બળો. પરન્તુ જે શ્રી જિનવચનરૂપી પાણીથી સિંચાયેલો હોવા છતાં ય કષાયરૂપી અગ્નિને આધીન બને છે. ને આશ્ચર્ય છે !

कलुस फलेण न जुज्जई, किं चोज्जं जं ईहं विगयरागो ।
संते वि जो कसाए, निगिण्हई सो वि तत्तुल्लो ॥ ४०८७ ॥

જે વીતરાગ છે અને કલુષિત ફલ વડે જોડાતો નથી તેમાં કાંઈ જ આશ્ચર્ય નથી ! પરન્તુ કષાયો વિદ્યમાન હોવા છતાં પણ જે કષાયોનો નિગ્રહ કરે છે- કાબૂમાં રાખે છે તે પણ શ્રી વીતરાગ સમાન જ છે.

रूवं उच्चं गोयं, अविसंवाओ सुहो य लाभो त्ति ।
कोहाडडईनिग्गहाणं, फलं कमेणुत्तमं नेयं ॥ ४०८८ ॥

રૂપ, ઉચ્ચ ગોત્ર, અવિસંવાદી સુખ અને લાભ તે ક્રમે કરીને ક્રોધ - માન - માયા અને લોભના નિગ્રહ રૂપ ઉત્તમ ફલને જાણો.

ता उप्पज्जंतो च्चिय, कसायदावाडनलो लहुं चेव ।
ईच्छा मिच्छा उक्कडज लेण विज्झावलिज्जो हु ॥४०८९ ॥

તે જ કારણે ઉત્પન્ન થતા એવા કષાયરૂપ દાવાગ્નિને જલ્દીથી જ ઈચ્છા - મિચ્છારૂપી ઉત્કૃષ્ટ પાણી વડે બુઝાવી દેવો જોઈએ.

तह चेव नो कसाया संलिहियव्वा परेणुवसमेणं ।
संभवंति अरयाणि य, ईह लेसाओ असुद्धाओ ॥ ४०९० ॥

તે જ રીતના નવ નોકષાયો, સંજ્ઞાઓ, ત્રણ ગારવો અને અશુદ્ધ લેશ્યાઓને પણ શ્રેષ્ઠ ઉપશમ વડે જીતી લેવા જોઈએ.

આ કષાયો જો જીતાઈ ગયા તો આપણે ઘણો જંગ જીતી ગયા. કષાયની આધીનતાનો ત્યાગ કરવો, કષાયને જીતવા તે કઠીનમાં કઠીન કપરામાં કપરૂં કામ છે માટે જ તેને જીતવાનો, તેને આધીન નહિ બનવાનો, તેની આધીનતાને સારી નહિ માનવાનો વારંવાર મહાપુરૂષો હિતોપદેશ આપે છે કે આ કષાયોની કાતીલતા - કાલીમતા કેવી કપરી છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ત્રેવીશમાં શ્રી કેશી ગૌતમીય અધ્યયનમાં શ્રી કેશી મહારાજાની શંકાનું સચોટ સમાધાન શ્રી ગૌતમ મહારાજાએ કર્યું છે.

શ્રી કેશી મહારાજાએ પૂછ્યું કે - ''શરીરમાં રહેલી ચારે ય બાજુથી ઉત્કૃષ્ટ રીતિએ જ્વલિત અને ઘોર અગ્નિઓ તમે કેવી રીતે બૂઝવી ? '' તો

શ્રી ગૌતમ મહારાજા - ''મહામેઘથી ચોતરફ થયેલ જલ પ્રવાહમાંથી તમામ જલ કરતાં ચઢીયાતું જલ લઈને તે અગ્નિઓને બૂઝવું છું. તેનાથી સિંચાયેલ તે અગ્નિઓ મને બાળતી નથી.''

શ્રી કેશી મહારાજા - ''અગ્નિ શું અને મેઘ શું ?

તેના જવાબમાં

શ્રી ગૌતમ મહારાજા- ''શ્રી જિનેશ્વરદેવોએ 'કષાયો'ને તપાવનાર- શોષાવનાર હોઈ તેને 'અગ્નિ' તરીકે કહ્યા છે. કષાયના ઉપશમ હેતુ શ્રુતાન્તર્ગત ઉપદેશ,મહાવ્રત રૂપ શીલ અને તપ એ 'જલ' છે. જગતના ભવ્ય જીવોને આનંદ આપનારા શ્રી તીર્થંકરદેવો 'મહામેઘ' ના સ્થાને છે. તેમનાથી ઉત્પન્ન થયેલા શ્રી જિનાગમરૂપ શ્રોત છે. શ્રુત વગેરે જલની પરિભાવનાદિ રૂપ ધારાઓથી હણાયેલ - સિંચાયેલ પૂર્વોકત સ્વરૂપવાળી અગ્નિઓ, ભિન્ન, ભેદાયેલ અને શાંત થયેલી મને બાળી શકતી નથી.''

આ રીતે સૌ પુણ્યાત્માઓ આત્માનું અનુશાસન કરી મનને જીતી પાંચે ઈન્દ્રિયોના વિજેતા બની ચારે કષાયના વિજેતા બનો. અને તે માટેનું સામર્થ્ય પામનાર - બળ આપનાર આ જન્મ બનો. જેથી દુનિયાના સુખમાત્રમાં વિરાગ, દુઃખમાં સમાધિ, સમકિત અને સંવેગ, પ્રશમ આદિ આત્મગુણોમાં રંજન કરી જ્યાં ગયા પછી કદિ પાછા આવવાનું નથી તેવા પરમપદને ભજનારા બનો. આત્માની સાચી સમજ કેળવી, નિર્મલ અને પટુ પ્રજ્ઞાના પ્રકાશમાં સન્માર્ગે ગમન કરી આત્મગુણલક્ષ્મીના ભોકતા બનીએ તે જ **મંગલ કામના.**

ગુરૂ ગુણ ગાઈ હું નિર્મલ થાઉં

– અ.સૌ. અનિતા આર. શાહ

''ગંગાકી નિર્મલ ધારા સમ, જીવન તેરા થા પાવન;
માનવતાકે દિવ્ય વિભૂતિ, તુજકો શત શત હૈ વંદન.''

હે ગુરૂવર ! મૈં આપકા કૈસે ગુણ ગાવું ? મેરી શક્તિ ભી મૈં જાનતી હું । લેકીન આપને અમ જૈસે પામર જીવો પર જો ઉપકાર કિયા હૈ વો કભી ભી ભૂલ નહિ પાઉંગી । અજ્ઞાનકે અંધેરેમેં બસે હમકો આપને જો સમ્યગ્જ્ઞાનકા પ્રકાશ બતાયા, રાગમેં મસ્ત હમકો વિરામ કી મસ્તી ભી જો બતાઈ વૈસે હમ આપકો ભૂલે ? આપકે હૃદયમેં મૈં થી યા નહિ યા ચિંતા કરના ભી નહીં લેકીન મેરે હૃદયમેં આપ સમ કર હમે રહોંગે । આપને જો સન્માર્ગ દિખાયા વે હી હમારા સહારા હૈ । જૈસે સૂરભી સુમન ખિલતે હૈ ઔર અમર બન કર સ્વ ઔર સર્વસ્વકો સુવાસિત બના કર મીટા જાતા હૈ । વૈસે હી આપકો ગુણપરાગ સંસાર કે અનેક ભવ્યાત્માઓકો આત્મિક શાન્તિ, પ્રસન્નતા, પવિત્રતા ઔર પરમાનંદકી અનુભૂતિ કરાતા હૈ । આપકો સારા જીવન શાસનમેં સર્વસ્વ સમર્પણ કર આપને જો ગુણસુરભી ફૈલાઇ હૈ । વહ કભી મીટ ન શકેગી ઔર ન મીટ પાયેગી । એક કવિને કહા હૈ કિ-

''હાથ બિન નાડીકે જૈસે જલ બિન તાલાબ હૈ,
ફૂલ બિન ખુશબુકે ઔર પ્રકાશ બિન મહતાબ હૈં ।
ચાંદ બિન જૈસે નભકી સૂના સભી સમાન હૈ,
ઇસી તરહ ગુરૂજી બિન આપકે આજ જૈન સમાજ હૈ ।।''

આપકી સંયમકી સાધના, વિશુદ્ધ આરાધના, પ્રભાવક પ્રભાવના ઔર ધ્યેયકી જો ઉપાસના થી વહ સ્વ-પરકે કલ્યાણકે લિએ હી થી । જો કૌન ભૂલેગા ? આપકી જીવન સુરભિતામેં નિડરતા, નિખાલસતા, નિરપેક્ષતા, નિષ્પક્ષતા, નિસ્પૃહતા કા નિર્મલ નીર બહાકર સંયમકા ચીર ચમકાયા જો કી ચમક ઝલક આજ ભી વૈસી હૈ । જિસસે ભાવિકો કલ્યાણાર્થી આત્માઓ પ્રેરણાકા પાથેય ગ્રહણ કરતા હૈ ।

દિક્ષાકા માર્ગ સુલભ કર આપને વો હી બતાયા કી દીક્ષા ખોઇ હુઇ આત્માકો ખોજનેકે લિએ હૈ, મોહ નિદ્રાસે સોઇ હુઇ આત્મદશાકો જગાનેકે લિએ હૈ, લેકિન ખાને યા સોનેકે લિએ નહીં હૈ । સંયમ જીવન પુદગલાનંદી નહિ લેકિન આત્માનંદી બનાનેકે લિએ હી હૈ । અપને તારક પૂ. ગુરૂદેવો પ્રતિ ભી આપકા જો સમર્પણભાવ થા કી ગુરૂદેવો કે હૃદયમેં આપકા અપૂર્વ સ્થાન થા ।

આપકી યાદ હરપલ મેં આતી હૈ ।

કિસી કવિકે શબ્દોસે મૈં મેરી ભાવના વ્યક્ત કરતી હું ।

''રહ રહકર યાદ આપકી, દિલકો તડપા જાતી હૈ ।
વિયોગકી દર્દીલી ઘડિયાં, સહી ન હમસે જાતી હૈ ।।''
''હમારે સે દૂર હોકર ભી, હમારે પાસ હો તુમ,
હમારી સુની જિંદગીકી, એક આસ હો તુમ;
કૌન કહતા હૈં હમસે બિછુંડ ગયે હો તુમ,
તુમ્હારી યોદોંસે સ્વમેં હમારી સાંસ હો તુમ ।।''
''યત્રાપિ કુત્રાપિ ગતાપિ હંસા,
ભવન્તિ તે તુ મહીમણ્ડનાય ।
હાનિસ્તુ તેષાં હી સરોવરાણાં;
યેષાં મરાલૈઃ સહ વિપ્રયોગઃ ।।''

એસી હમેરી હાલત હૈ । ક્યા બતાવું ! એકહી અરજૂ વ્યક્ત કરકે વિરમતી હૂઁ ।

''હૈ કરૂણા નિધિ ! કરતી હું મૈં અભિનંદન, શ્રદ્ધા પુષ્પ સ્વીકૃત કરકે મેરા ચરણોમેં શત શત વંદન''

આપકી જો મંગલ કામના થી વો હી વ્યક્ત કરતી હું

''સર્વદા સૌ સુખી થાઓ, પાપ કોઇ ના આચરો ।
રાગ-દ્વેષ સે મુક્ત હોકર મોક્ષ સુખ સૌ જગ વરો ।।''

■■■

પ્રસંગ પરાગ

ઈસ્ટ ઇંડિયન રેલવે કંપનીના જૂના કરારો પૂરા થતા હોઈ વહીવટ રાજ્યે લઈ લેવો કે ફરી કરારો કરવા, એની ભલામણ કરવા ભારતમાંની અંગ્રેજ સરકારે લંડનમાં એક કમિટી બોલાવેલી. આખરી નિર્ણય વેળા સભ્યો સરખા મતે સામસામા હતા, ત્યારે રેલવેનું રાષ્ટ્રીયકરણ કરવાંનો પોતાનો મત જો ફેરવે તો ભારતીય સભ્ય સર પુરૂષોત્તમદાસ ઠાકુરદાસને ત્રીસ વર્ષ સુધી વાર્ષિક સાત લાખ રૂપિયાની આવકવાળી જી.આઈ.પી. રેલવેની મેનેજિંગ એજન્સી આપવાની દરખાસ્ત તેમની સામે મૂકી; પણ સામણે તો રોકડું પરખાવ્યું, 'કમિટીના સભ્ય તરીકે હું મારો મત વેચીને પૈસા બનાવવા નથી માગતો.'

દૂધ એ માંસ નથી

પ્રસિધ્ધ પશુ પ્રેમી મેનકા ગાંધીનો દૂધ સંબંધી ઉંધો અભિપ્રાય પશ્ચિમનાં લેખો પર આધારિત

દૂધનો પ્રચાર એ સિદ્ધાંત નથી

મહાભારતકાર મહર્ષિ વેદ વ્યાસે દૂધને વિશ્વનો શ્રેષ્ઠ પોષક પદાર્થ કહ્યો છે અને ધરતી પરના અમૃત તરીકે વર્ણવ્યું છે. ગોરા લોકોની અર્ધદગ્ધ સમજ અને લખાણો ભારતના શિક્ષિત વર્ગ માટે જોખમી બન્યા છે.

જીવો પ્રત્યે અનન્ય અનુકંપા ધરાવનાર શ્રીમતી મેનકા ગાંધી લોકોને દૂધ છોડવાનું કહીને ગાય તેમજ સમગ્ર પશુઓની કતલને નિર્દોષભાવે પણ ઉત્તેજન આપી રહ્યા છે. જો તેઓશ્રીએ ભારતીય પશુ સંવર્ધન અને તેની પાછળના હેતુ અને લાભનો ઉંડો અભ્યાસ કર્યો હોત તો પશ્ચિમના લોકોની અજ્ઞાનતાને પડકારી શકત અને દૂધ એ દૂધ છે, અમૃત છે, તેમ ભારપૂર્વક કહી શકયા હોત કારણ કે ગાય ઘાસ, ખોળ, કપાસીયા વિ. નો ખોરાક ખાય કે તેજ દિવસે દૂધમાં રૂપાંતર પામીને આંચળમાં આવે છે અને વધેલા ભાગમાંથી દર પાંચ દિવસે આઠ ધાતુનો જન્મ થાય છે, તે આઠ ધાતુના નામ રસ, રકત, મેદ, માંસ, અસ્થિ, મજજા, વીર્ય અને ઓજસ છે.

મહાભારતમાં રાજા યુધિષ્ઠિરે ગાયના દૂધને દુનિયાના અમૃત તરીકે વર્ણવેલ છે. માટે દૂધને લોહી કે માંસાહાર તરીકે સરખામણી કરવી તે નરી મુર્ખાઈ છે. મહમદ પયગંબરે ગાયના દૂધને ઔષધ ગણાવ્યું છે.

પ્રસિધ્ધ આર્યુવેદ ગ્રંથ ''શાલીગ્રામ નિઘંટુ'' માં જણાવ્યું છે કે દૂધ મધુર, શીતલ, બુધ્ધિ વધારનાર, અવસ્થાસ્થાપક, આયુષ્યકારક અને ઓજસ વધારનાર છે. ગાયનું દૂધ બળવર્ધક, લોહી વધારનાર, બુધ્ધિવર્ધક, વીર્યવર્ધક, સાત્વિક વિ. અનેક ગુણધર્મોથી ભરપુર છે. ચરિયાણો, પહાડોની ધારો અને જંગલમાં ફરતી ગાયના દૂધમાં ગુણ વિશેષ હોય છે. એકજ ગાયના દૂધમાંથી બનાવેલું ઘી (વલોણાનું) તે જ ગાયના દૂધમાં નાંખીને પીવામાં આવે તો તેનાથી વધુ પૌષ્ટિક ચીજ આ દુનિયામાં એકેય નથી. વિશ્વ વિખ્યાત મલ્લરાજ ગામા રોજનું એક મણ દૂધ પીતા. દૂધ અને ઘીનાં - ખોરાકથી તે નામાં એટલું બધુ બળ હતું કે દુનિયાનો કોઈપણ પહેલવાન તેને હરાવી શકયો નથી.

પશ્ચિમની ગાયોનો ઉછેર અવૈજ્ઞાનિક અને ઘાતકી છે. તેમને કુદરતી ખોરાક ઘાસ, ખોળ, કપાસિયા વિ. આપવાને બદલે લીલું ઘાસ કતલખાનાનો એઠવાડ, માંસ, માછલી, ઈંડાના ફોતરા અને હોરમોનનાં ઈંજકશન આપે છે. પરિણામે દૂધના ગુણધર્મ ફરી જાય છે. ''મેડકાઉ'' રોગ પણ આ માંસાહારી ખોરાકનું જ કારણ છે કે જેનો ભોગ લાખો ગાયો બની હતી અને તેની કતલેઆમ કરી હતી. યુરોપની જર્સી, હોલ્સ્ટીન ગાયોને ખૂંધ નથી હોતી અને આપણી ગાયોના દૂધ જેવું તેનું દૂધ નથી હોતું. મેનકાજીએ ભારતની પ્રાચીન પશુ સંવર્ધનની અજોડ પધ્ધતિનો ઉંડો અભ્યાસ કર્યો હોત તો દૂધ વિ.ને તેમનું જુદુ જ નિવેદન હોત. મેનકાજીના દિલમાં મૂંગ જીવો પ્રત્યે ભારોભાર અનુકંપા છે તેની સૌ કોઈ પ્રશંશા કરે છે. તેમના હૈયનો દૂધ અંગેનો વિચાર તેમની અનુકંપાને અળખામણી કરે છે.

- સુમનલાલ છોટાલાલ કામદાર

■■■■

Married men may have better halves. but bachelors have better quarters. - Anon
Man is born FREE, but is everywhere in chains. - J. J. Rousscau
Man is born to trouble, as the sparks fly upwards. - Bible
Man is not the creature of circumstances CIRCUMSTANCES are the creature of men - Disraeli
My COUNTRY is the world, and my RELIGION is to do good. - Thomas Paine
Make hay white the sun shines.

: જિન સ્તવના :

શ્રી ભરત મહારાજાએ ચોવીશ શ્રી તીર્થંકરોના નામના અક્ષરો આદ્યે અને અંતમાં ઉચ્ચાર પૂર્વક કરેલી શ્રી વીતરાગ પરમાત્માની સ્તવના:

(શ્રી પુંડરીકસ્વામી ચરિત્ર : સર્ગ ત્રીજો)

શ્રી	કેવલ જ્ઞાન વિભૈકધા	મ !	શ્રી	વીતરાગેન્દ્ર ! શિવશ્રિયા	અ
ઋ	તે ભવ તં હૃદયં દુરી	હા ।	સુ	ખાઽઽસુખાપલ્પ વિકલ્પભા	ર ! ।
ષ	ટ્ શત્રુ જાતાદતિદુઃખરા	વી	પા	ર્શ્વે ન તસ્યાઽક્ષરણોઽહિના	ના ।૧।
ભ	ક્ત્યાઽગતોઽસ્મિત્યથ રક્ષ વી	ર ! ।।૧।।	ર્શ્વ	વૃન્દમાતિષ્ઠતિ નૈવ ના	થ ! ।।૭।।
શ્રી	વીતરાગદ્ભૂતમોહ તા	પા	ચ	ન્દ્રો યથા નન્દતિ સર્વરૌ	કું
અ	સંશયં જગ્મુરકર્મ પા	ર્શ્વ !	દ્ર	વેત્ તુ ચન્દ્રાશ્મચયોઽમૃતં	થુ ।
જિ	ના ત્વદાસ્યાંશુસુધાનિપા	ના	પ્ર	ભો ! તથા શાન્તરસાન્વિતા જ	ના
ત	થા તવ સ્નાત્રજલેન ના	થ । ।।૨।।	ભ	વન્તિ તે વાગ્ભિરનૂન વિત્પ	થ ! ।।૮।।
શ્રી	મજ્જિન ! ત્વાં હૃદિ દુઃખદૂ	ને	શ્રી	રજ્જુબધ્યાં નૃતતિ દઢા	શાં
સં	સ્થાપ્ય યદેવ ! સુખીભવા	મિ ।	સુ	મોહ એબ ભ્રમયન્નરા	તિર્ ।
ભ	ક્તિર્ભવ્યં ન તુ કાઽપિ ના	ના	વિ	ભો ! તવાગ્રે તુ નયેત કદા	ના- ઽઽ
વ	ર્ણા કૃતા તે જયતીહ ના	થ । ।।૩।।	ધી	વ્યાધિ વ હિન પ્રશમેઽસિ પાઃ	થઃ ।।૯।।
અ	રુપિણી નષ્ટગુણા શિલ	શ્રીર્-	શ્રી	મન્નહં મોહતમો ભિરં	ધ :
ભિ	ન્નાઽકદાઽપ્યસ્તરસા રસે	ન (।) ।	શી	લાધ્વહીનં કૃતવાન્ કુક	ર્મ ।
નં	દપ્રભાતા ભવતોચ્ચકા	મિ	ત	સ્ય ક્ષયોઽભૂત તર દર્શને	ના ઽઽ
દ	માશ્રિતાસ્તાં જિન ! કે ન ને	મુઃ(૧) ।।૪।।	લ	સં મનો મેઽસ્તુ તવાઙ્ઘ્રિકતેઽ	થ ।।૧૦।।
ન	કો મતોભૂસ્ત્રિજગત્યમૂ	નિ	શ્રી	મન્ ! યથાઽઽદ્યો લઘુરષ્ટજુ :	શ્રી-
સુ	સ્વાદ્ બબન્ધ ત્વરિતં મન :	સુ ।	શ્રે	ષ્ઠઃ પ્રવૃધ્યયૈ વચનશ્રિયા	અ
મ	ત્વેતિ ત્વા મન એવ તી	વ્ર	યાં	સ્ત્વં નૃચિતેઽણુરપીહ નૂ	નં
તિ	રોભવત્ત્વં શુચિધમધા	તઃ ।।૫।।	સ	વોરુરેવાઽસિ તથાઽદ્ય ને	તઃ ।।૧૧।।
પ	શ્યાઽઽહંતા દુર્નિગડે પ્રભા	દે ઽ-	વા	ગ્મીશ ! તે સર્વસમા વચ :	શ્રી
ય	કો વ્યં દુઃખકદન્ન મે	વ ।	સુ	ધામ્નવા સદ્ભિરિતિ વ્યધા	વિ ।
પ્ર	ભોઽવિ સૌખ્યામૃતમાતતથા	મ	પૂ	ર્ણાત્ સુમાત્ ત્વમ્બુધિતો નિકા	મ !
ભ	વે ત્વત્સ્તા કિમિદં ન મ	લ્લિઃ ।।૬।।	જ્યા	યોરસોલ્લોલતતિ સમૂ	લ ! ।।૧૨।।

નાસિક : જેઠ સુદ ૯ શનિવારે સવારે ૫.૪૫ કલાકે પૂ. પરમારાધ્યપાદ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના પ્રવર્તિની સ્વ. પૂ. પરમ વિદુષી પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મહારાજના પરિવારના સ્વ. પૂ. સા. શ્રી નિરંજનાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી તરૂલતાશ્રીજીના શિષ્યા સા. શ્રી હિતકાંક્ષાશ્રીજીને અકસ્માત થવાથી ઘટના સ્થળે જ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. અને તરત જ નશ્વર દેહને શ્રી નાસિક સંઘ ગામમાં લઈ આવ્યો. બાદ મહાપાટિઠાવણિઆ આદિ વિધિ કરી.

સા. તરૂલતાશ્રીજી આદિ ઓઝરથી ૧૯ કિ.મી. વિહાર કરીને આવ્યા બાદ તથા તેમના સંસારી સ્વજનો નાસિક શ્રી સંઘ તથા આજુબાજુના યેવલા, વણી, પિંપળગામ, ધોટી, સુરત, મુંબઈ આદિના સંઘોની માનવ મેદની વચ્ચે પાલખી નીકળી. અગ્નિ સંસ્કાર અંગેની ઉપજ પણ ખુબ સુંદર થયેલ તથા અંતિમ કાર્ય શ્રી સંઘે પૂર્ણ કર્યુ અંતિમ કાર્યવિધી માટે સુશ્રાવિકા કાન્તાબેન રસિકલાલ શાહે જગ્યા અર્પણ કરી છે.

નાસિક શ્રી સંઘે દરેક દરેક કાર્યમાં ખડે પગે ઉભા રહીને શ્રી સંઘના પરમ કર્તવ્યનો સુંદર આદર્શ ઉભો કર્યા છે.

પરમારાધ્યપાદ પૂજ્યપાદ પરમ ગુરૂદેવ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે વિ.સં. ૨૦૪૮ના પોષ વદ ૬ના દિવસે તેઓએ શ્રીપાળનગર મુકામે સંયમ ગ્રહણ કરેલ તેમનો દીક્ષા પર્યાય ૧૪ વર્ષનો હતો. ત્યારબાદ તેઓની ચારિત્રની પરિણતિ છેક સુધી સુંદર રહી અંતે પણ એક જ ભાવના હતી કે દોષિત ન વાપરવું પડે. એમ.પી.ના (મધ્યપ્રદેશ) બધા જ દેરાસરના દર્શન કરતા બધા જ પરમાત્માના પ્રતિમાજીઓને ૩-૩ ખમાસમણા આપવા. તેમની ક્રિયારૂચી, ભકિત તત્પરતા આદિ ગુણોનું સ્મરણ તથા અનુમોદન કરતાં પુનઃ પુનઃ તેઓની યાદી થઈ જવી સહજ થાય છે.

ગીર્વાણ ભાષાનું ગૌરવ પૂનઃ સ્થાપિત કરવા મથી રહેલા એકલવીરની કહાણી-૨૬૦૦૦ માણસોને સંસ્કૃતમાં બોલતા કરનાર

ડૉ. ગજેન્દ્રકુમાર પંડા ૧,૦૦,૦૦૦ માણસોને સંસ્કૃત બોલતા કરશે.

પ્રો. એચ.એમ.ત્રિવેદી

જગન્નાથપુરી (ઓરિસ્સા)ની નજીક પાઈકસાહી નામનું એક નાનું ગામ આવેલું છે.અહીં એક રૂઢિચુસ્ત બ્રાહ્મણ પરિવારમાં ભગવાન શિવજીની કૃપાથી શુકદેવ પંડા તથા પાર્વતીદેવીને એક પુત્ર પ્રાપ્ત થયો જેનું નામ તેમણે ગજેન્દ્ર રાખ્યું.

બચપણમાં ગજેન્દ્ર ભણવામાં એટલો બધો હોંશિયાર નહોતો. સાતમા ધોરણમાં પિતાની ભલામણને લીધે તેને પાસ કરવામાં આવ્યો હતો. આઠમાં ધોરણમાં તેને ભગવાનદાસ નામના શિક્ષકનો ભેટો થયો. તેમણે ગજેન્દ્રના ભણતરમાં અંગત રસ લેવા માંડ્યો. ગજેન્દ્ર પાસે તેઓ ગીતાના શ્લોકનું ગાન કરાવતા હતા.

ગીતાનો પ્રેમ તો વધ્યો પણ બીજા વિષયો તરફ પણ રુચિ વધવા લાગી. હાઈસ્કૂલનો અભ્યાસ પતાવીને પૂરી (જગન્નાથપુરીનું ટુંકુ નામ) મુકામે વેદાંતનો અભ્યાસ શરૂ કર્યો. પણ અહીં પૂરો સંતોષ ન મળતા તેને એક સ્નેહીએ તિરુપતિ જવાની સલાહ આપી. પરંતુ માતાપિતા બંને તેની વિરુદ્ધ હતાં. 'પૂરીમાં ભણવું હોય તો ભણ નહીંતર ખેતીમાં લાગી જા.' પિતાએ કહ્યું. તે કરી પૂરી ગયો અહીં તેને પંડિતજી શ્રી નૃસિંહ શાસ્ત્રીનો ભેટો થયો. તેમણે પણ તિરુપતિ જવાની સલાહ આપી. એટલું જ નહીં ચાલીસ રૂપિયાની મદદ પણ કરી. જુલાઈ ૧૯૮૧ ના રોજ તે ઘરના લોકોને કહ્યા વગર તિરુપતિ નાસી ગયો. જાણે ગત જન્મની કોઈ લેણદેણ હોય તેમ તેને ડૉ. વિ. કુટુંબશાસ્ત્રીનો ભેટો થઈ ગયો. અને તેમની પાસેથી તેણે વેદાન્તશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. અહીંનું પુસ્તકાલય અદ્‌ભુત છે. સાંખ્ય, ન્યાયી અને વ્યાકરણમાં પારંગત થયો. શાસ્ત્ર ચર્ચામાં ભાગ લેવા લાગ્યો. અહીં આખા દેશમાંથી વિદ્યાર્થીઓ આવતા હોવાથી વાતચીત સંસ્કૃતમાં જ થતી હતી. ૧૯૮૩માં તૃત્તીય વર્ષમાં અભ્યાસ કરતો હતો ત્યારે કર્ણાટકના શ્રી રામકૃષ્ણશાસ્ત્રીજી સાથે સંપર્ક થયો. તેમનું સંસ્કૃત ઉપરનું પ્રભુત્વ ગજેન્દ્ર માટે જબ્બર પ્રેરણાદાયી સાબિત થયું. તેમના આમંત્રણને માન આપીને ૧૯૮૩ ના ઓકટોબર માસમાં અખિલ ભારતીય સંસ્કૃત પ્રશિક્ષણ વર્ગમાં ભાગ લેવા શ્રૃંગેરી ગયો. દસ દિવસ સંસ્કૃતમાં બોલવાની તાલીમ લીધી.

તેને થયું સંસ્કૃત તો શીખવી સહેલી છે.માત્ર દસ દિવસમાં માણસ ઉપયોગ પૂરતું સંસ્કૃત બોલી શકે છે. એક જડ માન્યતા થઈ ગઈ છે કે સંસ્કૃત માત્ર પંડિતોની જ ભાષા છે અને બહુ વિદ્વાન હોય તેજ સંસ્કૃત બોલી શકે છે. આજનો બૌદ્ધિક તેને મૃત ભાષા માને છે. જે ભાષા બોલચાલમાંથી લુપ્ત થઈ જાય તેને ડેડ લેંગ્વેજ કહે છે. કેટલાક એવું પણ કહે છે કે સંસ્કૃત વાતચીતની ભાષા છે જ નહિ, અને બની પણ ન શકે. તે માત્ર વિદ્વાનોની ચર્ચાઓ અને સાહિત્યની ભાષા છે. બસ ગજેન્દ્રને વેલ લાગ્યું કે, આ જડ માન્યતા સામે બગાવત કરવી. અને તેણે સંસ્કૃતનો ઝંડો ઉઠાવી લીધો. ૨૧ નવેમ્બર'૮૩ ના રોજ તેણે તેરુપતિ મુકામે છ થી આઠ ધોરણના વિદ્યાર્થીઓને દસ દિવસમાં સંસ્કૃત બોલતા કરવાનો પ્રયાસ કર્યો. અને તેમાં સફળતા મળી પહેલો આ પ્રયોગ આગળ વધતો રહ્યો.

પોંડિચેરીના શ્રી અરવિંદ આશ્રમ મુકામે પૂ. માતાજીએ એકવાર કહેલું કે સંસ્કૃત દેશની રાષ્ટ્રભાષા હોવી ઘટે મને તેમની આ પ્રેરણાને આધારે વિશ્વ સંસ્કૃત પ્રતિષ્ઠાનની સ્થાપના થઈ. આ પ્રતિષ્ઠાન તરફથી ગજેન્દ્રને મે, ૧૯૮૪ના ઉનાવામાં ગુજરાત જવાનું સૂચન થયું. પ્રતિષ્ઠાનના પ્રાંતિય સચિવ પં. ચુનીભાઈ શાસ્ત્રીએ જામનગર, રાજકોટ, અમદાવાદ અને વડોદરામાં સફળતાપૂર્વક વર્ગો ચલાવ્યા હતા. આ અરસામાં ગજેન્દ્ર રાજકોટ મુકામે યશવંત ભટ્ટને ત્યાં હતો હતો અને સંસ્કૃતમાં જ બોલતો હતો. આ તેની પ્રતિજ્ઞા હતી વકીલ ભટ્ટની પાંચ વર્ષની દોહિત્રી જીજ્ઞાસા ગજેન્દ્રનું અનુકરણ કરીને સંસ્કૃત બોલવા લાગી. તેની સાથેની સંસ્કૃતમાં વાતચીતનો કાર્યક્રમ આકાશવાણી રાજકોટથી રજૂ થયો હતો. પછી તો વડોદરામાં વર્ગો શરૂ કર્યા - અખબારી વિશ્વ સાથ વાતચીતો થઈ. આકાશવાણી ઉપર કાર્યક્રમો રજૂ કર્યા - શાળા કોલેજોમાં પણ ભાષણો આપ્યા. પણ નિયમ તો

અજબ હતો. સંસ્કૃતમાં જ વાતચીત કરવાની. એટલી હદ સુધી કે પ્રવાસમાં પણ સંસ્કૃત જ બોલવાનું.

એકવાર બસમાં કંડકટરને કહ્યું -

'વડોદરા પર્યન્તં કૃપયા એકાં ચીટિકા દદાતું.'

કંડકટર વિચારમાં પડી ગયો. કહે તમે કઈ ભાષા બોલો છો?

તો ગજેન્દ્રે કહ્યું.

'અહં સંસ્કૃતમ્ વદામિ -'

અને પછી તો બીજા પ્રવાસીઓ પણ તેની વાતોમાં રસ લેવા લાગ્યા. લગાતાર ૪૫ દિવસો સુધી માત્ર સંસ્કૃતમાં જ બોલીને લોકસંપર્ક ચાલુ રાખ્યો હતો. હવે ગજેન્દ્ર પંડા શાસ્ત્રીજીના નામે ઓળખાવા લાગ્યા હતા.

૧૯૮૫માં મધ્યપ્રદેશમાં સંસ્કૃત વર્ગોના આયોજન અર્થે શાસ્ત્રીજી ગયા. વિક્રમ વિશ્વ વિદ્યાલયના કુલપતિ ધર્મવીર શર્માએ વર્ગનું ઉદ્‌ઘાટન કર્યું અને પછી શાસ્ત્રીજીની સામે એક વિદ્યાર્થી તરીકે બેસી ગયા - કુલ ૫૦ શિષ્યો હતા. તેમાં આઠમાં વર્ગથી માંડીને કુલપતિ સુધીના વિદ્યાર્થીઓ ઉપરાંત અગ્રગણ્ય નાગરિકો, ડૉકટરો તથા પ્રાધ્યાપકો પણ હતા. દસ દિવસ જ્યારે પૂર્ણાહુતિ કાર્યક્રમ થયો ત્યારે બધીજ વાતો સંસ્કૃતમાં આવી હતી. ઉજ્જયનિ પછી ઈંદોર તથા રાજા ભોજની નગરી ધારમાં(ધારાનગરી) પણ વર્ગો થયાં - ધારમાં ડૉ.રસીદ અહમદ શેખે સંસ્કૃત ભાષાતો હસ્તગત કરી પણ તેમાં શાયરી પણ લખવા લાગ્યા- અને ગઝલો પણ લખી.

ધારનો વર્ગ યાદગાર બની રહ્યો. જીવાજી વિશ્વ વિદ્યાલયના કુલપતિ કે.કે. તિવારી સપરિવાર વર્ગના વિદ્યાર્થી તરીકે સામેલ થયા હતા. રાજ્યપાલ કે. એમ. ચાંડીએ શિષ્યોને સંસ્કૃતમાં બોલતા સાંભળીને આશ્ચર્ય વ્યકત કર્યું હતું અને શાસ્ત્રીજીને સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. પછી ભોપાલ વિધાન સભામાં પણ એક સંભાષણ વર્ગનું આયોજન થયું હતું. આયોજન મુખ્ય પ્રધાન મોતીલાલ વોરાએ કર્યું હતું. કુલ ૩૫ ધારાસભ્યો શિષ્યો બન્યા હતા. આમાંના પાંચ ધારાસભ્યો પછી સાંસદો બન્યા હતા. તેમણે સંસ્કૃત ભાષામાં સોગંદ લીધા હતા.

ગજેન્દ્રભાઈ હવે એક નામાંકિત વ્યકિત બની ચૂકયા હતા. સમાજના વિવિધ પ્રતિનિધિઓ સાથે તેમના સંપર્ક થતો રહ્યો હતો અને વ્યાપક કયારેક વિવાદોમાં પણ ગુંચવાતા હતા. કયારેક વિવાદોમાં પણ ગૂંચવાતા હતા. કયારેક અપમાનો પણ થયા અને માનહાનિ પણ થઈ-હમરાહ પણ મળ્યા અને વિનાશક શત્રુઓ પણ થયા.

પણ મનમાં એક દૃઢ નિર્ણય થઈ ચુકયો હતો. એક લાખ માણસોને સંસ્કૃતમાં બોલતા કરવા છે. સામે કઠોપનિષદનો એક જ મંત્ર હતો. ઉત્તિષ્ઠ જાગૃત પ્રાપ્ય વરાન્ નિબોધત્.

ભાષા સંવાદિશીલા છે. તેથી તેમાં સરળતા અને કઠિનતા બંને હોઈ શકે. આમાં કોઈપણ ભાષા બાકાત થતી નથી. ભાષાના બે સ્વરૂપો હોય છે. બૌદ્ધિક અને શાસ્ત્રીય-લૌકિક ભાષા જનસમુદાયની ભાષા છે. તેમાં વપરાતા શબ્દો સરળ હોય છે. શાસ્ત્રીય ભાષા માસ (સમૂદાય) માટે નહિ પરંતુ કલાસ (નિશ્ચિત ઉચ્ચ વર્ગ) માટે હોય છે. તેમાં અનેક પારિભાષિક શબ્દો હાયે છે.નિરુપણ પદ્ધતિ પણ ક્લિષ્ટ હોય છે- આથી જન સામાન્યને તે કઠિન લાગે છે. સંસ્કૃત પણ બે પ્રકારનું છે. એક સામાન્ય જન માટે અને બીજુ વિદ્વાનો માટે.

ઉપનિષદની ભાષા સરળ છે.

સત્યં વદ

ધર્મ ચર

સ્વાધ્યાયત મા પ્રમદઃ

માતૃદેવો ભવ

પિતૃદેવો ભવ

આચાર્યદેવો ભવ,

અહી બધું જ સરળ છે.

આ લીટીઓ વાંચો અને જૂઓ કેવી મજા આવે છે તે હસ્તસ્ય ભુષણં દાનં સત્ય કંઠસ્ય ભૂષણમ્ !

આકાશે ચંદ્રમા ભાતિ પદમં ભાતિ સરોવરે,

પંચતંત્ર તદ્દન સરળ છે. ઋતુસંહાર, (કાલિદાસનું) પણ સરળ ભાષામાં છે.

લોકોની ભાષા સરળ હોય છે કેમ કે જે સાંભળનાર છે તેને બોલનારની વાત પૂરેપૂરી સમજાવી જોઈએ. જો સાંભળનાર બોલનારના કહેવાનું તાત્પર્ય ન પકડી શકે, ઝીલી ન શકે તો ભાષા અભિવ્યકિત નિરર્થક બની જાય છે.

દા.ત. આ વાકય વાંચો-

ડિમ્ભ : કીલાલમ્ આચામતિ -

કાંઈ સમજાતું નથી

હવે વાંચો

શિશુ : જલં પિબતિ !

કેવુ ગળે ઉતરી ગયું ?

મૂળ તો શિશુ એટલે ડિમ્ભ - જલ એટલે કીલાલ.

માનવી સરળ શબ્દો સમજે છે કેમ કે તે વારંવાર બોલાય છે. જે ભાગ્યે જ વપરાતા હોય તે સમજાતા નથી.

ભાષા વિજ્ઞાનમાં ભાષા શીખવનારા ચાર પગથિયાં છે- શ્રવણ, સંભાષન, વાચન અને છેલ્લુ લેખન. નાનું બાળક જન્મે છે ત્યારે પ્રથમ તે શ્રવણ કર્યા કરે છે- શ્રવણનુ પરિણામ સંભાષણ છે. ખૂબ શ્રવણ પછી બોલાયેલા શબ્દો વ્યાકરણના જ્ઞાન વગર શુદ્ધ હોય છે. મેં રોટલી ખાધી અને રોટલો ખાધો, શકરીયુ ખાધું અને મૂળો

ખાધો એમજ કહેશે- એ એવું નહિ બોલે કે હું નિશાળે જઈએ છીએ. એ એમજ કહેશે હું નિશાળે જાઉ છું.

સંભાષણ અને શ્રવણ ધ્વનિમૂલક છે. મતલબ તેમાં ધ્વનિ - ઉચ્ચાર મહત્વના છે. પઠન અને લેખના લિપિમૂલક છે - તેમાં કક્કાના અક્ષરોનો અભ્યાસ કરવો પડે છે. તે માટે શાળામાં દાખલ થવું પડે છે.

આજે ગુજરાતની બધી યુનિવર્સિટીઓમાં સંસ્કૃત વિષય લઈને વિદ્યાર્થીઓ બી.એ., એમ.એ., એમફીલ, પી.એચ.ડી. થાય છે, પરંતુ તેમાંના કેટલાક છટાદાર તો ઠીક પણ વાતચીત પૂરતું પણ સંસ્કૃત બોલે છે ? જૂજ મૂળ કારણ એ છે કે તેમને માત્ર વાચન દ્વારા જ્ઞાન મળ્યું છે પણ બોલવા માટેના શ્રવણ સંસ્કાર મળ્યા નથી. આવું અંગ્રેજી પણ છે. ભાષા બોલવા માટે જ છે. વધુમાં વધુ ભાષા બોલાય છે અંગ્રેજીમાં કહેવત છે ધી ટેસ્ટ ઓફ ધી પુડીંગ લાઈઝ ઈન ટેસ્ટિંગ -ઈટ - પકવાનો સ્વાદ તો ખાધા પછી જ ખબર પડે. એવી રીતે ભાષાની મજા તો બોલવામાં જ આવે પણ બીએ કે એમએ અંગ્રેજી વિષય સાથે પાસ થયેલાનું અંગ્રેજી સાંભળીએ તો ખબર પડે- કારણ તેમને વાચન દ્વારા જ્ઞાન મળ્યું છે. પરંતુ શ્રવણ દ્વારા વાતચીતનું જ્ઞાન મળ્યું નથી. આપણે સંસ્કૃત ભાષાના વ્યાકરણ અને સાહિત્ય વિષે ઘણી વાતો કરીએ છીએ પણ એ ભાષાનો જીવંત પ્રયોગ કરતા નથી. - રઘુવીર ચૌધરીએ આત્મકથાઈ પર ચાબૂક પણ મારેલો. કોઈપણ ભાષા શીખવા માટે તે ભાષામાં તરબોળ થવું પડે છે. સંસ્કૃત ગુજરાતીમય બનાવી દો તો ગુજરાતી શીખાય પણ સંસ્કૃત વેગળું જ રહે માટે જે ભાષા શીખવી હોય તેનું શિક્ષણ માધ્યમ તે ભાષા હોય તો જલ્દી આવડે છે.

આજે ગુજરાતની બધી યુનિવર્સિટીઓમાં સંસ્કૃત વિષય લઈને વિદ્યાર્થીઓ બી.એ., એમ.એ., એમફીલ, પી.એચ.ડી. થાય છે, પરંતુ તેમાંના કેટલાક છટાદાર તો ઠીક પણ વાતચીત પૂરતું પણ સંસ્કૃત બોલે છે ?
આજે આપણા જીવનમાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધતું ચાલ્યું છે. પરંતુ આપણી ગીર્વાણ ભાષા સંસ્કૃત તરફનું ઓરમાયું વર્તન વધતુ ગયું છે. સંસ્કૃત ભાષામાં આપણો સમસ્ત વારસો સચવાયેલો છે. છતાં ગીતા કે રામાયણ માત્ર ગદ્ય તરજુમામાં જ વાંચવા પડે છે. ભાષા ત્યારે જ લુપ્ત થાય છે. જ્યારે આમ જનતા તેને વિસારે પાડે છે. આજે સંસ્કૃતમાં વાતચીત કરવાની કોઈ વાત કરે તો આપણને તે માણસ પાગલ લાગશે. પરંતુ ડૉ. ગજેન્દ્રકુમાર પંડાએ ૨૫,૦૦૦ માણસોને તેમને સંસ્કૃત બોલતા કર્યા છે એવો દાવો છે. પ્રસ્તુત છે આ સંસ્કૃત પ્રેમીની કહાણી.

પરંતુ દલીલ એવી થાય છે કે જો સંસ્કૃતમાં બોલીયે છીએ તો વિદ્યાર્થીઓ સમજી શકતા નથી - વિદ્યાર્થીઓ એવું કહે છે કે અમારા સાહેબો સંસ્કૃતમાં બોલવાનું ફાવતું નથી.

ભણતર અને ડિગ્રી ટકા માટે છે- આદર્શ માટે નહિ- માટે પહેલું ધ્યાન ટકાવારી ઉપર જ આપવું જોઈએ.

સારી ભાષા કે સારું ભાષણ ચાર વાતો પર નિર્ભર છે- નિરર્ગળતા અર્થાત્ પ્રવાહિતા, શુદ્ધતા, શૈલી અને શબ્દસંપત્તિ, પ્રવાહિતા અભ્યાસ કરવાથી આવે છે. શુદ્ધતા વ્યાકરણ વડે આવે, શૈલી કાવ્યશાસ્ત્રમાંથી મળે છે. શબ્દસંપત્તિ સતત સિંચનથી મળે અને જીવનના અંત સુધી આ પ્રક્રિયા ચાલ્યા કરે. ગજેન્દ્રભાઈ પંડાએ જે કાર્ય શાળા અને કોલેજોમાં થતું નથી તેને વર્ગની બહાર શરૂ કર્યું છે. પોતે કલોલમાં વ્યાખ્યાતાની કામગીરી બજાવે છે પરંતુ સમય મળે એટલે સંસ્કૃત પ્રચારમાં લાગી જાય છે. આંધ્ર, ઓરિસ્સા, ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને બીજા રાજ્યોના અનેક શહેરોમાં સંસ્કૃત વર્ગો ચલાવ્યા છે.

તેમને વેદાંત ઉપર ડૉકટરેટ મળેલી છે. આપજ્ઞા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકરદયાલ શર્મા અને ભૂતપૂર્વ વડાપ્રધાન પી.વી. નરસિંહરાવના હસ્તે સુવર્ણચંદ્રકો પણ મેળવ્યા છે. કાનપુરની આઈઆઈટી ખાતે ૧૯૮૭થી ૧૯૮૯ વચ્ચે કોમ્પ્યુટર વૈજ્ઞાનિકો સાથે પણ સંસ્કૃત અને કોમ્પ્યુટર વિષે પ્રયોગો કર્યા હતા. ૯-૯-૯૭ ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે તેમને એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. ૨૫૦થી વધુ જૈન સંતોને તેમજ ૧૫૫ જેટલા સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોને તેમણ સંસ્કૃત શીખવ્યું છે. જુહુ ખાતે ઈસ્કોનના ૮૫ સંતોને પણ તેમણે સંસ્કૃત શીખવ્યું છે. ઉત્તરપ્રદેશમાં કુરાન અને હદીસ ઉપર પીએચડી કરી રહેલા ઉલેમાઓને પણ તેમણે સંસ્કૃત શીખવ્યું છે. તેઓ માત્ર સંસ્કૃતમાં વાતચીત કરી શકે છે એટલું જ નહિ તેમણે સંસ્કૃતમાં એક નાટક પણ ભજવ્યું હતું - ભારતમાં કદાચ આવો આ પહેલો બનાવ હશે. ગજેન્દ્રભાઈના પત્ની બંગાળી છે અને તેમને પણ સંસ્કૃત પ્રચારમાં રસ છે. તેમનો ૯ વર્ષના પુત્ર કૃષ્ણ અને પાંચ વર્ષનો પુત્ર યંત માતાની સાથે બંગાળી ભાષામાં વાતચીત કરે છે, પિતાની સાથે ઉડિયા, (ઓરિસ્સાની બોલી) અને સંસ્કૃત બંનેમાં વાતો કરે છે. દોસ્તોની સાથે હિંદી અને ગુજરાતી બોલે છે અને શાળામાં અંગ્રેજી બોલે છે. સંસ્કૃતના પ્રચાર માટે ગજેન્દ્રભાઈ પોતાના ગજવામાંથી ખર્ચ કરે છે, પરંતુ સહૃદયભાવે કોઈની મદદ મળે તો ખુશ થાય છે. તમન્ના બસ એટલી છે કે એક લાખ માણસો સંસ્કૃત બોલતા થાય - જીવનભર તેમનું આ એક માત્ર ધ્યેય નકકી થયેલું છે.

મિત્રો, અત્યારે તો દેશમાં ચૂંટણીનું વાતાવરણ જામ્યું છે ત્યાં ન્યુઝપ્લસમાં આ વિષય કેમ લીધો તેવો પ્રશ્ન ઉઠશે. પરંતુ ગજેન્દ્રભાઈ હવે ગુજરાતી થઈ ચૂકયા છે અને ગુજરાતની પ્રજા માટે તેમણે એક યજ્ઞ શરૂ કર્યો છે.

આવી વ્યકિતને આપણે ઓળખીયે અને તેમની સાથે સહયોગ કરીએ તો જ તેમની સેવાને બિરદાવી કહેવાય - ખાસ કરીને યુવાન મિત્રોએ તેમના કામમાં જોડાઈ જવું જોઈએ.

(સંદેશ ન્યુઝ પ્લસ ૨૮-૮-૯૯)

સંઘ અને મહારાજ સાહેબનો પ્રભાવ બતાવવા જાગેલી સ્પર્ધા

અમદાવાદ - બુધવાર

ઘરણીધર જૈન દેરાસર પાસે જૈન ધર્મની શોભાયાત્રાના ભાગરૂપે દસ માળ ઉંચા બે ટાવર વચ્ચે દોરડું બાંધીને અંગ કસરતના ખેલ કરતાં અને દોરડા પરથી સરકી જતાં બેલેન્સ ગુમાવવાને કારણે જમીન પર પટકાઈ જતાં એક કસરતબાજનું મોત નીપજવાના બનાવે અરેરાટી ફેલાઈ છે એ સાથે ચાતુર્માસ નિમિત્તે નીકળતી શોભાયાત્રામાં આવા અંગ કસરતના પ્રયોગોનું પ્રદર્શન કરવાની શું જરૂર હતી એવો પ્રશ્ન પુછાઈ રહ્યો છે.

ચાતુર્માસ નિમિત્તે જૈન મહારાજ સાહેબનું મહારાજ સાહેબનું સામૈયું વાજતે ગાજતે કરવામાં આવે એવી પ્રણાલિકા છે પણ હવે જાણે સામૈયું કરવામાં સ્પર્ધા થતી હોય એ રીતે સામૈયું કરવામાં આવે ત્યારે બેન્ડ વાજા અને પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવે છે અને અપૂર્વ અને પ્રભાવક સામૈયું કરવા અવનવી તરકીબો અજમાવવામાં આવે છે.

સાબરમતીમાં ગયા શુક્રવારે હિતરુચિ વિજયજી મહારાજ સાહેબના ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે નીકળેલ શોભાયાત્રામાં (૧) રાજા મહારાજાઓનો સમયની પરંપરાગત પાલખીઓ (૨) સાચા સોના - ચાંદીના કસબથી શણગારેલા સાત ગજરાજો, (૩) કાઠીયાવાડી ભરતથી શણગારેલા બળદગાડાં અને (૪) ઘોડા અને ઘોડાગાડીઓ તો હતી જ. રંગોલી કલાકારોએ ભાતીગળ રંગોળીથી રસ્તા શણગાર્યા હતા. શૈર્યપ્રેરક વાદ્યો, રણશિંગાના નાદ વચ્ચે સૌરાષ્ટ્રની રાસ મંડળીએ દાંડીયા રાસની રમઝટ બોલાવી હતી. છોટાઉદેપુરના પરંપરાગત નૃત્યો અને ખડકવાડીની ઢોલ મંડળીઓના ઢોલ નૃત્યો થયાં હતાં. શરણાઈવાદકોએ શરણાઈઓના સુરાવલી છેડી હતી. છત્રીનૃત્ય અને મયુર નૃત્ય અને ઢોલોના તાલે થતું બમરસીયા નૃત્ય, એવા બધા આકર્ષણો શોભાયાત્રામાં હતાં.

સોમવારે ઓપેરા જૈન સંઘ ખાતેથી જૈનમુનિ આચાર્ય રત્નસુંદર સૂરીશ્વરજી મ. સા. ના ચાતુર્માસ પ્રસંગે શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં વિશાળ સંખ્યામાં સાધુ-સાધ્વીઓ અને જૈન પરિવારના લોકો જોડાયા હતા. શણગારેલી બગીઓ, ઉંટગાડીઓ, બેન્ડવાજા, ઢોલનગારાં તેમ જ અખાડાવાળા અને અંગ કસરતના દાવ બતાવતા ખેલાડીઓને પણ સામેલ કરવામા આવ્યા હતા. શોભાયાત્રા ઘરણીધર દેરાસર પાસે પહોંચી ત્યારે બે ઉંચા ટાવર પર દોરડું બાંધીને એક કસરતબાજ શખ્સ દોરડા પર બેલેન્સનો પ્રયોગ કરતો હતો. દરમ્યાન બેલેન્સ ગુમાવતાં નીચે પટકાતાં સ્થળ પર જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

શોભાયાત્રામાં જોડાયેલા સાધુ-સાધ્વીઓ જૈન જૈનેત્તર લોકોને આ બનાવથી આઘાત લાગ્યો હતો. આ ઘટનાના જૈન સમાજમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે અને કેટલાક આગેવાનોએ તો એવો પ્રશ્ન કર્યો છે કે શોભાયાત્રામાં વળી અંગ કસરતના જોખમી પ્રયોગો કરવાની શી જરૂર હતી ? મહારાજ સાહેબનું સામૈયું પ્રભાવક હોય લોકોને ઉત્સાહ - ઉમંગ હોય એ આવકાર્ય બાબત છે. બેન્ડવાજા હોય તે સમજી શકાય એમ છે પણ હાથી ઉંટ, ઘોડા, બળદ વગેરે અબોલ પ્રાણીઓને શોભાયાત્રામાં સામેલ કરવાનો કંઈ અર્થ ખરો ? કીડી પણ મરવી ન જોઈએ એવી જીવદયામાં માનતા જૈનો, સાધુ-સાધ્વીઓની ઉપસ્થિતિમાં જ હાથી - ઘોડા - બગી, ઉંટગાડી, બળદગાડા વગેરેમાં ભાવિકો બેસીને જાય એ હિંસા નથી તો બીજું શું છે ? પ્રાણીઓને શોભાયાત્રામાં જોડીને જૈન સંઘના શ્રાવકો શું બતાવવા માગે છે એ સમજી શકાતું નથી. હવે તો જુદા જુદા મહારાજ સાહેબો અને સંઘો વચ્ચે કોણ પ્રભાવક સામૈયું કરે, કોણ કેટલા હાથી - ઘોડા અને અન્ય પ્રાણીઓ જોડીને લાંબી શોભાયાત્રા કાઢે છે એની જાણે કે સ્પર્ધા લાગી હોય એમ લાગે છે. પહેલાં માત્ર બેન્ડવાજાકે ઢોલ નગારાં હતાં. હવે હાથી-ઘોડા આવ્યા અને ઓપેટ - સંઘે અંગ કસરતવાળાને બોલાવ્યા, જેનું માઠું પરિણામ સૌએ નજર સમક્ષ નીહાળ્યું અને લોકોનું મનોરંજન કરતાં કરતાં શખ્સે જીવ ગુમાવ્યો.

જૈનજૈનેત્તરોનો એક ચોક્કસ વર્ગ એવું માની રહ્યો છે કે સામૈયા પાછળ લખલૂંટ ખર્ચ કરવો, સંપત્તિ અને સમૃધ્ધનું પ્રદર્શન કરવું અને એક બીજાને ઝાંખા પાડવાની અને આગળ વધવાની સ્પર્ધા કરવી તેના કરતાં સમાજ માટે જૈન જૈનેત્તર પરિવારોના કલ્યાણ માટે શિક્ષણ - આરોગ્ય જેવી સવલતો ઊભી કરવા માટે આ ખર્ચ કરવામાં આવે તો તે આશીર્વાદરૂપ બનશે. આ તો કયો સંઘ કે કયા મહારાજ સાહેબ મોટા, કોનો પ્રભાવ વધુ એ બધું બતાવવા માટે જાણે શોભાયાત્રામાં આકર્ષણો ઉમેરીને પ્રભાવક સામૈયા કરવામાં આવે છે એનાથી સંઘની વાહ વાહ ચોક્કસ થાય છે. પણ જૈન સમાજને કોઈ લાભ - ફાયદો થતો નથી. જૈન સંઘો આ બાબતમાં કંઈ વિચારીને પહેલ કરે એવી લાગણી જૈન જૈનેત્તર લોકોએ વ્યક્ત કરી છે.

સુરત, સંદેશ તા.૧૩-૭-૨૦૦૦

જ્ઞાન ગુણ ગંગા

- પ્રજ્ઞાંગ

પાંચ ઈન્દ્રિયોના ત્રેવીશ (૨૩) વિષયો અને તેના ૨૫૨ વિકાર અંગે :

(૧) શ્રોત્રેન્દ્રિયના બાર વિકાર છે તે આ રીતે :

(૧) સચિત્ત શબ્દ : મોર, કોયલ આદિનો.

(૨) અચિત્ત શબ્દ : મૃદંગ, તાલ વગેરેનો

(૩) મિશ્ર શબ્દ : ભેરી - ભૂંગળ આદિનો

આ ત્રણે શબ્દના શુભ અને અશુભ ભેદે છ ભેદ થાય.

તે છ ના રાગ અને દ્વેષથી ગણતા બાર ભેદ થાય

તે બાર તેના વિકાર સમજવા.

શુભાશુભ સાંભળવું તે તો શ્રોત્રેંદ્રિયનો સ્વાભાવિક વિષય છે. પણ તેને વિષે રાગ - દ્વેષની બુદ્ધિથી ઈષ્ટા કે અનિષ્ટપણે વર્તવું તેનું નામ તેનો વિકાર ભાવ. આ રીતે અન્યત્ર પણ વિવેક કરવો.

(૨) ચક્ષુ ઈન્દ્રિયના ૬૦ વિકાર :

કૃષ્ણ - નીલ - શ્વેત - રાતો - પીત આ પાંચ વર્ણ તેમાં શુભ વર્ણ - રત્નાદિના, અશુભ વર્ણ - કેશાદિ. તે પાંચ વર્ણને શુભ અને અશુભવર્ણતી ગુણતાં **દશ** થાય. તેને સચિત્ત, અચિત્ત અને મિશ્રથી ગુણતાં **ત્રીશ** થાય. તેને રાગ અને દ્વેષથી ગુણતાં **સાઈઠ (૬૦)** થાય.

(૩) ઘ્રાણેન્દ્રિયના ૨૪ વિકાર :

સુરભી ગંધ અને દુરભિ ગંધ તે બે ને સચિત્ત, અચિત્ત અને મિશ્રથી ગુણતાં **છ** ભેદ થાય. તેને શુભ અને અશુભ બે થી ગુણતાં **બાર** ભેદ થાય. તેને રાગ અને દ્વેષથી ગુણતાં **ચોવીશ (૨૪)** ભેદ થાય.

(૪) રસનેન્દ્રિયનો ૬૦ વિકાર :

પાંચ રસને શુભ અને અશુભ ભેદે ગુણતાં **દશ** થાય. તેને સચિત્ત - અચિત્ત અને મિશ્રથી ગુણતાં **ત્રીશ** થાય. તેને રાગ અને દ્વેષથી ગુણતાં **સાઈઠ (૬૦)** ભેદ થાય. કડવો, તીખો, તૂરો, ખાટો અને મધુર તે પાંચ રસ છે.

(૫) સ્પર્શનેન્દ્રિયના ૯૬ વિકાર :

આઠ સ્પર્શ છે લઘુ સ્પર્શ - અર્કનું રૂ આદિ, ગુરૂ સ્પર્શ - વજ્ર આદિ, મૃદુ સ્પર્શ - હંસના રોમ, ખર સ્પર્શ, - કરવતની ધાર, શીત સ્પર્શ - કમલના દાંડા આદિ, ઉષ્ણ સ્પર્શ - અગ્નિ આદિ, સ્નિગ્ધ સ્પર્શ - ઘૃતાદિ, રૂક્ષ સ્પર્શ - રાખ આદિ.

આ આઠને સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણેથી ગુણતાં ચોવીશ થાય, તેને શુભ અને અશુભથી ગુણતા અડતાલીશ થાય અને તેને રાગ અને દ્વેષે ગુણતાં **છન્નુ (૯૬)** ભેદ થાય.

નવરસનું દ્રવ્ય અને ભાવથી સ્વરૂપ :

(જૈન તત્ત્વ સંગ્રહમાંથી)

(૧) **શૃંગાર રસ** - દ્રવ્યથી - શરીરની બાહ્ય શોભામાં. ભાવથી - અનંતજ્ઞાનાદિ ગુણોથી આત્માને વિભૂષિત જોવો તે.

(૨) **વીર રસ** - દ્રવ્યથી - પુરૂષાર્થ - પરાક્રમમાં. ભાવથી - આત્માને વિષે નિર્જરાદિ માટે ઉદ્યમ કરવો તે.

(૩) **કરૂણા રસ** - દ્રવ્યથી- દુઃખીને જોઈને હૈયું દ્રવે તે. ભાવથી - આત્માને ઉપશમ રસમાં રમણતા કરવો તે.

(૪) **હાસ્ય રસ** - દ્રવ્યથી બાહ્ય આનંદાદિની પ્રાપ્તિમાં. ભાવથી આત્માનુભવમાં ઉત્સાહ સુખ પ્રગટે તે.

(૫) **રૌદ્ર રસ** – દ્રવ્યથી - કોપાયમાન થવું તે. મોંઢાના વિકાર બદલે તે.

ભાવથી- આઠે કર્મ પ્રદેશોનો નાશ કરનારો આત્મા.

(૬) **બીભત્સ રસ** - દ્રવ્યથી-અશુચિ આદિ જોવાથી પેદા થાય તે મોં બગડે તે,

ભાવથી - પુદ્ગલનું સ્વરૂપ વિચારવું તે.

(૭) **ભય રસ** - દ્રવ્યથી બાહ્ય ચિંતા આદિમાં. ભાવથી-દુઃખથી અવસ્થામાં આત્મસ્વરૂપને ન જાણવું તે.

(૮) **અદ્‌ભૂત રસ** - દ્રવ્યથી આશ્ચર્ય પેદા થવામાં. ભાવથી-આત્માના અનંતવિર્યાદિના ચિંતનમાં.

(૯) **શાંત રસ** - દ્રવ્યથી - મોહ - માયાદિની અરૂચીમા. ભાવથી - રાગ-દ્વેષ આદિને દૂર કરી જ્ઞાન ગર્ભિત વૈરાગ્યમાં.

ભાવરસની પ્રાપ્તિ માર્ગાનુસારી પ્રજ્ઞાથી થાય છે.

જૈન શાસન અઠવાડિક

દિવાળી વિશેષાંક - 'પરિષહ કથા' સચિત્ર

જૈન શાસનનો દર વર્ષે દીવાળી ઉપર વિશેષાંક પ્રગટ થાય છે, અને તે ખૂબ આવકાર પામે છે. આ વખતે દીવાળી વિશેષાંકનો વિષય **'પરિષહ કથા' સચિત્ર વિશેષાંક** રાખેલ છે.

આ પરિસહ શ્રી ઉત્તરાધ્યયનમાં બાવીશ પરિષહ આવે છે. તે સાધુ મહાત્માઓને સહન કરવાના છે. અહીં તે પરિષહ ઉપરાંત બીજા પણ અનેક જીવોએ ધર્મની આરાધના માટે સહન કર્યું હોય તે પણ પરિષહની કથાઓ પ્રસંગો આ વિશેષાંકમાં લેવાશે. દા. ત. હાથીએ દયા માટે સહન કર્યું અને મેઘકુમાર થયા. કામદેવ શ્રાવકે પીઠ ઉપર ધગેલી થાળી સહન કરી. મંત્રીશ્વર કલ્પકે કુવાનાં કુટુંબ સહિત સહન કર્યું વિગેરે.

પૂ. આચાર્યદેવો આદિ તથા લેખકોએ આ પરિષહ કથા વિશેષાંકમાં લેખ મોકલવા નમ્ર વિનંતિ છે. આ વિશેષાંક ગ્રાહકો તથા શુભેચ્છકોને ભેટ મળશે.

ખર્ચને પહોંચી વળવા માટે યોજના

રૂા. ૧૦૦	શુભેચ્છક	રૂા. ૨૫૦/-	સહાયક
રૂા. ૫૦૦	સૌજન્ય	રૂા. ૫૦૦/-	આજીવન સભ્ય
રૂા. ૫૦૦૦	ટાઇટલ પેઈજ-૪	એક પેઈજની શુભેચ્છા	રૂા. ૫૦૦/-
રૂા. ૪૦૦૦	ટાઇટલ પેઈજ-૨	અડધા પેઈજની શુભેચ્છા	રૂા. ૩૦૦/-
રૂા. ૩૦૦૦	ટાઇટલ પેઈજ-૩	ચોથા ભાગની શુભેચ્છા	રૂા. ૧૫૦/-

લેખકોએ સમયસર લેખો મોકલવા જેથી સચિત્ર બનાવી શકાય. લેખ સાથે લેખકને **પોતાનો ફોટો** મોકલવા વિનંતિ છે.

લેખો શુભેચ્છા વિ. મોકલવાની તા. ૧-૧૦-૨૦૦૦

વિશેષાંક પ્રગટ થવાની તા. ૧૭-૧૦-૨૦૦૦

આ વિશેષાંક શુભેચ્છક ના રૂા. ૧૦૦૦/- છે. આજીવન અંક મળે અને દર વર્ષે વિશેષાંક શુભેચ્છક તરીકે યાદી આવે દરેક સંઘો તથા ભાવિકોએ આજીવન વિશેષાંક શુભેચ્છક થઈ જવું જરૂરી છે.

જૈન શાસનના **માનદ્ પ્રચારકો** અને **એજન્ટો** તથા **શુભેચ્છકો**એ વિશેષાંક સારામાં સારો બને તે માટે શુભેચ્છક શુભેચ્છા તથા આજીવન શુભેચ્છક માટે મહેનત કરીને સહકાર આપવા ખાસ વિનંતિ છે.

લેખ, નામ, શુભેચ્છાઓ તથા ચેક, ડ્રાફટ વિગેરે મોકલવા માટે સરનામું

શ્રી જૈન શાસન કાર્યાલય C/o શ્રુતજ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ, જામનગર. ૩૬૧ ૦૦૫.

અમારા શુભેચ્છકો તથા માનદ્ પ્રચારકો

જામનગર

(૧) **શાહ કાનજી હીરજી**
૪૧, દિગ્વિજય પ્લોટ, જૈન દેરાસર.

(૨) **શાહ ઝવેરચંદ લાધા**
મિલ પ્રોવીઝન સ્ટોર, પ્લોટ પોલીસ ચોકી પાસે,

(૩) **જૈન હોમ**
પ્લોટ પોલીસ ચોકી પાસે,

(૪) **વેલજી સોમચંદ**
ફોના ૧૪, દિગ્વિજય પ્લોટ,

(૫) **નિલેશ ગુલાબચંદ શાહ**
૩૧ ૪/૨, જી.આઈ.ડી.સી., શંકર ટેકરી, ઉદ્યોગ નગર,

(૬) **ભરતકુમાર હંસરાજ દોઢીયા**
ન્યાલ્સ બ્રાસ, ૫૮ દિગ્વિજય પ્લોટ,

(૭) **ઉત્તમચંદ રાયશી**
કામદાર કોલોની રોડ નં. ૨

(૮) **સમીર કેશવજી પારેખ**
૫, ગાંધી ચોક,

(૯) **હેમેન્દ્રકુમાર મનસુખલાલ**
જરમિન જ્વેલર્સ, નવાનાકા રોડ, શરાફ બજાર, રાજકોટ.

(૧૦) **પ્રકાશકુમાર અમૃતલાલ દોશી**
જૈન ઉપકરણ ભંડાર, વર્ધમાનનગર, રાજકોટ.

(૧૧) **ગેલેકસી પ્રિન્ટર્સ**
ટ્રેજર રોડ, અલંકાર ચેમ્બર્સ, રાજકોટ.

(૧૨) **કીર્તિકુમાર રામજી મારૂ**
સનરાઈઝ પોટરી, નવાગામ, થાનગઢ.

(૧૩) **રતિલાલ પદમશી ગુઢકા**
ઓસવાળ પોટરી, થાનગઢ.

(૧૪) **દીપક પ્રેમચંદ નગરીયા**
આશીર્વાદ ટાઈલ્સ, થાનગઢ.

(૧૫) **પ્રફુલ્લકુમાર મનસુખલાલ**
હેમ હીરા, સર્વોદય સોસાયટી પાછળ, સુરેન્દ્રનગર.

(૧૬) **સુરેશચંદ્ર શાંતિલાલ શાહ**
પીઠલ પ્રેસ, શેરી નં.૪, ડો. પી.પી.દેસાઈ સામે, સુરેન્દ્રનગર.

(૧૭) **ભૂપેન્દ્ર કુમાર ચીમનલાલ શેઠ**
અજીત કન્સ્ટ્રકશન પ્રાંગધ્રાનો ઉતારો, સુરેન્દ્રનગર.

(૧૮) **સુરેશ કીરચંદ શેઠ**
મેઈન રોડ, વઢવાણ શહેર

(૧૯) **ભરતકુમાર સુખલાલ શેઠ**
બહાર પરા, સીંબડી.

(૨૦) **રમણિકલાલ હઠીચંદ વોરા**
ગિરિરાજ, પાળીયાદ રોડ, બોટાદ.

(૨૧) **સુરેશ ધીરજલાલ બારભાયા**
હાઉસીંગ સોસાયટી, બ્લોક નં.૬, પાળીયાદ રોડ,બોટાદ.

મુંબઇ

(૨૨) **મગનલાલ લક્ષ્મણ મારૂ**
પારસમણી, મહાત્મા ગાંધી રોડ, નવપાડા, થાણા.

(૨૩) **ઝવેરચંદ શામજી ગડા**
૬, સૂર્યદર્શન, રજા માળે, ગોકુલ નગર,ભીવંડી.

(૨૪) **કાંતિલાલ લખમશી ગડા**
રહિમ મેન્શન, બીજા માળે, બ્લોક નં. ૬, અજન્ટા કંપાઉન્ડ, ધામાણકરનાકા, ભીવંડી.

(૨૫) **ચંદુલાલ જેસંગભાઈ**
૧૯-એ, ૧લી અગ્યારીલેન, ધનજી સ્ટ્રીટ, ઉશ્માન મંજીલા, મુંબઈ-૩.

(૨૬) **દિલિપભાઈ હરગોવિંદ ધીવાળા**
બી/૩૭, સોનારીકા,ત્રીજે માળે, માધુબાગ સામે, ૨૫-સી, ચાંદાવાડી ૩૫,મુંબઈ-૪

(૨૭) **પી. આર. શાહ**
૭, ચકલા સ્ટ્રીટ, ત્રીજો માળ, મુંબઈ-૩.

(૨૮) **ડાયાલાલ મૂળચંદ શાહ**
૧૪/૧૬, ૭મી ખેતવાડી, લક્ષ્મી પન્નાલાલ બિલ્ડીંગ, ત્રીજા માળે, ફ્લેટ નં.૮, મુંબઈ-૪.

(૨૯) **હરખચંદ જી. મારૂ**
આશીષ કો. ૨૭/૩૧, બોટાવાલા બિલ્ડીંગ, જુની હનુમાન ગલી, મુંબઈ-૨.

(૩૦) **મણિલાલ એન. શેઠ**
૧૯-બી, અશોકનગર,કલ્યાણ રોડ, ભીવંડી.

(૩૧) **ભરતભાઈ હિંમતલાલ બગડીયા**
અમીત ટ્રેડર્સ, ૨૯, ફાર્મ હાઉસ, ટાવર રોડ, સૂરત.

(૩૨) **પ્રકાશ ખેતશી શાહ**
૨/૯, ભાઈબાગ નગરાસ, કમલા હોટલ પાછળ, આગ્રા રોડ, ભીવંડી.

(૩૩) **રતિલાલ ડી. ગુઢકા**
117-Sudlury Avenue, North Wembly, HAO 3AW (U.K.)

(૩૪) **મોતીચંદ એસ. શાહ**
29-Regal Way, Kenton Harrow, HA3, ORZ (U.K.)

(૩૫) **દેવકુંવરબેન વેલજી શાહ**
12, Connaught Gramgke, Connaght Gas ten, Palmeer Green 5BW (U.K.)

(૩૬) **Shah Meghji Virji**
P.O. Box No. 49606, NAIROBI.

(૩૭) **Hansraj Gosar**
P.O.Box No. 2069, Nakusu

(૩૮) **Vaghji Velji Gudhka**
P.O.Box No. 82215, Mombasa.

(૩૯) **Kapurchand D. Shah**
P.O.Box No. 220 64, Nairobi

(૪૦) **અશોક કાંતિલાલ પટવા**
C/૨૦૨, દ્વારકાદેવી દફતરી રોડ, મલાડ, ઈસ્ટ.

(૪૧) **પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ**
૪ ,ગીતાશ્રમ, શિવાજી ચોક, દફતરી રોડ, મલાડ ઈસ્ટ.

(૪૨) **નગીનદાસ ડી. બારભાયા**
રોલેક્ષ બિલ્ડીંગ, પાંચમે માળે, રૂમ નં.૨, એસ.વી.રોડ, પોલીસ ચોકી સામે, મલાડ વેસ્ટ.

(૪૩) **મહાવીર સ્ટોર્સ**
૨૬૮૧, કુવારાબજાર, ગાંધી રોડ, અમદાવાદ.

(૪૪) **મુકુંદભાઈ રમણલાલ શાહ**
વૃંદાવન શોપીંગ સેન્ટર, પાનકોર નાકા,અમદાવાદ.

(૪૫) **જે. વી. શાહ**
બી-૨, પંચરત્ન, ૧ લે માળે, એ.વી. શોપીંગ સેન્ટર પાછળ, પાલડી. અમદાવાદ.

(૪૬) **પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલ**
હાથીખાના શેરી ૧, ફતેહપૂરા, વડોદરા.

(૪૭) **ટેકચંદ ગુલાબચંદ**
૩૫, આઝાદ ગલી, કોલ્હાપુર.

(૪૮) **ભૂપેન્દ્રભાઈ ગંભરૂચંદ કોઠારી**
નાગ તલાવડી, જયશાલી એપાર્ટમેન્ટ, નવસારી.

(૪૯) **ગોકલભાઈ પોપટભાઈ**
આશીષ સોસાયટી, રાજમહેલ રોડ, ચિંતામણિ પાશ્વનાથ સોસાયટી,પાટણ

(૫૦) **ભોગીલાલભાઈ- ખીમચંદ દયાળજી**
૧૩૮, સરદાર પટેલ સ્ટ્રીટ, પુના કેમ્પ.

(૫૧) **રામલાલભાઈ વિરચંદભાઈ**
ભવાની પેઠ, ન્યુ ટીંબર માર્કેટ, પુન સીટી.

(૫૨) **કપૂરચંદ લાધાભાઈ પાંડુરના**

(૫૩) **રમેશભાઈ સંઘવી**
કાજીનું મેદાન, ગાંધીપુરા, ૪૪૧, સમેત શિખર એપાર્ટમેન્ટ, સૂરત.

(૫૪) **હજારીમલજી અદિંગજી ઢાંતરાઈ** (નાકુરોડા)

(૫૫) **પ્રેમચંદ મેઘજી ગુઢકા**
૩/૩૮-૩૯, ન્યુ પુનાલાલ બિલ્ડી , જે.બી.રોડ, પરેલ ટી.ટી.મુંબઈ-૧૨

(૫૬) **કેશવજી ગોવિંદજી**
૧૯૨ , પહાડે મેન્શન,બીજો માળ, રૂ નં.૨૨, લેડી જમશેદજી રોડ, મુંબઈ-૧૬

(૫૭) **દેવચંદ જેઠાભાઈ**
ચૈતન્ય નિવાસ, બીજે માળે, રૂમ નં. , ગોખલે રોડ,અમર હિંદ મંડળ પાસે, દાદર, મુંબઈ-૪.

(૫૮) **ચંદુલાલ મણિલાલ મહેતા**
માયા મેચીંગ રાનડે રોડ, પોસ્ટ ઓફ પાસે, દાદર, મુંબઈ-૨૫

(૫૯) **છગનલાલ બી. શાહ**
રીટા મેટલ ઈન્ડ., ૨૨-૨૪ અનંતવ ી, રતનજી જીવરાજ બિલ્ડીંગ, ગોડાઉ નં. ૧૯, ભાસ્કરલેન, મુંબઈ-૨.

(૬૦) **ચુનીલાલ નથુ શાહ**
કાંતિસ્મૃતિ પ્લોટ નં.૧૮ એ, એસ.વી.રોડ,જોરેગાંવ વેસ્ટ, મુંબઈ- ૬૨

(૬૧) **વેલજી પાનાચંદ ગલૈયા**
૨૭૨, નંદાદેવી નીલકંઠ વેલી, ૩મો ાંતા રાજાવાડી વિદ્યાવિહાર, ઘાટકોપર ઈ- ૭, મુંબઈ-૭૭.

(૬૨) **અમુલખરાય પોપટલાલ દોશી**
જનકી નિકેતન, રૂમ નં. ૧૮, ૧ લે મ ળે, ડો. રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ વેસ્ટ, બંઈ-૮૦

(૬૩) **છગનલાલ નેમચંદ શાહ**
હેમછાયા, રૂમ નં. ૧૩,-ત્રીજે માળ, સરવા રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૦.

(૬૪) **રાજુભાઈ કાંતિલાલ શાહ**
એસ.વી.રોડ, જવાહરનગર બિલ્ડીંગ ૧લા માળે, બોરીવલી વેસ્ટ, મુંબઈ-૯૨.

(૬૫) **યશવંતરાય મોહનલાલ શાહ**
૧૦૧ સુદર્શન શાંતિનગર, અંજનાબેન ા દવાખાના સામે,અમદાવાદ-૧૩.

(૬૬) **પ્રવીણભાઈ એમ. દેશાઈ**
૮-યોગેશ્વરનગર, ઘરાણીશ્વર સામે, ૧ ઘડી, અમદાવાદ-૭.

(૬૭) **અમૃતલાલ નરશી નાગડા**
એલ.બી. ટોકીઝ સામે, ઓસવાળ એપાર્ટમેન્ટ, સુરત.

(૬૮) **પ્રેમચંદ વીરચંદ શાહ**
બી- કલ્પતરૂ ચોથા માળે, ૧૪ રવિ કે ૧૩, ભક્તિ મંદિર રોડ, નવપાડા, થાણા.

(૬૯) **મણિલાલ એચ. હરિયા**
પો.બો.નં. ૬૫, વાપી. ગુજરાત.

સમાચાર સાર

■ **જામનગર, દિગ્વિજય પ્લોટ** - અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ., પૂ. પ્ર. મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મ. આદિની નિશ્રામાં જેઠ સુદ ૧૧ ની પૂ. આ. મ ની દીક્ષા તિથિ નિમિત્તે ૫ દિવસનો ઉત્સવ યોજાયો જેમાં સુદ ૭ થી ૧૧. જેઠ સુદ ૭ ના પંચ કલ્યાણક પૂજા લંડનવાળા શ્રીમતી બીજલબેન રમેશચંદ્ર રાયચંદને ત્યાં પુત્ર ઋષભના જન્મ નિમિત્તે તેમના તરફથી ભણાવાઈ. જેઠ સુદ ૮ ના ૧૦૮ પાર્શ્વનાથ પૂજા શા. કચરા મેરગ ગુઢકા, શાહ કાલીદાસ મેઘજી ગુઢકા પરિવાર લાખાબાવળ તથા શ્રીમતી રતનબેન જીવાલાલ રાયશી હરિયા, શ્રી દેવચંદ હરગણ હરિયા તરફથી ઠાઠથી ભણાવાયું સુરેશભાઈએ વિધિ કરાવી. શ્રીફળની પ્રભાવના ૧ ઈ જીવદયાની સારી ટીપ થઈ. સુદ ૯ શ્રીમતી કલાબેન વિનોદભાઈ શાહ પડાણાવાળા તરફથી અંતરાય કર્મ નિવારણ પૂજા તથા સુદ ૧૦ શાહ ખેતશી ગાંગજી નાથેડીવાળા ના શ્રેયાર્થે અંતરાય કર્મ નિવારણ પૂજા ભણાવાઈ. સુદ ૧૧ સવારે પ્રવચનમાં પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ., શાહ શાંતિલાલ મણીલાલ તથા શાહ રામજીભાઈ આણંદજીભાઈ એ પૂ. શ્રીજીના જીવન અંગે સંસ્મરણો રજુ કર્યા હતા. પૂ. શ્રીએ કેવી રીતે ભાગીને દીક્ષા લીધી વિગેરે વાત કરી હતી. સંઘ પૂજન માટે વાત થતા રૂા. ૬૫ નું સંઘ પૂજન થયું. સંખ્યા ૪૨૦ની થઈ હતી.

પૂજન માં લાભ લેનાર ભાવિકો (૧) રૂા. ૧૦ શાહ રામજી પરબત ગુઢકા પરિવાર (૨) રૂા. ૫-૫ શા. હીરાભાઈ લધાભાઈ જાંખરીયા પરિવાર શાહ વેલજી દેપાર હરણીયા, એક સદ્‌ગૃહસ્થ, શાહ કાનજી જેઠાભાઈ નાગડા (૩) રૂા. ૨-૨ શા. હંસરાજ સેજપાર ગોસરાણી, શાહ રાયચંદ કાનજી છેડા, શાહ ઝવેરચંદ લાધાભાઈ મિતલ સ્ટોર્સવાળા શ્રીમતી રતનબેન જીવાલાલ હરિયા, હ. દેવચંદ હરગણ હરિયા, શ્રીમતી લીલાબેન પરબત, શા. લખમશી માણેકચંદ દોઢીયા (૪) રૂા. ૧-૧ શ્રીમતી રંભાબેન મનસુખલાલ, શ્રી શ્રેણિકકુમાર અતુલકુમાર ચંદરીયા, મહેતા ફુલચંદ વર્ધમાન શ્રીમતી ઝવીબેન પ્રેમચંદ પોપટ લાખાબાવળ, શ્રી જય અશ્વિન ફુલચંદ, શ્રી પ્રવિણચંદ્ર વી. સોમપુરા, શાહ કચરા મેરગ ગુઢકા પાંદુરના હ. અમુભાઈ, શાહ વાઘજી સુરા ગુઢકા હ. મોહનલાલ પદમશી, આર. કે. શાહ, શ્રીમતી સુશીલાબેન મોતીચંદ હંસરાજ, શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર રામચંદ વોરા, શાહ ખીમજી વીરજી ગુઢકા પરિવાર, શ્રી દેવરાજ મેઘણ ગડા, શ્રી ન્યાલચંદ દોઢીયા, શ્રી વેલજી સોમચંદ ગુઢકા, શ્રીમતી પાનીબેન રામજી પદમશી જાંખરીયા, શ્રી ભગવાનજી કેશવજી માલદે, શ્રી રામજીભાઈ આણંદજીભાઈ માડુ, શ્રી સોમચંદ પેથરાજ ગોસરાણી, શ્રીમતી અમૃતબેન દેવશી નથુ ખીમસીયા, શ્રી ગોવિંદજી મેપા માડુ, કુમારી ભાવિકા પંકજ હ. દેવચંદ હરગણ હરિયા, શ્રીમતી જીવીબેન નેમચંદ ખીમજી પારેખ.

પૂ. શ્રીને ગુરૂપૂજન કરવાનું ઘી બોલતા રૂા.૫૦૦૫/- શ્રીમતી પ્રમીલાબેન સુરેશચંદ્ર રામચંદ વોરાએ લાભ લીધો. કામળીની બોલી રૂા. ૧૮૦૦ શાહ દેવરાજ મેઘણ ગડાએ વહોરાવવાનો લાભ લીધો.

બપોરે ચૈત્રી ઓળી કરનાર ભાવિકો તરફથી નવપદજી પૂજા ભણાવાઈ પૂજાનો રંગ શ્રી વિમલ જિનેન્દ્ર સંગીત મંડળે જમાવ્યો હતો પૂ. શ્રી સુદ ૧૨ ના શાંતિ ભવન ૪ દિવસ પધાર્યા ત્યાંથી પેલેસમાં ૩ દિવસ પધાર્યા. રવિવાર તા. ૧૮-૬-૨૦૦૦ ના બપોરે શાહ હંસરાજ નેમચંદ માલદે તરફથી ઠાઠથી સિદ્ધચક્ર પૂજન ભણાવાયું જીવદયાની ટીપ સારી થઈ હતી સારી સંખ્યાએ લાભ લીધો વિધિ માટે પાલીતાણાથી અને પૂજા માટે વિમલ મંડળ પધારેલ.

■ **વાપી** - શાંતિનગર પૂ. મુ. શ્રી ભવ્યવર્ધનવિજયજી મ. આદિ ઠા. ૩, તથા પૂ. સા. શ્રી હંસાશ્રીજી મ. આદિ અષાઢ સુદ ૬ ના અત્રે ચાતુર્માસ પ્રવેશ કરેલ છે.

■ **પાટણ** - શેઠ નગીનદાસ પૌષધશાળા : અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. આદિનો જોરદાર સામૈયા સહ પ્રવેશ અષાઢ સુદ ૬ ના સસ્વાગત થયો ઉલ્લાસ ખૂબ હતો રૂા.૨૦નું ગુરુ સંઘ પૂજન તથા સમુદાયિક અઠ્ઠમ થયા. પંચસરાજીમાં ભવ્ય અંગરચના કરાવી હતી.

દિલ્લી ભારતની રાજધાનીમાં પ્રવેશ તથા નવાંગી ગુરૂપૂજન

પૂ. વર્ધમાન તપોનિધિ આ. દે. શ્રીમદ્ વિજય કમલરત્ન સૂરીશ્વરજી મ. ના વિદ્વાન શિષ્યરત્ન પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજય દર્શનરત્ન સુરીશ્વર મ. સા. પોતાના શિષ્ય - પ્રશિષ્ય પરિવાર સાથે દિલ્લી કિનારી બજાર (ચાંદની ચોક) ના ઉપાશ્રયે અષાડ સુ. ૨ ના ભવ્ય પ્રવેશ કરેલ આજથી ૪૦ વર્ષ પહેલા પૂ. સુવિશાલ ગચ્છાધિપતિના ચાતુર્માસ પછી એમના સમુદાયના આચાર્યનું અને પ્રથમ ચાતુર્માસ પ્રવેશ થયેલ. પ્રવેશમાં બે હાથી, બે બેન્ડ સહીત ખુબ ઉત્સાહ હતો અલવર માન સરોવર ગાર્ડનથી બસો લઈને ભકતો પધારેલ. દિલ્લીની સડક સાંકડી થઈ ગયેલ. પોલીસ દ્વારા રસ્તો ટ્રાફીક માટે બંધ કરવામાં આવેલ. ચાંદની ચોકમાં વરઘોડો પધારતાં સર્વપ્રથમ શ્રી સાચા સુમતિનાથ ભગવાનના દેરાસરે ચૈત્યવદન સામુહિક કરેલ ત્યાર પછી ઉપાશ્રયમાં પધારતાં અનેક સ્વાગતગીતોથી સ્વાગત કરવામાં આવેલ. ગુરૂપુજન તથા કામલી ઓઢાડવાની જુદી જુદી બોલી બોલવામાં આવેલ અને બોલીની રકમ દેવદ્રવ્યમાં જશે તેની જાહેરાત થયેલ. ગુરૂપૂજન તથા કામલી બન્ને બોલીનો લાભ શા. રૂઘનાથમલજી સમરથમલજી પરિવારે લીધેલ. અને રૂઘનાથમલજીએ મુખ કોષ બાંધી આચાર્ય ભગવંતનું નવાંગી ગુરૂપૂજન કરેલ. પછી મુનિ ભાવેશરત્ન વિજયજીને નવાંગી ગુરૂપૂજન શાસ્ત્રીય છે વાત સમજાવેલ ત્યાર પછી પ્રવચન આદિ થયેલ સંઘપૂજન સોહનલાલજી પુખરાજજી વીજોવા વાલા, ઝવેરચંદજી ખીમરાજજી, વાસોમલજી અમીચંદજી તરફ ૧૦/- નું થયેલ પછી દિલ્લી સંઘના અધ્યક્ષ તરફથી સકલસંઘનું સ્વામિવાત્સલ્ય થયેલ. પ. પૂ. મુનિપ્રવર શ્રી ભાવેશ રત્નવિજયજી આદિની તથા સાધ્વીજી વિશ્વપ્રજ્ઞાશ્રીજી દરેકને કામલી સંઘ તરફથી વહોરવામાં આવેલ માનસરોવર ગાર્ડન તરફથી પર્યુષણમાં પધારવા વિનંતી કરાયેલ. એક છોકરો પણ આજે વહોરાવેલ.

વાંકાનેર નગરના આંગણીએ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ તથા ઉપધાન તપની આરાધનાની જાહેરાત

વાંકાનેર - અત્રે પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રીમદ્ વિજય મહોદય સુરીશ્વરજી મહારાજની અનુજ્ઞાથી ચાતુર્માસાર્થે પધારેલ પ્રવચન પ્રભાવક પૂ. આ. શ્રી વિજય ગુણશીલ સૂરિશ્વરજી મ. આદિ તથા પૂ. સાધ્વીજી શ્રી નિર્મમાશ્રીજી મ., પૂ. સા. શ્રી ઈન્દુરેખાશ્રીજી મ. આદિઠાણા ૮ નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૧૧ બુધવાર તા. ૧૨-૭-૨૦૦૦ના ભવ્ય રીતીએ થયો વાંકાનેર સંઘના વર્ષોના ઈતિહાસમાં આવો ચાતુર્માસ પ્રવેશ પ્રથમવાર જ થયો.

ગુરૂપૂજનની ઉછામણીનો પ્રારંભ થયેલ રૂા. ૧૧,૧૧૧ માં ચેતનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરીએ લાભ લઈ ગુરૂપૂજન કરેલ પૂજ્યશ્રીને કામળી વહોરાવવાની ઉછામણી રૂા. ૪,૧૦૧માં શ્રી રવિકાંતભાઈ તથા શ્રી નિરંજનભાઈ બોરસદવાળાએ લાભ લીધેલ ચાતુર્માસના ચારેય મહીના સાધર્મિક ભક્તિનો લાભ શ્રી નિતિસુરીશ્વરજી જૈન યુવક મંડળ તથા શ્રી જયવંતભાઈ મેઘાણી પરિવારે લાભ લીધેલ છે. શ્રી ચેતનભાઈ પ્રવિણચંદ્ર ઝવેરી તરફથી રૂા. ૧૦ અને બીજા ભાગ્યશાળીઓ તરફથી ૨૦ એમ કુલ ૩૦ રૂા. નું સંઘપૂજન થયેલ.

સકલસંઘનું સાધર્મિક વાત્સલ્ય થયેલ. પૂજ્યશ્રીના પ્રવેશ પ્રસંગે જામનગર, રાજકોટ, થાનગઢ, અમદાવાદ, મુંબઈ, બોરસદ, સુરત, ડીસા આદિ અનેક સ્થાનોથી ગુરૂભક્તો પધારેલા. વાંકાનેર સંઘના ઈતિહાસમાં શાનદાર પ્રવેશ મહોત્સવ ચિરસ્મરણીય બની રહેશે.

ચાતુર્માસમાં વંચાનાર શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા તથા શ્રી મલયસુંદરી ચરિત્ર બંને ગ્રંથ વહોરાવવાની જ્ઞાનપૂજા, અષ્ટપ્રકારી પૂજા, ગુરૂપૂજન આદિની ઉછામણીઓ પણ ખુબ સુંદર થયેલ. પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક આ. ભ. શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની નવમી સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સમેત ત્રિદિવસીય જિનભકિત મહોત્સવ ઉજવાશે.

પૂજ્યશ્રીના પદાર્પણથી સંઘમાં સુંદર ધર્મ જાગૃતિ આવી છે.

■ **વાપી** – પૂ. 'સૂરિરામ' ના સમુદાયવર્તી અને પૂજ્ય ગણિવર્ય શ્રી નયવર્ધન વિ. મ. ના શિષ્યરત્ન પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્ય વર્ધન વિજયજી મ. આદિ ઠા. ૩ નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ વાપી ખાતે અ. સુ. ૬ તા. ૭-૭-૨૦૦૦ના રોજ સંપન્ન થયો હતો.

વાપી શાન્તિનગરના નાનકડા સંઘમાં પણ લોક સમુદાયની હાજરી ધ્યાનાકર્ષક રહીતી. ૩૦ રૂા. નું સંઘપૂજન પણ વિવિધ ભાગ્યવન્તો તરફથી થયું.

સાથેજ ચાતુર્માસિક અનેકવિધ આયંજનની જાહેરાતપણ આયોજકોએ કરી દીધી હતી.

જ્ઞાન ગુણગંગા

- પ્રજ્ઞાંગ

શ્રી તીર્થંકર પરમાત્માના જન્મ અવસરે નરકમાં થતા ઉદ્યોત અંગે :

પહેલી નરકમાં સૂર્ય સમાન ઉદ્યોત - પ્રકાશ થાય.
બીજી નરકમાં વાદળા સહિત સૂર્ય સમાન ઉદ્યોત થાય.
ત્રીજી નરકમાં પૂર્ણિમાના ચંદ્ર સમાન ઉદ્યોત થાય.
ચોથી નરકમાં વાદળ સહિત ચંદ્ર સમાન ઉદ્યોત થાય.
પાંચમી નરકમાં શુક્રાદિ ગ્રહ સમાન ઉદ્યોત થાય.
છઠ્ઠી નરકમાં નક્ષત્ર સમાન ઉદ્યોત થાય.
સાતમી નરકમાં તારાના તેજ સમાન ઉદ્યોત થાય.

સાત વ્યસન દ્રવ્યથી અને ભાવથી :

જુગાર, માંસાભક્ષણ, દારૂ, વેશ્યાગમન, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન તે દ્રવ્યથી સાત વ્યસન છે.

ભાવથી :

(૧) શુભાશુભકર્મના ઉદયથી જીત - હાર માનવી તે જુગાર.
(૨) દેહ ઉપર મગ્નતા, ગાઢ રાગ તે માંસભક્ષણ.
(૩) મોહથી મૂર્ચ્છિત થવું તે મદ્ય - દારૂ - પાન.
(૪) દુષ્ટ બુદ્ધિથી ચાલવું તે વેશ્યાગમન.
(૫) નિર્દય પણામથી, પ્રાણઘાત કરવો તે શિકાર.
(૬) પારકી સામગ્રી પર પ્રીતિ રાખવી તે ચોરી.
(૭) પર પુદ્ગલાદિમાં મમતા કરવી, મેળવવા પ્રયત્ન કરવો તે પરસ્ત્રી ગમન છે.

૧)	જિનેશ્વરનો ફોટો	-	જાનડા ! જીવને જિનેશ્વરના ચરણે સ્થિર કર.
૨)	ગાય, ઘાસ, વાછરડાં	-	ગાય ઘાસ ચરે પણ તેનું ચિતડું વાછરડામાં હોય.
૩)	કુવો, પનીહારી, ગાગરો	-	ચાર પાંચ સહેલીઓ ભેગી થઈ કુવે જાય, તાલીઓ આપે અને મઝાક કરે છતાં મનડું ગાગરીયામાં હોય.
૪)	સોનીની દુકાન, સોની, ઘરેણા, ઘરાક	-	સોની અવનવા સોનાના ઘાટ ઘડે, ઘરાકોના મન રીઝવે છતાં ચિતડું સોનાની ચોરી કરવામાં સોનીનું રમતું હોય.
૫)	જુગારીયા, પાના, રૂપિયા	-	જુગારીયા રૂપિયા મૂકીને જુગાર રમે છે, પણ તેઓનું મન રૂપિયામાં નથી હોતું જુગારમાં હોય છે.
૬)	જનસમુદાય - મુનિમંડળ	-	એમ ભાગ્યશાળીઓ, તમે પણ તમારા મનને અન્ય ઠેકાણે ભટકાવો છો તેના કરતાં શ્રી જિનેશ્વરના ધ્યાનમાં સ્થિર કરો.

- રમ્યા - સેના

પૂજ્યશ્રી કહેતા હતા કે- શ્રી ગુણદર્શી

પરિમલ

- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સા.

■ પંડિત થવા માટે, વિદ્વાન કહેવડાવવા માટે, નામના માટે કે પેટ ભરવા માટે ભણવાની મના છે પણ ભણવાનું તો આત્મકલ્યાણ માટે છે. ભણવાનું તો આત્માની અનંત શકિત ખીલવવા માટે છે.

■ સમ્યગ્દ્રષ્ટિ સમ્યક્ રીતે વિચારે માટે જ્ઞાનીનું એક પણ અનુષ્ઠાન એને દુષ્કર ન લાગે. એને તો સંસારની પ્રવૃત્તિઓ દુષ્કર લાગે.

■ દેવ, ગુરુ અને ધર્મ ઉપર, એની આજ્ઞા ઉપર સાચો પ્રેમ પ્રગટયા વિના સમ્યક્ત્વ ટકે નહિ.

■ આત્માને અને આત્માના સ્વરૂપને સાચી રીતે સમજનારો સ્વ-પરનો ઉપકાર કરી શકે.

■ શ્રી જિનેશ્વરને દેવની આજ્ઞાનું પાલન શ્રી સંઘને વહેલું લાગે અને દુનિયા જે માર્ગે જાય છે તે શ્રી સંઘને ભયંકર લાગે.

■ જેને મુકિત ન ગમે, જેને સંયમ સુંદર ન લાગે અને જેને સંસારની અસારતાનું ભાન ન થાય, એવાં ટોળાંને સંઘમાં ભેળા કરાય તો ધાંધલ જ થાય ને !

■ સ્વાર્થવૃત્તિનો નાશ ફળે તો જ શ્રી જિનેશ્વર દેવના શાસનની દેશના ફળે.

■ અર્થકામ માટે તો દુનિયા બધું કરવા તૈયાર છે. એ માટે તો ઢગલાબંધ ને ત્યાગી બનાવી શકાય. મોક્ષ માટે ત્યાગી બનનારાનો તોટો છે.

■ સંસારના સ્વરૂપને યથાસ્થિત જોઈ શકનારા આત્મા પ્રશાન્ત બને છે. એટલે એની લાલસાઓ માત્ર શમે છે. પછી એ બહિરાત્મા મટી અંતરાત્મા બને છે.

■ દુનિયાના સુખને દુઃખ ન મનાય ત્યાં સુધી ધર્મની આરાધના દુષ્કર છે.

■ સંસાર સાગર તરવો હોય તેના માટે મંદિર - ઉપાશ્રય છે, સંસાર જેને મીઠો લાગતો હોય તેના માટે નહિ.

■ માન-પાન, ખ્યાતિ-પ્રખ્યાતિ આદિનો ભુખ્યો જીવ કયારે ભગવાનના ધર્મને કલંકિત કરે તે કહેવાય નહિ.

■ ફરજ તો જેના બાપ - ધણી, કાકા-મામા બન્યા તે બધાને સદ્ગતિમાં મોકલવાની છે. મારે ઘેર જન્મેલો, મારા પરિચયમાં આવેલો દુર્ગતિમાં ન જાય તેવો વિચાર ન કરે તે ફરજ સમજ્યો છે ? તમે તો છોકરાઓને ઝેર પાઈને દુર્ગતિમાં મોકલનાર છો ? 'દિકરો ભણશે નહિ ખાશે શું' - આ ઝેર કહેવાય કે અમૃત કહેવાય ?

■ જેને ખરેખર સંસાર જ ગમે છે, સંસારની પ્રવૃત્તિ ગમે છે, તે જ કરવા યોગ્ય માને તેને ભગવાનની વાત હૈયામાં પેસે જ નહિ. જેને થાય કે આ તો કર્મનો હુકમ. તેથી અનંતા પુદ્ગલ પરાવર્ત્ત ભટકયા, હવે નથી ભટકવું - તો તેને જ ભગવાનની વાત ગમે, હૈયામાં પેસે.

■ જે પોતાની બધી શકિત સંસારમાં ખર્ચે તેવા સારા માણસો અહીં આવી જાય તો પણ તમારે સાધુ જ થવું ન હતું ને ? તમારે ય સાધુ થવું નથી અને તમારા ઘરના સાધુ થાય તેવી ઈચ્છા પણ નથી અમે પૂજ્ય અને અમે લીધેલ સાધુપણું પૂજ્ય નહિ અમે સાધુપણાને લઈ પૂજ્ય બન્યા, તમારે સાધુપણાની જરૂર નથી તો અમને માનો તો શા માટે ?

■ તમને બધાને ધનને બદલે દાનનો લોભ લઈ જાય તો સૌનેયા વરસે તેવું છે. સાતે સાત ક્ષેત્રો તર તર થઈ જાય. પછી કોઈની દેન નથી કે જૈન સંઘની સામે જોઈ શકે ! જૈન સંઘની વિરૂદ્ધ કામ મોટા સત્તાધીશો પણ ન કરી શકે !

■ આત્માની દયા આવી એટલે માણસ સુધર્યો આત્મ ની દયા ગઈ એટલે તે સારી વાત પણ ખરાબ વાતની પુષ્ટિ માટે કરે. તેની સારી વાત પણ બીજાને ખરાબ કરવા મા ટે.

જૈન શાસન અઠવાડિક ■ માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ
C/O. શ્રુતજ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર વતી
તંત્રી; મુદ્રક, પ્રકાશક : ભરત એસ. મહેતાએ ગેલેકસી પ્રિન્ટર્સમાં છાપીને રાજકોટથી પ્રસિદ્ધ કર્યું.